ત્રીજી શ્રેણી )

પુસ્તક: ૧૫૯

શુક્રવાર, તા.૧૮મી માર્ચ, ૨૦૧૧
ફાલ્ગુન ૨૭, ૧૯૩૨ શાકે

થી

મંગળવાર, તા.૨૨મી માર્ચ, ૨૦૧૧
ચૈત્ર ૧, ૧૯૩૩ શાકે

# ગુજરાત વિધાનસભા
# ચર્ચાઓ

**સત્તાવાર અહેવાલ**

**બારમી ગુજરાત વિધાનસભા**

**આઠમું અધિવેશન**

**ગુજરાત વિધાનસભા અધિકાર હેઠળ પ્રકાશિત**

**ગુજરાત વિધાનસભા સચિવાલય**

**ગાંધીનગર.**

# અ નુ ક્ર મ ણિ કા


| વિષય | પાના નંબર |
|---|---|
| **શુક્રવાર, તા. ૧૮મી માર્ચ, ૨૦૧૧ / ફાલ્ગુ ૨૭, ૧૯૩૨ શાકે** | |
| તારાંકિત પ્રશ્નો | ૧ - ૧૦ |
| અતારાંકિત પ્રશ્નો | ૧૧ - ૨૧૪ |
| તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬) | ૨૧૫ - ૨૧૮ |
| આરોગ્ય મંત્રીશ્રીનું નિવેદન | ૨૧૯ - ૨૨૧ |
| પૉઈન્ટ ઑફ ઑર્ડર | ૨૨૨ - ૨૨૨ |
| સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો | ૨૨૩ - ૨૨૪ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન ( છઠ્ઠો દિવસ) | ૨૨૫ - ૨૩૪ |
| પૉઈન્ટ ઑફ ઑર્ડર | ૨૩૫ - ૨૩૭ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન ( છઠ્ઠો દિવસ) | ૨૩૮ - ૨૪૮ |
| **સોમવાર, તા. ૨૧મી માર્ચ, ૨૦૧૧ / ફાલ્ગુ ૩૦, ૧૯૩૨ શાકે** | |
| તારાંકિત પ્રશ્નો | ૨૪૯ - ૨૬૧ |
| અતારાંકિત પ્રશ્નો | ૨૬૨ - ૩૫૩ |
| તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્ય ાન દોરવા બાબત (નિયમ- ૧૧૬) | ૩૫૪ - ૩૫૯ |
| પોઈન્ટ ઓફ ઓર્ડર | ૩૬૦ - ૩૬૦ |
| મ ાગણીઓ પર ચર્ચા અને મતદાન(સાતમો દિવસ) | ૩૬૧ - ૩૯૦ |
| **મંગળવાર, તા. ૨૨મી માર્ચ, ૨૦૧૧ / ચૈત્ર ૧, ૧૯૩૩ શાકે** | |
| **પહેલી બેઠક** | |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ) | ૩૯૧ - ૪૪૪ |
| **બીજી બેઠક** | |
| તારાંકિત પ્રશ્નો | ૪૪૫ - ૪૫૪ |
| અતારાંકિત પ્રશ્નો | ૪૫૫ - ૪૯૬ |
| પોઈન્ટ ઓફ ઓર્ડર | ૪૯૭ - ૪૯૮ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ) | ૪૯૯ - ૫૧૭ |
| પોઈન્ટ ઓફ ઓર્ડર | ૫૧૮ - ૫૧૮ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ) | ૫૧૯ - ૫૨૫ |


***

**ગુજરાત વિધાનસભા**
**શુક્રવાર, તા. ૧૮મી માર્ચ, ૨૦૧૧**
**ફાલ્ગુન ૨૭, ૧૯૩૨ શાકે**
**સભાગૃહ સવારના ૮-૩૦ વાગ્યે મળ્યું.**
**અધ્યક્ષશ્રી ગણપતભાઈ વસાવા અધ્યક્ષસ્થાને**

# તારાંકિત પ્રશ્નો

## સીક્લસેલ એનીમીયાના દર્દીઓ માટે આરોગ્ય સેવાઓ

*** ૨૦૮૪૩ શ્રી લક્ષ્મણભાઈ પ. પટેલ(ગણદેવી) : માનનીય આરોગ્યમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ સીકલસેલ એનીમીયાના દર્દીઓ માટે રાજય સરકાર કઈ કઈ આરોગ્ય સેવાઓ પૂરી પાડે છે? અને

(૨) નવસારી જિલ્લામાં તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આ રોગ માટે કેટલા દર્દીઓને સારવાર આપવામાં આવી?

**આરોગ્યમંત્રી:**

(૧) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ સીકલસેલ એનીમીયાના દર્દીઓ માટે રાજય સરકાર દ્વારા નીચે મુજબની આરોગ્ય સેવાઓ પૂરી પાડવામાં આવે છે.

- સીકલસેલ એનીમીયાના દર્દીઓને અને સાથે સાથે તેમના પરિવારનું પણ નિયમિત કાઉન્સેલીંગ કરવામાં આવે છે અને સીકલસેલ રોગ વિશેની પૂરતી સમજ આપવામાં આવે છે.
- સીકલસેલ એનીમીયાના દર્દીઓને આરોગ્ય કર્મચારી દ્વારા નિયમિત મુલાકાત લઈ દરરોજના વપરાશ માટે ફોલીક એસીડની ગોળી ગળાવવામાં આવે છે.
- સીકલસેલના દર્દીને જો ક્રાઈસીસ ઉભી થાય તો તેને નજીકના સરકારી દવાખાને જરૂરી સારવાર આપવામાં આવેલ છે. આ દર્દીઓને જરૂરીયાત મુજબ દર્દશામક, એન્ટીબાયોટીક, એન્ટી મેલેરીયા દવા આપવામાં આવેલ છે.
- તા. ૩૧-૧૨-૧૦ સુધીમાં સીકલસેલ એનીમીયાના ૧૩૨૫ દર્દીઓને વિનામૂલ્યે બ્લડ પૂરું પાડવામાં આવેલ છે.

(૨) નવસારી જિલ્લામાં તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આ રોગ માટે દર્દીઓને નીચે મુજબની સારવાર આપવામાં આવેલ છે.

- નવસારી જિલ્લામાં છેલ્લા ૧ વર્ષમાં સીકલસેલ ડીસીઝના વર્ષ ૨૦૧૦-૧૧માં ૧૭૦ દર્દી તેમજ અગાઉના ૨૮૫ દર્દીઓ મળી કુલ ૪૫૫ દર્દીઓને નિયમિત દરરોજ ફોલીક એસીડની સારવાર આપવામાં આવેલ છે.
- કાઉન્સેલર્સ દ્વારા ડીસીઝ દર્દીઓની નિયમિત મુલાકાત કરવામાં આવે છે, તેમજ ક્રાઈસીસમાં ન જાય તેની સલાહ અને જરૂરી માર્ગદર્શન આપવામાં આવે છે.
- નવસારી જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૧૧માં સીકલસેલ ડીસીઝના કુલ ૧૩ દર્દીઓને ક્રાઈસીસ દરમ્યાન બ્લડ ટ્રાન્સફયુઝનની જરૂર પડી હતી અને તેઓને વિનામૂલ્યે બ્લડ પૂરું પાડવામાં આવેલ છે.

**શ્રી લક્ષ્મણભાઈ પ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આમ તો મારા દક્ષિણ ગુજરાતના આદિવાસી વિસ્તારોમાં આ સીકલસેલ એનીમીયા રોગનું પ્રમાણ વધારે છે અને સરકારે પૂરતા પગલાં પણ લીધાં છે. પરંતુ આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસે મારે જાણવું છે કે રાજયમાં સીકલસેલ એનીમીયા રોગનું પ્રમાણ કેટલું છે, રાજયમાં કયા કયા જિલ્લામાં આ રોગનું પ્રમાણ વધારે છે અને આ રોગના પ્રાથમિક લક્ષણો શું છે?

**શ્રી જયનારાયણ વ્યાસ:** માનનીય સભ્યશ્રીએ જે વાત કહી, તો ગુજરાત રાજયના આદિવાસી વસતિમાં સીકલસેલ એનીમીયા વાહકનું પ્રમાણ ૧૨થી ૧૫ ટકા જેટલું અને આ સીકલસેલ એનીમીયા ડીસીઝનું પ્રમાણ ૦.૫થી ૨ ટકા જેટલું જોવા મળે છે. અત્યાર સુધી અમે જે એક સ્ક્રીનીંગનો કાર્યક્રમ હાથ ધર્યો હતો અને એમાં ૧૩,૬૮,૯૫૩ વ્યકિતઓનું સ્ક્રીનીંગ કરવામાં આવ્યું, જેમાંથી ૧,૬૨,૭૦૬ એટલે કે ૧૧.૮૯ ટકા સીકલસેલ વાહક અને ૧૦૪૭૫ એટલે કે ૦.૭૭ ટકા વ્યકિત સીકલસેલ ડીસીઝ ધરાવતા હોવાનું જાણવા મળ્યું છે. રાજયમાં સીકલસેલ એનીમીયા રોગ મુખ્યત્વે ૧૨ આદિજાતિ જિલ્લાઓમાં જોવા મળે છે. પણ આ જિલ્લાઓ પૈકી પણ આ રોગનું પ્રમાણ વડોદરા, નર્મદા, વલસાડ અને તાપી જિલ્લામાં રાજયની સરેરાશ કરતા વધારે છે. આ મુદ્દે માનનીય

સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછયો છે, તેના અનુસંધાનમાં હું એવું પણ કહેવા માગીશ કે એક જમાનામાં જયારે આ વિસ્તારોમાં પુષ્કળ વરસાદ પડતો હશે અને મેલેરિયાનું પ્રમાણ ખૂબ વધારે હશે ત્યારે મેલેરીયા સામેની રેજીસ્ટન્સ તરીકે દાતરડા જેવા આકારના રકતકણો થઈ જાય એટલે સીકલસેલ નામની બિમારી અથવા તો જેને જીનેટીકલ ડીસીઝ કહેવાય છે તે જનીન પર આધારિત રોગ એ આ વિસ્તારની આદિજાતિ પ્રજામાં જોવા મળે છે. માનનીય સભ્યશ્રીએ સીકલસેલ એનીમીયા રોગના લક્ષણો અંગેની વાત પૂછી છે, તો સીકલ સેલ એનીમીયાવાળી વ્યકિતઓમાં શરીર ફીકકું પડી જવું. માનનીય અધ્યક્ષશ્રી, આ એક ખૂબ અગત્યની બાબત છે. કારણ કે મહદ્ અંશે આ વિસ્તારમાંથી આદિજાતિ ભાઈબહેનો મજૂરી માટે સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતમાં પણ જાય છે. એટલે શરીર ફીકકું પડી જવાને ઘણી વખતે ડોકટરો એનીમીયા તરીકે એને લઈને ટ્રીટમેન્ટ કરતા હોય છે. અને એનીમીયા માટે આયર્ન આપવામાં આવે છે, એટલે સીલેસન ઓફ આયર્ન જેને કહેવાય એના પણ પ્રશ્નો ઉભા થતા હોય છે. એટલે વારંવાર કમળો થવો, શરીરના સાંધામાં તેમજ હાડકામાં સોજા આવવા તેમજ દુ:ખાવો થવો. સહેલાઈથી સંક્રમક રોગના ભોગ બનવું, ખાસ કરીને ફેફસાના રોગોના. વારંવાર પેટમાં દુ:ખાવો થવો, બરોળ મોટી થવી, વારંવાર તાવ આવવો, મૂત્રમાં લોહી જવાની તકલીફો થવી, શરીરમાં કળતર થવા જેવા લક્ષણો આ રોગના જોવા મળે છે.

**શ્રી નરેશભાઈ મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના મારફત મંત્રીશ્રી પાસેથી બે બાબત જાણવી છે. ખાસ કરીને આદિવાસી સમાજમાં આ રોગ વધારે પડતો ચિંતાનો વિષય છે, ત્યારે સીકલસેલ એનીમીયા રોગને અટકાવવાના ઉપાયો શું છે? બીજું કે સીકલસેલ એનીમીયા રોગનું નિદાન અને સારવાર માટે દક્ષિણ ગુજરાતમાં કઈ કઈ સ્વૈચ્છિક સંસ્થાઓ છે અને શું શું કામગીરી કરે છે?

**શ્રી જયનારાયણ વ્યાસ**: માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ આમ તો બે પ્રશ્નો પૂછયા છે, પરંતુ ત્રણ મુદ્દે માહિતી માગી છે. સીકલસેલ એનીમીયા રોગનું નિદાન એ એને અટકાવવા માટેનો પહેલો ઉપાય છે. સાચું નિદાન એ પહેલો ઉપાય છે. આ રોગનું નિદાન લોહીના પરીક્ષણ દ્વારા કરી શકાય છે. આ રોગના નિદાન માટેની બે પદ્ધતિ છે. પહેલું એનું ડાઈ ઈથોનેટ ટયૂબ ટર્બીડીટી ટેસ્ટ એટલે ડી.ટી.ટી. ટેસ્ટ કરવો પડે અને એ ટેસ્ટથી ખબર પડે કે સીકલસેલ છે કે નહીં અને ત્યારપછી એચ.પી.સી.એલ. એટલે કે (હાઈ પરફોર્મન્સ લિકવીડ કોમેટોગ્રાફી) ટેસ્ટ કરવો પડે જે સામાન્ય રીતે કરવામાં આવે છે જેમાં સૌ પ્રથમ ડી.ડી.ટી. ડિસીસની વ્યકિત સિકલસેલ જનીન ધરાવે છે કે નહીં એ નકકી થાય છે અને ત્યારપછી એચ.પી.એલ.સી. ટેસ્ટ દ્વારા વ્યકિત સિકલસેલ વાહક છે કે સિકલસેલ રોગ ધરાવે છે એ નકકી થાય છે. તેમણે પૂછયું છે કે આ સિકલસેલ એનેમીયા રોગની સારવાર શું છે? તો એના જવાબમાં કહી શકાય કે સીકલસેલ એનીમીયા એ વારસાગત રોગ છે આથી જો નિદાન શકય એટલું વહેલું અને ઝડપી થાય તો પ્રિવેન્શન ઈઝ બેટર ધેન કયોર. આ સિકલસેલ ડિસીઝ હોય અથવા સિકલસેલ ટ્રેઈટ હોય એ સિકલસેલ એનેમીયા અને સિકલસેલ ટ્રેઈટવાળી વ્યકિત લગ્ન કરે અથવા સિકલસેલ રોગ હોય અને સિકલસેલ રોગવાળી વ્યકિત સાથે લગ્ન કરે તો એ રોગ વંશપરંપરાગત અને વારસાગત ઉતરી આવે છે. એટલે આ સારવારનું પહેલું પગલું હોય તો પ્રિવેન્શન ઈઝ બેટર ધેન કયોર.એટલે એને આ અટકાવવું જોઈએ, પરંતુ આ રોગના દર્દીને ફોલીક એસિડની ટીકડી દરરોજ અપાય છે. જે લોહી બનાવવાની પ્રક્રિયામાં મદદરૂપ થાય છે જેના લીધે દર્દીમાં થતા જોખમ ટાળી શકાય છે. વધુમાં દુ:ખાવો થાય તો દર્દશામક ટીકડી અને જરૂર જણાય તો તબીબી સલાહ એન્ટીબાયોટિક અને એન્ટી મેલીરીયાની સારવાર આપવામાં આવે છે. આમાં રકતકણ દાતરડા આકારના થઈ જાય છે અને બરડ થઈ જાય છે. એટલે રકતકણના હેમોગ્લોબીનની ક્ષમતા અને એના કારણે ઓકસીજન લેવાની ક્ષમતા ઘટી જાય છે એના કારણે રોગપ્રતિરોધક શકિત ઘટી જાય છે અને એ શકિત ઘટવાને કારણે સિકલસેલ એનેમીયાનો દર્દીને સામાન્ય રીતે કોઈ ચેપ લાગુ પડે તો વધારે ઘાતક નીવડે છે. એટલે કયારેક જરૂર પડે તો એન્ટીબાયોટીક અને એન્ટીબાયોટીક મેલેરીયાની સારવાર આપવી પડતી હોય છે.

માનનીય સભ્યશ્રીએ પૂછયું કે કઈ કઈ સંસ્થાઓ આના માટે કામ કરે છે. તો આ રોગના નિદાન અને સારવાર માટે દક્ષિણ ગુજરાતના સુરત, વલસાડ, તાપી, નવસારી અને ડાંગ આ જિલ્લામાં વલસાડ રકતદાન કેન્દ્ર, વલસાડ અને ભરૂચ અને નર્મદા જિલ્લામાં ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી, અમદાવાદ દ્વારા આ કામગીરી થાય છે. આ ઉપરાંત પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, સામૂહિક આરોગ્ય કેન્દ્રો કે સિવિલ હોસ્પિટલમાંથી મોકલવામાં આવતા ડી.ડી.ટી. પોઝિટીવ સેમ્પલનું એચ.પી.એલ.સી. પરિક્ષણ કરીને સિકલસેલ વાહક કે સિકલસેલ રોગ છે.એ નકકી થાય છે. આના દ્વારા સિકલસેલ રોગવાળા દર્દીને જરૂર પડે વિના મૂલ્યે લોહી પૂરું પાડવામાં આવે છે. આ સંસ્થાઓ દ્વારા સિકલસેલ એનેમિયા રોગ માટે પિંનેટલ ડાયગ્યનોસીસ શરૂ કરવામાં આવેલ છે જે એક નવી પધ્ધતિ આ પ્રિનેટલ ડાયગ્નોસીસની છે તે પણ શરૂ કરવામાં આવી છે.

**શ્રી અમરસિંહ રા. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જણાવ્યું કે ૧૨ જિલ્લામાં આ સિકલસેલના રોગનાં ચિહ્નો જાણવા મળે છે. મારા મંતવ્ય પ્રમાણે પણ ભરૂચ અને નર્મદા જિલ્લામાં પણ ઘણા આદિવાસી બોળકોનાં મૃત્યુ થયાં છે. તો વેમ સરકારે જે તપાસણી કરી છે એ પ્રમાણે રાજય સરકાર કેન્સર અને ડાયાબિટીસ માટેના ખાસ વિભાગ શરૂ કરે છે એ પ્રમાણે આ રાજયમાં આદિવાસીઓ માટે ખાસ સુવિધા પૂરી

પાડવા માટે સિકલસેલ એનેમિયા માટે કોઈ હોસ્પિટલ શરૂ કરવા માગે છે કે કેમ અને ખાસ આ સુવિધા પૂરી પાડવામાં આવે એવું સ્પેશ્યલ તંત્ર ઉભું કરવા માગે છે કે કેમ અને એના માટે સરકાર શું જોગવાઈ કરવા માગે છે?

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, એમના પ્રશ્નનો જવાબ છે 'હા જી.'

**ડૉ. માયાબેન સુ. કોડનાની** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે સિકલસેલ એનેમીયાનું હમણાં એક રિસર્ચ આખા વિશ્વમાં થયું છે. અન સ્ટેમસેલની થેરાપી દ્વારા એની ટ્રિટમેન્ટ આપી શકાય છે અને એ રોગને કયોર કરી શકાય છે. તો તો આ સ્ટેમસેલ ટ્રિટમેન્ટનું તંત્ર ઉભું કરવા માગે છે કે નહીં?

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીની વાત સાચી છે અને માનનીય સભ્યશ્રી પોતે પણ ડોકટર છે. એટલે એમણે જે મુદ્દો ઉપસ્થિત કર્યો છે એ સાવ સાચો છે. ધીસ ઈઝ એ જીનેટીક ડીસીસ અને આ જનીન રોગ છે એટલે એની ટ્રિટમેન્ટ સ્ટેમસેલ દ્વારા આપવાનું શકય છે. આજે જ હું એની જાહેરાત આ સન્માનીય ગૃહમાં કરવાનો છું એટલે અત્યારે હું એની વિગતવાર વાત કરતો નથી..આ અંગે વિગતવાર જાહેરાત આ સરકાર ખૂબ ગંભીરતાથી કરીને આગળ વધવા માગે છે અને હું માનનીય સભ્યશ્રીઓને કહીશ કે અત્યાર સુધી રાજય સરકારે સીકલસેલ એનીમીયા રોગના નિદાન અને સારવાર માટે વર્ષ ૨૦૦૮-૦૯માં ૨,૫૭,૧૬૨૫૬, સન ૨૦૦૯-૧૦માં ૩,૨૪,૭૨૧૭૬ અને સન ૨૦૧૦-૧૧માં ૨,૨૩,૩૩૫૩૬ રૂપિયાનો ખર્ચ કર્યો છે. આ એક અત્યંત ગંભીર બાબત છે. મારા સાથી સભ્યશ્રી આદિજાતિ વિસ્તારમાંથી આવે છે. એમની ચિંતામાં હું સહભાગી બનું છું. એમની ચિંતા સકારાત્મક છે અને આ સરકાર પૂરેપૂરી ગંભીરતાથી આ બાબતમાં આગળ વધવા માગે છે.

**શ્રી દોલતરાય ના. દેસાઈ** : માનનીય અધ્યક્ષશ્રી, સીકલસેલ એનીમીયા રોગ ખાસ કરીને પછાત વર્ગમાં થતો હોય છે. હું પછાત વર્ગના જિલ્લામાંથી આવું છું. મને કહેતા આનંદ થાય છે કે મારી રાજકીય કારકિર્દીમાં આ પછાત વર્ગમાં સીકલસેલ એનીમીયાની જો કોઈએ કાળજી કરી હોય તો આ સરકારે કરી છે એના મારી પાસે પુરાવા પણ છે. આજ દિન સુધી મારી ૨૬ વર્ષની કૅરિયરમાં કોઈપણ અનુદાન સ્વૈચ્છિક સંસ્થાને સીકલસેલ એનીમીયાને અટકાવવા માટે આપવામાં આવતું નહોતુ. આ સીકલસેલ એનીમીયા અટકાવવા માટે આ સરકારે સ્વૈચ્છિક સંસ્થાઓને અનુદાન આપવાની શરૂઆત કરી છે. આ અનુદાન વલસાડ રક્ત કેન્દ્રને પણ મળેલ છે જેનો હું ટ્રસ્ટી છું. એનો સારો ઉપયોગ પણ થાય છે. મારે મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે ૨૦ લાખ રૂપિયા અનુદાન આપો છો એમાં કોઈ વધારો કરવા માગો છો કે કેમ?

**શ્રી જયનારાયણ વ્યાસ** : અનુદાન અંગેની જરૂરિયાત હશે તે પ્રમાણે અનુદાનનો ગુણવત્તા અનુસાર વિચારણા કરવાની સરકારની પૂરેપૂરી તૈયારી છે. માનનીય દોલતકાકા મારા તો અતિ સન્માનનીય વ્યકિત છે, એમણે જે વાત કરી અત્યાર સુધી ૩૫ હજાર રૂપિયા પણ વરસે સીકલસેલ એનીમીયા રોગ પાછળ ખર્ચાતા નહોતા. આ સરકારે છેલ્લા ત્રણ વર્ષમાં સાત કરોડ કરતાં વધારે ખર્ચ કર્યો છે. અને આજે આપણે એવી વ્યવસ્થા જાહેર કરવા તરફ આગળ વધી રહ્યા છીએ જેના કારણે આદિજાતિ વિસ્તારોમાં આ એક ઘર ઘાલીને બેસી ગયેલા રોગની બાબતમાં ખૂબ મહત્ત્વની કામગીરીની આ સરકાર શરૂઆત કરવા માગે છે જેની વિગતો આજના બીઝનૅસ પર છે એટલે અત્યારે એની વિગતમાં હું ઊતરતો નથી.

## દાંડી માર્ગ અંતર્ગત ફોસીલ પાર્કની કાર્યવાહી

*** ૨૦૦૩૪ શ્રી માનસિંહ કો. ચૌહાણ(બાલાસિનોર)** : **માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

ખેડા જિલ્લાના નવાગામ-માતર-નડિયાદ ડાકોર અને રૈયોલી ખાતે દાંડીકૂચ અન્વયે ગાંધીજીએ રાત્રી રોકાણ કરેલ હતું ત્યાં ફોસીલ પાર્ક બનાવવાની કાર્યવાહી તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ કયા તબક્કે છે?

**પ્રવાસન મંત્રીશ્રી:**

પૂજ્ય ગાંધીજીએ સાબરમતી આશ્રમથી દાંડી સુધી કરેલ દાંડી યાત્રામાં જે જે જગ્યાએ રોકાણ કરેલ હતું તે પૈકી ખેડા જિલ્લાના ત્રણ સ્થળો (૧) નવાગામ (૨) માતર (૩) નડિયાદ ખાતે રાત્રી રોકાણ કરવામાં આવેલ ત્યાં ફોસીલ પાર્ક બનાવવાની કાર્યવાહી હાથ ઉપર લેવામાં આવેલ નથી.

ડાકોર અને રૈયોલી દાંડીકૂચ માર્ગમાં આવતા નથી. પરંતુ આ સ્થળો પૈકી રૈયોલી (બાલાસિનોર) ખાતે ફોસીલ પાર્ક માટે ઈન્ફોરમેશન રીસેપ્શન/ઈન્ટરપ્રીટેશન સૅન્ટર, એકઝીબ્યુશન હૉલ, લાર્જ સાઇઝ ફાયબર ગ્લાસ મોડલ્સ ઑફ ડાયનાશોર, વર્કીંગ મોડયુલ, કાફેટેરીયા, ડાઈનીંગ હૉલ, ઑફિસ, કમ્પાઉન્ડ વૉલ, ગેટ, વોચમેન કૅબિન, પાર્કિંગ એરિયાનો વિકાસ, વૃક્ષારોપણ અને લૅન્ડ સ્કેપીંગ, ઈલેકટ્રીકની કામગીરી, પાણી પુરવઠો, બોરવેલ, પંપરૂમ, ટોયલેટ બ્લૉક જેવી કામગીરી હાથ પર લેવામાં આવી છે જે પ્રગતિમાં છે અને આ અન્વયે રૂપિયા ૫૫૦.૦૦ લાખનો ખર્ચ થયેલ છે.

**શ્રી માનસિંહ કો. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન પૂછવાનો ઇરાદો એ છે કે અહીંયા દાંડીકૂચના બદલે ખેડા જિલ્લામાં બાલાસિનોર તાલુકાના રૈયોલી ગામે ફોસીલ પાર્ક બનાવવાની કામગીરી છે એ અત્યારે કયા સ્ટેજે છે, અને આ રૈયોલી ફોસીલ પાર્કની જાહેરાત મ્યુઝિયમ તરીકે સરકારે ક્યારે કરી.?

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછ્યો છે, ટેકનાલિટીમાં અમે ગયા જ નથી. માનનીય સભ્યશ્રીએ જે ભાવનાથી પ્રશ્ન પૂછ્યો છે એ ભાવનાને લક્ષમાં લઈને અમે એનો જવાબ આપવા માગીએ

છીએ. મારે એક ખૂબ ગર્વ સાથે કહેવું છે કે બાલાસિનોર ડાયનાશોર ફોસીલ પાર્ક જે રૈયાલી ગામે આવેલો છે. માનનીય સભ્યશ્રીના વિસ્તારમાં આવેલો છે. એ વિશ્વની ત્રીજી મોટામાં મોટી ડાયનાશોર ફોસીલ સાઈટ છે આ ફોસીલ પાર્ક ખેડા જિલ્લામાં બાલાસિનોર તાલુકામાં રૈયોલી ગામે આવેલ છે. અમદાવાદથી લગભગ ૮૬ કિલોમીટર દૂર આ સાઈટ આશરે ૧૩ એકર જમીનમાં પથરાયેલી છે. જીઓલોજીક સર્વે ઑફ ઈન્ડિયા દ્વારા ૧૯૮૧મા બાલાસિનોર ડાયનાશોર ફોસીલ પાર્ક પહેલી વખત શોધાયો. ૧૯૯૧માં જી.એસ.આઈ. દ્વારા પહેલી વખત શોધાયો, ત્યારબાદ એકાદ વરસે આ જગ્યાએથી ડાયનાશોરના લગભગ એક હજાર ઈંડા મળી આવતા આ સાઈટ વિશ્વમાં સૌથી મોટી હેચરી એટલે ઈંડા સેવવાની જગ્યા કે ઈંડા ધરાવતી સાઈટ તરીકે વિશ્વમાં જાણીતી બની છે. એવું માનવામાં આવે છે કે શિવા ક્રેટર કે લાખો વર્ષ પહેલા ઉલ્કા પૃથ્વી પર અથડાવાથી બની હશે , આ જગ્યા કાળાંતરે ઉલ્કા વર્ષા અને જ્વાળામૂખીના કારણે નાશ પામી હશે જેના કારણે ફોસીલ એટલે કે અશ્મીભૂત અવશેષો કહેવાય છે એનું નિર્માણ થયું છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ પૂછયું કે આ સાઈટમાં કયા પ્રકારના અશ્મીભૂત અવશેષો છે. તો બાલાસિનોર ડાયનોશોર પાર્કમાં જુદા જુદા પ્રકારના ડાયનાશોર જેવા કે મેગાલોસ સોરસ, ઈકવાનોડોન, ટીટાનો સોરસ, ટ્રાયસેરો ટોપ્સ, ટાઈરાનો સોરસ અને બ્રોન્ટો સોરસ જેવા ડાયનાશોરનું આ ઘર હતું. રૈયોલી આ છ પ્રકારના ડાયનાશોરનું ઘર હતું અને અહીં મળતા ડાયનાશોર બે ફોસીલ કક્ષામાં વહેંચાયેલા છે, જેને સૌરીસીયા અને ઓર્નીથીસીયા ફોસીલ કહેવામાં આવે છે.

માનનીય સભ્યશ્રીએ પૂછયું કે ગુજરાત સરકારે આ સાઈટનો અભ્યાસ કરવા માટે શું કાર્યવાહી કરી છે? તો ૧૯૯૭થી આ કાર્યવાહી ચાલે છે. ૫૦ જેટલા પાલીયેન્ટોલોજીસ્ટ આ સાઈટનો અભ્યાસ કરવા માટે આવ્યા ત્યારથી વિશ્વભરમાંથી અહીં નિષ્ણાત અભ્યાસકારો આવતા રહ્યા છે અને આ જગ્યાને પ્રોટેકટેડ સાઈટ તરીકે જાહેર કરવામાં આવી છે.

**શ્રી દેવુસિંહ જે. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, મને જવાબ મળી ગયો છે પણ વિશ્વમાં મોટામાં મોટું ઈંડાનું કદ ધરાવે છે એવું કહ્યું તો ઈંડાનું કદ કેટલું છે?

**શ્રી જયનારાયણ વ્યાસ** : અશ્મિભૂત ઈંડા છે અને અશ્મિભૂત ઈંડામાં એવું હોય છે કે જે સામાન્ય પ્રક્રિયા છે. થોડુંક કદાચ મને વિગતમાં જવું પડે તો પણ જ્યારે આ સાઈટ નાશ પામી હશે ત્યારે ત્યાં જે સેડીમેન્ટેશન રોક બન્યો એમાં આ ઈંડા દટાયા હશે. એટલે તેનો જે શેઈપ છે તેના ઉપરથી તેની વાત મળી શકે, પણ ૧૦૦૦ ઈંડા છે અને વિશ્વમાં સૌથી મોટામાં મોટી હેચરી છે તે બાબત નિર્વિવાદ છે.

**શ્રી શિરિષકુમાર મ. શુકલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આ વૈશ્વિક મહત્ત્વ ધરાવતી સાઈટને નુકસાન ન થાય તેના માટે ગુજરાત ટુરિઝમે કયા પ્રકારના પગલાં લીધા છે અને ગુજરાત સરકાર આ સાઈટને વિશ્વના નકશા ઉપર મૂકવા માટે કયા પ્રકારની કાર્યવાહી કરવા માગે છે?

**શ્રી જયનારાયણ વ્યાસ** : આ વૈશ્વિક મહત્ત્વ ધરાવતી સાઈટને નુકસાન ન થાય તે માટે ગુજરાત ટુરીઝમ કૉર્પોરેશન દ્વારા અત્યાર સુધી લગભગ સાડા પાંચ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે, તેમાં ઈન્ફોરમેશન અને રીસેપ્શન સૅન્ટર, ઈન્ટરપ્રીટેશન સૅન્ટર, એકઝીબ્યુશન હૉલ, લાર્જ સાઈઝ ફાયબર ગ્લાસ મોડલ્સ ઑફ ડાયનાશોર, વર્કીંગ મોડયુલ, કાફેટેરિયા, ડાઈનીંગ હૉલ, ઑફિસ, આ સાઈટને જાળવવા માટે કમ્પાઉન્ડ વૉલ, ગેઈટ, વોચમેન કૅબિન, પાર્કિંગ એરિયાનો વિકાસ, ઈલેકટ્રોનીકની કામગીરી, પાણી પુરવઠો, બોરવેલ અને પંપ, ટોયલેટ બ્લૉક, લૅન્ડ સ્કેપીંગની કામગીરી અને બાકીની સંલગ્ન કામગીરી કરવામાં આવી છે. આ કામગીરી પાછળ અત્યાર સુધીમાં ૫૫૦ લાખ રૂપિયાનો ખર્ચ થયો છે અને લગભગ ૬ કરોડના ખર્ચે આ કામગીરી પૂરી કરવાની છે. એટલે આ કામગીરી પૂર્ણતાના આરે છે. માનનીય સભ્યશ્રીએ પૂછયું છે કે આ સાઈટને વૈશ્વિક નકશા ઉપર મૂકવા માટે રાજય સરકાર શા પગલાં લેવા માગે છે, તો કેટલીક સાઈટો હવે આપણી ત્યાં એવી ઉભી થઈ છે કે જે વૈશ્વિક નકશા ઉપર એક અલૌકિક સ્થાન અથવા અગત્યનું સ્થાન ધરાવે છે. જે રીતે આપણે ત્યાં કચ્છમાં ફલેમીંગો કૉલોની છે, સારણગીરમાં એશિયાટીક લાયન છે. બાલાસિનોરમાં ફોસીલ પાર્ક છે, બુદ્ધિષ્ઠ રીમેઈન્સનો વડોદરાની એમ.એસ. યુનિવર્સિટી મ્યુઝિયમમાં ઉપલબ્ધિ છે. આવી અલૌકિક જે વસ્તુઓ છે. જે વૈશ્વિક નકશા ઉપર મૂકી શકાય છે. તેના માટે અલગથી એક પુસ્તિકા જેવું તૈયાર કરીને તેની જાહેરાત અને અન્ય માધ્યમો થકી તેની પ્રસિદ્ધિ આપવાનો પ્રયત્ન કરવાનું સરકાર વિચારે છે.

**શ્રી માનસિંહ કો. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આ વૈશ્વિક મહત્ત્વ ધરાવતી ડાયનાશોરની જગ્યા છે અને ડાયનાશોર પાર્કની વિઝીટ માટે કેટલા દેશોના વિઝીટર્સે મુલાકાત લીધી અને અમદાવાદથી બાલાસિનોર સુધી જવું હોય તો રૈયોલી ફોસીલ પાર્ક એવા બોર્ડ લગાવેલા છે. તો ત્યાં જવા માટે બન્ને બાજુ રસ્તો સારો નથી. જોરડાપુરાથી રૈયોલી અને બોટડાથી રૈયોલી તો આ રસ્તો સ્યુટેબલ થાય, કારણ કે બીજા દેશોના વિઝીટર્સ આવે છે તે જઈ શકે નહીં. બીજું, કે ત્યાં કોઈ વોચમેન નથી એટલે ત્યાં જગ્યા સચવાતી નથી. ખાનગી જમીન માટેના પ્રશ્નો છે, દિનપ્રતિદિન ખાનગી જમીન સંપાદનમાં કોઈપણ યોજના હોય એના ગંભીર પ્રશ્નો થતા જાય છે. ખેડૂતો જમીન આપવા તૈયાર થતા નથી, બીજા લોકોને લાભ મળે, અને એવી જ રીતે જમીન જે જંગલની આવે છે એ જંગલની જમીન ગુજરાત સરકાર અમે સિંચાઈ

વિભાગ એને સિલેકટ કરીએ, કલેકટરશ્રીને જણાવીએ, વન વિભાગને જણાવીએ, વન વિભાગ સામે બીજી જમીન ભારત સરકારના નિયમો જે છે, આખા દેશમાં લાગુ પડે છે કે જેટલો વન વિસ્તાર ડૂબાણમાં જતો હોય એટલા વનવિસ્તારની જમીન બીજી આપવી પડે અને ત્યાં ઝાડ ઉછેરવા, જંગલ બનાવવા માટે સામે રકમ પણ આપવી પડે, અમારા વિભાગે, સિંચાઈ વિભાગે આ બંને કાર્યવાહી કરી દીધી છે. કલેકટરશ્રીને અમે કહ્યા પ્રમાણે જમીનની ફાળવણી કરી છે, વન વિભાગની જમીન માટે અમે જે રકમ ૪ કરોડ ૯૭ લાખ રૂપિયા ભરવાના થાય છે એ પણ ભરવાની સંમતિ અમે આપી દીધી છે અને વન વિભાગની જમીન ગુજરાતના વન વિભાગની દરખાસ્તથી ભારત સરકારની દરખાસ્ત દ્વારા મળી જાય તો તરત જ આ કામો, હું ચોક્કસ સ્વીકારુ છું કે કામો વિલંબમાં થાય છે, પણ વિલંબમાં થવાનું કારણ સરકારની કોઈ કામગીરી નથી ફક્ત જમીન સંપાદનમાં ખેડૂતો અથવા વન વિભાગ જ્યાં આ ચીજ આવતી હોય ત્યાં તકલીફ પડે છે. વન વિભાગની જમીન મળશે તો તરત જ અમે આ કામ ચાલુ કરીશું.

**શ્રી દિલીપસિંહ વ.પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, આ રોલા જળાશય યોજનામાં કેટલી અને કયા પ્રકારની જમીન ડૂબમાં જાય તેમ છે અને ડૂબમાં જતી જમીન મેળવવામાં સમય જાય તેમ હોવાથી આદિવાસી પ્રજાને લાભ આપવા કોઈ આયોજન કરેલ છે કે કેમ?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, જમીનની વિગત મેં આપી છે, અમે એવું આયોજન કર્યુ છે કે જ્યાં સુધી મોટો ડૅમ ના બને ત્યાં સુધી આપણે પાણીને વહી જવા દેવા માગતા નથી. આપણે રાહ જોવા માગતા નથી. આખા રાજયમાં સિંચાઈ વિભાગે એક નીતિ બનાવી છે કે જ્યાં આવા જળાશય બનાવવાના થાય એના ઉપરવાસમાં અથવા એના નીચેવાસમાં પાણી સંગ્રહ કરવા માટે જેટલી મોટી નદી હોય એ પ્રમાણેના ચેકડેમોનું અમે આયોજન કરીએ છીએ અને અહીંયા પણ રોલામાં પણ અમે ચેકડેમો બનાવવાની કાર્યવાહી ચાલુ કરી છે. લગભગ કુલ છ ચેકડેમો બનાવવાપાત્ર છે જે પૈકી બે બનાવી દીધા છે, બાકીનાની કામગીરી સંરક્ષણના તબક્કામાં છે અને એ પણ ડિઝાઇન ત્યાં ફાઇનલ થયા પછી એ કામ પણ આપણે ચાલુ કરીશું એટલે સીરીઝ ઓફ ચેકડેમ, જ્યાં ડૅમ મોટા ના બની શકે અને આમાં ફાયદો એ છે કે ખાનગી જમીન ડૂબાણમાં નથી જતી અને પાણી સંગ્રહ કરવાનો, રીચાર્જ કરવાનો આપણો હેતુ પણ બર આવે છે એટલે બંને રીતે આ સીરીઝ ઓફ ચેકડેમ એ ઉપયોગી છે.

**શ્રી અશ્વિન કોટવાલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમ દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગુ છું કે આ જે રોલા ડેમની યોજના છે, ૧૯૯૬થી ચાલુ કરવામાં આવી છે. તો ૧૬-૧૬ વર્ષ થયા, જ્યારે ગૃહમાં પ્રશ્ન પૂછવામાં આવે છે ત્યારે જ માનનીય મંત્રીશ્રી યાદ કરે છે અને કહે છે કે અમે મોટા ડેમો આદિવાસી વિસ્તારમાં કરવા માગીએ છીએ એવું કહે છે પણ આટલા ૧૬ વર્ષના સમયની અંદર આવા આદિવાસી વિસ્તારમાં મોટા ડેમો સાબરકાંઠામાં કેટલા બનાવવાનું આયોજન છે અને આવા પ્રશ્નોના લીધે કેટલા ડેમોનું કામ પડતર બાકી રહ્યું છે અને જ્યારે મંત્રીશ્રી કયારેક અમે પ્રશ્નો પૂછીએ છીએ ત્યારે વનના બાબત સંપાદનની વાત કરીને અને એ વાત ઉપર ખો આપી દેતા હોય છે એ બહુ દુઃખદ વાત હોય છે એટલે આવા સાબરકાંઠા જિલ્લામાં ટ્રાઈબલ વિસ્તારમાં મોટા કેટલા ડેમો બનાવવા માગો છો, અને એ ડેમો કયા કારણોસર અટકેલા છે એ માટે મંત્રીશ્રી પાસેથી જાણવું છે?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું કોઈને ખો આપું એવો નથી. ખો આપતો પણ નથી. માનનીય સભ્યશ્રી બહુ અનુભવી ધારાસભ્યશ્રી છે. એમને વારંવાર આપણે સમજણ આપી છે કે જ્યાં સુધી જમીન સંપાદનનું કામ ના પતે, ત્યાં સુધી આપણા કામ નથી કરી શકતા. વર્ષ કેટલા થયા એ અગત્યનું નથી, જમીન મળવી અગત્યની છે અને ભારત સરકારના વન અને પર્યાવરણના નિયમો આપણે બધા જાણીએ છીએ કે નર્મદા યોજના ૧૯૬૦માં જે ખાતમુહૂર્ત કર્યુ હતું એ હવે કેમ આટલી મોડી થઈ? તો એમાં વન અને પર્યાવરણ અને બીજા જે ફેકટર છે તે અને ભારત સરકાર અને સુપ્રીમ કોર્ટ વગેરેની ગાઈડલાઈન પાળવાની હોય છે. એવું નથી કે એક વાર નક્કી કરીને જે.સી.બી. મોકલીને, પાયા ખોદીને સિમેન્ટ-ક્રોંક્રિટ કરીને ડેમ બનાવી દઈએ. આમાં બધી પ્રક્રિયાઓ અનુસરવાની હોય છે. વિવિધ સંસ્થાઓની અને ભારત સરકારની પરવાનગી પણ લેવાની હોય છે અને તે મળે ત્યારે જ અમે કરી શકીએ.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય મંત્રીશ્રી પાસેથી બે બાબતો સકારાત્મક જાણવા માગું છું. મોટા ડેમો થાય એનો વધારે ફાયદો થઈ શકે. ચેકડેમોનો બહુ ફાયદો થાય તેમ નથી. એ તૂટી જતાં હોય છે. આપની વાત સાચી છે કે વન વિભાગની જમીન જાય છે એની સામે એટલું વન ઊભું કરવું પડે. આપણે વન ઊભું કરવાની ખાતરી આપીએ તો ભારત સરકાર ના પાડતી નથી. મારી એ વિનંતી છે કે આપ આપના વિભાગમાં દા.ત. કચ્છમાં ૨૦૦૮ હેકટર જમીન અપાઈ એ વન વિભાગની હતી. એની સામે વન આપવાનું તાત્કાલિક થઈને વનની જમીન અપાઈ છે એ રીતે આપ એ વિભાગની સાથે સંકલન કરીને જરૂરી માહિતી લઈને જો ૨૦૦૮ હેકટર જમીન અદાણીને વન વિભાગની લઈને ત્યાં ફેરફાર થતો હોય તો અહીંયા વિલંબ કર્યા વગર જલદી કરવા માગો છો કે કેમ?

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી ટૂંકમાં જવાબ આપજો, પ્લીઝ.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : એમણે પ્રશ્ન કર્યો એમાં કામગીરી ચાલું જ રાખી છે. (અંતરાય) અમારા પ્રયત્નો સતત ચાલું રહ્યા છે. આ યોજના માટે પણ કહું કે અમે જે જમીન નક્કી કરી, સરકારે કહ્યું અને કલેકટરે ફાળવી આપી એ જમીન ગાયવાછડા ગામની જમીન તબદીલ કરી. પછી વન વિભાગે કહ્યું કે આ જમીન અમારી કામગીરી માટે અનુકૂળ નથી. પથરાળ વિસ્તાર છે. મેં પહેલા પણ કહ્યું કે આ વિસ્તાર ડુંગરાળ અને પથરાળ વન વિભાગનો વિસ્તાર છે. અમારા ક્રાઈટ-એરિયામાં ન આવે કે આટલી જમીન ડુબાણમાં જાય છે છતાં એટલી જમીન ડુબાણમાં કરી. બીજી યોજનાઓમાં જેટલો ખર્ચ કરવો પડે એના કરતાં વધારે ખર્ચ કરીને આદિવાસી વિસ્તારમાં અમે કામ કરવા માગીએ છીએ. મારી સભ્યશ્રી અનિલભાઈ, અશ્વિનભાઈ અને શક્તિસિંહભાઈને વિનંતી છે કે આપ કહો ત્યાં આવું, આપ જમીન સંપાદનમાં સહકાર આપો અને જમીન મળે કે તરત જ તમારા હાથે જ ખાતમુહૂર્ત કરાવીશું.

**અમદાવાદ જિલ્લામાં પી.એચ.સી.ના મકાનો બાંધવા મંજૂર રકમ**

***૨૦૮૬૧ શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ(માંડલ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

(૧) અમદાવાદ જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના મકાનો બાંધવા માટે તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી રકમ મંજૂર કરવામાં આવી છે,

(૨) આ કામગીરી ક્યાં સુધીમાં શરૂ થશે, અને

(૩) ઉક્ત કામગીરી કેટલા સમયમાં પૂર્ણ કરવાનું આયોજન છે?

**આરોગ્ય મંત્રીશ્રી**

(૧) અમદાવાદ જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના મકાનો બાંધવા માટે છેલ્લા એક વર્ષમાં નીચે મુજબ રકમ મંજૂર કરવામાં આવી છે.

| પ્રા.આ. કેન્દ્રનું નામ | મંજૂર કરેલ રકમ |
|---|---|
| ચેખલા | રૂા. ૨૬.૦૬ લાખ |

(૨) ટેન્ડર મંજૂર થયેથી કામગીરી શરૂ કરવાનું રહે છે.

(૨) આ કામગીરી ટેન્ડર મંજૂર થયેથી ૧૨ માસ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

**શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી જ્યારે હ્યુમન ડેવલપમેન્ટ ઈન્ડેક્ષની ચિંતા કરી રહ્યા હોય ત્યારે એવા સમયે મારા મત વિસ્તારમાં ત્રણ ગામો કે જે અંતરિયાળ હતા, માંડલ તાલુકાના વિઠલાપુર, દેત્રોજ તાલુકાનું રૂદ્રાતલ ગામ અને વિરમગામ તાલુકાના ગોરૈયા ગામોએ પી.એચ.સી. મંજૂર કર્યા છે. આ માટે રાજ્ય સરકારનો હું હૃદયપૂર્વકનો આભાર માનું છું. આ ત્રણ પી.એચ.સી. તાજેતરમાં મંજૂર કર્યા છે અને કાર્યાન્વિત પણ કરી દીધા છે. હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આ પી.એચ.સી. ભાડાના મકાનમાં કાર્યાન્વિત હોવાથી વહેલી તકે સરકારશ્રીનું નવા મકાનો બનાવવાનું આયોજન છે કે કેમ? અને જવાબ હા હોય તો ક્યારે મકાનો બાંધવાની શરૂઆત થશે અને એનું કામ ક્યારે પૂર્ણ થશે?

**શ્રી જયનારાયણ વ્યાસ** : આ પ્રશ્ન માત્ર અમદાવાદ જિલ્લામાં પી.એચ.સી.ના મકાનો બાંધવા માટે તા. ૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી રકમ મંજૂર કરવામાં આવી છે તે પૂરતો મર્યાદિત છે અને એમાંથી આ છેલ્લા એક વર્ષમાં કેન્દ્રો આપ્યા છે એમાં એ આવતું નથી. આમ છતાં મારી પાસે માહિતી છે એ મારી માહિતી ઉપર આધારિત માનનીય સભ્યશ્રીને કહીશ કે માંડલ તાલુકાના વિઠલાપુર અને સીતાપુર, દેત્રોજ તાલુકાના રૂદ્રાતલ અને વિરમગામના ગોરૈયા ખાતે પી.એચ.સી. મંજૂર કરેલ છે તેમ માનનીય સભ્યશ્રી કહે છે અને તેને કાર્યાન્વિત કરેલ છે. ગોરૈયા અને સીતાપુરના પી.એચ.સી.ના મકાન બાંધવા માટે વર્ષ ૨૦૧૧-૧૨માં નાબાર્ડ યોજના અંતર્ગત આયોજન કરવામાં આવેલ છે. માનનીય સભ્યશ્રીને જાણીને આનંદ થશે કે ગોરૈયા અને માંડલ તાલુકાનું સીતાપુર આ બંને ગામનું ૨૦૧૧-૧૨ માં એટલે ચાલુ સાલે નાબાર્ડ યોજના અંતર્ગત એના મકાનના બાંધકામ માટેનું આયોજન કરવામાં આવેલ છે. માંડલ તાલુકાના વિઠ્ઠલાપુર અને દેત્રોજ તાલુકાના રૂદ્રાસણ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મકાન બાંધકામ અંગે આગામી વર્ષમાં પ્લાનસિલિંગની મર્યાદામાં નાણાકીય જોગવાઈ થયેથી આયોજન કરવામાં આવશે.

**શ્રી કાન્તિલાલ રા. લકુમ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગુ છું કે આ જે ૨૬ લાખ રૂપિયા ચેખલા પી.એચ.સી.ના મંજૂર કર્યા છે. એમાં કુદરતી રીતે જાપાનમાં જેમ ભૂકંપ, સુનામી આવી અને ત્યાર બાદ રેડીએશનનો ખતરો અત્યારે છે. દુનિયાનો વિષય છે ત્યારે ભારતમાં પણ હાલમાં કૃત્રિમ રીતે લોકશાહીના મૂલ્ય ઉપર સંસદમાં વિકિલીકસ નામનો બૉમ્બ ફૂટ્યો અને ભૂકંપ આવ્યો, રેડીએશન વધી રહ્યું છે ત્યારે માનનીય અધ્યક્ષશ્રી, આ કેન્દ્રને ભૂકંપપ્રુફ બનાવવા માગો છો કે કેમ?

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, આ દેશને જુદા જુદા ભૂકંપ ઝોનમાં વહેચવામાં આવેલો છે અને જે કાંઈ સ્ટ્રકચર ડિઝાઈન કરવામાં આવશે એ ભૂકંપ ઝોન ૩ કે ભૂકંપ ઝોન ૪ માં જેમાં પડતું હોય એને લક્ષમાં રાખીને ભૂકંપની અસર પ્રમાણે ડિઝાઈન કરવામાં આવશે.

**શ્રી બાબુભાઈ જ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગુ છું કે પી.એચ.સી. મંજૂર કરવા માટેના કયા ધારા-ધોરણો છે? બીજો પ્રશ્ન મારો એ છે કે ચેખલામાં જે આરોગ્ય કેન્દ્ર બની રહ્યું છે એ કયા સરવે નંબરમાં, ક્યારે પસંદગી કરવામાં આવી અને આજે એ જગ્યાની પરિસ્થિતિ શું છે?

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, પી.એચ.સી. મંજૂર કરવા માટેના ધારા-ધોરણોમાં રાજ્યમાં ૧૯૮૧ ની વસ્તીના ધોરણે બિનઆદિજાતિ વિસ્તારમાં ૩૦,૦૦૦ ની વસ્તીએ એક પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને આદિજાતિ વિસ્તારમાં ૨૦,૦૦૦ ની વસ્તીએ એક પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર મંજૂર કરવામાં આવે છે. ક્યાંક જરૂર જણાય તો અમે ગુણવત્તા અનુસાર રિલેક્ષેશન પણ આપીએ છીએ. એટલે માનનીય સભ્યશ્રીઓને કોઈ એવી વિશિષ્ઠ જગ્યાએ જરૂરિયાત હોય તો એના માટે ગુણવત્તા અનુસાર વિચારણા કરવા માટે અમારું મન ખુલ્લું છે. માનનીય સભ્યશ્રીએ ચેખલા આરોગ્ય કેન્દ્ર વિષે પૂછયું છે તો ચેખલા ખાતે હાલ પેટાકેન્દ્રનું પાંચ રૂમનું કેન્દ્ર ઉપલબ્ધ છે. આ ચાલતું નથી એવું છે જ નહિ. અત્યારે પેટા કેન્દ્ર પાંચ રૂમનું મકાન ઉપલબ્ધ છે જેમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર કાર્યાન્વિત છે. આ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું મકાન બાંધવા સરવે નંબર ૧૨૯૫ પંચાયતના મકાનની સામે આવેલી જગ્યા છે. આ જમની પ્રાથમિક શાળા હસ્તક હતી જે હવે શિક્ષણ વિભાગમાંથી હેતુફેર કરી આરોગ્ય વિભાગના મકાન બાંધકામ માટે ફાળવવાનો ઠરાવ કરવામાં આવેલ છે. એટલે હવે એની ચકાસણી કરી નકશા અંદાજો તૈયાર કરીને આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

### સુરત મહાનગરપાલિકાને જે.એન.યુ.આર.એમ. અંતર્ગત એવોર્ડ

***૨૦૮૧૬ શ્રી કિશોર વાંકાવાલા(સુરત શહેર (પશ્ચિમ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ સુરત મહાનગરપાલિકાને જે.એન.યુ.આર.એમ. યોજના હેઠળ કયા કયા ક્ષેત્રમાં વિશિષ્ટ સિદ્ધિઓ અંગે એવોર્ડ આપવામાં આવેલ છે?

તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ સુરત મહાનગરપાલિકાને જે.એન.યુ.આર.એમ. યોજના હેઠળ સુરત મહાનગરપાલિકાને ૨૦૦૮ થી ૨૦૧૦ સુધીમાં કુલ ૯ એવોર્ડ મળેલ છે જેની વિગતવાર માહિતી આ સાથે સામેલ પત્રક-અ માં દર્શાવેલ છે.

**પત્રક-અ**

| ક્રમ | વર્ષ | જેએનએનયુઆરએમ | એવોર્ડનું નામ | વર્ગ | એવોર્ડની રકમ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨૦૦૮ | જેએનએનયુઆરએમ | બેસ્ટ પરફોર્મીગ સીટી અંડર જેએનએનયુઆરએમ ફોર ઈમ્પ્લિમેન્ટેશન ઓફ રીફોર્મ ૨૦૦૭-૨૦૦૮ | નેશનલ | ટ્રોફી |
| ૨ | ૨૦૦૯ | જેએનએનયુઆરએમ (યુઆઈજી) | બેસ્ટ પરફોર્મિંગ સીટી ૨૦૦૮-૨૦૦૯ | નેશનલ | ટ્રોફિ, સર્ટિફિકેટ રૂા.૪.૦૦ લાખ |
| ૩ | ૨૦૦૯ | જેએનએનયુઆરએમ (યુઆઈજી-ફાયનાન્સ) | બેસ્ટ સીટી એવોર્ડ ફોર ઈમ્પ્રુવમેન્ટ ઈન ફાયનાન્સ મેનેજમેન્ટ ૨૦૦૮-૨૦૦૯ | નેશનલ | ટ્રોફિ, સર્ટિફિકેટ રૂા.૨.૦૦ લાખ |
| ૪ | ૨૦૦૯ | જેએનએનયુઆરએમ (બીએસયુપી) | મોસ્ટ ઈનકલુઝીવ એપ્રોચ | નેશનલ | ટ્રોફિ, સર્ટિફિકેટ રૂા.૪.૦૦ લાખ |
| ૫ | ૨૦૦૯ | જેએનએનયુઆરએમ (બીએસયુપી) | બેસ્ટ સિટી ઇમ્પ્લિમેન્ટેશન ઓફ ૭ પોઈન્ટ ચાર્ટર | નેશનલ | ટ્રોફિ, સર્ટિફિકેટ રૂા.૨.૦૦ લાખ |
| ૬ | ૨૦૦૯ | ભુગર્ભ ગટર યોજના | નેશનલ એનર્જી કનર્વશન એવોર્ડ (એનઈસીએ) ૨૦૦૯ | નેશનલ | સર્ટિફિકેટ અને સ્નેપ્સ |
| ૭ | ૨૦૦૯ | ભુગર્ભ ગટર યોજના | એનટ્રીયા એવોર્ડ ૨૦૦૯ | નેશનલ | સર્ટિફિકેટ અને સ્નેપ્સ |
| ૮ | ૨૦૧૦ | ઘન કચરાનો નિકાલ | જેસીબી-સીઆઈઆઈ-એપીટીડીસી એકસેલન્સ ઈન સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ એવોર્ડ ૨૦૧૦ | નેશનલ | સર્ટિફિકેટ અને ટ્રોફી |
| ૯ | ૨૦૧૦ | સ્લમ અપગ્રેડેશન સેલ (ગંદા વિસ્તાર સુધારણા શાખા) | બેસ્ટ બીએસયુપી સીટી અમંગ્ લાર્જ સ્ટેટ ૨૦૦૯-૨૦૧૦ | નેશનલ | ટ્રોફિ, સર્ટિફિકેટ રૂા.૧૫ લાખ |

**શ્રી કિશોર વાંકાવાલા** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે જે.એન.એન.યુ.આર.એમ. યોજના હેઠળ ૩૧-૧૨-૧૦ સુધીમાં કેટલા એવોર્ડ યુઆઈજી અંતર્ગત કેટલા એવોર્ડ અને ભૂગર્ભ ગટર યોજના હેઠળ કેટલા એવોર્ડ મળ્યાં છે તેની માહિતી મારે જોઈએ છે?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કિશોરભાઈનો પ્રશ્ન આખા ગુજરાત માટે એક ગૌરવરૂપ પ્રશ્ન છે. તે આપણી ગુજરાત સરકારની સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની જે પ્રજાલક્ષી, વિકાસલક્ષી કામગીરી છે એને ગુજરાતના લોકો તો આવકારે છે, એને પ્રોત્સાહન આપે છે, એને વખાણે છે પણ દેશની વિવિધ સંસ્થાઓ ભારત સરકાર અને દુનિયાની ૨૫-૩૦ સંસ્થાઓ ગુજરાતની કામગીરીને અવારનવાર જુદી જુદી રીતે આવકારે છે અને એને એવોર્ડ પણ આપે છે. માનનીય અધ્યક્ષશ્રી, આપણું સુરત મહાનગર જે ગુજરાતનું અમદાવાદ પછીનું બીજા નંબરની વસ્તી ધરાવતું આર્થિક રીતે ધમધમતું, સતત વિકાસ પામી રહેલું શહેર છે. સુરતમાં જે પ્રજાલક્ષી કામો ગુજરાત સરકારની મદદથી અને માર્ગદર્શનથી થયાં એના કારણે જે આપણને એવોર્ડ મળ્યાં છે એમાં ૯ એવોર્ડ આ પ્રશ્નવાળા સમય દરમ્યાન મળ્યાં છે. માનનીય વડાપ્રધાનશ્રીના હસ્તે અને માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી ભારત સરકારના હસ્તે આ એવોર્ડો અપાયા છે. આમ તો એવોર્ડોની પણ કેટેગરી હોય પહેલો નંબર, બીજો નંબર, ત્રીજો નંબર પણ મને જણાવતા આનંદ થાય છે કે, સુરતને જે એવોર્ડો મળ્યા છે એ નવે નવ એવોર્ડ પ્રથમ નંબરનું ઇનામ પ્રાપ્ત કરનારા આ એવોર્ડ છે અને એમાં માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછયો એ પ્રમાણે આ એવોર્ડમાં જે કામગીરી થઈ છે એમાં ગરીબો માટેના આવાસ બનાવવાનું કામ આ સરકારે અને જે અમારી મહાનગરપાલિકાએ ઉપાડ્યું છે એના કારણે સુરત મહાનગરપાલિકાને બી.એસ.યુ.પી. આવાસ યોજના અન્વયે ૨૦૦૮ થી ૨૦૧૦ સુધીમાં, ૮-૯ અને ૧૦ સતત ત્રણ વર્ષ ભારતની અંદર સારામાં સારી કામગીરી કરનારી મહાનગરપાલિકા અને જે.એન.યુ.આર.એમ. યોજના હેઠળ આવતી મહાનગરપાલિકાઓને સતત ત્રણ વર્ષ પહેલા નંબરના ઇનામો મળ્યા છે. ત્રીજો પ્રશ્ન પૂછયો શહેરોને સ્વચ્છ રાખવા, નિમર્ળ રાખવા અને ગંદા પાણીનો નિકાલ કરવો એ માટે ભૂગર્ભ ગટરો બનાવવી એ પણ જરૂરી છે ત્યારે સુરત શહેરે જે ભૂગર્ભ ગટર યોજનાનું આયોજન કર્યુ છે એમાં પણ સુરત મહાનગરપાલિકાને ૨૦૦૯માં બે એવોર્ડ મળેલા છે.

**શ્રી કિરીટભાઈ ગં. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, ઘન કચરાના નિકાલ માટે સુરત મહાનગરપાલિકાને વર્ષ ૨૦૧૦-૧૧માં કેટલા એવોર્ડો મળ્યા છે ?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, શહેરની સ્વચ્છતા બે રીતે, બે કામગીરી કરીને કરવાની હોય છે. એક ગંદા પાણીનો નિકાલ એટલે મેં કહ્યું એ પ્રમાણે ભૂગર્ભ ગટરનું આયોજન. એવી જ રીતે જે ઘન કચરો છે સોલીડ વેસ્ટ છે, જો આપણે વિચારીએ કે આજથી ૧૦-૧૫ વર્ષ પહેલાં જે સુરત હતું એની સામે આજે સુરત એટલે ગુજરાતની બૉર્ડર અને સામે મહારાષ્ટ્રનું મોટામાં મોટું પાટનગર આપણું મુંબઇ એ બંનેની જો સરખામણી કરીએ અને મુંબઇ જનારા લોકો સુરત પણ આવે તો ચોક્કસ કહે કે, મુંબઈની સરખામણીમાં સુરત અનેકગણું વધારે સ્વચ્છ છે, નિમર્ળ અને પર્યાવરણીય ધરાવતું છે. ઘન કચરાના નિકાલ માટે પણ ડોર ટુ ડોર કલેકશન, રાત્રે સફાઈ કામગીરી, સતત એનું ફોલોઅપ આ બધું કરવાના કારણે ઘન કચરાના નિકાલમાં પણ સુરત મહાનગરપાલિકાને એક એવોર્ડ દેશમાં પ્રથમ નંબરની કામગીરી કરવા બદલનો પ્રથમ એવોર્ડ મળેલ છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, આ જે માનનીય મંત્રીશ્રીએ એવોર્ડની વાત કરી કે આપણા ગુજરાતને ઘણા એવોર્ડ મળે છે, સુરતને પણ એવોર્ડ મળ્યા છે. પણ આ જે નવ એવોર્ડોની વાત થઈ છે એ તમામ નવે નવ એવોર્ડ યુ.પી.એ. સરકારે જે જવાહરલાલ નહેરુ અર્બન મિશનનો જે કાર્યક્રમ આપ્યો અને એ મિશનની જે યોજના છે એમાં મળેલો છે (અંતરાય)

**અધ્યક્ષશ્રી** :ઑર્ડર..ઑર્ડર..

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** :અને મારા કોંગ્રેસના રાજયની વાત નથી થતી આપની એન.ડી.એ.ની સરકાર હતી ત્યારે એક રૂપિયો પણ નહતો મળતો (અંતરાય) અને આજે આટલા પૈસા મળે છે.

**અધ્યક્ષશ્રી** : અર્જુનભાઈ, પ્રશ્ન ઉપર આવી જાઓ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : એટલે સાહેબ એમણે જાતે વખાણ કર્યા છે હું પણ એ વખાણમાં સુર પુરાવું, મને વાંધો નથી પણ ઘણી વખત ક્યાંક પોપટ રામ નથી બોલતો ક્યાંક કેન્દ્ર સરકારની યોજના છે અને કેન્દ્ર સરકારે મદદ કરી છે એવો એક શબ્દ અમાપ અને આપના મુખ્ય મંત્રીશ્રી ક્યારેક બોલવા માગો છો કે કેમ, એ હું પૂછવા માગુ છું.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** :માનનીય અધ્યક્ષશ્રી, અર્જુનભાઈએ એ કહ્યું કે, કેન્દ્ર સરકાર પૈસા આપે છે. વારંવાર કહેવાયું છે કે, ભારતમાં જે યોજનાઓ ચાલે પ્રમાણે ગુજરાતને ગુજરાતના બંધારણીય અધિકાર અને ગુજરાતની પ્રજાના અધિકાર તરીકે આપણને આ રકમ મળે છે. બે દિવસથી શ્રી શકિતસિંહજીએ તો ટોન બદલ્યો છે, પૈસા એ પૈસા છે, કોના છે એ અગત્યનું નથી. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : જવાબ સાંભળો, માનનીય અર્જુનભાઈ.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : મારે અર્જુનભાઈની મુખ્ય વાતનો જવાબ આપવો છે. માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્ર સરકાર ગ્રાન્ટ આપે છે એમાં અમે સંમત છીએ, અમે એમનો આભાર માનીએ છીએ. વારંવાર અમે ત્યાં

આગળ જાહેર પ્રવચનોમાં મેં આભાર માન્યો છે. પણ મારે એ કહેવાનું છે કે, કેન્દ્ર સરકાર ફક્ત નાણા આપે છે એકલા નાણાથી કામ નથી થતું એના માટેની વ્યવસ્થા કરવી પડે, આયોજન કરવું પડે, ફોલોઅપ કરવું પડે અને સ્વચ્છતા માટે તમને પૈસા આપી દે એટલે કંઈ તમારું પોરબંદર ચોખ્ખું રહે એવું નહીં. સફાઈ કામદારો દિન-પ્રતિદિન કામ કરે, કર્મચારીઓ કામ કરે.પીવાનું પાણી આપનાર વ્યવસ્થાઓ કામ કરે ત્યારે ફાયદો થતો હોય છે અને એકલા પૈસાથી નથી થતું. ગુજરાતની સરકારનું મેનેજમેન્ટ, અમારા અધિકારીઓ, અમારા મેયરશ્રી, આજે અમારા કોર્પોરેટરોની પ્રજાલક્ષી કામગીરીનું પરિણામ છે. બાકી પૈસા તો મુંબઈ, નાગપુર જયાં તમારી યુ.પી.એ.ની ગવર્મેન્ટ છે. કોંગ્રેસનું શાસન છે એવા શહેરોમાં પણ મળ્યા છે પણ એકથી દસમાં પણ નંબર નથી આવતો.

**પાણી પુરવઠા બોર્ડમાં સંવર્ગવાર મંજૂર જગ્યાઓ**

*** ૨૦૭૭૨ શ્રી નટવરસિંહ ફુ. ઠાકોર(મહુધા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ પાણી પુરવઠા વિભાગ દ્વારા પાણી પુરવઠા બોર્ડમાં સંવર્ગવાર કેટલી જગ્યાઓને મંજૂરી આપેલ છે,

(૨) ખાલી પડેલ જગ્યાઓ માટેની મંજૂરી છેલ્લા બે વર્ષમાં કયારે માંગવામાં આવી, અને

(૩) કેટલી જગ્યાઓને મંજૂરી તે અન્વયે અપાઈ?

**પાણી પુરવઠા મંત્રીશ્રી :**

(૧) ૭૬ સંવર્ગોવાર કુલ-૪૩૭૩ જગ્યાઓને મંજૂરી આપવામાં આવેલ છે. (સામેલ પત્રક*-૧ મુજબ)

(૨) પત્રક*-૨ મુજબ મંજૂરી માંગવામાં આવી.

(૩) ૪૮૪ જગ્યાઓને મંજૂરી અપાઈ. (સામેલ પત્રક*-૨ મુજબ)

**( પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)**

**શ્રી નટવરસિંહ ફુ. ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, આપને વિનંતી કે મને લાંબુ પૂછવા દેજો કારણકે આ લોકોની જીવન જરૂરિયાતનો પ્રશ્ન છે. મારે એટલા માટે પ્રશ્ન પુછવો પડયો છે કે અમારે ખેડા જીલ્લાના ઠાસરા, મહુધા અને કઠલાલ એ ૪૨ ગામની જુથ યોજનાનું ત્રણ વખતથી હું લખી લખીને આપું છું પણ કંઈ થતું નથી એટલે મારે પ્રશ્ન પૂછવો પડયો છે. મને એમ કહે છે કે માણસો નથી, અધિકારીઓ નથી તો આટલા બધા અધિકારીઓ કેમ નથી? એમાં લખ્યું છે કે જગ્યાઓ મંજૂર કરવામાં આવેલ છે તો મંજૂર કરવામાં આવેલ છે કે મૂકી દીધા છે? બીજો મારો પ્રશ્ન છે એમાં જવાબ છે કે મંજૂરી માંગવામાં આવી છે એ ત્રીજા પ્રશ્નના જવાબમાં છે કે ૪૮૪ જગ્યાઓને મંજૂરી અપાઈ છે. તો ૪૦૭ જગ્યાઓ બધા વિભાગની બાકી છે.

**અધ્યક્ષશ્રી** : તમે પ્રશ્ન પૂછો છો કે જવાબ આપો છો?

**શ્રી નટવરસિંહ ફુ. ઠાકોર** : જગ્યાઓ ખાલી છે. સાત જગ્યાઓ કાર્યપાલક ઈજનેરની ખાલી છે. ૪૧ જગ્યા નાયબ કાર્યપાલક ઈજનેરની ખાલી છે તો આ કયારે પુરવામાં આવશે? અને નિતિનભાઈ લાંબુ લાંબુ ભાષણ કરે છે પણ આનો નિકાલ કરો. આ જેનું હોય એનું. મોટી મોટી વાતો કરવાની હોય આ સરકારમાં? ખાલી શો કરવાનો? આ તો લોકોનો પ્રશ્ન છે, લોકોની જીવનજરૂરિયાતનો પ્રશ્ન છે માટે જરા વિચાર કરો. મોટી મોટી વાહવાહ કરો છો એક જણની અને કંઈ કરતા નથી અને પછી કહે અમે આ બધું કરી દીધું માટે જરા વિચારો. આટલી બધી જગ્યાઓ ખાલી ન હોવી જોઈએ. જો સારો વહીવટ કરવો હોય તો જગ્યાઓ બરાબર પૂરવી જોઈએ.

**શ્રી પરબતભાઈ સ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે એમની લાગણી વ્યકત કરી છે અને જગ્યાઓ ખાલી છે એની વાત કરી છે. છેલ્લા ત્રણ વર્ષમાં જુદા જુદા ક્ષેત્રોમાં અમે ૪૭૬ જગ્યાઓ ભરી છે અને એમણે જે જગ્યાઓની વાત કરી અને કામો નથી થતા તો કયાંય પણ ટેકનીકલ, બીન ટેકનીકલ ૪૮૪ જગ્યાઓની સામે ૨૪ જગ્યાઓની ભરતી કરી છે અને બાકીની ૪૬૦ જગ્યાઓની ભરતીની કાર્યવાહી અત્યારે પ્રગતિમાં છે અને જે તમારી ચિંતા છે કે એક પણ કામ એવું સફર થતું નથી કે સ્ટાફના અભાવે કોઈપણ કામમાં વિલંબ થયો હોય અને જે તમે કીધું છે એ જગ્યાઓ ભરવા માટે સરકારની પ્રક્રિયા હાલમાં ચાલુ છે.

**શ્રી દેવુસિંહ જે. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે પાણી પુરવઠા બોર્ડનું કુલ મહેકમ કેટલું છે?, મંજૂર મહેકમ કેટલું છે? અને કેટલા ટકા ખાલી છે અને ખાલી મહેકમ ભરવા માટે સરકારનું શું આયોજન છે અને પાણી પુરવઠા બોર્ડના પાયાના કર્મચારીઓ નાયબ કાર્યપાલક ઈજનેર, મદદનીશ ઈજનેર આ જગ્યાઓ ભરવા માટે આપનું શું આયોજન છે?

**શ્રી પરબતભાઈ સ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, પાણી પુરવઠા બોર્ડમાં કુલ મંજૂર મહેકમ ૪૩૭૩ છે એમાંથી જે જગ્યાઓ ભરી છે ૩૬૬૩ જગ્યાઓ ભરેલી છે. ૭૧૦ જગ્યા ખાલી છે એટલે મોટાભાગે ૮૫ટકા જગ્યાઓ ભરેલી છે. સાથેસાથે જે પાયા કર્મચારીઓની વાત કરી કે નાયબ કાર્યપાલક ઈજનેર (સિવિલ)ની મંજૂર થયેલ ૨૪૦ જગ્યાઓની સામે ૧૮૯ જગ્યાઓ ભરાયેલી છે. ૫૧ જગ્યાઓ ખાલી છે, તે પૈકી ૪૭ જગ્યા સીધી ભરતીથી મંજૂર કરી છે અને એ ભરવાની કાર્યવાહી ચાલુ છે. નાયબ કાર્યપાલક ઈજનેર યાંત્રિકની ૫૬ જગ્યાઓમાંથી માત્ર ૧૩ જગ્યાઓ જે ખાલી હતી એમાંથી ૬ જગ્યા માર્ચ-૨૦૧૧ માં ભરી છે અને ૭ જગ્યાઓ બઢતીથી ભરવાની કાર્યવાહી ચાલુ છે. મદદનીશ ઈજનેર સિવિલની ૨૧૩ જગ્યા તેમજ મદદનીશ ઈજનરે યાંત્રિકની ૨૫ જગ્યાઓ સીધી ભરતીથી નિયમિત પગાર ધોરણથી ભરવાની કાર્યવાહી પ્રગતિ હેઠળ છે.

**શ્રી શંકરભાઈ દે. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્ન ૧ અને ૨ ના જવાબમાં જે જગ્યાઓ ખાલી હતી અધિકારી ગણ અથવા તો કાર્યપાલક એન્જિનિયર અથવા તો ડેપ્યુટી એન્જિનિયર એના કારણે ખેડા જિલ્લામાં બાલાસિનોર, ઠાસરા, વીરપુર, કઠલાલ એમાં જે કામ થવાં જોઈએ અને પાણી પુરવઠાના પાવર પ્રોજેકટ પૂરા કરવા જોઈએ એના કારણે સમય વધારે લે અને હજારોની સંખ્યામાં ટીમો ઓછી હોવાના કારણે હેન્ડપંપ બંધ છે, હેન્ડપંપ રિપેર થતા નથી જેના કારણે આજે વીરપુર અને બાલાસિનોરમાં પાણીનો મોટો કકળાટ છે, તો વહેલામાં વહેલી તકે પીવાનું પાણી મળે એના માટે સરકાર શું આયોજન કરવા માગે છે?

**શ્રી પરબતભાઈ સ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, જે હેન્ડપંપ રિપેરિંગની વાત છે એમાં સ્ટાફનો અભાવ કયાંય નડતો જ નથી, જે કામો કરવામાં આવે છે, એ ટેન્ડરની પ્રક્રિયા કરીને રિપેર કરવાની પ્રક્રિયા હોય છે. આમાં કયાંય ટીમ ઓછી પડતી નથી, જેથી કરીને છતા સભ્યશ્રીની આવી ફરિયાદ હોય કે સ્પેસિફિક કયા વિસ્તારમાં છે, કેમ કે આ સ્ટાફવાળો પ્રશ્ન નથી આ ટીમોની રિપેરિંગનો પ્રશ્ન છે, જેમાં કયાંય હોય તો ધ્યાન દોરજો તે પૂરું કરી નાખીશું.

## જૂનાગઢ જિલ્લામાં ઈ-મમતા કાર્યક્રમ અંગે

*** ૨૦૮૪૪ શ્રીમતી વંદનાબેન મ. મકવાણા(કેશોદ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :

(૧) સગર્ભા માતાઓની નોંધણી માટે રાજય સરકારે ઈ-મમતા કાર્યક્રમ શરૂ કરેલ છે, તે હકીકત સાચી છે અને

(૨) જો હા, તો જૂનાગઢ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી સગર્ભા માતાઓની નોંધણી કરવામાં આવી?

**આરોગ્ય મંત્રીશ્રી :**

(૧) હા, જી.

(૨) ઈ-મમતા કાર્યક્રમ એપ્રિલ-૨૦૧૦ થી શરૂ થયેલ હોય, તા. ૩૧-૧૨-૨૧૦ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં ૨૫,૮૬૩ સગર્ભા માતાઓની નોંધણી કરવામાં આવી છે.

**શ્રીમતી વંદનાબેન મ. મકવાણા** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે ઈ-મમતાના કાર્યક્રમના અમલીકરણ બાદ આ અંગેના શું શું મુખ્ય ફાયદાઓ ધ્યાનમાં આવેલ છે? મારો બીજો પ્રશ્ન ઈ-મમતા કાર્યક્રમ હેઠળ જૂનાગઢ જિલ્લામાં ૨૫૮૬૩ સગર્ભા માતાઓની નોંધણી કરવામાં આવેલ છે, જે અંગે તાલુકાવાર માહિતી શું છે?

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછયો કે એના શું ફાયદા છે? તો એપ્રિલ-૨૦૧૦ થી આ કાર્યક્રમ આપણે ચાલુ કર્યો છે અને આ કાર્યક્રમ અંગે માનનીય સન્માનનીય સભાગૃહને કહેવા માગું છું કે આ કાર્યક્રમ દેશમાં પહેલો કાર્યક્રમ આપણે ચાલુ કર્યો છે અને સમગ્ર દેશ આને અનુસરે છે. પહેલો ફાયદો આ કાર્યક્રમ હેઠળ મોનીટરિંગ થવાના કારણે ૧૬૪૭૨ પ્રસૂતિ થઈ એમાં માત્ર ૭ જ માતૃમરણ થયા, એટલે એક લાખે ૪૩ માતૃમરણ થયા. ૧૪૩ નો દેશનો આંકડો છે, એના બદલે માત્ર ૪૩ માતૃમરણ થયા ૧ લાખે. બીજો ફાયદો એ થયો કે ૧૬૪૭૨ પ્રસૂતિ સામે ૬૫૯ બાળમરણ થયા, એટલે દર હજારે જીવિત જન્મદીઠ ૪૦ બાળમરણ થયા. રાજયની સરેરાશ ૪૮ છે, એટલે બંને મુદ્દે બાળમરણ અને માતૃમરણ ઘણા મોટા પાયે નીચે લાવવામાં આ કાર્યક્રમ સફળ રહ્યો છે. એનાથી મોટો ફાયદો આપણને ગાંધીધામમાં ગમખ્વાર બનાવ બન્યો ત્યારે થયો કે આ રસીકરણની પ્રક્રિયા સમગ્ર રાજયમાં ચાલતી હતી. બુધવાર ઈ-મમતા દિવસ છે, ત્યારે એક સાથે માત્ર ૧૫ મિનિટમાં જ ૩૦,૩૬૭ એસ.એમ.એસ. મોકલી અને સમગ્ર રાજયમાં પ્રક્રિયા અટકાવી દેવાનું કામ આ માધ્યમ થકી થયું. એ બીજો મોટો ફાયદો થયો કે આવા પ્રકારની કેલામિટી હોય કે આ પ્રકારની કોઈ તકલીફ હોય ત્યારે તાત્કાલિક અસરથી આ કામગીરી થઈ શકે છે. ત્રીજો પ્રશ્ન માનનીય સભ્યશ્રીએ પૂછયો કે તાલુકાદીઠ કેટલી પ્રસૂતિ સગર્ભા માતાની નોંધણી થઈ છે? ઉના ૬૭૨૧, કેશોદ ૧૨૧૩, કોડીનાર ૧૨૬૨, જૂનાગઢ ૧૮૦૧, તલાલા ૧૮૭૭, વેરાવળ ૧૩૦૭, ભેસાણ ૬૨૮, મેંદરડા ૯૯૫, માંગરોળ, ૨૧૨૧, માણાવદર,૧૪૧૮,માળીયા ૨૪૩૨, વંથલી ૧૨૬૭, વિસાવદર ૧૫૬૯ અને સૂત્રાપાડા ૧૨૫૨ એમ મળી કુલ ૨૫૮૬૩.

**શ્રી રાજસી ભાઈ વી. જોટવા** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગુ છું કે, મંત્રીશ્રીએ જવાબમાં જુનાગઢ જિલ્લામાં ૨૫૮૬૩ કેસની નોંધણી થઈ છે તેમ જણાવેલ છે. તેમાંથી તાલુકાવાર કેટલી પ્રસૂતિ નોંધાઈ છે અને બીજો પ્રશ્ન કે સગર્ભા માતાઓને રસીકરણ દ્વારા કેટલા ડોઝ આપવામાં આવે છે?

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, ૨૫૮૬૩ કેસની નોંધણી કરી છે તેમાં તાલુકાવાર પ્રસૂતિ નીચે પ્રમાણે થઈ છે. ઉના ૨૪૨૨, કેશોદ ૯૨૦, કોડીનાર ૫૫૪, જુનાગઢ ૧૫૩૫, તલાલા ૫૫૯, વેરાવળ ૮૬૫, ભેંસાણ ૮૪૧, મેંદરડા ૯૬૧, માંગરોળ ૧૫૩૪, માણાવદર ૧૦૯૩, માળીયા ૧૦૮૫, વંથલી ૯૯૬, વિસાવદર ૧૩૬૪, સુત્રાપાડા ૧૦૪૩ એમ કુલ મળીને ૧૬૪૭૨ થયેલ છે. રસીકરણ અંગેની વાત કરી તો તેના જવાબમાં જણાવવાનું કે, જુનાગઢ જિલ્લામાં સગર્ભા માતાઓને ટીટી-૧ એટલે કે ધનુરનું ઈંજેકશન હોય છે ૨૫૮૬૩ આપવામાં આવ્યા. ટીટી.ર ૨૧૩૭૩ અને ટીટી-બુસ્ટર ૨૦૯૪ રસીકરણથી આવરી લેવામાં આવેલ છે.

**નર્મદાનું પાણી સીપુ ડેમમાં નાખવા બાબત**

*** ૧૮૭૩૭ શ્રી મફતલાલ મો. પુરોહિત(ધાનેરા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,

(૧) બનાસકાંઠા જિલ્લાના દાંતીવાડા અને સીપુ ડૅમમાં નર્મદાનું પાણી નાખવા માટેની કામગીરી હાલમાં કયા તબક્કે છે, અને

(૨) આ કામગીરી સાથે ધાનેરા તાલુકા બાપલા પાસે રેલ નદીમાં પાણી નાખવા માટેનું શું આયોજન થયેલ છે અને તેના પાછળ કેટલા રૂપિયાનો ખર્ચ થયેલ છે?

**જળસંપત્તિ મંત્રીશ્રી :**

(૧) દાંતીવાડા અને સીપુ બંધના કમાન્ડ વિસ્તારમાં નર્મદા મુખ્ય નહેરની સાંકળ ૩૭૫.૧૦ કિ.મી. પરથી પાણી નાખવા માટેની ૭૯.૦૦ કિ.મી. લંબાઈની ઉદવહન એમ.એસ.પાઈપ લાઈનના ત્રણ સેકશનની ત્રણ પમ્પીંગ સ્ટેશન સાથેની કામગીરી માટે રૂા.૩૬૬.૪૩ કરોડના ટેન્ડરો મંજૂર કરીને વર્કઓર્ડર આપેલ છે. આ કામગીરીના ભાગરૂપે એમ.એસ. પાઈપો બનાવવાની કામગીરી પ્રગતિ હેઠળ છે.

(૨) સીપુ જળાશય સુધીની અન્ય એક પાઈપ લાઈનમાંથી રેલ નદીમાં પાણી નાખવા માટેના તાંત્રિક અને આર્થિક પરિબળો ધ્યાને રાખીને શક્યતા ચકાસવામાં આવશે.

**શ્રી મફત લાલ મો. પુરોહિત** : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નના જવાબમાં માનનીય મંત્રીશ્રીએ સીપુ જળાશય સુધીની એક અન્ય પાઈપ લાઈનથી રેલ નદીમાં પાણી નાખવા માટેની વાત કરી છે. સીપુ અને દાંતીવાડા તેમજ રેલ નદીની અંદર જે પાણી નાખવાની યોજના છે તે ખૂબ જ તે વિસ્તાર માટે જરૂરી છે. જિલ્લાના તમામ ધારાસભ્યશ્રીઓ અને મંત્રીશ્રીઓને જયારે સી.એમ. સાહેબે બોલાવેલા ત્યારે પણ અમે આ કામ માટેની રજૂઆત કરેલી છે. આ ચાર તાલુકાને ઉપયોગી થાય તેવી યોજના છે. દાંતીવાડા, ધાનેરા, ડીસા અને થરાદ એમ ચાર તાલુકાની ખેતીને જીવંત કરવા માટે આ યોજના બનાવવી ખૂબ જરૂરી છે. તો માનનીય મંત્રીશ્રી આ બાબતે અમને ખાતરી આપે તો ખૂબ આભારી થઈશું. કારણકે અમે

**અધ્યક્ષશ્રી** : સમય નથી આપ પ્રશ્ન ઉપર આવો નહીંતર જવાબ રહી જશે.

**શ્રી નીતિનભાઈ ૨. પટેલ** : માનનીય મફતભાઈ હું કહી દઉં છું. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી મફતભાઈ અને બનાસકાંઠા જિલ્લાના ધારાસભ્યોની પ્રજા માટે જે વારંવારની રજૂઆત હતી, મુખ્યમંત્રીશ્રી સમક્ષ પણ માગણી કરી હતી અને આજે એટલા બધા ભાવુક થઈ ગયા છે કે પ્રશ્ન પૂછવાનું ભૂલી ગયા છે. મેં એમને યોજના આપી દીધી છે. આ યોજનાના ૩૬૬ કરોડ રૂપિયાના કામોના ટેન્ડર મંજૂર થઈ ચૂકયા છે. કોન્ટ્રાકટરે સાઈટ ઉપર કામ ચાલુ કરી દીધું છે. આ વિધાનસભા સત્ર પતે પછી આપણા સૌની ઉપસ્થિતિમાં અને આખા ગૃહને મારું આમંત્રણ છે, કારણકે બનાસકાંઠાના દાંતીવાડા અને સીપુ બંને ડૅમ એવા છે કે વરસાદથી ભાગ્યે જ આ ડૅમો ભરાય છે. ત્યારે આના નીચેના ખેડૂતોને કમાન્ડ વિસ્તારમાં સિંચાઈના પાણીનો લાભ અને આ ગામડાંઓની જનતાને નર્મદા આધારિત પીવાના પાણીની જૂથ યોજનાનો લાભ મળે તે માટે કામ આપણે મંજૂર કર્યુ છે. સાઈટ ઉપર કોન્ટ્રાકટરે પાઈપો બનાવવાનું કામ ચાલુ કરી દીધું છે. દાંતીવાડામાં અને સીપુમાં પાણી નાંખવાની ૩૬૬ કરોડ રૂપિયાની સુજલામ સુફલામ યોજના નીચેની આ કામગીરી મંજૂર કરી ઓલરેડી અમલવારી ચાલુ કરી દીધી છે. તેનો લાભ તે વિસ્તારની પ્રજાને આપે કહ્યું તેમ ચાર ચાલુકાના લોકોને મળશે. રેલ નદીની જે આપ વાત કરો છો તે સર્વેના તબક્કે છે. આ પાણી કેવી રીતે રેલ નદીમાં આપી શકાય અને તે વિસ્તારના ખેડૂતો અને ગામડાઓને પણ લાભ આપી શકાય તેની ચકાસણી કરીશું. તાંત્રિક રીતે અને વહીવટી રીતે અને નાણાકીય રીતે ફીઝીબલ હશે તો કરીશું.

**અધ્યક્ષશ્રી** : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે. હું પહેલી, બીજી અને ત્રીજી અતારાંકિત યાદી સભાગૃહના મેજ ઉપર મૂકું છું.

# અતારાંકિત પ્રશ્નો
# (તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

**શાળા આરોગ્ય કાર્યક્રમ અંતર્ગત જૂનાગઢ જિલ્લામાં બાળકોની સારવાર**

૨૦૮૪૬ **: શ્રી મહેન્દ્ર મશરુ (જુનાગઢ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) શાળા આરોગ્ય કાર્યક્રમ હેઠળ જૂનાગઢ જિલ્લામાં તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા બાળકોને, ક્યા ક્યા રોગો માટે સારવાર આપવામાં આવી છે, અને | (૧) શાળા આરોગ્ય કાર્યક્રમ હેઠળ જૂનાગઢ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સામેલ **પત્રક-અ** માં દર્શાવ્યા મુજબના રોગો માટે બાળકોને સારવાર આપવામાં આવી છે. |

બાળકોને સારવાર આપવામાં આવી છે.

(૨) તે પેકી કેટલા બાળકોને રેફરલ સારવાર અને તજજ્ઞ સારવાર આપવામાં આવી ?

(૨) તે પૈકી **પત્રક-બ** માં દર્શાવ્યા મુજબ સંદર્ભ સેવાપાત્ર મળી આવેલ બાળકોને તજજ્ઞ દ્વારા સારવાર આપવામાં આવેલ છે.

**પત્રક - અ**

| ક્રમ | રોગનું નામ | વર્ષ ૨૦૦૮-૦૯ | વર્ષ ૨૦૦૯-૧૦ | એપ્રિલ-૨૦૧૦ થી ડિસેમ્બર-૨૦૧૦ |
|---|---|---|---|---|
| ૧ | પાંડુરોગ | ૧૮૭૪૭ | ૧૯૪૩૪ | ૩૩૮૮ |
| ૨ | આંત્રકૃમિ | ૨૯૦૦૦ | ૩૧૫૮૨ | ૧૬૦૨૬ |
| ૩ | દાંતની તકલીફ | ૪૫૮૯ | ૪૬૨૦ | ૧૨૯૯ |
| ૪ | આંખની ખામી | ૮૫૦૨ | ૮૭૫૦ | ૨૭૪૭ |
| ૫ | કાન, નાક, ગળાની તકલીફ | ૩૧૭૪ | ૩૦૭૪ | ૧૫૬૧ |
| ૬ | પેટની તકલીફ | ૩૧૬૯ | ૩૦૫૭ | ૯૯૩ |
| ૭ | ચામડીના રોગ | ૩૨૨૪ | ૩૨૮૪ | ૮૯૩ |
| ૮ | શરીરની સ્થૂળતા | ૦ | ૦ | ૯ |
| ૯ | તમાકુનું સેવન | ૦ | ૦ | ૩ |
| ૧૦ | માનસીક તણાવ | ૦ | ૦ | ૭ |
| ૧૧ | જાતીય રોગો | ૦ | ૦ | ૨ |
| ૧૨ | શ્વસનતંત્રના રોગો | ૧૬૫૮ | ૧૧૦૬ | ૪૩૭ |
| ૧૩ | ચેતાતંત્રના રોગો | ૪૦ | ૧૦૯ | ૧૦૧ |
| ૧૪ | અસ્થિતંત્રના રોગો | ૫૮ | ૨૮ | ૪૮ |
| ૧૫ | વિકલાંગતા | ૨૩૫ | ૩૫૪ | ૧૫૯ |
| ૧૬ | અન્ય રોગ | ૯૩૪૫ | ૧૪૦૬૪ | ૩૯૨૬ |
| ૧૭ | હૃદય | ૧૩૯ | ૨૯૧ | ૧૫૬ |
| ૧૮ | કીડની | ૩૮ | ૫૮ | ૬૮ |
| ૧૯ | કેન્સર | ૩૬ | ૬ | ૪૯ |
| | **કુલ :** | **૮૧૯૫૪** | **૮૯૮૧૭** | **૩૧૮૭૨** |

**પત્રક - બ**

| વર્ષ | બાળરોગ નિષ્ણાત | આંખરોગ નિષ્ણાત | દાંત રોગ નિષ્ણાત | ચામડીના નિષ્ણાત | કાન, નાક, ગળાના નિષ્ણાત | અન્ય રોગ | સંદર્ભ સેવા આપેલ બાળકોની સંખ્યા |
|---|---|---|---|---|---|---|---|
| ૨૦૦૮-૨૦૦૯ | ૮૧૨ | ૧૭૫૦ | ૧૧૯ | ૨૨૮ | ૨૦૫ | ૮૯ | ૩૨૦૩ |
| ૨૦૦૯-૨૦૧૦ | ૮૮૩ | ૨૪૭૭ | ૬૩ | ૧૧૯ | ૧૭૩ | ૯૮ | ૩૮૧૩ |
| એપ્રિલ-૨૦૧૦ થી ડિસેમ્બર-૨૦૧૦ | ૨૫૩ | ૭૩૯ | ૬૨ | ૫૦ | ૫૮ | ૭ | ૧૧૬૯ |
| **કુલ :** | **૧૯૪૮** | **૪૯૬૬** | **૨૪૪** | **૩૯૭** | **૪૩૬** | **૧૯૪** | **૮૧૮૫** |

-------

## રાજકોટ જિલ્લાની નગરપાલિકાઓમાં તળાવ બ્યુટીફિકેશન

૨૦૮૩૫ **: શ્રી કાંતિભાઈ અમૃતિયા (મોરબી) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૧૦-૧૧ માં તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ રાજકોટ જિલ્લાની કેટલી નગરપાલિકાનો તળાવ બ્યુટીફિકેશન માટે સમાવેશ કરવામાં આવ્યો,

(૨) તે પેકી મોરબી અને ધોરાજી નગરપાલિકાને તે હેતુ માટે કેટલી ગ્રાન્ટ આપવામાં આવી, અને

(૩) તે પાછળ કેટલો ખર્ચ થયેલ છે?

**જવાબ**

(૧) વર્ષ ૨૦૧૦-૧૧માં તા.૩૧-૧૨-૧૦ ની સ્થિતિએ રાજકોટ જિલ્લાની કોઇ પણ નગરપાલિકાનો તળાવ બ્યુટીફિકેશનમાં સમાવેશ કરવામાં આવેલ નથી. પરંતુ વર્ષ : ૨૦૦૭-૦૮ માં ગોંડલ અને વર્ષ : ૨૦૦૮-૦૯ માં મોરબી નગરપાલિકાનો તળાવ બ્યુટીફિકેશનમાં સમાવેશ કરવામાં આવેલ હતો.

(૨) વર્ષ : ૨૦૦૮-૦૯માં મોરબી નગરપાલિકાને પાનેલી તળાવને ઊંડુ ઉતારી બ્યુટીફિકેશન માટે ₹ ૨૫ લાખની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે. જ્યારે ધોરાજી નગરપાલિકાનો તળાવ બ્યુટીફિકેશનમાં સમાવેશ થયેલ ન હોઇ, તે નગરપાલિકાને કોઇ ગ્રાન્ટ આપવામાં આવેલ નથી.

(૩) આ કામની તાંત્રિક મંજૂરી બાકી હોઇ તે પાછળ કોઇ ખર્ચ થયેલ નથી.

--------

### રાજ્યમાં ડેન્ટલ કોલેજોમાં પ્રવેશ માટે બેઠકો

૨૧૪૬૬ : **શ્રી નાનુભાઈ ભ.વાનાણી (સુરત શહેર (ઉત્તર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) રાજ્યની સરકારી, અર્ધસરકારી અને સ્વનિર્ભર કોલેજોમાં તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ ડેન્ટલ અનુસ્નાતક ડિગ્રીમાં પ્રવેશ માટેની બેઠકો કેટલી છે, અને | (૧) રાજ્યની સરકારી, અર્ધસરકારી અને સ્વનિર્ભર ડેન્ટલ કોલેજોમાં તા.૩૧-૧૨-૧૦ ની સ્થિતિએ ડેન્ટલ અનુસ્નાતક ડીગ્રીમાં પ્રવેશ માટે કુલ-૮૧ બેઠકો છે. |
| (૨) ડેન્ટલ અનુસ્નાતક ડિગ્રી કોર્ષમાં પ્રવેશ માટે ક્યા સંવર્ગની કેટલી બેઠકો અનામત રાખવામાં આવે છે? | (૨) ડેન્ટલ અનુસ્નાતક ડીગ્રી કોર્ષમાં પ્રવેશની સમગ્ર કાર્યવાહી જે તે સંલગ્ન યુનિવર્સિટી દ્વારા હાથ ધરવામાં આવે છે અને યુનિવર્સિટીના ડેન્ટલ (તબીબી) અનુસ્નાતક પ્રવેશ નિયમોનુસાર સામાન્ય રીતે ૭ ટકા અનુસુચિત જાતિ, ૧૫ ટકા અનુસુચિત જનજાતિ અને ૨૭ ટકા સામાજિક અને આર્થિક રીતે પછાત વર્ગના સંવર્ગની બેઠકો અનામત રાખવામાં આવે છે. |

--------

### વડોદરા જિલ્લામાં ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાના લાભાર્થી

૨૦૮૫૮ : **શ્રી મધુભાઈ બા. શ્રીવાસ્તવ (વાઘોડિયા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| વડોદરા જિલ્લામાં તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ૧૦૮ એમ્બ્યુલન્સ સેવા મારફતે માર્ગ અકસ્માત, પ્રસુતિ અને અન્ય આકસ્મિક આરોગ્ય સેવાઓ માટે કેટલા લોકોએ લાભ લીધો ? | વડોદરા જિલ્લામાં તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કુલ ૬૪૩૨૬ લાભાર્થીઓએ ૧૦૮ એમ્બ્યુલન્સનો લાભ લીધો જેમાં ૨૪૦૩૧ પ્રસુતિ સંબંધિત, ૮૨૮૩ રોડ અકસ્માત સંબંધિત અને ૩૨૦૧૨ અન્ય ઇમર્જન્સી સેવાઓ માટે લાભાર્થીઓએ લાભ લીધેલ છે. |

--------

### પોરબંદર જિલ્લાની નગરપાલિકાઓમાં તળાવ બ્યુટીફિકેશન

૨૦૮૩૪ : **શ્રી કરશનભાઈ ઓડેદરા (કુતિયાણા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) વર્ષ ૨૦૧૦-૧૧માં તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ પોરબંદર જિલ્લાની કુલ કેટલી નગરપાલિકાનો તળાવ બ્યુટીફિકેશન માટે સમાવેશ કરવામાં આવ્યો, | (૧) વર્ષ ૨૦૧૦-૧૧ માં તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ પોરબંદર જિલ્લાની નગરપાલિકાઓનો તળાવ બ્યુટીફિકેશનમાં સમાવેશ કરવામાં આવેલ નથી. |
| (૨) તે પૈકી કુતિયાણા અને પોરબંદર નગરપાલિકાને તે હેતુ માટે કેટલી ગ્રાન્ટ આપવામાં આવી, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) તે પાછળ કેટલો ખર્ચ થયેલ છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

--------

### ભાવનગર જિલ્લાની નગરપાલિકાઓમાં તળાવ બ્યુટીફિકેશન

૨૦૮૩૩ : **શ્રી આત્મારામભાઈ પરમાર (ગઢડા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) વર્ષ ૨૦૧૦-૧૧માં તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ ભાવનગર જિલ્લાની કુલ કેટલી નગરપાલિકાઓનો તળાવ બ્યુટીફિકેશન માટે સમાવેશ કરવામાં આવ્યો, | (૧) વર્ષ ૨૦૧૦-૧૧ માં તા.૩૧-૧૨-૧૦ ની સ્થિતિએ ભાવનગર જિલ્લાની કોઇ પણ નગરપાલિકાઓના તળાવ બ્યુટીફિકેશન માટે સમાવેશ કરવામાં આવેલ નથી. પરંતુ વર્ષ : ૨૦૦૮-૦૯ માં ગઢડા નગરપાલિકાના અક્ષરઘાટ તળાવનો ઊંડુ ઉતારી બ્યુટીફિકેશન માટે અને વર્ષ : ૨૦૦૭-૦૮ માં બોટાદ નગરપાલકિના રે.સ.નં. ૧૦૮૭ના તળાવનો ઊંડુ ઉતારી |

બ્યુટીફિકેશન માટે સમાવેશ કરવામાં આવેલ છે.

(૨) તે પૈકી ગઢડા અને બોટાદ નગરપાલિકા ને તે હેતુ માટે દરેકને કેટલી ગ્રાન્ટ આપવામાં આવી, અને

(૨) ગઢડા નગરપાલિકાને અક્ષરઘાટ તળાવ માટે વર્ષ : ૨૦૦૮-૦૯ માં ₹ ૨૫ લાખની ગ્રાન્ટ તથા બોટાદ નગરપાલિકાને રે.સ.નં. ૧૦૮૭ ના તળાવ માટે વર્ષ : ૨૦૦૭-૦૮ માં ₹ ૨૫ લાખની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે.

(૩) તે પાછળ કેટલો ખર્ચ થયેલ છે ?

(૩) ૧. ગઢડા નગરપાલિકાને ફાળવેલ ગ્રાન્ટમાંથી કોઇ ખર્ચ થયેલ નથી, વર્ક ઓર્ડર આપેલ છે.
૨. બોટાદ નગરપાલિકાને ફાળવેલ ગ્રાન્ટમાંથી અત્યાર સુધીમાં કોઇ ખર્ચ થયેલ નથી. હાલમાં આ બાબત ટેન્ડરીંગ પ્રક્રિયા હેઠળ છે.

--------

## જામનગર જિલ્લામાં ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાના લાભાર્થી

૨૦૮૬૨ **: શ્રી લાલજીભાઈ પ્રે.સોલંકી (જામનગર (રુરલ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જામનગર જિલ્લામાં ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાનો કેટલા લાભાર્થીઓએ લાભ લીધો, અને

(૧) ૪૬,૧૮૦.

(૨) આ પૈકી કેટલાની જિંદગી બચાવવામાં આવી?

(૨) આ પૈકી હૃદય રોગ, રોડ અક્સ્માત, સર્પદંશ, આત્મહત્યા, જટિલ પ્રસૂતિ વગેરે કેસોમાં તાત્કાલિક સારવાર મળવાથી કુલ-૨,૦૨૮ જિંદગી બચાવવામાં આવી.

--------

## વાંસદા તાલુકામાં સિંચાઇનું પાણી આપવા કામગીરી

૨૦૨૩૭ **: શ્રી છનાભાઈ ચૌધરી (ધરમપુર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નવસારી જિલ્લાના વાંસદા તાલુકામાં ઝુજ તથા કેલીયા સિંચાઇ યોજનાના કમાન્ડ વિસ્તારના ગામો સિવાય બાકી રહેલા ગામોમાં સિંચાઇ આપવા સરકારે ક્યા પ્રકારની કામગીરી હાથ ધરી, અને

(૨) આ કામગીરી ઉક્ત સ્થિતિએ ક્યા તબક્કે છે?

(૧) અને (૨) નવસારી જિલ્લાના વાંસદા તાલુકામાં કુલ ૯૫ ગામો આવેલ છે. તેમાંથી ૩૫ ગામોનો જુઝ અને કેલીયા સિંચાઇ યોજનામાં સમાવેશ થાય છે બાકીના ૪૮ ગામોને ઉકાઇ ડાબાકાંઠા નહેર, ચેકડેમ, ઉદવહન સિંચાઇ યોજના થકી સિંચાઇનો લાભ મળે છે. બાકી રહેતા ૧૨ ગામો પૈકી ૭ ગામોને ચેકડેમની સુવિધા આપવાનું આયોજન કરેલ છે. અને ૫ ગામમાં સ્થળની તાંત્રિક ઉપલબ્ધી મુજબ ચેકડેમની સુવિધા આપવાનું આયોજન છે.

## ભરૂચ જિલ્લાની નગરપાલિકાઓમાં તળાવ બ્યુટીફિકેશન

૨૦૮૩૭ **: શ્રી દુષ્યંતભાઈ ર.પટેલ (ભરૂચ)** : **માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) વર્ષ ૨૦૧૦-૧૧માં તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ ભરૂચ જિલ્લાની કુલ કેટલી નગરપાલિકાઓનો તળાવ બ્યુટિફિકેશનમાં સમાવેશ કરવામાં આવ્યો,

(૧) વર્ષ ૨૦૧૦-૧૧માં તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ ભરૂચ જિલ્લાની નગરપાલિકાઓનો તળાવ બ્યુટિફિકેશનમાં સમાવેશ કરવામાં આવેલ નથી. પરંતુ વર્ષ : ૨૦૦૮-૦૯માં ભરૂચ અને અંક્લેશ્વર નગરપાલિકાઓનો તળાવ બ્યુટિફિકેશનમાં સમાવેશ કરવામાં આવેલ હતો.

(૨) ભરૂચ અને અંક્લેશ્વર નગરપાલિકાઓમાં કુલ કેટલા તળાવો છે, અને

(૨) ભરૂચ નગરપાલિકા વિસ્તારમાં ૪ (ચાર) તળાવો અને અંક્લેશ્વર નગરપાલિકા વિસ્તારમાં ૩

(૩) તે પેકી તે બંને નગરપાલિકાના કેટલા તળાવોનો બ્યુટિફિકેશનમાં સમાવેશ કરવામાં આવ્યો ?

(ત્રણ) તળાવો આવેલ છે.

(૩) તે પેકી સને ૨૦૦૮-૦૯ના વર્ષમાં ભરૂચ નગરપાલિકાના પ્રાતરીયા તળાવનો અને અંકલેશ્વર નગરપાલિકાના ગામ તળાવ જવાહર બાગ તથા ખાડો તળાવનો તળાવ બ્યુટિફિકેશનમાં સમાવેશ કરવામાં આવેલ. આમ કુલ ૩ તળાવનો સને ૨૦૦૮-૦૯ના વર્ષમાં બ્યુટિફિકેશનમાં સમાવેશ કરવામાં આવ્યો હતો.

--------

**જૂનાગઢ જિલ્લામાં આવેલ પી.એચ.સી. અને સી.એચ.સી.માં ખાલી જગ્યાઓ**

૨૦૦૧૭ **: શ્રી ધીરસિંહ બારડ (કોડીનાર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ જિલ્લામાં આવેલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને સામુહિક આરોગ્ય કેન્દ્રમાં તાલુકાવાર તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ કેટલી જગ્યાઓ સંવર્ગવાર ખાલી છે,

(૨) આ જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે,

(૩) આ જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવાનું આયોજન છે, અને

(૪) તેની વિગતો શી છે?

**જવાબ**

(૧) અને (૨) તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં સંવર્ગવાર મંજુર, ભરેલી અને ખાલી જગ્યાઓની વિગત દર્શાવતું ***પત્રક-અ** તથા સામુહિક આરોગ્ય કેન્દ્રની વિગત દર્શાવતું ***પત્રક-બ** સામેલ છે.

(૩) અને (૪) પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની જુનીયર ફાર્માસીસ્ટ તથા લેબોરેટરી ટેક્નીશીયનની જગ્યાઓ ભરવા સક્ષમ કક્ષાએથી મંજુરી મેળવવાની કાર્યવાહી પ્રક્રિયામાં છે. ડ્રાઇવર તથા વર્ગ-૪ની ખાલી જગ્યાઓની કામગીરી આઉટ સોર્સથી લેવામાં આવે છે.

સામુહિક આરોગ્ય કેન્દ્રોની વર્ગ-૧ અને વર્ગ-૨ની જગ્યાઓ ભરવા દર મંગળવારે વોક ઇન ઇન્ટરવ્યુનું આયોજન કરવામાં આવે છે જેમાં ઉમેદવારો ઉપલબ્ધ થાય તેમ ખાલી જગ્યાઓ ઉપર નિમણૂંક આપવામાં આવે છે. પેરા મેડીકલ સંવર્ગની જગ્યાઓ ભરવા ગોણ સેવા પસંદગી મંડળને માંગણાપત્રકો મોકલી આપેલ છે. જે પેકી જુનીયર ફાર્માસીસ્ટ સંવર્ગના ૯૦ ઉમેદવારોની યાદી મળેલ છે. જેને નિમણૂંક આપવાની કાર્યવાહી ચાલુમાં છે. આ ઉપરાંત વર્ગ-૩ની અન્ય અને વર્ગ-૪ની ખાલી જગ્યાઓ સામે જરૂરી જણાય ત્યાં આઉટ સોર્સથી કામગીરી લેવામાં આવે છે.

**(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)**

--------

**રાજ્યમાં કોંગો વાઇરસથી થયેલ મૃત્યુ**

૨૦૦૩૨ **: શ્રી રામસિંહ પરમાર (ઠાસરા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ છેલ્લા ચાર માસમાં રાજ્યમાં કોંગો વાઇરસના થયેલ તાવ અન્વયે કેટલા ઇસમોના મૃત્યુ થયા, અને

(૨) આવા વાઇરસના ફેલાવાને અટકાવવા રાજ્ય સરકારે ક્યા ક્યા પગલાંઓ લીધા ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ ક્રિમીયન કોન્ગો વાયરસના કારણે ચાર વ્યક્તિઓનાં મૃત્યુ થયેલ છે. તે પેકીના ૨ મૃત્યુ ક્રિમીયન કોન્ગો હેમરેજીક ફીવરથી પોઝીટીવ અને ૨ વ્યક્તિ સંભવિત કેસ તરીકે ગણેલ છે.

(૨) મંત્રીશ્રી(આરોગ્ય)એ રોગની ગંભીરતાને ધ્યાને લઇ તેમના અધ્યક્ષ સ્થાને તા. ૧૮-૧-૧૧નાં રોજ આરોગ્ય વિભાગ, પશુપાલન વિભાગ, ખાનગી તબીબો અને નેશનલ ઇન્સ્ટીટ્યુટ ઓફ વાયરોલોજી, પુનાનાં ઉચ્ચ અધિકારીઓ સાથે એક તાકીદની બેઠક બોલાવી

રોગની સારવાર અને અટકાયત માટેની કામગીરીના આયોજન માટે વિગતે ચર્ચા કરેલ.

- આ રોગથી અસરગ્રસ્ત થયેલ કોલટ(અમદાવાદ), અમદાવાદ શહેર, કેસીંપા(મહેસાણા) અને અડાસર (ખેડા) ગામો તથા આ ગામોની ૫ કિલોમીટરની ત્રિજ્યામાં આવેલ ગામોમાં આ રોગના શંકાસ્પદ દર્દીઓની શોધ માટે ૩૩ ટીમો દ્વારા સર્વેલન્સની કામગીરી હાથ ધરવામાં આવેલ, કુલ-૩૭૫૮૯ વ્યક્તિઓનો સર્વે હાથ ધરવામાં આવેલ, ૩૦૦ લોહીના નમૂના પરીક્ષણ અર્થે લેવામાં આવેલ.

- સર્વેલન્સ દરમ્યાન મળેલ શંકાસ્પદ દર્દીઓના લોહીના નમૂના તપાસ અર્થે લઇ નેશનલ ઇન્સ્ટીટયુટ ઓફ વાયરોલોજી, પુના ખાતે મોકલવામાં આવતા અને આવા દર્દીઓને સીવીલ હોસ્પિટલમાં ઊભા કરવામાં આવેલ અલાયદા આઇસોલેશન વોર્ડમાં રાખી સારવાર આપવામાં આવેલ.

- શંકાસ્પદ દર્દીઓના સંપર્કમાં આવેલ નજીકના સંબંધિઓ તથા સારવાર કરનાર હોસ્પિટલ સ્ટાફની દિવસમાં બે વાર શારિરીક તપાસ કરવામાં આવતી જેથી કરીને આ રોગના ચિહ્નો માલુમ તો પડે તાત્કાલિક સારવાર ચાલુ કરી શકાય. અત્યાર સુધીમાં ૨૮૭ વ્યક્તિઓની આવી તપાસ કરવામાં આવેલ છે તથા જનસમુદાયમાં આ રોગ બાબતે ભય ન ફેલાય અને સાચી માહિતી મળે તે અંગે પ્રચાર પ્રસાર કરવામાં આવેલ છે.

- આ રોગના ફેલાવા માટે ઇતરડી જવાબદાર હોઇ તેના નિયંત્રણ માટે અસરગ્રસ્ત વિસ્તારમાં પશુપાલન વિભાગના સંકલનમાં રહી ૧૩૫૫૭ પ્રાણીઓ ઉપર જંતુનાશક દવાનો, છંટકાવ કરવામાં આવેલ છે.

- નેશનલ ઇન્સ્ટીટ્યુટ ઓફ વાયરોલોજી, પુના અને નેશનલ ઇન્સ્ટીટ્યુટ ઓફ કોમ્યુનીકેબલ ડીસીઝ સેન્ટર, દિલ્હીના તજજ્ઞોને અસરગ્રસત વિસ્તારની મુલાકાત કરાવીને જરૂરી માર્ગદર્શન મેળવવામાં આવેલ છે.

## રાજકોટ જિલ્લામાં ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાના લાભાર્થી

૨૦૮૫૭ : **શ્રીમતી ભાનુબેન મ.બાબરીયા (રાજકોટ ગ્રામ્ય) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

રાજકોટ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ૧૦૮ એમ્બ્યુલન્સ સેવા મારફતે માર્ગ અક્સ્માત, પ્રસુતિ અને અન્ય આકસ્મિક આરોગ્ય સેવાઓ માટે કેટલા લોકોએ લાભ લીધો ?

**જવાબ**

રાજકોટ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કુલ ૪૭૯૪૯ લાભાર્થીઓએ ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાનો લાભ લીધો છે જેમાં ૧૩૮૩૧ પ્રસુતિ સંબંધિત, ૭૪૯૧ રોડ અક્સ્માત સંબંધિત અને ૨૬૬૨૭ અન્ય ઇમર્જન્સી સેવાઓ માટે લાભાર્થીઓએ લાભ લીધલ છે.

## આઈ.એચ.એસ.ડી.પી. અંતર્ગત ભાવનગર મહાનગરપાલિકા માટે મંજૂર પ્રોજેક્ટ

૨૦૮૨૬ : **શ્રીમતી વિભાવરીબેન વિ.દવે (ભાવનગર શહેર (ઉત્તર) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભાવનગર મહાનગરપાલિકા માટે તા. ૩૧-

**જવાબ**

(૧) ભાવનગર મહાનગરપાલિકા માટે તારીખ ૩૧-

૧૨-૨૦૧૦ની સ્થિતિએ ઈન્ટિગ્રેટેડ હાઉસીંગ એન્ડ સ્લમ ડેવલપમેન્ટ પ્રોગ્રામ (આઈ.એચ.એસ. ડી.પી.) અંતર્ગત કેન્દ્ર સરકાર દ્વારા કેટલી રકમનો કેટલા યુનિટ માટેનો પ્રોજેક્ટ કઈ તારીખે મંજૂર થયેલ છે, અને

૧૨-૨૦૧૦ ની સ્થિતિએ ઈન્ટિગ્રેટેડ હાઉસીંગ એન્ડ સ્લમ ડેવલપમેન્ટ પ્રોગ્રામ (આઈ.એચ.એસ.ડી.પી. યોજના) અંતર્ગત કેન્દ્ર સરકાર દ્વારા ₹ ૧૫.૮૮ કરોડનો ૧૦૦૦ આવાસ માટેનો પ્રોજેક્ટ તા. ૧૯-૧૧-૨૦૦૯ના રોજ મંજૂર થયેલ છે.

(૨) તે અન્વયે કેટલી કામગીરી હાથ ધરાયેલ છે?

(૨) તે અન્વયે ભાવનગર મહાનગરપાલિકાના પ્રોજેક્ટ આવાસ દીઠ રકમમાં સુધારા કરી રાજ્ય સરકારની સ્ટેટ લેવલ કો-ઓર્ડીનેશન કમિટીનો એક ઠરાવ તાજેતરમાં કેન્દ્ર સરકારને રજુ કરેલ છે.

**વાજપાઈ નગરવિકાસ યોજના અંતર્ગત પંચમહાલ જિલ્લાની નગરપાલિકાઓને ચૂકવેલ રકમ**

૨૦૮૩૮ **: શ્રી ફતેસિંહ ચૌહાણ (રાજગઢ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૧૦-૧૧માં તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ વાજપાઈ નગર વિકાસ યોજનાના બીજા તબક્કા અંતર્ગત પંચમહાલ જિલ્લાની નગરપાલિકાઓને કેટલી રકમ ચૂકવેલ છે, અને

(૨) તે પેકી ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયો?

**જવાબ**

(૧) વર્ષ ૨૦૧૦-૧૧માં તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ વાજપાઈ નગર વિકાસ યોજનાના બીજા તબક્કા અંતર્ગત પંચમહાલ જિલ્લાની નગરપાલિકાઓને કોઈ રકમ ચૂકવેલ નથી.

(૨) ઉક્ત સમયગાળા દરમ્યાન કોઈ રકમ ચૂકવેલ ન હોઈ તે પેકી કોઈ ખર્ચ થયેલ નથી.

**વડોદરા અને નર્મદા જિલ્લામાં આર.સી.એચ. સ્ટાફ ક્વાટર્સમાં રહેતા સ્ટાફ બાબત**

૨૦૦૨૩ **: શ્રી ધીરુભાઈ ભીલ (નસવાડી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ વડોદરા અને નર્મદા જિલ્લામાં આર.સી.એચ.રિપ્રોડકટીવ ચાઈલ્ડ હેલ્થ અન્વયે સ્ટાફ ક્વાટર્સ બનાવવામાં આવ્યા છે તેમાં ખરેખર કેટલો સ્ટાફ રહે છે, અને

(૨) આવા સ્ટાફ ક્વાટર્સમાં મોટા ભાગનો સ્ટાફ રહેતો ન હોવા છતાં ખોટા બીલો ઉધારવામાં આવે છે તેની તપાસ સરકાર કરવા માંગે છે કે કેમ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ વડોદરા અને નર્મદા જિલ્લામાં આર.સી.એચ. રિપ્રોડકટીવ ચાઈલ્ડ હેલ્થ અન્વયે સ્ટાફ અન્વયે સ્ટાફ ક્વાટર્સ બનાવવામાં આવેલ છે. જેમાં ખરેખર નીચે મુજબ સ્ટાફ રહે છે.

વડોદરા જિલ્લો - ૨૦ સ્ટાફ રહે છે.

નર્મદા જિલ્લો - ૧૨ સ્ટાફ રહે છે.

(૨) ના, જી.

આવા કોઈ ખોટા બીલો ઉધારવાની બાબત રજૂ થયેલી નથી.

**કચ્છ જિલ્લામાં નગરપાલિકાઓને બાજપાઈ નગર વિકાસ યોજના હેઠળ ફાળવણી**

૨૦૫૪૩ **: શ્રી જયંતિલાલ પ.ભાનુશાલી (અબડાસા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લામાં બાજપાઈ નગર વિકાસ યોજના હેઠળ તાલુકાવાર કેટલી નગરપાલિકાઓને કેટલી રકમની ફાળવણી વર્ષવાર કરવામાં આવી, અને

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લામાં વાજપાઈ નગર વિકાસ યોજના હેઠળ તાલુકાવાર નગરપાલિકાઓને વાજપાઈ નગર વિકાસ યોજના (સામાન્ય ઘટક) હેઠળ કુલ રૂા. **૬૧૯.૪૮** લાખ તથા એસ.સી.એસ.પી. ઘટક હેઠળ રૂા. **૧૪૮.૪૧** લાખ મળી કુલ રૂા. **૭૬૭.૮૯** લાખની ગ્રાન્ટ નીચે મુજબ ફાળવવામાં આવી.

(અ) વાજપાઈ નગર વિકાસ યોજના (સામાન્ય ઘટક)

| **તાલુકો** | **ન.પા.નું નામ** | **મળેલ ગ્રાન્ટ રૂા. લાખમાં** | |
|---|---|---|---|
| | | **તા. ૧-૧-૦૯ થી તા. ૩૧-૧૨-૦૯** | **તા. ૧-૧-૧૦ થી તા. ૩૧-૧૨-૧૦** |
| ગાંધીધામ | ગાંધીધામ | ૧૩૪.૯૬ | - |
| અંજાર | અંજાર | ૯૯.૪૧ | - |
| માંડવી | માંડવી | ૬૧.૯૯ | - |
| ભચાઉ | ભચાઉ | ૬૫.૬૪ | - |
| રાપર | રાપર | ૬૪.૦૮ | - |
| ભુજ | ભુજ | ૧૯૩.૪૦ | - |
| | **કુલ** | **૬૧૯.૪૮** | - |

(બ) વાજપાઈ નગર વિકાસ યોજના (એસ.સી.એસ.પી. ઘટક)

| તાલુકો | ન.પા.નું નામ | મળેલ ગ્રાન્ટ રૂા. લાખમાં |
|---|---|---|
| ગાંધીધામ | ગાંધીધામ | ૨૫.૦૦ |
| અંજાર | અંજાર | ૨૪.૯૮ |
| માંડવી | માંડવી | ૨૫.૦૦ |
| ભચાઉ | ભચાઉ | ૨૫.૦૦ |
| રાપર | રાપર | ૨૩.૪૩ |
| ભુજ | ભુજ | ૨૫.૦૦ |
| | **કુલ** | **૧૪૮.૪૧** |

(૨) આ સમય દરમિયાન કેટલા કામોને મંજૂરી આપવામાં આવી?

(૩) આ સમય દરમ્યાન નીચે મુજબના કામોને મંજૂરી આપવામાં આવી

(૪)

| ક્રમ | કામની વિગત | મંજુર કરેલ કામોની સંખ્યા |
|---|---|---|
| ૧ | પાણી | ૨૧ |
| ૨ | ગટર | ૨૪ |
| ૩ | રસ્તા | ૬૬ |
| ૪ | સ્ટ્રીટ લાઈટ | ૧ |
| ૫ | અન્ય | ૨ |
| | **કુલ** | **૧૧૪** |

--------

## ધાતરવડી-૧ સિંચાઈ યોજનાની કેનાલો પાકી કરવા અંગે

૨૦૨૬૯ : **શ્રી હીરાભાઈ સોલંકી (રાજુલા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ રાજુલા તાલુકાના ધાતરવડી-૧ સિંચાઈ યોજનાની કેનાલો કાચી છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો આ કેનાલોને પાકી કરી પાણીનો બચાવ કરવા માટે શું આયોજન કરવામાં આવ્યું છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) જરૂરીયાત અને તાંત્રિક અભિપ્રાય પ્રમાણે, તથા નાણાકીય ઉપલબ્ધી અનુસાર વિચારણા કરવામાં આવશે.

--------

## મધુબન ડેમ આધારિત સિંચાઈ યોજનાનો લક્ષ્યાંક

૨૦૦૯૭ : **શ્રી જીતુભાઈ ચૌધરી (મોટા પોંઢા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ મધુબન ડેમ આધારિત સિંચાઈ યોજનાનો લાભ વલસાડ જિલ્લામાં પૂરો પાડવાનું કેટલું આયોજન હતું, અને

(૨) તે અન્વયે કેટલા હેકટર જમીનમાં સિંચાઈનું પાણી હાલ પૂરૂં પાડવામાં આવે છે?

**જવાબ**

(૧) મધુબન ડેમ તેમજ તેના આધારિત કાકડકોપર, ઉમરગામ, ઓઝર, ધોધડકુવા અને ચિંચાઈ ઉદવહન સિંચાઈ યોજના દ્વારા કુલ ૪૬,૩૧૪ હેકટરમાં સિંચાઈ આપવાનું આયોજન છે.

(૨) સિંચાઈ વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન ૯૪૧૨ હેકટર.

--------

## વડોદરા જિલ્લામાં બોરીબંધ

૨૦૬૭૦ : **શ્રી ખુમાનસિંહ ચૌહાણ (સાવલી) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વડોદરા જિલ્લામાં તાલુકાવાર કેટલા બોરીબંધ બનાવવામાં આવેલા છે,

(૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે તાલુકાવાર કેટલા બોરીબંધ તૂટી ગયેલા છે, અને

**જવાબ**

(૧) તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વડોદરા જિલ્લામાં જળ સંપત્તિ પ્રભાગ દ્વારા એક પણ બોરીબંધ બનાવવામાં આવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) ઉક્ત સ્થિતિએ આ બોરીબંધ પાછળ તાલુકાવાર કેટલો ખર્ચ થયેલ છે?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**આણંદ જિલ્લાની નગરપાલિકાઓને વિકાસ માટે ફાળવેલ ગ્રાન્ટ**

૨૦૨૪૬ **: શ્રી લાલસિંહ વડોદિયા (ઉમરેઠ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં આણંદ જિલ્લાની દરેક નગરપાલિકાને અને બરો નગરપાલિકાને પ્રત્યેક વર્ષે કેટલા નાણા વિકાસના કામો માટે આપવામાં આવ્યા,

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં આણંદ જિલ્લાની દરેક નગરપાલિકાને અને બરો નગરપાલિકાને પ્રત્યેક વર્ષે વિકાસના કામો માટે નીચે મુજબની રકમ ફાળવવામાં આવેલ છે.

(₹ લાખમાં)

| નગરપાલિકા | તા.૧-૧-૦૮ થી તા.૩૧-૧૨-૦૮ | તા.૧-૧-૦૯ થી તા.૩૧-૧૨-૦૯ | તા.૧-૧-૧૦ થી તા.૩૧-૧૨-૦૯ |
|---|---|---|---|
| આણંદ | ૫.૮૬ | ૨૯.૬૧ | ૨૦૯.૩૨ |
| ખંભાત | ૬૦.૫૨ | ૨૭૧.૭૦ | ૩૭૪.૯૮ |
| બોરસદ | ૧.૧૬ | ૧૪૪.૯૩ | ૩૭.૬૯ |
| પેટલાદ | ૫૮.૨૬ | ૬૯.૫૧ | ૨૪૩.૭૫ |
| ઉમરેઠ | ૩૦૨.૯૫ | ૨૪૩.૪૭ | ૯.૬૪ |
| **નગરપાલિકા** | **તા.૧-૧-૦૮ થી તા.૩૧-૧૨-૦૮** | **તા.૧-૧-૦૯ થી તા.૩૧-૧૨-૦૯** | **તા.૧-૧-૧૦ થી તા.૩૧-૧૨-૦૯** |
| વલ્લભ વિદ્યાનગર | ૫૩.૬૩ | ૭૫.૯૪ | ૧૦૬.૦૦ |
| કરમસદ | ૨૩૧.૨૭ | ૮૫.૩૮ | ૮૫.૩૬ |
| આંકલાવ | ૫૬.૪૫ | ૨૨૬.૨૩ | ૨૬૫.૬૪ |
| ઓડ | ૧૦૭.૧૩ | ૫.૫૪ | ૬૬.૭૫ |
| બોરીઆવી | ૧૨૫.૫૫ | ૩૫૩.૦૦ | ૧૬૦.૦૭ |
| સોજીત્રા | ૮૨.૧૩ | ૨૪૨.૭૯ | ૫૪.૩૭ |
| **કુલ :** | **૧૦૮૪.૯૧** | **૧૭૪૮.૧૦** | **૧૬૧૩.૫૭** |

(૨) આપેલા નાણામાંથી દરેક નગરપાલિકા તથા બરો નગરપાલિકા દ્વારા કેટલું ખર્ચ કરવામાં આવ્યું,

(૨) આપેલા નાણામાંથી દરેક નગરપાલિકા તથા બરો નગરપાલિકા દ્વારા નીચે મુજબનો ખર્ચ કરવામાં આવેલ છે.

(₹ લાખમાં)

| નગરપાલિકા | તા.૧-૧-૦૮ થી તા.૩૧-૧૨-૦૮ | તા.૧-૧-૦૯ થી તા.૩૧-૧૨-૦૯ | તા.૧-૧-૧૦ થી તા.૩૧-૧૨-૦૯ |
|---|---|---|---|
| આણંદ | ૧૧.૧૬ | ૦૦.૦૦ | ૦૦.૦૦ |
| ખંભાત | ૫૬.૧૩ | ૫૯.૯૭ | ૪૩૮.૮૭ |
| બોરસદ | ૧.૧૧ | ૧૩૯.૨૫ | ૨૫.૩૦ |
| પેટલાદ | ૬૩.૭૩ | ૯૧.૩૫ | ૨૨૧.૫૫ |
| ઉમરેઠ | ૩૪.૪૭ | ૦૦.૦૦ | ૦૦.૦૦ |
| વલ્લભ વિદ્યાનગર | ૬૩.૬૬ | ૬૧.૧૫ | ૭૫.૦૦ |
| કરમસદ | ૧૦૭.૧૯ | ૧૩૧.૨૨ | ૪૮.૬૮ |
| આંકલાવ | ૬૩.૮૩ | ૩.૭૧ | ૪.૧૧ |
| ઓડ | ૯૬.૫૨ | ૦૦.૦૦ | ૧૯.૫૭ |
| બોરીઆવી | ૩૨.૦૦ | ૪૮૪.૦૦ | ૨૧૮.૪૪ |
| સોજીત્રા | ૦૦.૦૦ | ૦૦.૦૦ | ૦૦.૦૦ |
| **કુલ :** | **૫૩૦.૨૦** | **૯૭૦.૬૫** | **૧૦૫૧.૫૨** |

(૩) કઈ કઈ નગરપાલિકા અને બરો નગરપાલિકાએ ફાળવેલ નાણાનો પૂરેપૂરો ઉપયોગ કરેલ નથી, અને

(૩) કોઈપણ નગરપાલિકાએ ફાળવેલ નાણાનો પૂરેપૂરો ઉપયોગ કરેલ નથી.

(૪) નાણાનો પૂરેપૂરો ઉપયોગ નહીં કરવાના કારણો ક્યા ક્યા છે?

(૪) જુદા જુદા વહીવટી કારણોસર નગરપાલિકાઓ ફાળવેલ નાણાનો પૂરેપૂરો ઉપયોગ કરી શકેલ નથી.

--------

### અમદાવાદ મહાનગરપાલિકાને સ્વર્ણિમ જ્યંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત ગ્રાન્ટ

૨૦૮૪૭ : **શ્રી ભરત બારોટ (દરિયાપુર-કાઝીપુર )** : **માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

વર્ષ ૨૦૦૯-૧૦ અને ૨૦૧૦-૧૧માં તારીખ ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ અમદાવાદ મહાનગર-પાલિકાને સ્વર્ણિમ જ્યંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ આંતરમાળખાકીય વિકાસના કામો માટે કેટલી ગ્રાન્ટ ચૂકવવામાં આવી ?

**જવાબ**

વર્ષ ૨૦૦૯-૧૦ અને ૨૦૧૦-૧૧માં તારીખ ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ અમદાવાદ મહાનગર પાલિકાને સ્વર્ણિમ જ્યંતિ મુખ્યમંત્રીશ્રી શહેરી વિકાસ યોજના હેઠળ આંતરમાળખાકીય વિકાસના કામો માટે નીચેની વિગતે કુલ ₹ ૨૦૦.૦૦ કરોડની ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવી છે.

(૧) ૨૦૦૯-૧૦ ₹ ૧૦૦.૦૦ કરોડ.

(૨) ૨૦૧૦-૧૧ ₹ ૧૦૦.૦૦ કરોડ.

### કચ્છ જિલ્લાના ડાર્કઝોન હેઠળના તાલુકા

૧૯૧૯૬ : **શ્રી ધનજીભાઈ ગો.સેંધાણી (માંડવી)** : **માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લાના કેટલા તાલુકા ડાર્કઝોનમાં છે, અને

(૨) તેમને ડાર્કઝોનમાંથી ક્યારે મુક્ત કરવામાં આવશે ?

**જવાબ**

(૧) અને (૨) નામદાર સુપ્રિમ કોર્ટ અને કેન્દ્ર સરકારની સૂચના અન્વયે નર્મદા, જળસંપત્તિ અને પાણી પુરવઠા વિભાગના ઠરાવ ક્રમાંક : જીડબલ્યુઆર-૨૦૦૩-૧૪-જ-૧, તા.૧૬-૧૨-૨૦૦૩ અન્વયે કચ્છ જિલ્લાના (૧) અંજાર, (૨) માંડવી, (૩) ભચાઉ અને (૪) રાપર તાલુકા ડાર્કઝોનમાં છે.

જે વિસ્તારમાં ભૂગર્ભ જળ રિચાર્જના પ્રમાણમાં ખેંચાણ વધારે હોય અને ડાર્કઝોન અમલી બનતો હોય ત્યાં ભૂગર્ભ જળ રીચાર્જ માટે ચેકડેમ, તળાવો ઊંડા કરી વરસાદી પાણીનો સંચય કરવો, ચેકડેમ ઉંડા કરવા જેવા જળસંચયના કામોને પ્રાધાન્યતા આપી કામગીરી કરવામાં આવે છે.

આવા વિસ્તારોમાં જ્યારે સાતત્યપૂર્ણ રીતે ભૂગર્ભ જળના સ્તરમાં સારા પ્રમાણમાં સુધારો નોંધાય ત્યારે ભારત સરકારે આપેલ માર્ગદર્શક સૂચનાઓ અનુસાર વર્ગીકરણની કાર્યવાહી કરવામાં આવે છે.

### આણંદ જિલ્લામાં જળસંપત્તિ પ્રભાગ હેઠળની નહેરો અને કાંસની જમીનમાં દબાણો

૨૧૮૩૦ : **શ્રી અમીતભાઈ ચાવડા (બોરસદ)** : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ આણંદ જિલ્લામાં ગામવાર જળ સંપત્તિ પ્રભાગ હેઠળની નહેરો અને કાંસની જમીનમાં દબાણ કર્યાના કેટલા કિસ્સા ધ્યાને આવેલ છે.

(૨) સદર દબાણો દૂર કરવા માટે શી કાર્યવાહી કરવામાં આવી અને,

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા અને ક્યા ક્યા દબાણો દૂર કરવામાં આવ્યા ?

**જવાબ**

(૧) ગામવાર દબાણના સામેલ **પત્રક -૧** મુજબ ૨૭ કિસ્સાઓ ધ્યાને લાવેલ છે.

(૨) નિયમોનુસાર નોટીસ, જમીન માપણી તથા મોખિક સમજાવટની કાર્યવાહી કરવામાં આવેલ છે.

(૩) છેલ્લા બે વર્ષમાં સામેલ **પત્રક-૨** મુજબ ૧૪ દબાણો દૂર કરવામાં આવેલ છે.

**પત્રક-૧**

| અ.નં. | ગામનું નામ | તાલુકાનું નામ |
|---|---|---|
| ૧ | પામોલ | બોરસદ |
| ૨ | પામોલ | બોરસદ |
| ૩ | ઝારોલા | બોરસદ |
| ૪ | બોદાલ | બોરસદ |

| અ.નં. | ગામનું નામ | તાલુકાનું નામ |
|---|---|---|
| ૫ | આમરોલ | આંક્લાવ |
| ૬ | બોરસદ | બોરસદ |
| ૭ | કિંખલોડ | આંક્લાવ |
| ૮ | વિરસદ | પેટલાદ |
| ૯ | પેટલાદ | પેટલાદ |
| ૧૦ | સીલવાઈ | પેટલાદ |
| ૧૧ | નાર | પેટલાદ |
| ૧૨ | આણંદ | આણંદ |
| ૧૩ | શેખડી | પેટલાદ |
| ૧૪ | ઉટખરી | ઉમરેઠ |
| ૧૫ | ધુંટેલી | પેટલાદ |
| ૧૬ | તારાપુર | તારાપુર |
| ૧૭ | તારાપુર | તારાપુર |
| ૧૮ | તારાપુર | તારાપુર |
| ૧૯ | તારાપુર | તારાપુર |
| ૨૦ | તારાપુર | તારાપુર |
| ૨૧ | તારાપુર | તારાપુર |
| ૨૨ | તારાપુર | તારાપુર |
| ૨૩ | તારાપુર | તારાપુર |
| ૨૪ | તારાપુર | તારાપુર |
| ૨૫ | તારાપુર | તારાપુર |
| ૨૬ | ચાંગા | પેટલાદ |
| ૨૭ | ચાંગા | પેટલાદ |

**પત્રક-૨**

| અ.નં. | ગામનું નામ | તાલુકાનું નામ | દબાણ દૂર કર્યાની વિગતો. (નહેરો/કાંસ) |
|---|---|---|---|
| ૧ | પામોલ | બોરસદ | બોરસદ શાખા નહેર સાં. ૩૪૦૦૦ ફૂટ ઉપર આઈ.પી. સાઈડ નહેરમાં દબાણ |
| ૨ | પામોલ | બોરસદ | બોરસદ શાખાની સ.મા. ૬/ડાબી ઉપર નહેરમાં દબાણ. |
| ૩ | ઝારોલા | બોરસદ | ઝારોલા વિશાખાની સાં. ૧૦૦૦૦ ફૂટ ઉપર ૯/એ ઉપર કરી નહેરમાં દબાણ. |
| ૪ | બોદાલ | બોરસદ | એસ.એમ. ૯/આર એક્સ આંક્લાવ ડીસ્ટ્રીની ગામ બોદાલ નહેરની બાજુમાં રસ્તા ઉપર દબાણ. |
| ૫ | આમરોલ | આંક્લાવ | નવાપુર સ.મા. ગામ આમરોલ આગળ નહેરની બાજુમાં રસ્તા ઉપર દબાણ. |
| ૬ | નાર | પેટલાદ | કરમસદ-ભંડરેજ કાંસ ઉપર નાર ગામે કાંસ ઉપર દબાણ. |
| ૭ | આણંદ | આણંદ | આણંદ-મોગરી કાંસ ઉપર આણંદ ગામે કાંસ ઉપર દબાણ. |
| ૮ | શેખડી | પેટલાદ | શેખડી-પંડોળી કાંસ ઉપર શેખડી ગામે કાંસ ઉપર દબાણ. |
| ૯ | ઉટખરી | ઉમરેઠ | ઉટખરી કાંસ ઉપર ઉટખરી ગામે દબાણ. |
| ૧૦ | ધુંટેલી | પેટલાદ | બાંધણી કાંસ ઉપર ધુંટેલી ગામે દબાણ. |
| ૧૧ | તારાપુર | તારાપુર | લેટરલ ડ્રેઈન ફ્રોમ માર્કેટીંગ યાર્ડ ટુ ટી. એમ. ઝેડ ડ્રેઈન. |
| ૧૨ | તારાપુર | તારાપુર | તારાપુર ક્યારીથી તારાપુર-મોરજ-જીચકા કાંસ. |
| ૧૩ | તારાપુર | તારાપુર | સોજીત્રા-ડાલી-પલોલ કાંસ |
| ૧૪ | તારાપુર | તારાપુર | સોજીત્રા-ડાલી-પલોલ કાંસ |

--------

## રાજકોટ જિલ્લાની નગરપાલિકાઓમાં તળાવ બ્યુટીફિકેશન

**૨૧/page>** ૨૦૮૩૬ : **શ્રીમતી જસુબેન સ. કોરાટ (જેતપુર) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૦-૧૧માં તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ રાજકોટ જિલ્લાની કેટલી નગરપાલિકાનો તળાવ બ્યુટિફિકેશનમાં સમાવેશ કરવામાં આવ્યો, | (૧) વર્ષ ૨૦૧૦-૧૧માં તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ રાજકોટ જિલ્લાની કોઈપણ નગરપાલિકાનો તળાવ બ્યુટિફિકેશનમાં સમાવેશ કરવામાં આવેલ નથી. પરંતુ વર્ષઃ ૨૦૦૭-૦૮માં ગોંડલ અને વર્ષઃ ૨૦૦૮-૦૯ માં મોરબી નગરપાલિકાનો તળાવ બ્યુટિફિકેશનમાં સમાવેશ કરવામાં આવેલ હતો. |
| (૨) તે પૈકી જેતપુર અને ગોંડલ નગરપાલિકાને કેટલી ગ્રાન્ટ આપવામાં આવી, અને | (૨) જેતપુર નગરપાલિકાનો તળાવ બ્યુટીફિકેશનમાં સમાવેશ થયેલ ન હોઈ, તે નગરપાલિકાને કોઈ ગ્રાન્ટ આપવામાં આવેલ નથી. પરંતુ વર્ષ : ૨૦૦૭-૦૮માં ગોંડલ નગરપાલિકાને આશાપુરા તળાવના બ્યુટિફિકેશન માટે ₹ ૨૫ લાખની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે. |
| (૩) તે પાછળ કેટલો ખર્ચ થયેલ છે? | (૩) તે પાછળ ₹ ૨૫ લાખનો ખર્ચ થયેલ છે. |

**મહુવા શહેરનું ગટરનું ગંદુ પાણી માલણ જળાશયમાં ભળવા અંગે**

૨૦૫૫૪ **: શ્રી ડૉ. કનુભાઈ કલસરીયા (મહુવા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ભાવનગર જિલ્લાનાં મહુવા શહેરનું ગંદુ પાણી ""માલણ જળાશય""માં ન ભળે તે માટે ટ્રીટમેન્ટ પ્લાન્ટનાં ક્રમે સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ (એસ.ટી.પી.) બનાવવા અંગેની મંજૂરીની દરખાસ્ત તા. ૩૧-૧-૨૦૧૧ ની સ્થિતિએ ક્યા તબક્કે છે, | (૧) તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ મહુવા ભૂગર્ભ ગટર યોજનાનો ડ્રાફ્ટ પ્રોજેક્ટ રીપોર્ટ તાંત્રિક સમિતિના મુદ્દાઓની પૂર્તતા હેઠળ હતો જેમાં સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટનો સમાવેશ થયેલ છે. |
| (૨) આ દરખાસ્ત સરકારને ક્યારે મળી છે, અને | (૨) ભુગર્ભ ગટર યોજનાનો ડ્રાફ્ટ ડીપીઆર તા. ૮-૧૧-૧૦ના રોજ મળેલ છે. |
| (૩) કેટલા સમયમાં કામ પૂર્ણ કરવાનું આયોજન છે? | (૩) ૧૫૯ શહેરની ભૂગર્ભ ગટર યોજનાઓના આયોજન મુજબ ભૂગર્ભ ગટર યોજનાને માર્ચ ૨૦૧૪ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |

--------

**રાજકોટ અને સુરેન્દ્રનગર જિલ્લાની સરકારી હોસ્પિટલમાં કોન્ટ્રાકટરો મારફત પાર્ટટાઈમ રખાતાં કર્મચારી/રોજમદારોને ઓછુ વેતન ચૂકવવા બાબત**

૨૨૦૩૯ **: શ્રી દેવજીભાઈ ગો.ફતેપરા (હળવદ)** : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧ ડીસેમ્બર-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સરકારને સુરેન્દ્રનગર અને રાજકોટ જિલ્લાની સરકારી હોસ્પિટલમાં કોન્ટ્રાકટરો મારફતે રખાતા પાર્ટટાઈમ કર્મચારી કે રોજમદારોને ઓછું વેતન કે શારીરીક માનસિક શોષણ અંગેની કેટલી ફરિયાદો મળી, અને | (૧) કુલ-૮ ફરિયાદો મળેલ છે. |
| (૨) તેના માટે સરકારે શાં પગલાં લીધા? | (૨) કુલ-૮ ફરિયાદો પેકી ૪ ફરિયાદોમાં અરજદારોએ સુરેન્દ્રનગર લેબરકોર્ટમાં કરેલ રીકવરી અરજીઓ છે. આ કામના કોન્ટ્રાકટની મુદ્દત પૂરી થતાં કોન્ટ્રાકટરે ભરેલ સિક્યોરીટી ડીપોઝીટ પરત કરવામાં આવી નથી. જ્યારે અન્ય-૪ ફરિયાદો પેકી-૧ ફરિયાદમાં કાર્યવાહી ચાલુ છે. ૩ ફરિયાદોમાં કોઈ વજુદ જોવા મળેલ ન હોઈ કોઈ પગલાં લેવાના થતાં નથી. |

--------

**કપડવંજ જૂથ પાણી પુરવઠા યોજના હેઠળ આવતા દક્ષિણ ઝોનમાં પાણી પૂરું પાડવા અંગે આયોજન**

૨૧૪૮૭ **: શ્રી કનુભાઈ ડાભી (કઠલાલ)** : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) કપડવંજ જૂથ પાણી પુરવઠા યોજના હેઠળ આવતા કપડવંજ અને કઠલાલ તાલુકામાં તારીખ ૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ પાણી પૂરું પાડવાનું કોઈ આયોજન કરવામાં આવેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ કામ ઉક્ત સ્થિતિએ ક્યા તબક્કે છે? | (૨) યોજના કાર્યાન્વિત કરવાની કામગીરી પ્રગતિમાં છે. |

--------

## શાળા આરોગ્ય કાર્યક્રમ અંતર્ગત પાટણ જિલ્લામાં બાળકોની સારવાર

૨૦૮૭૧ : **શ્રી ભાવસિંહભાઈ રાઠોડ (સમી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શાળા આરોગ્ય કાર્યક્રમ હેઠળ પાટણ જિલ્લામાં તાલુકાવાર કેટલા બાળકોને ક્યા ક્યા રોગો માટે સારવાર આપવામાં આવી છે, અને

(૨) તે પૈકી કેટલા બાળકોને રેફરલ સારવાર અને તજજ્ઞ સારવાર આપવામાં આવી ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા ૨૦૦૮-૨૦૦૯, ૨૦૦૯-૨૦૧૦ અને એપ્રિલ-૨૦૧૦ થી ડિસેમ્બર-૨૦૧૦ સુધીમાં પાટણ જીલ્લામાં તાલુકાવાર **પત્રક-અ** માં દર્શાવ્યા મુજબના રોગો માટે બાળકોને સારવાર આપવામાં આવી.

(૨) તે પૈકી તાલુકાવાર વર્ષ ૨૦૦૮-૨૦૦૯, વર્ષ ૨૦૦૯-૨૦૧૦ અને એપ્રિલ-૨૦૧૦ થી ડિસે.-૨૦૧૦ સુધી **પત્રક-બ** માં દર્શાવ્યા મુજબ સંદર્ભ સેવાપાત્ર મળી આવેલ બાળકોને તજજ્ઞ દ્વારા સારવાર આપવામાં આવી.

**પત્રક-અ**

| રોગનું નામ | પાટણ | સિધ્ધપુર | ચાણસ્મા | હારીજ | સમી | રાધનપુર | સાંતલપુર | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| પાંડુરોગ | ૯૦૩૮ | ૩૩૭૮ | ૩૨૨૦ | ૨૦૫૯ | ૩૪૦૪ | ૧૯૧૮ | ૨૨૨૫ | ૨૫૨૪૨ |
| આંત્રકૃમિ | ૭૨૦૩ | ૨૮૮૫ | ૨૩૮૦ | ૧૭૮૦ | ૨૫૨૦ | ૨૧૧૭ | ૧૮૫૬ | ૨૦૭૪૧ |
| દાંતની ખામી | ૨૦૨૮ | ૬૧૭ | ૧૧૯૫ | ૨૪૫ | ૬૦૩ | ૭૮૪ | ૬૬૪ | ૬૧૩૬ |
| આંખની ખામી | ૩૮૬૬ | ૩૩૮૩ | ૨૮૫૦ | ૧૨૨૮ | ૧૬૧૯ | ૩૦૪૩ | ૯૮૮ | ૧૬૯૭૭ |
| કાન, નાક, ગળાની ખામી | ૨૪૫૬ | ૯૭૮ | ૬૭૦ | ૫૦૧ | ૧૦૩૦ | ૮૫૩ | ૬૭૮ | ૭૧૬૬ |
| પેટની તકલીફ | ૯૪૧ | ૭૦૫ | ૨૦૦ | ૨૦૬ | ૫૪૬ | ૪૬૭ | ૬૭ | ૩૧૩૨ |
| ચામડીના રોગ | ૨૬૫૨ | ૬૫૯ | ૧૧૪૪ | ૬૦૧ | ૧૯૨૧ | ૮૪૪ | ૮૪૮ | ૮૬૬૯ |
| શરીરની સ્થૂળતા | ૧૨ | ૯ | ૦ | ૨૧ | ૨ | ૦ | ૦ | ૪૪ |
| તમાકુનુ સેવન | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| માનસિક તણાવ | ૩ | ૧૭ | ૨ | ૧ | ૦ | ૦ | ૦ | ૨૩ |
| જાતીય રોગો | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| શ્વસન તંત્રની ખામી | ૩૧૮૧ | ૧૪૧ | ૨૪૨ | ૧૩૦ | ૫૦૬ | ૩૧૩ | ૩૨૨ | ૪૮૩૫ |
| ચેતાતંત્રના રોગ | ૩૯ | ૧૬ | ૫ | ૯ | ૬૬ | ૪ | ૯ | ૧૪૮ |
| અસ્થિતંત્રના રોગ | ૧૨૧ | ૧૫ | ૨૪ | ૮ | ૨૧ | ૧૬ | ૫ | ૨૧૦ |
| વિકલાંગતા | ૧૮૩ | ૧૨૩ | ૫૧ | ૪૩ | ૫૫ | ૮૯ | ૧૩૧ | ૬૭૫ |
| અન્ય | ૩૧૪૩ | ૩૧૩૬ | ૧૪૬૧ | ૧૨૬૨ | ૨૦૧૪ | ૪૧૮૧ | ૨૦૭૩ | ૧૭૨૭૦ |
| હૃદય | ૧૪૧ | ૬૨ | ૪૧ | ૧૪ | ૧૫ | ૩૦ | ૩૯ | ૩૪૨ |
| કીડની | ૨૮ | ૧૮ | ૧૬ | ૧ | ૭ | ૮ | ૮ | ૮૬ |
| કેન્સર | ૧૬ | ૧૮ | ૩ | ૪ | ૨ | ૩ | ૩ | ૪૯ |
| કુલ | **૩૫૦૫૧** | **૧૬૧૬૦** | **૧૩૫૦૪** | **૮૧૧૩** | **૧૪૩૩૧** | **૧૪૬૭૦** | **૯૯૧૬** | **૧૧૧૭૪૫** |

**પત્રક--બ**

| તાલુકાનુ નામ | સંદર્ભ સેવા આપેલ બાળકોની સંખ્યા | બાળરોગ નિષ્ણાત | આંખ રોગ નિષ્ણાંત | દાંત રોગ નિષ્ણાત | ચામડીના નિષ્ણાત | કાન, નાક, ગળાના નિષ્ણાત | અન્ય |
|---|---|---|---|---|---|---|---|
| પાટણ | ૨૮૧૦ | ૩૭૫ | ૨૨૧૩ | ૭૭ | ૪૩ | ૭૩ | ૨૯ |
| સિધ્ધપુર | ૩૦૪૦ | ૨૧૮ | ૨૫૬૮ | ૯૪ | ૫૧ | ૪૮ | ૬૧ |
| ચાણસ્મા | ૨૪૧૨ | ૨૧૪ | ૨૦૫૨ | ૪૧ | ૪૨ | ૫૨ | ૧૧ |
| હારીજ | ૧૧૫૭ | ૨૦૨ | ૮૨૧ | ૨૭ | ૩૭ | ૬૮ | ૨ |
| સમી | ૧૫૯૯ | ૧૮૭ | ૧૧૯૦ | ૫૭ | ૧૦૮ | ૫૭ | ૦ |
| રાધનપુર | ૨૩૬૮ | ૭૮ | ૧૮૫૭ | ૧૨૯ | ૮૯ | ૧૯૩ | ૨૨ |
| સાંતલપુર | ૭૯૧ | ૮૨ | ૬૩૪ | ૨૧ | ૨૩ | ૩૧ | ૦ |
| **કુલ.** | **૧૪૧૭૭** | **૧૩૫૬** | **૧૧૩૩૫** | **૪૪૬** | **૩૯૩** | **૫૨૨** | **૧૨૫** |

--------

## સુરેન્દ્રનગર જિલ્લામાં ઈ-મમતા કાર્યક્રમ

૨૦૮૪૫ : **શ્રીમતી વર્ષાબેન ન.દોશી (વઢવાણ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સગર્ભા માતાઓની નોંધણી માટે રાજ્ય સરકારે ઈ-મમતા કાર્યક્રમ શરૂ કરેલ છે, તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો સુરેન્દ્રનગર જિલ્લામાં તા. ૩૧/૧૨/૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી સગર્ભા માતાઓની નોંધણી કરવામાં આવી ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ઈ-મમતા કાર્યક્રમ એપ્રિલ-૨૦૧૦માં શરૂ થયેલ હોય તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લામાં ૨૭,૫૪૧ સગર્ભા માતાઓની નોંધણી કરવામાં આવી છે.

**જૂનાગઢ જિલ્લામાં દૂધ અને ઘી માં વ્યાપક ભેળસેળના બનાવો**

૨૦૨૪૩ : **શ્રી ભગવાનભાઈ ધા.બારડ (તાલાલા)** : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જુનાગઢ જિલ્લામાં તાલુકાવાર દુધ અને ઘીમાં વ્યાપક ભેળસેળના બનાવો અન્વયે તા. ૩૧/૧/૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી વખત દરોડા પાડી માલ જપ્ત કરવામાં આવ્યો, અને

(૨) જપ્ત થયેલ માલના સેમ્પલોમાં તે અન્વયે કેટલી ભેળસેળ માલુમ પડી અને જવાબદારો સામે સખ્તાઈથી ક્યા ક્યા પગલાં લેવામાં આવ્યા ?

**જવાબ**

(૧)

| તાલુકાનું નામ | દુધના દરોડાની સંખ્યા | ઘીના દરોડાની સંખ્યા |
|---|---|---|
| જુનાગઢ | ૭ | ૭ |
| વિસાવદર | ૪ | - |
| કેશોદ | ૪ | ૯ |
| વંથલી | ૧ | ૧ |
| મેંદરડા | ૨ | ૫ |
| વેરાવળ | ૧ | - |
| માંગરોળ | - | ૩ |
| માણાવદર | - | ૫ |
| **કુલ :** | **૧૯** | **૩૦** |

(૨) ઘીના ૨ કેસમાં નામદાર કોર્ટમાં ફરિયાદ દાખલ કરવા મંજૂરી આપવામાં આવેલ છે. પોલીસ દ્વારા કુલ-૪ ઈસમોની ધરપકડ કરવામાં આવી છે.

**વાડીનાર વિસ્તાર વિકાસ સત્તામંડળ રદ કરવા બાબત**

૨૦૩૩૮ : **શ્રી મેઘજીભાઈ કણઝારીયા (ખંભાળીયા)** : **માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જામનગર જિલ્લાના ખંભાળીયા તાલુકાનું વાડીનાર વિસ્તાર વિકાસ સત્તામંડળ રદ કરવા તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્ય સરકારને કોઈ ફરીયાદો મળી છે કે કેમ, અને

(૨) જો હા, તો વાડીનાર વિસ્તાર વિકાસ સત્તામંડળ રદ કરવા સરકારે શાં પગલાં લીધા છે ?

**જવાબ**

(૧) છેલ્લા એક વર્ષમાં કોઈ રજુઆત મળેલ નથી.

(૨) વાડીનાર વિસ્તાર વિકાસ સત્તામંડળની હદમાં ફેરફાર કરવાની બાબત સરકારમાં ચકાસણી હેઠળ છે.

**મ્યુનિસિપલ કોર્પોરેશનો અને નગરપાલિકાઓને પાણી-ડ્રેનેજના કામો માટે ફંડની ફાળવણી**

૨૦૦૨૯ : **શ્રી શૈલેષભાઈ મ.પરમાર (શહેર કોટડા)** : **માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકારે સ્વર્ણીમ ગુજરાતની ઉજવણીના અનુસંધાનમાં રાજ્યની જુદી જુદી મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓને પાણી-ડ્રેનેજ વિગેરેના વિકાસ કામો માટે વિકાસ ફંડ ફાળવવાનું નક્કી કરેલ છે તે હકીક્ત સાચી છે, અને

(૨) જો હા, તો સરકાર દ્વારા વિકાસ ફંડ ફાળવવા માટેના આયોજનની વિગતો શી છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) સરકારશ્રી દ્વારા વિકાસ ફંડ ફાળવવા માટે સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના રાજ્યની મહાનગરપાલિકા અને નગરપાલિકાઓ માટે અમલમાં મૂકવામાં આવેલ છે. આ યોજના અંતર્ગત ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડ હસ્તક વર્ષ : ૨૦૦૯-૧૦ ₹, ૬૩૦ કરોડ, ૨૦૧૦-૧૧ ₹ ૬૩૦ કરોડ મળી કુલ ₹ ૧૨૬૦ કરોડ મૂક્વામાં આવેલ છે. આ અંગે વર્ષ : ૨૦૧૧-૧૨ માટે પણ ₹ ૧૫૭૯ કરોડની સૂચિત નાણાંકીય જોગવાઈ કરવામાં આવેલ છે.

## આણંદ જિલ્લામાં ચિરંજીવી યોજના

**૨૫/page>** ૨૦૭૫૯ **: શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર (ભાદરણ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં ચિરંજીવી યોજનામાં તાલુકાવાર લાભાર્થી વર્ષવાર કેટલા હતા,

(૨) ઉક્ત સમયગાળા દરમ્યાન દરેક બ્લોક હેલ્થ ઓફિસરને કેટલી રકમ ફાળવવામાં આવેલ છે.

(૩) તે પેકી ખાનગી ડોકટરને કેટલી રકમ ફાળવવામાં આવી, અને

(૪) ખાનગી ડોકટરોને રકમ ફાળવવામાં થતો વિલંબ નિવારવા સરકારે શું આયોજન કરેલ છે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં ચિરંજીવી યોજનામાં તાલુકાવાર અને વર્ષવાર લાભાર્થી નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકાનું નામ | તા. ૧-૨-૦૯થી તા. ૩૧-૧-૧૦ સુધી | તા. ૧-૨-૧૦થી તા. ૩૧-૧-૧૧ સુધી | કુલ |
|---|---|---|---|---|
| ૧ | આણંદ | ૭૮૫ | ૧૫૨૨ | ૨૩૦૭ |
| ૨ | આંકલાવ | ૬૪૭ | ૫૩૪ | ૧૧૮૧ |
| ૩ | બોરસદ | ૩૪૧૪ | ૩૧૪૦ | ૬૫૫૪ |
| ૪ | પેટલાદ | ૩૧૦ | ૩૩૩ | ૬૪૩ |
| ૫ | સોજીત્રા | ૧૧૩ | ૦ | ૧૧૩ |
| ૬ | ખંભાત | ૧૯૬ | ૩૪૨ | ૫૩૮ |
| ૭ | તારાપુર | ૨૩૧ | ૧૪૯ | ૩૮૦ |
| ૮ | ઉમરેઠ | ૩૨ | ૦ | ૩૨ |
| | **કુલ :** | **૫૭૨૮** | **૬૦૨૦** | **૧૧૭૪૮** |

(૨) ઉક્ત સમયગાળા દરમ્યાન દરેક બ્લોક હેલ્થ ઓફિસરને નીચે મુજબની રકમ ફાળવવામાં આવેલ છે.

| અ.નં. | બ્લોકનું નામ | તા. ૧-૨-૦૯થી તા. ૩૧-૧-૧૦ સુધી (રૂપિયામાં) | તા. ૧-૨-૧૦થી તા. ૩૧-૧-૧૧ સુધી (રૂપિયામાં) | કુલ (રૂપિયામાં) |
|---|---|---|---|---|
| ૧ | આણંદ | ૨૩૫૧૧૮૪ | ૧૯૨૪૪૯૭ | ૪૨૭૫૬૮૧ |
| ૨ | આંકલાવ | ૫૮૮૧૫૭૮ | ૭૧૩૪૨૧૩ | ૧૩૦૧૫૭૯૧ |
| ૩ | પેટલાદ | ૧૧૭૦૨૧૨ | ૩૫૩૪૯૦ | ૧૫૨૩૭૦૨ |
| ૪ | ખંભાત | ૯૮૧૭૫૧ | ૧૧૨૬૦૭૫ | ૨૧૦૭૮૨૬ |
| ૫ | ઉમરેઠ | ૦ | ૦ | ૦ |
| | **કુલ :** | **૧૦૩૮૪૭૨૫** | **૧૦૫૩૮૨૭૫** | **૨૦૯૨૩૦૦૦** |

(૩) તે પેકી ખાનગી ડોકટરોને નીચે મુજબની રકમ ફાળવવામાં આવી છે.

| અ.નં. | બ્લોકનું નામ | તા. ૧-૨-૦૯થી તા. ૩૧-૧-૧૦ સુધી (રૂપિયામાં) | તા. ૧-૨-૧૦થી તા. ૩૧-૧-૧૧ સુધી (રૂપિયામાં) | કુલ (રૂપિયામાં) |
|---|---|---|---|---|
| ૧ | આણંદ | ૨૧૨૩૯૩૯ | ૧૮૮૬૩૧૨ | ૪૦૧૦૨૫૧ |
| ૨ | આંકલાવ | ૭૦૦૯૭૫૭ | ૪૮૪૫૬૧૧ | ૧૧૮૫૫૩૬૮ |
| ૩ | પેટલાદ | ૭૬૯૭૬૬ | ૬૧૮૦૩૧ | ૧૩૮૭૭૯૭ |
| ૪ | ખંભાત | ૫૯૯૭૮૧ | ૯૭૬૩૪૦ | ૧૫૭૬૧૨૧ |
| ૫ | ઉમરેઠ | ૫૭૪૪૦ | ૦ | ૫૭૪૪૦ |
| | **કુલ :** | **૧૦૫૬૦૬૮૩** | **૮૩૨૬૨૯૪** | **૧૮૮૮૬૯૭૭** |

અગાઉનાં વર્ષમાંથી બચત રહેલ ગ્રાન્ટનો ઉપયોગ કરવામાં આવેલ છે.

(૪) ૧. આ યોજના હેઠળ ખાનગી તબીબો સાથે એમ.ઓ.યુ. કરતી વખતે તેઓને રૂા. ૨૫૦૦૦/- એડવાન્સમાં ચૂકવવામાં આવે છે.

૨. આ યોજના હેઠળ ખાનગી તબીબો ધ્વારા ચિરંજીવી યોજનામાં આપવામાં આવેલ બીલ તથા વાઉચર્સની જરૂરી ચકાસણી કરી એક માસમાં તમામ ચુકવણું કરવા અંગે ચિરંજીવી યોજનાની તા. ૧૫-૧૦-૨૦૧૦ની ગાઈડ લાઈનમાં સુચના આપવામાં આવી છે. આ બાબતનું મોનીટરીંગ જિલ્લા કક્ષાની કમિટી ધ્વારા કરવામાં આવે છે.

૩. રાજ્ય કક્ષાએ પણ જિલ્લાની બાકી રહેલ ચુકવણાઓ બાબતે મોનીટરીંગ કરવામાં આવે છે.

--------

**રાજકોટ મહાનગરપાલિકામાં બી. આર. ટી. એસ .**

૨૦૮૨૪ : **શ્રી ગોવિંદભાઈ ઉ.પટેલ (રાજકોટ-૧) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજકોટ મહાનગરપાલિકા માટે બી.આર.ટી.એસ. યોજના અંતર્ગત તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ કુલ કેટલા કરોડના કેટલા કામો માટે કેટલા પ્રોજેક્ટ કેન્દ્ર સરકાર દ્વારા મંજૂર થયેલ છે, અને

(૨) તે અન્વયે મહાનગરપાલિકા દ્વારા કેટલા કામો હાથ ધરાયેલ છે અને કેટલો ખર્ચ થયેલ છે ?

**જવાબ**

(૧) રાજકોટ મહાનગરપાલિકા માટે બી.આર.ટી.એસ. યોજના અંતર્ગત તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ કુલ ₹ ૧૧૦ કરોડનો પ્રોજેક્ટ કેન્દ્ર સરકાર દ્વારા નીચે મુજબ મંજૂર થયેલ છે.

| ક્રમ | કેન્દ્ર સરકાર દ્વારા મંજૂર થયેલ પ્રોજેક્ટ | | કેન્દ્ર સરકાર દ્વારા મંજૂર થયેલ રકમ ₹ કરોડમાં |
|---|---|---|---|
| | સંખ્યા | કિ.મી. | |
| ૧ | ૧ | ૧૧ | ૧૧૦ |

(૨) તે અન્વયે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા હાથ ધરાયેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | રાજકોટ મહાનગરપાલિકા દ્વારા હાથ ધરાયેલ કામગીરી (કિ.મી.માં) | તે અંગે થયેલ ખર્ચ (₹ કરોડમાં) |
|---|---|---|
| ૧ | ૦૫ | ૧૦૫.૩૭ |

--------

**નવલખા ડેમ બનાવવા મંજૂરી**

૨૧૪૮૦ : **શ્રી ભગવાનભાઈ લા.કરગટીયા (માંગરોળ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૦૧-૨૦૧૧ ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લાના માંગરોળ તાલુકાના સાંડા-સુત્રજ વચ્ચે નવલખા ડેમ બનાવવા માટે કોઈ મંજૂરી આપવામાં આવેલ છે કે કેમ,

(૨) જો હા, તો આ કામ ઉક્ત સ્થિતિએ ક્યા તબક્કે છે, અને

(૩) તેના માટે કેટલા ખર્ચની મંજૂરી આપવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) ના, જી.

(૨) અને (૩)
પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**મહેસાણા જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મકાનો બાંધવા મંજૂર રકમ**

૨૦૮૬૪ : **શ્રીમતી જશોદાબેન પરમાર (જોટાણા)** : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) મહેસાણા જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના મકાનો બાંધવા તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી રકમ મંજૂર કરવામાં આવી છે,

(૨) આ કામગીરી ક્યાં સુધીમાં શરૂ થશે, અને

(૩) ઉક્ત કામગીરી કેટલા સમયમાં પૂર્ણ કરવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) મહેસાણા જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં નીચે મુજબ રકમ મંજૂર કરવામાં આવી

| પ્રા. આ. કેન્દ્રનું નામ | મંજૂર કરેલ રકમ |
|---|---|
| ખરોડ | રૂા. ૨૬.૦૬ લાખ |
| બલોલ | રૂા. ૨૬.૦૬ લાખ |
| નદાસા | રૂા. ૨૬.૦૬ લાખ |
| આદીવાડા | રૂા. ૫૦.૦૦ લાખ |

(૨) ટેન્ડર મંજૂર થયેથી કામગીરી શરૂ કરવાનું રહે છે.

(૩) આ કામગીરી ટેન્ડર મંજૂર થયેથી ૧૨ માસ સુધીમાં પુર્ણ કરવાનું આયોજન છે.

--------

**ઈન્ડિયન પબ્લીક હેલ્થ સ્ટાન્ડર્ડ ક્ક્ષા હેઠળ આવરી લીધેલ અમદાવાદ જિલ્લાના સી.એચ.સી.**

૨૦૮૬૯ **: શ્રી કમાભાઈ ગ.રાઠોડ (વિરમગામ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ જિલ્લામાં તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા સામૂહિક આરોગ્ય કેન્દ્રોને ઈન્ડીયન પબ્લીક હેલ્થ સ્ટાન્ડર્ડ ક્ક્ષા હેઠળ આવરી લેવામાં આવ્યા,

(૨) કેટલા સામૂહિક આરોગ્ય કેન્દ્રો બાકી છે, અને

(૩) બાકી રહેલ સામૂહિક આરોગ્ય કેન્દ્રોને આ સ્ટાન્ડર્ડ હેઠળ લાવવા માટે સરકારે શાં પગલાં લેવા ધારે છે ?

**જવાબ**

(૧) અમદાવાદ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં એક પણ સામૂહિક આરોગ્ય કેન્દ્રને ઈન્ડીયન પબ્લીક હેલ્થ સ્ટાન્ડર્ડ ક્ક્ષા હેઠળ આવરી લેવામાં આવેલ નથી.

(૨) બાંધકામ હેઠળ ૨ સામૂહિક આરોગ્ય કેન્દ્રો અને ઈક્વીપમેન્ટ માટે ૪ સામૂહિક આરોગ્ય કેન્દ્રો બાકી છે,

(૩) બે નવીન સામૂહિક આરોગ્ય કેન્દ્રો બનાવવા બજેટ ૨૦૧૦-૨૦૧૧ માં જોગવાઈ થયેલ છે અને ઈક્વિપમેન્ટ પૂરા પાડવા માટે આગામી વર્ષમાં આયોજન કરેલ છે.

--------

**કચ્છ જિલ્લામાં બંધારાના કામો**

૨૦૮૮૬ **: ડૉ. નીમાબેન આચાર્ય (અંજાર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૦૯-૧૦ અને ૨૦૧૦-૧૧માં તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં કેટલા બંધારાના કામો પૂરા કરવામાં આવ્યા,

(૨) આ કામો પાછળ વર્ષવાર કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૩) તેના થકી કેટલા વિસ્તારને સિંચાઈનો લાભ મળશે ?

**જવાબ**

(૧) કચ્છ જિલ્લામાં વર્ષ ૨૦૦૯-૧૦ અને ૨૦૧૦-૧૧માં તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ નીચે મુજબ બંધારાના કામો પૂરા કરવામાં આવ્યા.

| **વર્ષ** | **પુર્ણ થયેલ બંધારાની સંખ્યા** |
|---|---|
| ૨૦૦૯-૧૦ | ૩ |
| ૨૦૧૦-૧૧ | ૪ |

(૨) આ કામો પાછળ વર્ષ ૨૦૦૯-૧૦માં અને વર્ષ ૨૦૧૦-૧૧માં તા. ૩૧-૧૨-૧૦ અંતિત નીચે મુજબ ખર્ચ કરવામાં આવ્યો.

| **વર્ષ** | **કરેલ ખર્ચ (રૂા. લાખમાં)** |
|---|---|
| ૨૦૦૯-૧૦ | ૧૬૪૭.૯૯ |
| ૨૦૧૦-૧૧ | ૫૮૦.૦૨ |

(૩) આ ૭ બંધારાના કામો થકી અંદાજે ૬૯૦૦ હેક્ટર વિસ્તારને સીધો કે આડકતરો સિંચાઈનો લાભ મળશે.

**આણંદ જિલ્લામાં તાલુકાવાર નવા હેન્ડપંપો**

૨૦૦૨૬ **: શ્રી નિરંજનભાઈ પટેલ (પેટલાદ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં તાલુકાવાર કેટલા નવા હેન્ડ પંપો મૂકવામાં આવ્યા ?

**જવાબ**

આણંદ જિલ્લામાં તાલુકાવાર નીચે મુજબ નવા હેન્ડપંપો મૂકવામાં આવ્યા.

| **તાલુકો** | **હેન્ડપંપ** |
|---|---|
| આણંદ | ૧૮ |
| આંક્લાવ | ૩૬ |
| સોજીત્રા | ૧૬ |
| બોરસદ | ૩૦ |
| પેટલાદ | ૩૬ |
| ઉમરેઠ | ૩૭ |
| ખંભાત | ૦૭ |
| તારાપુર | ૦૦ |
| **કુલ** | **૧૮૦** |

**જૂનાગઢ જિલ્લામાં પી.એચ.સી. ના મકાનો બાંધવા મંજૂર રકમ**

૨૦૮૬૦ **: શ્રી કાળુભાઈ ચ.રાઠોડ (ઉના) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જૂનાગઢ જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના મકાનો બાંધવા માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવી છે,

(૨) આ કામગીરી ક્યાં સુધીમાં શરૂ થશે, અને

(૩) ઉક્ત કામગીરી કેટલા સમયમાં પૂર્ણ કરવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) જૂનાગઢ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો બાંધવા માટે છેલ્લા એક વર્ષમાં નીચે મુજબ રકમ મંજૂર કરવામાં આવેલ છે.

| **પ્રા. આ. કેન્દ્ર** | **મંજૂર કરેલ રકમ** |
|---|---|
| જામવાળા | રૂા. ૨૬,૦૬,૦૦૦ |
| બાલાગામ | રૂા. ૨૬,૦૬,૦૦૦ |

(૨) ટેન્ડર મંજૂર થયેથી કામગીરી શરૂ કરવામાં આવશે.

(૩) આ કામગીરી ટેન્ડર મંજૂર થયેથી ૧૨ માસ સુધીમાં પુર્ણ કરવાનું આયોજન છે.

--------

**રાજકોટ જિલ્લાની નગરપાલિકાને સ્વર્ણિમ જ્યંતી મુખ્યમંત્રીશ્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત ગ્રાન્ટ**

૨૦૮૫૦ **: શ્રી પ્રવિણભાઈ મો. માકડિયા (ઉપલેટા)** : **માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૦૯-૧૦ અને ૨૦૧૦-૧૧ માં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ રાજકોટ જિલ્લાની નગરપાલિકાને સ્વર્ણિમ જ્યંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ મોડલ નગરપાલિકા ઘટક કાર્યક્રમ હેઠળ વિકાસના કામો માટે કેટલી ગ્રાન્ટ ચુકવવામાં આવી, અને

(૨) તે અન્વયે તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ ક્યા ક્યા કામો પૂર્ણ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ સ્વર્ણિમ જ્યંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અન્વયે ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડ દ્વારા રાજકોટ જિલ્લાની નગરપાલિકાઓના વિકાસના કામો માટે વર્ષ ૨૦૦૯-૧૦ માં રૂા. ૧૩.૭૫ કરોડની ગ્રાન્ટ જિલ્લા શહેરી વિકાસ એજન્સી (ડુડા) રાજકોટને હસ્તક મુકવામાં આવેલ છે.

| નં. | નગરપાલિકાનું નામ | ફાળવેલ રકમ રૂા. કરોડમાં | | કુલ ચુકવેલ રકમ |
|---|---|---|---|---|
| | | ૨૦૦૯-૧૦ (તા. ૧-૪-૦૯ થી તા. ૩૧-૦૩-૧૦) | ૨૦૧૦-૧૧ (તા. ૧-૪-૧૦ થી તા. ૩૧-૧૨-૧૦) | |
| ૧ | મોરબી | ૨,૫૦૦ | - | ૨,૫૦૦ |
| ૨ | જેતપુર | ૨,૫૦૦ | - | ૨,૫૦૦ |
| ૩ | ગોંડલ | ૧,૭૫૦ | - | ૧,૭૫૦ |
| ૪ | ધોરાજી | ૧,૭૫૦ | - | ૧,૭૫૦ |
| ૫ | ઉપલેટા | ૧,૭૫૦ | - | ૧,૭૫૦ |
| ૬ | વાંકાનેર | ૧,૦૦૦ | - | ૧,૦૦૦ |
| ૭ | જસદણ | ૧,૦૦૦ | - | ૧,૦૦૦ |
| ૮ | ભાયાવદર | ૦,૭૫૦ | - | ૦,૭૫૦ |
| ૯ | માળીયા મિયાણા | ૦,૭૫૦ | - | ૦,૭૫૦ |
| | **કુલ** | **૧૩,૭૫૦** | -* | **૧૩,૭૫૦** |

*વર્ષ ૨૦૧૦-૧૧માં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ કોઈ ગ્રાન્ટ ચુકવવામાં આવી નથી. પરંતુ તા. ૨૦-૧-૨૦૧૧ના રોજ રૂા. ૧૩.૭૫ કરોડની ગ્રાન્ટ જિલ્લા શહેરી વિકાસ એજન્સી (ડુડા) રાજકોટને ચુકવવામાં આવેલ છે.

(૨) તે અન્વયે તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ મુખ્ય રસ્તાનું એક (૧) કામ અને જન સુવિધા કેન્દ્રનું એક (૧) કામ મળી કુલ બે (૨) કામો પૂર્ણ કરવામાં આવેલ છે.

--------

**અમરેલી જિલ્લામાં પૂર્ણ કરેલ ચેકડેમો**

૨૦૮૮૨ **: શ્રી મનસુખભાઈ પાં.ભુવા (ધારી) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમરેલી જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા ચેકડેમ પૂર્ણ કરવામાં આવ્યા,

(૨) ઉક્ત સ્થિતિએ આ ચેકડેમ પાછળ કુલ કેટલો ખર્ચ થયો, અને

(૩) આ ચેકડેમો થકી કેટલા વિસ્તારને સિંચાઈનો લાભ મળશે ?

**જવાબ**

(૧) ૧૮૦ ચેકડેમો.

(૨) રૂા. ૧૦.૦૫ કરોડ.

(૩) ૨૦૪૪ હેક્ટર વિસ્તારને આડક્તરો લાભ મળશે.

--------

**મુન્દ્રા તાલુકામાં બંધારા**

૨૦૮૯૦ **: શ્રી રમેશભાઈ વ.મહેશ્વરી (મુંદ્રા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લાના મુન્દ્રા તાલુકામાં સુજલામ-સુફલામ યોજના હેઠળ વર્ષ ૨૦૦૯-૧૦ અને ૨૦૧૦-૧૧ માં તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ કેટલા બંધારા બનાવવામાં આવ્યા, અને

(૨) આ કામો પાછળ ઉક્ત સ્થિતિએ વર્ષવાર કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) કચ્છ જિલ્લાના મુન્દ્રા તાલુકામાં સુજલામ-સુફલામ યોજના હેઠળ વર્ષ ૨૦૦૯-૧૦ અને ૨૦૧૦-૧૧ પૈકી વર્ષ ૨૦૧૦-૧૧ માં ૧ બંધારાનું કામ ભૌતિક રીતે પૂર્ણ કરવામાં આવ્યું છે.

(૨) આ સમયગાળા પહેલાં ભૌતિક રીતે પૂર્ણ થયેલ કામો પર વર્ષ ૨૦૦૯-૧૦માં રૂા. ૨૦૭.૬૫ લાખ અને વર્ષ ૨૦૧૦-૧૧માં તા. ૩૧-૧૨-૧૦ અંતિત રૂ. ૫.૫૨ લાખનો ખર્ચ કરવામાં આવ્યો.

--------

**રાજકોટ અને કચ્છ જિલ્લામાં સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના અંતર્ગત બનેલ ચેકડેમો**

૨૧૯૨૫ **: શ્રી મહંમદ જાવેદ પીરઝાદા (વાંકાનેર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૧૫-૦૨-૧૧ની સ્થિતિએ રાજકોટ અને કચ્છ જિલ્લામાં સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના હેઠળ છેલ્લા એક વર્ષમાં કેટલા ચેકડેમો બનાવવામાં આવ્યા અને જિલ્લાવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો,

(૨) કઇ કઇ સ્વેચ્છિક સંસ્થાઓને ચેકડેમોનું ચૂકવણું કરવાનું બાકી છે, અને

(૩) તેના કારણો શાં છે?

**જવાબ**

(૧) રાજકોટ જિલ્લામાં ૫૨૫ ચેકડેમો અને કચ્છ જિલ્લામાં ૧૪૫૮ ચેકડેમો બનાવવામાં આવ્યા. રાજકોટ જિલ્લામાં રૂા. ૧૮.૫૬ કરોડ અને કચ્છ જિલ્લામાં રૂા. ૫૩.૬૨ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો.

(૨) કોઇ સંસ્થાને ચૂકવણું કરવાનું બાકી નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**મહેસાણા જિલ્લામાં ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાના લાભાર્થી**

૨૦૮૫૨ **: શ્રી કાંતિલાલ રા.પટેલ (વિજાપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા જિલ્લામાં ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાનો કેટલા લાભાર્થીએ લાભ લીધો, અને

(૨) આ પૈકી કેટલાની જિંદગી બચાવવામાં આવી ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા જિલ્લામાં કુલ ૪૧૧૬૬ લાભાર્થીઓએ ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાનો લાભ લીધો છે.

(૨) આ પૈકી હ્નદયરોગ, રોડ અકસ્માત, સર્પદંશ, આત્મહત્યા, જટિલ પ્રસુતિ વગેરેમાં તાત્કાલીક સારવાર ન મળે તો જે તે દર્દીનો જાન જોખમમાં હોય છે. તેવી કુલ ૨૧૦૯ જીંદગી બચાવવામાં આવેલ છે.

--------

**અમદાવાદ જિલ્લામાં ખાદ્ય પદાર્થોમાં ભેળસેળ અન્વયે દરોડા**

૧૯૫૬૩ **: શ્રી ગ્યાસુદીન શેખ (શાહપુર)** : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ જિલ્લામાં તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ અમદાવાદ શહેરમાં છેલ્લા એક વર્ષમાં મીઠાઇ અંગે ખાદ્યપદાર્થોમાં વ્યાપક ભેળસેળ અન્વયે કેટલા દરોડાઓ પાડી કેટલી કિંમતનો માલ જપ્ત કરવામાં આવ્યો,

(૨) આ અંગેના ફુડ ઇન્સ્પેક્ટર રોજ નિયમિત ચકાસણી તપાસ કાર્યવાહી ન કરતા હોય તેમની સામે સરકાર શિક્ષાત્મક પગલાં ભરવા માંગે છે કે કેમ, અને

(૩) ભેળસેળવાળો માલ જપ્ત થયો તે અન્વયે જવાબદારો સામે સરકારે ક્યા પ્રકારના પગલાં લઇ કેટલા કેસો કર્યા ?

**જવાબ**

(૧) ૨૮૧૨ દરોડાઓ પાડવામાં આવેલ છે, દરોડા દરમ્યાન કુલ ૪૦,૨૧૮ કિલો માલ જપ્ત કરવામાં આવેલ છે. જેની અંદાજીત કિંમત રૂ. ૧૯,૫૦,૬૭૫/- થાય છે.

(૨) પી.એફ.એ. એક્ટ હેઠળ ફુડ ઇન્સ્પેક્ટરો ધ્વારા નિયમિત ખાદ્ય પદાર્થોના નમુના લેવાની કામગીરી કરવામાં આવતી હોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) (૧) ૩૯,૫૮૭ કિલો માલનો નાશ કરવામાં આવેલ છે, (૨) ૩૬૧ કિલો માલ જપ્તી હેઠળ રાખવામાં આવેલ છે અને (૩) જવાબદારો સામે ૩૧૬ કોર્ટ કેસ ખોરાક ભેળસેળ પ્રતિબંધક ધારો, ૧૯૫૪ના કાયદાની કલમ-૭ મુજબ દાખલ કરેલ છે.

--------

**જે.એન.યુ.આર.એમ. અંતર્ગત પોરબંદર શહેર માટે મંજૂર સીટી ડેવલપમેન્ટ પ્લાન**

૨૦૨૦૪ **: શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા (પોરબંદર) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ જવાહરલાલ નહેરુ નેશનલ અર્બન રીન્યુઅલ મીશન હેઠળ પોરબંદર શહેર માટે છેલ્લા ત્રણ વર્ષમાં કેટલા રૂપિયાના સીટી ડેવલોપમેન્ટ પ્લાન મંજૂર થયેલ છે, અને

(૨) તે પૈકી કેટલી અંદાજિત રકમના ક્યા ક્યા પ્રોજેક્ટ ક્યા તબક્કે છે ?

**જવાબ**

(૧) રૂ. ૮૭૨.૫૮ કરોડનો સીટી ડેવલપમેન્ટ પ્લાન મંજૂર થયેલ છે.

(૨) સીટી ડેવલપમેન્ટ પ્લાનમાંથી તા. ૨૦-૧૨-૨૦૧૦ ના રોજ પાણી પુરવઠા યોજના અંતર્ગત રૂ. ૨૬.૩૧ કરોડના ડીપીઆર મંજૂર થયેલ છે. ભૂગર્ભ ગટર યોજના તથા ગરીબ આવાસ યોજના માટેના કુલ બે પ્રોજેક્ટનો ડી.પી.આર. મંજૂરીની પ્રક્રિયા હેઠળ છે.

--------

**બનાસકાંઠા જિલ્લાના અમીરગઢ અને પાલનપુર તાલુકાના ગામોમાં ડાર્કઝોન**

૨૧૪૮૪ **: શ્રી વસંતભાઈ ભટોળ (દાંતા)** : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના અમીરગઢ અને પાલનપુર તાલુકાના કેટલા ગામો ડાર્કઝોનમાં છે,

(૨) વર્ષ ૨૦૧૦-૧૧માં ચોમાસાની ઋતુમાં આ વિસ્તારમાં થયેલ સારા વરસાદને કારણે પાણીના સ્તર ઉંચા આવ્યા હોઈ તંત્ર દ્વારા ડાર્કઝોન દૂર કરવા કોઈ કાર્યવાહી કરવામાં આવનાર છે કે કેમ, અને

**જવાબ**

(૧), (૨) અને (૩) : નામદાર સુપ્રિમ કોર્ટ અને કેન્દ્ર સરકારની સૂચના અન્વયે નર્મદા, જળસંપત્તિ અને પાણી પુરવઠા વિભાગના ઠરાવ ક્રમાંક : જીડબલ્યુઆર-૨૦૦૩-૧૪-જ-૧, તા. ૧૬-૧૨-૨૦૦૩ અન્વયે

તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના અમીરગઢ અને પાલનપુર તાલુકા ડાર્કઝોનમાં છે.

(૩) જો હા, તો આ કામગીરી ઉક્ત સ્થિતિએ ક્યા તબક્કે છે?

જે વિસ્તારમાં ભૂગર્ભ જળ રિચાર્જના પ્રમાણમાં ખેંચાણ વધારે હોય અને ડાર્કઝોન અમલી બનતો હોય ત્યાં ભૂગર્ભ જળ રીચાર્જ માટે ચેકડેમ, તળાવો ઉંડા કરી વરસાદી પાણીનો સંચય કરવો, ચેકડેમ ઉંડા કરવા જેવા જળસંચયના કામોને પ્રાધાન્યતા આપી કામગીરી કરવામાં આવે છે.

આવા વિસ્તારોમાં જ્યારે સાતત્યપૂર્ણ રીતે ભૂગર્ભ જળના સ્તરમાં સારા પ્રમાણમાં સુધારો નોંધાય ત્યારે ભારત સરકારે આપેલ માર્ગદર્શક સૂચનાઓ અનુસાર વર્ગીકરણની કાર્યવાહી કરવામાં આવે છે.

--------

**કરજણ સિંચાઈ યોજના હેઠળનો પિયત વિસ્તાર**

૨૦૦૨૦ : **શ્રી ઈકબાલ પટેલ (વાગરા)** : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ ભરૂચ જિલ્લાની ઝગડીયા અને વાલીયા તેમજ નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકાને આવરી લેતી કરજણ સિંચાઈ યોજના હેઠળ કેટલો વિસ્તાર પિયત હેઠળ આવ્યો, અને | (૧) ૩૨૫૪૦ હેક્ટર. |
| (૨) બાકી કેટલો વિસ્તાર પિયત હેઠળ આવરવાનો બાકી છે, અને | (૨) ૧૧૭૦૧ હેક્ટર |
| (૩) તે કેટલા સમયમાં આવરી લેવામાં આવશે? | (૩) પ્રથમ તબક્કામાં ભૂગર્ભ પાઈપ લાઈન સિવાયના બાકી વિસ્તારમાં તબક્કાવાર નહેર સુધારણાની કામગીરી હાથ ધરી પૂર્ણ કરવાનું આયોજન છે. |

**જામનગર જિલ્લામાં આજી-૩ ડેમમાંથી ઓવરફ્લો થતા પાણી બાબત**

૨૦૧૧૩ : **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા)** : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) જામનગર જિલ્લામાં આવેલ આજી-૩ ડેમમાંથી ચોમાસામાં ઓવરફ્લો થઈ દરિયામાં વહી જતા પાણીને રોકવા લસિપુર ગામ પાસે વધારાની કેનાલ બનાવી તેના દ્વારા તળાવો અને ચેકડેમો ભરવા સરકારે કોઈ યોજના કરી છે કે કેમ, | (૧) આ અંગે રજૂઆત આવેલ છે. |
| (૨) જો હા, તો આ યોજના પૂર્ણ કરવાનું કામ તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ ક્યા તબક્કે છે, અને | (૨) રજૂઆત તાંત્રિક ચકાસણી હેઠળ છે. |
| (૩) તેને પૂર્ણ કરવાનું શું આયોજન કરેલ છે અને તે ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે? | (૩) તાંત્રિક દૃષ્ટિએ ફીઝીબલ જણાયે કાર્યવાહી કરવામાં આવશે |

--------

**શાળા આરોગ્ય કાર્યક્રમ અંતર્ગત અમદાવાદ જિલ્લામાં બાળકોની સારવાર**

૨૦૮૭૦ : **શ્રી રાકેશ શાહ (એલીસબ્રીજ)** : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શાળા આરોગ્ય કાર્યક્રમ હેઠળ અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર કેટલા બાળકોને, ક્યા ક્યા રોગો માટે સારવાર આપવામાં આવી, અને | (૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર પત્રક-અ માં દર્શાવ્યા મુજબના રોગો માટે બાળકોને સારવાર આપવામાં આવી છે. |
| (૨) તે પૈકી કેટલા બાળકો રેફરલ સારવાર અને તજજ્ઞ સારવાર આપવામાં આવી? | (૨) તે પૈકી તાલુકાવાર પત્રક-બ માં દર્શાવ્યા મુજબના સંદર્ભ સેવાપાત્ર મળી આવેલ બાળકોને તજજ્ઞ દ્વારા સારવાર આપવામાં આવી છે. |

પત્રક-અ

| રોગનું નામ | દસક્રોઈ | સાણંદ | વિરમગામ | માંડલ | દેત્રોજ | બાવળા | ધોળકા | ધંધુકા | બરવાળા | રાણપુર | અમદાવાદ કોર્પોરેશન | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| પાંડુરોગ | ૧૩૩૯૨ | ૯૬૯૧ | ૨૬૨૨ | ૯૬૨ | ૧૫૦૦ | ૨૮૦૨ | ૬૯૮૭ | ૩૫૨૬ | ૪૭૦ | ૫૯૮ | ૧૦૫૧૫૪ | ૧૪૭૭૦૪ |
| આંત્રકૃમિ | ૮૭૨૪ | ૬૦૩૫ | ૧૭૬૨ | ૭૩૭ | ૬૬૫ | ૨૧૪૮ | ૭૬૩૯ | ૩૯૬૫ | ૬૪૫ | ૭૪૫ | ૧૦૨૧૧૧ | ૧૩૫૧૭૬ |
| દાંતની ખામી | ૧૬૯૯ | ૫૮૫ | ૯૫૯ | ૩૩૫ | ૪૫૨ | ૮૨૫ | ૭૪૩ | ૪૩૦ | ૧૪૬ | ૬૨ | ૧૬૯૪૦ | ૨૩૧૭૬ |
| આંખની ખામી | ૨૪૦૧ | ૧૩૪૧ | ૮૦૪ | ૨૭૬ | ૪૩૩ | ૩૯૨ | ૩૧૪૩ | ૨૨૫ | ૨૩૧ | ૩૩૯ | ૨૪૦૨૯ | ૩૩૬૧૪ |
| કાન, નાક, ગળાની ખામી | ૧૯૩૩ | ૭૧૮ | ૭૭૧ | ૨૫૫ | ૨૯૪ | ૨૧૯ | ૧૩૨૭ | ૩૮૮ | ૧૭૯ | ૨૫૪ | ૭૯૦૪ | ૧૪૨૪૨ |
| પેટની તકલીફ | ૧૦૫૩ | ૮૫૯ | ૬૧૧ | ૨૨૨ | ૩૧૩ | ૫૦૫ | ૧૩૩૭ | ૬૦૬ | ૭૬ | ૨૩૫ | ૨૮૦૯ | ૮૬૨૬ |
| ચામડીના રોગ | ૧૩૦૧ | ૧૯૮૦ | ૭૯૩ | ૩૩૩ | ૪૮૪ | ૬૫૭ | ૯૮૧ | ૫૪૦ | ૧૭૭ | ૧૯૪ | ૦ | ૭૪૪૦ |
| શરીરની સ્થૂળતા | ૨૭ | ૫ | ૪ | ૧ | ૨ | ૦ | ૦ | ૦ | ૨ | ૪ | ૧૪ | ૫૯ |
| તમાકુનુ સેવન | ૨૧ | ૩૬ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૪ | ૬૧ |
| માનસિક તણાવ | ૧ | ૩ | ૨ | ૨ | ૨ | ૨ | ૦ | ૪ | ૧ | ૦ | ૦ | ૧૭ |
| જાતીય રોગો | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૨ |
| શ્વસનતંત્રના રોગો | ૪૨૬ | ૧૯૨ | ૪૨ | ૧૪૧ | ૪૮ | ૨૫ | ૨૯૪ | ૮૦૪ | ૧ | ૨૪૬ | ૩૮૫૭ | ૬૦૭૬ |
| ચેતાતંત્રના રોગો | ૨૦ | ૧૭ | ૨૦ | ૪૧ | ૩ | ૬ | ૧ | ૨૭ | ૧ | ૨૪ | ૧૪ | ૧૭૪ |
| અસ્થિતંત્રના રોગો | ૩૧ | ૨૩ | ૩૦ | ૪૦ | ૦ | ૧૧ | ૫ | ૬ | ૩ | ૧૦ | ૧૦ | ૧૬૯ |
| વિક્લાંગતા | ૧૫૩ | ૧૦૨ | ૪૮ | ૪૪ | ૨૯ | ૧૬ | ૧૨૨ | ૧ | ૪૩ | ૧૦ | ૦ | ૫૬૮ |
| અન્ય રોગ | ૦ | ૨૩૨ | ૦ | ૦ | ૦ | ૧૧ | ૨૮ | ૪૦૨ | ૬ | ૯૮ | ૦ | ૭૭૭ |
| હ્રદય | ૬૦ | ૨૯ | ૨૦ | ૪ | ૧૭ | ૧૩ | ૪૦ | ૨૦ | ૧૩ | ૮ | ૪૯૭ | ૭૨૧ |
| કીડની | ૨૬ | ૧૨ | ૧૨ | ૧ | ૪ | ૧૦ | ૧૯ | ૬ | ૩ | ૫ | ૧૫૧ | ૨૪૯ |
| કેન્સર | ૩૨ | ૧૫ | ૩ | ૨ | ૧ | ૪ | ૧૧ | ૧ | ૧ | ૫ | ૬૦ | ૧૩૫ |
| **કુલ** | **૩૧૩૦૦** | **૨૧૮૭૫** | **૮૫૦૩** | **૩૩૯૬** | **૪૨૪૭** | **૭૬૪૮** | **૨૨૬૭૭** | **૧૦૯૫૧** | **૧૯૯૮** | **૨૮૩૭** | **૨૬૩૫૫૪** | **૩૭૮૯૮૬** |

**પત્રક-બ**

| તાલુકાનું નામ | બાળરોગ નિષ્ણાત | આંખ રોગ નિષ્ણાત | દાંત રોગ નિષ્ણાત | ચામડીના નિષ્ણાત | કાન, નાક, ગળાના નિષ્ણાત | અન્ય રોગ | સંદર્ભ સેવા આપેલ બાળકોની સંખ્યા |
|---|---|---|---|---|---|---|---|
| દસક્રોઈ | ૨૪૦ | ૯૨૩ | ૬૩ | ૪૪ | ૧૯૧ | ૨૨ | ૧૪૮૩ |
| સાણંદ | ૨૩૩ | ૫૫૬ | ૩૨ | ૫૧ | ૬૫ | ૦ | ૯૩૭ |
| વિરમગામ | ૧૧૭ | ૨૩૧ | ૯ | ૧૬ | ૫૫ | ૦ | ૪૨૮ |
| માંડલ | ૮૩ | ૨૮૧ | ૩૯ | ૧૮ | ૧૦ | ૦ | ૪૩૧ |
| દેત્રોજ | ૪૮ | ૩૮૫ | ૧ | ૪ | ૮૪ | ૦ | ૫૨૨ |
| બાવળા | ૧૪૪ | ૨૬૯ | ૩૪ | ૩૬ | ૪૦ | ૦ | ૫૨૩ |
| ધોળકા | ૨૮૧ | ૧૮૨૬ | ૮૧ | ૮૭ | ૧૭૪ | ૦ | ૨૪૪૯ |
| ધંધુકા | ૮૬ | ૨૦૩ | ૪૨ | ૨૬ | ૪૮ | ૦ | ૪૦૫ |
| બરવાળા | ૨૨ | ૧૫ | ૭ | ૬ | ૪ | ૦ | ૫૪ |
| રાણપુર | ૧૪૭ | ૧૦૨ | ૧૮ | ૨૨ | ૨૫ | ૦ | ૩૧૪ |
| અમદાવાદ કોર્પોરેશન | ૮૮૪૭ | ૩૨૦૩ | ૩૩૭૭ | ૧૩૨૦ | ૫૮૬૨ | ૦ | ૨૨૬૦૯ |
| કુલ | ૧૦૨૪૮ | ૭૯૯૪ | ૩૭૦૩ | ૧૬૩૦ | ૬૫૫૮ | ૨૨ | ૩૦૧૫૫ |

---

## રાધનપુર શહેરમાં વરસાદી પાણીના નિકાલ માટે કામગીરી

૨૦૮૨૯ : **શ્રી શંકરભાઈ લ. ચૌધરી (રાધનપુર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પાટણ જિલ્લાના રાધનપુર શહેરમાં વરસાદી પાણીના નિકાલ માટેની કામગીરી ક્યા તબક્કે છે, અને

(૨) આ કામગીરી ક્યારે પૂરી કરવામાં આવશે?

**જવાબ**

(૧) અને (૨) : રાધનપુર શહેરમાં વરસાદી પાણીના નિકાલ માટે નીચે મુજબની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે.

(૧) સ્કોટ કેનાલ, સાતુન તથા ભિલોટ કેનાલમાંથી માટી દૂર કરવાની તથા પાળાઓની મજબુતીકરણ.

(૨) સ્કોટ કેનાલ ઉપર સી.આર/એચ.આર. ગેટ તથા લેવલ ક્રોસીંગ.

(૩) સ્કોટ કેનાલ ઉપર કેનાલ સાયફન

**સાબરકાંઠા જિલ્લામાં મોટા ચેકડેમો**

૨૦૮૮૮ : **શ્રી દિલિપસિંહજી પરમાર (મોડાસા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાબરકાંઠા જિલ્લામાં વર્ષ ૨૦૦૯-૨૦૧૦માં કેટલા મોટા ચેકડેમ મંજૂર થયા, | (૧) ૫૭. |
| (૨) તેમાંથી કેટલાનાં કામો પૂર્ણ થયા, અને | (૨) ૧૨. |
| (૩) તેમાં તા. ૩૧-૩-૧૦ની સ્થિતિએ કુલ કેટલી રકમનો ખર્ચ થયો ? | (૩) રૂા. ૧૪.૮૪ કરોડ. |

**સુરેન્દ્રનગર જિલ્લામાં પૂર્ણ કરેલ ચેકડેમો**

૨૦૮૯૧ : **શ્રી ભરતભાઈ વ. ખોરાણી (ચોટીલા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરેન્દ્રનગર જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા ચેકડેમ પૂર્ણ કરવામાં આવ્યા, | (૧) ૧૫૦ ચેકડેમો. |
| (૨) આ ચેકડેમ પાછળ કુલ કેટલો ખર્ચ થયો, અને | (૨) રૂા. ૬૩૨.૦૦ લાખ. |
| (૩) આ ચેકડેમો થકી કેટલા વિસ્તારને સિંચાઈનો લાભ મળશે ? | (૩) ૩૩૭૦ હેક્ટર વિસ્તારને આડક્તરો લાભ મળશે. |

**૬૩**

**પ્રશ્ન રદ કરેલ છે.**

--------

**માઝમ જળાશય યોજનાની નહેર સુધારણાની કામગીરી**

૨૦૮૭૪ : **શ્રી ઉદેસિંહ ઝાલા (બાયડ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાબરકાંઠા જિલ્લામાં આવેલ માઝમ જળાશય યોજનાની નહેર સુધારણાની કામગીરી ક્યારે શરૂ કરવામાં આવી, અને | (૧) તા. ૧૩-૫-૧૦ થી શરૂ કરવામાં આવી. |
| (૨) આ કામગીરી ક્યારે પૂર્ણ કરવામાં આવશે ? | (૨) શક્ય તેટલી વહેલી. |

--------

**ગોધરા શહેરમાં ભૂગર્ભ ગટર યોજના હેઠળ સર્વે**

૨૧૦૧૫ : **શ્રી સી. કે. રાઉલજી (ગોધરા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગોધરા શહેરમાં ભૂગર્ભ ગટર યોજના અંતર્ગત લાઈનો નાંખવા તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ક્યારે ક્યારે સર્વે કામ કરવામાં આવ્યું, અને | (૧) ગોધરા શહેરમાં ભૂગર્ભ ગટર યોજના અંતર્ગત ગટર લાઈન નાંખવા તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મે-૨૦૧૦ થી સપ્ટેમ્બર-૨૦૧૦ સુધી સર્વે કામ કરવામાં આવ્યુ. |
| (૨) આ ભૂગર્ભ ગટર યોજના ક્યારથી શરૂ કરવાનું આયોજન છે ? | (૨) સમગ્ર રાજ્યની ૧૫૯ નગરપાલિકાઓ માટે કરેલ આયોજન મુજબ આ ભૂગર્ભ ગટર યોજના મે-૨૦૧૨ થી શરૂ કરવાનું આયોજન છે. |

**રાજ્યમાં એ.એન.એમ./ફિમેલ હેલ્થ વર્કરની કોલેજોમાં બેઠકો**

૨૧૪૬૪ : **ડૉ. માયાબેન સુ. કોડનાની (નરોડા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યની સરકારી, અર્ધસરકારી અને સ્વનિર્ભર | (૧) રાજ્યની સરકારી, અર્ધ સરકારી અને સ્વનિર્ભર |

ઓક્ઝિલરી નર્સિંગ મીડવાઇફ કોર્ષ (એ.એન.એમ./ફિ.હે.વ.) માટેની કોલેજોમાં તા. ૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ પ્રવેશ માટે કેટલી બેઠકો છે, અને

ઓક્ઝિલરી નર્સ મીડવાઇફ કોર્ષ માટેની કોલેજમાં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ પ્રવેશ માટે નીચે મુજબની બેઠકો છે.

| સંસ્થા | તાલીમ સ્કુલની સંખ્યા | તાલીમાર્થીઓની સંખ્યા |
|---|---|---|
| સરકારી | ૨૨ | ૮૭૦ |
| અર્ધસરકારી | ૦૦ | ૦૦ |
| સ્વનિર્ભર | ૧૦ | ૩૧૦ |
| કુલ : | ૩૨ | ૧૧૮૦ |

(૨) ઓક્ઝિલરી નર્સિંગ મીડવાઇફ/ફિમેલ હેલ્થ વર્કર કોર્ષમાં પ્રવેશ માટે ક્યા સંવર્ગની કેટલી બેઠકો અનામત રાખવામાં આવેલી છે ?

(૨)

| જનરલ | ઓ.બી.સી | એસ.ટી. | એસ.સી. | કુલ |
|---|---|---|---|---|
| ૫૧ % | ૨૭ % | ૧૫ % | ૭ % | ૧૦૦ % |

--------

**દાહોદ - ઝાલોદ તાલુકામાં ૮૦ : ૨૦ ના ધોરણે બનેલ ચેકડેમો**

૨૦૧૮૭ : **શ્રી બચુભાઈ કિશોરી (લીમડી) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) દાહોદ જિલ્લામાં તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ અને ઝાલોદ તાલુકામાં ૮૦ : ૨૦ % ના ધોરણે કુલ કેટલા ચેકડેમો બનાવવામાં આવ્યા,

(૧) દાહોદ : ૫૭
ઝાલોદ : ૫૭

(૨) આ ચેકડેમો પૈકી ઉપરોક્ત સ્થિતિએ કેટલા ચેકડેમ પૂર્ણ કરવામાં આવેલ છે, અને

(૨) દાહોદ : ૫૭
ઝાલોદ : ૫૭

(૩) પૂર્ણ થયેલ ચેકડેમોમાંથી કેટલા એકર જમીનને સિંચાઇનું પાણી મળે છે ?

(૩) ૮૮૨ હેક્ટર.

--------

**બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં ઊંડા કરાયેલ મોટા તળાવો**

૨૦૮૨૮ : **શ્રી અનિલકુમાર માળી (દિયોદર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં વર્ષ ૨૦૦૯-૨૦૧૦ અને ૨૦૧૦-૨૦૧૧માં તા. ૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ કેટલા મોટા તળાવો ઊંડા કરવામાં આવેલ છે, અને

(૧) બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં નીચે મુજબ મોટા તળાવો ઊંડા ઉતારવામાં આવ્યા.

| જિલ્લો | વર્ષ ૨૦૦૯-૧૦ | વર્ષ ૨૦૧૦-૧૧ |
|---|---|---|
| બનાસકાંઠા | ૦૪ | ૨૦ |
| પાટણ | ૧૦ | ૧૭ |

(૨) તે માટે વર્ષવાર કેટલી રકમનો ખર્ચ થયેલ છે ?

(૨)

| જિલ્લો | વર્ષ ૨૦૦૯-૧૦ (રૂા. લાખમાં) | વર્ષ ૨૦૧૦-૧૧ (રૂા. લાખમાં) |
|---|---|---|
| બનાસકાંઠા | ૫૪.૦૫ | ૯૭.૩૩ |
| પાટણ | ૧૫૭.૩૩ | ૯૧.૧૧ |

--------

**જે.એન.યુ.આર.એમ. અંતર્ગત કેન્દ્ર તરફથી શહેરી બસ અને બી.આર.ટી.એસ. માટે મળેલ નાણાં**

૨૧૬૩૧ : **શ્રી મોહનસિંહ છો.રાઠવા (પાવી-જેતપુર) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેન્દ્ર સરકાર દ્વારા જવાહરલાલ નહેરૂ નેશનલ અર્બન રીન્યુઅલ મીશન હેઠળ શહેરી બસ અને બસ રેપીડ ટ્રાન્ઝીટ સીસ્ટમ (બી.આર.ટી.એસ.) ખરીદવા માટે કેટલા નાણાં મળ્યા છે,

(૧) નીચે મુજબ નાણા મળ્યા છે. (રૂા. કરોડમાં)

| ક્રમ | શહેરનું નામ | કેન્દ્ર સરકાર દ્વારા મળેલ રકમ | કુલ |
|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ૩૯.૦૭ | ૩૯.૦૭ |

(૨) આ નાણામાંથી રાજ્ય સરકારે કેટલી બસો ક્યા ભાવે ખરીદી,

(૨) નીચે પ્રમાણેની વિગતે અમદાવાદ મહાનગરપાલિકાએ બસો ખરીદી.

| ક્રમ | શહેરનું નામ | બસોની સંખ્યા | બસની કિંમત -બસ દીઠ |
|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ૯૪ | ₹ ૨૨ લાખ |

(૩) ક્યા ક્યા શહેરો માટે કેટલી બસો ફાળવી,

(૩)

| ક્રમ | શહેરનું નામ | ફાળવેલ બસોની સંખ્યા |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ૯૪ |

(૪) કેન્દ્ર સરકારની ગાઇડ લાઇન મુજબનો સંબંધિત યોજનાનો લોગો લગાડવામાં આવેલ છે કે કેમ, અને

(૪) હા, જી.

(૫) જો ના, તો તેના કારણો શાં છે ?

(૫) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**નર્મદાનું પાણી દાંતીવાડા અને સીપુ બંધોમાં પહોંચાડવા અંગે**

૨૦૮૭૮ : **શ્રી બાબુભાઈ દેસાઈ (કાંકરેજ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) બનાસકાંઠા જિલ્લાના દાંતીવાડા તથા સીપુ બંધોમાં નર્મદાનું પાણી પહોંચાડવાની કામગીરી તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ ક્યા તબક્કે છે, અને

(૧) દાંતીવાડા અને સીપુ બંધના કમાન્ડ વિસ્તારમાં નર્મદા મુખ્ય નહેરની સાંકળ ૩૭૫.૧૦ કી.મી. પરથી પાણી નાખવા માટેની ૭૯.૦૦ કી.મી. લંબાઇની, ઉદ્‌વહન એમ.એસ. પાઇપ લાઇનના ત્રણ સેક્શનની ત્રણ પમ્પીંગ સ્ટેશન સાથેની કામગીરી માટેના રૂા. ૩૬૬.૪૩ કરોડના ટેન્ડરો મંજુર કરીને વર્કઓર્ડર આપેલ છે. આ કામગીરીના ભાગરૂપે એમ. એસ. પાઇપો બનાવવાની કામગીરી પ્રગતિ હેઠળ છે.

(૨) આ કામગીરી ક્યારે પૂર્ણ કરવામાં આવશે ?

(૨) આ કામગીરી અંદાજે બે વર્ષમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

**સુરત જિલ્લામાં ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાના લાભાર્થી**

૨૦૮૫૩ : **શ્રીમતી ભારતીબેન રાઠોડ (કામરેજ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાનો કેટલા લાભાર્થીઓએ લાભ લીધો, અને

(૧) ૧,૦૮,૫૬૮.

(૨) આ પૈકી કેટલાની જિંદગી બચાવવામાં આવી ?

(૨) આ પૈકી હૃદય રોગ, રોડ અકસ્માત, સર્પદંશ, આત્મહત્યા, જટિલ પ્રસૂતિ વગેરે કેસોમાં તાત્કાલિક સારવાર મળવાથી કુલ ૬,૪૭૫ જિંદગી બચાવવામાં આવી.

**વાજપાઈ નગરવિકાસ યોજના અંતર્ગત ખેડા જિલ્લાની નગરપાલિકાઓને રકમની ચુકવણી**

૨૦૮૪૦ : **શ્રી દેવુસિંહ જે.ચૌહાણ (માતર)** : **માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) વર્ષ ૨૦૧૦-૧૧માં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ વાજપાઈ નગર વિકાસ યોજનાના બીજા તબક્કા અન્વયે ખેડા જિલ્લાની નગરપાલિકાઓને કેટલી રકમ ચૂકવેલ છે, અને

(૧) વર્ષ ૨૦૧૦-૧૧માં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ વાજપાઈ નગર વિકાસ યોજનાના બીજા તબક્કા અન્વયે ખેડા જિલ્લાની નગરપાલિકાઓને કોઈ રકમ ચૂકવેલ નથી.

(૨)તે પૈકી ઉપરોક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયો?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના અંતર્ગત ડાંગ જિલ્લામાં ચેકડેમો**

૨૦૮૮૫ : **શ્રી વિજયભાઈ ર.પટેલ (ડાંગ-વાંસદા)** : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના હેઠળ વર્ષ ૨૦૦૯-૧૦ અને ૨૦૧૦-૧૧માં તારીખ ૩૧-૧૨-૧૦ ની સ્થિતિએ ડાંગ જિલ્લામાં કેટલા ચેકડેમ બનાવવામાં આવ્યા, અને

(૧) ૧૩૦ અને ૪૩.

(૨) તે પાછળ વર્ષવાર કેટલો ખર્ચ થયો ?

(૨) રૂા. ૪૪૭.૨૮ લાખ અને રૂા. ૨૦૨.૫૭ લાખ.

--------

## રાજ્યમાં નર્સીંગ કોલેજોમાં પ્રવેશ માટેની બેઠકો

૨૧૪૬૮ : **શ્રી અનિલભાઈ પટેલ (મહેસાણા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યની સરકારી/અર્ધસરકારી/સ્વનિર્ભર નર્સીંગ કોલેજોમાં તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ જનરલ નર્સીંગ (જી.એન.એમ.) મીડવાઈફમાં પ્રવેશ માટેની બેઠકો કેટલી છે, અને

(૨) જનરલ નર્સીંગ મીડવાઈફમાં પ્રવેશ માટે ક્યા સંવર્ગ માટેની કેટલી બેઠકો અનામત રાખવામાં આવે છે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ રાજ્યની જનરલ નર્સીંગ એન્ડ મીડવાઈફરી કોર્ષની માહીતી નીચે મુજબ છે.

| | | |
|---|---|---|
| નર્સીંગ ડીપ્લોમા કોર્ષ (સાડા ત્રણ વર્ષ) | | ૨૦૧૦-૧૧ |
| ડીપ્લોમા ઈન જનરલ નર્સીંગ અને મીડવાઈફરી (નર્સીંગ) | સરકારી | ૪૯૨ |
| | મ્યુ. કોર્પોરેશન | ૮૫ |
| | સ્વ-નિર્ભર | ૧૫૦૦ |
| | કુલ | ૨૦૭૭ |

(૨) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ જનરલ નર્સીંગ અને મીડવાઈફરીમાં પ્રવેશ માટેની બેઠકો કુલ : ૨૦૭૭ છે.

- એસ. સી. કેટેગરી ૦૭ ટકા
- એસ. ટી. કેટેગરી ૧૫ ટકા
- એસ.ઈ.બી.સી. ૨૭ ટકા
- વિક્લાંગ ૦૩ ટકા

- કુલ ઉપલબ્ધ સીટોમાંથી ૧૦ ટકા બેઠકો પુરૂષ ઉમેદવારથી ભરવામાં આવે છે.

--------

## દાહોદ જિલ્લાને પાણી પૂરું પાડતી યોજનાઓ

૨૧૫૭૪ : **શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા (લીમખેડા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ દાહોદ શહેર અને જિલ્લાને કઈ કઈ યોજનાઓ ધ્વારા પીવાનું પાણી પૂરું પાડવામાં આવે છે, અને

(૨) પાટા ડુંગરી જળાશયમાં ભારે માટી, કાંપ ભરાવાના કારણે સંગ્રહ શક્તિ ઓછી થઇ છે તે નિવારવા આ જળાશયને ઊંડું કરવા સરકારે કોઈ આયોજન કરેલ છે કે કેમ ?

**જવાબ**

(૧) -દાહોદ શહેરને પાટા ડુંગળી જળાશય તથા પાતાળ કૂવા આધારિત યોજના દ્વારા

-દાહોદ જિલ્લાના ગામોને જૂથ યોજના/સ્વતંત્ર યોજના તથા મીની પાઈપ યોજના અને હેન્ડપંપો દ્વારા.

(૨) હા, જી.

## મહી કડાણા ડાબા અને જમણા કાંઠા સિંચાઈ યોજનાનો કમાન્ડ વિસ્તાર

૨૧૬૮૫ : **શ્રી હીરાભાઈ હ.પટેલ (લુણાવાડા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ લુણાવાડા, ખાનપુર, કડાણા અને સંતરામપુર તાલુકાની મહી કડાણા ડાબા અને જમણા કાંઠા સિંચાઈ યોજનાનો કમાન્ડ વિસ્તાર કેટલો છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા કમાન્ડ વિસ્તારમાં પિયત થયેલ છે, અને

(૩) ઉક્ત સિંચાઈ યોજનાનો કમાન્ડ વિસ્તાર વધારવાનું સરકારનું શું આયોજન છે ?

**જવાબ**

(૧) ડાબા કાંઠા : ૧૧૦૫૯ હેક્ટર
જમણા કાંઠા : ૩૩૪૪ હેક્ટર

(૨) વર્ષ ૨૦૦૯-૧૦ : ૮૫૨૬ હેક્ટર
વર્ષ ૨૦૧૦-૧૧ : ૫૨૮૮ હેક્ટર

(૩) કડાણા ડાબા કાંઠા મુખ્ય નહેર પરથી બે તબક્કામાં લીફ્ટ કરી ઉચ્ચસ્તરીય નહેર કાઢી અંદાજે ૫૦૦૦ હેક્ટર વિસ્તારમાં સિંચાઈ માટે પાણી આપવાનું આયોજન છે. જ્યારે કડાણા જમણા કાંઠા નહેરના કમાન્ડ વિસ્તારમાં બાકી કામો પૂર્ણ કરી મહત્તમ વિસ્તારને સિંચાઈ માટે પાણી આપવાનું આયોજન છે.

**હીમોફીલીયાના દર્દીઓની સેવા**

૨૦૮૪૧ **: શ્રી આર.સી. પટેલ (જલાલપોર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ હીમોફીલીયાના દર્દીઓ માટે રાજ્ય સરકાર કઈ કઈ તબીબી સેવાઓ પૂરી પાડે છે, અને

(૨) નવસારી જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આ રોગના કેટલા દર્દીઓને સારવાર આપવામાં આવી ?

**જવાબ**

(૧) હીમોફીલીયાના દર્દીની સારવારમાં સામાન્ય રીતે સારવાર માટે તાજુ લોહી તથા લોહીના ઘટકો આપવાની જરૂરિયાત હોય છે. જે સરકારી હોસ્પિટલો દ્વારા આપવામાં આવે છે.

(૨) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જનરલ હોસ્પીટલ નવસારી ખાતે એક પણ દર્દી નોંધાયેલ નથી. પરંતુ ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી નવસારી ડીસ્ટ્રીક બ્રાન્ચ ખાતે આ રોગની સારવાર માટે એક દર્દીના લોહીના પુરવઠાની માંગણી નોંધાયેલ છે.

**વડોદરા જિલ્લામાં પી.એચ.સી.ના મકાનો બાંધવા મંજૂર રકમ**

૨૦૮૬૩ **: શ્રી અભેસિંહ મો. તડવી (સંખેડા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લામાં તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના મકાનો બાંધવા માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવી છે,

(૨) આ કામગીરી ક્યાં સુધીમાં શરૂ થશે, અને

(૩) ઉક્ત કામગીરી કેટલા સમયમાં પૂર્ણ કરવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) વડોદરા જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના મકાનોના બાંધકામ માટે છેલ્લા એક વર્ષમાં નીચે મુજબ રકમ મંજૂર કરવામાં આવેલ છે.

| **પ્રા. આ. કેન્દ્ર** | **મંજુર કરેલ રકમ** |
|---|---|
| થુવાવી | રૂા. ૫૦,૦૦,૦૦૦ |
| વડુ | રૂા. ૨૬,૦૬,૦૦૦ |
| વેલણ | રૂા. ૨૬,૦૬,૦૦૦ |
| મેથી | રૂા. ૨૬,૦૬,૦૦૦ |

પ્રાયોજના અધિકારીશ્રી છોટાઉદેપુર તરફથી તેમજ જિલ્લા આયોજન અધિકારીશ્રી તરફથી કુલ રૂા. ૧,૩૩,૦૦,૮૨૧/- ની રકમ મંજુર થયેલ છે તેની વિગત દર્શાવતું પત્રક-અ સામેલ છે.

(૨) ટેન્ડર મંજૂર થયેથી કામગીરી શરુ કરવાનું રહે છે.

(૩) આ કામગીરી ટેન્ડર મંજૂર થયેથી ૧૨ માસ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

**પત્રક-અ**

| **અ.નં.** | **પી.એચ.સી.નું નામ** | **તાલુકો** | **મંજુર થયેલ વર્ષ** | **ક્યા પ્રોગ્રામ હેઠળ** | **મંજુર થયેલ રકમ (રૂપિયા લાખમાં)** | **રિમાર્ક્સ** |
|---|---|---|---|---|---|---|
| ૧ | નવાલજા | ક્વાંટ | ૨૦૧૦-૨૦૧૧ | ટી.એસ.પી. | ૨૦,૦૦,૦૦૦ | પ્રાયોજના અધિકારીશ્રી તરફથી સેડીવાસણને બદલે સ્થળ ફેરનો હુકમ થયેલ છે. |
| ૨ | નવાલજા | ક્વાંટ | ૨૦૧૦-૨૦૧૧ | ટી.એસ.પી. | ૧૬,૬૦,૦૦૦ | |
| ૩ | નવાલજા | ક્વાંટ | ૨૦૧૦-૨૦૧૧ | ટી.એસ.પી. | ૨,૬૫,૮૨૧ | |
| ૪ | સેડીવાસણ | ક્વાંટ | ૨૦૧૦-૨૦૧૧ | ટી.એસ.પી. | ૪૬,૪૫,૦૦૦ | જિલ્લા આયોજન અધિકારીશ્રી, તરફથી રકમ તબદિલ થયેલ છે. |
| ૫ | બાર | જેતપુરપાવી | ૨૦૧૦-૨૦૧૧ | ટી.એસ.પી. | ૪૭,૩૦,૦૦૦ | પ્રાયોજના અધિકારીશ્રી તરફથી મંજુર થયેલ છે. |
| | | **કુલ** | | | **૧,૩૩,૦૦,૮૨૧** | |

--------

**ધંધુકા, બરવાળા અને રાણપુર તાલુકામાં સી.એચ.સી. અને પી.એચ.સી.માં મહેકમ**

૨૧૨૮૯ **: શ્રી રણછોડભાઈ ક.મેર (ધંધૂકા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ અમદાવાદ જિલ્લાના ધંધુકા, બરવાળા, રાણપુર તાલુકામાં સામુહિક આરોગ્ય કેન્દ્રો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં તાલુકાવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

**જવાબ**

(૧) અમદાવાદ જિલ્લાના ધંધુકા, બરવાળા, રાણપુર તાલુકાના સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં તા. ૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ મંજૂર થયેલ મહેકમની વિગત પત્રક-અ તથા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની વિગતો પત્રક-બ માં સામેલ છે.

(૨) ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલા ડોક્ટરોની ઘટ છે, અને

(૨) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ નીચે મુજબ ડોક્ટરોની ઘટ છે.

| તાલુકો | સા. આ. કેન્દ્ર | ઘટ | | પ્રા. આ. કેન્દ્ર | ઘટ |
|---|---|---|---|---|---|
| | | વર્ગ-૧ | વર્ગ-૨ | | વર્ગ-૨ |
| ધંધુકા | ધંધુકા | ૨ | ૧ | ધોલેરા | ૧ |
| રાણપુર | રાણપુર | ૧ | ૦ | | ૦ |
| બરવાળા | બરવાળા | ૧ | ૦ | | ૦ |
| | કુલ | ૪ | ૧ | | ૧ |

(૩) કેટલા સમયથી ઉક્ત જગ્યાઓ ખાલી છે અને ઉક્ત ઘટ ક્યારે પૂરવામાં આવશે ?

(૩) ખાલી જગ્યાની વિગત દર્શાવતુ પત્રક-ક સામેલ છે. યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થયેથી.

**પત્રક-અ**

| | સા. આ. કેન્દ્રનું નામ | | ધંધુકા | બરવાળા | રાણપુર | કુલ |
|---|---|---|---|---|---|---|
| ક્રમ | સંવર્ગનું નામ | | મંજુર | મંજુર | મંજુર | મંજુર |
| ૧ | અધિક્ષક | વર્ગ-૧ | ૧ | ૧ | ૧ | ૩ |
| ૨ | ગાયનેક | -""- | ૧ | ૦ | ૦ | ૧ |
| ૩ | પીડીયાટ્રીશીયન | -""- | ૧ | ૦ | ૦ | ૧ |
| ૪ | ઓર્થોપેડીક સર્જન | -""- | ૧ | ૦ | ૦ | ૧ |
| ૫ | દંતસર્જન | વર્ગ-૨ | ૧ | ૧ | ૦ | ૨ |
| ૬ | તબીબી અધિકારી | -""- | ૩ | ૨ | ૩ | ૮ |
| ૭ | વહીવટી અધિકારી | -""- | ૧ | ૦ | ૦ | ૧ |
| ૮ | સીની. આસી. | વર્ગ-૩ | ૧ | ૧ | ૦ | ૨ |
| ૯ | સીની. ક્લાર્ક | -""- | ૩ | ૦ | ૧ | ૪ |
| ૧૦ | જુની. ક્લાર્ક | -""- | ૧ | ૦ | ૦ | ૧ |
| ૧૧ | લેબ. ટેક. | -""- | ૨ | ૧ | ૧ | ૪ |
| ૧૨ | જુનિ. ફાર્માસિસ્ટ | -""- | ૨ | ૧ | ૧ | ૪ |
| ૧૩ | એક્સ-રે. ટેક. | -""- | ૧ | ૧ | ૧ | ૩ |
| ૧૪ | હેડનર્સ | -""- | ૧ | ૦ | ૦ | ૧ |
| ૧૫ | સ્ટાફનર્સ | -""- | ૧૧ | ૭ | ૭ | ૨૫ |
| ૧૬ | ઓપ્થોલ્મિક આસીસ્ટન્ટ | -""- | ૧ | ૧ | ૧ | ૩ |
| ૧૭ | ડ્રાયવર | -""- | ૧ | ૧ | ૧ | ૩ |
| ૧૮ | પટાવાળા | વર્ગ-૪ | ૦ | ૧ | ૧ | ૨ |
| ૧૯ | વોર્ડસર્વન્ટ/બોય | -""- | ૯ | ૨ | ૨ | ૧૩ |
| ૨૦ | વોર્ડઆયા | -""- | ૦ | ૧ | ૧ | ૨ |
| ૨૧ | સ્વીપર | -""- | ૬ | ૧ | ૧ | ૮ |
| ૨૨ | ડ્રેસર | -""- | ૦ | ૧ | ૧ | ૨ |
| ૨૩ | રસોયા/કુકમેન | -""- | ૧ | ૦ | ૦ | ૧ |
| ૨૪ | પાર્ટટાઈમ સ્વીપર | | ૦ | ૨ | ૨ | ૪ |
| ૨૫ | પાર્ટટાઈમ વોચમેન | | ૦ | ૨ | ૨ | ૪ |
| | કુલ | | ૪૯ | ૨૭ | ૨૭ | ૧૦૩ |

**પત્રક-બ**

~~એચબી-૭૯૯-૧૧~~

| | તાલુકાનું નામ | ધંધુકા | | | | | બરવાળા | | | રાણીપુર | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | પ્રા. આ. કેન્દ્રનું નામ | ધોલેરા | ભડીયાદ | પીપળી | વાગડ | કુલ | ભીમનાથ | નાવડા | કુલ | જાળીલા | કુલ | |
| ક્રમ | સંવર્ગનું નામ | મંજુર | મંજુર | મંજુર | મંજુર | મંજુર | મંજુર | મંજુર | મંજુર | મંજુર | મંજુર | મંજુર |
| ૧ | તબીબી અધિકારી -""- | ૧ | ૧ | ૧ | ૧ | ૪ | ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૭ |
| ૨ | સીની. ક્લાર્ક -""- | ૧ | ૧ | ૧ | ૧ | ૪ | ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૭ |
| ૩ | લેબ. ટેક. -""- | ૧ | ૧ | ૧ | ૧ | ૪ | ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૭ |
| ૪ | જુનિ. ફાર્માસિસ્ટ -""- | ૧ | ૧ | ૧ | ૧ | ૪ | ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૭ |
| ૫ | ડ્રાયવર -""- | ૧ | ૧ | ૧ | ૧ | ૪ | ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૭ |
| ૬ | વોર્ડસર્વન્ટ -""- | ૧ | ૧ | ૧ | ૧ | ૪ | ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૭ |
| ૭ | વોર્ડઆયા -""- | ૧ | ૧ | ૧ | ૧ | ૪ | ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૭ |
| | કુલ | ૭ | ૭ | ૭ | ૭ | ૨૮ | ૭ | ૭ | ૧૪ | ૭ | ૭ | ૪૯ |

**પત્રક-ક**

| ક્રમ | તાલુકાનું નામ | સા. આ. કેન્દ્રનું / પ્રા. આ. કેન્દ્રનું નામ | વર્ગ-૧ની ખાલી જગ્યા | કઈ તારીખથી | વર્ગ-૨ની ખાલી જગ્યા | કઈ તારીખથી |
|---|---|---|---|---|---|---|
| ૧ | ધંધુકા | સા. આ. કે., ધંધુકા | ૨ | ૩-૮-૯૫.<br>૧૦-૬-૦૮ | ૧ | ૯-૮-૧૦ |
| | | પ્રા. આ. કે., ધોલેરા | - | - | ૧ | ૫-૭-૧૦ |
| ૨ | બરવાળા | સા. આ. કે., બરવાળા | ૧ | ૧-૯-૦૯ | - | |
| ૩ | રાણપુર | સા. આ. કે., રાણપુર | ૧ | ૧-૪-૮૯ | - | |
| | | **કુલ** | ૪ | - | ૨ | |

--------

## સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના હેઠળ વડોદરા જિલ્લામાં બનાવેલ ચેકડેમો

૨૦૮૭૨ : **શ્રી ઉપેન્દ્રસિંહ પ્ર.ગોહિલ (વડોદરા (ગ્રામ્ય) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૦૯-૧૦ અને ૨૦૧૦-૧૧માં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના હેઠળ વડોદરા જિલ્લામાં કેટલા ચેકડેમો બનાવવામાં આવ્યા, અને | (૧) ૬૫૧ ચેકડેમો. |
| (૨) ઉક્ત સ્થિતિએ તેની પાછળ વર્ષવાર કેટલો ખર્ચ થયેલ છે ? | (૨) વર્ષ ૨૦૦૯-૧૦ રૂા. ૨૧.૬૭ કરોડ.<br>વર્ષ ૨૦૧૦-૧૧ રૂા. ૧૦.૧૬ કરોડ. |

--------

## મણીબેન આયુર્વેદિક હોસ્પિટલને મોડેલ હોસ્પિટલ બનાવવા બાબત

૨૦૮૫૧ : **શ્રીમતી ગીતાબેન યો. પટેલ (સાબરમતી)** : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ અમદાવાદ ખાતેની મણીબેન આયુર્વેદિક હોસ્પિટલને મોડેલ આયુર્વેદિક હોસ્પિટલ બનાવવા માટેની રાજ્ય સરકારે કોઈ યોજના અમલમાં મૂકી છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ યોજના અંતર્ગત તારીખ ૩૧-૧-૨૦૧૧ ની સ્થિતિએ શી કામગીરી કરવામાં આવેલ છે, અને | (૨) મણીબેન સરકારી આયુર્વેદિક હોસ્પિટલને સેન્ટર ફોર ન્યુરોલોજીકલ ડીસઓર્ડર્સ તરીકે વિકસાવવા આ સ્થળે બાંધકામ હાથ ધરવું જરૂરી હોઈ તે અંગેની કામગીરી શરુ કરવામાં આવનાર છે. |
| (૩) આ યોજના માટે અંદાજિત કેટલો ખર્ચ થશે ? | (૩) અંદાજિત રૂપિયા છ કરોડ. |

--------

## સુરત જિલ્લામાં પી.એચ.સી.ના મકાનો બાંધવા મંજૂર રકમ

૨૦૮૬૫ : **શ્રી કિરીટભાઈ ગં.પટેલ (ઓલપાડ)** : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના મકાનો બાંધવા માટે તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી રકમ મંજૂર કરવામાં આવી છે, | (૧) સુરત જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના મકાનોના બાંધકામ માટે તા.૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નીચે મુજબ રકમ મંજૂર કરવામાં આવી છે. |

| પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર | મંજૂર કરેલ રકમ |
|---|---|
| ઈચ્છાપોર | રૂા. ૨૬,૦૬,૦૦૦ |
| સાંધીયેર | રૂા. ૨૬,૦૬,૦૦૦ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) આ કામગીરી ક્યાં સુધીમાં શરૂ થશે, અને | (૨) પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર સાંધીયેર કામ પૂર્ણ થયેલ છે તેમજ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ઈચ્છાપોરના નવીન મકાન બાંધકામ માટે ટેન્ડર મંજૂર થયેથી કામગીરી શરુ કરવામાં આવશે. |
| (૩) ઉક્ત કામગીરી કેટલા સમયમાં પૂર્ણ કરવાનું આયોજન છે ? | (૩) આ કામગીરી ટેન્ડર મંજૂર થયેથી ૧૨ માસ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |

**પાટણ જિલ્લાની નગરપાલિકાઓમાં ભૂગર્ભ ગટર યોજના**

૨૧૪૩૨ **: શ્રી રજનીકાન્ત સો.પટેલ (ચાણસ્મા)** : **માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં પાટણ જિલ્લામાં કઈ કઈ નગરપાલિકાઓમાં ભૂગર્ભ ગટર યોજના મંજૂર કરવામાં આવેલ છે. | (૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં પાટણ જિલ્લાની પાટણ નગરપાલિકામાં ભૂગર્ભ ગટર યોજના મંજૂર કરવામાં આવેલ છે. |
| (૨) મંજૂર થયેલ ભૂગર્ભ ગટર યોજનાની કામગીરી તા. ૩૧-૦૧-૨૦૧૧ની સ્થિતિએ ક્યા તબક્કે છે, અને | (૨) તા. ૩૧-૦૧-૨૦૧૧ની સ્થિતિએ પાટણ ભૂગર્ભ ગટર યોજનાના ડ્રાફ્ટ ટેન્ડર પેપર તૈયાર કરવામાં આવી રહેલ છે. |
| (૩) નગરપાલિકા દીઠ કેટલો ખર્ચ મંજૂર થયેલ છે ? | (૩) પાટણ નગરપાલિકાની ભૂગર્ભ ગટર યોજના માટે અંદાજીત રૂા. ૫૦૬૧.૫૪ લાખ મંજૂર કરવામાં આવેલ છે. |

--------

**ભાવનગર જિલ્લામાં પૂર્ણ કરેલ ચેકડેમો**

૨૦૮૯૨ **: શ્રી મહેન્દ્રસિંહ સરવૈયા (પાલીતાણા)** : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ભાવનગર જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા ચેકડેમ પૂર્ણ કરવામાં આવ્યા, | (૧) ૫૧૧ ચેકડેમો. |
| (૨) આ ચેકડેમ પાછળ કુલ કેટલો ખર્ચ થયો, અને | (૨) રૂા. ૨૦.૮૧ કરોડ. |
| (૩) આ ચેકડેમો થકી કેટલા વિસ્તારને સિંચાઈનો લાભ મળશે ? | (૩) ૫૦૫૫ હેક્ટર વિસ્તારને આડકતરો લાભ મળશે. |

--------

**જસપરા માંડવા સિંચાઈ યોજના**

૨૦૮૮૪ **: શ્રીમતી ભાવનાબેન મકવાણા (તળાજા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ભાવનગર જિલ્લાની જસપરા માંડવા સિંચાઈ યોજના હાલ ક્યા તબક્કે છે, અને | (૧) અને (૨) યોજના પૂર્ણ થયેલ છે. |
| (૨) તે ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ? | |

--------

**તારંગાના ડુંગર ઉપરથી આવતી રેતીને કારણે આસપાસના ગામડાઓના ખેતરોની જમીન બિન ઉપયોગી થવા બાબત**

૨૦૫૪૬ **: શ્રી ભરતસિંહજી શં.ડાભી (ખેરાલુ)** : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) મહેસાણા જિલ્લામાં ચોમાસાની ઋતુમાં તારંગાના ડુંગર ઉપરથી આવતા પાણી સાથે આવતી રેતી ડુંગરની આસપાસના ગામડાઓના ખેતરોમાં ફરી વળે છે તે હકીકતથી સરકાર વાકેફ છે, | (૧) હા, જી. |
| (૨) આ રેતીના કારણે ખેડુતોની ફળદ્રુપ જમીન બિન-ઉપયોગી બની રહે છે તે હકીકત સાચી છે, અને | (૨) હા જી, વધારે પડતા રેતીના થર થાય તો જ ફળદ્રુપતા પર અસર થાય. |
| (૩) જો હા, તો ખેતરોમાં આવતી રેતીને અટકાવવા સરકાર શાં પગલાં લેવા માંગે છે ? | (૩) ડુંગર પરના ધોવાણ દ્વારા રેતીને ખેતરમાં આવતી અટકાવવા માટે તાંત્રિક રીતે જરૂરીયાત મુજબના ચેકડેમો, બોરીબંધો, કાંસ સુધારણા તેમજ વનીકરણ જેવા કામો કરવાની આ કામગીરી વિવિધ વિભાગો હસ્તકની છે જે ધારા-ધોરણ પ્રમાણે કરી શકાય. |

**સુરેન્દ્રનગર જિલ્લામાં પ્રાથમીક આરોગ્ય કેન્દ્રના મકાનો બાંધવા મંજૂર રકમ**

૨૦૮૫૯ **: શ્રી શંભુપ્રસાદ બ.ટુંડિયા (દસાડા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના મકાનો બાંધવા માટે તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી રકમ મંજૂર કરવામાં આવી,

(૨) આ કામગીરી ક્યાં સુધીમાં શરૂ થશે, અને

(૩) કેટલા સમયમાં પૂર્ણ કરવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના મકાન બાંધવા છેલ્લા એક વર્ષમાં નીચે મુજબ રકમ મંજૂર કરવામાં આવી.

| પ્રા.આ. કેન્દ્રનું નામ | મંજૂર કરેલ રકમ |
|---|---|
| નવાગામ | રૂ. ૨૬.૦૬ લાખ |
| હડાળા ભાલ | રૂ. ૨૬.૦૬ લાખ |

(૨) ટેન્ડર મંજૂર થયેથી કામગીરી શરૂ કરવાનું રહે છે.

(૩) આ કામગીરી ટેન્ડર મંજુર થયેથી ૧૨ માસ સુધીમાં પુર્ણ કરવાનું આયોજન છે.

--------

**નાવીડા ચેકડેમની કામગીરી**

૨૦૮૭૬ **: શ્રી શિરીષકુમાર મ. શુકલ (ખંભાત) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ આણંદ જિલ્લામાં નાવીડા ચેકડેમની કામગીરી ક્યા તબક્કા હેઠળ છે, અને

(૨) કેટલા વિસ્તારને તેનો લાભ મળશે ?

**જવાબ**

(૧) પૂર્ણ થયેલ છે.

(૨) અંદાજે ૭૦૦ હેક્ટર.

--------

**હીમોફીલીયાના દર્દીઓની સેવા**

૨૦૮૪૨ **: શ્રી વલ્લભભાઈ ગો.કાકડિયા (રખિયાલ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ હીમોફીલીયા ના દર્દીઓ માટે રાજ્ય સરકાર કઇ કઇ આરોગ્ય સેવાઓ પૂરી પાડે છે, અને

(૨) અમદાવાદ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આ રોગના કેટલા દર્દીઓને સારવાર આપવામાં આવી ?

**જવાબ**

(૧) હીમોફીલીયાના દર્દીની સારવારમાં સામાન્ય રીતે સારવાર માટે તાજું લોહી તથા લોહીના ઘટકો આપવાની જરૂરીયાત હોય છે, જે સરકારી હોસ્પિટલો દ્વારા આપવામાં આવે છે.

(૨) અમદાવાદ જિલ્લામાં તા. ૧-૧-૨૦૧૦ થી તા. ૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં કુલ-૬૪ દર્દીઓને આ રોગની સારવાર આપવામાં આવેલ છે.

--------

**બાવળા નગરપાલિકામાં ભૂગર્ભ ગટર યોજના**

૨૦૮૧૫ **: શ્રી કાંતિલાલ રા. લકુમ (બાવળા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ બાવળા નગરપાલિકામાં ભૂગર્ભ ગટર યોજનાની કામગીરી ક્યા તબક્કે છે,

(૨) આ કામગીરી પાછળ કેટલો ખર્ચ થયો, અને

(૩) આ કામગીરી ક્યારે પૂર્ણ થશે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ બાવળા નગરપાલિકાના ભૂગર્ભ ગટર યોજનાના ટેન્ડર મંજુર થયેલ છે.

(૨) આ કામગીરી પાછળ ₹ ૭.૩૪ લાખનો ખર્ચ થયેલ છે.

(૩) આ કામગીરી જુન-૨૦૧૪માં પૂર્ણ કરવાનું આયોજન છે.

--------

## પંચમહાલ જિલ્લામાં મોટા ચેકડેમો

૨૦૮૮૭ : **શ્રી અરવિંદસિંહ રાઠોડ (કાલોલા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પંચમહાલ જિલ્લામાં વર્ષ ૨૦૦૯-૧૦ માં કેટલા મોટા ચેકડેમ મંજૂર થયા,

(૨) તેમાંથી કેટલાના કામો પૂર્ણ થયા, અને

(૩) તેમાં તા. ૩૧-૩-૧૦ ની સ્થિતિએ કુલ કેટલી રકમનો ખર્ચ થયો?

**જવાબ**

(૧) ૫૭.

(૨) ૧૬.

(૩) રૂ. ૪૭૦ લાખ.

--------

## ગાંધીનગર જિલ્લામાં કાંસો પર સ્ટ્રક્ચર

૨૦૮૭૭ : **શ્રી શંભુજી ઠાકોર (ગાંધીનગર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગાંધીનગર જિલ્લામાં વર્ષ ૨૦૦૯-૧૦ અને ૨૦૧૦-૧૧ દરમિયાન તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ ક્યાં ક્યાં કાંસ પર કેટલા સ્ટ્રક્ચર રીપેરીંગ કરવામાં આવ્યા,

(૨) કેટલા સ્ટ્રક્ચર નવા કરવામાં આવ્યા, અને

(૩) ઉક્ત સ્થિતિએ તેની પાછળ વર્ષવાર કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) ગાંધીનગર જીલ્લામાં વર્ષ ૨૦૦૯-૧૦ અને ૨૦૧૦-૧૧ દરમિયાન તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ નીચે જણાવ્યા મુજબના કાંસ પર સ્ટ્રક્ચર રીપેરીંગ કરવામાં આવ્યા.

| **વર્ષ ૨૦૦૯-૧૦** | | | **વર્ષ ૨૦૧૦-૧૧** | | |
|---|---|---|---|---|---|
| **અ. નં.** | **કાંસનું નામ** | **રીપેરીંગ કરાયેલ સ્ટ્રક્ચરની સંખ્યા** | **અ.નં.** | **કાંસનું નામ** | **રીપેરીંગ કરાયેલ સ્ટ્રક્ચરની સંખ્યા** |
| ૧ | નારદીપુર સરઢવ | ૮ | ૧ | નારદીપુર-સરઢવ | ૫ |
| ૨ | ઉનાવા-રાંધેજા-વાવોલ | ૪ | ૨ | સધર્ન કાંસ | ૭ |
| **વર્ષ ૨૦૦૯-૧૦** | | | **વર્ષ ૨૦૧૦-૧૧** | | |
| **અ. નં.** | **કાંસનું નામ** | **રીપેરીંગ કરાયેલ સ્ટ્રક્ચરની સંખ્યા** | **અ.નં.** | **કાંસનું નામ** | **રીપેરીંગ કરાયેલ સ્ટ્રક્ચરની સંખ્યા** |
| ૩ | સધર્ન કાંસ | ૭ | ૩ | ઉડન સાંપા કાંસ | ૪ |
| ૪ | ઈસ્ટર્ન કાંસ | ૫ | | **કુલ** | **૧૬** |
| ૫ | વેસ્ટવીયર કાંસ | ૬ | | | |
| ૬ | સઈજ-હાજીપુર-ધાનજ બ્રાન્ચ | ૨ | | | |
| ૭ | ખાત્રીબા કાંસ | ૪ | | | |
| ૮ | ઉડનસાંપા કાંસ | ૨ | | | |
| | **કુલ** | **૩૮** | | | |

(૨) **નીચે જણાવ્યા મુજબ સ્ટ્રક્ચર નવા કરવામાં આવ્યા.**

| **વર્ષ ૨૦૦૯-૧૦** | | | **વર્ષ ૨૦૧૦-૧૧** | | |
|---|---|---|---|---|---|
| અ. નં. | કાંસનું નામ | નવા કરવામાં આવેલ સ્ટ્રક્ચરની સંખ્યા | અ.નં. | કાંસનું નામ | નવા કરવામાં આવેલ સ્ટ્રક્ચરની સંખ્યા |
| ૧ | સઈજ-હાજીપુર-ધાનજ બ્રાન્ચ | ૩ | ૧ | સધર્ન કાંસ | ૨ |
| ૨ | ઉડનસાંપા કાંસ | ૧ | ૨ | ઈસ્ટર્ન કાંસ | ૩ |
| | | | ૩ | ઉડનસાંપા | ૨ |
| | **કુલ..** | **૪** | | **કુલ** | **૭** |

(૩) ઉક્ત સ્થિતિએ તેની પાછળ વર્ષવાર નીચે મુજબ ખર્ચ કરવામાં આવ્યો.

| **વર્ષ ૨૦૦૯-૧૦** | **વર્ષ ૨૦૧૦-૧૧** | **કુલ ખર્ચ** |
|---|---|---|
| (રૂા. લાખમાં) | (રૂા. લાખમાં) | (રૂા. લાખમાં) |
| ૧૧૦.૬૫ | ૧૦૬.૧૭ | ૨૧૬.૮૨ |

--------

## ઉકાઈ-પૂર્ણા હાઈ લેવલ કેનાલ થકી સિંચાઈ

૨૧૮૦૫ : **શ્રી કુંવરજીભાઈ ન.હળપતિ (બારડોલી) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ઉકાઈ-પૂર્ણા હાઈ લેવલ કેનાલ થકી કેટલા વિસ્તારોના ગામોને સિંચાઈનો લાભ થશે. | (૧) ૭૨. |
| (૨) તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આ વિસ્તારમાં કેટલા સિંચાઈના ચેકડેમો બનાવવામાં આવ્યા છે, | (૨) કમાન્ડ વિસ્તારના ગામોમાં ૩૨. |
| (૩) તે પૈકી કેટલા ચેકડેમોના બાંધકામો નિષ્ફળ ગયેલ છે, અને | (૩) એક પણ નહિ. |
| (૪) આ નિષ્ફળ બાંધકામો ઠેકેદારના ખર્ચે રિપેર કરવાની જોગવાઈ રાખેલ છે કે કેમ ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

--------

## જામનગર જિલ્લામાં પૂર્ણ કરેલ ચેકડેમો

૨૦૮૮૧ : **શ્રી મુળુભાઈ હ. બેરા (ભાણવડ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) જામનગર જિલ્લામાં તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા ચેકડેમ પૂર્ણ કરવામાં આવ્યા, | (૧) ૨૩૦ ચેકડેમો. |
| (૨) ઉક્ત સ્થિતિએ આ ચેકડેમ પાછળ કુલ કેટલો ખર્ચ થયો, અને | (૨) રૂા. ૧૧.૮૬ કરોડ. |
| (૩) આ ચેકડેમો થકી કેટલા વિસ્તારને સિંચાઈનો લાભ મળ્યો ? | (૩) ૩૬૮૯ હેકટર વિસ્તારને આડકતરો લાભ મળશે. |

--------

## કરજણ સિંચાઈ યોજના નં. ૫ નું યુનિટ પુનઃ ચાલુ કરવા બાબત

૨૦૨૧૪ : **શ્રી અમરસિંહ વસાવા (દેડીયાપાડા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ નર્મદા જિલ્લાના રાજપીપળા ખાતે આવેલ કરજણ સિંચાઈ યોજના નં.-૫ નું યુનિટ સરકારે ચાલુ સાલે બંધ કરવાનો નિર્ણય કરેલ છે તે હકિકત સાચી છે. | (૧) હા, જી. ચાલુ સાલે નહીં પરંતુ તા. ૧૧/૧/૨૦૧૦થી. |
| (૨) જો હા, તે બંધ કરવાના કારણો શાં છે, અને | (૨) સંબંધિત વિભાગ ખાતે પર્યાપ્ત માત્રામાં કાર્યભારણ ન હતું અને કલ્પસર યોજનાની કામગીરી માટે મહેકમની આવશ્યકતા હોવાથી. |
| (૩) આ યુનિટ પુનઃવિચારણા કરીને સરકાર ચાલુ રાખવા માંગે છે કે કેમ ? | (૩) ના જી. |

--------

## આણંદ જિલ્લાની નગરપાલિકાઓમાં સફાઇ વેરા પ્રોત્સાહક ગ્રાન્ટ

૨૦૮૩૯ : **શ્રીમતી જ્યોત્સનાબેન પટેલ (આણંદ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સફાઇ વેરા પ્રોત્સાહક યોજના હેઠળ વર્ષ ૨૦૧૦-૧૧માં તા. ૩૧-૧૨-૧૦ ની સ્થિતિએ આણંદ જિલ્લાની કઇ કઇ નગરપાલિકાઓને કેટલી રકમની ગ્રાન્ટ ચૂકવવામાં આવી, | (૧) સફાઇ વેરા પ્રોત્સાહક યોજના હેઠળ વર્ષ ૨૦૧૦-૧૧માં તા. ૩૧-૧૨-૧૦ ની સ્થિતિએ આણંદ જિલ્લાની નગરપાલિકાઓને ચૂકવવામાં આવેલ ગ્રાન્ટની રકમની વિગત નીચે મુજબ છે. |

(૨)

| ક્રમ | નગરપાલિકાનું નામ | ચૂકવેલ રકમ ₹ |
|---|---|---|
| ૧ | આણંદ | ૩૨,૬૪,૩૦૪ |
| ૨ | બોરીઆવી | ૧,૦૯,૪૬૧ |
| ૩ | કરમસદ | ૪,૬૦,૬૦૧ |

| | | |
|---|---|---|
| ૪ | વલ્લભવિદ્યાનગર | ૨૭,૮૮,૩૦૧ |
| ૫ | ઓડ | ૧,૨૬,૪૯૭ |
| ૬ | પેટલાદ | ૫,૭૮,૧૫૧ |
| ૭ | સોજીત્રા | ૪,૩૪,૩૦૧ |
| | કુલ ₹ | ૭૭,૬૧,૬૧૬ |

(૨) તે અન્વયે કેટલા કામો હાથ ધરાયેલ છે, અને

(૨) આ યોજના મુજબ રાજ્યની નગરપાલિકાઓને સફાઇ કર દાખલ કરી વધુમા વધુ સફાઇ કરની વસુલાત કરે, તેના પ્રોત્સાહન રૂપે ગ્રાન્ટ ચૂકવવામાં આવે છે. જેથી તે અન્વયે કોઇ ચોકક્સ કામો હાથ ધરવાના થતા નથી. આ ગ્રાન્ટમાંથી કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | સફાઇ સંલગ્ન કામગીરી | ₹ |
|---|---|---|
| ૧ | સાધન | ૧૧,૫૬,૦૦૦ |
| ૨ | મેલોથીન પાવડર | ૨,૦૦,૦૦૦ |
| ૩ | મેલેરીયા ઓઇલ | ૬૫,૦૦૦ |
| ૪ | ડી.ડી.ટી. પાવડર | ૭૨,૦૦૦ |
| ૫ | અન્ય | |
| | (૧) ચુનાનો પાવડર | ૫૩,૦૦૦ |
| | (૨) એસીડ | ૨,૦૦૦ |
| | (૩) બ્રસ લાકડી તથા મુઠ્ઠા | ૮,૦૦૦ |
| | (૪) ડોર ટુ ડોર સફાઇ ખર્ચ | ૩૮,૧૫,૦૦૦ |
| | (૫) ગટરના ઢાંકણા | ૫૦,૦૦૦ |
| | કુલ ₹ | ૫૪,૨૧,૦૦૦ |

(૩) તે પાછળ ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયેલ છે ?

(૩) આણંદ જિલ્લાની નગરપાલિકાઓને ચૂકવાયેલ સફાઇ પ્રોત્સાહન ગ્રાન્ટમાંથી કુલ ₹ ૫૪.૨૧ લાખનો ખર્ચ થયેલ છે.

--------

## વડોદરા જિલ્લામાં વરસાદી પાણીના નિકાલ માટે કાંસોની દુરસ્તી

૨૧૮૧૯ : **શ્રી ચંદુભાઈ મો.ડાભી (કરજણ)** : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧-૧૧ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લામાં તાલુકાવાર વરસાદી પાણીના નિકાલ માટે કેટલા કાંસોની દુરસ્તી કરવામાં આવી, અને

(૧) તા.૩૧-૧-૧૧ ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર દુરસ્તી, પૂર્ણ થયેલ તથા પ્રગતિ હેઠળની કાંસોની વિગતો નીચે મુજબ છે.

| અ.નં. | વર્ષ | તાલુકો | દુરસ્તી પૂર્ણ થયેલ કાંસો | દુરસ્તી પ્રગતિમાં હોય તેવા કાંસો |
|---|---|---|---|---|
| ૧ | ૨૦૦૯-૧૦ | સાવલી | ૧ | -- |
| ૨ | ૨૦૧૦-૧૧ | પાદરા | ૬ | ૨ |
| ૩ | ૨૦૧૦-૧૧ | ડભોઇ | ૬ | ૪ |
| ૪ | ૨૦૧૦-૧૧ | વડોદરા | -- | ૧ |
| ૫ | ૨૦૧૦-૧૧ | કરજણ | -- | ૪ |
| | | કુલ | ૧૩ | ૧૧ |

(૨) આ દુરસ્તી પાછળ કેટલો ખર્ચ થયો ?

(૨) રૂા. : ૯૪.૨૭ લાખ

--------

## ધોળકા નગરપાલિકામાં ગોરવપથની કામગીરી

૨૦૯૭૩ : **શ્રી કાનજીભાઈ તળપદા (ધોળકા)** : **માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ધોળકા નગરપાલિકામાં ગોરવપથ બનાવવા માટે કેટલી રકમ વર્ષવાર ફાળવવામાં આવી,

(૧) તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ધોળકા નગરપાલિકામાં ગોરવપથ બનાવવા માટે ગોરવપથ અંગેની કોઇ ગ્રાન્ટ ફાળવવામાં આવેલ નથી. પરંતુ વર્ષ ૨૦૦૫ માં ગોરવપથ માટે ₹ ૧૦૨ લાખ ફાળવવામાં આવેલ હતા.

(૨) આ કામે કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારની કેટલી નાણાકીય સહાય છે,

(૨) આ કામ રાજ્ય સરકારના ૧૦૦% અનુદાનથી હાથ ધરવામાં આવેલ છે.

(૩) તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ ગોરવપથના કેટલા કામો પૂર્ણ થયા છે અને કેટલા કામો બાકી રહ્યાં

(૩) આ ગ્રાન્ટ અંતર્ગત સીસી ૨ રોડ વાઇડનીંગ, ફૂટપાથ તથા સ્ટ્રીટલાઇટના કામ પ્રગતિમાં છે.

છે, અને

(૪) બાકી કામો ક્યારે પૂર્ણ થશે ?

(૪) શક્ય તેટલા વહેલા પૂર્ણ કરવાનું આયોજન છે.

--------

## જૂનાગઢ જિલ્લામાં પૂર્ણ કરેલ ચેકડેમો

૨૦૮૮૩ : **શ્રી રાજસીભાઈ જોટવા (સોમનાથ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા ચેકડેમ પૂર્ણ કરવામાં આવ્યા,

(૨) ઉક્ત સ્થિતિએ આ ચેકડેમ પાછળ કુલ કેટલો ખર્ચ થયો, અને

(૩) આ ચેકડેમો થકી કેટલા વિસ્તારને સિંચાઇનો લાભ મળશે ?

**જવાબ**

(૧) ૧૦૬ ચેકડેમો.

(૨) રૂા.૫૯૫.૭૩ લાખ.

(૩) ૧૮૩૩ હેક્ટર વિસ્તારને આડક્તરો સિંચાઇનો લાભ મળશે.

## વલસાડ જિલ્લાની હોસ્પિટલમાં કેન્સર નિદાનની વ્યવસ્થા

૨૦૮૫૫ : **શ્રી રમણલાલ ના.પાટકર (ઉમરગામ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ વલસાડ જિલ્લા હોસ્પિટલ ખાતે કેન્સર અંગેના પ્રાથમિક નિદાન અને સારવાર માટે સરકારે કોઇ વ્યવસ્થા કરેલ છે તે હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો શી વ્યવસ્થા કરવામાં આવી છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) રાજ્યમાં કેન્સરના દર્દીઓના પ્રાથમિક નિદાન અને સારવાર માટેની યોજના હેઠળ જિલ્લા સ્તરે કેન્સર સ્ક્રીનીંગ પ્રોગ્રામ અંતર્ગત સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે.

## મહેસાણા જિલ્લાની નગરપાલિકાને સ્વર્ણિમ જ્યંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત ગ્રાન્ટ

૨૦૮૪૯ : **શ્રી ઋષિકેશ ગ.પટેલ (વિસનગર) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૦૯-૧૦ અને ૨૦૧૦-૧૧માં તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ મહેસાણા જિલ્લાની નગરપાલિકાઓને સ્વર્ણિમ જ્યંતી મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ માંડલ (મોડલ) નગરપાલિકા ઘટક કાર્યક્રમ હેઠળ વિકાસના કામો માટે કેટલી ગ્રાન્ટ ચૂક્વવામાં આવી, અને

(૨) તે અન્વયે તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ ક્યા ક્યા કામો પૂર્ણ કરવામાં આવેલ છે?

**જવાબ**

(૧) ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ સ્વર્ણિમ જ્યંતી મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના અન્વયે ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડ દ્વારા મહેસાણા જિલ્લામાં નીચે જણાવેલ વિગતે જિલ્લાની નગરપાલિકાઓને કુલ ₹ ૧૦.૮૭૫ કરોડની ગ્રાન્ટની ફાળવણી કરી મહેસાણા જિલ્લા શહેરી વિકાસ એજન્સી (ડુડા) ચૂક્વવામાં આવેલ છે.

| નં. | ન.પા.નું નામ | ફાળવેલ રકમ ₹ કરોડમાં | | કુલ ચૂક્વેલ રકમ ₹ કરોડમાં | |
|---|---|---|---|---|---|
| | | ૨૦૦૯-૧૦ તા.૧-૪-૦૯થી તા. ૩૧-૩-૧૦) | ૨૦૧૦-૧૧ તા.૧-૪-૧૦થી તા. ૩૧-૧૨-૧૦) | | |
| ૧ | મહેસાણા | ૩.૧૨૫ | -- | ૩.૧૨૫ | |
| ૨ | વિસનગર | ૧.૭૫૦ | -- | ૧.૭૫૦ | |
| ૩ | કડી | ૧.૭૫૦ | -- | ૧.૭૫૦ | |
| ૪ | ઉંઝા | ૧.૭૫૦ | -- | ૧.૭૫૦ | |
| ૫ | વડનગર | ૧.૦૦૦ | -- | ૧.૦૦૦ | |
| ૬ | વિજાપુર | ૦-૭૫૦ | -- | ૦-૭૫૦ | |
| ૭ | ખેરાલુ | ૦.૭૫૦ | -- | ૦.૭૫૦ | |
| કુલ ₹ | | ૧૦.૮૭૫ | -- | ૧૦.૮૭૫ | ૧૦.૮૭૫ |

(૨) તે અન્વયે તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ નીચે મુજબના કામો પૂર્ણ કરવામાં આવેલ છે.

| ક્રમ | પૂર્ણ થયેલ કામોની વિગત | સંખ્યા |
|---|---|---|
| ૧ | મુખ્ય રસ્તા | ૨૩ |
| ૨ | જળસંચયના કામો | ૦૫ |
| ૩ | ગરીબ સમૃધ્ધિ યોજનાના કામો | ૦૮ |
| ૪ | સ્લમ વિસ્તારમાં સામાજિક સેવાઓ સુદ્રઢ બનાવવાના કામો | ૦૨ |

| | | |
|---|---|---|
| ૪ | સ્લમ વિસ્તારમાં સામાજિક સેવાઓ સુદ્રઢ બનાવવાના કામો | ૦૨ |
| | કુલ | ૩૮ |

--------

## યુ.આઈ.ડી.એસ.એસ.એમ.ટી. યોજના અંતર્ગત જસદણ અને ગોંડલ નગરપાલિકા માટે ગ્રાન્ટ

૨૦૮૨૨ : **ડો. ભરતભાઈ બોઘરા (જસદણ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અર્બન ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ સ્કિમ ફોર સ્મોલ એન્ડ મીડીયમ ટાઉન યોજના અંતર્ગત જસદણ અને ગોંડલ નગરપાલિકા માટે તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ બે વર્ષમાં કેટલી ગ્રાન્ટ કેન્દ્ર સરકારે આપી છે, તેમજ કેટલી રકમ રાજ્ય સરકાર દ્વારા ફાળવેલ છે, અને

(૨) આ રકમ પેકી નગરપાલિકા દ્વારા કેટલો ખર્ચ કરાયેલ છે, અને

(૩) હાલમાં આ કામો ક્યા ક્યા તબક્કે છે?

**જવાબ**

(૧) ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ બે વર્ષમાં નીચે મુજબ ગ્રાન્ટ ફાળવવામાં આવી છે.

| નગરપાલિકાનું નામ | કેન્દ્ર સરકાર તરફથી ગ્રાન્ટ | રાજ્ય સરકાર તરફથી ગ્રાન્ટ |
|---|---|---|
| જસદણ | ₹ ૬૭.૫૮ લાખ | ₹ ૮.૪૫ લાખ |
| ગોંડલ | ₹ ૨૪૨.૬૮ લાખ | ₹ ૩૦.૩૩૫ લાખ |

(૨) જસદણ નગરપાલિકા તથા ગોંડલ નગરપાલિકા દ્વારા પૂરેપૂરી રકમનો ખર્ચ કરાયેલ છે.

(૩) જસદણ નગરપાલિકામાં ૯૦ ટકા તથા ગોંડલ નગરપાલિકામાં ૯૫ ટકા કામગીરી પૂર્ણ થયેલ છે.

--------

## ગાંધીનગર ખાતે મોડેલ આયુર્વેદિક કોલેજ સ્થાપવા અંગે

૨૦૮૫૬ : **શ્રી કલ્યાણસિંહ ચૌહાણ (દહેગામ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ રાજ્ય સરકાર ગાંધીનગર ખાતે મોડેલ આયુર્વેદિક કોલેજ સ્થાપવા માંગે છે કે કેમ,

(૨) જો હા, તો આ યોજના પાછળ અંદાજીત કેટલો ખર્ચ થશે, અને

(૩) ક્યાં સુધીમાં પૂર્ણ થશે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) આ યોજના માટે રૂ. ૧૦૦.૦૦ કરોડ જેટલો અંદાજિત ખર્ચ થવા સંભવ છે.

(૩) આ યોજના અંદાજે બે વર્ષમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

--------

## વડોલ-માલઈટાડી પાણી પુરવઠા યોજનાની કામગીરી

૨૧૨૪૫ : **શ્રી મણીભાઈ દે.પટેલ (કપડવંજ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ ખેડા જિલ્લાની સૂચિત વડોલ-માલઈટાડી પાણી પુરવઠા યોજનાની મંજૂરીની કામગીરી ક્યા તબક્કે છે,

(૨) કેટલા સમયમાં મંજૂર કરવામાં આવશે, અને

(૩) કેટલા સમયમાં આ યોજના પૂરી કરવાનું આયોજન છે?

**જવાબ**

(૧) યોજના પ્રાથમિક સર્વેક્ષણ અને પાણી અનામતની મંજૂરીના તબક્કે છે.

(૨) પાણી અનામતની મંજૂરી મળ્યા બાદ મંજૂરીની કાર્યવાહી કરવામાં આવશે.

(૩) યોજના મંજૂર કર્યા બાદ અંદાજિત ૧૮ માસમાં.

## મુખ્યમંત્રીશ્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત સાવરકુંડલા નગરપાલિકા માટે ભૂગર્ભ ગટર યોજના માટે મંજૂર પ્રોજેક્ટ

૨૦૮૨૩ : **શ્રી કાળુભાઇ વી. વીરાણી (કુંડલા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ મુખ્યમંત્રીશ્રી શહેરી વિકાસ યોજના હેઠળ સાવરકુંડલા નગરપાલિકા માટે રાજ્ય સરકાર દ્વારા ભૂગર્ભ ગટર યોજના માટે કુલ કેટલી રકમના પ્રોજેક્ટ મંજૂર થયેલ છે,

(૨) તે અન્વયે કામોની સ્થિતિ શી છે, અને

(૩) મંજૂર થયેલ કામો કેટલા સમયમાં પૂર્ણ થશે?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ મુખ્યમંત્રીશ્રી શહેરી વિકાસ યોજના હેઠળ સાવરકુંડલા નગરપાલિકા માટે રૂ. ૧૯.૯૭ કરોડની ભૂગર્ભ ગટર યોજના મંજૂર કરવામાં આવેલ છે.

(૨) સાવરકુંડલા ભૂગર્ભ ગટર યોજનાના સુએર કલેક્ટીંગ સીસ્ટમના કામનો વર્કઓર્ડર અપાયેલ છે.

(૩) સાવરકુંડલા ભૂગર્ભ ગટર યોજનાના કામો ડીસેમ્બર-૨૦૧૩ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

**વડોદરા મહાનગરપાલિકાને સ્વર્ણિમ જ્યંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ ગ્રાન્ટ**

૨૦૮૪૮ : **શ્રી ભૂપેન્દ્રભાઈ લાખાવાળા (વડોદરા શહેર ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| વર્ષ ૨૦૦૯-૧૦ અને ૨૦૧૦-૧૧માં તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ વડોદરા, મહાનગર-પાલિકાને સ્વર્ણિમ જ્યંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ આંતરમાળખાકીય વિકાસના કામો માટે કેટલી ગ્રાન્ટ ચૂકવવામાં આવી ? | (૧) વર્ષ ૨૦૦૯-૧૦ અને ૨૦૧૦-૧૧માં તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ વડોદરા, મહાનગર પાલિકાને સ્વર્ણિમ જ્યંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ આંતરમાળખાકીય વિકાસના કામો માટે નીચેની વિગતે કુલ ₹. ૫૦.૦૦ ક્રોડની ફાળવણી કરવામાં આવી છે.<br>(૧) ૨૦૦૯-૧૦ ₹. ૫૦.૦૦ કરોડ<br>(૨) ૨૦૧૦-૧૧ ₹ ૦૦.૦૦ કરોડ (તા. ૩૧-૧૨-૧૦ ની સ્થિતિ મુજબ). |

--------

**પંચમહાલ જિલ્લામાં મોટા ચેકડેમ**

૨૦૮૭૫ : **શ્રી જેઠાભાઈ ભરવાડ (શહેરા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) પંચમહાલ જિલ્લામાં વર્ષ ૨૦૦૯-૧૦ અને ૨૦૧૦-૧૧માં તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ કુલ કેટલા ચેકડેમ પૂર્ણ ક્ર્યા, અને | (૧) ૪૦ (ચાલીસ). |
| (૨) ઉક્ત સ્થિતિએ કેટલા ચેકડેમ પ્રગતિ હેઠળ છે ? | (૨) ૧૪ (ચોદ). |

--------

**મુક્તેશ્વર અને ધરોઈ ડેમમાંથી બ્રાન્ચ કેનાલ બનાવી પાણી નદીઓમાં નાખવા અંગે**

૨૧૪૫૩ : **શ્રી ગોવિંદભાઈ મા.પ્રજાપતિ (પાલનપુર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લાના મુક્તેશ્વર અને ધરોઈ ડેમમાં બ્રાન્ચ કેનાલ બનાવી પાલનપુર અને અમીરગઢ તાલુકાની ઉમરદશી, બાલારામ અને બાજોડીયા જેવી નદીઓ તેમજ વડગામ તાલુકાના કર્માવદ તળાવને પાણીથી ભરવામાં આવનાર છે તે હકીકત સાચી છે, અને<br>(૨) જો હા, તો તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ ઉક્ત કામગીરી ક્યા તબક્કે છે ? | (૧) અને (૨) : ના, જી.<br>પરંતુ મુક્તેશ્વર ડેમમાં પાણી નાખવાના એક વિકલ્પરૂપે પ્રાથમિક કક્ષાની સર્વેક્ષણની કામગીરી શરૂ કરવામાં આવેલ છે. |

--------

**ક્વાંટ તાલુકામાં પૂર્ણ કરેલ ચેકડેમો**

૨૦૮૭૩ : **શ્રી ગુલસીંગભાઈ રં.રાઠવા (છોટાઉદેપુર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

એચબી-૭૯૯-૧૪

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) વડોદરા જિલ્લાના ક્વાંટ તાલુકામાં વર્ષ ૨૦૦૯-૨૦૧૦ અને ૨૦૧૦-૨૦૧૧ દરમિયાન તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ કેટલા ચેકડેમ પૂર્ણ ક્ર્યા, અને | (૧) ૧૧૨. |
| (૨) ઉક્ત સ્થિતિએ કેટલા મોટા ચેકડેમની કામગીરી પ્રગતિમાં છે ? | (૨) ૧૬. |

--------

## બાલાસિનોર અને વીરપુર તાલુકામાં સુજલામ-સુફ્લામ કેનાલ પર ગેટ મૂક્વાનું કામ

૨૧૬૬૧ : **શ્રી માનસિંહ ચૌહાણ (બાલાસિનોર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બાલાસિનોર અને વીરપુર તાલુકામાં સુજલામ સુફ્લામ કેનાલ પર ગેટ મુક્વાનું સરકારનું શું આયોજન છે, અને

(૨) આ કેનાલ પર કેટલા ગેટ મૂકી ક્યા તળાવો, ચેકડેમ, કોતર ભરવાનું સરકારનું આયોજન છે ?

**જવાબ**

(૧) ૧૦ (દશ) ગેટ મૂક્વામાં આવેલ છે.

(૨) કુલ ૧૦ (દશ) ગેટ મૂકી નીચે જણાવેલ ચેકડેમ, તળાવ તથા કોતરો ભરવાનું આયોજન છે.

| અ.નં. | એચ.આર./ એસ્કેપની સાંકળ | ચેકડેમ | તળાવ | કોતર |
|---|---|---|---|---|
| ૧ | ૩૧,૩૫૦ | છરવંગી | -- | સ્થાનિક કોતર |
| | | છરવંગી | -- | -- |
| ૨ | ૩૩,૭૮૦ | ગંધારી | -- | સ્થાનિક કોતર |
| ૩ | ૩૫,૯૦૦ | ગંધારી | -- | સ્થાનિક કોતર |
| ૪ | ૩૯,૨૧૦ | ભરોડી | -- | ભરોડી કોતર |
| | | ભરોડી | -- | -- |
| ૫ | ૪૦,૫૧૦ | -- | -- | સ્થાનિક કોતર |
| ૬ | ૪૫,૩૧૦ | લીંબરવાડા | -- | લાવરી કોતર |
| | | વરધરા | -- | -- |
| | | વીરપુર | -- | -- |
| | | વીરપુર | -- | -- |
| ૭ | ૪૭,૧૮૦ | -- | વરધરા | વરધરા કોતર |
| ૮ | ૪૮,૭૮૦ | વરધરા | -- | કાવીયા કોતર |
| | | આસુદરીયા | -- | -- |
| | | રતનકુવા | -- | -- |
| | | વીરપુર | -- | -- |
| ૯ | ૫૯,૨૯૦ | -- | ભમરીયા | ભમરીયા કોતર |
| ૧૦ | ૬૭,૪૫૦ | -- | ભાટીયા | ભાટીયા કોતર |

--------

## આંતરરાષ્ટ્રીય પતંગોત્સવ -૨૦૧૧ અંગે

૨૧૪૪૭ : **શ્રી કાંતિભાઈ અમૃતિયા (મોરબી) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ ૨૦૧૧માં દેશ-વિદેશના કેટલાક પતંગબાજોએ ભાગ લીધો, અને

(૨) આ ઉત્સવ પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ ૨૦૧૧માં દેશના ૧૦૫ અને વિદેશના ૮૮ પતંગબાજોએ ભાગ લીધેલ હતો.

(૨) આ ઉત્સવ પાછળ રૂપિયા ૪,૦૪,૮૦,૨૩૭/- નો ખર્ચ કરવામાં આવ્યો.

## સાબરકાંઠા જિલ્લામાં એસ. કે-૪ પાણી પુરવઠા યોજના

૨૧૬૩૯ : **ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લાનાં ભિલોડા અને મેઘરજ તાલુકાઓમાં પીવાના માટેની એસ.કે.-૪, ૧ અને ૨ યોજનાઓ ક્યારે મંજૂર કરવામાં આવી,

(૨) તેનો સર્વે ક્યારે કરવામાં આવ્યો ?

(૩) ઉક્ત સ્થિતિએ આ યોજનાની કામગીરી ક્યા તબક્કે છે, અને

(૪) ક્યાં સુધીમાં આ તાલુકાઓના પરિવારોને પીવાનું પાણી આપી યોજના પૂર્ણ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) એસ. કે. -૪, (ભાગ-૧) યોજના અંદાજીત રકમ રૂા. ૪૩.૨૭ કરોડ તેમજ એસ.કે.-૪, (ભાગ-૨) યોજના અંદાજીત રકમ રૂા. ૩૪.૯૨ કરોડ માટે તા. ૧૨-૦૮-૨૦૦૯ના રોજ મંજૂર કરવામાં આવી.

(૨) વર્ષ-૨૦૦૪-૨૦૦૫માં.

(૩) એસ.કે.-૪ (ભાગ-૧)ના ટેન્ડરો મંજૂરીની પ્રક્રિયામાં છે.

એસ.કે.-૪ (ભાગ-૨)ના ટેન્ડરો માંગવામાં આવી રહેલ છે.

(૪) એસ.કે.-૪ (ભાગ-૧) યોજના કામ શરૂ થવાથી અંદાજીત ૨૪ માસમાં.

એસ.કે.-૪ (ભાગ-૨) યોજના કામ શરૂ થવાથી અંદાજીત ૩૩ માસમાં.

**પાટનગર ગાંધીનગરને જે.એન.યુ.આર.એમ. માં સાકળી લેવા બાબત**

૨૧૪૫૬ : **શ્રી કિશોરભાઈ વાંકાવાળા (સુરત શહેર પશ્ચિમ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સરકાર દ્વારા પાટનગર ગાંધીનગરને જવાહરલાલ નહેરૂ નેશનલ અર્બન રિન્યુઅલ મિશન હેઠળ સાંકળી લેવા કેન્દ્ર સરકાર સમક્ષ કેટલી વાર દરખાસ્ત કરવામાં આવી, અને

(૨) તે અન્વયે શો પ્રતિભાવ મળ્યો ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા પાટનગર ગાંધીનગરને જવાહરલાલ નહેરૂ નેશનલ અર્બન રિન્યુઅલ મિશન હેઠળ સાંકળી લેવા કેન્દ્ર સરકાર સમક્ષ કુલ ૩ વખત દરખાસ્ત કરવામાં આવેલ છે.

(૨) તે અન્વયે કેન્દ્ર સરકાર તરફથી કોઈ જ પ્રતિભાવ મળેલ નથી.

--------

**અમદાવાદ સિવિલ હોસ્પિટલ કંપાઉન્ડમાં હલકી કક્ષાની અને એક્સપાયરી ડેટવાળી દવાઓ અંગે**

૨૦૬૭૩ : **શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર (મહુધા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં હલકી દવાઓનો ઉપયોગ થાય છે. તેમજ આજુબાજુના મેડીકલ સ્ટોર્સમાં હલકી દવા અને એક્સપાયરી ડેટવાળી દવાઓ વેચાય છે. તેવી ફરિયાદો અન્વયે તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી વખત ચેકીંગ કરી દવાનો જથ્થો પકડવામાં આવ્યો, અને

(૨) તે અન્વયે જવાબદારો સામે સરકારે શાં પગલાં લીધા ?

**જવાબ**

(૧) અમદાવાદ સિવિલ હોસ્પિટલ સહિત રાજ્યની હોસ્પિટલોમાં અપાતી દવાઓનું પ્રિડિસ્પેચ ટેસ્ટીંગ કરીને આપવામાં આવે છે. તેથી હલકી દવાઓનો ઉપયોગ થવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. તેમજ સિવિલ હોસ્પિટલ, અમદાવાદ આજુબાજુના મેડિકલ સ્ટોર્સમાં તા. ૩૧-૦૧-૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં એક્વાર ચેકીંગ થયેલ છે. ચેકીંગ દરમ્યાન હલકી દવા અને એક્સપાયરી ડેટવાળી દવાઓ વેચાય છે. તેવો કિસ્સો ધ્યાને આવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**બનાસકાંઠા જિલ્લામાં આરોગ્ય કેન્દ્રોની જિલ્લા આરોગ્ય અધિકારીશ્રીએ લીધેલ મુલાકાત**

૨૦૪૫૩ : **શ્રી મફતલાલ મો.પુરોહિત (ધાનેરા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં આવેલ તાલુકાવાર ક્યા ક્યા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર તથા સામુહિક આરોગ્ય કેન્દ્ર જિલ્લા પંચાયત સંચાલિત દવાખાના તેમજ અન્ય આરોગ્ય કેન્દ્રની જિલ્લા આરોગ્ય અધિકારીશ્રીઓએ કેટલીવાર અને ક્યારે ક્યારે મુલાકાત લીધી,

(૨) આ મુલાકાત દરમ્યાન ઉક્ત કેન્દ્રોમાં શી ખામીઓ જણાઈ, અને

(૩) આ માંગણીઓ અને ખામીઓ અંગે શી કાર્યવાહી કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં આવેલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર તથા સામુહિક આરોગ્ય કેન્દ્ર અને અન્ય આરોગ્ય કેન્દ્રો (પેટા કેન્દ્રો)ની જિલ્લા આરોગ્ય અધિકારીશ્રીઓએ લીધેલ મુલાકાતોનું *પત્રક-૧ તથા અધિક જિલ્લા આરોગ્ય અધિકારીશ્રીએ લીધેલ મુલાકાતોનું ***પત્રક-૨** આ સાથે સામેલ છે.

(૨) કોઈ ખામીઓ જણાયેલ ન હતી.

(૩) લાગુ પડતું નથી.

***(પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)**

--------

## સુરત શહેર ફરતે રીંગ રોડની દરખાસ્ત

૨૧૧૧૩ **: શ્રી આત્મારામભાઈ પરમાર (ગઢડા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત શહેર ફરતે રીંગરોડના આયોજનની કોઇ દરખાસ્ત વિચારણા હેઠળ છે કે કેમ, અને | (૧) સુરત શહેર ફરતે રીંગ રોડનું આયોજન સુરત શહેરી વિકાસ સત્તામંડળ (સુડા) દ્વારા કરાયેલ છે. |
| (૨) જો હા, તો મંજૂરી ક્યારે આપવામાં આવનાર છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

--------

## વલસાડ જિલ્લામાં સિંચાઇથી આવરી લેવાયેલ ખેતી

૨૦૨૩૮ **: શ્રી છનાભાઈ ચૌધરી (ધરમપુર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં ખેતી લાયક જમીનની સિંચાઇ માટે કેટલો વિસ્તાર આવરી લેવામાં આવ્યો છે, અને | (૧) ૬૪૯૫૪ હેક્ટર વિસ્તાર સિંચાઇ હેઠળ આવરી લેવામાં આવેલ છે. |
| (૨) આ વિસ્તારને કાયમી સિંચાઇ યોજનાનો લાભ મળે તે માટે સરકારનું શું આયોજન છે ? | (૨) આ વિસ્તારને કાકરાપાર, ઉકાઇ ડાબાકાંઠા અને દમણગંગા યોજના તથા તેના આધારિત ઉદ્વહન સિંચાઇ યોજનાઓ દ્વારા કાયમી સિંચાઇનો લાભ મળે તે માટેનું આયોજન છે. |

--------

## શિંગોડા સિંચાઇ યોજનાનો કમાન્ડ વિસ્તાર

૨૦૦૧૮ **: શ્રી ધીરસિંહ બારડ (કોડીનાર)** : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ કોડીનાર તાલુકાની શિંગોડા સિંચાઇ યોજનાનો કમાન્ડ વિસ્તાર ૬૭૨૫ હેક્ટર છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો સને ૨૦૦૮-૦૯ ના વર્ષમાં ૧૬૫૧ હેક્ટર વિસ્તારમાં પિયત થયેલ છે તે હકીકત સાચી છે, | (૨) હા, જી. |
| (૩) જો હા, તો ડેમમાં સંગ્રહ થતાં પાણીના મહત્તમ ઉપયોગ માટે કમાન્ડ વિસ્તારની પુનઃ સમીક્ષા વિચારણા હેઠળ છે તે હકીકત સાચી છે, | (૩) હા, જી. |
| (૪) જો હા, તો તા. ૩૧-૦૧-૨૦૧૧ની સ્થિતિએ કમાન્ડ વિસ્તારની પુનઃ સમિક્ષા વિશે શી કાર્યવાહી કરવામાં આવી, અને<br>(૫) તેની વિગતો શી છે ? | (૪) અને (૫) ભોગોલિક ભુપૃષ્ઠીય સ્થિતિનો અભ્યાસ તથા જમણા કાંઠા નહેરના ખાતેદારો તરફથી સિંચાઇ માટે પાણીની માંગણી છેલ્લા સાત વર્ષથી આવેલ ન હોય, પુનઃ સમિક્ષા બાદ નહેર વ્યવસ્થામાં કોઇ ફેરફાર કરવાની હાલ જરૂરીયાત જણાતી નથી. |

--------

## ડાકોર યાત્રાધામ વિકાસ માટે ફાળવેલ રકમ

૨૦૦૩૩ **: શ્રી રામસિંહ પરમાર (ઠાસરા)** : **માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પ્રસિધ્ધ યાત્રાધામ ડાકોર માટે રાજ્ય સરકારે ક્યા ક્યા હેતુ માટે કેટલી રકમ ફાળવી, | (૧) તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં જન્માષ્ટમી તહેવારના હેતુ માટે રૂપિયા ૮.૬૦ લાખ અને ડાકોર મંદિરના પટાંગણ તેમજ ગોમતીઘાટના વિકાસ માટે રૂપિયા ૫ કરોડ ફાળવવામાં આવ્યા છે. |
| (૨) તે અન્વયે કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને | (૨) ડાકોર જન્માષ્ટમીની ઉજવણીમાં રૂપિયા ૩,૫૪,૦૩૮/- નો ખર્ચ કરવામાં આવ્યો. |
| (૩) તે અન્વયે ઉક્ત સ્થિતિએ વિકાસના કેટલા કામો બાકી છે ? | (૩) પાદુકાજી અને તેની પાસેના બ્રીજના બ્યુટીફીકેશન, પાર્કીંગ, બાળ ક્રીડાંગણનો વિકાસ, હેન્ડીક્રાફ્ટ અને મંદિરને લગતી પૂજા સામગ્રી બજાર, ટોયલેટ કોમ્પલેક્ષ, ૨૪ મીટર વાઇડ રોડ એન્ડ વોક વે, |

ડેવલપમેન્ટ ફ્લોરીંગ, મ્યુઝીક્લ ફાઉન્ટેન, ટેમ્પલ પ્લાઝા ડેવલપમેન્ટ, લાઇટીંગ અને ડાકોર ટેમ્પલ પટાંગણ તેમજ ગોમતીઘાટને નયનરમ્ય બનાવવાનું કામ બાકી છે.

--------

**નગરપાલિકાઓને ઓક્ટ્રોય નાબૂદીના વિક્લ્પે ચૂક્વેલ રક્મ**

૨૧૪૪૯ : **શ્રીમતી ભાનુબેન મ.બાબરીયા (રાજકોટ ગ્રામ્ય) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ રાજ્યની નગરપાલિકાઓમાં ઓક્ટ્રોય નાબૂદીના વિક્લ્પ રૂપે છેલ્લા એક વર્ષમાં કેટલી રક્મની ચૂક્વણી કરવામાં આવેલ છે ?

**જવાબ**

ઓક્ટ્રોય નાબૂદીના વિક્લ્પરૂપે રાજ્યની નગરપાલિકાઓને તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રૂ. ૩,૩૦,૭૭,૬૦,૬૦૩/- ની રક્મની ચૂક્વણી કરવામાં આવેલ છે.

**જે.એન.યુ.આર.એમ. અંતર્ગત વડોદરા શહેરના વિકાસ માટે ફાળવેલ રક્મ**

૨૦૦૨૫ : **શ્રી ધીરુભાઈ ભીલ (નસવાડી) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા શહેરના વિકાસ માટે જવાહરલાલ નહેરુ નેશનલ અર્બન રીન્યુઅલ મિશન હેઠળ કેટલી રકમ ક્યા ક્યા કામો પાછળ રાજ્ય સરકારે ફાળવી, અને

(૨) આ ફાળવેલ રકમ પેકીના ક્યા કામો પૂર્ણ થયા અને કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) છેલ્લા બે વર્ષમાં વડોદરા શહેરના વિકાસ માટે રાજ્ય સરકારે ફાળવેલ રક્મની વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | યોજનાનું નામ | રાજ્ય સરકાર દ્વારા ફાળવેલ રક્મ (રૂા.કરોડમાં) | |
|---|---|---|---|
| | | ૨૦૦૯-૧૦ | ૨૦૧૦-૧૧ |
| ૧ | યુ.આઈ.જી.યોજનાના કામો | ૩૨.૨૯ | ૫૯.૩૧ |
| ૨ | બી.એસ.યુ.પી.યોજનાના કામો | ૧૭.૩૮ | ૫.૫૭ |
| | **કુલ રૂા.** | **૪૯.૬૭** | **૬૪.૮૮** |

(૨) થયેલ ખર્ચની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | યોજનાનું નામ | પૂર્ણ થયેલ કામગીરી | યુ.આઈ.જી. તથા બી.એસ.યુ.પી. યોજના અન્વયે વર્ષ ૨૦૦૯-૧૦ તથા વર્ષ ૨૦૧૦-૧૧માં રાજ્ય સરકાર દ્વારા ફાળવેલ રક્મનો ૧૦૦ ટકા ખર્ચ થયેલ છે. |
|---|---|---|---|
| ૧ | યુ.આઈ.જી. યોજનાના કામો | કામગીરી પ્રગતિમાં છે. | |
| ૨ | બી.એસ.યુ.પી. યોજનાના કામો | ૬૫૪૪ આવાસોની કામગીરી પૂર્ણ થયેલ છે. | |

--------

**રાજ્યમાં થેલેસેમીયાગ્રસ્ત બાળકો**

૨૦૫૪૪ : **શ્રી જયંતિલાલ પ.ભાનુશાલી (અબડાસા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) થેલેસેમીયાના રોગથી પીડાતા બાળકોની સારવાર માટે સરકાર કઈ કઈ સુવિધાઓ પૂરી પાડે છે, અને

(૨) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સરકારે કેટલો ખર્ચ ક્ર્યો, અને કેટલા બાળકોના બોનમેરો ટ્રાન્સ્પ્લાન્ટ ક્ર્યા ?

**જવાબ**

(૧) થેલેસેમીયાના રોગથી પીડાતા બાળકોને બ્લડ ટ્રાન્સફ્યુઝન, સ્પ્લીનેકટોમી, તેમજ આયર્ન ચીલેટર્સ, રસીકરણ, ફોલીક એસીડ જેવી દવાઓ આપવામાં આવે છે. થેલેસેમીયાને લગતા ટેસ્ટ કરવામાં આવે છે. તથા જ્યારે અન્ય ગંભીર બિમારી થાય ત્યારે ઘનિષ્ઠ સારવાર અપાય છે.

(૨) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આ રોગની સારવાર માટે નીચે જણાવ્યા મુજબ સંસ્થા દ્વારા ખર્ચ કરવામાં આવ્યો.

સીવીલ હોસ્પિટલ અમદાવાદ રૂ.૧૯,૫૫,૨૦૦/-
ઈન્સ્ટીટ્યુટ ઓફ કિડની ડીસીઝ એન્ડ રીસર્ચ સેન્ટર, અમદાવાદ રૂ.૧,૧૭,૨૪૩/-

એમ.પી.શાહ કેન્સર હોસ્પિટલ, અમદાવાદ, રૂ.૭૬,૭૦,૭૪૫/-

આમ કુલ બે વર્ષનો મળી રૂ.૯૭,૪૩,૧૮૮/- ખર્ચ થયેલ.

સરકારી ખર્ચે બોનમેરો ટ્રાન્સ્પ્લાન્ટ આવરી લેવાતું નથી.

### સી.એચ.સી. રાજુલાને અપગ્રેડ કરવા માટેની દરખાસ્ત

૨૦૨૭૦ : **શ્રી હીરાભાઈ સોલંકી (રાજુલા)** : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સામૂહિક આરોગ્ય કેન્દ્ર, રાજુલાને અપગ્રેડ કરવા માટેની કોઈ દરખાસ્ત આવેલ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ અંગે શી કાર્યવાહી કરવામાં આવેલ છે, અને | (૨) દરખાસ્ત ચકાસણી હેઠળ છે. જે અંગે ગુણવત્તા અનુસાર નિર્ણય લેવામાં આવશે. |
| (૩) સામૂહિક આરોગ્ય કેન્દ્ર, રાજુલાને અપગ્રેડ કરવા માટે શું આયોજન છે ? | (૩) નિર્ણય લેવાયા બાદ જરૂરી નાણાકીય જોગવાઈ માટેની તેમજ અન્ય કાર્યવાહી હાથ ધરાશે. |

--------

### વલસાડ જિલ્લામાં સી.એચ.સી. માં પગાર ચૂકવવા અંગે

૨૦૦૯૯ : **શ્રી જીતુભાઈ ચૌધરી (મોટા પોંઢા)** : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વલસાડ જિલ્લામાં આવેલ સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ છેલ્લા છ માસથી કર્મચારીઓને પગાર મળ્યો નથી તે હકીકત સાચી છે, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો મહિનાઓ સુધી પગાર નહીં ચૂકવવાના કારણો શાં છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) કેટલા સમયમાં બાકીનો આ પગાર ચૂકવાશે? | (૩) લાગુ પડતું નથી. |

--------

### આણંદ અને ખેડા જિલ્લામાં ચોમાસામાં વરસાદના કારણે ભરાતા પાણીના નિકાલ માટે કાંસનું આયોજન

૨૦૨૪૭ : **શ્રી લાલસિંહ વડોદિયા (ઉમરેઠ)** : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ આણંદ અને ખેડા જિલ્લામાં ચોમાસામાં ભારે વરસાદને કારણે ભરાતા પાણીના નિકાલ માટે નવા કાંસ બનાવવા સરકાર કોઈ આયોજન કરવા માંગે છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ અંગે શું આયોજન કરવામાં આવ્યું છે, | (૨), (૩) અને (૪) : પૂર્વ શક્યતાદર્શી અહેવાલ મળેલ છે. આર્થિક અને તાંત્રિક રીતે ચકાસણી બાદ આયોજન કરવામાં આવશે. |
| (૩) સરકાર ક્યાંથી ક્યાં સુધીના કાંસ બનાવવા માંગે છે, અને | |
| (૪) નવા કાંસ બનાવવા સરકાર કેટલું ખર્ચ કરવા માંગે છે ? | |

--------

### ૫૨/page> પાટનગર ગાંધીનગરને જે.એન.યુ.આર.એમ. માં સાંકળી લેવા અંગે

૨૧૪૫૫ : **શ્રી ભરત બારોટ (દરિયાપુર-કાઝીપુર )** : **માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યના પાટનગર ગાંધીનગરને જવાહરલાલ નહેરૂ નેશનલ અર્બન રિન્યુઅલ મિશન યોજના હેઠળ સાંકળી લેવા તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેન્દ્ર સરકાર સમક્ષ રાજ્ય સરકાર દ્વારા કોઇ દરખાસ્ત કરવામાં આવી છે તે હકીકત સાચી છે, અને | (૧) રાજ્યના પાટનગર ગાંધીનગરને જવાહરલાલ નહેરૂ નેશનલ અર્બન રિન્યુઅલ મિશન યોજના હેઠળ સાંકળી લેવા તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેન્દ્ર સરકાર સમક્ષ રાજ્ય સરકાર દ્વારા કુલ ૪ વખત દરખાસ્ત કરવામાં આવેલ છે. |
| (૨) જો હા, તો તે અન્વયે કેન્દ્ર સરકાર તરફથી શો પ્રતિભાવ મળ્યો ? | (૨) તે અન્વયે કેન્દ્ર સરકાર તરફથી કોઇ જ પ્રતિભાવ મળેલ નથી. |

**માંડવી તાલુકામાં બંધારા**

૨૦૮૮૯ : **શ્રી ધનજીભાઈ ગો.સેંધાણી (માંડવી)** : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લાના માંડવી તાલુકામાં સુજલામ-સુફલામ યોજના હેઠળ વર્ષ ૨૦૦૯-૨૦૧૦ અને ૨૦૧૦-૧૧ માં તા.૩૧-૧૨-૧૦ ની સ્થિતિએ કેટલા બંધારા બનાવવામાં આવ્યા, અને

(૨) આ કામો પાછળ વર્ષવાર કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) કચ્છ જિલ્લાના માંડવી તાલુકામાં સુજલામ-સુફલામ યોજના હેઠળ વર્ષ ૨૦૦૯-૨૦૧૦ અને ૨૦૧૦-૧૧ પૈકી વર્ષ ૨૦૦૯-૨૦૧૦ માં ૧ બંધારાનું કામ પૂર્ણ કરવામાં આવ્યું છે.

(૨) આ બંધારાના કામો પાછળ વર્ષ ૨૦૦૯-૧૦ માં રૂા.૫૪.૯૦ લાખ ખર્ચ કરવામાં આવ્યો.

--------

**આંકલાવ તાલુકાના મહી કાંઠાના ગામોમાં પીવાના પાણી માટે જૂથ પાણી પુરવઠા યોજના**

૨૧૮૩૧ : **શ્રી અમીતભાઈ ચાવડા (બોરસદ)** : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આંકલાવ તાલુકાના મહી કાંઠાના ગામોમાં પીવાના પાણી માટે જૂથ પાણી પુરવઠા યોજના બનાવવા કોઇ (માંગણી) રજૂઆત મળેલ છે કે કેમ, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો ક્યારે, | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) તે સંદર્ભે શી કાર્યવાહી કરવામાં આવેલ છે, | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) ઉક્ત સ્થિતિએ આ કાર્યવાહી ક્યા તબક્કે છે, અને | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૫) કેટલા સમયમાં જૂથ પાણી પુરવઠા યોજના પૂર્ણ કરવાનું આયોજન છે ? | (૫) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**મહુવા તાલુકામાં સ્વજલધારા યોજના અંતર્ગત મંજૂર કામો**

૨૦૫૫૩ : **શ્રી ડૉ. કનુભાઈ કલસરીયા (મહુવા)** : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લાનાં મહુવા તાલુકાના ગામડાઓમાં પીવાનાં પાણીનો પ્રશ્ન હલ કરવા સ્વજલધારા યોજના હેઠળ તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ક્યા ક્યા ગામોનાં કામો મંજૂર કરવામાં આવ્યા, અને

**જવાબ**

(૧) ૩૫ ગામ તથા ૧ પરાના યોજનાના કામો મંજૂર કરવામાં આવ્યા. (પત્રક-૧ મુજબ)

**પત્રક-૧**

| ક્રમ | ગામનું નામ | ક્રમ | ગામનું નામ |
|---|---|---|---|
| ૧ | ગુજરડા | ૧૯ | કણકોટ |
| ૨ | ચારદીકા | ૨૦ | દયાળ |
| ૩ | મોટી જાગધાર | ૨૧ | માળવાવ |
| ૪ | નાના આસરાણા | ૨૨ | ઘરાઇ |
| ૫ | ડોળીયા | ૨૩ | કિંકરીયા |
| ૬ | પઢીયારકા | ૨૪ | લીલવણ |
| ૭ | કળસાર | ૨૫ | નાના પીપળવા |
| ૮ | કુંભણ | ૨૬ | ટીટોડીયા |
| ૯ | સાલોલી | ૨૭ | વાવડી |
| ૧૦ | નેસવડ | ૨૮ | કળમોદર |
| ૧૧ | દેવળીયા | ૨૯ | જાંબુડા |
| ૧૨ | સરેરા | ૩૦ | ભાદ્રોડ |
| ૧૩ | સમઢીયાળા પટ્ટી | ૩૧ | સથરા |
| ૧૪ | રોહિંસા | ૩૨ | મોટી વડાળ |
| ૧૫ | તરેડી | ૩૩ | થોરાળા |
| ૧૬ | મોટા માલપરા | ૩૪ | તલગાજરડા |
| ૧૭ | કસાણ | ૩૫ | બોરડી |
| ૧૮ | નાની જાગધાર | ૫રૂ-૧ | કૃષ્ણાપુરા (થોરાળા |

| | | | |
|---|---|---|---|
| | | | ગામનું પરૂ) |
| કુલ-૩૫ ગામો અને ૧ પરૂ | | | |

(૨) તે પૈકી ક્યા ક્યા ગામોનાં કામો ઉક્ત સ્થિતિએ બાકી છે અને કેટલા પૂર્ણ થયા છે,

(૨) ૧૩ ગામ તથા ૧ પરાના કામો લોકફાળો ન ભરવાના કારણે બાકી છે. (પત્રક-૨ મુજબ)
૪ ગામના કામો પૂર્ણ થયેલ છે.
૧૮ ગામના કામો પ્રગતિ હેઠળ છે.

પત્રક-૨

| ક્રમ | તાલુકો | ગામનું નામ |
|---|---|---|
| ૧ | મહુવા | કિંકરીયા |
| ૨ | મહુવા | લીલવણ |
| ૩ | મહુવા | નાના પીપળવા |
| ૪ | મહુવા | ટીટોડીયા |
| ૫ | મહુવા | વાવડી |
| ૬ | મહુવા | કળમોદર |
| ૭ | મહુવા | જાંબુડા |
| ૮ | મહુવા | ભાદ્રોડ |
| ૯ | મહુવા | સથરા |
| ૧૦ | મહુવા | મોટી વડાળ |
| ૧૧ | મહુવા | થોરાળા |
| ૧૨ | મહુવા | તલગાજરડા |
| ૧૩ | મહુવા | બોરડી |
| પરૂ-૧ | મહુવા | કૃષ્ણાપુરા (થોરાળા ગામનું પરૂ) |
| કુલ-૧૩ ગામો અને ૧ પરૂ | | |

(૩) આ બાબતે કેટલી રકમની ગ્રાન્ટ વાપરવામાં આવી, અને

(૪) બાકી રહેલા કામો પૂર્ણ કરવાનું શું આયોજન છે ?

(૩) રૂ. ૨૨૦.૭૭ લાખ

(૪) પ્રગતિ હેઠળની યોજનાના કામો અંદાજીત ૯ માસમાં પૂર્ણ કરવાનું આયોજન છે. તથા બાકી રહેતી યોજનાઓના કામો લોકફાળો ભરાયા બાદ ૧૮ માસમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

----------

## એન.આર.એચ.એમ. અન્વયે રાજ્ય સરકારને મળેલ સહાય

૨૨૦૪૦ : **શ્રી દેવજીભાઈ ગો.ફતેપરા (હળવદ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧ ડીસેમ્બર-૨૦૧૦ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન નેશનલ રૂરલ હેલ્થ મીશન અન્વયે સરકારને ભારત સરકારમાંથી ક્યા ક્યા હેતુ માટે, ક્યારે અને કેટલી રકમ સહાય પેટે મળી, અને

**જવાબ**

(૧) તા.૩૧ ડીસેમ્બર-૨૦૧૦ ની સ્થિતિએ છેલ્લા પોણા બે વર્ષ દરમ્યાન નેશનલ રૂરલ હેલ્થ મીશન અંતર્ગત ભારત સરકારમાંથી જે હેતુસર ક્યારે અને કેટલી રકમ સહાય પેટે મળેલ છે તે વિગતો દર્શાવતું પત્રક-અ સામેલ છે.

**પત્રક-અ**

**વર્ષ ૨૦૦૯-૧૦**

| અનુ.નં. | હેતુ/યોજના | સહાય પેટે રકમ ક્યારે મળી | સહાય પેટે મળેલ રકમ (રૂપિયામાં) |
|---|---|---|---|
| ૧ | આર.સી.એચ.-૨ | | |
| | | તા.૨૨-૫-૨૦૦૯ | ૨૫૬,૩૦૦,૦૦૦ |
| | | તા.૧૩-૮-૨૦૦૯ | ૪૩૭,૦૦૦,૦૦૦ |
| | | તા.૧૬-૧૨-૨૦૦૯ | ૨૪૪,૯૦૦,૦૦૦ |
| | | તા.૨૪-૧૨-૨૦૦૯ | ૧૮૪,૧૦૦,૧૦૦૦ |
| | | તા.૧૬-૧૨-૨૦૦૯ | ૧૨૬,૨૦૦,૦૦૦ |
| | **કુલ** | | **૧,૨૪૮,૫૦૦,૦૦૦** |
| ૨ | એન.આર.એચ.એમ. ફ્લેગશીપુલ | તા.૨૨-૫-૨૦૦૯ | ૨૨૬,૧૦૦,૦૦૦ |
| | | તા.૨૪-૮-૨૦૦૯ | ૮૦૦,૦૦૦,૦૦૦ |
| | | તા.૨૪-૧૨-૨૦૦૯ | ૩૧૧,૯૦૦,૦૦૦ |
| | | તા.૨૩-૩-૨૦૧૦ | ૪૮૭,૬૦૦,૦૦૦ |
| | **કુલ** | | **૧,૮૨૫,૬૦૦,૦૦૦** |
| ૩ | ૧. ઇમ્યુનાઇઝેશન | | |
| | | તા.૧૬-૧૧-૨૦૦૯ | ૭૧,૨૫૦,૦૦૦ |
| | **કુલ** | | **૭૧,૨૫૦,૦૦૦** |
| | ૨. પોલીયો રાઉન્ડ | | |
| | | તા.૨૪-૦૩-૨૦૦૯ | ૩,૦૪૧,૮૭૪ |
| | | તા.૨-૧૨-૨૦૦૯ | ૧૧૧,૮૦૭,૫૩૮ |

| અનુ.નં. | હેતુ/યોજના | સહાય પેટે રકમ ક્યારે મળી | સહાય પેટે મળેલ રકમ (રૂપિયામાં) |
|---|---|---|---|
| | | તા.૦૯-૦૯-૨૦૦૯ | ૧૨,૫૪૧,૫૪૬ |
| | | તા.૩૦-૧૦-૨૦૦૯ | ૩,૪૩૪,૭૮૨ |
| | **કુલ** | | **૧૩૦,૮૨૫,૭૪૦** |
| ૪ | આર.એન.ટી.સી.પી. | | |
| | | તા.૧૧-૫-૨૦૦૯ | ૩૩,૨૦૦,૦૦૦ |
| | | તા.૨૦-૯-૨૦૦૯ | ૬૮,૯૦૦,૦૦૦ |
| | | તા.૨૨-૧-૨૦૧૦ | ૩૪,૦૦૦,૦૦૦ |
| | | તા.૦૯-૨-૨૦૧૦ | ૧૧,૦૦૦,૦૦૦ |
| | **કુલ** | | **૧૪૭,૧૦૦,૦૦૦** |
| ૫ | મેલેરીયા પ્રોગ્રામ | | |
| | | તા.૫-૬-૨૦૦૯ | ૧૬,૮૦૦,૦૦૦ |
| | | તા.૧૮-૨-૨૦૦૯ | ૪૭,૩૯૧,૦૦૦ |
| | **કુલ** | | **૬૪,૧૯૧,૦૦૦** |
| ૬ | આઇ.ડી.એસ.પી. | તા.૧૩-૪-૨૦૦૯ | ૭૬૦,૦૦૦ |
| | | તા.૧૨-૧૦-૨૦૦૯ | ૪,૦૦૦,૦૦૦ |
| | | તા.૧૯-૧-૨૦૦૯ | ૫,૦૧૬,૦૦૦ |
| | **કુલ** | | **૯,૭૭૬,૦૦૦** |
| ૭ | બ્લાઇનડેન્સ કંટ્રોલ પ્રોગ્રામ | | |
| | | તા.૩-૬-૨૦૦૯ | ૫૫,૦૦૦,૦૦૦ |
| | | તા.૩-૬-૨૦૦૯ | ૪,૬૫૦,૦૦૦ |
| | | તા.૭-૧૨-૨૦૦૯ | ૮૧,૯૫૦,૦૦૦ |
| | | તા.૭-૧૨-૨૦૦૯ | ૧,૭૦૦,૦૦૦ |
| | | તા.૭-૧૨-૨૦૦૯ | ૪૫,૫૬૩,૦૦૦ |
| | **કુલ** | | **૧૮૮,૮૬૩,૦૦૦** |
| ૮ | લેપ્રસી પ્રોગ્રામ | | |
| | | તા.૨૦-૪-૨૦૦૯ | ૭,૦૦૦,૦૦૦ |
| | | તા.૨૦-૪-૨૦૦૯ | ૫,૪૮૦,૦૦૦ |
| | | તા.૨૭-૧૧-૨૦૦૯ | ૭,૬૦૦,૦૦૦ |
| | | તા.૨૬-૨-૨૦૧૦ | ૩,૧૩૬,૦૦૦ |
| | **કુલ** | | **૨૩,૨૧૬,૦૦૦** |
| ૯ | આયોડીન ડેફીસીયન્સી ડીસઓર્ડર પ્રોગ્રામ | | |
| | | તા.૧૦-૩-૨૦૧૦ | ૧,૪૨૮,૦૦૦ |
| | **કુલ** | | **૧,૪૨૮,૦૦૦** |

## વર્ષ ૨૦૧૦-૨૦૧૧ (૩૧-૧૨-૨૦૧૦ અંતિત માહિતી)

| અનુ. નં. | ક્યા ક્યા હેતુ માટે અને ક્યારે યોજના વાઇઝ | સહાય ક્યારે મળી | સહાયની રકમ (રૂપિયામાં) |
|---|---|---|---|
| ૧ | આર.સી.એચ.-૨ | | |
| | | તા.૭-૬-૨૦૧૦ | ૧,૦૬૫,૨૦૦,૦૦૦ |
| | | તા.૧૮-૧૨-૨૦૧૦ | ૧૫,૦૧૦,૦૦૦ |
| | | તા.૧૮-૧૨-૨૦૧૦ | ૨૨,૧૯૦,૦૦૦ |
| | **કુલ** | | **૧,૧૦૨,૪૦૦,૦૦૦** |
| ૨ | એન.આર.એચ.એમ. ફ્લેગશીપુલ | તા.૭-૦૬-૨૦૧૦ | ૧,૧૮૧,૩૦૦,૦૦૦ |
| | | તા.૧૬-૧૨-૨૦૧૦ | ૩૯૩,૭૦૦,૦૦૦ |
| | **કુલ** | | **૧,૫૭૫,૦૦૦,૦૦૦** |
| ૩ | ૧. ઇમ્યુનાઇઝેશન | - | - |
| | ૨. પોલીયો રાઉન્ડ | તા.૨૧-૯-૨૦૧૦ | ૨૦,૦૮૨,૮૮૩ |
| | **કુલ** | | **૨૦,૦૮૨,૮૮૩** |
| ૪ | એન.આર.ટી.સી.પી. | | |
| | | તા.૨૬-૪-૨૦૧૦ | ૬૯,૪૦૦,૦૦૦ |
| | **કુલ** | | **૬૯,૪૦૦,૦૦૦** |
| ૫ | મેલેરીયા પ્રોગ્રામ- | - | - |
| ૬ | આઇ.ડી.એસ.પી. | તા.૨-૭-૨૦૧૦ | ૫,૬૯૧,૦૦૦ |
| | | તા.૨૭-૬-૨૦૧૦ | ૯,૨૧૮,૦૦૦ |
| | **કુલ** | | **૧૪,૯૦૯,૦૦૦** |
| ૭ | બ્લાઇન્ડનેશ કન્ટ્રોલ પ્રોગ્રામ | તા.૨૧-૬-૨૦૧૦ | ૧૦,૯૮૮,૦૦૦ |
| | | તા.૨૧-૬-૨૦૧૦ | ૧૦૦,૦૧૪,૦૦૦ |
| | **કુલ** | | **૧૧૧,૦૦૨,૦૦૦** |
| ૮ | લેપ્રસી પ્રોગ્રામ | તા.૮-૭-૨૦૧૦ | ૯,૫૬૭,૦૦૦ |
| | **કુલ** | | **૯,૫૬૭,૦૦૦** |
| ૯ | આયોડીન ડેફીસીયન્સી | તા.૨૮-૬-૨૦૧૦ | ૨,૪૦૦,૦૦૦ |

| અનુ. નં. | ક્યા ક્યા હેતુ માટે અને ક્યારે યોજના વાઇઝ | સહાય ક્યારે મળી | સહાયની રકમ (રૂપિયામાં) |
|---|---|---|---|
| | ડીસઓર્ડર પ્રોગ્રામ | | |
| | **કુલ** | | **૨,૪૦૦,૦૦૦** |

(૨) તે પેકી જે તે હેતુ માટે કેટલી રક્મ વપરાઇ અને કેટલી રક્મ વણવપરાયેલ પડી છે અને કેટલી રક્મ પરત કરી ?

(૨) તે પેકી જે હેતુ માટે રક્મ વપરાઇ અને વણવપરાયેલ પડી છે તેની વર્ષવાર વિગતો દર્શાવતું પત્રક-બ સામેલ છે. કોઇ રક્મ પરત કરવા પાત્ર નથી અથવા પરત કરેલ નથી.

**પત્રક-બ**

**વર્ષ ૨૦૦૯-૧૦**

| અ.નં. | હેતુ/યોજના | વપરાયેલ રક્મ | વણ વપરાયેલ રક્મ |
|---|---|---|---|
| ૧ | આર.સી.એચ.-૨ | ૧,૨૨૮,૦૬૫,૧૪૫ | ૩૨૨,૯૬૫,૧૯૧ |
| ૨ | એન.આર.એચ.એમ. | ૧,૮૧૫,૧૫૧,૮૬૦ | ૩૦૬,૨૧૦,૮૬૭ |
| ૩ | ૧. ઇમ્યુનાઇઝેશન | ૮૧,૯૪૨,૭૧૦ | ૦૦૦ |
| | ૨. પોલીયો રાઉન્ડ | ૮૯,૮૨૫,૦૯૬ | ૧૪૯,૦૩૮,૭૪૭ |
| ૪ | આર.એન.ટી.-સી.પી. | ૧૪૭,૬૪૪,૨૫૩ | ૫૩૦,૬૪૦ |
| ૫ | મેલેરીયા પ્રોગ્રામ | ૧૩,૦૦૩,૬૭૪ | ૫૪,૮૫૮,૨૪૭ |
| ૬ | આઇ.ડી.એસ.પી. | ૧૪,૯૭૫,૧૯૩ | ૬,૦૮૨,૩૯૪ |
| ૭ | બ્લાઇનડેન્સ કંટ્રોલ પ્રોગ્રામ | ૧૭૦,૪૧૯,૫૩૨ | ૪૧,૨૮૪,૩૨૯ |
| ૮ | લેપ્રસી પ્રોગ્રામ | ૨૧,૦૭૧,૩૧૩ | ૩,૮૫૫,૬૨૩ |
| ૯ | આયોડીન ડેફીસીયન્સી ડીસઓર્ડર પ્રોગ્રામ | ૧,૯૦૦,૦૦૦ | ૭૫,૦૦૦ |

**વર્ષ ૨૦૧૦-૧૧ (૩૧-૧૨-૨૦૧૦ અંતિત)**

| અ.નં. | હેતુ/યોજના | વપરાયેલ રક્મ | વણવપરાયેલ રક્મ |
|---|---|---|---|
| ૧ | આર.સી.એચ.-૨ | ૭૮૦,૯૪૭,૯૧૨ | ૬૪૪,૪૧૭,૨૭૮ |
| ૨ | એન.આર.એચ.એમ. | ૧,૨૨૩,૩૬૬,૨૧૭ | ૯૧૪,૭૪૪,૬૪૯ |
| ૩ | ૧. ઇમ્યુનાઇઝેશન | ૫૮,૯૩૧,૦૦૦ | ૦૦૦ |
| | ૨. પોલીયો રાઉન્ડ | ૧૫૪,૨૩૩ | ૧૬૮,૯૬૭,૩૯૭ |
| ૪ | આર.એન.ટી.સી.પી | ૧૧૧,૯૦૦,૦૦૦ | ૦૦૦ |
| ૫ | મેલેરીયા પ્રોગ્રામ | ૨૦,૨૬૪,૦૦૦ | ૩૪,૫૯૪,૨૪૭ |
| ૬ | આઇ.ડી.એસ.પી. | ૭,૮૮૦,૩૩૬ | ૧૩,૧૧૧,૦૫૮ |
| ૭ | બ્લાઇનડેન્સ કંટ્રોલ પ્રોગ્રામ | ૬૭,૦૭૪,૦૦૦ | ૮૫,૨૧૨,૩૨૯ |
| ૮ | લેપ્રસી પ્રોગ્રામ | ૯,૦૩૧,૫૨૬ | ૪,૩૯૧,૦૯૭ |
| ૯ | આયોડીન ડેફીસીયન્સી ડીસઓર્ડર પ્રોગ્રામ | ૧,૩૦૦,૦૦૦ | ૧,૧૭૫,૦૦૦ |

## જૂનાગઢ જિલ્લામાં કાર્યરત પી.એચ.સી. અને સી.એચ.સી. પાછળ થયેલ ખર્ચ

૨૦૨૪૪ : **શ્રી ભગવાનભાઈ ધા.બારડ (તાલાલા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર કેટલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સામૂહિક આરોગ્ય કેન્દ્રો કાર્યરત છે, અને

(૧) જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સામૂહિક આરોગ્ય કેન્દ્રો નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | પ્રા.આ.કેન્દ્રો | સા.આ.કેન્દ્રો |
|---|---|---|---|
| ૧ | જૂનાગઢ | ૫ | ૧ |
| ૨ | વંથલી | ૩ | ૧ |
| ૩ | માણાવદર | ૪ | ૧ |
| ૪ | કેશોદ | ૪ | ૧ |
| ૫ | માંગરોળ | ૪ | ૧ |
| ૬ | માળીયા હાટીના | ૪ | ૨ |
| ૭ | વેરાવળ | ૪ | ૧ |
| ૮ | સુત્રાપાડા | ૪ | ૧ |
| ૯ | કોડીનાર | ૫ | ૧ |
| ૧૦ | તલાલા | ૩ | ૧ |
| ૧૧ | વિસાવદર | ૪ | ૧ |
| ૧૨ | મેંદરડા | ૨ | ૧ |
| ૧૩ | ભેંસાણ | ૨ | ૧ |
| ૧૪ | ઉના | ૯ | ૩ |
| | **કુલ :** | **૫૭** | **૧૭** |

(૨) તે અન્વયે આ કેન્દ્રોની મરામત પાછળ તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

(૨) આ કેન્દ્રોની મરામત પાછળ નીચે મુજબ ખર્ચ કરવામાં આવેલ છે.

| | વર્ષ ૨૦૦૯-૧૦ રૂપિયા | વર્ષ ૨૦૧૦-૧૧ રૂપિયા | કુલ રૂપિયા |
|---|---|---|---|
| પ્રાથમિક આરોગ્ય | ૨૫૪૩૯૦૪ | ૨૫૭૭૩૦૪ | ૫૧૨૧૨૦૮ |

| | | | |
|---|---|---|---|
| આરોગ્ય કેન્દ્રો | | | |
| સામૂહિક આરોગ્ય કેન્દ્રો | ૨૫૯૦૮૭ | ૨૪૨૩૬૯ | ૫૦૧૪૫૬ |
| **કુલ :** | **૨૮૦૨૯૯૧** | **૨૮૧૯૬૭૩** | **૫૬૨૨૬૬૪** |

--------

**આજી-૩ સિંચાઈ યોજનાની નહેર સુધારણાના કામો**

૨૦૮૮૦ **: શ્રી મેઘજીભાઈ કણઝારીયા (ખંભાળીયા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જામનગર જિલ્લાની આજી-૩ સિંચાઈ યોજનાના નહેર સુધારણાના કામો ક્યા તબક્કે છે, અને

(૨) આ કામો ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?

**જવાબ**

(૧) અને (૨) : આજી-૩ સિંચાઈ યોજનાના નહેર સુધારણાના કામો તા.૫-૨-૨૦૧૧ ના રોજ પૂર્ણ થયેલ છે.

--------

**અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં સંવર્ગવાર મંજૂર મહેકમ**

૨૦૦૩૦ **: શ્રી શૈલેષભાઈ મ.પરમાર (શહેર કોટડા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

(૨) તે અન્વયે કેટલી જ્ગ્યાઓ કેટલા સમયથી ખાલી છે,

**જવાબ**

(૧) તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ સિવિલ હોસ્પિટલમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ નીચે મુજબ છે.

| **સંવર્ગ** | **મંજૂર જ્ગ્યા** |
|---|---|
| વર્ગ-૧ | ૦૫ |
| વર્ગ-૨ | ૪૪ |
| વર્ગ-૩ (ક્લેરીકલ) | ૯૨ |
| વર્ગ-૩ (પેરામેડીકલ) | ૧૭૫ |
| વર્ગ-૩ (નર્સીંગ) | ૧૦૫૫ |
| વર્ગ-૪ | ૭૧૩ |
| **કુલ :** | **૨૦૮૪** |

(૨) ખાલી જ્ગ્યાઓની માહિતી નીચે મુજબ છે.

| **સંવર્ગ** | **ખાલી જ્ગ્યા** |
|---|---|
| વર્ગ-૧ | ૦ |
| વર્ગ-૨ | ૧૦ |
| વર્ગ-૩ (ક્લેરીકલ) | ૦૬ |
| વર્ગ-૩ (પેરામેડીકલ) | ૪૭ |
| વર્ગ-૩ (નર્સીંગ) | ૯૯ |
| **કુલ :** | **૧૬૨** |
| ૧૬૨ જ્ગ્યાઓ કેટલા સમયથી ખાલી છે તે અંગેનું પત્રક સામેલ છે. | |

**પ ત્ર ક**

| **અ.નં.** | **સંવર્ગ** | **ખાલી જ્ગ્યા** | **ક્યારથી ખાલી** |
|---|---|---|---|
| ૧ | જનસંપર્ક અધિકારી, વર્ગ-૨ | ૧ | ૧૫-૧૨-૦૮ |
| ૨ | બાયોકેમીસ્ટ, વર્ગ-૨ | ૩ | ૩૧-૮-૯૮, ૨૮-૨-૦૨, ૩૧-૮-૧૦ |
| ૩ | ઓડીયોલોજી અને સ્પીચ થેરાપીસ્ટ વર્ગ-૨ | ૧ | ૧૯-૧-૯૬ |
| ૪ | ચીફ મેટ્રન વર્ગ-૨ | ૧ | ૩૧-૮-૧૦ |
| ૫ | મેટ્રન વર્ગ-૨ ગ્રેડ-૧ | ૪ | ૩૦-૯-૦૫, ૩૦-૪-૦૭, ૩૧-૩-૦૮, ૨૮-૨-૧૦ |
| ૬ | હેડ ક્લાર્ક/સીની.આસી./સ્ટોર કીપર | ૧ | ૨૧-૬-૧૦ |
| ૭ | સીનીયર ક્લાર્ક | ૨ | ૩૦-૬-૧૦, ૨૦-૧-૧૧ |
| ૮ | જુનીયર ક્લાર્ક કમ ટાઈપીસ્ટ | ૩ | ૨૮-૨-૦૯, ૧૨-૧-૦૫, ૨-૬-૦૭ |
| ૯ | લેબોરેટરી ટેકનીશ્યન | ૨ | ૩૧-૮-૧૦, ૩૧-૧૨-૧૦ |
| ૧૦ | એક્સ રે આસીસ્ટન્ટ | ૨ | ૩૧-૧૨-૦૮, ૩૦-૬-૧૦ |
| ૧૧ | ચીફ ફાર્માસીસ્ટ | ૧ | ૧૬-૪-૧૦ |
| ૧૨ | ઓક્યુપેશનલ થેરાપીસ્ટ | ૧ | ૧-૧૦-૨૦૦૦ |
| ૧૩ | આસી.ફીઝીયોથેરાપી | ૧ | ૩૧-૭-૯૮ |
| ૧૪ | સીનીયર લીનન કીપર | ૧ | ૩૧-૫-૯૮ |
| ૧૫ | જુનીયર લીનન કીપર | ૨ | ૨૮-૨-૦૬, ૩૧-૩-૦૭ |
| ૧૬ | હોમિયોપેથીક મેડીકલ ઓફીસર | ૧ | ૨૪-૧-૧૧ |
| ૧૭ | ડાયેટીશીયન | ૧ | ૩૧-૭-૧૦ |
| ૧૮ | સેનેટરી અધિક્ષક | ૧ | ૨૮-૨-૦૧ |

| અ.નં. | સંવર્ગ | ખાલી જ્ગ્યા | ક્યારથી ખાલી |
|---|---|---|---|
| ૧૯ | થીયેટર આસીસ્ટન્ટ | ૭ | ૩૦-૬-૮૬, ૩૦-૬-૮૮, ૨૯-૧૦-૮૮, ૩૧-૭-૮૯, ૩૧-૭-૯૩, ૩૧-૩-૦૧ |
| ૨૦ | મેડીકલ સોસ્યલ વર્કર | ૧ | ૩૦-૬-૧૦ |
| ૨૧ | સુથાર | ૧ | ૩૧-૫-૦૩ |
| ૨૨ | ટેક્ની.આસી.ઈલેક્ટ્રીકલ | ૧ | ૩૧-૭-૯૩ |
| ૨૩ | ટેક્ની.આસી.રેફ્રી. | ૧ | ૩૧-૧૦-૯૨ |
| ૨૪ | ઈલેક્ટ્રીશ્યન | ૧ | ૩૧-૫-૦૧ |
| ૨૫ | રેફ્રીજરેટર મીકેનીક | ૧ | ૩૧-૫-૦૮ |
| ૨૬ | લીફ્ટ મીકેનીક | ૧ | ૩૦-૪-૦૩ |
| ૨૭ | વાયરમેન | ૩ | ૧૭-૫-૨૦૦૦, ૩૧-૭-૯૧, ૩૦-૧૦-૯૬ |
| ૨૮ | પંપ એટેન્ડેન્ટ | ૨ | ૨૩-૧૨-૮૩, ૧૨-૧૨-૦૫ |
| ૨૯ | પ્લાન્ટ ઓપરેટર | ૬ | ૨૧-૧૦-૦૧, ૩૦-૬-૦૧, ૨૮-૨-૦૩, ૧૨-૯-૮૮, ૩૧-૧૦-૦૮, ૩૦-૧૧-૦૮ |
| ૩૦ | પ્લેરૂમ વર્કર | ૧ | ૩૧-૧૨-૦૯ |
| ૩૧ | પેશન્ટ ગાઈડ | ૪ | ૨૧-૬-૧૦, ૧૯-૬-૧૦, ૨૧-૬-૧૦, ૨૧-૬-૧૦ |
| ૩૨ | ઓડીયોમેટ્રી ટેક્ની. | ૧ | ૨૭-૯-૯૧ |
| ૩૩ | સોશ્યલ વર્કર | ૧ | ૨૮-૨-૭૦ |
| ૩૪ | વર્કશોપ ફોરમેન | ૧ | ૨૯-૯-૭૦ |
| ૩૫ | બોઈલર એટેન્ડેન્ટ | ૧ | |
| ૩૬ | મેટ્રન વર્ગ-૩, ગ્રેડ-૨ | ૧૨ | ૩૦-૬-૧૦, ૩૦-૬-૧૦, ૩૧-૭-૧૦, ૩૧-૭-૧૦,૩૧-૮-૧૦, ૧૬-૯-૧૦, ૨૧-૯-૧૦, ૩૧-૧૦-૧૦, ૩૦-૧૧-૧૦, ૩૦-૧૧-૧૦, ૩૧-૧૨-૦૧૦, ૩૧-૧૨-૧૦ |
| ૩૭ | હેડ નર્સ | ૩૨ | ૩૦-૬-૧૦, ૩૦-૬-૧૦, ૩૧-૭-૧૦, ૩૧-૭-૧૦, ૬-૯-૧૦, ૬-૯-૧૦, ૬-૯-૧૦, ૬-૯-૧૦, ૬-૯-૧૦, ૬-૯-૧૦,<br>૬-૯-૧૦, ૬-૯-૧૦, ૬-૯-૧૦, ૬-૯-૧૦, ૬-૯-૧૦, ૧૩-૯-૧૦, ૧૩-૯-૧૦, ૩૦-૯-૧૦, ૩૧-૧૦-૧૦, ૩૧-૧૨-૧૦ |
| ૩૮ | સ્ટાફ નર્સ | ૨૩ | ૧૩-૫-૧૦, ૧૩-૫-૧૦, ૨૦-૫-૧૦, ૧૩-૫-૧૦, ૨૦-૫-૧૦, ૨૦-૫-૧૦, ૪-૬-૧૦, ૩-૬-૧૦, ૩૦-૬-૧૦, ૧૪-૭-૧૦, ૧૫-૭-૧૦, ૩૧-૭-૧૦, ૩૧-૫-૧૦, ૩૧-૮-૧૦, ૩૧-૮-૧૦, ૩૧-૮-૧૦, ૧૭-૯-૧૦, ૨૩-૯-૧૦, ૨૩-૯-૧૦, ૩૧-૧૦-૧૦, ૩૦-૧૧-૧૦, ૬-૧૨-૧૦, ૩૧-૧૨-૧૦. |
| ૩૯ | સહાયક પરિચારીકા | ૩૨ | ૩૦-૩-૦૮, ૬-૮-૦૭, ૩૦-૯-૦૮, ૧૨-૧-૦૯, ૫-૩-૦૯, ૫-૩-૦૯, ૫-૩-૦૯, ૬-૩-૦૯, ૧૭-૩-૦૯, ૨૨-૩-૦૯, ૨૩-૩-૦૯, ૧૮-૫-૦૯, ૧૯-૫-૦૯, ૮-૪-૦૯, ૨૨-૭-૦૯, ૨૪-૭-૦૯, ૨૫-૯-૦૯, ૨૫-૯-૦૯, ૫-૧૦-૦૯, ૩૦-૯-૦૯, ૩૧-૧૨-૦૮, ૧-૨-૧૦, ૩-૫-૧૦, ૩-૫-૧૦, ૧૨-૫-૧૦, ૧૩-૫-૧૦, ૧૩-૫-૧૦, ૮-૬-૧૦, ૧૨-૯-૧૦, ૧૫-૧૦-૧૦, ૧૫-૭-૧૦, ૩૦-૭-૧૦ |
| | કુલ : | ૧૬૨ | |

(૩) આ ખાલી જ્ગ્યાઓ સત્વરે નહીં ભરવાના કારણો શાં છે, અને

(૩) યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ ન થવાના કારણે ખાલી જ્ગ્યાઓ રહે છે.

(૪) કેટલા સમયમાં આવી જ્ગ્યાઓ ભરવામાં આવશે ?

(૪) યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થયેથી જ્ગ્યાઓ ભરવામાં આવશે.

## આણંદ જિલ્લામાં સિંચાઈ માટે પાણી

૨૦૭૬૦ : **શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર (ભાદરણ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાવાર કેટલા હેક્ટર જમીનને સિંચાઈનું પાણી પુરૂં પાડવામાં આવે છે, અને

**જવાબ**

(૧) તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાવાર નીચે મુજબ વિસ્તારને સિંચાઈ હેઠળ આવરી લેવાયેલ છે.

| અ.નં. | તાલુકો | સિંચાઈ વિસ્તાર હેક્ટરમાં |
|---|---|---|
| ૧ | આણંદ | ૨૦૫૯૯ |
| ૨ | ઉમરેઠ | ૧૧૪૬૬ |
| ૩ | તારાપુર | ૨૩૧૩૪ |
| ૪ | ખંભાત | ૪૧૫૧૪ |
| ૫ | પેટલાદ | ૧૯૬૦૯ |
| ૬ | સોજીત્રા | ૧૧૪૪૯ |
| ૭ | બોરસદ | ૨૮૦૭૪ |
| ૮ | આંકલાવ | ૭૭૨૬ |
| | કુલ : | ૧૬૩૫૭૪ |

(૨) બાકી રહેતા વિસ્તારોને સિંચાઈનું પાણી મળી

(૨) છેલ્લા એક વર્ષમાં પરોક્ષ તેમજ પ્રત્યક્ષ સિંચાઈ

રહે તે માટે સરકારે ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં શું આયોજન કરેલ છે ?

મળે તે માટે નીચે મુજબના ચેકડેમની કામગીરી કરવામાં આવેલ છે.

| અ.નં. | તાલુકો | ચેકડેમ/ગામનું નામ |
|---|---|---|
| ૧ | બોરસદ | કહાનવાડી |
| ૨ | આંકલાવ | દવાપુરા |
| ૩ | આંકલાવ | જીલોડ |
| ૪ | ખંભાત | વડગામ-તરકપુર |

## પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા હાથ ધરેલ પ્રોજેક્ટ

૨૧૪૪૩ **: શ્રી ગોવિંદભાઈ ઉ.પટેલ (રાજકોટ-૧) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા સને ૨૦૦૯-૧૦ માં જુદા જુદા પ્રોજેક્ટના વિકાસ માટે ક્યા કામો હાથ ધરવામાં આવ્યા,

**જવાબ**

(૧) ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા સને ૨૦૦૯-૧૦માં જુદા જુદા પ્રોજેક્ટના વિકાસ માટે હાથ ધરવામાં આવેલ કામોની વિગત આ સાથેના પત્રકમાં દર્શાવી છે.

**પ ત્ર ક**

| ક્રમાંક | જિલ્લાનું નામ | હાથ ધરવામાં આવેલ કામોની વિગત | તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ પ્રગતિની વિગત |
|---|---|---|---|
| ૧ | જામનગર | દ્વારકાધીશના મંદિર પરિસરનો વિકાસ, પંચકુઈ વિકાસ, સુદામાસેતુ, ગોમતીનદી, દ્વારકાધીશ મંદિર દ્વારકા, કાયમી લાઈટીંગ ડેકોરેશન તથા મંદિરથી હાઈવે એપ્રોચ રોડના બ્યુટીફીકેશનનું કામ અને વિશ્રામગૃહના બિલ્ડીંગનું રીપેરીંગનું કામ. | દ્વારકાધીશના મંદિર પરિસરની કામગીરી પૂર્ણ થઈ છે. પંચકુઈ વિકાસ યોજનાની કામગીરી રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લી. ના ૫૦ ટકા સહયોગથી હાથ ધરવા કરાર કરવામાં આવેલ છે. લાઈટીંગનું કામ પૂર્ણ કરેલ છે. મંદિરથી હાઈવે એપ્રોચ રોડના બ્યુટીફીકેશનના કામની કાર્યવાહી ચાલુ છે. વિશ્રામગૃહના બિલ્ડીંગના રીપેરીંગનું કામ દ્વારકા નગરપાલિકાને સોંપેલ છે. ટેન્ડર બહાર પાડી એજન્સી નક્કી કરી વર્ક ઓર્ડર અપાયેલ છે. હાલ કામ પ્રગતિમાં છે. સુદામા સેતુ ટૂંક સમયમાં પ્રારંભ થનાર છે. |
| ૨ | જૂનાગઢ | શ્રી સોમનાથ જ્યોતિલીંગ તટ વિકાસ પ્રયોજનાનું કામ | સમુદ્ર રત્નાકર તટ યોજનાની કામગીરી પ્રગતિમાં છે. દિવાલનું કામ ચાલુ છે. રી-ડિઝાઈનીંગ તબક્કે કામ છે. સોમનાથ મંદિર પરિસર બ્યુટીફીકેશનની કામગીરી કરવામાં આવી. સોમનાથ નગરી પ્રવેશદ્વારથી હમીરજી સર્કલ અને હમીરજી સર્કલથી દેહોત્સર્ગ સુધીના દર્શનપથના બ્યુટીફીકેશનની કામગીરી પ્રગતિમાં છે. |
| ૩ | પાટણ | ૧. શ્રી સિધ્ધેશ્વર મહાદેવ દેવસ્થાન વિકાસ ટ્રસ્ટ, સિધ્ધપુર, તા.સિધ્ધપુરનું કામ.<br>૨. શ્રી સિધ્ધેશ્વરી માતા ટેમ્પલ ટ્રસ્ટ, મંડલોપ, તા.ચાણસ્માનું કામ.<br>૩. શ્રી વટેશ્વર મહાદેવ ટેમ્પલ ટ્રસ્ટ, દેથલી, તા.સિધ્ધપુરનું કામ. | ૧. શ્રી સિધ્ધેશ્વર મહાદેવના કામ માટે વર્ક ઓર્ડર થઈ ગયેલ છે. અને બાંધકામ ચાલુ છે.<br>૨. શ્રી સિધ્ધેશ્વરી માતા ટેમ્પલ ટ્રસ્ટ, મંડલોપના કામ માટે વર્ક ઓર્ડર આપવામાં આવેલ છે. પાયા પુરવાનું કામ થઈ ગયા બાદ કોલમ ભરવામાં આવેલ છે. કામ પ્રગતિમાં છે.<br>૩. શ્રી વટેશ્વર મહાદેવ ટેમ્પલ ટ્રસ્ટ, સિધ્ધપુરના કામ માટે વર્ક ઓર્ડર આપવામાં આવેલ છે. મંદિરના આગળના ભાગે આવેલ ઓટલો કુંડ તથા દિવાલ તોડવાની કામગીરી ચાલુ છે. કામ પ્રગિતમાં છે. |
| ૪ | ભાવનગર | હવામહેલ, દર્શનપથ, પાલીતાણા શહેર તથા પાલીતાણા રેલ્વે સ્ટેશનના તળેટી તરફના દર્શનપથનું ડામર કામ | કામ પૂર્ણ થયેલ છે. |
| ૫ | સુરત | રામ હનુમાન શૃંખલામાં સૂર્ય પુત્રી તાપી કિનારે માંડવી તાલુકા ખાતે આવેલ રામેશ્વર તીર્થસ્થાનના વિકાસનું કામ. | ગુજરાત સરકારના ડ્રીમ પ્રોજેક્ટ રામાટ્રેલ જેમાં અંજનીકુંડ, શબરીધામ, પંપા સરોવર, રામેશ્વર અને ઉનાઈ જેવા ગુજરાતના પોરાણિક અને ધાર્મિક સ્થળોનો સમાવેશ થાય છે. જેના વિકાસ માટે સ્કૂલ ઓફ આર્કીટેક સુરત દ્વારા ડ્રોઈંગ, એસ્ટીમેટ, ડિઝાઈન મુજબ રૂપિયા ૩૦ કરોડનો પ્રોજેક્ટ મંજૂર કરવામાં આવ્યા છે તે પેકી રૂપિયા ૧૦ કરોડની ફાળવણી કરવામાં આવેલ છે. આમ ઉપરોક્ત કામો પ્રગતિમાં છે. |
| ૬ | નવસારી | નવસારી જિલ્લામાં વાસદા તાલુકામાં મોજે ઉનાઈ ખાતે ઉનાઈ માતાજી મંદિરના વિકાસ માટે રામાટ્રેલનું કામ. | પ્રોજેકટમાં મંદિરની કામગીરી પૂર્ણતાના તબક્કે છે. |
| ૭ | મહેસાણા | યવતેશ્વર મહાદેવ કડીમાં સત્સંગ રૂમનું કામ, પૂજારીનો રૂમ અને પ્રવેશદ્વાર નંબર (૨) બનાવવાનું કામ. | યવતેશ્વર મહાદેવ મંદિર કડીમાં મંદિરનું કામ પ્રગતિમાં છે. પૂજારીનો રૂમ અને મંદિરના પ્રવેશદ્વારનું કામગીરી પ્રગતિમાં છે. |
| ૮ | બનાસકાંઠા | ૧. શ્રી આરાસુરી અંબાજી માતાના મંદિરના વિકાસનું કામ.<br>૨. શ્રી ચામુંડા માતા મંદિર, પીલુચા, તા.વડગામ ખાતે મંદિરની સંરક્ષણ દિવાલ બનાવવા માટેનું કામ. | શ્રી આરાસુરી અંબાજી માતાના મંદિરના વિકાસના કામની પ્રગતિની વિગત નીચે મુજબ છે.<br>૧. ૨૦૦ બેડની નવીન અદ્યતન હોસ્પિટલનું બાંધકામ ૨૫ એકરની વિશાળ જમીન પરની કામગીરી પ્રગતિમાં છે.<br>૨. ૫૧ આધશિક્તપીઠ દર્શન, ગબ્બર પરિક્મા વિકાસ યોજનાની કામગીરી, ચાચર ચોકના વિસ્તૃતીકરણ કામગીરી પ્રગતિમાં છે.<br>૩. મંદિર પરિસર બ્યુટીફીકેશનની કામગીરી શરૂ થનાર છે.<br>શ્રી ચામુંડા માતા મંદિર, પીલુચા, તા.વડગામ ખાતે મંદિરની સંરક્ષણ દિવાલ બનાવવા માટેનું કામ તા.૩૧-૧-૨૦૧૧ ના રોજ પૂર્ણ થયેલ છે. |

(૨) તે માટે કેટલી રકમની ગ્રાન્ટ મંજૂર કરવામાં આવી,

(૨) તે માટે રૂપિયા ૨૪,૨૩,૮૬,૫૫૮/- ની ગ્રાન્ટ મંજૂર કરવામાં આવેલ છે.

(૩) આ પ્રોજેક્ટનું કામ તા.૩૧-૧-૨૦૧૧ ની સ્થિતિએ ક્યાં તબક્કે છે, અને

(૩) આ પ્રોજેક્ટોનું કામ તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ ક્યા તબક્કે છે તેની વિગત આ સાથેના પત્રકમાં દર્શાવી છે.

(૪) તા.૩૧-૧-૧૧ સુધીમાં આ પ્રોજેક્ટ પાછળ કેટલો ખર્ચ થયો ?

(૪) તા.૩૧-૧-૨૦૧૧ સુધીમાં આ પ્રોજેક્ટ પાછળ રૂપિયા ૧,૬૩,૦૯,૮૯૭/- નો ખર્ચ થયો છે.

--------

### મહેસાણા જિલ્લાના ગામોને નર્મદાનું પીવાનું પાણી

૨૧૪૩૭ : **શ્રીમતી જશોદાબેન પરમાર (જોટાણા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ મહેસાણા જિલ્લાના કેટલા ગામોને કઈ કઈ યોજના ધ્વારા નર્મદાનું પીવાનું પાણી પૂરૂં પાડવામાં આવે છે, અને

(૨) આ યોજના પાછળ કેટલો ખર્ચ થયેલ છે ?

**જવાબ**

(૧) અને (૨) :

| નર્મદા આધારિત જૂથ યોજનાનું નામ | પાણી પૂરૂં પાડવામાં આવતા ગામોની સંખ્યા | થયેલ ખર્ચ રૂ. લાખમાં |
|---|---|---|
| મહેસાણા-૧ (ભાગ-૧) (કડી ઓફ્ટેક આધારિત) | ૧૧૯ | ૫૩૩૨.૬૬ |
| મહેસાણા-૨ (મોઢેરા ઓફ્ટેક આધારિત) | ૧૬૧ | ૧૧૧૯૪.૩૧ |

### રાજ્યમાં નર્સીંગ કોલેજોમાં પ્રવેશ માટેની બેઠકો

૨૧૪૬૭ : **ડૉ. નીમાબેન આચાર્ય (અંજાર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યની સરકારી / અર્ધસરકારી / સ્વનિર્ભર નર્સીંગ કોલેજોમાં તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ એમ. એસ. સી. નર્સીંગમાં પ્રવેશ માટેની બેઠકો કેટલી છે, અને

(૨) એમ. એસ. સી.નર્સીંગમાં પ્રવેશ માટે ક્યા સંવર્ગની કેટલી બેઠકો અનામત રાખવામાં આવે છે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ રાજ્યમાં એમ.એસ.સી. નર્સીંગ કોર્ષની બેઠકો નીચે મુજબ છે.

| નર્સીંગ પોસ્ટ ગ્રેજ્યુએટ કોર્ષ (બે વર્ષ) | | ૨૦૧૦-૧૧ |
|---|---|---|
| એમ. એસ. સી. નર્સીંગ | સરકારી | ૨૫ |
| | મ્યુ. કોર્પોરેશન | -- |
| | સ્વ-નિર્ભર | ૫૦ |
| | કુલ | ૭૫ |

(૨) એમ. એસ. સી. નર્સીંગમાં પ્રવેશ માટેની

- એસ. સી. કેટેગરી ૦૭ ટકા
- એસ. ટી. કેટેગરી ૧૫ ટકા
- એસ.ઈ.બી.સી. ૨૭ ટકા
- વિકલાંગ માટે ૦૩ ટકા

બેઠકો અનામત રાખવામાં આવે છે.

--------

### આણંદ જિલ્લાના પ્રવાસન સ્થળોના વિકાસ માટે કામગીરી

૨૦૦૨૭ : **શ્રી નિરંજનભાઈ પટેલ (પેટલાદ) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) આણંદ જિલ્લામાં તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જિલ્લાના પ્રવાસન સ્થળોના વિકાસ માટે કઈ કઈ કામગીરી હાથ ધરવામાં આવી, અને

(૨) ઉક્ત સ્થિતિએ વર્ષવાર કુલ કેટલા વિકાસના કામો હાથ ધરવામાં આવ્યા ?

**જવાબ**

(૧) આણંદ જિલ્લામાં તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જિલ્લાના પ્રવાસન સ્થળોના વિકાસ માટે નીચે મુજબની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

પુજ્ય ગાંધીજીએ સાબરમતી આશ્રમ, અમદાવાદથી દાંડી સુધી કરેલ દાંડીકુચ દરમ્યાન જે જે સ્થળોએ રાત્રી રોકાણ કરેલ હતું તે પૈકી આણંદ જિલ્લાના નીચેના સ્થળોનો વિકાસ કરવા પસંદ કરવામાં આવેલ છે.

(૧) આણંદ - સાઈનેજીસ, સ્મારકની સફાઈ અને સ્મારક અને બીલ્ડીંગનું રંગકામ

(૨) બોરસદ - સાઈનેજીસ, સ્મારકની સફાઈ અને સ્મારક અને બીલ્ડીંગનું રંગકામ

(૩) કંકાપુરા - સાઈનેજીસ, સ્મારકની સફાઈ અને સ્મારક અને બીલ્ડીંગનું રંગકામ, લાયબ્રેરી, મેડીટેશન રુમ કોમ્યુનીટી હોલ, ઓફીસ, સોવિનિયર શોપ, સ્ટોર, પેન્ટ્રી, પીવાના પાણીની વ્યવસ્થા, ટોયલેટ, પાર્કીંગ, કેમ્પીંગસાઈટ, મ્યુઝીયમ, ઓડીયોવીઝ્યુલ, ફુડ કાફેટેરિયા, પંદર ગેસ્ટરૂમની વ્યવસ્થા પુરી પાડવાની યોજના છે.

(૨) ઉક્ત સ્થિતિએ વર્ષવાર નીચે મુજબ વિકાસના કામો હાથ ધરવામાં આવ્યા.

**વર્ષ-૨૦૧૦**

(૧) આણંદ - વર્કઓર્ડર આપવામાં આવેલ છે પરંતુ

સંસ્થા તરફથી મંજુરી ન મળતાં કામગીરી થયેલ નથી.
(૨) બોરસદ - વર્કઓર્ડર આપવામાં આવેલ છે પરંતુ સંસ્થા તરફથી મંજુરી ન મળતાં કામગીરી થયેલ નથી.
(૩) કંકાપુરા - વર્કઓર્ડર આપવામાં આવેલ છે નીચે મુજબની કામગીરી પ્રગતિમાં છે.
સાઈનેજીસ, સ્મારકની સફાઈ અને સ્મારક અને બીલ્ડીંગનું રંગકામ, લાયબ્રેરી, મેડીટેશન કમ કોમ્યુનીટી હોલ, ઓફીસ, સોવિનિયર શોપ, સ્ટોર, પેન્ટ્રી, પીવાના પાણીની વ્યવસ્થા, ટોયલેટ, પાર્કીંગ, કેમ્પીંગસાઈટ, મ્યુઝીયમ, પંદર ગેસ્ટરૂમની વ્યવસ્થા ઓડીયોવીઝયુલ સીસ્ટમ, ફુડ કાફેટેરિયા

**કોટેશ્વર અને નારાયણ સરોવરના વિકાસ માટે મંજૂર યોજના**

૨૧૪૩૯ : **શ્રી રમેશભાઈ વ.મહેશ્વરી (મુંદ્રા) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) વર્ષ ૨૦૦૯-૧૦ દરમિયાન કચ્છ જિલ્લામાં પવિત્ર યાત્રાધામ કોટેશ્વર, નારાયણ સરોવરના વિકાસ માટે ભારત સરકાર ધ્વારા કોઈ યોજના મંજૂર કરવામાં આવેલ છે તે હકીકત સાચી છે, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો તા. ૩૧-૧૨-૨૦૧૦નીસ્થિતિએ છેલ્લા એક વર્ષમાં શું કામગીરી કરવામાં આવી, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) કેવા પ્રકારની સવલતો યાત્રાળુઓ માટે ઊભી થનાર છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**મહેસાણા જિલ્લાની નગરપાલિકાને સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અન્વયે ગ્રાન્ટ**

૨૧૪૭૦ : **શ્રી કાંતિલાલ રા.પટેલ (વિજાપુર) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૧૦નીસ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મહેસાણા જિલ્લાની નગરપાલિકાઓને સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રીશ્રી શહેરી વિકાસ યોજના મોડલ નગરપાલિકા ઘટક કાર્યક્રમ હેઠળ વિકાસના કામો માટે કેટલી ગ્રાન્ટ ચૂકવવામાં આવેલ, અને

**જવાબ**

(૧) સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનામાં મોડલ નગરપાલિકા ઘટક કાર્યક્રમ હેઠળ વિકાસના કામો માટે મહેસાણા જિલ્લાની નગરપાલિકાઓ માટે તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ નીચે મુજબ કુલ ₹ ૧૦.૮૭૫ કરોડની ગ્રાન્ટ જિલ્લા શહેરી વિકાસ એજન્સી (ડુડા) મહેસાણાને ચૂકવવામાં આવેલ છે.

| નં. | નગરપાલિકાનું નામ | કુલ ચૂકવેલ રકમ ₹ કરોડમાં |
|---|---|---|
| ૧ | મહેસાણા | ૩.૧૨૫ |
| ૨ | વિસનગર | ૧.૭૫૦ |
| ૩ | કડી | ૧.૭૫૦ |
| ૪ | ઉંઝા | ૧.૭૫૦ |
| ૫ | વડનગર | ૧.૦૦૦ |
| ૬ | વિજાપુર | ૦.૭૫૦ |
| ૭ | ખેરાલુ | ૦.૭૫૦ |
| | **કુલ ₹** | **૧૦.૮૭૫** |

**પ્રશ્ન**

(૨) તે પરત્વે ક્યા ક્યા હેતુના કામો નગરપાલિકાઓ દ્વારા મંજૂર કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૨) નગરપાલિકાઓ દ્વારા નીચે જણાવેલ હેતુના કામો જિલ્લા શહેરી વિકાસ એજન્સી (ડુડા) મહેસાણા પાસે મંજૂર કરાવેલ છે.

૧. રસ્તાના કામો
૨. હરીયાળા શહેરનું નિર્માણના કામો
૩. જળસંચયના કામો
૪. સ્લમ વિસ્તારના વિકાસના કામો

## રાજ્યમાં કાર્યરત ૧૦૮ એમ્બ્યુલન્સ વાન

૨૦૨૦૫ : **શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા (પોરબંદર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ રાજ્યમાં કેટલી ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ વાન કાર્યરત છે,

(૨) આ યોજનાનું સંચાલન કઈ સંસ્થા કરે છે, અને

(૩) ૧૦૮ એમ્બ્યુલન્સ વાન માટે કેન્દ્ર સરકારની કઈ યોજના હેઠળની ગ્રાન્ટ સને ૨૦૧૦-૧૧ના વર્ષમાં ફાળવવામાં આવી છે ?

**જવાબ**

(૧) ૪૫૩

(૨) જી. વી. કે (EMRI) ઓમરી સિકંદરાબાદ આ યોજનાનું સંચાલન કરે છે.

(૩) રાજ્યમાં ૧૦૮ એમ્બ્યુલન્સનું ઓપરેશનલ ખર્ચ રાજ્ય સરકાર ધ્વારા ભોગવવામાં આવે છે. આ હેતુ માટે ભારત સરકાર તરફથી કોઈ ગ્રાન્ટ ફાળવવામાં આવતી નથી. પરંતુ રાજ્ય સરકારની પી.આઈ.પી. હેઠળ માંગણી કરવામાં આવતાં ભારત સરકાર દ્વારા એન.આર.એચ.એમ. હેઠળ ફાળવવામાં આવતી ગ્રાન્ટમાંથી સપોર્ટ ફોર ઈ.એમ.એસ. હેઠળ ફાળવવામાં આવતી ગ્રાન્ટમાંથી સપોર્ટ ફોર ઈ.એમ.એસ. હેઠળ કરવામાં કરવામાં આવતી જોગવાઈમાંથી ખર્ચ કરવામાં આવે છે. અને આ હેતુ માટે વર્ષ-૨૦૧૦-૧૧માં રૂા. ૫૫૫.૮૦ લાખની ગ્રાન્ટ ગુજરાત સરકારે પોતાને મળેલ કુલ રકમની સિલીંગમાં રહીને આ હેતુ માટે અલગથી રાખી છે.

## અમીરગઢ અને દાંતા તાલુકામાં સિંચાઈ સુવિધા માટે કાર્યવાહી

૨૦૮૩૦ : **શ્રી વસંતભાઈ ભટોળ (દાંતા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

સન ૨૦૦૯-૨૦૧૦ અને ૨૦૧૦-૨૦૧૧માં તા. ૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં બનાસકાંઠા જિલ્લાના અમીરગઢ અને દાંતા તાલુકાઓમાં સિંચાઈ સુવિધા વધારવા માટે શી કાર્યવાહી કરવામાં આવી ?

**જવાબ**

(૧) બનાસકાંઠા જિલ્લાના અમીરગઢ અને દાંતા તાલુકાઓમાં સિંચાઈની સુવિધા વધારવા માટે નીચે મુજબની કાર્યવાહી કરવામાં આવી.

| તાલુકો | કામની વિગત | વર્ષ | વર્ષ |
|---|---|---|---|
| | | ૨૦૦૯-૧૦ | ૨૦૧૦-૧૧ |
| અમીરગઢ | ચેકડેમ | ૬૧ | ૫૧ |
| | હયાત નાની સિંચાઈ/ અનુશ્રવણ તળાવ સુધારણાની કામગીરી | ૧૫ | ૨૧ (પ્રગતિમાં) |
| દાંતા | ચેકડેમ | ૮૩ | ૦૩ |
| | હયાત નાની સિંચાઈ/ અનુશ્રવણ તળાવ સુધારણાની કામગીરી | ૧૬ | ૦૭ (પ્રગતિમાં) |

--------

## કાઇ જમણાકાંઠા નહેરના કાર્ય વિસ્તારમાંથી અંક્લેશ્વર અને હાંસોટ તાલુકાના ઉદ્યોગો માટે પાણી

૨૦૦૨૧ : **શ્રી ઈકબાલ પટેલ (વાગરા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ ઉકાઇ જમણાકાંઠા નહેરના કાર્ય વિસ્તારમાંથી અંક્લેશ્વર અને હાંસોટ તાલુકામાં આવેલ ઉદ્યોગો માટે પાણીનો કેટલો જથ્થો દર માસે ફાળવવામાં આવે છે, અને

(૨) ઉકાઇ જમણાકાંઠા નહેરના કાર્ય વિસ્તારમાં કેટલું પાણી ખેતી માટે અને કેટલું પાણી ઉદ્યોગો માટે આપવાનું ઠરાવેલ છે ?

**જવાબ**

(૧) વર્ષ ૨૦૧૦-૧૧ માટે પ્રતિમાસ સરેરાશ ૧.૭૯ મીલીયન ઘન મીટર પાણીનો જથ્થો આરક્ષીત કરવામાં આવેલ છે.

(૨) આવો કોઈ જથ્થો અલગ પાડેલ નથી. પરંતુ ખેતીના સિંચાઈ માટેના પાણીને પ્રાથમિક્તા આપવામાં આવે છે.

## સપડા સિંચાઈ યોજનાના ઓવરફ્લોથી દરિયામાં વહી જતાં પાણી અંગે

૨૦૧૧૪ : **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા)** : (તા. ૩-૬-૨૦૦૯ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંક્તિ પ્રશ્ન ક્રમાંક ૭૨૩૮ (અગ્રતા ૯૪) ના અનુસંધાને : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જામનગર જિલ્લાની સપડા સિંચાઈ યોજનામાં દર વર્ષે ઓવરફ્લોથી દરીયામાં વહી જતાં પાણીને રોકવા વેસ્ટવીઅરની બાજુમાં કેનાલ કરી ઓવરફ્લો થતા પાણીને વીજરખી ડેમમાં નાંખવા માટે તાંત્રિક અને આર્થિક દ્રષ્ટિએ ફીઝીબીલીટી રીપોર્ટ સરકારની વિચારણામાં હતો તે તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ ક્યા તબક્કે છે, અને

(૨) આ કામગીરી ક્યાં સુધી શરૂ કરી પૂર્ણ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) આર્થિક અને તાંત્રિક દ્રષ્ટિએ વ્યવહારૂ ન જણાતાં આ દરખાસ્ત પડતી મૂકવામાં આવેલ છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

## પાટનગર ગાંધીનગરને જે.એન.યુ.આર. માં સાંકળી લેવા દરખાસ્ત

૨૧૪૫૭ : **શ્રી રાકેશ શાહ (એલીસબ્રીજ)** : **માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા ગાંધીનગરને જવાહરલાલ નહેરૂ નેશનલ અર્બન રિન્યુઅલ મિશન યોજના હેઠળ સાંકળી લેવા કેન્દ્ર સરકાર સમક્ષ કેટલી વાર દરખાસ્ત કરવામાં આવી, અને

(૨) તે અન્વયે શો પ્રતિભાવ મળ્યો ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા ગાંધીનગરને જવાહરલાલ નહેરૂ નેશનલ અર્બન રિન્યુઅલ મિશન હેઠળ સાંકળી લેવા કેન્દ્ર સરકાર સમક્ષ કુલ ૩ વખત દરખાસ્ત કરવામાં આવેલ છે.

(૨) તે અન્વયે કેન્દ્ર સરકાર તરફથી કોઈ જ પ્રતિભાવ મળેલ નથી.

--------

## પાટનગર ગાંધીનગરને જે.એન.યુ.આર.એમ.માં સાંકળી લેવા દરખાસ્ત

૨૧૪૫૪ : **શ્રી શંકરભાઈ લ. ચૌધરી (રાધનપુર)** : **માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યના પાટનગર ગાંધીનગરને જવાહરલાલ નહેરૂ નેશનલ અર્બન રિન્યુઅલ મિશન યોજના હેઠળ સાંકળી લેવા તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેન્દ્ર સરકાર સમક્ષ રાજ્ય સરકાર દ્વારા કોઈ દરખાસ્ત કરવામાં આવી છે તે હકીક્ત સાચી છે, અને

(૨) જો હા, તો તે અન્વયે કેન્દ્ર સરકાર તરફથી શો પ્રતિભાવ મળ્યો ?

**જવાબ**

(૧) ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા ગાંધીનગરને જવાહરલાલ નહેરૂ નેશનલ અર્બન રિન્યુઅલ મિશન (યોજના) હેઠળ સાંકળી લેવા કેન્દ્ર સરકાર સમક્ષ કુલ ૪ વખત દરખાસ્ત કરવામાં આવેલ છે.

(૨) તે અન્વયે કેન્દ્ર સરકાર તરફથી કોઈ જ પ્રતિભાવ મળેલ નથી.

--------

## સુરેન્દ્રનગર જિલ્લાની નગરપાલિકાઓમાં ભૂગર્ભ ગટર યોજના

૨૧૪૩૫ : **શ્રી ભરતભાઈ વ. ખોરાણી (ચોટીલા)** : **માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લામાં કઈ કઈ નગરપાલિકાઓમાં ભૂગર્ભ ગટર યોજના મંજૂર કરવામાં આવેલ છે,

(૨) મંજૂર થયેલ ભૂગર્ભ ગટર યોજનાની કામગીરી તા. ૩૧-૦૧-૨૦૧૧ની સ્થિતિએ ક્યા તબક્કે છે, અને

(૩) નગરપાલિકા દીઠ કેટલો ખર્ચ મંજૂર થયેલ છે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લાની લીંબડી નગરપાલિકામાં ભૂગર્ભ ગટર યોજના મંજૂર કરવામાં આવેલ છે.

(૨) તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ લીંબડી ભૂગર્ભ ગટર યોજનાની કામગીરી હાલ ચાલુ છે.

(૩) લીંબડી નગરપાલિકાની ભૂગર્ભ ગટર યોજના માટે અંદાજીત ખર્ચ રૂા. ૨૩૬૯.૨૫ લાખ મંજૂર કરવામાં આવેલ છે.

## કચ્છ જિલ્લામાં સિવીલ હોસ્પિટલ અને સી.એચ.સી.માં ખાલી જગ્યાઓ

૨૧૯૧૪ : **શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં સિવીલ હોસ્પિટલ સહિત સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં નિયત મહેકમ સામે વર્ગ-૧ અને વર્ગ-૨ ના ડોકટરો તેમજ વર્ગ-૩ અને ૪ ના વહીવટી સ્ટાફ તેમજ આરોગ્ય સેવાને લગતી જગ્યાઓ ભરાયા વગરની છે તે હકીકત સાચી છે, અને

(૨) કચ્છ જિલ્લામાં સિવીલ હોસ્પિટલ તેમજ સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ નિયત મહેકમ સામે કેટલી જગ્યાઓ ક્યારે ક્યારે ભરાઈ અને કેટ કેટલી જગ્યાઓ ભરાયા વગરની છે ?

**જવાબ**

(૧) અને (૨)

તબીબી સેવાઓ હસ્તકની હોસ્પિટલો તથા સામુહિક આરોગ્ય કેન્દ્રો ખાતે વર્ગ-૧ થી ૪ ની મંજુર, ભરેલી અને ખાલી જગ્યાઓની વિગત નીચે મુજબ

| ક્રમ | વર્ગ | મંજુર | ભરેલી | ખાલી |
|---|---|---|---|---|
| ૧ | વર્ગ-૧ | ૫૪ | ૧૩ | ૪૧ |
| ૨ | વર્ગ-૨ | ૭૩ | ૫૪ | ૧૯ |
| ૩ | વર્ગ-૩ | ૪૦૦ | ૨૫૯ | ૧૪૧ |
| ૪ | વર્ગ-૪ | ૨૫૧ | ૧૬૨ | ૮૯ |
| | કુલ :- | ૭૭૮ | ૪૮૮ | ૨૯૦ |

## સાબરકાંઠા જિલ્લાની નગરપાલિકાઓમાં ભૂગર્ભ ગટર યોજના

૨૧૪૩૪ : **શ્રી ઉદેસિંહ ઝાલા (બાયડ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં કઈ કઈ નગરપાલિકાઓમાં ભૂગર્ભ ગટર યોજના મંજૂર કરવામાં આવેલ છે,

(૨) મંજૂર થયેલ ભૂગર્ભ ગટર યોજનાની કામગીરી તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ ક્યા તબક્કે છે, અને

(૩) નગરપાલિકા દીઠ કેટલો ખર્ચ મંજૂર થયેલ છે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં હિંમતનગર (ભાગ-૧), મોડાસા, ખેડબ્રહ્મા, બાયડ અને તલોદ નગરપાલિકાઓમાં ભૂગર્ભ ગટર યોજના મંજૂર કરવામાં આવેલ છે,

(૨) મંજૂર થયેલ ભૂગર્ભ ગટર યોજનાની કામગીરી તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ નીચે મુજબ છે.

| ક્રમ | નગરપાલિકાનું નામ | સ્થિતિ |
|---|---|---|
| ૧ | હિંમતનગર (ભાગ-૧) | ટેકનીકલ ઈવેલ્યુએશન મંજુરી હેઠળ છે. |
| ૨ | મોડાસા | ડી.ટી.પી. ચકાસણી હેઠળ છે. |
| ૩ | ખેડબ્રહ્મા | ડીટીપી તૈયાર કરવામાં આવી રહેલ છે. |
| ૪ | બાયડ | ડીટીપી તૈયાર કરવામાં આવી રહેલ છે. |
| ૫ | તલોદ | ડીટીપી તૈયાર કરવામાં આવી રહેલ છે |

(૩) નગરપાલિકા દીઠ નીચે મુજબ અંદાજીત ખર્ચ મંજૂર કરવામાં આવેલ છે.

(રૂા. લાખમાં)

| ક્રમ | નગરપાલિકાનું નામ | રકમ |
|---|---|---|
| ૧ | હિંમતનગર (ભાગ-૧) | ૯૦૧.૭૬ |
| ૨ | મોડાસા | ૩૦૧૨.૦૫ |
| ૩ | ખેડબ્રહ્મા | ૨૧૩૪.૮૯ |
| ૪ | બાયડ | ૧૭૨૨.૬૪ |
| ૫ | તલોદ | ૨૧૩૪.૬૯ |

--------

## ગોધરા શહેરને પીવાનું પાણી

૨૧૦૧૭ : **શ્રી સી. કે. રાઉલજી (ગોધરા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૦૧-૨૦૧૧ ની સ્થિતિએ ગોધરા શહેરને પીવાનું પાણી ક્યાં ક્યાં સ્ત્રોતોમાંથી અપાય છે, અને

(૨) વધુ પાણી પુરવઠો શહેરને મળે તે માટે સરકારે કોઈ આયોજન કરેલ છે કે કેમ ?

**જવાબ**

(૧) તા. ૩૧-૦૧-૨૦૧૧ ની સ્થિતિએ ગોધરા શહેરને પીવાનું પાણી નર્મદા કેનાલ આધારીત પાણી પુરવઠા યોજના દ્વારા આપવામાં આવે છે.

(૨) શહેરને વર્ષ ૨૦૨૧ સુધી નર્મદા કેનાલ આધારીત પાણી પુરવઠા યોજના દ્વારા પાણી આપવાનું આયોજન છે. ત્યાર પછી વધારાની જરૂરીયાત મુજબ પાનમ ડેમ અથવા નર્મદા કેનાલમાંથી વધુ પુરવઠો આપવા અંગે યોગ્ય વિકલ્પ વિચારી શકાશે.

**દાહોદ જિલ્લામાં મંજૂર મીની પાણી પુરવઠા યોજનાઓ**

૨૦૧૮૮ : **શ્રી બચુભાઈ કિશોરી (લીમડી) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) દાહોદ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કુલ કેટલી મીની પાણી પુરવઠા યોજનાઓ મંજૂર કરવામાં આવી, અને

(૨) આ યોજનાઓ પેકી કેટલી પૂર્ણ કરવામાં આવી અને આ પૂર્ણ થયેલ યોજનાઓ પેકી ઉપરોક્ત સ્થિતિએ કેટલી યોજનાઓ ચાલુ છે ?

**જવાબ**

(૧) દાહોદ જિલ્લામાં ૫૨૮ મીની પાણી પુરવઠા યોજનાઓ મંજૂર કરવામાં આવી.

(૨) ૧૯૭ યોજનાઓ પૂર્ણ કરવામાં આવી ઉપરોક્ત સ્થિતિએ તમામ ૧૯૭ યોજનાઓ ચાલુ છે.

**રૂરલ વોટર સપ્લાય પ્રોગ્રામ હેઠળ કેન્દ્રે ફાળવેલ ગ્રાન્ટ**

૨૧૬૩૨ : **શ્રી મોહનસિંહ છો.રાઠવા (પાવી-જેતપુર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રૂરલ વોટર સપ્લાય પ્રોગ્રામ હેઠળ કેન્દ્ર સરકાર તરફથી કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી, અને

(૨) તે અંતર્ગત વડોદરા જિલ્લામાં કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) રૂા. ૭૯૦.૩૮ કરોડ.

(૨) તે અંતર્ગત વડોદરા જિલ્લામાં રૂા. ૧૬.૫૫ કરોડનો ખર્ચ થયેલ છે.

**તાપી જિલ્લાની નગરપાલિકાઓમાં ભૂગર્ભ ગટર યોજના**

૨૧૪૩૦ : **શ્રીમતી ભારતીબેન રાઠોડ (કામરેજ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં તાપી જિલ્લામાં કઇ કઇ નગરપાલિકાઓમાં ભૂગર્ભ ગટર યોજના મંજૂર કરવામાં આવેલ છે,

(૨) મંજૂર થયેલ ભૂગર્ભ ગટર યોજનાની કામગીરી તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ ક્યા તબક્કે છે, અને

(૩) નગરપાલિકા દીઠ કેટલો ખર્ચ મંજૂર થયેલ છે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં તાપી જિલ્લાની સોનગઢ નગરપાલિકાની ભૂગર્ભ ગટર યોજના મંજૂર કરવામાં આવેલ છે.

(૨) મંજૂર થયેલ ભૂગર્ભ ગટર યોજનાની કામગીરી તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ નીચે મુજબ છે.

| ક્રમ | નગરપાલિકાનું નામ | સ્થિતિ |
|---|---|---|
| ૧ | સોનગઢ | ટેન્ડર તાંત્રિક મુલ્યાંકન હેઠળ છે. |

(૩) નગરપાલિકા દીઠ નીચે મુજબ અંદાજિત ખર્ચ મંજૂર કરવામાં આવેલ છે.

₹. કરોડમાં

| ક્રમ | નગરપાલિકાનું નામ | રકમ |
|---|---|---|
| ૧ | સોનગઢ | ૧૧.૩૯ |

**રતનમહાલ અભ્યારણમાં પ્રવાસનલક્ષી સુવિધાઓ**

૨૧૫૭૬ : **શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા (લીમખેડા) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકારે રતનમહલ રીંછ અભ્યારણને પ્રવાસન સ્થળ જાહેર કરેલ છે તે હકિકત સાચી છે,

(૨) જો હા, તો તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા પ્રવાસીઓએ આ સ્થળની મુલાકાત લીધી, અને

(૩) આ સ્થળે પ્રવાસીઓને પુરતી સુવિધાઓ મળે તે માટે સરકારે શાં પગલાંઓ લીધા છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ સને ૨૦૦૯-૧૦ના વર્ષમાં અને સને ૨૦૧૦-૧૧ના વર્ષમાં અનુક્રમે ૭,૫૬૨ પ્રવાસીઓ અને ૬,૭૯૧ પ્રવાસીઓએ આ સ્થળની મુલાકાત લીધી હતી.

(૩) નીચે મુજબની સુવિધા આપવાનું આયોજન છે.
(૧) કંજેટા ફોરેસ્ટ કેમ્પ સાઇટનો વિકાસ
(૨) ઉધાલ મહુડા લેક સાઇટનો વિકાસ
(૩) નડધા-ભીંડોલ કેમ્પ સાઇટનો વિકાસ
(૪) સનસેટ પોઇન્ટ, પીપરગોટા.

--------

**હિન્દોલીયા અને નમનાર જૂથ પાણી પુરવઠા યોજનાની ટાંકીઓ**

૨૧૯૮૯ **: શ્રી હીરાભાઈ હ.પટેલ (લુણાવાડા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ પંચમહાલ ના લુણાવાડા તાલુકામાં હિન્દોલીયા અને નમનાર જૂથ પાણી પુરવઠા યોજના અન્વયે જે ગામોમાં પીવાનું પાણી પૂરૂં પાડવા માટે પાણીની ટાંકી બનાવી છે તે ટાંકીઓ પૈકી મોટા ભાગની ટાંકીઓમાં પાણી ચડતું નથી તે હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો તેના શાં કારણો છે, અને

(૩) ટાંકી દ્વારા પાણી મળે તેવો પ્રબંધ કરવા સરકાર શાં પગલાં ભરવા માંગે છે ?

**જવાબ**

(૧) હિન્દોલીયા જૂથ પાણી પુરવઠા યોજના હેઠળ કુલ ૬૯ ટાંકીઓ પૈકી ૬૬ ટાંકીઓ ઉપયોગમાં છે.

નમનાર જૂથ પાણી પુરવઠા યોજનાના ૪૧ ગામોની તમામ ૫૬ ટાંકીઓમાં પાણી ભરાય છે.

(૨) અને (૩) હિન્દોલીયા જૂથ યોજનામાં પ્રેશર ઓછું હોવાથી પાણી ઓછું પહોંચતું હોય એવા બાકીના બે ગામોમાં ઉંચી ટાંકીના કામ તથા અન્ય એક ગામમાં પંપીંગ કરી પાણી આપવાનું કામ પ્રગતિમાં છે.

--------

**વડોદરા જિલ્લામાં નગરપાલિકાઓમાં ભુગર્ભ ગટર યોજના**

૨૧૪૩૧ **: શ્રી અભેસિંહ મો. તડવી (સંખેડા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વડોદરા જિલ્લામાં કઈ કઈ નગરપાલિકાઓમાં ભૂગર્ભ ગટર યોજના મંજૂર કરવામાં આવેલ છે,

(૨) મંજૂર થયેલ ભૂગર્ભ ગટર યોજનાની કામગીરી તા. ૩૧-૦૧-૨૦૧૧ની સ્થિતિએ ક્યા તબક્કે છે, અને

(૩) નગરપાલિકા દીઠ કેટલો ખર્ચ મંજૂર થયેલ છે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વડોદરા જિલ્લાની પાદરા અને ડભોઈ, નગરપાલિકાઓમાં ભૂગર્ભ ગટર યોજના મંજૂર કરવામાં આવેલ છે.

(૨) મંજૂર થયેલ ભૂગર્ભ ગટર યોજનાની કામગીરી તા. ૩૧-૦૧-૨૦૧૧ની સ્થિતિએ નીચે મુજબ છે.

| ક્રમ | નગરપાલિકાનું નામ | સ્થિતિ |
|---|---|---|
| ૧ | પાદરા | ટેન્ડરો બહાર પાડેલ છે. |
| ૨ | ડભોઈ | ડ્રાફ્ટ ટેન્ડર પેપર્સ તેયાર કરવામાં આવી રહેલ છે. |

(૩) નગરપાલિકા દીઠ નીચે મુજબ અંદાજિત ખર્ચ મંજૂર કરવામાં આવેલ છે.

રૂા. કરોડમાં

| ક્રમ | નગરપાલિકાનું નામ | રકમ |
|---|---|---|
| ૧ | પાદરા | ૧૩.૦૮ કરોડ |
| ૨ | ડભોઈ | ૧૪.૯૧ કરોડ |

--------

**વડોદરા જિલ્લાના પ્રવાસન સ્થળ તરીકે વિકાસ કરવા માટે પસંદ કરેલ સ્થળો**

૨૧૪૩૮ **: શ્રી ઉપેન્દ્રસિંહ પ્ર.ગોહિલ (વડોદરા (ગ્રામ્ય) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ક્યા ક્યા સ્થળો પ્રવાસન સ્થળ તરીકે વિકાસ કરવા માટે પસંદ કરવામાં આવ્યા,

**જવાબ**

(૧) વડોદરા જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નીચે મુજબના સ્થળો પ્રવાસન સ્થળ તરીકે વિકાસ કરવા માટે પસંદ કરવામાં આવ્યા.

**વર્ષ ૨૦૦૯-૧૦ માટે**

(અ) ક્લેક્ટરશ્રી ધ્વારા (૧) વડોદરા શહેરમાં આવેલ ખંડેરાવ માર્કેટ બીલ્ડીંગ, ન્યાય મંદિર બીલ્ડીંગ, માંડવી દરવાજા તથા કોઠી ક્ચેરી બીલ્ડીંગ (હેરીટેઝ) બીલ્ડીંગ)

**વર્ષ ૨૦૧૦-૧૧ માટે**

(૧) વડોદરા શહેરમાં આવેલ સુરસાગર ફરતે ડેકોરેટીવ લાઈટીંગ

(બ) ગુજરાત પ્રવાસન નિગમ લીમીટેડ ધ્વારા ખાસ અંગભૂત યોજના હેઠળ કરજણ તાલુકાના હરસુંડા ખાતે

આવેલ સંત કબીર મંદિરની પસંદગી કરવામાં આવેલ છે.

(૨) પસંદ કરેલ સ્થળોને વિકસાવવા માટે કઈ કઈ સુવિધા પૂરી પાડવાની સરકારની યોજના છે,

(૨) પસંદ કરેલા સ્થળોને વિકસાવવા માટે નીચે મુજબની સુવિધા પૂરી પાડવાની સરકારની યોજના છે.
(અ) વડોદરા શહેરમાં આવેલ ખંડેરાવ માર્કેટ બિલ્ડીંગ, ન્યાય મંદિર બિલ્ડીંગ, માંડવી દરવાજા તથા કોઠી ક્ચેરી બિલ્ડીંગ (હેરી ટેઈઝ બિલ્ડીંગ) ની રોશનીનું કામ
(બ) વડોદરા શહેરમાં આવેલ સુરસાગર ફરતે ડેકોરેટીવ લાઈટીંગ
(ક) હરસુંડા ગામે આવેલ સંત કબીર મંદિર ખાતે રોડવર્ક, યાત્રાળુઓ માટે શેડ તથા હાટ, તળાવનો વિકાસ, ટોયલેટ બ્લોક, પીવાના પાણી અને રૂમની સુવિધા

(૩) ઉક્ત સ્થિતિએ વર્ષવાર પ્રત્યેક સ્થળના વિકાસ માટે કેટલા નાણાં ફાળવવામાં આવ્યા, અને

(૩) (અ) કલેક્ટરશ્રીને વર્ષ ૨૦૦૯-૧૦માં રૂપિયા ૧૦૦.૦૦ લાખ અને વર્ષ-૨૦૧૦-૧૧માં રૂપિયા ૨૫.૦૦ લાખ ફાળવવામાં આવેલ છે.
(બ) ગુજરાત પ્રવાસન નિગમ લી. ધ્વારા સંત કબીર મંદિર હરસુંડા માટે રૂપિયા ૨૧૪.૮૩ લાખની ફાળવણી કરવામાં આવેલ છે.

(૪) તેની સામે કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

(૪) કલેક્ટરશ્રી વડોદરા ધ્વારા રૂપિયા ૯૧.૨૩ લાખનો ખર્ચ થયેલ છે. જ્યારે સંત કબીર મંદિર હરસુંડા માટે રૂપિયા ૧૮૪.૧૫ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે.

--------

**ફીઝીયોથેરાપી કોલેજોમાં પ્રવેશ માટેની બેઠકો**

૨૧૪૬૫ : **શ્રીમતી ગીતાબેન યો. પટેલ (સાબરમતી)** : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યની સરકારી, અર્ધ સરકારી અને સ્વનિર્ભર ફીઝીયોથેરાપી કોલેજોમાં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ ફીઝીયોથેરાપી અનુસ્નાતક ડીગ્રી કોર્ષમાં પ્રવેશ માટેની કેટલી બેઠકો છે, અને

(૨) ફીઝીયોથેરાપી અનુસ્નાતક ડીગ્રી કોર્ષમાં પ્રવેશ માટે ક્યા સંવર્ગની કેટલી બેઠકો અનામત રાખવામાં આવેલી છે ?

**જવાબ**

(૧) રાજ્યની સરકારી, અર્ધ સરકારી અને સ્વનિર્ભર ફીઝીયોથેરાપી કોલેજોમાં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ ફીઝીયોથેરાપી અનુસ્નાતક ડીગ્રી કોર્ષમાં પ્રવેશ માટેની કુલ ૭૭ બેઠકો ઉપલબ્ધ છે.

(૨) સરકારી, અર્ધ સરકારી તેમજ સ્વનિર્ભર અનુસ્નાતક ફીઝીયોથેરાપી કોર્ષમાં પ્રવેશની સમગ્ર કાર્યવાહી જે તે યુનિવર્સિટી ધ્વારા હાથ ધરવામાં આવે છે સામાન્ય રીતે ૭ ટકા અનુસૂચિત જાતિ, ૧૫ ટકા અનુસૂચિત જન જાતિ, ૨૭ ટકા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓ માટે રોસ્ટર મુજબ જે તે વિષયમાં અનામત રાખવામાં આવે છે.

**સુરત જિલ્લાની નગરપાલિકાને સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અન્વયે ફાળવેલ ગ્રાન્ટ**

૨૧૪૭૧ : **શ્રી કિરીટભાઈ ગં.પટેલ (ઓલપાડ)** : **માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સુરત જિલ્લાની નગરપાલિકાઓને સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રીશ્રી શહેરી વિકાસ યોજના મોડલ નગરપાલિકા ૬ ટકા કાર્યક્રમ હેઠળ વિકાસના કામો માટે કેટલી ગ્રાન્ટ ચૂકવવામાં આવેલ, અને

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સુરત જિલ્લાની નગરપાલિકાઓને સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રીશ્રી શહેરી વિકાસ યોજના મોડલ નગરપાલિકા ૬ ટકા કાર્યક્રમ હેઠળ વિકાસના કામો માટે ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડ દ્વારા કુલ ₹ ૪.૦૦ કરોડની ગ્રાન્ટની ફાળવણી કરી સુરત જિલ્લા શહેરી વિકાસ એજન્સી (ડુડા) ને હસ્તક મુકવામાં આવેલ છે.

| નં. | નગરપાલિકાનું નામ | કુલ ચુકવેલ રકમ રૂા. |
|---|---|---|
| ૧ | બારડોલી | ૧.૭૫ |
| ૨ | માંડવી | ૦.૭૫ |
| ૩ | તરસાડી | ૦.૭૫ |

| | | |
|---|---|---|
| ૩ | તરસાડી | ૦.૭૫ |
| ૪ | કનકપુર-કનસાડ | ૦.૭૫ |
| | કુલ ₹ | ૪.૦૦ |

(૨) તે પરત્વે ક્યા ક્યા હેતુસર કામો નગરપાલિકાઓ દ્વારા મંજૂર કરવામાં આવેલ છે ?

(૨) તે પરત્વે જિલ્લા શહેરી વિકાસ એજન્સી (ડુડા) સુરત દ્વારા નીચે જણાવેલ નિયત હેતુ અનુસારના કામો મંજૂર કરવામાં આવેલ છે.

| | | | |
|---|---|---|---|
| (૧) | ગોરવપથ | (૨) | કોમ્યુનિટી ટાઉન સેન્ટર |
| (૩) | પાણીની ટાંકી | (૪) | સ્ટોર્મ વોટર લાઈન |
| (૫) | આર.સી.સી. રોડ | (૬) | ગટર લાઈન |
| (૭) | પેવર ફીટીંગ | (૮) | આસ્ફાલ્ટ રોડ |
| (૯) | હોકર્સ ઝોન | (૧૦) | ગાર્ડન |
| (૧૧) | ટ્રાફિક સર્કલ | (૧૨) | ટ્રેનીંગ સેન્ટર |
| (૧૩) | લાઈબ્રેરી હોલ | | |

--------

## ભાવનગર જિલ્લામાં આયુર્વેદિક દવાખાના

૨૧૪૯૯ : **શ્રી મહેન્દ્રસિંહ સરવૈયા (પાલીતાણા)** : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં ક્યા ક્યા તાલુકામાં કેટલા આયુર્વેદિક દવાખાના આવેલ છે, અને

(૧) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં દશ તાલુકામાં કુલ ચોવીસ આયુર્વેદિક દવાખાના આવેલ છે.

| | |
|---|---|
| ભાવનગર | ૫ |
| બોટાદ | ૨ |
| ઘોઘા | ૧ |
| ગારીયાધાર | ૧ |
| મહુવા | ૪ |
| શિહોર | ૧ |
| તળાજા | ૩ |
| ઉમરાળા | ૩ |
| વલ્લભીપુર | ૩ |
| ગઢડા | ૧ |

(૨) ઉક્ત તાલુકાઓમાં નવા દવાખાના શરુ કરવા કોઈ માંગણી આવેલ છે કે કેમ ?

(૨) ઉક્ત તાલુકાઓ પૈકી ભાવનગર જિલ્લાના મુ. ચોગઠ, તા. ઉમરાળા, મુ. મોટીકુંડળ, તા. ગઢડા તથા મુ. કદરેજ, તા. ભાવનગર તથા પાલીતાણા ખાતે નવા આયુર્વેદિક દવાખાના શરુ કરવા માંગણી આવેલ જે પૈકી વર્ષ ૨૦૧૦-૧૧માં મુ. ચોગઠ, તા. ઉમરાળા તથા મુ. મોટીકુંડળ, તા. ગઢડા ખાતે નવા આયુર્વેદ દવાખાના મંજૂર કરી કાર્યરત કરવામાં આવેલ છે.

--------

## ભાવનગર જિલ્લાની નગરપાલિકાઓમાં સ્વર્ણિમ જ્યંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અન્વયે ફાળવેલ ગ્રાન્ટ

૨૧૪૬૯ : **શ્રીમતી ભાવનાબેન મકવાણા (તળાજા)** : **માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભાવનગર જિલ્લાની નગરપાલિકાઓને સ્વર્ણિમ જ્યંતિ મુખ્યમંત્રીશ્રી શહેરી વિકાસ યોજના મોડલ નગરપાલિકા ઘટક કાર્યક્રમ હેઠળ વિકાસના કામો માટે કેટલી ગ્રાન્ટ ચૂકવવામાં આવેલ, અને

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભાવનગર જિલ્લાની નગરપાલિકાઓને સ્વર્ણિમ જ્યંતિ મુખ્યમંત્રીશ્રી શહેરી વિકાસ યોજના-મોડલ નગરપાલિકા ઘટક કાર્યક્રમ હેઠળ વિકાસના કામો માટે ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડ દ્વારા કુલ ₹ ૧૦.૭૫ કરોડની ગ્રાન્ટની ફાળવણી કરી ભાવનગર જિલ્લા શહેરી વિકાસ એજન્સી (ડુડા) ને હસ્તક મુકવામાં આવેલ છે.

| નં. | ન.પા.નું નામ | કુલ ચૂકવેલ રકમ |
|---|---|---|
| ૧ | બોટાદ | ૨.૫૦ |
| ૨ | પાલીતાણા | ૧.૭૫ |
| ૩ | મહુવા | ૧.૭૫ |
| ૪ | શિહોર | ૧.૦૦ |
| ૫ | ગઢડા | ૧.૦૦ |

| | | |
|---|---|---|
| ૫ | ગઢડા | ૧.૦૦ |
| ૬ | ગારીયાધાર | ૧.૦૦ |
| ૭ | તળાજા | ૧.૦૦ |
| ૮ | વલ્લભિપુર | ૦.૭૫ |
| | **કુલ ₹** | **૧૦.૭૫** |

(૨) તે પરત્વે ક્યા ક્યા હેતુના કામો નગરપાલિકા દ્વારા મંજૂર કરવામાં આવેલ છે ?

(૨) તે પરત્વે જિલ્લા શહેરી વિકાસ એજન્સી (ડુડા) ભાવનગર દ્વારા નીચેની વિગતના નિયત હેતુના કામો મંજૂર કરવામાં આવેલ છે.

૧. ગૌરવપથ
૨. મુખ્ય રસ્તા/સી.સી. રોડ/પેવર રોડ
૩. બ્રિજ
૪. હરિયાળા શહેરોનું નિર્માણ
૫. સ્ટોર્મ વોટર ડ્રેનેજ
૬. સ્લમ વિસ્તારના વિકાસ

**વરસંગ તળાવ પાછળ થયેલ ખર્ચ**

૨૦૫૮૧ : **શ્રી ભરતસિંહજી શં.ડાભી (ખેરાલુ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં મોજે ભીમપુર, તા. સતલાસણા, જી. મહેસાણાના વરસંગ તળાવમાં કુલ કેટલો નાણાંકીય ખર્ચ કરવામાં આવ્યો,

(૧) કુલ રૂા. ૨૪,૨૩,૭૯૮/-.

(૨) આ તળાવમાં પાણી કેવી રીતે ભરવાનું સરકારનું આયોજન છે,

(૨) ઉપલબ્ધ વિકલ્પોને તાંત્રિક અને આર્થિક રીતે ચકાસીને વિચારણા કરવામાં આવશે.

(૩) તળાવ ભરવાથી કેટલા હેકટર જમીનમાં સિંચાઈનો લાભ થશે, અને

(૩) ૨૦૦ હેકટર.

(૪) કુલ કેટલા ખેડૂતોને આનો લાભ મળશે ?

(૪) ૧૨૦.

**આણંદ જિલ્લામાં પ્રવાસન સ્થળો તરીકે વિકાસ કરવા પસંદ કરેલ સ્થળો**

૨૧૪૭૩ : **શ્રી શિરીષકુમાર મ. શુકલ (ખંભાત) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં ક્યા ક્યા સ્થળો પ્રવાસન સ્થળ તરીકે વિકાસ માટે પસંદ કરવામાં આવ્યા,

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં નીચે મુજબના સ્થળો પ્રવાસન સ્થળ તરીકે પસંદ કરવામાં આવ્યા છે.
(૧) આણંદ (૨) બોરસદ (૩) કંકાપુરા

(૨) પસંદ કરેલ સ્થળોને વિકસાવવા માટે કઈ કઈ સુવિધા પૂરી પાડવાની સરકારની યોજના છે,

(૨) પસંદ કરાયેલ સ્થળોને વિકસાવવા માટે નીચે મુજબની સુવિધા પૂરી પાડવાની સરકારની યોજના છે.
(૧) આણંદ : સાઈનેજીસ, સ્મારકની સફાઈ અને સ્મારક અને બીલ્ડીંગનું રંગકામ (૨) બોરસદ - સાઈનેજીસ, સ્મારકની સફાઈ અને સ્મારક અને બીલ્ડીંગનું રંગકામ (૩) કંકાપુરા - સાઈનેજીસ, સ્મારકની સફાઈ અને સ્મારક અને બીલ્ડીંગનું રંગકામ, લાયબ્રેરી, મેડીટેશન કમ કોમ્યુનીટી હોલ, ઓફીસ, સોવિનીયર શોપ સ્ટોર, પેન્ટ્રી, પીવાના પાણીની વ્યવસ્થા, ટોયલેટ, પાર્કીંગ, કેમ્પીંગસાઈટ, મ્યુઝીયમ, ઓડીયોવીઝ્યુલ, ફુડકાફેટેરિયા, ૧૫ ગેસ્ટરૂમની વ્યવસ્થા.

(૩) ઉક્ત સ્થિતિએ વર્ષવાર પ્રત્યેક સ્થળના વિકાસ માટે કેટલા નાણાં ફાળવવામાં આવ્યા, અને

(૩) વર્ષ ૨૦૧૦-૧૧માં નીચે મુજબના નાણાં ફાળવેલ છે.
(૧) આણંદ રૂપિયા ૧.૮૧ લાખ
(૨) બોરસદ રૂપિયા ૧.૮૬ લાખ
(૩) કંકાપુરા રૂપિયા ૭૩૩.૮૮ લાખ

(૪) તેની સામે કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

(૪) આ અંગે રૂપિયા ૮૭,૮૬,૦૦૦/- નો ખર્ચ થયેલ છે.

--------

### ગાંધીનગરમાં જિલ્લામાં સેકટર રીફોર્મ કાર્યક્રમ હેઠળ મંજૂર યોજનાઓ

૨૧૪૪૨ : **શ્રી શંભુજી ઠાકોર (ગાંધીનગર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગાંધીનગર જિલ્લામાં સેકટર રીફોર્મ કાર્યક્રમ (રાજ્ય) હેઠળ તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલી યોજનાઓ મંજૂર કરવામાં આવી, અને

(૨) તે અન્વયે પાણી સમિતિઓને કુલ કેટલું ફંડ ફાળવવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) સેકટર રીફોર્મ કાર્યક્રમ (રાજ્ય) હેઠળ ૮૦ યોજનાઓ.

(૨) રૂા. ૭૨૬.૧૯ લાખ.

### માંડવી તાલુકાની રેફરલ હોસ્પીટલ ખાતે વર્ગ-૧ અને વર્ગ-૨ની જગ્યાઓનું મંજૂર મહેકમ

૨૧૮૦૬ : **શ્રી કુંવરજીભાઈ ન.હળપતિ (બારડોલી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ સુરત જિલ્લાના માંડવી તાલુકાની રેફરલ હોસ્પીટલં ખાતે વર્ગ-૧ અને વર્ગ-૨ના તબીબોનું કેટલુ મહેકમ મંજૂર થયેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી જ્ગ્યાઓ ખાલી છે, અને

(૩) આ ખાલી જ્ગ્યાઓ ભરવા માટે સરકાર તરફથી કોઈ કાર્યવાહી કરવામાં આવી છે કે કેમ ?

**જવાબ**

(૧) વર્ગ-૧ - ૩
વર્ગ-૨ - ૩

(૨) વર્ગ-૧ - ૩

(૩) ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા ઉપલબ્ધ થયેલ ઉમેદવારોને સીધી ભરતીથી નિમણૂંક આપીને, વોક-ઈન-ઈન્ટરવ્યુ યોજીને એડહોક ધોરણે અને પી.જી. બોન્ડેડ ઉમેદવારોને બોન્ડેડ નિમણૂક આપીને જ્ગ્યાઓ ભરવાની કાર્યવાહી કરવામાં આવેલ છે.

### નર્મદા અને ભરૂચ જિલ્લામાં બાળ આરોગ્ય સંભાળ હેઠળ બાળકોની આરોગ્ય ચકાસણી

૨૦૬૬૭ : **શ્રી અમરસિંહ વસાવા (દેડીયાપાડા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બાળ આરોગ્ય સંભાળ હેઠળ છેલ્લા એક વર્ષમાં નર્મદા અને ભરૂચ જિલ્લામાં કુલ કેટલા બાળકોની આરોગ્ય ચકાસણી કરવામાં આવી, અને

(૨) તે અન્વયે જે બાળકોનું આરોગ્ય સારૂં જણાયું નથી તેવા બાળકોના સ્વાસ્થ્ય માટે ક્યા ક્યા પ્રકારના પગલાં લઈ કેટલા બાળકોને આરોગ્યલક્ષી સેવાઓ આપવામાં આવી ?

**જવાબ**

(૧) તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નર્મદા અને ભરૂચ જિલ્લામાં નીચે મુજબ બાળકોની આરોગ્ય ચકાસણી કરવામાં આવી છે.

| વર્ષ | નર્મદા | ભરૂચ | કુલ |
|---|---|---|---|
| ૨૦૦૯-૧૦ | ૧૫૬૨૪૦ | ૩૪૪૨૮૩ | ૫૦૦૫૨૩ |
| એપ્રિલ-૨૦૧૦ થી જાન્યુઆરી-૨૦૧૧ | ૧૧૫૮૬૨ | ૩૧૭૭૧૯ | ૪૩૩૫૮૧ |
| કુલ : | ૨૭૨૧૦૨ | ૬૬૨૦૦૨ | ૯૩૪૧૦૪ |

તેમજ બાળસખા યોજના હેઠળ તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નર્મદા જિલ્લાના ૨૬૪૨૮ અને ભરૂચ જિલ્લાના ૩૧૭૨૩૬ મળી કુલ ૩૪૩૬૬૪ બાળકોની આરોગ્ય ચકાસણી કરવામાં આવી.

(૨) નર્મદા અને ભરૂચ જિલ્લામાં જે બાળકોનું આરોગ્ય સારૂ નથી તેવા બાળકોના સ્વાસ્થ્ય માટે સરકારશ્રી દ્વારા તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નીચે મુજબ વિનામૂલ્યે સારવાર આપવામાં આવી છે.

| બાળ રોગ | આંખ રોગ | દાંત રોગ | ચામડીના રોગ | કાનનાક ગળાના રોગ | અન્ય | સંદર્ભ સેવા આપેલ બાળકો |
|---|---|---|---|---|---|---|
| ૨૧૦૮ | ૪૦૧૪ | ૪૩૯ | ૬૦૪ | ૩૨૪ | ૨૦૨૭ | ૯૫૧૬ |

- હ્દય, કીડની અને કેન્સર જેવી ગંભીર બિમારી વાળા બાળકોને અનુક્રમે યુ.એન.મહેતા ઈન્સ્ટીટયુટ, એમ.પી.શાહ કેન્સર હોસ્પીટલ અને

ઈન્સ્ટીટયુટ ઓફ કીડની ડીસીઝ હોસ્પીટલ, અમદાવાદ ખાતે સારવાર આપવામાં આવે છે. તે પેકી જે બાળકની હ્રદયની સારવાર રાજ્યમાં શક્ય ન હોય તો રાજ્ય બહાર વિનામૂલ્યે સારવાર માટે રીફર કરવામાં આવે છે.

- આંખની બિમારીવાળા બાળકો પેકી જે બાળકોને ચશ્માની જરૂરીયાત હોય તેવા નર્મદા અને ભરૂચ જિલ્લાના કુલ ૧૨૫૮૩ બાળકોને વિનામૂલ્યે ચશ્મા પૂરા પાડવામાં આવ્યા છે.

### ગાંધી સરકીટ તરીકે પ્રવાસન વિકાસ માટેની યોજના

૨૧૪૪૧ **: શ્રીમતી જ્યોત્સનાબેન પટેલ (આણંદ) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા ગાંધી સરકીટ તરીકે પ્રવાસન વિકાસ માટેની કોઈ યોજના છે કે કેમ,

(૨) જો હા, તો આ યોજના અંતર્ગત સરકાર દ્વારા કઈ કઈ કામગીરી હાથ ધરવામાં આવી છે, અને

**જવાબ**

(૧) હા, જી.

(૨) ગાંધી સરકીટમાં પોરબંદર-રાજકોટ-અમદાવાદ (સાબરમતી આશ્રમ)-દાંડી હેરીટેજ કોરીડોરનો સમાવેશ થાય છે. તે અંતર્ગત નીચેની કામગીરી હાથ ધરવામાં આવી છે.

૧. પોરબંદર : પોરબંદર ખાતે આંતરમાળખાકીય અને પ્રવાસન સુવિધાના વિકાસ માટે ક્લેકટરશ્રીને વર્ષ ૨૦૦૬-૦૭, ૨૦૦૭-૦૮, ૨૦૦૮-૦૯ અને ૨૦૦૯-૧૦ માં ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે. જે અન્વયે ક્લેકટરશ્રી પોરબંદર દ્વારા પોરબંદર ખાતે ચોપાટીનો વિકાસ, સુદામા મંદિરના સભામંડપનું સુધારા વધારાનું કામ, ભારતમંદિર થી હાઈવે સુધીના રોડનું કામ, પક્ષી અભ્યારણ ખાતે વોકવેનું કામ, માછલીઘર રીનોવેશનનું કામ, એસ.ટી.સ્ટેન્ડ પાસેના રીલાયન્સ ફુવારાથી જગદીશ વીલા ક્રિકેટ ગ્રાઉન્ડની આજુબાજુ ફુટપાથ બનાવવાનું કામ, બાલભવન તથા રીલાયન્સ સામેના બગીચાઓ ફરતે ફુટપાથ બનાવવાનું કામ, ચોપાટી વિસ્તાર તથા આજુબાજુની જગ્યા પર રોડની સાઈડમાં ફુટપાથ બનાવવાની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

વર્ષ ૨૦૦૯-૧૦ માં ફાળવેલ ગ્રાન્ટ અન્વયે પોરબંદર શહેરમાં પોરબંદર ચોપાટી ખાતે પે એન્ડ યુઝ ટોયલેટની બાજુમાં તથા ઓસીયાની હોટલ પાસે ક્લાત્મક ક્માન સાથે બે નંગ દરવાજાનું કામ, નવી સૂચિત ચોપાટી અને ગાંધી સ્મૃતિ મંદિર વચ્ચે રહેલી ખુલ્લી જગ્યામાં બગીચો બનાવવાનું કામ, હાલના વીલા સરકીટ હાઉસ પાછળ આવેલ બગીચાને રંગ-રોગાન કરી સુંદર બનાવવાનું કામ, તોરણ પ્રવાસી ગૃહની પાછળ ખુલ્લી જગ્યામાં પ્રવાસીઓ અને મુલાકાતીઓ માટે બેઠક વ્યવસ્થાનું કામ, બગીચામાં સ્પ્રીંક્લર સેટ લગાડવાનું કામ, ગાંધી સ્મૃતિ મંદિર પાસેથી હયાત ચોપાટીને લંબાવવાનું કામ, નવી ચોપાટી પાસે પ્રોટેક્શન વોલ બનાવવાનું કામ, ચોપાટી ખાતે બગીચા માટે બોર તથા મોટર

લગાવવાની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

જ્યારે પોરબંદર શહેરને અનુરૂપ પ્રવાસી સરકીટ અન્વયે લાઈટ એન્ડ સાઉન્ડ સીસ્ટમ, મ્યુઝીયમ, સુદામા મંદિર તથા સુદામા ચોક્નું બ્યુટીફીકેશન, રાણા સરતાનજીના ચોરાનું બ્યુટીફીકેશન, જાંબુવંતી ગુફાની બ્યુટીફીકેશનની કામગીરી હાથ ધરવા આયોજન કરેલ છે.

વધુમાં પોરબંદર ખાતે આંતરમાળખાકીય અને પ્રવાસન સુવિધાના વિકાસ માટે સેપ્ટ સંસ્થા મારફતે કાર્યયોજના આધારીત અહેવાલ તૈયાર કરવામાં આવેલ છે. પોરબંદર ખાતે કિર્તી મંદિર અને કસ્તુરબા મેમોરીયલને જોડતા રસ્તાનું રી-ડેવલપમેન્ટ, પોરબંદર તળાવનો વિકાસ, માણેકચોક્નું રી-ડેવલપમેન્ટ, શીતળા ચોક્નું રી-ડેવલપમેન્ટ, સુદામા ચોક્નું રી-ડેવલપમેન્ટ, કિર્તી મંદિરને જોડતા રસ્તાનો વિકાસ, સાઈનેજીસ, પોરબંદર હેરીટેજ વોક્નો વિકાસ, વિવેકાનંદ મેમોરીયલ રોડના વિકાસની કામગીરી હાથ ધરવામાં આવનાર છે.

૨. રાજકોટ : એમ.જી. વિધાલય રાજકોટ ખાતે આંતર-માળખાકીય અને પ્રવાસન સુવિધાના વિકાસ માટે સેપ્ટ સંસ્થા પાસેથી કાર્યયોજના આધારીત અહેવાલ તૈયાર કરવામાં આવેલ છે.

૩. સાબરમતી આશ્રમ-અમદાવાદ : સાબરમતી આશ્રમ અમદાવાદ ખાતે આંતરમાળખાકીય અને પ્રવાસન સુવિધાના વિકાસ માટે સેપ્ટ સંસ્થા પાસેથી કાર્યયોજના આધારીત અહેવાલ તૈયાર કરવામાં આવેલ છે.

સેપ્ટ સંસ્થાના રીપોર્ટને આધારે ગાંધી સરકીટમાં પોરબંદર એમજી વિધાલય રાજકોટ-સાબરમતી આશ્રમ અમદાવાદ માટે ભારત સરકારશ્રીના આર્થિક સહયોગ માટે રૂપિયા ૩,૯૫૯.૫૬ લાખની દરખાસ્ત તા.૨૭-૪-૨૦૧૦ અને તા.૩૧-૧૨-૨૦૧૦ થી ભારત સરકારશ્રીને દરખાસ્ત કરવામાં આવેલ છે.

૪. દાંડી હેરીટેજ કોરીડોર : પૂજ્ય મહાત્મા ગાંધીજીએ સને ૧૯૩૦ માં મીઠાના સત્યાગ્રહ માટે સાબરમતી આશ્રમ, અમદાવાદ થી દાંડી (જિલ્લો નવસારી) સુધી કરેલ દાંડીકુચ દરમ્યાન જે ૨૧ સ્થળોએ રાત્રીરોકાણ/ પ્રવચન કરેલ હતું.

જેમાં પરિયોજનાના આર્કીટેક્ટ દ્વારા તૈયાર કરવામાં આવેલ રીપોર્ટ પ્રમાણે (૧) અસલાલી (૨) નવાગામ (૩) માતર (૪) નડીયાદ (૫) આણંદ (૬) બોરસદ (૭) કંકાપુરા (૮) કારેલી (૯) અણખી (૧૦) આમોદ (૧૧) સમની (૧૨) ડેરોલ (૧૩) અંક્લેશ્વર (૧૪) માંગરોળ (૧૫) ઉમરાચી (૧૬) ભાટ ગામ (૧૭) દેલાદ (૧૮) છાપરાભાટા (૧૯) વાંઝ (૨૦) ધામણ (નવસારી) (૨૧) મટવાડ (કરાડી) સ્થળનો સમાવેશ થાય છે. આ જગ્યાએ જગ્યાના મહત્વને ધ્યાને લઈ જુદા જુદા પ્રકારની પ્રવાસન સુવિધાઓની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. જેમાં સાઈનેજીસ, સ્મારક,

સ્મારકવાળા સ્થળની સાફ સફાઈ તથા સ્મારકનું રંગકામ, લાયબ્રેરી, મેડીટેશન ક્મ કોમ્યુનીટી હોલ, ઓફીસ, સોવેનીયર સોપ, સ્ટોર, પેન્ટ્રી, ગેસ્ટ રૂમ, પીવાના પાણીની સગવડતા, મ્યુઝીયમ, ઓડીયોવીઝયુઅલ ફેસીલીટી, કાફેટેરીયા, ટોયલેટ, પાર્કીંગ તથા કેમ્પીંગ સાઈટ જેવી સગવડતાની કામગીરી હાથ પર લેવામાં આવેલ છે.

આ ઉપરાંત દાંડી સ્થળના વિકાસ માટે પ્રથમ તબક્કામાં દાંડી ખાતે પીવાના પાણીની કાયમી વ્યવસ્થા, પબ્લીક એમીનીટી બીલ્ડીંગ, ગાંધી ઈન્સ્ટીટ્યુટ વીથ વર્કશોપ, લેન્ડ સ્કેપીંગ, રેઈન વોટર હારવેસ્ટીંગ સીસ્ટમ, રોડકામ, ટ્રી પ્લાન્ટેશન, ગામતળાવની સુધારણા અને વિકાસની કામગીરી, બેઠક વ્યવસ્થા, ફુડપ્લાઝા, દાંડી યાત્રીઓનું સ્મારક, માહિતી કેન્દ્ર, મેળા ગ્રાઉન્ડના વિકાસની કામગીરી હાથ ધરેલ છે.

બીજા તબક્કાની કામગીરીમાં જ્યાં ગાંધીજીએ દાંડી યાત્રા દરમ્યાન જે જે સ્થળોએ રાત્રીરોકાણ કરેલ તે સ્થળે પુજ્ય બાપુએ જે પ્રવચન કરેલ તેમાના અગત્યના અંશોની માહિતી દર્શાવતી પથ્થરની દિવાલ ઉપર વિગત, બાગબગીચો, વિજળીકરણ, ગાંધી ઈન્સ્ટીટ્યુટ અને પબ્લીક એમીનીટી બીલ્ડીંગમાં ફર્નીચર, પેવર બ્લોક્ના રોડ, સુશોભન તેમજ કરાડી આશ્રમ ખાતે હયાત જુના બીલ્ડીંગો જેવા કે ગાંધીકુંજ, ગેસ્ટરૂમ, વર્કશોપ, મીટીંગહોલ, કીચન, ટોયલેટ, ગાંધી મ્યુઝીયમનું મરામત અને નવીનીકરણની કામગીરી, રસ્તા ઉપર પેવર બ્લોક, ગાંધીસ્મૃતી રેલ્વે સ્ટેશન પાછળ આવેલ હયાત બીલ્ડીંગનું મરામત અને રીપેરીંગ કામ, લેન્ડસ્કેપીંગ, બેઠકવ્યવસ્થા વગેરેની કામગીરી હાથ ઉપર લેવામાં આવેલ છે.

(૩) તા.૩૧-૧૨-૧૦ સુધીમાં તે અંતર્ગત શી પ્રગતિ થઈ છે ?

(૩) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ પોરબંદર ખાતે ક્લેક્ટરશ્રી પોરબંદર ધ્વારા વર્ષ ૨૦૦૬-૦૭ થી વર્ષ ૨૦૦૮-૦૯ સુધી ફાળવેલ ગ્રાન્ટ અન્વયેની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે અને વર્ષ ૨૦૦૯-૧૦ અન્વયે પોરબંદર શહેરની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે. જ્યારે પોરબંદર શહેરને અનુરૂપ પ્રવાસી સરકીટની કામગીરી માટે કન્સલ્ટન્ટોની નિમણુંક, અંદાજો, નકશાની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

પોરબંદર ખાતે આંતરમાળખાકીય અને પ્રવાસન સુવિધાના વિકાસ માટે આર્કીટેક્ટો પાસેથી ઓફરો મેળવી આઈડીયા લેવલનું પ્રેઝન્ટેશન કરવામાં આવેલ છે. અને ત્યારબાદ ફાઇનલ પ્રેઝન્ટેશન કરી જુદી જુદી કામગીરી માટે આર્કીટેક્ટની પસંદગી કરવામાં આવેલ છે. જેમાં રૂપિયા ૧૨૮૦.૯૫ લાખની કામગીરીની સૈધ્ધાંતિક મંજુરી આપવામાં આવેલ છે. જે અન્વયેની આનુસાંગિક કાર્યવાહી ચાલુ છે.

ગાંધી સરકીટમાં પોરબંદર - એમ. જી. વિદ્યાલય રાજકોટ-સાબરમતી આશ્રમ, અમદાવાદ માટે ભારત સરકારશ્રીની આર્થિક સહાય માટે તા. ૨૭-૪-૧૦ અને

તા. ૩૧-૧૨-૧૦ થી ભારત સરકારશ્રીને દરખાસ્ત કરવામાં આવેલ છે.

દાંડી હેરીટેજ કોરીડોર અંતર્ગતની કામગીરી માટે આર્કીટેક્ટ, પ્રોજેક્ટ મેનેજમેન્ટ કન્સલ્ટન્સ અને કોન્ટ્રોક્ટરોની પસંદગી કરી ફેબ્રુઆરી-૧૦માં વર્કઓર્ડર આપવામાં આવેલ છે. ૨૧ (એક્વીસ) સ્થળો પેકી (૧) નડીયાદ (૨) બોરસદ (૩) ધામણ સિવાય બીજી જગ્યાઓએ કામગીરી કોન્ટ્રાક્ટર ધ્વારા પ્રગતિમાં છે. જ્યારે નડીયાદ ખાતે સંતરામ મંદિર ટ્રસ્ટના સહયોગથી કામ કરવામાં આવનાર છે. બોરસદ મુકામે સ્કુલના ટ્રસ્ટીઓ સાથે સમજુતી થયા બાદ કામગીરી ચાલુ કરવામાં આવનાર છે અને ધામણ ખાતે કામગીરી ચાલુ કરેલ પરંતુ સ્થાનિક ગ્રામજનોની માંગણીને લીધે સ્થળ બદલતા નવી જગ્યાએ કામગીરી કરવામાં આવનાર છે.

દાંડી સ્થળના વિકાસની પ્રથમ તબક્કાની કામગીરી ઓક્ટોબર-૧૦માં પૂર્ણ કરવામાં આવેલ છે. જ્યારે બીજા તબક્કાની કામગીરી માટે આર્કીટેક્ટ, પ્રોજેક્ટ મેનેજમેન્ટ કન્સલ્ટન્ટ અને કોન્ટ્રાક્ટરોની પસંદગી કરી સપ્ટેમ્બર ૧૦માં વર્કઓર્ડર આપવામાં આવેલ છે. જે અન્વયેની કામગીરી કોન્ટ્રાક્ટર ધ્વારા પ્રગતિમાં છે.

### બિન નિવાસી ગુજરાતી પ્રભાગ દ્વારા કાર્યક્રમોનું આયોજન

૨૧૮૨૦ : **શ્રી ચંદુભાઈ મો.ડાભી (કરજણ)** : **માનનીય બિન નિવાસી ગુજરાતી પ્રભાગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકારના બિન નિવાસી ગુજરાતી પ્રભાગ દ્વારા તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા કાર્યક્રમોનું ક્યારે ક્યારે આયોજન કર્યુ, | (૧) **૧૭ (સત્તર)**<br>૧ તા.૪-૭-૨૦૦૯<br>૨ તા.૮-૧૦-૨૦૦૯<br>૩ તા.૮-૪-૨૦૧૦ થી તા.૧૦-૪-૨૦૧૦<br>૪ તા.૫-૪-૨૦૧૦ થી તા.૯-૪-૨૦૧૦<br>૫ તા.૮-૪-૨૦૧૦ થી તા.૧૧-૪-૨૦૧૦<br>૬ તા.૧૦-૪-૨૦૧૦ થી તા.૫-૪-૨૦૧૦<br>૭ તા.૩-૪-૨૦૧૦ થી તા.૫-૪-૨૦૧૦<br>૮ તા.૨-૪-૨૦૧૦ થી તા.૬-૪-૨૦૧૦<br>૯ તા.૫-૪-૨૦૧૦ થી તા.૭-૪-૨૦૧૦<br>૧૦ તા.૧૦-૪-૨૦૧૦ થી તા.૧૩-૪-૨૦૧૦<br>૧૧ તા.૭-૪-૨૦૧૦ થી તા.૧૦-૪-૨૦૧૦<br>૧૨ તા.૫-૪-૨૦૧૦ થી તા.૧૦-૪-૨૦૧૦<br>૧૩ તા.૮-૪-૨૦૧૦ થી તા.૧૨-૪-૨૦૧૦<br>૧૪ તા.૨-૪-૨૦૧૦ થી તા.૫-૪-૨૦૧૦<br>૧૫ તા.૭-૪-૨૦૧૦ થી તા.૧૧-૪-૨૦૧૦<br>૧૬ તા.૧-૪-૨૦૧૦ થી તા.૫-૪-૨૦૧૦<br>૧૭ તા.૩૦-૪-૨૦૧૦ |
| (૨) બિન નિવાસી ગુજરાતી પ્રભાગમાં તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ સભ્યોની નોંધણી થયેલ છે, અને | (૨) હા, જી. |
| (૩) આવા કાર્યક્રમો પાછળ ઉક્ત સમય દરમિયાન કેટલો ખર્ચ થયો ? | (૩) રૂ.૧,૬૪,૫૭,૮૩૧/-. |

**ધોળકા નગરપાલિકાને સલામતીના સાધનો માટે સહાય**

૨૦૯૭૪ : **શ્રી કાનજીભાઈ તળપદા (ધોળકા)** : **માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ધોળકા નગરપાલિકાને સલામતી માટેના સાધનોની ખરીદી કરવા માટે રાજ્ય સરકારે કેટલી રકમ વર્ષવાર ફાળવી,

(૨) આ ફાળવેલ રકમમાંથી ક્યા ક્યા સલામતીના સાધનો શાં ભાવે ખરીદવામાં આવ્યા, અને

(૩) તે અન્વયે કુલ કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) ધોળકા નગરપાલિકાને આપત્તિ વ્યવસ્થાપન માટે રૂ.૨૧.૭ લાખની કિંમતનો એક મીની ફાઈટર અને રૂ.૫૬.૪ લાખની કિંમતના બે વોટર બ્રાઉઝર ફાળવેલ છે.

(૨) ઉપર મુજબ.

(૩) ઉપર મુજબ.

**જાફરાબાદ-સુત્રાપાડા બલ્ક પાઈપલાઈન યોજના**

૨૧૪૬૧ : **શ્રી રાજસીભાઈ જોટવા (સોમનાથ)** : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૧૦-૧૧ દરમિયાન જાફરાબાદ થી જૂનાગઢ જિલ્લાના સુત્રાપાડા અને વેરાવળ તાલુકાની બલ્ક પાઈપલાઈન દ્વારા નર્મદાનું પાણી આપવાની યોજના રાજ્ય સરકાર દ્વારા મંજૂર કરવામાં આવી છે કે કેમ, અને

(૨) જો હા, તો તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ આ યોજના ક્યા તબક્કે છે ?

**જવાબ**

(૧) જાફરાબાદ તાલુકામાંથી પસાર થતી જૂનાગઢ જિલ્લાના સુત્રાપાડા અને વેરાવળ તાલુકાની બલ્ક પાઈપ લાઈન દ્વારા નર્મદાનું પાણી આપવાની રૂ.૪૨૧ કરોડના ટેન્ડરની રાજ્ય સરકાર દ્વારા મંજૂરી અપાયેલ છે.

(૨) પાઈપ લાઈન નાંખવાની અને આનુસંગિક સિવિલ તથા ઈલેક્ટ્રો-મીકેનીકલની કામગીરી પ્રગતિમાં છે.

**વલસાડ જિલ્લાની નગરપાલિકાઓમાં ભૂગર્ભ ગટર યોજના**

૨૧૪૩૩ : **શ્રી રમણલાલ ના.પાટકર (ઉમરગામ)** : **માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વલસાડ જિલ્લામાં કઈ કઈ નગરપાલિકાઓમાં ભૂગર્ભ ગટર યોજના મંજૂર કરવામાં આવેલ છે,

(૨) મંજૂર થયેલ ભૂગર્ભ ગટર યોજનાની કામગીરી તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ ક્યા તબક્કે છે, અને

(૩) નગરપાલિકા દીઠ કેટલો ખર્ચ મંજૂર થયેલ છે?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વલસાડ જિલ્લાની ઉંમરગામ અને વલસાડ નગરપાલિકાઓમાં ભૂગર્ભ ગટર યોજના મંજૂર કરવામાં આવેલ છે.

(૨) મંજૂર થયેલ ભૂગર્ભ ગટર યોજનાની કામગીરી તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ નીચે મુજબ છે.

| ક્રમ | નગરપાલિકાનું નામ | સ્થિતિ |
|---|---|---|
| ૧ | ઉંમરગામ | ટેન્ડરનું તાંત્રિક મૂલ્યાંકન પ્રગતિમાં છે. |
| ૨ | વલસાડ | ટેન્ડરનું તાંત્રિક મૂલ્યાંકન પ્રગતિમાં છે. |

(૩) નગરપાલિકા દીઠ નીચે મુજબ અંદાજિત ખર્ચ મંજૂર કરવામાં આવેલ છે.

( ₹ કરોડમાં)

| ક્રમ | નગરપાલિકાનું નામ | રકમ |
|---|---|---|
| ૧ | ઉંમરગામ | ૧૭.૩૫ |
| ૨ | વલસાડ | ૫૪.૯૩ |

**લોંક જળાશય યોજનામાંથી પાણી આપવાની કામગીરી**

૨૧૨૪૬ : **શ્રી મણીભાઈ દે.પટેલ (કપડવંજ)** : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બાયડ તાલુકામાં આવેલ લોંક જળાશય યોજનામાંથી કપડવંજ તાલુકાના ગામોને પાણી આપવાની યોજનાની કાર્યવાહી તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ ક્યા તબક્કે છે, અને

(૨) આ યોજના કેટલા સમયમાં પૂરી કરવાનું આયોજન છે?

**જવાબ**

(૧) ટેન્ડર માંગવાના તબક્કે છે.

(૨) શક્ય તેટલી વહેલી.

**વડોદરાની ગોત્રી સિવીલ હોસ્પિટલની સુધારણા માટે માસ્ટર પ્લાન**

૨૧૪૬૩ : **શ્રી ભૂપેન્દ્રભાઈ લાખાવાળા (વડોદરા શહેર ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડોદરાની ગોત્રી ખાતેની સિવીલ હોસ્પિટલના નવીનિકરણ કે સુધારણા માટે સરકાર દ્વારા માસ્ટર પ્લાન તૈયાર કરેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો આ પ્લાન અંતર્ગત શી કામગીરી કરવામાં આવનાર છે.

(૩) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં નવિનીકરણ કે સુધારણા અંતર્ગત સરકાર દ્વારા વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવેલ છે,

(૪) વર્ષવાર શી કામગીરી કરવામાં આવેલ છે, અને

(૫) ૨૦૧૧-૨૦૧૨ના વર્ષમાં નવિનીકરણ કે સુધારણા માટેનું સરકારે શું આયોજન કરેલ છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) આ પ્લાન અંતર્ગત મેડીકલ કોલેજ, શૈક્ષણિક હોસ્પિટલ, હોસ્ટેલો અને સ્ટાફ ક્વાર્ટસના નવા મકાનોનાં બાંધકામ તેમજ કેમ્પસ પ્લાનીંગની કામગીરી કરવામાં આવનાર છે.

(૩) તા. ૩૧-૧૨-૨૦૧૦ અંતિત નવિનીકરણ કે સુધારણાની કામગીરી અંતર્ગત નીચે મુજબ ખર્ચ કરવામાં આવનાર છે.

| | | |
|---|---|---|
| ૧-૧-૨૦૦૮ થી ૩૧-૧૨-૨૦૦૮ | - | -મામુર- |
| ૧-૧-૨૦૦૯ થી ૩૧-૧૨-૨૦૦૯ | - | -મામુર- |
| ૧-૧-૨૦૧૦ થી ૩૧-૧૨-૨૦૧૦ | - | ₹ ૧૧,૯૦,૩૪,૪૮૪/- |

(૪) ૧-૧-૨૦૦૮ થી ૩૧-૧૨-૨૦૦૮ સુધીમાં કોઈ કામગીરી થયેલ નથી.
૧-૧-૨૦૦૯ થી ૩૧-૧૨-૨૦૦૯ સુધીમાં કોઈ કામગીરી થયેલ નથી.
૧-૧-૨૦૧૦ થી ૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં નવિનીકરણ કે સુધારણાની કામગીરી બાબતે ઉપરોક્ત સ્થળે હયાત હોસ્પિટલની સુધારણાની કામગીરી, વધારાના ૨૦૦ બેડ માટેની સુવિધા, લેક્ચર હોલ, તેમજ પ્રયોગશાળા, લાઈબ્રેરી બિલ્ડીંગની કામગીરી હાથ ધરેલ હતી, જે કામગીરી પૂર્ણ થયેલ છે.

(૫) ૨૦૧૧-૧૨ના વર્ષમાં શૈક્ષણિક હોસ્પિટલ, મેડીકલ કોલેજ હોસ્ટેલ, સ્ટાફ ક્વાર્ટસના બહુમાળી મકાનોના બાંધકામ તેમજ કેમ્પસ ડેવલપમેન્ટનું આયોજન કરેલ છે. જેમાં ઉપરોક્ત કામ અર્થે અંકે રૂપિયા ૧૬૬.૭૮ કરોડના કામોના ટેન્ડર મંજૂર થયેલ છે તેમજ સીવીલ કામગીરી હાલમાં પ્રગતિમાં છે.

--------

**શહેરા તાલુકામાં પાનમ નહેરમાંથી ઉદવહન સિંચાઈ મારફતે પાણી આપવા બાબત**

૨૧૮૯૭ : **શ્રી જેઠાભાઈ ભરવાડ (શહેરા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) શહેરા તાલુકામાં પાનમ મુખ્ય નહેર ક્યા ક્યા ગામોમાં કટીંગમાંથી પસાર થાય છે અને ક્યા ગામોમાં નહેરની એકજ બાજુના વિસ્તારને પાણી મળે છે,

(૨) આવા વિસ્તારોમાં નહેરમાંથી ઉદવહન સિંચાઈ યોજના મારફતે પાણી આપવા યોજનાઓ મંજૂર કરવા માંગો છો કે કેમ, અને

(૩) જો હા, તો કેટલાં સમયમાં?

**જવાબ**

(૧) મોર, ઉંડારા, સતેલાવ, ગુણેલી, ધારાપુર, ધાયકા, રેણા, મોરવા, ચારી, ખુટખર ગામોમાં નહેર કટીંગમાં જાય છે અને આ ગામોને નહેરની એક જ બાજુના વિસ્તારને પાણી મળે છે.

(૨) પાણીના ઉપલબ્ધ જથ્થાને ધ્યાને લઈ વિચારણા કરવામાં આવશે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**બનાસકાંઠા જિલ્લામાં સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના અન્વયે બાંધેલ ચેકડેમ**

૨૦૮૩૧ **: શ્રી ગોવિંદભાઈ મા.પ્રજાપતિ (પાલનપુર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લામાં સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના અન્વયે સન ૨૦૦૯-૨૦૧૦ અને ૨૦૧૦-૨૦૧૧ માં તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ કેટલા ચેકડેમ બાંધવામાં આવેલ છે, અને

(૨) તે અંગે વર્ષવાર કેટલી રકમનો ખર્ચ થયેલ છે?

**જવાબ**

(૧)

| જિલ્લો | વર્ષ ૨૦૦૯-૨૦૧૦ | વર્ષ ૨૦૧૦-૨૦૧૧ |
|---|---|---|
| બનાસકાંઠા | ૬૩૯ | ૨૨૧ |

(૨)

વર્ષ ૨૦૦૯-૧૦ રૂ. ૨૬૯૮.૫૬ લાખ

વર્ષ ૨૦૧૦-૧૧ રૂ. ૧૨૨૮.૩૨ લાખ

**ખેડા જિલ્લાની વનોડા, નમનાર અને ખેરોલ જૂથ પાણી પુરવઠા યોજના અંગે**

૨૧૬૬૨ **: શ્રી માનસિંહ ચૌહાણ (બાલાસિનોર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૧૦ ની સ્થિતિએ ખેડા જિલ્લાના બાલાસિનોર તાલુકાની અને વીરપુર તાલુકાની અનુક્રમે વનોડા જૂથ પાણી પુરવઠા યોજના, નમનાર જૂથ પાણી પુરવઠા યોજના અને વીરપુરની ખેરોલ જૂથ પાણી પુરવઠા યોજનાઓ હેઠળ યોજના દીઠ કેટલા ગામોને પીવાનું પાણી આપવાનું આયોજન હતું,

(૨) તે પૈકી કેટલા ગામોને પીવાનું પાણી નિયમિત આપવામાં આવે છે, અને

(૩) જે ગામોને નથી આપવામાં આવતું તેમના માટે શું આયોજન છે ?

**જવાબ**

(૧) અને (૨) નીચે મુજબ છે.

| જૂથ યોજનાનું નામ | સમાવિષ્ટ ગામોની યાદી | નિયમિત પાણી આપતા ગામોની સંખ્યા |
|---|---|---|
| વનોડા | ૩૪ | ૩૪ |
| નમનાર | ૩૬ | ૩૪ |
| ખેરોલી | ૫૦ | ૪૫ |

(૩) -૨ ગામોને જૂથ યોજનામાં સુધારાની કામગીરી કરીને
-૫ ગામોની સ્વતંત્ર પાણી પુરવઠા યોજના બનાવીને

--------

**બનાસકાંઠા જિલ્લાના પી.એચ.સી. અને સી.એચ.સી.માં આધુનિક સુવિધાનું આયોજન**

૨૦૪૫૪ **: શ્રી મફતલાલ મો.પુરોહિત (ધાનેરા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર તથા સામુહિક આરોગ્ય કેન્દ્રોને આધુનિક સાધનો સાથે સજ્જ કરી લોકોને આરોગ્ય સુવિધા માટે શહેર તરફ ન જવું પડે તે માટે સરકાર કોઈ આયોજન હાથ ધરવા માગે છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉક્ત આયોજનની શી વિગતો છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખીમત ને એન.એ.બી.એચ. મુજબ અપગ્રેડ કરવાની કાર્યવાહી ચાલુ છે જિલ્લાના ૧૦ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો ખાતે ૨૪X૭ ની સેવાઓ ઉપલબ્ધ છે.

સામુહિક આરોગ્ય કેન્દ્ર થરાદને એન.એ.બી.એચ. મુજબ અપગ્રેડ કરવાની કાર્યવાહી ચાલુ છે

સને ૨૦૧૦-૨૦૧૧ ના વર્ષમાં બનાસકાંઠા જિલ્લાના ૬ સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં ઈન્ડીયન પબ્લીક હેલ્થ સ્ટાન્ડર્ડ મુજબ ઈક્વિપમેન્ટ પુરા પાડવાનું આયોજન છે.

૫ સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં ડેન્ટલ યુનિટ અને ૨ માં ઓર્થોપેડીક યુનિટ અને ૬ માં બ્લડ સ્ટોરેજ સેન્ટર સ્થાપવામાં આવેલ છે.

## વાયબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર સમિટમાં પ્રવાસન ક્ષેત્રે એમ.ઓ.યુ.

૨૧૪૪૪ : **શ્રી આત્મારામભાઈ પરમાર (ગઢડા) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સન-૨૦૧૧માં યોજાયેલ વાયબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર સમિટમાં કેટલી કંપનીઓએ પ્રવાસન ક્ષેત્રે એમ.ઓ.યુ. ર્ક્યા, અને

(૨) તેમાં કેટલું મૂડીરોકાણ થનાર છે ?

**જવાબ**

(૧) સન-૨૦૧૧માં યોજાયેલ વાઈબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર સમિટમાં કુલ ૩૭૩ કંપનીઓએ પ્રવાસન ક્ષેત્રે એમ.ઓ.યુ. કરેલ છે.

(૨) આમાં રૂપિયા ૭૪,૧૫૨.૦૭ કરોડ મૂડી રોકાણ સંભવિત છે.

--------

## છારા ગામે સ્વજલધારા યોજના નીચે બનેલ ટાંકીમાંથી લીકેજ અંગે

૨૦૦૧૯ : **શ્રી ધીરસિંહ બારડ (કોડીનાર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ જિલ્લાના કોડીનાર તાલુકાના છારા ગામે સ્વજલધારા યોજના નીચે બનેલ ઉંચી ટાંકીનુ કામ પૂર્ણ થયેલ છે અને તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ તેમાં પાણી ચડાવીને ટેસ્ટીંગ કરેલ છે તે હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત પાણીની ઉંચી ટાંકી લીકેજ છે અને તેમાંથી પાણી નીકળી જાય છે અને અધ્યક્ષશ્રી ગ્રામ પાણી સમિતિએ આ બાબતે ફરિયાદ કરેલ છે તે હકીક્ત સાચી છે,

(૩) જો હા, તો ઉક્ત ઉંચી પાણીની ટાંકીનું નબળું કામ કરનાર કોન્ટ્રાકટર સામે સરકાર કોઈ પગલાં લેવા માંગે છે કે કેમ, અને

(૪) જો હા, તો તેની વિગતો શી છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ના, જી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## ખેડા જિલ્લામાં ૧૦૮ એમ્બ્યુલન્સ વાનો

૨૦૬૬૬ : **શ્રી રામસિંહ પરમાર (ઠાસરા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૧/૨૦૧૧ની સ્થિતીએ ખેડા જિલ્લામાં તાલુકાવાર કેટલી એમ્બ્યુલન્સ વાનો અને ૧૦૮ની સેવાઓ ઉપલબ્ધ છે, અને

(૨) તે અન્વયે વધારાની એમ્બ્યુલન્સો અને ૧૦૮ની સેવાઓમાં વધારો કરવાનું સરકારનું આયોજન છે કે કેમ ?

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકો/સ્થળ | એમ્બ્યુલન્સ | ૧૦૮ એમ્બ્યુલન્સ | કુલ |
|---|---|---|---|---|
| ૧ | નડિયાદ | ૫ | ૨ | ૭ |
| ૨ | મહેમદાવાદ | ૧ | ૨ | ૩ |
| ૩ | ઠાસરા | ૨ | ૨ | ૪ |
| ક્રમ | તાલુકો/સ્થળ | એમ્બ્યુલન્સ | ૧૦૮ એમ્બ્યુલન્સ | કુલ |
| ૪ | માતર | ૧ | ૧ | ૨ |
| ૫ | કપડવંજ | ૧ | ૨ | ૩ |
| ૬ | બાલાસિનોર | ૧ | ૨ | ૩ |
| ૭ | વિરપુર | ૧ | ૨ | ૩ |
| ૮ | મહુધા | ૧ | ૧ | ૨ |
| ૯ | કઠલાલ | ૧ | ૨ | ૩ |
| ૧૦ | ખેડા | ૩ | ૧ | ૪ |
| ૧૧ | અલિન્દ્રા | ૧ | ૦ | ૧ |
| ૧૨ | નવાગામ | ૧ | ૦ | ૧ |
| | કુલ | ૧૯ | ૧૭ | ૩૬ |

(૨) ૧૦૮ એમ્બ્યુલન્સ વાન વધારવા માટે સને ૨૦૧૦-૧૧ના વર્ષમાં નવી ૫૦ એમ્બ્યુલન્સ વાન ઉમેરવાની કાર્યવાહી ચાલુ છે અને સને ૨૦૧૧-૧૨ના વર્ષમાં નવી ૫૦ એમ્બ્યુલન્સ વાન ખરીદવા માટે રૂા. ૭૫૦ લાખની જોગવાઈ નવી બાબત તરીકે કરવામાં

આવેલ છે તેમજ રીપ્લેસમેન્ટ ઓફ એમ્બ્યુલન્સ હેઠળ તાલુકા હોસ્પિટલો ખાતે એમ્બ્યુલન્સ વસાવવા માટે સને ૨૦૧૧-૧૨ના વર્ષમાં રૂા. ૩૪૫ લાખ તથા સામુહિક આરોગ્ય કેન્દ્રો ખાતે રૂા. ૬૭૨ લાખની જોગવાઈ નવી બાબત તરીકે કરવામાં આવેલ છે.

**કચ્છ જિલ્લામાં પ્રવાસન સ્થળ તરીકે વિકાસ કરવા માટે પસંદ કરેલ સ્થળો**

૨૦૫૪૫ : **શ્રી જયંતિલાલ પ.ભાનુશાલી (અબડાસા) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કચ્છ જિલ્લામાં કયા કયા સ્થળો પ્રવાસન સ્થળ તરીકે વિકાસ કરવા માટે પસંદ કરવામાં આવ્યા,

(૨) તેના વિકાસ માટે વર્ષવાર જે તે પ્રવાસનના સ્થળ માટે કેટલો ખર્ચ કરવામાં આવ્યો અને કેવી સુવિધાઓ આપવામાં આવી,

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન કચ્છ જિલ્લામાં નીચે મુજબના સ્થળોને પ્રવાસન સ્થળ તરીકે પસંદ કરવામાં આવેલ છે,

**વર્ષ ૨૦૦૮-૦૯**

(૧) સંતશ્રી ત્રિકમ સાહેબનું સમાધી સ્થળ, ચિત્રોડ તા. રાપર

(૨) નારાયણ સરોવર, કોટેશ્વર

**વર્ષ ૨૦૦૯-૧૦**

(૧) છારી ઢંઢ, થાન-ધીણોધર

**વર્ષ ૨૦૧૦-૧૧**

(૧) ભુજીયો ડુંગર

(૨) ધોરડો

(૩) ધોળાવીરા

(૪) માંડવી દરિયા કિનારો

(૫) પીંગલેશ્વર દરિયા કિનારો

(૨) તેના વિકાસ માટે નીચે મુજબ વર્ષવાર પ્રવાસન સ્થળ માટે ખર્ચ કરવામાં આવ્યો તથા સુવિધાઓ આપવામાં આવી.

વર્ષ ૨૦૦૮-૦૯

(૧) સંતશ્રી ત્રિકમ સાહેબનું સમાધી સ્થળ, ચિત્રોડ તા. રાપર ખાતે યાત્રાળુઓ માટે શેડ,સ્થળનું મહત્વ દર્શાવતું બોર્ડ, પાણીની પાઇપ લાઇન, એપ્રોચ રોડ, મુખ્ય પ્રવેશદ્વાર, પેવરબ્લોકનું પેવીંગ, ટોયલેટ બ્લોક, જેવી કામગીરી હાથ ધરવામાં આવી.

(૨) નારાયણ સરોવર, કોટેશ્વર ખાતે આંતરમાળખાકીય અને પ્રવાસીઓને પાયાની સુવિધા જેવી કે નલીયા-પાંદ્રો જંકશન થી નારાયણ સરોવર સુધીના એપ્રોચરોડનો વિકાસ, નારાયણ સરોવર થી કોટેશ્વર સુધીના રસ્તાનો વિકાસ નલીયા પાંદ્રો જંકશન હાઈવે ઉપર મેઈન સાઈનેજીસની કામગીરી, નારાયણ સરોવર કોટેશ્વર રસ્તા ઉપર મેઇન આર્ચ ગેઇટની કામગીરી, મુખ્ય માર્ગ થી નારાયણ સરોવર મંદિર સંકુલ સુધીના એપ્રોચરોડનું કામ, મુખ્ય માર્ગથી કોટેશ્વર મંદિર સંકુલ સુધીના એપ્રોચરોડનું કામ, હાઇવેથી ચેતન્ય મહાપ્રભુજીના સ્થળ સુધી જવાના રસ્તાનો વિકાસ, ચપલેશ્વર મહાદેવને જોડતા રોડનો વિકાસ, નારાયણ સરોવરના તળાવનો વિકાસ, નારાયણ સરોવર ખાતે પ્રવાસી માહિતી કેન્દ્રની કામગીરી, નારાયણ સરોવર ખાતે પે એન્ડ યુઝ ચેન્જરૂમની કામગીરી, નારાયણ સરોવર ખાતે બસસ્ટેન્ડને જોડતા રસ્તાનો વિકાસ, વોશીંગઘાટનો વિકાસ, સ્ટાફ ક્વાટર્સ, કોમ્પલેક્ષમાં સુધારા-વધારા અને હાલના પ્રવાસી સંકુલમાં વધારાના રૂમોની સુવિધા, કોટેશ્વર ખાતે મંદિરના

પાછલા ભાગે દરિયા તરફ જતા રસ્તાનો વિકાસ, પોલીસચોકીની કામગીરી, મંદિર સંકુલમાં સુધારા-વધારા, સનસેટ પોઇન્ટનો વિકાસ, પે અન્ડ યુઝ ટોયલેટની કામગીરી, મેળા અને ઉત્સવો માટેના મેદાનનો વિકાસ.

ઉપરોક્ત કામગીરી માટે થયેલ ખર્ચ :

(૧) સંતશ્રી ત્રિકમ સાહેબનું સમાધી સ્થળ, ચિત્રોડ તા. રાપર ખાતે રૂપિયા ૧.૬૪ લાખનો ખર્ચ થયેલ છે.

(૨) નારાયણ સરોવર - કોટેશ્વર માટે રૂપિયા ૩.૮૯ લાખનો ખર્ચ થયેલ છે.

વર્ષ ૨૦૦૯-૧૦

(૧) છારી ઢંઢ, થાન-ધીણોધર ગોધીયાર ખાતે પ્રવાસન સુવિધાના વિકાસ માટે કલેકટરશ્રી દ્વારા નીચે મુજબની કામગીરી કરવામાં આવી.

ભાતીગળ ત્રણ ભુંગાની કામગીરી, ઇન્ટરપ્રીટેશન સેન્ટરની કામગીરી, ટેન્ટ હાઉસની કામગીરી, કંપાઉન્ડવોલની કામગીરી, ટોયલેટબ્લોક, રીસેપ્શન સેન્ટર કમ સ્ટોરરૂમ કમ ચોકીદાર ક્વાટર્સની કામગીરી, અન્ડર ગ્રાઉન્ડ ઓવરહેડ ટાંકી, પાઇપલાઇન મોટર બોર્ડની કામગીરી, બે વોચ ટાવર, વોકીંગ પાથવે, ટેન્ટહાઉસ પ્લેટફોર્મ, બ્લોક પ્લાન્ટીંગની કામગીરી, ધીણોધર-થાન ખાતે વનકેડીની કામગીરી, ગોધીયાર ખાતે અસ્મિપાર્ક મ્યુઝીયમની કામગીરી.

ઉપરોક્ત કામગીરી માટે થયેલ ખર્ચ :-

(૧) સંતશ્રી ત્રિકમ સાહેબનું સમાધી સ્થળ, ચિત્રોડ તા. રાપર ખાતે રૂપિયા ૨૦.૬૨ લાખનો ખર્ચ થયેલ છે.

(૨) નારાયણ સરોવર - કોટેશ્વર માટે રૂપિયા ૨૪૩.૬૫ લાખનો ખર્ચ થયેલ છે.

(૩) છારી ઢંઢ, થાન-ધીણોધર ગોધીયાર ખાતે પ્રવાસન સુવિધાના વિકાસ માટે કલેકટરશ્રી દ્વારા રૂપિયા ૨૮.૭૭ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

વર્ષ ૨૦૧૦-૧૧

(૧) ભુજીયો ડુંગર ખાતે એરાઇવલ પ્લાઝા, પાર્કીંગ, કિલ્લાની દિવાલનું રીસ્ટોરેશન, કિલ્લાની અંદર વોકીંગ ટ્રેઇલ, પાથવેનો વિકાસ, પબ્લીક ટોયલેટ, વોટર હટ, સોલર લાઇટથી કિલ્લાનું એલ્યુમીનેશન તેમજ સાઇનેજીસની કામગીરીનો સમાવેશ થાય છે.

(૨) ધોરડો ખાતે કાયમી ધોરણે પ્રવાસીઓને રહેવા માટે ભુંગા, ડાઇનીંગ હોલ, પાર્કીંગ વ્યવસ્થા, તદ્ઉપરાંત સફેદ રણના વિકાસ માટે ડીસેમ્બર માસમાં રણ ઉત્સવનું આયોજન, જેમાં પ્રવાસીઓ માટે રહેવા માટે ટેમ્પરરી ટેન્ટ આવાસ, થીમ પેવેલીયન, ફોટો ગેલેરી, ડાઇનીંગ હોલ, રમતગમતની પ્રવૃત્તિ, ફુડકોર્ટ તેમજ ક્રાફ્ટ સ્ટોલ, સાંસ્કૃતિક કાર્યક્રમ માટે હંગામી ધોરણે સ્ટેજ વગેરેની સુવિધા.

(૩) ધોળાવીરા ખાતે તેમજ ધુંગ્રાણીવાંઢ ખાતે પ્રવાસી સુવિધા, ગ્રામચોકનો વિકાસ, વિલેજચોકથી આર્કીયોલોજી સાઇટ સુધીનો એપ્રોચરોડ, એપ્રોચરોડની બાજુમાં વ્યુહ પોઇન્ટનો વિકાસ, પક્ષી નિરીક્ષણ માટે વ્યવસ્થા તેમજ રસ્તા ઉપર સાઇનેજીસની કામગીરી.

(૪) માંડવી દરિયા કિનારા ખાતે પાર્કીંગ એરીયાનો

વિકાસ, એપ્રોચરોડ, પીવાના પાણીની વ્યવસ્થા, પે એન્ડ યુઝ ટોયલેટ બ્લોક, સાઇનેજીસ, ટેન્ટ એકોમોડેશન, રીટેઇનીંગ વોલ, પ્લે એરીયા, રેતશીલ્પ એરીયા, વ્યુહ પોઇન્ટની કામગીરી.
(૫) પીંગલેશ્વર દરિયા કિનારા ખાતે પાર્કીંગ એરીયાનો વિકાસ, એપ્રોચરોડ, પીવાના પાણીની વ્યવસ્થા, પે ઇન્ડ યુઝ ટોયલેટ બ્લોક, સાઇનેજીસ, ટેન્ટ એકોમોડેશન, ચિલ્ડ્રન પ્લે એરીયા, રેતશીલ્પ એરીયા, ચેઇન્જરૂમ, એમ્યુઝમેન્ટ પાર્ક અને ક્રાફ્ટ શોપની કામગીરી
ઉપરોક્ત કામગીરી માટે થયેલ ખર્ચ :-
(૧) સંતશ્રી ત્રિકમ સાહેબનું સમાધી સ્થળ, ચિત્રોડ તા. રાપર ખાતે રૂપિયા ૧૭.૯૫ લાખનો ખર્ચ થયેલ છે.
(૨) નારાયણ સરોવર - કોટેશ્વર માટે રૂપિયા ૧૬૮.૭૭ લાખનો ખર્ચ થયેલ છે.

(૩) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવા માટે ક્યા ક્યા નવા સ્થળોની દરખાસ્ત સરકારમાં આવી છે, અને

(૩) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવા માટે નીચે મુજબના નવા સ્થળોની દરખાસ્ત આવેલ છે.
(૧) કલેકટરશ્રી કચ્છ દ્વારા જેસલતોરલની સમાધી, અજેપારદાદાનું મંદિર, શીતળામાતા મંદિરનો વિકાસ.
(૨) ભુજીયા ડુંગરનું આધુનિકરણ
આ ઉપરાંત જિલ્લામાંથી નીચે મુજબના પ્રવાસન સ્થળોના વિકાસ માટે દરખાસ્ત મળેલ છે.
(૧) ધોળાવીરા ખાતે હડપ્પન સંસ્કૃતિને પર્યટન સ્થળ તરીકેનો વિકાસ
(૨) ભુજ-કચ્છ ખાતે આવેલ દતાત્રેય મંદિરનો વિકાસ.
(૩) મેઘવાળ સમાજના ઇષ્ટદેવ ધણીમાતંગ દેવના સમાગમ સ્થળનો વિકાસ
(૪) કચ્છ જિલ્લામાં આવેલ હાજીપીર દરગાહ શરીફનો વિકાસ.

(૪) ઉક્ત સ્થિતિએ આ દરખાસ્તને લગતી કાર્યવાહી ક્યા તબક્કામાં છે ?

(૪) વર્ષ ૨૦૧૦-૧૧માં કચ્છ જિલ્લાના ભુજ ખાતે આવેલ ભુજીયા ડુંગર ખાતે આંતરમાળખાકીય અને પ્રવાસન સુવિધાના વિકાસ માટે મંજુરી આપવામાં આવેલ છે અને તેની આનુસાંગિક કાર્યવાહી ચાલુમાં છે.

--------

**સરદાર પટેલ સહભાગી સિંચાઇ યોજના હેઠળ કચ્છ જિલ્લામાં ચેકડેમો**

૨૧૪૫૯ : **શ્રી ધનજીભાઈ ગો.સેંધાણી (માંડવી) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સરદાર પટેલ સહભાગી સિંચાઇ યોજના હેઠળ વર્ષ-૨૦૦૯-૧૦માં કચ્છ જિલ્લામાં ચેકડેમ બનાવવામાં આવ્યા છે તે હકિકત સાચી છે, અને

(૨) જો હા, તો તા. ૩૧-૩-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા અને ક્યાં ક્યાં ચેકડેમો બનાવવામાં આવ્યા છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) તા. ૩૧-૩-૨૦૧૦ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કચ્છ જિલ્લામાં ૯૦૬ ચેકડેમો બનાવવામાં આવ્યા છે, જેની તાલુકાદીઠ સ્થિતિ *પત્રક-૧ માં અને ચેકડેમદીઠ વિગતો *પત્રક-૨માં સામેલ છે.

*(પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખેલ છે.)

--------

### આંકલાવ બ્લોક હેલ્થ ઓફિસરના તાબામાં પી.એચ.સી. અને સી.એચ.સી.

૨૧૮૩૨ : **શ્રી અમીતભાઈ ચાવડા (બોરસદ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૧૫-૨-૧૧ની સ્થિતિએ આણંદ જિલ્લામાં આંકલાવ બ્લોક હેલ્થ ઓફીસરના તાબામાં કેટલા પી.એચ.સી. અને સી.એચ.સી. સબ સેન્ટરોનો સમાવેશ થયેલ છે,

(૨) બ્લોક હેલ્થ ઓફિસ, આંકલાવના વિભાજન માટે છેલ્લા ત્રણ વર્ષમાં કોઇ દરખાસ્ત મળેલ છે કે કેમ, અને

(૩) જો હા, તો કેટલા સમયમાં વિભાજન કરવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) તા. ૧૫-૨-૧૧ની સ્થિતિએ આણંદ જિલ્લામાં આંકલાવ બ્લોક હેલ્થ ઓફીસરના તાબામાં ૧૨ પી.એચ.સી. અને ૭૭ સબ સેન્ટરોનો સમાવેશ થયેલ છે. સી.એચ.સી.નો સમાવેશ થતો નથી.

(૨) હા, જી.

(૩) આગામી સમયમાં સર્વગ્રાહી વિચારણા કરી નિર્ણય કરવામાં આવશે.

--------

### સરકાર હસ્તકની હોસ્પિટલો ખાનગી ટ્રસ્ટોને સોંપવા બાબત

૨૨૦૪૧ : **શ્રી દેવજીભાઈ ગો.ફતેપરા (હળવદ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧ ડિસેમ્બર-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન સરકારે રાજ્ય સરકાર હસ્તકની કઇ કઇ હોસ્પિટલો ક્યા ક્યા જિલ્લામાં અને ક્યારે ખાનગી ટ્રસ્ટોને આપવાનો નિર્ણય કર્યો, અને

(૨) સરકારી હોસ્પિટલો ખાનગી ટ્રસ્ટોને સોંપવાના કારણો શાં છે ?

**જવાબ**

(૧) એકપણ નહીં.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

### જૂનાગઢ જિલ્લામાં કાર્યરત ૧૦૮ એમ્બ્યુલન્સ વાન

૨૦૨૪૫ : **શ્રી ભગવાનભાઈ ધા.બારડ (તાલાલા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર કેટલી ૧૦૮ એમ્બ્યુલન્સ વાન કાર્યરત છે,

(૨) તે અન્યવે સામૂહિક આરોગ્ય કેન્દ્રો ખાતે કેટલી એમ્બ્યુલન્સ વાન છે, અને

(૩) ૧૦૮ એમ્બ્યુલન્સ વાન વધારે ફાળવવા સરકારે શી કાર્યવાહી કરી ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ જુનાગઢ જિલ્લામાં તાલુકાવાર ૧૦૮ એમ્બ્યુલન્સ વાનો કુલ-૨૨ કાર્યરત છે.

| ક્રમ | તાલુકો | એમ્બ્યુલન્સ | ક્રમ | તાલુકો | એમ્બ્યુલન્સ |
|---|---|---|---|---|---|
| ૧ | ભેસાણ | ૧ | ૮ | મેદરડા | ૧ |
| ૨ | જુનાગઢ | ૪ | ૯ | પાટણ-વેરાવળ | ૧ |
| ૩ | કેશોદ | ૧ | ૧૦ | સૂત્રાપાડા | ૨ |
| ૪ | કોડીનાર | ૨ | ૧૧ | તાલાળા | ૧ |
| ૫ | માળીયા હાટીના | ૨ | ૧૨ | ઉના | ૩ |
| ૬ | માણાવદર | ૧ | ૧૩ | વંથલી | ૧ |
| ૭ | માંગરોલ | ૧ | ૧૪ | વિસાવદર | ૧ |

(૨) ૧૦૮ એમ્બ્યુલન્સની ફાળવણી સંસ્થા મુજબ કરવામાં આવતી નથી પરંતુ જે તે વિસ્તારની વસ્તી, રસ્તા અને જરૂરીયાતને ધ્યાને લઇ સમગ્ર વિસ્તારને શક્ય તેટલી ઝડપથી એમ્બ્યુલન્સ સેવા મળી રહે તે પ્રમાણે એમ્બ્યુલન્સ માટે સ્થળ પસંદ કરવામાં આવે છે.

(૩) ૧૦૮ એમ્બ્યુલન્સ વાન વધારવા માટે ૨૦૧૦-૧૧માં નવી ૫૦ એમ્બ્યુલન્સ વાન ઉમેરવાની કાર્યવાહી ચાલુ છે અને વર્ષ ૨૦૧૧-૧૨ માટે નવી ૫૦ એમ્બ્યુલન્સ વાન ખરીદવા માટે રૂા. ૭૫૦ લાખની નવી બાબત તરીકે જોગવાઇ કરવામાં આવેલ છે.

--------

**જામનગર જિલ્લામાં પ્રવાસન સ્થળોના વિકાસ માટે કામગીરી**

૨૧૪૪૫ : **શ્રી મેઘજીભાઈ કણઝારીયા (ખંભાળીયા)** : **માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જામનગર જિલ્લામાં પ્રવાસન સ્થળોના વિકાસ માટે શી કામગીરી હાથ ધરવામાં આવી,

**જવાબ**

(૧) તા.૩૧-૧૦-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જામનગર જિલ્લામાં પ્રવાસન સ્થળોના વિકાસ માટે નીચે મુજબની કામગીરી હાથ ધરવામાં આવી.

**(અ) ક્લેક્ટરશ્રી જામનગર દ્વારા**

(૧) પીરોટન ટાપુ ખાતે આંતરમાળખાકીય અને પ્રવાસન સુવિધાની કામગીરી હાથ ધરવામાં આવનાર છે.

(૨) રણજીત સાગર ડેમ ખાતે આંતરમાળખાકીય અને પ્રવાસન સુવિધાની કામગીરી માટે આર્કીટેક્ની પસંદગી કરવામાં આવેલ છે અને તેના દ્વારા ડીઝાઇન તેયાર કરવામાં આવી રહેલ છે.

(૩) ખીજડીયા ખાતે આવેલ પક્ષી અભિયારણના પ્રોત્સાહન અને વિકાસ માટે નવેમ્બર-૨૦૧૦માં ખીજડીયા મુકામે ગ્લોબલ બર્ડ વોચર્સ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવેલ.

**(બ) ગુજરાત પ્રવાસન નિગમ લી. દ્વારા**

(૧) ખાસ અંગભૂત યોજના હેઠળ જોડીયા તાલુકાના આમરણ ગામે આવેલ સંતશ્રી ભીમસાહેબની જગ્યા ખાતે મુખ્ય પ્રવેશદ્વાર, પીવાના પાણીની વ્યવસ્થા, ટોયલેટ બ્લોક, કંપાઉન્ડ વોલ, બાગ બગીચો, બેઠક વ્યવસ્થા, પેવરબ્લોક્નું પેવીંગ, યાત્રાળુઓ માટે શેડ, પાર્કીંગ, સ્થળોનું મહત્વ દર્શાવતું બોર્ડ અને સાઇનેજીસની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

(૨) દ્વારકા નાગેશ્વર, બેટ દ્વારકા ટુરીસ્ટ સર્કીટ અન્વયે સંકલિત વિકાસ માટે સેપ્ટ મારફતે કાર્યયોજના આધારીત અહેવાલ તેયાર કરવામાં આવેલ છે. જેમાં દ્વારકામાં પરિક્રમા પથનો વિકાસ, રાવલા તળાવનો વિકાસ, મંદિરચોક અને બલભદ્રશેરીનો વિકાસ, સનસેટ પોઇન્ટ અને ભડકેશ્વર મંદિરનું જોડાણ, ગોમતી નદીના ઘાટનું રીપેરીંગ, તહેવાર દરમ્યાન સર્વિસ એરિયા તથા શેરીનો વિકાસ, સમુદ્રનારાયણ મંદિરની નજીક્ના દરિયાકાંઠાનો વિકાસ, નાગેશ્વર ખાતે તળાવ, પ્રવાસન પથ અને ગ્રામ્ય હાટનો વિકાસ અને પાર્કીંગ વ્યવસ્થા, સમરાસર(ગોપીતળાવ) ખાતે વોક્વે, તળાવ, અને ગામચોક્નો વિકાસ, ઓખામઢીનો વિક એન્ડ ડેસ્ટીનેશન તરીકે વિકાસ, શીવરાજપુર ખાતે કેમ્પીંગ સાઇટનો વિકાસ, પોશીત્રા ખાતે ઇકો ટુરીઝમ માટે કેમ્પીંગ સાઇટનો વિકાસ, ચરખલા મેઇનરોડ ઉપર સાઇનેજીસ, બેટદ્વારકા ખાતે પદમેશ્વર મહાદેવની મંદિરની પમિ સાઇડના દરિયાકાંઠાનો વિકાસ, રણછોડ તળાવનો વિકાસ અને મુખ્ય પ્રવેશ દ્વાર.

(૩) જામનગર ખાતે આંતરમાળખાકીય અને પ્રવાસન વિકાસ માટે સેપ્ટ સંસ્થા મારફતે કાર્યયોજના આધારીત અહેવાલ તેયાર કરવામાં આવેલ છે જેમાં સાડી માર્કેટ અને બાંધણીશેરીમાં સુધારા

વધારા, વેલીન્ગટન ડેમથી ગ્રેન માર્કેટ સુધીની ફુટપાથ, હેરીટેજ એરિયાના પ્રમોશન માટે સાઇનેજીસ, પાર્કીંગ, વેલીન્ગટન ડેમના સુધારા-વધારા, રણજીત સાગર ડેમની આજુબાજુનો વિકાસ જેવી કામગીરીનો સમાવેશ થાય છે.

(૨) આ માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારે વર્ષવાર કેટલી ગ્રાન્ટ આપી, અને

(૨) વર્ષ ૨૦૦૯-૧૦

**(અ) ક્લેકટરશ્રી દ્વારા**

(૧) પીરોટન ટાપુના વિકાસ માટે રૂપિયા ૨૦૦.૦૦ લાખની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે.

**(બ) ગુજરાત પ્રવાસન નિગમ લીમીટેડ દ્વારા**

(૧) ખાસ અંગભુત યોજના અંતર્ગત જોડીયા તાલુકાના આમરણ ગામે સંતશ્રી ભીમસાહેબની જગ્યા માટે રૂપિયા ૩૫.૨૫ લાખની ગ્રાન્ટ મંજુર કરવામાં આવેલ હતી.

વર્ષ ૨૦૧૦-૧૧

**(અ) ક્લેકટરશ્રી દ્વારા**

(૧) રણજી સાગર ડેમ માટે રૂપિયા ૮૬.૯૪ લાખની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે.

(૨) ખીજડીયા બર્ડ વોચર્સ કોન્ફરન્સ માટે રૂ.૧૦૩.૦૬ લાખની ગ્રાન્ટ ફાળવામાં આવેલ છે.

**(બ) ગુજરાત પ્રવાસન નિગમ લી. દ્વારા**

(૧) દ્વારકા નાગેશ્વર, બેટ દ્વારકા ટુરીસ્ટ સર્કીટ માટે ભારત સરકારને મેગા ટુરીઝમ પ્રોજેક્ટ તરીકે મંજુર કરવા રૂપિયા ૭,૭૨૧.૩૧ લાખની રીવાઇઝ દરખાસ્ત મોકલવામાં આવેલ છે. જેની મંજુરી રાહમાં છે. હાલ રાજ્ય સરકારશ્રી દ્વારા રૂપિયા ૯૦૦૦.૦૦ લાખની સૈધ્ધાંતિક મંજુરી આપવામાં આવેલ છે.

(૨) જામનગર ખાતે આંતરમાળખાકીય અને પ્રવાસન વિકાસ માટે રૂપિયા ૨૬૫.૦૦ લાખના ખર્ચની સૈધ્ધાંતિક મંજુરી મળેલ છે.

(૩) તે માટે જિલ્લા તંત્રએ તા.૩૧-૧૨-૧૦ સુધીમાં કેટલો ખર્ચ કર્યો ?

(૩) વર્ષ ૨૦૦૯-૧૦

**(અ) ક્લેકટરશ્રી દ્વારા**

(૧) પીરોટન ટાપુ ખાતે કામગીરી આયોજન હેઠળ હોય ખર્ચ થયેલ નથી.

**(બ) ગુજરાત પ્રવાસન નિગમ લી. દ્વારા**

(૧) ખાસ અંગભુત યોજના અંતર્ગત જોડીયા તાલુકાના આમરણ ગામે સંતશ્રી ભીમસાહેબની જગ્યા માટે રૂપિયા ૪૫.૩૭ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

વર્ષ ૨૦૧૦-૧૧

**(અ) ક્લેકટરશ્રી દ્વારા**

(૧) રણજીત સાગર ડેમ ખાતેની કામગીરી માટે આર્કીટેક્ટની પસંદગી કરવામાં આવેલ છે અને તેના દ્વારા ડીઝાઇન તેયાર કરવામાં આવી રહેલ હોય કોઇ ખર્ચ થયેલ નથી.

(૨) ખીજડીયા બર્ડ વોચર્સ કોન્ફરન્સ માટે રૂ. ૯૩.૦૯ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે તેમજ ગુજરાત પ્રવાસન નિગમ લીમીટેડ દ્વારા રૂપિયા ૭૫.૦૦ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે.

**(બ) ગુજરાત પ્રવાસન નિગમ લી. દ્વારા**

(૧) દ્વારકા નાગેશ્વર, બેટ દ્વારકા ટુરીસ્ટ સર્કીટ માટે મેગા ટુરીઝમ પ્રોજેક્ટ તરીકે કામગીરી કરવા માટે આર્કીટેક્ટોની પસંદગી કરવામાં આવેલ છે, ટેન્ડરની કાર્યવાહી ચાલુમાં છે અને આનુસાંગિક કાર્યવાહી માટે રૂપિયા ૨૫.૦૦ લાખનો ખર્ચ થયેલ છે.

(૨) જામનગર ખાતે આંતરમાળખાકીય અને પ્રવાસન વિકાસ માટે આર્કીટેક્ટની પસંદગી કરવામાં આવેલ છે. તેમના દ્વારા વિગતવાર અંદાજીત ખર્ચની કાર્યવાહી ચાલુમાં હોય ખર્ચ થયેલ નથી.

--------

**અમદાવાદ મહાનગર માટે મંજૂર બી.આર.ટી.એસ. પ્રોજેક્ટ**

૨૦૦૩૧ **: શ્રી શૈલેષભાઈ મ.પરમાર (શહેર કોટડા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ મહાનગરમાં વધતી વાહનવ્યવહારની સમસ્યાને પહોંચી વળવા રાજ્ય સરકાર દ્વારા અમલી કરાયેલ બી.આર.ટી.એસ. યોજના હેઠળના કેટલા પ્રોજેક્ટ મંજૂર કરવામાં આવેલા છે, અને | (૧) તા.૩૧-૦૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ મહાનગરમાં વધતી વાહનવ્યવહારની સમસ્યાને પહોંચી વળવા રાજ્ય સરકાર દ્વારા અમલી કરાયેલ બી.આર.ટી.એસ. યોજના હેઠળ એક પણ પ્રોજેક્ટને મંજુરી મળેલ નથી. પરંતુ વર્ષ ૨૦૦૬-૦૭ અને ૨૦૦૭-૦૮ માં અમદાવાદ મહાનગરપાલિકા માટે (૧) બી.આર.ટી.એસ. પ્રોજેક્ટ ભાગ-૧, ડીપીઆર-૧, તા. ૧૧-૮-૨૦૦૬નો રૂ. ૮૭૬૦ લાખ (૨) બી.આર.ટી.એસ. પ્રોજેક્ટ ભાગ-૨, ડીપીઆર-૨, તા. ૬-૧૦-૨૦૦૬નો રૂ. ૪૦૫૭૨ લાખ અને (૩) બી.આર.ટી.એસ. પ્રોજેક્ટ ભાગ-૩, ડીપીઆર-૩, તા. ૧૯-૮-૨૦૦૮નો રૂ. ૪૮૮૧૩ લાખ એમ કુલ ત્રણ પ્રોજેક્ટ રૂા. ૯૮૧૪૫.૦૦ લાખના મંજૂર થયેલ છે. |
| (૨) આ પૈકી અમદાવાદ મહાનગરપાલિકામાં કેટલી રકમના પ્રોજેક્ટ મંજૂર થયા છે અને આ પ્રોજેક્ટમાં કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર અને અમદાવાદ મહાનગરપાલિકાએ કેટલી રકમનો ફાળો આપેલ છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**ભરૂચ જિલ્લામાં સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના અંતર્ગત નવા ચેકડેમો**

૨૦૦૨૨ **: શ્રી ઈકબાલ પટેલ (વાગરા)** : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભરૂચ જિલ્લામાં સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના અંતર્ગત તાલુકાવાર નવા ચેકડેમો બનાવવા કેટલી દરખાસ્ત સરકારને મળી, | (૧) ઝઘડીયા તાલુકામાં ૭૬ અને વાલીયા તાલુકામાં ૫૯ ચેકડેમો બનાવવાની દરખાસ્ત મળેલ હતી. |
| (૨) મળેલ દરખાસ્ત પૈકી કેટલી મંજૂર કરવામાં આવી, અને | (૨) બધી જ. |
| (૩) બાકી રહેલ અરજીઓ કેટલા સમયમાં મંજૂર કરવામાં આવશે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

--------

**આજી-૪ સિંચાઇ યોજનામાં પાણી ભરવા બાબત**

૨૦૧૧૫ : **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા)** : તા.૧૦-૭-૦૯ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંક્તિ પ્રશ્ન ક્રમાંક-૭૬૫૬ (અગ્રતા-૮૩) ના અનુસંધાને **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જામનગર જિલ્લાની આજી-૪ સિંચાઇ યોજના આશરે ૧૨ વર્ષથી પૂર્ણ થવા છતાં ડેમના દરવાજા ચડાવી તેમાં પાણી ભરવામાં આવતું નથી તે ગંભીર હકીક્ત સાચી છે કે કેમ,

(૨) ડેમમાં પાણી ભરવાની આનુસંગિક કાર્યવાહીઓ પૂર્ણ થયા પછી પણ ડેમમાં પાણી ન ભરવાના શાં કારણો છે, અને તેને માટે કોને જવાબદાર ગણવામાં આવ્યા છે, અને

(૩) વહેલામાં વહેલા કઇ તારીખ સુધીમાં આ ડેમમાં પાણી ભરવામાં આવનાર છે ?

**જવાબ**

(૧) ના જી.

ચોમાસા-૨૦૧૦ માં દરવાજા બંધ કરી આંશીક ભરવામાં આવેલ.

(૨) ડૂબમાં જતા જીરાગઢ ગામ લોકોના અસહકારના કારણે પાણી ભરવામાં આવેલ ન હોય, જવાબદારીનો પ્રશ્ન રહેતો નથી.

(૩) આગામી ચોમાસા-૨૦૧૧ દરમ્યાન પાણી ભરવાનું આયોજન છે.

--------

**પાનમ-હડફ-અંદલવાડા અને કબૂતરી ડેમોના અસરગ્રસ્ત ખેડૂતોને જમીનની સનદ અંગે**

૨૧૨૩૧ : **શ્રી સી. કે. રાઉલજી (ગોધરા)** : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં ખેડૂતોની જમીન પાનમ ડેમ-હડફ ડેમ-અંદલવાડા અને કબૂતરી ડેમ માટે ક્યારે ક્યારે સંપાદન કરવામાં આવી હતી,

(૨) સંપાદન થયેલ આ જમીનોનું પૂરેપૂરું વળતર ખેડૂતોને ચુકવાયેલ છે કે કેમ, અને

(૩) સંપાદન થયેલ જમીનોની સામે પાંચ એકર જમીન જે અસરગ્રસ્તોને આપવામાં આવેલ હતી તે પૈકીના કેટલા ખેડૂતોને તા.૩૧-૧-૧૧ ની સ્થિતિએ તેની સનદો અપાઇ છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ નીચે મુજબ જમીન સંપાદન કરવામાં આવેલ છે.

૧. પાનમ ડેમની સને. ૧૯૭૧ થી ૧૯૭૭
૨. હફડ ડેમની સને. ૧૯૭૮ થી ૧૯૮૦
૩. અદલવાડા ડેમની સને. ૧૯૮૧
૪. કબૂતરી ડેમની સને. ૧૯૮૦

(૨) હા, જી.

(૩) ૨૧૪૮ ખેડૂતોને.

--------

**દાહોદ જિલ્લામાં પ્રજનન અને બાળ આરોગ્ય કાર્યક્રમ હેઠળ ફાળવેલ ગ્રાન્ટ**

૨૦૧૮૯ : **શ્રી બચુભાઈ કિશોરી (લીમડી)** : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૩-૨૦૧૦ ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં પ્રજનન અને બાળ આરોગ્ય કાર્યક્રમ અંતર્ગત છેલ્લા બે વર્ષમાં, વર્ષવાર કુલ કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી, અને

(૨) આ ગ્રાન્ટમાંથી દાહોદ, ઝાલોદ અને ગરબાડા તાલુકામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રવાર કેટલી રકમ ફાળવવામાં આવી અને કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) તા.૩૧-૩-૨૦૧૦ ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં પ્રજનન અને બાળ આરોગ્ય કાર્યક્રમ અંતર્ગત છેલ્લા બે વર્ષમાં, વર્ષવાર નીચે મુજબની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે.

| અ.નં. | વર્ષ | ફાળવેલ ગ્રાન્ટ રૂપિયા |
|---|---|---|
| ૧ | ૨૦૦૮-૦૯ | ૧,૨૩,૮૭,૮૦૦/- |
| ૨ | ૨૦૦૯-૧૦ | ૩,૮૮,૩૭,૪૧૫/- |

(૨) આ ગ્રાન્ટમાંથી દાહોદ, ઝાલોદ અને ગરબાડા તાલુકામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રવાર **પત્રક-ક** મુજબની રકમ ફાળવવામાં આવી અને ખર્ચ કરવામાં આવ્યો.

**પત્રક-ક**

## (૧) તાલુકાનું નામ :- દાહોદ

| અ.નં. | પ્રા.આ. કેન્દ્રનું નામ | વર્ષ-૨૦૦૮-૦૯ રૂપીયામાં | | વર્ષ-૨૦૦૯-૧૦ રૂપીયામાં | |
|---|---|---|---|---|---|
| | | ફાળવેલ ગ્રાન્ટ | થયેલ ખર્ચ | ફાળવેલ ગ્રાન્ટ | થયેલ ખર્ચ |
| ૧ | આગાવાડા | ૧૦૫૧૦૦ | ૯૯૧૦૦ | ૧૭૪૧૦૦ | ૧૬૯૯૦૦ |
| ૨ | જેકોટ | ૩૬૨૦૦ | ૩૬૨૦૦ | ૧૧૧૭૦૦ | ૧૧૧૭૦૦ |
| ૩ | બોરડી | ૧૪૫૬૦૦ | ૧૪૫૬૦૦ | ૪૨૯૦૦ | ૪૨૯૦૦ |
| ૪ | ખરોદ | ૧૨૦૭૦૦ | ૧૨૦૭૦૦ | ૨૩૧૮૦૦ | ૨૧૦૩૦૦ |
| ૫ | કઠલા | ૭૭૫૦૦ | ૭૭૫૦૦ | ૧૨૯૯૦૦ | ૭૬૧૦૦ |
| ૬ | બોરવાણી | ૮૩૯૦૦ | ૮૩૯૦૦ | ૬૯૬૦૦ | ૬૯૬૦૦ |
| ૭ | ભાઠીવાડા | ૧૦૯૪૦૦ | ૧૦૩૪૦૦ | ૧૨૧૫૦૦ | ૪૨૪૦૦ |
| ૮ | નગરાળા | ૭૭૫૦૦ | ૭૭૫૦૦ | ૨૫૨૩૦૦ | ૧૩૫૯૦૦ |
| ૯ | મોટીખરજ | ૦ | ૦ | ૧૮૮૭૦૦ | ૫૨૬૦૦ |
| ૧૦ | ટીમરડા | ૭૭૫૦૦ | ૭૭૫૦૦ | ૧૦૨૧૦૦ | ૬૦૭૦૦ |
| | **કુલ...** | **૮૩૩૪૦૦** | **૮૨૧૪૦૦** | **૧૪૨૪૬૦૦** | **૯૭૨૧૦૦** |

## (૨) તાલુકાનું નામ :- ઝાલોદ

| અ.નં. | પ્રા.આ. કેન્દ્રનું નામ | વર્ષ-૨૦૦૮-૦૯ રૂપીયામાં | | વર્ષ-૨૦૦૯-૧૦ રૂપીયામાં | |
|---|---|---|---|---|---|
| | | ફાળવેલ ગ્રાન્ટ | થયેલ ખર્ચ | ફાળવેલ ગ્રાન્ટ | થયેલ ખર્ચ |
| ૧ | બિલવાની | ૧૩૪૦૦૦ | ૧૩૪૦૦૦ | ૧૯૯૪૦૦ | ૧૯૯૪૦૦ |
| ૨ | ચાકલીયા | ૧૧૩૨૦૦ | ૧૧૩૨૦૦ | ૧૩૧૦૦૦ | ૧૩૧૦૦૦ |
| ૩ | ગરાડુ | ૧૪૪૦૦૦ | ૧૪૪૦૦૦ | ૨૪૯૨૦૦ | ૨૪૯૨૦૦ |
| ૪ | ગુલતોરા | ૧૧૧૨૦૦ | ૧૧૧૨૦૦ | ૨૩૪૪૦૦ | ૨૩૪૪૦૦ |
| ૫ | કદવાલ | ૧૨૯૦૦૦ | ૧૨૯૦૦૦ | ૩૦૦૯૦૦ | ૩૦૦૯૦૦ |
| ૬ | કરંબા | ૧૨૦૦૦૦ | ૧૨૦૦૦૦ | ૨૩૮૯૦૦ | ૨૩૮૯૦૦ |
| ૭ | લીઠાકોર | ૧૦૧૫૦૦ | ૧૦૧૫૦૦ | ૨૪૯૭૦૦ | ૨૪૯૭૦૦ |
| ૮ | મહુડી | ૧૨૦૨૦૦ | ૧૨૦૨૦૦ | ૨૮૦૧૦૦ | ૨૮૦૧૦૦ |
| ૯ | માન્ડલી | ૧૦૨૧૦૦ | ૧૪૭૫૦૦ | ૧૪૭૫૦૦ | ૧૪૭૫૦૦ |
| ૧૦ | મીરાખેડી | ૧૦૯૩૦૦ | ૧૦૯૩૦૦ | ૧૭૫૮૦૦ | ૧૭૫૮૦૦ |
| ૧૧ | રૂપાખેડા | ૧૨૦૫૦૦ | ૧૨૦૫૦૦ | ૨૦૭૮૦૦ | ૨૦૭૮૦૦ |
| ૧૨ | સંજેલ | ૧૧૪૫૦૦ | ૧૧૪૫૦૦ | ૨૦૬૦૦૦ | ૨૦૬૦૦૦ |
| ૧૩ | વાંસીયા | ૮૯૨૦૦ | ૮૯૨૦૦ | ૨૩૯૦૦૦ | ૨૩૯૦૦૦ |
| | **કુલ...** | **૧૫૦૮૭૦૦** | **૧૫૦૮૭૦૦** | **૨૮૫૯૭૦૦** | **૨૮૫૯૭૦૦** |

## (૩) તાલુકાનું નામ :- ગરબાડા

| અ.નં. | પ્રા.આ. કેન્દ્રનું નામ | વર્ષ-૨૦૦૮-૦૯ રૂપીયામાં | | વર્ષ-૨૦૦૯-૧૦ રૂપીયામાં | |
|---|---|---|---|---|---|
| | | ફાળવેલ ગ્રાન્ટ | થયેલ ખર્ચ | ફાળવેલ ગ્રાન્ટ | થયેલ ખર્ચ |
| ૧ | અભલોડ | ૯૮૮૦૦ | ૯૮૮૦૦ | ૨૨૭૦૦૦ | ૨૨૭૦૦૦ |
| ૨ | ગાંગરડી | ૨૬૫૩૦૦ | ૨૬૫૩૦૦ | ૨૩૨૫૦૦ | ૨૩૨૫૦૦ |
| ૩ | જાંબુઆ | ૧૯૦૮૦૦ | ૧૯૦૮૦૦ | ૩૧૮૪૦૦ | ૨૯૯૭૧૩ |
| ૪ | જેસાવાડા | ૨૧૮૮૦૦ | ૨૧૮૮૦૦ | ૨૩૪૭૦૦ | ૧૨૩૪૭૦૦ |
| ૫ | પાંચવાડા | ૩૫૦૦૦૦ | ૩૫૦૦૦૦ | ૩૧૭૦૦૦ | ૧૯૬૬૦૦ |
| ૬ | પાટીયા | ૧૭૫૩૦૦ | ૧૭૫૩૦૦ | ૧૮૬૦૦૦ | ૧૧૭૮૦૦ |
| | **કુલ...** | **૧૨૯૯૦૦૦** | **૧૨૯૯૦૦૦** | **૧૫૧૫૬૦૦** | **૧૧૯૮૩૧૩** |

## જલમણિ કાર્યક્રમ હેઠળ મળેલ રકમ

૨૧૬૩૩ : **શ્રી મોહનસિંહ છો.રાઠવા (પાવી-જેતપુર)** : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જલમણિ કાર્યક્રમ હેઠળ કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર દ્વારા કેટલી રકમ તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મળી, અને

(૨) તે પૈકી વડોદરા જિલ્લાની તાલુકાવાર કેટલી પ્રા.શાળાઓમાં કેટલી રકમનો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) જલમણિ કાર્યક્રમ ૧૦૦ ટકા કેન્દ્ર સરકાર પુરસ્કૃત હોઇ કેન્દ્ર સરકાર તરફથી રૂા.૧૭૬૫.૯૬ લાખની રકમ મળેલ છે. રાજ્ય સરકાર તરફથી કોઇ રકમ ફાળવવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૨)

| તાલુકો | શાળાઓની સંખ્યા | ખર્ચ રૂા. લાખમાં |
|---|---|---|
| ક્વાંટ | ૩૪ | ૨૨.૮૮ |
| નસવાડી | ૧૮ | ૧૨.૧૧ |
| જેતપુર-પાવી | ૧૪ | ૪.૬૦ |
| છોટાઉદેપુર | ૨૦ | ૫.૦૩ |
| સંખેડા | ૨૫ | ૮.૩૯ |
| શિનોર | ૨૭ | ૨.૧૫ |
| સાવલી | ૩૮ | ૩.૨૭ |
| વાઘોડિયા | ૪૦ | ૩.૩૨ |
| ડભોઇ | ૪૪ | ૩.૬૦ |
| **તાલુકો** | **શાળાઓની સંખ્યા** | **ખર્ચ રૂા. લાખમાં** |
| કરજણ | ૫૦ | ૪.૩૭ |
| પાદરા | ૪૧ | ૩.૬૦ |
| વડોદરા | ૨ | ૦.૧૪ |
| **કુલ** | **૩૫૩** | **૭૩.૪૬** |

--------

## પંચમહાલ જિલ્લામાં સિંચાઇ યોજનાની કાચી કેનાલો

૨૧૯૮૭ **: શ્રી હીરાભાઈ હ.પટેલ (લુણાવાડા)** : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૧૦ ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં કઇ કઇ સિંચાઇ યોજનાની કેનાલો કાચી છે, | (૧) કડાણા અને લુણાવાડા તાલુકામાં કડાણા ડાબા કાંઠા નહેરની શાખા પ્રશાખાઓ તથા કડાણા અને ખાનપુર તાલુકામાં કડાણા જમણાં કાંઠા મુખ્ય નહેરની શાખા પ્રશાખાઓ કાચી છે.<br>જિલ્લા પંચાયત હસ્તકની, સામેલ *પત્રક-૧ મુજબ નાની સિંચાઇ યોજનાઓની નહેરો/શાખા કાચી છે. |
| (૨) આ કાચી કેનાલોને પાકી બનાવવા માટે યોજનાવાર કેટલો ખર્ચ અંદાજવામાં આવ્યો, અને | (૨) કડાણા ડાબા કાંઠા માટે રૂા.૧૩૧૧ લાખ<br>કડાણા જમણા કાંઠા માટે રૂા.૩૦૧ લાખ<br>જિલ્લા પંચાયત હસ્તકની નાની સિંચાઇ યોજનાઓની નહેરો માટે સામેલ *પત્રક-૨ મુજબ રૂા.૧૯૬૮ લાખ ખર્ચ અંદાજવામાં આવેલ છે. |
| (૩) કેટલા સમયમાં આ કાચી કેનાલોને પાકી બનાવવાનું સરકારનું આયોજન છે ? | (૩) ગ્રાન્ટની ઉપલબ્ધી અનુસાર.<br>(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખેલ છે.) |

--------

## પાલીતાણા યાત્રાધામમાં લોકભાગીદારીથી વિકાસના કામો

૨૧૫૦૨ **: શ્રી મહેન્દ્રસિંહ સરવૈયા (પાલીતાણા)** : **માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| તા.૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતીએ છેલ્લાં બે વર્ષમાં પાલીતાણા યાત્રાધામમાં લોકભાગીદારીથી વિકાસના ક્યા ક્યા કામો કરવામાં આવ્યા ? | લોક ભાગીદારીથી અંદાજે રૂપિયા ૪૦ કરોડના ખર્ચે નીચે મુજબના કામો કરવામાં આવેલ છે.<br>(૧) શહેરમાં ભેરવનાથ ચોકથી તળેટી સુધી તેમજ ધર્મશાળાના આંતરિક રસ્તાઓ સહિત કુલ-૧૧.૪ કિલો મીટરના સીમેન્ટ ક્રોન્કીટના રોડ બનાવવામાં આવેલ છે.<br>(૨) દરેક રસ્તાઓની બંને બાજુએ રબ્બર ફીનીશ પોડ બ્લોકનું કામ કરવામાં આવેલ છે.<br>(૩) રસ્તાઓની સાથે સ્ટોર્મ વોટર ડ્રેઇનનું કામ પણ કરવામાં આવેલ છે.<br>(૪) પીવાના પાણીની લાઇન, સ્ટ્રીટ લાઇટીંગના કામો કરવામાં આવેલ છે.<br>(૫) શહેરમાં વિવિધ જગ્યાએ આકર્ષક પ્રવેશ ધ્વારો બનાવવામાં આવ્યા છે.<br>(૬) નગરપાલિકાના વોટર કામ તથા ફીલ્ટર પ્લાન્ટને અદ્યતન બનાવવામાં આવેલ છે.<br>(૭) પ્રાંત અધિકારીશ્રી, પાલીતાણાની કચેરીમાં આકર્ષક બગીચાનું કામ કરવામાં આવ્યું છે.<br>(૮) સરકારી દવાખાના, પોલીસ સ્ટેશન તથા ગુજરાતી શાળામાં જરૂરીયાત અનુસાર સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે.<br>(૯) ગુજરાત રાજ્યમાં સો પ્રથમ જાહેર રસ્તાઓ પર વિવિધ જગ્યાએ સી.સી. કેમેરા મુકવામાં આવ્યા છે.<br>(૧૦) સમગ્ર ધર્મશાળા વિસ્તારમાં સાઉન્ડની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. |

## ઉમેદપુરાના અસરગ્રસ્તોને વસવાટ માટે જમીન આપવા અંગે

**૨૦૫૮૨ : શ્રી ભરતસિંહજી શં.ડાભી (ખેરાલુ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં મોજે ઉમેદપુરા, તા. દાંતા જી. બનાસકાંઠાના ધરોઈ સિંચાઈ યોજનાના કેટલા અસરગ્રસ્તોને કેટલી મહેસુલી જમીન કઈ-કઈ જગ્યાએ અને કેટલી વસવાટ માટે સરકારના પ્રતિનિધિ/અધિકારીશ્રીની કબજા હાજરીમાં સોંપવામાં આવી, અને

(૨) મોજે. ઉમેદપુરા તા. દાંતાના અસરગ્રસ્તોની સદર સમસ્યાને તત્કાલ ઉકેલવા સરકારે શું નિર્ણય લીધેલ છે ?

**જવાબ**

(૧) મોજે ઉમેદપુરા ગામના ૫૫ અસરગ્રસ્તોને મોજે ઉણાદ, તા. ખેરાલુની જમીન ફાળવી આપવા દરખાસ્ત અંગેની વહીવટી પ્રક્રિયા પ્રગતિમાં છે તેથી તારીખ ૩૧-૦૧-૧૧ની સ્થિતિએ અસરગ્રસ્તોને જમીન ફાળવી શકાયેલ નથી.

(૨) સંબંધિત અસરગ્રસ્તોને જમીન ફાળવવા અંગેની બાબત કલેકટરશ્રી દ્વારા મહેસૂલ વિભાગના પરામર્શમાં છે. તે પરત્વે નિયમાનુસારની વહીવટી કાર્યવાહી પૂર્ણ થયેથી ફાળવણી થઇ શકશે.

## માંડવી રેફરલ હોસ્પિટલમાં તબીબી ઉપકરણો

**૨૧૮૦૭ : શ્રી કુંવરજીભાઈ ન.હળપતિ (બારડોલી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૧૧ની સ્થિતિએ સુરત જિલ્લાના માંડવી તાલુકાની રેફરલ હોસ્પિટલમાં એક્સ-રે મશીન તથા લેબોરેટરીને લગતી સાધન-સામગ્રી ચાલુ હાલતમાં છે કે બંધ હાલતમાં, અને

**જવાબ**

(૧) તા.૩૧-૦૧-૧૧ની સ્થિતિએ સુરત જિલ્લાના માંડવી તાલુકાની રેફરલ હોસ્પિટલમાં એક્સ-રે મશીન તથા લેબોરેટરીને લગતી સાધન-સામગ્રીની વિગત દર્શાવતું પત્રક-૧ અને પત્રક-૨ સામેલ છે.

**પત્રક-૧**

| અ.ન. | કચેરીનું નામ | એક્સ રે મશીન છે કે કેમ | હાલમા ચાલુ છે કે બંધ |
|---|---|---|---|
| ૧ | સા.આ.કે.માંડવી | હા | ચાલુ |
| ૨ | સા.આ.કે.અરેઠ | હા | ચાલુ |

**પત્રક-૨**

| અ.ન. | સાધનનું નામ | સા.આ.કે માંડવી | | | સા.આ.કે.અરેઠ | | |
|---|---|---|---|---|---|---|---|
| | | જથ્થો | ચાલુ | બંધ | જથ્થો | ચાલુ | બંધ |
| ૧ | માઈક્રોસ્કોપ મોનોક્યુલર.૧ બાયનોક્યુલર.૭ | ૮ | ૩ | ૫ | ૪ | ૩ | ૧ |
| ૨ | સેંટ્રીફ્યુઝ | ૪ | ૩ | ૧ | ૪ | ૩ | ૧ |
| ૩ | બ્લડ સેલ કાઉન્ટર સેમી ઓટો | ૧ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ |
| ૪ | ઓટોએનાલાઈઝર | ૧ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ |
| ૫ | વોટર બાથ | ૩ | ૨ | ૧ | ૦ | ૦ | ૦ |
| ૬ | ડી.સી.કાઉન્ટર | ૨ | ૨ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૭ | હિમોગ્લોબીમીટર | ૨ | ૨ | ૦ | ૨ | ૨ | ૦ |
| ૮ | ઓવન | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૯ | વીડીઆરએલ સ્લાઈડ રોટેટર | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૦ | સ્ટરીલાઈઝર | ૨ | ૦ | ૨ | ૦ | ૦ | ૦ |
| ૧૧ | ઈલેક્ટ્રોફેરોસીસ | ૨ | ૦ | ૨ | ૧ | ૧ | ૦ |
| ૧૨ | ગ્લુકોચેક મીટર | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ |
| ૧૩ | યુરીનો મીટર | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ |
| ૧૪ | ન્યુબર ચેમ્બર | ૨ | ૨ | ૦ | ૩ | ૩ | ૦ |
| ૧૫ | ઈએસઆર સ્ટેન્ડ | ૩ | ૦ | ૩ | ૧ | ૧ | ૦ |

**પ્રશ્ન**

(૨) એક્સ-રે મશીન તથા લેબોરેટરી ટેક્નીશીયનની જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને ઉક્ત ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવા માંગો છો?

**જવાબ**

(૨) એક્સ રે ટેક્નીશીયન તથા લેબોરેટરી ટેક્નીશીયનની જગ્યાઓ ખાલી છે તેની વિગત દર્શાવતું પત્રક-૩ સામેલ છે.

લેબોરેટરી ટેક્નીશીયન અને એક્સ રે ટેક્નીશીયનની જગ્યાઓ ભરવા ગૌણ સેવા પસંદગી મંડળને માંગણાપત્રકો મોકલી આપેલ છે.

આ ઉપરાંત ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી મારફતે વર્ગ-૩ પેરા મેડીકલ સંવર્ગની ખાલી જગ્યાઓ સામે આઉટ સોર્સથી કામગીરી લેવામાં આવે છે.

**પત્રક-૩**

| અ.નં. | તાલુકાનું નામ | સા.આ. કેન્દ્રનું નામ | લેબોરેટરી ટેક્નીશીયન | | | | એક્સ-રે ટેક્નીશીયન | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | મંજુર | ભરેલી | ખાલી | કઈ તારીખથી ખાલી | મંજુર | ભરેલી | ખાલી | કઈ તારીખથી ખાલી |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | માંડવી | માંડવી | ૨ | ૧ | ૧ | ૨૮.૧.૨૦૧૦ | ૧ | ૦ | ૧ | ૭.૧.૨૦૦૭ |
| ૨ | માંડવી | અરેઠ | ૧ | ૧ | ૦ | | ૧ | ૦ | ૧ | ૪.૮.૨૦૦૭ |
| | | કુલ : | ૩ | ૨ | ૧ | | ૨ | ૦ | ૨ | |

-------------

**બાજપાઈ નગરવિકાસ યોજના હેઠળ ધોળકા નગરપાલિકાને ગ્રાન્ટ**

૨૦૯૭૫ **: શ્રી કાનજીભાઈ તળપદા (ધોળકા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ધોળકા નગરપાલિકાને તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં બાજપાઈ નગરવિકાસ યોજના અંતર્ગત વર્ષવાર કેટલી રકમ રાજ્ય સરકારે ફાળવી, અને

(૨) આ ફાળવેલ રકમ અન્વયે વર્ષવાર કામો પાછળ કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) ધોળકા નગરપાલિકાને તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં બાજપાઈ નગરવિકાસ યોજના અંતર્ગત વર્ષવાર નીચે મુજબ ગ્રાન્ટ ફાળવી.

| | |
|---|---|
| સને ૨૦૦૮-૦૯ | રૂ. ૮૬.૬૪ લાખ |
| સને ૨૦૦૯-૧૦ | ----- |
| સને ૨૦૧૦-૧૧ | ----- |
| કુલ રૂ. | રૂ. ૮૬.૬૪ લાખ |

(૨) આ ફાળવેલ રકમ અન્વયે વર્ષવાર કામો પાછળ નીચે મુજબ ખર્ચ થયો.

| | |
|---|---|
| સને ૨૦૦૮-૦૯ | ----- |
| સને ૨૦૦૯-૧૦ | ----- |
| સને ૨૦૧૦-૧૧ | રૂ. ૮૩.૩૬ લાખ |
| કુલ રૂ. | રૂ. ૮૩.૩૬ લાખ |

--------

**પાનમ અને વણાંકબોરી જૂથ પાણી પુરવઠા યોજના થકી શહેરા તાલુકાના ગામોમાં પાણી**

૨૧૮૯૮ **: શ્રી જેઠાભાઈ ભરવાડ (શહેરા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ શહેરા તાલુકામાં પાનમ અને વણાકબોરી જૂથ પાણી પુરવઠા આધારિત કેટલા ગામોના પેટા ફળિયાને પાણી આપવામાં આવે છે,

(૨) બાકીના પેટા ફળિયાને પાણી નહી આપવાના કારણો શાં છે, અને

(૩) બાકીના ગામોના પેટા ફળિયાને ક્યારે પાણી આપવા માંગો છો?

**જવાબ**

(૧) નીચે મુજબ

| જૂથ યોજનાનું નામ | પાણી અપાતા ગામ/ફળિયા |
|---|---|
| પાનમ જૂથ પાણી પુરવઠા યોજના | ૪૨/૨૧ |
| વણાકબોરી જૂથ પાણી પુરવઠા યોજના | ૨૨/૭ |

(૨) મુળ યોજનામાં મુખ્ય ગામના પાદર સુધી જ પાણી પુરવઠો આપવાનું આયોજન હોવાથી, પરંતુ અન્ય સ્થાનિક સોર્સથી પાણી આપવામાં આવે છે.

(૩) અંદાજે ૬ માસથી ૧૨ માસ સુધીમાં.

--------

# અતારાંકિત પ્રશ્નો

# પહેલી અતારાંક્તિ યાદી

## રાજકોટ જિલ્લામાં જીપ્સમ સહાય માટેની અરજીઓ

અતારાંક્તિ : ૩૬૭૬ (૧૦-૮-૨૦૧૦)**: શ્રી મહંમદ જાવેદ પીરઝાદા (વાંકાનેર) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજકોટ જિલ્લામાં તા. ૩૦-૬-૨૦૧૦ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા ખેડૂતોની જિપ્સમ સહાય મેળવવા માટે અરજીઓ આવી.

(૨) તે પેકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૩) બાકી રહેલ અરજીઓનો નિકાલ ક્યારે કરવામાં આવશે?

**કૃષિ મંત્રીશ્રી** (૧૬-૯-૧૦) :

| | **સમયગાળાની વિગત** | **મળેલ અરજીઓ** | **મંજુર કરેલ અરજીઓ** |
|---|---|---|---|
| (૧) | તા. ૧-૭-૨૦૦૮ થી તા. ૩૦-૬-૨૦૦૯ સુધી | ૩૯૪૬ | ૩૯૪૬ |
| | તા. ૧-૭-૨૦૦૯ થી તા. ૩૦-૬-૨૦૧૦ સુધી | ૨૨૯૮ | ૨૨૯૮ |

(૨) તમામ અરજીઓ મંજૂર કરેલ છે. કોઈ અરજી પડતર નથી

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

## નર્મદા અને ભરૂચ જિલ્લામાં કૃષિ પેદાશોની સંગ્રહ વ્યવસ્થા

અતારાંકિત : ૩૬૧૨ (૪-૮-૨૦૧૦)**: શ્રી અમરસિંહ વસાવા (દેડીયાપાડા) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) નર્મદા અને ભરૂચ જિલ્લામાં તાલુકાવાર કૃષિ પેદાશોની સંગ્રહ વ્યવસ્થા ઉભી કરવા તા. ૩૦-૬-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી સહાય ચૂકવવામાં આવી, અને

(૨) કઈ કઈ સંસ્થાઓને આ સહાય ચુક્વવામાં આવી છે?

**સહકાર મંત્રીશ્રી** (૧૪-૯-૨૦૧૦) :

(૧) નર્મદા અને ભરૂચ જિલ્લામાં તાલુકાવાર કૃષિ પેદાશોની સંગ્રહ વ્યવસ્થા ઉભી કરવા તા. ૩૦-૬-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજના હેઠળ ગોડાઉન બાંધકામ માટે નીચે મુજબ સહાય ચૂકવવામાં આવી છે.

૧. રાજપીપળા તાલુકો રૂા. ૪૬૦.૦૦ લાખ
૨. સેલંબા તાલુકો રૂા.૧૫.૦૦ લાખ
૩. હાંસોટ તાલુકો રૂા. ૧૫.૦૦ લાખ
૪. ઝઘડીયા તાલુકો રૂા. ૧૫.૦૦ લાખ

(૨) નીચે જણાવેલ વિગતેની સંસ્થાઓને આ સહાય ચૂકવવામાં આવી છે.

૧. ધી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ રાજપીપળા તાલુકા-રાજપીપળા, જિ. નર્મદા રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજના અંતર્ગત રૂા. ૪૫૦.૦૦ લાખ કોલ્ડ સ્ટોરેજ અને રૂા. ૧૦.૦૦ લાખ ગોડાઉન સહાય માટે આપેલ છે.
૨. ધી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ સેલંબા તા. સેલંબા, જિ. નર્મદા રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજના અંતગર્ત રૂા. ૧૫.૦૦ લાખ ગોડાઉન સહાય માટે આપેલ છે.
૩. ધી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ હાંસોટ તાલુકો હાંસોટ, જિલ્લો ભરૂચ રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજના અંતર્ગત ગોડાઉન બાંધકામ માટે રૂા. ૧૫.૦૦ લાખ
૪. ધી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ ઝઘડીયા તાલુકો ઝઘડીયા, જિલ્લો ભરૂચ રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજના અંતર્ગત ગોડાઉન બાંધકામ માટે રૂા. ૧૫.૦૦ લાખ.

--------------

## રાજકોટ જિલ્લામાં ખેડૂતોના સહકારી દેવા માફ કરવા બાબત

અતારાંકિત : ૩૬૮૧ (૧૦-૮-૨૦૧૦)**: શ્રી મહંમદ જાવેદ પીરઝાદા (વાંકાનેર ) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજકોટ જિલ્લામાં તા. ૩૦-૬-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તાલુકાવાર ખેડૂતોના સહકારી મંડળીની લોનના કેટલા દેવા માફ કરવામાં આવ્યા,

(૨) કેટલા ખેડૂતોના દેવા માફ થયા નથી, અને

(૩) તેના કારણો શાં છે?

**સહકાર મંત્રીશ્રી** (૨૧-૦૯-૨૦૧૦) :

| તાલુકાનું નામ | લાભાર્થી મંડળીની સંખ્યા | દેવામાફી યોજનાના લાભાર્થી નાના અને સિંમાંત ખેડૂત સભાસદોની સંખ્યા | તેમના દેવા માફ કરેલ રકમ. |
|---|---|---|---|
| રાજકોટ | ૩૬ | ૯૮૮ | ૧,૫૭,૫૫,૩૮૨ |
| લોધીકા | ૧૫ | ૧૧૦ | ૧૬,૦૭,૭૩૭ |
| પડધરી | ૨૬ | ૫૮૫ | ૯૪,૫૪,૬૫૧ |
| ગોંડલ | ૩૪ | ૧૨૮૬ | ૨,૪૪,૯૭,૧૩૦ |
| કોટડાસાંગાણી | ૧૭ | ૫૫૫ | ૯૬,૩૪,૫૪૧ |
| જેતપુર | ૩૩ | ૪૨૭ | ૬૫,૮૦,૨૩૩ |
| ધોરાજી | ૩૨ | ૪૨૪ | ૭૬,૫૦,૫૮૫ |
| ઉપલેટા | ૨૯ | ૭૨૧ | ૧,૨૫,૪૪,૧૬૩ |

| | | | |
|---|---|---|---|
| જામકંડોરણા | ૩૯ | ૯૨૩ | ૧,૬૮,૮૬,૪૧૪ |
| જસદણ | ૩૯ | ૧૯૨૧ | ૩,૦૨,૪૫,૯૪૭ |
| વાંકાનેર | ૩૯ | ૧૦૩૯ | ૨,૦૭,૬૧,૮૭૫ |
| મોરબી | ૩૮ | ૩૯૭ | ૪૧,૪૩,૪૬૬ |
| માળીયા(મી) | ૧૭ | ૭૦ | ૧૦,૬૧,૭૯૯ |
| ટંકારા | ૨૯ | ૬૮૨ | ૮૭,૬૬,૧૧૭ |
| **કુલ** | ૪૨૩ | **૧૦૧૨૮** | **૧૬,૯૫,૯૦,૦૪૦** |

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------------

**ગાંધીનગર જિલ્લામાં બજાર સમિતિના વિકાસ માટે કિસાન કલ્યાણ યોજના**

અતારાંક્તિ : ૩૭૪૩ (૪-૮-૨૦૧૦): **શ્રી સુરેશકુમાર ચ. પટેલ (કલોલ) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) ગાંધીનગર જિલ્લામાં બજાર સમિતિના વિકાસ માટે કિસાન યોજના હેઠળ સન ૨૦૦૯-૧૦ ના વર્ષમાં કેટલી સહાય ચૂકવવામાં આવી,

(૨) કેટલી રકમની સહાય ચુકવવાની બાકી, અને

(૩) બાકી સહાય ક્યારે ચુકવવામાં આવશે?

**સહકાર મંત્રીશ્રી** (૧૪-૯-૨૦૧૦) :

(૧) ગાંધીનગર જિલ્લામાં કિસાન કલ્પવૃક્ષ યોજના હેઠળ વર્ષ, ૨૦૦૯-૧૦માં રૂા. ૨૬.૨૩ લાખની સહાય ચૂકવવામાં આવી.

(૨) કોઈ સહાય ચૂકવવાની બાકી નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**""ખેડા જિલ્લામાં બજાર સમિતિના વિકાસ માટે કિસાન કલ્યાણ યોજના સહાય""**

અતારાંક્તિ : ૩૭૮૭ (૪-૮-૨૦૧૦): **શ્રી માનસિંહ ચૌહાણ (બાલાસિનોર) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) ખેડા જિલ્લામાં બજાર સમિતિના વિકાસ માટે કિસાન કલ્યાણ યોજના હેઠળ સન ૨૦૦૯-૧૦ અને ૨૦૧૦-૧૧ના વર્ષમાં ૩૦-૬-૧૦ ની સુધીમાં કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી છે.

(૨) કેટલી રકમની સહાય ચુકવવાની બાકી છે, અને

(૩) બાકી સહાય ક્યારે ચુકવવામાં આવશે?

**સહકાર મંત્રીશ્રી** (૧૪-૯-૨૦૧૦) :

(૧) ખેડા જિલ્લામાં બજાર સમિતિના વિકાસ માટે કિસાન કલ્પવૃક્ષ યોજના હેઠળ સને ૨૦૦૯-૧૦ના વર્ષમાં રૂા. ૧૨૨.૮૪ લાખની તથા સન ૨૦૧૦-૧૧ના વર્ષમાં રૂા. ૨૦.૮૩ લાખની સહાય ચુકવવામાં આવી.

(૨) સહાય ચૂકવવાની બાકી નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------------

**""બાલાસિનોર અને વીરપુર તાલુકામાં કૃષિ પેદાશોની સંગ્રહ વ્યવસ્થા કરવા બાબત""**

અતારાંક્તિ : ૩૭૮૮ (૪-૮-૨૦૧૦): **શ્રી માનસિંહ ચૌહાણ (બાલાસિનોર) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) બાલાસિનોર અને વીરપુર તાલુકામાં કૃષિ પેદાશોની સંગ્રહ વ્યવસ્થા ઉભી કરવા તા. ૩૦-૬-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી સહાય ચૂકવવામાં આવી, અને

(૨) કઈ કઈ સંસ્થાઓને આ સહાય ચુકવવામાં આવી છે ?

**સહકાર મંત્રીશ્રી** (૧૪-૯-૨૦૧૦) :

(૧) બાલાસિનોર અને વીરપુર તાલુકામાં કૃષિ પેદાશોની સંગ્રહ વ્યવસ્થા ઉભી કરવા તા. ૩૦-૬-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બાલાસિનોર તાલુકામાં કોઈ રકમની સહાય ચૂકવવામાં આવેલ નથી પરંતુ વિરપુર તાલુકામાં બજાર સમિતિ વિરપુરને રૂા. ૧૫.૦૦ લાખની સહાય ચૂકવવામાં આવી છે.

(૨) ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, વિરપુરને સને ૨૦૦૯-૧૦ વર્ષમાં ગોડાઉન બનાવવા માટે રૂા. ૧૫.૦૦ લાખની સહાય ચૂકવવામાં આવી છે.

------------

**ભરૂચ અને નર્મદા જિલ્લામાં ""ભૂખ્યાને ભોજન"" માટેની હેલ્પ લાઈન**

અતારાંકિત : ૩૬૨૧ (૩-૮-૨૦૧૦)**: શ્રી અમરસિંહ વસાવા (દેડીયાપાડા) : માનનીય અન્ન, નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) ""ભૂખ્યાને ભોજન"" ભોજન માટેની હેલ્પ લાઈન અન્વયે ભરૂચ અને નર્મદા જિલ્લામાં કંટ્રોલ રૂમ ઉપર આવેલ ફોનની નોંધણી થાય છે કે કેમ, અને

(૨) જો ના, તો તેના કારણો શાં છે ?

**નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (૧૨-૯-૨૦૧૦) :

(૧) હા, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**ભરૂચ અને નર્મદા જિલ્લામાં ગેરકાયદેસર સંગ્રહ કરેલ ખાદ્ય પદાર્થો અંગે દરોડાઓ**

અતારાંકિત : ૩૬૨૨ (૪-૮-૨૦૧૦)**: શ્રી અમરસિંહ વસાવા (દેડીયાપાડા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) ભરૂચ અને નર્મદા જિલ્લામાં ગેરકાયદેસર સંગ્રહ કરેલ ખાદ્ય પદાર્થો અન્વયે તા. ૩૦-૬-૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પુરવઠા વિભાગે કેટલા દરોડાઓ પાડયા અને ખાદ્ય પદાર્થોનો કેટલો જથ્થો જપ્ત કર્યો.

(૨) આ પકડાયેલ જથ્થાની કિંમત કેટલી છે, અને

(૩) જે સંગ્રહખોરો પકડાયેલ છે તેમની સામે કઈ કઈ કલમો લગાવીને કેસો કરવામાં આવ્યા ?

**નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (૧૩-૯-૨૦૧૦) :

(૧) તા. ૩૦-૬-૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પુરવઠા વિભાગ દ્વારા ખાદ્ય પદાર્થો અન્વયે ભરૂચ જિલ્લામાં કુલ ૩૮ દરોડાઓ અને નર્મદા જિલ્લામાં કુલ ૧૬૦ દરોડાઓ પાડવામાં આવ્યા. આ દરોડાઓ દરમ્યાન પ્રત્યક્ષ હાજર જથ્થામાં અનિયમિત વધ કે ઘટ હિસાબોમાં વિસંગતતા વિગેરે કારણોસર ભરૂચ જિલ્લામાં ૧,૦૦,૯૫૭ કિ. ગ્રામ અને નર્મદા જિલ્લામાં ૧,૧૧,૬૧૭ કિ. ગ્રામ જથ્થો જપ્ત કરવામાં આવેલ. ગેરકાયદેસર સંગ્રહ કરેલ હોય તેવો કોઈ જથ્થો ભરૂચ કે નર્મદા જિલ્લામાં મળી આવેલ નથી.

(૨) પ્રત્યક્ષ હાજર જથ્થામાં અનિયમિત વધ કે ઘટ, તેમજ હિસાબોમાં વિસંગતતાના કારણે આ દરોડાઓ દરમ્યાન ભરૂચ જિલ્લામાં રૂા. ૪૧,૯૭,૬૯૬ની કિંમતનો અને નર્મદા જિલ્લામાંરૂા. ૪૬,૫૬,૧૩૩ ની કિંમતનો જથ્થો જપ્ત કરવામાં આવેલ, ગેરકાયદેસર સંગ્રહ કરેલ જથ્થો મળી આવેલ ન હોઈ કિંમતનો પ્રશ્ન નથી.

(૩) સંગ્રહખોરો પકડાયેલ ન હોઈ કોઈ પ્રશ્ન નથી.

**કચ્છ જિલ્લામાં સસ્તા અનાજની દુકાનો**

અતારાંકિત : ૩૮૦૮ (૪-૮-૨૦૧૦)**: શ્રી જયંતિલાલ પ.ભાનુશાલી (અબડાસા) : માનનીય અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) કચ્છ જિલ્લામાં તા. ૩૦-૬-૨૦૧૦ની સ્થિતિએ તાલુકાવાર સસ્તા અનાજની કેટલી દુકાનો કાર્યરત છે.

(૨) કેટલી બંધ છે.

(૩) ઉપરોક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કાર્યરત દુકાનો ધ્વારા જાહેર વિતરણને લગતા નિયમોનો ભંગ કરેલ છે કે કેમ, અને

(૪) જો હા, તો આવી દુકાનોના પરવાનેદારો સામે તે અંગે શાં પગલાં લેવામાં આવ્યા ?

**નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (૧૨-૯-૨૦૧૦) :

(૧) કચ્છ જિલ્લામાં તા. ૩૦-૬-૨૦૧૦ની સ્થિતિએ તાલુકાવાર નીચે મુજબ સસ્તા અનાજની દુકાનો કાર્યરત છે.

| અ. નં. | તાલુકો | સસ્તા અનાજની દુકાન |
|---|---|---|
| ૧ | ભુજ | ૧૧૨ |
| ૨ | માંડવી | ૬૬ |
| ૩ | મુન્દ્રા | ૩૪ |
| ૪ | અંજાર | ૫૦ |
| ૫ | ગાંધીધામ | ૫૦ |
| ૬ | ભચાઉ | ૬૪ |
| ૭ | રાપર | ૫૭ |
| ૮ | નખત્રાણા | ૬૦ |
| ૯ | અબડાસા | ૫૦ |
| ૧૦ | લખપત | ૨૩ |
| ૧૧ | ખાવડા | ૨૨ |
| | કુલ | ૫૮૮ |

(૨) ૫૨ (બાવન) દુકાનો બંધ છે.

(૩) હા, જી.

(૪) નીચે મુજબ પગલાં લેવામાં આવ્યા.

(૧) રૂા. ૯૨૫૪/-ની રકમ રાજ્યસાત કરેલ છે.

(૨) રૂા. ૫૬,૭૫૦/- અનામત રકમ રાજ્યસાત કરેલ છે.

(૩) ૭ પરવાના રદ કરવામાં આવેલ છે.

(૪) ૧ પરવાનો મોકુફ રાખેલ છે.

(૫) ૧ પરવાનેદારને તાકીદ આપેલ છે.

(૬) કાળાબજાર નિવારણ ધારો ૧૯૮૦ હેઠળ ૨ (બે) પરવાનેદારોની અટકાયત કરેલ છે.

(૭) ૩ પરવાનેદારો પાસેથી રૂા. ૫૨૬૫/-નો દંડ કરેલ છે.

### ગાંધીનગર જીલ્લામાં ખેડૂતોના પાકને જંગલી રોઝથી થતું નુકસાન અટકાવવા બાબત

અતારાંક્તિ : ૩૭૫૫ (૪-૮-૨૦૧૦)**: શ્રી સુરેશકુમાર ચ. પટેલ (કલોલ)** : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) ગાંધીનગર જીલ્લામાં તા. ૩૧-૩-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડૂતોના પાકને જંગલી રોઝ દ્વારા થતું નુકસાન અટકાવવા કાંટાળા તારની વાડ કરવાની યોજનામાં કેટલા ખેડૂતોને કેટલી સહાય આપવામાં આવી, અને

(૨) ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલી અરજીઓ પડતર છે ?

**વન મંત્રીશ્રી** (૧૪-૯-૨૦૧૦) :

(૧) ગાંધીનગર જીલ્લામાં તા. ૩૧-૩-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડૂતોના પાકને જંગલી રોઝ દ્વારા થતું નુકસાન અટકાવવા કાંટાળા તારની વાડ કરવાની યોજનામાં ૧૭ ખેડૂતોને રૂા. ૧૧.૦૦ લાખની સહાય આપવામાં આવી.

(૨) ઉક્ત સ્થિતિએ તાલુકાવાર નીચે પ્રમાણે અરજીઓ પડતર છે.

| **તાલુકાનું નામ** | **પડતર અરજીઓની સંખ્યા** |
|---|---|
| ગાંધીનગર | ૬૪ |
| માણસા | ૩૧ |
| દહેગામ | ૬૩ |
| કલોલ | ૫૦ |
| **કુલ** | **૨૦૮** |

------------

## સિંહોના રક્ષણ માટે ટાસ્કફોર્સની રચના

અતારાંક્તિ : ૩૮૨૬ (૧૦-૮-૨૦૧૦)**: શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) સિંહોના રક્ષણ અને સુરક્ષા માટે સરકારે ટાસ્કફોર્સની રચના ક્યારે કરી.

(૨) ટાસ્ક ફોર્સની શી કામગીરી હોય છે, અને

(૩) તેની રચના થયાથી જુન-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ટાસ્કફોર્સે શી કામગીરી હાથ ધરી અને તેને કેટલી સફળતા મળી ?

**વન મંત્રીશ્રી** (૧૪-૯-૨૦૧૦) :

(૧) સિંહોના રક્ષણ અને સુરક્ષા માટે ટાસ્ક ફોર્સની મે-૨૦૦૭માં રચના કરેલ.

(૨) મુખ્યત્વે બૃહદ ગીર વિસ્તારમાં સિંહ તથા અન્ય વન્ય પ્રાણીઓના સંરક્ષણ અંગેની કામગીરી ટાસ્કફોર્સની હોય છે.

(૩) ટાસ્કફોર્સ દ્વારા બૃહદ ગીર વિસ્તારમાં વન્યપ્રાણીઓ અને મુખ્યત્વે સિંહોના સંરક્ષણ હેતુથી બીટ ચકાસણી, માલધારી નેસ ચકાસણી, રેલ્વે તથા રેલ્વે પાર્સલની ચકાસણી પર પ્રાંતિય મજુરોના દંગા તથા ઝુંપડા ચકાસણી, બસ સ્ટેન્ડ ચકાસણી, ખેતર તથા વાડે ગેરકાયદેસર વિજ જોડાણ ચકાસણી વગેરે કામગીરી કરવામાં આવે આવેલ છે. આ ઉપરાંત વન્ય પ્રાણી સંરક્ષણમાં રસ ધરાવતા પ્રકૃતિ પ્રેમીઓ, સરપંચો, વન્યપ્રાણી મિત્રો સાથે લોક સંપર્ક કરી વન્યપ્રાણી રક્ષણ માટેની જરૂરી માહિતીઓ તેમ જ સૂચનો મેળવવાની કામગીરી કરવામાં આવેલ છે. વન વિભાગના સ્ટાફ ઉપરાંત જંગલ વિસ્તાર તથા તેની આજુબાજુ રહેતા લોકોમાં વન્યપ્રાણીઓનું મહત્વ અને તેના રક્ષણ માટે સારી જાગૃતિ આવેલ છે. જેને પરિણામે વન્ય પ્રાણીઓને લગતા ગુનાઓમાં ઘણો ઘટાડો જોવા મળેલ છે.

## દ્વારકા તાલુકાના ચરકલા, ખંતુભા રણ વિસ્તારમાં કુંજ પક્ષીઓનો શિકાર

અતારાંક્તિ : ૩૮૩૫ (૧૦-૮-૨૦૧૦)**: શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) દ્વારકા તાલુકાના ચરકલા, ખંતુભા સહિતના રણ વિસ્તારમાં સંખ્યાબંધ કુંજ પક્ષીઓના શિકાર થઈ રહ્યા છે તે હકીકત વનખાતું જાણે છે કે કેમ,

(૨) આવી ગુનાહીત પ્રવૃત્તિઓ કરનારા સામે સને ૨૦૦૯ તથા ૨૦૧૦ માં જૂન-૨૦૧૦ સુધીમાં શા પગલાં લેવાયો છે, અને

(૩) કુંજ પક્ષીઓના શિકારને અટકાવવા શા પગલાં લેવાયા છે ?

**વન મંત્રીશ્રી** (૧૪-૯-૨૦૧૦) :

(૧) આ વિસ્તારમાં કુંજ પક્ષીઓના શિકારનો કોઈ બનાવ બનેલ નથી કે ધ્યાન ઉપર આવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) કુંજ પક્ષીના શિકારના બનાવો ન બને તે માટે જળપ્લાવિત વિસ્તારોમાં લોક જાગૃતિ કેળવવામાં આવેલ છે તેમજ સ્થાનિક સ્ટાફ ધ્વારા પણ નિયમિત ફેરણું કરી સતર્કતા દાખવવામાં આવે છે.

------------

**સુરત જિલ્લાના સરકારી દવાખાનાઓમાં વર્ગ-૧ અને વર્ગ-૨ના ડોકટરોનું મંજૂર મહેકમ**

અતારાંક્તિ : ૨૯૦૦ (૧૧-૬-૨૦૧૦)**: શ્રી ઈશ્વરભાઈ ન.વહીઆ (મહુવા)** : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ ની સ્થિતિએ સુરત જિલ્લાના સરકારી દવાખાનાઓમાં વર્ગ-૧ અને વર્ગ-૨ ના કેટલા ડોકટરોની જગ્યાઓ તાલુકાવાર મંજૂર થયેલ છે.

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ તાલુકાવાર ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે.

(૩) ખાલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૪) આ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

**આરોગ્ય મંત્રીશ્રી** (૧૪-૯-૨૦૧૦) :

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૯ની સ્થિતિએ સુરત જિલ્લામાં સામુહિક આરોગ્ય કેન્દ્રો, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સરકારી દવાખાનાઓમાં તાલુકાવાર જગ્યાઓ નીચે મુજબ મંજૂર થયેલ છે.

જુની સીવીલ હોસ્પીટલ સુરત ખાતે વર્ગ-૧ની એક જગ્યા, વર્ગ-૨ની બે જગ્યા તથા સામુહિક આરોગ્ય કેન્દ્રો ખાતે વર્ગ-૧ ની ૧૪ વર્ગ-૨ની ૩૨ જગ્યાઓ મંજૂર થયેલ છે. અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો ખાતે વર્ગ-૨ની ૪૭ જગ્યાઓ મંજૂર થયેલ છે. (પત્રક-અ સામેલ છે.)

(૨) સુરત જિલ્લામાં સામુહિક આરોગ્ય કેન્દ્રો ખાતે વર્ગ-૧ની ચાર જગ્યા ભરાયેલ છે. જુની સિવિલ હોસ્પીટલ સુરત ખાતે વર્ગ-૧ ની એક જગ્યા ભરાયેલ છે અને સામુહિક આરોગ્ય કેન્દ્રોની વર્ગ-૧ ની ૧૦ જગ્યા ખાલી છે તથા વર્ગ-૨ ની ૩૨ જગ્યાઓ ભરાયેલ છે. અને ૨ જગ્યા ખાલી છે. (પત્રક-બ સામેલ છે.) તથા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો ખાતે વર્ગ-૨ ની ૪૭ જગ્યાઓ ભરાયેલ છે. એક પણ જગ્યા ખાલી નથી. (પત્રક ક સામેલ છે.)

(૩) સુરત જિલ્લાના સામુહિક કેન્દ્રોમાં વર્ગ-૧ની ૧૦ તથા તબીબી અધિકારી વર્ગ-૨ની ૨ જગ્યાઓ ખાલી છે. (પત્રક-ડ અને ઈ સામેલ છે.)

(૪) વર્ગ-૧ની ૧૦ જગ્યા પૈકી સામુહિક આરોગ્ય કેન્દ્ર અનાવલ, ખરવાસા, માંગરોળ, માંડવી, અરેઠ અને બારડોલી એમ ૬ જગ્યા ઉપર તા. ૬-૯-૨૦૧૦ ની અધિસૂચનાથી નિમણૂંક આપતા હુક્મો કરવામાં આવેલ છે. બાકીની વર્ગ-૧ અને વર્ગ-૨ની જગ્યાઓ યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થયેથી સત્વરે ભરવામાં આવશે.

**પત્રક-અ**

| ક્રમ | તાલુકાનું નામ | મંજૂર થયેલ સા.આ.કેન્દ્ર | વર્ગ-૧ | વર્ગ-૨ | મંજૂર થયેલ પ્રા. આ. કેન્દ્ર | વર્ગ-૨ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧ | બારડોલી | ૧ | ૨ | ૪ | ૭ | ૭ |
| ૨ | કામરેજ | ૧ | ૧ | ૨ | ૫ | ૫ |
| ૩ | મહુવા | ૨ | ૧ | ૫ | ૫ | ૫ |
| ૪ | માંડવી | ૨ | ૪ | ૫ | ૭ | ૭ |
| ૫ | માંગરોળ | ૨ | ૧ | ૪ | ૬ | ૬ |
| ૬ | ઓલપાડ | ૨ | ૨ | ૪ | ૬ | ૬ |
| ૭ | પલસાણા | ૧ | ૧ | ૨ | ૪ | ૪ |
| ૮ | ચોર્યાસી | ૧ | ૧ | ૩ | ૪ | ૪ |
| ૯ | ઉંમરપાડા | ૧ | ૧ | ૩ | ૩ | ૩ |
| ૧૦ | જુની સિવીલ હોસ્પીટલ સુરત તા. ચોર્યાસી | ૧ | ૧ | ૨ | - | - |
| | કુલ : | | ૧૫ | ૩૪ | ૪૭ | ૪૭ |

------------

## પત્રક-બ

| ક્રમ | તાલુકાનું નામ | મંજુર થયેલ સા.આ. કેન્દ્ર | સંવર્ગનું નામ | મંજૂર | ભરેલ | ખાલી | સંવર્ગનું નામ | મંજૂર | ભરેલ | ખાલી |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |
| ૧ | બારડોલી | ૧ | અધિક્ષક વર્ગ-૧ | ૧ | ૧ | ૦ | તબીબી અધિકારી વર્ગ-૨ | ૪ | ૩ | ૧ |
| | | | ઓર્થોપેડીક વર્ગ-૧ | ૧ | ૦ | ૧ | | | | |
| ૨ | કામરેજ | ૧ | અધિક્ષક વર્ગ-૧ | ૧ | ૧ | ૦ | તબીબી અધિકારી વર્ગ-૨ | ૨ | ૨ | ૦ |
| ૩ | મહુવા | ૨ | અધિક્ષક વર્ગ-૧ | ૧ | ૦ | ૧ | તબીબી અધિકારી વર્ગ-૨ | ૫ | ૫ | ૦ |
| ૪ | માંડવી | ૨ | અધિક્ષક વર્ગ-૧ | ૨ | ૦ | ૨ | તબીબી અધિકારી વર્ગ-૨ | ૫ | ૫ | ૦ |
| | | | ગાયનેક વર્ગ-૧ | ૧ | ૦ | ૧ | | | | |
| | | | પીડીયાટ્રીશ્યન વર્ગ-૧ | ૧ | ૦ | ૧ | | | | |
| ૫ | માંગરોળ | ૧ | અધિક્ષક વર્ગ-૧ | ૧ | ૦ | ૧ | તબીબી અધિકારી વર્ગ-૨ | ૪ | ૪ | ૦ |
| ૬ | ઓલપાડ | ૨ | અધિક્ષક વર્ગ-૧ | ૨ | ૨ | ૦ | તબીબી અધિકારી વર્ગ-૨ | ૪ | ૪ | ૦ |
| ૭ | પલસાણા | ૧ | અધિક્ષક વર્ગ-૧ | ૧ | ૦ | ૧ | તબીબી અધિકારી વર્ગ-૨ | ૨ | ૨ | ૦ |
| ૮ | ચોર્યાસી | ૧ | અધિક્ષક વર્ગ-૧ | ૧ | ૦ | ૧ | તબીબી અધિકારી વર્ગ-૨ | ૩ | ૩ | ૦ |
| ૯ | ઉમરપાડા | ૧ | અધિક્ષક વર્ગ-૧ | ૧ | ૦ | ૧ | તબીબી અધિકારી વર્ગ-૨ | ૩ | ૩ | ૦ |
| ૧૦ | જુની સિવિલ હોસ્પીટલ સુરત | ૧ | નેત્ર સર્જન | ૧ | ૧ | ૦ | તબીબી અધિકારી વર્ગ-૨ | ૨ | ૧ | ૧ |
| | કુલ : | | | ૧૫ | ૫ | ૧૦ | | ૩૪ | ૩૨ | ૨ |

-----------

## પત્રક-ક

### (પ્રા. આ. કેન્દ્ર)

| ક્રમ | તાલુકાનું નામ | મંજુર થયેલ પ્રા. આ, કેન્દ્ર | સંવર્ગનું નામ | મજુર | ભરેલ | ખાલી |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧ | બારડોલી | ૭ | તબીબી અધિકારી વર્ગ-૨ | ૭ | ૭ | ૦ |
| ૨ | કામરેજ | ૫ | તબીબી અધિકારી વર્ગ-૨ | ૫ | ૫ | ૦ |
| ૩ | મહુવા | ૫ | તબીબી અધિકારી વર્ગ-૨ | ૫ | ૫ | ૦ |
| ૪ | માંડવી | ૭ | તબીબી અધિકારી વર્ગ-૨ | ૭ | ૭ | ૦ |
| ૫ | માંગરોળ | ૬ | તબીબી અધિકારી વર્ગ-૨ | ૬ | ૬ | ૦ |
| ૬ | ઝંખવાવ | ૦ | તબીબી અધિકારી વર્ગ-૨ | ૦ | ૦ | ૦ |
| ૭ | ઓલપાડ | ૬ | તબીબી અધિકારી વર્ગ-૨ | ૬ | ૬ | ૦ |
| ૮ | પલસાણા | ૪ | તબીબી અધિકારી વર્ગ-૨ | ૪ | ૪ | ૦ |
| ૯ | ચોર્યાસી | ૪ | તબીબી અધિકારી વર્ગ-૨ | ૪ | ૪ | ૦ |
| ૧૦ | ઉમરપાડા | ૩ | તબીબી અધિકારી વર્ગ-૨ | ૩ | ૩ | ૦ |
| | કુલ : | ૪૭ | | ૪૭ | ૪૭ | ૦ |

------------

## પત્રક-ડ

| ક્રમ | તાલુકાનું નામ | સા.આ.કે. નું નામ | સંવર્ગનું નામ | ખાલી જ્યા | ખાલી જ્યાની તારીખ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | બારડોલી | બારડોલી | ઓર્થોપેડીક સર્જન વર્ગ-૧ | ૧ | ૯-૯-૦૯ થી કાર્યાન્વિત થયા તારીખથી |
| ૨ | મહુવા | અનાવલ | અધિક્ષક વર્ગ-૧ | ૧ | ૧-૪-૨૦૦૨ થી મંજુર થઈ ત્યારથી ખાલી |
| ૩ | માંડવી | માંડવી | અધિક્ષક વર્ગ-૧ | ૧ | ૧-૬-૨૦૦૫ થી ખાલી |
| | | | ગાયનેક વર્ગ-૧ | ૧ | ૧૧-૧-૨૦૦૩ થી ખાલી |
| | | | પીડીયાટ્રીશ્યન વર્ગ-૧ | ૧ | ૧-૫-૨૦૦૪ થી ખાલી |
| | | અરેઠ | અધિક્ષક વર્ગ-૧ | ૧ | ૨૮-૬-૧૯૯૭ થી ખાલી |
| ૪ | માંગરોળ | માંગરોળ | અધિક્ષક વર્ગ-૧ | ૧ | ૨૮-૨-૧૯૯૦ થી ખાલી |
| ૫ | પલસાણા | પલસાણા | અધિક્ષક વર્ગ-૧ | ૧ | ૨૩-૧૨-૨૦૦૫ થી ખાલી |
| ૬ | ચોર્યાસી | ખરવાસા | અધિક્ષક વર્ગ-૧ | ૧ | ૩૦-૬-૨૦૦૮ થી ખાલી |
| ૭ | ઉમરપાડા | ઉમરપાડા | અધિક્ષક વર્ગ-૧ | ૧ | ૨-૨-૨૦૦૯ થી કાર્યાન્વિત થયેલ છે ત્યારથી ખાલી |
| | | | કુલ : | ૧૦ | |

----------

## પત્રક-ઈ

| ક્રમ | તાલુકાનું નામ | સા.આ.કે./સંસ્થાનું નામ | સંવર્ગનું નામ | ખાલી જ્યા | ખાલી જ્યાની તારીખ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | બારડોલી | બારડોલી | તબીબી અધિકારી વર્ગ-૨ | ૧ | ૧૦-૯-૨૦૦૯થી ખાલી (નવી મંજુર જ્યા-ઓર્થોપેડીક વોર્ડમાં) |
| ૨ | ચોર્યાસી | જુની સિવિલ હોસ્પી. સુરત | તબીબી અધિકારી વર્ગ-૨ | ૧ | ૨૪-૨-૨૦૦૭ થી ખાલી છે. |
| | | કુલ : | | ૨ | |

## પોરબંદરમાં બિરલા હોલ પાછળ કાર્બાઇડથી કેરી પકવતી વખાર અંગે

અતારાંક્તિ : ૩૫૧૧ (૨૦-૭-૨૦૧૦): **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) ધી પ્રીવેન્સન ઓફ ફુડ એડલ્ટ્રેશન રૂલ્સ-૧૯૫૫ના રૂલ્સ નં.૪૪ એ એ માં કાર્બાઇડ ગેસથી ફળો પકવવા પર કાનુની પ્રતિબંધ છે, તે હકીક્ત સાચી છે.

(૨) પોરબંદર શહેરમાં બિરલા હોલ પાછળ, કાર્બાઇડથી કેરી પકવતી વખાર એપ્રિલ-૨૦૧૦માં પકડી પાડવામાં આવેલ તે હકીક્ત સાચી છે, અને

(૩) ઉક્ત કૃત્યમાં સંડોવાયેલ શખ્સો સામે શી કાનુની કાર્યવાહી થઇ છે ?

**આરોગ્ય મંત્રીશ્રી** (૧૩-૯-૨૦૧૦) :

(૧) હા, જી.

(૨) હા, જી.

(૩) વખારના માલિક પાસે રહેલ આશરે ૫૦ કિલો કાર્બાઇડનો જથ્થો તેમજ સડેલ તથા અખાદ્ય કેરી આશરે ૧૦૦ કિલો જપ્ત કરી તેનો નાશ કરેલ છે, અને સ્થળ ઉપર રૂા. ૧૦૦૦/- (અંકે રૂપિયા એક હજાર) નો વહીવટી ચાર્જ વસુલ કરેલ છે.

-----------

## અમદાવાદના વેભવી ફાર્મ હાઉસોમાં યોજાતી ગુનાહીત રેવ પાર્ટીઓ બાબત

અતારાંક્તિ : ૩૭૧૮ (૧૬-૮-૧૦): **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) : માનનીય નશાબંધી મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે-

(૧) અમદાવાદના વેભવી ફાર્મ હાઉસોમાં દારૂ, ભાડુતી સ્ત્રીઓ અને ડ્રગ્ઝવાળી ગુનાહીત રેવ પાર્ટીઓ નિયમીત રાતના યોજાઇ રહી છે તે હકિક્ત સરકાર જાણે છે, અને

(૨) સન-૨૦૦૯ તથા જૂન-૨૦૧૦ સુધીમાં કેટલી રેવ પાર્ટીઓ પર દરોડા પાડવામાં આવ્યા તથા આવી રેવ પાર્ટીઓના આયોજકો તથા ફાર્મ હાઉસના માલિકો સામે શી કાર્યવાહી થઇ ?

**નશાબંધી મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) (૧૮-૯-૨૦૧૦) :

(૧) ના, જી, આવી કોઇ હકીક્ત ધ્યાને આવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

## રાજકોટ જિલ્લામાં ખનીજ પેદાશોની રોયલ્ટી પેટે પંચાયતોને ફાળવેલ નાણાં

અતારાંક્તિ : ૩૬૫૬ (૪-૮-૨૦૧૦): **શ્રી મહંમદ જાવેદ પીરઝાદા (વાંકાનેર ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૩-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં ખનીજ પેદાશોની રોયલ્ટીના નાણાં પેટે કઇ કઇ પંચાયતોને કેટલી રકમ આપવામાં આવેલ છે, અને

(૨) તે અન્વયે કઇ કઇ પંચાયતોને આ નાણાં મળેલ નથી ?

**માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) (૧૫-૯-૨૦૧૦) :

(૧) આ સાથે સામેલ પત્રક-૧ મુજબ

(૨) આ અંગે કોઇ પંચાયતની નાણાં ન મળ્યા અંગેની રજુઆત મળેલ નથી.

**પત્રક-૧**

| ક્રમ | તાલુકો | ગામનું નામ | રેતી રોયલ્ટીની આવક | ૫ ટકા રકમ બાદ | જિલ્લાપંચાયતને મળેલ રકમ | જિલ્લા પંચાયતને ફાળવેલ પેકી | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | | તાલુકાના હવાલે મુક્વાની રકમ | કાર્યપાલકઇજનેરશ્રી સિંચાઇનાહવાલે મુક્વાની રકમ |
| ૧ | ઉપલેટા | ઉપલેટા Total | ૧૦૦૩૪૫ | ૫૦૧૭ | ૯૫૩૨૮ | ૪૭૬૬૪ | ૪૭૬૬૪ |
| | | કુઢેચ Total | ૭૫૦૦૦ | ૩૭૫૦ | ૭૧૨૫૦ | ૩૫૬૨૫ | ૩૫૬૨૫ |

| ક્રમ | તાલુકો | ગામનું નામ | રેતી રોયલ્ટીની આવક | ૫ ટકા રકમ બાદ | જિલ્લાપંચાયતને મળેલ રકમ | જિલ્લા પંચાયતને ફાળવેલ પૈકી | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | | તાલુકાના હવાલે મુકવાની રકમ | કાર્યપાલકઇજનેરશ્રી સિંચાઇનાહવાલે મુકવાની રકમ |
| | | ગણોદ Total | ૫૭૫૫૦૦ | ૨૮૭૭૫ | ૫૪૬૭૨૫ | ૨૭૩૩૬૩ | ૨૭૩૩૬૨ |
| | | ચીખલીયા Total | ૫૦૦૦ | ૨૫૦ | ૪૭૫૦ | ૨૩૭૫ | ૨૩૭૫ |
| | | તલગણા Total | ૧૨૫૦૦૦ | ૬૨૫૦ | ૧૧૮૭૫૦ | ૫૯૩૭૫ | ૫૯૩૭૫ |
| | | નિલાખા Total | ૫૩૦૦૦૦ | ૨૬૫૦૦ | ૫૦૩૫૦૦ | ૨૫૧૭૫૦ | ૨૫૧૭૫૦ |
| | | ભિમોરા Total | ૫૦૦૦૦ | ૨૫૦૦ | ૪૭૫૦૦ | ૨૩૭૫૦ | ૨૩૭૫૦ |
| | | મજેઠી Total | ૩૮૮૭૫૦ | ૧૯૪૩૮ | ૩૬૯૩૧૩ | ૧૮૪૬૫૬ | ૧૮૪૬૫૭ |
| | | મેખાટીંબી Total | ૩૬૭૫૦૦ | ૧૮૩૭૫ | ૩૪૯૧૨૫ | ૧૭૪૫૬૩ | ૧૭૪૫૬૨ |
| | | લાઠ Total | ૨૬૦૦૦૦ | ૧૩૦૦૦ | ૨૪૭૦૦૦ | ૧૨૩૫૦૦ | ૧૨૩૫૦૦ |
| | | સાજડીયાળી Total | ૬૦૫૦૦ | ૩૦૨૫ | ૫૭૪૭૫ | ૨૮૭૩૮ | ૨૮૭૩૭ |
| | | સેવંત્રા Total | ૩૩૦૦૦ | ૧૬૫૦ | ૩૧૩૫૦ | ૧૫૬૭૫ | ૧૫૬૭૫ |
| | | હાડફોડી Total | ૨૮૦૦૦ | ૧૪૦૦ | ૨૬૬૦૦ | ૧૩૩૦૦ | ૧૩૩૦૦ |
| | | **તાલુકાનું કુલ** | **૨૫૯૮૫૯૫** | **૧૨૯૯૩૦** | **૨૪૬૮૬૬૫** | **૧૨૩૪૩૩૩** | **૧૨૩૪૩૩૨** |
| ૨ | ગોંડલ | ક્મરકોટડા Total | ૫૦૦૦ | ૨૫૦ | ૪૭૫૦ | ૨૩૭૫ | ૨૩૭૫ |
| | | ક્રમાળકોટડા Total | ૧૫૦૦૦ | ૭૫૦ | ૧૪૨૫૦ | ૭૧૨૫ | ૭૧૨૫ |
| | | ખંભાલીડા Total | ૧૦૦૦૦ | ૫૦૦ | ૯૫૦૦ | ૪૭૫૦ | ૪૭૫૦ |
| | | વોર કોટડા Total | ૧૬૨૦૦ | ૮૧૦ | ૧૫૩૯૦ | ૭૬૯૫ | ૭૬૯૫ |
| | | **તાલુકાનું કુલ** | **૪૬૨૦૦** | **૨૩૧૦** | **૪૩૮૯૦** | **૨૧૯૪૫** | **૨૧૯૪૫** |
| ૩ | ધોરાજી | છાડવાવદર Total | ૩૪૫૬૦ | ૧૭૨૯ | ૩૨૮૩૧ | ૧૬૪૧૬ | ૧૬૪૧૫ |
| | | ભોલ ગામડા Total | ૧૩૦૭૦૦ | ૬૫૩૪ | ૧૨૪૧૬૬ | ૬૨૦૮૩ | ૬૨૦૮૩ |
| | | ભોળા Total | ૬૦૬૦૦ | ૩૦૩૦ | ૫૭૫૭૦ | ૨૮૭૮૫ | ૨૮૭૮૫ |
| | | સુપેડી Total | ૫૦૦૦ | ૨૫૦ | ૪૭૫૦ | ૨૩૭૫ | ૨૩૭૫ |
| | | **તાલુકાનું કુલ** | **૨૩૦૮૬૦** | **૧૧૫૪૩** | **૨૧૯૩૧૭** | **૧૦૯૬૫૯** | **૧૦૯૬૫૮** |
| ૪ | જસદણ | જસાપર Total | ૧૦૦૦૦ | ૫૦૦ | ૯૫૦૦ | ૪૭૫૦ | ૪૭૫૦ |
| | | **તાલુકાનું કુલ** | **૧૦૦૦૦** | **૫૦૦** | **૯૫૦૦** | **૪૭૫૦** | **૪૭૫૦** |
| ૫ | જેતપુર | કેરાળી Total | ૪૫૦૦૦ | ૨૨૫૦ | ૪૨૭૫૦ | ૨૧૩૭૫ | ૨૧૩૭૫ |
| | | જેતપુર Total | ૫૦૦૦ | ૨૫૦ | ૪૭૫૦ | ૨૩૭૫ | ૨૩૭૫ |
| | | થાણાગાલોલ Total | ૪૩૩૩૫ | ૨૧૬૭ | ૪૧૧૬૮ | ૨૦૫૮૪ | ૨૦૫૮૪ |
| | | પાંચ પીપળા Total | ૨૦૦૦૦ | ૧૦૦૦ | ૧૯૦૦૦ | ૯૫૦૦ | ૯૫૦૦ |
| | | મોણપર Total | ૨૬૭૦૦ | ૧૩૩૫ | ૨૫૩૬૫ | ૧૨૬૮૩ | ૧૨૬૮૨ |
| | | વાડાસડા Total | ૮૯૮૬૫ | ૪૪૯૩ | ૮૫૩૭૨ | ૪૨૬૮૬ | ૪૨૬૮૬ |
| | | **તાલુકાનું કુલ** | **૨૨૯૯૦૦** | **૧૧૪૯૫** | **૨૧૮૪૦૫** | **૧૦૯૨૦૩** | **૧૦૯૨૦૨** |
| ૬ | ટંકારા | ટંકારા Total | ૫૦૦૦ | ૨૫૦ | ૪૭૫૦ | ૨૩૭૫ | ૨૩૭૫ |
| | | સાવડી Total | ૨૦૦૦૦ | ૧૦૦૦ | ૧૯૦૦૦ | ૯૫૦૦ | ૯૫૦૦ |
| | | **તાલુકાનું કુલ** | **૨૫૦૦૦** | **૧૨૫૦** | **૨૩૭૫૦** | **૧૧૮૭૫** | **૧૧૮૭૫** |
| ૭ | પડધરી | ખાખડાબેલા Total | ૫૦૦૦ | ૨૫૦ | ૪૭૫૦ | ૨૩૭૫ | ૨૩૭૫ |
| | | જીવાપર Total | ૨૨૫૦૦૦ | ૧૧૨૫૦ | ૨૧૩૭૫૦ | ૧૦૬૮૭૫ | ૧૦૬૮૭૫ |
| | | પડધરી Total | ૫૦૦૦ | ૨૫૦ | ૪૭૫૦ | ૩૭૫ | ૨૩૭૫ |
| | | રોજીયા Total | ૯૦૦૦૦ | ૪૫૦૦ | ૮૫૫૦૦ | ૨૪૭૫૦ | ૪૨૭૫૦ |
| | | **તાલુકાનું કુલ** | **૩૨૫૦૦૦** | **૧૬૨૫૦** | **૩૦૮૭૫૦** | **૧૫૪૩૭૫** | **૧૫૪૩૭૫** |
| ૮ | માળીયામિંયાણા | માણાબા Total | ૧૫૦૦૦ | ૭૫૦ | ૧૪૨૫૦ | ૭૧૨૫ | ૭૧૨૫ |
| | | માળીયા મિંયાણા Total | ૩૦૦૦ | ૧૫૦ | ૨૮૫૦ | ૧૪૨૫ | ૧૪૨૫ |
| | | મોટા દહીંસરા Total | ૨૦૨૦૦ | ૧૦૧૦ | ૧૯૧૯૦ | ૯૫૯૫ | ૯૫૯૫ |
| | | **તાલુકાનું કુલ** | **૩૮૨૦૦** | **૧૯૧૦** | **૩૬૨૯૦** | **૧૮૧૪૫** | **૧૮૧૪૫** |
| ૯ | મોરબી | જસમતગઢ Total | ૨૧૫૦૦૦ | ૧૦૭૫૦ | ૨૦૪૨૫૦ | ૧૦૨૧૨૫ | ૧૦૨૧૨૫ |
| | | જીવાપર Total | ૫૫૦૦૦ | ૨૭૫૦ | ૫૨૨૫૦ | ૨૬૧૨૫ | ૨૬૧૨૫ |
| | | રંગપર Total | ૩૫૦૦૦ | ૧૭૫૦ | ૩૩૨૫૦ | ૧૬૬૨૫ | ૧૬૬૨૫ |
| | | વનાળીયા Total | ૩૦૨૦૦ | ૧૫૧૦ | ૨૮૬૯૦ | ૧૪૩૪૫ | ૧૪૩૪૫ |
| | | **તાલુકાનું કુલ** | **૩૩૫૨૦૦** | **૧૬૭૬૦** | **૩૧૮૪૪૦** | **૧૫૯૨૨૦** | **૧૫૯૨૨૦** |
| ૧૦ | વાંકાનેર | ધમલપર Total | ૩૦૦૦૦ | ૧૫૦૦ | ૨૮૫૦૦ | ૧૪૨૫૦ | ૧૪૨૫૦ |

| ક્રમ | તાલુકો | ગામનું નામ | રેતી રોયલ્ટીની આવક | ૫ ટકા રકમ બાદ | જિલ્લાપંચાયતને મળેલ રકમ | જિલ્લા પંચાયતને ફાળવેલ પૈકી | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | | તાલુકાના હવાલે મુકવાની રકમ | કાર્યપાલકઇજનેરશ્રી સિંચાઇનાહવાલે મુકવાની રકમ |
| | | જાલી Total | ૧૫૦૦૦ | ૭૫૦ | ૧૪૨૫૦ | ૭૧૨૫ | ૭૧૨૫ |
| | | પંચાસીયા Total | ૧૩૦૦૦૦ | ૬૫૦૦ | ૧૨૩૫૦૦ | ૬૧૭૫૦ | ૬૧૭૫૦ |
| | | મહીડા Total | ૨૪૨૯૨૦ | ૧૨૧૪૬ | ૨૩૦૭૭૪ | ૧૧૫૩૮૭ | ૧૧૫૩૮૭ |
| | | રાતી દેવડી Total | ૮૨૦૦૦૦ | ૪૧૦૦૦ | ૭૭૯૦૦૦ | ૩૮૯૫૦૦ | ૩૮૯૫૦૦ |
| | | વાંકીઆ Total | ૧૫૦૦૦ | ૭૫૦ | ૧૪૨૫૦ | ૭૧૨૫ | ૭૧૨૫ |
| | | **તાલુકાનું કુલ** | **૧૨૫૨૯૨૦** | **૬૨૬૪૬** | **૧૧૯૦૨૭૪** | **૫૯૫૧૩૭** | **૫૯૫૧૩૭** |
| | | **Grand Total** | **૫૦૯૧૮૭૫** | **૨૫૪૫૯૪** | **૪૮૩૭૨૮૧** | **૨૪૧૮૬૪૨** | **૨૪૧૮૬૩૯** |

-----------

## ભરૂચ અને નર્મદા જિલ્લામાં સરકારી આઇ.ટી.આઇ.માં મંજુર મહેકમ

અતારાંકિત : ૩૪૩૫ (૧૨-૭-૧૦): **શ્રી અમરસિંહ વસાવા (દેડીયાપાડા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) ભરૂચ અને નર્મદા જિલ્લામાં તા.૩૧-૩-૧૦ની સ્થિતિએ સરકાર માન્ય આઇ.ટી.આઇ.માં તાલુકા દીઠ કેટલા અને ક્યા ક્યા વિષયના કોર્ષ ચાલે છે.

(૨) તેમાં મંજુર થયેલ મહેકમ સામે ક્યા ક્યા અભ્યાસક્રમોમાં કેટલા સ્ટાફની ઘટ છે, અને

(૩) આ ઘટ સરકાર ક્યારે પૂરી કરવા માંગે છે ?

**શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** (૮-૯-૨૦૧૦) :

(૧) ભરૂચ જિલ્લામાં કાર્યરત સરકારી ગ્રાન્ટ ઇન એઇડ તથા સ્વનિર્ભર આઇ.ટી.આઇ.માં ચાલતા કોર્ષની વિગત.

| ક્રમ | તાલુકો | તાલુકામાં ચાલતા કોર્ષની સંખ્યા | ક્રમ | કોર્ષનું નામ |
|---|---|---|---|---|
| ૧ | અંકલેશ્વર | ૩૨ | ૧. | સર્ટિફીકેટ કોર્સ ઇન સોફટવેર પ્રોગ્રામીંગ |
| | | | ૨. | રેફ્રીજરેશન એન્ડ એરકન્ડીશનીંગ મીકેનીક |
| | | | ૩. | ઇન્સ્ટ્રુમેન્ટ મીકેનીક (કેમીકલ પ્લાન્ટ) |
| ૧ | અંકલેશ્વર | ૩૨ | ૪. | એટેન્ડન્ટ ઓપરેટર (કેમીકલ પ્લાન્ટ) |
| | | | ૫. | મીકેનીક મેન્ટેનન્સ (કેમીકલ પ્લાન્ટ) |
| | | | ૬. | ઇલેક્ટ્રોનિક્સ મીકેનીક |
| | | | ૭. | કોમ્પ્યુટર ઓપરેટર કમ પ્રોગ્રામીંગ આસીસ્ટન્ટ |
| | | | ૮. | મીકેનીક મોટર (વ્હીકલ) |
| | | | ૯. | વાયરમેન |
| | | | ૧૦. | ઇલેક્ટ્રીશીયન |
| | | | ૧૧. | ઇન્સ્ટ્રુમેન્ટ મીકેનીક |
| | | | ૧૨. | મશીનીષ્ટ |
| | | | ૧૩. | મશીનીષ્ટ (ગ્રાઇન્ડર) |
| | | | ૧૪. | સીઓઇ કેમીકલ (એડવાન્સ) |
| | | | ૧૫. | ટર્નર |
| | | | ૧૬. | ટુ વ્હીકલ રીપેરર (ઓટો) |
| | | | ૧૭. | ફીટર |
| | | | ૧૮. | સર્વેયર |
| | | | ૧૯. | ડ્રાફ્ટસમેન સીવીલ |
| | | | ૨૦. | ડ્રાફ્ટસમેન મીકેનીક |
| | | | ૨૧. | મીકેનીક ડીઝલ |
| | | | ૨૨. | લેબોરેટરી આસીસ્ટન્ટ (કેમીકલ પ્લાન્ટ) |
| | | | ૨૩. | સર્ટિફીકેટ કોર્સ ઇન કોમ્પ્યુટર એડેડ ડીઝાઇન એન્ડ ઓટોકેડ-૨૦૦૦ |
| | | | ૨૪. | વેલ્ડર કમ ફેબ્રીકેટર |
| | | | ૨૫. | સર્ટિફીકેટ કોર્સ ઇન ઇ-કોમર્સ |

| ક્રમ | તાલુકો | તાલુકામાં ચાલતા કોર્ષની સંખ્યા | ક્રમ | કોર્ષનું નામ |
|---|---|---|---|---|
| | | | ૨૬. | આર્મેચર મોટર રીવાઇન્ડીંગ |
| | | | ૨૭. | વેલ્ડર કમ ફેબ્રીકેટર |
| | | | ૨૮. | કટીંગ એન્ડ સુઇંગ |
| | | | ૨૯. | પ્લમ્બર |
| | | | ૩૦. | વેલ્ડર |
| | | | ૩૧. | સીઓઇ કેમીકલ (બીબીબીટી) |
| | | | ૩૨. | ઇન્ફોરમેશન ટેક્નોલોજી એન્ડ ઇલેક્ટ્રોનિક્સ સીસ્ટમ મેન્ટેનન્સ |
| ૨ | વાલીયા | ૧૪ | ૧. | મીકેનીક ડીઝલ |
| | | | ૨. | આર્મેચર મોટર રીવાઇન્ડીંગ |
| | | | ૩. | સીઓઇ કેમીકલ (બીબીબીટી) |
| | | | ૪. | ટુ વ્હીલર રીપેરર (ઓટો) |
| | | | ૫. | વેલ્ડર |
| | | | ૬. | ફીટર |
| | | | ૭. | મશીનીષ્ટ |
| | | | ૮. | ઇલેક્ટ્રીશીયન |
| | | | ૯. | વાયરમેન |
| | | | ૧૦. | કોમ્પ્યુટર ઓપરેટર કમ પ્રોગ્રામીંગ આસીસ્ટન્ટ |
| | | | ૧૧. | સર્ટિફીકેટ કોર્ષ ઇન મેડિકલ લેબોરેટરી ટેક્નોલોજી (પેથોલોજી) |
| | વાલીયા | ૧૪ | ૧૨. | ડેન્ટલ લેબોરેટરી ટેક્નીશીયન |
| | | | ૧૩. | હેલ્થ સેનેટરી ઇન્સ્પેક્ટર |
| | | | ૧૪. | ઓલ્ડ એજ કેર |
| ૩ | ભરૂચ | ૧૭ | ૧. | વેલ્ડર |
| | | | ૨. | કોમ્પ્યુટર ઓપરેટર કમ પ્રોગ્રામીંગ આસીસ્ટન્ટ |
| | | | ૩. | વાયરમેન |
| | | | ૪. | ઇલેક્ટ્રીશીયન |
| | | | ૫. | ફીટર |
| | | | ૬. | આર્મેચર મોટર રીવાઇન્ડીંગ |
| | | | ૭. | એટેન્ડન્ટ ઓપરેટર (કેમીકલ પ્લાન્ટ) |
| | | | ૮. | કટીંગ એન્ડ સુઇંગ |
| | | | ૯. | ડેટા એન્ટ્રી ઓપરેટર |
| | | | ૧૦. | ઇલેક્ટ્રોનિક્સ મીકેનીક |
| | | | ૧૧. | એમ્બ્રોઇડરી એન્ડ નીડલ વર્ક્સ |
| | | | ૧૨. | ઇન્ફોરમેશન ટેક્નોલોજી એન્ડ ઇલેક્ટ્રોનિક્સ સીસ્ટમ મેન્ટેનન્સ |
| | | | ૧૩. | મિકેનિકલ ઓટો ઇલેક્ટ્રીકલ એન્ડ ઇલેક્ટ્રોનિક્સ |
| | | | ૧૪. | મિકેનિક ડિઝલ |
| | | | ૧૫. | મીકેનિકલ ટેક્નોલોજી ઇન ગ્લાસ ઇન્ડસ્ટ્રીઝ |
| | | | ૧૬. | પ્લમ્બર |
| | | | ૧૭. | રેફ્રીજરેશન એન્ડ એર કન્ડીશનીંગ મિકેનિક |
| ૪ | ઝઘડીયા | ૬ | ૧. | વેલ્ડર |
| | | | ૨. | ઇલેક્ટ્રીશીયન |
| | | | ૩. | કોમ્પ્યુટર ઓપરેટર કમ પ્રોગ્રામીંગ આસીસ્ટન્ટ |
| | | | ૪. | વાયરમેન |
| | | | ૫. | ફીટર |
| | | | ૬. | આર્મેચર મોટર રીવાઇન્ડીંગ |
| ૫ | હાંસોટ | ૦૬ | ૧. | ફીટર |
| | | | ૨. | વેલ્ડર |
| | | | ૩. | કોમ્પ્યુટર ઓપરેટર કમ પ્રોગ્રામીંગ આસીસ્ટન્ટ |
| | | | ૪. | ઇલેક્ટ્રીશીયન |
| | | | ૫. | મિકેનિકલ કોમ્પ્યુટર હાર્ડવેર |
| | | | ૬. | પ્લમ્બર |
| ૬ | વાગરા | ૦૬ | ૧. | મરીન એન્જીનીયરીંગ ટેક્નીશીયન |
| | | | ૨. | ઇલેક્ટ્રીશીયન |
| | | | ૩. | ફીટર |
| | | | ૪. | વેલ્ડર |

| ક્રમ | તાલુકો | તાલુકામાં ચાલતા કોર્ષની સંખ્યા | ક્રમ | કોર્ષનું નામ |
|---|---|---|---|---|
| | | | ૫. | કોમ્પ્યુટર ઓપરેટર કમ પ્રોગ્રામીંગ આસીસ્ટન્ટ |
| | | | ૬. | વાયરમેન |
| ૭ | આમોદ | ૦૫ | ૧. | ઇલેક્ટ્રીશીયન |
| | | | ૨. | કોમ્પ્યુટર ઓપરેટર કમ પ્રોગ્રામીંગ આસીસ્ટન્ટ |
| | આમોદ | ૦૫ | ૩. | ફીટર |
| | | | ૪. | વેલ્ડર |
| | | | ૫. | કટીંગ એન્ડ સુઇંગ |
| ૮ | જંબુસર | ૦૬ | ૧. | કોમ્પ્યુટર ઓપરેટર કમ પ્રોગ્રામીંગ આસીસ્ટન્ટ |
| | | | ૨. | ઇલેક્ટ્રીશીયન |
| | | | ૩. | ફીટર |
| | | | ૪. | ઇન્ફોરમેશન ટેક્નોલોજી એન્ડ ઇલેક્ટ્રોનિક્સ સીસ્ટમ મેન્ટેનન્સ |
| | | | ૫. | મીકેનીક ડીઝલ |
| | | | ૬. | ઓલ્ડ એજ કેર |

## નર્મદા જિલ્લામાં કાર્યરત સરકારી ગ્રાન્ટ ઇન એઇડ તથા સ્વનિર્ભર આઇ.ટી.આઇ.માં ચાલતા કોર્ષની વિગત.

| ક્રમ | તાલુકો | તાલુકામાં ચાલતા કોર્ષની સંખ્યા | ક્રમ | કોર્ષનું નામ |
|---|---|---|---|---|
| ૧ | નાંદોદ | ૦૯ | ૧. | ફીટર |
| | | | ૨. | કોમ્પ્યુટર ઓપરેટર કમ પ્રોગ્રામીંગ આસીસ્ટન્ટ |
| | | | ૩. | વાયરમેન |
| | | | ૪. | મીકેનીક મોટર (વ્હીકલ) |
| | | | ૫. | પ્રિ-પ્રિપેરેટરી સ્કૂલ મેનેજમેન્ટ આસીસ્ટન્ટ |
| | | | ૬. | મીકેનીક ડીઝલ |
| | | | ૭. | ઇન્સ્ટ્રુમેન્ટ મીકેનીક (કેમીકલ પ્લાન્ટ) |
| | | | ૮. | ઇલેક્ટ્રીશીયન |
| | | | ૯. | વાયરમેન |
| ૨ | ડેડીયાપાડા | ૦૩ | ૧. | વાયરમેન |
| | | | ૨. | ફીટર |
| | | | ૩. | કોમ્પ્યુટર ઓપરેટર કમ પ્રોગ્રામીંગ આસીસ્ટન્ટ |
| ૩ | સાગબારા | ૦૪ | ૧. | ફીટર |
| | | | ૨. | કોમ્પ્યુટર ઓપરેટર કમ પ્રોગ્રામીંગ આસીસ્ટન્ટ |
| | | | ૩. | વાયરમેન |
| | | | ૪. | ઇલેક્ટ્રીશીયન |
| ૫ | તિલકવાડા | ૦૪ | ૧. | ફીટર |
| | | | ૨. | વાયરમેન |
| | | | ૩. | વેલ્ડર |
| | | | ૪. | મીકેનીક ડીઝલ |

## (૨) ભરૂચ તથા નર્મદા જિલ્લામાં ઘટ સ્ટાફની વિગત

| જિલ્લો | અભ્યાસક્રમ | ખાલી જગ્યા |
|---|---|---|
| નર્મદા | આર્મેચર મોટર રીવાઇન્ડીંગ | ૨ |
| | ઇન્સ્ટ્રુમેન્ટ મીકેનીક (કેમીકલ પ્લાન્ટ) | ૧ |
| | ઇલેક્ટ્રીશ્યન | ૩ |
| | કોમ્પ્યુટર ઓપરેટર ક્રમ પ્રોગ્રામીંગ આસીસ્ટન્ટ | ૪ |
| | ફીટર | ૨ |
| નર્મદા | મિકેનીક ડીઝલ | ૫ |
| | મિકેનીકલ મોટર વ્હીકલ | ૧ |
| | વાયરમેન | ૧૦ |
| | વેલ્ડર | ૧ |
| | વેલ્ડર કમ ફેબ્રીકેશન | ૧ |
| | સ્ટેનો કમ કોમ્પ્યુટર ગુજરાતી | ૨ |
| **નર્મદા Total** | | ૩૨ |
| ભરૂચ | આર્મેચર મોટર રીવાઇન્ડીંગ | ૧ |
| | ઇન્ફોર્મેશન ટેક્નોલોજી | ૧ |
| | ઇલેક્ટ્રીશ્યન | ૧૧ |

| જિલ્લો | અભ્યાસક્રમ | ખાલી જ્ગ્યા |
|---|---|---|
| | ઇલેક્ટ્રોનીક્સ | ૧ |
| | એટેન્ડન્ટ ઓપરેટર (કેમીક્લ) | ૩ |
| | કટીંગ એન્ડ ટેલરીંગ | ૧ |
| | કોમ્પ્યુટર ઓપરેટર ક્મ પ્રોગ્રામીંગ આસીસ્ટન્ટ | ૧૧ |
| | ટર્નર | ૩ |
| | પ્લમ્બર | ૨ |
| | ફીટર | ૩ |
| | ફીટર | ૨ |
| | મિકેનીક ડીઝલ | ૨ |
| | મિકેનીકલ મોટર વ્હીકલ | ૧ |
| | લેબ આસીસ્ટન્ટ (કેમીક્લ પ્લાન્ટ) | ૨ |
| | વાયરમેન | ૭ |
| | વેલ્ડર | ૧૨ |
| | વેલ્ડર ક્મ ફેબ્રીકેશન | ૨ |
| | સમાજ શાસ્ત્ર | ૨ |
| ભરૂચ Total | | ૬૭ |
| Grand Total | | ૯૯ |

(૩) સરકારી ઓદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં સ્ટાફ ઘટ પૂરી કરવા માટે ગુજરાત ગોણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગરને નિયામકશ્રી, રોજગાર અને તાલીમના તા. ૧૧-૬-૨૦૦૯ના પત્ર ક્રમાંક : મક્મ/વ-૩(૧)/કો.સ.સુ.ઇ.કો./૨૦૦૯/૬૬૮૩ અને તા. ૧૭-૧૧-૨૦૦૯ના પત્ર ક્રમાંક : મક્મ/વ-૩(૧)/સુ.ઇ./૨૦૦૯/૧૨૩૩૮થી કુલ ૧૯૮૭ ખાલી જ્ગ્યાઓ ભરવા ગોણ સેવા પસંદગી મંડળને માંગણા પત્રક મોક્લી આપેલ છે. દરમ્યાનમાં કુલ ૧૩૫૨ જ્ગ્યાઓ (ખેડા જિલ્લા સિવાય) ૧૧ માસનાં કરારના ધોરણે ભરવા માટેના તા. ૨૫-૦૮-૨૦૧૦ ના રોજ આદેશો કરવામાં આવેલ છે. તે અન્વયે ભરૂચ તથા નર્મદા જિલ્લાની ઘટ જ્ગ્યાઓ પૂરવામાં આવેલ છે.

-----------

## રાજકોટ જિલ્લાની આઈ.ટી.આઈ. માં મંજૂર થયેલ મહેક્મ

અતારાંક્તિ : ૩૬૫૪ (૩-૮-૨૦૧૦): **શ્રી મહંમદ જાવેદ પીરઝાદા (વાંકાનેર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજકોટ જિલ્લામાં તા.૩૧-૩-૨૦૧૦ની સ્થિતિએ સરકાર માન્ય આઈ.ટી.આઈ.માં તાલુકાદીઠ કેટલા અને ક્યા ક્યા કોર્ષ ચાલે છે,

(૨) મંજૂર થયેલ મહેક્મ સામે ક્યા ક્યા અભ્યાસક્રમોમાં કેટલા સ્ટાફની કેટલી ઘટ છે, અને

(૩) આ ઘટ સરકાર ક્યારે ભરવા માંગે છે ?

**શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** (૧૩-૯-૨૦૧૦) :

(૧)

| ક્મ | તાલુકો | તાલુકામાં ચાલતો કોર્ષની સંખ્યા | ક્મ | કોર્ષનું નામ |
|---|---|---|---|---|
| ૧ | ઉપલેટા | ૧૩ | ૧ | આર્મેચર મોટર રીવાઈન્ડીંગ |
| | | | ૨ | ઈલેક્ટ્રીશીયન |
| | | | ૩ | કટીંગ એન્ડ સુઈંગ |
| | | | ૪ | કોમ્પ્યુટર ઓપરેટર ક્મ પ્રોગ્રામીંગ આસીસ્ટન્ટ |
| | | | ૫ | ડેટા એન્ટ્રી ઓપરેટર |
| | | | ૬ | ડ્રાફટસમેન મીકેનીક |
| | | | ૭ | ડ્રાયવર ક્મ મીકેનીક |
| | | | ૮ | ફીટર |
| | | | ૯ | સર્ટિફીકેટ કોર્સ ઈન કોમ્પ્યુટર એડેડ ડીઝાઈન એન્ડ ઓટોકેડ-૨૦૦૦ |
| | | | ૧૦ | ડ્રેસમેકિંગ |
| | | | ૧૧ | સ્ટેનો (ગુજરાતી) |

| ક્રમ | તાલુકો | તાલુકામાં ચાલતો કોર્ષની સંખ્યા | ક્રમ | કોર્ષનું નામ |
|---|---|---|---|---|
| | | | ૧૨ | સર્વેયર |
| | | | ૧૩ | વાયરમેન |
| ૨ | ગોંડલ | ૨૭ | ૧ | એટેન્ડન્ટ ઓપરેટર (કેમીકલ પ્લાન્ટ) |
| | | | ૨ | આર્મેચર મોટર રીવાઈન્ડીંગ |
| | | | ૩ | ઈન્સ્ટ્રુમેન્ટ મીકેનીક |
| | | | ૪ | ઈલેકટ્રીશીયન |
| | | | ૫ | ઈલેકટ્રોનિક્સ મીકેનીક |
| | | | ૬ | કટીંગ એન્ડ સુઈંગ |
| | | | ૭ | કોમ્પ્યુટર ઓપરેટર કમ પ્રોગ્રામીંગ આસીસ્ટન્ટ |
| | | | ૮ | ટર્નર |
| | | | ૯ | ટુ વ્હીલર રીપેરર ઓટો |
| | | | ૧૦ | ડ્રાફ્ટસમેન મીકેનીક |
| | | | ૧૧ | ડ્રાફ્ટસમેન સીવીલ |
| | | | ૧૨ | ફીટર |
| | | | ૧૩ | મશીનીષ્ટ |
| | | | ૧૪ | મીકેનીક ટ્રેકટર |
| | | | ૧૫ | મીકેનીક ડીઝલ |
| | ગોંડલ | ૨૭ | ૧૬ | મોટર મીકેનીક (વ્હીકલ) |
| | | | ૧૭ | લેબોરેટરી આસીસ્ટન્ટ (કેમીકલ પ્લાન્ટ) |
| | | | ૧૮ | વાયરમેન |
| | | | ૧૯ | વેલ્ડર |
| | | | ૨૦ | સર્ટિફીકેટ ઈન વેબ ડિઝાઈનીંગ |
| | | | ૨૧ | સર્ટિફીકેટ કોર્સ ઈન મલ્ટીમીડીયા ટેક્નોલોજી એન્ડ ડીટીપી |
| | | | ૨૨ | સર્ટિફીકેટ કોર્સ ઈન સોફ્ટવેર પ્રોગ્રામીંગ |
| | | | ૨૩ | સર્ટિફીકેટ કોર્સ ઈન હાર્ડવેર ટેક્નોલોજી નેટવર્ક એન્ડ એડમીનીસ્ટ્રેશન |
| | | | ૨૪ | સીઓઈ ઈલેકટ્રીકલ (એડવાન્સ) |
| | | | ૨૫ | સીઓઈ ઈલેકટ્રીકલ (બીબીબીટી) |
| | | | ૨૬ | સ્ટેનો કમ કોમ્પ્યુટર ઓપરેટર (ગુજરાતી) |
| | | | ૨૭ | રેડિયો એન્ડ ટી.વી. મિકેનીક. |
| ૩ | જસદણ | ૫ | ૧ | કોમ્પ્યુટર ઓપરેટર કમ પ્રોગ્રામીંગ આસીસ્ટન્ટ |
| | | | ૨ | ફીટર |
| | | | ૩ | મીકેનીક ડીઝલ |
| | | | ૪ | વાયરમેન |
| | | | ૫ | વેલ્ડર |
| ૪ | જેતપુર | ૧૩ | ૧ | કટીંગ એન્ડ સુઈંગ |
| | | | ૨ | ટર્નર |
| | | | ૩ | ફીટર |
| | | | ૪ | વાયરમેન |
| | | | ૫ | સર્ટિફીકેટ કોર્સ ઈન વેબ ડીઝાઈન |
| | | | ૬ | સર્ટિફીકેટ કોર્સ ઈન ઈ-કોમર્સ |
| | | | ૭ | સર્ટિફીકેટ ઈન મલ્ટીમિડીયા ટેક્નોલોજી એન્ડ ડી.ટી.પી. |
| | | | ૮ | કોમ્યુનિકેશન એન્ડ સ્પોકન ઈંગ્લીશ |
| | | | ૯ | કોમ્પ્યુટર ઓપરેટર-કમ-પ્રોગ્રામીંગ આસીસ્ટન્ટ |
| | | | ૧૦ | ડેટા એન્ટ્રી ઓપરેટર |

| ક્રમ | તાલુકો | તાલુકામાં ચાલતો કોર્ષની સંખ્યા | ક્રમ | કોર્ષનું નામ |
|---|---|---|---|---|
| | | | ૧૧ | ડેસ્કટોપ પબ્લીશીંગ ઓપરેટર |
| | | | ૧૨ | ઈલેકટ્રીશીયન |
| | | | ૧૩ | સર્વેયર |
| ૫ | ધોરાજી | ૮ | ૧ | આર્મેચર મોટર રીવાઈન્ડીંગ |
| | | | ૨ | ઈલેકટ્રીશીયન |
| | ધોરાજી | ૮ | ૩ | કોમ્પ્યુટર ઓપરેટર ક્મ પ્રોગ્રામીંગ આસીસ્ટન્ટ |
| | | | ૪ | ફીટર |
| | | | ૫ | મીકેનીક ડીઝલ |
| | | | ૬ | વાયરમેન |
| | | | ૭ | વેલ્ડર |
| | | | ૮ | કટીંગ એન્ડ સુઈંગ |
| ૬ | પડધરી | ૪ | ૧ | કોમ્પ્યુટર ઓપરેટર ક્મ પ્રોગ્રામીંગ આસીસ્ટન્ટ |
| | | | ૨ | ફીટર |
| | | | ૩ | મીકેનીક ડીઝલ |
| | | | ૪ | વાયરમેન |
| ૭ | મોરબી | ૧૨ | ૧ | ઈન્સ્ટ્રુમેન્ટ મીકેનીક |
| | | | ૨ | ઈલેકટ્રીશીયન |
| | | | ૩ | ઈલેકટ્રોનીક્સ મીકેનીક |
| | | | ૪ | મોટર મીકેનીક (વ્હીકલ) |
| | | | ૫ | સર્ટિફીકેટ કોર્સ ઈન કોમ્પ્યુટર ટીચર્સ ટ્રેનીંગ |
| | | | ૬ | સર્ટિફીકેટ કોર્સ ઈન હાર્ડવેર ટેક્નોલોજી એન્ડ નેટવર્ક એડમિનીસ્ટ્રેશન |
| | | | ૭ | સર્ટિફીકેટ કોર્સ ઈન કોમ્પ્યુટર એેડટ ડિઝાઈન એન્ડ ઓટોકેડ ૨૦૦૦ |
| | | | ૮ | સર્ટિફીકેટ ઈન મલ્ટીમિડીયા ટેક્નોલોજી એન્ડ ડી.ટી.પી. |
| | | | ૯ | કોમ્યુનિકેશન એન્ડ સ્પોકન ઈંગ્લીશ |
| | | | ૧૦ | ડેટાએન્ટ્રી ઓપરેટર |
| | | | ૧૧ | ફીર |
| | | | ૧૨ | ટર્નર |
| ૮ | રાજકોટ | ૪૪ | ૧ | એટેન્ડન્ટ ઓપરેટર (કેમીકલ પ્લાન્ટ) |
| | | | ૨ | આર્મેચર મોટર રીવાઈન્ડીંગ |
| | | | ૩ | ઈન્સ્ટ્રુમેન્ટ મીકેનીક |
| | | | ૪ | ઈન્ફર્મેશન ટેક્નોલોજી એન્ડ ઈલેકટ્રોનિક્સ સીસ્ટમ મેન્ટેનન્સ |
| | | | ૫ | ઈલેકટ્રીશીયન |
| | | | ૬ | ઈલેકટ્રોનિક્સ મીકેનીક |
| | | | ૭ | કટીંગ એન્ડ સુઈંગ |
| | | | ૮ | કોમ્પ્યુટર ઓપરેટર ક્મ પ્રોગ્રામીંગ આસીસ્ટન્ટ |
| | | | ૯ | ટર્નર |
| | | | ૧૦ | ટુ વ્હીલર રીપેરર ઓટો |
| | રાજકોટ | ૪૪ | ૧૧ | ટેલીફોન મોબાઈલ ફોન રીપેરીંગ |
| | | | ૧૨ | ડ્રાફ્ટસમેન મીકેનીક |
| | | | ૧૩ | ડ્રાફ્ટસમેન સીવીલ |
| | | | ૧૪ | ડ્રેસમેકીંગ |
| | | | ૧૫ | ફીટર |
| | | | ૧૬ | મશીનીષ્ટ |
| | | | ૧૭ | મીકેનીક ડીઝલ |

| ક્રમ | તાલુકો | તાલુકામાં ચાલતો કોર્ષની સંખ્યા | ક્રમ | કોર્ષનું નામ |
|---|---|---|---|---|
| | | | ૧૮ | મીકેનીક રેડીયો એન્ડ ટી.વી. |
| | | | ૧૯ | મીકેનીક રેફ્રીજરેશન એન્ડ એરકન્ડીશનીંગ |
| | | | ૨૦ | મેન્ટેનન્સ મીકેનીક (કેમીકલ પ્લાન્ટ) |
| | | | ૨૧ | મોટર મીકેનીક (વ્હીકલ) |
| | | | ૨૨ | વાયરમેન |
| | | | ૨૩ | વેલ્ડર |
| | | | ૨૪ | સર્ટિફીકેટ કોર્સ ઈન ઈ-કોમર્સ |
| | | | ૨૫ | સર્ટિફીકેટ કોર્સ ઈન કોમ્પ્યુટર એડેડ ડીઝાઈન એન્ડ ઓટોકેડ-૨૦૦૦ |
| | | | ૨૬ | સર્ટિફીકેટ કોર્સ ઈન સોફ્ટવેર પ્રોગ્રામીંગ |
| | | | ૨૭ | સર્ટિફીકેટ કોર્સ ઈન હાર્ડવેર ટેક્નોલોજી નેટવર્ક એન્ડ એડમીનીસ્ટ્રેશન |
| | | | ૨૮ | સીઓઈ પ્રોડક્શન એન્ડ મેન્યુફેક્ચરીંગ (એડવાન્સ) |
| | | | ૨૯ | સીઓઈ પ્રોડક્શન એન્ડ મેન્યુફેક્ચરીંગ (બીબીબીટી) |
| | | | ૩૦ | સ્ટેનો કમ કોમ્પ્યુટર ઓપરેટર (ગુજરાતી) |
| | | | ૩૧ | સ્ટેનો કમ કોમ્પ્યુટર ઓપરેટર (ગુજરાતી) (મહિલા) |
| | | | ૩૨ | કારપેન્ટરી |
| | | | ૩૩ | સર્ટિફીકેટ કોર્સ ઈન વેબ ડિઝાઈન |
| | | | ૩૪ | સર્ટિફીકેટ કોર્સ ઈન કોમ્પ્યુટર ટીચર્સ ટ્રેનીંગ |
| | | | ૩૫ | સર્ટિફીકેટ કોર્સ ઈન મેડિકલ લેબોરેટરી ટેક્નોલોજી (પેથોલોજી) |
| | | | ૩૬ | સર્ટિફીકેટ ઈન મલ્ટીમિડીયા ટેક્નોલોજી એન્ડ ડી.ટી.પી. |
| | | | ૩૭ | કોમ્યુનિકેશન એન્ડ સ્પોકન ઈંગ્લીશ |
| | | | ૩૮ | ડેસ્કટોપ પબ્લીશીંગ ઓપરેટર |
| | | | ૩૯ | હેર એન્ડ સ્કીન કેર |
| | | | ૪૦ | હેલ્થ સેનેટરી ઈન્સ્પેક્ટર |
| | | | ૪૧ | હોસ્પિટલ હાઉસ કીપીંગ |
| | | | ૪૨ | મીકેનીક કોમ્પ્યુટર હાર્ડવેર |
| | રાજકોટ | ૪૪ | ૪૩ | ઓલ્ડ એજ કેર |
| | | | ૪૪ | સર્વિસીંગ ઓફ ન્યુ જનરેશન કોર્સ |
| ૯ | વાંકાનેર | ૬ | ૧ | ઈલેક્ટ્રોનિક્સ મીકેનીક |
| | | | ૨ | કોમ્પ્યુટર ઓપરેટર કમ પ્રોગ્રામીંગ આસીસ્ટન્ટ |
| | | | ૩ | ફીટર |
| | | | ૪ | મોટર મીકેનીક (વ્હીકલ) |
| | | | ૫ | વાયરમેન |
| | | | ૬ | વેલ્ડર |
| ૧૦ | ટંકારા | ૩ | ૧ | ડ્રાફ્ટસમેન સિવિલ |
| | | | ૨ | ડ્રાફ્ટસમેન મીકેનીક |
| | | | ૩ | વાયરમેન |

(૨)

| જિલ્લાનું નામ | ક્રમ | કોર્ષનું નામ | ઘટ સ્ટાફની વિગત |
|---|---|---|---|
| રાજકોટ | ૧ | એટેન્ડન્ટ ઓપરેટર (કેમીકલ પ્લાન્ટ) | ૩ |
| | ૨ | આર્મેચર મોટર રીવાઈન્ડીંગ | ૩ |
| | ૩ | ઈન્સ્ટ્રુમેન્ટ મીકેનીક | ૨ |
| | ૪ | ઈલેક્ટ્રીશીયન | ૩ |
| | ૫ | ઈલેક્ટ્રોનિક્સ મીકેનીક | ૨ |
| | ૬ | કોમ્પ્યુટર ઓપરેટર કમ પ્રોગ્રામીંગ આસીસ્ટન્ટ | ૮ |

| જિલ્લાનું નામ | ક્રમ | કોર્ષનું નામ | ઘટ સ્ટાફની વિગત |
|---|---|---|---|
| | ૭ | ટર્નર | ૩ |
| | ૮ | ટુ વ્હીલર રીપેરર ઓટો | ૨ |
| | ૯ | ટેલીફોન મોબાઈલ ફોન રીપેરીંગ | ૧ |
| | ૧૦ | ડ્રાફ્ટસમેન મીકેનીક | ૨ |
| | ૧૧ | ફીટર | ૧૨ |
| | ૧૨ | મીકેનીક ડીઝલ | ૭ |
| | ૧૩ | મીકેનીક રેડીયો એન્ડ ટી.વી. | ૧ |
| | ૧૪ | મોટર મીકેનીક (વ્હીકલ) | ૨ |
| | ૧૫ | વાયરમેન | ૮ |
| | ૧૬ | વેલ્ડર સર્ટિફીકેટ કોર્સ ઈન હાર્ડવેર ટેક્નોલોજી નેટવર્ક એન્ડ | ૩ |
| | ૧૭ | એડમીનીસ્ટ્રેશન | ૧ |
| | ૧૮ | સીઓઈ પ્રોડકશન એન્ડ મેન્યુફેક્ચરીંગ (એડવાન્સ) | ૨ |
| | ૧૯ | સીઓઈ પ્રોડકશન એન્ડ મેન્યુફેક્ચરીંગ (બીબીબીટી) | ૧ |
| | ૨૦ | સ્ટેનો કમ કોમ્પ્યુટર ઓપરેટર (ગુજરાતી) | ૨ |
| | ૨૧ | લેબોરેટરી આસીસ્ટન્ટ (કેમીકલ પ્લાન્ટ) | ૨ |
| | ૨૨ | સર્ટિફીકેટ ઈન વેબડીઝાઈનીંગ | ૨ |
| | ૨૩ | સીઓઈ ઈલેકટ્રીકલ એડવાન્સ | ૪ |
| | ૨૪ | સીઓઈ ઈલેકટ્રીકલ બીબીબીટી | ૨ |
| | ૨૫ | કટીંગ એન્ડ ટેલરીંગ | ૩ |
| | ૨૬ | હોઝીયરી એન્ડ નેટીંગ | ૧ |
| | ૨૭ | પી.સી.આર. | ૧ |
| | ૨૮ | પી.પી.ઓ. | ૧ |
| | ૨૯ | કટીંગ એન્ડ સુઈંગ | ૧ |
| | ૩૦ | સર્વેયર | ૧ |
| | | કુલ : | ૮૬ |

(૩) (૧) સરકારી આઈ.ટી.આઈ. માં સ્ટાફ ઘટ ભરવા માટે નિયામકશ્રી, રોજગાર અને તાલીમનાં તારીખ ૧૧-૬-૨૦૦૯ના પત્ર ક્રમાંક : મકમ/વ-૩(૧)/કો.સ.સુ.ઈ.કો./૨૦૦૯/૬૬૮૩ અને તા.૧૭-૧૧-૨૦૦૯ ના પત્ર ક્રમાંક : મકમ/ વ-૩(૧)/સુ.ઈ./૨૦૦૯/૧૨૩૩૮ થી રાજ્યની આઈ.ટી.આઈ.ની કુલ ૧૯૮૭ ખાલી જગ્યાઓ ભરવા ગોણ સેવા પસંદગી મંડળને માંગણાપત્રક મોકલી આપેલ છે. દરમ્યાનમાં વર્તમાન પત્રમાં જાહેરાત આપી ૧૧ માસનાં કરારના ધોરણે ખાલી જગ્યાઓ ભરવાની કાર્યવાહી અંતિમ તબક્કામાં છે.

(૨) ગ્રાન્ટ-ઈન-એઈડ આઈ.ટી.આઈ. માં ઘટ જગ્યાઓ ભરવાની કાર્યવાહી ચાલુ છે.

-------------

**ગાંધીનગર જિલ્લાની ઓદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં સ્ટાફની ઘટ**

અતારાંકિત : ૩૭૪૯ (૫-૮-૨૦૧૦)**: શ્રી સુરેશકુમાર ચ. પટેલ (કલોલ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) ગાંધીનગર જિલ્લામાં તા.૩૧-૩-૨૦૧૦ની સ્થિતિએ સરકાર માન્ય આઈ.ટી.આઈ. માં તાલુકાવાર કેટલા અને ક્યા ક્યા કોર્સ ચાલે છે,

(૨) મંજૂર થયેલ મહેકમ સામે ક્યા ક્યા અભ્યાસક્રમોમાં કેટલા સ્ટાફની કેટલી ઘટ છે, અને

(૩) આ ઘટ સરકાર ક્યારે ભરવા માંગે છે ?

**શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** (૧૩-૯-૨૦૧૦) :

(૧)

| ક્રમ | તાલુકો | તાલુકામાં ચાલતા કોર્ષની સંખ્યા | ક્રમ | કોર્ષનું નામ |
|---|---|---|---|---|
| ૧ | ગાંધીનગર | ૫૪ | ૧ | ડ્રેસમેકીંગ |
| | | | ૨ | સીઓઈ ઈન્ફર્મેશન ટેક્નોલોજી (બીબીબીટી) |
| | ગાંધીનગર | ૫૪ | ૩ | સર્ટિફીકેટ કોર્સ ઈન સોફ્ટવેર પ્રોગ્રામીંગ |
| | | | ૪ | હેર એન્ડ સ્કીન કેર |
| | | | ૫ | સ્ટેનોગ્રાફી (ઈંગ્લીશ) |
| | | | ૬ | ફ્રન્ટ ઓફિસ આસીસ્ટન્ટ |
| | | | ૭ | આર્મેચર મોટર રીવાઈન્ડીંગ |
| | | | ૮ | સર્ટિફીકેટ કોર્સ ઈન ઈ-કોમર્સ |
| | | | ૯ | સર્ટિ. કોર્સ ઈન કોમ્પ્યુટર એડેડ ડીઝાઈન એન્ડ ઓટોકેડ-૨૦૦૦ |
| | | | ૧૦ | સ્ટેનો કમ કોમ્પ્યુટર ઓપરેટર (ગુજરાતી) |
| | | | ૧૧ | મીકેનીક મેડીકલ ઈક્વીપમેન્ટ |
| | | | ૧૨ | સ્ટેનો કમ કોમ્પ્યુટર ઓપરેટર (અંગ્રેજી) |
| | | | ૧૩ | સીઓઈ ઈન્ફર્મેશન ટેક્નોલોજી (એડવાન્સ) |
| | | | ૧૪ | વાયરમેન |
| | | | ૧૫ | મીકેનીક ડીઝલ |
| | | | ૧૬ | ટુ વ્હીલર રીપેરર (ઓટો) |
| | | | ૧૭ | ઈલેક્ટ્રીશીયન |
| | | | ૧૮ | ડ્રાફ્ટસમેન સીવીલ |
| | | | ૧૯ | સર્વેયર |
| | | | ૨૦ | ફીટર |
| | | | ૨૧ | મશીનીષ્ટ |
| | | | ૨૨ | ઈન્સ્ટ્રુમેન્ટ મીકેનીક |
| | | | ૨૩ | મીકેનીક રેડીયો એન્ડ ટી.વી. |
| | | | ૨૪ | મીકેનીક મોટર (વ્હીકલ) |
| | | | ૨૫ | ડ્રાફ્ટસમેન મીકેનીક |
| | | | ૨૬ | ઈલેક્ટ્રોનિક્સ મીકેનીક |
| | | | ૨૭ | પેઈન્ટર (જનરલ) |
| | | | ૨૮ | વેલ્ડર |
| | | | ૨૯ | મીકેનીક રેફ્રીજરેશન એન્ડ એરકન્ડીશનીંગ |
| | | | ૩૦ | ટર્નર |
| | | | ૩૧ | સર્ટિફીકેટ કોર્સ ઈન લેબોરેટરી આસીસ્ટન્ટ (પેથોલોજી) |
| | | | ૩૨ | સર્ટિફીકેટ કોર્સ ઈન કોમ્પ્યુટર ટીચર્સ ટ્રેનીંગ |
| | | | ૩૩ | સર્ટિફીકેટ કોર્સ ઈન હાર્ડવેર ટેક્નોલોજી એન્ડ નેટવર્ક એડમિનિસ્ટ્રેશન |
| | | | ૩૪ | સર્ટિફીકેટ કોર્સ ઈન મેડીકલ લેબોરેટરી ટેક્નોલોજી (પેથોલોજી) |
| | ગાંધીનગર | ૫૪ | ૩૫ | સર્ટિફીકેટ કોર્સ ઈન મલ્ટીમિડીયા ટેક્નોલોજી એન્ડ ડીટીપી |
| | | | ૩૬ | કટીંગ એન્ડ ટેલરીંગ |
| | | | ૩૭ | સર્ટિફીકેટ ઈન વેબ ડીઝાઈનીંગ |
| | | | ૩૮ | કોમ્પ્યુટર ઓપરેટર-કમ-પ્રોગ્રામીંગ આસીસ્ટન્ટ |
| | | | ૩૯ | ડેટા એન્ટ્રી ઓપરેટર |
| | | | ૪૦ | ડેસ્કટોપ પબ્લીશીંગ ઓપરેટર |
| | | | ૪૧ | ડીજિટલ ફોટોગ્રાફર |

| ક્રમ | તાલુકો | તાલુકમાં ચાલતા કોર્ષની સંખ્યા | ક્રમ | કોર્ષનું નામ |
|---|---|---|---|---|
| | | | ૪૨ | ડોમેસ્ટીક હાઉસકીપિંગ |
| | | | ૪૩ | ઈવેન્ટ મેનેજમેન્ટ આસીસ્ટન્ટ |
| | | | ૪૪ | ફેશન ટેક્નોલોજી |
| | | | ૪૫ | ફૂડ એન્ડ બેવરેજીસ |
| | | | ૪૬ | ફૂડ પ્રોડક્શન (કોન્ટીનેન્ટલ/ઈન્ડિયન/પંજાબી/ચાઈનીઝ) |
| | | | ૪૭ | હેલ્થ એન્ડ સેનેટરી ઈન્સ્પેક્ટર |
| | | | ૪૮ | હોસ્પીટલ હાઉસ કીપીંગ |
| | | | ૪૯ | હાઉસકીપીંગ એન્ડ બેકરી |
| | | | ૫૦ | ઈન્સ્યોરન્સ એજન્ટ |
| | | | ૫૧ | ઈન્ટીરિયર ડેકોરેશન એન્ડ ડીઝાઈનીંગ |
| | | | ૫૨ | લાઈવ સ્ટોક ઈન્સ્પેક્ટર (વેટરનરી આસીસ્ટન્ટ) |
| | | | ૫૩ | નેટવર્ક ટેક્નીશિયન |
| | | | ૫૪ | ઓફસેટ પ્રિન્ટીંગ એન્ડ બુક બાઈન્ડીંગ |
| ૨ | દહેગામ | ૧૨ | ૧ | ફીટર |
| | | | ૨ | ટુ વ્હીલર રીપેરર (ઓટો) |
| | | | ૩ | આર્મેચર મોટર રીવાઈન્ડીંગ |
| | | | ૪ | ઈન્ફર્મેશન ટેક્નોલોજી એન્ડ ઈલેક્ટ્રોનિક્સ સીસ્ટમ મેન્ટેનન્સ |
| | | | ૫ | મીકેનીક ડીઝલ |
| | | | ૬ | વેલ્ડર |
| | | | ૭ | કોમ્પ્યુટર ઓપરેટર ક્મ પ્રોગ્રામીંગ આસીસ્ટન્ટ |
| | | | ૮ | ઈલેક્ટ્રીશીયન |
| | | | ૯ | વાયરમેન |
| | | | | સર્ટિફીકેટ કોર્સ ઈન હાર્ડવેર ટેક્નોલોજી એન્ડ નેટવર્ક |
| | | | ૧૦ | એડમિનિસ્ટ્રેશન |
| | | | ૧૧ | કોમ્યુનિકેશન એન્ડ સ્પોકન ઈંગ્લીશ |
| | | | ૧૨ | ઈલેક્ટ્રોનિક્સ કોમ્યુનિકેશન સિસ્ટમ |
| ૩ | કલોલ | ૧૧ | ૧ | પ્લાસ્ટીક પ્રોસેસીંગ ઓપરેટર |
| | | | ૨ | કટીંગ એન્ડ સુઈંગ |
| | | | ૩ | ઈલક્ટ્રોનિક્સ મીકેનીક |
| | | | ૪ | મીકેનીક ડીઝલ |
| | | | ૫ | વેલ્ડર |
| | | | ૬ | મીકેનીક મોટર (વ્હીકલ) |
| | | | ૭ | વાયરમેન |
| | | | ૮ | ઈલેક્ટ્રીશીયન |
| | | | ૯ | ફીટર |
| | | | ૧૦ | કોમ્પ્યુટર ઓપરેટર ક્મ પ્રોગ્રામીંગ આસીસ્ટન્ટ |
| | | | ૧૧ | સર્ટિફીકેટ કોર્સ ઈન મલ્ટીમિડીયા ટેક્નોલોજી એન્ડ ડીટીપી |
| ૪ | માણસા | ૭ | ૧ | સર્ટિફીકેટ કોર્સ ઈન હાર્ડવેર ટેક્નોલોજી એન્ડ નેટવર્ક એડમિનિસ્ટ્રેશન |
| | | | ૨ | સર્ટિફીકેટ ઈન ઈ-કોમર્સ |
| | | | ૩ | સર્ટિફીકેટ કોર્સ ઈન મલ્ટીમિડીયા ટેક્નોલોજી એન્ડ ડીટીપી |
| | | | ૪ | ફાયરમેન |
| | | | ૫ | સેફટી એન્ડ સિક્યોરીટી મેન |
| | | | ૬ | વાયરમેન |

| ક્રમ | તાલુકો | તાલુકમાં ચાલતા કોર્ષની સંખ્યા | ક્રમ | કોર્ષનું નામ |
|---|---|---|---|---|
| | | | ૭ | ઈલેક્ટ્રોનિક્સ મિકેનીક |

(૨) (૧) સરકારી આઈ.ટી.આઈ. માં મંજૂર થયેલ મહેકમ સામે નીચે મુજબનાં અભ્યાસક્રમોમાં સ્ટાફની ઘટ છે.

| ક્રમ | કોર્ષનું નામ | ઘટ સ્ટાફ |
|---|---|---|
| ૧ | ઈન્ફર્મેશન ટેક્નોલોજી | ૧ |
| ૨ | ઈલેક્ટ્રીશ્યન | ૧ |
| ૩ | કટીંગ એન્ડ ટેલરીંગ | ૧ |
| ૪ | કોમ્પ્યુટર ઓપરેટર કમ પ્રોગ્રામીંગ આસીસ્ટન્ટ | ૩ |
| ૫ | પેન્ટર (જનરલ) | ૧ |
| ૬ | ફીટર | ૨ |
| ૭ | મશીનીષ્ટ | ૧ |
| ૮ | મિકેનીક ડીઝલ | ૨ |
| ૯ | મિકેનીક મોટર વ્હીકલ | ૨ |
| ૧૦ | રેફ્રીજરેટર એન્ડ એરકંડીશનર મિકેનીક | ૧ |
| ૧૧ | વેલ્ડર | ૧ |
| ૧૨ | સર્ટિફીકેટ કોર્સ ઈન ઈ-કોમર્સ | ૧ |
| ૧૩ | સીઓઈ આઈ.ટી. એડવાન્સ મોડયુલ | ૨ |
| એચબી-૬૯૩-૭ | ો અંગ્રેજી | ૧ |
| | કુલ : | ૨૦ |

(૨) ગ્રાન્ટ ઈન એઈડ ઓદ્યોગિક તાલીમ કેન્દ્રોમાં સ્ટાફની ઘટ નથી.

(૩) નિયામકશ્રી, રોજગાર અને તાલીમનાં તા.૧૧-૬-૨૦૦૯ના પત્ર ક્રમાંક : મકમ/વ-૩(૧)/કો.સ./સુ.ઈ.કો./૨૦૦૯/૬૬૮૩ અને તા.૧૭-૧૧-૨૦૦૯ ના પત્ર ક્રમાંક : મકમ/વ-૩(૧)/ કો.સ./ સુ.ઈ./ ૨૦૦૯/૧૨૩૩૮ થી રાજ્યની આઈ.ટી.આઈ. ઓની કુલ ૧૯૮૭ ખાલી જ્યાઓ ભરવા ગોણ સેવા પસંદગી મંડળને માંગણા પત્રક મોકલી આપેલ છે. દરમ્યાનમાં કુલ : ૧૩૫૨ જ્યાઓ (ખેડા જિલ્લા સિવાય) ૧૧ માસના કરારના ધોરણે ભરવા માટેના તા.૨૫-૮-૨૦૧૦ ના રોજ આદેશો કરવામાં આવેલ છે. તે અન્વયે ગાંધીનગર જિલ્લાની ઘટ હાલના તબક્કે પૂરવામાં આવેલ છે.

-------------

## માંડવી તાલુકામાં સિંચાઈ માટે ગ્રાન્ટની ફાળવણી

અતારાંકિત : ૩૮૧૯ (૧૬-૮-૨૦૧૦): **શ્રી ધનજીભાઈ ગો.સેંધાણી (માંડવી) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) કચ્છ જિલ્લામાં માંડવી તાલુકામાં તા. ૩૧-૩-૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ(૩) વર્ષમાં ટપક સિંચાઈ માટે કેટલી ગ્રાન્ટની ફાળવણી કરી, કેટલી સબસીડી ચૂકવી અને કેટલા હેકટર જમીનને એને લાભ મળ્યો?

**જળસંપત્તિ મંત્રીશ્રી** (૧૭-૯-૨૦૧૦) :

(૧) કચ્છ જિલ્લામાં માંડવી તાલુકામાં તા. ૩૧-૩-૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ(૩) વર્ષમાં ટપક સિંચાઈ માટે ૮૦૦.૩૮ લાખ સબસીડી ચૂકવેલ છે અને ૧૬૮૩.૮૧ હેકટર જમીનને એનો લાભ મળેલ છે રાજ્યમાં ટપક ફુવારા પધ્ધતિ માટે કુલ રૂપિયા ૫૧૫૦૦ લાખ ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવેલ છે. વધુમાં રાજ્ય સરકાર દ્વારા કોઈ ચોક્કસ વિસ્તાર માટે ગ્રાન્ટની ફાળવણી કે જોગવાઈ કરવામાં આવતી નથી, પરંતુ ખેડૂત લાભાર્થીઓમાં માંગ ઉભી કરી ટપક પધ્ધતિ અપનાવવા પ્રેરીત કરવામાં આવે છે. આ સીસ્ટમ અમર્યાદિત વિસ્તાર માટે ખેડૂતોની માંગણી મુજબ કોઈપણ જાતના જાતિવાર કે જમીન ધારક્તાના વર્ગીકરણના બાંધછોડને ધ્યાને લીધા સિવાય દરેક ખેડૂતોની અરજી ગ્રાહય રાખી મંજૂર કરવામાં આવે છે. જેથી ટપક પધ્ધતિ અપનાવવા માટેના ખેડૂત લાભાર્થીઓના અરજી પત્રકો મળયેથી આગળની કાર્યવાહી કરવામાં આવે છે. આમ કચ્છ જિલ્લામાં આ ચોક્કસ વિસ્તાર માટે અલગથી ગ્રાન્ટની કોઈ ફાળવણી થયેલ નથી.

-------------

### જામનગર જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના હેઠળ રોજગારી આપવા બાબત

અતારાંક્તિ : ૨૫૫૭ (૧૯-૩-૨૦૦૯): **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) જામનગર જિલ્લામાં સને ૨૦૦૯માં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના અન્વયે કેટલા લોકોને લઘુત્તમ ૧૦૦ દિવસની રોજગારી મળવાપાત્ર હતી,

(૨) તેની સામે કેટલા દિવસની રોજગારી મળી, અને

(૩) તમામ મળવાપાત્ર લોકોને ૧૦૦ દિવસ રોજગારી ન આપવાના શાં કારણો છે?

**ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (૧૩-૯-૨૦૧૦) :

(૧) મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના માંગણી આધારીત હોઈ સવેતન રોજગારીની જરૂરીયાતવાળા અને શારિરીક શ્રમ કરવા તથા બીનકુશળ કામ કરવા ઈચ્છુક જોબકાર્ડ ધરાવતા હોય તેવા રોજગારીની માંગણી કરેલ ૧૩૯૮૪ કુંટુબોને રોજગારી મળવાપાત્ર હતી.

(૨) જોબકાર્ડ આપેલ હોય અને કામની માંગણી કરેલ હોય તેવા ૧૩૯૮૪ કુટુંબોને રોજગારી આપવામાં આવેલ છે. જેની કુટુંબ દીઠ અને મેળવેલ રોજગારીના દિનની માહિતી નીચે મુજબ છે.

| અ.નં. | કુટુંબની સંખ્યા | કેટલા દિવસની રોજગારી આપી |
|---|---|---|
| ૧ | ૨૦૦૬ | ૧ થી ૧૦ |
| ૨ | ૩૪૯૫ | ૧૧ થી ૨૦ |
| ૩ | ૨૭૪૫ | ૨૧ થી ૩૦ |
| ૪ | ૧૪૨૦ | ૩૧ થી ૪૦ |
| ૫ | ૧૬૨૯ | ૪૧ થી ૫૦ |
| ૬ | ૮૮૪ | ૫૧ થી ૬૦ |
| ૭ | ૫૬૫ | ૬૧ થી ૭૦ |
| ૮ | ૪૧૦ | ૭૧ થી ૮૦ |
| ૯ | ૩૮૯ | ૮૧ થી ૯૯ |
| ૧૦ | ૯૪૧ | ૧૦૦ દિવસ પૂર્ણ |
| | કુલ ૧૩૯૮૪ | |

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

### ભરૂચ અને નર્મદા જિલ્લામાં ટોટલ સેનીટેશન પોગ્રામ નીચે શોચાલયો બનાવવા બાબત

અતારાંક્તિ : ૨૭૦૧ (૧૮-૬-૨૦૧૦): **શ્રી અમરસિંહ વસાવા (દેડીયાપાડા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) ભરૂચ અને નર્મદા જિલ્લામાં તાલુકાવાર તા. ૩૧-૩-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ટોટલ સેનીટેશન કમ્પેઈન યોજના હેઠળ એ.પી.એલ. અને બી.પી.એલ. માટે કેટલા શોચાલય બનાવવામાં આવ્યા,

(૨) એ.પી.એલ. અને બી.પી.એલ. માટે કેટલી સહાય અરજદારોને ચુકવવાપાત્ર છે,

(૩) તે મુજબ કેટલી સહાય ચુકવવામાં આવી, અને કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો,

(૪) કુલ કેટલી રકમ ચૂકવવાની બાકી છે, અને

(૫) તે સહાય કેટલા સમયમાં ચુકવવામાં આવશે?

**ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (૧૩-૯-૨૦૧૦) :

(૧) ભરૂચ અને નર્મદા જિલ્લામાં તાલુકાવાર તા. ૩૧-૩-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ટોટલ સેનીટેશન કમ્પેઈન યોજના હેઠળ એ.પી.એલ. અને બી.પી.એલ. માટે બાંધવામાં આવેલ શોચાલયોની વિગત નીચે મુજબ છે.

(૨)

| ક્રમ | ભરૂચ જિલ્લો તાલુકાનું નામ | બી.પી.એલ. લાભાર્થી માટે વ્યક્તિગત શોચાલય | એ.પી.એલ. લાભાર્થી માટે વ્યક્તિગત શોચાલય | કુલ લાભાર્થી વ્યક્તિગત શોચાલય |
|---|---|---|---|---|
| ૧ | જંબુસર | ૩૧૫૯ | ૪૭૮૦ | ૭૯૩૯ |
| ૨ | આમોદ | ૩૭૧૩ | ૨૨૯૮ | ૬૦૧૧ |
| ૩ | વાગરા | ૯૬૫ | ૧૦૭૯ | ૨૦૪૪ |
| ૪ | ભરૂચ | ૪૮૮૯ | ૫૦૩૬ | ૯૯૨૫ |

| ક્રમ | ભરૂચ જિલ્લો તાલુકાનું નામ | બી.પી.એલ. લાભાર્થી માટે વ્યક્તિગત શોચાલય | એ.પી.એલ. લાભાર્થી માટે વ્યક્તિગત શોચાલય | કુલ લાભાર્થી વ્યક્તિગત શોચાલય |
|---|---|---|---|---|
| ૫ | અંકલેશ્વર | ૨૮૮૪ | ૪૩૨૨ | ૭૧૬૬ |
| ૬ | હાંસોટ | ૧૮૨૮ | ૩૦૯૮ | ૪૯૨૬ |
| ૭ | વાલીયા | ૬૨૭૦ | ૪૧૨૦ | ૧૦૩૯૦ |
| ૮ | જ્ઘડીયા | ૪૮૭૫ | ૪૩૦૦ | ૯૧૭૫ |
| | કુલ | ૨૮૫૪૩ | ૨૯૦૩૩ | ૫૭૫૭૬ |
| **નર્મદા જિલ્લો** | | | | |
| ૧ | નાંદોદ | ૮૨૧૭ | ૫૬૫૨ | ૧૩૮૬૯ |
| ૨ | ડેડીયાપાડા | ૬૭૭૨ | ૨૦૭૮ | ૮૮૫૦ |
| ૩ | સાગબારા | ૩૯૮૪ | ૮૮૦ | ૪૮૬૪ |
| ૪ | તિલકવાડા | ૨૪૪૮ | ૧૨૦૦ | ૩૬૪૮ |
| | **કુલ** | **૨૧૪૨૧** | **૯૮૧૦** | **૩૧૨૩૧** |
| | **એકંદરે કુલ** | **૪૯૯૬૪** | **૩૯૮૪૩** | **૮૮૮૦૭** |

(૨) એ.પી.એલ. અને બી.પી.એલ. માટે લાભાર્થીઓને નીચેની વિગતે સહાય અરજદારોને ચૂક્વવાપાત્ર છે.

| ક્રમ | તાલુકાનું નામ | ચુક્વવાપાત્ર પ્રોત્સાહક સહાયની રકમ (રૂા. લાખમાં) | | |
|---|---|---|---|---|
| | | બી.પી.એલ. લાભાર્થી | એ.પી.એલ. લાભાર્થી | કુલ લાભાર્થીઓને |
| ૧ | જંબુસર | ૬૫.૦૦ | ૩૮.૨૦ | ૧૦૩.૨૦ |
| ૨ | આમોદ | ૭૯.૮૩ | ૨૨.૯૪ | ૧૦૨.૭૭ |
| ૩ | વાગરા | ૧૯.૬૩ | ૮.૩૧ | ૨૭.૯૪ |
| ૪ | ભરૂચ | ૧૦૫.૦૬ | ૪૪.૫૧ | ૧૪૯.૫૭ |
| ૫ | અંકલેશ્વર | ૫૭.૮૭ | ૩૮.૦૪ | ૯૫.૯૧ |
| ૬ | હાંસોટ | ૩૯.૯૨ | ૨૭.૧૨ | ૬૭.૦૪ |
| ૭ | વાલીયા | ૧૩૬.૦૦ | ૩૭.૮૨ | ૧૭૩.૮૨ |
| ૮ | જ્ઘડીયા | ૧૦૧.૫૫ | ૪૨.૫૭ | ૧૪૪.૧૨ |
| | **કુલ** | **૬૦૪.૮૬** | **૨૫૯.૫૧** | **૮૬૪.૩૭** |
| **નર્મદા જિલ્લો** | | | | |
| ૧ | નાંદોદ | ૧૮૦.૭૭ | ૪૯.૧૭ | ૨૨૯.૯૧ |
| ૨ | ડેડીયાપાડા | ૧૪૮.૯૮ | ૨૫.૯૮ | ૧૭૪.૯૬ |
| ૩ | સાગબારા | ૬૩.૪૧ | ૧૧.૦૦ | ૭૪.૪૧ |
| ૪ | તિલકવાડા | ૨૯.૩૮ | ૯.૦૦ | ૩૮.૩૮ |
| | **કુલ** | **૪૨૨.૫૪** | **૯૫.૧૨** | **૫૧૭.૬૬** |
| | **એકંદરે કુલ** | **૧૦૨૭.૪૦** | **૩૫૪.૬૩** | **૧૩૮૨.૦૩** |

(૩) લાભાર્થીઓને ચુક્વવામાં આવેલ સહાય અને થયેલ ખર્ચની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | ચુક્વવામાં આવેલ પ્રોત્સાહક સહાયની રકમ (રૂા. લાખમાં) | | |
|---|---|---|---|---|
| | | બી.પી.એલ. લાભાર્થીઓને | એ.પી.એલ. લાભાર્થીઓને | કુલ ખર્ચ |
| ૧ | જંબુસર | ૬૫.૦૦ | ૩૮.૨૦ | ૧૦૩.૨૦ |
| ૨ | આમોદ | ૭૯.૮૩ | ૨૨.૯૪ | ૧૦૨.૭૭ |
| ૩ | વાગરા | ૧૯.૬૩ | ૮.૩૧ | ૨૭.૯૪ |
| ૪ | ભરૂચ | ૧૦૫.૦૬ | ૪૪.૫૧ | ૧૪૯.૫૭ |
| ૫ | અંકલેશ્વર | ૫૭.૮૭ | ૩૮.૦૪ | ૯૫.૯૧ |
| ૬ | હાંસોટ | ૩૯.૯૨ | ૨૭.૧૨ | ૬૭.૦૪ |
| ૭ | વાલીયા | ૧૩૬.૦૦ | ૩૭.૮૨ | ૧૭૩.૮૨ |
| ૮ | જ્ઘડીયા | ૧૦૧.૫૫ | ૪૨.૫૭ | ૧૪૪.૧૨ |
| | **કુલ** | **૬૦૪.૮૬** | **૨૫૯.૫૧** | **૮૬૪.૩૭** |
| **નર્મદા જિલ્લો** | | | | |
| ૧ | નાંદોદ | ૧૮૦.૭૭ | ૪૯.૧૭ | ૨૨૯.૯૧ |
| ૨ | ડેડીયાપાડા | ૧૪૮.૯૮ | ૨૫.૯૮ | ૧૭૪.૯૬ |
| ૩ | સાગબારા | ૬૩.૪૧ | ૧૧.૦૦ | ૭૪.૪૧ |
| ૪ | તિલકવાડા | ૨૯.૩૮ | ૯.૦૦ | ૩૮.૩૮ |
| | **કુલ** | **૪૨૨.૫૪** | **૯૫.૧૨** | **૫૧૭.૬૬** |
| | **એકંદરે કુલ** | **૧૦૨૭.૪૦** | **૩૫૪.૬૩** | **૧૩૮૨.૦૩** |

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૫) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## નર્મદા અને ભરૂચ જિલ્લામાં હરિયાળી યોજનામાં પસંદ થયેલ ગામ

અતારાંક્તિ : ૨૭૦૨ (૧૮-૬-૨૦૧૦)**: શ્રી અમરસિંહ વસાવા (દેડીયાપાડા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) નર્મદા અને ભરૂચ જિલ્લામાં તાલુકાવાર તા. ૩૦-૪-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં હરિયાળી યોજના હેઠળ કેટલા ગામો પસંદ કરવામાં

(૨) પસંદ કરેલ ગામોના ક્યા ક્યા કામો મંજુર થયેલ છે, અને

(૩) મંજુર થયેલ કામો પેકી ક્યા ક્યા કામો પૂર્ણ કરવામાં આવેલ છે, અને કેટલા બાકી છે?

**ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (૧૩-૯-૨૦૧૦) :

(૧) શૂન્ય

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---

**જુનાગઢ જિલ્લામાં ગ્રામીણ રોજગાર ગેરંટી યોજનામાં જોબકાર્ડ આપવા બાબત**

અતારાંક્તિ : ૨૭૦૭(૧૭-૬-૨૦૦૯)**: શ્રી ધીરસિંહ બારડ (કોડીનાર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગ્રામીણ રોજગાર ગેરંટી યોજનામાં જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર કેટલા જોબ કાર્ડ આપવામાં આવ્યા,

(૨) તે પૈકી તાલુકાવાર કેટલા લોકોને રોજગારી આપવામાં આવી,

(૩) તાલુકાવાર અને વર્ષવાર આ માટે કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૪) ઉક્ત સ્થિતિએ તાલુકાવાર મજૂરીની કેટલી રકમ ચૂકવવાની બાકી છે?

**ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (૧૩-૯-૨૦૧૦) :

(૧) તા. ૩૧-૧૨-૦૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજનામાં જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર નીચે મુજબ જોબકાર્ડ આપવામાં આવ્યા.

| **અ.નં.** | **તાલુકાનું નામ** | **આપવામાં આવેલ જોબકાર્ડની સંખ્યા** |
|---|---|---|
| ૧ | ભેંસાણ | ૫૧૨૩ |
| ૨ | જુનાગઢ | ૬૭૧૨ |
| ૩ | કેશોદ | ૧૦૪૫૧ |
| ૪ | કોડીનાર | ૭૨૨૭ |
| ૫ | માળીયા-હાટીના | ૧૨૮૩૬ |
| ૬ | માણાવદર | ૧૦૧૦૩ |
| ૭ | માંગરોળ | ૧૧૨૯૧ |
| ૮ | મેંદરડા | ૫૫૮૫ |
| ૯ | સુત્રાપાડા | ૨૫૦૦ |
| ૧૦ | તાલાળા | ૯૦૦૦ |
| ૧૧ | ઉના | ૨૩૩૬૫ |
| ૧૨ | વંથલી | ૫૧૧૫ |
| ૧૩ | વેરાવળ | ૮૧૦૨ |
| ૧૪ | વિસાવદર | ૮૩૨૦ |
| | **કુલ** | **૧૨૫૭૩૦** |

(૨) તે પૈકી તાલુકાવાર આપવામાં આવેલ રોજગારીની વિગતો નીચે મુજબ છે.

| **અ.નં.** | **તાલુકાનું નામ** | **શ્રમીકોને આપવામાં આવેલ રોજગારી** |
|---|---|---|
| ૧ | ભેંસાણ | ૧૩૪૯ |
| ૨ | જુનાગઢ | ૬૭૮ |
| ૩ | કેશોદ | ૩૮૭૪ |
| ૪ | કોડીનાર | ૧૮૮૩ |
| ૫ | માળીયા-હાટીના | ૮૨૩૬ |
| ૬ | માણાવદર | ૧૭૮૧ |
| ૭ | માંગરોળ | ૩૧૪૦ |
| ૮ | મેંદરડા | ૧૩૧૭ |
| ૯ | સુત્રાપાડા | ૪૩૨ |
| ૧૦ | તાલાળા | ૧૨૭૦ |

| અ.નં. | તાલુકાનું નામ | શ્રમીકોને આપવામાં આવેલ રોજગારી |
|---|---|---|
| ૧૧ | ઉના | ૮૪૧૭ |
| ૧૨ | વંથલી | ૧૩૧૩ |
| ૧૩ | વેરાવળ | ૨૬૦૪ |
| ૧૪ | વિસાવદર | ૧૦૦૫૯ |
| | **કુલ** | **૪૬૩૫૩** |

(૩) તાલુકાવાર અને વર્ષવાર થયેલ ખર્ચની વિગતો નીચે મુજબ છે

| અ.નં. | તાલુકાનું નામ | (રૂા. લાખમાં) | |
|---|---|---|---|
| | | **૨૦૦૭-૦૮** | **૨૦૦૮-૦૯** |
| ૧ | ભેંસાણ | -- | ૧૨૩.૫૪ |
| ૨ | જુનાગઢ | -- | ૪૨.૪૬ |
| ૩ | કેશોદ | -- | ૨૦૮.૨૪ |
| ૪ | કોડીનાર | -- | ૨૭.૦૮ |
| ૫ | માળીયા-હાટીના | -- | ૩૯૭.૯૨ |
| ૬ | માણાવદર | -- | ૭૭.૫૮ |
| ૭ | માંગરોળ | -- | ૧૧૪.૦૦ |
| ૮ | મેંદરડા | -- | ૮૪.૭૯ |
| ૯ | સુત્રાપાડા | -- | ૩૪.૦૧ |
| ૧૦ | તાલાળા | -- | ૩૭.૮૨ |
| ૧૧ | ઉના | -- | ૧૦૦૬.૬૯ |
| ૧૨ | વંથલી | -- | ૩૪.૦૦ |
| ૧૩ | વેરાવળ | -- | ૬૯.૩૨ |
| ૧૪ | વિસાવદર | -- | ૨૬૯.૮૬ |
| **૧૫** | જિ.ગ્રા.વિ.એ. કક્ષાએ (વહીવટી ખર્ચ પેટે) | ૪.૦૩ | **૧૦૮.૦૫** |
| | કુલ | ૪.૦૩ | **૨૬૩૫.૩૬** |

(૪) તાલુકાવાર મજૂરીની કેટલી રકમ ચુકવવાની બાકીમાં છે તેની વિગત

| અ.નં. | તાલુકાનું નામ | ચુકવવાની બાકી રકમ (રૂા. લાખમાં) |
|---|---|---|
| ૧ | ભેંસાણ | ૩.૩૨ |
| ૨ | જુનાગઢ | ૧.૨૮ |
| ૩ | કેશોદ | ૦.૧૩ |
| ૪ | કોડીનાર | ૨.૨૪ |
| ૫ | માળીયા-હાટીના | ૫.૨૯ |
| ૬ | માણાવદર | ૦.૦૦ |
| ૭ | માંગરોળ | ૧.૧૪ |
| ૮ | મેંદરડા | ૫.૮૨ |
| ૯ | સુત્રાપાડા | ૦.૯૪ |
| ૧૦ | તાલાળા | ૬.૬૨ |
| ૧૧ | ઉના | ૮.૦૦ |
| ૧૨ | વંથલી | ૦.૯૫ |
| ૧૩ | વેરાવળ | ૧૨.૫૯ |
| ૧૪ | વિસાવદર | ૩.૬૬ |
| | **કુલ** | **૫૧.૯૮** |

--------

## કોડીનાર તાલુકામાં વોટરશેડ યોજના નીચે થયેલ કામ

અતારાંક્તિ : ૨૭૦૮ (૧૭-૬-૨૦૧૦): **શ્રી ધીરસિંહ બારડ (કોડીનાર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) જુનાગઢ જિલ્લામાં કોડીનાર તાલુકામાં તા.૩૧-૧૨-૦૯ની સ્થિતિએ વોટરશેડ યોજના નીચે છેલ્લા પાંચ વર્ષમાં ક્યા ક્યા ગામોમાં ક્યા ક્યા કામો માટે ગ્રાન્ટ ફાળવવામાં આવી,

(૨) તે પેકી કેટલા કામ પૂર્ણ થયા અને કેટલી ગ્રાન્ટનો વપરાશ થયો,

(૩) કેટલા કામ અધૂરા છે અને કેટલા કામ બાકી છે, અને

(૪) જો પૂરેપૂરી ગ્રાન્ટ ન વપરાઇ હોય તો તેનાં શા કારણો છે ?

**ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (૧૩-૯-૨૦૧૦) :

(૧) આ સાથે સામેલ પત્રક મુજબ :

(૨) આ સાથે સામેલ પત્રક મુજબ :

(૩) આ સાથે સામેલ પત્રક મુજબ :

(૪) આ સાથે સામેલ પત્રક મુજબ :

### પત્રક

### ગ્રામ્ય કક્ષાએ વર્ષ વાઇઝ ફાળવેલ ગ્રાન્ટ સામે મંજૂર કરેલી કામની વિગત (રૂા. લાખમાં)

| ક્રમ | ગામનું નામ | ગ્રાન્ટ ફાળવેલ વર્ષ | ક્રમ | મંજુર કરેલ કામની વિગત | એકમ | ફાળવેલ રકમ | પૂર્ણ થયેલ છે? હા | જો હા તો થયેલ ખર્ચ | અધુરૂ છે કે બાકી છે | કામ અધુરૂ કે બાકી રહેવાના કારણો |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |
| ૧ | કંટાળા | ૨૦૦૫ | ૧ | બાગાયત (હે.) | ૧૫ | ૦.૮૭ | - | - | અધુરૂ | કામ પ્રગતિમાં છે |
| | | ૨૦૦૬ | - | - | - | - | - | - | - | |
| | | ૨૦૦૭ | - | - | - | - | - | - | - | |
| ૧ | અબડાસા | કચ્છ જિલ્લામાં અબડાસા, લખપત અને નખત્રાણા તાલુકામાં ધાન્ય પાકોનું ઉત્પાદન વધારવા માટે ખેડૂતોને ટ્રેક્ટર, પાવર ટ્રીલર, પાવર સંચાલીત ખેત ઓજારો, થ્રેશર, ફીલ્ડ ડેમોસ્ટ્રેશન, ખેડૂત તાલીમ, સૂક્ષ્મ તત્વો, પ્રમાણિત બીજ વિતરણ, ખાસ પ્રકારના ખેત ઓજારો વગેરે ઘટકોમાં સહાય આપવામાં આવે છે. વખતો વખત ધાન્ય પાકો અંતર્ગત તાંત્રિક માર્ગદર્શન આપવામાં આવે છે. | ૨,૨૨,૬૦૦/- | ૧,૨૬,૫૦૦/- | ૩,૩૯,૦૦૦/- | ૬,૮૮,૧૦૦/- |
| ૨ | લખપત | ઉપર મુજબ | ૧૬,૦૦૦/- | ૪૭,૦૦૦/- | ૧,૩૮,૦૦૦/- | ૨,૦૧,૦૦૦/- |
| ૩ | નખત્રાણા | ઉપર મુજબ | ૧,૯૪,૦૦૦/- | ૩,૬૬,૦૦૦/- | ૪,૦૭,૦૦૦/- | ૯,૬૭,૦૦૦/- |
| | | **કુલ :** | | | | **૧૮,૫૬,૧૦૦/-** |

(૩) આગળના વર્ષોની સરખામણીએ સાનુકુળ વરસાદ ન થવાથી ધાન્ય પાકોના ઉત્પાદનમાં છેલ્લા ત્રણ વર્ષમાં નોંધપાત્ર વધારો થવા પામેલ નથી.

------------

## ગાંધીનગર જિલ્લાની પ્રાથમિક શાળામાં માળખાકીય સુવિધાઓ અંગે

અતારાંક્તિ : ૩૭૩૭ **: શ્રી સુરેશકુમાર ચ. પટેલ (કલોલ)** : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧-૩-૧૦ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર કેટલી પ્રાથમિક શાળાઓમાં વીજળીકરણ, શૌચાલયો, પીવાના પાણીની લાઇન અને કંપાઉન્ડ વોલ જેવી માળખાકીય સુવિધાઓ બાકી છે,

(૨) આ શાળાઓમાં માળખાકીય સુવિધાઓ કેટલા સમયમાં આપવામાં આવશે, અને

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી શાળાઓને આવી સુવિધાઓ પૂરી પાડવામાં આવી અને કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**શિક્ષણ મંત્રીશ્રી** (૨૨-૯-૨૦૧૦) :

(૧) ગાંધીનગર જિલ્લાની તમામ પ્રાથમિક શાળાઓમાં પીવાના પાણી સુચારુ વ્યવસ્થા છે. જ્યારે તાલુકાવાર નીચે મુજબ શાળાઓમાં વીજળીકરણ, શોચાલય અને ક્મ્પાઉન્ડ વોલની વ્યવસ્થા નથી.

| ક્રમ | તાલુકાનું નામ | તાલુકામાં આવેલ શાળાઓ | વીજળીકરણ | શોચોલય | ક્મ્પાઉન્ડ વોલ |
|---|---|---|---|---|---|
| ૧ | ગાંધીનગર | ૧૫૪ | ૦૨ | ૦૨ | ૦૩ |
| ૨ | દહેગામ | ૨૨૧ | ૦૨ | ૦૧ | ૦૫ |
| ૩ | કલોલ | ૧૨૦ | ૦૦ | ૦૧ | ૦૩ |
| ૪ | માણસા | ૧૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | **કુલ :** | **૫૯૬** | **૦૪** | **૦૪** | **૧૧** |

(૨) જેમ બને તેમ જલ્દીથી.

(૩) છેલ્લા એક વર્ષમાં ૧૧ પ્રાથમિક શાળાઓમાં પીવાના પાણીની સુવિધા પુરી પાડવા રૂા. ૪,૮૦,૭૪૪/- નો ખર્ચ કરવામાં આવેલ છે. જ્યારે ૧૨ પ્રાથમિક શાળાઓને વીજળીકરણ સુવિધા પુરી પાડવા માટે રૂા. ૨,૫૦,૦૦૦/- નો ખર્ચ કરવામાં આવેલ છે.

------------

## ગાંધીનગર જિલ્લાની શાળાઓમાં મંજૂર મહેકમ

અતારાંક્તિ : ૩૭૩૯ (૫-૮-૨૦૧૦) **: શ્રી સુરેશકુમાર ચ. પટેલ (કલોલ)** : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) ગાંધીનગર જિલ્લામાં સરકાર સંચાલીત માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તાલુકાવાર ક્યા ક્યા સ્થળે આવેલી છે,

(૨) આ અન્વયે તારીખ ૩૧-૦૩-૨૦૧૦ની સ્થિતિએ આ શાળાઓમાં મંજૂર મહેકમ કેટલુ છે,

(૩) મંજૂર થયેલ મહેકમ સામે ખાલી જ્ગ્યાઓ કેટલી અને ક્યા ક્યા વિષયની છે, અને

(૪) આ ખાલી જ્ગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે ?

**શિક્ષણ મંત્રીશ્રી** (૨૭-૯-૨૦૧૦) :

(૧)

| ક્રમ | શાળા | સ્થળ | તાલુકો |
|---|---|---|---|
| ૧ | સરદાર વલ્લભભાઈ પટેલ વિદ્યામંદીર, સે.-૭ | ગાંધીનગર | ગાંધીનગર |
| ૨ | સ્વામી વિવેકાનંદ વિદ્યાવિહાર, સે.-૧૨ | ગાંધીનગર | ગાંધીનગર |
| ૩ | સ્વામી રામકૃષ્ણ પરમહંસ વિદ્યાધામ, સે.-૧૫ | ગાંધીનગર | ગાંધીનગર |
| ૪ | મહાત્મા ગાંધી વિદ્યામંદીર, સે.-૧૬ | ગાંધીનગર | ગાંધીનગર |
| ૫ | સુભાષચંદ્ર બોઝ શિક્ષણ સંકુલ, સે.-૨૦ | ગાંધીનગર | ગાંધીનગર |
| ૬ | આર્યભટ્ટ માધ્યમિક શાળા, સે.-૨૨ | ગાંધીનગર | ગાંધીનગર |
| ૭ | મહારાણા પ્રતાપ વિદ્યામંદીર, સે.-૨૭ | ગાંધીનગર | ગાંધીનગર |
| ૮ | વીર ભગતસિંહ વિદ્યાશ્રમ, સે. ૨૪ | ગાંધીનગર | ગાંધીનગર |
| ૯ | ઝાંસી રાણી વિદ્યાલય, સે.-૨૯ | ગાંધીનગર | ગાંધીનગર |
| ૧૦ | ડૉ. વિક્રમ સારાભાઈ વિદ્યાલય, પાલજ | પાલજ | ગાંધીનગર |
| ઉચ્ચતર માધ્યમિક શાળાઓ | | | |
| ૧ | સરદાર વલ્લભભાઈ પટેલ વિદ્યામંદીર, સે.-૭ | ગાંધીનગર | ગાંધીનગર |
| ૨ | સ્વામી વિવેકાનંદ વિદ્યાવિહાર, સે.-૧૨ | ગાંધીનગર | ગાંધીનગર |
| ૩ | સ્વામી રામકૃષ્ણ પરમહંસ વિદ્યાધામ, સે.-૧૫ | ગાંધીનગર | ગાંધીનગર |
| ૪ | મહાત્મા ગાંધી વિદ્યામંદીર, સે.-૧૬ | ગાંધીનગર | ગાંધીનગર |
| ૫ | ઝાંસી રાણી વિદ્યાલય, સે.-૨૯ | ગાંધીનગર | ગાંધીનગર |
| ૬ | સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળા, દહેગામ | દહેગામ | દહેગામ |

(૨) મંજૂર થયેલ મહેકમ નીચે મુજબ છે.

| શૈક્ષણિક કર્મચારીઓ | | બિન શૈક્ષણિક કર્મચારીઓ | |
|---|---|---|---|
| માધ્યમિક | ઉચ્ચતર માધ્યમિક | માધ્યમિક | ઉચ્ચતર માધ્યમિક |
| ૪૭ | ૬૧ | ૫૨ | ૧૪ |

(૩)

| ખાલી જ્યાની વિગતો | શૈક્ષણિક કર્મચારીઓ | |
|---|---|---|
| | માધ્યમિક | ઉચ્ચતર માધ્યમિક |
| આચાર્ય | ૨ | ૦ |
| સમાજવિદ્યા | ૧ | ૦ |
| શા.શિ. | ૧ | ૦ |
| અંગ્રેજી/સંસ્કૃત | ૧ | ૦ |
| અંગ્રેજી | ૦ | ૧ |
| રસાયણ વિજ્ઞાન | ૦ | ૧ |
| કુલ : | ૫ | ૨ |

(૪) ઉચ્ચતર માધ્યમિક શાળામાં ભરતી માટે મંજૂરી આપવામાં આવેલ છે. માધ્યમિક શાળામાંથી ધોરણ ૮ પ્રાથમિક શાળામાં આવરી લેતા માધ્યમિક શાળામાંથી ફાજલ થતા શિક્ષકોને પ્રાથમિકમાં તબદીલ કરવાના થશે. આથી શિક્ષણ વિભાગના તારીખ ૨૬-૦૨-૧૦ ના પત્ર ક્રમાંક : બમશ-૧૩૧૦-૬૩૮-ગ થી માધ્યમિક શાળાઓમાં ભરતી પર પ્રતિબંધ મુકેલ છે. ફાજલ શિક્ષકોની ગણતરી કર્યા બાદ જ્યાઓ ભરવામાં આવશે.

------------

**ભરૂચ અને નર્મદા જિલ્લામાં અંત્યોદય યોજનામાં આપેલ અનાજ**

અતારાંક્તિ : ૩૬૨૦ (૩-૮-૨૦૧૦): **શ્રી અમરસિંહ વસાવા (દેડીયાપાડા) : માનનીય અન્ન નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) ભરૂચ અને નર્મદા જિલ્લામાં તા.૩૦-૬-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અંત્યોદય યોજના હેઠળ ક્યા ક્યા પ્રકારનું કેટલું અનાજ આપવામાં આવ્યું, અને

(૨) તે પૈકી કેટલો ફોર્ટીફાઇડ આટો આપવામાં આવ્યો ?

**નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (૪-૧૦-૨૦૧૦) :

(૧) ભરૂચ અને નર્મદા જિલ્લામાં તા.૩૦-૬-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અંત્યોદય યોજના હેઠળ ચોખા અને ઘઉંનો ફોર્ટીફાઇડ આટો નીચેની વિગતે આપવામાં આવે છે.

| અ.નં. | જિલ્લાનું નામ | ચોખા (આંકડા ક્વિ.માં) | ફોર્ટીફાઇડ ઘઉંનો આટો (આંકડા ક્વિ.માં) |
|---|---|---|---|
| ૧ | ભરૂચ | ૮૮૩૯૯ | ૧૦૨૨૨૪ |
| ૨ | નર્મદા | ૧૦૩૭૫૬ | ૧૧૯૪૦૭ |

(૨) ફોર્ટીફાઇડ ઘઉંનો આટો નીચે મુજબ આપવામાં આવે છે.

| અ.નં. | જિલ્લાનું નામ | ફોર્ટીફાઇડ ઘઉંનો આટો (આંકડા ક્વિ.માં) |
|---|---|---|
| ૧ | ભરૂચ | ૧૦૨૨૨૪ |
| ૨ | નર્મદા | ૧૧૯૪૦૭ |

------------

## રાજકોટ જિલ્લામાં અંત્યોદય યોજનામાં આપવામાં આવેલ અનાજ

અતારાંક્તિ : ૩૬૯૩ (૪-૮-૨૦૧૦): **શ્રી મહંમદ જાવેદ પીરઝાદા (વાંકાનેર ) : માનનીય અન્ન નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) રાજકોટ જિલ્લામાં તા.૩૦-૬-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અંત્યોદય યોજના હેઠળ ક્યા ક્યા પ્રકારનું કેટલું અનાજ આપવામાં આવ્યું, અને

(૨) તે પેકી કેટલો ફોર્ટીફાઇડ આટો આપવામાં આવ્યો ?

**નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (૨૨-૯-૨૦૧૦) :

(૧) રાજકોટ જિલ્લામાં તા.૩૦-૬-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અંત્યોદય યોજના હેઠળ ચોખા ૧૦૫૦૧૦ ક્વિન્ટલ તથા ફોર્ટીફાઇડ આટો ૯૬૯૧૧ ક્વિન્ટલ આપવામાં આવેલ છે.

(૨) ફોર્ટીફાઇડ આટો ૯૬૯૧૧ ક્વિન્ટલ આપવામાં આવેલ છે.

------------

## ખેડા જિલ્લામાં અંત્યોદય યોજનામાં અનાજ આપવા બાબત

અતારાંક્તિ : ૩૭૮૯ (૩-૮-૨૦૧૦): **શ્રી માનસિંહ ચૌહાણ (બાલાસિનોર) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) ખેડા જિલ્લામાં તા.૩૦-૬-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર અંત્યોદય યોજના હેઠળ ક્યા ક્યા પ્રકારનું અનાજ આપવામાં આવ્યું, અને

(૨) તે પેકી ફોર્ટીફાઈડ આટો કેટલો આપવામાં આવ્યો ?

**નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (૨૩-૯-૨૦૧૦) :

(૧) અને (૨) ખેડા જિલ્લામાં તા.૩૦-૬-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર અંત્યોદય યોજના હેઠળ ચોખા અને ઘઉંના આટાની નીચેની વિગતે ફાળવણી કરવામાં આવેલ છે.

| અ.નં. | તાલુકો | ચોખાની ફાળવણી (ક્વિ.માં) | ઘઉંનો આટો (ક્વિ.માં) |
|---|---|---|---|
| ૧ | નડીયાદ (શહેર) | ૧૦૨૭૮ | ૮૭૬૪.૯૩ |
| ૨ | નડીયાદ (ગ્રામ્ય) | ૧૧૮૧૮ | ૧૦૧૩૨.૦૮ |
| ૩ | માતર | ૧૯૩૦૮ | ૧૦૪૧૮.૮૩ |
| ૪ | ખેડા | ૧૨૯૧૬ | ૯૩૦૯.૨૦ |
| ૫ | મહેમદાવાદ | ૪૩૬૯૦ | ૩૦૩૧૮.૩૬ |
| ૬ | મહુધા | ૮૪૪૨ | ૭૫૫૬.૭૦ |
| ૭ | કઠલાલ | ૨૭૮૨૫ | ૨૦૦૪૦.૩૧ |
| ૮ | કપડવંજ | ૪૩૬૫૨ | ૩૦૩૮૪.૯૬ |
| ૯ | ઠાસરા | ૫૧૯૬૩ | ૩૬૭૦૩.૮૨ |
| ૧૦ | બાલાસિનોર | ૧૬૨૫૮ | ૧૪૭૭૮.૫૪ |
| ૧૧ | વિરપુર | ૧૧૬૮૦ | ૮૧૦૩.૫૬ |
| | **કુલ :** | **૨૫૭૮૩૦** | **૧૮૬૫૧૧.૨૯** |

------------

## બી.પી.એલ. કાર્ડ ધરાવતા લોકો કુટુંબથી છુટા પડતા એ.પી.એલ. કાર્ડ આપવા બાબત

અતારાંક્તિ : ૩૮૪૦ (૧૦-૮-૧૦): **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) રાજ્યમાં જિલ્લાવાર જુન-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ૨ વર્ષમાં બી.પી.એલ. કાર્ડ ધરાવતા સંયુક્ત કુટુંબથી છુટા પડેલા કેટલા લોકોને એ.પી.એલ કાર્ડ ઈસ્યુ થયા,

(૨) બી.પી.એલ.માંથી એ.પી.એલ. કાર્ડમાં ફેરવી નાખવાના શાં કારણો છે,

(૩) તેને માટે કોણ જવાબદાર છે, અને

(૪) જેઓ બી.પી.એલ. કુટુંબથી છુટા પડ્યા છે તેને બી.પી.એલ. કાર્ડ જ ઈસ્યુ કરવા સરકારે શા આદેશો આપ્યા છે ?

**નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (૨૯-૯-૨૦૧૦) :

(૧) રાજ્યમાં જિલ્લાવાર જુન-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બી.પી.એલ. કાર્ડ ધરાવતાં સંયુક્ત કુટુંબથી છુટા પડેલા ૪૩૭૧૨ લોકોને એપી.એલ કાર્ડ ઈસ્યુ કરવામાં આવેલ છે. જેનું જિલ્લાવાર પત્રક આ સાથે સામેલ છે.

(૨) બી.પી.એલ. રેશનકાર્ડમાંથી અલગ રેશનકાર્ડ મેળવવાની માંગણીની અરજી બાબતે ચકાસણી કરતાં અલગ રહેતા કુંટુંબની આર્થિક સ્થિતિની ખરાઈ કરીને ક્યા પ્રકારનું કાર્ડ આપવું તેનો નિર્ણય સંબધિત અધિકારીશ્રી દ્વારા લેવામાં આવે.

(૩) ખંડ-૨માં જણાવ્યા મુજબ પ્રશ્ન રહેતો નથી.

બી.પી.એલ. કુટુંબથી છુટા પડ્યા બાદ બી.પી.એલ. કાર્ડ જ ઈસ્યુ કરવાના કોઈ આદેશ નથી. પરંતુ વિભાજન કુટુંબની અરજી મળે પાત્રતાની ચકાસણી બાદ યોગ્ય કાર્ડ ઈસ્યુ કરવામાં આવે છે.

(૪) સરકારશ્રીના તા.૧૭-૪-૨૦૦૬ના પત્રમાં દર્શાવ્યા મુજબ બીપીએલ કાર્ડની કુલ સંખ્યા કરતાં ઈસ્યુ કરેલ કાર્ડની સંખ્યા વધે નહિ તેની તકેદારી રાખી પાત્રતા ન ધરાવતા બીપીએલ કાર્ડ રદ કરી તેની સામે તેટલી જ સંખ્યામાં પાત્રતા ધરાવતા બીપીએલ કુંટુંબોની અરજી મળે પાત્રતા ચકાસ્યા બાદ બીપીલ કાર્ડ ઈસ્યુ કરી શકાશે.

**પત્રક**

| અ.નં. | જિલ્લાનું નામ | ઈસ્યુ કરેલ એપીએલ કાર્ડ |
|---|---|---|
| (૧) | અમદાવાદ શહેર | ૨૮૭ |
| (૨) | અમદાવાદ જિલ્લો | ૧૩૪૮ |
| (૩) | અમરેલી | ૨૬૫૧ |
| (૪) | આણંદ | ૩૬૯૫ |
| (૫) | બનાસકાંઠા | ૨૨૦૧ |
| (૬) | ભરૂચ | ૬૬૪ |
| (૭) | ભાવનગર | ૫૫૪૩ |
| (૮) | દાહોદ | ૫૯૯ |
| (૯) | ડાંગ | -- |
| (૧૦) | ગાંધીનગર | ૯૭૦ |
| (૧૧) | જામનગર | ૧૧૮૫ |
| (૧૨) | જુનાગઢ | ૨૯૯૩ |
| (૧૩) | ખેડા | ૧૭૫૭ |
| (૧૪) | કચ્છ | ૪૨૪૯ |
| (૧૫) | મહેસાણા | ૯ |
| (૧૬) | નર્મદા | ૫૫૦ |
| (૧૭) | નવસારી | ૧૫૦ |
| (૧૮) | પંચમહાલ | ૩૨૭ |
| (૧૯) | પાટણ | ૫૭૯ |
| (૨૦) | પોરબંદર | ૨૬૮૧ |
| (૨૧) | રાજકોટ | ૩૧૬૭ |
| (૨૨) | સાબરકાંઠા | ૧૩૩૪ |
| (૨૩) | સુરેન્દ્રનગર | ૩૧૭૭ |
| (૨૪) | સુરત | ૮૯૨ |
| (૨૫) | તાપી | ૧૨૦૧ |
| (૨૬) | વડોદરા | ૧૦૮૪ |
| (૨૭) | વલસાડ | ૪૧૯ |
| | **કુલ** | **૪૩૭૧૨** |

------------

## ભરૂચ અને નર્મદા જિલ્લામાં વાહનો દ્વારા લાકડાની ચોરીના બનાવો

અતારાંક્તિ : ૩૬૨૩ (૪-૮-૨૦૧૦)**: શ્રી અમર સિંહ વસાવા (દેડીયાપાડા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) ભરૂચ અને નર્મદા જિલ્લામાં તારીખ ૩૦-૬-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વાહનો દ્વારા લાકડાની ચોરીના તાલુકાવાર કેટલા કેસો પકડવામાં આવ્યાં,

(૨) ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલા લાકડાનો જથ્થો પકડવામાં આવ્યો, અને

(૩) આ ગુનેગારો સામે શાં શાં પગલાં ભરવામાં આવ્યા?

**વન મંત્રીશ્રી** (૨૨-૯-૨૦૧૦) :

(૧) ભરૂચ અને નર્મદા જિલ્લામાં તારીખ ૩૦-૬-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વાહનો દ્વારા લાકડાની ચોરીના તાલુકાવાર નોંધાયેલા કેસોની સંખ્યા ૨૨૧ છે. જેની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | વર્ષ | તાલુકાવાઈઝ વૃક્ષ છેદન કેસો (ગુના)ની સંખ્યા | | |
|---|---|---|---|---|
| | | જિલ્લો | તાલુકો | કેસોની સંખ્યા |
| ૧ | ૨૦૦૮-૦૯ | ભરૂચ | અંકલેશ્વર | ૦૫ |
| | | | ભરૂચ | ૧૪ |
| | | | વાલીયા | ૨૦ |
| | | | વાગરા | ૦૧ |
| | | | ઝગડીયા | ૨૨ |
| | | | | **કુલ ૬૨** |
| | ૨૦૦૮-૦૯ | નર્મદા | નાંદોદ | ૦૯ |
| | | | ડેડીયાપાડા | ૧૦ |
| | | | તિલકવાડા | ૦૮ |
| | | | સાગબારા | ૦૩ |
| | | | | **કુલ ૩૦** |
| ૨ | ૨૦૦૯-૧૦ | ભરૂચ | અંકલેશ્વર | ૦૫ |
| | | | ભરૂચ | ૦૮ |
| | | | વાલીયા | ૧૩ |
| | | | વાગરા | ૦૬ |
| | | | ઝઘડીયા | ૧૬ |
| | | | જંબુસર | ૦૫ |
| | | | આમોદ | ૦૩ |
| | | | | **કુલ ૫૬** |
| | ૨૦૦૯-૧૦ | નર્મદા | નાંદોદ | ૧૬ |
| | | | ડેડીયાપાડા | ૧૩ |
| | | | તિલકવાડા | ૨૬ |
| | | | સાગબારા | ૦૯ |
| | | | | **કુલ ૬૪** |
| ૩ | ૨૦૧૦-૧૧ | ભરૂચ | અંકલેશ્વર | ૦૦ |
| | | | હાંસોટ | ૦૦ |
| | | | ભરૂચ | ૦૦ |
| | | | વાલીયા | ૦૦ |
| | | | ઝઘડીયા | ૦૦ |
| | | | | **કુલ ૦૦** |
| | ૨૦૧૦-૧૧ | નર્મદા | નાંદોદ | ૦૪ |
| | | | ડેડીયાપાડા | ૦૦ |
| | | | તિલકવાડા | ૦૨ |
| | | | સાગબારા | ૦૩ |
| | | | | **કુલ ૦૯** |

(૨) ઉક્ત સ્થિતિએ તાલુકાવાર પકડવામાં આવેલ લાકડાના જથ્થા અંગેની વિગત દર્શાવતું પત્રક-૧ સામેલ છે.

(૩) ગુનેગારો સામે ભારતીય વન અધિનિયમ ૧૯૨૭ની જોગવાઈઓ મુજબ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

**પત્રક-૧**

**ભરૂચ અને નર્મદા જિલ્લામાં તાલુકાવાર પકડાયેલ લાકડાના જથ્થાની વિગત દર્શાવતું પત્રક**

| અ.નં. | વર્ષ | જિલ્લો | તાલુકો | પકડાયેલ માલની વિગત | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | સાગ નંગ | ઘ.મી. | ઈતર નંગ | ઘ.મી. | પંચરાવ જલાઉ કિવી. |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| ૧ | ૨૦૦૮-૦૯ | ભરૂચ | **અંકલેશ્વર** | ૧૦૬ | ૭.૦૦૧ | ૦ | ૦ | ૧૨૦ |
| | | | ભરૂચ | ૯૨૫ પરદેશી આયાત | ૯૦.૧૪૮ | ૦ | ૦ | ૧૧૦ |
| | | | વાલીયા | ૧૦૮ | ૧.૬૬૮ | ૦ | ૦ | ૨૧૪ |
| | | | વાગરા | ૦ | ૦ | ૦ | ૦ | ૯૧ |
| | | | ઝઘડીયા | ૨૯૩ | ૩.૧૩૭ | ૦ | ૦ | ૩૧૫ |
| | | | **કુલ** | **૧૪૩૨** | **૧૦૧.૯૫૪** | **૦** | **૦** | **૯૫૦** |
| | ૨૦૦૮-૦૯ | નર્મદા | નાંદોદ | ૧૦ | ૦.૩૪૫ | ૦ | ૦ | ૩૬.૦૦૦ |
| | | | ડેડીયાપાડા | ૩૧ | ૧.૧૬૭ | ૦ | ૦ | ૧૪,૧૫૦ |
| | | | તિલકવાડા | ૦ | ૦ | ૦ | ૦ | ૪૮.૦૦૦ |
| | | | સાગબારા | ૮૩ | ૩.૦૪૩ | ૦ | ૦ | ૦ |
| | | | **કુલ** | **૧૨૪** | **૪.૫૫૫** | **૦** | **૦** | **૯૮.૧૫૦** |
| ૨ | ૨૦૦૯-૧૦ | ભરૂચ | **અંકલેશ્વર** | ૯૬૯ પરદેશી આયાત | ૬૧.૧૦૨ | ૦ | ૦ | ૨૨૩ |
| | | | વાલીયા | ૧૪૪ | ૩૦.૩૦૮ | ૦ | ૦ | ૮૫ |
| | | | ઝગડીયા | ૯૪ | ૧.૭૨૧ | ૦ | ૦ | ૩૪૧ |
| | | | જંબુસર | ૦ | ૦ | ૦ | ૦ | ૮૮ |
| | | | વાગરા | ૦ | ૦ | ૦ | ૦ | ૨૨૪ |
| | | | આમોદ | ૦ | ૦ | ૦ | ૦ | ૨૧ |
| | | | **કુલ** | **૧૨૦૭** | **૯૩.૧૩૧** | **૦** | **૦** | **૧૧૮૨** |
| | | નર્મદા | નાંદોદ | ૩૮૬ | ૩૨.૦૩૮ | ૦ | ૦ | ૪૦.૦૯૦ |
| | | | ડેડીયાપાડા | ૧૩૯ | ૮.૫૩૭ | ૦ | ૦ | ૧૦.૦૦ |
| | | | તિલકવાડા | ૦ | ૦ | ૦ | ૦ | ૧૫૬.૦૦ |
| | | | સાગબારા | ૨૫૧ | ૧૭.૯૧૦ | ૦ | ૦ | ૦ |
| | | | **કુલ** | **૭૭૬** | **૫૮.૪૮૫** | **૦** | **૦** | **૨૦૬.૦૯૦** |
| ૩ | ૨૦૧૦-૧૧ | ભરૂચ | **અંકલેશ્વર** | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | | | વાલીયા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | | | ઝઘડીયા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | | | **કુલ** | **૦** | **૦** | **૦** | **૦** | **૦** |
| | ૨૦૧૦-૧૧ | નર્મદા | નાંદોદ | ૦ | ૦ | ૦ | ૦ | ૨૪.૦૦૦ |
| | | | ડેડીયાપાડા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | | | તિલકવાડા | ૦ | ૦ | ૦ | ૦ | ૧૨.૦૦૦ |
| | | | સાગબારા | ૨૪ | ૨.૪૭૫ | ૦ | ૦ | ૦ |
| | | | **કુલ** | **૨૪** | **૨.૪૭૮** | **૦** | **૦** | **૩૬.૦૦૦** |
| | | **એકંદર કુલ** | | **૩૫૬૩** | **૨૬૦.૬૩૦** | **૦** | **૦** | **૨૪૭૨.૨૪** |

------------

**નર્મદા અને ભરૂચ જિલ્લામાં વૃક્ષોનું વાવેતર કરવા બાબત**

અતારાંકિત : ૩૬૨૭ (૪-૮-૨૦૦૯)**: શ્રી અમરસિંહ વસાવા (દેડીયાપાડા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) નર્મદા અને ભરૂચ જિલ્લામાં તાલુકાવાર તા. ૩૦-૬-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ક્યા ક્યા પ્રકારના વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું,

(૨) આ વાવેતર કરેલ વૃક્ષો પાછળ કઈ કઈ બાબતો પર કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૩) આ વાવેતર કરાયેલ વૃક્ષો પૈકી તા. ૩૦-૬-૧૦ની સ્થિતિએ કેટલા વૃક્ષો જીવીત છે?

**વન મંત્રીશ્રી** (૨૨-૯-૨૦૧૦) **:**

(૧) નર્મદા અને ભરૂચ જિલ્લામાં તા. ૩૦-૬-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર નીચે દર્શાવેલ જુદા જુદા પ્રકારના વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું.

| **જિલ્લો** | **તાલુકો** | **વાવેતર કરેલ વૃક્ષોના પ્રકાર** |
|---|---|---|
| ભરૂચ | ભરૂચ | શરૂ, પેલ્ટોફાર્મ, લીમડા, આમળા, દેશી બાવળ, ખાટી આમલી, સરગવો |
| | અંકલેશ્વર | નીલગીરી, વાંસ, સાગ, આમળા, લીમડા, ખેર, જાંબુ, જામફળ, શરૂ |
| | જંબુસર | દેશીબાવળ, ખાટી આમલી, નીલગીરી, ગોરસઆમલી, શરૂ, લીમડા, બોરડી |
| | વાગરા | દેશીબાવળ, ખાટી આમલી, ગોરસ આમલી, શરૂ, લીમડા, બોરડી |
| | આમોદ | ગુલમહોર, પલ્ટોફાર્મ, કાશીદ, પીપળો, વડ સેવન, ખાટી આમલી, ગોરસઆમલી, સુબાવળ, બોરડી |
| | વાલીયા | સાગ, ખેર, વાંસ, મહુડો, જાંબુ, લીમડા, આમળા, બહેડા, જામફળ |
| | ઝઘડીયા | સાગ, ખેર વાંસ, મહુડો, લીમડા, આમળા, આંબા, જામફળ, શરૂ, અરડુસા, ગુલમહોર |
| | હાંસોટ | સાગ, ખેર વાંસ તથા ફળાઉ |
| નર્મદા | નાંદોદ | નીલગીરી, વાંસ, સાગ, લીમડા, શરૂ, ખેર, શીશમ, અર્જુનસાદડ, ક્લમ, મોદળ, મહુડો, સેવન, બહેડા, બીયો, કુસુમ, આમળા, આસન, અરીઠા, સુતાડો, કરંજ, સીતાફળ, બીલી, કોઠી, કળજી, કાકડ, શીમળા, આવડ, અરડુસો, ગુલમહોર, રગતરોયડો, સતાવરી, સર્પગંધા, ટીમરૂ, ગરમાળો, કીલાઈ, ચણોઠી, ઉમરા, આસીત્રા, ધાવડા, ગુગળ, સલાઈ, સરગવો, જાંબુ, ગુંદા, અશ્વગંધા, હરડે, કડાયો, રાયણ, મરડાસીંગ, સપ્તપર્ણી |
| | તિલકવાડા | નીલગીરી, વાંસ, સાગ, લીમડા, શરૂ તથા ફળાઉ |
| | દેડીયાપાડા | નીલગીરી, વાંસ, સાગ, લીમડા, શરૂ, ખેર, શીશમ, અર્જુનસાદડ, ક્લમ, મોદળ, મહુડો, સેવન, બહેડા, બીયો, કુસુમ, આમળા, આસન, અરીઠા, સુતાડો, કરંજ, સીતાફળ, બીલી, કોઠી, કળજી, કાકડ, શીમળા, આવડ, અરડુસો, ગુલમહોર, રગતરોયડો, સતાવરી, સર્પગંધા, ટીમરૂ, ગરમાળો, કીલાઈ, ચણોઠી, ઉમરા, આસીત્રા, ધાવડા, ગુગળ, સલાઈ, સરગવો, જાંબુ, ગુંદા, અશ્વગંધા, હરડે, કડાયો, રાયણ, મરડાસીંગ, સપ્તપર્ણી |
| | સાગબારા | નીલગીરી, વાંસ, સાગ, લીમડા, શરૂ, ખેર, શીશમ, અર્જુનસાદડ, ક્લમ, મોદળ, મહુડો, સેવન, બહેડા, બીયો, કુસુમ, આમળા, આસન, અરીઠા, સુતાડો, કરંજ, સીતાફળ, બીલી, કોઠી, કળજી, કાકડ, શીમળા, આવડ, અરડુસો, ગુલમહોર, રગતરોયડો, સતાવરી, સર્પગંધા, ટીમરૂ, ગરમાળો, કીલાઈ, ચણોઠી, ઉમરા, આસીત્રા, ધાવડા, ગુગળ, સલાઈ, સરગવો, જાંબુ, ગુંદા, અશ્વગંધા, હરડે, કડાયો, રાયણ, મરડાસીંગ, સપ્તપર્ણી |

(૨) આ વાવેતર કરેલ વૃક્ષો પાછળ નીચેની બાબતોએ ખર્ચ કરવામાં આવેલ છે.

| જિલ્લાનું નામ | વિગત | વાવેતર પાછળ થયેલ ખર્ચ (લાખમાં) |
|---|---|---|
| ભરૂચ | આગોતરા કામો (નર્સરી, ફેન્સીંગ, ભૂમિ અને ભેજ સંરક્ષણ) | ૨૮૦.૪૫ |
| | વાવેતર | ૧૫૨.૫૧ |
| | જાળવણી | ૧૪૪.૧૧ |
| નર્મદા | આગોતરા કામો (નર્સરી, ફેન્સીંગ, ભૂમિ અને ભેજ સંરક્ષણ) | ૨૫૪.૨૬ |
| | વાવેતર | ૨૮૮.૦૭ |
| | જાળવણી | ૬૭૭.૩૦ |

(૩) આ વાવેતર કરાયેલ વૃક્ષો પેકી તા. ૩૦-૬-૧૦ની સ્થિતિએ ૪૪.૮૭ લાખ વૃક્ષો જીવીત છે.

------------

**ભરૂચ અને નર્મદા જિલ્લામાં વન વિભાગ હસ્તકના રસ્તાઓની મરામત કામગીરી**

અતારાંક્તિ : ૩૬૨૯ (૪-૮-૨૦૧૦): **શ્રી અમરસિંહ વસાવા (દેડીયાપાડા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) ભરૂચ અને નર્મદા જિલ્લામાં તા. ૩૦-૬-૧૦ની સ્થિતિએ વન વિભાગ હસ્તક કેટલા રસ્તા હયાત છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા રસ્તાની મરામત કામગીરી કરવામાં આવી, અને

(૩) કેટલા રસ્તાઓને ડામર સપાટીના કરવાના બાકી છે ?

**વન મંત્રીશ્રી** (૨૨-૯-૨૦૧૦) :

(૧) તા.૩૦-૬-૧૦ની સ્થિતિએ વન વિભાગ હસ્તકના ભરૂચ જિલ્લામાં ૧૪ રસ્તાઓ અને નર્મદા જિલ્લામાં ૭૫ રસ્તાઓ હયાત છે.

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નર્મદા જિલ્લામાં કુલ ૮ (આઠ) રસ્તાની મરામત કરવામાં આવેલ છે.

(૩) ભરૂચ જિલ્લામાં એક રસ્તાની તથા નર્મદા જિલ્લામાં ૫૭ રસ્તા ડામર સપાટી કરવાના બાકી છે.

------------

**ભરૂચ અને નર્મદા જિલ્લામાં ઈકોટુરીઝમની યોજનાનો અમલ કરવા બાબત**

અતારાંક્તિ : ૩૬૩૨ (૪-૮-૨૦૧૦) **: શ્રી અમરસિંહ વસાવા (દેડીયાપાડા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા. ૩૦-૬-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારે ઈકો ટુરિઝમના વિકાસ માટે કોઈ યોજના અમલમાં મુકી છે કે કેમ,

(૨) જો હા, તો આ યોજના ઈકો ટુરીઝમના વિકાસ માટે ભરૂચ અને નર્મદા જિલ્લામાં ક્યા ક્યા સ્થળોની પસંદગી કરવામાં આવેલ છે, અને

(૩) છેલ્લા બે વર્ષમાં તા.૩૦-૬-૧૦ની સ્થિતિએ આ યોજના અંતર્ગત ભરૂચ અને નર્મદા જિલ્લામાં ક્યા ક્યા સ્થળો માટે કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

**વન મંત્રીશ્રી** (૨૨-૯-૨૦૧૦) :

(૧) તા. ૩૦-૬-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારે ઈકો ટુરિઝમના વિકાસ માટે પર્યાવરણીય પ્રવાસન કાર્યયોજના અમલમાં મુકી છે.

(૨) આ યોજના અન્વયે ઈકો ટુરીઝમના વિકાસ માટે વિભાગવાર નીચે મુજબના સ્થળોની પસંદગી કરવામાં આવેલ છે.

| અનુ.નંબર | વિભાગ | જિલ્લો | પસંદગી કરેલ સ્થળો |
|---|---|---|---|
| ૧ | રાજપીપળા પૂર્વ | નર્મદા | સગાઈ, વિસાલખાડી, માલસામોટ, ઝરવાણી |
| ૨ | રાજપીપળા પમિ | ભરૂચ | કબીરવડ, કડીયાડુંગર, આલીયાબેટ, રતનપુર |

(૩) છેલ્લા બે વર્ષમાં (૨૦૦૮-૦૯ અને ૨૦૦૯-૧૦) તા.૩૦-૬-૨૦૧૦ની સ્થિતિએ આ યોજના હેઠળ નર્મદા જિલ્લામાં કોઈ પણ ખર્ચ કરવામાં આવેલ નથી. જ્યારે ભરૂચ જિલ્લામાં કડીયાડુંગર સ્થળના વિકાસ માટે સને ૨૦૦૮-૦૯ ના વર્ષમાં ૧૬.૬૯ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. સને ૨૦૦૯-૧૦ ના વર્ષમાં કોઈ ખર્ચ કરવામાં આવેલ નથી.

------------

**ભરૂચ અને નર્મદા જિલ્લામાં જંગલોના વૃક્ષોનું છેદન કરતા ગુનાઓ નોંધવા બાબત**

અતારાંક્તિ : ૩૬૩૩ (૪-૮-૨૦૧૦)**: શ્રી અમરસિંહ વસાવા (દેડીયાપાડા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) ભરૂચ અને નર્મદા જિલ્લામાં તાલુકાવાર તારીખ ૩૦-૬-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જંગલોના વૃક્ષોનું છેદન કરતા કેટલા ગુનાઓ નોંધાયા

(૨) તે પૈકી કેટલા વાહનોને અટકમાં લેવામાં આવ્યા, અને

(૩) આ વાહનો હાલ કોના કબજામાં છે ?

**વન મંત્રીશ્રી** (૨૨-૯-૨૦૧૦) :

(૧) ભરૂચ અને નર્મદા જિલ્લામાં તાલુકાવાર તારીખ ૩૦-૬-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જંગલોના વૃક્ષોનું છેદન કરતા કુલ ૧૦૩૬ ગુનાઓ નીચે મુજબ નોંધાયેલા છે.

| ક્રમ | વર્ષ | તાલુકા વાઈઝ વૃક્ષ છેદન કેસો (ગુનાની સંખ્યા) | | |
|---|---|---|---|---|
| | | જિલ્લો | તાલુકો | કેસોની સંખ્યા |
| ૧ | ૨૦૦૮-૦૯ | ભરૂચ | અંક્લેશ્વર | ૧૦ |
| | | | હાંસોટ | ૦૨ |
| | | | ભરૂચ | ૧૯ |
| | | | વાલીયા | ૩૮ |
| | | | ઝઘડીયા | ૩૮ |
| | | | **કુલ :** | **૧૦૭** |
| | ૨૦૦૮-૦૯ | નર્મદા | નાંદોદ | ૬૨ |
| | | | ડેડીયાપાડા | ૨૬૨ |
| | | | સાગબારા | ૩૮ |
| | | | તિલકવાડા | ૦૪ |
| | | | **કુલ :** | **૩૬૬** |
| ૨ | ૨૦૦૯-૧૦ | ભરૂચ | અંક્લેશ્વર | ૧૨ |
| | | | હાંસોટ | ૦૦ |
| | | | ભરૂચ | ૦૯ |
| | | | વાલીયા | ૨૮ |
| | | | ઝઘડીયા | ૩૫ |
| | | | **કુલ :** | **૮૪** |
| | ૨૦૦૯-૧૦ | નર્મદા | નાંદોદ | ૭૯ |
| | | | ડેડીયાપાડા | ૨૭૩ |
| | | | સાગબારા | ૧૨ |
| | | | તિલકવાડા | ૦૬ |
| | | | **કુલ :** | **૩૭૦** |
| ૩ | ૨૦૧૦-૧૧ (૩૦-૬-૨૦૧૦ અંતિત) | ભરૂચ | અંક્લેશ્વર | ૦૦ |
| | | | હાંસોટ | ૦૩ |
| | | | ભરૂચ | ૦૨ |
| | | | વાલીયા | ૦૧ |
| | | | ઝઘડીયા | ૦૭ |
| | | | **કુલ :** | **૧૩** |
| | ૨૦૧૦-૧૧ (૩૦-૬-૨૦૧૦ અંતિત) | નર્મદા | નાંદોદ | ૧૯ |
| | | | ડેડીયાપાડા | ૬૬ |
| | | | સાગબારા | ૦૯ |
| | | | તિલકવાડા | ૦૨ |
| | | | **કુલ :** | **૯૬** |

(૨) ૪૬૩ વાહનોને અટકમાં લેવામાં આવ્યા.

(૩) હાલ ૨૯૨ વાહનો વન વિભાગના કબજામાં છે જ્યારે ૧૭૧ વાહનો મુક્ત કરવામાં આવેલ છે.

------------

**કચ્છ જિલ્લામાં ટેરેસ તલાવડી બનાવવા બાબત**

અતારાંક્તિ : ૩૮૨૧ (૪-૮-૨૦૧૦): **શ્રી ધનજીભાઈ ગો.સેંધાણી (માંડવી) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) કચ્છ જિલ્લામાં તા.૩૦-૬-૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં તાલુકાવાર વન વિભાગ દ્વારા કેટલી ટેરેસ તલાવડીઓ બનાવવામાં આવી,

(૨) તેમાં કેટલો ખર્ચ થયો, અને

(૩) કેટલા એકર જમીનને આનો લાભ મળે છે?

**વન મંત્રીશ્રી** (૬-૧૦-૨૦૧૦) :

(૧) કચ્છ જિલ્લામાં તા.૩૦-૬-૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં તાલુકાવાર વન વિભાગ દ્વારા તાલુકાવાર નીચે મુજબ ટેરેસ તલાવડીઓ બનાવવામાં આવી.

| **તાલુકાનું નામ** | **છેલ્લા ત્રણ વર્ષમાં બનાવવામાં આવેલ ટેરેસ તલાવડીની સંખ્યા** |
|---|---|
| ભૂજ | ૧૬૦૯૯૮ |
| અંજાર | ૨૫૮૧ |
| ભચાઉ | ૨૧૩૪૩ |
| રાપર | ૭૦૭૬૧ |
| નખત્રાણા | ૧૫૦૬૯૯ |
| લખપત | ૮૭૪૬૪ |
| અબડાસા | ૪૭૨૯૬ |
| માંડવી | ૦ |
| **કુલ :** | **૫૪૧૧૪૨** |

(૨) તેમાં કુલ રૂ. ૮૦.૮૩ લાખનો ખર્ચ થયો.

(૩) ૫૦૩૧ એકરમાં તૈયાર કરેલ ટેરેસ તલાવડીના વિસ્તાર સાથે આજુબાજુના વિસ્તારને પણ લાભ મળે છે.

------------

**રાજ્યમાં માનદ વાઈલ્ડ લાઈફ વોર્ડનની નિમણૂંક કરવા બાબત**

અતારાંક્તિ : ૩૮૨૩ (૧૦-૮-૨૦૧૦): **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) રાજ્યમાં જિલ્લા વાર કેટલા અને ક્યા ક્યા માનદ વાઈલ્ડ લાઈફ વોર્ડન જૂન-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નિમાયા છે,

(૨) માનદ વાઈલ્ડ લાઈફ વોર્ડનોએ શી કામગીરી કરવાની હોય છે,

(૩) જૂન-૨૦૧૦ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પ્રત્યેક માનદ વાઇલ્ડ લાઈફ વોર્ડનોએ વ્યક્તિગત શી કામગીરી હાથ ધરી, અને

(૪) ક્યા ક્યા માનદ વાઈલ્ડ લાઈફ વોર્ડનોની કામગીરી સંતોષકારક જણાઈ નથી અને તેની સામે શી કાર્યવાહી થઈ ?

**વન મંત્રીશ્રી** (૨૨-૯-૨૦૧૦) :

(૧) રાજ્યમાં જિલ્લાવાર નીચે જણાવ્યા પ્રમાણેના માનદ વાઈલ્ડ લાઈફ વોર્ડન તરીકે છેલ્લા બે વર્ષમાં નિમાયા છે.

| **ક્રમ** | **નામ અને સરનામું** | **જિલ્લો** |
|---|---|---|
| ૧ | શ્રી મારુતિ મયુરદાન ગોવાભાઈ ગઢવી | રાજકોટ |
| ૨ | ડૉ. કૌશીક જયંતીભાઈ ફળદુ | જૂનાગઢ |
| ૩ | શ્રી મનસુખભાઈ કરશનભાઈ ગજેરા | જૂનાગઢ |
| ૪ | શ્રી સ્નેહલ પટેલ | સુરત |
| ૫ | ડૉ. શ્રી સમીર મહેતા | પંચમહાલ |
| ૬ | શ્રી રઘુવીરસિંહ આર. ગોહિલ | નર્મદા |
| ૭ | શ્રી વેચીયાભાઈ વસાવા | તાપી |
| ૮ | શ્રી ભવાનસિંહ મનહરસિંહજી મોરી | સુરેન્દ્રનગર |
| ૯ | શ્રી શાંતિલાલ જીમન બાબુલ | ડાંગ |

| ક્રમ | નામ અને સરનામું | જિલ્લો |
|---|---|---|
| ૧૦ | ડૉ. નિતીન આર. પોપટ | પોરબંદર |
| ૧૧ | શ્રી વિપુલભાઈ નટવરલાલ લહેરી | અમરેલી |
| ૧૨ | રુચીબેન ઘનશ્યામભાઈ દવે | ભાવનગર |
| ૧૩ | શ્રી રાજ્યસિંહજી ઘનુભાઈ રાઠોડ | કચ્છ |
| ૧૪ | શ્રી ચંન્દ્ર વિજયસિંહ તખુભા રાણા | જામનગર |
| ૧૫ | શ્રી અશોકભાઈ મગનભાઈ પટેલ | નવસારી |
| ૧૬ | શ્રી દિવ્યંતભાઈ ડાહ્યાભાઈ પટેલ | ખેડા |
| ૧૭ | શ્રી ધવલ સુર્યકાંત પટેલ | આણંદ |
| ૧૮ | શ્રી ઉપેન્દ્ર રતીલાલ પટેલ | વડોદરા |
| ૧૯ | શ્રી ક્રિર્તીભાઈ કેશાભાઈ પરમાર | અમદાવાદ |
| ૨૦ | શ્રી રતિલાલ એસ. પટેલ | સાબરકાંઠા |
| ૨૧ | શ્રી જ્યેશભાઈ એમ. વ્યાસ | પાટણ |
| ૨૨ | શ્રી બાબુભાઈ સલનીયાભાઈ ભાભોર | દાહોદ |
| ૨૩ | ડૉ. ધીરુભાઈ છગનભાઈ પટેલ | વલસાડ |
| ૨૪ | શ્રી ધર્મેન્દ્ર ત્રિવેદી | ગાંધીનગર |
| ૨૫ | ડૉ. કશયપ કે. જોષી | મહેસાણા |
| ૨૬ | બધા જ જિલ્લાના ક્લેક્ટરશ્રીઓ | જે તે જિલ્લાના કાર્ય વિસ્તાર માટે |
| ૨૭ | બધા જ જિલ્લાના પોલીસ વડાશ્રીઓ | જે તે જિલ્લાના કાર્ય વિસ્તાર માટે |
| ૨૮ | શ્રી આશિષ ભરતભાઈ શર્મા | ભરૂચ |
| ૨૯ | શ્રી રાજેન્દ્ર મોહનલાલ દેસાઈ | નવસારી |
| ૩૦ | શ્રી શાંતિલાલ નાનાલાલ વરુ | કચ્છ |
| ૩૧ | શ્રી ચેતન્ય નિમાવત | ગાંધીનગર |

(૨) વન્યપ્રાણી સંરક્ષણ ધારો-૧૯૭૨નીજોગવાઈ અનુસાર ફરજો તથા જવાબદારીઓ બજાવવાની હોય છે. માનદ વાઈલ્ડ લાઈફ વોર્ડનોએ જિલ્લામાં વન્યપ્રાણી સંરક્ષણ, સંવર્ધન, જાળવણી બાબતે વન ખાતાને મદદરૂપ થઈ વન્યપ્રાણીઓના શિકાર ઉપર નિયંત્રણ તથા વન્યપ્રાણીઓમાંથી બનાવેલ વસ્તુઓના વેપાર ઉપર નિયંત્રણ, વન્યપ્રાણીઓના વસવાટને નુક્શાન થતું અટકાવવા વગેરે કામગીરીઓ પ્રત્યક્ષ તથા પરોક્ષ રૂપે બજાવવાની હોય છે. આ ઉપરાંત વન્યપ્રાણી સંબંધિત મિલ્કતને નુક્સાન કરતી બાબતો અંગે સલાહકાર બોર્ડ કે ચીફ વાઈલ્ડ લાઈફ વોર્ડન તરફથી સોંપવામાં આવે તે કામગીરી કરવાની હોય છે.

(૩) વન્યપ્રાણી સંરક્ષણ ધારો ૧૯૭૨ની જોગવાઈઓ અનુસાર માનદ જિલ્લા વાઈલ્ડ લાઈફ વોર્ડન તરીકે કામગીરી કરવાની રહે છે, પરંતુ વાઈલ્ડ લાઈફ વોર્ડનની વ્યક્તિગત રસ-રુચિ પ્રમાણે કામગીરી કરતા હોય છે. મુખ્યત્વે વન્યપ્રાણી સંરક્ષણની કામગીરી બાબતે લોકોમાં જાગૃતિ આવે તે માટે દરેક વાઈલ્ડ લાઈફ વોર્ડન પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સંકળાયેલા રહે છે.

(૪) કોઈ પણ વાઈલ્ડ લાઈફ વોર્ડનની કામગીરી અસંતોષકારક હોવાનું ધ્યાને આવેલ નથી.

------------

## દસાડા તાલુકાના બુબવાણા ગામમાં દીપડાનું અકુદરતી મૃત્યુ

અતારાંક્તિ : ૩૮૩૧ (૧૦-૮-૨૦૧૦): **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) સુરેન્દ્રનગર જિલ્લાના દસાડા તાલુકાના બુબવાણા ગામમાં ફેબ્રુઆરી-૨૦૧૦માં નાની ઉંમરના દિપડાનું અકુદરતી મોત થયું હતું તે હકીક્ત સાચી છે

(૨) જો, હા, તો આ દિપડાના મોત માટેના શા કારણો છે, અને

(૩) ગુનાહીતો સામે શા પગલા લેવાયાં છે ?

**વન મંત્રીશ્રી** (૨૨-૯-૨૦૧૦) :

(૧) ના, જી. મોત થયેલ, પરંતુ તે આકસ્મિક હતું.

(૨) મૃત્યુ પામેલ દિપડાના શરીર પર કોઇ ઘા ના નીશાન ન હતા તેમજ પ્રાદેશીક ન્યાય સહાયક વિજ્ઞાન પ્રયોગશાળા, ગુજરાત રાજ્ય, જુનાગઢના પૃથ્થકરણમાં ઝેર જેવો કોઇ રાસાયણિક પદાર્થ મળી આવેલ ન હોવાથી દિપડાનું મૃત્યુ આકસ્મિક થયેલ જણાય છે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**ઇથાફ્રેન ફ્રુટોન મિશ્રિત પાણીમાં કેળાં પકવતાં વેપારીઓ સામે પગલાં**

અતારાંક્તિ : ૩૭૧૦ (૪-૮-૨૦૧૦): **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) ઇથાફ્રેન ફ્રુટોન મિશ્રિત પાણીમાં કાચાં કેળાં ડુબાડવામાં આવતાં ૨૪ કલાકમાં તે પાકી જાય છે તે હકીક્ત સાચી છે,

(૨) અમદાવાદ-સુરત અને વડોદરા શહેરમાં આવા ઝેરી રસાયણથી પકવવામાં આવતાં કેળાંની કેટલી વખારો પર ૨૦૦૯ તથા જુન-૨૦૧૦ સુધીમાં દરોડા પાડવામાં આવ્યા,

(૩) દરોડા દરમ્યાન કેટલાં વેપારીઓ આવી ગુનાહિત પ્રવૃતિ કરતાં પકડાયા,

(૪) કેટલાં કેળાં પકડાયા, અને

(૫) તે અંગે ગુનાહિતો સામે શી કાર્યવાહી થઇ ?

**આરોગ્ય મંત્રીશ્રી** (૧૯-૧૦-૨૦૧૦) :

(૧) ઇથાફ્રેન ફ્રુટોન મિશ્રિત પાણીમાં કાચાં કેળાં ડુબાડવામાં આવતાં તે પીળા પડી જાય છે. પરંતુ તે કેટલાં સમયમાં પાકી જાય છે તે કહી શકાય નહીં.

(૨) અમદાવાદ-સુરત અને વડોદરા શહેરમાં કેળાંની વખારો પર ૨૦૦૯ તથા જુન-૨૦૧૦ સુધીમાં કેળાંની કુલ-૧૧ વખારો પર દરોડા પાડવામાં આવ્યા.

(૩) કુલ-૧૧ વેપારીઓ.

(૪) કુલ-૨૨૫૦ કિલો કેળાં પકડાયા, અને

(૫) કુલ ત્રણ વેપારીઓને નોટીસ આપવામાં આવી, ૨૨૫૦ કિલો કેળાંના જથ્થાનો નાશ કરવામાં આવ્યો, ૪ લિટર જેટલો ઇથાફ્રેન ફ્રુટોનનો નાશ કરવામાં આવ્યો તથા વહીવટી ખર્ચ પેટે રૂા. ૨૪,૦૦૦/-વસુલ કરવામાં આવ્યા.

------------

**ગાંધીનગર જિલ્લામાં બાળસખા યોજનાના લાભાર્થી**

અતારાંક્તિ : ૩૭૬૬ (૪-૮-૨૦૧૦): **શ્રી સુરેશકુમાર ચ. પટેલ (કલોલ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) બાળસખા યોજના હેઠળ તા. ૩૧-૦૩-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર કેટલા લાભાર્થીઓએ લાભ લીધો.

(૨) તાલુકાવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૩) ઉક્ત યોજનાના અસરકારક અમલ માટે સરકારનું શું આયોજન છે ?

**આરોગ્ય મંત્રીશ્રી** (૨૪-૯-૨૦૧૦) :

(૧) બાળસખા યોજના તા. ૨૨-૧-૨૦૦૯ ના રોજ અમલમાં મુકવામાં આવેલ છે. જેથી આ વર્ષમાં જ લાભાર્થીઓને આ યોજનાનો લાભ આપવામાં આવેલ છે. બાળસખા યોજના હેઠળ ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર લાભાર્થીઓની સંખ્યા નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકાનું નામ | વર્ષ ૨૦૦૯-૧૦ |
|---|---|---|
| ૧ | ગાંધીનગર | ૧૩૦ |
| ૨ | માણસા | ૬૯૬ |
| ૩ | કલોલ | ૯૦૨ |
| | **કુલ :** | **૧૭૨૮** |

(૨) બાળસખા યોજના હેઠળ ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર થયેલ ખર્ચની વિગતો નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકાનું નામ | વર્ષ ૨૦૦૯-૧૦ |
|---|---|---|
| ૧ | ગાંધીનગર | ૧,૭૯,૫૦૦.૦૦ |
| ૨ | માણસા | ૪,૩૮,૧૫૦.૦૦ |
| ૩ | કલોલ | ૧૦,૩૩,૪૫૦.૦૦ |
| | **કુલ :** | **૧૬,૫૧,૧૦૦.૦૦** |

(૩) આ યોજનાના અમલીકરણ માટે જિલ્લામાં બાળરોગ નિષ્ણાંતોની વધુ સેવાઓ મળી રહે તેવા સઘન પ્રયત્નો કરેલ છે. વધારે બાળકોને સેવાઓ મળે તે માટે જિલ્લા આરોગ્ય કાર્યકરો અને આઇ.ઇ.સી. એકમો દ્વારા સામાન્ય જનતામાં વધારે જનજાગૃતિ થાય તેવી કાર્યવાહી કરવામાં આવે છે.

------------

## ગાંધીનગર જિલ્લામાં આશા વર્કરોની ભરતી અને માનદવેતન

અતારાંક્તિ : ૩૭૯૮ (૪-૮-૨૦૧૦): **શ્રી સુરેશકુમાર ચ. પટેલ (કલોલ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧-૩-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેન્દ્ર સહાયિત આશા વર્કરોની ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર કેટલી ભરતી કરવામાં આવેલ છે, અને

(૨) તેમનું માનદ વેતન સરકારે કેટલું નક્કી કરેલ છે ?

**આરોગ્ય મંત્રીશ્રી** (૨૪-૯-૨૦૧૦) :

(૧) ગાંધીનગર જિલ્લામાં તા.૩૧-૦૩-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આશા વર્કરોની તાલુકાવાર નીચે મુજબની ભરતી કરવામાં આવેલ છે.

| અ.નં. | તાલુકાનું નામ | આશા વર્કરોની સંખ્યા |
|---|---|---|
| ૧ | ગાંધીનગર | ૩૨૨ |
| ૨ | કલોલ | ૨૧૬ |
| ૩ | માણસા | ૧૮૯ |
| ૪ | દહેગામ | ૨૨૫ |
| | કુલ... | ૯૫૨ |

(૨) તેઓને તેમની કામગીરીનું મૂલ્યાંકન કરીને પ્રવૃત્તિદીઠ પ્રોત્સાહનની નિયત રકમ ચુકવવામાં આવે છે. (પત્રક-૧ સામેલ છે.)

**પ ત્ર ક -૧**

આશા વર્કરને પ્રવૃત્તી દીઠ મળવાપાત્ર ઇન્સેન્ટીવની વિગતો

| અ.નં. | પ્રવૃત્તિ | વળતર રૂ. | ટીપ્પણી |
|---|---|---|---|
| ૧. | સંસ્થાકીય સુવાવડ માટે તેમના વિસ્તારની વસ્તીને પ્રોત્સાહીત કરવી. (સરકારી કે ખાનગી સંસ્થામાં સુવાવડ) | રૂા.૨૦૦/- | પ્રતિ કેસ |
| ૨. | **મમતા દિવસ** - એ.એન.એમ. દ્વારા પુરી પાડવામાં આવેલ યાદી અનુસાર ધાત્રી માતા, સગર્ભા માતા, નવજાત શીશુને મમતા દિવસે રસીકરણ માટે ભેગા કરવા. | રૂા.૫૦/- | એક મમતા દિવસ માટે |
| ૩. | **મમતા તરૂણી** - મમતા તરૂણી સેશનમાં હાજરી આપવી/ ભાગ લેવો. | રૂા.૫૦/- | પ્રતિ માસ |
| ૪. | **રસીકરણ** - પોલીયોના રસીકરણની કામગીરી (એક દિવસ બુથ ઉપર અને બે દિવસ ગૃહ મુલાકાત) | રૂા.૭૫/- | પ્રતિ દિન |
| ૫. | **આઈ.એફ.એ.તેમજ કેલ્શીયમ કમ્પ્લાયન્સ (એ.એન.સી.)**- (૧) સગર્ભા માતાને આઈ.એફ.એ. તેમજ કેલ્શીયમની ગોળીઓનો કોર્ષ પૂર્ણ કરવા પ્રોત્સાહિત કરવા.<br>(૨) અપુરતા પોષણવાળી માતાને ઉચ્ચકક્ષાની સારવાર માટે ઉપરના સ્તરની સારવાર માટે સાથે જવું. | રૂા.૫૦/- પ્રતિ ૩૦ ગોળી<br>રૂા.૨૫/- | પ્રતિ સગર્ભા માતા<br>પ્રતિ માતા |
| ૬. | **પોષણ** - ૦-૩૬ મહીના સુધીના બાળકોનું પ્રતિમાસ વજન | રૂા.૨/- | પ્રતિ બાળક |
| ૭. | **મેનેજમેન્ટ ઈન્ફોરમેશન સીસ્ટમ (એમ.આઈ.એસ.)** - કુટુંબ સ્વાસ્થ્ય સર્વે (ફેમીલી હેલ્થ સર્વે તેમજ ગ્રામ્ય કક્ષાએ અન્ય પ્રવૃત્તિ માટે) | રૂા.૫૦/- | પ્રતિ સર્વે |
| ૮. | **જન્મ અને મરણની નોંધણી** -<br>(૧) ધાત્રી માતાનું મૃત્યુના ૧૦ દિવસની અંદર નોંધણી.<br>(૨) નવજાત શીશુનું (૦ થી ૧ વર્ષ) મૃત્યુની નોંધણી.<br>(૩) ૧૦૦ ટકા જન્મની નોંધણી તેમજ જન્મ નોંધણી તેમજ જન્મ નોંધણીનું પ્રમાણપત્ર મેળવવાનો પત્ર. | રૂા.૫૦/-<br>રૂા.૫૦/-<br>રૂા.૧૦૦/- | પ્રતિ કેસ<br>પ્રતિ કેસ<br>પ્રતિ કેસ |
| ૯. | **કુટુંબ કલ્યાણ** -<br>(૧) પુરૂષ નસબંધી તેમજ ઓપરેશન માટે પ્રોત્સાહક રકમ<br>(૨) સ્ત્રી કુટુંબ કલ્યાણના ઓપરેશન માટે પ્રોત્સાહીત રકમ<br>(૩) પ્રથમ બાળક પછી આંકડી મુકવા માટે પ્રોત્સાહીત કરવાની રકમ તેમજ ત્રણ ફોલો-અપ મુલાકાત કરવા માટે. | રૂા.૨૦૦/-<br>રૂા.૧૫૦/-<br>રૂા.૧૨૫/- | પ્રતિ કેસ<br>પ્રતિ કેસ<br>પ્રતિ કેસ |
| ૧૦. | **ગ્રામ્ય સ્વાસ્થ્ય તેમજ સ્વચ્છતા સમિતિ** -<br>(૧) સદર સમિતિની મીટીંગ ૩ મહીનામાં એક વખત નિયમિત પણે મળે તે જોવું તેમજ તેમાં મદદરૂપ થવું.<br>(૨) સહભાગી ચર્ચા દ્વારા ગ્રામ્યકક્ષાના પ્રશ્નોની ચર્ચા તેમજ તેના નિકાલ માટે ચર્ચા. | રૂા.૨૦૦/- | પ્રતિ મીટીંગ |
| ૧૧. | **સરકારની સ્વચ્છતા, સ્વાસ્થ્ય તેમજ અન્ય યોજનાઓમાં યોગદાન** -<br>(૧) ટી.બી.ની. સંપૂર્ણ સારવાર માટે ડોટ આપનાર તરીકેનું વળતર<br>(૨) મેલેરીયા સ્લાઈડઝનું એકત્રીકરણ કરી પ્રા.આ.કે. ખાતે તપાસ અર્થે સોંપવું.<br>(૩) શારીરીક તેમજ માનસીક વીકલાંગ વ્યક્તિનું સંદર્ભીત સેવાઓ પૂરી પાડવામાં મદદ.<br>(૪) સરકારી કે સ્વૈચ્છિક સંસ્થામાં મોતીયાના ઓપરેશન માટે પ્રોત્સાહીત કરવા માટેનું વળતર. | રૂા.૨૫૦/-<br>રૂા.૫/-<br>જે તે પ્રોગ્રામના ધારાધોરણ પ્રમાણે<br>રૂા.૧૭૫/- | પ્રતિ કેસ<br>પ્રતિ સ્લાઈડ<br>પ્રતિ કેસ |
| ૧૨. | **જનની સુરક્ષા યોજના** -<br>(૧) સગર્ભા માતાને ૪ પૂર્વ પ્રસુતી સંભાળ મુલાકાત માટે પ્રોત્સાહીત કરવી. બી.પી. ચેક કરાવવું, ટી.ટી. ઈન્જેક્શન અપાવવું, આઈ.એફ.એ. ગોળીઓનો કોર્ષ પૂરો કરાવવો.<br>(૨) પ્રસુતિ બાદ ૦-૩ અને સાતમા દિવસે પ્રસુતા માતાની મુલાકાત.<br>(૩) ૬, ૧૦ તેમજ ૧૪મા અઠવાડીયામાં નવજાત શીશુ રસીકરણ | રૂા.૧૦૦/-<br>રૂા.૫૦/-<br>રૂા.૫૦/- | પ્રતિ કેસ<br>પ્રતિ કેસ<br>પ્રતિ કેસ (ટોટલ પેકેજ રૂા.૨૦૦/- થી વધવું જોઈએ નહીં) |
| ૧૩. | **રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજના** - આર.એસ.બી.વાય. અંતર્ગત સરકારી/ખાનગી સંસ્થામાં દર્દીને રીફર કરી લાભ અપાવવો. | રૂા.૫૦/- | પ્રતિ કેસ |
| ૧૪. | **વહીવટી કાર્ય** -<br>(૧) સરકારી કચેરીમાં જવા, સેટકોમની વીડીયો કોન્ફરન્સમાં ભાગ લેવા માટે થતું ભાડુ/ભથ્થુ.<br>(૨) કોમ્યુનીકેશન ખર્ચાઓ જેવા દર્દીને રીફર કરવા માટે થતા ફોનના ખર્ચા, અન્ય સરકારી કામ અર્થે થતા ફોનના ખર્ચ. | સરકારી ધારા ધોરણ મુજબ. | |
| ૧૫. | **પેટાકેન્દ્ર તથા ગામની સ્વચ્છતા** -<br>- ગામની સ્વચ્છતા જાળવવામાં મદદરૂપ થવું.<br>- પેટાકેન્દ્રના રખરખાવમાં મદદરૂપ થવું. | સરકારી ધારા ધોરણ મુજબ. | |

| અ.નં. | પ્રવૃત્તિ | વળતર રૂા. | ટીપ્પણી |
|---|---|---|---|
| | - ઘરમાં શોચાલયો બનાવવા પ્રોત્સાહન આપવું. | | |
| જિલ્લા આરોગ્ય સોસાયટી જિલ્લા સ્પેસીફીક પ્રવૃત્તિ માટે ઈન્સેન્ટીવ નક્કી કરી તેની અમલવારી કરી શકશે. | | | |

------------

## મોરંગી ગામે ખુલ્લા બોરવેલમાં બાળક પડી જવાથી મુત્યુ થવા અંગે

અતારાંક્તિ : ૩૫૧૨ (૨૦-૭-૨૦૧૦): **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) ડિસેમ્બર ૨૦૦૯માં રાજુલા તાલુકાના મોરંગી ગામે ૧૨૦ ફૂટ ઉંડા ખુલ્લા બોરવેલમાં ૪ વર્ષનું બાળક પડી જવાથી તેનું મોત થયું હતું તે હકીક્ત સાચી છે,

(૨) બોરને ખુલ્લો રાખનાર જવાબદારો સામે શાં પગલાં લેવાયા છે,

(૩) ખુલ્લા બોરને શોધી કાઢી તેને સિલ કરાવવા તંત્રએ શી વ્યવસ્થા ગોઠવી છે, અને

(૪) આવી દુર્ઘટના ફરી ન બને તે માટે શાં નક્કર પગલાં લેવાયાં છે ?

**મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) : (૨૭-૯-૨૦૧૦)

(૧) હા, જી.

(૨) આ બનાવની તપાસને અંતે કઈ ગુન્હાહિત થયેલાનું જણાઈ આવેલ ન હોઈ બોરવેલના માલીક વિરૂધ્ધ કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી.

(૩) અને (૪)

આ અંગેની સર્વગ્રાહી નીતિ ઘડવાની કામગીરી ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન મંડળને સોંપવામાં આવી છે, અને આ કામગીરી હાલ પ્રગતિમાં છે.

------------

## પ્રજાને છેતરતા અને લુંટના લેભાગુ તાંત્રિકોની વડોદરા અને ગાંધીનગર જિલ્લામાં ધરપકડ

અતારાંક્તિ : ૩૭૧૨ (૧૬-૮-૨૦૧૦): **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તંત્ર-મંત્ર અને વશીકરણ કરી આમ પ્રજાને છેતરતા અને લુંટતા કેટલા લેભાગુ તાંત્રિકોને વડોદરા તથા ગાંધીનગર જિલ્લામાંથી સન ૨૦૦૮-૨૦૦૯ તથા ૩૦મી જુન -૨૦૧૦ સુધીમાં પકડવામાં આવ્યા, અને

(૨) આ બનાવટી તાંત્રિકો સામે શી કાર્યવાહી થઈ ?

**મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) : (તા. ૧-૧૦-૨૦૧૦)

(૧) કોઈ ઈસમને પકડવામાં આવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------------

## અમદાવાદ શહેરમાં નાગરિકો સાથે છેતરપીંડી કરતી અને પેસા પડાવતી ફ્રેન્ડશીપ ક્લબો

અતારાંક્તિ : ૩૭૧૩ (૧૬-૮-૨૦૧૦): **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) અમદાવાદ શહેરમાં જુન-૨૦૧૦ની સ્થિતિએ નાગરિકો સાથે છેતરપીંડી કરતી અને પેસા પડાવતી કેટલી ફ્રેન્ડશીપ ક્લબો ક્યારથી ચાલી રહી છે,

(૨) ગુનાહિત ફ્રેન્ડશીપ ક્લબો ચલાવનારા કોણ છે,

(૩) ઉક્ત પ્રવૃત્તિ રોકવા તથા તેના સંચાલકોની ધરપકડ કરવા અમદાવાદ પોલીસે શી વ્યવસ્થા કરી છે, અને

(૪) સને ૨૦૦૭-૨૦૦૮ તથા વર્ષ ૨૦૧૦માં ૩૦મી જુન-૨૦૧૦ સુધીમાં કેટલા સંચાલકોને પકડવામાં આવ્યા ?

**મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) : (તા. ૧૬-૧૦-૨૦૧૦)

(૧) આવી કોઈ ફ્રેન્ડશીપ ક્લબ ચાલતી હોવાનું રકર્ડ ઉપર નથી આવી ક્લબ ચલાવવા માટે કોઈ ધારાધોરણસરનો પરવાનો આપવામાં આવતો નથી તેમ છતાં ભોગ બનનાર તરફથી આવી કોઈ ક્લબ દ્વારા પોતે છેતરાયાની ફરીયાદ કર્યેથી પ્રાથમિક દ્રષ્ટિએ ગુનાહિત જણાયેથી એફ.આઈ.આર. દાખલ કરી તપાસ હાથ ધરવામાં આવે છે.

(૨) (૩) અને (૪)

કારંજ પોલીસ સ્ટેશનમાં દાખલ થયેલ એક ફરીયાદમાં તપાસના અંતે ફરિયાદ ખોટી જણાતાં બી.સમરી ભરાયેલ છે તેની વિગત નીચે મુજબ છે.

કારંજ પો.સ્ટે.ગુ.ર. નં. ૪૨/૧૦ ઈ.પી.કો. કલમ ૪૦૬, ૪૨૦, ૧૧૪ મુજબનો ગુનો તા. ૧૧-૩-૨૦૧૦ના રોજ દાખલ થયેલ છે. જેમાં બનાવ સંદેશ દૈનિક સમાચાર પત્રમાં મસાજ અગેની નોકરી માટેની જાહેરાત અંગેનો જેમાં તપાસના અંતે વર્ગ બી સમરી તા. ૮-૫-૨૦૧૦ના રોજ ભરવામાં આવેલ છે.

નારણપુરા પો.સ્ટે. નોંધાયેલ ગુનામાં આવી પ્રવૃત્તિમાં સંડોવાયેલ તમામની ધરપકડ કરવામાં આવેલ છે તેની નીચે મુજબ છે.

નારણપુરા પો.સ્ટે.ગુ.ર. નં. ૬૮૮/૦૭ ઈ.પી.કો. કલમ ૪૦૬, ૪૨૦ મુજબનો ગુનો તા. ૩૦-૧૧-૨૦૦૭ના રોજ દાખલ થયેલ છે. જેમાં ફ્યુચર કેર ફ્રેન્ડશીપ ક્લબની સભ્યો બનાવવા માટેની જાહેરાત પેપરમાં આપેલ. જેમાં કંપનીના સભ્યો બનાવવા સારૂ કંપનીના નામ એડ્રેસ સાથે અખબારમાં જાહેરાત આપેલ જેમાં ફરીયાદી તથા સાહેદને લોભામણી વાતો કરી પેસા પડાવી લઈ સભ્યો નહી બનાવી વિશ્વાસઘાત ક્ર્યા અંગેની ફરીયાદ નોંધવામાં આવેલ છે.

નારણપુરા પો.સ્ટે.ગુ.ર. નં. ૬૮૮/૦૭ ના ક્રેસમાં ક્લબ અંગેની જાહેરાત આપનાર (૧) સતીષ ઉર્ફે જય મહેતા S/O અરવિંદલાલ પટેલ (૨) નીખિલ દિલીપભાઈ પટેલ (૩) અવની ડો/ઓ દિલિપભાઈ ક્ંચનલાલ જોષી હોવાનું જણાઈ આવેલ છે. આમ આ ગુનાના કામે ત્રણેય આરોપીઓ પકડી અટક કરી તેઓ વિરૂધ્ધ મેટ્રોપોલીટન કોર્ટ નં. ૯ માં તા. ૭-૧-૨૦૦૮ ના રોજ ચાર્જશીટ કરવામાં આવેલ છે જે ક્રેસ કોર્ટ ખાતે પેન્ડીંગ ટ્રાયલ છે.

--------------

**ભાગેડુ આરોપીઓ ની મિલક્ત ટાંચમાં લેવા ગુજરાત હાઈકોર્ટે આપેલ આદેશ અંગે**

અતારાંક્તિ : ૩૭૧૬ (૧૬-૮-૨૦૧૦): **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) ભાગેડુ આરોપી પકડાય નહીં ત્યારે તેની મિલક્તો ટાંચમાં લેવા ગુજરાત હાઈકોર્ટે ત્રીજી જુલાઈ-૨૦૧૦ના રોજ પોલીસ તંત્રને આદેશ આપ્યો છે તે હકીક્ત સાચી છે,

(૨) ઉક્ત આદેશના અમલ માટે સરકારે શી વ્યવસ્થા ગોઠવી છે તેની જવાબદારી કોને સોંપાઈ છે ?

**મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) : (તા. ૧૮-૧૦-૨૦૧૦)

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

**નવા સચિવાલય બ્લોક નં.૧, ગાંધીનગર ખાતે ફરજ બજાવતા પોલીસ કર્મચારીને મારપીટ કરવા અંગે**

અતારાંક્તિ : ૩૭૨૦ (૧૬-૮-૨૦૧૦): **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) ગાંધીનગર ખાતે નવા સચિવાલય બ્લોક નં.૧ માં ફરજ બજાવતા પોલીસ સબ ઈન્સ્પેક્ટરે તા.૩-૭-૨૦૧૦ ના રોજ એક પોલીસ કર્મચારીને બેરહેમી પૂર્વક માર્યા હતા અને તેને સિવિલ હોસ્પીટલમાં ખસેડાયા હતા તે હકીક્ત સાચી છે,

(૨) આ ક્રેસમાં એફ.આઈ.આર. દાખલ ન થવાના શાં કારણો છે, અને

(૩) ગુનાહીત કામ કરનાર પોલીસ કર્મચારી કોણ છે તથા તેની સામે શાં પગલાં લેવાયાં છે ?

**મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) (૨૪-૯-૨૦૧૦) :

(૧), (૨) અને (૩) : તા.૩-૭-૨૦૧૦ના રોજ સચિવાલય સંકુલ બ્લોક નં.૧ ઉપર હથિયારી પોલીસ સબ ઈન્સ્પેકટરશ્રી પોતાની ફરજ પર હાજર હતા. અને તે દિવસે અનાર્મ પોલીસ કોન્સ્ટેબલ રજા ઉપરથી હાજર થતાં, તેઓને બ્લોક નં.૧ ઉપર ફરજ સોંપવામાં આવેલ હતી. અનાર્મ પોલીસ કોન્સ્ટેબલ પોતાની ફરજ ઉપર હાજર થઈ તુરત જ ખુરશીમાં બેસી ગયેલા હતા. જે બાબતે પોલીસ ઈન્સ્પેકટર અને અનાર્મ કોન્સ્ટેબલ વચ્ચે બોલાચાલી અને ઝપાઝપી થયેલ હતી. તે દરમ્યાન અનાર્મ પોલીસ કોન્સ્ટેબલને બી.પી. વધી જતાં, તેઓને સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવેલ હતા. જેની તપાસ દરમ્યાન અનાર્મ કોન્સ્ટેબલે માર માર્યાની રજૂઆત કરતાં સેકટર-૭ પો.સ્ટે.માં નોન કોગ્નીઝેબલ નં.૨૯/૧૦ ઈ.પી.કો.ક. ૩૨૩, ૫૦૪ મુજબની ફરિયાદ દાખલ કરવામાં આવેલ છે. અનાર્મ પોલીસ કોન્સ્ટેબલ એ પોલીસ સબ ઈન્સ્પેકટર વિરૂધ્ધમાં આપેલ ફરિયાદ નોન કોગ્નીઝેબલ પ્રકારની હોઈ, આ કામે એફ.આઈ.આર. નોંધવામાં આવેલ નથી. આ કામે પોલીસ કર્મચારી સચિવાલય સંકુલ ખાતે ફરજ બજાવતા હથિયારી પોલીસ સબ ઈન્સ્પેકટર સામે નોન કોગ્નીઝેબલ ફરિયાદની તપાસ ચાલુ છે.

------------

**સરકારી અધિકારી/કર્મચારી સામેની ભ્રષ્ટાચાર અને ગેરરીતિની ફરિયાદોનો રીપોર્ટ**

અતારાંક્તિ : ૩૮૩૩ (૧૬-૮-૨૦૧૦)**: શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) ગુજરાત સરકારના અધિકારી/કર્મચારીઓ સામે ભ્રષ્ટાચાર અને ગેરરીતિઓની વીજીલન્સમાં થતી ફરિયાદોનો રીપોર્ટ ૩૦ દિવસમાં જ કરી દેવા સેન્ટ્રલ વીજીલન્સ કમિશને મે-૨૦૧૦ માં આદેશ કર્યો છે તે હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો આ આદેશ પછી રાજ્ય સરકારે શી કાર્યવાહી કરી, અને

(૩) આ આદેશનો અમલ ક્યારે શરુ કરવામાં આવનાર છે ?

**મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) (૫-૧૦-૨૦૧૦) :

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**અમદાવાદ શહેરમાં ગુનાહિત પ્રવૃત્તિ કરતી ફ્રેક્ચર ગેન્ગને ઝડપી લેવા અંગે**

અતારાંક્તિ : ૩૮૪૧**: શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) અમદાવાદ શહેરમાં ગુનાહીત પ્રવૃત્તિઓ કરતી ફ્રેક્ચર ગેન્ગ પ્રવૃત છે તે હકીક્તથી સરકાર વાકેફ છે કે કેમ,

(૨) જો હા, તો આ ગુનાહીત ગેન્ગ કેવા પ્રકારની પ્રવૃત્તિમાં સંડોવાઈ છે, અને

(૩) ઉક્ત ગેન્ગને ઝડપી લઈ તેની સામે કાર્યવાહી કરવા જૂન-૨૦૧૦ ની સ્થિતિએ શી પાકી વ્યવસ્થા થઈ છે, અને તે જવાબદારી કોને સોંપાઈ છે ?

**મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) (૨૪-૯-૨૦૧૦) :

(૧) અને (૨) : અમદાવાદ શહેરના પૂર્વ વિસ્તારમાં કેટલી વ્યક્તિઓ પોતાના મલિન ઈરાદા પાર પાડવા માટે સામેવાળી વ્યક્તિને ફ્રેક્ચર કરી ઈજા પહોચાડે તેવી એક સરખી કાર્યપધ્ધતિથી ગુના આચરવાની મુખ્ય પ્રવૃત્તિ કરતા હોવાનું જણાયેલ છે. આ ગુનાખોરી આચરતી વ્યક્તિઓ લોકોમાં ""ફ્રેક્ચર ગેંગ"" ના ઉપનામથી ઓળખાય છે.

(૩) ઉપરોક્ત ગુનાખોરી કરનાર ૩૦ વ્યક્તિઓ પેકી ૧૦ વ્યક્તિઓ વિરૂધ્ધ પાસા હેઠળ તેમજ ૧૨ વ્યક્તિઓ વિરૂધ્ધ બી.પી.એકટ ૫૬(ખ) મુજબ તડીપારના પગલા લેવામાં આવેલ છે. તે પેકી ૭ વ્યક્તિઓ હાલમાં તડીપાર છે. ૪ વ્યક્તિઓ વિરૂધ્ધ તડીપાર કરવાની કાર્યવાહી ચાલુ છે. તેમજ ૧ વ્યક્તિ તડીપાર થયેલ તેનો તડીપાર પિરીયડ પુરો થયેલ છે. આ વ્યક્તિઓ વિરૂધ્ધ વખતોવખત સી.આર.પી.સી. કલમ ૧૫૧, ૧૦૭, ૧૧૦જી. જેવા અટકાયતી પગલા લેવામાં આવેલ છે. જ્યારે ૧ વ્યક્તિ મરણ પામેલ છે. જેના વિરૂધ્ધ પાસા હેઠળ પગલા લેવામાં આવેલ હતા.

આવી પ્રવૃત્તિ કરવાવાળા ઈસમોની મુખ્યત્વે પ્રવૃત્તિનું સ્થળ તેમજ તેઓના રહેણાંક ઓઢવ પો.સ્ટે. વિસ્તારમાં આવેલ હોય તેઓ આવી પ્રવૃત્તિ ન કરે તે સારૂ જે તે વિસ્તારના નાયબ પોલીસ કમિશ્નરશ્રી, મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, સીનીયર પોલીસ ઈન્સ્પેકટરશ્રી, તથા સર્વેલન્સ પોલીસ સબ ઈન્સ્પેકટરશ્રી, તથા ક્રાઈમ શાખાને પણ તકેદારી રાખવા જરૂરી સૂચના આપવામાં આવેલ છે.

------------

**રાજ્યમાં ખોટી રીતે કેસ ઉભો કરી ગુનામાં સંડોવી દેવાની ધમકી આપવાના કેસો**

અતારાંક્તિ : ૩૮૪૪ (૧૬-૮-૨૦૧૦)**: શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) રાજ્યમાં જિલ્લાવાર પોલીસ દ્વારા ખોટી રીતે કેસ ઉભો કરી ગુનામાં સંડોવી દેવાની ધમકી આપવાના તથા તેવા કેસો ઉભા કરવાની કેટલી ફરિયાદો જૂન-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નોંધાઈ,

(૨) ઉક્ત ઘટનાઓમાં સંડોવાયેલા ગુનાહીત પોલીસ કર્મચારીઓ કોણ કોણ છે, અને

(૩) તેની સામે શાં પગલાં લેવાયાં છે ?

**મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) (૨૩-૯-૨૦૧૦) :

(૧) કુલ બે કિસ્સા નોંધાયેલ છે.

(૨) અને (૩) : સરદારનગર પો.સ્ટે.ફ.ગુ.ર.નં. ૯૧/૧૦ ઈ.પી.કો.કલમ ૩૯૪, ૩૪૨, ૩૮૯, ૧૧૪ ના કામે બે લોકરક્ષક અને ડી.સી.બી. પો.સ્ટે.ફ.ગુ.ર.નં. ૬/૧૦ ઈ.પી.કો.કલમ ૧૨૦બી, ૩૮૪, ૩૮૮, ૧૭૦, ૫૦૬(૨) મુજબ એક અનાર્મ પોલીસ કોન્સ્ટેબલ સંડોવાયેલ છે. આમ બંને વિરૂધ્ધ ગુના દાખલ કરી બંને લોકરક્ષકોને ડીસમીસ કરવામાં આવેલ છે. જ્યારે અનાર્મ પોલીસ કોન્સ્ટેબલને ફરજ મોકૂફી ઉપર ઉતારવામાં આવેલ છે.

------------

**રાજપીપળાની જેલમાં પોલીસ દ્વારા ત્રણ વર્ષના બાળકને પોલીસ કસ્ટડીમાં રાખવા અંગે**

અતારાંક્તિ : ૩૮૪૭ (૧૬-૮-૨૦૧૦): **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) રાજપીપળાની જેલમાં પોલીસે ૩ વર્ષના બાળકને જુલાઈ-૨૦૧૦ના બીજા સપ્તાહમાં પોલીસ કસ્ટડીમાં પૂરી દીધું હતું તે હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત બાળકને કેટલો સમય કસ્ટડીમાં રાખવામાં આવ્યું,

(૩) ઉક્ત કૃત્ય કરનાર કર્મચારી કોણ છે, અને

(૪) તેવા જવાબદારોને શી શિક્ષા થઈ ?

**મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) (૨૨-૯-૨૦૧૦) :

(૧) ના, જી.

(૨), (૩) અને (૪) : પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**માંડવી તાલુકામાં શરૂ કરવામાં આવેલ ઉદ્યોગો**

અતારાંક્તિ : ૩૫૩૭ (૨૨-૭-૨૦૧૦): **શ્રી ધનજીભાઈ ગો.સેંધાણી (માંડવી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૦-૬-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં માંડવી તાલુકામાં ક્યા ક્યા ઉદ્યોગો શરૂ કરવામાં આવ્યા,

(૨) સરકારે ઉક્ત ઉદ્યોગોને શું સહાય આપી, અને

(૩) ઉક્ત સ્થિતિએ નવા શરૂ થયેલા ઉદ્યોગોમાંથી કેટલા બંધ થયા અને કેટલા કાર્યરત છે ?

**મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) (૧૩-૧૦-૨૦૧૦) :

(૧) માંડવી તાલુકામાં તા.૩૦-૬-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં મુખ્યત્વે મીનરલ આધારિત ઉદ્યોગો જેવા કે સ્ટોન ક્રશીંગ, ચાઈના ક્લે, બેન્ટોનાઈટ લીગાઈટ પાવડર તથા ક્લે માટેના ઉદ્યોગ શરૂ કરવામાં આવ્યા છે.

એચબી-૭૨૩-૬ (૨) માંડવી તાલુકામાં ઉક્ત એકમો પેકી એક એકમને વ્યાજ સહાય આપવામાં આવેલ છે.

(૩) એમએસએમઈ એકટ અંતર્ગત તમામ એકમોએ જિલ્લા ઉદ્યોગ કેન્દ્રમાંથી નોંધણી કરાવવી ફરજીયાત નથી. તેમજ તે રીતે નોંધાયેલા એકમો જો બંધ થાય તો તેની જાણ ફરજીયાત કરવાની જોગવાઈ નથી. બંધ એકમોની નોંધણી અલગથી કરવામાં આવતી નથી.

------------

**કચ્છ જિલ્લામાં ભૂકંપ બાદ સ્થપાયેલા ઉદ્યોગો**

અતારાંક્તિ : ૩૮૧૨ (૧૬-૮-૨૦૧૦): **શ્રી જયંતિલાલ પ.ભાનુશાલી (અબડાસા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) ૩૦-૬-૨૦૧૦ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં ભૂકંપ બાદ જિલ્લાના વિકાસ માટે જાહેર કરવામાં આવેલ પેકેજ અંતર્ગત છેલ્લા ૫ વર્ષમાં તાલુકાવાર કેટલા અને ક્યા ક્યા નવા ઉદ્યોગોની સ્થાપના થઈ,

(૨) વર્ષવાર કેટલી કર રાહત આપવામાં આવી, અને

(૩) નવા સ્થપાયેલા ઉદ્યોગોમાંથી ઉક્ત સ્થિતિએ કેટલા બંધ પડ્યા છે ?

**મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) (૨૭-૯-૨૦૧૦) :

(૧) તા.૩૦-૬-૨૦૧૦ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં ભૂકંપ બાદ જિલ્લાના વિકાસ માટે જાહેર કરવામાં આવેલ પેકેજ અંતર્ગત છેલ્લા ૫ વર્ષમાં સ્ટીલ, કેમીકલ, ઈલેકટ્રોનિક્સ, ફુડ, પ્લાસ્ટીક, એન્જિનિયરીંગ, મેટાલાનીંક્લકાક, ટોઈલેટ સોપ, ખાદ્ય ઓઈલ, ટેક્ષટાઈલ, સીરામીક વગેરે નવા ઉદ્યોગોની તાલુકાવાર નીચે મુજબના સ્થાપના થઈ છે.

| અ.નં. | તાલુકાનું નામ | એકમની સંખ્યા |
|---|---|---|
| ૧ | ભૂજ | ૨૫ |
| ૨ | અંજાર | ૪૦ |

| | | |
|---|---|---|
| ૩ | ભચાઉ | ૪૨ |
| ૪ | ગાંધીધામ | ૧૨ |
| ૫ | રાપર | ૦૧ |
| ૬ | નખત્રાણા | ૦૧ |
| ૭ | મુન્દ્રા | ૦૯ |
| ૮ | અબડાસા | ૦૧ |
| ૯ | લખપત | ૦૧ |

(૨) કોઈ કર રાહત આપવામાં આવેલ નથી.

(૩) ૦૩ (ત્રણ).

------------

## ગાંધીનગર જિલ્લામાં રૂપિયા પંદર લાખથી ઉપરની કિંમતના મંજૂર તળાવો

અતારાંક્તિ : ૩૭૨૯: **શ્રી સુરેશકુમાર ચ. પટેલ (કલોલ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) ગાંધીનગર જિલ્લામાં તા.૩૧-૩-૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ (૩) વર્ષમાં તાલુકાવાર અને વર્ષવાર રૂા.૧૫.૦૦ લાખથી ઉપરની કિંમતના કેટલા તળાવો મંજૂર કરવામાં આવ્યા, અને

(૨) આમાંથી તાલુકાવાર કેટલા તળાવો મંજૂર કરી પૂર્ણ કરવામાં આવ્યા ?

**જળસંપત્તિ મંત્રીશ્રી** (૨૩-૯-૨૦૧૦) :

(૧) ગાંધીનગર જિલ્લામાં તા.૩૧-૩-૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ (૩) વર્ષમાં તાલુકાવાર અને વર્ષવાર રૂા.૧૫.૦૦ લાખથી ઉપરની કિંમતના નીચે મુજબના તળાવો મંજૂર કરવામાં આવ્યા છે.

| વર્ષ | તાલુકો | ૧૫ લાખની ઉપરની કિંમતના તળાવો |
|---|---|---|
| ૨૦૦૮-૦૯ | કલોલ | ૦૧ |
| | ગાંધીનગર | ૦૨ |
| | કુલ : | **૦૩** |
| ૨૦૦૯-૧૦ | ગાંધીનગર | ૦૧ |
| | કલોલ | ૦૮ |
| | દહેગામ | ૦૫ |
| | માણસા | ૦૫ |
| | કુલ : | **૧૯** |

(૨) તાલુકાવાર નીચે પ્રમાણેના તળાવો મંજૂર કરી પૂરા કરવામાં આવ્યા છે.

| વર્ષ | તાલુકો | પૂર્ણ કરેલ તળાવો | પ્રગતિ હેઠળના તળાવો | |
|---|---|---|---|---|
| ૨૦૦૮-૦૯ | કલોલ | ૦૧ | - | - |
| | ગાંધીનગર | ૦૧ | - | - |
| | કુલ : | **૦૨** | - | - |
| ૨૦૦૯-૧૦ | ગાંધીનગર | ૦૦ | ૦૦ | - |
| | કલોલ | ૦૩ | ૦૫ | ચોમાસાને લીધે તા.૩૧-૫-૧૦ની સ્થિતિએ કામગીરી બંધ કરવામાં આવેલ છે. |
| | દહેગામ | ૦૨ | ૦૩ | -- "" -- |
| | માણસા | ૦૧ | ૦૪ | -- "" -- |
| | કુલ : | **૦૬** | **૧૨** | -- "" -- |

------------

## જળ સંપત્તિ ખાતા દ્વારા બ્લેક લીસ્ટમાં મૂકાયેલ કોન્ટ્રાક્ટરો

અતારાંક્તિ : ૩૭૧૧ (૫-૮-૨૦૧૦): **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) રાજ્યમાં જિલ્લાવાર જળસંપત્તિ ખાતા દ્વારા કેટલા કોન્ટ્રાક્ટરોને વર્ષ ૨૦૦૮ અને ૨૦૦૯ તથા જૂન-૨૦૧૦ સુધીમાં બ્લેક લીસ્ટમાં મૂકવામાં આવ્યા, અને

(૨) ઉક્ત કોન્ટ્રાક્ટરો મિત્ર કે સંબંધીના કે ભળતા નામે ફરી કામગીરી શરૂ ન કરે તે માટે શી વ્યવસ્થા ગોઠવાઈ છે ?

**જળ સંપત્તિ મંત્રીશ્રી** (૨૩-૯-૨૦૧૦) :

(૧) વર્ષ ૨૦૦૮ અને ૨૦૦૯ તથા જૂન-૨૦૧૦ સુધીમાં જળ સંપત્તિ પ્રભાગ ધ્વારા કોઈ કોન્ટ્રાક્ટરને બ્લેક લીસ્ટ કરવામાં આવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

### ગાંધીનગર જિલ્લામાં મરામત માટે મંજુર કરેલ ચેકડેમો

અતારાંકિત : ૩૭૩૧ (૧૬-૮-૨૦૧૦): **શ્રી સુરેશકુમાર ચ. પટેલ (કલોલ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા. ૩૧-૩-૧૦ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં ક્યા ક્યા તાલુકાઓમાં કુલ કેટલા ચેકડેમ મરામત માટે મંજુર કરવામાં આવ્યા,

(૨) આ પેકી કેટલા ચેકડેમોની મરામત કરવામાં આવી, અને

(૩) આ મરામત પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જળસંપત્તિ મંત્રીશ્રી** (૨૭-૯-૨૦૧૦) :

(૧) શૂન્ય.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

### કચ્છ જિલ્લામાં સિંચાઈની સુવિધાઓ વધારવા હાથ ધરેલ યોજનાઓ

અતારાંકિત : ૩૮૦૭ (૧૬-૮-૨૦૧૦): **શ્રી જયંતિલાલ પ.ભાનુશાલી (અબડાસા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) કચ્છ જિલ્લામાં તાલુકાવાર તા. ૩૦-૦૬-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સિંચાઈ સુવિધાઓ વધારવા કઈ કઈ યોજનાઓ હાથ ધરી, અને

(૨) તે પેકી કેટલી યોજનાઓ પુર્ણ થઈ અને કેટલી બાકી છે ?

(૩)

**જળસંપત્તિ મંત્રીશ્રી** : (તા. ૨૭-૯-૨૦૧૦)

(૧) કચ્છ જિલ્લામાં તા. ૩૦-૬-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સિંચાઈ સુવિધાઓ વધારવા સરદાર પટેલ સહભાગી જળ સંચય યોજના હેઠળ ચેકડેમો, મોટા ચેકડેમો બંધારા, અનુશ્રવણ તળાવ અને સેઈફ સ્ટેજના કામો વગેરે હાથ ધરેલ છે. જેની તાલુકાવાર સ્થિતિ આ સાથેના પત્રક-૧, પત્રક-૨ અને પત્રક-૩માં સામેલ છે.

(૨) તાલુકાવાર પુર્ણ થયેલ યોજનાઓની વિગતો પત્રક-૪, પત્રક-૫ અને પત્રક-૬માં અને બાકી રહેલ યોજનાઓની વિગતો *પત્રક-૭, પત્રક-૮, પત્રક-૯ અને પત્રક-૧૦માં સામેલ છે. (*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે).

------------

### કચ્છ જિલ્લામાં પાણીની ટાંકીઓ

અતારાંકિત : ૩૮૧૧ (૧૬-૮-૨૦૧૦): **શ્રી જયંતિલાલ પ.ભાનુશાલી (અબડાસા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા. ૩૦-૬-૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ (૩) વર્ષમાં કચ્છ જિલ્લામાં તાલુકાવાર કેટલી પાણીની ટાંકીઓ મંજૂર કરવામાં આવી, અને તે પેકી કેટલી પૂર્ણ કરવામાં આવી,

(૨) ટાંકીઓ મંજૂર થયેલ હોય અને કામ પૂર્ણ ન થયા હોય તો તેના કારણો શાં છે, અને

(૩) આવી કેટલી ટાંકીઓ બનાવવાની બાકી છે ?

**પાણી પુરવઠા મંત્રીશ્રી** (૨૯-૯-૨૦૧૦) :

(૧) તા. ૩૦-૬-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કચ્છ જિલ્લામાં તાલુકાવાર મંજૂર કરવામાં આવેલ અને તે પેકી પુર્ણ કરવામાં આવેલ પાણીની ટાંકીઓની વિગતો નીચે મુજબ છે.

(૨)

| તાલુકો | મંજુર કરવામાં આવેલ ટાંકીઓની સંખ્યા | પુર્ણ કરવામાં આવેલ ટાંકીઓની સંખ્યા |
|---|---|---|
| ભચાઉ | ૧૬ | ૧૪ |
| અંજાર | ૧૬ | ૧૩ |
| ગાંધીધામ | ૧ | ૧ |
| રાપર | ૩૧ | ૩૦ |
| લખપત | ૧૮ | ૧૬ |
| અબડાસા | ૨૫ | ૧૯ |
| ભૂજ | ૬૫ | ૫૨ |
| માંડવી | ૧૫ | ૧૧ |

| | | |
|---|---|---|
| નખત્રાણા | ૩૪ | ૩૩ |
| મુન્દ્રા | ૩ | ૨ |
| **કુલ** | **૨૨૪** | **૧૯૧** |

(૨) ટેન્ડર તથા લોક ફાળાની કામગીરી કરવાના વિવિધ પ્રક્રીયાના કારણે, ટ્યુબવેલનું કામ પુરું થયા બાદ ટાંકી બનાવવાની હોવાથી, સંપ બનાવવાની કામગીરી પૂર્ણ થયા બાદ ટાંકી બનાવવાની કામગીરી હાથ પર લેવાના કારણે તથા ગામના આંતરીક પ્રશ્નો/વિખવાદના કારણે ટાંકીના કામો પુર્ણ થયેલ નથી.

(૩) મંજુર થયાં પેકીની ૩૩ ટાંકીઓ બનાવવાની બાકી છે.

------------

## કચ્છ જિલ્લામાં પીવાના પાણી અંગેની મંજુર કરેલ યોજનાઓ

અતારાંક્તિ : ૩૮૧૪ (૧૬-૮-૨૦૧૦): **શ્રી જયંતિલાલ પ.ભાનુશાલી (અબડાસા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) કચ્છ જિલ્લામાં તાલુકાવાર તા. ૩૦-૬-૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ (૩) વર્ષમાં ક્યા ક્યા ગામોમાં પીવાના પાણી અંગેની યોજનાઓ મંજુર કરવામાં આવી, અને કુલ કેટલી યોજના મંજુર કરી,

(૨) આ યોજનાઓ પાછળ વર્ષવાર કેટલો ખર્ચ થયો,

(૩) કેટલી યોજનાના કામો અધુરા છે,

(૪) આ કામો ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે, અને

(૫) આ કામ માટે કઈ કઈ એજન્સીઓ નક્કી કરવામાં આવી છે ?

**પાણી પુરવઠા મંત્રીશ્રી** (૧૯-૧૦-૨૦૧૦) :

(૧) કચ્છ જિલ્લાના ૧૦ તાલુકાના ૫૧૪ ગામો માટે તા. ૩૦-૬-૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં પીવાના પાણી અંગેની ૧૭૨ યોજનાઓ મંજુર કરવામાં આવેલ છે. જેની વિગતો પત્રક-૧* માં દર્શાવેલ છે.

(૨) આ યોજનાઓ પાછળ વર્ષ વાર નીચે મુજબ ખર્ચ થયો.

| વર્ષ | થયેલ ખર્ચ (રૂા. લાખમાં) |
|---|---|
| ૧-૭-૦૭ થી ૩૦-૬-૦૮ | ૧૪૦૩.૧૩ |
| ૧-૭-૦૮ થી ૩૦-૬-૦૯ | ૫૯૭૨.૩૦ |
| ૧-૭-૦૯ થી ૩૦-૬-૧૦ | ૮૫૧.૪૧ |

(૩) મંજુર થયેલ યોજનાઓ પેકી કુલ ૪૧ યોજનાઓના કામો બાકી છે.

(૪) આ કામો તબક્કાવાર તા. ૩૧-૦૩-૨૦૧૧ સુધીમાં પુર્ણ કરવાનું આયોજન છે.

(૫) સામેલ પત્રક-૨* માં એજન્સીઓના નામો દર્શાવેલ છે.

(*પત્રકો સચિવશ્રીની ક્ચેરીમાં રાખવામાં આવેલ છે).

------------

## કચ્છ જિલ્લામાં ચેકડેમોની મંજુરી

અતારાંક્તિ : ૩૮૧૮ (૧૬-૮-૨૦૧૦): **શ્રી ધનજીભાઈ ગો.સેંધાણી (માંડવી) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) કચ્છ જીલ્લામાં તા. ૩૦-૬-૨૦૧૦ ની સ્થિતિએ છેલ્લા ત્રણ (૩) વર્ષમાં તાલુકાવાર કેટલા ચેકડેમોને મંજુરી આપી,

(૨) તે અંતર્ગત કેટલી ગ્રાન્ટની ફાળવણી કરી અને કેટલી સબસીડી ચૂકવી,

(૩) કેટલા ચેકડેમો પૂર્ણ થયા અને કેટલા ડેમોની કામગીરી બાકી છે, અને

(૪) આ બાકી ડેમોની કામગીરી ક્યારે પૂર્ણ કરવામાં આવશે ?

**જળસંપત્તિ મંત્રીશ્રી** (૨૭-૯-૨૦૧૦) :

(૧) કચ્છ જીલ્લામાં તા. ૩૦-૬-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ (૩) વર્ષમાં મંજુરી આપેલ તાલુકાવાર ચેકડેમોનું વિગતવાર પત્રક સામેલ છે.

ઉપસ્થિત કર્યો હતો અને તે સંબંધે માનનીય મંત્રીશ્રીઓ તથા અન્ય સભ્યશ્રીઓના મંતવ્યો જાણ્યા બાદ મેં જે નિર્ણય આપ્યો હતો તે નિર્ણય સંબંધે મને વધુ સ્પષ્ટતાઓ કરવી જરૂરી જણાય છે. વિધાનસભાના પ્રશ્નો દાખલ કરવા અંગેના નિયમોના નિયમ - ૮૧ની જોગવાઈ મુજબ કોઈપણ પ્રશ્ન કે તેનો ભાગ દાખલ કરવો કે નહીં તે સંપૂર્ણપણે અધ્યક્ષશ્રીના ક્ષેત્રાધિકારની બાબત છે. માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ જે મુદ્દો ઉપસ્થિત કર્યો હતો તે મુદ્દો નિયમ-૮૧થી મળેલ અધ્યક્ષના અધિકાર ક્ષેત્રની બાબત સંબંધેનો હતો. મેં જ્યારે સંદર્ભ હેઠળના બંને પ્રશ્નો દાખલ કર્યા હોય ત્યારે તે સંબંધે કોઈપણ મુદ્દો ગૃહમાં ઉપસ્થિત કરી શકાતો નથી, તેવી પ્રસ્થાપિત પ્રૅક્ટિસ પણ છે. આ બાબતમાં મારા પુરોગામી અધ્યક્ષશ્રીઓના અનેક નિર્ણયો પણ છે અને તેનો મેં અભ્યાસ કર્યો છે. તેમ છતાં માનનીય શકિતસિંહજીએ આજે અધ્યક્ષના ક્ષેત્રાધિકારની બાબત સંબંધે જે મુદ્દો ઉપસ્થિત કર્યો હતો તે કોઈપણ રીતે યોગ્ય ન હતો અને તે મુદ્દાથી જે બાબત રજૂ થઈ હતી તે નિયમ- ૮૧થી અધ્યક્ષને મળેલ સત્તાને પડકારતી હતી. વિધાનસભાના નિયમોના નિયમો હેઠળ અધ્યક્ષશ્રીને કોઈપણ પ્રશ્ન, પ્રસ્તાવો, વિધેયકોને લગતી સૂચનાઓ દાખલ કરવી કે નહીં તે સંબંધે સંપૂર્ણ અધિકારો મળેલા છે. નિયમો હેઠળ અધ્યક્ષને મળેલી સત્તાની રૂએ જ્યારે પ્રશ્નો મેં દાખલ કર્યા હોય ત્યારે પ્રશ્નોની દાખલપાત્રતા સંબંધમાં કોઈપણ મુદ્દો આ ગૃહમાં ઉપસ્થિત કરી શકાય નહીં. કોઈ ક્ષતિ થઈ હોય તો તેઓએ મારી ચેમ્બરમાં આવવાનું ઔચિત્ય દાખવ્યું હોત તો તે વધુ ઉચિત થાત, પ્રસ્તુત કિસ્સામાં આવું ઔચિત્ય માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ દાખવ્યું નથી તે કોઈપણ રીતે યોગ્ય નથી. ભવિષ્યમાં અધ્યક્ષના ક્ષેત્રાધિકાર હેઠળની બાબતો ગૃહમાં ઉપસ્થિત નહીં કરવા કાળજી રાખવા હું તેમને વિનંતી કરું છું.

# તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬)

### ચોર લૂંટારાઓના આતંકથી પ્રજામાં ફેલાયેલ ભયની લાગણી દૂર કરવા અને લૂંટારાઓને નશ્યત કરવા અંગે

**શ્રી બચુભાઈ ના. કિશોરી(લીમડી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું નિયમ ૧૧૬ અન્વયે નીચે જણાવેલી તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)નું ધ્યાન દોરું છું અને તે એંગે તેમને નિવેદન કરવાની વિનંતી કરું છું.

" તાજેતરમાં દાહોદ જિલ્લાના ગરબાડા - દાહોદ અને ઝાલોદ તાલુકાઓમાં લૂંટારાઓનો આતંક વધી રહ્યો છે. આવા લૂંટારાઓ રાતના સમયે આવી, મારામારી કરી લૂંટ ચલાવી નાસી છૂટતા હોવાને કારણે આમ જનતામાં ભયની લાગણી ફેલાઈ છે. અપૂરતા પોલીસ બંદોબસ્તને કારણે આવા ચોર લૂંટારાઓને મોકળું મેદાન મળવાથી પ્રજામાં ફેલાયેલ ભયની લાગણી દૂર કરવા અને લૂંટારાઓને નશ્યત કરવા રાજય સરકારે લીધેલાં કે લેવા ધારેલાં પગલાં."

**શ્રી પ્રફુલભાઈ ખો. પટેલ (રાજય કક્ષાના ગૃહમંત્રીશ્રી)** દાહોદ જિલ્લો એ ગુજરાત રાજયની સરહદ ઉપર આવેલો જિલ્લો છે અને મધ્યપ્રદેશ અને રાજયસ્થાનની હદ આ જિલ્લાને સ્પર્શે છે. દાહોદ જિલ્લામાં બનતા ગુનાઓ અને બનાવોને અટકાવવા તથા ગુનાઓને શોધવા માટે સ્થાનિક પોલીસ સક્રિયપણે કાર્યરત છે. અને પોલીસના સઘ ાન પ્રયત્નોને લીધે ગુનાઓ શોધવામાં ખૂબ જ સારી સફળતા પ્રાપ્ત થયેલ છે. દાહોદ જિલ્લામાં ધાડ લૂંટના ગુનાઓ બનતા અટકાવવા માટે અલગ અલગ સ્કીમો જેવી કે જિલ્લાના આદિવાસીઓની હોદ્દાજોગ વીકલી નાઈટ રાઉન્ડ રાત્રીના ૧૧ કલાકથી સવારે ૫-૦૦ કલાક દરમ્યાન તેમજ હાઈવે લૂંટના બનાવો બનતા અટકાવવા માટે સાંજના ૬:૩૦ કલાકેથી રાત્રીના ૧૧:૦૦ કલાક સુધીનું મોબાઈલ રૂટ પેટ્રોલીંગનું આયોજન સંભવિત વિસ્તારો નક્કી કરી ગોઠવવામાં આવેલ છે.

જિલ્લાના તમામ થાણા ઈન્ચાર્જ, સુપરવાઈઝરી અધિકારી, પોલીસ ઈન્સ્પેકટર એલસીબી, પો.સ.ઈ.એસ.ઓ.જી., ટ્રાફિક પોલીસ દ્વારા રાત્રીના ૯:૦૦ વાગ્યાથી સવારના ૫:૦૦ વાગ્યા સુધી અવારનવાર કોમ્બીંગ નાઈટ રાઉન્ડ કરવામાં આવે છે. આ તમામ પ્રયત્નોના કારણે ગુનાખોરીનું પ્રમાણ અસરકારક રીતે અંકૂશમાં રહેલ છે.

લીધેલા પગલાં :-

આ બનાવો બનતા અટકાવવા માટે સમગ્ર જિલ્લામાં સઘન ચેકીંગ હાથ ધરવામાં આવેલ છે. આમ છતાં દાહોદ, ગરબાડા અને ઝાલોદ માટે વિશેષ વ્યવસ્થા ગોઠવેલ છે. આ ત્રણેય તાલુકામાં સાંજના ૬:૩૦ થી રાત્રીના ૧૧:૩૦ કલાક સુધી :-

(૧) ખંગેલા બોર્ડરથી આર.ટી.ઓ.ચેક પોસ્ટ સુધી
(૨) વ્રજ હોટલથી ઘોડાખાર હનુમાનજીના મંદિર સુધી
(૩) દાહોદ રૂરલથી નવાગામ રૂટ પેટ્રોલીંગ
(૪) વન ચેતનાથી મીરાખેડી સુધી
(૫) મીનાકયાર બોર્ડર-ગરબાડા-ખાનનદી-પાટાડુંગરી-અભલોડ-ગાંગરડી-નવાનગર અને વાસીયાડુંગરી
(૬) જેસાવાડાથી ઘડોઈ ઘાટી સુધી સ્થાનિક પોલીસ, એસ.ઓ.જી. અને પેરોલ સ્કવોડ તથા ગરબાડા વિસ્તારમાં

(૭) જેસાવાડાથી રાગણઘાટી, ઝાંબૂચોકડી બે ઘોડેશ્વાર પાર્ટીના પોલીસ માણસોનું પેટ્રોલીંગ કરવામાં આવેલ છે.
દાહોદ :-

આ ધાડ લૂંટના બનાવો અટકાવવા માટે સાંજના કલાક ૭:૦૦ થી રાત્રીના ૧૨:૦૦ સુધી દાહોદ ટાઉન વિસ્તારમાં ચોકી નં.૧ થી ૩ અને ચોકી નં. ૪ થી ૬ નું ક્રોસ પેટ્રોલીંગનું આયોજન કરેલ છે.

દાહોદ રૂરલ પો.સ્ટે.માં રૂટ નં.૧ માં દાહોદ, દેલસર, ઉકરડી, ભાઠીવાડા, રાણપુર રૂટ નં.ર માં દાહોદ, છાપરી, સુકીનદી, મીરાખેડી, રૂટ નં.૩ માં કતવારા, ખાપરીયા, ગમલા, અને જલત વિસ્તારમાં પેટ્રોલીંગનું આયોજન કરેલ છે.

ગરબાડા :-

ગરબાડા પો.સ્ટે.વિસ્તારમાં રૂટ નં.૧માં અભલોડ, ગડોઈ, દાહોદ, ગરબાડા રૂટ નં.રમાં નિમચ, આગાવાડા અને કતવારા વિસ્તારમાં કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

ઝાલોદ :-

ઝાલોદ પો.સ્ટે.માં ઝાલોદથી ગરાડું, રૂટ નં.ર માં ઝાલોદ, બાજરવાડા, બીયામાળી, નાનસલાઈ, સાંપોઈ અને હીરોલા, લીમડી પો.સ્ટે.માં રૂટ નં.૧માં લીમડી, દેપાડા, ખેડા, કાળીમહુડી, ઘાસીયા, મીરાખેડી, કાળીગામ, રૂટ નં.ર માં લીમડી, લીલવાદેવા, લીલવાઠાકુર, ખરસોડ, મુડાદેડા, પેથાપુર, ટીમ્બી અને ચાકલીયા, રૂટ નં.૩ લીમડી, ક્યુબર, નાકોલ, ડુંગરી, પીપળીયા અને મુનાવાણી, રૂટ નં. ૪ લીમડી, કારઠ, રૂપાખેડા, પ્રથમપુર, રળીયાતી ભૂરા, ગુલતોરા અને શારદા વિસ્તારમાં ક્રોસ મોટર સાયકલ પેટ્રોલીંગનું આયોજન કરવામાં આવેલ છે.

વધુમાં સમગ્ર જિલ્લામાં મિલકત વિરૂદ્ધના ગુના ન બને તે હેતુસર પોલીસ સ્ટેશનના અધિકારીઓ દ્વારા રાત્રીના કલાક ૧૧:૦૦ થી સવારના કલાક ૫:૩૦ સુધી દાહોદ ટાઉન, દાહોદ રૂરલ, ગરબાડા, ઝાલોદ અને લીમડીમાં પોલીસ સ્ટેશન વિસ્તારમાં તથા જિલ્લાના અન્ય વિસ્તારોમાં નાઈટ રાઉન્ડ કરવામાં આવેલા છે.

(૧) આ ધાડ લૂંટના બનાવો અટકાવવા માટે આ ત્રણેય તાલુકામાં આઉટ પોસ્ટ ઉપરાંત ગરબાડા વિસ્તારમાં ગરબાડા ચાર રસ્તા અને ખાનનદી ઉપર તંબૂચોકી ઉભી કરવામાં આવેલ છે તથા મીનાકયાર બોર્ડર પર બે બે એસ.આર.પી. ફરજ બજાવે છે. ઝાલોદ તાલુકામાં ચાકલીયા ચેકપોસ્ટ અને ધાવડીયાચેક પોસ્ટ ઉપર બે બે એસ.આર.પી. ફરજ બજાવે છે. દાહોદ રૂરલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં ખંગેલા બોર્ડર ઉપર એક એસ.આર.પી., જી.આર.ડી. અને એક પોલીસ ૨૪ કલાક ફરજ બજાવે છે. ઉપરાંત ગડોઈ ઘાટી કલાક ૧૬:૦૦ થી ૨૦:૦૦ સુધી વાહન ચેકીંગનો પોઈન્ટ ચાલુમાં છે. આ રીતે વિશેષ ફીકસ પોઈન્ટ ઉભા કરી ચેકીંગનું આયોજન કરેલ છે.

(૨) સામાન્ય રીતે ધાડ, લૂંટના ગુનાઓ અટકાવવા માટે પૂરતી કાળજી લેવામાં આવે છે તેમ છતાં પણ દાહોદ, ગરબાડા, ઝાલોદ તથા જિલ્લાના કોઈ પણ વિસ્તારમાં ધાડ-લૂંટનો બનાવ બને તેવા સમયે મેસેજ મળેથી તુરત જ આરોપીઓને હસ્તગત કરવા માટે જિલ્લાના તમામ અધિકારીઓએ બજાવવાની ફરજ અંગે રેડ એલર્ટ સ્કીમ નં.૯૯૯ ને રીવાઈઝડ કરી અદ્યતન બનાવવામાં આવેલ છે અને તેનો અમલ કરવામાં આવે છે.

(૩) દાહોદ રૂરલ પોલીસ સ્ટેશનનાં ટાડા આઉટ પોસ્ટ તથા કઠલા આઉટ પોસ્ટ જ્યારે ગરબાડા પોલીસ સ્ટેશનના જેસાવાડા આઉટ પોસ્ટ તેમજ ગુલબાર આઉટ પોસ્ટના એએસઆઈ/હે.કો./પો.કો. એ સાંજના કલાક ૪:૦૦ થી સાંજના ૭:૦૦ દરમ્યાન મોટર સાયકલ ઉપર અસરકારક પેટ્રોલીંગ કરવા માટે જણાવવામાં આવેલ છે. ઝાલોદ તાલુકામાં ગરાડું આઉટ પોસ્ટ, ચાકલીયા આઉટ પોસ્ટ અને લીમડી પો.સ્ટે.ના મીરાખેડી આઉટ પોસ્ટના એ.એસ.આઈ./હે.કો.ને અસરકારક પેટ્રોલીંગ કરવા સૂચના કરવામાં આવેલ છે.

(૪) આગામી હોળી ધૂળેટીના તહેવારોમાં દાહોદ જિલ્લો ખૂબ જ સંવેદનશીલ હોઈ આ સમય દરમ્યાન ધાડ-લૂંટના બનાવો બનતા અટકાવવા માટે ૧૦ થી ૧૫ કિલોમીટર જેટલો અસરગ્રસ્ત વિસ્તાર આવરી લઈ અલગ અલગ રૂટો નક્કી કરી મોટર સાયકલનું ક્રોસ પેટ્રોલીંગ પોલીસના જવાનો/ હોમગાર્ડ/ જી.આર.ડી. સાથે હથિયાર/ વોકીટોકી સેટ/ સેલફોન/ હાથકડી રસ્સા/ બેટરી સાથે સાંજના કલાક ૭:૦૦ થી રાત્રીના ૧૨:૦૦ સુધી ફરવા માટેનું આયોજન કરવામાં આવેલ છે.

(૫) નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી, વડોદરા રેન્જના અધ્યક્ષ સ્થાને ગઈ તા.૧૫-૧૧-૨૦૧૦ ના રોજ ગુજરાત રાજય તથા મધ્યપ્રદેશ રાજયના ઉચ્ચ અધિકારીશ્રીઓની ધાડ-લૂંટના આરોપીઓને ઝડપી લેવા માટે એક કો-ઓર્ડિનેશન બોર્ડર મિટીંગનું આયોજન દાહોદ મૂકામે કરવામાં આવેલ અને નજીકના સમયમાં ફરીથી આવી કો-ઓડિનેશન મિટીંગ મધ્યપ્રદેશના ઈન્દોર મૂકામે આયોજન કરવાનું નક્કી કરવામાં આવેલ છે. હાલમાં પણ મધ્યપ્રદેશના પોલીસ અધિકારીઓ અવારનવાર કોમ્બીંગનું આયોજન કરે છે અને આરોપીઓને પણ ઝડપી પાડેલ છે. સન ૨૦૦૯ માં ૭ વખત કોમ્બીંગ કરી ૯ આરોપીઓ તથા સન ૨૦૧૦માં ૧૪ વખત કોમ્બીંગનું આયોજન કરી ૬ આરોપીઓને હસ્તગત કરવામાં આવેલ છે.

લેવામાં આવનાર પગલાં :-

(૧) વધુમાં ધાડ-લૂંટના બનાવો બનતા અટકાવવા તથા આમ જનતાને પૂરતું રક્ષણ મળી રહે તે માટે જિલ્લાના પોલીસ સાથે સાથે જિલ્લામાં ફાળવવામાં આવતી એસ.આર.પી. તેમજ જિલ્લામાં કાર્યરત હોમગાર્ડના જવાનો તેમજ

જી.આર.ડી.ના સભ્યોને પણ રાત્રીના સમયે અસરગ્રસ્ત વિસ્તારોમાં હજુ પણ વધુ અસરકારક પેટ્રોલીંગની વ્યવસ્થા ગોઠવવાની તજવીજ ચાલું છે.

(૨) ધાડ-લૂંટ કે મિલકત વિરુધ્ધના ગુનાઓ અટકાવવા માટે તમામ જિલ્લાઓમાં ટેલીફોન સી.ડી.આર. એનાલિસીસ સોફ્ટવેર ફાળવવામાં આવનાર છે. જેની તાલીમનું પણ સરકારશ્રીએ ચાલું માસમાં આયોજન કરેલ છે.

(૩) જિલ્લામાં તથા આ ત્રણ તાલુકામાં બનતા ગુનાઓ શોધવા વિજ્ઞાન અને ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવે છે તેમજ ફોરેન્સીક સાયન્સના નિષ્ણાતોની મદદ પણ લેવામાં આવે છે.

ગુના શોધવાના કામમાં ડોગ સ્ક્વોડના પણ જરૂર જણાયે ઉપયોગ કરવામાં આવે છે.

(૪) આ ઉપરાંત, આવા બનાવો અટકાવવા માટે વધારાની ઘોડેસવાર પોલીસને પણ બંદોબસ્ત માટે મૂકવાનું આયોજન વિચારાયું છે.

પ્રશંસનીય કામગીરી :-

(૧) રીઢો અને ખૂંખાર ઘાડપાડું મધ્યપ્રદેશના રેતુ ગામના રહેવાસી નહારિયા ઉર્ફે નારસીંગ હુરજી પોપટને દાહોદ જિલ્લાના કતવારા મૂકામેથી જે અગાઉ હાલોલની જ્વેલર્સની દુકાનમાં ધાડના ગુનામાં સંડોવાયેલ, અને આરોપી પોલીસ જાપ્તામાંથી એક્ષપ્રેસ હાઈવે ઉપરથી તેના સાથીદારો સાથે મળી ભાગી ગયેલ અને આરોપી તથા તેની સાથેના અન્ય આરોપીઓએ સુરત જિલ્લાના કોસંબા પો.સ્ટે.વિસ્તારના કે.એમ. ચોક્સી નામની જ્વેલર્સની દુકાનમાં ૬ કરોડની ધાડ પાડી સોના-ચાંદીના દાગીનાની લૂંટ ચલાવી ભાગી ગયેલ તે તેમજ બીજા આર આરોપીઓને એક કિલો સોનાના મુદ્દામાલ કિંમત રૂપિયા ૨૮.૮૮૦૦૦ સાથે પકડવામાં આવેલ હતો. આ નહારીયા ઉર્ફ નારસીંગ હુરજી પોપટ મધ્યપ્રદેશમાં પણ ઘણાં બધા ધાડ-લૂંટના ગુનામાં સંડોવાયેલ હોય મધ્યપ્રદેશ સરકારે પણ તેના વિરુધ્ધમાં રૂા.૧૫,૦૦૦ ની ઈનામની જાહેરાત કરેલ હતી.

(૨) ગાંધીનગર જિલ્લામાં ચોરી કરીને મુદ્દામાલ સાથે આરોપીઓ દાહોદ તરફ આવનાર હોવાની માહિતીના આધારે દાહોદ પોલીસ દ્વારા તેઓને પકડવામાં આવેલ, જેને લઈને ગાંધીનગર સેકટર-૨૧ પોલીસ સ્ટેશન વિસ્તારના ૫ જ્યારે ગાંધીનગર સેકટર-૭ પોલીસ સ્ટેશન વિસ્તારના ૪ ગુનાઓ મળી કુલ ૯ ઘરફોડ ચોરીના ગુનાઓ શોધી શકાયેલ હતા.

(૩) દાહોદ પંથકના રીઢા અને ખુંખાર ગુન્હેગાર ગોરધન રત્નાભાઈ ભાભોર રહેવાસી-ચીલાકોટા તથા સક્રિય એવા તેના ત્રણ સાથીદારોને પણ ધાડના ગુનામાં પકડી પાડેલ છે.

(૪) દાહોદ જિલ્લામાં ખુંખાર ફરાર ગુન્હેગાર (૧) ગુમાભાઈ પીદીયાભાઈ સંગાડીયા (૨) લાલસીંગ હિમલા મોહનીયા (૩) પરશુ કાળીયા મોહનીયા વિગેરે રીઢા ગુન્હેગારોને પકડી હસ્તગત કરવામાં આવેલ છે કે જેઓ અનેક ધાડ-લુંટના ગુનાઓાં સંડોવાયેલા હતા. આમ પોલીસે પ્રશંસનીય કામગીરી કરેલ છે.

દાહોદ જિલ્લાના દાહોદ, ગરબાડા અને ઝાલોદ તાલુકામાં છેલ્લાં બે મહિનામાં ધાડનો એકપણ બનાવ બનવા પામેલ નથી. જ્યારે આ ત્રણેય તાલુકામાં થઈને કુલ ૮ લુંટના બનાવો બનેલ છે જે પૈકી ૬ લુંટના બનાવો શોધી કાઢવામાં આવેલ છે. આ બનેલ ગુન્હાઓમાં કુલ ૧૮ આરોપીઓના નામ જાહેર થયેલ હતા જે પૈકી ૧૭ આરોપીઓને અટક કરવામાં આવેલ છે. આ બનાવ દરમ્યાન પકડવાના બાકી આરોપીઓને તેમજ બાકી રહેલ મુદ્દામાલ રિકવર કરવા સઘન પ્રયત્નો હાથ ધરેલ છે.

આમ સમગ્રપણે જોતા દાહોદ જિલ્લાના ત્રણ તાલુકામાં કે દાહોદ જિલ્લામાં મારામારીથી થયેલ લુંટનો ધ્યાન ખેંચે તેવો મોટો બનાવ બનેલ નથી. આ ગુનાઓ શોધવાની ટકાવારીમાં ૭૫ ટકા સફળતા મળેલ છે. તેમ છતાં દાહોદ જિલ્લાના બાકી રહેતા ૨ (બે) વણશોધાયેલ લુંટના ગુના શોધી કાઢવા માટે જીલ્લા પોલીસ અધિકારીના સીધા સુપરવિઝન હેઠળ ઝુંબેશ હાથ ધરવામાં આવેલ છે જે પૈકી એક ગુનાની પાસ એલ.સી.બી. શાખા દ્વારા કરવામાં આવે છે. ખાસ નોંધનીય બાબત એ છે કે છેલ્લાં બે માસમાં કોઈ ધાડનો બનાવ બનવા પામેલ નથી.

**શ્રી બચુભાઈ ના. કિશોરી(લીમડી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી તરફથી જે જવાબ મને મળ્યો છે તેમાં કેટલાંક પગલાં બતાવ્યા છે અને હવે પછીના પગલાં જે લેવાના છે એ બતાવ્યા છે અને પ્રશંસનીય કામગીરી પણ બતાવી છે અને લૂંટના થયેલા ગુનાઓ બતાવ્યા નથી અને થોડાંક જ ગુનાઓ બતાવીને એક યા બીજી રીતે આપણા વિભાગ મારફત જે કામગીરી થઈ છે એને છાવરવાનો પ્રયત્ન પણ કરવામાં આવ્ય છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન એવો છે કે અહીંયા એમ કહ્યું છે કે, ૭૫ ટકા ગુનાઓને સફળ રીતે ઉકેલી નાંખવામાં આવ્યા છે. અને આરોપી પકડાય જાય છે. મારો દાહોદ તાલુકાનો એક જ પ્રશ્ન છે કે દાહોદ તાલુકામાં દર પાંચ દિવસે એક વાહનની લૂંટ થાય છે. છેલ્લા બે વર્ષમાં ૧૩૨ વાહનની ઉઠાંતરી થઈ છે એમાં માત્ર ૨૧ પકડી શકયા છે તો એમાં કયાં ૭૫ ટકા ગુનાઓ ઉકેલાયા કહેવાય? બીજું છેલ્લા બે માસમાં ૮ ગુનાઓ બન્યા એમ કહે છે અને એમાંથી ૬ પકડાયા છે અને હજુ ૨ પકડવાના બાકી છે. મારો પ્રશ્ન એ છે કે દાહોદ-ઝાલોદ તાલુકાના લીમડી ગામમાં તા.૨૭-૨-૧૧ ને રવિવારના રોજ કપુર કલજી ભાભોરના ઘરના દાગીનાની મોટી એટલે

કે લગભગ લાખ રૂપિયાની કિંમતની લૂંટ થઈ છે એમાં આજ સુધી કોઈ પકડાયા નથી. આ ગુનો તમારા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ છે કે કેમ? કેમ કે પોલીસ સ્ટેશનમાં ગુનાઓ જ નોંધવામાં આવતા નથી ત્યારે પકડવાની વાત તો બાજુ પર રહી. પણ ગુનાઓ નોંધવામાં આવતા નથી એવી પરિસ્થિતિ છે. મોટા ભાગે દરરોજ આવા બનાવો બને છે. મારો પ્રશ્ન એ છે કે આ જે પગલાં લેવાયા છે એ અપુરતા છે પણ હવે પછી લેવાનારા જે પગલાં છે કે દ ાોડેસવાર વધારે પોલીસ મૂકવી, એસ.આર.પી. મૂકવી અને વધારે પોલીસ સ્ટાફ મૂકવો એ તમે ચોક્કસ કેટલા સમયમાં કરવા માગો છો એ મારે જાણવું છે. કેમ કે આજે દરરોજ રાત્રે લોકો ઉંઘી શકતા નથી.

**શ્રી પ્રફુલભાઈ ખો. પટેલ (રાજય કક્ષાના ગૃહમંત્રશ્રી)** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે વાત કરી છે કદાચ ધાડ કે લૂંટના ગુનાઓ સંદર્ભમાં રાજય સરકાર કોઈ નિષ્કાળજી સેવે એવું કોઈ માનવાને કારણ નથી. આ રાજય સરકારની જવાબદારી પણ છે અને એટલા માટે મારે થોડાંક આંકડાઓ માનનીય સભ્યશ્રીને આપવા છે કે, દાહોદ જિલ્લાની વાત કરુ તો દાહોદ તાલુકામાં છેલ્લા એક વર્ષ દરમ્યાન અને વિશેષ કરીને દાહોદ તાલુકાની વાત કરુ તો ૨૩ જેટલા ગુના નોંધાયેલા છે એની સામે ૧૬ જેટલા ગુનાઓનું સંશોધન કરી અને ૭૦ ટકા જેટલી સિધ્ધિ પ્રાપ્ત કરી છે એટલું જ નહીં પણ આ જે નોંધાયેલા ૨૩ ગુનાઓ છે એમાં કુલ ૫૦ જેટલા આરોપીઓ સંડોવાયેલા હતા એ પૈકી ૪૨ જેટલા આરોપીઓને પકડીને ૮૪ ટકા જેટલી સિધ્ધિ પ્રાપ્ત કરી છે. રાજય સરકારે આ દાહોદ જિલ્લો છે એ રાજસ્થાન અને મધ્યપ્રદેશની બોર્ડર સાથે જોડાયેલો જિલ્લો છે. ઘણી વખત એવું બનતું હોય છે કે વિશેષ કરીને મધ્યપ્રદેશમાંથી આ પ્રકારની ઘટનાઓ કરવા માટે લોકો આવતા હોય છે અને એટલા માટે આ જિલ્લાની વિશેષ કાળજી રાખી અને રાજય સરકારે આ જિલ્લાનું મંજૂર થયેલ મહેકમ છે એમાં ડી.એસ.પી.ની જગ્યા હોય કે ડી.વાય.એસ.પી. ની જગ્યાઓ હોય આ તમામે તમામ જગ્યાઓ ભરેલી છે અને વિશેષ કરીને માનનીય સદસ્યશ્રીને મારે કહેવું છે કે, દાહોદ, ગરબાડા અને ઝાલોદ તાલુકાઓની જ્યારે વિશેષ વાત કરીએ છીએ ત્યારે આ તાલુકાઓ માટે મંજૂર થયેલ પી.આઈ. અને પી.એસ.આઈ.ની જે જગ્યાઓ છે એમાં પી.એસ.આઈ.ની મંજૂર થયેલી સાત જગ્યા સામે તેર પી.એસ.આઈ. હાલ ફરજ બજાવી રહ્યા છે એટલે કે છ વધારે પી.એસ.આઈ.ને હાલ કામગીરી સોંપવામાં આવેલી છે. અને જ્યાંસુધી તાકીદની જાહેર અગત્યની બાબતને લાગેવળગે છે ત્યાંસુધી છેલ્લાં બે મહિનામાં માત્ર આઠ ગુન્હાઓ બન્યા છે, એમાં ધાડનો તો એક પણ ગુનો બનેલો નથી, જે આઠ ગુન્હાઓ બન્યા છે એમાંથી છ ગુન્હાઓનું સંશોધન કર્યુ છે એમાં કુલ જે અઢાર આરોપીઓ હતા એ અઢાર આરોપીઓ પૈકી સત્તર આરોપીઓ પકડી લઈને લગભગ એમ કહી શકાય કે નેવું ટકા પણ વધારે સિદ્ધિ આપણે પ્રાપ્ત કરેલી છે. એટલે આજની તારીખે હું ચોક્કસ એમ કહી શકું કે આ ત્રણ તાલુકાઓમાં લુંટ કે ધાડના જે બનાવો બની રહ્યા છે એને નિયંત્રિત કરવા માટે આ વિસ્તારમાં જ્યાં જરૂર જણાય ત્યાં રાત્રે પેટ્રોલીંગ પણ કરવામાં આવે છે, ક્રોસ પેટ્રોલીંગની વ્યવસ્થા પણ કરેલી છે અને માનનીય બચુભાઈએ જે લાગણી રજૂ કરેલી છે એ માટે હું બચુભાઈને ચોક્કસ ખાતરી આપું છું કે આવનારા દિવસોમાં જ્યાં જરૂર પડે ત્યાં ઘોડેસવાર પોલીસની વાત હોય કે જે કોઈ આવશ્યકતા હશે તે કરવામાં આવશે અને કોઈપણ પ્રકારનો ગુન્હો બને તો આ ગુનાખોરીને ક્યારેય ચલાવી ન શકાય અને એના માટે જે કંઈ પગલાં ભરવા પડતા હશે અને આવનારા દિવસોમાં જે કંઈ કરવું પડે તે કરવા માટેની રાજય સરકારની તૈયારી છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછ્યો છે તેમાં પકડાયા કેટલા, ફરિયાદો કેટલી થઈ તેના કરતાં માનનીય સભ્યશ્રીએ કદાચ માનનીય ગૃહમંત્રીશ્રીને વાત કરી હશે અને સભ્યશ્રીએ અમને પણ વાત કરી છે અને ગઈકાલે અમુક આગેવાનોના અમને પણ ફોન આવેલા છે કે આ પ્રકારના પચાસથી માંડીને દોઢસો સુધીના આ જે લુંટારા પ્રકારના લોકો છે એ ત્યાં રાત્રીના આવી ગામડાઓમાં ફરે છે લુંટ કરે છે ત્યાં અને જો એકલ દોકલ લોકો મળી જાય તો એને પણ લુંટી લે છે અને એને કારણે આખો જે વિસ્તાર છે એ અત્યારે ભય નીચે જીવે છે એટલે આ પ્રકારની જે ટોળકીઓ છે ત્યાં એને કાબૂમાં લેવી ખૂબ જરૂરી છે અને એના માટે સામાન્ય પોલીસ સ્ટેશનની વ્યવસ્થા અને પગલાં લેવાય એ બરાબર છે પણ એના માટે ખાસ બંદોબસ્ત મૂકવાની જરૂર છે અને માનનીય સભ્યશ્રીની લાગણી એ છે કે એના માટે એસ.આર.પી. સહિત, ખાસ કરીને લોકોમાં થોડોક વિશ્વાસ જાગે એટલા માટે રાત્રીના ઘોડેસવાર પોલીસ મૂકી અને આવા તત્વો કંટ્રોલમાં આવે અને પોલીસના ભયના કારણે એ લોકો જ્યાંથી આવેલા હોય ત્યાં જતા રહે અથવા તો વિખરાઈ જાય એ પ્રકારના પગલાં માનનીય મંત્રીશ્રી લેવા માગે છે કે કેમ?

**શ્રી પ્રફુલભાઈ ખો. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, અગાઉ પણ મેં કહ્યું એમ આગામી દિવસોમાં જ્યાં જરૂર હશે ત્યાં ઘોડેસવાર પોલીસનો બંદોબસ્ત ચોક્કસ કરવામાં આવશે.

**શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ** : પ્રશ્ન પૂછતાં પહેલાં તમે ઉંચા નીચા કેમ થઈ જાઓ છો?

**અધ્યક્ષશ્રી** : જેઠાભાઈ આપ સીધા પ્રશ્ન પર આવી જાઓ. હવે સમય પૂરો થાય છે બીજું કામ છે આપણે.

**શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ** : એમના વખતમાં કેવું ચાલતું હતું એ મને ખબર છે, ગુન્હાઓ નોંધાતા નહોતા, ફરિયાદો લેવાતી નહોતી, કાગળ પર બધું ચાલતું હતું. અત્યારે ભારતીય જનતા પાર્ટીની સરકારમાં જે રીતે ગુન્હા દાખલ થાય છે, ચોર લુંટારા પકડાય છે એ અમારા મિત્રોને ખબર નહિ પડે.

**અધ્યક્ષશ્રી** : જેઠાભાઈ પ્રશ્ન પર આવી જાઓ.

**શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ** : એટલા માટે કહુ છું કે પ્રશ્ન પૂછું ત્યાંસુધીમાં તો આ લોકો ઉંચાનીચા થઈ જાય છે, ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થા, લો એન્ડ ઓર્ડર કન્ટ્રોલમાં છે કોઈ રીતે ખોટું થતું નથી અને બીજી વાત કે ભારતીય જનતા પાર્ટીની સરકારમાં જો કોઈ પોલીસનું મોરલ તોડવાનું કામ કર્યુ હોય તો સામે બેઠેલાં મિત્રોએ કર્યુ છે બીજા કોઈએ નથી કર્યુ સાહેબ.

**અધ્યક્ષશ્રી** : જેઠાભાઈ પ્રશ્ન પર આવી જાઓ.

**શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ** : *(xxxx) મારો પ્રશ્ન એ છે કે, દાહોદ, ગરબાડા અને ઝાલોદ તાલુકાઓમાં છેલ્લાં બે મહિનામાં ધાડ અને લુંટના કેટલા બનાવ બનવા પામ્યા છે કેટલા આરોપીઓના નામ જાહેર થયાં છે અને કેટલા આરોપીઓ નાસતા ફરે છે એની વિગત માનનીય મંત્રીશ્રી આપે.

# પોઈન્ટ ઓફ ઓર્ડર

## પોલીસના મોરલ અંગે

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, (xxxx) (xxxx) આ વાપરી શકાય નહીં એટલા માટે કે જે લોકો જેલમાં ગયા છે તે ગુન્હા કરીને ગયા છે, એકસ્ટોર્શન કરીને ગયા છે, કોઈને મારીને ગયા છે એટલે તેમાં..

**અધ્યક્ષશ્રી** : પ્રશ્નોત્તરી વખતે આપણે પોઈન્ટ ઓફ ઓર્ડર નથી કરી શકતાં.

**શ્રી પ્રફુલભાઈ ખો. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, જેઠાભાઈએ જે વાત કરી છે ફરીથી હું તે વાતથી પુનરોકિત કરવા નથી માગતો પણ દાહોદ જિલ્લાના દાહોદ, ગરબાડા અને દાહોદ આ ત્રણ તાલુકાઓમાં કુલ આઠ લૂંટના બનાવ બનેલાં છે ધાડનો કોઈ બનાવ બનેલો નથી. અને તે પૈકી છ ગુન્હાઓ ડિટેકટ થયેલાં છે અને તેની સામે જે ૧૮ આરોપીઓ હતા તે પૈકી ૧૭ આરોપીઓની અટક કરવામાં આવી છે. અને જે બે ગુન્હાઓ ડિટેકટ કરવાના બાકી છે આ ગુન્હેગારોને પકડવા માટે એલ.સી.બી. દ્વારા આની કામગીરી હાથ ધરવામાં આવેલી છે.

**શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા** : માનનીય અધ્યક્ષશ્રી, મારો ગરબાડા તાલુકો મધ્યપ્રદેશની બોર્ડરમાં આવેલો છે. પહેલાં રાત્રે જે ચોરી થતી હતી હવે તો દાહોદ જિલ્લામાં ધોળે દહાડે ચોરીઓ થાય છે. દાહોદ જિલ્લો અને ગરબાડા તાલુકો, ધાનપુર તાલુકો, લીમખેડા વગેરે તાલુકામાં બહેનો એકલી બહાર નીકળી શકતી નથી.

**અધ્યક્ષશ્રી** : આપ માનનીય મંત્રીશ્રીને પ્રશ્ન પૂછો.

**શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા** : માનનીય અધ્યક્ષશ્રી, બહેનોની કોઈ સલામતી રહી નથી. પ્રશ્ન ઉપર આવું છું. મારો પહેલો પ્રશ્ન એ છે કે, ગરબાડા તાલુકામાં આ તાલુકામાં વધારે ઘોડેસવાર પોલીસની વ્યવસ્થા કરવા માગો છો કે કેમ ? પોલીસ સ્ટાફ પૂરતો નથી તેના કારણે ગરબાડા તાલુકામાં ૨૩-૩નાં રોજ જે લૂંટફાટ થઈ છે તેમાં ત્રણ દિવસ બજાર બંધ હતું. ત્યાં કોઈ પોલીસ બંદોબસ્ત રાખવામાં આવ્યો નથી. મારો બીજો પ્રશ્ન એ છે કે, ગરબાડા તાલુકામાં મહિલા સ્ટાફ રાખવા માગો છો કે કેમ ? અને પોલીસ પેટ્રોલિંગ વધારવા પૂરતો બંદોબસ્ત કરવા માગો છો કે કેમ ? અને મારા જવાબમાં જે લખ્યું છે મારો તાલુકો આવરી લેવામાં આવ્યો નથી અને જે ૯ થી ૫ પેટ્રોલિંગ મૂકવામાં આવ્યું છે તે દારૂની હેરાફેરી કરવા માટે જ મૂકવામાં આવ્યું છે.

**શ્રી પ્રફુલભાઈ ખો. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, કોઈ પુરાવા વગરની આવી વાત કરવાનો કોઈ મતલબ નથી. ગૃહમાં જ્યારે રજૂઆત કરે ત્યારે તેની મર્યાદા પણ જાળવવાનો ચોક્કસ પ્રયાસ કરવો જોઈએ. ચંદ્રિકાબહેન તમે અત્યારે આરામની ગરબાડા, ઝાલોદ અને દાહોદમાં ફરી શકો છો આનાથી બીજો વધારે શું પુરાવો હોઈ શકે. બહેને ગરબાડાની વાત કરી તો ગરબાડા પોલીસ સ્ટેશનમાં એક પી.એસ.આઈ.ની જગ્યા હતી તે પણ ભરેલી છે. ગરબાડાની જે આઉટ પોસ્ટ છે આઉટ પોસ્ટમાં લગભગ પી.એસ.આઈ. મૂકતાં નથી તેમ છતાં આ બહેનની લાગણી હશે તેના કારણે ત્યાં એક વધારાના પી.એસ.આઈ.ની પણ વ્યવસ્થા કરવામાં આવેલી છે. આ ગરબાડા ખાતે બે તંબુ ચોકી પણ ઉભી કરવામાં આવી છે. ગરબાડા ચાર રસ્તા ઉપર થાન નદી ઉપર પણ બે તંબુ ચોકી ઉભી કરી છે અને આ ઉપરાંત એક એસ.આર.પી.નો વધારાનો પોઈન્ટ પણ ઉભો કર્યો છે. અને સદસ્યશ્રીની જે લાગણી છે તે પ્રમાણે જરૂર જણાશે તો ઘોડેસવાર પોલીસનો બંદોબસ્ત ચોક્કસ કરવામાં આવશે.

# આરોગ્ય મંત્રીશ્રીનું નિવેદન

**શ્રી જયનારાયણ વ્યાસ ( આરોગ્ય અને પરિવાર કલ્યાણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, આજે આ સન્માનનીય સભાગૃહ સમક્ષ નિયમોના નિયમ ૪૪ હેઠળ એક ખૂબ જ અગત્યની, જેના માટે વર્ષોથી આ રાજયની ૧૪ ટકા વસતિ ધરાવતા આદિજાતિ વનબંધુઓની માગણી રહી હતી, લાગણી રહી હતી. મારા સાથી માનનીય મંત્રી માનનીય શ્રી મંગુભાઈ જેના માટે સતત પ્રયત્નશીલ હતા એવી એક ખૂબ અગત્યની બાબત ઉપર આજે હું આ સન્માનનીય ગૃહ સમક્ષ નિવેદન કરવા માટે જઈ રહ્યો છું.

---

* (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારના મારા વિભાગ હસ્તક સીકલસેલ એનીમીયા નિયંત્રણ કાર્યક્રમ કાર્યરત છે. સમગ્ર દેશમાં ગુજરાત સરકાર દ્વારા પહેલ કરી આદિજાતિ વસતિ ધરાવતા ૧૨ જિલ્લાઓમાં આ કાર્યક્રમ કાર્યરત કરવામાં આવેલ છે. સીકલ સેલ એનીમીયા નિયંત્રણ કાર્યક્રમ એ રાજય સરકારના આરોગ્ય વિભાગ અને આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા સંકલિત રીતે અમલમાં મૂકવામાં આવેલ છે. સીકલસેલ એનીમીયા ખામીયૂકત જનીનો દ્વારા થતો જીનેટીક રોગ છે. આ રોગ મુખ્યત્વે આદિજાતિ વસતિ ધરાવતા જિલ્લાઓ, જેવા કે ડાંગ, વલસાડ, નવસારી, તાપી, સુરત, બનાસકાંઠા, સાબરકાંઠા, વડોદરા, ગોધરા, દાહોદ, ભરૂચ અને નર્મદામાં જોવા મળે છે. સરવે મુજબ ઉપરોકત જિલ્લાઓમાં આ રોગનું પ્રમાણ ૧૦ થી ૧૪ ટકા જેટલું નોંધાવા પામેલ છે. જે કુટુંબોમાં સીકલ સેલ રોગવાળા બાળકો જન્મે છે, તેવા કુટુંબોને આર્થિક, સામાજિક, માનસિક અને શારીરિક રીતે ઘ ણુબધું નુકસાન વેઠવું પડે છે. આ રોગનો પ્રસાર અટકાવવા માટે લગ્ન પહેલા સ્ત્રી પુરુષોએ સીકલસેલ ટેસ્ટ કરાવવો જોઈએ. આ રોગના ફેલાવાથી સામાજિક અને આર્થિક સ્તર ઉપર થતી ગંભીર અસરોને જોતા રાજય સરકારશ્રી દ્વારા આ રોગની અટકાયત અને નિયંત્રણની કામગીરીને પ્રાધાન્ય આપી ભારત દેશમાં સૌપ્રથમ સીકલ સેલ એનીમીયા નિયંત્રણ કાર્યક્રમ (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : નિવેદન પૂરું થયા પછી પ્રશ્ન પૂછી શકશો એકાદ જણ. (સતત અંતરાય) નહીં. એમનું નિવેદન પૂરું થાય પછી આપને એક પ્રશ્ન પૂછવો હશે તો એકાદ સભ્યને તક મળશે.

**શ્રી જયનારાયણ વ્યાસ** : નિવેદન ઉપર પોઈન્ટ ઓફ ઓર્ડર ન હોઈ શકે ભાઈ, માનનીય અધ્યક્ષશ્રી નિવેદન પર..

**અધ્યક્ષશ્રી** : એમને નિવેદન કરી લેવા દો. (સતત અંતરાય) ઓર્ડર, ઓર્ડર. આપ બેસી જાઓ. પ્લીઝ. અનિલભાઈ. (અંતરાય) આના પછી તક મળશે. (સતત અંતરાય) આપ બેસાડો તો હું વાત કરું.

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય શકિતસિંહભાઈ, આના ઉપર પ્રશ્ન પૂછી શકાશે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : બન્ને પક્ષના સભ્યો બેસી જાઓ, પ્લીઝ. નિયમ ૪૪ હેઠળ માનનીય મંત્રીશ્રી નિવેદન કરી રહ્યા છે. અગત્યની બાબત છે અને એમનું પ્રવચન શરૂ થઈ ગયું છે. નિવેદન પૂરું થઈ ગયા પછી હું ચોકકસ તેના પર પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવવા માટે કે પ્રશ્ન પૂછવા માટે છૂટ આપી શકીશ. આપ આપનું નિવેદન ચાલુ રાખો, પ્લીઝ.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, ગઈકાલે..(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : પછી તક આપીશ. પ્રશ્નનો સવાલ નથી. વ્યવસ્થાનો સવાલ છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : અને જયારે વ્યવસ્થાનો સવાલ હોય ત્યારે ત્યાં જ રોકીને એને તક આપવી જોઈએ.

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય શકિતસિંહભાઈ, વનબંધુ શબ્દ સામે વાંધો હોય તો એ શબ્દ આપણે નહીં વાપરીએ.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : બસ, બસ. બરાબર.

**અધ્યક્ષશ્રી** : જે શબ્દ સામે વાંધો હોય એ શબ્દ માનનીય મંત્રીશ્રી નથી વાપરતા.

**શ્રી જયનારાયણ વ્યાસ** : મૂળ આટલો અગત્યનો મુદ્દો છે તે અગત્યનું છે. એ રાજય સરકારની યોજના છે, પણ એને આપણે અત્યારે કોઈપણ પ્રકારની..

**અધ્યક્ષશ્રી** : એ વિવાદ મૂકો. એમને નિવેદન કરવા દો.

**શ્રી જયનારાયણ વ્યાસ** : અત્યારે કોઈપણ પ્રકારના વિવાદમાં આ એટલો અગત્યનો પ્રશ્ન છે કે એને લઈ જવા માગતા નથી. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : ઓર્ડર, ઓર્ડર.

**શ્રી અભેસિંહ તડવી :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી આદિવાસી ભાઈઓ માટેની યોજનાની જાહેરાત કરે છે તો શું કામ આ લોકો વિરોધ કરે છે એ સમજાતું નથી. (અંતરાય)

**અધ્યક્ષશ્રી**: ઓર્ડર, ઓર્ડર, અભેસિંહભાઈ, પ્લીઝ, આપ બેસો. (અંતરાય) કુંવરજીભાઈ, આપ પણ બેસો, (અંતરાય) અભેસિંહભાઈ, પ્લીઝ, અપ સૌ બેસી જાઓ. રમણભાઈ, આપ બેસો, અભેસિંહભાઈ, આપ બેસો, પ્લીઝ.. (અંતરાય) આ સમગ્ર ગુજરાતના સૌ આદિવાસી ભાઈઓ માટેનો ખૂબ જ અગત્યનો પ્રશ્ન છે અને એની જયારે ચર્ચા ચાલતી હોય ત્યારે બંન્ને પક્ષના સભ્યશ્રીઓને એની ગંભીરતા હોવી જોઈએ. (અંતરાય) આપ સૌ, બેસી જાઓ. પ્લીઝ, આપ સૌ બેસી જાઓ. અભેસિંહભાઈ, પ્લીઝ, આપ બેસો. (અંતરાય)

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, બન્ને તરફના મારા સાથી સભ્યોને મારી વિનંતી છે કે આ આદિવાસી બંધુઓ માટેની ખૂબ જ અગત્યની યોજનાની જાહેરાત કરવા હું જઈ રહ્યો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ રોગના ફેલાવાથી સામાજીક અને આર્થિક સ્તર પર થતી ગંભીર અસરોને જોતાં રાજય સરકારશ્રી દ્વારા આ રોગની અટકાયત અને નિયંત્રણની કામગીરીને પ્રાધાન્ય આપી ભારત દેશમાં સૌ પ્રથમ સિકલસેલ એનેમીયા નિયંત્રણ કાર્યક્રમ શરૂ કરેલ છે. વર્ષ ૨૦૦૬-૦૭ દરમ્યાન આ રોગની અટકાયત અને નિયંત્રણ

અંગેની કામગીરી ફકત દક્ષિણ ગુજરાતના સુરત, વલસાડ, નવસારી, તાપી અને ડાંગ જિલ્લામાં હાથ કરવામાં આવતી હતી તેને વિસ્તારીને વર્ષ ૨૦૦૮ થી અન્ય જિલ્લાઓ જેવા કે બનાસકાંઠા, સાબરકાંઠા, વડોદરા, ગોધરા, દાહોદ, ભરૂચ અને નર્મદા સહિત રાજયના તમામ આદિવાસી વસતિ ધરાવતા જિલ્લાઓમાં અમલમાં મૂકવામાં આવેલ છે.

આ કાર્યક્રમ હેઠળ આદિજાતિ વસતિ ધરાવતા જિલ્લાઓમાં વ્યકિતઓનું સૌ પ્રથમ ડીડીટી (ડાઈ-ઈથીયોનેટ ટર્બીડીટી ટેસ્ટ)થી સ્ક્રીનીંગ કરવામાં આવે છે. જો આ ટેસ્ટ પોઝિટીવ આવે તો તે વ્યકિતઓનું એચ.પી.એલ.સી. (હાઈ પરફોર્મન્સ લીકવીડ ક્રોમેટોગ્રાફી) ટેસ્ટ કરી તે વ્યકિત સિકલસેલ ટ્રેઈટ કે સિકલસેલ ડિસીસથી પીડાય છે તે નકકી કરવામાં આવે છે. આદિજાતિ વસતિમાં સિકલસેલ એનીમીયા માટે સ્ક્રીનીંગ એ જાહેર આરોગ્યની દ્રષ્ટિએ ખૂબ જ અગત્યનું પગલું છે. કાય્રક્રમની શરૂઆતથી અત્યારસુધીમાં સરકારી આરોગ્ય સંસ્થાઓ જેવી કે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, સામૂહિક આરોગ્ય કેન્દ્ર અને જિલ્લાની સરકારી હોસ્પિટલ તથ સ્વૈચ્છિક સંસ્થાઓ- વલસાડ રકતદાન કેન્દ્ર અને ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી મારફતે આદિજાતિ વસતિ ધરાવતા ૧૨ જિલ્લાની આદિજાતિ વસતિને સદર યોજના હેઠળ આવરી લઈ આશરે ૬૪,૦૦,૦૦૦ જેટલી આદિજાતિ વસતિ પૈકી કુલ ૧૩,૬૮,૯૫૩ વ્યકિતઓનું સ્ક્રિનીંગ અત્યારસુધી કરેલ છે. જેમાંથી ૧,૬૨,૭૦૬ વ્યકિત સિકલસેલ ટ્રેઈટ અને ૧૦,૪૭૫ વ્યકિત સિકલસેલ ડીસીઝ ધરાવતા હોવાનું જણાયેલ છે. આ દર્દીઓને કાઉન્સિલિંગ તથા સારવારની સુવિધા સરકારી તેમજ સ્વૈચ્છિક સંસ્થાના સહયોગથી ઉપલબ્ધ કરાવવામાં આવે છે. જન સમૂદાયમાં આ રોગ અને તેના અટકાયત અંગેની જાણકારી આપવા સ્થાનિક પરિસ્થિતિને આધારિત આરોગ્ય શિક્ષણની પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવે છે.

વર્ષ ૨૦૧૦-૧૧ થી રાજયમાં સગર્ભા માતાઓ, તરૂણ વયજૂથની વ્યીકતઓ, નવજાત શિશુઓનું સિકલસેલ એનીમીયા માટે સ્ક્રિનીંગ કરવામાં આવી રહ્યું છે. આજદિન સુધી આ પ્રોગ્રામ હેઠળ ૯૪૦૨૩ સગર્ભા માતાઓનું સ્ક્રિનીંગ કરવામાં આવેલ છે. જે પૈકી ૩૬૧૧ સિકલસેલ ટ્રેઈટ અને ૧૨૩ સિકલસેલ ડીસીઝ હોવાનું માલૂમ પડેલ છે. વર્ષ ૨૦૧૦-૧૧ માં કુલ ૭૩૨૩૦ તરૂણ-તરૂણીઓનું સિકલસેલ એનિમીયા માટે સ્કિનીંગ કરવામાં આવ્યું જે પૈકી ૭૯૬૪ સિકલસેલ ટ્રેઈટ અને ૧૩૩૪ સિકલસેલ ડિસીઝથી પીડાતા હોવાનું માલૂમ પડેલ છે.
આ તરૂણ-તરૂણીઓને ભવિષ્યમાં લગ્ન માટે જરૂરી કાઉન્સિલિંગ કરવામાં આવે છે.

રાજયમાં સૌ પ્રથમ પ્રિનેટલ ડાયગ્નોસીસ તેમજ નવજાત શિશુનું સીકલસેલ એનીમીયા સ્ક્રીનિંગની સુવિધા વલસાડ રક્તદાન કેન્દ્ર વલસાડ ખાતે શરૂ કરવામાં આવેલ છે. વર્ષ ૨૦૧૦-૧૧માં કુલ-૯૩ હાઈરીસ્ક કપલને પ્રિનેટલ ડાગ્નોસીસ માટે જીનેટીક કાઉન્સિલિંગ કરી કુલ-૬ સીકલસેસ ડિસીઝ બાળકોનો જન્મ અટકાવી શકાયો છે.

સીકલસેલ એનીમીયા કંટ્રોલ પોગ્રામ અંતર્ગત સ્ક્રીનિંગ, કાઉન્સેલીંગ, સારવાર તેમજ આરોગ્ય શિક્ષણની પ્રવૃત્તિઓ ઉપરાંત રીસર્ચ કામગીરી આધુનિક સારવાર, જનજાગૃતિ તેમજ તાલીમ જેવી પ્રવૃત્તિઓને વેગ મળે તે માટે તેમજ આ પોગ્રામ માટે અલગ અલગ વિભાગોમાંથી આવતા ફંડનું એક જ જગ્યાએથી ઝડપી યુટિલાઈઝેશન થઈ શકે તે માટે ગુજરાત સીકલસેલ એનીમીયા કંટ્રોલ સોસાયટીનું નિર્માણ કરવાનો નિર્ણય કરેલ છે.

સીકલસેલ એનીમીયા કંટ્રોલ સોસાયટી દ્વારા આ રોગથી સૌથી વધુ અસરગ્રસ્ત એવી આદિજાતિ વસતિમાં સીકલસેલ એમીનીયા સ્ક્રીનિંગ પ્રવૃત્તિને વેગ મળે તેવા પગલાં લેશે. આ સોસાયટી સીકલસેલ એનીમીયા રોગના અટકાવ અને નિયંત્રણના ક્ષેત્રમાં કામ કરતી વિવિધ સંસ્થાઓની પ્રવૃત્તિઓનું સંકલન કરશે તેમજ સરકારી અને સ્વૈચ્છિક સંસ્થાઓને જરૂરી ટેકનિકલ સહયોગ પૂરો પાડશે. આ ક્ષેત્રમાં કામ કરતા ડોકટરો, પૅરા મૅડિકલ સ્ટાફ તેમજ સ્વૈચ્છિક સંસ્થાઓને તાલીમ આપશે. આ રોગની સારવાર માટે સ્ટેમ સેલ થેરાપી જેવા અતિ આધુનિક ક્ષેત્રમાં સંશોધન પ્રવૃત્તિઓ હાથ કરવામાં આવશે. જે સીકલસેલ એનીમીયા રોગથી પીડાતા દર્દીઓ માટે વરદાન રૂપ સાબિત થશે. આ સોસાયટી સીકલસેલ એનીમીયા રોગ થી થતા મૃત્યુ ઘટાડવાની દિશામાં કાર્યવાહી કરશે. આ સોસાયટીના નિર્માણથી વિકેન્દ્રિત વહીવટ વડે આ પોગ્રામના વિવિધ લાભો રાજયના છેવાડાના આદિજાતિ વ્યકિત સુધી સહેલાઈથી પહોંચાડી શકાશે.

સીકલસેલ એનીમીયાના દરદીઓને સ્ટેમસેલ થેરાપી દ્વારા અદ્યતન સારવાર આપવા નવી સિવિલ હૉસ્પિટલ સુરત ખાતે સ્ટેમસેલ થેરાપી સૅન્ટર સ્થાપવા સારુ ગ્લોબલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ સ્ટેમસેલ થેરાપી એન્ડ રીસર્ચ (GIOSTAR), યુ.એસ.એ. સાથે ફેઝ-૧માટે એમ.ઓ.યુ. થઈ ગયેલ છે.

આમ રાજય સરકારના આરોગ્ય વિભાગ દ્વારા કરવામાં આવેલ ઉત્તમ કામગીરીના પરિણામે આદિજાતિ વસતિમાં સીકલસેલ એનીમીયા રોગને નિયંત્રણમાં રાખી શક્યા છીએ તેમજ સીકલસેલ એનીમીયા કંટ્રોલ સોસાયટીનું નિર્માણ થતા આ રોગના અટકાવ અને નિયંત્રણની કામગીરી વધુ અસરકારક બનશે.

ગુજરાત સરકાર દ્વારા વનબંધુ વિકાસ યોજનાઓ થકી આદિવાસી વિસ્તારોમાં વિકાસની પ્રક્રિયા ઝડપી બની છેવાડામાં છેવાડાના માનવી સુધી પહોંચે તે પ્રકારની પહેલ બાદ સીકલસેલ એનીમીયા જેવા આદિવાસી નાગરિકોમાં વ્યાપક રોગને નાથવા અને એ રીતે ભાવિ પેઢીને એના અભિશાપમાંથી બચાવવા આ પ્રકારની પહેલ કરી એક સંસ્થાકીય વ્યવસ્થા ઊભી કરનાર ગુજરાત દેશનું પ્રથમ રાજય છે.

**શ્રી અમરસિંહ રા. વસાવા** : માનનીય મંત્રીશ્રીએ નિવેદન કર્યુ છે, સીકલસેલ એનીમીયા માટેની

જોગવાઈની વાત કરી તો મારે મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે આદિવાસી લોકો માટે જે જાહેરાત થઈ છે એમાં સરકાર બી.પી.એલ. કે એ.પી.એલ.નો દરજજો રાખીને સહાય કરવા માગે છે કે તમામ આદિવાસીઓને લાભ આપવા માગે છે?

**શ્રી જયનારાયણ વ્યાસ** : અત્યારે સ્ક્રીનિંગની સવલત આપીએ છીએ એમાં બી.પી.એલ. કે એ.પી.એલ. જોવામાં આવતું નથી. રોગ અગત્યની વસ્તુ છે અને એના માટેની સારવાર આપવામાં આવે છે.

**શ્રી પરેશભાઈ ગો. વસાવા** : આપના દ્વારા મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું. આપણે જાણીએ છીએ કે આદિવાસી વિસ્તારમાં સીકલસેલ એનીમીયાનું પ્રમાણ જટિલ છે કારણ કે ગામડાંમાં અમે દરેક જગ્યાએ જઈને એમને પ્રૅક્ટિસ કરાવીએ છીએ. ૧૦૦માંથી ૧૪ થી ૧૭ છોકરાઓ આદિવાસી વિદ્યાર્થીઓ છે એમને સીકલસેલ એનીમીયા છે. પરંતુ આપણે રીસર્ચ વલસાડની સંસ્થા દ્વારા એન.જી.ઓ. દ્વારા કરોડો રૂપિયા ખર્ચીએ છીએ. એની સાથે સાથે કોઈ આયુવેર્દિક સંસ્થા દ્વારા પણ કરાવા માગીએ છીએ કે એવા પણ વ્યકિતઓ પણ છે અને આપણને પણ થોડો આશરો મળી રહ્યો છે, આધાર મળે છે કે આવા સીકલસેલ એનીમીયા માટે આયુર્વેદિક રીસર્ચ કરવા માગો છો કે કેમ?

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, વલસાડ ઉપરાંત ભરૂચ, નર્મદા જિલ્લામાં રેડક્રૉસ દ્વારા પણ આપણે આ કરાવીએ છીએ અને બીજી કોઈ પણ આ સોસાયટી થશે, આ સોસાયટી છે તે આરોગ્ય મંત્રીના અધ્યક્ષપણા નીચે થશે અને એની જે એક્ઝિક્યુટિવ કમિટી છે તે પ્રિન્સિપાલ સેક્રેટરી પબ્લિક હેલ્થના અધ્યક્ષપણા નીચે થશે. આયુર્વેદ માટે આપણે પ્રયત્નશીલ છીએ જ અને આયુર્વેદ અંગે પણ અમારું મન ખુલ્લું છે. કોઈ પણ પદ્ધતિ જેનાથી આ રોગમાં રાહત મળી શકતી હોય અથવા તો જેનાથી આ રોગ અટકાવી શકાતો હોય તે આ સોસાયટી સમક્ષ આવશે અને એ અંગેની જે કંઈ આગળની વ્યવસ્થા કરવાની છે તે આ સોસાયટીના માધ્યમ થકી થશે.

# પૉઈન્ટ ઑફ ઑર્ડર

## મંત્રીશ્રી દ્વારા નિયમ-૪૪ હેઠળ થતું નિવેદન અટકાવવા અંગે

**શ્રી દિલીપ સંઘાણી (વૈધાનિક અને સંસદીય બાબતોમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, મારે વારંવાર જે પરિસ્થિતિ ઉભી થાય છે એટલા માટે ઉભું થવું પડ્યું છે. નિયમોના નિયમ-૪૪ તરફ હું વાંચી જઈશ. અધ્યક્ષની પરવાનગી લઈને કોઈ મંત્રી જાહેર અગત્યની બાબત ઉપર નિવેદન કરી શકશે. એવા નિવેદન ઉપર ચર્ચા કરવા દેવામાં આવશે નહીં, પરંતુ સભ્યોને તે નિવેદનના સંબંધમાં વધુ માહિતી મેળવવા માટે પ્રશ્ન પૂછવાની પરવાનગી આપી શકાશે. નિયમ-૪૪માં પ્રશ્ન પૂછવાની પરવાનગી આપવાની સ્પષ્ટ જોગવાઈ હોવાથી જ્યારે માનનીય મંત્રીશ્રી નિવેદન કરી રહ્યા હતા ત્યારે, કોઈ પ્રથમ વખત ગૃહમાં આવતા હોય તેવા સભ્યએ તેમને અટકાવવાનો પ્રયત્ન કર્યો હોત તો મારે આ પ્રશ્ન ઉપસ્થિત કરવાની જરૂરિયાત ઉભી ન થાત, પરંતુ મારા સાથી વિપક્ષના નેતાશ્રી ઉભા થઈને આવા ગંભીર પ્રકારના નિવેદનમાં અધવચ્ચે ઉપસ્થિત થાય, એટલું જ નહીં સમગ્ર પક્ષને ઉભો કરીને અટકાવવાનો પ્રયત્ન કરે એ લેશ માત્ર વ્યાજબી નથી આવી અગત્યની બાબતમાં, કંઈ પૂછવું હોત, કંઈ વાંધાજનક હોત તો પ્રશ્ન પૂછીને એ વાંધો ઉઠાવીને એની સ્પષ્ટતા મેળવી શકત. આવી વારંવાર વિપક્ષના જવાબદાર નેતા દ્વારા પ્રવૃત્તિ ન થાય એટલા માટે મારે આ મુદ્દો ઉપસ્થિત કરવો પડ્યો છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રીએ મારી દ્રષ્ટિએ આ મુદ્દો ઉપસ્થિત કરવાની જરૂર નહોતી. માનનીય અધ્યક્ષશ્રી, કોઈ પણ પ્રકારની કાર્યવાહી ગૃહમાં કયારેય પણ ચાલતી હોય, માત્ર આપણે એક પ્રશ્નોત્તરીકાળને એવું રાખ્યું છે કે પ્રશ્નોત્તરીકાળ પૂરો થયા પછી ઉઠાવીએ છીએ. જ્યારે ગૃહની અંદર કોઈ પણ વ્યવસ્થાનો મુદ્દો લાગે ત્યારે પૉઈન્ટ ઑફ ઑર્ડર ઉઠાવવાનો સભ્યનો અબાધિત અધિકાર છે. આ ૪૪ નીચેના નિવેદનમાં મુદ્દો એટલા માટે ઉપસ્થિત કરવો પડ્યો ત્યારે ને ત્યારે જ, કારણ કે મારા પક્ષના તમામ સભ્યશ્રીઓને અપમાન લાગતું હતું એ શબ્દનું, એટલા માટે અપમાન લાગતું હતું કે વન બંધુ નહીં, આપણો બંધુ છે. આ સમાજનો ભાઈ છે એમ એને ગણવો જોઈએ. બંધારણમાં આ સમાજ માટે આવો કોઈ શબ્દ નથી વપરાયો. આ પ્રથા ચાલુ કરીશું ને કઈ જ્ઞાતિ માટે કયા શબ્દો વાપરવાના, તો અહીં જે આપ બેઠાં છો ને, દરેકની જ્ઞાતિ માટેના મને ઠીક લાગે તેવા હું વિશેષણો જોડવા બેસીશ તો વ્યવસ્થા કયાં લઈ જઈશું? એમને એમ લાગે કે મારા આદિવાસી ભાઈને મારો ભાઈ નહીં, વનનો ભાઈ ગણવો છે અને વન બંધુ કહેવાની હિંમત કરવી એ પણ એ સમાજ (અંતરાય) માનનીય વ્યાસ, હું બોલું છું.. અને એટલા માટે માનનીય અધ્યક્ષશ્રી વચ્ચે જ ઉભું થવું પડ્યું હતું અને ઉભા થવા પાછળનું કારણ એટલું જ કે આપણાં સમાજના જે ભાઈઓ છે એને આપણાં ગણવાને બદલે વનના ગણવાની કોશિશ થાય, મારા એ જ સમાજના ભાઈઓ ઉભા થયા હતા અને એ સૌને અપમાનિત લાગતું હતું અને હું પણ માનું છું કે આપે આજે એ રીતે નિર્ણય આપવો જ પડશે, નહીં તો પરિસ્થિતિ શું થશે કે જો આપ આ પરમિટ કરશો ને..

**અધ્યક્ષશ્રી** : આપ પૉઈન્ટ ઑફ ઑર્ડર ઉપર જ વાત કરો. ચર્ચા ન કરો. ટૂંકમાં કહી દો.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : પૉઈન્ટ ઑફ ઑર્ડરનો મુદ્દો જ આ છે સાહેબ, મુદ્દો જ આટલો છે, વેરી નેરો કમ્પાસ અને હું મારા કમ્પાસ બહાર જતો નથી કે એક તો ૪૪ દરમ્યાન વ્યવસ્થાનો મુદ્દો હોય ત્યારે ઉપસ્થિત થઈ જ શકે. બીજી મારી વાત એ છે કે જો સમાજને પોતાને ઠીક લાગે તેવા ઉદ્‌બોધનોથી ઉદ્‌બોધન કરવાની છૂટ આપીશું તો અહીં જુદા જુદા વર્ગના, સમાજના ભાઈઓ બેઠાં છે અને એના માટે કોઈ નામ આપીએ એ વ્યાજબી નથી. આપણાં બંધુઓ છે એમને જે સમાજનું નામ જે રીતે અપાયું છે તેનાથી બહાર નહીં જવું જોઈએ.

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની ૧૨ જિલ્લાની જે પૂર્વ પટ્ટી છે એ પૂર્વપટ્ટીના લોકો વન સાથે જોડાયેલા છે. વનના આધારે આદિવાસીનું જીવન છે. એક બીજાંના પૂરક છે. ચાર વર્ષ પહેલાં માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ આજ વિધાનસભામાં ૪૪મું નિવેદન કરીને અત્યાર સુધી આદિવાસીઓના બજૅટમાં દર વર્ષે.. (અંતરાય) મારો મુદ્દો છે..

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી આપ પૉઈન્ટ ઑફ ઑર્ડર ઉપર જ બોલો.. આપ પૉઈન્ટ ઑફ ઑર્ડર ઉપર જ વાત કરો.

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે એ જ વાત કરવી છે. આ ભારતીય જનતા પાર્ટીની સરકારના અને વિધાનસભા ગૃહના નેતા માનનીય મુખ્યમંત્રીશ્રીએ ચાર વર્ષ પહેલાં આ ફ્લોર ઉપર ૪૪મું નિવેદન કરીને રૂ.૧૫૦૦૦/- કરોડની વન બંધુ યોજના જાહેર કરી છે અને એને ચાર વર્ષ થયા છે આ પાંચમું વર્ષ ચાલે છે. ત્યાં સુધી વાંધો નહોતો અને હવે એમને વન બંધુ શબ્દ સામે વાંધો આવે એ બરાબર નથી. રૂ.૧૫૦૦૦/- કરોડની યોજના એક માત્ર ગુજરાત રાજયમાં જ થઈ છે અને અમને આદિવાસીઓને ગર્વ છે. માનનીય મુખ્યમંત્રીશ્રીએ આદિવાસીઓના આ પાંચ જિલ્લા માટે ન ભૂતો ન ભવિષ્યતિ એવી આ વન બંધુ યોજના ભારતીય જનતા પાર્ટીની સરકારે આપી છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : પ્લીઝ આપ બેસો. શ્રી બચુભાઈ આપ બેસો. આપને તક આપીશ.

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, હું જે સમજ્યો છું એ પ્રમાણે સમગ્ર ગૃહ સમક્ષ વનબંધુ શબ્દ સામે આવ્યો છે એ આજથી ચાર વર્ષ પહેલાં કલમ-૪૪ નીચે આ સન્માનનીય સભાગૃહ સમક્ષ આ રૂ.૧૫૦૦૦/- કરોડની યોજના અંગેની જાહેરાત થઈ છે. ત્યાર પછી let me complete, (અંતરાય) શ્રી શકિતસિંહ, આપ બોલતા હતા ત્યારે હું વચ્ચે નથી બોલ્યો. આપ તો કાબેલ લોયર છો. Once, there is a law called Right of Prescription, સાહેબ, એક વખત વનબંધુ યોજના શરૂ થઈ છે. ત્યાર પછી સતત દરેક વર્ષો વર્ષ બજૅટમાં આ યોજના આમેજ થાય છે, એ યોજના ગૃહમાં ચર્ચાય છે ત્યાં સુધી કોઈને વાંધો નથી અને અત્યારે બંધુ શબ્દનો વિરોધ કરી કરીને .. ... બસ પૂરું જ કરું છું. આ શબ્દ પકડીને આ દેશના ભાગલા પડાવ્યા ત્યાં સુધી આ લોકોએ કામ કર્યું છે. એમને કયાં લઈ જવું છે?

**અધ્યક્ષશ્રી** : બન્ને પક્ષના સભ્યોને મારી વિનંતી છે કે, આ બાબત ઉપર ખૂબ ચર્ચા થઈ ગઈ છે. બીજું ઘણું કામ છે. બન્ને પક્ષના સભ્યોની ચર્ચા મેં સાંભળી છે. એનું રુલિંગ હું પછી આપીશ.

# સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

## સન ૨૦૦૯-૧૦નો ગુજરાત રાજય મૂડી રોકાણ લિમિટેડનો વાર્ષિક વહિવટી અહેવાલ

**શ્રી વજુભાઈ વાળા ( નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજય મૂડી રોકાણ લિમિટેડનો સન ૨૦૦૯-૧૦નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઑડિટ અહેવાલ ભારતના કૉમ્પ્ટ્રોલર અને ઑડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો.**

## ગુજરાત રાજય માર્ગ વાહનવ્યવહાર નિગમના અંદાજો

**શ્રી વજુભાઈ વાળા ( વાહન વ્યવહારમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજય માર્ગ વાહનવ્યવહાર નિગમના સન ૨૦૦૮-૦૯ના સુધારેલા અંદાજો અને સન ૨૦૦૯-૨૦૧૦ના અંદાજો તથા ૨૦૦૯-૨૦૧૦ના સુધારેલા અંદાજો અને ૨૦૧૦-૨૦૧૧ના અંદાજો તથા આ અંદાજોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો સમજાવતાં નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉ છું.

**સુધારેલા અંદાજો તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

સતત સુત્રોચ્ચાર આદિવાસીઓને ન્યાય આપો.

**અધ્યક્ષશ્રી** : શકિતસિંહભાઈ પ્લીઝ.. બંને પક્ષે ચર્ચાઓ થઈ છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ :** મુશ્કેલી એટલા માટે થઈ છે કે આ સમાજમાંથી આવતા ભાઈઓમાંથી બોલવા દીધા હોત(સતત અંતરાય)

**અધ્યક્ષશ્રી** : હું રૂલિંગ આપીશ. આપ બેસી જાવ પ્લીઝ .. હું રૂલિંગ આપીશ, નીતિનભાઈ પ્લીઝ (સતત અંતરાય) ઓર્ડર ઓર્ડર .. પ્લીઝ નીતિનભાઈ (સતત અંતરાય)

**ગુજરાત રાજય માર્ગ વાહન વવ્યવહાર નિગમનો સન ૨૦૦૭-૦૮ના વાર્ષિક હિસાબો**

**શ્રી વજુભાઈ વાળા ( વાહન વ્યવહારમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજય માર્ગ વાહનવ્યવહાર નિગમનો સન ૨૦૦૭-૨૦૦૮ના વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉ છું.

**વાર્ષિક હિસાબો, અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમ લિમિટેડનો સન ૨૦૦૯-૨૦૧૦નો વાર્ષિક અહેવાલ**

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ ( અન્ન અને નાગરિક પુરવઠા અને ગ્રા.બા.નામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમ લિમિટેડનો સન ૨૦૦૯-૨૦૧૦નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉ છું.

**અહેવાલ, હિસાબો ટિપ્પણ તેમજ નિગમની કામગીરી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**ગુજરાત રાજય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળનો સન ૨૦૦૯-૨૦૧૦નો વાર્ષિક વહીવટી અહેવાલ**

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ (આપત્તિ વ્યવસ્થાપન મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજય આપત્તિ વ્યવસ્થાપન સત્તા મંડળનો સન ૨૦૦૯-૨૦૧૦નો વાર્ષિક વહીવટી અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉ છું.

**વાર્ષિક અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો.**

**ગુજરાત બાયોડાયવર્સિટી બોર્ડનો સન ૨૦૦૮-૨૦૦૯નો વાર્ષિક અહેવાલ**

**શ્રી મંગુભાઈ છ. પટેલ ( વન અને પર્યાવરણમંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત બાયોડાયવર્સિટી બોર્ડનો સન ૨૦૦૮-૨૦૦૯નો વાર્ષિક અહેવાલ તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉ છું.

**વાર્ષિક અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**ગુજરાત આદિજાતી વિકાસ કોર્પોરેશનના સન ૨૦૦૮-૨૦૦૯નો વાર્ષિક અહેવાલ**

**શ્રી મંગુભાઈ છ. પટેલ ( આદિજાતિ કલ્યાણમંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત આદિજાતી વિકાસ કોર્પોરેશનના સન ૨૦૦૮-૨૦૦૯ અને સન ૨૦૦૯-૨૦૧૦ના વાર્ષિક અહેવાલ તથા સન ૨૦૦૮-૨૦૦૯ના અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉ છું.

અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.

**ગુજરાત રાજય વન વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૯-૨૦૧૦નો વાર્ષિક અહેવાલ**

**શ્રી મંગુભાઈ છ. પટેલ ( વન અને પર્યાવરણમંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજય વન વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૯-૨૦૧૦નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ ભારત સરકારના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સમકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉ છું.

**અહેવાલ હિસાબો તથા સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**ગુજરાત પાવર કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૦૯-૨૦૧૦નો વાર્ષિક અહેવાલ**

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઉર્જા અને પેટ્રોકેમિકલ્સમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત પાવર કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૦૯-૨૦૧૦નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉ છું.

**અહેવાલ હિસાબો તથા સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**સન ૨૦૦૯-૧૦નો ગુજરાત ઔદ્યોગિક મૂડી રોકાણ નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ**

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઉદ્યોગ અને ખાણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ઔદ્યોગિક મૂડી રોકાણ નિગમ લિમિટેડનો સન ૨૦૦૯-૧૦નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉ છું.

**અહેવાલ, ટિપ્પણ તથા સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**સન ૨૦૦૯-૧૦નો ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ કોરીડોર કોરપોરેશન લિમિટેડનો વાર્ષિક અહેવાલ**

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઉદ્યોગ અને ખાણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ કોરીડોર કોરપોરેશન લિમિટેડનો સન ૨૦૦૯-૧૦નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉ છું.

**અહેવાલ, ટિપ્પણ તથા સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**સન ૨૦૦૯-૧૦નો ગુજરાત ઈન્ફ્રાસ્ટ્રકચર વિકાસ બોર્ડનો વાર્ષિક અહેવાલ**

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઉદ્યોગ અને ખાણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ઈન્ફ્રાસ્ટ્રકચર વિકાસ બોર્ડનો સન ૨૦૦૯-૧૦નો વાર્ષિક અહેવાલ અને હિસાબો સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉ છું.

**અહેવાલ તથા હિસાબો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**સન ૨૦૦૯-૧૦નો ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ**

**શ્રી પ્રફુલ્લભાઈ પટેલ (રાજય કક્ષાના ગૃહમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ લિમિટેડનો ૨૦૦૯-૧૦નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉ છું.

**અહેવાલ, ટિપ્પણ તથા સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

સન ૧૯૬૨ના ગુજરાત ઔદ્યોગિક વિકાસ અધિનિયમ અન્વયેની ઉદ્યોગ અને ખાણ વિભાગની અધિસૂચનાઓ.

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઉદ્યોગ અને ખાણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ઉદ્યોગ અને ખાણ વિભાગની સન ૧૯૬૨ના ગુજરાત ઔદ્યોગિક વિકાસ અધિનિયમ અન્વયેની

૧. તા. ૫-૫-૨૦૧૦ની અધિસૂચના ક્રમાંક-જીએચયુ-૧૦૨૦૧૦(૨૫)-જીઆઈડી-૧૦૨૦૦૪-૧૪૯૬-ગ

૨. તા. ૧૬-૯-૨૦૧૦ની અધિસૂચના ક્રમાંક: જીએચયુ-૨૦૧૦(૩૬)-જીઆઈડી-૧૦૨૦૦૯-૯૫૮(પા.ફા.૪)-ગ

૩. તા. ૧૬-૯-૨૦૧૦ની અધિસૂચના ક્રમાંક: જીએચયુ-૨૦૧૦(૪૦)-જીઆઈડી-૧૦૨૦૦૯-૯૫૮(પા.ફા.૩)-ગ

સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉ છું.

**અધિસૂચનાઓ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

**સન ૨૦૦૯ના ગુજરાત ખાસ મૂડી રોકાણ પ્રદેશ અધિનિયમ અન્વયેની ઉદ્યોગ અને ખાણ વિભાગની અધિસૂચના.**

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઉદ્યોગ અને ખાણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ઉદ્યોગ અને ખાણ વિભાગની સન ૨૦૦૯ના ગુજરાત ખાસ મૂડી રોકાણ પ્રદેશ અધિનિયમ અન્વયેની તા. ૧૮-૯-૨૦૧૦ની અધિસૂચના ક્રમાંક-જીએચયુ-૧૦-૩૯-એસઆઈઆર-૧૧૨૦૦૯-૧૦૧૪૯૨-આઈ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અધિસૂચના સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

**વિધાનસભાની સમિતિના અહેવાલોની રજૂઆત.**

**જાહેર સાહસો માટેની સમિતિના અહેવાલની રજૂઆત**

**શ્રી ભુપેન્દ્રભાઈ ગ. લાખાવાલા (સમિતિના પ્રમુખશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું બારમી ગુજરાત વિધાનસભાના જાહેર સાહસો માટેની સમિતિનો ૧૨મો અને ૧૩મો અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવાની રજા લઉં છું.

**અહેવાલો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા.**

# માગણીઓ પર ચર્ચા અને મતદાન ( છઠ્ઠો દિવસ)

## શિક્ષણ વિભાગ

### માગણી ક્રમાંક: ૮

**શ્રી રમણલાલ વોરા ( શિક્ષણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું શિક્ષણ વિભાગની સેવાઓને લગતી શિક્ષણ વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂા. ૭,૨૩,૯૦,૦૦૦/-ની માગણી ક્રમાંક: ૮ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક: ૮ રજૂ કરવામાં આવી.**

**શ્રી ઈશ્વરભાઈ ન. વહીઆ** : માનનીય અધ્યક્ષશ્રી હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક:૧ રજૂ કરવામાં આવી.**

**શ્રી છનાભાઈ કા. ચૌધરી** :: માનનીય અધ્યક્ષશ્રી હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક:૨ ૨જૂ કરવામાં આવી.**

**શ્રી બાવકુભાઈ ના. ઉંધાડ** : માનનીય અધ્યક્ષશ્રી હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૩ ૨જૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક:૩ ૨જૂ કરવામાં આવી.**

**શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૫ ૨જૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક:૫ ૨જૂ કરવામાં આવી.**

**શ્રી મહંમદજાવીદ અ. પીરઝાદા** : માનનીય અધ્યક્ષશ્રી હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૬ ૨જૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક:૬ ૨જૂ કરવામાં આવી.**

**શ્રી અમિતકુમાર અ. ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૭ ૨જૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક:૭ ૨જૂ કરવામાં આવી.**

**શ્રી ઈકબાલ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૮ ૨જૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક:૮ ૨જૂ કરવામાં આવી.**

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૯ ૨જૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક:૯ ૨જૂ કરવામાં આવી.**

**શ્રી મોહનસિંહ છો. રાઠવા** : માનનીય અધ્યક્ષશ્રી હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૦ ૨જૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક:૧૦ ૨જૂ કરવામાં આવી.**

**ડૉ. અનિલ જોષીયારા** : માનનીય અધ્યક્ષશ્રી હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૧ ૨જૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક:૧૧ ૨જૂ કરવામાં આવી.**

**શ્રી રાઘવજીભાઈ હં. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૨ ૨જૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક:૧૨ ૨જૂ કરવામાં આવી**

**શ્રી દેવજીભાઈ ગો. ફતેપરા** : માનનીય અધ્યક્ષશ્રી હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૩ ૨જૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક:૧૩ ૨જૂ કરવામાં આવી.**

**શ્રી કુંવરજીભાઈ ન. હળપતિ** : માનનીય અધ્યક્ષશ્રી હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૫ ૨જૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક:૧૫ ૨જૂ કરવામાં આવી.**

**શ્રી ગ્યાસુદીન હ. શેખ** : : માનનીય અધ્યક્ષશ્રી હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૬ ૨જૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક:૧૬ ૨જૂ કરવામાં આવી.**

**શ્રી ગ્યાસુદીન હ. શેખ** : : માનનીય અધ્યક્ષશ્રી હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૭ ૨જૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક:૧૭ ૨જૂ કરવામાં આવી.

**શ્રી લાલસિંહ ઉ. વડોદીયા** : માનનીય અધ્યક્ષશ્રી હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૯ ૨જૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક:૧૯ ૨જૂ કરવામાં આવી.**

**માગણી ક્રમાંક: ૯**

**શ્રી રમણલાલ વોરા ( શિક્ષણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું શિક્ષણ સેવાને લગતી શિક્ષણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂા.૧,૧૪,૮૩,૫૯,૪૨,૦૦૦ ની અને મૂડી ખર્ચ માટેની રૂા.૪,૧૦,૫૧,૮૦,૦૦૦ માગણી ક્રમાંક ૯ ૨જૂ કરું છું.

**માગણી ક્રમાંક ૯ ૨જૂ કરવામાં આવી.**

**શ્રી અશ્વિન કોટવાલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૦ ૨જૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૨૦ ૨જૂ કરવામાં આવી.**

**શ્રી સી.કે.રાઉલજી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૨૧ ૨જૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૨૧ ૨જૂ કરવામાં આવી.**

**શ્રી અમરસિંહ રા. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૨ ૨જૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૨૨ ૨જૂ કરવામાં આવી.**

**શ્રી શૈલેષ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૩ ૨જૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૨૩ ૨જૂ કરવામાં આવી.**

**શ્રી ચંદુભાઈ ડાભી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૪ ૨જૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૨૪ ૨જૂ કરવામાં આવી.**

**શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૫ ૨જૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૨૫ ૨જૂ કરવામાં આવી.**

**શ્રી ધીરસિંહ કરશનભાઈ બારડ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૬ ૨જૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૨૬ ૨જૂ કરવામાં આવી.**

**માગણી ક્રમાંક: ૪૩**

**ગૃહ વિભાગ**

**શ્રી પ્રફુલભાઈ ખો. પટેલ (રાજય કક્ષાના ગૃહ (પોલીસ આવાસ, નાગરિક સંરક્ષણ, ગૃહરક્ષક દળ)મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પોલીસ સેવાને લગતી ગૃહ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂા.૨૧,૬૬,૪૬,૮૬,૦૦૦ ની માગણી ક્રમાંક ૪૩ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક ૪૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી સુરેશકુમાર ચ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૨૯ રજૂ કરવામાં આવી.**

**શ્રી જવાહરભાઈ પે. ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૩૦ રજૂ કરવામાં આવી.**

**શ્રી કિરણકુમાર એલ. મકવાણા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૩૧ રજૂ કરવામાં આવી.**

**શ્રી મોહંમદ ફારૂક હુ. શેખ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૩૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી હીરાભાઈ હ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૩૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી બચુભાઈ ના. કિશોરી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૩૪ રજૂ કરવામાં આવી.**

**શ્રી મણીભાઈ દે. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૩૫ રજૂ કરવામાં આવી.**

**શ્રી પુનાભાઈ ઢે. ગામીત** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૩૬ રજૂ કરવામાં આવી.**

**શ્રી વજેસિંગભાઈ પા. પણદા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૪૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૪૦ રજૂ કરવામાં આવી.**

**શ્રી ધીરૂભાઈ ચુ. ભીલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૪૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૪૧ રજૂ કરવામાં આવી.**

**માગણી ક્રમાંક: ૪૪**

**શ્રી પ્રફુલભાઈ ખો. પટેલ (રાજય કક્ષાના ગૃહ (પોલીસ આવાસ, નાગરિક સંરક્ષણ, ગૃહરક્ષક દળ)મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું જેલ સેવાને લગતી ગૃહ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂા.૫૬,૭૮,૫૮,૦૦૦ ની માગણી ક્રમાંક ૪૪ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક ૪૪ રજૂ કરવામાં આવી.**

**શ્રી હીરાભાઈ હ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૪૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૪૨ રજૂ કરવામાં આવી.**

**શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૪૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૪૪ રજૂ કરવામાં આવી.**

**માગણી ક્રમાંક: ૪૬**

**શ્રી પ્રફુલભાઈ ખો. પટેલ (રાજય કક્ષાના ગૃહ (પોલીસ આવાસ, નાગરિક સંરક્ષણ, ગૃહરક્ષક દળ)મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગૃહ વિભાગને લગતું અન્ય ખર્ચ સેવાને લગતી ગૃહ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂા.૮૮,૧૩,૭૬,૦૦૦ અને મૂડીખર્ચ માટેની ૪,૭૩,૮૨,૬૮,૦૦૦ ની માગણી ક્રમાંક ૪૬ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક ૪૬ રજૂ કરવામાં આવી.**

**શ્રી રામસિંહ પ્ર. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૪૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૪૫ રજૂ કરવામાં આવી.**

**શ્રી નિરંજન પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૪૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક : ૪૬ રજૂ કરવામાં આવી.

**સન ૨૦૧૧-૨૦૧૨ના વર્ષના અનુદાનો માટેની માગણીઓમાંની શુક્રવાર, તા ૧૮-૩-૨૦૧૧ (છઠ્ઠા દિવસ)ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપદરખાસ્તોની એકત્રિત યાદી**

| અ.નં. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રુા. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
|---|---|---|---|---|
| | | **શિક્ષણ વિભાગ**<br>**માગણી નં. ૮** | | |
| ૧. | ૨૨૫૧-સચિવાલય.....સેવાઓ<br>૦૯૦-સચિવાલય<br>રૂા. ૭,૧૩,૯૦,૦૦૦<br>અં.પ્ર.નં.૪<br>પા.નં.૧૨૮ -૧૨૯ | ૧૦૦ | શિક્ષકોની ફરજ પ્રત્યેની શિથિલતા દુર કરી શિક્ષણ સ્તર સુધારવા ફરજોત્સવનું આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ઈશ્વરભાઈ વહીઆ |
| ૨. | -- " -- | ૧૦૦ | સરકારી એન્જિનીયરીંગ કોલેજોમાં ખાલી પડેલ જગ્યાઓ ભરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી છનાભાઈ ચૌધરી |
| ૩. | -- " -- | ૧૦૦ | સરકારી શાળાઓમાં શિક્ષકોની ઘટ નિવારી શિક્ષણનું સ્તર સુધારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બાવકુભાઈ ઉધાડ |
| ૪.* | -- " -- | ૧૦૦ | પી.ટી.સી. કોલેજોમાં માર્કસ આપવામાં નોકરીની સમસ્યાના નામે યુવતીઓનું થતું શોષણ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૫. | -- " -- | ૧૦૦ | સરકારી શાળાઓમાં શિક્ષકોની હાજરી માટે ફીંગર પ્રીન્ટ વ્યવસ્થા ગોઠવવામા તંત્રની નિષ્ફળતા | શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા |
| ૬. | -- " -- | ૧૦૦ | સરકાર-ખાનગી સંસ્થાની ભાગીદારીવાળી પાંચ ઈજનેરી કોલેજોને નિયમાનુસાર મંજૂરી ન અપાતા બેઠકો રદ થવા અંગે જવાબદારો સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મહંમદ જાવેદ પીરઝાદા |
| ૭. | -- " -- | ૧૦૦ | આર. જે. શાહ સમિતિ દવારા ડીગ્રી એન્જિનિયરીંગ કોલેજોની ફીમાં વારંવાર થતા વધારાને અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અમિતકુમાર ચાવડા |
| ૮. | -- " -- | ૧૦૦ | સરકારી કોલેજોમાં પ્રાધ્યાપકોની ભરતીમાં ચાલતો સગાવાદ દૂર કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ઈકબાલભાઈ પટેલ |
| ૯. | -- " -- | ૧૦૦ | પાઠય પુસ્તક મંડળ દવારા પ્રકાશિત પુસ્તકોના ભાવોમાં વધારો કરવાથી મળતી સરપ્લસ રકમનો "વાંચે ગુજરાત"ના પુસ્તકો છપાવવામાં ઉપયોગ કરવાને બદલે અન્ય પુસ્તકોના વેચાણના ભાવ ધટાડવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બાબુભાઈ શાહ |
| ૧૦. | ૨૨૫૧-સચિવાલય.....સેવાઓ<br>૦૯૦-સચિવાલય<br>રૂા. ૭,૧૩,૯૦,૦૦૦<br>અં.પ્ર.નં.૪<br>પા.નં.૧૨૮ -૧૨૯ | ૧૦૦ | નવી શૈક્ષણિક નીતિ નકકી કરી વિદ્યાર્થીઓનો અભ્યાસ મોંઘો ન બને તે જોવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મોહનસિંહ રાઠવા |
| ૧૧. | -- " -- | ૧૦૦ | શિક્ષકોને શિક્ષણ સિવાયની અન્ય કામગીરીઓ આપવાનું બંધ કરવામાં તંત્રની નિષ્ફળતા | ડાં. અનિલભાઈ જોષીયારા( માનસિંહ ચૌહાણ) |
| ૧૨. | -- " -- | ૧૦૦ | ખાનગી સ્વનિર્ભર શાળા અને કોલેજોને આડેધડ ફી વધારાની અપાતી મંજૂરી અટકાવી ગરીબ અને મધ્યમ વર્ગના | શ્રી રાધવજીભાઈ પટેલ |

| | | | | |
|---|---|---|---|---|
| | | | બાળકોને અભ્યાસથી વંચિત રહેતા અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૧૩ | -- " -- | ૧૦૦ | સરકારી સ્કૂલોનું ખાનગીકરણ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી દેવજીભાઈ ફતેપરા |
| ૧૪. * | -- " -- | ૧૦૦ | એન.જી.ઓ.ને સોંપવામાં આવેલ મધ્યાહન ભોજન યોજનામાં થતી ગેરરીતિ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૧૫. | -- " -- | ૧૦૦ | શાળાઓમાં જરૂરી ઓરડાઓની સુવિધા પૂરી પાડવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી કુંવરજીભાઈ હળપતિ |
| ૧૬. | -- " -- | ૧૦૦ | શિક્ષકોના પડતર પ્રશ્નોનો સચિવાલય કક્ષાએથી નિકાલ કરવામાં થતો વિલંબ નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી ગ્યાસુદ્દીનભાઈ શેખ |
| ૧૭. | -- " -- | ૧૦૦ | ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડનો વહીવટ પારદર્શક બનાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ગ્યાસુદ્દીનભાઈ શેખ |
| ૧૮. * | -- " -- | ૧૦૦ | વિદ્યાસહાયકની ભરતી પ્રથા બંધ કરી પૂરા પગારે શિક્ષકોની ભરતીપ્રથા શરૂ કરવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૧૯. | -- " -- | ૧૦૦ | ગ્રાન્ટ ઈન એઈડ કોલેજોમાં ખંડ સમયના અધ્યાપકોને છઠ્ઠા પગાર પંચનો લાભ આપવામાં થતો વિલંબ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી લાલસિંહ વડોદીયા |
| | | **<u>માગણી નં. ૯</u>** | | |
| ૨૦. | ૨૨૦૨-સામાન્ય શિક્ષણ<br>૦૧-પ્રારંભિક શિક્ષણ<br>૦૦૧-નિદેશ અને વહીવટ<br>રૂા.૩,૩૪,૮૬,૦૦૦<br>અં.પ્ર.નં.૪<br>પા.નં.૧૭ થી ૨૦ | ૧૦૦ | પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરીમાં નિવૃ્દ્ધ શિક્ષકોના પેન્શન મંજૂરીના કેસોમાં થતો ઈરાદાપૂર્વકનો વિલંબ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અશ્વિનભાઈ કોટવાલ (રાઘવજીભાઈ પટેલ) |
| ૨૧. | -- " -- | ૧૦૦ | ધારાસભ્યશ્રીઓએ પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરીને લખેલ પત્રો અંગે ઝડપી કાર્યવાહી કરાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી સી.કે.રાઉલજી |
| ૨૨. | ૨૨૦૨-સામાન્ય શિક્ષણ<br>૦૧-પ્રારંભિક શિક્ષણ<br>૧૦૭-શિક્ષકોને તાલીમ<br>રૂા. ૨૨,૪૮,૮૫,૦૦૦<br>અં.પ્ર.નં.૪<br>પા.નં.૨૭ | ૧૦૦ | પ્રાથમિક શિક્ષકોને તાલીમ આપવા છતાં શિક્ષણનું સ્તર સુધારવામાં તંત્રની નિષ્ક્ળતા | શ્રી અમરસિંહ વસાવા |
| ૨૩. | ૨૨૦૨-સામાન્ય શિક્ષણ<br>૦૨-માધ્યમિક શિક્ષણ<br>૦૦૧-નિર્દેશ અને વહીવટ<br>રૂા.૭,૦૧,૧૮,૦૦૦<br>અં.પ્ર.નં.૪<br>પા.નં.૩૧ થી ૩૫ | ૧૦૦ | માધ્યમિક શિક્ષણ બોર્ડ દવારા લેવાતી પરીક્ષા ફીમાં ઘટાડો કરવામાં અને ખોટા ખર્ચાઓ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી શૈલેષભાઈ પરમાર |
| ૨૪. | ૨૨૦૨-સામાન્ય શિક્ષણ<br>૦૨-માધ્યમિક શિક્ષણ<br>૦૦૧-નિર્દેશ અને વહીવટ<br>રૂા.૭,૦૧,૧૮,૦૦૦ | ૧૦૦ | માધ્યમિક શિક્ષણ બોર્ડના અધિકારીઓના કામનું ભારણ ઘટાડવા નવી ભરતી કરવામાં તેમજ પ્રમોશનોમાં થતી ગેરરીતિઓ અટકાવવામાં તંત્રની | શ્રી ચંદુભાઈ ડાભી |

| | | | | |
|---|---|---|---|---|
| | અં.પ્ર.નં.૪<br>પા.નં.૩૧ થી ૩૫ | | નિષ્ફળતા | |
| ૨૫. | -- " -- | ૧૦૦ | માધ્યમિક શિક્ષણ બોર્ડના કર્મચારીઓને નિયમિત કરવા બાબતના સુપ્રીમ કોર્ટના આદેશોની અવગણના કરનાર જવાબદાર અધિકારીઓ સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી રાજેન્દ્રસિંહ પરમાર |
| ૨૬. | -- " -- | ૧૦૦ | માધ્યમિક શિક્ષણ બોર્ડની કામગીરીને સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ધીરસિંહભાઈ બારડ |
| ૨૭.* | ૨૨૦૨-સામાન્ય શિક્ષણ<br>૦૩-યુનિર્વસિટી શિક્ષણ<br>૦૦૧-નિદેશ અને વહીવટ<br>રૂા.૯૦,૪૧,૦૦૦<br>અં.પ્ર.નં. ૪<br>પા.નં.૫૧ થી ૫૩ | ૧૦૦ | યુનિર્વસિટીઓમાં રાજકીય દખલગીરી થતી અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૨૮.* | -- " -- | ૧૦૦ | ગુજરાત યુનિર્વસિટીમાં યુ.જી.સી.ની ગ્રાન્ટ અંગે થતી ગેરરીતિ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | |
| | | **ગૃહવિભાગ<br>માગણી નં. ૪૩** | | |
| ૨૯. | ૨૦૫૫-પોલીસ<br>૦૦૧-નિર્દેશ અને વહીવટ<br>રૂા.૧૫,૨૩,૧૯,૦૦૦<br>અં.પ્ર.નં.૧૨<br>પા.નં.૨૫ થી ૨૭ | ૧૦૦ | ચાંદખેડા ખાતે નવા પોલીસ સ્ટેશનમાં ટ્રાફીક આસિસ્ટન્ટની નિમણૂકો કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી સુરેશકુમાર પટેલ |
| ૩૦. | -- " -- | ૧૦૦ | પોલીસ કર્મીઓની ખાલી પડેલી જગ્યાઓ પૂરા પગારથી ભરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી જવાહરભાઈ ચવાડા |
| ૩૧. | -- " -- | ૧૦૦ | પોલીસ દળોમાં પ્રમોશનો આપવામાં રખાતો ભેદભાવ દૂર કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી કિરણકુમાર મકવાણા |
| ૩૨. | -- " -- | ૧૦૦ | પોલીસતંત્ર ધ્વારા ઉઘરાવાતા હપ્તા બંધ કરાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મહંમદ ફારૂક શેખ |
| ૩૩. | -- " -- | ૧૦૦ | મેગાસીટીને અનુરૂપ પોલીસ ઝોન દીઠ સ્કવોર્ડ બનાવવાની પધ્ધતિ અપનાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી હરીલાલ પટેલ |
| ૩૪. | ૨૦૫૫-પોલીસ<br>૧૦૯-જિલ્લા પોલીસ<br>રૂા.૧૭,૯૬,૧૭,૪૬,૦૦૦<br>અં.પ્ર.નં.૧૨<br>પા.નં.૪૪ થી ૫૮ | ૧૦૦ | બેફામરીતે બાઈક ચલાવતા શ્રીમંત પરિવારના યુવાનો/કિશોરો સામે કાર્યવાહી ન કરતા જવાબદાર અધિકારીઓ સામે પગલાં લેવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી બચુભાઈ કિશોરી |
| ૩૫. | -- " -- | ૧૦૦ | મહિલાઓ ઉપર થતા અત્યાચારો / બળાત્કાર જેવા બનાવો રોકવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મણીભાઈ પટેલ |
| ૩૬. | -- " -- | ૧૦૦ | આયોજનબધ્ધ રીતે વધતી જતી ગુનાખોરીને | શ્રી પુનાભાઈ |

| | | | | |
|---|---|---|---|---|
| | | | અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | ગામીત |
| ૩૭.* | ૨૦૫૫-પોલીસ<br>૧૦૯-જિલ્લા પોલીસ<br>રૂા.૧૭,૯૬,૧૭,૪૬,૦૦૦<br>અં.પ્ર.નં.૧૨<br>પા.નં.૪૪ થી ૫૮ | ૧૦૦ | પોલીસ જાપ્તામાંથી કેદીઓને છટકી જતાં અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૩૮.* | -- " -- | ૧૦૦ | પોલીસ સ્ટેશનોમાં નોંધાયેલા ગુનાની ફરિયાદો ઉકેલવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૩૯.* | -- " -- | ૧૦૦ | મિલકતો અંગેના ગુનાઓ માં થતો સતત વધારો અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૪૦. | ૨૦૫૫-પોલીસ<br>૧૧૧-રેલ્વે પોલીસ<br>રૂા.૪૩,૨૪,૩૫,૦૦૦<br>અં.પ્ર.નં.૧૨<br>પા.નં. ૫૯ થી ૬૦ | ૧૦૦ | અસામાજિક તત્વો દવારા થતા રેલ્વે ટિકિટોના કાળાબજારને અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી વજેસિંગભાઈ પણદા |
| ૪૧. | -- " -- | ૧૦૦ | ટ્રેનોના જનરલ તથા રીઝર્વ ડબ્બાઓમાં લુખ્ખા તત્વો દવારા થતી દાદાગીરી તથા મારામારી અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ધીરૂભાઈ ભીલ |
| | | **માગણી નં. ૪૪** | | |
| ૪૨. | ૨૦૫૬-જેલ<br>૦૦૧-નિદેશ અને વહીવટ<br>રૂા.૯,૫૧,૯૦,૦૦૦<br>અં.પ્ર.નં.૧૨<br>પા.નં. ૭૫-૭૬ | ૧૦૦ | કેદીઓને સિવિલ હોસ્પિટલમાં સારવાર આપવાને બદલે જેલમાં જ વધુ સારવાર મળી રહે તેવી કાર્યવાહી કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી હીરાભાઈ પટેલ |
| ૪૩.* | -- " -- | ૧૦૦ | જેલના કેદીઓને ગેરકાયદેસર રીતે વિવિધ સુવિધાઓ પૂરી પાડતા જવાબદારો સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૪૪. | -- " -- | ૧૦૦ | ગંભીર ગુનાઓમાં સંડોવાયેલા કેદીઓ ધ્વારા જેલોમાં ફેલાવાતાં આતંક સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રીમતી ચંન્દ્રિકાબેન બારીયા |
| | | **માગણી નં. ૪૬** | | |
| ૪૫ | ૨૦૭૦-અન્ય.....સેવાઓ<br>૧૦૪-તકેદારી<br>રૂા.૫,૭૯,૪૮,૦૦૦<br>અં.પ્ર.નં.૧૨<br>પા.નં.૮૫ થી ૮૮ | ૧૦૦ | તકેદારી આયોગમાં થયેલા કેસોના ભરાવાનો ઝડપી નિકાલ કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી રામસિંહ પરમાર |
| ૪૬. | -- " -- | ૧૦૦ | તકેદારી આયોગે કરેલ ભલામણોનો અમલ કરાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી નિરંજન પટેલ |

- **આ કાપ દરખાસ્તો સભાગૃહમાં રજૂ થઈ શકી નહીં.**

**વિરામ : સવારના ૧૦-૩૦ થી ૧૧-૦૦**

**અધ્યક્ષશ્રી, અધ્યક્ષસ્થાને**

**અધ્યક્ષશ્રી:** હવે માગણીઓ અને તેના ઉપર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ કરવમાં આવશે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ (વિરોધપક્ષના નેતાશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, મહત્ત્વના બે વિભાગો લઈને શિક્ષણ અને રક્ષણ એ બે વિભાગોની આ વાત છે અને આ શિક્ષણ અને રક્ષણમાં આ રાજયમાં કેવી પરિસ્થિતિ પેદા થઈ છે, એના વિશેના હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પ્રફૂલભાઈએ તો હમણાં વિભાગનો રાજય કક્ષાના મંત્રીશ્રી તરીકે ચાર્જ લીધો છે. એમને મારે વધારે નથી કહેવું. માનનીય વજુભાઈ ગઈકાલે કહેતા હતા કે, મારે જેને કહેવાનું છે એ અર્જુનભાઈ અહીંયા નથી પણ અર્જુનભાઈનો આત્મા જ્યાં હશે ત્યાં સાંભળતો હશે અને અર્જુનભાઈ તો આત્માના અવાજને અનુસરનારા છે. માનનીય વજુભાઈ ખુશ કિસ્મત હતા કે, જે સભ્ય ગેરહાજર હતા એના વિશે આપ પણ કહી શકતા હતા. કેબિનેટ મંત્રી આ ગૃહના માનનીય અધ્યક્ષશ્રી, ગૃહ મંત્રી તરીકે જે છે અને મુખ્ય મંત્રીશ્રી છે એતો અહીંયા છે નહીં, અને હું એમ પણ કહી શકું એમ નથી જે શબ્દો વજુભાઈએ કહ્યા કે, એના આત્માના અવાજ પ્રમાણે એ વર્તે છે, એમેય નથી કહી શકું એમ. એ જ્યાં બેઠા હશે ત્યાં એનો આત્મા સાંભળતો હશે એમ પણ હું કહી શકું એમ નથી.

માનનીય અધ્યક્ષશ્રી, રોજ દુહાઈઓ દેવાય છે, રોજે રોજ કહેવામાં આવે છે કેન્દ્ર સરકાર, કેન્દ્ર સરકાર, કેન્દ્ર સરકાર. માનનીય અધ્યક્ષશ્રી, મારે કહેવું છે આપનો વહીવટ કેવો ચાલે છે? કેન્દ્ર સરકારે આ રાજયનું પોલીસ દળ મજબૂત બને એના માટે પૈસા ફાળવ્યા. પોલીસના આધુનિકરણ માટે, દળના આધુનિકરણ માટે પૈસા ફાળવ્યા, ૨૦૦૮-૦૮૯માં ફાળવેલા પૈસામાંથી ૬૦૬/- લાખ રૂપિયા તમે વાપરી નહીં શક્યા અને ગુજરાતના હિસ્સાના પાછા ગયા. ૨૦૦૯-૧૦માં ૪૧૨/- લાખ રૂપિયા કેન્દ્રએ આપેલા, તમે વાપરી નહીં શક્યા અને વણવપરાયેલા પાછા ગયા. ૨૦૦૯-૧૦માં કેન્દ્ર સરકારે ૪,૦૧૮/- લાખ રૂપિયા આપ્યા, મારી પાસે આંકડો છે એ ૩૧-૧૨-૨૦૧૧ સુધીમાં માત્ર ૬૭૧/- લાખ રૂપિયા આપ વાપરી શક્યા. માનનીય અધ્યક્ષશ્રી, રહેઠાણ અને બિન રહેઠાણોના મકાનોના કામો અને મરામત માટે રકમ આપને આપી હતી, રકમ વાપરી નહીં. પોલીસ ભાઈઓની વ્યવસ્થા નહીં આપી, એના માટેની વ્યવસ્થા હતી એ વણવપરાયેલી રકમ હતી. ન તો તમે એને બીજે પણ વાપરી શક્યા ન કેન્દ્રમાં પરત કરી શક્યા અને એના કારણે ૩૩.૭૮ કરોડ રૂપિયા બેનામી આપને ત્યાં રહી ગયા.

માનનીય અધ્યક્ષશ્રી, સુપ્રીમ કોર્ટે કહ્યું કે, સ્ટેટ સિક્યુરીટી કમિશન, પોલીસ એસ્ટિાબ્લીશમેન્ટ બોર્ડ અને પોલીસ કમ્પ્લેઈન્સ ઓથોરીટીને કાર્યરત કરો. આપે કેટલા સમય સુધી આ કાર્યરત નથી કરી શક્યા ? નામદાર સુપ્રીમ કોર્ટના કહેવા છતાં એ સમય જે વચ્ચેનો ગયો એના માટે કોણ જવાબદાર છે ? આપણે સૌએ ચિંતા કરવી જોઈએ કુમળા બાળકોની, આપણા સમાજના એ બાળકો છે. માનનીય અધ્યક્ષશ્રી, એના માટે જુવેનાઈલ જસ્ટીસ બાળકોની સાર-સંભાળનો કાયદો છે. એ કાયદા નીચે અને ઓર્ફનેજ અને અધર ચૅરીટેબલ હોમ્સ્ એનો કાયદો છે એના નીચે કુમળા બાળકોની દેખરેખ કરવી જોઈએ. આપણે શું કર્યુ ? સંપૂર્ણ બેદરકારી રાખી આ કાયદાના પાલનમાં. જે ગુનેગારોની સાથે આ કુમળા બાળકોને ન રાખવા જોઈએ. એક જ પરિસરમાં આ બાળકોને રાખવામાં આવ્યા, જુવેનાઈલ જસ્ટીસથી વિરુદ્ધ રાખવામાં આવ્યા. જુવેનાઈલ જસ્ટીસ કોર્ટમાં થોડા ઘણાં નહીં ૬,૫૩૧ કિસ્સાઓ ચાર માસથી વધારે સમયથી પેન્ડીંગ છે. આપણને તકલીફ ન થાય કે આ કુમળા બાળકો માટેનો કાયદો હોવા છતાં પેન્ડીંગ આટલું મોટું રહે છે ? આ બાળકોના રહેવા માટેના બાથરુમ કે સંડાસની પણ પૂરી સગવડતા આપણે નથી આપી શક્યા એની ટીકા કરવામાં આવી છે.

મહાત્મા ગાંધીજીનું મંદિર બનાવીએ છીએ અને દારૂની રેલમછેલ કેવી ચાલે છે ? મહાત્મા ગાંધીજીએ કહયું છે કે અહીં (અંતરાય) વાત સાચી છે મહત્તમ ઉપયોગ એ લાઈટોવાળી ગાડીઓનો પણ દારુની હેરફેરમાં થાય છે. વાત સાચી છે. દારુની રેલમછેલ ચાલે. એક જ જગ્યાનો આંકડો સમયના અભાવે આપું છું. રાજકોટ જિલ્લામાં ૧૯૩૭૮ કેસ દારુના થયા અને પાંચ કરોડ કરતા વધારે રકમનો દારુ એક વર્ષમાં પકડાયો. હમણાં હમણાં મને કોઈ કહેતું હતું કે હવે રાજસ્થાનનો દારુ નથી આવતો. હવે પંજાબનો દારુ આવે છે. મેં કીધું આ પંજાબથી આમ આટલે બધે દુરથી આવવાનું કારણ? મને કહે, એકસાઈઝ ચોરી કરવામાં આવે, લખવામાં પણ ન આવે, ડુપ્લીકેટ માલ આવે અને એ માલ ગુજરાતમાં ભરપુર વેચાય છે. માનનીય રાજયકક્ષાના ગૃહ મંત્રીશ્રી અહિયા હાજર છે ત્યારે આપના મારફતે હું કહેવા માગું છું કે એનું જે પ્રવેશદ્વાર છે એ પોતે જે જિલ્લામાં છે ત્યાંથી આવી રહયું છે અને એ પોતે મજબુતીથી કામ કરે. અમારા અશ્વિનભાઈ કોટવાલ કે અમારા અનિલભાઈ જોષીયારા છેને એ આપને જોઈએ તો માહિતી પણ આપશે. આપના આઈ.બી. કરતાં પણ અહીંયા ૧૮૨નું ઈન્ટેલીજન્સ આપ લેશોને તો ખબર પડશે કે કયા પોલીસ સ્ટેશનમાં કોનો કેટલો માલ વેચાય છે અને કયા સાહેબનો કોણ વહીવટદાર છે પહેલાવાળાનો પણ કોણ વહીવટદાર હતો. એના નામ આપને મળી જશે. એક સલામત, આખું ગુજરાત અસલામત એવી પરિસ્થિતિનું નિર્માણ થયું છે. ૨૦૧૦માં અમદાવાદમાં જ ૮૨ ખુન, ૮૦૬ લુંટ, ૫૨ બળાત્કાર, ૨૦૭ અપહરણ, ૫૪૧૫ ચોરીઓ એ માત્ર અમદાવાદના આંકડા છે. રાજયના આકડાઓ તો બહુ મોટા થાય. ૧૯૯૩માં ત્રાસવાદ સામે લડવા માટે એ.ટી.એસ.ની રચના કરવામાં આવી. આ દળમાં જાન્યુઆરી-૨૦૦૯ના મારી પાસે આંકડા છે. આઈ.જી.ની મંજૂર થયેલી જગ્યા સો ટકા ખાલી. એન્ટીટેરરીસ્ટ સ્કવોર્ડમાં. સુપ્રિન્ટેન્ડન્ટ ઓફ પોલીસ, એસ.પી. ૬૭ટકા જગ્યા એ.ટી.એસ.માં ખાલી, પોલીસ સબ ઈન્સ્પેકટર ૬૧ટકા જગ્યાઓ એ.ટી.એસ.માં ખાલી અને હેડ પોલીસ કોન્સ્ટેબલ, હે.પો.કો. ૫૫ટકા જગ્યા એ.ટી.એસ.માં ખાલી. પાકિસ્તાનની સરદહે આવેલું રાજય છે. શંકાઓ અને ચિંતાઓ તો એ વાતની છે કે એ.ટી.એસ.માં આપણે જગ્યાઓ ખાલી રાખી, રાજયના દળમાં ખાલી રાખી, વ્યવસ્થા ખાલી રાખી, મોર્ડનાઈઝેશનના પૈસા ન વાપર્યા શું કંઈક એવું તો નથીને? કે આપણી આજુબાજુ લોખંડનો કિલ્લો રાખો, બાકી દળ નબળું પાડો. આતંકવાદીઓ પાકિસ્તાનમાંથી આવે, હું સલામત રહું અને બીજા

લોકો (અંતરાય) હું સલામત રહું, લોખંડનો કિલ્લો રાખું, આખું ગુજરાત અસલામત રાખું અને આખું ગુજરાત જયારે અસલામત હોય ત્યારે ગુજરાતમાં આતંકવાદી આવે, થોડા ગુજરાતીઓ મરે તો મરે પણ મારું આતંકવાદના નામે રાજકારણ ચાલે પણ જો આતંકવાદી આવ્યા તો મારી વોટબેંક મજબુત થાય, શું આ નીતિ તો નથીને? અસલી ન આવે તો નકલી આતંકવાદી લાવવાનું કામ પણ થાય છે. અસલી નહીં તો નકલી. મારે માનનીય પ્રફુલભાઈ પટેલને આપના માધ્યમથી કહેવું છે એમણે કામની શરૂઆત કરી છે. હું એમને શુભેચ્છા આપું છું અને એમની ચિંતા પણ વ્યકત કરુ છું. આમ તો નિવડે વખાણ પણ જે અનુભવ છે એ પ્રમાણે દેખાવે અને વર્તનમાં સજજન માણસ લાગે આજની તારીખમાં અને નિવડશે ત્યારે અભિનંદન પણ આપીશ. મારે માનનીય પ્રફુલભાઈને આપના મારફતે અને આ રાજયના કેટલાક પોલીસ અધિકારીઓને પણ આપના મારફત કહેવું છે બે પ્રકારના શિકારીઓ હોય છે. એક શિકારી એવો હોય જે સામી છાતીએ બંદુક લઈને નિકળે, શિકાર પણ કરે અને મુશ્કેલી આવે તો શહીદ પણ થાય એવો એક શિકારી હોય અને બીજા પ્રકારનો શિકારી હોય એ સામી છાતીએ ન લડે, એ કોઈકના ખભે બંદુક રાખે અને જયારે મુશ્કેલી આવેને? ત્યારે જેના ખંભે બંદૂક રાખી હોય ને તેને સ્વાહા કરીને સોંપી દે અને પોતે બચી જાય. આ ખંભો દેનારો શહીદ ભલે થતો મેને કૂછ નહિ કિયા, ત્યારે આ પ્રકારની પરિસ્થિતિમાં કોઈને પણ ખંભો આપતા પહેલા દસ વખત વિચાર કરજો. મારો ખંભો છે ને મારો રિપોર્ટ બીજે કોઈ લખે કે ન લખે, પણ ભગવાનના દરબારમાં લખાય છે. મને જે વર્દી આપવામાં આવી છે, તે વર્દી કોઈને વફાદાર રહેવા નહિ, આ જનતાને વફાદાર રહેવા માટે આપી છે. મને પગાર આપવામાં આવે છે, તે કોઈ સરકાર કે કોઈ પક્ષનો કે કોઈ શખ્સનો નથી, મને જનતાનો પગાર મળે છે અને મારા સી.આર. જે લખવા હોય તે બીજા લખે, ભગવાનના દરબારમાં મારા સી.આર. લખાય એ સી.આર. સારા લખાય તે પ્રકારે વહીવટ થાય એવું હું ઇચ્છું છું.

આપણા સિદ્ધાંતોમાં કહેવાયું છે કે ૯૯ ગુનેગાર છટકી જાય તો છટકી જવા દેજો, પણ એક નિર્દોષને સજા ન થાય તેની ચિંતા રાખજો. આ રાજ્યનું પોલીસ તંત્ર કેવું કામ કરે છે? ગુનેગારોને પકડી લેવાના, કેવાને પકડવાના? કોઈ માણસ આ દેશના વડાપ્રધાન પાસે જો ફરિયાદ કરતો હોય કે અહીયા આ માણસ સત્તાની ખુરશી પર બેસીને ખોટું કરી રહ્યો છે, તો એને મુખ્ય કોન્સ્પીરેટર બનાવી દેવાનો, એને કાવતરા ખોર બનાવી દેવાનો. અને ન્યાયની અદાલત કહે કે તમે જેને મુખ્ય કાવતરાખોર કહેતા હતા એ નિર્દોષ નીકળે છે. સેંકડો. હું માની શકું બે-પાંચ કયાંક આવ્યા હોય એમ નહિ, તમારા ૨૦૦ ટકા કરતા વધારે લોકો એક જ કેસમાં નિર્દોષ સાબિત થતા હોય. કેવું ઈન્વેસ્ટીગેશન કરો છો, એ મારે આપને પૂછવું છે? પોલીસ તંત્ર પાસે કેટલીક સત્તાઓ છે. એ સત્તાઓનો સદુપયોગ થાય એનો દુરુપયોગ ન કરી શકાય. પોલીસને ટેલિફોન ટેપ કરવાના અધિકાર પ્રાપ્ત થાય છે. એ ટેલિફોન ટેપિંગ માટેની મંજૂરી રાજ્યના ગૃહ વિભાગ પાસેથી લઈ લેવામાં આવે છે. થોડું ક હમણા કેન્દ્રએ પણ અંકુશ રાખવાની જરૂરિયાત ઊભી થઈ છે. કોના ટેલિફોન ટેપ કર્યા આપે. હું કહું કોઈ અધિકારી નિવૃત્ત થઈને કહે એમ નહિ. આપ સત્તામાં બેઠા હોય એ જ સમયે રજિસ્ટર મેઈન્ટેઈન થાય અને રજિસ્ટર મેઈન્ટેઈન કરનાર ઉચ્ચ અધિકારી આઈ.બી.નો હોય એ પોતાના રજિસ્ટરમાં લખે કે સ્વ. હરેન પંડયા જે મોબાઈલ વાપરતા હતા એ ટેપ કરવા માટેની સૂચના મુખ્યમંત્રીશ્રીના કાર્યાલયમાંથી મને આપવામાં આવી હતી. કઈ હદે લઈ જવા માગીએ છીએ? અને એ પછી આપણા પૈકીનો એક આ ગૃહમાં મેં એની સાથે કામ કર્યુ છે એ સ્વ. હરેન પંડયાની રાજકીય હત્યા કોણે કરી એ તો સૌને ખબર છે, પણ એની સદહઈ હત્યા કોણે કરી એની આજે પણ શંકા કુશંકાઓ એમના પરિવારના સભ્યો કરી રહ્યા છે. આ વિભાગ વિષે કહેવા બેસું તો ઘણું બધુ નીકળે તેમ છે. વધારે વિગતમાં પડવાને બદલે હું એક વાત કરીને શિક્ષણ વિભાગ તરફ જવા માગું છું. આ ગૃહમાં આ ગૃહના એક સભ્ય જાગૃત થઈને જનઆંદોલન ચલાવે. એ મહિલા અને બાળકો આ ગૃહમાં આપને મળવા માટે કાગળ લઈને આવતા હોય એ માટે પ્રફુલભાઈને વિનંતી કરું છું કે એ મહિલા અને બાળકો સાથે આપની પોલીસ અમાનવીય અત્યાચાર ન કરે એની સૂચના અત્યારે જ આપશો તેવી આશા રાખું છું. કનુભાઈ કળસરિયા મારા પક્ષના નથી, પણ ત્યાં બેસે છે. પણ પ્રજાનો પ્રશ્ન લઈને આવ્યા છે, એટલે એની ચિંતા હું અને મારા પક્ષના મિત્રો કરીએ છીએ. મેં માનનીય અર્જુનભાઈને કહ્યું છે નજર રાખશો કઈ થાય તો આ ગૃહમાં વાત પણ કરીશું.

માનનીય અધ્યક્ષશ્રી રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ આવ્યો છે. આશીર્વાદરૂપ આ કાયદો આવ્યો છે. એના રૂલ્સ આપણે શા માટે બનાવતા નથી. શું તકલીફ પડે છે આપણને? ઈકોનૉમિક સરવે, સ્ટેટેટીકસ ઑફ એજ્યુકેશન એ આપણને જે આંકડાઓ બતાવે છે ને. શિક્ષણની મોટી મોટી આપણે વાતો કરીએ છીએ. વાસ્તવિકતાનો સ્વીકાર કરવો પડશે. કોલેજીસ ફૉર જનરલ એજ્યુકેશન. મહારાષ્ટ્ર ૨૧૮૨, ઉત્તરપ્રદેશ ૨૦૫૦, આંધ્રપ્રદેશ ૧૭૬૭, અને ગુજરાત છેક નવમાં ક્રમે માત્ર ૫૯૩ છે. આપણને ચિંતા નથી. માનનીય અધ્યક્ષશ્રી, પૉલિટૅક્નિક તામિલનાડુમાં ૨૬૧, કર્ણાટકમાં ૧૮૬, મધ્યપ્રદેશમાં ૧૭૮ અને સાતમા ક્રમે છેક ગુજરાતમાં માત્ર ૬૦ પૉલિટૅક્નિક છે. પ્રાઈમરી અને જુનિયર બેઝીક સ્કૂલ ઉત્તરપ્રદેશમાં ૧,૨૭,૨૪૭ પહેલા નંબરે, મધ્યપ્રદેશ ૯૮૪૬૩ બીજા ક્રમે, આંધ્રપ્રદેશ ૬૨૪૬૪ ત્રીજા ક્રમે અને ૧૩મા ક્રમે રાજસ્થાન, તામિલનાડુ, આસામ, બિહાર, ઓરિસ્સા, કર્ણાટક, ઝારખંડ બધાથી છેલ્લે માત્ર ૧૭૪૪૩ ૧૩ ક્રમે ગુજરાત છે. આ આંકડાઓ મેં ઈકોનૉમિક સર્વે ૨૦૧૦-૧૧ સોર્સિસ સ્ટેટેસ્ટીક ઓફ સ્કૂલ એજયુકેશન ૨૦૦૭-૦૮, ઓથેન્ટીક સર્ટિફાઈડ કોપી છે. તેની જરૂર પડશે તો હું આપીશ. હાયર અને હાયર સેકન્ડરી એજયુકેશન આંધ્રપ્રદેશ ૨૦૯૬૯, મહારાષ્ટ્ર ૨૦૩૩૭, આપણે ૯મા ક્રમે છીએ.

માત્ર ૮૩૨૮ છે. ૯મા ક્રમ ઉપર છીએ. આ સંજોગોમાં મારે આપને એ કહેવું છે કે આ શિક્ષણનું સ્તર ઉંચુ લાવવાની આપણી જવાબદારી નથી? આમાં પણ આપણે શું કરીએ છીએ? એન્જિનિયરીંગ અને પૉલિટૅક્નિકમાં સારા વિદ્યાર્થીઓ તૈયાર કરીશું અને વિકસિત દેશ બનવા આપણો દેશ જઈ રહ્યો છે. લોકો આપણા કેમ્પસમાં આવશે અને છોકરાઓને પકડીને લઈ જશે અને કહેશે કે તમે કહો તે પૅકેજ આપું. મારે ત્યાં નોકરી આપવી છે. આપણે ત્યાં શું થાય છે? આપણે આંકડા જોઈએ તો એન્જિનિયરીંગમાં આપણા આવ્યા પછી સોસીયો ઈકોનૉમિક સર્વેમાં આપ આંકડા જોશો તો બેરોજગાર એન્જિનિયરોની સંખ્યા બમણી થઈ ગઈ છે. ભણેલા ગણેલાની. તેની ચિંતા કરી આપણે? તેનું કારણ શું છે? ગુજરાતમાં એન્જિનિયર થયેલો વિદ્યાર્થી છે તેને નોકરી મળતી નથી. મળે કયાંથી? આપણા છોકરાંઓમાં ટેલેન્ટ છે. આપણા છોકરાંઓમાં બુદ્ધિમત્તા ખૂબ સારી છે પરંતુ કૉલેજમાં ભણાવવાવાળા જ ન મૂકીએ તો થાય શું? છોકરાંઓ કરે શું? એન્જિનિયરીંગમાં પ્રિન્સિપાલમાં ૭૫ ટકા જગ્યાઓ ખાલી છે. પ્રોફૅસરમાં ૯૦ ટકા જગ્યાઓ ખાલી છે. આસીસ્ટન્ટ પ્રોફૅસરમાં ૭૧ ટકા જગ્યાઓ ખાલી છે. લેક્ચરરમાં ૭૩ ટકા જગ્યાઓ ખાલી છે. ટોટલ વેકન્સી એન્જિનિયરીંગમાં ૭૫ ટકા ખાલી છે. કયાંથી સ્તર ઉંચુ આવશે? માનનીય અધ્યક્ષશ્રી, પૉલિટૅક્નિકમાં પ્રિન્સિપલમાં ૮૪ ટકા જગ્યાઓ ખાલી છે, હેડ ઓફ ધી ડિપાર્ટમેન્ટ ૬૩ ટકા ખાલી, લેકચરર ૬૯ ટકા ખાલી, ટોટલ વેકન્સી પૉલિટૅક્નિકમાં જોઈએ તો ૬૯ ટકા ખાલી છે. આ આર.ટી.આઈ.માં મેં મેળવેલી માહિતી છે. જેની જરૂર પડશે તો માનનીય મંત્રીશ્રીને આંકડા સાથેની વ્યવસ્થા આપવાની મારી તૈયારી છે. આપણે આપણા વિદ્યાર્થીઓની ચિંતા નથી કરી શકતા. કન્યાઓ માટેની વાતો કરીએ છીએ. હકીકતમાં ૨૦૦૪-૦૫માં કન્યાઓની સંખ્યા હતી, વિદ્યાર્થીનીઓ હતી ૨૫૭૨, ૨૦૦૯-૧૦માં તે વધીને ૩૫૯૨ થઈ. તે વિદ્યાર્થીઓ માટેની પ્રાથમિકમાં સંખ્યાઓ કેટલી કરી? જે સંખ્યા હતી તે વધવી જોઈએ. તે ૪૦૪૬માંથી ઘટાડી આ સંસ્થાઓ માત્ર ૨૩૩૬ થઈ ગઈ છે. આ પણ આપણા સોસીયો ઈકોનૉમિક સર્વેના આંકડાઓ બોલે છે. ગ્રાન્ટેડ શાળાઓ નવી આપવી પડશે. શિક્ષણનું વ્યવસાયીકરણ બંધ કરવું પડશે. તેની ચિંતા પણ આપણે કરવી પડશે. ગ્રાન્ટેડ અધ્યાપનમાં પી.ટી.સી.ના શિક્ષકોને શા માટે પગાર નથી થઈ શકતો? શા માટે આપણી ગ્રાન્ટ તેને સમયસર મળતી નથી? મધ્યાહન ભોજનમાં પેલી ગામડાની વિધવા બહેન, એક બેકાર યુવાન કામ કરતો હોય તે મધ્યાહન ભોજનના સંચાલકો પણ આપણી નજરમાંથી નથી છટકતા કે તેમાં પણ આપણે એન.જી.ઓ.ના નામે તે પણ પડાવી લેવાનું આપણે કામ કરીએ. બે વ્યકિતનો નિર્વાહ થતો હોય તે મધ્યાહન ભોજન યોજનાના કર્મચારીઓની પણ આપણે ચિંતા કરવી પડશે.

માનનીય અધ્યક્ષશ્રી, જે ગૃહ વિભાગમાં ફોરેન્સીક સાયન્સ લેબોરેટરી આવેલી છે. આ ફોરેન્સીક સાયન્સ લૅબૉરૅટરીમાં જે પરિસ્થિતિનું નિર્માણ થયેલ છે. આપણે નવાઈ લાગશે બધાને કે જે બાકી કેસો હતા ૨૦૦૪-૦૫માં કે જે બાકી કેસો હતા ૨૦૦૪-૦૫માં એ માત્ર ૨ લાખ ૫૯ હજાર હતા, આપના ચાર પાંચ વર્ષના વહીવટમાં શું થઈ ગયું ? કે આજે ફોરેન્સીક સાયન્સ લૅબૉરૅટરી પાસે ફીંગર પ્રીન્ટ બ્યુરો, અમદાવાદમાં બાકી રહેલા કેસો ૨૦૦૮ વર્ષના અંતે ૭,૩૭,૪૬૪ કિસ્સાઓ બાકી પડ્યા રહ્યા છે. શું આપની પાસે ત્યાં કોઈ સ્ટાફ નથી ? અરે, બહુ સારા યુવાનો ભણેલા ગણેલા છે, પ્રમોશન આપીને એમને આગળ વધારો. આપણે એમને આગળ વધારતા નથી. પણ એક્સ્ટેન્શન આપ્યા કરીએ છીએ. તુંને તું ચાલુ રહે, નિવૃત્તિ આવી તો પણ બેઠો રહે ભાઈ, કારણ કે તું એવું કામ કરે છે, તું એવા fake encounter ના ફોટા સાચવી રાખે છે કે અમારા એને તકલીફ ના પડે અને એટલે તને જ એક્સ્ટેન્શન આપવાનું છે અને પછી ફોરેન્સીક સાયન્સ લૅબૉરૅટરી ઉપર દરોડા પડે ત્યારે તકલીફો ઉભી થાય છે પણ તકલીફ પડે એવું કરો છો શું કામ પહેલાં? પછી તકલીફની ફરિયાદ કરવા જઉં પડે.

માનનીય અધ્યક્ષશ્રી, મારા બે ચાર સભ્યશ્રીઓએ પણ જે ચિંતા વ્યક્ત કરી છે. જામનગરમાં ૮૪ વિદ્યાસહાયકો, સંપર્ણ સ્પૉર્ટસના ખોટા સર્ટિફિકેટો આપીને નોકરીઓ લઈ ગયા હતા, એના વહીવટદારને પકડવાની તાકાત છે આપણી ? કયાંથી એ સર્ટિફિકેટ બન્યા હતા એના મૂળ સુધી જવાની તૈયારી છે ખરી આપણી ? સ્પૉર્ટસના કવોટાના નામે, આ વિદ્યાર્થીઓને ભણાવા માટે ચીટિંગ કરનારા લોકોને વિદ્યાસહાયક બનાવીને મોકલશું, એ વિદ્યા શું આપવાના છે? માનનીય અધ્યક્ષશ્રી, કોડીનારમાં ૧૭ ગ્રાન્ટેડ હાઈસ્કૂલોમાં ટ્રસ્ટના વિવાદના કારણે હાઈકોર્ટે કહી દીધા પછી પણ આપણે એ ટ્રસ્ટના એકાઉન્ટમાં પૈસા જમા નથી કરાવી શકતા એનું કારણ શું છે એની તપાસ તો શિક્ષણ વિભાગ કરે.

માનનીય અધ્યક્ષશ્રી, હું છેલ્લે એટલી જ વાત કરીશ માનનીય પ્રફુલભાઈને માનનીય અધ્યક્ષશ્રી આપના મારફતે કે આપના સૌનું રક્ષણ કરનારા આપણે ચેનની નીંદમાં સૂતા હોઈએ ત્યારે રાત્રે જાગીને પહેરો કરનારા એ પોલીસ દળના જવાનોની ચિંતા આપ રાખજો, સાહેબ, રજાના દિવસે એ માણસ ખડાપગે નોકરી કરતો હોય છે અને મહિનાઓ સુધી એની રજાનો પગાર આપણે ચૂકવી શક્યા નથી એ આપણા સૌના માટે શરમની વાત કહેવાય. તો એની રજાનો પગાર તાત્કાલિક ચૂકવી દેવો જોઈએ. જગ્યાઓ ખાલી છે, ડીવાયએસપીના પ્રમોશન માટેનું લિસ્ટ આપની પાસે છે, શા માટે એને ડીવાયએસપી બનાવતા નથી? અરે, પીએસઆઈમાંથી પીઆઈ બનતો હોય કે કોન્સ્ટેબલમાંથી હેડ કૉન્સ્ટેબલ બનતો હોય કે ડીવાયએસપીમાંથી ડીએસપી બનતો હોય, એના અધિકારના પ્રમોશનમાં એક દિવસ પણ રોકાણ કરીએ આપણે ફાઈલમાં?` આપની સેવા કરનારો માણસ છે એ frustrate થશે અને કાયદો અને વ્યવસ્થા કથળશે, એટલે એની ચિંતા કરવી જોઈએ.

એ જ વાત સાથે છેલ્લું એક સૂચન કરીને મારી વાત પૂરી કરીશ, માનનીય અધ્યક્ષશ્રી કે શિક્ષણમાં સંસ્થાઓ ખોલતાં પહેલાં આપણે થોડુક મગજ દોડાવવું પડશે. આપણે પીટીસીની કૉલેજો mushrooms ની જેમ ઉભી કરી દીધી, પરિસ્થિતિ શું થઈ? આજે એક લાખ વિદ્યાર્થીઓ પીટીસીના સર્ટિફિકેટ લઈ આજે ગુજરાતમાં બેકાર ઘુમતા થયા છે. શું આપણને પ્લાનિંગ ખબર નહોતી ? કે અમારી આટલી ઘટ પડે, આટલી જરૂરિયાત પડે આટલા પીટીસી થાય તો એને નોકરી આપી શકીશું, એ પીટીસી થયેલો બીજે કયાંય ક્વૉલિફીકેશનમાં ચાલે નહીં. એનો સમય, એના પૈસા એ માનવશકિત વેડફાય એના માટે જવાબદાર કોણ? અને આજે કેટલીક સંસ્થાઓ એ પીટીસી કૉલેજો ચાલે એમ નથી, અને ચાલે એમ નથી એટલે નકલી આદિવાસી સમાજના ભાઈઓમાંના સર્ટિફિકેટ લઈને બતાવે અને હાજર સંખ્યા કરતાં ગેરહાજરની સંખ્યા વધારે જોવા મળે એની તપાસ થાય એ જરૂરી છે, મારા એક બે સભ્યશ્રીઓ સૂચનમાં ભાગ લઈ શકે એટલા માટે વિશેષ વાત નહીં કરતાં, આ બંને વિભાગો શિક્ષણ અને રક્ષણ એમાં આ સરકાર સંપૂર્ણપણે નિષ્ફળ ગઈ છે ત્યારે આ માગણીઓને સમર્થન ના આપી શકું.

# પૉઈન્ટ ઑફ ઑર્ડર

## ગૃહની અંદર આવતા મુલાકાતીઓને રક્ષણ મળવા અંગે

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા(પોરબંદર)** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પૉઈન્ટ ઑફ ઑર્ડર છે, માાનનીય અધ્યક્ષશ્રી, ગૃહની અંદર જે મુલાકાતીઓ આવે અને આપશ્રીને મળવા માગે, તો એને રક્ષણ મળવું જોઈએ. આજે નીરમાના અસરગ્રસ્ત ખેડૂતો છે એમણે મળવા માટે ધારાસભ્યશ્રી મારફત આપને પત્ર પણ લખ્યો હતો અને એ મળવા આવતા હતા, એમને રસ્તામાં રોકવામાં આવ્યા, મહિલાઓ અને બાળકો ઉપર લાઠીચાર્જ કરવામાં આવ્યો અને એને કારણે માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહનું અવમાન થયું છે. આ જે લોકોએ આ કૃત્ય કર્યું છે એની સામે પગલાં લેવા જોઈએ અને આ જેણે સૂચના આપી હોય એની સામે પણ આ બાબતે આપના મારફત સૂચના અપાય એવી મારી આપને વિનંતી છે.

**શ્રી દિલીપ સંઘાણી ( વૈધાનિક અને સંસદીય બાબતોમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, પહેલા તો પોઈન્ટ ઓફ ઓર્ડર આ ગૃહની વ્યવસ્થાનો કોઈ ભાગ હોય તો એ મુદ્દે જ ઉઠાવી શકાય. આ મુદ્દો ગૃહનો કોઈ ભાગ નથી આમ છતાં પણ જ્યારે સરકારના ઈન્ટેલિજન્સ વિભાગને કોઈ માહિતી હોય કે આ ગૃહમાં આવીને કે વિધાનસભા બિલ્ડીંગમાં આવીને અશાંતિ ફેલાવવા કોઈ પ્રયત્ન કરશે તો પોલીસ એનું કામ કરે. પરંતુ આ ગૃહમાં ગઈ કાલે જેમનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે એને ખુલ્લેઆમ મળવા દીધા છે, વ્યવસ્થાના ભાગરૂપે મળવા દીધા છે આ સરકાર કોઈને અટકાવવા માગતી નથી, કોઈને અટકાવવા માગે નહીં અને અધ્યક્ષશ્રી પરવાનગી આપે એને આ સરકાર ક્યારેય કોઈ અટકાવવાનો પ્રયત્ન કરે નહીં.

**અધ્યક્ષશ્રી** : માનનીય અર્જુનભાઈએ જે પોઈન્ટ ઓફ ઓર્ડર ઉભો કર્યો છે. (અંતરાય)

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, અમારી વાત પણ નહીં સાંભળો? (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય અર્જુનભાઈને સાંભળ્યા છે મેં. (અંતરાય) અર્જુનભાઈને મેં સાંભળ્યા છે એટલા માટે હું ચર્ચા ટૂંકાવું છું. માનનીય શકિતસિંહભાઈ આપ બેસો પ્લીઝ, હું વાત કરુ છું ત્યારે આપ બેસી જાવ, હું વાત કરું છું. મારી વાત પહેલા સાભળો. (અંતરાય) આપ બેસો પ્લીઝ. મારી વાત સાંભળી લો. જે વસ્તુ (અંતરાય) માનનીય અર્જુનભાઈ, શકિતસિંહભાઈ, પ્લીઝ આપના સભ્યોને બેસાડો. (અંતરાય) (આ તબક્કે વિરોધ પક્ષના માનનીય સભ્યશ્રીઓ તરફથી સુત્રોચાર કરવમાં આવ્યા) જવાહરભાઈ, આપ બેસો પ્લીઝ. એટલા માટે હું આની ચર્ચા લંબાણથી કરવા નથી દેતો કારણ કે, અર્જુનભાઈએ જે પોઈન્ટ ઓફ ઓર્ડર જે મુદા ઉપર ઉભો કર્યો છે એ ગૃહ બહારની વસ્તુ છે. મને મળવા માટે કોઈ પણ પ્રકારનો એમનો પત્ર મને મળ્યો નથી અને એમના વતી કોઈ એક બહેન આવીને મારા કાર્યાલયમાં પત્ર આપી ગયા છે. એટલે આપનો પોઈન્ટ ઓફ ઓર્ડર માન્ય કરતો નથી. નેકસ્ટ.(અંતરાય)

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, લેટર લખાયો છે કે નહીં એ માનનીય કનુભાઈને આપ સાંભળો. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : કનુભાઈ મને માગણી કરશે તો હું એમને ચેમ્બરમાં બોલાવીશ. પ્લીઝ. (અંતરાય) કનુભાઈ મને મળવા માગતા હોય તો એમને હું ચેમ્બરમાં બોલાવીશ, પ્લીઝ. (અંતરાય) કનુભાઈ મને મળવા માગશે તો હું એમને ચેમ્બરમાં બોલાવીશ. નો, આમાં કોઈ પોઈન્ટ ઓફ ઓર્ડર નથી. પોઈન્ટ ઓફ ઓર્ડર નથી, પ્લીઝ. એમને હું મારી ઓફિસમાં બોલાવીશ. (અંતરાય) પોઈન્ટ ઓફ ઓર્ડર ગૃહની કાર્યવાહી અંગેનો નથી એટલા માટે હું ગ્રાહ્ય કરતો નથી. જે ઘટના ગૃહની બહાર બની છે એના માટે અધ્યક્ષશ્રી જવાબદાર હોતા નથી. કનુભાઈ મને મળવા માગશે તો હું એમને મારી ઓફિસમાં મળવા માટે બોલાવીશ. હું પોઈન્ટ ઓફ ઓર્ડર માન્ય કરતો નથી, પ્લીઝ. અનિલભાઈ, આપ આપનું પ્રવચન ચાલુ કરો. (અંતરાય) હું કનુભાઈને બોલાવીશ. કનુભાઈ મને વિંનંતી કરશે તો હું કનુભાઈને મળવા બોલાવીશ. (અંતરાય) નો, નો. માનનીય અનિલભાઈ પ્લીઝ.

(આ તબક્કે વિરોધ પક્ષના સભ્યશ્રીઓ તરફથી સુત્રોચાર ચાલુ રાખવામાં આવ્યા)

**શ્રી અનિલકુમાર ત્રિ. પટેલ(મહેસાણા)** : માનનીય અધ્યક્ષશ્રી, મને મારી રજૂઆત કરવા માટે આ સભ્યો તરફથી જે અડચણ ઉભી કરવામાં આવે છે એમાં મને રક્ષણ આપવામાં આવે એવી મારી આપને વિનંતી છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : મને એમણે કોઈ વિનંતી કરી નથી. (અંતરાય) માનનીય શકિતસિંહભાઈ, મારી વાત સાંભળો પ્લીઝ. મારી વાત સાંભળો. કનુભાઈએ મને કોઈ ટેલિફોનથી પણ જાણ નથી કરી, કનુભાઈએ મને કોઈ મૌખિક રજૂઆત પણ નથી કરી, કનુભાઈ સીધા ગૃહમાં ઉભા થાય છે. કનુભાઈને મારી વિનંતી એ છે કે, મને મળવા માગતા હોય તો મારી ચેમ્બરમાં એમને બોલાવીશ અને એમની જે કાંઈ રજૂઆત હોય તે હું સાંભળીશ એટલે આ તબક્કે માનનીય અર્જૂનભાઈનો પોઈન્ટ ઓફ ઓર્ડર રહેતો નથી. માનનીય અનિલભાઈ, આપ આપનું પ્રવચન ચાલુ રાખો. પ્લીઝ.

# પોઈન્ટ ઓફ ઓર્ડર

### ગૃહની કાર્યવાહી બાબતમાં ખલેલ પહોંચાડવા બદલ વિપક્ષને ઠપકો આપવા અંગે

**શ્રી દિલીપ સંઘાણી ( વૈધાનિક અને સંસદીય બાબતોમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઈન્ટ ઓફ ઓર્ડર છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : શક્તિસિંહભાઈ, માનનીય દિલીપભાઈ, સંસદિય બાબતોના મંત્રીશ્રીનો પોઈન્ટ ઓફ ઓર્ડર છે,

**શ્રી દિલીપ સંઘાણી ( વૈધાનિક અને સંસદીય બાબતોમંત્રીશ્રી)** :મારો પોઈન્ટ ઓફ ઓર્ડર છે. મારા પક્ષની હું ચિંતા કરીશ.

**( આ તબક્કે 'ખેડૂતોને ન્યાય આપો, ખેડૂતોને ન્યાય આપો' એ પ્રકારના સુત્રોચ્ચારો કરવામાં આવ્યાં)**

**અધ્યક્ષશ્રી** : શક્તિસિંહભાઈ પ્લીઝ આપ બેસાડો. માનનીય દિલીપભાઈનો પોઈન્ટ ઓફ ઓર્ડર છે, અર્જુનભાઈ પછી દિલીપભાઈનો પોઈન્ટ ઓફ ઓર્ડર છે પ્લીઝ આપ બેસી જાઓ, પ્લીઝ, ગૃહના સમયનું આપ મહત્વ સમજો, પ્લીઝ આપ બેસી જાઓ.

**(આ તબક્કે માનનીય સભ્યશ્રી ડો. કનુભાઈ કલસરિયા વેલમાં ધસી આવ્યાં)**

**અધ્યક્ષશ્રી** : ડો. કનુભાઈ વેલમાં ધસી આવેલ હોવાથી હું એમને નેઈમ કરું છું. હું સાર્જન્ટને આદેશ આપું છું કે, માનનીય સભ્યશ્રી ડો. કનુભાઈને વિનમ્રપણે બહાર લઈ જાય.

**( આ તબક્કે 'ખેડૂતોને ન્યાય આપો, ખેડૂતોને ન્યાય આપો' 'દાદાગીરી બંધ કરો, દાદાગીરી બંધ કરો તથા તાનાશાહી નહિ ચલેગી તાનાશાહી નહિ ચલેગી ' એ પ્રકારના સુત્રોચ્ચારો કરતા કરતા સભાગૃહમાં ઉપસ્થિત રહેલા વિરોધપક્ષના તમામ સભ્યશ્રીઓ વોકઆઉટ કરી ગયા)**

**અધ્યક્ષશ્રી** : અનિલભાઈ આપ બેસી જાઓ, ઓર્ડર ઓર્ડર, ભરતભાઈ પ્લીઝ આપ બેસી જાઓ,

**શ્રી દિલીપ સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહની કાર્યવાહી વિધાનસભાના નિયમોના નિયમથી ચાલે છે અને જે પ્રણાલિકાગત જે વ્યવસ્થાઓ સ્થપાયેલી છે એના આધારે ચાલે છે. વિધાનસભાની પ્રણાલિકા અને નિયમોમાં હાઉસમાં કયા માનનીય સભ્યશ્રીને બોલવા માટેની તક આપવી એના અબાધિત અધિકારો નિયમોથી માનનીય અધ્યક્ષશ્રીને આપવામાં આવેલા છે, કયા પક્ષના સભ્યને કયા મુદ્દા પર ક્યારે બોલવું એના માટે જે તે પક્ષના દંડક તરફથી એનો સમય ફાળવીને એની યાદી આપને આપવામાં આવે છે. જ્યારે આજે ભારતીય જનતા પાર્ટીના એક સભ્યશ્રીને આપ બોલવા દો એ પાર્ટીના દંડક તરફથી નથી લખી આપવામાં આવેલુ પરંતુ કોઈ મુદ્દા પર બોલવા માટેની એમણે પરવાનગી માગી હોય તો એના માટે આપને અધિકારો છે અને એના માટે આપ પરવાનગી આપી શકો છો પરંતુ સમગ્ર વિપક્ષ આપના ઉપર માનનીય સભ્યશ્રીને બોલવા દો એવા સુત્રોચ્ચારો અને નારા સાથે આ હાઉસની કામગીરી થંભાવી દે અને કોઈપણ રીતે આ હાઉસ સરળતાથી ચાલતું હોય એમાં વારંવાર વિક્ષેપ પાડવો અને આજના દિવસમાં સમગ્ર વિપક્ષના સભ્યોએ આ પરિસ્થિતિ સર્જવા માટે બીજી વખત આ પ્રકારનો પ્રયાસ કર્યો છે અને એના માટે એમને કડકપણે ઠપકો આપવામાં આવે કે ભવિષ્યમાં આ હાઉસને કોઈ કાયદાથી અવરોધરૂપ જે અધિકારો ન મળ્યા હોય એવી રીતે આ હાઉસને બાનમાં લેવાના પ્રયત્નો ન કરે એવી મારી આપ સાહેબને વિનંતી છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય કનુભાઈ આપને આજની કાર્યવાહીમાંથી બહાર બેસાડવાનો મેં નેઈમ કરીને આદેશ કરેલો છે એટલે આપ બેસી ના શકો પ્લીઝ, આપ બહાર નીકળી જાઓ. હું સાર્જન્ટને આદેશ કરું છું કે માનનીય સભ્ય શ્રી કનુભાઈને વિનમ્રપણે બહાર લઈ જાય. કનુભાઈને આજની કાર્યવાહીમાંથી આપણે નેઈમ કરીને બહાર નીકાળેલા છે. પ્લીઝ. તેઓ વેલમાં ધસી આવેલા હોવાથી તેમને મેં આજની કાર્યવાહીમાં બહાર કાઢેલા છે. પ્લીઝ એમને વિનમ્રપણે બહાર લઈ જાઓ સાર્જન્ટ. આપના સભ્યને બેસાડો તો હું આપને બોલવા દઉં.

આપના સભ્યોને બેસાડો તો હું આપને બોલવા દઈશ. દિલીપભાઈએ જે પોઈન્ટ ઓફ ઓર્ડર ઉભો કર્યો છે તેના પૂરતું જ.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, તે સંદર્ભમાં જ બોલું છું અને તે સંદર્ભ બહાર હું નહિં જાઉં. પરિસ્થિતિનું નિર્માણ કેવા કારણોસર થયું તેનું સાક્ષી આ સમગ્ર ગૃહ છે. આપ, હું અને આ ગૃહના તમામ સભ્યો આપણી પ્રણાલિકાઓથી બંધાયેલા છીએ. જ્યારે માનનીય અર્જુનભાઈએ મુદ્દો ઉપસ્થિત કર્યો ત્યારે એ મુદ્દાની મૂળ વાત એ હતી કે, માનનીય કનુભાઈ કળસરીયા was crux of the matter અને એ વાતનો ઉલ્લેખ કર્યો હોય ત્યારે તે પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપર જ તેમાં દંડક પણ ના આવે, આપનો પક્ષ પણ ના આવે. પોઈન્ટ ઓફ ઓર્ડર પર્ટીકયુલરી મેમ્બરને સંબોધીને કરવામાં આવ્યો હોય અને એ મેમ્બર ખુલાસો કરવા માગતા હોય. હું એવું નથી કહેતો કે તેને  કમ્પેલ કરી શકાય. આપ પણ તેને કમ્પેલ , આમ તો સામાન્ય રીતે એવું છે કે ઉભા ના થાય તો પણ માનનીય અધ્યક્ષશ્રી તેમને પૂછે કે આપના નામ સાથેનો આ મુદ્દો છે, આપને કંઈ કહેવું છે ? જો એ સભ્ય કંઈ કહેવા માંગતા હોય તો પોઈન્ટ ઓફ ઓર્ડરમાં હંમેશા આપ આજ સુધીના પ્રણાલિકા જોજો. .. અંતરાય..

**અધ્યક્ષશ્રી** : હું કહું છું, પ્લીઝ. શકિતસિંહભાઈ હવે ચર્ચા ટૂંકાવો, પ્લીઝ. ગૃહનો સમય..અંતરાય..

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ રીતે.. આપે મને પરમિટ કર્યા પછી જો માનનીય જાડેજા આ રીતે કરતા હોય

**અધ્યક્ષશ્રી** : આપ મુદ્દાસર અને ટૂંકમાં વાત કરો પ્લીઝ.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપર જ વાત કરું છું.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, આપે રૂલિંગ આપી દીધું છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : કયાં રૂલિંગ આપ્યું છે ? અરે, આ મુદ્દો જ તેમાંથી ઉપસ્થિત થાય છે.

**અધ્યક્ષશ્રી** : અર્જુનભાઈના પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપર રૂલિંગ અપાય ચૂંકયુ છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : ટ્રેઝરી બેચના સભ્યો આ રીતે કરે.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, જેનો આપે નિર્ણય આપી દીધો છે તેનું પુનરાવર્તન થાય છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : આ ચર્ચામાં આ પ્રવૃત્તિ નહીં ચાલે, અમે નહીં ચલાવવા દઈએ.

**શ્રી વજુભાઈ વાળા** : નહીં ચાલવા દઈએ તો કાંઈ તમારું નથી આ હાઉસ.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ રીત છે, આપે મને પરમિટ કર્યા પછી ના બોલવા દે.

**શ્રી વજુભાઈ વાળા** : તેને સંચાલન કરવાનું છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : આ સરકાર ઇરાદાપૂર્વક તેમને ગૃહ ચાલવા નથી દેવું. આપે મને પરમિટ કર્યા પછી તેમણે મને શું કામ ડિસ્ટર્બ કરવું જોઈએ. હું મુદ્દા ઉપર જ હતો.

**અધ્યક્ષશ્રી** : આપના સભ્યોને બેસાડો.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : પણ સાહેબ આ શું કામ ડિસ્ટર્બ કરે ? આ મંત્રી મંડળના સભ્યો શાના માટે ડિસ્ટર્બ કરે ?

**શ્રી વજુભાઈ વાળા** : જે તમે જજમૅન્ટ આપ્યું છે તેના વિશે ના કહી શકે એ જ વાત છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : આપે પરમિટ કર્યા પછી તેને ઉભું જ ના થવાય.

**શ્રી વજુભાઈ વાળા** : તે મુદ્દો પૂરો થઈ ગયો હતો આ દિલીપભાઈના પોઈન્ટ ઓફ ઓર્ડર વિશે જે કંઈ કહેવું હોય તે કહે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : અમારે સાહેબ આના વિરુદ્ધમાં કરીએ છીએ, પાછાં એમ ના કહે કે અધ્યક્ષના વિરુદ્ધમાં. આના વિરુદ્ધમાં અમે આ ગૃહમાં બેસી શકીએ એમ નથી. આમનાં વિરુદ્ધમાં.

**શ્રી વજુભાઈ વાળા** : કાયમ માટે જાવ, શું કામ આજ માટે જાવ છો ?

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : જઈએ જ, તમે સિનિયર માણસ છો.

**શ્રી વજુભાઈ વાળા** : અરે, જાવ તમ તમારે જ્યાં જવું હોય ત્યાં. .. અંતરાય..

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : આ રીતનું વર્તન સિનિયર મંત્રીઓ કરે આપ મૌન શેના બેસી રહો છો ?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, મેં કાયદેસરનો મુદ્દો ઉઠાવ્યો છે. દિલીપભાઈએ પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવ્યો હતો તેની ચર્ચા માટે .. અંતરાય.. મેં કાંઈ ના નથી પાડી, જે મુદ્દો પતી ગયો અને આપે નિર્ણય આપી દીધો છે પછી તેની ચર્ચા ના હોઈ શકે.

( આ તબક્કે વિરોધ પક્ષના સભ્યો દ્વારા સૂત્રોચ્ચાર .. " નીરમાંની દલાલી બંધ કરો " ...)

**અધ્યક્ષશ્રી** : શકિતસિંહભાઈ, આપ પ્લીઝ બેસાડો.

( આ તબક્કે વિરોધ પક્ષના નેતાશ્રી સહિત સભાગૃહમાં ઉપસ્થિત રહેલા વિરોધપક્ષના તમામ સભ્યશ્રીઓ સૂત્રોચ્ચાર કરતા કરતા  સભાત્યાગ કરીગયા)

**અધ્યક્ષશ્રી** : માનનીય સંસદીય મંત્રીશ્રી દિલીપભાઈએ જે પોઈન્ટ ઓફ ઓર્ડર ઉભો કર્યો છે તેમાં બન્ને પક્ષના સભ્યોને મેં સાંભળ્યા છે તેમનું રૂલિંગ હું પછી આપીશ. માનનીય અનિલભાઈ,

# માગણીઓ પર ચર્ચા અને મતદાન ( છઠ્ઠો દિવસ) (ક્રમશ:)

**શ્રી અનિલકુમાર ત્રિ. પટેલ(મહેસાણા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શિક્ષણ મંત્રીશ્રી આ સન્માનીય ગૃહ સમક્ષ જે માગણી નંબર ૮ અને ૯ લઈને આવ્યાં છે તેના સમર્થનમાં હું મારા વિચારો રજૂ કરું છું.

**શ્રી અનિલકુમાર ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી (સતત અંતરાય અને સૂત્રોચ્ચાર) માનનીય અધ્યક્ષશ્રી, વિપક્ષના સભ્યો દ્વારા મારા વકતવ્યમાં જે વિક્ષેપ આવે છે એના માટે આપ મને રક્ષણ આપો એવી મારી આપને વિનંતી છે. (સતત અંતરાય અને સૂત્રોચ્ચાર) માનનીય અધ્યક્ષશ્રી,...(સતત અંતરાય)

**અધ્યક્ષશ્રી** : આપ આપનું પ્રવચન ચાલુ રાખો. (સતત અંતરાય)

**(આ તબકકે વિપક્ષના તમામ સભ્યો સૂત્રોચ્ચાર કરતા કરતા સભાત્યાગ કરી ગયા)**

**શ્રી અનિલકુમાર ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, યુવા પેઢીનુ સશકિતકરણ એ કોઈપણ રાજયના વિકાસ માટે, રાજયના સર્વાંગી વિકાસ માટે સૌથી જો મહત્વનું સાધન હોય તો એ શિક્ષણ છે. શિક્ષણમાં કરેલુ રોકાણ એ સરકાર અને સમાજને અનેકગણું વળતર લઈને પરત આપે છે. શિક્ષણના ક્ષેત્રની અંદર રાજયની ભાવિ પેઢીનું સશકિતકરણ કરવા માટે છેલ્લા દાયકામાં ભારતીય જનતા પાર્ટીની સરકારે જે ઈનીશ્યેટીવ લીધાં છે, એ ઈનીશ્યેટીવનો જોટો જડે તેમ નથી. શાળા પ્રવેશોત્સવ હોય, વર્ગખંડોમાં ઉમેરો કરવાનો હોય, શિક્ષકોની ભરતી દ્વારા વર્ગખંડોમાં શિક્ષકોની જરૂરિયાતની પૂર્તતા કરવાની હોય કે ગુણોત્સવ મારફતે સમગ્ર શિક્ષણનું સ્તર ઉંચે લાવવાની વાત હોય, આ બાળકોના શૈક્ષણિક...

# પોઈન્ટ ઓફ ઓર્ડર

### અધ્યક્ષશ્રીના અવમાન અંગે

**શ્રી દિલીપ સંઘાણી ( વૈધાનિક અને સંસદીય બાબતોમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઈન્ટ ઓફ ઓર્ડર એ વિષયમાં છે કે ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૫૧ તરફ હું આપનું ધ્યાન દોરું છું, કે અધ્યક્ષના મત પ્રમાણે જે સભ્યની વર્તણૂંક અતિશય તોફાની હોય તે સભ્યને અધ્યક્ષ સભાગૃહ છોડી જવાનો આદેશ આપી શકશે. અને જે સભ્યને એવી રીતે સભાગૃહ છોડી જવાનો આદેશ કર્યો હોય તે સભ્યે તાબડતોબ તેમ કરવાનું રહેશે. તેમજ તે દિવસની બેઠકમાં તેઓ હાજરી આપી શકશે નહીં. અને તેમણે સભાગૃહની હદ છોડી જવાની રહેશે. ભારતીય જનતા પાર્ટીના કનુભાઈ કળસરિયા પોતાની સીટ છોડીને વેલમાં આવી ગયા. આપે એમને રોકવા ખૂબ જ પ્રયત્ન કર્યો. રોકાણા નહીં. અને આપની કક્ષાએથી સાર્જન્ટને હુકમ કરીને એમને બહાર જવા માટેનો નિર્ણય આપની કક્ષાએ લેવાણો. ત્યારે આ નિર્ણયની સામે, સમગ્ર વિપક્ષના નેતા શકિતસિંહજી, કોંગ્રેસ પક્ષના પ્રમુખ અર્જુનભાઈ મોઢવાડિયા અને એમના પક્ષના સભ્યો આ નિર્ણયની સામે કલમ-૫૨ મુજબ નેઈમની કોઈ દરખાસ્ત નથી થઈ એવો મુદ્દો ઉઠાવીને સભાગૃહમાં કરે એ વાજબી નથી. આ અધ્યક્ષના અવમાનનો મુદ્દો છે. એમને આ અવમાનના નિયમો મુજબ કાર્યવાહી કરવી જોઈએ.

**અધ્યક્ષશ્રી** : માનનીય દિલીપભાઈએ જે પોઈન્ટ ઓફ ઓર્ડર ઉભો કર્યો છે કે અધ્યક્ષના આદેશ પછી કનુભાઈને સાર્જન્ટ દ્વારા બહાર લઈ જવામાં આવ્યા. અન્ય વિપક્ષના સભ્યશ્રીએ એનો ભંગ કરીને અધ્યક્ષના વિરુદ્ધ જે કંઈ વાતો કરી એ સભાગૃહને યોગ્ય ન હોવાથી એમને આપણે ઠપકો આપીએ છીએ. નેકસ્ટ.

# માગણીઓ પર ચર્ચા અને મતદાન ( છઠ્ઠો દિવસ)(ક્રમશ:)

**શ્રી અનિલકુમાર ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણ વિભાગની માગણીઓ લઈને માનનીય શિક્ષણમંત્રીશ્રી જયારે આ સન્માનનીય સભાગૃહ સમક્ષ આવ્યા છે, ત્યારે મારે વિશેષત: જે ધ્યાન દોરવાનું છે કે ૨૧મી સદી એ ટેકનોલોજીની સદી, ભારતની સદી એટલા માટે ગણવામાં આવે છે કે ભારતના યુવાનોએ વિશ્વના ઈન્ફર્મેશન ટેકનોલોજી અને અન્ય ટેકનોલોજીના ક્ષેત્રમાં પોતે એક વિશેષ સ્થાન પ્રાપ્ત કર્યુ છે. એ બાબતમાં રાજય સરકારે જે કામગીરી કરી છે એ ખૂબ જ પ્રસંશજીય છે એટલા માટે કે ૨૦ મી સદીના અંત ભાગમાં ગુજરાતમાં જે સરકારો હતી તેમણે ટેકનકલશિક્ષણના ક્ષેત્રે ખૂબ જ ઉદાસીનતા સેવી હતી અને એ બાબતની કામગીરીમાં બિલકુલ ધ્યાન ન આપવાને કારણે ગુજરાતના યુવાનોને શિક્ષણ લેવા માટે પણ ગુજરાતની બહાર હજારોની સંખ્યામાં કરોડો રૂપિયાના ખર્ચે પોતાનો અભ્યાસ મેળવવા માટે કર્ણાટક, મહારાષ્ટ્ર અને ચેન્નાઈ જેવી જગ્યાઓએ જવું પડતું હતું. જે ટેકનીકલ શિક્ષણ ક્ષેત્રમાં છેલ્લા દાયકામાં રાજયમાં જે કામગીરી થઈ છે અને વિશેષ તો છેલ્લા પાંચ વર્ષમાં જે કામગીરી થઈ છે એ આ યુવાનોના ભવિષ્યની સમૃધ્ધિનાં દ્વાર ખોલવાની કામગીરી થઈ છે કારણ કે જે શિક્ષણ છે એ સંપત્તિ છે, શિક્ષણ છે એ વિદ્યા છે, એ ધન છે અને એ પ્રકારનું આપણા ઋષિ મૂનિઓએ પણ વિદ્યાને મહત્વ આપવની વાત કરી ત્યારે કહ્યું છે કે

" ન ચોર હાર્યમ્, ન ચ રાજય હાર્યમ્,
ન ભાતૃ ભાજયમ્, ન ચ ભારકારી,
વ્યયે કૃતે વર્ધતે એવ નિત્યમ્,

વિદ્યા ધનમ્ સર્વ ધનમ્ પ્રધાનમ્"

આ પ્રકારની જે સમૃધ્ધિ અને સંપત્તિનું સર્જન કરવાની ક્ષમતા પ્રાપ્ત કરવાની જે ક્ષમતા છે એ આપવા માટે ટેકનોલોજીના ક્ષેત્રમાં ગુજરાતના ટેકનીકલ શિક્ષણ વિભાગે જે કામગીરી કરી છે એને હું સંપૂર્ણપણે બિરદાવું છું. ૨૦૦૭ પહેલાં જે આપણી પ્રવૃત્તિ હતી એમાં ટેકનીકલ શિક્ષણની સંસ્થાઓ એ અલગ અલગ યુનિવર્સિટીઓ સાથે એફિલિએટેડ રહેતી હતી એના કારણે દરેક કોલેજનું શિક્ષણ માળખું હતું એ અલગ અલગ પ્રકારનું રહેતું હતું, એની પરીક્ષાઓ અલગ લેવાતી હતી અને એના કારણે ટેકનોલોજીના અભ્યાસક્રમ માટે અલગ યુનિવર્સિટી સ્થાપવાનો નિર્ણય જયારે ૨૦૦૭ માં લેવામાં આવ્યો અને ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીની રચના કરવામાં આવી એને લઈને ટેકનોલોજીકલ યુનિવર્સિટી જયારે ૨૦૦૮-૦૯ માં શરૂ થઈ ત્યારે એમાં ૧૯૦ ટેકનીકલ સંસ્થાઓ જોડાયેલી હતી અને આજે બે જ વર્ષના ટૂંકાગાળામાં આ સંખ્યામાં વધારો થઈને બધાથી પણ વધારે એટલે કે ૩૭૯ સંસ્થાઓ આ ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી સાથે જોડાણ પામી છે અને જેમાં ૨ાા લાખ કરતાં વધારે વદ્યાર્થીઓ આ ટેકનોલોજીકલ યુનિવર્સિટીમાં અભ્યાસ કરી રહ્યા છે. એ જ બતાવે છે કે આ ટેકનોલોજીના ક્ષેત્રમાં જે પ્રકારના સ્કીલ્ડ મેન પાવરની જરૂરિયાત છે અને રાજયમાં જે પ્રકારનું ઝડપી ઔદ્યોગિકરણ થઈ રહ્યું છે અને વાયબ્રન્ટ ગુજરાત થકી જે નવાં રોકાણો આવી રહ્યાં છે એના માટે સરકારની નીતિ છે એ નીતિને લઈને દરેક ટેકનીકલ ક્ષેત્રમાં જે પ્રકારની વ્યાપક તકો ઉભી થયેલ છે એ તકો ગુજરાતના યુવાનોને મળે એના માટે ઈલેકટ્રોનિક કોમ્યુનિકેશન, બાયોટેકનોલોજી, ફાર્મસી આવા બધા જ કોર્સોમાં ડીગ્રી અને ડિપ્લોમા સ્તરના જે અભ્યાસક્રમો દાખલ કરીને આ ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીએ આ જે સુંદર કામગીરી જે રીતે કરી છે એને લઈને બજેટમાં આ ટેકનોલોજીકલ યુનિવર્સિટીની જરૂરિયાત છે એના માટે પણ ફંડની ફાળવણી કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ચાલુ વર્ષે ઈન્ફ્રાસ્ટકચર ડેવલપમેન્ટ માટે આ બજેટમાં ૨૫૪ કરોડ રૂપિયાની જાગવાઈ સૂચવી છે અને સમગ્ર ૨૦૧૧-૧૨ ના વર્ષની પ્લાન સિલિંગ છે એ ૩૮૦ કરોડ રૂપિયાની કરવામાં આવી છે. જેને લઈને રાજયની જે કોલેજો છે એમાં ટેકનોલોજીના ઈન્સ્ટિટયુટોમાં જુદા જુદા પ્રકારનું ઈન્ફ્રાસ્ટકચર, લેબોરેટરી, કોમ્પ્યુટર, આ બધાને લગતી પ્રયોગશાળાઓ, વર્કશોપ વગેરેના આધુનિકીકરણ માટેની સગવડ પણ એમાં થશે. માનનીય અધ્યક્ષશ્રી, મધ્યમ વર્ગના વિદ્યાર્થીઓને પણ આ પ્રકારની સરકારી કૉલેજો છે એમાં ખૂબ જ ઓછી ફીથી અભ્યાસ કરવાની તક મળે છે.

વિશેષમાં જે જિલ્લામાં સરકારી એન્જિનિયરીંગ કૉલેજ ન હોય ત્યાં પી.પી. પી.મોડેલ, લોક ભાગીદારીની યોજનાથી રાજય સરકારે દસ જગ્યાએ ડીગ્રી એન્જિનિયરીંગ કૉલેજો અને નવ સ્થળે પૉલિટૅક્નિક કૉલેજો શરૂ કરવા માટે લગભગ ૫૦ કરોડ રૂપિયાની જોગવાઈ ચાલુ વર્ષના બજૅટમાં કરવામાં આવી છે.

આ સાથે જ રીસર્ચના ક્ષેત્રમાં, સંશોધનના ક્ષેત્રમાં પુરસ્કાર પ્રદાન કરવા માટેની યોજનાઓ પણ સરકાર દ્વારા આની અંદર કરવામાં આવેલ છે ત્યારે ટેકનિકલ એજ્યુકેશનની અંદર જે ભૂતકાળમાં આપણી જે ક્ષમતા હતી, આજે ડીગ્રી એન્જિનિયરીંગની અંદર ડીગ્રી કૉલેજોની અંદર ૪૩ હજાર જેટલી બેઠકો થયેલી છે જે આજથી દસ વર્ષ પહેલા આની ૨૫ ટકા પણ નહોતી. આ બેઠકોમાં મોટો ઉછાળો લાવીને એક પણ વિદ્યાર્થીને પ્રવેશ માટે બહાર ન જવું પડે તેવી વ્યવસ્થાનું આયોજન રાજય સરકારના ટેકનિકલ શિક્ષણ વિભાગે કર્યુ છે. ડિપ્લોમા એન્જિનિયરીંગમાં પણ ૪૫ હજાર જેટલી બેઠકો દ્વારા જુદી જુદી કોર્સીસની ઑફર પણ અહીંયા કરવામાં આવી રહી છે. જે પ્રકારનું ટેકનિકલ એજ્યુકેશનનું માળખું રાજયમાં ઊભું થઈ રહ્યું છે એને લઈને આવતા સમયમાં જે ઈન્ફરમેશન ટૅક્નૉલૉજીમાં સ્પેશ્યલ ઇકોનોમિક્સ ઝોન હોય કે વાયબ્રન્ટ ગુજરાત માટેનું ઔદ્યોગિક વાતાવરણ હોય એમાં ગુજરાતના યુવાનોને રોજગારીની પૂરેપૂરી તકો અહીંયા સાંપડવાની છે. આવા સમયે જ્યારે શિક્ષણ મંત્રીશ્રી આ પ્રકારની માગણીઓ લઈને આવ્યા છે ત્યારે હું એને સમર્થન આપું છું.

**અધ્યક્ષશ્રી** : માનનીય શિક્ષણ મંત્રીશ્રી, આપને અડધા કલાકનો સમય આપવામાં આવે છે.

**શ્રી રમણલાલ વોરા ( શિક્ષણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણ વિભાગની માગણીઓ લઈને આજે જ્યારે ગૃહમાં આવ્યો છું ત્યારે બે માનનીય સભ્યશ્રીઓએ આ શિક્ષણ વિભાગ ઉપર વાત કરી છે.

રાજય સરકારની પંચામૃત શકિત પૈકીની એક શકિત એટલે જ્ઞાન શકિત અને આ જ્ઞાન શકિતની વાત લઈને જ્યારે હું અહીંયા આવ્યો છું ત્યારે આદરણી મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં પ્રાથમિક શિક્ષણથી માંડીને ટેકનિકલ શિક્ષણ સુધીની જે આમૂલચૂર પરિવર્તન શિક્ષણ વિભાગમાં એમની પ્રેરણાને કારણે કર્યુ છે ત્યારે મારે આ ગૃહને એટલું જ કહેવું છે કે આદરણીય મુખ્યમંત્રીશ્રીએ જે પ્રકારે શિક્ષણનો વ્યાપ વધાર્યો છે, સમગ્ર ગુજરાતના યુવા મિત્રોને જે પ્રકારનો લાભ આપવાનો પ્રયાસ કર્યો છે, એક શાયરે એવું કહ્યું છે..

"એક હાથમે સર્જન, દૂસરે હાથમે પ્રલય લીએ ચલતે હૈ,
સભી કિર્તી જવાલે મે હમ અધિકારી મેં જલતે હૈ,
આંખોમે વૈભવ કે સપને, પગમે તુફાનોકી ગતિ હો,
રાહ તો ભકિત કા જવાર ન રૂકતા, આયે જીસ જીસકી હિંમત હો."

આ વરસે શિક્ષણ વિભાગમાં ગયા વર્ષના બજૅટ કરતાં ૧૮.૭૫ ટકા વધારે બજૅટ નાણા વિભાગ તરફથી અમને મળ્યું છે. છેલ્લા આઠ વર્ષથી કન્યા કેળવણી રથયાત્રાના માધ્યમથી આજે સો ટકા બાળકોનું નામાંકન થતું જાય છે.

ડ્રોપ આઉટ રેશિયાની સંખ્યામાં ઘટાડો થયો છે. સન ૨૦૦૨-૨૦૦૩માં ધોરણ ૧ થી ૫માં ડ્રોપ આઉટ રેશિયો ૧૯.૧૨ ટકા હતો એ આજે ફક્ત ૨.૨૦ ટકા જ રહ્યો છે.

અને આ સ્વર્ણિમ વર્ષ નિમિત્તે આ ડ્રોપઆઉટ રેશિયો પણ અમે ઘટાડવાનો પ્રયાસ કરીશું. વધારેમાં વધારે વિદ્યાર્થીઓ શાળા સુધી પહોંચે તેના માટેનો આ કન્યા કેળવણી રથ યાત્રા અને શાળા પ્રવેશોત્સવનો કાર્યક્રમ છે. જેના કારણે સમગ્ર રાજયમાં ગ્રૉસ એનરોલમેન્ટ રેશિયોમાં વધારો થયો છે. આ તકે મારે જણાવવું છે કે સંસદમાં રજૂ થયેલ આર્થિક સર્વેક્ષણના જણાવ્યા પ્રમાણે ગ્રૉસ એનરોલમેન્ટ રેશિયોમાં ગુજરાત ચોથા ક્રમે છે. પહેલાં ક્રમે ઝારખંડ, બીજાં ક્રમે મધ્યપ્રદેશ, ત્રીજા ક્રમે છત્તીસગઢ અને ચોથા ક્રમે ગુજરાત. આ ચારેય રાજયો ભારતીય જનતા પાર્ટી શાસિત રાજયો ગ્રૉસ એનરોલમેન્ટ રેશિયોમાં આગળ છે. આ રાજય સરકારે ગ્રામ્ય કક્ષાએ વધારે વિદ્યાર્થીઓને સવલત મળે એટલા માટે ૫,૦૦૦ જેટલી શાળાઓમાં ધોરણ-૮ના વર્ગોની શરૂઆત કરી છે અને આ ૫,૦૦૦ શાળાઓમાં ધોરણ-૮ના વર્ગો શરૂ કર્યા છે તેમાં ૧૦,૦૦૦ જેટલા વિદ્યા સહાયકોની કેન્દ્રીયકૃત ભરતી કરી છે. મારે આ તબક્કે એ જણાવવું છે કે આખા દેશની આ પહેલી ઐતિહાસિક ઘટના છે કે માત્ર ૨૭ દિવસમાં ૧૦,૦૦૦ શિક્ષકોની ભરતી કરીને સમગ્ર દેશમાં એક ઐતિહાસિક કામ આ કેન્દ્રીયકૃત ભરતી કરવાને કારણે થયું છે. આજે ફરીથી આગામી નવા વર્ષ નિમિત્તે અમે બીજી ૬,૫૦૦ શાળાઓમાં ૮મું ધોરણ શરૂ કરીશું અને ૧૩,૦૦૦ જેટલા વિદ્યા સહાયકોની નવી ભરતી કરવા માટે અમે જઈ રહ્યા છીએ. આઝાદીના આટલા વર્ષોમાં પહેલી વખત પ્રાથમિક શાળામાં આચાર્યની કૅડર ઉભી કરવા જઈ રહ્યા છીએ અને આ વર્ષે ૫૦૦૦ જેટલી પ્રાથમિક શાળાઓના આચાર્યોની નિમણૂંકનું આયોજન આ રાજય સરકારે કર્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારે આ વખતે એક નવો કન્સેપ્ટ મોડેલ ડે સ્કૂલનો કર્યો છે. જેના માટે ૨૦ કરોડ રૂપિયાની જોગવાઈ કરી છે. અંતરિયાળ વિસ્તાર હોય, પછાત વિસ્તાર હોય અને આ વિસ્તારના બાળકો માટે સવારે ૮-૦૦ થી ૫-૦૦ વાગ્યા સુધીની શાળા કે આજુબાજુના ગામના બાળકોને સ્પેશિયલ બસ દ્વારા આ શાળામાં લાવવામાં આવે, શાળામાં શિક્ષણ મળે, ઉત્તમ પ્રકારનું ભોજન મળે અને સાંજે બાળકોને પોતાના ઘર સુધી લઈ જાય. તે માટેની મોડેલ ડે સ્કૂલની વ્યવસ્થા રાજય સરકારે આ વર્ષથી કરી છે. તેની સાથે સાથે નવા અનેકવિધ આયામો આ રાજય સરકારે હાંસલ કર્યા છે. આજે ગુજરાત રાજયમાં અત્યાર સુધીમાં ભારતીય જનતા પાર્ટીની સરકારમાં ૧,૨૧,૩૫૮ વિદ્યા સહાયકોની ભરતી થઈ ચૂકી છે. આગામી વર્ષે બીજાં ૧૩,૦૦૦ વિદ્યા સહાયકોની અમે ભરતી કરીશું. અત્યાર સુધીમાં ૭૫,૪૪૮ વર્ગ ખંડોનું બાંધકામ પૂર્ણ કર્યું છે. ૧૪,૯૫૪ વર્ગો આગામી વર્ષોમાં અમે કરવાના છીએ. અત્યાર સુધીમાં ૫,૫૦૦ શાળાઓમાં કૉમ્પ્યુટર આપવામાં આવેલા છે. આ સ્વર્ણિમ વર્ષ નિમિત્તે બીજી ૧૫,૦૦૦ નવી શાળાઓમાં કૉમ્પ્યુટર આપવા માટે અમે જઈ રહ્યા છીએ. કમ્પાઉન્ડ વૉલ ૨૫,૬૦૩ શાળાઓ હતી. આગામી વર્ષમાં ૨૦૨૩નો તેમાં ઉમેરો થશે. મેં અગાઉ કહ્યું એ પ્રમાણે ધોરણ-૮ના ૫,૦૦૦ વર્ગો હતા, આગામી વર્ષે ૬,૫૦૦ નવા વર્ગો કરીશું. અમારા શિક્ષકો માટે અંતરિયાળ વિસ્તારમાં રહેવા માટે ૬૮૦ સ્ટાફ ક્વાર્ટર અત્યાર સુધીમાં પૂર્ણ કર્યા છે. આગામી વર્ષમાં અમે નવા ૨૫૨ કરવા માટે જઈ રહ્યા છીએ. આ રાજય સરકારે આદરણીય મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વમાં માન્ય શિક્ષણ નહીં, ગુણવત્તાસભર શિક્ષણ મળે અને ગુણવત્તાસભર શિક્ષણ માટે રાજય સરકારે ગુણોત્સવના કાર્યક્રમની શરૂઆત કરી છે. હવેનો યુગ જ્યારે કૉમ્પ્યુટરનો આવી રહ્યો છે. ત્યારે આ રાજય સરકારે ગયા વર્ષે ૩૬૫૦ શાળાઓમાં ૧૧ કૉમ્પ્યુટર એલ.સી.ડી. ટીવી સાથે આપવાનો કાર્યક્રમ પૂરો કર્યો છે ત્યારે સરકારી અને અનુદાનિત શાળાઓની અંદર બાકી રહેતી ૨૪૪૪ શાળાઓને ૧૧ કૉમ્પ્યુટર, એલ.સી.ડી. ટીવી. સાથે રાજયની સરકારી અને અનુદાનિત સો એ સો ટકા શાળાઓમાં કૉમ્પ્યુટરની સુવિધા પૂર્ણ થશે. એક સ્કૂલમાં ૧૧ કૉમ્પ્યુટર એલ.સી.ડી. ટીવી એવી સરકારી અને ગ્રાન્ટેડ તમામ શાળાઓમાં આ સ્વર્ણિમ વર્ષ નિમિત્તે કૉમ્પ્યુટર આપવાની આ રાજય સરકારની યોજના છે. મેં અગાઉ કહ્યું એ પ્રમાણે જ્યારે વધારે શિક્ષણનો વ્યાપ વધી રહ્યો છે ત્યારે વધારે શાળાઓની પણ જરૂર પડશે અને એટલા માટે રાજય સરકારે બાયસેકના મેપીંગથી અમે જ્યારે ૧૫ કિલોમીટરની ત્રિજ્યાના ધોરણથી ૧૦ કિલોમીટર માધ્યમિક શાળાનું ધોરણ કર્યુ છે ત્યારે ઉચ્ચતર માધ્યમિકનું ૧૦ કિલોમીટરનું ધોરણ એ ૭ કિલોમીટર કર્યુ છે ત્યારે વધારાની શાળાઓની જરૂરિયાત પડશે અને આવા અંતરિયાળ વિસ્તારમાં અંતરને આધારિત વધારાની સરકારી અને જરૂર પડશે તો અનુદાનિત નવી શાળાઓ શરુ કરવા આ રાજય સરકાર જઈ રહી છે. ધોરણ ૧ થી ૭ના બાળકોને આ સરકાર વિનામૂલ્યે પાઠ્યપુસ્તકો આપતી હતી, હવે પછી અનુસૂચિત જાતિ અને જનજાતિના વિદ્યાર્થીઓના ધોરણ ૯ થી ૧૨ કરતા વિદ્યાર્થીઓને તમામને મફત પાઠ્યપુસ્તકો આ રાજય સરકાર આપશે. શાળામાં સારું શિક્ષણ વધે, અને એના માટે સારા શિક્ષકો જોઈએ, અને આ સારા શિક્ષકો માટે રાજય સરકારે કેન્દ્રીયકૃત ભરતી કરવાની આ આગામી વર્ષથી શરૂઆત કરવા જઈ રહ્યા છે. હવેની જે પણ ભરતી થશે એ તમામ શિક્ષકોનો પહેલેથી ટેસ્ટ લેવામાં આવશે, એ ટેસ્ટના ૭૦ ટકા, ૩૦ ટકા એના ગુણાંકના આધારે એના માર્કશીટના આધારે આ ટેસ્ટ આપ્યા પછી એમાં જે ઉમેદવારો પાસ થશે એ જ ઉમેદવારોનો આ રાજય સરકાર સમાવેશ કરશે, આ કરવાના કારણે રાજય સરકારને સારા શિક્ષકો મળશે, વિદ્યાર્થીઓને મિત્રો, સારું શિક્ષણ મળશે અને એ સાથે સાથે મિત્રો, મેં અગાઉ કહ્યું એ પ્રમાણે જ્યારે ધોરણ-૮ને અપર પ્રાઇમરીમાં લઈ ગયા છીએ ત્યારે આ ધોરણ-૮માં સંખ્યાના કારણે જેટલા પણ

ફાજલ શિક્ષકો થવાના છે, આ તમામ ફાજલ શિક્ષકોને અપર પ્રાઇમરીમાં સમાવેશ કરવાનો રાજય સરકારે નિર્ણય કર્યો છે. રાજય સરકારે અત્યાર સુધીમાં સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓનો વધારો કરીને નવા ઓરડાઓની સંખ્યામાં વધારો કરીને આ શિક્ષણને પૂરું આપવાનો પ્રયાસ કર્યો છે. આ તબક્કે મારે વિરોધ પક્ષના નેતાએ મધ્યાહન ભોજન યોજનાની વાત કરી હતી. ભારત સરકારના મધ્યમ ભોજન યોજનાના સેકન્ડ રીવ્યુ મીશન ગુજરાતની મુલાકાતે ૧૯ થી ૨૫ નવેમ્બર ૨૦૧૦માં આવેલ, આ ટીમમાં એમના સચિવશ્રી શ્રીમતી રીટા ચેટર્જી આવેલા હતા અને એમણે જે કેન્દ્ર સરકારને જે રિપોર્ટ આપ્યો છે, કેન્દ્ર સરકારનો જે રિપોર્ટ પ્રસિદ્ધ થયો છે આ રિપૉર્ટમાં એમણે જણાવ્યું છે કે ગુજરાતમાં બાળકોને અપાતા ભોજનની ગુણવત્તા, એનો સ્વાદ અને દેખાવ આ તમામ સંતોષકારક રહ્યું છે. જ્યારે વિરોધ પક્ષના નેતા જ્યારે મધ્યાહન ભોજન યોજનાની ટીકા કરતા હોય ત્યારે કેન્દ્રની ટીમે રાજય સરકારને મિત્રો આપેલું આ પ્રમાણપત્ર છે એ સાથે સાથે એમણે એન.જી.ઓ.ની વાત કરી ત્યારે મારે કહેવું છે કે અમદાવાદ શહેર, વડોદરા મહાનગરપાલિકા, ગાંધીનગર શહેર અને અમદાવાદ મહાનગરપાલિકા ખાતે અક્ષયપાત્ર સંસ્થા દ્વારા સારું ભોજન આપવાનો પ્રયાસ ચાલી રહ્યો છે. આજે પણ મધ્યાહ્ન ભોજન યોજનામાં ૮૦ હજાર કરતાં વધારે સેન્ટરો રાજ્ય સરકાર ચલાવી રહી છે. આગામી દિવસોમાં રાજ્ય સરકાર વિચારણા કરવા માટે જઈ રહી છે કે જે પ્રમાણે ગુણોત્સવનો કાર્યક્રમ પ્રાથમિક વિભાગમાં કરીએ છીએ એમ માધ્યમિક વિભાગમાં પણ સારું પરિણામ લાવવું હોય તો અત્યારે રાજ્ય સરકાર જે ગ્રાન્ટ આપે છે એ ગ્રાન્ટમાં આગામી દિવસોમાં સરકાર વધારો કરવા માગે છે. પરંતુ માત્ર ગ્રાન્ટમાં વધારો નહીં પણ એને પરિણામ આધારિત ગ્રાન્ટ બનાવવાનું સરકાર વિચારણા કરી રહી છે. એ જ રીતે ગ્રાન્ટેડ શાળાઓમાં બીન શૈક્ષણિક કર્મચારીઓના માપદંડ સુધારવા માટે પણ રાજ્ય સરકાર આગામી દિવસોમાં વિચારણા કરવા જઈ રહી છે. ૨૦૧૦નું વર્ષ સ્વર્ણિમ વર્ષ જ્યારે આપણે ઊજવી રહ્યા છીએ ત્યારે એક કાર્યક્રમ આપ્યો હતો "વાંચે ગુજરાત" ૩૦મી ઑકટોબરના દિવસે સમગ્ર રાજ્યની અંદર એક જ દિવસે ૫૦ લાખ લોકોએ ૫૦ લાખ કલાક વાંચીને આ વાંચે ગુજરાત કાર્યક્રમને એક ઐતિહાસિક કાર્યક્રમ બનાવ્યો છે અને એ કાર્યક્રમ અંતર્ગત મન ગમતા પુસ્તકો તરતા મૂકવાના કાર્યક્રમો મોટા પ્રમાણમાં રાજ્ય સરકારે કર્યા છે. રાજ્ય સરકારની ૨૫ હજાર જેટલી શાળાઓમાં ૧૫ લાખ કરતાં વધારે વિદ્યાર્થીઓએ ૬૦ લાખ જેટલા શ્રેષ્ઠ પુસ્તકોનું વાંચન કર્યું છે. આ વાંચન કર્યા પછી તાલુકા અને જિલ્લા કક્ષા સુધીની હરીફાઇઓ કરી છે અને એ હરીફાઇમાં આગળ આવેલા વિદ્યાર્થીઓને બે કરોડ કરતાં વધારે ઈનામો આ રાજ્ય સરકારે આપ્યા છે. અનેકવિધ સહયોગી સંસ્થાઓએ રાજ્ય સરકારને આમાં મદદ કરી છે. એ સાથે સાથે સ્વર્ણિમ વર્ષ નિમિત્તે ગુજરાતની સાંસ્કૃતિક ધરોહર, ગુજરાતની ભૌતિક બાબતો, ગુજરાતનો ઐતિહાસિક વારસો આ તમામ બાબતો માત્ર ગુજરાત નહીં પરદેશમાં પણ બેઠેલા લોકો આ વિષય વસ્તુ જાણે એટલા માટે ગુજરાત ક્વિઝનો કાર્યક્રમ રાજ્ય સરકારે મૂક્યો છે. ૫૦૦૦ જેટલા પ્રશ્નો આ ગુજરાત ક્વિઝમાં નાખવામાં આવ્યા છે અને પોત-પોતાના સ્ટાન્ડર્ડ પ્રમાણે પોતે જે પ્રમાણે ઈચ્છે એ પ્રકારનો આ ક્વિઝનો કાર્યક્રમ ઓન લાઈન તૈયાર કર્યો છે અને આ કાર્યક્રમના કારણે વેબસાઈટ પણ શરૂ કરવામાં આવી છે. અનેક વિદ્યાર્થીઓએ પ્રાથમિક તબક્કામાં લગભગ ૨૭.૮૦ લાખ વિદ્યાર્થીઓએ આ ગુજરાત ક્વિઝ કાર્યક્રમમાં ભાગ લીધો છે. પ્રાથમિક શાળાઓ સુદ્રઢ થાય, માધ્યમિક શાળાઓ સુદ્રઢ થાય તો સ્વભાવિકપણે ઉચ્ચ શિક્ષણમાં વધારો કરવો જરૂરી છે. આજે આખા દેશમાં ધોરણ ૧૨ પછી હાયર એજ્યુકેશનમાં જવા વાળો વર્ગ આખા દેશનો રેશિયો માત્ર ૧૧.૫ ટકા છે. ગુજરાતનો રેશિયો ૧૨ ટકા છે. એનો મતલબ એ થયો કે ધોરણ ૧૨ પછી માત્ર ૧૨ ટકા વિદ્યાર્થીઓ ઉચ્ચ શિક્ષણ લઈ શકે છે. આ સ્થિતિનું નિર્માણ થયું છે ત્યારે રાજ્ય સરકારને અપેક્ષા છે કે ઉચ્ચ શિક્ષણનો વ્યાપ વધે અને માત્ર વ્યાપ વધે એમ નહીં એની અંદર સારી ગુણવત્તા આવે એના માટે ઉચ્ચ શિક્ષણ વિભાગ થકી અનેક પ્રયત્નો થયા છે. સંધાન નામનો એક કાર્યક્રમ અમે આપ્યો છે. આ કાર્યક્રમમાં શ્રેષ્ઠ વિદ્વાનોના વક્તવ્ય દ્વારા બાયસેગના માધ્યમથી અમે લાભાર્થીઓને લાભ આપી રહ્યા છીએ. વર્ષ ૨૦૧૦-૧૧ના વર્ષમાં ૧.૧૦ લાખ લોકોએ આ કાર્યક્રમમાં ભાગ લીધો છે. એ જ રીતે યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન અને માન્ય યુનિવર્સિટીઓમાં આધુનિક યુગમાં જ્યારે ઈન્ટરનેટની જરૂરિયાત ઊભી થઈ છે ત્યારે આખા દેશમાં સૌથી પહેલી આ ઈન્ટરનેટની વ્યવસ્થા કરવાવાળું રાજ્ય એ ગુજરાત પ્રથમ રાજ્ય છે અને એટલા માટે અત્યાર સુધીમાં ૩૨૨૨ ઈન્ટરનેટ કનેકસનો આપવામાં આવ્યાં છે. બાકીના ૬૦૦ કરવા માટેની BSNL સાથે કાર્યવાહી ચાલે છે. મારે આ તબક્કે જણાવવું છે કે આ કાર્યક્રમની અંદર આખા રાજ્યમાં તામિલનાડુ પછી એ ગુજરાતનો બીજો નંબર છે. આખા રાજ્યભરની યુનિવર્સિટીમાં ચોવીસ બેઈઝ ક્રેડીટ સિસ્ટમ કાર્યક્રમનો આ રાજ્ય સરકારે ઉચ્ચ શિક્ષણમાં અમલ કર્યો છે અને આ અમલના કારણે પોસ્ટ ગ્રૅજ્યુએટમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે અને શિક્ષકો માટે ખૂબ આશીર્વાદ આ ચોવીસ બેઈઝ ક્રેડીટ સિસ્ટમ કામમાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, નેક સંસ્થા દ્વારા જે તેની શૈક્ષણિક અને ભૌતિક સુવિધાઓનું મૂલ્યાંકન કેન્દ્ર સરકાર દ્વારા થાય છે. ૨૦૦૬ માં માત્ર ૧૬ સંસ્થાઓ નેક એક્રેડીશનવાળી હતી. આજે જાન્યુઆરી ૨૦૧૧ સુધીમાં ૩૯૩ શાળાઓએ નેક એક્રેડીશન પૂર્ણ કર્યુ છે. ઉડિસાના કાર્યક્રમથી રાજ્ય સરકારની અપેક્ષા છે કે કૉલેજમાં ભણતાં વિદ્યાર્થીઓને પણ રોજગારી માટે પ્લેસમેન્ટ થાય એના માટેનો જે તે કૉલેજની અંદર કાર્યક્રમ કરીને આ રાજ્ય સરકાર વિદ્યાર્થીઓને રોજગારીની તકો પૂરી પાડવામાં મદદરૂપ થઈ છે. ૧,૯૦,૦૦૦ વિદ્યાર્થીઓનો ડેટા આમાં

તૈયાર કરવામાં આવ્યો છે, એના માટેના કૅમ્પો પણ કરવામાં આવ્યા છે અને આ કૅમ્પોની અંદર વિદ્યાર્થીઓને પોતાના કૉલેજ કૅમ્પસની અંદરજ નોકરી મળી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ સ્વર્ણિમ વર્ષ નિમીત્તે એક નવો કાર્યક્રમ આ રાજ્ય સરકાર લઈને આવી છે સપ્ત ધારા કાર્યક્રમ. જે વિદ્યાર્થીને જેમાં રૂચિ છે એવું એ કરે એના માટે જ્ઞાનધારા, ગીત-સંગીત- નૃત્યધારા, નાટ્યધારા, વ્યાયામ-યોગ-ખેલ-કૂદધારા, સર્જનાત્મક અભિવ્યકિતધારા, સમુદાય સેવાધારા, રંગકલા-કૌશલ્યધારા. હાયર એજ્યુકેશનમાં અભ્યાસ કરનાર વિદ્યાર્થી પોતાની રૂચિ પ્રમાણે આ ધારાોઓમાં જોડાઈ શકે અને આગામી દિવસોમાં પોતાની ઉજ્જવળ કારકિર્દી બનાવી શકે એ રાજ્ય સરકારની નેમ છે. માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં આ સરકારના તમામ વિભાગો એક-બીજા સાથે સાંકળીને કામ કરે છે. શિક્ષણ વિભાગે કામ કર્યુ છે સોઈલ હેલ્થ કાર્ડનું. આ કાર્યક્રમ કૃષિ વિભાગનો છે. પરંતુ આદરણીય મુખ્યમંત્રીશ્રીએ અમારી જે સરકારી સાયન્સ કોલેજો છે. આ સાયન્સ કૉલેજના વિદ્યાર્થીઓને તાલીમ આપીને આ સોઈલ હેલ્થ કાર્ડના નમૂનાઓ લગભગ ૮ લાખ કરતા વધારે નમૂનાઓ બનાવ્યાં છે અને જે જે વિદ્યાર્થીઓએ આ વેકેશનના ગાળા દરમ્યાન અમારી સાયન્સ કૉલેજોની અંદર જમણે આ નમૂનાઓનું પૃથ્થકરણ કર્યુ છે. એક નમૂના દીઠ એક વિદ્યાર્થીને ૮૦ રૂપિયા મળ્યાં છે. એટલે વેકેશન દરમ્યાન જરૂરિયાતવાળા વિદ્યાર્થીઓને ૧૫ થી ૨૦ હજાર જેટલી રકમ પણ મળી છે અને સાથે સાથે ખેડૂતોને ૮ લાખ જેટલા વધારાના સોઈલ હેલ્થ કાર્ડ શિક્ષણ વિભાગ દ્વારા આપવામાં આવ્યાં છે. યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ દ્વારા નવા નવા અનેકવિધ મેગેઝિનો, અનેકવિધ પુસ્તકો, અનેકવિધ ભાષાઓમાં ખૂબ સારી રીતે થઈ રહ્યાંછે.

માનનીય અધ્યક્ષશ્રી, સ્કોપનો કાર્યક્રમ આદરણીય મુખ્યમંત્રીશ્રીનું સ્વપ્ન છે કે ગુજરાતના તમામ વિદ્યાર્થી કયાંય પણ જાય તો અન્ય લોકો જે ભાષા બોલે છે એ ભાષામાં પોતાની વાત કરી શકે એના માટે સ્કોપનો કાર્યક્રમ આ રાજ્ય સરકારે અમલમાં મૂકયો છે. માત્ર ૧૨૦૦ રૂપિયાની ફીથી આના માટેનું આતંરરાષ્ટ્રીય પ્રમાણપત્ર એને મળી શકે છે. અત્યાર સુધીમાં દોઢ લાખ કરતા વધારે વિદ્યાર્થીઓએ આ સ્કોપનો લાભ લીધો છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગયા વર્ષે અમે લગભગ ૧૫ જેટલી નવી કૉલેજો શરૂ કરી હતી. આ વર્ષથી અમે બીજી નવી ૬ કૉલેજો કરી રહ્યા છીએ. બાયડ- જિલ્લો સાબરકાંઠા, વલભીપુર- જિલ્લો ભાવનગર, ભાણવડ- જિલ્લો જામનગર, માંગરોળ- જિલ્લો સુરત, રાપર- જિલ્લો ભુજ, ઝઘડીયા- જિલ્લો ભરૂચ, એટલે મેં અગાઉ કહ્યું એ પ્રમાણે વધારેમાં વધારે શિક્ષણનો વ્યાપ વધે એના માટેની કૉલેજો પણ રાજય સરકાર કરી રહી છે. માનનીય અધ્યક્ષશ્રી, આધુનિક ટૅક્નૉલૉજીનો જમાનો છે ત્યારે આ ટૅક્નૉલૉજીના જમાનાની અંદર આ રાજય સરકારે અનેકવિધ કામગીરી કરી છે. આ તબક્કે મારે એ બાબત ધ્યાન ઉપર મૂકવી છે કે, જ્યારે પણ વાયબ્રન્ટ ગુજરાતની વાત આવતી હોય ત્યારે વાયબ્રન્ટ ગુજરાત એટલે માત્ર ઉદ્યોગો. માનનીય અધ્યક્ષશ્રી, વાયબ્રન્ટ ગુજરાત એટલે માત્ર ઉદ્યોગો જ નહીં, ૨૦૧૧માં થયેલી વાયબ્રન્ટ ગુજરાત સમિતમાં શિક્ષણ વિભાગની અંદર ૧૦,૨૬૯/- કરોડ રૂપિયાના M.O.U. સાઈન થયા છે. તાંત્રિક શિક્ષણ માટે ૩૫ M.O.U., ઉચ્ચશિક્ષણ માટે ૩૪, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક માટેના ૨૪ M.O.U. થયા છે. આ રાજય સરકારની અપેક્ષા છે કે જ્યારે ઉદ્યોગ ગૃહો અહીંયા આવી રહ્યા છે ત્યારે જે જિલ્લાની જે ભૌગોલિક સ્થિતિ પ્રમાણે જે ઉદ્યોગ ગૃહો જે જિલ્લામાં આવ્યા છે એ જિલ્લાને સ્કીલ મેન પાવર મળે, કુશળ કારીગરો મળે એ માટેની અમારી પૉલિટૅક્નિક, એ પ્રમાણેની અમારી એન્જીનીયરીંગ કૉલેજ અને એમાં આવતા કોર્ષિસ દાખલ કરીને ગુજરાતના બેકાર યુવાનોને વધારેમાં વધારે રોજગારી મળી એ આ રાજય સરકારનું જે લક્ષ્ય છે એમાં શિક્ષણ વિભાગ પોતાનું યોગદાન આપી રહ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા જ્યારે વાત થઈ હતી ત્યારે ૨૦૦૧માં ટૅક્નીકલ શિક્ષણની માત્ર ૧૩,૪૫૨ બેઠકો હતી. આજે ડિગ્રી એન્જીનીયરીંગની કૉલેજમાં ૩૯,૩૪૦ બેઠકો આજે હયાત છે અને એજ પ્રમાણે ડિપ્લોમામાં ૪૫,૧૩૦ બેઠકો હયાત છે. ૧૩,૪૫૨થી વધીને ૮૮,૦૦૦ બેઠકો આજે રાજય સરકાર પાસે ઉપલબ્ધ છે. આ વિદ્યાર્થી મિત્રો જે એન્જીનીયરીંગ કૉલેજમાં રહે છે એના માટે હોસ્ટેલની સુવિધા માટે સાત ડિગ્રી કૉલેજોની અંદર અમે એમાં સુધારો વધારો કરીને અમે હોસ્ટેલની સુવિધા આપી છે. રાજયની બાકીની નવ ડિગ્રી એન્જીનીયરીંગ કૉલેજોમાં આ હોસ્ટેલની સુવિધા અમે આપી રહ્યા છીએ એજ પ્રમાણે ૧૯ પૉલિટેકનીકોમાં પણ વધારાની સુવિધાઓ અમે આપી રહ્યા છીએ. લગભગ ૯,૦૦૦ જેટલા વધારે વિદ્યાર્થીઓની ક્ષમતાની હોસ્ટેલ આ વર્ષના બજૅટમાં રાજય સરકારે મૂકી છે. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં પહેલી વખત ૨૦૦૭માં તમામ ટૅક્નીકલ સંસ્થાઓને સાથે જોડીને ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવી હતી. ૪૬૦ જેટલી સંસ્થાઓ આની સાથે જોડાઈ છે અને ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીની જે કામગીરી છે એ કામગીરીને પણ રાષ્ટ્રીય કક્ષાએ પુરસ્કૃત કરવામાં આવી છે. માનનીય અધ્યક્ષશ્રી, અધ્યાપકોની જગ્યાઓ ખાલી માટેની પણ વાત થઈ છે. મારે આ તબક્કે કહેવું છે કે, રાજય સરકારે અત્યાર સુધીમાં ( સમયસૂચક ઘંટડી) જેટલી પણ જગ્યાઓ..

**અધ્યક્ષશ્રી** : પાંચ મિનિટનો સમય છે આપની પાસે, અન્ય મંત્રીશ્રીએ હજુ જવાબ આપવાનો છે.

**શ્રી રમણલાલ વોરા** : જેટલી પણ ખાલી જગ્યાઓ છે એ ખાલી જગ્યાઓમાં ગુજરાત આયોગ ધ્વારા અમે એમાં ભરવાનો પ્રયાસ કરી રહ્યા છીએ અને જ્યાં જરૂરિયાત લાગે ત્યાં અમે આઉટ સોર્સિંગ કરવા માટે પણ જઈ રહ્યા છીએ. ઘણી વખત આઉટ સોર્સિંગ કરીએ છીએ ત્યારે માનનીય અધ્યક્ષશ્રી, આજ ગૃહની અંદર અમારા માટે

પ્રશ્નો ઊભા કરવામાં આવે છે. આ તબક્કે મારે એટલું જ કહેવું છે કે, કોંગ્રેસ પક્ષ પોતાના પક્ષ માટે પરદેશથી જે આઉટ સોર્સિંગ કરીને જો માણસોને અહીંયા લાવતા હોય તો આ તો જ્યારે ગુજરાતના વિદ્યાર્થીઓ છે અને ગુજરાતના વિદ્યાર્થીઓના ભાવિ માટે જ્યારે આ કાર્યક્રમ કરવાનો હોય ત્યારે આઉટસોર્સીગ કરીને પણ (અંતરાય) કોંગ્રેસની સ્થાપના પણ આઉટસોર્સીંગથી થઈ છે. બરાબર છે એટલે ગુજરાતના વિદ્યાર્થીઓને પુરતી ફેકટલ્ટી મળે, પુરતા પ્રાધ્યાપકો મળે એ માટે રાજય સરકાર ચિંતિત છે અને એની સાથેસાથે અમને અત્યારે જે પ્રકારના પ્રાધ્યાપકો જોઈએ છે એ એ.આઈ.સી.ટી.ના નવા નિયમોને કારણે અમારી પાસે ઉમેદવારો ઉપલબ્ધ નહીં હોવાને કારણે અમને તકલીફ પડી રહી છે. આગામી દિવસોમાં પી.પી.પી.ના ધોરણે ૧ર ડીગ્રી એન્જીનીયરીંગ કોલેજ, ૯ ડિપ્લોમા એન્જીનીયરીંગ કોલેજો આ રાજય સરકાર કરવા જઈ રહી છે. જી.ટી.યુ.ના માધ્યમથી જયારે ઓન લાઈન પરીક્ષા પ્રવેશ પદ્ધતિ દાખલ કરવામાં આવી છે. સાથેસાથે એમ.બી.એ. અને એમ.સી.એ.માં પહેલી વખત પરીક્ષા ઓન લાઈન લેવામાં આવી છે. ૨૨૦૦૦ કરતા વધારે વિદ્યાર્થીઓએ પ્રવેશ લઈને આ સંપૂર્ણ કામગીરી જયારે પૂર્ણ કરી છે ત્યારે આ જી.ટી.યુ.ના આ કાર્યક્રમના કારણે સાઉથ એશિયા બેસ્ટ ઈકન્ટેન ૨૦૦૯નો મંથન એવોર્ડ આ રાજય સરકારને મળ્યો છે. મારા વિભાગની જેટલી પણ બાબતો છે એને પૂરી કરવાનો મેં પ્રયાસ કર્યો છે. વિરોધ પક્ષના નેતાશ્રીએ જે મુદ્દા ઉભા કર્યા છે એના અંગે મારે થોડીક વિગતો આપવી છે. એમણે એવું કહયું કે આર.ટી.આઈ.ના રુલ્સ હજી બનાવ્યા નથી મારે કહેવું છે આખા દેશમાં કોંગ્રેસ શાસિત એક પણ રાજયમાં આર.ટી.આઈ.ના રુલ્સ બન્યા નથી. નિયમો એવા બનાવ્યા છે કે રુલ્સ બનાવી શકાય એવી સ્થિતિ નથી. ઉપરથી વાત કરવાની કે અમે આમૂલ પરિવર્તન કરીને આર.ટી.આઈ.નો કાયદો કર્યો પણ ભૂમિ ઉપર એનું અમલીકરણ થઈ શકે છે કે કેમ? ત્યારે યુ.પી.એ.ની સરકાર, કોંગ્રેસની સરકાર બેઠી હોય અને કોંગ્રેસ શાસિત રાજયો જયારે આ કરી ન શકતા હોય અને વિરોધ પક્ષના નેતા જયારે અમને શિખામણ આપતા હોય ત્યારે આ વાત વ્યાજબી નથી. એમણે એવું પણ કહયું રાજયોની સરખામણી કરી કે ફલાણા રાજયમાં આટલી પોલીટેકનીક છે, ફલાણા રાજયમાં આટલી એન્જીનીયરીંગ કોલેજ છે. એમણે આપેલા આંકડા જુના છે. હું નવા આંકડા આપી રહયો છું. અત્યાર સુધી ડીગ્રી એન્જીનીયરીંગ કોલેજની સંખ્યા ૫૫ હતી આજે રાજય સરકાર પાસે ૯૧ છે. પહેલા પોલીટેકનીક ૬ર હતી આજે ૮૦ છે. એટલે રાજય સરકાર આમાં વધારો કરવા માટે જઈ રહી છે અને સાથેસાથે રાજય સરકાર વધારે ફેકલ્ટીની પણ જરૂરિયાત છે એટલે ભરવા માટે જઈ રહી છે. એમણે ભ્રષ્ટાચારની પણ વાત કરી મારે એટલું જ કહેવું છે કેન્દ્ર સરકારના એ.આઈ.સી.ટી.ના પૂર્વ ચેરમેન ભ્રષ્ટાચારના કારણે સી.બી.આઈ.ના સકંજામાં ફસાયેલા અને આજે એ જેલમાં છે. એ જ પ્રમાણે ભોપાલ રીજીયન અધિકારની પણ ધરપકડ કરવામાં આવી છે. એમણે એવું કહયું કે આટલી બધી પી.ટી.સી. કોલેજ આપવાની જરૂરિયાત કયાં છે? આ રાજય સરકારે લેખિત સ્વરૂપે એન.સી.ટી.ને રજૂઆત કરી છે. એન.સી.ટી.ના ચેરમેનને હું રુબરુ મળ્યો છું કે ગુજરાતની અંદર પી.ટી.સી. કોલેજની જરૂરિયાત નથી છતાં પણ આ મંજૂરી આપવાની જવાબદારી એન.સી.ટી. ભોપાલની છે, કેન્દ્ર સરકારની છે. ૪૬૫ જેટલી પી.ટી.સી. કોલેજો કેન્દ્ર સરકારે ભરતી કરી છે. દર વર્ષે ૩૫૦૦૦ વિદ્યાર્થીઓ એમાંથી બહાર પડે છે. ૧૩૦૦૦ની ભરતી થાય તો આ બેકલોગ તો વધવાનો જ છે. પણ આને માટે (અંતરાય) મેં એ જ કહયું કે ૪૬૫ છે અને એ.આઈ.સી.ટી.ના જે લોકો જેલમાં છે, જે આપણને વાત કરી રહયા છે. સાથેસાથે એમણે વાત કરી કે ખોટા પ્રમાણપત્રો માટે હતી. આ પહેલી રાજય સરકાર છે કે યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિના વિભાગ સાથે સમન્વયમાં રહીને. અત્યાર સુધીમાં જે લોકોએ ખોટા પ્રમાણપત્રો આપ્યા હતા આ તમામ પ્રમાણપત્રો રદ કર્યા છે. હાઈકોર્ટે, દેશની સુપ્રીમ કોર્ટે એને મંજૂરીની મહોર મારી છે. ગુજરાત પહેલું એવું રાજ્ય છે કે આવા ખોટા પ્રમાણપત્રોને ક્યાંય ચલાવવા માગતા નથી. શિક્ષણ વિભાગની આ માગણીઓ પ્રત્યે મેં મારા વિભાગની વાત કરી છે. આજે જે દિશામાં આદરણીય મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વમાં શિક્ષણ વિભાગ કાર્યવાહી કરી રહ્યું છે. આગામી દિવસોમાં એના કરતા પણ વધારે સારી કામગીરી કરવાનો પ્રયાસ કરશે, એટલી વિનંતી સાથે અહીયા બેઠેલા બધા જ સભ્યો સર્વાનુમતે મંજૂર કરે તેવી વિનંતી કરું છું.

**શ્રી શ્રી પ્રફુલભાઈ ખો. પટેલ (રાજય કક્ષાના ગૃહ (પોલીસ આવાસ, નાગરિક સંરક્ષણ, ગૃહરક્ષક દળ)મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહ વિભાગની જે માગણીઓ લઈને આવેલ છે, એમાં વિરોધ પક્ષના નેતા અને મારા પરમ મિત્ર શક્તિસિંહભાઈએ પોતાની કેટલીક વાતો રજૂ કરી હતી. દુર્ભાગ્ય છે કે તેઓ સાચી વાત સાંભળવા માટે હાજર રહી શક્યા નથી. એમના જે કઈ કારણો હશે, પણ આ ગૃહ સમક્ષ કેટલીક સાચી વાત તેમણે કેટલાક મુદ્દા ઉપસ્થિત કર્યા છે, એની સ્પષ્ટતા પણ કરવાની છે.

માનનીય વિરોધ પક્ષના નેતાશ્રીએ કહ્યું કે પોલીસ કર્મચારીઓના આવાસો માટે ૩૩.૭૮ કરોડ રૂપિયા જેટલી રકમ વણવપરાયેલી પડી રહેલ છે, ત્યારે મારે આ તબક્કે સ્પષ્ટતા કરવાની કે ર૦૦૯-૧૦ અને ર૦૧૦-૧૧ના વર્ષમાં આવી કોઈ રકમ, આવી કોઈ ગ્રાન્ટ રાજ્ય સરકારને મળેલ નથી. આ વાત બિલકુલ સત્ય છે. બીજી વાત કરી કે મારા પોલીસ જવાનો માટે લ્હેણા પગારની બાકી ચૂકવણી છે. એમાં સ્પષ્ટતા કરવાની છે કે જે પોલીસ કર્મચારીઓની રજા પગારની વાત છે, તે ઑગસ્ટ-ર૦૧૦ સુધીમાં એમનું ચૂકવણી થઈ ગયેલ છે. એમના માટેની

સપ્લીમેન્ટરી ડિમાન્ડ રજૂ થયેલ છે, એટલે આગામી દિવસોમાં આ વિષય પૂર્ણ થઈ જશે. એ બાબતે કશું પડતર રહેતું નથી.

એમણે એ.ટી.એસ.ની પણ વાત કરી. એમણે એ.ટી.એસ.માં સ્પષ્ટતા કરી કે એ.ટી.એસ.નો સ્ટાફ ૬૦, ૭૦ ટકા ગેરહાજરી છે. આ જગ્યાઓ ખાલી છે. મારે સ્પષ્ટતા કરવી છે પહેલા આંકડાકીય માહિતી આપી દઉં. જે મંજૂર થયેલ એ.ટી.એસ.નું મહેકમ છે, એમાં કુલ જગ્યાઓ ૬૪ છે, એ પૈકી ૪૦ જગ્યાઓ ભરેલી છે અને ૨૪ જગ્યાઓ ખાલી છે. એમણે વાત કરી કે એ.ટી.એસ. ના આઈ.જી.પી.ની જગ્યા ભરાયેલી નથી. કદાચ શકિતભાઈને માહિતી અધૂરી હશે. એ.ટી.એસ.ના આઈ.જી.પી.ની જગ્યા આજેપણ ભરાયેલી છે અને છે જ. મારે એ સ્પષ્ટતા કરવી છે કે શકિતભાઈને ચિંતા માત્ર સંખ્યાની હતી કે આટલી જગ્યા ખાલી છે અને આટલી જગ્યા ભરાયેલી છે. મારે ચોક્કસ કહેવું છે કે આજની વાત નથી કરતો. આજથી ૨૦૦, ૫૦૦ વર્ષ પહેલાથી સાહેબ આ દેશના રાજપૂતોએ અને આ દેશના સેનાપતિઓએ કદાચ મુઠ્ઠીભર આપની પાસે સંખ્યાબળ ઓછું હશે, પણ સામેના દુશ્મનોને જે નડબાતોડ જવાબ આપ્યો છે ચાહે અકબરની સેના હોય અને એની સામે મહારાણા પ્રતાપની સેના હોય સાહેબ કેસરિયા કરવાનો રિવાજ છે. મને ચોક્કસ વિશ્વાસ છે મારા ગુજરાતના પોલીસના જવાનો ઉપર અને અધિકારીઓ ઉપર. સાહેબ મારો પોલીસનો જવાન એક મરણિયો સોને ભારે છે. કદાચ સંખ્યા વધારે હશે, ઓછી હશે એનો કોઈ ફરક પડતો નથી.

એમણે વાત કરી કે ગુજરાતમાં શાંતિ નથી, સલામતી નથી, સુરક્ષા નથી. મને ચોક્કસ એવું કહેવું છે. શાંતિ, સલામતી અને સુરક્ષાના સંદર્ભમાં એવા કોઈ મિકેનાઈઝ સિસ્ટમ નથી કે એના કોઈ પેરામીટર્સ નથી. એનાથી કોઈ વસ્તુ માપી શકાય નહિ,પણ રાજ્યમાં બનતી ઘટનાઓ, રાજયની સુખાકારી, રાજયનો વિકાસ રાજયના લોકોનું જનજીવન  એની પર કેપિટા ઈન્કમ આ બધી બાબતોનો જો વિચાર કરીએ તો ચોક્કસ એવું કહી શકાય કે રાજયમાં સલામતી છે, સુરક્ષા છે અને શાંતિ છે.

માનનીય અધ્યક્ષશ્રી, એટલા માટે મારે કહેવું છે અને એક સ્પષ્ટતા કરું છું કે રાજયમાં શાંતિ છે તેનું કારણ પ્રસ્થાપિત કરવા માગું છું. ૨૦૦૯-૧૦ અને ૨૦૧૦-૧૧ના વર્ષમાં એવી કોઈ મોટી કોમ્યુનલ ઘટના બની નથી કે રાજયમાં કરફયુ નાંખવાનો પ્રશ્ન ઉપસ્થિત થયો હોય તેવી કોઈ ઘટના બની નથી. આ જ બતાવે છે કે રાજયની અંદર શાંતિ છે. એમણે આંદોલનની પણ વાત કરી, આ તબક્કે ખુલાસો કરું છું કે છેલ્લા એક વર્ષ દરમ્યાન રાજયની અંદર કોઈપણ પ્રકારનું જન આંદોલન થયું નથી. જન આંદોલનની સાથે સાથે કોઈ વકીલોએ હડતાળ પાડવી પડી હોય તેવી કોઈ સ્થિતિનું નિર્માણ થયું નથી, કોઈ ડૉકટરોએ હડતાળ પાડવી પડી હોય તેવી કોઈ સ્થિતિનું નિર્માણ નથી થયું. વિદ્યાર્થી આંદોલન થયું હોય તેવી કોઈ ઘટના નોંધાયેલ નથી. સાથે સાથે કોઈ મજૂર આંદોલન કરવાની પરિસ્થિતિનું નિર્માણ થયેલ હોય તેવી કોઈ ઘટના નોંધાયેલ નથી. મહિલા આંદોલન પણ આ રાજયમાં કરવાની કયારેય આવશ્યકતા ઉભી થઈ નથી. માનનીય શકિતસિંહે ઉલ્લેખ કર્યો કે નિરમાના આંદોલન સંદર્ભમાં ખેડૂતો અહીંયાં માનનીય અધ્યક્ષશ્રીને મળવા માગે છે અને તેમને રોકવામાં આવે છે વગેરે વગેરે એમણે ઉલ્લેખો કર્યા. ખેડૂતોની ચિંતા કરવાવાળા મિત્રોને મારે ચોક્કસ કહેવું છે કે, તેમણે યાદ કરવું પડે ૧૯૮૪-૮૫ નું વર્ષ, તેમણે યાદ કરવું પડે ૧૯૯૩-૯૪નું વર્ષ. ૧૯૯૩-૯૪ના વર્ષમાં અને ૧૯૮૩-૮૪ના વર્ષમાં ચિલોડા ચાર રસ્તા ઉપર અને મને યાદ છે કે મેં જોયેલ છે કે ત્રણ ખટારા ભરીને મારા ખેડૂત મિત્રોના પગરખાં લઈ જવાની ફરજ પડી હતી. આ સ્થિતિ નિર્માણ થઈ હતી. ૧૯૯૩-૯૪ના વર્ષમાં જે કિસાન આંદોલન થયું અને તે વખતના શાસનમાં બેઠેલી કોંગ્રેસની સરકારમાં ખેડૂતોને ગોળીએ દેવામાં આવ્યા હતા. આજે મારા મત વિસ્તાર હિંમતનગરના કાંકરોલ ગામની અંદર આ શહીદ ખેડૂતોની ખાંભીઓ મોજૂદ છે.

માનનીય અધ્યક્ષશ્રી, જ્યારથી નરેન્દ્રભાઈએ શાસનની ધૂરા સંભાળી છે ત્યારથી આવી કોઈ પરિસ્થિતિનું નિર્માણ નથી થયું. આ જ બતાવે છે કે ગુજરાતની અંદર શાંતિ છે, સુરક્ષા છે અને સલામતી છે. એક કૅલૅન્ડર વર્ષની અંદર છેલ્લા એક વર્ષ દરમ્યાન ઉત્સવો પણ ઉજવાયા છે. આ બધી વાત એટલા માટે કરું છું કે આ સમાજ જીવન સાથે જોડાયેલ ઘટનાઓ છે તેના આધારે હું શાંતિ, સલામતી અને સુરક્ષાની વાત કરું છું. છેલ્લા એક કૅલૅન્ડર વર્ષ દરમ્યાન ચાહે પતંગોત્સવ હશે, ચાહે રણોત્સવ હશે, ચાહે શિવરાત્રિ, હોળીનો તહેવાર હોય, ચાહે ઈદ, મહોરમનો તહેવાર હોય, ચાહે નાતાલની ઉજવણી હોય અને મને યાદ છે કે આ કોંગ્રેસના શાસનમાં તેમાં ૧૨૫ વર્ષથી ગુજરાતની જે શ્રેષ્ઠ પરંપરાઓ છે તેમાં અમદાવાદમાં નીકળતી રથયાત્રાના દર્શન કરવા આવવાનું હોય, લોકો પોતાના બાળકો અને સ્નેહીજનોને અઠવાડિયા પહેલાંથી અમદાવાદ જવાનું બંધ કરાવે તે સ્થિતિનું નિર્માણ કોગ્રેસના શાસનમાં થયેલ હતું. આજે છેલ્લા દસ વર્ષમાં મારે ગૌરવ સાથે કહેવું છે કે, આદરણીય મુખ્યમંત્રીશ્રીએ જ્યારથી શાસનની ધૂરા સંભાળી છે ગુજરાતમાં કયાંય આવી કોઈ દુર્ઘટના  નોંધાઈ નથી. ઉલ્લાસ અને ઉમંગના વાતાવરણમાં રથયાત્રા રંગેચંગે અમદાવાદના રૂટ ઉપર ફરતી હોય છે.

માનનીય અધ્યક્ષશ્રી, સુરક્ષાના સંદર્ભમાં મારે ચોક્કસ કહેવું છે. છેલ્લા આઠ વર્ષના લાંબા ગાળા દરમ્યાન એવી કોઈ આતંકવાદી ઘટના આ ગુજરાતમાં નથી બની. બે ઘટનાઓ ચોક્કસ બની છે. ૨૦૦૨માં અક્ષરધામની ઘ ટના અને ૨૦૦૮માં અમદાવાદમાં સિરીઝ ઑફ બ્લાસ્ટ. અક્ષરધામની ઘટનાના સંદર્ભમાં બહું વિશેષ કહેવા નથી માગતો. જૂનાં પોપડાં નથી ઉખેડવાં મારે.

માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૨માં જે અક્ષરધામની ઘટનાને આકાર આપવા માટે જે આતંકવાદીઓ ગુજરાતમાં આવ્યા હતા, કદાચ એમના ઈરાદાઓ વાજબી નહીં હોય એમણે આવીને જે ઘટનાને અંજામ આપ્યો પણ કદાચ આવતાં કદાચ અક્ષરધામમાં ચોક્કસ એ આવી ગયા પણ એ પાછા ગયા નથી, એમનો જનાનો જ અહીયાંથી નીકળ્યો હતો, એ જ બતાવે છે કે મારા પોલીસના જવાનોની સતર્કતા શું છે. ૨૦૦૮માં સિરીજ ઑફ બૉમ્બ બ્લાસ્ટની ઘટનાઓ બની. હિન્દુસ્તાનના ઈતિહાસની અંદર આ એક ઐતિહાસિક દ્રષ્ટાંત છે કે માત્ર અઢાર દિવસના ટૂંકા ગાળામાં મારા ગુજરાતના પોલીસના જવાનો અને અધિકારીઓએ છેક કેરાલાથી આઝમગઢ સુધી માત્ર અઢાર દિવસના ટૂંકા ગાળામાં જે આ ઘટનાના અંજામ આપવાનો પ્રયાસ કર્યો હતો એ તમામે તમામ આતંકવાદીઓને જેલના સળિયાની પાછળ ધકેલી દીધા છે અને એટલા માટે જ હું એમ કહું છું કે ગુજરાતમાં સલામતી છે, શાંતિ છે અને સુરક્ષા છે.

માનનીય અધ્યક્ષશ્રી, કયાંક કદાચ આ પેરામીટર્સમાં સ્ટેટેસ્ટીકલ ઈન્ફરમેશનનો પણ અંદર સમાવેશ કરવાની ઇચ્છા થઈ છે. દેશમાં જે બનતા ગુનાઓ છે એ ગુનાઓનું રેકર્ડ રાખવા માટે NCRV નામની એક સંસ્થા છે. એનો પણ મારે આ તબક્કે ચોક્કસ ઉલ્લેખ કરવો છે.

માનનીય અધ્યક્ષશ્રી, NCRVના જે આંકડા છે એ આંકડા હું આ સન્માનનીય સભાગૃહ સમક્ષ રજૂ કરું છું. ૨૦૦૯ના જે આંકડા છે એ પ્રમાણે એક લાખની વસતિએ જે ગુનાનું પ્રમાણ છે એ ગુનાના પ્રમાણને ધ્યાનમાં લેતાં સમગ્ર ભારતમાં ખૂનના જે આંકડા છે એ ૨.૮ છે જ્યારે ગુજરાતમાં મારે ગૌરવપૂર્વક એમ કહેવું છે કે, ગુજરાતમાં ૧.૮નો આંકડો છે અને સમગ્ર દેશની અંદર ગુજરાતનો ક્રમ ૩૨મો છે. ખૂનની કોશિશની વાત કરું તો સમગ્ર ભારતમાં એનો આંકડો ૨.૫નો છે જ્યારે ગુજરાતમાં એના જે ગુનાનું પ્રમાણ છે એ પૉઈન્ટ આઠ છે અને એમાં જો જોઈએ તો ગુજરાત સમગ્ર ભારતની અંદર છેલ્લા સ્થાને છે. એનો ક્રમાંક ૩૫ છે. હંગામાના સંદર્ભમાં એમ કહી શકાય કે સમગ્ર ભારતમાં ૫.૪ ગુનાનું પ્રમાણ છે જ્યારે એની સામે ગુજરાતમાં એના કરતાં પચાસ ટકા, માત્ર ૨.૭નું ગુનાનું પ્રમાણ છે અને એની સરેરાશ દેશમાં બનતા ગુના કરતાં લગભગ પચાસ ટકા છે. ઈજાઓના સંદર્ભમાં વાત કરીએ તો સમગ્ર ભારતની અંદર ૨૩.૯ ગુનાઓનું પ્રમાણ છે એની સામે ગુજરાતમાં ૧૬.૫ ગુનાઓનું પ્રમાણ છે. આ અન્ય રાજયો કરતાં ઘણુ જ ઓછું છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે એક વિશેષ ઉલ્લેખ મહિલાઓના વિરુદ્ધના ગુનાઓના સંદર્ભમાં કરવો છે. મહિલાઓ વિરુદ્ધ ગુનાઓની વાત કરું તો સમગ્ર ભારતમાં મહિલા વિરુદ્ધ ગુનાઓનું પ્રમાણ ૧૭.૪ છે જ્યારે એની સામે ગુજરાતમાં ૧૩.૯ ગુનાઓનું પ્રમાણ છે મારે આ તબક્કે વિશેષ ઉલ્લેખ કરવો છે કે, દેશની રાજધાની દિલ્હી કે જયાંથી દેશનું શાસન થાય છે અને એ દિલ્હીની અંદર કોંગ્રેસની સરકાર પણ છે ત્યાં આગળ મહિલા વિરુદ્ધ ગુનાઓનું પ્રમાણ ૨૩.૯ છે આ મારે વિશેષ ઉલ્લેખ કરવો છે. અનુસૂચિત જાતિ વિરુદ્ધના ગુનાઓની વાત કરું તો સમગ્ર ભારતમાં અનુસૂચિત જાતિ વિરુદ્ધના ગુનાઓનું પ્રમાણ ૨.૯ છે એની સામે ગુજરાતમાં બનતા ગુનાઓનું પ્રમાણ ૨.૧ છે. આપણા પડોશી રાજય રાજસ્થાનમાં ગુનાઓનું પ્રમાણ ૭.૫ છે. અનુસૂચિત જનજાતિ વિરુદ્ધના ગુનાઓનું પ્રમાણ સમગ્ર ભારતમાં પૉઈન્ટ પાંચ છે એની સામે ગુજરાતમાં પૉઈન્ટ ત્રણ છે અને આપણા પડોશી રાજય રાજસ્થાનમાં ૧.૮નું પ્રમાણ છે. IPC ના ગુનાઓને જ્યાં સુધી લાગે-વળગે છે ત્યાં સુધી સમગ્ર દેશમાં ગુજરાતનો ક્રમ ૧૫ મો છે. અહીંયા થોડી મારે તુલના પણ કરવી છે. ૧૯૮૫ થી ૧૯૯૫ ના સમયગાળો એટલે કે આ દસ વર્ષનો ગાળો અને માનનીય નરેન્દ્રભાઈ મોદીના શાસનમાં એટલે કે છેલ્લા દસ વર્ષમાં જે બનેલી ઘટનાઓ છે જેને વન ટુ ફાઈવના એટલે કે અગત્યના પાંચ ગુનાઓ કહે છે એના સંદર્ભમાં મારે એનું ચોક્કસ વિશ્લેષણ પણ આપવું છે.

માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૮૫-૯૫ દરમ્યાન જે ખૂનની ઘટનાઓ બની છે એ ૧૪,૪૪૪ બની હતી એની સામે ૨૦૦૧ થી ૨૦૧૦ ના દસ વર્ષના ગાળા દરમ્યાન ૧૧,૭૪૧ છે એટલે કે ૨૭૦૩ ખૂનની ઘટનાઓમાં ઘટાડો થયો છે. ૧૯ ટકા જેટલો ખૂનના ગુનાઓમાં ઘટાડો થયો છે. ખૂનની કોશીશની વાત કરું તો એ ગુનાઓના પ્રમાણમાં ૩૧ ટકા જેટલો ઘટાડો થયો છે, ઘરફોડ ચોરીની વાત કરુ તો એમાં ૮,૨૨૨ જેટલા ગુનાઓમાં ઘટાડો થયો છે એટલે ૧૪ ટકા જેટલો ઘટાડો થયો છે. ઈજાઓ અને હંગામાના ગુનાઓની વાત કરું તો હંગામાના ગુનાઓમાં કુલ ૬૦૧૫ જેટલા ગુનાઓમાં ઘટાડો થયો છે એટલે કે લગભગ ૨૮ ટકા જેટલા ગુનાઓમાં ઘટાડો થયો છે, ઈજાઓના સંદર્ભમાં ૪૩,૦૭૫ જેટલા ગુનાઓમાં ઘટાડો થયો છે અને કુલ મળીને ૨૯ ટકા જેટલો એમાં પણ ઘટાડો થયો છે એટલે કે ઓવરઓલ જોવા જઈએ તો ૧૯૮૫ થી ૧૯૯૫ ના વર્ષ દરમ્યાન કુલ ૮,૬૦,૩૯૫ જેટલા ગુનાઓ બન્યા હતા એની સામે વર્ષ ૨૦૦૧ થી ૨૦૧૦ના ગાળા દરમ્યાન ૭,૯૧,૧૯૪ ગુનાઓ બન્યા એટલે કે કુલ ૬૯,૨૦૧ જેટલા ગુનાઓમાં ઘટાડો થયો છે. માનનીય અધ્યક્ષશ્રી, આ સમયગાળા દરમ્યાન લગભગ ૪૦ ટકા જેટલો વસતિમાં ઘટાડો થયો છે અને ૮ ટકા જેટલો ગુનાઓમાં ઘટાડો થયો છે. આજ બતાવે છે કે, રાજયમાં સલામતી છે અને શાંતિ છે.

માનનીય અધ્યક્ષશ્રી, માત્ર ગુનાઓમાં જ ઘટાડો થયો છે એટલું જ નહીં, ૨૦૦૫માં જે કન્વીકશન રેઈટ હતો ગુનાઓને શોધવાને લાગે-વળગે છે ત્યાં સુધી જે ૩૦.૯ ટકા હતો એ વર્ષ ૨૦૦૯માં વધીને લગભગ ૧૧.૧ ટકાના વધારા સાથે ૪૧.૧ ટકા જેટલો કન્વીકશન રેઈટમાં સુધારો થયેલ છે. માનનીય અધ્યક્ષશ્રી, આ ૧૯૮૫ થી ૧૯૯૫ ના વર્ષની તુલના કરી, અન્ય રાજયો સાથેની તુલના કરી પણ રાજયની રાજય સાથે તુલના કરવાની પણ આ તબક્કે મને આવશ્યકતા જણાય છે. ગુજરાતની તુલના ગુજરાત સાથે જ કરી પણ વર્ષ ૨૦૦૯ અને ૨૦૧૦ના એક વર્ષના ગાળામાં પણ જે ગુનાઓમાં ઘટાડો થયો છે એનો પણ આ તબકકે હું ઉલ્લેખ કરવા માગુ છું. અગત્યના એકથી પાંચના જે ગુનાઓ છે આ ગુનાઓમાં ૨૦૦૯ના વર્ષ દરમ્યાન ૭૬,૮૭૫ જેટલા ગુનાઓ નોંધાયા હતા જ્યારે વર્ષ ૨૦૧૦ ના વર્ષમાં ૭૨,૫૯૪ ગુનાઓ નોંધાયા છે. મારે એમ કહેવું છે કે માત્ર એક વર્ષના ટૂંકા ગાળામાં ૪,૨૮૧ જેટલા ગુનાઓમાં ઘટાડો થયો છે એટલે કુલ મળીને ૫.૫ ટકા જેટલો ઘટાડો થયો છે એની સામે લગભગ ૧.૮૪ ટકા જેટલો વસતિમાં વધારો થયો છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારો કહેવાનું તાત્પર્ય એટલું જ છે કે માત્ર આક્ષેપો કરવા અને અહીંથી નીકળી જવું. સાચી વાત સાંભળવા બેઠા હોત તો કદાચ આ વાસ્તવિકતાનો ચોક્કસ અંદાજ આવ્યો હોત. આક્ષેપ કરવાવાળાને મારે એમ કહેવું છે કે મારા મિત્રો અહીંયા કદાચ બોલવા ખાતર બોલી ગયા હશે પણ એમના પરિવારજનોને જઈને પૂછ્યું હોત તો એમને પણ એમ જવાબ મળ્યો હોત કે આદરણીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના રાજયની અંદર ગુજરાત સલામત છે, ગુજરાતમાં શાંતિ છે. માનનીય અધ્યક્ષશ્રી, મારા પોલીસ દળના જવાનોએ પોતાના પરિવારની ચિંતા કરી નથી. પોતાના જીવની પણ તેણે પરવા નથી કરી. જરૂર પડી હશે તો ગુજરાતની શાંતિ માટે, ગુજરાતની સલામતી માટે, ગુજરાતના હિત માટે કોઈ એવા નરાધમ આવ્યાં હશે તો તેમને હણી નાંખવા સુધીની પણ તેમણે જવાબદારી નિભાવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે મારા પોલીસ દળના તમામે તમામ કર્મચારી/અધિકારી મિત્રોને right from constable to Commissioner, DGP સુધી મારે તેમને ચોક્કસ કહેવું છે મારે તેમને વિશ્વાસ આપવો છે કે જે ધગશથી અને જે ઉત્સાહથી, જે નિષ્ઠાથી જે પોતાની જવાબદારી નિભાવી રહ્યાં છે એજ ધગશથી, એજ નિષ્ઠાની અને એજ ઉમંગથી પોતાની જવાબદારી નિભાવે. અને કદાચ આ જવાબદારી નિભાવતી વખતે તેમના ઉપર કોઈ પણ પ્રકારનું દબાણ આવે તો કોઈ દબાણને તેમણે વશ થવાની આવશ્યકતા નથી. હું પોલીસ દળના જવાનોને વિશ્વાસ આપું છું કે તેઓ નિર્ભય રીતે પોતાની જવાબદારી નિભાવે, તેમને રાજય સરકાર તરફથી સંપૂર્ણ સહયોગ મળી રહેશે. તેમની તમામે તમામ વાજબી અને ન્યાયિક માગણીઓ માટે રાજય સરકાર તેમના માટે પ્રતિબદ્ધ છે, કટિબદ્ધ છે આ સન્માનીય સભાગૃહના માધ્યમથી તેમને વિશ્વાસ આપવા માંગુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, કદાચ આવનાર દિવસોમાં જન સંખ્યામાં જે રીતે વધારો થઈ રહ્યો છે, વિજ્ઞાન અને ટૅક્નૉલૉજીમાં જે રીતે વધારો થયો છે કદાચ એવું પણ બની શકે માનવ જાતિ પણ વિજ્ઞાન અને ટૅક્નૉલૉજીનો ચોક્કસ ઉપયોગ કરતી હોય છે. એની સાથે ગુન્હેગારો પણ વિજ્ઞાન અને ટેકનોલોજીનો ચોક્કસ ઉપયોગ કરતા હોય છે. અને એટલે જ આ જન સંખ્યા, વિજ્ઞાન અને ટેકનોલોજીમાં થયેલા વધારાના કારણે અને આવનાર પડકારોને પહોંચી વળવા માટે રાજય સરકારે પોલીસ ભરતીનું પણ એક ભગીરથ કાર્ય કર્યુ છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે આ પોલીસ ભરતીની જરા વિશેષ રીતે વાત મૂકવી છે. ૨૦૦૧ના વર્ષમાં પોલીસ દળના જવાનોની કુલ સંખ્યા એરાઉન્ડ નીયર એબાઉટ ૬૭,૦૦૦ હતી. જ્યારે આજે ૮૭,૦૦૦ જેટલું મારા પોલીસ દળના જવાનોનું મહેમક છે. કુલ ૩૪.૩૮ ટકા જેટલો મહેકમમાં વધારો કરવામાં આવ્યો છે. ૨૦૦૧ થી ૨૦૧૦માં કુલ જનસંખ્યામાં માત્ર ૨૦ ટકા વધારો થયો છે. આ વધારાની સામે પોલીસ દળના મહેકમમાં લગભગ ૩૪.૩૮ ટકાનો વધારો કરવાનો અને આ જ બતાવે છે કે રાજય સરકાર રાજયના નાગરિકોની સલામતી માટે વચનબદ્ધ છે, કટિબદ્ધ છે અને તેનો ઈરાદો બુલંદ છે.

માનનીય અધ્યક્ષશ્રી, માત્ર છેલ્લાં ચાર વર્ષના ટૂંકાગાળામાં રાજયના પોલીસ દળમાં લગભગ ૨૬,૬૮૦ વિવિધ સંવર્ગના પોલીસ અધિકારીઓની/કર્મચારીઓની ભરતી કરવામાં આવેલી છે. આ કદાચ ગુજરાત રાજયની સ્થાપના પછી ૨૬,૬૮૦ જેટલાં પોલીસ અધિકારી/કર્મચારીઓની ભરતીની જો કોઈ ઘટના બની હોય તો આ એક ઐતિહાસિક ઘટના બની હશે ૫૦ વર્ષની આ પ્રથમ ઘટના છે. આ ચાર વર્ષમાં જે ૩૪.૩૮ ટકાનો પોલીસ દળમાં જે નવી ભરતી થઈ છે એમાં માત્ર એક જ વર્ષના ટૂંકાગાળામાં વર્ષ ૨૦૧૦ની અંદર એરાઉન્ડીંગ ૧૫ ટકા જેટલી ભરતી આ રાજય સરકાર દ્વારા કરવામાં આવી છે. આ જે ભરતી થઈ છે તેમાં મારે ઉલ્લેખ કરવો છે અહીંયા બેઠેલા મારા વિરોધપક્ષના મિત્રોને પણ આ પોલીસ ભરતીની અંદર કયાંય વિવાદ કરવાનો, કયાંય કોઈ ભ્રષ્ટાચારનો આક્ષેપ કરવાનો કયાંય કોઈ અવકાશ મળ્યો નથી. ભૂતકાળના દાખલા તપાસી લેવાની આવશ્યકતા છે. આ ભરતીમાં કોઈપણ જાતનું કોઈ એલીગેશન થયું નથી. એ જ બતાવે છે કે કેટલી પારદર્શિતાથી આ ભરતીનું કામ આ રાજય સરકારે પૂરું કર્યુ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે પોલીસ ભરતી કર્યા પછી મારે પોલીસ જવાનોની તાલીમના સંદર્ભમાં પણ વાત કરવી છે. રાજયમાં ૪ જગ્યાએ પોલીસ દળના જવાનોની તાલીમનું કાર્ય ચાલે છે. કરાઈ, જૂનાગઢ, વડોદરા અને સુરત. આ ૪ જગ્યાએ પોલીસ દળના જવાનોને તાલીમ માટેની સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવેલી છે. આવનારા

દિવસોમાં કઠલાલ પાસે લગભગ ૨૦૦ એકર જગ્યામાં ૪૬ કરોડના ખર્ચે કમાન્ડો ટ્રેનિંગ સેન્ટર શરુ કરવા માટે રાજય સરકારે આયોજન કરેલું છે.

આતંકવાદી ઘટનાઓના સંદર્ભમાં મારા પોલીસ દળના જવાનોને આતંકવાદીઓ પાસે એ.કે.-૪૭ કે એ.કે.-૫૬ જેવા આધુનિક હથિયારો હોય, એ લોકો તાલીમબદ્ધ થયેલા હોય, એવા સંજોગોમાં એમનો પ્રતિકાર કરવા માટે, મકકમતાથી મુકાબલો કરવા માટે આ રાજય સરકારે પણ ચોકકસ કેટલાક અસરકારક પગલાં લીધેલાં છે. આ પડકારોને પહોંચી વળવા માટે ચેતક કમાન્ડો નામના એસ.આર.પી.ના જવાનો તૈયાર કર્યા છે. રાજસ્થાનમાં વિશેષ પ્રકારની તાલીમ આપીને એન.એસ.જી. કમાન્ડો હોય છે એ પ્રકારના તાલીમબદ્ધ જવાનો તૈયાર કરવાનું કામ કર્યુ છે. સાથોસાથ કોઈ આતંકવાદી ઘટના બને, આકસ્મિક ઘટના બને એના સંદર્ભમાં કયુ.આર.એફ. મરીન કમાન્ડો અને સાથોસાથ આ પ્રકારના કમાન્ડોને તાલીમ પૂરી પાડવામાં આવેલી છે. સાથોસાથ આ કમાન્ડોની સલામતિનો પણ આ રાજય સરકારે વિચાર કર્યો છે. આ કમાન્ડોને બુલેટપ્રુફ જાકીટ આપવાનો આ સરકારે નિર્ણય કર્યો છે. ૫ હજાર જેટલા બુલેટ પ્રુફ જાકીટ ખરીદવાની પ્રક્રિયા હાથ ધરી છે. એની સાથોસાથ બુલેટપ્રુફ હેલમેટ આપવાનો પણ રાજય સરકારે નિર્ણય કર્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, મારે ચોકકસ કહેવું છે કે કદાચ ગુજરાતના ઈતિહાસમાં પ્રથમ વખત આ ઘટના બનતી હશે. પોલીસ દળના જવાનો છે, આ કમાન્ડો, મારા અધિકારીઓ, પોલીસ દળના જવાનો છે, કર્મચારીઓ છે, એમના માટે બેસ્ટમાં બેસ્ટ ટાઈપ બ્રાન્ડ કવોલિટીની પીસ્તોલ, ૧૨ હજાર કરતા પણ વધુ પીસ્તોલ ખરીદવાનો આ રાજય સરકારે નિર્ણય કર્યો છે. એમ.પી.-ફાઈવ કક્ષાની જે રાઈફલ જે આધુનિક છે એ લગભગ ૫૪૦૦ જેટલી રાઈફલ ખરીદવાનો આ રાજય સરકારે નિર્ણય કર્યો છે.

**અધ્યક્ષશ્રી** : આપનું પ્રવચન ટૂંકમાં પૂરું કરો.

**શ્રી પ્રફુલભાઈ ખો. પટેલ** : (અંતરાય) તમારે જરૂર નહીં પડે મોહનભાઈ. મારા પોલીસના જવાનો પહોંચી વળશે. ધારાસભ્યનો વારો નહીં આવે. માનનીય અધ્યક્ષશ્રી, સમયની પણ મર્યાદા છે. આપે સમયમર્યાદા નિશ્ચિત કરી છે. ઘણીબધી બાબતોનો ઉલ્લેખ કરવાનો છે. પણ બોર્ડર સિકયોરીટી, કોસ્ટલ સિકયોરીટીના સંદર્ભમાં પણ રાજય સરકારે ખૂબ અસરકારક કામગીરી હાથ ધરેલી છે. રાજયની પ્રતિષ્ઠિત એવી સંસ્થા જે આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવે છે એવી ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીનો મારે ડીટેઈલમાં ઉલ્લેખ કરવો હતો, પણ સમયની મર્યાદાના કારણે કરી શકતો નથી. આ ફોરેન્સિક સાયન્સ લેબ એ કદાચ હિન્દુસ્તાનના ઈતિહાસમાં દેશનું ગૌરવ લઈ શકાય એવી સંસ્થા હોય તો એ ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી છે એમ કહેવામાં મને કોઈ સંકોચ થતો નથી.

માનનીય અધ્યક્ષશ્રી, આવનારા દિવસોમાં આ દેશને અને આ રાજયને તાલીમબદ્ધ યુવાનો મળી રહે એટલા માટે રક્ષાશકિત યુનિવર્સિટીની સમગ્ર દેશમાં પ્રથમ કોઈપણ રાજય સરકારે સ્થાપના કરી હોય તો એ આ ગુજરાતના આદરણીય મુખ્યમંત્રીશ્રીએ આ રક્ષાશકિત યુનિવર્સિટીની સ્થાપના કરી. અને એ ટ્રેઈન્ડ યુવાનો રાજય અને દેશને પૂરા પાડવા માટેનો સંકલ્પ અને પ્રતિબધ્ધતા જાહેર કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, જેલોના સંદર્ભમાં મારે ઉલ્લેખ કરવો છે કે વર્ષ ૨૦૦૮ ના વર્ષમાં જેલોમાં જે કેપેસિટી હતી એ ૬૬૧૯ ની હતી અને આજની તારીખે ૯૬૯૧ ની છે. જેલોમાં ચોકકસ ઓવર ક્રાઉડિંગ છે. આજની તારીખે પણ ૨૬ ટકા જેટલું ઓવર ક્રાઉડિંગ છે અને દિવસે દિવસે એમાં ઘટાડો કરવાનો રાજય સરકારનો ચોકકસ પ્રયાસ છે અને એ પ્રયાસોની સરાહના એનએચઆરસી એટલે કે નેશનલ હ્યુમન રાઈટ કમિશન દ્વારા પણ કરવામાં આવી છે. એન.એચ.આર.સી.એ ઉલ્લેખ કર્યો છે કે Among the states N.C.T. of Delhi and Gujarat have made remarkable progress in redusing over crowding in jails એ આપણા માટે પણ ચોકકસ ગૌરવની બાબત છે.

માનનીય અધ્યક્ષશ્રી, આવનાર દિવસોમાં સૂરત સેન્ટ્રલ જેલ, દાહોદ અને પાટણમાં નવી જેલોનું નિર્માણ થવાને કારણે જેલોમાં ઓવર ક્રાઉન્ડિગની સમસ્યાનો ચોકકસ ઉકેલ લાવી શકાશે.

માનનીય અધ્યક્ષશ્રી, પોલીસ હાઉસિંગ કોરપોરેશનના સંદર્ભમાં વાત કરું તો એમાં ચોકકસ કહેવું છે કે સમગ્ર હિન્દુસ્તાનમાં ગુજરાત પોલીસ હાઉસિંગ કોરપોરેશનનું કામ છે એ પોલીસ દળના જવાનોને આવાસો પૂરાં પાડવાનું કામ છે એ જો સમગ્ર દેશમાં પ્રથમ રાજય હોય તો એ ગુજરાત છે, ગુજરાત છે અને ગુજરાત જ છે. લગભગ ૮૦ ટકા પોલીસ કર્મચારીઓને આવાસો આપવામાં રાજય સરકાર સફળ રહી છે અને હમણાં જ તાજેતરમાં પોલીસ હાઉસિંગ કોરપોરેશન ઓફ ઈન્ડિયાની કોન્ફરન્સ થઈ હતી તેમાં કેન્દ્ર સરકારના અધિકારી આવ્યા હતા અને તેમણે ઉલ્લેખ કરતાં કહ્યું હતું કે, 'સમગ્ર દેશની અંદર લગભગ પોલીસ કર્મચારીઓને આવાસો માટે જે વર્ષનું બજેટ હોય છે એ બજેટમાંથી હાર્ડલી ૨.૫ ટકા પોલીસ કર્મચારીઓના આવાસો માટે વપરાય છે.' તો મારે આ તબકકે ઉલ્લેખ કરવો છે કે આ રાજય સરકારે પોતાના પોલીસ કર્મચારીઓ માટે પોલીસ વિભાગનું જે બજેટ છે એ જયારે આખા દેશમાં રાા ટકા વપરાય છે જયારે રાજય સરકારે ૧૦ ટકા જેટલા બજેટની જોગવાઈ પોલીસ કર્મચારીઓના આવાસો માટે કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, નવી બાબતોનો પણ ચોકકસ આ તબકકે ઉલ્લેખ કરવો છે કે નવી ૨૦ કયુઆરટીએસ ટીમો માટે અને એના કોન્સ્ટેબલ સંવર્ગના કર્મચારીઓ માટે ૩૩૦ જેટલી નવી જગ્યા માટે૨૧.૯૧ કરોડના ખર્ચે ચાલુ વર્ષના બજેટમાં એના માટેની જોગવાઈ કરી છે. માત્ર માનવબળના આધારે જ ગુનાઓનું

ડિટેકશન થાય અથવા તો પ્રિવેન્શન થાય છે એની સરખામણીએ કદાચ સાયન્સ એન્ડ ટેકનોલોજીનો ઉપયોગ કરવાનો રાજય સરકારે નિર્ણય કર્યો છે. આવનાર દિવસોમાં ૪ મહાનગરપાલિકાઓમાં ટ્રાફિકની વ્યવસ્થા છે એની સર્વેલન્સ સિસ્ટમ છે એમાં સાયન્સ એન્ડ ટેકનોલોજીનો ઉપયોગ કરીને સી.સી. કેમેરા ગોઠવીને આ ચાર મહાનગરપાલિકામાં આ ટ્રાફિક વ્યવસ્થાની સરળતા કરવા માટે રાજય સરકારે ચાલુ વર્ષના બજેટમાં જોગવાઈ કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ સિવાય પણ નવી બાબતોમાં ઘણી બધી જોગવાઈ કરવામાં આવી છે.અહીંયા લગભગ આખા સત્ર દરમ્યાન મેં ઘણી વખત એવું સાંભળ્યું છે કે અહીંયાં નાની નાની બાબતોમાં માનનીય મુખ્યમંત્રીશ્રી વિષે ટીકાટીપ્પણ કરવામાં આવે છે. અને એ ટીકાટીપ્પણનો એક જ માત્ર આધાર કે નંબર-૧ મુખ્યમંત્રીશ્રી, નંબર વન રાજય, નંબર વન આ અને નંબર વન આ એ રીતે વાતો કરવામાં આવે છે. તો મારે આ નંબર વનના સંદર્ભમાં ઉલ્લેખ કરવો છે કે આદરણીય મુખ્યમંત્રીશ્રીના પ્રયાસોને કારણે રાજયના વિકાસના સંદર્ભમાં તો એ ચોકકસ નંબર વન બન્યા જ છે અને એ તો બ્લોક નંબર ૧ ના નીચે આવીને જુઓ તો એનો પુરાવો મળી જશે, એમાં ચર્ચા કરવાની આવશ્યકતા નથી, પરંતુ મારે આ તબકકે ઉલ્લેખ કરવો છે કે આ રાજયના આદરણીય મુખ્યમંત્રીશ્રી માથે કફન બાંધીને આ ગુજરાતની પા કરોડની જનતાની સુરક્ષા માટેનું કફન બાંધ્યું છે.
છપ્પનની છાતીવાળા આદરણીય મુખ્યમંત્રીશ્રી આતંકવાદીઓના હીટ લિસ્ટમાં પણ નંબર વન જ છે. આ નંબર વન એમને એમ નથી થવાતું? એણે પોતાની જાતને પોતાના જીવના જોખમ ઉપર નંબર વન થવાય છે, થઈ તો જૂઓ એક વખત તો નંબર વન થઈ જૂઓ? સાહેબ પરિવારના લોકો ક્યાંક ધડાકો થાય તો બારણાને સ્ટોપર મારીને દરવાજો બંધ કરીને ઘરમાં સંતાડી રાખે છે. આ મુખ્યમંત્રીશ્રી તો બહાર નીકળે છે. અમદાવાદમાં બૉમ્બ બ્લાસ્ટ થયો હોય, સિરિયલ બૉમ્બ બ્લાસ્ટ થયો અને કોઈ મુખ્યમંત્રીશ્રીએ અમદાવાદ સિવિલ હૉસ્પિટલની અડધા કલાકમાં મુલાકાત લીધી હોય તો આ રાજયના આદરણીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી છે. મુંબઇ ગયા એ તો પારકામાં હતું તો પણ ગયા છે, એમને સ્વનો વિચાર નથી કર્યો એણે અન્યનો વિચાર કર્યો છે. સમગ્ર રાષ્ટ્રના હિતની ચિંતા કરી છે. ઘણું કહેવાનું હતું, ઘણી બધી બાબતો કદાચ રહી ચૂકી છે તેમ છતાં મારા સન્માનીય સભાગૃહના સભ્યોને વિનંતી કરુ છું, અહીંયા વિરોધપક્ષના મિત્રો છે નહિ જે માગણીઓ લઈને આવ્યો છું એના ઉપર મારા મિત્રોએ કાપદરખાસ્તો રજૂ કરી હતી એ કાપદરખાસ્તોનો શકય એટલો જવાબ રજૂ કર્યો છે ત્યારે આ માગણીઓ હું લઈને આવ્યો છું એને સભાગૃહના સૌ મિત્રો મંજૂર કરશે એટલી આશા સાથે વિરમું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક ૧ થી ૩, ૫ થી ૧૩, ૧૭, ૧૯ થી ૨૬, ૨૯ થી ૩૬, ૪૦ થી ૪૨ અને ૪૪ થી ૪૬ મત માટે મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી**

**માગણી ક્રમાંક ૮,૯,૪૩,૪૪ અને ૪૬ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

**સભાગૃહની બેઠકનું કામકાજ બપોરના ૧.૧૩ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સોમવાર, તા. ૨૧મી માર્ચ, ૨૦૧૧ના રોજ બપોરના ૧૨.૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**
**સોમવાર, તા.૨૧મી માર્ચ, ૨૦૧૧**
**ફાલ્ગુન ૩૦, ૧૯૩૨ શાકે**
**સભાગૃહ બપોરના ૧૨-૦૦ વાગ્યે ફરી મળ્યું.**
**અધ્યક્ષશ્રી ગણપતભાઈ વસાવા અધ્યક્ષસ્થાને**

# તારાંકિત પ્રશ્નો

## નર્મદા યોજના અંતર્ગત મહેસાણા જિલ્લાની નહેરોની કામગીરી

* ૨૨૧૮૮ **શ્રી ઋષિકેશ ગ. પટેલ(વિસનગર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) નર્મદા યોજના અંતર્ગત મહેસાણા જિલ્લામાં તારીખ ૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ નહેરોની કામગીરી કયા તબકકે છે,

(૨) આ કામો કયારે પૂર્ણ થનાર છે, અને

(૩) તે થકી જિલ્લામાં કેટલી જમીનને સિંચાઈનો લાભ મળનાર છે?

**મુખ્યમંત્રીશ્રી (નર્મદા):**

(૧) અને (૨): મહેસાણા જિલ્લામાં તા. ૩૧-૧૨-૧૦ ની સ્થિતિએ મુખ્ય નહેર અને શાખા નહેરનાં કામો પૂર્ણ થયેલ છે. વિશાખા, માઈનોર અને સબ માઈનોરના રૂા. ૨૧૬.૦૪ કરોડનાં કામો જુદા જુદા તબકકે અમલમાં છે જે વહેલી તકે પૂર્ણ કરવાનું આયોજન છે.

(૩) મહેસાણા જિલ્લાની ૧,૫૫૬,૫૫૦ એકર જમીનને સિંચાઈનો લાભ મળનાર છે.

**શ્રી ઋષિકેશ ગ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે નર્મદા યોજના અંતર્ગત મહેસાણા જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ નહેરોની કામગીરી કયા તબકકે છે તેમજ મહેસાણા જિલ્લાના કયા કયા તાલુકાના કેટલા વિસ્તારને સિંચાઈ હેઠળ સમાવેશ કરવામાં આવેલ છે અને કેટલાં ગામોને સિંચાઈનો કેટલા હેકટરમાં લાભ મળે છે?

**શ્રી નીતિનભાઈ ૨. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મહેસાણા જિલ્લામાં કડી તાલુકામાંથી જે વાય જંકશન કરણનગર ગામથી નર્મદા કેનાલના બે ફાંટા પડે છે એમાં એક ફાંટો ઉત્તર ગુજરાતમાં થઈને કચ્છ જાય છે અને બીજો ફાંટો જે સૌરાષ્ટ્ર બ્રાન્ચ કેનાલ તરીકે ઓળખાય છે એ મોરબી સુધી જાય છે. માનનીય સભ્યશ્રી ઋષિકેશભાઈએ મહેસાણા જિલ્લા માટેનો જે પ્રશ્ન પૂછયો એ પ્રમાણે ૫૬.૫૩ કિલોમિટરની કુલ મુખ્ય કેનાલ છે એની સંપૂર્ણ કામગીરી ઘણા સમય પહેલાં પૂર્ણ કરવામાં આવેલ છે, શાખા નહેરોમાં ૧૧૯.૯૨ કિલોમિટરની લંબાઈ છે એનાં કામ પણ પૂર્ણ કરવામાં આવેલ છે, વિશાખા નહેરો ૧૬૧.૨૯ કિલોમિટરની છે જેમાંથી ૧૧૯.૫૨ કિલોમિટરનું કામ પૂર્ણ કરવામા આવેલ છે, માઈનોર શાખા નહેરોની લંબાઈ ૫૯૬.૪૭ કિલોમિટરની છે જેની કામગીરી હાથ ઉપર પ્રગતિ હેઠળ છે, શાખા માઈનોર ૧૬૫૩ કિલોમિટરની લગભગ કેનાલ બનાવવામાં આવનાર છે જેની કામગીરી પણ તબકકાવાર હાથ ઉપર લીધેલ છે.એટલે કે મુખ્ય કેનાલમાં શાખા નહેરોમાં અને વિશાખામાં પાણી પહોંચે એ પહોંચાડવાનું લગભગ મોટાભાગનું કામ પૂર્ણ કરવામાં આવેલ છે, બાકીની કામગીરી ખેતરો સુધી પાણી પહોંચાડવા માટેની કામગીરી છે એ અત્યારે મોટા પ્રમાણમાં હાથ ઉપર લેવામાં આવી છે.

બીજો માનનીય સભ્યશ્રીએ પ્રશ્ન પૂછયો છે કે મહેસાણા જિલ્લામાં કયા કયા તાલુકાને કયાં કયાં લાભ મળે છે? તો મહેસાણા જિલ્લામાં કડી તાલુકામાં ૧ લાખ ૩૨૯ એકરમાં ૭૯ ગામોમાં આ નર્મદાની સિંચાઈનો લાભ મળે છે, મહેસાણા તાલુકામાં ૪૦૧૩ એકરમાં ૪ ગામોમાં લાભ મળે છે, બેચરાજી તાલુકામાં ૫૨૨૦૮ એકરમાં ૩૭ ગામોમાં લાભ મળે છે. આમ મહેસાણા જિલ્લામાં ૧,૫૬,૫૫૯ એકર વિસ્તારમાં ૧૨૦ ગામોને આ નર્મદા યોજનાનો લાભ મળે છે.

**શ્રી અનિલકુમાર ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ મહેસાણા જિલ્લામાં જે નહેરોનું કામ કરવાનું છે એના પેટે કુલ કેટલો ખર્ચ થવાનો છે અને અત્યારસુધીમાં કેટલો ખર્ચ થયો અને કેટલી રકમનાં કામો પૂર્ણ થયેલ છે? મારો બીજો પ્રશ્ન સિંચાઈના સંદર્ભે એ છે કે મહેસાણા જિલ્લામાં અન્ડર ગ્રાઉન્ડ વોટરનું ખૂબ જ ખેંચાણ થયેલ હોવાથી રિચાર્જીંગ કરવા માટે જયારે નર્મદા યોજનામાં ચોમાસાના સમયમાં સિંચાઈ માટે પાણીની જરૂર ના હોય ત્યારે પૂના પાણીથી કેનાલ પૂરેપૂરી વહેતી હોય ત્યારે એ પાણીનો ઉપયોગ કરીને મહેસાણા જિલ્લાના ભૂતળને રિચાર્જ કરવા માટે કોઈ આયોજન વિભાગ દ્વારા વિચારવામાં આવ્યું છે કે કેમ?

**શ્રી નીતિનભાઈ ૨. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અનિલભાઈનો પ્રશ્ન છે એમાં ખર્ચ બાબતની વિગતો તેમણે માગી છે. નર્મદામાં મહેસાણા જિલ્લાના ભાગ પૂરતાં કામો જે નહેરોનાં થવાનાં છે એનો અંદાજીત ખર્ચ ૭૪૮ કરોડ રૂપિયાનો લગભગ છે અને આ પૈકીસ ૫૭૭ કરોડ રૂપિયાનાં કામો પૂરાં થઈ ગયાં છે, બાકીની

કેનાલોનાં કામો જેમ માનનીય ઋષિકેશભાઈના પ્રશ્નમાં જવાબ આપ્યો તેમ બધાં કામો હાથ ઉપર લીધાં છે અને ટૂંક સમયમાં અંદાજીત ખર્ચનાં તમામ કામો પૂર્ણ કરવામાં આવશે.

માનનીય સભ્યશ્રીનો બીજો પ્રશ્ન કે જે ખૂબ જ અગત્યનો પ્રશ્ન છે કે નર્મદા યોજનાના પાણીનો લાભ જયારે નદીમાં પૂર આવ્યું હોય અને વધારાનું પાણી આપણે નહેરમાં વહેડાવતા હોઈએ ત્યારે એ પાણીનો રિચાર્જીંગ માટે ઉપયોગ કરવો જોઈએ. તો આવું પાણી આપણે જયારે નર્મદામાં પૂર આવે ત્યારે માનનીય મુખ્યમંત્રીશ્રીએ આવું એક મિલિયન એકર ફીટ પાણી ઉત્તર ગુજરાતને, એક મિલિયન એકર ફીટ પાણી સૌરાષ્ટ્ર માટે અને એક મિલિયન એકર ફીટ પાણી કચ્છ માટે ફાળવ્યું છે. પૂર દરમિયાન આ વધારાનું પાણી આવે ત્યારે આપણે જુદી જુદી નદીઓ ઉપર એસ્કેપ મૂક્યા છે એના દ્વારા, કેનાલો દ્વારા અને અન્ય વ્યવસ્થા દ્વારા રસ્તામાં આવતી નદીઓ, વચ્ચે આવતા તળાવો વગેરેને ભરવા માટે આપણે આયોજન કર્યુ છે. એની સાથે સાથે સુજલામ સુફલામ પાઈપ લાઈન યોજના છે એ પાઈપ લાઈન દ્વારા વધારાનું પાણી ઉપલબ્ધ હોય અથવા ખેડૂતોને સિંચાઇ માટેની જરૂરિયાત હોય અથવા તો ઉનાળા દરમિયાન ગામડાંના તળાવોમાં પશુઓ માટે ઢોર ઢાંખર માટે પીવાનું પાણી સુજલામ સુફલામ પાઈપ લાઈન યોજના મારફત ભરીએ છીએ. એ જ રીતે નર્મદાની કેનાલમાંથી પાણી ઉપાડવાની વ્યવસ્થા કરીએ છીએ. મને જણાવતા આનંદ થાય છે કે આખા દેશમાં રીવર ગ્રીડની વાત ઘણી થઈ પરંતુ એની વ્યવસ્થા દેશમાં કોઈ જગ્યાએ નથી થઈ ફક્ત ગુજરાતમાં ગુજરાત સરકારે નર્મદા યોજના સાથે અન્ય નદીઓને સાંકળી લઈને પાણીનો ઉપયોગ કરીને આપણે આ રીવર ગ્રીડનું ચોમાસાનું વધારાનું પાણી દરિયામાં ન વહી જાય એના બદલે આ સૂકી નદીઓમાં પાણી પહોંચે એના માટેની વ્યવસ્થા કરી છે. જ્યારે ચોમાસાની અંદર વધારાનું પાણી હોય ખેડૂતોને જરૂરિયાત ન હોય ત્યારે માનનીય સભ્યશ્રી અનિલભાઈએ કહ્યું તેમ વોટર રીચાર્જ કરીને આ કાર્યવાહી પણ ચાલું રાખીશું.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય મંત્રીશ્રી પાસેથી બે બાબતો જાણવી છે. અત્યારે મહેસાણા જિલ્લામાં ૧,૫૬,૫૫૦ એકર જમીનને લાભ મળવાનો છે. પણ અત્યારે આજની તારીખે આપણે આ પૈકી કેટલા કમાન્ડ એરિયાને આજની તારીખે પાણી આપી શકીએ છીએ?

**શ્રી નીતિનભાઈ ૨. પટેલ** : અગાઉ પણ આ વિષય ઉપર ઘણી ચર્ચા કરી છે છતાં માનનીય શકિતસિંહજીને કહીશ કે મુખ્ય કેનાલ એના પછી શાખા નહેર થી શાખા નહેર અને પછી માઈનોર અને સબ માઈનોર આ પ્રકારનું નેટવર્ક પૂરું ન થાય ત્યાં સુધી કમાન્ડ વિસ્તારને આવરી શકાતો નથી. અમે અત્યારે આ જ કામ ઉપાડ્યું છે. આખા રાજયની અંદર ૧૮ લાખ હેકટર જમીનમાં સિંચાઈ થવાની છે ત્યારે મેઈન કેનાલ અને બ્રાન્ચ કેનાલના કામો પૂરા થયા છે. માઈનોર અને સબ માઈનોર કેનાલ તરફ ધ્યાન દોર્યુ છે ત્યારે મહેસાણા જિલ્લામાં કડી તાલુકામાં લગભગ તમામ વિસ્તારને ઈરિગેશનનો લાભ મળવાનું આયોજન પૂર્ણ થવા ઉપર છે. મહેસાણા તાલુકામાં પણ અગળ કહ્યું તેમ સબ માઈનોરનું કામ હાથ ઉપર લીધું છે એ દરમિયાન ટોટલ કમાન્ડ એરિયા ૧ લાખ ૫૬ હજાર એકર છે અત્યારે માઈનોર અને સબ માઈનોરનું કામ પૂર્ણતાને આરે છે એ દરમિયાન ખેડૂતો પોતે લિફ્ટ ઈરિગેશન કરીને પાણી લે જ છે અને મોટા પ્રમાણમાં આ પાણી મળે છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : અત્યારે કેટલા વિસ્તારને પાણી મળે છે એટલો જ મારો પ્રશ્ન છે?

**શ્રી નીતિનભાઈ ૨. પટેલ** : કડી તાલુકામાં મોટા ભાગનું કામ પૂર્ણ થવા ઉપર છે. જે ગામોની અંદર જમીન મળતી નથી ખેડૂતો સહકાર આપતા નથી ત્યાં કામ બાકી છે. બાકીની વિગતો આપને અંગત રીતે આપી દઈશ.

### કચ્છ જિલ્લાના મહિલા કારીગરોના વિકાસ માટે ફાળવેલ રકમ

***૧૭૬૬૫ શ્રી જયંતીલાલ પ. ભાનુશાલી(અબડાસા) : માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે-

(૧) કચ્છ જિલ્લામાં હસ્તકલા કારીગરી ક્ષેત્રે કાર્યરત મહિલાઓના વિકાસ માટે તારીખ ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલી રકમની ફાળવણી કરવામાં આવી,

(૨) કારીગરો દ્વારા ઉત્પાદિત ચીજવસ્તુઓના વેચાણ માટે સરકાર દ્વારા કોઈ વ્યવસ્થા કરવામાં આવી છે કે કેમ,

(૩) જો હા, તો તેની વિગતો શી છે, અને

કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી:

(૧) કુટિર અને ગ્રામોદ્યોગ હસ્તકની પૅકેજ યોજના હેઠળની વળતર સહાય, ગુજરાત રાજય હાથશાળ અને હસ્તકલા વિકાસ નિગમ ગાંધીનગર દ્વારા હસ્તકલાના કારીગરોએ ઉત્પાદિત કરેલ માલની ખરીદી કરી પ્રોત્સાહન આપવાની યોજના, ગુજરાત રાજય માટીકામ કલાકારી અને રૂરલ ટૅક્નૉલૉજી સંસ્થાન ગાંધીનગર તેમજ ગુજરાત રાજય હાથશાળ અને હસ્તકલા વિકાસ નિગમ ગાંધીનગર મારફતે હસ્તકલાના કારીગરોને તાલીમ આપવાની યોજના હેઠળ કચ્છ જિલ્લામાં કાર્યરત મહિલાઓના વિકાસ માટે તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર અને વર્ષવાર નીચે મુજબની વિગતે ખર્ચ થયેલ છે.

| અ. નં. | તાલુકાનું નામ | કેલેન્ડર વર્ષ ૨૦૦૯ દરમ્યાન થયેલ ખર્ચ | કેલેન્ડર વર્ષ ૨૦૧૦ દરમ્યાન થયેલ ખર્ચ |
|---|---|---|---|
| ૧ | મુન્દ્રા | ૧૦,૨૧૪૭૧.૩૪ | ૧૦,૮૪૦૭૭.૪૦ |
| ૨ | માંડવી | ૧૫,૭૦૭૦૩.૬૬ | ૪,૨૮૦૭૨.૬૦ |
| ૩ | ભુજ | ૩૧,૭૮૯૯૬.૩૬ | ૧૩,૧૩૧૩૭.૪૦ |
| ૪ | નલીયા | ૧,૩૯,૯૧૦.૦૦ | ૬૬૫૦૦.૦૦ |
| ૫ | રાપર | -- | ૬૯,૩૭૪૩૫.૦૦ |
| ૬ | નખત્રાણા | ૫,૮૬૮૫૬.૭૮ | ૮૨૨૪૯.૨૦ |
| ૭ | અંજાર | ૧૦,૮૦૦૨૬.૩૮ | ૬,૯૮૭૩૨.૬૪ |
| ૮ | ગાંધીધામ | ૪,૧૭૪૭૪.૯૬ | ૧,૫૪૪૩૦.૦૪ |
| ૯ | અબડાસા | ૪,૨૫૩૫૨.૧૫ | -- |
| ૧૦ | લખપત | -- | ૫૮૨૨૭.૭૨ |

(૨) હા, જી.

(૩) (૧) ભુજ ખાતે સરકારશ્રી દ્વારા કારીગરોએ ઉત્પાદિત કરેલ ચીજવસ્તુઓના વેચાણ માટે કાયમી વ્યવસ્થાના ભાગરૂપે ભુજ હાટ સ્થાપિત કરાયેલ છે. જ્યાં તેઓ દ્વારા સીધુ વેચાણ થાય છે.

(૨) રાજયમાં અને રાજય બહાર યોજાતા જુદા જુદા મેળાઓમાં તેમજ રણોત્સવ, વાયબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર્સ સમિટ, નવરાત્રી મહોત્સવ જેવા ઈવેન્ટમાં પણ કારીગરોને સ્ટૉલની ફાળવણી કરી સીધા વેચાણ વ્યવસ્થા કરવામાં આવે છે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી જયંતીલાલ પ. ભાનુશાલી** : કચ્છ જિલ્લાની મારે વાત કરવી છે. એમાં વર્ષ ૨૦૦૯-૧૦માં કચ્છ જિલ્લા હસ્તકલા કારીગરી ક્ષેત્રે મહિલાના વિકાસ માટે પૅકેજ યોજના હેઠળ કેટલી રકમ ચૂકવાઈ એમાં કારીગરોની કઈ ઉત્પાદિત માલની ખરીદી કરી પ્રોત્સાહન આપવાની યોજનામાં કેટલો ખર્ચ થયો અને આ કારીગરોને તાલીમ આપવાની યોજના હેઠળ તાલુકા વાઈઝ કેટલો ખર્ચ કરવામાં આવ્યો અને ગ્રામ્ય કક્ષાએ ગ્રામહાટો ઊભા કરવા માગો છો કે કેમ?

**શ્રી રણજીતભાઈ મં. ગિલીટવાલા** : હું માનનીય સભ્યશ્રીને અભિનંદન આપવા માગું છું, એમના મૂળ પ્રશ્નમાં તમામ ત્રણ યોજનાની વિગત હતી તેની વિગત આપવામાં આવી છે. સાથે સાથે સભ્યશ્રીએ હમણાં જે ત્રણ જુદી જુદી યોજનાઓ છે, એક તો પૅકેજ યોજના હેઠળ માલની ખરીદી કરવામાં આવે છે તે યોજના હેઠળ અને જે તાલીમ આપવામાં આવે છે તે ત્રણે યોજનાઓ હેઠળ જુદા જુદા તાલુકામાં કેટલો કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે એમણે એ વિગત માગી હતી. એટલા માટે અભિનંદન આપવા માગતો હતો કે એમણે એક હસ્તકલા ઉદ્યોગની એમણે ચિંતા કરી છે. કચ્છ જિલ્લામાં ચાલતો આ ઉદ્યોગ એવા પ્રકારનો ઉદ્યોગ છે તેની ચિંતા કરી છે. મહિલાઓ જે છે, ખાસ કરીને હું એમાં..

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી આપણે અગાઉ આપણે રૂલીંગ આપ્યું છે, ટૂંકમાં જવાબ આપવાના છે.

**શ્રી રણજીતભાઈ મં. ગિલીટવાલા** : હવે જે જવાબ છે એ તો પૂરો આપું ને સાહેબ, પૅકેજ યોજના હેઠળ ચૂકવાયેલ રકમ મુંદ્રામાં ૫,૯૪,૪૧૮, માંડવી તાલુકામાં ૫૮,૮૫૫, ભૂજમાં ૧,૪૪,૭૭૩ એમ મળીને ૭,૯૭,૬૪૬ રૂપિયા પૅકેજ યોજના પ્રમાણે ચૂકવવામાં આવે છે. બીજી જે યોજના છે જેમાં આ કારીગરો પાસેથી માલ ખરીદ કરીને તેમને પ્રોત્સાહિત કરીને જે રાહત આપવામાં આવે છે, હું ૨૦૦૯ના આંકડા આપી રહ્યો છું. તેમાં મુંદ્રામાં

૩,૯૫,૫૦૦ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે, માંડવીમાં ૧૨,૭૩,૬૭૪ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. ભુજમાં ૨૩,૦૧,૬૧૫ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. નલિયામાં ૧,૩૯,૯૧૦ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. નખત્રાણામાં ૫૦,૪૫૦, અંજારમાં ૯,૬૪૦ એમ મળીને ૪૧,૭૦,૭૯૯ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. જે ત્રીજી યોજના છે તે હસ્તકલા કારીગરીમાં મહિલાઓને તાલીમ આપવાની યોજના છે તે અંતર્ગત મુંદ્રામાં ૩૧,૫૫૩, માંડવીમાં ૨,૩૮,૧૬૪, ભૂજમાં ૭,૩૩,૦૦૮, નખત્રાણામાં ૫,૩૬,૪૦૬, અંજારમાં ૧૦,૭૦,૩૮૬, ગાંધીધામમાં ૪,૧૭,૪૭૪, અબડાસામાં ૪,૨૫,૩૫૨ એમ મળીને કુલ ૩૪,૫૨,૩૪૬ રૂપિયાનો ખર્ચ ૨૦૦૯માં આ ત્રણ પૅકેજ યોજના હેઠળ કરવામાં આવ્યો છે એની સરખામણીએ ૨૦૧૦માં પૅકેજ યોજના હેઠળ મુંદ્રામાં ૯,૩૨,૧૭૯, માંડવીમાં ૧,૦૮,૦૦૦, ભૂજમાં ૨,૯૮,૦૦૦ એમ મળીને કુલ ૧૩,૫૯,૦૦૦ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. બીજી યોજના છે કે જેમાં કારીગરો પાસેથી ખરીદી કરવામાં આવે છે તેમાં માંડવીમાં ૧,૮૦૦ રૂપિયા, ભૂજમાં ૮,૦૬,૬૬૮, નલિયામાં ૬૬,૫૦૦, રાપરમાં ૬૭,૩૭,૪૩૫, નખત્રાણામાં ૬,૩૦૦ એમ મળીને ૭૮,૧૮,૭૦૩ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે અને હસ્તકલાકારીગરીની તાલીમ આપવામાં આવે છે તેમાં ૨૦૧૦માં મુંદ્રામાં ૧,૫૧,૮૯૪ રૂપિયાનો તાલીમ પાછળ ખર્ચ કરવામાં આવ્યો હતો, માંડવીમાં ૩,૧૭,૭૪૭ રૂપિયાનો ખર્ચ અને ભૂજમાં ૨,૦૭,૫૯૪ રૂપિયાનો, નખત્રાણામાં ૭૫,૯૪૯નો, અંજારમાં ૬,૯૮,૭૩૨, ગાંધીધામમાં ૧,૫૪,૪૫૩ અને લખપતમાં ૫૮,૨૨૭ એમ મળીને ૧૬,૬૪,૫૮૦ રૂપિયાનો કુલ ખર્ચ કરવામાં આવ્યો હતો. મારે ઉમેરવું જોઈએ કે ગયા વર્ષની સરખામણીમાં ૮૪,૨૦,૦૦૦ની સામે ૨૦૧૦માં ૧,૦૮,૦૦,૦૦૦ રૂપિયાનો ખર્ચ એટલે કે લગભગ ૨૪,૦૦,૦૦૦ જેટલો ખર્ચ બીજા વર્ષે વધારે કરવામાં આવ્યો છે.

**શ્રી રમેશ વ. મહેશ્વરી** : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારે જે હસ્તકલા મહિલા મંડળની ચિંતા કરીને આપેલ વિગત પ્રમાણે જે ખર્ચ થયું છે, આના કારણે કચ્છ જિલ્લાનો સરહદી વિસ્તાર છે. એ સરહદી વિસ્તારમાં જે મહિલાઓ હસ્તકલાથી પોતાની રોજી-રોટી કમાય છે. હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે વર્ષ ૨૦૦૯ થી ૨૦૧૦ સુધીમાં હસ્તકલા મહિલા મંડળીઓને તાલુકાવાર કેટલી સહાય ચૂકવવામાં આવી છે અને મંડળી દીઠ સભાસદની સંખ્યા કેટલી છે?

**શ્રી રણજીતભાઈ મં. ગિલીટવાલા** : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીનો પ્રશ્ન છે કે કચ્છ જિલ્લાની જુદી જુદી હસ્તકલા મંડળીઓને કેટલા કેટલા રૂપિયાની સહાય કરવામાં આવી અને આ દરેક સંસ્થામાં સભાસદની સંખ્યા કેટલી હતી?૨૦૦૯માં જે સહાય કરવામાં આવી એમના તાલુકા પ્રમાણે સંસ્થાઓના નામ આપું છું. શ્રી ત્રાપર-૨ મહિલા ભરતગૂંથણ સહકારી મંડળી લિ. એને રૂ.૧,૯૧,૫૫૧/-ની સહાય અને સભાસદોની સંખ્યા ૮૩, ભુજ ૫૨ મહિલા હસ્તકલા ઉત્પાદક સહકારી મંડળી એને રૂ.૧,૦૭,૫૩૦/-ની સહાય અને સભાસદની સંખ્યા ૭૦, કારાઘોઘા મહિલા હસ્તકલા ઉત્પાદક સહકારી મંડળી એને રૂ.૮૦,૪૯૮/- ની સહાય અને સભ્ય સંખ્યા ૬૦, પરમાર્થ મહિલા હસ્તકલા ઉત્પાદક સહકારી મંડળી એને રૂ.૮૪,૭૦૪/-ની સહાય અને એની સભ્ય સંખ્યા ૫૩, ભદ્રકાળી મહિલા ભરતગૂંથણ હસ્તકલા સહકારી મંડળી મોટા કાંદરણા એને રૂ.૧,૦૪,૪૩૦/-ની સહાય કરવામાં આવી છે. એના કારીગરોની સંખ્યા ૬૨ છે. એ જ પ્રમાણે મુંદ્રા તાલુકામાં કુલ કુલ રૂ.૫,૯૪,૪૧૮/-ની સહાય કરવામાં આવી અને માંડવી તાલુકામાં એક જ સંસ્થા છે. ફરારી ભરતગૂંથણ હસ્તકલા સહાકારી મંડળી એને રૂ.૫૮,૮૫૫/-ની સહાય કરવામાં આવી અને એની સભ્ય સંખ્યા છે ૫૩, ભુજ તાલુકામાં વિશ્વાસ ભરતગૂંથણ સહકારી મંડળી ભુજને રૂ.૬૮,૭૪૭/-ની સહાય કરવામાં આવી અને સભ્ય સંખ્યા ૫૦ છે. હંસ નિર્માણ ભરતગૂંથણ હસ્તકલા સહકારી મંડળીને રૂ.૭૫,૬૨૬/-ની સહાય કરવામાં આવી અને અની સભ્ય સંખ્યા છે ૫૦. હવે ૨૦૧૦ની વિગતો આપું તો..

**અધ્યક્ષશ્રી** : ટૂંકમાં જ વિગત આપજો.

**શ્રી રણજીતભાઈ મં. ગિલીટવાળા** : માનનીય અધ્યક્ષશ્રી, મુંદ્રા તાલુકામાં રૂ.૯,૩૨,૧૭૯/-ની સહાય કરવામાં આવી. કુલ સભાસદની સંખ્યા ૩૮૯, માંડવીમાં એક સંસ્થા છે એને રૂ.૧,૦૮,૫૨૫/-ની સહાય કરવામાં આવી છે અને કુલ સભાસદની સંખ્યા ૬૩ છે. ભુજમાં બે સહકારી મંડળીઓને મદદ કરવામાં આવી છે. એમને રૂ.૨,૯૮,૮૭૫/-ની સહાય કરવામાં આવી છે અને કુલ સભ્ય સંખ્યા ૧૦૦ છે. કુલ રૂ.૧૩.૩૯ લાખની સહાય કરવામાં આવી છે. ગયા વર્ષે રૂ.૯.૯૭ લાખની સહાય કરવામાં આવી હતી.

**વાયબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટ સમિટોમાં વીજ કંપનીઓએ કરેલ એમ.ઓ.ય.**

***૨૦૪૨૦ શ્રી ગ્યાસુદીન હ. શેખ(શાહપુર) : માનની મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા)જણાવવા કૃપા કરશે કે-

(૧) સને ૨૦૦૭ અને ૨૦૦૯માં વાયબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર સમિટમાં કઈ કંપનીઓએ વીજ ઉત્પાદન કરવા માટે કેટલી રકમના એમ.ઓ.યુ. કર્યા,

(૨) તે અન્વયે તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ કઈ કંપનીઓ કાર્યાન્વિત થઈ, અને

(૩) આ કંપનીઓ દ્વારા કેટલું વીજ ઉત્પાદન કરવામાં આવેલ છે?

**મુખ્યમંત્રીશ્રી** (ઊર્જા) :

(૧) વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ-૨૦૦૭ અને ૨૦૦૯માં વીજ ઉત્પાદન માટે થયેલા એમ.ઓ.યુ.ની વિગતો અનુક્રમે *પત્રક-૧ અને ૨ મુજબ છે.

(૨) અને (૩) :

કુલ ૧૧૪ પૈકીના ૧૧૨ પ્રોજેક્ટ અમલીકરણના વિવિધ તબક્કે છે અને તેમાંથી ૩ પ્રોજેક્ટ કાર્યાન્વિત થયેલ છે. જ્યારે માત્ર ૨ યોજનાઓ ડેવલપર રસ ન ધરાવતા હોઈ પડતી મૂકવામાં આવેલ છે.

સામાન્યતઃ વિશાળ કદના વીજ મથકો એક આંતર માળખાકીય પ્રોજેક્ટ છે. આમ એક વીજ મથક સ્થાપવા માટે અન્ય માળખાકીય સવલતો જેવી કે, જમીન, રસ્તા, વીજ પ્રવહન, પાણી જેવી સુવિધાઓની વ્યવસ્થા કરવી જરૂરી બને છે. તદઉપરાંત પર્યાવરણ બાંધકામ, વીજ પ્રવહન, માટે પાણીના વપરાશ જેવી વિવિધ પ્રકારની મંજૂરીઓ વગેરે પણ લેવી આવશ્યક છે. તદઉપરાંત ઇંધણની ઉપલબ્ધતા અને ઉત્પાદિત થનાર વીજળીના વેચાણ અંગેના કરારો આખરી કરવાની બાબત સુનિશ્ચિત કરવાની રહે છે. વળી, આ વીજ યોજનાઓ તકનિકી રીતે પણ જટિલ હોઈ, આ યોજના સ્થાપવા તેમજ તેમાંથી ઉત્પાદન મેળવવા માટે, સામાન્યતઃ ૫ થી ૭ વર્ષનો સમયગાળો લાગતો હોય છે. પરંતુ ગુજરાત સરકારના હાકારાત્મક અભિગમને કારણે રાજયમાં વીજ પ્રોજેક્ટનું અમલીકરણ ઝડપથી થાય છે.

કાર્યાન્વિત થયેલ ૩ વીજ યોજનાઓમાંથી તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ ૭૩૧૦.૪૬૭ મિલિયન યુનીટનું વીજ ઉત્પાદન થયેલ છે. (* પત્રક- ૩ મુજબ)

**(* પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે. )**

**શ્રી ગ્યાસુદીન હ. શેખ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી મંત્રીશ્રીને એ પૂછવા માગું છું કે, જે ૩ કંપનીઓ કાર્યાન્વિત થઈ છે એમાં ખરેખર કેટલું મૂડી રોકાણ થયેલ છે અને એમ.ઓ.યુ. કર્યા હતા તે વખતે કેટલું મૂડી રોકાણ કરવાનું હતું?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, વાઈબ્રન્ટ ૨૦૦૭ અને ૨૦૦૯ની અંદર જે એમ.ઓ.યુ. થયા એમાંથી ૨૦૦૭ની અંદર ૧૯ કંપનીઓએ એમ.ઓ.યુ. કર્યા હતા. એમાં ૩ કંપની કમિશન થઈ છે અને બે ડ્રોપ થઈ છે અને ૧૪ કંપનીઓમાં અત્યારે અમલીકરણના સ્ટેજે છે. કુલ ૧૩૩૪૨૯ કરોડની રકમના મૂડી રોકાણના એમ.ઓ.યુ. હતા. એમાંથી ૧૧૭૭૮૯ કરોડના કામ અમલીકરણના નીચે છે. ૫૩૯૦ કરોડના ત્રણ કંપનીઓના કામ કાર્યરત થયા છે અને માત્ર બે પ્રોજેક્ટ રૂ.૧૦૨૫૦ કરોડના કરોડના ડ્રોપ થયા છે અને બાકીના આવતા વર્ષમાં થાય એવી શક્યતા છે.

**અધ્યક્ષશ્રી** : શ્રી શકિતસિંહ, અગાઉ આ પ્રશ્ન ખૂબ ચર્ચાઈ ગયો છે. એટલે ટૂંકમાં જવાબ આપશો.

**શ્રી શક્તિસિંહ હ. ગોહીલ** : માનનીય અધ્યક્ષશ્રી, અગાઉ જે પ્રશ્નનો જવાબ મળ્યો નથી એ જ પ્રશ્નના જવાબની અપેક્ષા રાખું છું. માનનીય સભ્યશ્રીનો બહુ સ્પેસિફિક પ્રશ્ન હતો કે આ ૩ કપંનીઓ જે કાર્યાન્વિત થઈ છે એમાં એમ.ઓ.યુ. વખતે કેટલા રૂપિયાનું મૂડી રોકાણ કરવાનું હતું અને આજે ખરેખર કેટલું મૂડી રોકાણ થયું છે? અદાણી પાવર વિસ્તરણ યોજના મુન્દ્રાનો એમ.ઓ.યુ. વખતે થયેલ અંદાજ રૂ.૪૦૦૦/- કરોડનો હતો. એ જ રીતે આજની તારીખે વાસ્તવિક મૂડી રોકાણ રૂ.૪૦૦૦/- કરોડ છે? આજની તારીખે કેટલું મૂડી રોકાણ તેમાં થયેલ છે? તે સમયે આ ત્રણ કંપનીઓ કેટલો પાવર જનરેટ કરવાની હતી અને આજની તારીખે ખરેખર કેટલો પાવર જનરેટ થાય છે?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ઉતરાણ ગેસ પાવર પ્રોજેક્ટ એ રાજય સરકારની કંપની છે. એણે ૩૬૦ મેગાવોટના એમ.ઓ.યુ. કર્યા હતા અને પ્રપોઝ ઈન્વેસ્ટમેન્ટ રૂ.૧૨૫૦/- કરોડના હતા એની સામે રૂ.૧૩૧૮/- કરોડનું મૂડી રોકાણ કરવામાં આવ્યું છે.

**શ્રી સૌરભ પટેલ** : (અંતરાય) અરે ભઈ ત્રણેયનું બોલું છું, સાંભળો તો ખરા, ધીરજ કેમ ખૂટી જાય છે તમારી, ગુજરાત સ્ટેટ ઈલેકટ્રીક કોર્પોરેશન લીમીટેડમાં ઉતરાણ ખાતે જે એમ.ઓ.યુ. કર્યુ છે એ ૩૦૦ મેગાવોટનું છે, એમની મેં વાત કરી, હવે જે બીજી વાત કરુ છું એ GACL અને વીન્ડ મીલ પાવર પ્રોજેક્ટની ૨૪ મેગાવોટની એની વાત ૧૪૦ની સામે ૧૨૨ અને અદાણી પાવરનું ૧હજાર કરોડની સામે, ૪હજાર કરોડની સામે ૫ હજાર કરોડનું રોકાણ થયું છે.

**શ્રી રાકેશ શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે જ્યાં વાઈબ્રંટ સમિટમાં થયેલા પાવર પ્રોજેકટ સ્થાપવા માટે કેટલા વર્ષો લાગે છે અને એ બાબતે કઈ કઈ કાર્યવાહી કરવાની હોય છે? આ બાબતે કેન્દ્ર સરકારની સાથે ૨૦૦૭માં કેવા એમ.ઓ.યુ. કર્યા અને કોઈ એની વિગત હોય અને એની કોઈ પ્રગતિ થઈ હોય તો માહિતી આપશો.

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે સભ્યશ્રીને જાણ કરવી છે કે કુલ આખા રાજયની અંદર ૨૦૦૭ ની અંદર ૨૫૯૯૪ મેગાવોટના એમ.ઓ.યુ. થયા હતા, એ ૨૫૯૯૪માંથી ૧૨૪૦૦ મેગાવોટના એમ.ઓ.યુ. કેન્દ્ર સરકારે કરવામાં આવ્યા હતા અને કેન્દ્ર સરકારના યુનિયન ટેરીટરી ઓફ દમણે કર્યુ હતું ૧હજાર મેગાવોટનું કરવામાં આવ્યું હતું, એ લોકોને કેન્દ્ર સરકારનું એમ.ઓ.યુ. હોવા છતાં એ લોકોનું હજુ ફયુઅલ ટાઈઅપ કોલસાનું થયું નથી એટલે એ લોકોએ અન્ડર ઈમ્પલીમેન્ટ સ્ટેજની અંદર કોલસાની પ્રગતિ હેઠળ છે. બીજું સૌથી મોટું ન્યુકલીયર પાવર કોર્પોરેશન કાકરાપાળ અને કોસ્ટલ ગુજરાત અલ્ટ્રા મેગાવોટ, ૪હજાર મેગાવોટ એ અને ત્રીજું ન્યુકલીયર પાવર કોર્પોરેશન તળાજા, ભાવનગર, આ ભાવનગરનું ૬હજાર મેગાવોટનું કામ આપણે ઘણા વર્ષોથી જમીન આઈડેન્ટીફીકેશન કરીને બેઠા છીએ કેન્દ્ર સરકારની અંદર બધું પડતર છે, આપણે ત્રણ વિષય ઉપર

ખુલાસો માગ્યો હતો, એક ખુલાસો કે શું ભાવે આપણને વીજળી મળશે, એ વીજળીનો ખુલાસો હજુ શું ભાવે મળશે એ આપ્યું નથી, બીજું એ લોકોએ ખુલાસો કેટલા ટકા વીજળી આપણને આપશે, હમણા જ થોડા સમય પહેલા એ લોકોએ ખુલાસો આપ્યો કે ૫૦ ટકા વીજળી રાજય સરકારને મળશે. અને ત્રીજો આપણે ખુલાસો માગ્યો છે કે ખેડૂતોને માટે એ લોકો કઈ જાતની વ્યવસ્થા કરશે, હજુ સુધી એ નકકી કર્યુ નથી. આ ૬હજાર મેગાવોટનો ન્યુકલીયર પાવર પ્રોજેકટનું અત્યારે કામ ચાલુ છે પણ વર્ષોથી આપણે આ બધી માહિતી માગી છે પણ એમણે એ માહિતી આપણને એકત્રિત કરીને હજુ આપી શકયા નથી, એ નીતિ બનાવીને આપી શકયા નથી. કોસ્ટલ ગુજરાતની અંદર ૪હજાર મેગાવોટમાં આપણે ખૂબ સરસ ઝડપી કામગીરી કરી અને એ ઝડપી કામગીરી કરવાને કારણે આટલા બધા અલ્ટ્રા મેગાવોટ આવ્યા એમાં સૌથી વધુ સ્પીડથી થતું હોય તો એ કોસ્ટલ ગુજરાતનું અલ્ટ્રા મેગાવોટની આજની તારીખમાં કામગીરી ચાલી રહી છે. બાકીની સાસણ હોય કે પછી આંધ્રપ્રદેશની ક્રીષ્ણાપટ્ટમ હોય કે ઝારખંડમાં તીલૈયા હોય આની અંદર LOI આપ્યા પછી પણ આજની તારીખની અંદર ૫૫ મહીના, ૫૮ મહીના, ૬૫ મહીના ૭૫ મહીના પણ કામ શકય થશે નહીં એ પ્રમાણે આજની તારીખમાં દેખાય છે પણ આપણું મુંદ્રાનું છે કોસ્ટલ એ આપણે ૨૦૧૧ની અંદર કાર્યરત થાય એ પ્રમાણે વ્યવસ્થા ગોઠવી છે. ત્રીજો એમણે સવાલ પૂછયો કે કઈ કઈ જાતની કામગીરી કરવી પડે છે, પાવર પ્રોજેકટ નાખવો એ સહેલું નથી આ તો ગુજરાતની અંદર ખૂબ સારી પ્રોએકટીવ પોલીસી છે, એના કારણે આપણે આ નાખી શકયા છીએ બીજા રાજયોની અંદર જુવો તો સૌથી મોટું કામ અગત્યનું લેન્ડ ઈકવીઝેશનનું હોય છે, બીજું એન્વાર્યમેન્ટ કલીયરન્સીસ વધારે અઘરું હોય છે, એન્વાર્યમેન્ટ કલીયરન્સની અંદર ટર્મ ઓફ રેફરન્સ નકકી કરવામાં આવે છે, પબ્લીક હીયરીંગ કરવામાં આવે છે, ફોરેસ્ટ કલીયરન્સ કરવામાં આવે છે અને આના માટે ઘણો સમય નીકળતો હોય છે. ત્રીજું એરપોર્ટ ઓથોરીટીનું કલીયરન્સ લેવું પડે છે, ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડનું અહીંયા લોકલ લેવલ પર પણ લેવું પડે છે, એની રોડ કનેકટીવીટી જોઈએ છે, દરીયાકાંઠાનું હોય તો એને કોલસાની પણ રોડ કનેકટીવીટી જોઈએ છે, પોર્ટની વ્યવસ્થા જોઈએ છે. પાણી ખૂબ વપરાય એટલે એના માટે ડીસેલીનેશન પ્લાન નાખવો કે લોકલ લેવલનું પાણી ઉપલબ્ધ થાય અને સૌથી અગત્યનું કોલસો કયાંથી લાવવો, ગેસ કયાંથી લાવવો, ઈમ્પોર્ટેડ ફયુઅલ રાખવું, આ બધાની વ્યવસ્થા કરવી પડતી હોય છે, આ કર્યા પછી એનું કોસ્ટ પ્રોડકશન નીકળે પછી એને વેચવાની ચિંતા કરવી પડતી હોય છે, આ વેચવાની અંદર પાવર પરચેઝ એગ્રીના બીડમાં ભાગ લેવો પડતો હોય છે કે મર્ચન્ટ બેન્કીંગ તરીકે એને બહાર વેચવા જવો પડતો હોય છે. આ વેચાણ જો એને મંજૂરી મળે તો જ બેન્કર્સ એને પરમીશન આપે છે નહીં તો આટલા મોટા હજારો કરોડના પ્રોજેકટમાં બેન્કર એને પરમીશન આપતા નથી. આ બધી જ કાર્યવાહી આપણે વર્ષોથી સરસ રીતે કરતા આવ્યા છીએ અને એ સફળ થઈ છે, ૨૦૦૩નું વાઈબ્રંટ જુઓ, ૨૦૦૫નું જુઓ, ૨૦૦૭નું જુઓ અને એના કારણે આપણે ગૌરવથી કહી શકીએ છીએ કે આ કાર્યવાહી કરવાના કારણે ગુજરાત આજે સરપ્લસ સ્ટેટ તરીકે આજે દેશની અંદર ગણાય છે.

### ફોરેન્સીક સાયન્સ દ્વારા અન્ય રાજયોને સહાયતા

*** ૨૨૧૯૪ શ્રી નારાયણભાઈ લ. પટેલ(ઉંઝા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે :-

(૧) ગુજરાત રાજયના ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી દ્વારા અન્ય રાજયોને ફોરેન્સિક સહાયતા પૂરી પાડવામાં આવે છે તે હકીકત સાચી છે કે કેમ, અને

(૨) જો હા, તો તા:૩૧/૧૨/૧૦ની સ્થિતિએ વર્ષ ૨૦૧૦-૧૧માં કયા કયા રાજયોને કેટલા કેસોમાં આ સહાય પૂરી પાડવામાં આવી?

**મુખ્યમંત્રીશ્રી (ગૃહ) :**

(૧) હા, જી.

(૧) રાજયની ફોરેન્સીક સાયન્સ લેબોરેટરી આધુનિક, પારદર્શક અને તટસ્થ હોવાને કારણે દેશના અન્ય રાજયો તેમજ કેન્દ્ર સરકારની સી.બી.આઈ., એન.સી.બી., રેલવે કસ્ટમ એકસાઈઝ જેવી સંસ્થાઓ જટીલ અને મુશ્કેલ ગુન્હાઓની તપાસમાં તેની મદદ લે છે.

(૨) વર્ષ ૨૦૧૦-૧૧માં તા:૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ દેશના જે રાજયોને/ કેન્દ્ર સરકારની સંસ્થાઓને સહાયતા પૂરી પાડવામાં આવેલ છે તે કેસોની સંખ્યા નીચે મુજબ છે.

| ક્રમ | રાજયનું નામ | કેસ |
|---|---|---|
| ૧ | નવી દિલ્હી | ૧૫૬ |
| ૨ | જમ્મુ કાશ્મીર | ૧૫ |
| ૩ | મધ્ય પ્રદેશ | ૦૭ |
| ૪ | ઉત્તર પ્રદેશ | ૦૪ |
| ૫ | રાજસ્થાન | ૧૬ |
| ૬ | ઝારખંડ | ૦૩ |

| | | |
|---|---|---|
| ૭ | હિમાચલ પ્રદેશ | ૦૧ |
| ૮ | ગોવા | ૦૫ |
| ૯ | મહારાષ્ટ્ર | ૦૨ |
| ૧૦ | પંજાબ | ૦૪ |
| ૧૧ | હરીયાણા | ૦૭ |
| ૧૨ | તામીલનાડુ | ૦૧ |
| ૧૩ | કર્ણાટક | ૦૬ |
| ૧૪ | ઉત્તરાખંડ | ૦૧ |
| ૧૫ | આંધ્રપ્રદેશ | ૦૧ |
| ૧૬ | આસામ | ૦૧ |
| | (૧) કુલ | ૨૩૦ |
| ક્રમ | કેન્દ્રીય સંસ્થાઓ | કેસો |
| ૧ | આર્મી | ૦૩ |
| ૨ | સી.બી.આઈ. | ૧૦ |
| ૩ | વેસ્ટર્ન રેલ્વે | ૦૩ |
| ૪ | કેન્દ્ર શાસિત પ્રદેશો | ૪૫ |
| ૫ | ઈન્સ્યોરન્સ એજન્સી | ૧૪ |
| ૬ | એરપોર્ટ ઓથોરીટી | ૦૧ |
| ૭ | કેન્દ્રીય તપાસ એજન્સી (અન્ય ) | ૪૨ |
| | (૨) કુલ : | ૧૧૮ |
| | (૧)૧૨૩ અને (૨) નો સરવાળો | ૩૪૮ |

**શ્રી નારાયણભાઈ લ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આ ગુજરાત રાજયની ફોરેન્સીક સાયન્સ લેબોરેટરી એ એટલી આધુનિક છે કે જેથી દિલ્હી જેવા પાટનગર અને બીજા રાજ્યોને ગુજરાતમાં આવવું પડે. તો બીજા રાજ્યોની સરખામણીમાં એવી શું વસ્તુ છે કે જેથી એમને જરૂર પડે અને અહીં આવવું પડે છે? અહીંયા આપ્યા પ્રમાણે ૩૪૮ લોકોએ આપણી એફ.એસ.એલ.નો લાભ લીધો છે. તો હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે ગુનાની તપાસ માટે વપરાતી વિશિષ્ટ પ્રકારની ટેક્નૉલૉજી જે અન્ય રાજ્યોમાં ન હોય એ કઈ કઈ છે અને બીજું કે આટલા બધા બીજા રાજ્યોના લોકોએ લાભ લીધો છે તો એમને કેવા પ્રકારનો સંતોષ થયો?

**શ્રી પ્રફુલભાઈ ખો. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ સારી વાત કરી છે. ગુજરાતની એફ.એસ.એલ. એ દેશમાં એક આગવી પ્રતિભા ધરાવે છે. કદાચ હું માનું છું કે સમગ્ર દેશ માટે આ એક ગૌરવનો વિષય છે. આખા દેશમાં એક માત્ર સંસ્થા છે કે જેને પોતાની આઈડેન્ટીટી હોય. આ એફ.એસ.એલ.માં ઘણા બધા પરીક્ષણો થાય છે. પણ એમાં માનનીય સભ્યશ્રીએ પૂછ્યું કે એમાં કેવા વિશિષ્ટ પરીક્ષણો છે કે જે આપણી એફ.એસ.એલ.માં થાય છે. આ બાબતે જણાવવાનું કે એમાં આમાં વિશેષ કહેવાય એવા ૮-૧૦-૧૨ પ્રકારના પરીક્ષણો છે કે જે આખા દેશમાં ક્યાંય થતા નથી. એકાદ-બે પરીક્ષણો એવા છે કે કદાચ અન્ય રાજ્યોમાં હશે. પણ મોટાભાગે અહીંયા ઈન્વેસ્ટીગેશન થાય છે. એમાંનું એક છે ઓટોમેટેડ ફિંગર પ્રિન્ટ આઈડેન્ટિફિકેશન સિસ્ટમ વીથ ઓન લાઈન ફેસિલિટી આ જે વ્યવસ્થા છે એમાં આજ સુધીમાં ૪.૫ લાખ લોકોની ૪૫ લાખ કરતાં વધુ ફિંગર પ્રિન્ટ કલેક્ટ કરેલ છે. આ ગુના સાથે સંકળાયેલા લોકોની વિગતો એમાં સાંકળી લીધી છે. આપણે શરૂઆત કરી છે એમાં ૧૩ પોલીસ સ્ટેશનો એવા છે કે જેને ઓન લાઈન ફેસિલિટીથી એની સાથે કનેક્ટ કર્યા છે કે જ્યારે કોઈ ગુનો બને અને એમાં ફિંગર પ્રિન્ટના આધારે ઈન્વેસ્ટીગેશન કરવાનું થતું હોય તો ઓન લાઈન ફેસિલિટીના કારણે અનુકૂળતા થતી હોય છે. એ જ પ્રકારે અન્ય રાજ્યોમાંથી ગોમાંસ રાજ્યમાં આવતું હોય છે ત્યારે અનેક સમસ્યાઓ એને ઓળખવા માટે થતી હતી. એના પરીક્ષણ માટે સેમ્પલ ટેસ્ટીંગ થાય અને આખી પ્રક્રિયા ખૂબ જ લેન્ધી પ્રોસેસ હતી. એના કારણે જે કોઈ પ્રકારનું માંસ આવતું હોય એ ફેંકી દેવાનું થતું હોય છે અને બગાડ થતો હતો. આખા દેશમાં પહેલી વખત પ્રયોગ કર્યો છે. ચાર મોબાઈલ વાન આપણે ગુજરાતમાં શરૂ કરી છે અને એના કારણે આજે બહારથી કોઈપણ પ્રકારના ગૌમાંસનો જથ્થો આવતો હોય તો આપણે એનું ત્યાંને ત્યાં સ્થળ ઉપર પરીક્ષણ કરી શકીએ છીએ અને આ ગૌમાંસ છે અથવા અન્ય પ્રકારનું છે તેનો નિર્ણય લઈ શકતા હોઈએ છીએ. એજ પ્રકારે સિગ્નેચર ઈન્ટીગ્રેટેડ બેલેસ્ટિક આઈડેન્ટીફિકેશન સિસ્ટમ કે એમાં જે આર્મ્સ, વેપનમાંથી જે કોઈ બુલેટ છોડવામાં

આવી હોય પીન માર્ક, ચેમ્બર માર્ક એમ વિવિધ પ્રકારના માર્ક ઉપરથી ચોક્કસ ગુનામાં આ પ્રકારનું સાધન વપરાયું છે અથવા બુલેટ વપરાઈ છે કે કેમ એનું પરીક્ષણ કરી શકતા હોઈએ છીએ. કદાચ ચંદીગઢ અને હૈદરાબાદ ખાતે આના માટે કેન્દ્ર સરકાર દ્વારા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. પણ રાજ્યની એફ.એસ.એલ. હોય તો એ ગુજરાતમાં માત્ર અહીંયા જ છે. બ્રેઈન ઈલેક્ટ્રિકલ ઓસિલેશન સિગ્નેચર પ્રોફાઈલીંગ, માત્ર ગુજરાત એવું એક રાજ્ય છે કે જેમાં આ વ્યવસ્થા શરૂ કરેલ છે. એના કારણે આપણને ઘણા બધા ગુનાઓના સંશોધનમાં ઘણી બધી અનુકૂળતાઓ થતી હોય છે. આ જ રીતે ઓડિયો વિડિયો ઓથેન્ટિકેશન સિસ્ટમ રાજ્યમાં એક માત્ર વ્યવસ્થા છે. આખા દેશમાં એક માત્ર ગુજરાત રાજ્ય એવું છે કે આપણી એફ.એસ.એલ.માં આ સુવિધા ઉપલબ્ધ છે. માનનીય અધ્યક્ષશ્રી, એજ પ્રકારે જે કોમ્પ્યુટરાઈઝ બેલેસ્ટીક ડેટા એકવીઝેશન સિસ્ટમ, આ જ્યારે બુલેટપ્રુફ જેકેટ અથવા બુલેટપ્રુફ હૅલ્મેટનું જ્યારે પરીક્ષણ કરવાની પરિસ્થિતિનું નિમાર્ણ થતું હતું ત્યારે આપણે ઘણો લાંબો સમય સુધી એની રાહ જોવી પડતી હતી એને આ ફેસેલિટી માત્ર ચંદીગઢમાં એક જગ્યાએ છે. ચંદીગઢમાં જ્યારે આ પ્રકારના બુલેટપ્રુફ જેકેટ કે હૅલ્મેટનું પરીક્ષણ કરાવવા જતા હતા ત્યારે ઘણો લાંબો સમય સુધી એની રાહ જોવી પડતી પણ હું માનું છું કે આ ગુજરાતમાં એક માત્ર સ્ટેટ લેવલની જે FSL છે એમાં આ ફેસેલિટિ આપણને અવેલેબલ થવાના કારણે માત્ર રાજ્યના નહિ પણ અન્ય રાજ્યના બુલેટપ્રુફ જેકેટ અને હૅલ્મેટના પરીક્ષણ આપણે આ રાજ્યમાં કરી શકીએ છીએ.

**અધ્યક્ષશ્રી** : ટૂંકમાં જવાબ આપો, પ્લીઝ.

**શ્રી પ્રફુલભાઈ ખો. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, વિગતમાં એમણે FSL ની સુવિધાઓ છે એ અંગે પૂછયું છે એટલા માટે કહું છું. એજ પ્રકારે મોબાઈલના (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : એવું હોય તો સદસ્યશ્રીને આપ વિગત પહોંચાડી દેજો.

**શ્રી પ્રફુલભાઈ ખો. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, એ જ પ્રકારે મોબાઈલના સીમકાર્ડ હોય, મોબાઈલના સીમકાર્ડ ૮૦ % સુધી તૂટી ગયા હોય તેમ છતાં પણ એનું ઓબ્ઝર્વેશન (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : ટૂંકમાં જવાબ આપી દેજો.

**શ્રી પ્રફુલભાઈ ખો. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, એજ પ્રકારે હાર્ડડિસ્ક હોય એ ૮૦ % સુધી તૂટી ગયા હોય તો પણ એનું પરીક્ષણ આપણે હાથ ધરી શકતા હોઈએ છીએ. રાજ્યની ઓળખ જે થઈ છે સિંહ છે એમાં થોડાક વર્ષ પહેલા એના અપમૃત્યુ થયા હતા એના કારણે રાજ્યે એક આગવી વ્યવસ્થા વિકસાવી છે. એ વાઈલ્ડ લાઈફ ઈન્વેસ્ટીગેશન માટેની અદ્યતન વ્યવસ્થા માત્ર રાજ્યમાં જો ઉપલબ્ધ હોય તો આપણે ગુજરાતમાં FSLમાં જ ઉપલબ્ધ છે. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સદસ્યશ્રીએ જે પૂછયું કે એવી કયા પ્રકારની વિશિષ્ટ ઘટનાઓ છે કે જેમાં આપણે સ્ટેટ FSL એ એકઝામીનેશન કર્યુ હોય તો આરૂષી મર્ડર કેસની બાબતને લાગે વળગે છે ત્યાં સુધી એનું ઈન્વેસ્ટીગેશન અહીંયા થઈ રહ્યું છે. એજ પ્રકારે વારાણસી બૉમ્બ બ્લાસ્ટની વાત છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી આપ ટૂંકમાં જવાબ આપી દો. કાં પછી સભ્યશ્રીને આપી દો.(અંતરાય) સાત મિનિટ પ્રશ્નમાં થઈ ગઈ છે.

**શ્રી પ્રફુલભાઈ ખો. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આવા લગભગ ઘણા કિસ્સાઓ છે.(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : ટૂંકમાં જવાબ આપી દો.

**શ્રી પ્રફુલભાઈ ખો. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આવા ઘણા કિસ્સાઓ છે કે જેનું ઈન્વેસ્ટીગેશન આ સ્ટેટમાં થયેલું છે કે જે ચર્ચાસ્પદ કિસ્સાઓ છે એનું ઈન્વેસ્ટીગેશન અહીંયા થયેલું છે. CWC નું જે કૉમન વેલ્થ ગેમ્સમાં હતું એનું ઈન્વેસ્ટીગેશન પણ અહીંયા સ્ટેટ FSL મારફત થઈ રહ્યું છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, પ્રાન્તીય FSLને મજબૂત કરવા માટે કેન્દ્ર સરકારે પણ મોર્ડનાઈઝેશનના અને રાજ્ય સરકારે કરીને આપણી FSL બનાવી છે. મારો પ્રશ્ન માત્ર એટલો છે કે ઑટોમૅટીક આઈડેન્ટીફિકેશન સિસ્ટમ આપણે અહીંયા ઊભી કરી, એના પર ૧.૮૭ કરોડ રૂપિયાનો ખર્ચ કર્યા પછી ઓન લાઈન આ વ્યવસ્થા નહિ આપી શકવાના કારણે FSLની કામગીરી નબળી હોવાની ટીકા થઈ છે એ વાત ખરી છે? એક. અને આપણે જ્યારે FSLને આટલા નાણા આપીએ છીએ એ સંદર્ભમાં ૨૦૦૩ માં બાકી કેસો ૨,૦૨,૦૫૯ હતા અને શું એ વાત ખરી છે કે ૨૦૦૮ માં ફિંગર પ્રિન્ટ બ્યુરો અમદાવાદ પાસે બાકી રહેતા કેસોની સંખ્યા ૭,૩૭,૪૬૦ જેટલી થઈ ગઈ છે?

**શ્રી પ્રફુલભાઈ ખો. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ જે એમણે ફિંગર પ્રિન્ટ ડેટાની વાત કરી છે ત્યાં સુધી હું માનનીય સદસ્યશ્રીને જણાવવા માગુ છું કે લગભગ સાડા ચાર (અંતરાય) શકિતભાઈ આપે(અંતરાય) એક મિનિટ.

**અધ્યક્ષશ્રી** : ટૂંકમાં જવાબ આપો,

**શ્રી પ્રફુલભાઈ ખો. પટેલ** : શકિતભાઈ અગાઉ પણ કહ્યું હતું એ વખતે પણ મેં સ્પષ્ટતા કરી હતી અને આજે પણ કહું છું કે આપણે લગભગ સાડા ચાર લાખ લોકોના ૪૫ લાખ ફિંગર પ્રિન્ટનો રેકૉર્ડ આપણી પાસે છે. એના ગુનાઓની વિગત પણ આપણી પાસે છે. ઓન લાઈનને જ્યાં સુધી લાગે વળગે છે ત્યાં સુધી દરેક પોલીસ સ્ટેશનનું અત્યારે આપણે ઓન લાઈન ફેસેલિટી એવેલેબલ કરી છે. દરેક જિલ્લાની અંદર આપણે એક એક લેપટોપ પણ આપેલું છે. આવનાર દિવસોમાં ઓન લાઈન ફેસેલિટી બધી જગ્યાએ કરવા માટેનો રાજ્ય સરકારે નિર્ધાર

કરેલો છે અને શિકિતભાઈ આપે જે વાત કરી છે એમાં હું આપને ફરીથી યાદ કરાવું છું કે આપે જે વાત કરી હતી ગઈ વખતે એ પૂરેપૂરી ક્ષમતાથી નથી કામ કરી શકતી એના સંદર્ભમાં જે મેં ટેબલ કરવાની વાત કરી હતી એ વિગતો મેં ટેબલ કરી દીધેલી છે.

**શ્રી શિરિષકુમાર મ. શુકલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગુ છું કે આ FSL લૅબૉરેટરી પાસે છેલ્લા ૩ વર્ષમાં સાયબર ક્રાઈમને લગતા કેટલા ગુનાઓ ડિટેકટ કરવામાં આવ્યાં હતાં?

**શ્રી પ્રફુલભાઈ ખો. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, એવા વ્યકિતગત રીતે સાયબર ક્રાઇમને લગતા એકઝેક એવા ગુનાઓનીની મારી પાસે ડિટેઈલ નથી, એમને વ્યકિતગત જોઈતી હશે તો હું ચોક્કસ પૂરા પાડી દઈશ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, આ બ્રેઈન મેપીંગ માટે બહાર ન જવું પડે એની આગોતરી વ્યવસ્થા સરકારે કરી એટલે હું પણ માનનીય મંત્રીશ્રીને અભિનંદન આપું છું.

**અધ્યક્ષશ્રી** : હવે આપ અભિનંદન આપો છો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : હા જી. હું મારા પ્રશ્ન ઉપર આવું છું.(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : આપ સીધા પ્રશ્ન ઉપર હવે આવી જાઓ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : હવે પ્રશ્ન ઉપર આવું છું, માનનીય મંત્રીશ્રીને હું પૂછવા માગુ છું કે, (અંતરાય) અરે ભાઈ, તમે કોઈક દિવસ લાખ-લાખ, કરોડ-કરોડ, અબજો-અબજો આપો છો તો એકાદ અભિનંદન અમને આપવા દોને, અને શું કામ આપ્યા છે એ સમજી ગયા એટલે ચિંતા નહીં કરતા. માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રશ્ન ઉપર આવું છું મારો પ્રશ્ન, એ છે કે, માનનીય મંત્રીશ્રીએ કહ્યું એ પ્રમાણે આપણી જે એફ.એસ.એલ. જે એની વિશ્વસનીયતા ખૂબ ઊંચી છે. પણ મારે માનનીય મંત્રીશ્રીને પૂછવું છે કે, હમણાં થોડાક સમય પહેલાં જ આ એફ.એસ.એલ. ઉપર એક દરોડો પડ્યો હતો એ વાત સાચી છે ? અને આ દરોડામાં અમુક પ્રકારના દસ્તાવેજો છે એ દસ્તાવેજો એફ.એસ.એલે. પોતાની પાસે રાખી મૂક્યા હતા અને આપ્યા નહતા અને એ માટે એફ.એસ.એલ.ના અધિકારીઓએ એ સ્પેશિયલ ઇન્વૅસ્ટીગેશન ટીમ સામે જવું પડ્યું હતું એ વાત સાચી છે કે નહીં એ માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું ?

**શ્રી પ્રફુલભાઈ ખો. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, પહેલી વાત તો અર્જુનભાઈએ રાજય સરકારને સામે પાટલીએથી અભિનંદન આપ્યા છે એ અમારા માટે પણ આનંદનો વિષય છે. એમનો બીજો પ્રશ્ન છે કે, એફ.એસ.એલ. ઉપર રેડ થઈ વગેરે. માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય સદસ્યશ્રીને વિનંતીસર જણાવવું છે કે, નામદાર હાઈ-કોર્ટના સીધી સૂચના મુજબ આ કેસનું ઇન્વૅસ્ટીગેશન એસ.આઈ.ટી. ધ્વારા થઈ રહ્યું છે અને આખીય પ્રક્રિયા ઑન લાઈન ઇન્વૅસ્ટીગેશન હોઈ ઑન-ગોઈંગ છે એટલે આ સંદર્ભમાં આ વિષયની ચર્ચા કરવી અહીંયા આસ્થાને છે, આ વિષયની ચર્ચા કરવી અસ્થાને છે.

## નર્મદા યોજના અંતર્ગત વિરમગામ, દેત્રોજ અને માંડલ નહેરોની કામગીરી.

***૨૨૧૮૭શ્રી કમાભાઈ ગ. રાઠોડ(વિરમગામ)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) નર્મદા યોજના અંતગર્ત અમદાવાદ જિલ્લાના વિરમગામ, દેત્રોજ અને માંડલ તાલુકામાં નહેરોની કામગીરી તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ કયા તબક્કે છે,

(૨) આ કામગીરી ક્યારે પૂર્ણ થનાર છે, અને

(૩) કેટલા વિસ્તારને તેની સિંચાઈનો લાભ મળશે?

**મુખ્ય મંત્રીશ્રી (નર્મદા) :**

(૧) અને (૨) અમદાવાદ જિલ્લાના વિરમગામ, દેત્રોજ અને માંડલ તાલુકામાં તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ મુખ્ય નહેર અને શાખા નહેરના કામો પૂર્ણ થયેલ છે. વિશાખા અને માઈનોર નહેરોના રૂા. ૨૭૭.૯૨ કરોડના કામો જુદા જુદા તબક્કે અમલમાં છે જે વહેલી તકે પૂર્ણ કરવાનું આયોજન છે.

(૨) ૨.૬૨,૯૧૨ એકર વિસ્તારને સિંચાઈનો લાભ મળશે.

**શ્રી કમાભાઈ ગ. રાઠોડ** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની આ જીવાદોરી સમાન નર્મદા યોજનાના પાણી ગુજરાતના દરેક ખેડૂતના ખેતરને પહોંચાડવા માટે આ રાજયના મુખ્ય મંત્રીશ્રી જ્યારે આતુર બન્યા હોઈ એવા વખતે હું આ રાજય સરકારને લાખ લાખ અભિનંદન આપું છું. નર્મદા યોજના અંતર્ગત અમદાવાદ જિલ્લાના વિરમગામ, દેત્રોજ અને માંડલ તાલુકામાં નહેરોની કામગીરી તા. ૩૧-૧૨-૨૦૦૦ની સ્થિતિએ કયા તબક્કે છે અને નર્મદા યોજના અંતર્ગત અમદાવાદ જિલ્લાના કેટલા વિસ્તારોને સિંચાઈ હેઠળ સમાવવામાં આવેલ છે અને કુલ કેટલા અને કયા કયા તાલુકાને લાભ મળનાર છે ?

મારો ત્રીજો પ્રશ્ન વિરમગામ તાલુકામાં કુલ કેટલી વિશાખા નહેરોની કામગીરી થાય છે અને આ કામગીરી કયા તબક્કે છે ?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદ જિલ્લાનો માનનીય સભ્યશ્રીએ જે પહેલો શ્રી કમાભાઈએ પ્રશ્ન પૂછયો કે કેટલા વિસ્તારને સિંચાઈનો લાભ મળવાનો છે નર્મદાના પાણીનો ? તો અમદાવાદ જિલ્લામાં ૮,૦૨,૬૩૭ એકરમાં નર્મદાના પાણીનો લાભ મળવાનો છે.

માનનીય સભ્યશ્રીએ બીજો જે પ્રશ્ન પૂછયો કે, આ પૈકી વિરમગામ તાલુકામાં કેટલો લાભ મળવાનો છે ? તો વિરમગામમાં જે કેનાલોનો એમણે જે પ્રશ્ન પૂછયો કે વિશાખા નહેરોની લંબાઈ કેટલી છે ? તો વિશાખા નહેરોની લંબાઈ ૧૧૨ કિલોમીટર જેટલી છે એટલે આ પ્રમાણે વિરમગામના વિસ્તારોમાં કુલ જે કમાન્ડ વિસ્તાર આવવાનો છે એ ૧,૦૯,૫૮૮ એકર આ વિરમગામ તાલુકામાં આવવાનો છે. અમદાવાદ જિલ્લામાં કુલ ૮,૦૨,૬૩૭ એકરને લાભ મળનાર છે.

**શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે દેત્રોજ અને માંડલ તાલુકાના કેટલા વિસ્તારને સિંચાઈ હેઠળ સમાવેલ છે અને આ બંને તાલુકાની અંદર માઈનોર શાખાના નવા કામ હાથ ધરવાનું આયોજન છે તે કામગીરી કયા તબકકે છે?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, દેત્રોજ તાલુકામાં ૫૭૪૬૬ એકર અને માંડલ તાલુકામાં ૯૫૮૫૭ એકર વિસ્તારને લાભ મળવાનો છે. આ માટેના કામો જુદાજુદા તબકકે હાથ ઉપર લીધેલા છે અને ગોરૈયા, ખારાઘોડા, ઝીંઝુવાડા આ કેનાલો જે માંડલ તાલુકાને લાભ આપનાર છે એના કામો ચાલુ છે. દેત્રોજમાં કુલ ૧૨ વિશાખા નહેરોની કામગીરી કરવાની છે. જેમાં ત્રણની કામગીરી પૂર્ણ થઈ ગઈ છે. ૯ વિશાખા નહેરોનું કામ પ્રગતિમાં છે. આ વિસ્તારમાં ૬૮૭૮લાખના ૨૦ કામો વિરમગામ, દેત્રોજ અને માંડલ તાલુકામાં વિશાખા અને માઈનોર કેનાલના પ્રગતિ હેઠળ છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, નહેરોનું કામ જેમાં આપણે કોઈની મંજૂરી લેવાની જરૂર નથી. પર્યાવરણ વિભાગની કે કોઈની આપણે પૂરા કરવાના કામો છે. ૧૧૦ મીટર હાઈટ થાય એટલે ઓટોમેટીક પાણી ડાયવર્ઝન થઈ શકે એવી પરિસ્થિતિ નિર્માણ થઈ છે. એ હાઈટે આપણે ઓલરેડી પહોંચી ચુકયા છીએ ત્યારે અગાઉનું આયોજન, જે નર્મદામાં આપણે એક પ્લાનીંગ કરતા હોઈએ છીએ કે આ વર્ષમાં આટલું નહેરોનું કામ અમે પૂર્ણ કરીશું. ઓરીજીનલ પ્લાનીંગ પ્રમાણે લગભગ ૨૦૦૩-૦૪માં આ કામો પૂર્ણ થઈ જવા જોઈતા હતા. આપે જે રીવાઈઝ પ્લાનીંગ કર્યું હશે. નાણાકીય મુશ્કેલી કે જે આપના કારણો હોઈ શકે. મારે માત્ર એટલું જાણવું છે કે ૨૬૨૯૧૨ વિસ્તારને અમદાવાદ જિલ્લાના જે કમાન્ડ એરીયા છે આપના પ્લાનીંગ મુજબ કયા વર્ષમાં આ નહેરોનું કામ પૂર્ણ થઈને આ ટોટલ કમાન્ડ એરીયા પિયતમાં કયા વર્ષમાં આવે એવું આપનું પ્લાનીંગ છે?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ ખૂબ સાચો પ્રશ્ન પૂછયો છે. એક વાત હું એમને સ્પષ્ટ કરવા માગું છું કે નર્મદા યોજના અને એના અનેક વિઘ્નોની સામે સામે આપણે જે કામ આગળ વધાર્યું એમાં સૌથી અગત્યનું કામ અહીંયા બજેટ ચર્ચા વખતે પણ મેં આ વાત કરેલી કે જમીન સંપાદન એ ખૂબ મહત્વનું પાસું છે. ખેડૂતો પાસેથી જમીન મેળવવી, એ જમીનનું વળતર આપવું, એના કામો અત્યારે મોટા પ્રમાણમાં ચાલુ છે. માનનીય મહેસૂલ મંત્રીશ્રીના અધ્યક્ષસ્થાન નીચે (અંતરાય) હું જવાબ ઉપર આવું છું. થોડી ધીરજ રાખો શકિતભાઈ, બધામાં ધીરજ રાખવી પડે. બીજી તો બહુ જ લાંબી ધીરજ રાખવાની છે. એમણે કહયું તમારે, સરકારને શું પ્રશ્નો છે. સરકારને કોઈ જ પ્રશ્ન નથી. જે પ્રશ્ન છે એ રાજય માટેનો છે કારણકે જમીન સંપાદનની પ્રક્રિયા એ ખેડૂતોને સમજાવટથી એમની પાસેથી લેવાનું છે અને ૨૦૧૩-૧૪માં સમગ્ર વિસ્તારમાં નર્મદાનું પાણી છેક ખેતર સુધી પહોંચાડવાનું સંપૂર્ણ આયોજન છે.

## ગીરના જંગલોમાં ગેરકાયદે ખનીજ ખોદકામ

*** ૨૦૯૭૧ શ્રી બાવકુભાઈ ના. ઉંધાડ(બાબરા)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧/૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગીરના રક્ષીત જંગલોમાં ગેરકાયદેસર ખનીજ ખોદાણ થાય છે તેવી કેટલીક ફરિયાદો રાજય સરકારને મળી છે, અને

(૨) મળેલ ફરિયાદો અન્વયે સરકારે શાં પગલાં લીધાં?

**મુખ્યમંત્રીશ્રી** :

(૧) તા. ૩૧/૧/૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગીરના રક્ષીત જંગલમાં ગેરકાયદેસર ખનીજ ખોદાણ થાય છે તેવી કોઈ ફરિયાદ રાજય સરકારને મળી નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી બાવકુભાઈ ના. ઉંધાડ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ મને જવાબ આપ્યો છે કે એક પણ ફરિયાદ મળેલ નથી તો હું સમજું છું કે એક પણ ફરિયાદ મળેલ નથી. શા માટે મળેલ નથી? કારણકે ફરિયાદ મળે તો એના ખુન થાય.

**અધ્યક્ષશ્રી** : આપ સીધા પ્રશ્ન ઉપર આવી જાવ. શું જાણવા માગો છો એ પ્રશ્ન ઉપર આવી જાવ.

**શ્રી બાવકુભાઈ ના. ઉંધાડ** : સાહેબ, અમાં ફરિયાદ નથી મળી. અમિત જેઠવા નામની વ્યકિતનું આ જ પ્રશ્નથી, આ જ બાબતમાં ખુન થયું ત્યારે હું માનનીય મંત્રીશ્રી પાસેથી એટલું જાણવા માગું છું એમણે જવાબમાં આપ્યું છે કે આવી કોઈ ફરિયાદ નથી મળી એટલે પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. મને જે માહિતી મળી છે કે પીંછડી ગામ જે કોડીનારનું છે ત્યાં સોમનાથ સ્ટોન ક્રસર છે. એ ૨૦ વર્ષથી બીનકાયદેસર ચાલતો હતો અને આ અમિત જેઠવાનું ખુન થયા પછી આ સ્ટોન ક્રસર બંધ થઈ ગયો અને આપણું જે ગીરનું જંગલ છે એની પેરીફેરી જે આપણો

નિયમ છે કે બોર્ડરથી આટલા કિલોમીટર સુધી આ કામ કરી શકાય નહીં અને છતાં મને જવાબ આપવામાં આવ્યો છે કે એક પણ ફરિયાદ થઈ નથી ત્યારે ઉના તાલુકાનો પણ એક પ્રશ્ન છે એ પણ હું જાણવા માગું છું કે કંસારીયામાં ત્રણ વખત કેસ થયેલા, દંડ થયેલો અને કલેકટરે પી.જી.બી.સી.એલ.ને સૂચના આપી કે આના કનેકશનો કાપી નાખો. આ વાત સાચી છે કે નહીં એ જાણવા માગું છું અને હાલ અત્યારે કોડીનારના અરિઠીયા અને પ્રિથ્વી. (અંતરાય)
જે ગીરનો પ્રશ્ન છે એ ગીરના બૉર્ડરની અંદર આવતા પેરીફરી ગામની વાત કરવા માગું છું.

**અધ્યક્ષશ્રી** : ગીરના જંગલ પૂરતી વાત છે.

**શ્રી બાવકુભાઈ ના. ઉંધાડ** : જૂનાગઢ જિલ્લામાં ગીર આવ્યું છે.

**અધ્યક્ષશ્રી** : આપ ટૂંકમાં પૂછી લો. પ્લીઝ. રક્ષિત જંગલ પૂરતા પ્રશ્નનો મંત્રીશ્રી જવાબ આપશે.

**શ્રી બાવકુભાઈ ના. ઉંધાડ** : માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગું છું ત્યાં અત્યારે જે સ્ટોન ક્રસરો બીન કાયદેસર ચાલે છે આ સ્ટોન ક્રસરો એના પેરીફેરી એરિયામાં આવે છે, તે બંધ કરવા માગે છે કે નહિ?

**શ્રી સૌરભ પટેલ** : મારે ખૂબ હોંશિયાર સભ્યશ્રીને એમના સવાલ વિષે માહિતી આપવી છે. એમણે સવાલ પૂછ્યો છે કે ગીરના રક્ષિત જંગલોમાં ગેરકાયદેસર ખનીજ ખોદાણ થાય છે કે કેમ? એ જંગલ પ્રોટેકટેડ એરિયા શું એ એમને ખ્યાલ હોવો જોઈએ. આ વિષય પ્રોટેકટેડ એરિયા માટેનો છે. આ પ્રોટેકટેડ એરિયા વિષે આજની તારીખમાં પ્રોટેકટેડ એરિયાની અંદર હું સ્પષ્ટ કહું છું (અંતરાય) અરે ભાઈ સાંભળો જવાબ. પ્રોટેકટેડ એરિયા ઈન્ડિયન ફૉરેસ્ટ એકટ ૧૯૮૦ ની અંદર એના નોટિફિકેશન જે થયેલા છે, એ આધારે એમના નીચે કબજો છે. આ સવાલમાં એક પણ કામ રક્ષિત જંગલની અંદર ગેરકાયદેસર થયું નથી. એમણે જે કોઈ સવાલ પૂછવો હોય તે બીજી નોટિસ આપે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, રક્ષિત જંગલની રક્ષા તો કેન્દ્ર અને રાજ્યના વન વિભાગે બંનેએ કરવાની હોય છે અને થાય. માનનીય સભ્યશ્રીએ એમના પ્રશ્નના પ્રીએમ્બલમાં જે વાત કરી છે, ત્યારે હું માનનીય મંત્રીશ્રી પાસેથી એટલું જાણવા માગું છું જે ગેરકાયદેસર ખાણ ખનન થાય છે. રક્ષિત જંગલ કે પેરીફરીમાં સ્પેસિફિક માહિતી છે એને પ્રોટેકટ કરવા માગો છો કે એની સામે પગલાં લેવાં માગો છો?

**શ્રી સૌરભ પટેલ** : આ સરકારે ઘણાં પગલાં લીધાં છે, પણ આ સવાલના સ્કોપમાં આવતો નથી. તમારે જે કઈ હોય તો મને પ્રશ્ન લખજો. હું તમને કેટલા પગલાં લીધાં બધું કહીશ. આ રક્ષિતમાં આવતું નથી, એટલે બીજી નોટિસ આપવા હું વિરોધ પક્ષના નેતાને વિનંતી કરું છું.

## ગાંધીનગર જિલ્લામાં પ્રજા અને પોલીસ વચ્ચે યોજવામાં આવેલ લોકદરબાર

*** ૨૨૧૪૦ શ્રી શંભુજી ઠાકોર(ગાંધીનગર)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે :

(૧) પ્રજા અને પોલીસ વચ્ચે સહકાર અને વિશ્વાસ વધે તે માટે સમયાંતરે સ્થાનિક કક્ષાએ લોકદરબાર યોજવા માટે સરકારે સૂચનાઓ આપી હોવાની હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો વર્ષ-૨૦૧૦માં ગાંધીનગર જિલ્લામાં કેટલા લોકદરબાર યોજવામાં આવ્યા, અને તેની વિગતો શી છે?

**મુખ્યમંત્રીશ્રી (ગૃહ) :**

(૧) હા, જી.

(૨) વર્ષ-૨૦૧૦માં ગાંધીનગર જિલ્લામાં કુલ ૧૨૧ લોકદરબાર યોજવામાં આવ્યા.

લોકદરબારમાં કરવામાં આવતી રજૂઆતોની વિગતોમાં પોલીસ ખાતાને લગતી રજૂઆતોનો નિકાલ કરવામાં આવે છે, જ્યારે અન્ય વિભાગોને લગતી રજૂઆતો જે તે વિભાગને મોકલી આપવામાં આવે છે. ઉપરાંત, સંબંધિત વિભાગને લેખિત રજૂઆત કરવા અરજદારને સમજ પણ આપવામાં આવે છે.

**શ્રી પ્રફુલભાઈ ખો. પટેલ** : જવાબમાં નાનકડો સુધારો છે ૧૨૧ ના બદલે ૧૪૬ વાંચવાનું રહેશે.

**શ્રી શંભુજી ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે વર્ષ-૨૦૧૦ ના લોકદરબારમાં કેટલા પ્રશ્નો આવ્યા, તેમાંથી કેટલા પ્રશ્નોનો નિકાલ થયો અને કેટલા પ્રશ્નો પડતર છે અને આ લોકદરબાર યોજવાથી પોલીસ અને પ્રજાને શું ફાયદા થાય છે?

**શ્રી પ્રફુલભાઈ ખો. પટેલ** :સૌ પ્રથમ તો ચોક્કસ જણાવતાં આનંદ થાય છે કે આ રાજ્ય સરકાર અને આદરણીય મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વમાં એક નવતર પ્રયોગ કર્યો છે. પ્રજાના લોકોને અહી સુધી ન આવવું પડે, એમના પ્રશ્નોનું નિરાકરણ એમને ત્યાં જ થઈ જાય, જે પ્રમાણે તાલુકામાં થાય એ રીતે પહેલ કરી કરી અને ૨૦૦૩ થી લોકદરબારનું આયોજન કર્યુ છે અને માનનીય સભ્યશ્રીએ પૂછ્યું એ પ્રમાણે વર્ષ-૨૦૧૦ માં કુલ કેટલા લોકદરબાર

યોજાયા એનો જવાબ મેં આપ્યો છે એમાં કુલ કેટલા પ્રશ્નો મળ્યા? કેટલા નિકાલ થયા? તો આમાં કુલ ૧૮૨ પ્રશ્નો મળ્યા હતા અને તમામે તમામ પ્રશ્નોના નિકાલ થઈ ગયા છે. કોઈપણ પ્રશ્ન પેન્ડિંગ રહેતો નથી. માનનીય સભ્યશ્રીએ બીજી વાત કરી છે કે આ લોકદરબાર યોજવાના કારણે પોલસ અને પ્રજાને શું ફાયદો થયો? તો લોકદરબાર યોજવાના કારણે સૌથી પહેલો ફાયદો પોલીસ અને પ્રજાની વચ્ચે ગેપ છે એ ગેપ પુરવામાં ખૂબ મોટી સફળતા પ્રાપ્ત થઈ છે. આ લોકદરબાર યોજવાના કારણે ગામના આગેવાનો સાથે વિવિધ પ્રકારના ગુનાઓ જેવા કે ચોરી એમાં વાહન ચોરી અંગેની પ્રજાને જાણકારી આપવાથી ગુનાઓ ઘટાડી શકાય છે. કોઈ અજાણ્યો ઈસમ ગામમાં આવ્યો હોય તો તેના ઉપર વોચ રાખીને ઓ.પી. અને બીટ જમાદારને જાણ કરવાની સૂચનાઓ આપી શકાય છે. લોકદરબારમાં અન્ય ખાતાઓના પ્રશ્નો આવતા હોય છે. જે તે વિભાગને મોકલી આપતા હોય છે અને એનો નિકાલ પણ થતો હોય છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રકારે પ્રજા અને પોલીસ વચ્ચેની મુશ્કેલીઓ એકબીજા સરળતાથી સમજી શકે અને પોલીસ પ્રજાનો મિત્ર છે તેવો અહેસાસ થાય અને ગામના લોકોમાં ચોકકસ એક પ્રકારે વિશ્વાસનું વાતાવરણ ઉભું થાય છે. ગામમાં ચાલતી નાની મોટી જે કોઈ બદીઓ હોય છે તેની યુવાનો દ્વારા પોલીસને બાતમી મળતી હોય છે અને તેના આધારે આ પ્રવૃત્તિઓ ઉપર આપણે અંકુશ લાવતા હોઈએ છીએ. આના કારણે ગામમાં જે કંઈ દૂષણો છે તેને આપણે નાબૂદ કરી શકતા હોઈએ છીએ. ગામમાં વિશેષ કરીને જે મિલકતના ઝગડા ચાલતા હોય છે તેમાં આ રજૂઆતો મળવાને કારણે, આ લોક દરબાર થવાના કારણે આ ઝગડાઓનું સારી રીતે અને સરળતાથી નિરાકરણ થતું હોય છે. ગામના લોકો દ્વારા ગામના નાસતા ફરતા ગુનેગારો હોય તે ગુનેગારોની માહિતી મેળવવામાં પણ ખૂબ સારી એવી સરળતા અને અનુકૂળતા રહેતી હોય છે. લોક દરબારના માધ્યમના કારણે બહારથી જે ઈસમો આવતા હોય તેની માહિતી પોલીસ સુધી સારી રીતે, સરળતાથી પ્રાપ્ત થઈ શકવાના કારણે બનતા ગુનાઓ આપણે અટકાવી શકતા હોઈએ છીએ.

**શ્રી કલ્યાણસિંહ દે. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, ગાંધીનગર જિલ્લામાં ૧૨૧ લોક દરબાર યોજવામાં આવ્યા છે. આ લોક દરબારમાં જુદા જુદા ગુનાઓ અટકાવવા માટે માર્ગદર્શન આપવામાં આવ્યું છે કે કેમ? માર્ગદર્શન જો આપવામાં આવ્યું હોય તો કયા પ્રકારનું માર્ગદર્શન આપવામાં આવ્યું છે?

**શ્રી પ્રફુલભાઈ ખો. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ લોક દરબારમાં જે તે સંવર્ગના અધિકારી જતા હોય છે અને તેમાં વાસ્તવિક ઘણા લોકોને ખ્યાલ આવે તેવી ચર્ચાઓ થતી હોય છે. તેનું માર્ગદર્શન આપવામાં આવતું હોય છે. તેમાં ઘણી બાબતો સાંકળી લીધેલી છે. નાની નાની બાબતો છે. જેના કારણે ગુના નિવારણની બાબતમાં ઘ ણી બધી અનુકૂળતા અને સાનુકૂળતા થતી હોય છે. વાતો ખૂબ નાની હોય પણ સારી હોય છે. ગામના વ્યકિત જ્યારે બહારગામ જાય, લાંબા સમય સુધી જાય ત્યારે પોલીસને જાણ કરીને જાય કે જેના કારણે ચોરીના ગુના બનતા હોય તો તેને અટકાવી શકાય છે. વાત બહું નાની છે, પણ તેના કારણે ઘણો મોટો ફાયદો થાય છે. બીજી વાત કે ટ્રાફિક અંગેની જાણકારી આપવાની હોય, હૅલ્મેટ પહેરવું જોઈએ, સીટ બેલ્ટ બાંધવો જોઈએ, રોંગ સાઈડ વાહન ન ચલાવવું જોઈએ તેમજ ટ્રાફિકને અડચણરૂપ થાય તે પ્રકારે વાહન પાર્કિંગ ન કરવા જોઈએ આવી નાની નાની બાબતોનું માર્ગ દર્શ આપવામાં આવતું હોય છે. ગામમાં કોઈ અજાણ્યો ઈસમ કે વ્યકિત આવતો હોય તો તાત્કાલિક નજીકના પોલીસ સ્ટેશને જાણ કરવી જેના કારણે ગુનો બનતો હોય તો તેને અટકાવી શકાય છે. ઘરફોડ ચોરીના બનતા બનાવો અટકાવવા માટે કોઈ વ્યકિત લાંબો સમય બહાર જાય તો નજીકના પોલીસ સ્ટેશનમાં જાણ કરવી. જે બાબતો છે તે નાની લાગે છે. તે સામાન્ય રીતે ઘણી બધી ફાયદાકારક છે એટલા માટે વિગતવાર જણાવું છું. બૅન્કમાં રોકડ લેવડ દેવડ કરવા જતા હોઈએ છીએ ત્યારે કેવી બાબતોની સાવચેતી લેવી તેની પણ આ લોક દરબારમાં આપણે જાણ કરતા હોઈએ છીએ. હોટલ અને ગેસ્ટ હાઉસમાં બહારથી કોઈ વ્યકિત આવતી હોય તો તેની જાણ કરવી, આવી નાની નાની બાબતોની લોક દરબારમાં ચર્ચા કરવાના કારણે ગુનાઓ અટકાવવાનું સંશોધન કરવામાં ઘણો મોટો ફાયદો થતો હોય છે.

## નર્મદા જિલ્લામાં પ્રજા અને પોલીસ વચ્ચે યોજવામાં આવેલ લોકદરબાર

*** ૨૨૧૪૩ શ્રી ગુલસીંગભાઈ રં. રાઠવા(છોટાઉદેપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી(ગૃહ)** જણાવવા કૃપા કરશે કે,

(૧) પ્રજા અને પોલીસ વચ્ચે સહકાર અને વિશ્વાસ વધે તે માટે સમયાંતરે સ્થાનિક કક્ષાએ લોકદરબાર યોજવા માટે સરકારે સૂચનાઓ આપી હોવાની હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો વર્ષ ૨૦૧૦માં નર્મદા જિલ્લામાં કેટલા લોકદરબાર યોજવામાં આવ્યા, અને તેની વિગતો શી છે?

**મુખ્ય મંત્રીશ્રી (ગૃહ):**

(૧) હા, જી.

(૨) વર્ષ ૨૦૧૦માં નર્મદા જિલ્લામાં કુલ ૧૦૨ લોકદરબાર યોજવામાં આવ્યા.

લોક દરબારમાં કરવામાં આવતી રજૂઆતોની વિગતોમાં પોલીસ ખાતાને લગતી રજૂઆતોનો નિકાલ કરવામાં આવે છે, જ્યારે અન્ય વિભાગો.ને લગતી રજૂઆતો જે તે વિભાગને મોકલી આપવામાં આવે છે. ઉપરાંત સંબંધિત વિભાગને લેખિત રજૂઆત કરવા અરજદારને સમજ પણ આપવામાં આવે છે.

**શ્રી ગુલસીંગભાઈ રં. રાઠવા** : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમ મારફતે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે વર્ષ ૨૦૧૦માં નર્મદા જિલ્લામાં કેટલીવાર લોકદરબાર યોજવામાં આવ્યા. તેમાં તાલુકાવાર કેટલી રજૂઆતો મળી તેમાં પોલીસ ખાતાને લગતી કેટલી અને અન્ય ખાતાને લગતી કેટલી? આ રજૂઆતો અંગે શું કાર્યવાહી થઈ?

**શ્રી પ્રફુલભાઈ ખો. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, જિલ્લામાં ચાર તાલુકામાં કુલ ૧૦૨ લોક દરબારો યોજવામાં આવ્યા છે. આ દરમ્યાન કુલ ૩૭ પ્રકારની રજૂઆતો મળી હતી. તેમાં ગૃહ વિભાગને લગતી ૧૭ હતી અને અન્ય વિભાગોને લગતી ૨૦ જેટલી રજૂઆતો મળી હતી. ગૃહ વિભાગને મળેલી ૧૭ રજૂઆતોનો નિકાલ થયેલ છે. કોઈ પડતર પ્રશ્ન નથી. બાકી રહેલ ૨૦ રજૂઆતો અન્ય વિભાગોને કાર્યવાહી કરવા માટે મોકલી આપવામાં આવેલ છે.

**શ્રી અમરસિંહ રા. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, મારે મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે, ૨૦૧૦માં નર્મદા જિલ્લામાં ૧૦૨ લોકદરબાર યોજવામાં આવ્યા હતા, આ જિલ્લો મહારાષ્ટ્રને જોડતો જિલ્લો છે તો મોટા પાયે દારૂની હેરાફેરી થાય છે તો આવા પ્રશ્નો આ લોકદરબારમાં કેટલા ઉપસ્થિત થયા, અને એનો નિકાલ શું કરવામાં આવ્યો અને કોની સામે એક્શન લેવામાં આવ્યાં ?

**શ્રી પ્રફુલભાઈ ખો. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ જે આટલા બધા પ્રશ્નો મળ્યા છે એમાં દારૂના કેટલા એનું કલાસિફિકેશન જોઈતું હશે તો હું એમને ચોકકસ અલગ રીતે આપી દઈશ બાકી હાલ મારી પાસે અવલેબલ નથી.

**શ્રી ધીરૂભાઈ ચુ. ભીલ** : માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા જિલ્લામાં ૧૦૨ લોકદરબાર યોજવામાં આવ્યા, અને એમાં જે રજૂઆતો આવી એ અલગ અલગ વિભાગને મોકલી આપવામાં આવી, પણ પોલીસ વિરૂદ્ધ જે રજૂઆતો આવી એ બાબતે કોઈ નિકાલ કરવામાં આવ્યો છે કે કેમ?

**શ્રી પ્રફુલભાઈ ખો. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મેં અગાઉ કહ્યું એમ પોલીસ વિભાગને લગતી સત્તર રજૂઆતો મળી હતી એ સત્તરે સત્તરનો નિકાલ થઈ ગયો છે, કોઈ પેન્ડિંગ નથી.

**વીજમથકો માટે લાવવામાં આવતા કોલસાના પરિવહન દરોમાં વધારો**

***૨૨૧૬૩ શ્રી વલ્લભભાઈ ગો. કાકડિયા(રખિયાલ)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉર્જા)** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વીજ મથકો માટે લાવવામાં આવતા કોલસાના પરિવહન દરોમાં વધારાને કારણે વીજ ઉત્પાદનમાં યુનિટ દીઠ વધારો કરવામાં આવેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો આ વધારો કયારે કેટલો થયો?

**મુખ્ય મંત્રીશ્રી ( ઉર્જા ) :** (૧) અને (૨)

તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વીજ મથકો માટે લાવવામાં આવતા કોલસાના પરિવહન દરોમાં થયેલ વધારાને કારણે વીજ ઉત્પાદન ખર્ચમાં યુનિટ દીઠ કુલ ૯ પૈસાનો વધારો થયો છે. જે વધારો થયો છે તેની વિગત નીચે મુજબ છે.

| **ભાવ વધારાની તારીખ** | **પરિવહન દરમાં થયેલ વધારો** | **યુનિટદીઠ વીજ ઉત્પાદન ખર્ચમાં થયેલ વધારો** |
|---|---|---|
| ૮-૧૨-૨૦૦૮ | રૂા.૮૩/- પ્રતિ મેટ્રિક ટન | ૬ પૈસા |
| ૨૭-૧૨-૨૦૧૦ | રૂા.૪૬/- પ્રતિ મેટ્રિક ટન | ૩ પૈસા |
| | **કુલ** | **૯ પૈસા** |

**શ્રી વલ્લભભાઈ ગો. કાકડિયા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, ગુજરાતના વીજમથકોને કોલસો કયાંથી આપવામાં આવે છે, એ કોલસાના પરિવહન દર શું હતા, એમાં છેલ્લા ત્રણ વર્ષમાં કેટલો વધારો થયો? મારો બીજો પ્રશ્ન છે કે, રેલવે પરિવહનમાં કયા કયા વધારાના ચાર્જ લગાડવાંમા આવે છે તેનાથી કેટલો આર્થિક બોજો પડે છે?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, freight direct માં નવ પૈસાનો વધારો, એ સિવાય આ કેન્દ્ર સરકારની નીતિ કેવી છે કે freight વધારો કરતા નથી પણ દાખલા તરીકે એની અંદર જે permissible carrying capacity છે એ પહેલાં ૫૮ મેટ્રિક ટન હતી એને વધારીને ૬૫ મેટ્રિકટન થઈ, માનનીય અધ્યક્ષશ્રી,

૬૨ ટકા વધારાથી લોડ નથી આવતો એટલે idle freight એ ૪.૮ ટકા વધારો આપવો પડે છે. એના કારણે annual burden ૪૮ કરોડ આવે છે, આવી જ રીતે બે ટકા ત્રણ વર્ષમાં સરચાર્જ લગાવ્યો છે, અને ત્રીજું માનનીય અધ્યક્ષશ્રી, નવું જ ઈન્સ્ટ્રુમેન્ટ ઉભું કર્યું, કે busy season surcharge એટલે busy season નવ મહિના ચાલે એટલે આ પાંચ ટકા સરચાર્જ લાગ્યો, આનું ભારત ૧૧૬ કરોડ રૂપિયા વધારે રાજય સરકાર ઉપર પડે છે. બીજું, માનનીય અધ્યક્ષશ્રી, આપણે જે કોલસો જોઈએ છે એ કોલસો દૂરથી આવે છે એ inferior quality નો આવે છે. આપણે જે સારી ક્વોલિટીનો કોલસો જોઈએ છે એ નથી આપતા, આના કારણે ૫૦ ટકા કોલસો વધારે વાપરવો પડે છે, અને એ ૫૦ ટકાનું ભારણ ૧૮૭ કરોડ રૂપિયા આવે છે. એ જ પ્રમાણે હું દાખલો આપું કે આપણી જે ટોટલ વપરાશ છે ૧૭૩ લાખ મેટ્રિક ટન છે એમાં દુરથી ૯૫ ટકા આપે છે અને નજીકથી પાંચ ટકા આપે છે, આ જે દૂરથી કોલસો આપે છે એનુ ખાલી ઉકાઈમાં ૧૧૦૦ રૂપિયા ભાડું છે, નજીકથી આપે તો ૬૧૦ રૂપિયા ભાડુ થાય, ૪૯૦ રૂપિયા બચે, ગાંધીનગરમાં ૧૩૦૦ રૂપિયા મેટ્રિક ટનની જગ્યાએ ૯૦૦ રૂપિયા થાય, ૪૦૦ રૂપિયા મેટ્રિક ટને બચે, આવી જ રીતે બધા જ આપણે જોવા જઈએ idle freight, overburden, busy season, inferior quality non-allocation of good quantity ૧૩૬ કરોડ એના, કુલ ૫૦૭ કરોડ રૂપિયાનો બોજો વધે છે, અને જે મેં સવાલમાં જવાબ આપ્યો, અને જે સભ્યશ્રીએ પૂછયું, કે ૧૦૮૦ ના ૧૧૬૩ અને ૧૧૬૩ના ૧૨૯૦ એ નવ પૈસા એ ભારણ પ્લસ આ ભારણ ૫૦૭ કરોડ રૂપિયા કહયા છે આવી રીતે રેલવે દ્વારા અનેક અનેક રીતથી ગુજરાત સરકાર ના જે વીજમથકો છે, એને ખરાબ કવોલિટીનો કોલસો આપી, એને દૂરથી કોલસો આપી એના ઉપર ભારણ વધારે કરી, કોલસો સમયસર ન આપવાના કારણે આપણે imported coal લઈએ છીએ અને એના કારણે મોંઘું પડે છે.

**અધ્યક્ષશ્રી** : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

# અતારાંકિત પ્રશ્નો
# (તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

## ભાવનગર જિલ્લામાં ક્સિાન હિત ઊર્જા શક્તિ યોજના અંતર્ગત ૧૦ કે.વી. અને ૧૬ કે.વી.ના ડીસ્ટ્રીબ્યુશન ટ્રાન્સફોર્મર ઊભા કરવા બાબત

૨૧૯૬૨ **: શ્રી ડૉ. કનુભાઈ કલસરીયા (મહુવા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ક્સિાન હિત ઉર્જા શક્તિ યોજના અંતર્ગત ભાવનગર જિલ્લામાં તારીખ ૩૧/૧૨/૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન તાલુકા દીઠ ૧૦ કે.વી.એ., ૧૬ કે.વી.એ. નાં કેટલા ડીસ્ટ્રીબ્યુશન ટ્રાન્સફોર્મર ઊભા કરવામાં આવ્યા,

(૨) આ કામ પાછળ સરકાર દ્વારા કેટલી રકમનો ખર્ચ કરવામાં આવેલ છે, અને

(૩) વર્ષ ૨૦૧૧-૧૨માં ભાવનગર જિલ્લામાં નાની ક્ષમતાના કેટલા ટી.પી. તાલુકાવાર ઊભા કરવાનું આયોજન છે?

**જવાબ**

(૧), (૨) અને (૩) :

ક્સિાન હિત ઉર્જા શક્તિ યોજના અંતર્ગત તારીખ ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમિયાન ભાવનગર જિલ્લામાં ૧૦ કે.વી.એ., ૧૬ કે.વી.એ.ના ઊભા કરવામાં આવેલા ડીસ્ટ્રીબ્યુશન ટ્રાન્સફોર્મર્સ, તે અંતર્ગત કરવામાં આવેલ ખર્ચ અને વર્ષ ૨૦૧૧-૧૨ દરમિયાન કરવામાં આવેલ આયોજનની વિગતો **પત્રક-અ** માં સામેલ છે.

**પત્રક - અ**

| તાલુકો | વર્ષ ૨૦૦૯ દરમિયાન સ્થાપવામાં આવેલા ટ્રાન્સફોર્મર અને તે માટેનો ખર્ચ | | | વર્ષ ૨૦૧૦ દરમિયાન સ્થાપવામાં આવેલા ટ્રાન્સફોર્મર અને તે માટેનો ખર્ચ | | | વર્ષ ૨૦૧૧-૧૨નું આયોજન | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૧૦ કે.વી.એ. ટ્રાન્સફોર્મર | ૧૬ કે.વી.એ. ટ્રાન્સફોર્મર | ખર્ચ (રૂ.લાખમાં) | ૧૦ કે.વી.એ. ટ્રાન્સફોર્મર | ૧૬ કે.વી.એ. ટ્રાન્સફોર્મર | ખર્ચ (રૂ.લાખમાં) | ૧૦ કે.વી.એ. ટ્રાન્સફોર્મર | ૧૬ કે.વી.એ. ટ્રાન્સફોર્મર |
| ઘોઘા | ૦ | ૧ | ૧.૨૦ | ૨૪૮ | ૨૫ | ૩૫૪.૯૦ | ૪૪૪ | ૨૪ |
| ભાવનગર | ૨૭૩ | ૪૬ | ૩૮૨.૮૦ | ૬૧ | ૪ | ૮૪.૫૦ | ૧૧૪ | ૪૯ |
| તળાજા | ૭૨ | ૭ | ૯૪.૮૦ | ૯ | ૨ | ૧૪.૩૦ | - | - |
| મહુવા | ૦ | ૧ | ૧.૨૦ | ૧૭૯ | ૨૯ | ૨૭૦.૪૦ | ૧૩૯૪ | ૧૭૩ |
| બોટાદ | ૪૫ | ૧૩ | ૬૯.૬૦ | ૪૭ | ૩૨ | ૧૦૨.૭૦ | ૪૨૫ | ૧૧૩ |
| શિહોર | - | - | - | - | - | - | ૧૯૯ | ૬૦ |
| પાલીતાણા | - | - | - | - | - | - | ૧૭૬ | ૩૫ |
| ઉમરાળા | - | - | - | - | - | - | ૩૨૨ | ૫૪ |

### વાયબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર સમિટોમાં થયેલ એમ.ઓ.યુ

૨૦૯૨૯ : **શ્રી દિતાભાઈ ભી.મછાર (ઝાલોદ)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સન ૨૦૦૫ અને ૨૦૦૭ની વાયબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર સમિટમાં દાહોદ જિલ્લામાં મૂડીરોકાણ માટેના કુલ કેટલી રકમના એમ.ઓ.યુ. થયા હતા,

(૨) તારીખ ૩૧/૧/૧૧ની સ્થિતિએ તે પૈકી વાસ્તવિક મૂડી રોકાણ ખરેખર આ જ જિલ્લામાં કેટલું થયું છે, અને

(૩) કેટલાં ઉદ્યોગો ઉત્પાદનમાં ગયા?

**જવાબ**

(૧) સને ૨૦૦૫ અને ૨૦૦૭ ની વાયબ્રન્ટ ગુજરાત ઇન્વેસ્ટર સમિટમાં દાહોદ જિલ્લામાં મૂડીરોકાણ માટે એમ.ઓ.યુ. થયેલ નથી.

(૨) અને (૩) :
પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

### ભાવનગરના જૂના બંદર અને શીપ બિલ્ડીંગ યાર્ડને વિક્સાવવાની મળેલ દરખાસ્તો

૨૨૧૮૩ : **શ્રીમતી ભાવનાબેન મકવાણા (તળાજા)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૧૨/૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જૂના બંદર ખાતે શીપ બિલ્ડીંગ યાર્ડને વિક્સાવવા દરખાસ્તો મળી છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ વર્ષવાર કેટલી નવી દરખાસ્તો મળેલ છે, અને

(૩) તે અન્વયે ક્યા પ્રકારના અને કેટલી ક્ષમતાના જહાજો બાંધવામાં આવનાર છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ૨૦૦૯-૨ (બે).
૨૦૧૦-૪ (ચાર).

(૩) (અ) ઓફશર સપ્લાય વેસલ, બલ્ક કાર્ગો કેરીયર, પ્રકારના નાના અને મધ્યમ ક્ષમતાના જહાજો, અને

(બ) આશરે ૧૦૦૦, થી ૫૦૦૦ ડેડવેઈટ ટનેજ ક્ષમતાના જહાજો બાંધવામાં આવનાર છે.

--------

### રાજ્યના પોલીસ કર્મચારીઓના રજા પગાર ન મળવા બાબત

૨૦૯૯૪ : **શ્રી પુનાભાઈ ઘે. ગામીત (વ્યારા)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૧/૧/૨૦૧૧ની સ્થિતિએ રાજ્યમાં પોલીસ દળમાં કામ કરતાં પોલીસ કર્મચારીઓને કેટલા સમયથી રજા પગાર મળેલ નથી, અને

(૨) રજા પગાર નિયમિત મળે તે માટે સરકાર દ્વારા શાં પગલાં લેવામાં આવ્યા છે?

**જવાબ**

(૧) અને (૨)
ચાલુ નાણાકીય વર્ષમાં રૂા. ૧૭૦.૩૪ કરોડ રજા પગાર પેટે ચૂકવવામાં આવેલ છે. હાલ રાજ્યમાં અમુક કચેરીઓમાં, પોલીસ કર્મચારીઓનો જુલાઈ-૨૦૧૦ થી રજા પગાર ચૂકવવાનો બાકી છે, છઠ્ઠા પગાર પંચની ભલામણો અન્વયેનો રજા પગાર, સુધારેલા અંદાજોથી જરૂરી વિશેષ અનુદાન મેળવી ચૂકવવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.

### મહેસાણા જિલ્લામાં પ્રજા અને પોલીસ વચ્ચે યોજવામાં આવેલ લોકદરબાર

૨૨૧૩૫ : **શ્રી કાંતિલાલ રા.પટેલ (વિજાપુર)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પ્રજા અને પોલીસ વચ્ચે સહકાર અને વિશ્વાસ વધે તે માટે સમયાંતરે સ્થાનિક કક્ષાએ લોકદરબાર યોજવા માટે સરકારે સૂચનાઓ આપી હોવાની હકીક્ત સાચી છે, અને

(૨) જો હા, તો વર્ષ ૨૦૧૦-માં મહેસાણા

**જવાબ**

(૧) હા , જી.

(૨) વર્ષ ૨૦૧૦માં મહેસાણા જિલ્લામાં કુલ ૧૫૭

જિલ્લામાં કેટલા લોકદરબાર યોજવામાં આવ્યા, અને તેની વિગતો શી છે?

લોકદરબાર યોજવામાં આવ્યા,

લોકદરબારમાં કરવામાં આવતી રજૂઆતોની વિગતોમાં પોલીસ ખાતાને લગતી રજૂઆતોનો નિકાલ કરવામાં આવે છે, જ્યારે અન્ય વિભાગોને લગતી રજૂઆતો જે તે વિભાગને મોકલી આપવામાં આવે છે, ઉપરાંત, સંબંધિત વિભાગને લેખિત રજૂઆત કરવા અરજદારને સમજ પણ આપવામાં આવે છે.

**વાયબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર્સ સમિટ ૨૦૧૧માં ઉર્જા ક્ષેત્રે થયેલ એમ.ઓ.યુ.**

૨૨૧૬૨ : **શ્રી લક્ષ્મણભાઈ પટેલ (ગણદેવી)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વાયબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર્સ સમીટ ૨૦૧૧ દરમ્યાન ઉર્જા ક્ષેત્રે કુલ કેટલા એમ.ઓ.યુ. થયા,

(૨) આ એમ.ઓ.યુ. કેટલી રકમના થયા, અને

(૩) તે થકી કેટલું વધારાનું વીજ ઉત્પાદન મેળવી શકાશે?

**જવાબ**

(૧) (૨) અને (૩)

વાયબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર્સ સમિટ-૨૦૧૧ દરમ્યાન ૬૮૮૮૧ મેગાવોટના વીજ ઉત્પાદન માટે અંદાજે રૂા. ૩,૭૩,૪૨૯.૦૩ કરોડનું મૂડી રોકાણ કરવા માટે કુલ ૭૭ એમ.ઓ.યુ. થયા.

--------

**સુરેન્દ્રનગર જિલ્લામાં પ્રજા અને પોલીસ વચ્ચે યોજવામાં આવેલ લોકદરબાર**

૨૨૧૩૬ : **શ્રી ભરતભાઈ વ. ખોરાણી (ચોટીલા)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પ્રજા અને પોલીસ વચ્ચે સહકાર અને વિશ્વાસ વધે તે માટે સમયાંતરે સ્થાનિક કક્ષાએ લોકદરબાર યોજવા માટે સરકારે સૂચનાઓ આપી હોવાની હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો વર્ષ-૨૦૧૦માં સુરેન્દ્રનગર જિલ્લામાં કેટલા લોકદરબાર યોજવામાં આવ્યા, અને તેની વિગતો શી છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) વર્ષ ૨૦૧૦માં સુરેન્દ્રનગર જિલ્લામાં કુલ ૯૫ લોકદરબાર યોજવામાં આવ્યા.

લોકદરબારમાં કરવામાં આવતી રજૂઆતોની વિગતોમાં પોલીસ ખાતાને લગતી રજૂઆતોનો નિકાલ કરવામાં આવે છે. જ્યારે અન્ય વિભાગોને લગતી રજૂઆતો જે તે વિભાગને મોકલી આપવામાં આવે છે. ઉપરાંત સંબંધિત વિભાગને લેખિત રજૂઆત કરવા અરજદારને સમજ પણ આપવામાં આવે છે.

--------

**સાગર ખેડૂ સર્વાંગી વિકાસ યોજના હેઠળ દરિયા કાંઠાના વિસ્તારોમાં ગુણવત્તા યુક્ત વીજ પુરવઠો**

૨૨૧૬૦ : **શ્રી નરેશભાઈ મ. પટેલ (ચીખલી)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

રાજ્યના દરિયાકાઠાં વિસ્તારોમાં ગુણવત્તા યુક્ત વીજ પુરવઠો મળી રહે તે માટે સાગરખેડૂ સંર્વાગી વિકાસ યોજના ક્યારથી અમલી છે,?

**જવાબ**

રાજ્યના દરિયાકાંઠાના વિસ્તારોમાં ગુણવત્તાયુક્ત વીજ પુરવઠો મળી રહે તે માટે સાગર ખેડૂ સર્વાંગી વિકાસ યોજના વર્ષ ૨૦૦૭-૦૮થી અમલમાં મૂકવામાં આવેલ છે. આ યોજનામાં રાજ્યના સાગરકાંઠાના ૧૩ જિલ્લાઓના ૩૮ તાલુકાઓને આવરી લેવામાં આવેલ છે.

આ યોજના હેઠળ ઉર્જા ક્ષેત્રે નીચે મુજબની મુખ્ય

કામગીરી હાથ ધરવામાં આવે છે.

- વિજ વિતરણ લાઈનોનું સુદ્રઢીકરણ.
- કન્ડકટર્સ, ઈન્સ્યુલેટર્સ, હાર્ડવેર્સ અને અર્થ વાયર વગેરે બદલીને ટ્રાન્સમીશન લાઈનોનું સુદ્રઢીકરણ.
- ૬૬ કે.વી.ના નવા સબ સ્ટેશનોની સ્થાપના.

--------

### રાજકોટ જિલ્લામાં સી.એન.જી. સ્ટેશનો

૨૨૧૭૬ : **શ્રી પ્રવિણભાઈ મો. માકડિયા (ઉપલેટા)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજકોટ જિલ્લામાં તા. ૩૧/૧૨/૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલા સી.એન.જી. સ્ટેશનો ઊભા કરવાની મંજૂરી આપવામાં આવી, અને

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલા સી.એન.જી. સ્ટેશનો કાર્યરત થયા ?

**જવાબ**

(૧) રાજકોટ જિલ્લામાં તા. ૩૧/૧૨/૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ૨૪(ચોવીસ) સી.એન.જી. સ્ટેશનો ઊભા કરવાનું આયોજન હતું, અને

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ ૧૭ (સત્તર) સી.એન.જી. સ્ટેશનો કાર્યરત થયા અને બાકી રહેતા સાત(૭) સી.એન.જી. સ્ટેશનો કાર્યરત થવાના વિવિધ તબક્કે છે.

--------

### સુરેન્દ્રનગર જિલ્લામાં સી.એન.જી.સ્ટેશનો

૨૨૧૭૭ : **શ્રીમતી વર્ષાબેન ન.દોશી (વઢવાણ)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં તા.૩૧/૧૨/૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલા સી.એન.જી. સ્ટેશનો ઉભા કરવાની મંજૂરી આપવામાં આવી, અને

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલા સી.એન.જી. સ્ટેશનો કાર્યરત થયા?

**જવાબ**

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં તા. ૩૧/૧૨/૨૦૧૦ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ૧૧ સી.એન.જી. સ્ટેશનો ઊભા કરવાનું આયોજન હતું, અને

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ ૭ સી.એન.જી. સ્ટેશનો કાર્યરત થયા. બાકી રહેતા ૪(ચાર) સી.એન.જી. સ્ટેશનો કાર્યરત થવાના વિવિધ તબક્કે છે.

--------

### નર્મદા નિગમને ટ્રાયબલ વિભાગ તરફથી મળેલ રકમ

૨૦૪૧૯ : **ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૧/૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર નર્મદા નિગમને શેરમૂડી ફાળા માટે ટ્રાયબલ વિભાગમાંથી કેટલી રકમ ફાળવવામાં આવી,

(૨) તેમાંથી ક્યા ક્યા ટ્રાયબલ તાલુકાઓ માટે કઈ કઈ યોજનાઓ બનાવી, અને

**જવાબ**

(૧) તા. ૩૧/૧/૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર નર્મદા નિગમને નીચે મુજબની રકમ ટ્રાયબલ વિભાગમાંથી મળેલ છે.

| ક્રમ | વિગત(નાણાંકીય વર્ષ) | રકમ(કરોડમાં) |
|---|---|---|
| ૧ | ૨૦૦૮-૦૯ | ૨૪૭.૦૦ |
| ૨ | ૨૦૦૯-૧૦ | ૨૫૦.૦૦ |
| ૩ | ૨૦૧૦-૧૧ (તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ) | ૨૦૦.૦૦ |

(૨) સરદાર સરોવર નર્મદા યોજનાની પ્રભાવિત આદિજાતિ કુટુંબોના પુનઃસ્થાપન અને આદિજાતિ વિસ્તારો માટે નહેરોનું માળખું ઊભું કરીને લાભ આપવાનું આયોજન છે. જે અન્વયે નાંદોદ, તિલકવાડા, નસવાડી, પાવી જેતપુર, સંખડા, આમોદ, અને બાવળા તાલુકાઓના ટ્રાયબલ વિસ્તારનો સમાવેશ થાય છે.

(૩) તેની પાછળ વર્ષવાર કેટલો ખર્ચ થયો?

(૩) તા.૩૧-૧-૨૦૧૧ સુધીમાં આદિજાતિ કુટુંબોના પુનઃ સ્થાપન માટે તેમજ આદિજાતિ વિસ્તારો માટે નહેરોનું માળખુ ઉભુ કરવા ટ્રાયબલ વિભાગમાંથી ફાળવવામાં આવેલ રકમ સહિત કુલ રૂ.૮૪૮.૩૩ કરોડનો ખર્ચ થયેલ છે.

--------

**ધોળકા તાલુકામાં નર્મદા યોજનાની કામગીરી**

૨૦૯૭૬ **: શ્રી કાનજીભાઈ તળપદા (ધોળકા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૧/૨૦૧૧ની સ્થિતિએ ધોળકા તાલુકાના રૂપગઢ, કરીમાણા, સીમેજ, કેસરગઢ, કોઠ ગામોમાં નર્મદાની કેનાલ, પ્રકેનાલ કે ધોરીયામા કેનાલો કેટલી ગામવાર તૈયાર કરેલ છે,

**જવાબ**

(૧) તા. ૩૧/૧/૨૦૧૧ની સ્થિતિએ ધોળકા તાલુકાના રૂપગઢ, કરીમાણા, સીમેજ, કેસરગઢ, કોઠ ગામોમાં નીચે મુજબ કેનાલો તૈયાર કરેલ છે.

| ગામનું નામ | તૈયાર કરેલ નહેરોની સંખ્યા | |
|---|---|---|
| | કેનાલ/પ્રકેનાલ વિગેરે | ધોરીયા |
| રૂપગઢ | ૪ | ૧૮ |
| કરીમાણા | ૫ | ૧૧ |
| સીમેજ | ૬ | ૫ |
| કેસરગઢ | ૫ | ૨૧ |
| કોઠ | ૧૧ | ૪૧ |

(૨) આ પેકી ઉક્ત સ્થિતિએ કેટલી કેનાલો ચાલુ હાલતમાં છે, અને

(૨) આ પેકી ઉક્ત સ્થિતિએ નીચે મુજબ કેનાલો ચાલુ હાલતમાં છે

| ગામનું નામ | કેનાલ/પ્રકેનાલ વિગેરે | ધોરીયા |
|---|---|---|
| રૂપગઢ | ૪ | ૦ |
| કરીમાણા | ૫ | ૧૧ |
| સીમેજ | ૫ | ૧ |
| કેસરગઢ | ૨ | ૦ |
| કોઠ | ૧૧ | ૫ |

ધોરીયા કેનાલોને કાર્યરત કરવા બાબતે પિયત સહકારી મંડળીઓ મારફતે અથવા વાર્ષિક રેટ કોન્ટ્રાકટથી કામગીરી હાથ ધરવામાં આવી છે.

(૩) આ કેનાલોમાં નર્મદાનું પાણી આપવામાં આવે છે કે કેમ?

(૩) હા, જી.

--------

**ભરૂચ જિલ્લામાં પ્રજા અને પોલીસ વચ્ચે યોજવામાં આવેલ લોકદરબાર**

૨૨૧૫૨ **: શ્રી દુષ્યંતભાઈ ર.પટેલ (ભરૂચ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પ્રજા અને પોલીસ વચ્ચે સહકાર અને વિશ્વાસ વધે તે માટે સમયાંતરે સ્થાનિક કક્ષાએ લોક દરબાર યોજવા માટે સરકારે સૂચનાઓ આપી હોવાની હકીક્ત સાચી છે, અને

(૨) જો હા, તો વર્ષ-૨૦૧૦માં ભરૂચ જિલ્લામાં કેટલા લોકદરબાર યોજવામાં આવ્યા, અને તેની વિગતો શી છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) વર્ષ ૨૦૧૦માં ભરૂચ જિલ્લામાં કુલ ૧૧૫૦ લોકદરબાર યોજવામાં આવ્યા.

લોકદરબારમાં કરવામાં આવતી રજૂઆતોની વિગતોમાં પોલીસ ખાતાને લગતી રજૂઆતોનો નિકાલ કરવામાં આવે છે, જ્યારે અન્ય વિભાગોને લગતી રજૂઆતો જે તે વિભાગને મોકલી આપવામાં આવે છે, ઉપરાંત સબંધિત

વિભાગને લેખિત રજૂઆત કરવા અરજદારને સમજ પણ આપવામાં આવે છે.

--------

**ખેડા જિલ્લાના લાભાર્થીને વાજપાઈ બેન્કેબલ સ્વરોજગાર યોજના હેઠળ મળેલ સહાય**

૨૨૧૩૩ **: શ્રી દેવુસિંહ જે.ચૌહાણ (માતર) : માનનીય કુટીર ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વાજપાઈ બેન્કેબલ સ્વરોજગાર યોજના અન્વયે ખેડા જિલ્લામાંથી તા. ૩૧/૩/૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા લાભાર્થીઓને સહાય આપવામાં આવેલ છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ તેમાં કેટલી રકમ ચૂકવવામાં આવી?

**જવાબ**

(૧)

| વર્ષ | લાભાર્થીની સંખ્યા |
|---|---|
| ૧-૪-૦૮ થી ૩૧-૩-૦૯ | ૧૩૨૩ |
| ૧-૪-૦૯ થી ૩૧-૩-૧૦ | ૨૧૨૬ |
| કુલ :- | ૩૪૪૯ |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નીચે મુજબ સહાય આપવામાં આવેલ છે.

| | |
|---|---|
| ૧-૪-૦૮ થી ૩૧-૩-૦૯ | રૂા. ૧૬૦.૩૮ લાખ |
| ૧-૪-૦૯ થી ૩૧-૩-૧૦ | રૂા. ૩૦૧.૩૭ લાખ |
| કુલ :- | **રૂા. ૪૬૧.૭૫ લાખ** |

--------

**તાપી નદીમાંથી રેતી કાઢવાની લીઝની મળેલ અરજીઓ**

૨૧૯૮૪ **: શ્રી કુંવરજીભાઈ ન.હળપતિ (બારડોલી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૧/૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત અને તાપી જિલ્લાઓમાંથી પસાર થતી તાપી નદીમાંથી રેતી કાઢવાની લીઝની કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી,

(૨) તે પૈકી સ્થાનિક આદિવાસીઓની કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી,

(૩) લીઝની કેટલી અરજીઓ હજુ પડતર છે, અને

(૪) આ પડતર અરજીઓનો ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે?

**જવાબ**

(૧) તા. ૩૧/૧/૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાંથી પસાર થતી તાપી નદીમાંથી રેતી કાઢવાની કોઈ અરજી મંજૂર કરવામાં આવી નથી જ્યારે તાપી જિલ્લામાંથી પસાર તાપી નદીમાં સાદી રેતીની ૫ લીઝ મંજૂર કરવામાં આવેલ છે.

(૨) ક્વોરીલીઝ અરજીમાં ભારતીય નાગરીક હોવાની લાયકાત છે જેમાં જ્ઞાતિ અંગેની વિગતોનું કોલમ ન હોઈ કેટલા આદિવાસીઓની અરજીઓ મંજૂર કરવામાં આવી તે ચોક્કસપણે કહી શકાય નહી.

(૩) સુરત જિલ્લામાં ૭૩૯, તાપી જિલ્લામાં ૬૩૨ અરજીઓ.

(૪) આ અરજીઓ મહેસુલી અભિપ્રાય, માંગણી વિસ્તારના નક્શાની ઓવરલેપીંગની ચકાસણી તથા બ્લોક પાડવાની પ્રક્રિયાને કારણે પડતર છે, કમિશ્નરશ્રી ભુસ્તર વિજ્ઞાન અને ખનિજ ખાતાના તથા સરકારશ્રીએ તા. ૧૫-૫-૨૦૧૦થી આપેલ ગાઈડ લાઈન મુજબ નક્કી કરાયા મુજબ ક્વોરી લીઝની અરજીઓનો નિકાલ કરી શકાય.

--------

**વાયબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર સમિટોમાં થયેલ એમ.ઓ.યુ.**

૨૦૯૨૫ **: શ્રી વજેસિંગભાઈ પણદા (દાહોદ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સન ૨૦૦૫ અને ૨૦૦૭ની વાઈબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર સમિટમાં દાહોદ જિલ્લામાં મૂડી રોકાણ માટેના કુલ કેટલી રકમના એમ.ઓ.યુ. થયા હતા,

**જવાબ**

(૧) સને ૨૦૦૫ અને ૨૦૦૭ની વાયબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર સમિટમાં દાહોદ જિલ્લામાં મૂડી રોકાણ માટે એમ.ઓ.યુ. થયેલ નથી.

(૨) તા. ૩૧/૧/૨૦૧૧ની સ્થિતિએ તે પૈકીનું વાસ્તવિક મુડી રોકાણ ખરેખર આ જ જિલ્લામાં કેટલું થયું છે, અને

(૩) કેટલાં ઉદ્યોગો ઉત્પાદનમાં ગયાં?

(૨) અને (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**જામનગર જિલ્લામાં આપવામાં આવેલ હથીયારના લાયસન્સ**

૨૦૩૬૫ **: શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જામનગર જિલ્લામાં તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કુલ કેટલા ઇસમોને હથીયાર લાયસન્સ પરવાનો આપવામાં આવ્યો,

(૨) તે અન્વયે જેમની સામે પોલીસ ગુન્હા નોંધાયા હોય તેમજ પોલીસ અહેવાલ/મેજીસ્ટ્રેટ અહેવાલ નકારાત્મક હોય તેવા કેટલા ઇસમોને હથીયાર પરવાના આપવામાં આવ્યા, અને

(૩) તેના કારણો શા છે ?

**જવાબ**

(૧) છેલ્લા ત્રણ વર્ષમાં કુલ ૧૫૧ ઇસમોને હથીયાર પરવાના આપવામાં આવ્યા.

(૨) આવા કોઇ ઇસમને હથીયાર પરવાના આપવામાં આવેલ નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**વડોદરા જિલ્લાના પોલીસ કમિશનર દ્વારા ધારાસભ્યોને અપમાનીત કરવા બાબત**

૨૦૪૦૭ **: શ્રી ખુમાનસિંહ ચૌહાણ (સાવલી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વડોદરા પોલીસ કમિશનર દ્વારા ધારાસભ્યોના અપમાન-હડધૂત કરવા બાબતની કોના કોના તરફથી સરકારમાં ફરિયાદો કરવામાં આવી,

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ ધારાસભ્યો-પદાધિકારીઓને હડધૂત-અપમાનીત કરનાર અધિકારીઓ સામે સરકારે શા પગલાં લીધા, અને

(૩) ઉક્ત સ્થિતિએ કોઇ પગલાંઓ ન લીધા હોય તો તેના કારણો શા છે ?

**જવાબ**

(૧), (૨) અને (૩) માત્ર એક જ ધારાસભ્યશ્રી ખુમાનસિંહ ચોહાણ તરફથી રજૂઆત મળેલ છે. બનાવની મળેલ વિગતો પ્રમાણે તા. ૧-૧૧-૧૦ના રોજ માન. ધારાસભ્યશ્રી તથા કોંગ્રેસ પક્ષના આગેવાનો પોલીસ કમિશ્નરશ્રી, વડોદરાને મળેલા અને કોંગ્રેસ પક્ષના બે આગેવાનોના નામ છાણી પો.સ્ટે. ફ.ગુ.ર.નં. ૧૪૩/૨૦૧૦માં ખોટી રીતે અને ગેરકાયદેસર રીતે ખોલેલ છે તેવી રજૂઆત કરી પોલીસના મોરલને તોડવા ખૂબ ઉંચા અવાજે પોલીસ વિરુધ્ધ આક્ષેપો કરેલાં. સમગ્ર પ્રકરણમાં તેઓની ઈચ્છા મુજબ પોલીસે કાર્યવાહી ન કરતા આક્ષેપો કરેલ છે. અધિકારીઓ દ્વારા કોઇ બેહુદુ વર્તન કરવામાં આવેલ નથી. પરંતુ પોલીસ દ્વારા કરવામાં આવતી કાર્યવાહીમાં માન. ધારાસભ્યશ્રીએ અડચણ ઉભી કરેલ હતી. આમ તેઓની રજૂઆતમાં તથ્ય જણાયેલ નથી. જેથી, પગલાં લેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**આણંદ જિલ્લામાં નાના અને મધ્યમ કક્ષાના ઉદ્યોગો બંધ થવા અંગે**

૨૨૨૦૯ **: શ્રી અમીતભાઈ ચાવડા (બોરસદ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ આણંદ જિલ્લામાં લઘુ અને મધ્યમ કક્ષાના કેટલા ઉદ્યોગો બંધ હાલતમાં છે, અને

**જવાબ**

(૧) બંધ એકમોની માહિતી સેંન્ટ્રલી નિભાવવામાં આવતી ન હોવાથી આ માહિતી ઉપલબ્ધ નથી.
પરંતુ - ભારત સરકારશ્રી દ્વારા હાથ ધરેલ ત્રીજા સેન્સસ

(૨૦૦૧-૦૨) દરમ્યાન લઘુ એકમ ના કરેલા સર્વે રીપોર્ટ મુજબ આણંદ જિલ્લામાં ૫૨૧ (૧૧.૭ ટકા) એકમ બંધ મળેલ છે.
ચોથા સેન્સસ (૨૦૦૬-૦૭) દરમ્યાન સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ કક્ષાના એકમોના કરેલ સર્વે રીપોર્ટ મુજબ ૪૩૫ (૭.૧૫ ટકા) એકમ બંધ મળેલ છે.
જ્યારે રાજ્ય સરકાર દ્વારા ૨-૧૦-૦૬ થી ૩૧-૩-૨૦૧૦ ના સમય ગાળા દરમ્યાન નોંધણી થયેલ સૂક્ષ્મ લઘુ અને મધ્યમ કક્ષાના એકમોનો કરાવેલ સેમ્પલ સર્વે રીપોર્ટ મુજબ આણંદ જિલ્લામાં ૪.૮૭ ટકા એકમો બંધ મળેલ છે.

(૨) આવા ઉદ્યોગોને ફરી ચાલુ કરવા સરકારે ક્યા પ્રકારનું આયોજન કરેલ છે ?

(૨) ચાલુ અથવા બંધ એકમ પૈકી માંદા એકમ હોય તેવા વાયબલ માંદા એકમ ને સરકારના તા. ૨૭-૦૨-૨૦૦૯ ના ઠરાવ હેઠળ માંદા એકમને પુનઃવસન માટેની સહાયની યોજના અમલમાં છે. તથા તા. ૧૫-૦૭-૨૦૧૦ ના ઠરાવ હેઠળ સરકારી લ્હેણાં બાબતની વન ટાઇમ સેટલમેન્ટની યોજના જાહેર થયેલ હતી.

--------

**રાજ્યમાં "સેઝ" અને "સર" નું આયોજન**

૨૧૧૧૫ **: શ્રી આત્મારામભાઈ પરમાર (ગઢડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જાન્યુ.-૨૦૦૮ થી ડીસે.-૨૦૧૦ સુધીમાં રાજ્યમાં કેટલા સ્પેશ્યલ ઇકોનોમીક ઝોન (સેઝ) અને સ્પેશ્યલ ઇકોનોમીક રીજીયન (સર)નાં આયોજન થયેલ છે, અને

(૨) સેઝ, અને સરમાં સ્થપાનાર ઉદ્યોગોને કોઇ રાહત આપનાર છે કે કેમ ?

**જવાબ**

(૧) (અ) જાન્યુઆરી-૨૦૦૮ થી ડિસેમ્બર-૨૦૧૦ સુધીમાં રાજ્યમાં ૨૨ સ્પેશ્યલ ઇકોનોમીક ઝોન (સેઝ) ની કેન્દ્ર સરકાર દ્વારા સૈધ્ધાંતિક/ઓપચારિક મંજૂરી આપવામાં આવેલ છે.
(બ) જાન્યુઆરી-૨૦૦૮ થી ડિસેમ્બર-૨૦૧૦ સુધીમાં રાજ્યમાં ૫(પાંચ) સ્પેશ્યલ ઇન્વેસ્ટમેન્ટ રીજીયન (સર) નોટીફાઇડ કરેલ છે.

(૨) ગુજરાત એસઇઝેડ એકટ-૨૦૦૪ અને ૨૦૦૭ની જોગવાઇ મુજબ નવા સ્થાપાનાર એસઇઝેડને નીચે મુજબ રાહતો આપવામાં આવે છે.
(અ) ગુજરાત એસઇઝેડ એકટ-૨૦૦૪ અને ૨૦૦૭ની કલમ ૨૧ મુજબ રાજ્યના વેરામાં નાણાંકીય લાભ
૧. ""ઝોનના પ્રોસેસીંગ વિસ્તારની અંદર અથવા સીમાંક્તિ વિસ્તારમાં અથવા પ્રોસેસીંગ વિસ્તાર અને સીમાંક્તિ વિસ્તારમાંના એકમો વચ્ચે કરેલા તમામ વેચાણો અને વ્યવહારો"" નીચે નિર્દિષ્ટ કરેલ પ્રમાણમાં તમામ વેરા, ઉપકર, ડ્યુટી, ફી અથવા રાજ્યના કોઇ કાયદા હેઠળ મળવાપાત્ર કોઇ બીજા મજકૂરમાંથી મુક્ત રહેશે.
(ક) ઝોનના પ્રોસેસીંગ વિસ્તારની અંદર અથવા સીમાંક્તિ વિસ્તારમાં માન્ય એકમો માટેની જમીનની તબદિલી પર ચુકવવાપાત્ર સ્ટેમ્પ ડ્યુટી અને રજીસ્ટ્રેશન ફી.
""ઝોનના પ્રોસેસીંગ વિસ્તારની અંદર અથવા સીમાંક્તિ વિસ્તારમાં અથવા પ્રોસેસીંગ વિસ્તાર અને સીમાંક્તિ વિસ્તારમાંના એકમો વચ્ચે કરેલા તમામ વેચાણો અને વ્યવહારો"" હેઠળ મુક્તિના લાભો, માલના સ્થાનાંતરમાં ખરેખરી અને પ્રત્યક્ષ રીતે સમાવિષ્ઠ હોય તેવા વેચાણો અને વ્યવહારો ઉપર, એકમ અથવા વ્યક્તિને મળશે.

(ખ) ઝોનના પ્રોસેસીંગ વિસ્તારની અંદર અથવા સીમાંક્તિ વિસ્તારમાં ઉભા કરાયેલ યુનિટ, ઉદ્યોગ અથવા સંસ્થાએ કરેલ લોનની કબૂલાતો, શાખપત્રો અને ગીરોખતો પર લેવાની સ્ટેમ્પ ડ્યુટી અને રજીસ્ટ્રેશન ફી.
(ગ) ગુજરાત મૂલ્ય વર્ધિતવેરા અધિનિયમ, ૨૦૦૩ની અનુસુચિ-૩માં નિર્દિષ્ટ કરેલા માલ સિવાયના બીજા માલના વેચાણો અથવા ખરીદીઓ ઉપરનો વેરો, સુખસુવિધા કર, મનોરંજન કર અને વેચાણો અને વ્યવહારો પર ભરવાપાત્ર બીજા વેરા અને ઉપકર.
૨. ડોમેસ્ટીક ટેરીફ વિસ્તારમાંથી ઝોનના એકમોમાં લેવાયેલ (માલ અને સેવાઓ)ને ગુજરાત મૂલ્ય વર્ધિતવેરા અધિનિયમ, ૨૦૦૩ની અનુસુચિ-૩માં નિર્દિષ્ટ કરેલા માલ સિવાયના બીજા માલના વેચાણો અથવા ખરીદીઓ ઉપરનો વેરો, રાજ્ય કાયદા હેઠળના બીજા વેરાઓમાંથી મુક્તિ આપવામાં આવશે.
૩. વિકાસકાર સમગ્ર વિસ્તારમાંથી ઝોનના પ્રોસેસીંગ વિસ્તારની અંદર અથવા સીમાંક્તિ વિસ્તારમાં લેવાયેલ (માલ અને સેવાઓ) મુક્તિના લાભો માટે પણ હકદાર થશે.
(અ) તદ્ઉપરાંત કેન્દ્ર સરકારના એસ.ઈ.ઝેડ.ના એક્ટ ૨૦૦૫ અને રૂલ્સ અન્વયે સ્પેશિયલ ઈકોનોમિક ઝોનમાં પ્રોત્સાહન તેમજ સવલતો મળે છે.
(બ) સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયન (સર) માં કોઈ રાહત આપવામાં આવતી નથી.

## રાજકોટ જિલ્લામાં પ્રજા અને પોલીસ વચ્ચે યોજવામાં આવેલ લોક દરબાર

૨૨૧૪૮ : **શ્રીમતી ભાનુબેન મ.બાબરીયા (રાજકોટ ગ્રામ્ય) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પ્રજા અને પોલીસ વચ્ચે સહકાર અને વિશ્વાસ વધે તે માટે સમયાંતરે સ્થાનિક કક્ષાએ લોક દરબાર યોજવા માટે સરકારે સૂચનાઓ આપી હોવાની હકીક્ત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ વર્ષ-૨૦૧૦માં રાજકોટ જિલ્લામાં કેટલા લોકદરબાર યોજવામાં આવ્યા, અને તેની વિગતો શી છે ? | (૨) વર્ષ ૨૦૧૦માં રાજકોટ જિલ્લામાં કુલ ૨૪૬ લોકદરબાર યોજવામાં આવ્યા. લોકદરબારમાં કરવામાં આવતી રજૂઆતોની વિગતોમાં પોલીસ ખાતાને લગતી રજૂઆતોનો નિકાલ કરવામાં આવે છે, જ્યારે અન્ય વિભાગોને લગતી રજૂઆતો જે તે વિભાગને મોકલી આપવામાં આવે છે. ઉપરાંત, સબંધિત વિભાગને લેખિત રજૂઆત કરવા અરજદારને સમજ પણ આપવામાં આવે છે. |

--------

## વાયબ્રન્ટ ગુજરાત ઇન્વેસ્ટર સમિટોમાં વિજ કંપનીઓએ કરેલ એમ.ઓ.યુ.

૨૦૭૬૩ : **શ્રી શૈલેષભાઈ મ.પરમાર (શહેર કોટડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સને ૨૦૦૩ અને ૨૦૦૫ માં વાયબ્રન્ટ ગુજરાત ઇન્વેસ્ટર સમિટમાં કઇ કઇ કંપનીઓએ વિજ ઉત્પાદન કરવા માટે કેટલી રકમના એમ.ઓ.યુ. કર્યા, | (૧) વર્ષ ૨૦૦૩ અને વર્ષ ૨૦૦૫ માં વીજ ઉત્પાદન માટે થયેલ એમ.ઓ.યુ.ની વિગતો અનુક્રમે પત્રક-૧ અને ૨ મુજબ છે. |

(૨) તે અન્વયે તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ કઇ કઇ કંપનીઓ કાર્યાન્વિત થઇ, અને
(૩) આ કંપનીઓ દ્વારા કેટલું વિજ ઉત્પાદન કરવામાં આવેલ છે ?

(૨) અને (૩) કુલ ૨૭ પ્રોજેક્ટ પૈકી ૧૮ પ્રોજેક્ટ અમલીકરણના વિવિધ તબક્કે છે. જેમાંથી ૮ પ્રોજેક્ટ (*પત્રક-૩ મુજબ) કાર્યાન્વિત થયેલ છે. સામાન્યતઃ વિશાળ કદના વીજ મથકો એક આંતરમાળખાકીય પ્રોજેક્ટ છે. આમ એક વીજ મથક સ્થાપવા માટે અન્ય માળખાકીય સવલતો જેવી કે, જમીન, રસ્તા, વીજ પ્રવહન, પાણી જેવી સુવિધાઓની વ્યવસ્થા કરવી જરૂરી બને છે. તદ્‌ઉપરાંત પર્યાવરણ બાંધકામ, વીજ પ્રવહન માટે તેમજ પાણીના વપરાશ જેવી વિવિધ પ્રકારની મંજુરીઓ વિગેરે પણ લેવી આવશ્યક છે. તદ્‌ઉપરાંત ઈંધણની ઉપલબ્ધતા અને ઉત્પાદીત થનાર વીજળીના વેચાણ અંગેના કરારો આખરી કરવાની બાબત સુનિતિ કરવાની રહે છે. વળી, આ વીજ યોજનાઓ તક્નીકી રીતે પણ જટીલ હોઈ, આ યોજના સ્થાપવા તેમજ તેમાંથી ઉત્પાદન મેળવવા માટે, સામાન્યતઃ ૫ થી ૭ વર્ષનો સમય ગાળો લાગતો હોય છે. પરંતુ ગુજરાત સરકારના સકારાત્મક અભિગમને કારણે રાજ્યમાં વીજ પ્રોજેક્ટોનું અમલીકરણ ઝડપથી થાય છે.

કાર્યાન્વિત થયેલ ૮ વીજ યોજનાઓમાંથી તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ ૩૦૪૩૦.૩૬૮ મિલીયન યુનીટનું વીજ ઉત્પાદન થયેલ છે (પત્રક-૪ મુજબ)

## પત્રક-૧
## વાયબ્રન્ટ ગુજરાત અંતર્ગત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ-૨૦૦૩ તથા ૨૦૦૫માં વીજ ઉત્પાદન ક્ષેત્રે થયેલ એમઓયુ અને અંદાજીત મૂડી રોકાણની વિગતો વર્ષ ૨૦૦૩

| અ. નં. | એમઓયુ કરનાર કંપનીનું નામ | અંદાજીત રોકાણ (રૂા. કરોડમાં) |
|---|---|---|
| ૧ | એનરકોન ઈન્ડીયા લિ. | ૧૭૫૦ |
| ૨ | ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રીસીટી કોર્પોરેશન | ૩૨૦ |
| ૩ | એનઈજી મેકોન લિ. | ૧૦૦૦ |
| ૪ | સુઝલોન એનર્જી | ૨૨૦૦ |
| ૫ | ગુજરાત પગુથન એનર્જી કંપની લિ. | ૩૨૫૦ |
| ૬ | ટોરેન્ટ પાવર જનરેશન લિ. | ૩૮૦૦ |
| ૭ | નિરમા કેમીકલ્સ વર્કસ લિ. | ૨૨૦૦ |
| ૮ | પરકર એનર્જી લિ. | ૧૫૦૦ |
| ૯ | ટોરેન્ટ પાવર | ૧૨૦૦ |
| ૧૦ | એસ્સાર પાવર લિ. | ૨૫૦૦ |

## પત્રક-૨
## વર્ષ-૨૦૦૫

| અ. નં. | એમ.ઓ.યુ. કરનાર કંપનીનું નામ | અંદાજીત રોકાણ (રૂા. કરોડમાં) |
|---|---|---|
| ૧. | ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ પાવર કું. લિ. સ્ટેજ-૨ | ૧૧૬૫ |
| ૨. | ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ પાવર કું. લિ. એક્સ્ટેન્શન | -- |
| ૩. | ગુજરાત પાવર કોર્પોરેશન લિ. | ૨૦૦૦ |
| ૪. | ગુજરાત મીનરલ ડેવલપમેન્ટ કોર્પોરેશન લિ. | ૨૫૦૦ |
| ૫. | એસ્સાર એનર્જી લિ. | ૩૭૭૦ |
| ૬. | મુન્દ્રા સ્પેશ્યલ ઈકોનોમીક ઝોન (અદાણી પ્રા. લિ.) | ૪૦૦૦ |
| ૭. | ટોરેન્ટ પાવર જનરેશન લિ. | ૩૯૦૦ |
| ૮. | એલ એન્ડ ટી | ૧૦૦૦ |
| ૯. | એનઈપીસી-ઈન્ડીયા | ૧૦૦૦ |

| અ. નં. | એમ.ઓ.યુ. કરનાર કંપનીનું નામ | અંદાજીત રોકાણ (રૂા. કરોડમાં) |
|---|---|---|
| ૧૦. | એનરકોન (ઈન્ડીયા) લિ. | ૩૦૦૦ |
| ૧૧. | સુઝલોન એનર્જી લિ. | ૨૫૦૦ |
| ૧૨. | એનઈજી-મેકોન પ્રા. | ૧૨૫૦ |
| ૧૩. | રીયાન રામાની, એનઆરઆઈ, યુનાઈટડ કીંગ્ડમ | ૧૪૬.૧ |
| ૧૪. | રીયાન રામાની, એનઆરઆઈ, યુનાઈટડ કીંગ્ડમ | ૨૨.૨ |
| ૧૫. | નેશનલ હાઈડ્રો ઈલેક્ટ્રીક પાવર કોર્પોરેશન | (અભ્યાસ) |
| ૧૬. | નેશનલ થર્મલ પાવર કોર્પોરેશન (૧૩૫૦) ગાંધાર અને ક્વાસ એક્સપાન્શન (૧૩૫૦) | ૮૦૦૦ |
| ૧૭. | ન્યુક્લીયર પાવર કોર્પોરેશન ઓફ ઈન્ડીયા | ૨૦૦૦ |

**પત્રક-૩**

**વાયબ્રન્ટ ગુજરાત અંતર્ગત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ-૨૦૦૩ તથા ૨૦૦૫માં વીજ ઉત્પાદન ક્ષેત્રે થયેલ એમઓયુ અન્વયે કાર્યાન્વિત થયેલ કંપનીઓની વિગતો વર્ષ ૨૦૦૩ અને ૨૦૦૫**

| અ. નં. | એમ.ઓ.યુ. કરનાર કંપનીનું નામ |
|---|---|
| ૨૦૦૩ | |
| ૧. | એનરકોન ઈન્ડીયા લિ. |
| ૨. | ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રીસીટી કોર્પોરેશન |
| ૩. | એનઈજી-મેકોન લિ. |
| ૪. | સુઝલોન એનર્જી |
| ૫. | ટોરેન્ટ પાવર જનરેશન લિ. |
| ૨૦૦૫ | |
| ૬. | ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ પાવર કંપની સ્ટેજ-૨ |
| ૭. | મુન્દ્રા સ્પેશ્યલ ઈકોનોમી ઝોન (અદાણી પાવર લી.) |
| ૮. | ન્યુક્લીયર પાવર કોર્પોરેશન લી. |

**પત્રક-૪**

**૨૦૦૩-૨૦૦૫માં થયેલ એમ.ઓ.યુ. અન્વયે કાર્યાન્વિત થયેલ કંપનીઓ દ્વારા થયેલ વીજ ઉત્પાદનની વિગતો**

| અ. નં. | એમ.ઓ.યુ. થયેલ કંપનીઓના નામ | વીજ ઉત્પાદન (મિલિયન યુનિટ) |
|---|---|---|
| ૧. | ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રીસીટી કોર્પોરેશન | ૧૭૫૪.૧૮૩ મિલિયન યુનિટ (નાણાકીય વર્ષ ૨૦૦૯-૧૦ની સ્થિતિએ) |
| ૨. | ટોરેન્ટ પાવર જનરેશન લિ. | ૬૧૬૨ મિલિયન યુનિટ (તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ) |
| ૩. | ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ પાવર કું. લિ. સ્ટેજ-૨ | ૪૬૯ મિલિયન યુનિટ (તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ) |
| ૪. | મુન્દ્રા સ્પેશ્યલ ઈકોનોમીક ઝોન (અદાણી પ્રા. લી.) | યુનિટ-૧, ૩૩૬૨.૦૨૭ મિલિયન યુનિટ<br>યુનિટ-૨, ૧૮૬૫.૯૧૩ મિલિયન યુનિટ<br>યુનિટ-૩, ૯૦૯.૬૪૯ મિલિયન યુનિટ<br>યુનિટ-૪, ૮૦.૫૯૬ મિલિયન યુનિટ<br>(તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ) |
| ૫. | ન્યુક્લીયર પાવર કોર્પોરેશન ઓફ ઈન્ડીયા | ૫૭૧૬ મિલિયન યુનિટ (ગુજરાત સરકારનો હિસ્સો) (તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ) |
| ૬. | સુઝલોન એનર્જી * | ઉક્ત ત્રણ કંપનીઓના કુલ પાંચ પ્રોજેક્ટ થકી તા. ૩૧-૧-૨૦૧૧ ની સ્થિતિએ ૧૦.૧૧૧ મિલિયન યુનિટ વીજ ઉત્પાદન મેળવાયું |
| ૭. | એનરકોન ઈન્ડીયા લિ. * | |
| ૮. | વેસ્ટાસ ઈન્ડીયા લી. * | |

--------

**આણંદ જિલ્લામાં બંધ ઉદ્યોગોને કાર્યાન્વિત કરવા બાબત**

૨૦૪૧૪ : **શ્રી નિરંજનભાઈ પટેલ (પેટલાદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ આણંદ જિલ્લામાં કેટલા નાના અને મધ્યમ ક્ષાના ઉદ્યોગો મૃત્યુપાય કે બંધ હાલતમાં છે, અને

**જવાબ**

(૧) બંધ એકમોની માહિતી સેન્ટ્રલી નિભાવવામાં આવતી ન હોવાથી આ માહિતી ઉપલબ્ધ નથી.
પરંતુ - ભારત સરકારશ્રી ધ્વારા હાથ ધરેલ ત્રીજા સેન્શસ (૨૦૦૧-૦૨) દરમ્યાન લઘુ એકમના કરેલા સર્વે રીપોર્ટ

મુજબ આણંદ જિલ્લામાં ૫૨૧ (૧૧.૭%) એક્મ બંધ મળેલ છે.

ચોથા સેન્શસ (૨૦૦૬-૦૭) દરમ્યાન સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ક્ષાના એક્મોના કરેલ સર્વે રીપોર્ટ મુજબ ૪૩૫ (૭.૧૫%) એક્મ બંધ મળેલ છે.

જ્યારે રાજ્ય સરકાર દ્વારા ૨-૧૦-૦૬થી ૩૧-૩-૨૦૧૦ ના સમયગાળા દરમ્યાન નોંધણી થયેલ સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ક્ષાના એક્મોનો કરાવેલ સેમ્પલ સર્વે રીપોર્ટ મુજબ આણંદ જિલ્લામાં ૪.૮૭% એક્મો બંધ મળેલ છે.

(૨) આવા ઉદ્યોગોને પુનઃકાર્યાન્વિત કરવા સરકારે શું આયોજન કરેલ છે ?

(૨) ચાલુ અથવા બંધ એક્મ પેકી માંદા એક્મ હોય તેવા વાયબલ માંદા એક્મને સરકારના તા. ૨૭-૦૨-૨૦૦૯ ના ઠરાવ હેઠળ માંદા એક્મને પુનઃવસન માટેની સહાયની યોજના અમલમાં છે. તથા તા. ૧૫-૦૭-૨૦૧૦ના ઠરાવ હેઠળ સરકારી લ્હેણાં બાબતની વન ટાઈમ સેટલમેન્ટની યોજના જાહેર થયેલ હતી.

--------

**વાયબ્રન્ટ ગુજરાત ઇન્વેસ્ટર સમિટોમાં થયેલ એમ.ઓ.યુ.**

૨૦૯૩૪ **: શ્રી જોધાજી ઠાકોર (વાગડોદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સન ૨૦૦૫ અને ૨૦૦૭ની વાયબ્રન્ટ ગુજરાત ઇન્વેસ્ટર સમિટમાં પાટણ અને મહેસાણા જિલ્લામાં મૂડીરોકાણ માટેના કુલ કેટલી રકમના એમ.ઓ.યુ. થયા હતા,

(૨) તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ તે પેકીનું વાસ્તવિક મૂડીરોકાણ ખરેખર આ જ જિલ્લામાં કેટલું થયું છે ખરું, અને

**જવાબ**

(૧) પાટણ અને મહેસાણા જિલ્લામાં સન ૨૦૦૫ અને ૨૦૦૭ની વાયબ્રન્ટ ગુજરાત ઇન્વેસ્ટર સમીટમાં નીચે જણાવ્યા પ્રમાણેના મૂડી રોકાણ માટેના એમ.ઓ.યુ. થયા હતા.

| જિલ્લો | સમીટ | રોકાણ |
|---|---|---|
| પાટણ | ૨૦૦૫ | ૨૦૦.૦૦ |
| | ૨૦૦૭ | ૨૦૯૮૫.૦૦ |
| મહેસાણા | ૨૦૦૫ | ૧૦૪૦.૭૫ |
| | ૨૦૦૭ | ૬૧૩૭.૮૦ |
| કુલ : | ૨૦૦૫ | ૧૨૪૦.૭૫ |
| | ૨૦૦૭ | ૨૭૧૨૨.૮૦ |

(૨) અને (૩) ઓમ.ઓ.યુ. કરનાર ઉદ્યોગકારે પ્રોજેક્ટનો અમલ કરવા જમીનની વ્યવસ્થા, બીન ખેતી મંજુરી, પર્યાવરણ મંજુરી, બાંધકામ અંગેની અને આ

(૩) કેટલાં ઉદ્યોગો ઉત્પાદનમાં ગયા ?

પ્રકારની અન્ય મંજુરીઓ , નાણાંકીય વ્યવસ્થા અને યંત્ર સામગ્રીની ખરીદી અને સ્થાપિત કરવાની કામગીરી કરવાની હોય છે. આથી પ્રોજેક્ટોના અમલીકરણના સમયગાળામાં મૂડી રોકાણના પ્રમાણમાં સમય લાગતો હોય છે.

પાટણ જિલ્લામાં તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ કુલ મૂડી રોકાણ રૂા. ૪૧૫૮.૮૭ કરોડ થયેલ છે. ઉપરોક્ત કુલ ૧૨ એમ.ઓ.યુ.માં આવતા ૧૮ પ્રોજેક્ટો પૈકી ૭ પ્રોજેક્ટો ઉત્પાદનમાં ગયેલા છે. જેમાં મૂડીરોકાણ રૂા. ૧૯૬૯ કરોડનું થયેલ છે. ત્રણ અમલીકરણ તબક્કામાં છે અને તેનું સુચિત મૂડીરોકાણ રૂા. ૬૪૦૭ કરોડ છે અને તેમાં ૨૧૮૯.૮૭ કરોડ રોકાણ થયેલ છે. આથી આ પ્રોજેક્ટોમાં મૂડીરોકાણ વધવાની શક્યતા છે.

મહેસાણા જિલ્લામાં તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ કુલ મૂડી રોકાણ રૂા. ૮૪૯.૭૮ કરોડ થયેલ છે. ઉપરોક્ત કુલ ૧૭ એમ.ઓ.યુમાં આવતા ૧૭ પ્રોજેક્ટો પૈકી ૧૧ પ્રોજેક્ટો ઉત્પાદનમાં ગયેલ છે. જેમાં મૂડીરોકાણ રૂા. ૭૭૫.૭૬ કરોડનું થયેલ છે. ત્રણ પ્રોજેક્ટો અમલીકરણના તબક્કામાં છે. તે પ્રોજેક્ટો હાલના તબક્કે રૂા. ૭૪ કરોડનું રોકાણ થયેલ છે. અને તેનું સૂચિત મૂડીરોકાણ રૂા. ૫૦૭૯ કરોડ છે. આથી આ પ્રોજેક્ટોમાં મૂડીરોકાણ વધવાની શક્યતા છે. ત્રણ પ્રોજેક્ટો ડ્રોપ થયેલ છે.

--------

**ગાંધીનગર જિલ્લાના લાભાર્થીને માનવ કલ્યાણ યોજના હેઠળ આપવામાં આવેલ લાભ**

૨૨૧૩૪ **: શ્રી કલ્યાણસિંહ ચૌહાણ (દહેગામ) : માનનીય કુટીર ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) માનવ કલ્યાણ યોજના અન્વયે ગાંધીનગર જિલ્લામાંથી તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ તેમાં કેટલો ખર્ચ થયેલ છે ?

**જવાબ**

(૧) લાભાર્થીઓની સંખ્યા-૮૦૦.

(૨) ખર્ચ રૂા. ૨૫.૯૭ લાખ.

--------

**રાષ્ટ્ર વિરોધ પ્રવૃત્તિ રોકવા પગલાં**

૨૨૧૯૫ **: શ્રી રાજસીભાઈ જોટવા (સોમનાથ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (સરહદી સુરક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યની જમીન અને દરિયાઇ સરહદ પરથી રાજ્ય-રાષ્ટ્ર વિરોધી પ્રવૃત્તિ થતી રોકવા રાજ્ય સરકારે પગલાં લેવા કોઇ કાર્યવાહી કરી છે કે કેમ, અને

**જવાબ**

(૧) હા, જી.

રાજ્ય સરકારે રાજ્ય-રાષ્ટ્ર વિરોધી પ્રવૃત્તિઓ થતી રોકવા નીચે પ્રમાણેના પગલાં લીધલ છે.

૧. રાજ્યની જમીન-દરિયાઈ સરહદ પરની સુરક્ષા માટે રાજ્ય કક્ષાએ આતંક્વાદ વિરોધી દળ તથા તમામ જીલ્લાઓમાં સ્પેશ્યલ ઓપરેશન ગૃપ કાર્યરત કરવામાં આવેલ છે. આ સ્પેશ્યલ ઓપરેશન ગૃપને વાહનો, હથિયારો તેમજ તમામ આધુનિક સગવડોથી સુસજ્જ કરવામાં

આવેલ છે.

૨. દરિયાઈ સુરક્ષા યોજના હેઠળ ૧૦ મરીન પોલીસ સ્ટેશન, ૩૨ આઉટ પોસ્ટ તથા ૧૬ ચેક પોસ્ટ કાર્યરત છે.

૩. ૨૮ ઈન્ટસેપ્ટર બોટ ધ્વારા સઘન દરિયાઈ પેટ્રોલિંગ કરવામાં આવે છે. જરૂરિયાત મુજબ વધારાની બોટો ભાડે રાખીને પણ દરિયાઈ પેટ્રોલિંગ કરવામાં આવે છે.

૪. સાગર તટની સુરક્ષા માટે મરીન રાજ્ય અનામત પોલીસ દળની રચના કરવામાં આવેલ છે.

૫. રાજ્યના ૧૩ દરિયાકાંઠાના જિલ્લામાં પેટ્રોલિંગ માટે સાગર રક્ષક દળ, હોમગાર્ડ તથા ગ્રામ રક્ષક દળના જવાનોની સેવા લેવામાં આવે છે.

૬. પોલીસ, કસ્ટમ અને કોસ્ટ ગાર્ડ ધ્વારા સંયુક્ત દરિયાઈ પેટ્રોલિંગ પણ કરવામાં આવે છે.

૭. ઘૂસણખોરી અટકાવવા માટે દરિયા કિનારાના બે કિ.મી. વિસ્તારના રહીશો તેમજ માછીમારોને બાયોમેટ્રીક ઓળખપત્ર આપવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

૮. રાજ્ય અને કેન્દ્ર સરકારની એજન્સીઓ સંયુક્ત રીતે રસ્તા રોકો, રાહ બંધ, સાગર કવચ જેવા વિવિધ ઓપરેશન સમયાંતરે હાથ ધરે છે.

૯. ભૂમિ સરહદે કાંટાળી તારની વાડનું આયોજન કરવામાં આવેલ છે.

૧૦. રાજ્યના અગત્યના વાઈટલ ઈન્સ્ટોલેશન ખાતે પણ કાર્યરત સુરક્ષા વ્યવસ્થાનું સરકાર ધ્વારા સમયાંતરે સિક્યુરિટી ઓડીટ કરવામાં આવે છે.

૧૧. રાજ્યનો ક્રાઈસીસ મેનેજમેન્ટ પ્લાન તૈયાર કરવામાં આવેલ છે.

(૨) જો હા, તો તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાષ્ટ્ર વિરોધી પ્રવૃત્તિ કરતા કેટલા શખ્સો પકડાયા ?

(૨) છેલ્લા બે વર્ષમાં રાષ્ટ્ર વિરોધી પ્રવૃત્તિ સાથે સંકળાયેલા કુલ-૧૫૧ શખ્સની ધરપકડ કરવામાં આવી છે.

--------

## પંચમહાલ જિલ્લાનાં નોંધાયેલ વિવિધ કેસ

૨૦૪૪૩ **: શ્રી હીરાભાઈ હ.પટેલ (લુણાવાડા)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર, તાલુકાવાર ખૂન, લૂંટ, ચોરી અને બળાત્કારના કેટલા બનાવો નોંધાયા છે,

(૧) ***પત્રક -૧** સામેલ છે.

(૨) વધતી જતી ગુનાખોરીને ડામવા સરકારે ક્યા-ક્યા પ્રકારના પગલાં લીધા છે, અને

(૨) ***પત્રક -૨** સામેલ છે.

(૩) તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ કેટલા ગુનેગારોને ક્યા ગુનાસર પકડવામાં આવ્યા છે ?

(૩) ખૂન - ૧૮૧.
લુંટ - ૪૯.

ચોરી - ૩૧૮.
બળાત્કાર - ૪૬.

***પત્રક -- ૧**

| અ.નં. | તાલુકા | ૨૦૦૯ | | | | ૨૦૧૦ | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ખુન | લૂંટ | ચોરી | બળાત્કાર | ખુન | લૂંટ | ચોરી | બળાત્કાર |
| ૧. | ગોધરા | ૧ | ૬ | ૧૦૨ | ૨ | ૧૧ | ૫ | ૮૫ | ૬ |
| ૨. | શહેરા | ૬ | ૧ | ૧૩ | ૦ | ૨ | ૧ | ૧૧ | ૦ |
| ૩. | મોરવા | ૨ | ૧ | ૭ | ૦ | ૪ | ૦ | ૨ | ૦ |
| ૪. | લુણાવાડા | ૪ | ૧ | ૩૧ | ૫ | ૫ | ૧ | ૧૫ | ૧ |
| ૫. | બાકોર | ૧ | ૦ | ૫ | ૦ | ૨ | ૨ | ૧ | ૦ |
| ૬. | કડાણા | ૨ | ૦ | ૪ | ૦ | ૧ | ૦ | ૪ | ૦ |
| ૭. | સંતરામપુર | ૩ | ૨ | ૨૦ | ૩ | ૩ | ૩ | ૧૦ | ૪ |
| ૮. | હાલોલ | ૪ | ૨ | ૬૪ | ૨ | ૮ | ૦ | ૪૩ | ૨ |
| ૯. | કાલોલ | ૭ | ૧ | ૨૩ | ૨ | ૩ | ૧ | ૧૦ | ૦ |
| ૧૦. | જાંબુઘોડા | ૦ | ૦ | ૩ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૧. | ઘોઘંબા | ૫ | ૩ | ૬ | ૦ | ૮ | ૩ | ૩ | ૦ |
| | **કુલ** | **૩૫** | **૧૭** | **૨૭૮** | **૧૪** | **૪૭** | **૧૬** | **૧૮૪** | **૧૩** |

**પત્રક -- ૨**

ફરાર આરોપીઓને પકડવા માટે નામદાર કોર્ટમાંથી સી.આર.પી.સી. કલમ ૭૦ હેઠળ વોરંટ મેળવી કાર્યવાહી કરવામાં આવે છે. ખાનગી તથા વિશ્વાસુ બાતમીદારોથી આરોપી અંગેની ભાળ મેળવવાના ઘનિષ્ટ પ્રયાસો હાથ ધરવામાં આવે છે. ઘરના માણસો, નજીકના સગા સંબંધીઓ તેમજ હેતુ મિત્રોની કડક તપાસ, વોચ ગોઠવી સંભવિત સ્થળો ઉપર આકસ્મિક અને છુપીરેડ કરી તેમજ આરોપીઓને લગતી સચોટ માહિતી પ્રસિધ્ધ કરી તેમજ ઈનામો જાહેર કરી આરોપીઓને પકડવાના પ્રયાસો કરવામાં આવે છે. ખૂન, લુંટ, ચોરી અને બળાત્કાર માટે જાણીતા ગુનેગારોની માહિતી સંબંધિત પોલીસ સ્ટેશનના રેકોર્ડ ઉપરથી મેળવી તેની પ્રવૃતિ ઉપર વોચ રાખવામાં આવે છે. તેમજ આવી મોડસ ઓપરેંડી ધરાવતા ગુનેગારો જેલમાં છૂટે ત્યારે તેઓના રહેણાંક અને તેઓના સાગરીતો ઉપર ખાનગી વોચ રાખવામાં આવે છે.-સગાં સંબંધીઓ તેમજ છુપાવવાની સંભવિત જ્ગ્યાઓએ ખાનગી રાહે તથા બાતમીદાર મારફતે તપાસો કરવામાં આવે છે.

આ ઉપરાંત કાયદાની વિવિધ જોગવાઈઓ હેઠળ નીચે મુજબનાં કેસો દાખલ કરવામાં આવેલ છે જેનાથી ગુનાઓ નિયંત્રણમાં છે.

| અ.નં. | કલમો | દાખલ કરેલ કેસની સંખ્યા વર્ષવાર | |
|---|---|---|---|
| | | ૨૦૦૯ | ૨૦૧૦ |
| ૧. | સી.આર. પી. સી. ૧૦૭, ૧૫૧ | ૧૩૪૧૭ | ૧૫૦૮૨ |
| ૨. | સી.આર. પી. સી. ૧૦૯. | ૧૧૨૭ | ૧૩૧૨ |
| ૩. | સી.આર. પી. સી. ૧૧૦. | ૩૮૪૯ | ૪૧૯૭ |
| ૪. | બી. પી. એક્ટ. ૧૨૨. | ૨૦૨ | ૨૪૩ |
| ૫. | બી. પી. એક્ટ. ૧૨૪. | ૦૯ | ૦૮ |
| ૬. | બી. પી. એક્ટ. ૫૬, ૫૭. | ૪૯ | ૫૧ |

--------

**ભાવનગર જિલ્લાના તાલુકાઓમાં ૬૬ કે.વી. ના વીજ જોડાણો**

૨૧૫૦૩ : **શ્રી મહેન્દ્રસિંહ સરવૈયા (પાલીતાણા)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જિલ્લામાં ક્યા ક્યા તાલુકામાં ૬૬ કે.વી. વીજમથક મંજૂર કરવામાં આવ્યા, અને

(૨) તેમાંથી કેટલા ઉક્ત સ્થિતિએ કાર્યરત થયા ?

**જવાબ**

(૧) અને (૨)

સબ-સ્ટેશનો સામાન્ય રીતે નાણાકીય વર્ષ મુજબ મંજૂર થાય છે. તદ્દનુસાર તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં સાથેના ***પત્રક** મુજબ કુલ ૧૮ સબ સ્ટેશનો વર્ષ-૨૦૦૮-૦૯ થી વર્ષ-૨૦૧૦-૧૧ દરમ્યાન આયોજિત કરવામાં આવેલ, જે પૈકી ૧૭ સબ સ્ટેશનો કાર્યરત થઈ ગયેલ છે.

**પત્રક**

**ભાવનગર જિલ્લામાં કાર્યરત થયેલ સબસ્ટેશનો**

| સબસ્ટેશનનું નામ | જિલ્લાનું નામ | તાલુકાનું નામ | કાર્યરત થયા તારીખ |
|---|---|---|---|
| ૬૬ કે. વી. માલપરા | ભાવનગર | ગઢડા | ૩૧-૧-૦૯ |
| ૬૬ કે. વી. ધારવાડા | ભાવનગર | ઉમરાલા | ૧૯-૨-૦૯ |
| ૬૬ કે. વી. પાસવી | ભાવનગર | તળાજા | ૨૭-૨-૦૯ |
| ૬૬ કે. વી. કુમ્ભણ | ભાવનગર | પાલિતાણા | ૨૮-૨-૦૯ |
| ૬૬ કે. વી. શ્રમજીવી સોસાયટી | ભાવનગર | ભાવનગર | ૨૭-૩-૦૯ |
| ૬૬ કે. વી. બોડાનાનેસ | ભાવનગર | પાલિતાણા | ૨૫-૩-૦૯ |
| ૬૬ કે. વી. મોટી ધરાઈ | ભાવનગર | વલભીપુર | ૩૦-૩-૦૯ |
| ૬૬ કે. વી. પાણવી | ભાવનગર | વલભીપુર | ૨૬-૩-૧૦ |
| ૬૬ કે. વી. સર | ભાવનગર | શિહોર | ૨૭-૩-૧૦ |
| ૬૬ કે. વી. નાથુગઢ | ભાવનગર | ઘોઘા | ૩૧-૧૨-૧૦ |
| ૬૬ કે. વી. ત્રાપજ | ભાવનગર | તળાજા | ૩૦-૧-૧૧ |
| ૬૬ કે. વી. ભાણદરિયા | ભાવનગર | ગારિયાધાર | ૨૪-૨-૧૧ |
| ૬૬ કે. વી. પરવડી | ભાવનગર | ગારિયાધાર | ૨૬-૨-૧૧ |
| ૬૬ કે. વી.બેલમપુર | ભાવનગર | મહુવા | ૨૭-૨-૧૧ |
| ૬૬ કે. વી.સમઢીયારા | ભાવનગર | ઘોઘા | ૪-૩-૧૧ |
| ૬૬ કે. વી. પાલીતાણા-૨ | ભાવનગર | પાલિતાણા | ૭-૩-૧૧ |
| ૬૬ કે. વી. માંડવી | ભાવનગર | ગારિયાધાર | ૮-૩-૧૧ |
| ૬૬ કે. વી.ખસરોડ (બોટાદ-૨) | ભાવનગર | બોટાદ | કામ ગતિમાં છે. |

--------

**દાહોદ જિલ્લામાં આપવામાં આવેલ હથિયારના લાઇસન્સ**

૨૦૪૪૧ **: શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા (લીમખેડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) દાહોદ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કુલ કેટલા ઇસમોને હથિયાર લાઇસન્સ પરવાનો આપવામાં આવ્યા,

(૨) તે અન્વયે જેમની સામે પોલીસ ગુન્હા નોંધાયા હોય તેમજ પોલીસ અહેવાલ/મેજીસ્ટ્રેટ અહેવાલ નકારાત્મક હોય તેવા કેટલા ઇસમોને હથિયાર પરવાના આપવામાં આવ્યા, અને

(૩) નકારાત્મક અહેવાલ આવ્યા હોવા છતાં પરવાના આપવાના શાં કારણો છે ?

**જવાબ**

(૧) છેલ્લા ત્રણ વર્ષમાં કુલ-૨૬૨ ઈસમોને હથિયાર પરવાના આપવામાં આવ્યા.

(૨) આવા કોઈ ઈસમને હથિયાર પરવાના આપવામાં આવેલ નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**વાયબ્રન્ટ ગુજરાત ઇન્વેસ્ટર સમિટમાં થયેલ એમ.ઓ.યુ.**

૨૦૯૩૬ **: શ્રી મહંમદ જાવેદ પીરઝાદા (વાંકાનેર ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સન ૨૦૦૫ અને ૨૦૦૭ ની ગુજરાત વાયબ્રન્ટ ગુજરાત ઇન્વેસ્ટર સમિટમાં સુરેન્દ્રનગર જિલ્લામાં મૂડી રોકાણ માટેના કુલ કેટલી રકમના એમ.ઓ.યુ. થયા હતાં,

**જવાબ**

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં વાયબ્રન્ટ ગુજરાત ઇન્વેટસ્ટર સમીટમાં નીચે જણાવ્યા પ્રમાણેના મૂડી રોકાણ માટેના એમ.ઓ.યુ. થયા હતા.

| સમિટ | એમ.ઓ.યુ. | રકમ |
|---|---|---|
| ૨૦૦૫ | ૧ | રૂા. ૩૦ કરોડ |
| ૨૦૦૭ | ૩ | રૂા. ૧૮૯ કરોડ |

(૨) તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ તે પૈકીનું વાસ્તવિક મુડીરોકાણ ખરેખર આજ જિલ્લામાં કેટલું થયું છે ખરૂં, અને

(૩) કેટલાં ઉદ્યોગો ઉત્પાદનમાં ગયા ?

(૨) અને (૩) એમ.ઓ.યુ. કરનાર ઉદ્યોગકારે પ્રોજેક્ટનો અમલ કરવા જમીનની વ્યવસ્થા, બીન ખેતી મંજૂરી, પર્યાવરણ મંજૂરી, બાંધકામ અંગેની અને આ પ્રકારની અન્ય મંજૂરીઓ, નાણાકીય વ્યવસ્થા અને યંત્ર સામગ્રીની ખરીદી અને સ્થાપિત કરવાની કામગીરી કરવાની હોય છે. આથી પ્રોજેક્ટોના અમલીકરણના સમયગાળામાં મૂડીરોકાણ ના પ્રમાણમાં સમય લાગતો હોય છે.

તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ કુલ મૂડી રોકાણ ૨૯૩૪ કરોડ થયેલ છે. ઉપરોક્ત કુલ ૪ એમ.ઓ.યુ.માં આવતા ૪ પ્રોજેક્ટો પૈકી ૧ પ્રોજેક્ટ ઉત્પાદનમાં ગયેલ છે. જેમાં મૂડીરોકાણ રૂા. ૧૦.૩ કરોડનું થયેલ છે.
૧ પ્રોજેક્ટ પ્રાથમિક અને અમલીકરણ તબક્કામાં છે. તેનું સૂચિત મૂડીરોકાણ રૂા. ૧૦ કરોડ છે. આથી આ પ્રોજેક્ટમાં મૂડીરોકાણ વધવાની શક્યતા છે. બે પ્રોજેક્ટ ડ્રોપ થયેલ છે.

--------

## જુનાગઢ જિલ્લાના લાભાર્થીને વાજપાઇ બેન્કેબલ સ્વરોજગાર યોજના હેઠળ મળેલ સહાય

૨૨૧૩૦ : **શ્રી કાળુભાઈ ચ.રાઠોડ (ઉના) : માનનીય મંત્રીશ્રી કુટિર ઉદ્યોગ** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વાજપાઇ બેંકેબલ સ્વરોજગાર યોજના અન્વયે જૂનાગઢ જિલ્લામાંથી તા.૩૧-૩-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા લાભાર્થીઓને સહાય આપવામાં આવેલ છે, અને

(૨) તેમાં કેટલી રકમ ચૂકવવામાં આવી ?

**જવાબ**

(૧)

| **સમયગાળો** | **લાભાર્થીની સંખ્યા** |
|---|---|
| ૧-૪-૦૮ થી ૩૧-૩-૦૯ | ૯૭૯ |
| ૧-૪-૦૯ થી ૩૧-૩-૧૦ | ૧૪૬૬ |
| કુલઃ- | ૨૪૪૫ |

(૨) આ સમયગાળામાં નીચે મુજબ રકમ ચૂકવવામાં આવેલ છે.

| **સમયગાળો** | **રકમ** |
|---|---|
| ૧-૪-૦૮ થી ૩૧-૩-૦૯ | રૂા. ૧૦૯.૪૮ લાખ |
| ૧-૪-૦૯ થી ૩૧-૩-૧૦ | રૂા. ૧૭૨.૭૨ લાખ |
| **કુલઃ-** | **રૂા. ૨૮૨.૨૦ લાખ** |

--------

## અમદાવાદ ગ્રામ્ય વિસ્તારમાં પોલીસ ખાતાના રહેણાંકના મકાનો

૨૨૨૩૩ : **શ્રી કાંતિલાલ રા. લકુમ (બાવળા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદ ગ્રામ્ય વિસ્તારમાં કુલ કેટલી રકમના પોલીસ ખાતાના રહેણાંકના કામો હાથ પર લેવામાં આવેલ છે, અને

(૨) આ કામો માટે કુલ કેટલી રકમનો ખર્ચ થનાર છે ?

**જવાબ**

(૧) અને (૨)

અમદાવાદ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૨૦૧૦-૨૦૧૧ના વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં રહેણાંક્ના **કુલ-૧૮** મકાનોનાં કામો હાથ ઉપર લેવામાં આવેલ છે. જે માટે **કુલ રૂા. ૧૮૬.૪૨** લાખનો ખર્ચ થનાર છે. હાલમાં **૪૭** મકાનોના કામો **રૂા. ૩૭૯.૬૭** લાખના ખર્ચે પ્રગતિમાં છે.

**કચ્છમાં મુંદ્રા સ્પેશિયલ ઇકોનોમીઝોનમાં વીજ વપરાશ**

૨૧૯૧૬ **: શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કચ્છમાં મુંદ્રા સ્પેશિયલ ઇકોનોમીઝોનમાં વિજ વપરાશનાં અંદાજો અન્વયે રાજ્ય સરકારે છેલ્લા ત્રણ વર્ષમાં કેન્દ્ર સરકારને વધુ પાવર જનરેશન વધારવા ભલામણ કરી છે, તે હકીકત સાચી છે,

(૨) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ મુંદ્રા SEZ માં વિજ વપરાશનું પ્રમાણ કેટલું છે, અને

(૩) ગત ત્રણ વર્ષમાં વર્ષવાર પમિ ગુજરાત વિદ્યુત કં. લીમીટેડ કે રાજ્યનાં અન્ય સ્રોતો મારફતે મુંદ્રા સેઝમાં કેટલા યુનીટનું વીજવપરાશ નોંધાયું તેમજ ખાનગી ઉત્પાદકોનાં ઉત્પાદનોમાંથી વર્ષવાર કેટલી વીજળી વપરાઇ ?

**જવાબ**

(૧) ના, જી.

(૨) ૨૦૧૦ના વર્ષમાં મુંદ્રા સ્પેશિયલ ઈકોનોમિક ઝોનમાં વિજ વપરાશનું પ્રમાણ ૭૩.૨૪ મીલીયન યુનિટનું છે.

(૩) ગત ત્રણ વર્ષમાં પમિ ગુજરાત વીજ કંપની લીમીટેડ તેમજ મે. એમ.પી.એસ.ઈ.ઝેડ. યુટીલીટીઝ પ્રા. લી. મારફતે મુંદ્રા સેઝમાં વર્ષવાર નીચે મુજબ વીજળી વપરાઈ છે.

| **વર્ષ** | **પમિ ગુજરાત વીજ કં. લી. દ્વારા પૂરી પડાયેલ વીજળી (મીલીયન યુનિટમાં)** | **એમ.પી.એસ.ઈ.ઝેડ. યુટીલીટીઝ પ્રા. લી. દ્વારા પૂરી પડાયેલ વીજળી (મિલીયન યુનિટમાં)** |
|---|---|---|
| ૨૦૦૮ | ૩૩.૦૬ | - |
| ૨૦૦૯ | ૮૭.૮૪ | - |
| ૨૦૧૦ | ૬૬.૪૫ | ૬.૭૯ |

--------

૨૭૯/page> **ક્રુડ/ઓઇલ ગેસ પર મળેલ રોયલ્ટી**

૨૨૧૫૫ **: ડૉ. માયાબેન સુ. કોડનાની (નરોડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્ય સરકારને ક્રુડ/ઓઇલ અને ગેસ પર કેટલી રોયલ્ટી મળી,

(૨) આ રોયલ્ટી ઘટવાના કારણો શાં છે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યને ક્રુડ ઓઈલ અને ગેસ પર રૂા. ૨૨૬૦.૩૯ કરોડ રોયલ્ટી મળવાપાત્ર હતી તેની સામે રૂા. ૧૩૨૯.૭૮ કરોડ રોયલ્ટી મળેલ છે.

(૨) ભારત સરકારના મીનીસ્ટ્રી ઓફ પેટ્રોલિયમ દ્વારા તેઓના તા. ૨૫-૩-૨૦૦૮ના પત્રથી એક પક્ષીય નિર્ણય કરી સદરહુ તા. ૧૭-૩-૨૦૦૩ના ઠરાવની જોગવાઈઓથી વિપરીત કાર્યપધ્ધતિ અમલી બનાવેલ છે. ભારત સરકાર પેટ્રોલિયમ મંત્રાલયના તા. ૨૫-૦૩-૨૦૦૮ના પત્રથી અપનાવેલ કાર્યપધ્ધતિ મુજબ ક્રુડ ઓઈલની રોયલ્ટીની ગણતરી માટે એપ્રિલ -૨૦૦૮થી આંતરરાષ્ટ્રીય બજાર ભાવોને લક્ષમાં ન લેતાં, સરકારની તેલ વિતરણ કંપનીઓને આપવામાં આવતી વળતર બાદની કિંમતનો આધાર લઈ રાજ્યને રોયલ્ટી ચૂકવવામાં આવે છે. તેના કારણે રોયલ્ટીમાં ઘટાડો થયેલ છે.

--------

## તાપી - વ્યારા જિલ્લામાં પ્રજા અને પોલીસ વચ્ચે યોજવામાં આવેલ લોક દરબાર

૨૨૧૪૭ **: શ્રીમતી ભારતીબેન રાઠોડ (કામરેજ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) પ્રજા અને પોલીસ વચ્ચે સહકાર અને વિશ્વાસ વધે તે માટે સમયાંતરે સ્થાનિક કક્ષાએ લોક દરબાર યોજવા માટે રાજ્ય સરકારે સૂચનાઓ આપી હોવાની હકીક્ત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો વર્ષ-૨૦૧૦ માં તાપી - વ્યારા જિલ્લામાં કેટલા લોક દરબાર યોજવામાં આવ્યા, અને તેની વિગતો શી છે ? | (૨) વર્ષ-૨૦૧૦માં તાપી -વ્યારા જિલ્લામાં કુલ : ૨૯૦ લોકદરબાર યોજવામાં આવ્યા.<br>લોકદરબારમાં કરવામાં આવતી રજૂઆતોની વિગતોમાં પોલીસ ખાતાને લગતી રજૂઆતોનો નિકાલ કરવામાં આવે છે, જ્યારે અન્ય વિભાગોને લગતી રજૂઆતો જે તે વિભાગને મોક્લી આપવામાં આવે છે. ઉપરાંત, સંબંધિત વિભાગને લેખિત રજૂઆત કરવા અરજદારને સમજ પણ આપવામાં આવે છે. |

--------

## વડનગર તાલુકાના ગઠામણમાં બી.પી.એલ. લાભાર્થીઓને વીજ જોડાણ

૨૦૫૮૦ **: શ્રી ભરતસિંહજી શં.ડાભી (ખેરાલુ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૧૧ના છેલ્લા ત્રણ વર્ષમાં મોજે. કરશનપુરા તા. વડનગર જિ. મહેસાણા ગામઠાણ સર્વે નં. ૪૩૮ માં કેટલા લાભાર્થીઓને આ મકાનોમાં વીજ ક્નેક્શન આપવામાં આવ્યું, અને<br>(૨) તે પૈકી બાકી લાભાર્થીઓને વીજ ક્નેક્શન ન આપવાના કારણો શા છે ? | (૧) અને (૨)<br>મોજે કરશનપુરા તા. વડનગર જિ. મહેસાણા ગામઠાણ સર્વે નં. ૪૩૮ એ ગોચર જમીન છે. જેમાં ૨૪ કુટુંબો દ્વારા આ ગોચર જમીનમાં ગેરકાયદેસર વસવાટ કરેલ હોવાથી સરપંચશ્રી, કરશનપુરા દ્વારા નામ. વડનગર કોર્ટમાં કેસ નંબર ૧૧/૦૬ થી કેસ દાખલ કરવામાં આવેલ છે. અને સંલગ્ન સબડીવીઝન કચેરીમાં સરપંચશ્રીએ વાંધા અરજી આપેલ હોઈ, વીજ જોડાણ આપવામાં આવેલ નથી. |

--------

## સાબરકાંઠા જિલ્લામાં પ્રજા અને પોલીસ વચ્ચે યોજવામાં આવેલ લોક દરબાર

૨૨૧૪૧ **: શ્રી ઉદેસિંહ ઝાલા (બાયડ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) પ્રજા અને પોલીસ વચ્ચે સહકાર અને વિશ્વાસ વધે તે માટે સમયાંતરે સ્થાનિક કક્ષાએ લોકદરબાર યોજવા માટે રાજ્ય સરકારે સૂચનાઓ આપી હોવાની હકીક્ત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો વર્ષ-૨૦૧૦ માં સાબરકાંઠા જિલ્લામાં કેટલા લોકદરબાર યોજવામાં આવ્યા, અને તેની વિગતો શી છે ? | (૨) વર્ષ ૨૦૧૦માં સાબરકાંઠા જિલ્લામાં કુલ ૩૮૮ લોકદરબાર યોજવામાં આવ્યા.<br>લોકદરબારમાં કરવામાં આવતી રજૂઆતોની વિગતોમાં પોલીસ ખાતાને લગતી રજૂઆતોનો નિકાલ કરવામાં આવે છે, જ્યારે અન્ય વિભાગોને લગતી રજૂઆતો જે તે વિભાગને મોક્લી આપવામાં આવે છે. ઉપરાંત, સંબંધિત વિભાગને લેખિત રજૂઆત કરવા અરજદારને સમજ પણ આપવામાં આવે છે. |

## વાયબ્રન્ટ ગુજરાત ઇન્વેસ્ટર સમિટોમાં વિજ કંપનીઓએ કરેલ એમ.ઓ.યુ.

૨૦૪૩૧ **: શ્રી રામસિંહ પરમાર (ઠાસરા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સને ૨૦૦૩ અને ૨૦૦૫ માં વાયબ્રન્ટ ગુજરાત ઇન્વેસ્ટર સમિટમાં કઇ કઇ કંપનીઓએ વિજ ઉત્પાદન કરવા માટે કેટલી રકમના એમ.ઓ.યુ. કર્યા,

(૨) તે અન્વયે તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ કઇ કંપનીઓ કાર્યાન્વિત થઇ, અને

(૩) આ કંપનીઓ દ્વારા કેટલું વિજ ઉત્પાદન કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) વર્ષ ૨૦૦૩ અને વર્ષ ૨૦૦૫ માં વીજ ઉત્પાદન માટે થયેલ એમ.ઓ.યુ.ની વિગતો અનુક્રમે **પત્રક-૧ અને ૨** મુજબ છે.

(૨) અને (૩) કુલ ૨૭ પ્રોજેક્ટ પૈકી ૧૮ પ્રોજેક્ટ અમલીકરણના વિવિધ તબક્કે છે. જેમાંથી ૮ પ્રોજેક્ટ **(*પત્રક-૩ મુજબ)** કાર્યાન્વિત થયેલ છે. સામાન્યતઃ વિશાળ કદના વીજ મથકો એક આંતરમાળખાકીય પ્રોજેક્ટ છે. આમ એક વીજ મથક સ્થાપવા માટે અન્ય માળખાકીય સવલતો જેવી કે, જમીન, રસ્તા, વીજ પ્રવહન, પાણી જેવી સુવિધાઓની વ્યવસ્થા કરવી જરૂરી બને છે. તદ્ઉપરાંત પર્યાવરણ બાંધકામ, વીજ પ્રવહન માટે તેમજ પાણીના વપરાશ જેવી વિવિધ પ્રકારની મંજૂરીઓ વિગેરે પણ લેવી આવશ્યક છે. તદ્ઉપરાંત ઈંધણની ઉપલબ્ધતા અને ઉત્પાદીત થનાર વીજળીના વેચાણ અંગેના કરારો આખરી કરવાની બાબત સુનિતિ કરવાની રહે છે. વળી, આ વીજ યોજનાઓ તક્નીકી રીતે પણ જટીલ હોઈ, આ યોજના સ્થાપવા તેમજ તેમાંથી ઉત્પાદન મેળવવા માટે, સામાન્યતઃ ૫ થી ૭ વર્ષનો સમય ગાળો લાગતો હોય છે. પરંતુ ગુજરાત સરકારના સકારાત્મક અભિગમને કારણે રાજ્યમાં વીજ પ્રોજેક્ટોનું અમલીકરણ ઝડપથી થાય છે.

કાર્યાન્વિત થયેલ ૮ વીજ યોજનાઓમાંથી તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ ૩૦૪૩૦.૩૬૮ મિલીયન યુનીટનું વીજ ઉત્પાદન થયેલ છે **(પત્રક-૪ મુજબ)**

**પત્રક-૧**

**વાયબ્રન્ટ ગુજરાત અંતર્ગત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ-૨૦૦૩ તથા ૨૦૦૫માં વીજ ઉત્પાદન ક્ષેત્રે થયેલ એમઓયુ અને અંદાજીત મૂડી રોકાણની વિગતો વર્ષ ૨૦૦૩**

| અ. નં. | એમઓયુ કરનાર કંપનીનું નામ | અંદાજીત રોકાણ (રૂા. કરોડમાં) |
|---|---|---|
| ૧ | એનરકોન ઈન્ડીયા લિ. | ૧૭૫૦ |
| ૨ | ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રીસીટી કોર્પોરેશન | ૩૨૦ |
| ૩ | એનઈજી મેકોન લિ. | ૧૦૦૦ |
| ૪ | સુઝલોન એનર્જી | ૨૨૦૦ |
| ૫ | ગુજરાત પગુથન એનર્જી કંપની લિ. | ૩૨૫૦ |
| ૬ | ટોરેન્ટ પાવર જનરેશન લિ. | ૩૮૦૦ |
| ૭ | નિરમા કેમીકલ્સ વર્કસ લિ. | ૨૨૦૦ |
| ૮ | પરકર એનર્જી લિ. | ૧૫૦૦ |
| ૯ | ટોરેન્ટ પાવર | ૧૨૦૦ |
| ૧૦ | એસ્સાર પાવર લિ. | ૨૫૦૦ |

## પત્રક-૨
## વર્ષ-૨૦૦૫

| અ. નં. | એમ.ઓ.યુ. કરનાર કંપનીનું નામ | અંદાજીત રોકાણ (રૂા. કરોડમાં) |
|---|---|---|
| ૧. | ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ પાવર કું. લિ. સ્ટેજ-૨ | ૧૧૬૫ |
| ૨. | ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ પાવર કું. લિ. એક્સ્ટેશન | -- |
| ૩. | ગુજરાત પાવર કોર્પોરેશન લિ. | ૨૦૦૦ |
| ૪. | ગુજરાત મીનરલ ડેવલપમેન્ટ કોર્પોરેશન લિ. | ૨૫૦૦ |
| ૫. | એસ્સાર એનર્જી લિ. | ૩૭૭૦ |
| ૬. | મુન્દ્રા સ્પેશ્યલ ઈકોનોમીક ઝોન (અદાણી પ્રા. લિ.) | ૪૦૦૦ |
| ૭. | ટોરેન્ટ પાવર જનરેશન લિ. | ૩૯૦૦ |
| ૮. | એલ એન્ડ ટી | ૧૦૦૦ |
| ૯. | એનઈપીસી-ઈન્ડીયા | ૧૦૦૦ |
| ૧૦. | એનરકોન (ઈન્ડીયા) લિ. | ૩૦૦૦ |
| ૧૧. | સુઝલોન એનર્જી લિ. | ૨૫૦૦ |
| ૧૨. | એનઈજી-મેકોન પ્રા. | ૧૨૫૦ |
| ૧૩. | રીયાન રામાની, એનઆરઆઈ, યુનાઈટેડ કીંગ્ડમ | ૧૪૬.૧ |
| ૧૪. | રીયાન રામાની, એનઆરઆઈ, યુનાઈટેડ કીંગ્ડમ | ૨૨.૨ |
| ૧૫. | નેશનલ હાઈડ્રો ઈલેક્ટ્રીક પાવર કોર્પોરેશન | (અભ્યાસ) |
| ૧૬. | નેશનલ થર્મલ પાવર કોર્પોરેશન (૧૩૫૦) ગાંધાર અને ક્વાસ એક્સપાન્શન (૧૩૫૦) | ૮૦૦૦ |
| ૧૭. | ન્યુક્લીયર પાવર કોર્પોરેશન ઓફ ઈન્ડીયા | ૨૦૦૦ |

## પત્રક-૩
## વાયબ્રન્ટ ગુજરાત અંતર્ગત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ-૨૦૦૩ તથા ૨૦૦૫માં વીજ ઉત્પાદન ક્ષેત્રે થયેલ એમઓયુ અન્વયે કાર્યાન્વિત થયેલ કંપનીઓની વિગતો વર્ષ ૨૦૦૩ અને ૨૦૦૫

| અ. નં. | એમ.ઓ.યુ. કરનાર કંપનીનું નામ |
|---|---|
| | ૨૦૦૩ |
| ૧. | એનરકોન ઈન્ડીયા લિ. |
| ૨. | ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રીક્સીટી કોર્પોરેશન |
| ૩. | એનઈજી-મેકોન લિ. |
| ૪. | સુઝલોન એનર્જી |
| ૫. | ટોરેન્ટ પાવર જનરેશન લિ. |
| | ૨૦૦૫ |
| ૬. | ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ પાવર કંપની સ્ટેજ-૨ |
| ૭. | મુન્દ્રા સ્પેશ્યલ ઈકોનોમીક ઝોન (અદાણી પાવર લી.) |
| ૮. | ન્યુક્લીયર પાવર કોર્પોરેશન લી. |

## પત્રક-૪
## ૨૦૦૩-૨૦૦૫માં થયેલ એમ.ઓ.યુ. અન્વયે કાર્યાન્વિત થયેલ કંપનીઓ દ્વારા થયેલ વીજ ઉત્પાદનની વિગતો

| અ. નં. | એમઓયુ થયેલ કંપનીઓના નામ | વીજ ઉત્પાદન (મિલિયન યુનિટ) |
|---|---|---|
| ૧. | ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રીસીટી કોર્પોરેશન | ૧૭૫૪.૧૮૩ મિલિયન યુનિટ<br>(નાણાકીય વર્ષ ૨૦૦૯-૧૦ની સ્થિતિએ) |
| ૨. | ટોરેન્ટ પાવર જનરેશન લિ. | ૬૧૬૨ મિલિયન યુનિટ<br>(તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ) |
| ૩. | ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ પાવર કું. લિ. સ્ટેજ-૨ | ૪૬૯ મિલિયન યુનિટ<br>(તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ) |
| ૪. | મુન્દ્રા સ્પેશ્યલ ઈકોનોમીક ઝોન (અદાણી પ્રા. લી.) | યુનિટ-૧, ૩૩૬૨.૦૨૭ મિલિયન યુનિટ<br>યુનિટ-૨, ૧૮૬૫.૯૧૩ મિલિયન યુનિટ<br>યુનિટ-૩, ૯૦૯.૬૪૯ મિલિયન યુનિટ<br>યુનિટ-૪, ૮૦.૫૯૬ મિલિયન યુનિટ<br>(તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ) |
| ૫. | ન્યુક્લીયર પાવર કોર્પોરેશન ઓફ ઈન્ડીયા | ૫૭૧૬ મિલિયન યુનિટ<br>(ગુજરાત સરકારનો હિસ્સો)<br>(તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ) |
| ૬. | સુઝલોન એનર્જી * | ઉક્ત ત્રણ કંપનીઓના કુલ પાંચ પ્રોજેક્ટ થકી તા. ૩૧-૧-૨૦૧૧ ની સ્થિતિએ ૧૦.૧૧૧ મિલિયન યુનિટ વીજ ઉત્પાદન મેળવાયું |
| ૭. | એનરકોન ઈન્ડીયા લિ. * | |
| ૮. | વેસ્ટાસ ઈન્ડીયા લી. * | |

**વાયબ્રન્ટ ગુજરાત ઇન્વેસ્ટર સમિટોમાં પંચમહાલ જિલ્લા સંબંધે થયેલ એમ.ઓ.યુ.**

૨૦૯૮૪ **: શ્રી સી. કે. રાઉલજી (ગોધરા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સને ૨૦૦૫ અને ૨૦૦૭ની ગુજરાત વાયબ્રન્ટ સમિટમાં પંચમહાલ જિલ્લામાં મૂડી રોકાણ માટેના કુલ કેટલી રકમના એમ.ઓ.યુ. થયા હતા,

(૨) તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ તે પેકીનું વાસ્તવિક મૂડી રોકાણ ખરેખર આ જ જિલ્લામાં કેટલું થયું છે, અને

(૩) કેટલા ઉદ્યોગો ઉત્પાદનમાં ગયા ?

**જવાબ**

(૧) પંચમહાલ જિલ્લામાં સન ૨૦૦૫ અને ૨૦૦૭ની વાયબ્રન્ટ ગુજરાત ઇન્વેસ્ટર સમીટમાં કુલ રૂા. ૧,૦૭૫ ક્રોડના મૂડીરોકાણના એમ.ઓ.યુ. થયા હતા.

(૨) અને (૩) એમ.ઓ.યુ. કરનાર ઉદ્યોગકારે પ્રોજેક્ટનો અમલ કરવા જમીનની વ્યવસ્થા, બીન ખેતી મંજૂરી, પર્યાવરણ મંજૂરી, બાંધકામ અંગેની અને આ પ્રકારની અન્ય મંજૂરીઓ , નાણાંકીય વ્યવસ્થા અને યંત્ર સામગ્રીની ખરીદી અને સ્થાપિત કરવાની કામગીરી કરવાની હોય છે. આથી પ્રોજેક્ટોના અમલીકરણના સમયગાળામાં મૂડી રોકાણના પ્રમાણમાં સમય લાગતો હોય છે.

તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ કુલ મૂડી રોકાણ રૂા. ૩૮૮ ક્રોડ થયેલ છે. ઉપરોક્ત કુલ ૨ એમ.ઓ.યુ.માં આવતા ૨ પ્રોજેક્ટો પેકી ૧ પ્રોજેક્ટ ઉત્પાદનમાં ગયેલ છે. જેમાં મૂડીરોકાણ રૂા. ૩૮૮ ક્રોડનું થયેલ છે. ૧ પ્રોજેક્ટ અમલીકરણ તબક્કામાં છે તેનું સુચિત મૂડીરોકાણ રૂા. ૪૫૦ ક્રોડ છે આથી આ પ્રોજેક્ટોમાં મૂડીરોકાણ વધવાની શક્યતા છે.

**વાયબ્રન્ટ ગુજરાત ઇન્વેસ્ટર સમિટમાં થયેલ એમ.ઓ.યુ.**

૨૧૧૭૫ **: શ્રી શંકરભાઈ દે. વાઘેલા (ચકલાસી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સન ૨૦૦૫ના વાયબ્રન્ટ ગુજરાત ઇન્વેસ્ટર સમિટ દરમ્યાન કુલ કેટલી રકમના એમ.ઓ.યુ. થયા હતા, અને

(૨) તે પેકી તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ ખરેખર વાસ્તવિક મૂડીરોકાણ પ્રાપ્ત થયું હોય અને ઉત્પાદનમાં ગયા હોય તેવા ઉદ્યોગો કેટલા છે ?

**જવાબ**

(૧) સન ૨૦૦૫ના વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટ દરમ્યાન ૨૨૬ એમ.ઓ.યુ. (૨૨૭ પ્રોજેક્ટ) માટે કુલ રૂ.૧૦૬૧૬૦ ક્રોડના સૂચિત મૂડીરોકાણ થયા હતા.

(૨) તે પેકી તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ ખરેખર વાસ્તવિક મૂડીરોકાણ રૂ. ૩૩૮૭૭.૭૩ ક્રોડ પ્રાપ્ત થયું અને કુલ ૧૧૪ ઉદ્યોગો ઉત્પાદનમાં ગયા. રૂ. ૨૮૦૭૭.૯૦ ક્રોડના સૂચિત મૂડીરોકાણવાળા ૨૩ પ્રોજેક્ટ અમલીકરણ હેઠળ છે.

**ગીરના જંગલોમાં ગેરકાયદે ખનિજ ખોદકામ**

૨૦૯૮૮ **: શ્રી માનસિંહ ચૌહાણ (બાલાસિનોર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનિજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગીરનાં રક્ષીત જંગલમાં ગેરકાયદેસર ખનીજ ખોદાણ થાય છે તેવી કેટલી ફરિયાદો સરકારને મળી, અને

(૨) મળેલ ફરિયાદો અન્વયે સરકારે શાં પગલાં લીધા ?

**જવાબ**

(૧) તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગીરનાં રક્ષીત જંગલમાં ગેરકાયદેસર ખનીજ ખોદાણ થાય છે તેવી કોઈ ફરિયાદ સરકારને મળી નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

### વડોદરા જિલ્લામાં વાજપાઈ બેન્કેબલ યોજના હેઠળ સબસીડી

૨૦૪૧૩ **: શ્રી સિધ્ધાર્થભાઈ પટેલ (ડભોઈ) : માનનીય કુટીર ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

બાજપાઈ બેન્કેબલ યોજના હેઠળ તા.૩૧-૧૨-૧૦ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લામાં તાલુકાવાર કેટલા કેસોમાં કેટલી સબસીડી મંજુર કરવામાં આવી?

**જવાબ**

બાજપાઈ બેન્કેબલ યોજના હેઠળ તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લામાં તાલુકાવાર નીચેની વિગતે સબસીડી મંજૂર કરવામાં આવી.

| અ. નં. | તાલુકાનું નામ | તા.૧-૧-૦૯થી તા. ૩૧-૧૨-૦૯ સુધી | | તા.૧-૧-૧૦થી તા. ૩૧-૧૨-૧૦ સુધી | | તા.૧-૧-૦૯થી તા. ૩૧-૧૨-૧૦ સુધી કુલ | |
|---|---|---|---|---|---|---|---|
| | | સંખ્યા | રકમ | સંખ્યા | રકમ | સંખ્યા | રકમ |
| | | રૂ. લાખમાં | | રૂ. લાખમાં | | રૂ. લાખમાં | |
| ૧ | વડોદરા શહેર | ૮૦૫ | ૧૧૭.૪૩ | ૧૨૫૧ | ૧૮૯.૫૧ | ૨૦૫૬ | ૩૦૬.૯૪ |
| ૨ | વડોદરા ગ્રામ્ય | ૬૮ | ૭.૧૪ | ૧૨૧ | ૧૨.૦૧ | ૧૮૯ | ૧૯.૧૫ |
| ૩ | છોટાઉદેપુર | ૨૦૯ | ૨૩.૯૭ | ૩૧૦ | ૨૯.૬૬ | ૫૧૯ | ૫૩.૬૩ |
| ૪ | પાવી જેતપુર | ૨૨૪ | ૨૨.૧૦ | ૩૨૪ | ૩૨.૧૫ | ૫૪૮ | ૫૪.૨૫ |
| ૫ | સંખેડા | ૧૪૨ | ૯.૫૬ | ૧૨૩ | ૧૦.૭૧ | ૨૬૫ | ૨૦.૨૭ |
| ૬ | ક્વાંટ | ૧૬૧ | ૧૮.૪૫ | ૧૯૫ | ૧૬.૫૫ | ૩૫૬ | ૩૫.૦૦ |
| ૭ | નસવાડી | ૪૯ | ૩.૬૩ | ૮૭ | ૭.૭૪ | ૧૩૬ | ૧૧.૩૭ |
| ૮ | શિનોર | ૩૦ | ૩.૨૭ | ૫૮ | ૬.૨૫ | ૮૮ | ૯.૫૨ |
| ૯ | ડભોઈ | ૯૦ | ૬.૭૯ | ૧૩૬ | ૧૩.૫૯ | ૨૨૬ | ૨૦.૩૮ |
| ૧૦ | કરજાણ | ૧૦૯ | ૭.૦૪ | ૧૧૦ | ૧૧.૦૫ | ૨૧૯ | ૧૮.૦૯ |
| ૧૧ | પાદરા | ૧૪૯ | ૮.૮૭ | ૧૨૨ | ૧૨.૧૦ | ૨૭૧ | ૨૦.૯૭ |
| ૧૨ | સાવલી | ૭૩ | ૬.૩૬ | ૫૬ | ૫.૩૧ | ૧૨૯ | ૧૧.૬૭ |
| ૧૩ | વાઘોડીયા | ૫૩ | ૪.૨૮ | ૮૪ | ૭.૭૬ | ૧૩૭ | ૧૨.૦૪ |
| | કુલ | ૨૧૬૨ | ૨૩૮.૮૯ | ૨૯૭૭ | ૩૫૪.૩૯ | ૫૧૩૯ | ૫૯૩.૨૮ |

### સરદાર સરોવર યોજનાની સોરાષ્ટ્ર નહેરમાં સાયફન તથા સીલ્ટીંગ થવાના કારણે વહન ક્ષમતામાં ઘટાડો થવા અંગે

૨૨૧૭૦ **: ડૉ. ભરતભાઈ બોઘરા (જસદણ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ સરદાર સરોવર યોજનાની સોરાષ્ટ્ર નહેરમાં સાયફનમાં તથા સીલ્ટીંગ થવાને કારણે તેની વહન ક્ષમતામાં ઘટાડો થાય છે જેને કારણે સોરાષ્ટ્ર વિસ્તારમાં પીવાના પાણીના પુરવઠામાં અસર પડે છે તે હકીક્ત સાચી છે, અને

(૨) જો હા, તો તે માટે સરકારે શાં પગલાં લીધા છે?

**જવાબ**

(૧) અંશતઃ સાચી.

(૨) કેનાલની સાફસુફી અને માવજતની કામગીરી કરવામાં આવી.

### વડોદરા ગ્રામ્યમાં પ્રજા અને પોલિસ વચ્ચે યોજવામાં આવેલ લોક દરબાર

૨૨૧૪૨ **: શ્રી ઉપેન્દ્રસિંહ પ્ર.ગોહિલ (વડોદરા (ગ્રામ્ય) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પ્રજા અને પોલીસ વચ્ચે સહકાર અને વિશ્વાસ વધે તે માટે સમયાંતરે સ્થાનિક ક્ક્ષાએ લોક દરબાર યોજવા માટે સરકારે સૂચનાઓ આપી હોવાની હકીક્ત સાચી છે, અને

(૨) જો હા, તો વર્ષ-૨૦૧૦માં વડોદરા ગ્રામ્યમાં કેટલા લોકદરબાર યોજવામાં આવ્યા, અને તેની વિગતો શી છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) વર્ષ ૨૦૧૦માં વડોદરા ગ્રામ્યમાં કુલ ૬૭૦ લોકદરબાર યોજવામાં આવ્યા.

લોકદરબારમાં કરવામાં આવતી રજૂઆતોની વિગતોમાં પોલીસ ખાતાને લગતી રજૂઆતોનો નિકાલ કરવામાં

આવે છે, જ્યારે અન્ય વિભાગોને લગતી રજૂઆતો જે તે વિભાગને મોકલી આપવામાં આવે છે. ઉપરાંત, સબંધિત વિભાગને લેખિત રજૂઆત કરવા અરજદારને સમજ પણ આપવામાં આવે છે.

--------

**હસ્તકલાના કારીગરોને આપવામાં આવેલ તાલીમ**

૨૨૨૦૪ **: શ્રી શિરીષકુમાર મ. શુકલ (ખંભાત) : માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| રાજ્ય સરકાર દ્વારા કેટલા હસ્તકલાના કારીગરોને વર્ષ-૨૦૧૦માં તાલિમ આપવામાં આવી, અને તે માટે કેટલો ખર્ચ કરવામાં આવ્યો? | તાલીમ મેળવેલ વ્યક્તિઓની સંખ્યા-૨૦૩૦૨ તાલીમ ખર્ચ રૂ. ૫૫૧.૯૪ લાખ. |

--------

**બનાસકાંઠા જિલ્લાના લાભાર્થીને વાજપાઈ બેન્કેબલ સ્વરોજગાર યોજના હેઠળ મળેલ સહાય**

૨૨૧૩૧ **: શ્રી બાબુભાઈ દેસાઈ (કાંકરેજ) : માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વાજપાઈ બેન્કેબલ સ્વરોજગાર યોજના અન્વયે બનાસકાંઠા જિલ્લામાંથી તા.૩૧-૩-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા લાભાર્થીઓને સહાય આપવામાં આવેલ છે, અને

(૨) તેમાં કેટલી રકમ ચૂકવવામાં આવી?

**જવાબ**

(૧)

| વર્ષ | લાભાર્થીની સંખ્યા |
|---|---|
| તા. ૧-૪-૦૮થી<br>તા. ૩૧-૩-૦૯ | ૧૦૧૮ |
| તા. ૧-૪-૦૯થી<br>તા. ૩૧-૩-૧૦ | ૧૩૧૮ |
| કુલ | ૨૩૩૬ |

(૨)

| વર્ષ | સહાયની રકમ |
|---|---|
| તા. ૧-૪-૦૮થી<br>તા. ૩૧-૩-૦૯ | રૂ. ૯૮.૪૩ લાખ |
| તા. ૧-૪-૦૯થી<br>તા. ૩૧-૩-૧૦ | રૂ. ૧૩૧.૫૧ લાખ |
| કુલ | રૂ. ૨૨૯.૯૪ લાખ |

**નર્મદા નદીના કિનારાને શીપ યાર્ડના ક્લસ્ટર વિકસાવવા બાબત**

૨૨૧૮૦ **: શ્રી અભેસિંહ મો. તડવી (સંખેડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) નર્મદા નદીના કિનારાને સરકારે શીપયાર્ડના ક્લસ્ટર વિકસાવવા નક્કી કર્યુ હોવાની હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ આ કામગીરી ક્યા તબક્કે છે? | (૨) દહેજ ખાતે મરીન શીપબિલ્ડીંગ પાર્ક વિકસાવવાની યોજનાને રૂ. ૫૦૦ કરોડની મંજૂરી આપી છે અને શીપયાર્ડના ક્લસ્ટર વિકસાવવાનો સુચિત ડેવલપમેન્ટ પ્લાન તૈયાર કરવામાં આવેલ છે. |

**ગુજરાતી ચલચિત્રોને કરમુક્તિ**

૨૨૧૬૫ **: શ્રી ભૂષણભાઈ ભટ (ખાડીયા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (માહિતી અને પ્રસારણ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ સન ૨૦૦૯ અને ૨૦૧૦માં સરકારે કેટલા ગુજરાતી ચલચિત્રોને કરમુક્તિ આપી, અને

(૨) આ કરમુક્તિ અંતર્ગત વર્ષવાર કેટલા ગુજરાતી

**જવાબ**

(૧)

| વર્ષ | કરમુક્તિ આપેલ ગુજરાતી ચલચિત્રોની સંખ્યા |
|---|---|
| ૨૦૦૯ | ૫૮ |
| ૨૦૧૦<br>(તા. ૩૧-૧૨-૧૦ ની સ્થિતિએ) | ૫૯ |

(૨)

ચલચિત્રોને કેટલી રકમની સબસીડી ચૂકવવામાં આવી?

| વર્ષ | ચલચિત્રોની સંખ્યા | કુલ ચૂકવેલ સબસીડીની રકમ (ચલચિત્ર દીઠ રૂા. ૫ લાખ) |
|---|---|---|
| ૨૦૦૯ | ૨૧ | રૂા. ૧૦૫ લાખ |
| ૨૦૧૦ | ૮૯ | રૂા. ૪૪૫ લાખ |

--------

**જૂનાગઢ જિલ્લાના લાભાર્થીઓને માનવ કલ્યાણ યોજના હેઠળ આપવામાં આવેલ લાભો**

૨૨૧૨૯ **: શ્રીમતી વંદનાબેન મ.મકવાણા (કેશોદ) : માનનીય કુટીર ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) માનવ કલ્યાણ યોજના અન્વયે જૂનાગઢ જિલ્લામાં તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ તેમાં કેટલો ખર્ચ થયેલ છે?

**જવાબ**

(૧) લાભાર્થીઓની સંખ્યા - ૧૭૦૮.

(૨) ખર્ચ ₹ ૭૯.૫૮ લાખ.

**આણંદ જિલ્લામાં પોલીસ ખાતાની ખાલી જ્ગ્યાઓ**

૨૦૫૭૬ **: શ્રી જયંતભાઈ પટેલ (સારસા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ આણંદ જિલ્લામાં પોલીસ તંત્રમાં કેટલા પી.આઈ./પી.એસ.આઈ. હેડકોન્સ્ટેબલ તથા કોન્સ્ટેબલની જ્ગ્યા ખાલી છે, આ જ્ગ્યા ક્યાં સુધી ભરવામાં આવશે?

**જવાબ**

નીચે મુજબ જ્ગ્યા ખાલી છે.

| ક્રમ | સંવર્ગ | ખાલી જ્ગ્યા |
|---|---|---|
| ૧. | પી.આઇ. | ૦ |
| ૨. | પી.એસ.આઇ. | ૦૮ |
| ૩. | હેડ કોન્સ્ટેબલ | ૨૦ |
| ૪. | કોન્સ્ટેબલ | ૩૦૮ |

પોલીસ તંત્રની ખાલી જ્ગ્યાઓ ભરવા માટે ત્રણ વર્ષનો પરસ્પેકટીવ પ્લાન ઘડીને સરકારે પોલીસ ભરતી બોર્ડની રચના કરેલ. આ બોર્ડ દ્વારા સહાયક બિન હથિયારી પોલીસ સબ ઇન્સ્પેક્ટર ૬૮૦, સહાયક હથિયારી પોલીસ સબ ઇન્સપેક્ટર ૧૪૩, ખાસ સ્પર્ધાત્મક પરીક્ષાના આધારે બિન હથિયારી પોલીસ સબ ઇન્સપેક્ટર ૫૪૪, એસ.આર.પી. લોકરક્ષક ૪૨૬૪ની ભરતી કરવામાં આવી છે, તેમજ લોકરક્ષક ૮૭૩૪ની ભરતીનું પરિણામ બહાર પાડેલ છે. સહાયક પોલીસ સબ ઇન્સપેક્ટરની જ્ગ્યા પર પસંદગી પામેલ ઉમેદવારોની હાલ તાલીમ ચાલી રહેલ છે તેમજ લોકરક્ષકની જ્ગ્યા પર પસંદગી પામેલ ઉમેદવારોને તાલીમમાં મોકલવા અંગેની પ્રક્રીયા ચાલી રહેલ છે. આમ બન્ને સંવર્ગ માટે તાલીમ પૂર્ણ થયેથી અન્ય જિલ્લાની સરખામણીમાં આણંદ જિલ્લાની જ્ગ્યાઓ ભરવામાં આવશે.

**આણંદ જિલ્લામાં સી.એન.જી. સ્ટેશનો**

૨૨૧૭૮ **: શ્રીમતી જ્યોત્સનાબેન પટેલ (આણંદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) આણંદ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ કેટલા સી.એન.જી. સ્ટેશનો ઊભા કરવાની મંજૂરી આપવામાં આવી, અને

(૨) ઉક્ત સ્થિતિએ કેટલા સી.એન.જી. સ્ટેશનો કાર્યરત થયા?

**જવાબ**

(૧) આણંદ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ૭ સી.એન.જી. સ્ટેશનો ઊભા કરવાનું આયોજન હતું, અને

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ ૪ સી.એન.જી. સ્ટેશનો કાર્યરત થયા. બાકી રહેતા ૩ (ત્રણ) સી.એન.જી. સ્ટેશનો કાર્યરત થવાના વિવિધ તબક્કે છે.

## જામનગર જિલ્લામાં પ્રજા અને પોલીસ વચ્ચે યોજવામાં આવેલ લોકદરબાર

૨૨૧૪૯ **: શ્રી મેઘજીભાઈ કણઝારીયા (ખંભાળીયા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પ્રજા અને પોલીસ વચ્ચે સહકાર અને વિશ્વાસ વધે તે માટે સમયાંતરે સ્થાનિક ક્ક્ષાએ લોકદરબાર યોજવા માટે સરકારે સૂચનાઓ આપી હોવાની હકીક્ત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો વર્ષ-૨૦૧૦માં જામનગર જિલ્લામાં કેટલા લોકદરબાર યોજવામાં આવ્યા, અને તેની વિગતો શી છે? | (૨) વર્ષ-૨૦૧૦માં જામનગર જિલ્લામાં કુલ : ૨૧૧ લોકદરબાર યોજવામાં આવ્યા.<br>લોકદરબારમાં કરવામાં આવતી રજૂઆતોની વિગતોમાં પોલીસ ખાતાને લગતી રજૂઆતોનો નિકાલ કરવામાં આવે છે, જ્યારે અન્ય વિભાગોને લગતી રજૂઆતો જે તે વિભાગને મોક્લી આપવામાં આવે છે. ઉપરાંત, સંબંધિત વિભાગને લેખિત રજૂઆત કરવા અરજદારને સમજ પણ આપવામાં આવે છે. |

## રાજ્યના પોલીસ કર્મચારીઓના રજા પગાર ન મળવા બાબત

૨૦૯૯૫ **: શ્રી અમરસિંહ વસાવા (દેડીયાપાડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૧-૧-૨૦૧૧ની સ્થિતિએ રાજ્યમાં પોલીસ દળમાં કામ કરતાં પોલીસ કર્મચારીઓને કેટલા સમયથી રજા પગાર મળેલ નથી, અને<br>(૨) રજા પગાર નિયમિત મળે તે માટે સરકાર દ્વારા શાં પગલાં લેવામાં આવ્યા છે? | (૧) અને (૨)<br>ચાલુ નાણાકીય વર્ષમાં રૂા. ૧૭૦.૩૪ કરોડ રજા પગાર પેટે ચુક્વવામાં આવેલ છે. હાલ રાજ્યમાં અમુક કચેરીઓમાં, પોલીસ કર્મચારીઓનો જુલાઈ-૨૦૧૦થી રજા પગાર ચુક્વવાનો બાકી છે. છઠ્ઠા પગાર પંચની ભલામણો અન્વયેનો રજા પગાર, સુધારેલા અંદાજોથી જરૂરી વિશેષ અનુદાન મેળવી ચુક્વવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. |

--------

## સરદાર સરોવર નર્મદા બંધની ઊંચાઈ

૨૨૧૯૦ **: શ્રીમતી જશોદાબેન પરમાર (જોટાણા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ સરદાર સરોવરના નર્મદા બંધની ઊંચાઈ કેટલી છે, | (૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ સરદાર સરોવરના નર્મદા બંધની ઉંચાઈ ૧૨૧.૯૨ મીટર છે. |
| (૨) આ ઊંચાઈએ કેટલા પાણીનો સંગ્રહ કરી શકાય છે, અને | (૨) આ ઊંચાઈ એ ૫૨૮૦ મિલીયન ઘન મીટર પાણી સંગ્રહી શકાય છે. |
| (૩) બંધના પૂર્ણ ઊંચાઈની કામગીરી પૂરી થતા તે સ્થિતિએ કેટલા પાણીનો સંગ્રહ કરી શકાશે? | (૩) બંધની પૂર્ણ ઊંચાઈની કામગીરી પૂરી થતાં ૯૬૫૫ મિલીયન ઘન મીટર પાણી સંગ્રહી શકાશે. |

## હળવદ, મુળી, થાન અને ચોટીલા વિસ્તારમાં ખનીજ કાઢવાની રોયલ્ટી અંગે

૨૨૦૩૧ **: શ્રી દેવજીભાઈ ગો.ફતેપરા (હળવદ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) હળવદ-મુળી થાન અને ચોટીલા તાલુકામાં ક્યા પ્રકારની કેટલી ખનીજ કાઢવાની લીઝ તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મંજૂર | (૧) આ વિગતોનું પત્રક સામેલ છે. |

**પત્રક**

| વર્ષ | અ.નં. | ખનિજનો પ્રકાર | લીઝની સંખ્યા |
|---|---|---|---|

કરવામાં આવી, અને

| | | | |
|---|---|---|---|
| ૨૦૦૯ | ૧ | બ્લેક ટ્રેપ | ૪ |
| ૨૦૦૯ | ૧ | બ્લેકટ્રેપ | ૫ |
| | ૨ | સિલીકા | ૧ |
| | ૩ | સાદી માટી | ૧ |
| | ૪ | કાર્બોસેલ | ૪ |

(૨) તે સિવાય બિનકાયદેસર ખનીજ કાઢતાં કેટલા વ્યક્તિની ધરપકડ કરવામાં આવી, અને કેટલી વ્યક્તિને કેટલો દંડ કરવામાં આવ્યો?

(૨) તે સિવાય બિનકાયદેસર ખનીજ કાઢતાં કોઈ વ્યક્તિની ધરપકડ કરવામાં આવેલ નથી અને કોઈને દંડ કરવામાં આવેલ નથી.

## બનાસકાંઠા જિલ્લામાં પ્રજા અને પોલીસ વચ્ચે યોજવામાં આવેલ લોકદરબાર

૨૨૧૫૪ **: શ્રી અનિલકુમાર માળી (દિયોદર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પ્રજા અને પોલીસ વચ્ચે સહકાર અને વિશ્વાસ વધે તે માટે સમયાંતરે સ્થાનિક કક્ષાએ લોકદરબાર યોજવા માટે સરકારે સૂચનાઓ આપી હોવાની હકીક્ત સાચી છે, અને

(૨) જો હા, તો વર્ષ-૨૦૧૦માં બનાસકાંઠા જિલ્લામાં કેટલા લોકદરબાર યોજવામાં આવ્યા, અને તેની વિગતો શું છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) વર્ષ-૨૦૧૦માં બનાસકાંઠા જિલ્લામાં કુલ : ૧૭૯ લોકદરબાર યોજવામાં આવ્યા.

લોકદરબારમાં કરવામાં આવતી રજૂઆતોની વિગતોમાં પોલીસ ખાતાને લગતી રજૂઆતોનો નિકાલ કરવામાં આવે છે, જ્યારે અન્ય વિભાગોને લગતી રજૂઆતો જે તે વિભાગને મોકલી આપવામાં આવે છે. ઉપરાંત, સંબંધિત વિભાગને લેખિત રજૂઆત કરવા અરજદારને સમજ પણ આપવામાં આવે છે.

## વડોદરા શહેરમાં પ્રજા અને પોલીસ વચ્ચે યોજવામાં આવેલ લોકદરબાર

૨૨૧૩૮ **: શ્રી ભૂપેન્દ્રભાઈ લાખાવાળા (વડોદરા શહેર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પ્રજા અને પોલીસ વચ્ચે સહકાર અને વિશ્વાસ વધે તે માટે સમયાંતરે સ્થાનિક કક્ષાએ લોકદરબાર યોજવા માટે સરકારે સૂચનાઓ આપી હોવાની હકીક્ત સાચી છે, અને

(૨) જો હા, તો તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ વર્ષ-૨૦૧૦માં વડોદરા શહેરમાં કેટલા લોકદરબાર યોજવામાં આવ્યા, અને તેની વિગતો શી છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) વર્ષ-૨૦૧૦માં વડોદરા શહેરમાં કુલ : ૨૨૯ લોકદરબાર યોજવામાં આવ્યા.

લોકદરબારમાં કરવામાં આવતી રજૂઆતોની વિગતોમાં પોલીસ ખાતાને લગતી રજૂઆતોનો નિકાલ કરવામાં આવે છે, જ્યારે અન્ય વિભાગોને લગતી રજૂઆતો જે તે વિભાગને મોકલી આપવામાં આવે છે. ઉપરાંત, સંબંધિત વિભાગને લેખિત રજૂઆત કરવા અરજદારને સમજ પણ આપવામાં આવે છે.

## સુરત ગ્રામ્યમાં પ્રજા અને પોલીસ વચ્ચે યોજવામાં આવેલ લોકદરબાર

૨૨૧૪૯ **: શ્રી કિરીટભાઈ ગં.પટેલ (ઓલપાડ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) પ્રજા અને પોલીસ વચ્ચે સહકાર અને વિશ્વાસ વધે તે માટે સમયાંતરે સ્થાનિક ક્ક્ષાએ લોકદરબાર યોજવા માટે સરકારે સૂચનાઓ આપી હોવાની હકીક્ત સાચી છે, અને

(૨) જો હા, તો વર્ષ-૨૦૧૦માં સુરત ગ્રામ્યમાં કેટલા લોકદરબાર યોજવામાં આવ્યા, અને તેની વિગતો શી છે?

(૧) હા, જી.

(૨) વર્ષ-૨૦૧૦માં સુરત ગ્રામ્યમાં કુલ : ૧૪૪ લોકદરબાર યોજવામાં આવ્યા.

લોકદરબારમાં કરવામાં આવતી રજૂઆતોની વિગતોમાં પોલીસ ખાતાને લગતી રજૂઆતોનો નિકાલ કરવામાં આવે છે, જ્યારે અન્ય વિભાગોને લગતી રજૂઆતો જે તે વિભાગને મોકલી આપવામાં આવે છે. ઉપરાંત, સંબંધિત વિભાગને લેખિત રજૂઆત કરવા અરજદારને સમજ પણ આપવામાં આવે છે.

## કોડીનાર તાલુકામાં ખેતીવાડીના વીજ જોડાણની પડતર અરજીઓ

૨૦૮૯૭ **: શ્રી ધીરસિંહ બારડ (કોડીનાર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લાના કોડીનાર તાલુકામાં ખેતીવાડી માટેના વીજ જોડાણની કેટલી અરજીઓ નોંધાયેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલાં ખેતીવાડી વીજ જોડાણો આપવામાં આવેલ છે,

(૩) ઉક્ત સ્થિતિએ બાકી રહી ગયેલ ખેતીવાડી વીજ-જોડાણો આપવાનું સરકારશ્રીનું શું આયોજન છે, અને

(૪) વીજ જોડાણો આપવામાં થતાં વિલંબના શાં કારણો છે?

**જવાબ**

(૧) તા. ૩૧-૦૧-૨૦૧૧ની સ્થિતિએ જુનાગઢ જિલ્લાના કોડીનાર તાલુકામાં ખેતીવાડી માટેના વીજ જોડાણની ૨૪૫૬ અરજીઓ નોંધાયેલ છે.

(૨) (૩) અને (૪)

જુનાગઢ જિલ્લાના કોડીનાર તાલુકાનો ડાર્કઝોન/ઓવર એક્ષ્પ્લોઇટેડ/તાલુકાઓની યાદીમાં સમાવેશ કરવામાં આવેલ છે. નર્મદા અને જળસંપત્તિ અને પાણી પુરવઠા વિભાગના તારીખ : ૧૬-૧૨-૨૦૦૩ના ઠરાવ ક્રમાંક : જીડબલ્યુઆર-૨૦૦૩-૧૪-જ-૧માં ઠરાવ્યા અનુસાર ડાર્કઝોન વિસ્તારમાં કુવા/પાતાળકુવા ઉપર વીજ જોડાણો મંજૂર કરવા પર હાલ પ્રતિબંધ છે. આથી છેલ્લા ત્રણ વર્ષમાં કોડીનાર તાલુકામાં ખેતીવાડી વીજ જોડાણો આપવામાં આવેલ નથી.

--------

## વાયબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર સમિટમાં થયેલ એમ.ઓ.યુ.

૨૦૯૩૦ **: શ્રી ઈશ્વરભાઈ ન.વહીઆ (મહુવા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સન ૨૦૦૫ અને ૨૦૦૭ની વાયબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર સમિટમાં ભાવનગર જિલ્લામાં મૂડી રોકાણ માટેના કુલ કેટલી રકમના એમ.ઓ.યુ. થયા હતા,

(૨) તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ તે પેકીનું વાસ્તવિક મૂડીરોકાણ ખરેખર આ જ જિલ્લામાં કેટલું થયું છે, અને

**જવાબ**

(૧) ભાવનગર જિલ્લામાં વાયબ્રન્ટ ગુજરાત ઇન્વેસ્ટર સમીટમાં કુલ મૂડીરોકાણ માટેના નીચે જણાવેલ રકમના એમ.ઓ.યુ. થયા હતા.

| સમિટ | એમ.ઓ.યુ. | રકમ |
|---|---|---|
| ૨૦૦૫ | ૫ | રૂા. ૨,૧૩૯ કરોડ |
| ૨૦૦૭ | ૭ | રૂા.૫૦,૬૦૪.૫૦ કરોડ |

(૨) અને (૩) એમ.ઓ.યુ. કરનાર ઉદ્યોગકારે પ્રોજેક્ટનો અમલ કરવા જમીનની વ્યવસ્થા, બીન ખેતી મંજૂરી, પર્યાવરણ મંજૂરી, બાંધકામ અંગેની અને આ

(૩) કેટલાં ઉદ્યોગો ઉત્પાદનમાં ગયાં?

પ્રકારની અન્ય મંજુરીઓ , નાણાકીય વ્યવસ્થા અને યંત્ર સામગ્રીની ખરીદી અને સ્થાપિત કરવાની કામગીરી કરવાની હોય છે. આથી પ્રોજેક્ટોના અમલીકરણના સમયગાળામાં મૂડીરોકાણના પ્રમાણમાં સમય લાગતો હોય છે.

સમિટ ૨૦૦૭ ઇવેન્ટમાં ન્યુક્લિયર પાવર કોર્પોરેશન દ્વારા અણુશક્તિ આધારીત ૬૦૦૦ મેગાવોટ પાવર સ્ટેશન સ્થાપવા થયેલ એમ.ઓ.યુ.ના અમલ માટે જમીન પસંદગીની કાર્યવાહી અગ્રિમ તબક્કામાં છે. ભવિષ્યમાં આ પ્રોજેક્ટ અમલી બનતા મૂડીરોકાણ અને રોજગારી ઉત્પન થશે.

તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં રૂા. ૩૬૫ કરોડનું મૂડી રોકાણ થયુ છે. ઉપરોક્ત કુલ ૧૨ એમ.ઓ.યુ.માં આવતા ૧૨ પ્રોજેક્ટો પૈકી ૩ પ્રોજેક્ટો ઉત્પાદનમાં ગયેલા છે. જેમાં મૂડીરોકાણ રૂા. ૧૦.૩ કરોડનું થયેલ છે. ૫ પ્રોજેક્ટ પ્રાથમિક અને અમલીકરણ તબક્કામાં છે. અમલીકરણ હેઠળ છે તે પ્રોજેક્ટોમાં હાલના તબક્કે રૂા. ૩૫૫ કરોડ રોકાણ થયેલ છે. તેનું સુચિત મૂડીરોકાણ રૂા. ૫૨,૫૫૫ કરોડ છે. આથી આ પ્રોજેક્ટોમાં મૂડીરોકાણ વધવાની શક્યતા છે.
ચાર પ્રોજેક્ટ ડ્રોપ થયેલ છે.

--------

## નવસારી અને વલસાડ જિલ્લાના નાના અને મધ્યમ કક્ષાના બંધ હાલતના ઉદ્યોગો

૨૧૯૩૫ **: શ્રી છનાભાઈ ચૌધરી (ધરમપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ નવસારી અને વલસાડ જિલ્લાના નાના અને મધ્યમ કક્ષાના કેટલા ઉદ્યોગો બંધ હાલતમાં છે, અને

(૨) આવા બંધ ઉદ્યોગોને પુનઃ ધમધમતા કરવા સરકારે શું આયોજન કરેલ છે?

**જવાબ**

(૧) બંધ એકમોની માહિતી સેન્ટ્રલી નિભાવવામાં આવતી ન હોવાથી સ્થિતિએ નવસારી અને વલસાડ જિલ્લાની માહિતી ઉપલબ્ધ નથી.

પરંતુ-ભારત સરકારશ્રી ધ્વારા હાથ ધરેલ ત્રીજા સેન્સસ (૨૦૦૧-૦૨) દરમ્યાન લઘુ એકમના કરેલા સર્વે રીપોર્ટ મુજબ નવસારી જિલ્લામાં ૬૩૭ (૧૬.૩૮ %) અને વલસાડ જિલ્લામાં ૧૫૪૯ (૨૨.૪૫ %) એકમ બંધ મળેલ છે.

ચોથા સેન્સસ (૨૦૦૬-૦૭) દરમ્યાન સુક્ષ્મ, લઘુ અને મધ્યમ કક્ષાના એકમોના કરેલ સર્વે રીપોર્ટ મુજબ નવસારી જિલ્લામાં ૧૬૯ (૩.૨૦ %) અને વલસાડ જિલ્લામાં ૪૨૯ (૩.૬૪ %) એકમ બંધ મળેલ છે.

જ્યારે રાજ્ય સરકાર દ્વારા ૨-૧૦-૦૬ થી ૩૧-૩-૨૦૧૦ના સમય ગાળા દરમ્યાન નોંધણી થયેલ સુક્ષ્મ, લઘુ અને મધ્યમ કક્ષાના એકમોનો કરાવેલ સેમ્પલ સર્વે રીપોર્ટ મુજબ નવસારી જિલ્લામાં ૬.૧૮ % અને વલસાડ જિલ્લામાં ૩.૭૨ % એકમ બંધ મળેલ છે.

(૨) ચાલુ અથવા બંધ એકમ પૈકી માંદા એકમ હોય તેવા વાયબલ માંદા એકમને સરકારશ્રી નાં તા. ૨૭-૦૨-૨૦૦૯ ના ઠરાવ હેઠળ માંદા એકમ પુનઃવસન માટેની સહાયની યોજના અમલમાં છે. તથા તા. ૧૫-૦૭-૨૦૧૦ ના ઠરાવ હેઠળ સરકારી લ્હેણાં

બાબતની વન ટાઈમ સેટલમેન્ટની યોજના જાહેર થયેલ હતી.

## દાહોદ જિલ્લામાં ચોરી, લુંટફાટ અને મારામારીના નોંધાયેલ ગુના

૨૦૪૦૦ : **શ્રી બચુભાઈ કિશોરી (લીમડી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં પોલીસ સ્ટેશન વાર ચોરી, લૂંટફાટ અને મારામારીના કુલ કેટલા ગુના નોંધાયા, અને

(૨) આ પેકી કેટલા ગુનાઓમાં કેટલા ગુનેગારો પકડાયા?

**જવાબ**

(૧)

| પોલીસ સ્ટેશનનું નામ | ૨૦૦૯ | | | ૨૦૧૦ | | |
|---|---|---|---|---|---|---|
| | ચોરી | લૂંટફાટ | મારામારી | ચોરી | લૂંટફાટ | મારામારી |
| દાહોદ ટાઉન | ૧૧૧ | ૯ | ૨૧ | ૮૧ | ૪ | ૧૭ |
| દાહોદ રૂરલ | ૩૫ | ૨૧ | ૨૭ | ૫૧ | ૧૯ | ૫૪ |
| ગરબાડા | ૯ | ૮ | ૪૬ | ૧૨ | ૪ | ૪૪ |
| ધાનપુર | ૧૫ | ૯ | ૧૬ | ૭ | ૬ | ૧૩ |
| દેવગઢબારીયા | ૨૦ | ૩ | ૨૭ | ૨૧ | ૭ | ૨૫ |
| લીમખેડા | ૧૨ | ૪ | ૩૮ | ૧૩ | ૧૦ | ૨૪ |
| લીમડી | ૨૪ | ૩ | ૪૪ | ૧૬ | ૬ | ૫૭ |
| ઝાલોદ | ૧૪ | ૨ | ૧૬ | ૨૩ | - | ૧૬ |
| ફતેપુરા | ૪ | ૩ | ૩૯ | ૮ | ૩ | ૧૬ |
| સુખસર | ૧૬ | ૨ | ૧૭ | ૮ | ૨ | ૨ |

(૨) આ પેકી નીચે જણાવેલ ગુનાઓમાં ગુનેગારો પકડાયેલ છે.

| **ગુના/હેડ** | **ગુનાની સંખ્યા** | **પકડાયેલ આરોપી** |
|---|---|---|
| ચોરી | ૧૩૬ | ૨૬૭ |
| લૂંટફાટ | ૬૭ | ૨૬૩ |
| મારામારી | ૫૪૪ | ૧૩૮૪ |

## સાબરકાંઠા જિલ્લામાં આયોજન મંડળને કરવામાં આવેલ કામોની દરખાસ્ત

૨૨૨૪૯ : **શ્રી અશ્વિન કોટવાલ (ખેડબ્રહ્મા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (આયોજન) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સાબરકાંઠા જિલ્લામાં તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કુલ કેટલા કામોની દરખાસ્ત જિલ્લા આયોજન મંડળને મળેલ છે,

(૨) આ પેકી કેટલા કામોની વહીવટી મંજૂરી આપવામાં આવી, અને કેટલા કામો પૂર્ણ કરવામાં આવ્યા,

(૩) કેટલા કામો બાકી છે, અને

(૪) બાકી કામોના ક્યાં કારણો છે અને ક્યારે પૂર્ણ કરવામાં આવશે?

**જવાબ**

(૧), (૨) અને (૩) : સાબરકાંઠા જિલ્લામાં તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જિલ્લા આયોજન મંડળને તાલુકાવાર મળેલ કામોની દરખાસ્ત, વહીવટી મંજૂરી આપેલ કામો, પૂર્ણ કરેલ કામો અને બાકી કામો અંગેની વિગતો સામેલ પત્રક મુજબ છે.

(૪) બાકી કામો વહીવટી કારણોસર બાકી છે, જે કામો ગ્રાન્ટ વપરાશની નિયત મુદત દરમિયાન પૂર્ણ કરવામાં આવશે.

### પત્રક

| ક્રમ | તાલુકાનું નામ | વર્ષ ૨૦૦૯-૧૦ | | | | વર્ષ ૨૦૧૦-૧૧ | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | કામોની મળેલ દરખાસ્ત | વહીવટી મંજૂરી આપવામાં આવેલ કામો | પૂર્ણ કરવામાં આવેલ કામો | પૂર્ણ કરવાના બાકી કામો | કામોની મળેલ દરખાસ્ત | વહીવટી મંજૂરી આપવામાં આવેલ કામો | પૂર્ણ કરવામાં આવેલ કામો | પૂર્ણ કરવાના બાકી કામો |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| ૧ | હિંમતનગર | ૯૬ | ૯૬ | ૮૩ | ૧૧ | ૨૦૪ | ૧૮૮ | ૪૪ | ૧૪૪ |
| ૨ | પ્રાંતિજ | ૩૮ | ૩૮ | ૩૭ | ૦ | ૧૫૪ | ૧૪૩ | ૪૩ | ૧૦૦ |
| ૩ | ઈડર | ૭૮ | ૭૫ | ૭૧ | ૧ | ૨૫૭ | ૨૪૭ | ૧૮૪ | ૬૦ |
| ૪ | વિજયનગર | ૫૦ | ૪૦ | ૩૭ | ૨ | ૧૧૬ | ૬૮ | ૪૪ | ૨૩ |
| ૫ | ભિલોડા | ૮૯ | ૮૫ | ૭૯ | ૨ | ૧૫૩ | ૧૩૧ | ૮૯ | ૩૯ |
| ૬ | ખેડબ્રહ્મા | ૬૯ | ૬૯ | ૬૮ | ૦ | ૧૬૧ | ૧૦૦ | ૬૯ | ૩૧ |
| ૭ | મોડાસા | ૪૨ | ૩૯ | ૩૭ | ૦ | ૧૪૬ | ૧૨૭ | ૫૦ | ૭૭ |
| ૮ | મેઘરજ | ૮૮ | ૮૨ | ૮૧ | ૧ | ૨૦૮ | ૧૦૭ | ૫૭ | ૫૦ |
| ૯ | માલપુર | ૭૪ | ૬૭ | ૬૬ | ૦ | ૨૦૫ | ૧૦૭ | ૪૩ | ૬૩ |
| ૧૦ | બાયડ | ૫૦ | ૪૯ | ૪૯ | ૦ | ૧૫૪ | ૧૧૩ | ૬૦ | ૫૩ |
| ૧૧ | ધનસુરા | ૪૬ | ૪૩ | ૩૯ | ૧ | ૧૨૯ | ૧૧૫ | ૮૪ | ૩૧ |
| ૧૨ | વડાલી | ૨૩ | ૨૦ | ૧૯ | ૧ | ૧૪૧ | ૧૧૧ | ૬૭ | ૪૪ |
| ૧૩ | તલોદ | ૪૭ | ૪૬ | ૪૧ | ૨ | ૧૩૯ | ૧૩૧ | ૫૦ | ૮૦ |
| | કુલ | ૭૯૦ | ૭૪૯ | ૭૦૭ | ૨૧ | ૨૧૬૭ | ૧૬૮૮ | ૮૮૪ | ૭૯૫ |

**નોંધ :-** આ પત્રકમાં દર્શાવેલ કામોમાં વર્ષ ૨૦૦૯-૧૦ના રદ કરવામાં આવેલ કુલ-૨૧ કામો અને વર્ષ ૨૦૧૦-૧૧ના રદ કરવામાં આવેલ કુલ-૯ કામોનો સમાવેશ થતો નથી.

**રાજકોટ જિલ્લાના લાભાર્થીઓને માનવ કલ્યાણ યોજના હેઠળ આપવામાં આવેલ લાભો**

૨૨૧૨૮ **: શ્રીમતી જસુબેન સ. કોરાટ (જેતપુર) : માનનીય કુટીર ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) માનવ કલ્યાણ યોજના અન્વયે રાજકોટ જિલ્લામાં તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયેલ છે?

**જવાબ**

(૧) લાભાર્થીઓની સંખ્યા - ૩૭૮૯

(૨) ખર્ચ **₹** ૧૭૫.૫૯ લાખ

--------

**માટીકામના કારીગરોને આપવામાં આવેલ તાલીમ**

૨૨૨૨૩ **: શ્રીમતી વિભાવરીબેન વિ.દવે (ભાવનગર શહેર (ઉત્તર) : માનનીય કુટિર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

રાજ્ય સરકાર દ્વારા કેટલા માટીકામના કલાકારોને વર્ષ-૨૦૧૦માં તાલિમ આપવામાં આવી, અને તે માટે કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

**જવાબ**

તાલીમ મેળવેલ વ્યક્તિઓની સંખ્યા -૧૯૬૬
ખર્ચ - રૂ. ૨૩.૧૦ લાખ

--------

**અમદાવાદ જિલ્લાના કુટિર ઉદ્યોગ ચાલુ કરવા અંગેની અરજીઓ**

૨૨૦૭૫ **: શ્રી રણછોડભાઈ ક.મેર (ધંધૂકા) : માનનીય કુટીર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુટીર ઉદ્યોગ ચાલુ કરવા માટે તાલુકાવાર કેટલી અરજીઓ આવી,

**જવાબ**

(૧) અમદાવાદ જિલ્લામાં તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુટીર ઉદ્યોગ ચાલુ કરવા માટે તાલુકાવાર નીચે મુજબ અરજીઓ આવેલ છે.

| ક્રમ | તાલુકો | મળેલ અરજીઓ | |
|---|---|---|---|
| | | ૨૦૦૯ | ૨૦૧૦ |
| ૧ | વિરમગામ | ૨૯૬ | ૨૬૩ |
| ૨ | સાણંદ | ૧૫૬ | ૨૨૩ |
| ૩ | દેત્રોજ | ૧૧૭ | ૫૯ |
| ૪ | માંડલ | ૧૫૧ | ૧૬૮ |
| ૫ | બરવાળા | ૬૯ | ૧૦૯ |
| ૬ | રાણપુર | ૫૦ | ૯૩ |
| ૭ | ધંધુકા | ૨૭૪ | ૨૬૩ |
| ૮ | બાવળા | ૧૨૫ | ૧૩૯ |
| ૯ | ધોળકા | ૩૬૦ | ૩૧૬ |
| ૧૦ | દસ્ક્રોઈ | ૩૦૧ | ૫૭૨ |
| ૧૧ | સીટી | ૯૦૪૫ | ૭૮૩૪ |
| | **કુલ** | **૧૦૯૪૪** | **૧૦૦૩૯** |

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર થઈ અને કેટલી અરજીઓ પડતર છે, અને

(૨)

| ક્રમ | તાલુકો | મંજૂર કરેલ અરજીઓ | | પડતર અરજીઓ | |
|---|---|---|---|---|---|
| | | વર્ષ ૨૦૦૯ | વર્ષ ૨૦૧૦ | વર્ષ ૨૦૦૯ | વર્ષ ૨૦૧૦ |
| ૧ | વિરમગામ | ૧૮૯ | ૧૭૮ | ૩૮ | ૨૪ |
| ૨ | સાણંદ | ૮૫ | ૭૦ | ૫૫ | ૬૭ |
| ૩ | દેત્રોજ | ૧૨ | ૪૯ | ૬૯ | ૨૫ |
| ૪ | માંડલ | ૬૫ | ૫૧ | ૭૯ | ૧૧૪ |
| ૫ | બરવાળા | ૫૧ | ૨૨ | ૧૪ | ૩૧ |
| ૬ | રાણપુર | ૧૫ | ૯ | ૩૨ | ૪૫ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૭ | ધંધુકા | ૧૦૯ | ૯૮ | ૯૬ | ૭૫ |
| ૮ | બાવળા | ૩૩ | ૫૫ | ૫૩ | ૫૧ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૯ | ધોળકા | ૨૫૫ | ૧૮૧ | ૮૩ | ૫૦ |
| ૧૦ | દસ્ક્રોઈ | ૧૦૭ | ૧૮૪ | ૧૩૫ | ૭૫ |
| ૧૧ | સીટી | ૩૩૭૪ | ૩૨૦૯ | ૩૫૨૫ | ૨૧૬૯ |
| | **કુલ** | **૪૨૯૫** | **૪૧૦૬** | **૪૧૭૯** | **૨૯૨૬** |

(૩) પડતર અરજીઓનો નિકાલ કેટલા સમયમાં કરવામાં આવશે?

(૩) વર્ષ ૨૦૦૯ની જિલ્લા કક્ષાએ અને બેંક કક્ષાએ પડતર અરજીઓનો નિકાલ થયેલ છે. વર્ષ ૨૦૧૦ના અંતે પડતર ૨૯૨૬ અરજીઓ પેકી જિલ્લા કક્ષા ૧૧૭૦, બેંક કક્ષાએ ૧૭૫૬ પડતર છે જેમાં ઝડપી નિર્ણય થાય તે મુજબ કાર્યવાહી કરવામાં આવશે.

### પાટણ જિલ્લામાં પ્રજા અને પોલીસ વચ્ચે યોજવામાં આવેલ લોકદરબાર

૨૨૧૫૩ **: શ્રી રજનીકાન્ત સો.પટેલ (ચાણસ્મા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પ્રજા અને પોલીસ વચ્ચે સહકાર અને વિશ્વાસ વધે તે માટે સમયાંતરે સ્થાનિક કક્ષાએ લોકદરબાર યોજવા માટે સરકારે સૂચનાઓ આપી હોવાની હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો વર્ષ ૨૦૧૦માં પાટણ જિલ્લામાં કેટલા લોકદરબાર યોજવામાં આવ્યા, અને તેની વિગતો શી છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) વર્ષ ૨૦૧૦ માં પાટણ જિલ્લામાં કુલ ૧૬૭ લોકદરબાર યોજવામાં આવ્યા.

લોકદરબારમાં કરવામાં આવતી રજૂઆતોની વિગતોમાં પોલીસ ખાતને લગતી રજૂઆતોનો નિકાલ કરવામાં આવે છે, જ્યારે અન્ય વિભાગોને લગતી રજૂઆતો જે તે વિભાગને મોકલી આપવામાં આવે છે. ઉપરાંત, સંબંધિત વિભાગને લેખિત રજૂઆત કરવા અરજદારને સમજ પણ આપવામાં આવે છે.

--------

### અમરેલી જિલ્લામાં પી.જી.વી.સી.એલ.દ્વારા ખેતીવાડીના વીજ ક્નેક્શનો

૨૧૪૯૧ **: શ્રી મનસુખભાઈ પાં.ભુવા (ધારી : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમરેલી જિલ્લામાં પી.જી.વી.સી.એલ. દ્વારા તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ખેતીવાડીના કેટલા વીજ ક્નેક્શનો આપવાના બાકી છે,

(૨) તેમાંથી નોર્મલ મંજૂર થયેલા વીજ ક્નેક્શનો કેટલા, અને ડ્રીપમાં મંજૂર થયેલા કેટલા,

(૩) ટ્રાન્સફોરમર નહી હોવાના કારણે કેટલા વીજ ક્નેક્શનો બાકી છે,

(૪) ક્રોટેશન તેમજ ટેસ્ટ રીપોર્ટ આપી દિધેલ હોય છતાં વીજ ક્નેક્શન આપેલ નથી તે હકીક્ત સાચી છે, અને

**જવાબ**

(૧) અને (૨)

અમરેલી જિલ્લામાં તારીખ ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ખેતીવાડી વીજ જોડાણ માટેની નાણાં ભરપાઈ થયેલ ૧૧૧૮૦ અરજીઓ પેકી ૧૧૦૦૪ વીજ જોડાણો આપવામાં આવેલ છે અને ૧૭૬ વીજ જોડાણો બાકી છે. આપવામાં આવેલ વીજ જોડાણો પેકી ૫૩૬૦ વીજ જોડાણો નોર્મલ તેમજ અન્ય અને ૫૬૪૪ વીજ જોડાણો ડ્રીપ ઈરીગેશન સીસ્ટમ હેઠળ આપવામાં આવેલ છે.

(૩) નાણાં ભરપાઈ થયેલ બાકી ૧૭૬ અરજીઓ પેકી અદ્યતન સ્થિતિ મુજબ ૧૬૯ નોર્મલમાં જ્યારે ૭ અરજીઓ ડ્રીપ ઈરીગેશન સીસ્ટમ હેઠળ મંજુર કરી વિજ જોડાણો આપવામાં આવેલ છે અને ૫ વિજ જોડાણોની કામગીરી હાથ ઉપર છે. જ્યારે ૧૭ અરજીઓ વાંધા વાળી હોઈ તેની કામગીરી બાકી છે.

(૪) અને (૫)

ખેતી હેતુ વીજ જોડાણ આપવું એ સતત ચાલતી

(૫) જો હા, તો આ વીજ ક્નેક્શનો કેટલા સમયમાં આપવામાં આવશે?

પ્રક્રિયા છે. ક્રમાનુસારના નાણાં ભરપાઈ થયે વીજ જોડાણ આપવાની ક્રામગીરી હાથ ધરાતી હોય છે. નાણાં ભરપાઈ થયેલ અરજીઓની ક્રામગીરી પૂર્ણ થયા બાદ ક્રમાનુસાર આવતી અરજીઓને વીજ જોડાણ માટે એલ.ટી. લાઈન, એચ.ટી. લાઈન અને જરૂરિયાત મુજબના ટ્રાન્સફોરમર પણ લગાડવામાં આવે છે. આમ વીજ જોડાણ માટેની આ સતત ચાલતી પ્રક્રિયા છે. જ્યારે વાંધાવાળા કિસ્સાઓમાં વાંધા દૂર થયા બાદ વીજ જોડાણની ક્રામગીરી હાથ ધરવામાં આવશે. તે સિવાય બાકી વીજ જોડાણ માર્ચ ૨૦૧૧ સુધી આપવાનું આયોજન છે.

**રાજ્યમાં પવન ઉર્જા અને સૂર્ય ઉર્જા દ્વારા વીજળી ઉત્પન્ન કરવા બાબત**

૨૧૯૬૪ **: શ્રી લાલસિંહ વડોદિયા (ઉમરેઠ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્યમાં પવન ઉર્જા ધ્વારા અને સુર્ય ઉર્જા ધ્વારા કેટલા મેગાવોટ વીજળી પેદા કરવામાં આવી,

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં પવન ઉર્જા દ્વારા નીચે પ્રમાણે વીજ ઉત્પાદન કરવામાં આવ્યું.

| વર્ષ | વીજ ઉત્પાદન (મિલિયન યુનિટ) |
|---|---|
| ૨૦૦૮ | ૨૧૦૮ |
| ૨૦૦૯ | ૨૬૫૯ |
| ૨૦૧૦ | ૨૭૮૭ |

તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં સૂર્ય ઉર્જા દ્વારા કોઈ વીજ ઉત્પાદન કરવામાં આવ્યું નથી.

(૨) સરકાર ધ્વારા આણંદ જિલ્લામાં સુર્ય ઉર્જા અને પવન ઉર્જા ધ્વારા વીજ ઉત્પાદન કરવા વીજ મથકો ઉભા કરવા આયોજન કરવામાં આવ્યું છે, કે કેમ અને

(૨) ના, જી.

(૩) જો હા, તો તેની વિગત શી છે?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**ખેડા જિલ્લામાં રેતી કાઢવા માટે અપાયેલ લીઝ**

૨૧૨૫૦ **: શ્રી મણીભાઈ દે.પટેલ (કપડવંજ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ખાણ ખનીજ વિભાગ દ્વારા ખેડા જિલ્લામાં તાલુકાદીઠ રેતી, કાંકરો કાઢવા માટે કેટલી લીઝ ક્યા સ્થળે મંજૂર કરેલ છે,

(૨) તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કપડવંજ મામલતદાર દ્વારા રેતી/ માટી લઈ જતાં કેટલાં વાહનો પકડવામાં આવ્યા છે, અને

(૩) કેટલો દંડ વસુલ કરવામાં આવ્યો છે?

**જવાબ**

(૧) ખેડા જીલ્લામાં તાલુકાદીઠ રેતી, કાંકરી કાઢવા ૪૯ લીઝ મંજૂર કરેલ છે જેની તાલુકાવાર/ખનિજવાર સ્થળ ની વિગતોનું * પત્રક સામેલ છે.

(૨) કુલ ૨૫ વાહનો પકડવામાં આવેલ છે.

(૩) રૂા. ૨,૨૬,૦૦૦/-.

**પત્રક**

| તાલુકો | ગામનું નામ | રેતી | કાકરી |
|---|---|---|---|
| ઠાસરા | રાણીયા | ૩ | ૦ |
| કપડવંજ | મહંમદપુરા, કપડવંજ | ૨ | ૦ |
| મહુધા | ફલોલી | ૧ | ૦ |
| નડીયાદ | બીલોદરા, મંજીપુરા, | ૪ | ૦ |
| ખેડા | ખેડા, હરીયાળા, રઢું, વાસણા બુઝર્ગ, | ૧૪ | ૦ |

| | | | |
|---|---|---|---|
| કઠલાલ | પોરડા, કઠલાલ, ભાટેરા, ખલાલ, મડાદરા, ગાડવેલ, સરખેજ, અપ્રુજી | ૧૧ | ૦ |
| મહેમદાવાદ | મહેમદાવાદ, ખાત્રજ, સણસોળી, સરસવણી, આમસરણ, ક્નીજ, કોઠીપુરા, રાસ્કા | ૧૪ | ૦ |
| **કુલ** | | ૪૯ | **૦** |

--------

**માટીકામના કારીગરોને આપવામાં આવેલ તાલીમ**

૨૨૨૨૪ **: શ્રી આર.સી. પટેલ (જલાલપોર) : માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| રાજ્ય સરકાર દ્વારા કેટલા માટીકામના કલાકારોને વર્ષ ૨૦૧૦માં તાલીમ આપવામાં આવી અને તે માટે કેટલો ખર્ચ કરવામાં આવ્યો? | તાલીમ મેળવેલ વ્યક્તિઓની સંખ્યા ૧૯૬૬<br>ખર્ચ રૂા. ૨૩.૧૦ લાખ |

-------

**વાયબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર સમિટોમાં થયેલ એમ.ઓ.યુ.**

૨૦૯૩૮ **: શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર (ભાદરણ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સન ૨૦૦૫ અને ૨૦૦૭ની વાયબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર સમિટમાં દાહોદ જિલ્લામાં મૂડી રોકાણ માટેના કુલ કેટલી રકમના એમ.ઓ.યુ. થયા હતા,<br>(૨) તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ તે પૈકીનું વાસ્તવિક મૂડીરોકાણ ખરેખર આ જ જિલ્લામાં કેટલું થયું છે, અને<br>(૩) કેટલાં ઉદ્યોગો ઉત્પાદનમાં ગયાં? | (૧) સન ૨૦૦૫ અને ૨૦૦૭ની વાયબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર સમિટમાં દાહોદ જિલ્લામાં મૂડીરોકાણ માટે એમ.ઓ.યુ થયેલ નથી<br>(૨) અને (૩) : પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

--------

**હાથશાળના કારીગરોને આપવામાં આવેલ તાલીમ**

૨૨૨૦૦ **: શ્રી અનિલભાઈ પટેલ (મહેસાણા) : માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| રાજ્ય સરકાર દ્વારા કેટલા હાથશાળના કારીગરોને વર્ષ ૨૦૧૦માં તાલિમ આપવામાં આવી, અને તે માટે કેટલો ખર્ચ કરવામાં આવ્યો? | (૧) તાલીમ મેળવેલ વ્યક્તિઓની સંખ્યા-૯૦૦<br>તાલીમ ખર્ચ રૂ. ૬૪,૩૨,૭૨૩/- |

--------

**વીજ કંપનીઓને કામગીરી બદલ ઉર્જા ક્ષેત્રે મળેલ એવોર્ડ**

૨૨૧૫૭ **: શ્રી કાળુભાઇ વી. વીરાણી (કુંડલા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યની વીજ કંપનીઓને ઊર્જા ક્ષેત્રે સારી કામગીરી બદલ તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કોઈ એવોર્ડ મળેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલા અને ક્યા ક્યા એવાર્ડ મળેલ છે? | (૨) રાજ્યની વીજ કંપનીઓને ઉર્જા ક્ષેત્રે સારી કામગીરી બદલ તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ૭ (સાત) એવોર્ડ મળેલ છે. જેની વિગતો પત્રક-અ મુજબ છે. |

**પત્રક-અ**

| ક્રમ | શિલ્ડ/સર્ટીફિકેટનું નામ | એવોર્ડ કોને મળેલ છે? | એવોર્ડ ક્યા સ્વરૂપે મળેલ છે? | કઈ કામગીરી માટે એવોર્ડ મળેલ છે? | એવોર્ડ કોના તરફથી મળેલ છે? |
|---|---|---|---|---|---|
| ૧. | એવોર્ડ ફોર મેરીટોરીયસ પર્ફોમન્સ ઈન પાવર ડીસ્ટ્રીબ્યુશન ૨૦૦૮-૦૯ | મધ્ય ગુજરાત વીજ કંપની લી. | બ્રોન્ઝ શીલ્ડ અને સર્ટીફીકેટ | મેરીટોરીયસ પર્ફોમન્સ ઈન પાવર ડીસ્ટ્રીબ્યુશન | ઊર્જા મંત્રાલય, ભારત સરકાર |
| ૨. | નેશનલ એવોર્ડ ફોર એક્સલન્સ ઈન કોસ્ટ મેનેજમેન્ટ | ઉત્તર ગુજરાત વીજ કંપની લી. | ટ્રોફી | ખર્ચ ઘટાડવાની અલગ અલગ ટેક્નીકો, વેરાયન્સ એનાલીસીસ, બજેટીંગ, ઈન્વયન્ટરી કંન્ટ્રોલ ટેક્નીક, ફંડ મેનેજમેન્ટ, ગ્રાહકલક્ષી દેવામાં ઘટાડો, સપ્લાય ચેન્જ મેનેજમેન્ટ વિગેરે બાબતે | ધ ઈન્સ્ટીટ્યુટ ઓફ કોસ્ટ મેનેજમેન્ટ વર્ક્સ એકાઉન્ટસ ઓફ ઈન્ડીયા |
| ૩ | નેશનલ એવોર્ડ ફોર એક્સલન્સ ઈન કોસ્ટ મેનેજમેન્ટ | પમિ ગુજરાત વીજ કંપની લી. | ટ્રોફી | ખર્ચ ઘટાડવાની અલગ અલગ ટેક્નીકો, વેરાયન્સ એનાલીસીસ, બજેટીંગ, ઈન્વયન્ટરી કંન્ટ્રોલ ટેક્નીક, ફંડ મેનેજમેન્ટ, ગ્રાહકલક્ષી દેવામાં ઘટાડો, સપ્લાય ચેન્જ મેનેજમેન્ટ વિગેરે બાબતે | ધ ઈન્સ્ટીટ્યુટ ઓફ કોસ્ટ મેનેજમેન્ટ વર્ક્સ એકાઉન્ટસ ઓફ ઈન્ડીયા |
| ૪ | ઈન્ડીયા પાવર એવોર્ડ ૨૦૧૦ | મધ્ય ગુજરાત વીજ કંપની લી. | ટ્રોફી અને સર્ટીફીકેટ | ઓવરઓલ યુટીલીટી પર્ફોમન્સ (ડીસ્ટ્રીબ્યુશન) નોન અર્બન એરીયા | કાઉન્સીલ ફોર પાવર યુટીલીટી, નવી દિલ્હી |
| ૫ | ઈન્ડીયા પાવર એવોર્ડ ૨૦૧૦ | મધ્ય ગુજરાત વીજ કંપની લી. | ટ્રોફી અને સર્ટીફીકેટ | ઈનોવેશન ઈન ડીઝાઈન એન્ડ એક્ઝીક્યુશન ઓફ પ્રોજેક્ટસ ફોર ડ્રમ પ્રોજેક્ટ એટ ઉમરેઠ | કાઉન્સીલ ફોર પાવર યુટીલીટી, નવી દિલ્હી |
| ૬ | ઈન્ડીયા પાવર એવોર્ડ ૨૦૧૦ | ઉત્તર ગુજરાત વીજ કંપની લી. | ટ્રોફી અને સર્ટીફીકેટ | એનર્જી એફીશ્યન્સી, કંઝર્વેશન એન્ડ ડીએસએમ-ખેતી વિષયક ગ્રાહકો માટે ડીમાન્ડ સાઈડ મેનેજમેન્ટમાં ઈનીશ્યેટીવ લેવા બદલ અને પ્રવર્તમાન પંપની જગ્યાએ એનર્જી એફીશ્યન્સ પંપ સેટ્સ રીપ્લેસ કરવા બાબત. | કાઉન્સીલ ફોર પાવર યુટીલીટી, નવી દિલ્હી |
| ૭ | કે.પી.એમ.જી. ઈન્ફ્રાસ્ટ્રકર ટુ ડે એવોર્ડ ૨૦૧૦ | ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લી. | ટ્રોફી | મોસ્ટ એડમાયર સ્ટેટ એન્ટીટી ઈન પાવર સેકટર | એ.એસ.એ.પીવી. મીડીયા ઈન્ફરર્મેશન ગૃપ પબ્લીસર ઓફ કંન્સ્ટ્રકશન વર, ઈન્ફ્રાસ્ટ્રક્ચર ટુ ડે) એન્ડ કેપીએમજી (એ ગ્લોબલ નેટવર્ક ઓફ પ્રોફેશનલ્સ ફર્મ્સ પ્રોવાઈડીંગ ઓડિટ, ટેક્ષ એન્ડ એવાયઝરી સર્વીસીસ ઈન ૧૪૮ કંટ્રી. |

## કચ્છ જિલ્લામાં વીજ પુરવઠો મળી રહે તે માટે ફિડરોનું વિભાજન

૨૨૧૭૫ **: શ્રી રમેશભાઈ વ.મહેશ્વરી (મુંદ્રા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લામાં જુદી જુદી કક્ષાના ગ્રાહકોને ગુણવતા યુક્ત વીજ પુરવઠો મળી રહે તે માટે વર્ષ ૨૦૦૯-૧૦ દરમિયાન તા.૩૧-૩-૧૦ની સ્થિતિએ કેટલા ફીડરોનું વિભાજન કરવામાં આવ્યું, અને

(૨) ઉક્ત સ્થિતિએ તે માટે કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

**જવાબ**

(૧) અને (૨) : જુદી જુદી કક્ષાના વીજ ગ્રાહકોને ગુણવત્તાયુક્ત વીજપુરવઠો મળે તે માટે વર્ષ ૨૦૦૯-૧૦ દરમિયાન તા. ૩૧-૩-૧૦ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં રૂપિયા ૪૦૩.૦૫ લાખના ખર્ચે કુલ ૨૫ ફીડરોનું વિભાજન કરવામાં આવ્યું છે.

## બનાસકાંઠા જિલ્લામાં કુટિર ઉદ્યોગ શરૂ કરવા બાબત

૨૦૪૫૯ **: શ્રી મફતલાલ મો.પુરોહિત (ધાનેરા) : માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં બનાસકાંઠા જિલ્લાના ક્યા ક્યા તાલુકામાં નવીન કુટિર ઉદ્યોગ શરૂ કરવામાં આવેલ,

(૨) તે અંગે સરકાર દ્વારા કેટલી સહાય આપવામાં આવેલ છે, અને

(૩) કેટલી સબસીડી આપવામાં આવેલ છે?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં નીચેના તાલુકાઓમાં કુટિર ઉદ્યોગો શરૂ કરવામાં આવેલ છે.

| અ.નં. | તાલુકાનું નામ |
|---|---|
| ૧ | પાલનપુર |
| ૨ | વડગામ |
| ૩ | ધાનેરા |
| ૪ | દિયોદર |
| ૫ | ડીસા |
| ૬ | થરાદ |
| ૭ | વાવ |
| ૮ | ભાભર |
| ૯ | દાંતીવાડા |
| ૧૦ | કાંકરેજ |
| ૧૧ | દાંતા |
| ૧૨ | અમીરગઢ |

(૨) અને (૩) : તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં નીચે મુજબની સહાય/સબસીડી ચૂકવવામાં આવેલ છે.

| યોજનાનું નામ | રકમ રૂ. લાખમાં |
|---|---|
| શ્રી બાજપાઈ બેન્કેબલ યોજના | ૩૩૬.૬૧ |
| જ્યોતીગ્રામ યોજના | ૪.૩૩ |
| પીએમઈજીપી યોજના | ૯૧.૯૨ |
| કુલ | ૪૩૨.૮૬ |

## જંબુસર અને આમોદ તાલુકામાં પોલીસ ખાતાની ખાલી જ્ગ્યાઓ

૨૦૪૦૪ **: શ્રી કિરણકુમાર લ.મકવાણા (જંબુસર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૧/૧૧ની સ્થિતિએ ભરૂચ જિલ્લાના જંબુસર અને આમોદ તાલુકામાં હેડ કોન્સ્ટેબલ તથા પોલીસ કોન્સ્ટેબલોની કેટલી જ્ગ્યાઓ કેટલા સમયથી ખાલી છે,

(૨) તે જ્ગ્યાઓ ખાલી રહેવાના કારણો શાં છે, અને

(૩) આ ખાલી જ્ગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં

**જવાબ**

(૧) તા. ૩૧/૧/૧૧ની સ્થિતિએ ભરૂચ જિલ્લાના જંબુસર તથા આમોદ તાલુકામાં નીચે જણાવ્યા મુજબની હેડ કોન્સ્ટેબલ તથા પોલીસ કોન્સ્ટેબલોની જ્ગ્યા છેલ્લા ૬ થી ૧૨ માસથી ખાલી છે.

| ક્રમ | પોલીસ સ્ટેશન | ખાલી જ્ગ્યા | | |
|---|---|---|---|---|
| | | એએસઆઈ | હે.કો. | પો. કો. |
| ૧ | આમોદ | ૦ | ૩ | ૪ |
| ૨ | જંબુસર | ૦ | ૩ | ૯ |
| | કુલ : | ૦ | ૬ | ૧૩ |

(૨) નિવૃત્તિ, બદલી અને બઢતીના કારણે જ્ગ્યાઓ ખાલી રહેલ છે.

(૩) પોલીસ તંત્રની ખાલી જ્ગ્યાઓ ભરવા માટે

આવશે?

ત્રણ વર્ષનો પરસ્પેક્ટીવ પ્લાન ઘડીને સરકારે પોલીસ ભરતી બોર્ડની રચના કરેલ. આ બોર્ડ દ્વારા સહાયક બિન હથિયારી પોલીસ સબ ઈન્સ્પેક્ટર ૬૮૦, સહાયક હથિયારી પોલીસ સબ ઈન્સ્પેક્ટર ૧૪૩ ખાસ સ્પર્ધાત્મક પરીક્ષાના આધારે બિન હથિયારી પોલીસ સબ ઈન્સ્પેક્ટર ૫૪૪, એસ.આર.પી. લોકરક્ષક ૪૨૬૪ની ભરતી કરવામાં આવી છે. તેમજ લોકરક્ષક ૮૭૩૪ની ભરતીનું પરિણામ બહાર પાડેલ છે. સહાયક પોલીસ સબ ઈન્સ્પેક્ટરની જગ્યા પર પસંદગી પામેલ ઉમેદવારોની હાલ તાલીમ ચાલી રહેલ છે. તેમજ લોકરક્ષકની જગ્યા પર પસંદગી પામેલ ઉમેદવારોને તાલીમમાં મોકલવા અંગેની પ્રક્રિયા ચાલી રહેલ છે. લોકરક્ષકની તાલીમ પૂર્ણ થયેથી પોલીસ કોન્સ્ટેબલની જગ્યાઓ પર અન્ય જિલ્લાની સરખામણીમાં ભરૂચ જિલ્લાના જંબુસર અને આમોદ તાલુકામાં પોલીસ કોન્સ્ટેબલોની ખાલી જગ્યાઓ ભરવાનું આયોજન શક્ય બનશે. જ્યારે હેડ કોન્સ્ટેબલોની ખાલી જગ્યા બઢતી દ્વારા ભરવા માટે સક્ષમ કચેરીને સૂચના આપવામાં આવેલ છે.

--------

## સરદાર સરોવર યોજનાના જળ વિદ્યુત મથકો દ્વારા વીજળી ઉત્પન્ન કરવા અંગે

૨૨૧૭૩ **: શ્રી મુળુભાઈ હ. બેરા (ભાણવડ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૧૨/૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સરદાર સરોવર યોજના જળવિદ્યુત મથકો ધ્વારા કુલ કેટલી વીજળી ઉત્પન્ન કરવામાં આવી, અને

(૨) તેની બજાર કિંમત કેટલી થઈ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં નીચે મુજબ વીજ ઉત્પાદન થયેલ છે.

| | |
|---|---|
| વર્ષ-૨૦૦૮ | ૨૫૩.૬૬ કરોડ યુનિટ |
| વર્ષ-૨૦૦૯ | ૨૧૨.૮૧ કરોડ યુનિટ |
| વર્ષ-૨૦૧૦ | ૩૫૯.૫૬ કરોડ યુનિટ |
| | ૮૨૬.૦૩ કરોડ યુનિટ |

(૨) હાલનો બજાર ભાવ રૂા. ૪-૦૦ પ્રતિ યુનિટ લેખે ગણતાં છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન ઉત્પન્ન થયેલ વીજળીની કિંમત રૂા. ૩૩૦૪.૧૨ કરોડની થાય.

--------

## પંચમહાલ જિલ્લામાં ગેરકાયદેસર સફેદ પત્થરોનું વહન

૨૧૯૦૦ **: શ્રી જેઠાભાઈ ભરવાડ (શહેરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પંચમહાલ જિલ્લામાં તા. ૩૧/૧૨/૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગેરકાયદેસર સફેદ પત્થરોનું વહન અંગેની કેટલી ફરિયાદો સરકારને મળી,

(૨) તે પેકી કેટલીવાર તપાસ કરી, અને કેટલા વાહનો જપ્ત લીધા,

(૩) આવી ગેરકાયદેસર થતી ખનીજ ચોરીઓને સરકાર અટકાવવા માગે છે કે કેમ, અને

(૪) જો હા, તો કેટલા સમયમાં?

**જવાબ**

(૧) પંચમહાલ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગેરકાયદેસર સફેદ પત્થરોનું વહન અંગેની ૯ ફરિયાદો સરકારને મળી.

(૨) તે પેકી ૩૧ વાર તપાસ કરી અને ૫૯ વાહનો જપ્ત કરેલ છે.

(૩) હા, જી.

(૪) જિલ્લા કક્ષાએ ટાસ્ક ફોર્સની રચના કરવામાં આવેલ છે અને દર માસે ટાસ્ક ફોર્સની મીટીંગમાં થયેલ

કામગીરીની સમીક્ષા કરવામાં આવે છે અને અવારનવાર સઘન ચેકીંગની કાર્યવાહી કરવામાં આવે છે. સરકારશ્રીના તારીખ : ૧૭-૧-૨૦૧૧ના જાહેરનામાથી રચાયેલ "ગ્રીવાન્સ રીડ્રેસલ કમિટી" અંતર્ગત જવાબદારી નિતિ કરવામાં આવેલ છે.

--------

## કાણીએલ ડીસ્ટ્રીબ્યુટરી અને તેની માઈનોરનું કામ

૨૧૪૯૦ **: શ્રી કનુભાઈ ડાભી (કઠલાલ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) ખેડા જિલ્લામાં કઠલાલ તાલુકાની કાણીએલ ડીસ્ટ્રીબ્યુટરી અને તેમાંથી નીકળતી માઈનોર કેનાલનું કામ તા. ૩૧/૧૨/૨૦૧૦ની સ્થિતિએ ક્યા તબક્કે છે, અને

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ ખેડા જિલ્લામાં કઠલાલ તાલુકાની કાણીયેલ ડીસ્ટ્રીબ્યુટરીની કુલ ૧૩.૪૯ કિ.મી. લંબાઈમાંથી ૧૨.૯૪ કી.મી. લંબાઈમાં કામ પૂર્ણ થયેલ છે, અને ૦.૫૫ કી.મી. લંબાઈમાં કામ બાકી છે. અને તેમાંથી નીકળતી આઠ માઈનોરમાં કુલ ૩૯.૮૪ કી.મી. લંબાઈમાંથી ૭.૪૩ કી.મી. લંબાઈમાં કામ પૂર્ણ થયેલ છે અને ૩૨.૪૧ કી.મી. લંબાઈમાં કામ બાકી છે.

(૨) બાકી કામ ક્યારે પૂર્ણ કરવામાં આવનાર છે?

(૨) બાકી કામો વહેલી તકે ઝડપથી પૂર્ણ કરવાનું આયોજન છે.

--------

## વાયબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર સમિટોમાં વિજ કંપનીઓએ કરેલ એમ.ઓ.યુ.

૨૦૪૨૯ **: શ્રી જીતુભાઈ ચૌધરી (મોટા પોંઢા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) સને ૨૦૦૩ અને ૨૦૦૫માં વાયબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર સમિટમાં કઈ કઈ કંપનીઓએ વિજ ઉત્પાદન કરવા માટે કેટલી રકમના એમ.ઓ.યુ. કર્યા,

(૧) વર્ષ ૨૦૦૩ અને વર્ષ ૨૦૦૫ માં વીજ ઉત્પાદન માટે થયેલ એમ.ઓ.યુ. ની વિગતો અનુક્રમે *પત્રક-૧ અને ૨ મુજબ છે.

(૨) તે અન્વયે તા. ૩૧/૧/૧૧ની સ્થિતિએ કઈ

(૨) અને (૩)

કઈ કંપનીઓ કાર્યાન્વિત થઈ, અને
(૩) આ કંપનીઓ દ્વારા કેટલું વિજ ઉત્પાદન કરવામાં આવેલ છે?

કુલ ૨૭ પ્રોજેક્ટ પેકી ૧૮ પ્રોજેક્ટ અમલીકરણના વિવિધ તબક્કે છે. જેમાંથી ૮ પ્રોજેક્ટ (*પત્રક-૩ મુજબ) કાર્યાન્વિત થયેલ છે. સામાન્યતઃ વિશાળ કદના વીજ મથકો એક આંતરમાળખાકીય પ્રોજેક્ટ છે. આમ એક વીજ મથક સ્થાપવા માટે અન્ય માળાખાકીય સવલતો જેવી કે, જમીન, રસ્તા, વીજ પ્રવહન, પાણી જેવી સુવિધાઓની વ્યવસ્થા કરવી જરૂરી બને છે. તદ્ઉપરાંત પર્યાવરણ બાંધકામ, વીજ પ્રવહન માટે તેમજ પાણીના વપરાશ જેવી વિવિધ પ્રકારની મંજુરીઓ વિગેરે પણ લેવી આવશ્યક છે. તદ્ઉપરાંત ઈંધણની ઉપલબ્ધતા અને ઉત્પાદિત થનાર વીજળીના વેચાણ અંગેના કરારો આખરી કરવાની બાબત સુનિતિ કરવાની રહે છે. તદ્ઉપરાંત ઈંધણની ઉપલબ્ધતા અને ઉત્પાદિત થનાર વીજળીના વેચાણ અંગેના કરારો આખરી કરવાની બાબત સુનિતિ કરવાની રહે છે. વળી, આ વીજ યોજનાઓ તક્નીકી રીતે પણ જટીલ હોઈ, આ યોજના સ્થાપવા તેમજ તેમાંથી ઉત્પાદન મેળવવા માટે, સામાન્યતઃ ૫ થી ૭ વર્ષનો સમયગાળો લાગતો હોય છે. પરંતુ ગુજરાત સરકારના હકારાત્મક અભિગમને કારણે રાજ્યમાં વીજ પ્રોજેક્ટોનું અમલીકરણ ઝડપથી થાય છે.

કાર્યાન્વિત થયેલ ૮ વીજ યોજનાઓમાંથી તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ ૩૦૪૩૦.૩૬૮ મિલિયન યુનીટનું વીજ ઉત્પાદન થયેલ છે (*પત્રક-૪ મુજબ)

**પત્રક-૧**

**વાયબ્રન્ટ ગુજરાત અતર્ગત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ-૨૦૦૩ તથા ૨૦૦૫માં વીજ ઉત્પાદન ક્ષેત્રે થયેલ એમઓયુ અને અંદાજીત મૂડી રોકાણની વિગતો વર્ષ-૨૦૦૩**

| અ. નં. | એમઓયુ કરનાર કંપનીનું નામ | અંદાજીત રોકાણ (રૂા. કરોડમાં) |
|---|---|---|
| ૧ | એનરકોન ઈન્ડીયા લિ. | ૧૭૫૦ |
| ૨ | ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રીસીટી કોર્પોરેશન | ૩૨૦ |
| ૩ | એનઈજી મેકોન લિ. | ૧૦૦૦ |
| ૪ | સુઝલોન એનર્જી | ૨૨૦૦ |
| ૫ | ગુજરાત પગુથન એનર્જી કંપની લિ. | ૩૨૫૦ |
| ૬ | ટોરેન્ટ પાવર જનરેશન લિ. | ૩૮૦૦ |
| ૭ | નિરમા કેમીકલ્સ વર્ક્સ લિ. | ૨૨૦૦ |
| ૮ | પરકર એનર્જી લિ. | ૧૫૦૦ |
| ૯ | ટોરેન્ટ પાવર | ૧૨૦૦ |
| ૧૦ | એસ્સાર પાવર લિ. | ૨૫૦૦ |

**પત્રક-૨**

**વર્ષ ૨૦૦૫**

| અ. નં. | એમઓયુ કરનાર કંપનીનું નામ | અંદાજીત રોકાણ (રૂા. કરોડમાં) |
|---|---|---|
| ૧. | ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ પાવર કું. લિ. સ્ટેજ-૨ | ૧૧૬૫ |
| ૨. | ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ પાવર કું. લિ. એક્સ્ટેન્શન | -- |
| ૩. | ગુજરાત પાવર કોર્પોરેશન લિ. | ૨૦૦૦ |
| ૪. | ગુજરાત મીનરલ ડેવલપમેન્ટ કોર્પોરેશન લિ. | ૨૫૦૦ |
| ૫. | એસ્સાર એનર્જી લિ. | ૩૭૭૦ |
| ૬. | મુન્દ્રા સ્પેશ્યલ ઈકોનોમીક ઝોન (અદાણી પ્રા. લિ.) | ૪૦૦૦ |

| અ. નં. | એમઓયુ કરનાર કંપનીનું નામ | અંદાજીત રોકાણ (રૂા. કરોડમાં) |
|---|---|---|
| ૭. | ટોરેન્ટ પાવર જનરેશન લિ. | ૩૯૦૦ |
| ૮. | એલ એન્ડ ટી | ૧૦૦૦ |
| ૯. | એનઈપીસી-ઈન્ડીયા | ૧૦૦૦ |
| ૧૦. | એનરકોન (ઈન્ડીયા) લિ. | ૩૦૦૦ |
| ૧૧. | સુઝલોન એનર્જી લિ. | ૨૫૦૦ |
| ૧૨. | એનઈજી-મેકોન પ્રા. | ૧૨૫૦ |
| ૧૩. | રીયાન રામાની, એનઆરઆઈ, યુનાઈટેડ કીંગ્ડમ | ૧૪૬.૧ |
| ૧૪. | રીયાન રામાની, એનઆરઆઈ, યુનાઈટેડ કીંગ્ડમ | ૨૨.૨ |
| ૧૫. | નેશનલ હાઈડ્રો ઈલેક્ટ્રીક પાવર કોર્પોરેશન | (અભ્યાસ) |
| ૧૬. | નેશનલ થર્મલ પાવર કોર્પોરેશન (૧૩૫૦) ગાંધાર અને ક્વાસ એક્સપાન્શન (૧૩૫૦) | ૮૦૦૦ |
| ૧૭. | ન્યુક્લીયર પાવર કોર્પોરેશન ઓફ ઈન્ડીયા | ૨૦૦૦ |

## પત્રક-૩
## વાયબ્રન્ટ ગુજરાત અંતર્ગત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ-૨૦૦૩ તથા ૨૦૦૫માં વીજ ઉત્પાદન ક્ષેત્રે થયેલ એમઓયુ અન્વયે ક્રાર્યાન્વિત થયેલ કંપનીઓની વિગતો વર્ષ ૨૦૦૩ અને ૨૦૦૫

| અ. નં. | એમ.ઓ.યુ. કરનાર કંપનીનું નામ |
|---|---|
| ૨૦૦૩ | |
| ૧. | એનરકોન ઈન્ડીયા લિ. |
| ૨. | ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રીસીટી કોર્પોરેશન |
| ૩. | એનઈજી-મેકોન લિ. |
| ૪. | સુઝલોન એનર્જી |
| ૫. | ટોરેન્ટ પાવર જનરેશન લિ. |
| ૨૦૦૫ | |
| ૬. | ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ પાવર કંપની સ્ટેજ-૨ |
| ૭. | મુન્દ્રા સ્પેશ્યલ ઈકોનોમીક ઝોન (અદાણી પાવર લી.) |
| ૮. | ન્યુક્લીયર પાવર કોર્પોરેશન લી. |

## પત્રક-૪
## ૨૦૦૩-૨૦૦૫માં થયેલ એમ.ઓ.યુ. અન્વયે ક્રાર્યાન્વિત થયેલ કંપનીઓ દ્વારા થયેલ વીજ ઉત્પાદનની વિગતો

| અ. નં. | એમ.ઓ.યુ. થયેલ કંપનીઓના નામ | વીજ ઉત્પાદન (મિલિયન યુનિટ) |
|---|---|---|
| ૧. | ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રીસીટી કોર્પોરેશન | ૧૭૫૪.૧૮૩ મિલિયન યુનિટ (નાણાકીય વર્ષ ૨૦૦૯-૧૦ની સ્થિતિએ) |
| ૨. | ટોરેન્ટ પાવર જનરેશન લિ. | ૬૧૬૨ મિલિયન યુનિટ (તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ) |
| ૩. | ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ પાવર કું. લિ. સ્ટેજ-૨ | ૪૬૯ મિલિયન યુનિટ (તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ) |
| ૪. | મુન્દ્રા સ્પેશ્યલ ઈકોનોમીક ઝોન (અદાણી પ્રા. લી.) | યુનિટ-૧, ૩૩૬૨.૦૨૭ મિલિયન યુનિટ<br>યુનિટ-૨, ૧૮૬૫.૯૧૩ મિલિયન યુનિટ<br>યુનિટ-૩, ૯૦૯.૬૪૯ મિલિયન યુનિટ<br>યુનિટ-૪, ૮૦.૫૯૬ મિલિયન યુનિટ<br>(તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ) |
| ૫. | ન્યુક્લીયર પાવર કોર્પોરેશન ઓફ ઈન્ડીયા | ૫૭૧૬ મિલિયન યુનિટ (ગુજરાત સરકારનો હિસ્સો) (તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ) |
| ૬. | સુઝલોન એનર્જી લિ. * | ઉક્ત ત્રણ કંપનીઓના કુલ પાંચ પ્રોજેક્ટ થકી તા. ૩૧-૧-૨૦૧૧ ની સ્થિતિએ ૧૦.૧૧૧ મિલિયન યુનિટ વીજ ઉત્પાદન મેળવાયું |
| ૭. | એનરકોન ઈન્ડીયા લિ. * | |
| ૮. | વેસ્ટાસ ઈન્ડીયા લી. * | |

--------

## સુરત શહેરમાં પ્રજા અને પોલીસ વચ્ચે યોજવામાં આવેલ લોકદરબાર

૨૨૧૩૯ **: શ્રી કિશોરભાઈ વાંકાવાળા (સુરત શહેર પશ્ચિમ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પ્રજા અને પોલીસ વચ્ચે સહકાર અને વિશ્વાસ વધે તે માટે સમયાંતરે સ્થાનિક કક્ષાએ લોકદરબાર યોજવા માટે સરકારે સૂચનાઓ આપી હોવાની હકીક્ત સાચી છે, અને

(૨) જો હા, તો વર્ષ ૨૦૧૦માં સુરત શહેરમાં કેટલા લોકદરબાર યોજવામાં આવ્યા, અને તેની વિગતો શું છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) વર્ષ ૨૦૧૦ માં સુરત શહેરમાં કુલ ૧૧૪ લોકદરબાર યોજવામાં આવ્યા,

લોકદરબારમાં કરવામાં આવતી રજૂઆતોની વિગતો માં પોલીસ ખાતાને લગતી રજૂઆતોનો નિકાલ કરવામાં આવે છે, જ્યારે અન્ય વિભાગોને લગતી રજૂઆતો જે તે વિભાગને મોક્લી આપવામાં આવે છે. ઉપરાંત, સંબંધિત વિભાગને લેખિત રજૂઆત કરવા અરજદારને સમજ પણ આપવામાં આવે છે.

--------

## પાટણ જિલ્લામાં પસાર થતી નર્મદા યોજનાની શાખા નહેરોના કામો

૨૨૧૭૧ **: શ્રી શંકરભાઈ લ. ચૌધરી (રાધનપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પાટણ જિલ્લામાં પસાર થતી નર્મદા યોજનાની શાખા નહેરોની કામગીરી તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ ક્યા તબક્કે છે, અને

(૨) આ કામગીરી ક્યારે પૂર્ણ કરવામાં આવનાર છે ?

**જવાબ**

(૧) પાટણ જિલ્લામાં પસાર થતી નર્મદા યોજનાની શાખા નહેરોની કુલ ૧૭૮.૦૭ કી.મી. લંબાઈ પૈકી ૧૩૪.૧૨ કી.મી. લંબાઈમાં માટીકામ તથા ૩૮.૬૭ કી.મી. લંબાઈમાં અસ્તરકામની કામગીરી તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ પૂર્ણ થયેલ છે.

(૨) આ બાકી શાખા નહેરોની કામગીરી વહેલી તકે પૂર્ણ કરવાનું આયોજન છે.

--------

## જૂનાગઢ જિલ્લામાં જર્જરીત વીજ વાયરો બદલવા બાબત

૨૨૧૫૯ **: શ્રી મહેન્દ્ર મશરુ (જુનાગઢ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જૂનાગઢ જિલ્લામાં કુલ કેટલા કિલોમીટર જર્જરીત વીજ વાયરો અને થાંભલાઓ બદલવામાં આવ્યા, અને

(૨) ઉક્ત સ્થિતિએ તે માટે કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) અને (૨)

તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જૂનાગઢ જિલ્લામાં સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના તેમ જ સીસ્ટમ ઈમ્પ્રુવમેન્ટ યોજના હેઠળ બદલવામાં આવેલ વીજ વાયરો અને થાંભલાઓ તથા તે માટે કરવામાં આવેલ ખર્ચની માહિતી નીચે મુજબ છે.

| યોજનાનું નામ | બદલવામાં આવેલ વીજ વાયરો કિ.મી. | ખર્ચ (રૂા.લાખમાં) | બદલવામાં આવેલ થાંભલા | ખર્ચ (રૂા.લાખમાં) |
|---|---|---|---|---|
| સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના | ૧૦૯૫.૩૨ | ૩૭૮.૭૫ | ૧૨૬૪ | ૨૨.૨૫ |
| સીસ્ટમ ઈમ્પ્રુવમેન્ટ | ૭૮૯.૭૬ | ૫૭૪.૫૬ | ૧૦૫૯ | ૧૮.૨૫ |
| **કુલ** | **૧૮૮૫.૦૮** | **૯૫૩.૩૧** | **૨૩૨૩** | **૪૦.૫૦** |

--------

## સાયન્સ સીટીના બાળકો માટેના કાર્યક્રમો

૨૨૧૬૭ **: શ્રી નાનુભાઈ ભ.વાનાણી (સુરત શહેર (ઉત્તર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સાયન્સ સીટીના કાર્યક્રમો શાળાના બાળકોને કેવી રીતે ઉપયોગી છે,

(૨) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યની કેટલી શાળાઓના કેટલા બાળકોએ ભાગ લીધેલ છે,

(૩) શાળાના બાળકોને સાયન્સ સીટીમાં કોઈ ક્ન્સેસન આપવામાં આવે છે કે કેમ, અને

(૪) જો હા, તો તેની વિગતો શી છે ?

**જવાબ**

(૧) વિજ્ઞાન પ્રત્યે અભિરૂચિ કેળવાય તે માટે અલગ અલગ વિષયોને અનુરૂપ પ્રવૃત્તિઓ, મહત્વના વૈજ્ઞાનિક દિવસોની ઉજવણી, વિવિધ વિષયો પર વ્યાખ્યાનો અને ચર્ચા વગેરેનું નિયમિત પણે આયોજન કરવામાં આવે છે. ગ્રામ્ય વિસ્તારના બાળકોના જ્ઞાનના વિકાસ માટે રેડિયો ઉપર દર મંગળવારે વિજ્ઞાનના વિષય પર જ્ઞાનવાણીનો જીવંત કાર્યક્રમ આપવામાં આવે છે. જેના દ્વારા વિદ્યાર્થીઓ રાજ્ય તેમજ રાષ્ટ્ર કક્ષાની વિવિધ શિષ્યવૃત્તિઓ તેમજ વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષા માટેની માહિતી મેળવી શકે છે. તેમજ તેઓ રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં ભાગ લઈ પોતાની કારકિર્દી બનાવવા માટેની એક તક પૂરી પાડે છે.

(૨) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યની ૪,૦૦૦ શાળાઓના ૩,૦૫,૮૯૯ બાળકોએ ભાગ લીધેલ છે.

(૩) હા, જી.

(૪) શાળાના બાળકોને સાયન્સસીટી ખાતે નીચે મુજબ ક્ન્સેસન આપવામાં આવે છે.

| ટીકીટનો ચાર્જ | સામાન્ય દર | | શાળા/કોલેજના વિદ્યાર્થીઓનાં ક્ન્સેશનલ દરો | |
|---|---|---|---|---|
| સુવિધા | સામાન્ય પુખ્ત | બાળકો | શાળા ગૃપ | કોલેજ ગૃપ |
| પ્રવેશ | ૧૦/- | ૫/- | ૧/- | ૫/- |
| આઈમેક્સ ફિલ્મ | | | | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| વોકીંગ ઓન ધ મુન | ૧૨૫/- | ૧૦૦/- | ૯૦/- | ૧૦૦/- |
| અવતાર | ૨૦૦/- | ૧૫૦/- | ૧૫૦/- | ૧૫૦/- |

૩૦૦ થી વધુ વિદ્યાર્થીઓ હોય તો થ્રીડી ફિલ્મ વોકીંગ ઓન ધ મુન રૂા. ૫૦/- માં બતાવવામાં આવે છે.

ઉપરાંત શાળાગૃપ માટે થ્રીલ રાઈડ કે જેનો સામાન્ય દર વ્યક્તિ દીઠ રૂા. ૨૫/- છે અને મીશન ટુ માર્સ રાઈડ કે જેનો સામાન્ય દર વ્યક્તિ દીઠ રૂા. ૩૦/- છે. તેમાં નીચે મુજબ ક્ન્સેસન આપવામાં આવે છે.

૨૫ થી વધારે વિદ્યાર્થીઓ હોય તો ૧૦ %

૧૦૦ થી વધારે વિદ્યાર્થીઓ હોય તો ૧૫ %

૨૦૦ થી વધારે વિદ્યાર્થીઓ હોય તો ૨૦ %

૩૦૦ થી વધારે વિદ્યાર્થીઓ હોય તો ૨૫ %

--------

## કેન્દ્રના આયોજન પંચ દ્વારા સરદાર સરોવર યોજનાના સુધારેલા અંદાજોને મંજૂરી

૨૨૧૭૪ **: શ્રીમતી ગીતાબેન યો. પટેલ (સાબરમતી) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કેન્દ્રના આયોજન પંચ દ્વારા સરદાર સરોવર યોજનાના સુધારેલા અંદાજોને તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ કોઈ મંજૂરી આપેલ છે, તે હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો ક્યારે મંજૂરી આપવામાં આવી, અને

(૩) કેટલી રકમની મંજૂરી આપવામાં આવી ?

**જવાબ**

(૧), (૨) અને (૩)

હા, જી. કેન્દ્રના આયોજન પંચ દ્વારા સરદાર સરોવર યોજનાના રૂા. ૩૯૨૪૦.૪૫ કરોડના (વર્ષ ૨૦૦૮-૦૯ના પ્રાઈસ લેવલે) સુધારેલ અંદાજોને ૨૦મી મે, ૨૦૧૦ ના રોજ મંજુરી આપવામાં આવેલ છે.

--------

## વીજ મથકો માટે લાવવામાં આવતા કોલસાના પરિવહન દરોમાં વધારો

૨૨૧૬૪ **: શ્રી વસંતભાઈ ભટોળ (દાંતા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વીજ મથકો માટે લાવવામાં આવતા કોલસાના પરિવહન દરોમાં વધારાને કારણે વીજ ઉત્પાદનમાં ખર્ચમાં યુનિટ દીઠ કોઈ વધારો નોંધાયો છે કે કેમ, અને

(૨) જો હા, તો ક્યારે કેટલો વધારો થયો ?

**જવાબ**

(૧) અને (૨) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વીજ મથકો માટે લાવવામાં આવતા કોલસાના પરિવહન દરોમાં વધારાને કારણે વીજ ઉત્પાદન ખર્ચમાં યુનિટ દીઠ કુલ ૯ પેસાનો વધારો થયો છે. જે વધારો થયો છે તેની વિગત નીચે મુજબ છે.

| ભાવ વધારાની તારીખ | પરિવહન દરમાં થયેલ વધારો | યુનિટદીઠ વીજ ઉત્પાદન ખર્ચમાં થયેલ વધારો |
|---|---|---|
| ૮-૧૨-૨૦૦૮ | રૂા. ૮૩/- પ્રતિ મેટ્રીક ટન | ૬ પેસા |
| ૨૭-૧૨-૨૦૧૦ | રૂા. ૪૬/- પ્રતિ મેટ્રીક ટન | ૩ પેસા |
| | **કુલ** | **૯ પેસા** |

--------

## જૂનાગઢ જિલ્લામાં ખૂન, લૂંટ, બળાત્કાર, અપહરણ અને સાધુ-સંતોની હત્યાના બનાવો

૨૧૮૩૫ **: શ્રી ભગવાનભાઈ ધા.બારડ (તાલાલા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ બે વર્ષમાં જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર ખૂન, લૂંટ, બળાત્કાર, અપહરણ અને સાધુ-સંતોની હત્યાના કેટલા બનાવો નોંધાયા, અને

**જવાબ**

(૧) તા. ૧-૨-૦૯ થી તા. ૩૧-૧-૧૧ સુધીના ગાળા દરમિયાન નોંધાયેલ ગુનાઓ

| તાલુકો | ખૂન | લૂંટ | બળાત્કાર | અપહરણ | સાધુ સંતોની હત્યા |
|---|---|---|---|---|---|
| જૂનાગઢ | ૨૨ | ૨૬ | ૦૭ | ૩૧ | - |
| વિસાવદર | ૧૨ | ૦૩ | ૦૩ | ૧૦ | - |
| ભેંસાણ | ૦૧ | ૦૧ | ૦૧ | ૦૪ | - |
| મેંદરડા | - | ૦૧ | ૦૨ | ૧૦ | - |
| કેશોદ | ૧૦ | ૦૩ | ૦૨ | ૦૮ | - |
| વંથલી | ૦૩ | ૦૩ | - | ૦૫ | - |
| માણાવદર | ૦૫ | ૦૨ | - | ૦૭ | - |
| વેરાવળ | ૦૯ | ૦૭ | ૦૪ | ૦૫ | - |
| કોડીનાર | ૦૬ | ૦૫ | ૦૩ | ૦૪ | - |
| સુત્રાપાડા | ૦૨ | ૦૨ | ૦૨ | ૦૩ | - |
| તાલાલા | ૦૪ | ૦૭ | ૦૩ | ૦૮ | - |
| ઉના | ૧૪ | ૦૭ | ૦૧ | ૨૯ | - |
| માંગરોળ | ૦૨ | ૦૩ | ૦૨ | ૦૩ | - |
| માળીયા-હાટીના | ૦૪ | ૦૧ | ૦૨ | ૧૧ | - |

(૨) તે અન્વયે આવા ગુન્હાઓ અટકાવવા સરકારે ક્યા પ્રકારનું આયોજન કરેલ છે ?

(૨) - ખૂનના ગુનાઓ અટકાવવા માટે પોલીસને મળતી ફરીયાદોની ત્વરીત તપાસ કરી, અટકાયતી પગલાં લેવામાં આવે છે.

- બાતમીદારો રોકી, બાતમી મળેથી અટક કરવાની તજવીજ કરવામાં આવે છે. નાસતા-ફરતા આરોપીઓની વિગતો જીલ્લા પોલીસ ગેઝેટ તથા રાજ્ય પોલીસ ગેઝેટમાં પ્રસિધ્ધ કરવામાં આવે છે.
- વાહન ચેકીંગ ઝૂંબેશ ચલાવવામાં આવે છે.
- નાઈટ રાઉન્ડ સઘન બનાવી અમલમાં મુકવામાં આવે છે. હીસ્ટ્રીશીટર, એમસીઆર કાર્ડવાળા ઈસમોને ચેક કરી, જરૂર જણાયે તેમના વિરુધ્ધ અટકાયતી પગલાં લેવામાં આવે છે. અવાર નવાર કોમ્બીંગનું આયોજન કરી, ગુનેગારોના આશ્રય સ્થળો, દંગાઓ હોટલ, ગેસ્ટ હાઉસો વગેરેનું ચેકીંગ ગોઠવવામાં આવે છે અને ""અ"" રોલ તથા ""બી"" રોલ ભરવામાં આવે છે.
-ગંભીર ગુનાઓની તપાસના પ્રગતિ અહેવાલો અઠવાડિક મંગાવી, સીનીયર સુપરવાઈઝરી અધિકારીઓ દ્વારા મોનીટરીંગ કરવામાં આવે છે.
-શહેરોમાં ચાલતા ખાનગી ટ્યુશન ક્લાસીસના સંચાલકો, સ્કૂલ/કોલેજોના સંચાલકો અને વાલીઓનો સંપર્ક કરી તેમની સાથે બેઠકો યોજી માર્ગદર્શન આપવામાં આવે છે.
- આમ આવા ગુનાઓ ભવિષ્યમાં ન બને તે માટે તકેદારીરૂપે તમામ પ્રયાસો હાથ ધરવામાં આવે છે.

--------

**ફોરેન્સિક સાયન્સ દ્વારા અન્ય રાજ્યોને સહાયતા**

૨૨૧૯૩ **: શ્રી મધુભાઈ બા. શ્રીવાસ્તવ (વાઘોડિયા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગુજરાત રાજ્યના ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી દ્વારા અન્ય રાજ્યોને ફોરેન્સિક સહાયતા પૂરી પાડવામાં આવે છે તે હકીક્ત સાચી છે કે કેમ, અને

(૨) જો હા, તો તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ વર્ષ ૨૦૧૦-૧૧માં ક્યા ક્યા રાજ્યોને કેટલા કેસોમાં આ સહાય પૂરી પાડવામાં આવી ?

**જવાબ**

(૧) હા, જી.
રાજ્યની એફ.એસ.એલ. આધુનિક, પારદર્શક અને તટસ્થ હોવાને કારણે દેશના અન્ય રાજ્યો તેમજ કેન્દ્ર સરકારની સી.બી.આઈ., એન.સી.બી., રેલ્વે, કસ્ટમ એક્સાઈઝ જેવી સંસ્થાઓ જટીલ અને મુશ્કેલ ગુન્હાઓની તપાસમાં તેની મદદ લે છે.

(૨) વર્ષ ૨૦૧૦-૧૧માં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ દેશના જે રાજ્યોને/કેન્દ્ર સરકારની સંસ્થાઓને સહાયતા પૂરી પાડવામાં આવેલ છે. તે કેસોની સંખ્યા નીચે મુજબ છે.

| ક્રમ | રાજ્યનું નામ | કેસો |
|---|---|---|
| ૧ | નવી દીલ્હી | ૧૫૬ |
| ૨ | જમ્મુ કાશ્મીર | ૧૫ |
| ૩ | મધ્ય પ્રદેશ | ૦૭ |
| ૪ | ઉત્તર પ્રદેશ | ૦૪ |
| ૫ | રાજસ્થાન | ૧૬ |
| ૬ | ઝારખંડ | ૦૩ |
| ૭ | હિમાચલ પ્રદેશ | ૦૧ |
| ૮ | ગોવા | ૦૫ |
| ૯ | મહારાષ્ટ્ર | ૦૨ |
| ૧૦ | પંજાબ | ૦૪ |
| ૧૧ | હરીયાણા | ૦૭ |
| ૧૨ | તામીલનાડુ | ૦૧ |
| ક્રમ | રાજ્યનું નામ | કેસો |
| ૧૩ | કર્ણાટક | ૦૬ |
| ૧૪ | ઉતરાખંડ | ૦૧ |
| ૧૫ | આંધ્રપ્રદેશ | ૦૧ |
| ૧૬ | આસામ | ૦૧ |
| | (૧) કુલ :- | ૨૩૦ |

| | | |
|---|---|---|
| | (૧) કુલ :- | ૨૩૦ |

| ક્રમ | કેન્દ્રીય સંસ્થાઓ | કેસો |
|---|---|---|
| ૧ | આર્મી | ૦૩ |
| ૨ | સી.બી.આઈ. | ૧૦ |
| ૩ | વેસ્ટર્ન રેલ્વે | ૦૩ |
| ૪ | કેન્દ્ર શાસિત પ્રદેશો | ૪૫ |
| ૫ | ઈન્શોયરન્શ એજન્સી | ૧૪ |
| ૬ | એરપોર્ટ ઓથોરીટી | ૦૧ |
| ૭ | કેન્દ્રીય તપાસ એજન્સી (અન્ય | ૪૨ |
| | (૨) કુલ :- | ૧૧૮ |
| | (૧) અને (૨) નો સરવાળો | ૩૪૮ |

--------

## વડોદરા જિલ્લામાં ખાણ અને ખનીજ લીઝ મેળવવા માટે કરેલ માંગણી

૨૧૬૩૪ **: શ્રી મોહનસિંહ છો.રાઠવા (પાવી-જેતપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ અને ખનિજ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લામાં ખાણ અને ખનીજની લીઝ મેળવવા માટે કેટલા ઈસમોએ માગણી કરી છે, | (૧) ૪૬૧. |
| (૨) તે પૈકી કેટલી માગણી મંજૂર કરી કેટલી બાકી, અને | (૨) તે પૈકી ૮૩ માંગણી મંજુર અને ૨૬૫ માંગણી પડતર છે. જ્યારે ૧૧૩ માંગણી નામંજુર કરેલ છે. |
| (૩) તે પૈકી કેટલા આદિવાસીઓની મંજૂર કરી, કેટલી બાકી ? | (૩) ક્વોરીલીઝ અરજીમાં ભારતીય નાગરીક હોવાની લાયકાત છે જેમાં જ્ઞાતિ અંગેની વિગતોનું કોલમ ન હોય કેટલા આદિવાસીઓની માંગણી મંજુર કરી કે કેટલાની પડતર છે તે ચોક્કસપણે કહી શકાય નહી. તેમ છતાં વનબંધુ કલ્યાણ યોજના હેઠળ ૧૫ લીઝ આદીવાસીઓને મંજુર કરવામાં આવેલ છે. |

--------

## માંગરોલ તાલુકામાં જ્યોતિગ્રામ યોજના અંતર્ગત વીજ કનેક્શનો

૨૧૪૭૯ **: શ્રી ભગવાનભાઈ લા.કરગટીયા (માંગરોળ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જૂનાગઢ જિલ્લાના માંગરોલ તાલુકામાં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ જ્યોતિગ્રામ યોજના અને અંતર્ગત છેલ્લા બે વર્ષમાં કેટલી અરજીઓ મળેલ છે.<br>(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરેલ છે, અને | (૧), (૨) અને (૩) :- જ્યોતિગ્રામ યોજના એ નવા વીજ જોડાણો આપવાની કોઈ યોજના નથી. પરંતુ, આ યોજનામાં ગામડાં/પેટાપરાઓના રહેણાંક, વાણિજ્યક અને ઓદ્યોગિક વીજ જોડાણોને ૨૪ કલાક થ્રી ફેઈઝ |

(૩) કેટલી બાકી છે, તેઓને ક્નેક્શન આપવામાં આવનાર છે ?

વીજ પુરવઠો પૂરો પાડવા માટે અલગ ફીડર જેને જ્યોતિગ્રામ ફીડર તરીકે ઓળખવામાં આવે છે તેની સાથે જોડવામાં આવે છે. તદનુસાર ઉપર સૂચવ્યા મુજબના વિવિધ વીજ જોડાણ માટે તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લાના માંગરોળ તાલુકામાં છેલ્લા બે વર્ષમાં નવા વીજ જોડાણની કુલ ૩૧૮૪ અરજીઓ મળેલ છે. આ પેકી ૩૧૭૫ અરજદારોને વીજ જોડાણો આપવામાં આવ્યા છે. બાકી ૯ અરજદારો પૈકી ૮ અરજદારોએ અંદાજપત્રના નાણાં નિયત સમય મર્યાદામાં ન ભરતાં તેમની અરજી રદ કરવામાં આવેલ છે જ્યારે બાકીના એક અરજદારને અંદાજપત્ર આપવામાં આવેલ છે જેના નાણાં ભરપાઈ થયેથી વીજ જોડાણની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

--------

**વાયબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર્સ સમિટમાં વિજ ઉત્પાદનના થયેલા એમ.ઓ.યુ.**

૨૨૦૧૯ **: શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા (પોરબંદર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ-૨૦૦૭ અને ૨૦૦૯ દરમ્યાન વિજ ઉત્પાદનના થયેલા એમ.ઓ.યુ. પૈકી કઈ કઈ કંપનીઓએ ક્યા સ્થળે કેટલા મેગાવોટના કેટલા મૂડીરોકાણના એમ.ઓ.યુ. કર્યા હતા, અને

(૨) ઉક્ત સ્થિતિએ આ પૈકી કઈ કઈ કંપનીઓએ કેટલા મેગાવોટનું ઉત્પાદન શરૂ કર્યુ ?

**જવાબ**

(૧) વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ-૨૦૦૭ અને ૨૦૦૯માં વીજ ઉત્પાદન માટે થયેલા એમ.ઓ.યુ. કરનાર કંપનીઓના નામ, સ્થળ, મેગાવોટ અને મૂડીરોકાણની વિગતો અનુક્રમે * પત્રક-૧ અને * પત્રક ૨ મુજબ છે.

(૨) કુલ ૧૧૪ પૈકીના ૧૧૨ પ્રોજેક્ટ અમલીકરણના વિવિધ તબક્કે છે અને તેમાંથી ૩ પ્રોજેક્ટ કાર્યાન્વિત થયેલ છે. જ્યારે માત્ર ૨ યોજનાઓ ડેવલપર રસ ન ધરાવતા હોઈ પડતી મૂકવામાં આવેલ છે.

સામાન્યતઃ વિશાળ કદના વીજ મથકો એક આંતરમાળખાકીય પ્રોજેક્ટ છે. આમ એક વીજ મથક સ્થાપવા માટે અન્ય માળાખાકીય સવલતો જેવી કે, જમીન, રસ્તા, વીજ પ્રવહન, પાણી જેવી સુવિધાઓની વ્યવસ્થા કરવી જરૂરી બને છે. તદ્ઉપરાંત પર્યાવરણ બાંધકામ, વીજ પ્રવહન માટે તેમજ પાણીના વપરાશ જેવી વિવિધ પ્રકારની મંજુરીઓ વિગેરે પણ લેવી આવશ્યક છે. તદ્ઉપરાંત ઈંધણની ઉપલબ્ધતા અને ઉત્પાદિત થનાર વીજળીના વેચાણ અંગેના કરારો આખરી કરવાની બાબત સુનિતિ કરવાની રહે છે. વળી, આ વીજ યોજનાઓ તક્નીકી રીતે પણ જટીલ હોઈ, આ યોજના સ્થાપવા તેમજ તેમાંથી ઉત્પાદન મેળવવા માટે, સામાન્યતઃ ૫ થી ૭ વર્ષનો સમયગાળો લાગતો હોય છે. પરંતુ ગુજરાત સરકારના હકારાત્મક અભિગમને કારણે રાજ્યમાં વીજ પ્રોજેકટનું અમલીકરણ ઝડપથી થાય છે.

કાર્યાન્વિત થયેલ ૩ વીજ યોજનાઓમાંથી તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ ૭૩૧૦.૪૬૭ મિલિયન યુનીટનું વીજ ઉત્પાદન થયેલ છે. (*પત્રક-૩ મુજબ)

***(પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)**

--------

## વીજ કંપનીઓને કામગીરી બદલ ઉર્જા ક્ષેત્રે મળેલ એવોર્ડ

૨૨૧૫૮ **: શ્રી વિજયભાઈ ૨.પટેલ (ડાંગ-વાંસદા) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યની વીજ કંપનીઓને ઉર્જા ક્ષેત્રે કામગીરી બદલ કોઈ એવોર્ડ મળેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો તેની વિગતો શું છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) રાજ્યની વીજ કંપનીઓને ઉર્જા ક્ષેત્રે કામગીરી બદલ તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ૭ (સાત) એવોર્ડ મળેલ છે, જેની વિગતો **પત્રક : અ** મુજબ છે.

**પત્રક-અ**

| ક્રમ | શિલ્ડ/સર્ટીફિકેટનું નામ | એવોર્ડ કોને મળેલ છે? | એવોર્ડ ક્યા સ્વરૂપે મળેલ છે? | કઈ કામગીરી માટે એવોર્ડ મળેલ છે? | એવોર્ડ કોના તરફથી મળેલ છે? |
|---|---|---|---|---|---|
| ૧. | એવોર્ડ ફોર મેરીટોરીયસ પર્ફોમન્સ ઈન પાવર ડીસ્ટ્રીબ્યુશન ૨૦૦૮-૦૯ | મધ્ય ગુજરાત વીજ કંપની લી. | બ્રોન્ઝ શીલ્ડ અને સર્ટીફીકેટ | મેરીટોરીયસ પર્ફોમન્સ ઈન પાવર ડીસ્ટ્રીબ્યુશન | ઊર્જા મંત્રાલય, ભારત સરકાર |
| ૨. | નેશનલ એવોર્ડ ફોર એક્સલન્સ ઈન કોસ્ટ મેનેજમેન્ટ | ઉત્તર ગુજરાત વીજ કંપની લી. | ટ્રોફી | ખર્ચ ઘટાડવાની અલગ અલગ ટેક્નીકો, વેરાયન્સ એનાલીસીસ, બજેટીંગ, ઈન્વયન્ટરી કંન્ટ્રોલ ટેક્નીક, ફંડ મેનેજમેન્ટ, ગ્રાહકલક્ષી દેવામાં ઘટાડો, સપ્લાય ચેન્જ મેનેજમેન્ટ વિગેરે બાબતે | ધ ઈન્સ્ટીટ્યુટ ઓફ કોસ્ટ મેનેજમેન્ટ વર્કસ એકાઉન્ટસ ઓફ ઈન્ડીયા |
| ૩ | નેશનલ એવોર્ડ ફોર એક્સલન્સ ઈન કોસ્ટ મેનેજમેન્ટ | પમિ ગુજરાત વીજ કંપની લી. | ટ્રોફી | ખર્ચ ઘટાડવાની અલગ અલગ ટેક્નીકો, વેરાયન્સ એનાલીસીસ, બજેટીંગ, ઈન્વયન્ટરી કંન્ટ્રોલ ટેક્નીક, ફંડ મેનેજમેન્ટ, ગ્રાહકલક્ષી દેવામાં ઘટાડો, સપ્લાય ચેન્જ મેનેજમેન્ટ વિગેરે બાબતે | ધ ઈન્સ્ટીટ્યુટ ઓફ કોસ્ટ મેનેજમેન્ટ વર્કસ એકાઉન્ટસ ઓફ ઈન્ડીયા |
| ૪ | ઈન્ડીયા પાવર એવોર્ડ ૨૦૧૦ | મધ્ય ગુજરાત વીજ કંપની લી. | ટ્રોફી અને સર્ટીફીકેટ | ઓવરઓલ યુટીલીટી પર્ફોમન્સ (ડીસ્ટ્રીબ્યુશન) નોન અર્બન એરીયા | કાઉન્સીલ ફોર પાવર યુટીલીટી, નવી દિલ્હી |
| ૫ | ઈન્ડીયા પાવર એવોર્ડ ૨૦૧૦ | મધ્ય ગુજરાત વીજ કંપની લી. | ટ્રોફી અને સર્ટીફીકેટ | ઈનોવેશન ઈન ડીઝાઈન એન્ડ એક્ઝીક્યુશન ઓફ પ્રોજેકટસ ફોર ડ્રમ પ્રોજેક્ટ એટ ઉમરેઠ | કાઉન્સીલ ફોર પાવર યુટીલીટી, નવી દિલ્હી |
| ૬ | ઈન્ડીયા પાવર એવોર્ડ ૨૦૧૦ | ઉત્તર ગુજરાત વીજ કંપની લી. | ટ્રોફી અને સર્ટીફીકેટ | એનર્જી એફીશ્યન્સી, કંઝર્વેશન એન્ડ ડીએસએમ-ખેતી વિષયક ગ્રાહકો માટે ડીમાન્ડ સાઈડ મેનેજમેન્ટમાં ઈનીશ્યેટીવ લેવા બદલ અને પ્રવર્તમાન પંપની જગ્યાએ એનર્જી એફીશ્યન્સ પંપ સેટ્સ રીપ્લેસ કરવા બાબત. | કાઉન્સીલ ફોર પાવર યુટીલીટી, નવી દિલ્હી |
| ૭ | કે.પી.એમ.જી. ઈન્ફ્રાસ્ટ્રકટર ટુ ડે એવોર્ડ ૨૦૧૦ | ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લી. | ટ્રોફી | મોસ્ટ એડમાયર સ્ટેટ એન્ટીટી ઈન પાવર સેકટર | એ.એસ.એ.પીપી. મીડીયા ઈન્ફરમેશન ગૃપ પબ્લીસર ઓફ કંન્સ્ટ્રકશન વર, ઈન્ફ્રાસ્ટ્રક્ચર ટુ ડે) એન્ડ કેપીએમજી (એ ગ્લોબલ નેટવર્ક ઓફ પ્રોફેશનલ્સ ફર્મ્સ પ્રોવાઈડીંગ ઓડિટ ટેક્ષ એન્ડ એવાયઝરી સર્વીસીસ ઈન ૧૪૮ કંટ્રી. |

--------

**ગીરના જંગલોમાં ગેરકાયદે ખનિજ ખોદકામ**

૨૦૯૮૬ **: શ્રી મોહંમદફારુક હુ. શેખ (કાલુપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનિજ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) છેલ્લા એક વર્ષમાં ગીરના રક્ષિત જંગલમાં ગેરકાયદેસર ખનીજ ખોદાણ થાય છે તેવી કોઈ ફરિયાદ રાજ્ય સરકારને તા. ૩૧-૧-૨૦૧૧ સુધીમાં પ્રાપ્ત થયેલ છે કે કેમ, અને | (૧) છેલ્લા એક વર્ષમાં ગીરના રક્ષિત જંગલમાં ગેરકાયદેસર ખનીજ ખોદાણ થાય છે તેવી કોઈ ફરિયાદ રાજ્ય સરકારને તા. ૩૧-૧-૨૦૧૧ સુધીમાં પ્રાપ્ત થયેલ નથી. |
| (૨) જો હા, તો આ બાબતમાં સરકારે લીધેલા કે લેવા ધારેલા પગલાંની વિગતો શી છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

--------

**દાહોદ જિલ્લામાં પ્રજા અને પોલિસ વચ્ચે યોજવામાં આવેલ લોકદરબાર**

૨૨૧૪૫ **: શ્રી અરવિંદસિંહ રાઠોડ (કાલોલા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પ્રજા અને પોલીસ વચ્ચે સહકાર અને વિશ્વાસ વધે તે માટે સમયાંતરે સ્થાનિક કક્ષાએ લોકદરબાર યોજવા માટે સરકારે સૂચનાઓ આપી હોવાની હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો વર્ષ-૨૦૧૦ માં દાહોદ જિલ્લામાં કેટલા લોકદરબાર યોજવામાં આવ્યા, અને તેની વિગતો શી છે ? | (૨) વર્ષ ૨૦૧૦માં દાહોદ જિલ્લામાં કુલ ૨૮ લોકદરબાર યોજવામાં આવ્યા.<br>લોકદરબારમાં કરવામાં આવતી રજૂઆતોની વિગતોમાં પોલીસ ખાતાને લગતી રજૂઆતોનો નિકાલ કરવામાં આવે છે, જ્યારે અન્ય વિભાગોને લગતી રજૂઆતો જે તે વિભાગને મોકલી આપવામાં આવે છે. ઉપરાંત, સંબંધિત વિભાગને લેખિત રજૂઆત કરવા અરજદારને સમજ પણ આપવામાં આવે છે. |

--------

**બનાસકાંઠા જિલ્લામાં નર્મદા યોજનાની મડકા શાખાનું કામ**

૨૨૧૮૯ **: શ્રી ગોવિંદભાઈ મા.પ્રજાપતિ (પાલનપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં નર્મદા યોજનાની મડકા શાખાનું કામ તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ ક્યા તબક્કે છે, અને | (૧) બનાસકાંઠા જિલ્લામાં નર્મદા યોજનાની મડકા શાખાનું કામ તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ મોટાભાગનું માટીકામ પૂર્ણ થયેલ છે. નહેરનું અસ્તરકામ પ્રગતિમાં છે. રૂા. ૧૭.૪૪ કરોડ પેકી રૂા. ૧૦.૪૬ કરોડનું કામ પૂર્ણ થયેલ છે. |
| (૨) આ કામગીરી ક્યારે પૂર્ણ કરવામાં આવનાર છે ? | (૨) શક્ય તેટલી વહેલી તકે કામ પૂર્ણ કરવાનું આયોજન છે. |

--------

**મજાદર (તા.રાજુલા) નું નામ કાગધામ કરવા અંગે**

૨૧૬૧૨ **: શ્રી હીરાભાઈ સોલંકી (રાજુલા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૧૧ ની સ્થિતિએ પદ્મશ્રી કવિ દુલાભાઇ કાગની સ્મૃતિમાં તેમના વતનના ગામ મજાદર (તા.રાજુલા) નું નામ કાગધામ કરવા અંગેની દરખાસ્ત સરકારમાં પડતર છે, તે હકીકત સાચી છે, અને | (૧) ના જી. |

(૨) જો હા, તો આ દરખાસ્ત પડતર રહેવાના કારણો શાં છે ?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

### પૂર્વ સેનાનીઓ અને લશ્કરની સેવાઓમાં અવસાન પામેલાના સંતાનોના પુનઃવસન અંગે

૨૨૨૦૧ **: શ્રી ફતેસિંહ ચૌહાણ (રાજગઢ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતીએ વર્ષ ૨૦૦૯-૧૦ માં પૂર્વ સેનાનીઓ, સ્વર્ગીય પૂર્વ સેનાનીઓ અને લશ્કરની સેવાઓમાં અવસાન પામેલાના સંતાનોના પુનઃ વસન માટે રાજ્ય સરકારે કોઇ પગલાં લીધા હોવાની હકીક્ત સાચી છે કે કેમ, અને

(૨) જો હા, તો શા પગલાં લીધા છે અને તા.૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં સરકાર દ્વારા કેટલો લાભ આપવામાં આવ્યો છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) તા.૧-૪-૨૦૦૯ થી તા.૩૧-૧૨-૨૦૧૦ સુધીના સમયગાળા દરમ્યાન નીચે મુજબના પગલાં લેવામાં આવેલ છે.

(અ) ઉચ્ચતર અભ્યાસક્રમ માટે કુલ ૬૬૩ સંતાનોને પ્રવેશ માટે પ્રમાણપત્ર આપેલ છે.

(બ) અભ્યાસક્રમ માટે કુલ-૬,૬૪૦ સંતાનોને રૂા.૧૪૩.૫૨ લાખની શિષ્યવૃતિ આપેલ છે.

(ક) લગ્ન સહાય પેટે કુલ ૩૧૪ દિક્રીઓને કુલ રૂા.૩૮.૪૩ લાખની સહાય આપેલ છે.

(ડ) જેઓના માતા-પિતા હયાત નથી તેવા એક દિક્રી સહિત કુલ-૪ સંતાનોને માસિક રૂા.૨૦૦૦ ની સહાય પેટે કુલ રૂા.૧.૬૮ લાખ ચુકવવામાં આવેલ છે.

કુલ - ૬,૯૫૮ લાભાર્થીઓને રૂા.૧૮૩.૬૩ લાખની સહાય આપવામાં આવેલ છે.

### ઉમરગામ તાલુકાના મરોલી, ફણસા, અને કાલયના દરિયા કિનારા ઉપરની દિવાદાંડી

૨૧૪૯૨ **: શ્રી રમણલાલ ના.પાટકર (ઉમરગામ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ઉમરગામ તાલુકાના મરોલી, ફણસા અને કાલયના દરીયા કિનારા ઉપર ઉભી કરેલ દીવાદાંડી તૂટી પડેલ છે જે સરકાર જાણે છે કે કેમ, અને

(૨) જો હા, તો એ દીવાદાંડી સરકાર ક્યારે બનાવવા માંગે છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) હાલમાં મરોલી ખાતે લાઇટ ટાવરનું બાંધકામ પ્રગતિમાં છે. ફણસા અને કાલય ખાતે લાઇટ ટાવર બાંધવાની બાબત વિચારણામાં છે.

--------

### અમદાવાદ શહેરમાં પ્રજા અને પોલીસ વચ્ચે યોજવામાં આવેલ લોકદરબાર

૨૨૧૩૭ **: શ્રી રાકેશ શાહ (એલીસબ્રીજ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પ્રજા અને પોલીસ વચ્ચે સહકાર અને વિશ્વાસ વધે તે માટે સમયાંતરે સ્થાનિક કક્ષાએ લોકદરબાર યોજવા માટે સરકારે સૂચનાઓ આપી હોવાની હકીક્ત સાચી છે, અને

(૨) જો હા, તો વર્ષ ૨૦૧૦માં અમદાવાદ શહેરમાં કેટલા લોકદરબાર યોજવામાં આવ્યા, અને તેની વિગતો શી છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) વર્ષ ૨૦૧૦ માં અમદાવાદ શહેરમાં કુલ ૩૦૮ લોકદરબાર યોજવામાં આવ્યા.

લોકદરબારમાં કરવામાં આવતી રજૂઆતોની વિગતોમાં પોલીસ ખાતાને લગતી રજૂઆતોનો નિકાલ

કરવામાં આવે છે, જ્યારે અન્ય વિભાગોને લગતી રજૂઆતો જે તે વિભાગને મોકલી આપવામાં આવે છે. ઉપરાંત, સંબંધિત વિભાગને લેખિત રજૂઆત કરવા અરજદારને સમજ પણ આપવામાં આવે છે.

--------

## ભરૂચ જિલ્લામાં પોલીસ કસ્ટડીમાંથી ભાગી છૂટેલા આરોપીઓ

૨૧૭૦૦ **: શ્રી ઈકબાલ પટેલ (વાગરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૧૧ની સ્થિતીએ છેલ્લા એક વર્ષમાં ભરૂચ જિલ્લામાં તાલુકાવાર પોલીસ કસ્ટડીમાંથી ભાગી છૂટેલ આરોપીઓની સંખ્યા કેટલી છે,

(૨) તે અન્વયે ગંભીર પ્રકારના ગુન્હામાં સંડોવાયેલા આરોપીઓની સંખ્યા કેટલી છે, અને

(૩) આવા આરોપીઓ ઉક્ત સ્થિતિએ ન પકડાયા હોય તો તેના કારણો શાં છે ?

**જવાબ**

(૧) ભરૂચ જિલ્લાના ઝગડીયા તાલુકામાં એક ગુનામાં બે આરોપીઓ પોલીસ કસ્ટડીમાંથી ભાગી છૂટેલ છે જ્યારે અન્ય તાલુકાઓની માહિતી શૂન્ય છે.

(૨) એકપણ નહીં.

(૩) ઉપર ખંડ (૧)માં જણાવેલ બે આરોપીઓ પૈકી એક આરોપી હાલ જેલમાં છે. જ્યારે અન્ય એક આરોપી જામીન ઉપર છૂટેલ છે.

## કચ્છ જિલ્લામાં નર્મદા યોજનાની કેનાલો તથા સબ કેનાલોના કામો

૨૨૧૭૨ **: ડૉ. નીમાબેન આચાર્ય (અંજાર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં નર્મદા યોજનાની કેનાલો તથા સબ કેનાલોના કામોની કામગીરી ક્યા તબક્કે છે, અને

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ કામો નીચે મુજબના તબક્કામાં છે.

| વિગત | રકમ (રૂપિયા કરોડમાં) | તબક્કો |
|---|---|---|
| કચ્છ શાખા નહેરની સાં. ૮૨ થી ૧૧૨ અને ૧૩૩ થી ૧૯૦ કી.મી. | ૭૪૮ | તાજેતરમાં વર્કઓર્ડર આપવામાં આવેલ છે. |
| કચ્છ શાખા નહેર સાં. ૧૧૨થી ૧૩૩ કી.મી. | ૮૮ | કામો પ્રગતિમાં છે. |
| કચ્છ શાખા નહેર સાં. ૧૯૦ થી ૨૭૩ કી.મી. તથા ૩ પમ્પીંગ સ્ટેશન | ૧૧૧૩ | ટેન્ડર પ્રક્રિયા હેઠળ છે. |
| કચ્છ શાખા નહેર સાં. ૨૭૩ થી ૩૬૦ કી.મી. તથા વિતરણ વ્યવસ્થા | ૨૦૯૪ | અંદાજ તબક્કે છે. ટૂંક સમયમાં ટેન્ડર મંગાવવામાં આવશે. |

(૨) આ કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવનાર છે ?

(૨) શક્ય તેટલી વહેલી તકે કામ પૂર્ણ કરવાનું આયોજન છે.

--------

## માળીયા શાખા નર્મદા નહેરમાં સાયફન તથા સીલ્ટીંગ થવાના કારણે પીવાના પાણીનો પુરતો જથ્થો ન મળવા બાબત

૨૨૧૯૨ **: શ્રી કાંતિભાઈ અમૃતિયા (મોરબી) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) માળીયા શાખા નર્મદા નહેરના સાયફન તથા નહેરમાં સીલ્ટીંગ થવાને કારણે તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ સોરાષ્ટ્ર તથા કચ્છ વિસ્તારમાં ઉનાળામાં

**જવાબ**

(૧) અંશતઃ સાચી.

પીવાના પાણીનો પૂરતો જથ્થો ઉપલબ્ધ નથી થતો તે હકીક્ત સાચી છે, અને

(૨) જો હા, તો આ સમસ્યા દૂર કરવા સરકારે શાં પગલાં ભર્યા છે ?

(૨) કેનાલની સાફસુફી અને માવજતની કામગીરી કરવામાં આવી.

**વાયબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર સમિટમાં થયેલ એમ.ઓ.યુ.**

૨૦૯૪૦ **: શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર (મહુધા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સન ૨૦૦૫ અને ૨૦૦૭ની વાયબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર સમિટમાં ખેડા જિલ્લામાં મૂડી રોકાણ માટેના કુલ કેટલી રકમના એમ.ઓ.યુ. થયા હતા,

(૨) તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ તે પૈકીનું વાસ્તવિક મૂડીરોકાણ ખરેખર આ જ જિલ્લામાં કેટલું થયું છે, અને

(૩) કેટલાં ઉદ્યોગો ઉત્પાદનમાં ગયા ?

**જવાબ**

(૧) ખેડા જિલ્લામાં વાયબ્રન્ટ ગુજરાત ઇન્વેસ્ટર સમીટમાં નીચે જણાવ્યા પ્રમાણેના મૂડીરોકાણ માટેના એમ.ઓ.યુ. થયા હતા.

| સમિટ | એમ.ઓ.યુ. | મૂડીરોકાણ |
|---|---|---|
| ૨૦૦૫ | ૨ | રૂા. ૨૩૫ કરોડ |
| ૨૦૦૭ | ૨ | રૂા. ૮૨ કરોડ |

(૨) અને (૩)

એમ.ઓ.યુ. કરનાર ઉદ્યોગકારે પ્રોજેકટનો અમલ કરવા જમીનની વ્યવસ્થા, બીન ખેતી મંજૂરી, પર્યાવરણ મંજૂરી, બાંધકામ અંગેની અને આ પ્રકારની અન્ય મંજૂરીઓ, નાણાકીય વ્યવસ્થા અને યંત્ર સામગ્રીની ખરીદી અને સ્થાપિત કરવાની કામગીરી કરવાની હોય છે. આથી પ્રોજેક્ટોના અમલીકરણના સમયગાળામાં મૂડી રોકાણના પ્રમાણમાં સમય લાગતો હોય છે.

તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ કુલ મૂડી રોકાણ રૂા. ૫૫૮.૦૫ કરોડ થયેલ છે. ઉપરોક્ત કુલ ચાર એમ.ઓ.યુ.માં આવતા ૪ પ્રોજેકટો ઉત્પાદનમાં ગયેલા છે

**ગુજરાતી ચલચિત્રોને કરમુક્તિ**

૨૨૧૬૬ **: શ્રી બાબુભાઈ પટેલ (દસકોઈ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (માહિતી અને પ્રસારણ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકારે સન ૨૦૦૯ અને ૨૦૧૦માં તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ કેટલાં ગુજરાતી ચલચિત્રોને કરમુક્તિ આપી, અને

(૨) આ બે વર્ષ દરમ્યાન વર્ષવાર કેટલા ગુજરાતી ચલચિત્રોને કેટલી રકમની સબસીડી ચુકવવામાં આવી ?

**જવાબ**

(૧)

| વર્ષ | કરમુક્તિ આપેલ ગુજરાતી ચલચિત્રોની સંખ્યા |
|---|---|
| ૨૦૦૯ | ૫૮ |
| ૨૦૧૦ | ૫૯ |

(તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ)

(૨)

| વર્ષ | ચલચિત્રોની સંખ્યા | કુલ ચુકવેલ સબસીડીની રકમ (ચલચિત્ર દીઠ રૂા. ૫ લાખ) |
|---|---|---|
| ૨૦૦૯ | ૨૧ | રૂા. ૧૦૫ લાખ |
| ૨૦૧૦ | ૮૯ | રૂા. ૪૪૫ લાખ |

**નર્મદા યોજના અંતર્ગત ખારાઘોડા અને ઝીંઝુવાડા શાખા નહેરના કામો**

૨૨૧૮૫ **: શ્રી શંભુપ્રસાદ બ.ટુંડિયા (દસાડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નર્મદા યોજના અંતર્ગત ખારાઘોડા અને ઝીંઝુવાડા શાખા નહેરના કામો ક્યારે પૂર્ણ કરવામાં આવ્યા,

(૨) પ્રશાખાના કામો ક્યારે પૂર્ણ કરવામાં આવશે, અને

**જવાબ**

(૧) નર્મદા યોજના અંતર્ગત ખારાઘોડા શાખા નહેરનું કામ માર્ચ-૨૦૦૬ માં અને ઝીંઝુવાડા શાખા નહેરનું કામ મે-૨૦૦૮ માં પૂર્ણ કરવામાં આવ્યું.

(૨) પ્રશાખાના બાકી કામો શક્ય તેટલી ઝડપથી પૂર્ણ કરવાનું આયોજન છે.

(૩) કામ પૂર્ણ થયે કેટલા વિસ્તારને સિંચાઈનો લાભ મળશે ?

(૩) કામ પૂર્ણ થયે ૧૨૮૮૨૧ હેક્ટર વિસ્તારને સિંચાઈનો લાભ મળશે.

--------

**ભાવનગર જિલ્લામાં સાગર ખેડુ સર્વાંગી વિકાસ યોજના હેઠળ વીજ વિષયક સેવાઓ સુદ્રઢ બનાવવા નાણાંકીય જોગવાઈ**

૨૧૯૬૧ **: શ્રી ડૉ. કનુભાઈ કલસરીયા (મહુવા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વીજ વિષયક સેવાઓ સુદ્દઢ બનાવવાનાં હેતુસર અમલમાં ""સાગર ખેડુ સર્વાંગી વિકાસ યોજના"" હેઠળ વર્ષ ૨૦૦૯-૧૦, અને ૨૦૧૦-૧૧માં ભાવનગર જિલ્લામાં તાલુકાદીઠ કેટલી નાણાંકીય જોગવાઈ કરવામાં આવી, અને

(૨) ઉક્ત યોજના હેઠળ તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ તાલુકાદીઠ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) અને (૨) : ભાવનગર જિલ્લામાં કુલ ૧૧ તાલુકાઓ આવેલા છે. જે પૈકી ૪ (ચાર) તાલુકાઓનો સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજનામાં સમાવેશ થાય છે. આ ચાર તાલુકાઓમાં સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના અંતર્ગત તારીખ ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ તાલુકાદીઠ કરવામાં આવેલી નાણાંકીય જોગવાઈ અને કરવામાં આવેલ ખર્ચની વિગતો નીચે મુજબ છે.

(રકમ રૂા. લાખમાં)

| તાલુકો | વર્ષ ૨૦૦૯-૧૦ | | વર્ષ ૨૦૧૦-૧૧ | |
|---|---|---|---|---|
| | નાણાંકીય જોગવાઈ | ખર્ચ | નાણાંકીય જોગવાઈ | ખચ (જાન્યુઆરી ૨૦૧૧ સુધી) |
| ભાવનગર | ૯૬.૪૪ | ૯૬.૪૪ | ૧૫૧.૯૨ | ૧૨૪.૩૨ |
| ઘોઘા | ૬૯.૪૦ | ૬૯.૪૦ | ૧૧૮.૦૭ | ૮૨.૩૫ |
| તળાજા | ૧૦૮.૫૧ | ૧૦૮.૫૧ | ૨૫૫.૦૦ | ૬૬.૬૦ |
| મહુવા | ૨૬૯.૩૪ | ૨૬૯.૩૪ | ૪૪૫.૦૧ | ૧૭૩.૩૯ |
| **કુલ** | **૫૪૩.૬૯** | **૫૪૩.૬૯** | **૯૭૦.૦૦** | **૪૪૬.૬૬** |

--------

**રાજ્યમાં રાષ્ટ્ર વિરોધી પ્રવૃત્તિ અટકાવવા લેવાયેલા પગલાં**

૨૦૫૪૧ **: શ્રી જયંતિલાલ પ.ભાનુશાલી (અબડાસા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યના જમીન અને દરિયાઈ સરહદ પરથી રાજ્ય-રાષ્ટ્ર વિરોધી પ્રવૃત્તિઓ થતી રોકવા રાજ્ય સરકારે શાં પગલાં લીધા,

**જવાબ**

(૧)

૧. રાજ્યની જમીન-દરિયાઈ સરહદ પરની સુરક્ષા માટે રાજ્ય કક્ષાએ આતંકવાદ વિરોધી દળ તથા તમામ જીલ્લાઓમાં સ્પેશ્યલ ઓપરેશન ગૃપ કાર્યરત કરવામાં આવેલ છે. આ સ્પેશ્યલ ઓપરેશન ગૃપને વાહનો, હથિયારો તેમજ તમામ આધુનિક સગવડોથી સુસજ્જ કરવામાં આવેલ છે.
૨. દરિયાઈ સુરક્ષા યોજના હેઠળ ૧૦ મરીન પોલીસ સ્ટેશન, ૩૨ આઉટ પોસ્ટ તથા ૧૬ ચેક પોસ્ટ કાર્યરત છે.
૩. ૨૮ ઈન્ટસેપ્ટર બોટ ધ્વારા સઘન દરિયાઈ પેટ્રોલિંગ કરવામાં આવે છે. જરૂરિયાત મુજબ વધારાની બોટો ભાડે રાખીને પણ દરિયાઈ પેટ્રોલિંગ કરવામાં આવે છે.
૪. સાગર તટની સુરક્ષા માટે મરીન રાજ્ય અનામત પોલીસ દળની રચના કરવામાં આવેલ છે.
૫. રાજ્યના ૧૩ દરિયાકાંઠાના જિલ્લામાં પેટ્રોલિંગ માટે સાગર રક્ષક દળ, હોમગાર્ડ તથા ગ્રામ રક્ષક દળના જવાનોની સેવા લેવામાં આવે છે.
૬. પોલીસ, કસ્ટમ અને કોસ્ટ ગાર્ડ ધ્વારા સંયુક્ત દરિયાઈ પેટ્રોલિંગ પણ કરવામાં આવે છે.

૭. ઘૂસણખોરી અટકાવવા માટે દરિયા કિનારાના બે કિ.મી. વિસ્તારના રહીશો તેમજ માછીમારોને બાયોમેટ્રીક ઓળખપત્ર આપવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

૮. રાજ્ય અને કેન્દ્ર સરકારની એજન્સીઓ સંયુક્ત રીતે રસ્તા રોકો, રાહ બંધ, સાગર કવચ જેવા વિવિધ ઓપરેશન સમયાંતરે હાથ ધરે છે.

૯. ભૂમિ સરહદે કાંટાળી તારની વાડનું આયોજન કરવામાં આવેલ છે.

૧૦. રાજ્યના અગત્યના વાઈટલ ઈન્સ્ટોલેશન ખાતે પણ કાર્યરત સુરક્ષા વ્યવસ્થાનું સરકાર ધ્વારા સમયાંતરે સિક્યુરિટી ઓડીટ કરવામાં આવે છે.

૧૧. રાજ્યનો ક્રાઈસીસ મેનેજમેન્ટ પ્લાન તૈયાર કરવામાં આવેલ છે.

(૨) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા રાષ્ટ્ર/રાજ્ય વિરોધી પ્રવૃત્તિ કરતા સખ્શોને પકડવામાં આવ્યાં,

(૨) છેલ્લા બે વર્ષમાં રાષ્ટ્ર વિરોધી પ્રવૃત્તિ સાથે સંકળાયેલા કુલ-૧૫૧ શખ્સની ધરપકડ કરવામાં આવી છે.

(૩) તે પૈકી કચ્છ સરહદ ઉપરથી કેટલા પકડવામાં આવ્યા, અને

(૩) કચ્છ જિલ્લામાંથી કુલ-૮ (આઠ) ઈસમોની ધરપકડ કરવામાં આવી છે.

(૪) આ પ્રવૃત્તિઓ રોકવા અંગે સરકારે શા પગલાં લીધા ?

(૪) ૧ પકડાયેલ તમામ ઈસમો વિરૂધ્ધ ગુના રજિસ્ટર કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવે છે.

૨ નાર્કોટીક્સ, હથિયાર, બનાવટી ચલણી નોટ, હવાલા વિગેરે જેવી રાષ્ટ્ર વિરોધી પ્રવૃત્તિ રોકવા માટેની ખાસ કામગીરી સ્પેશ્યલ ઓપરેશન ગૃપ (S.O.G.) ને સોંપવામાં આવેલ છે.

૩ જિલ્લામાં આવેલ મહત્વના અને સંવેદનશીલ સ્થળોની વારંવાર સુરક્ષા ચકાસણી કરવામાં આવે છે.

૪ રાજ્યની તેમજ કેન્દ્રીય એજન્સીઓ સાથે સંપર્ક/સંકલનમાં રહી હ્યુમન અને ટેકનિકલ સર્વેલન્સ દ્વારા રાજ્ય-રાષ્ટ્ર વિરોધી પ્રવૃત્તિ અટકાવવા માટે સ્પેશ્યલ ઓપરેશન ગૃપ (S.O.G.) કાર્યરત છે.

## વાયબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર સમિટોમાં વિજ કંપનીઓએ કરેલ એમ.ઓ.યુ.

૨૦૪૨૧ **: શ્રી ગ્યાસુદીન શેખ (શાહપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) સને ૨૦૦૩ અને ૨૦૦૫માં વાયબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર સમિટમાં કઈ કઈ કંપનીઓએ વિજ ઉત્પાદન કરવા માટે કેટલી રકમના એમ.ઓ.યુ. કર્યા,

(૧) વર્ષ ૨૦૦૩ અને વર્ષ ૨૦૦૫માં વીજ ઉત્પાદન માટે થયેલ એમ.ઓ.યુ.ની વિગતો અનુક્રમે પત્રક-૧ અને પત્રક-૨ મુજબ છે.

(૨) તે અન્વયે તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ કઈ કઈ કંપનીઓ કાર્યાન્વિત થઈ, અને

(૨) અને (૩) :

કુલ ૨૭ પ્રોજેક્ટ પૈકી ૧૮ પ્રોજેક્ટ અમલીકરણના

(૩) આ કંપનીઓ દ્વારા કેટલું વિજ ઉત્પાદન કરવામાં આવેલ છે ?

વિવિધ તબક્કે છે. જેમાંથી ૮ પ્રોજેક્ટ (પત્રક-૩ મુજબ) કાર્યાન્વિત થયેલ છે. સામાન્યતઃ વિશાળ કદના વીજ મથકો એક આંતરમાળખાકીય પ્રોજેક્ટ છે. આમ એક વીજ મથક સ્થાપવા માટે અન્ય માળાખાકીય સવલતો જેવી કે, જમીન, રસ્તા, વીજ પ્રવહન, પાણી જેવી સુવિધાઓની વ્યવસ્થા કરવી જરૂરી બને છે. તદ્ઉપરાંત પર્યાવરણ બાંધકામ, વીજ પ્રવહન માટે તેમજ પાણીના વપરાશ જેવી વિવિધ પ્રકારની મંજુરીઓ વિગેરે પણ લેવી આવશ્યક છે. તદ્ઉપરાંત ઈંધણની ઉપલબ્ધતા અને ઉત્પાદિત થનાર વીજળીના વેચાણ અંગેના કરારો આખરી કરવાની બાબત સુનિતિ કરવાની રહે છે. વળી, આ વીજ યોજનાઓ તક્નીકી રીતે પણ જટીલ હોઈ, આ યોજના સ્થાપવા તેમજ તેમાંથી ઉત્પાદન મેળવવા માટે, સામાન્યતઃ ૫ થી ૭ વર્ષનો સમયગાળો લાગતો હોય છે. પરંતુ ગુજરાત સરકારના સકારાત્મક અભિગમને કારણે રાજ્યમાં વીજ પ્રોજેક્ટનું અમલીકરણ ઝડપથી થાય છે.

કાર્યાન્વિત થયેલ ૮ વીજ યોજનાઓમાંથી તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ ૩૦૪૩૦.૩૬૮ મિલિયન યુનીટનું વીજ ઉત્પાદન થયેલ છે (*પત્રક-૪ મુજબ)

**પત્રક-૧**

**વાયબ્રન્ટ ગુજરાત અંતર્ગત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ-૨૦૦૩ તથા ૨૦૦૫માં વીજ ઉત્પાદન ક્ષેત્રે થયેલ એમઓયુ અને અંદાજીત મૂડી રોકાણની વિગતો વર્ષ ૨૦૦૩**

| અ. નં. | એમઓયુ કરનાર કંપનીનું નામ | અંદાજીત રોકાણ (રૂા. કરોડમાં) |
|---|---|---|
| ૧ | એનરકોન ઈન્ડીયા લિ. | ૧૭૫૦ |
| ૨ | ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રીસીટી કોર્પોરેશન | ૩૨૦ |
| ૩ | એનઈજી મેકોન લિ. | ૧૦૦૦ |
| ૪ | સુઝલોન એનર્જી | ૨૨૦૦ |
| ૫ | ગુજરાત પગુથન એનર્જી કંપની લિ. | ૩૨૫૦ |
| ૬ | ટોરેન્ટ પાવર જનરેશન લિ. | ૩૮૦૦ |
| ૭ | નિરમા કેમીકલ્સ વર્ક્સ લિ. | ૨૨૦૦ |
| ૮ | પરકર એનર્જી લિ. | ૧૫૦૦ |
| ૯ | ટોરેન્ટ પાવર | ૧૨૦૦ |
| ૧૦ | એસ્સાર પાવર લિ. | ૨૫૦૦ |

**પત્રક-૨**

**વર્ષ-૨૦૦૫**

| અ. નં. | એમ.ઓ.યુ. કરનાર કંપનીનું નામ | અંદાજીત રોકાણ (રૂા. કરોડમાં) |
|---|---|---|
| ૧. | ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ પાવર કું. લિ. સ્ટેજ-૨ | ૧૧૬૫ |
| ૨. | ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ પાવર કું. લિ. એક્સ્ટેન્શન | -- |
| ૩. | ગુજરાત પાવર કોર્પોરેશન લિ. | ૨૦૦૦ |
| ૪. | ગુજરાત મીનરલ ડેવલપમેન્ટ કોર્પોરેશન લિ. | ૨૫૦૦ |
| ૫. | એસ્સાર એનર્જી લિ. | ૩૭૭૦ |
| ૬. | મુન્દ્રા સ્પેશ્યલ ઈકોનોમીક ઝોન (અદાણી પ્રા. લિ.) | ૪૦૦૦ |
| ૭. | ટોરેન્ટ પાવર જનરેશન લિ. | ૩૯૦૦ |
| ૮. | એલ એન્ડ ટી | ૧૦૦૦ |
| ૯. | એનઈપીસી-ઈન્ડીયા | ૧૦૦૦ |
| ૧૦. | એનરકોન (ઈન્ડીયા) લિ. | ૩૦૦૦ |
| ૧૧. | સુઝલોન એનર્જી લિ. | ૨૫૦૦ |
| ૧૨. | એનઈજી-મેકોન પ્રા. | ૧૨૫૦ |
| ૧૩. | રીયાન રામાની, એનઆરઆઈ, યુનાઈટેડ કીંગ્ડમ | ૧૪૬.૧ |
| ૧૪. | રીયાન રામાની, એનઆરઆઈ, યુનાઈટેડ કીંગ્ડમ | ૨૨.૨ |

| અ. નં. | એમ.ઓ.યુ. કરનાર કંપનીનું નામ | અંદાજીત રોકાણ (રૂા. કરોડમાં) |
|---|---|---|
| ૧૫. | નેશનલ હાઈડ્રો ઈલેક્ટ્રીક પાવર કોર્પોરેશન | (અભ્યાસ) |
| ૧૬. | નેશનલ થર્મલ પાવર કોર્પોરેશન (૧૩૫૦) ગાંધાર અને ક્વાસ એક્સપાન્શન (૧૩૫૦) | ૮૦૦૦ |
| ૧૭. | ન્યુક્લીયર પાવર કોર્પોરેશન ઓફ ઈન્ડીયા | ૨૦૦૦ |

**પત્રક-૩**

**વાયબ્રન્ટ ગુજરાત અંતર્ગત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ-૨૦૦૩ તથા ૨૦૦૫માં વીજ ઉત્પાદન ક્ષેત્રે થયેલ એમઓયુ અન્વયે કાર્યાન્વિત થયેલ કંપનીઓની વિગતો વર્ષ ૨૦૦૩ અને ૨૦૦૫**

| અ. નં. | એમ.ઓ.યુ. કરનાર કંપનીનું નામ |
|---|---|
| ૨૦૦૩ | |
| ૧. | એનરકોન ઈન્ડીયા લિ. |
| ૨. | ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રીસીટી કોર્પોરેશન |
| ૩. | એનઈજી-મેકોન લિ. |
| ૪. | સુઝલોન એનર્જી |
| ૫. | ટોરેન્ટ પાવર જનરેશન લિ. |
| ૨૦૦૫ | |
| ૬. | ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ પાવર કંપની સ્ટેજ-૨ |
| ૭. | મુન્દ્રા સ્પેશ્યલ ઈકોનોમી ઝોન (અદાણી પાવર લી.) |
| ૮. | ન્યુક્લીયર પાવર કોર્પોરેશન લી. |

**પત્રક-૪**

**બનાસકાંઠા જિલ્લાના લાભાર્થીને વાજપાઈ બેન્કેબલ સ્વરોજગાર યોજના હેઠળ મળેલ સહાય**

૨૨૨૨૬ **: શ્રી ગોવિંદભાઈ મા.પ્રજાપતિ (પાલનપુર) : માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વાજપાઈ બેન્કેબલ સ્વરોજગાર યોજના અન્વયે બનાસકાંઠા જિલ્લામાંથી તા.૩૧-૩-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા લાભાર્થીઓને સહાય આપવામાં આવેલ છે, અને

**જવાબ**

(૧)

| વર્ષ | લાભાર્થીની સંખ્યા |
|---|---|
| તા. ૧-૪-૦૮થી તા. ૩૧-૩-૦૯ | ૧૦૧૮ |
| તા. ૧-૪-૦૯થી તા. ૩૧-૩-૧૦ | ૧૩૧૮ |
| કુલ | ૨૩૩૬ |

(૨) તેમાં કેટલી રકમ ચૂકવવામાં આવી? (૨)

| વર્ષ | સહાયની રકમ |
|---|---|
| તા. ૧-૪-૦૮થી તા. ૩૧-૩-૦૯ | રૂ. ૯૮.૪૩ લાખ |
| તા. ૧-૪-૦૯થી તા. ૩૧-૩-૧૦ | રૂ. ૧૩૧.૫૧ લાખ |
| કુલ | રૂ. ૨૨૯.૯૪ લાખ |

**દરિયાઈ ટાપુ શીયાળ બેટ ગામે દરીયામાં મરીન કેબલ દ્વારા વીજળી પહોંચાડવા અંગે**

૨૧૬૧૩ **: શ્રી હીરાભાઈ સોલંકી (રાજુલા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) જાફરાબાદ તાલુકાના દરીયાઈ ટાપુ શીયાળબેટ ગામે દરીયામાં મરીન કેબલ નાખી વિજળી પહોંચાડવા અંગેની યોજના મંજૂર કરવામાં આવેલ છે તે હકીકતથી સરકાર વાકેફ છે,

(૧) હા, જી.

(૨) જો હા, તો કેટલા પરિવારોને લાભ મળશે,

(૨) વર્ષ ૨૦૦૧ની વસ્તી ગણત્રી મુજબ શિયાળબેટમાં ૪૭૬ પરિવારો વસવાટ કરે છે. શિયાળબેટ ગામનું વીજળીકરણ થયેથી તમામ પરિવારોને વીજ જોડાણ આપવામાં આવશે. આ ઉપરાંત ૫ (પાંચ) વાણિજ્યક, ૧ વોટરવર્ક્સ અને ૨ સ્ટ્રીટ લાઈટના પણ વીજ જોડાણો આપવામાં આવશે.

(૩) આ યોજના હાલ ક્યાં તબક્કે છે, અને

(૪) કેટલા સમયમાં કામગીરી પૂર્ણ કરવાનું આયોજન કરેલ છે?

(૩) અને (૪) : ચાંચ બંદરથી શીયાળબેટ સુધી ૪૧૫૦ મી.મી.$^{2}$ કોપર મરીન કેબલ પાથરવા માટેનું ટેન્ડર તારીખ ૨૮-૧૨-૨૦૧૦ના રોજ બહાર પાડવામાં આવેલ છે. આ ટેન્ડર માટે કુલ ૬ (છ) પાર્ટીઓએ બીડ ભરેલ છે. આ બીડનું ટેકનિકલ ઈવેલ્યુએશનનું કામ હાલમાં ચાલુ છે. જે પૂર્ણ થયા બાદ પાર્ટીને વર્ક ઓ.ર્ડર આપવામાં આવશે. વર્ક ઓર્ડર આપ્યા પછી ૮ થી ૯ માસમાં કામ પૂર્ણ કરવાનું આયોજન કરવામાં આવેલ છે.

--------

**રાજ્યમાં વીજ સ્થાપિત ક્ષમતા**

૨૧૭૦૧ **: શ્રી ઈકબાલ પટેલ (વાગરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ રાજ્યમાં વીજ સ્થાપિત ક્ષમતા કેટલા મેગાવોટ છે,

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ રાજ્યમાં વીજ સ્થાપિત ક્ષમતા ૧૩૨૫૮ મેગાવોટ છે.

(૨) આ અંતર્ગત વીજ કોર્પો-ખાનગી ક્ષેત્ર અને કેન્દ્રનો હિસ્સો કેટલો મે.વો.નો છે, અને

(૨) આ અંતર્ગત ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રીસીટી કોર્પોરેશન લિ. નો હિસ્સો ૫૨૧૬ મેગાવોટ, રાજ્ય સરકારની માલિકીના સ્વતંત્ર વીજ ઉત્પાદન મથકોનો હિસ્સો ૧૨૧૬ મેગાવોટ, ખાનગી સાહસોનો હિસ્સો ૨૪૫૫ મેગાવોટ, ખાનગી લાયસન્સીના વીજ મથકોનો હિસ્સો ૧૬૪૭ મેગાવોટ અને કેન્દ્રીય સાહસોનો હિસ્સો ૨૭૨૪ મેગાવોટ છે.

(૩) વિજ ઉત્પાદનમાં વીજ કોર્પો-ખાનગી અને કેન્દ્રનો હિસ્સો કેટલો છે?

(૩) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ વીજ ઉત્પાદન ૫૯૧૩૫ મિ.યુ. હતું જેમાંથી ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રીસીટી કોર્પોરેશન લિ.નું વીજ ઉત્પાદન ૨૫૪૫૭ મિ.યુ. (૪૩.૦૫%) ખાનગી સાહસોનું વીજ ઉત્પાદન ૯૪૪૭ મિ.યુ. (૧૫.૯૮% ) સરકારી ક્ષેત્રના સ્વતંત્ર

વીજ ઉત્પાદક મથકોનું વીજ ઉત્પાદન ૫૫૨૬ મિ.યુ. (૯.૩૪%) અને કેન્દ્રીય સાહસોમાંના વીજ મથકોના હિસ્સા પેટે રાજ્યને મળેલ વીજ ઉત્પાદન ૧૭૦૦૩ મિ.યુ. (૨૮.૭૫%) છે. વધુમાં, અન્ય પાસેથી પવનચક્કી અને કેપ્ટીવ પાવર પ્લાન્ટ પાસેથી અનુક્રમે ૧૪૬૨ મિ.યુ. અને ૨૩૯ મિ.યુ. વીજ ઉત્પાદન મળેલ છે જે કુલ વીજ ઉત્પાદનના ૨.૮૮% છે.

--------

**હસ્તકલાના કારીગરોને આપવામાં આવેલ તાલીમ**

૨૨૨૨૧ : **ડૉ. નીમાબેન આચાર્ય (અંજાર) : માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

રાજ્ય સરકાર દ્વારા કેટલા હસ્તકલાના કારીગરોને વર્ષ ૨૦૧૦માં તાલીમ આપવામાં આવી અને તે માટે કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

તાલીમ મેળવેલ વ્યક્તિઓની સંખ્યા - ૨૦૩૦૨ તાલીમ ખર્ચ રૂા. ૫૫૧.૯૪ લાખ.

**રાજ્યમાં એફ. એસ. એલ. દ્વારા અપાતી તાલીમ**

૨૦૫૪૨ : **શ્રી જયંતિલાલ પ.ભાનુશાલી (અબડાસા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યની ફોરેન્સીક સાયન્સ લેબોરેટરી દ્વારા રાજ્યના ન્યાયાધીશો, એડવોકેટો તથા અન્ય રાજ્યના કર્મચારીઓ માટે તાલીમ કોર્ષનું આયોજન કરવામાં આવેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા ન્યાયાધીશો/એડવોકેટો/અન્ય રાજ્યના કર્મચારીઓને તાલીમ આપવામાં આવી ?

**જવાબ**

(૧) હા, જી.

રાજ્યની ફોરેન્સીક સાયન્સ લેબોરેટરી ગુન્હાની તપાસ ઉપરાંત તાલીમ ક્ષેત્રે પણ દેશમાં મોખરાનું સ્થાન ધરાવે છે. પોલીસ તેમજ અન્ય તપાસ સંસ્થાઓના અધિકારીઓ ઉપરાંત આ ખાતાએ ન્યાયાધીશોને ફોરેન્સીક સાયન્સ ક્ષેત્રમાં વિગતવાર તાલીમ આપવા માટેની વ્યવસ્થા ગોઠવેલ છે. કેન્દ્ર સરકાર હસ્તકની બ્યુરો ઓફ પોલીસ રીસર્ચ એન્ડ ડેવલપમેન્ટ દ્વારા દેશના પોલીસ અધિકારીઓને ગુન્હા સંશોધન ક્ષેત્રમાં તાલીમ આપવા માટે આ ખાતાની પસંદગી કરવામાં આવેલ છે. ઉપરાંત અન્ય રાજ્યોના ન્યાયાધીશોને અને કર્મચારીઓને પણ રાષ્ટ્રીય કક્ષાના તાલીમ કાર્યક્રમો દ્વારા આવી તાલીમ આપવામાં આવે છે.

(૨) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ન્યાયાધીશો/એડવોકેટો તથા અન્ય રાજ્યોના કર્મચારીઓને આપવામાં આવેલ તાલીમની વિગત નીચે મુજબ છે.

| તાલીમાર્થી | સને ૨૦૦૯ | | સને ૨૦૧૦ | |
|---|---|---|---|---|
| | રાજ્યના | રાજ્યના બહારના | રાજ્યના | રાજ્યના બહારના |
| ન્યાયાધીશો | ૨૬૫ | ૧૧ | ૧૪૪ | - |
| એડવોકેટો/ કર્મચારીઓ | ૩૮૩૭ | ૨૪૭ | ૪૪૦૨ | ૨૯૩ |
| કુલ | ૪૧૦૨ | ૨૫૮ | ૪૫૪૬ | ૨૯૩ |

**અમદાવાદ શહેરમાં પાઈપલાઈન દ્વારા ગેસ આપવા બાબત**

૨૦૪૧૦ : **શ્રી ગ્યાસુદીન શેખ (શાહપુર ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ અમદાવાદ શહેરમાં ઘેર ઘેર પાઈપ લાઈન દ્વાર ગેસ પૂરો પાડવાની કામગીરી માટે કઈ કંપનીને ક્યારે મંજૂરી આપવામાં આવી,

**જવાબ**

(૧) મે. અદાણી એક્ષપોર્ટ લિ. ને તા. ૨૧-૪-૨૦૦૩ના રોજ અમદાવાદ ઝોનમાં ગેસ વિતરણ વ્યવસ્થા પ્રસ્થાપિત કરવા ના વાંધા પ્રમાણપત્ર આપવામાં આવ્યું.

(૨) રાજ્ય સરકારે જી.એસ.પી.સી. દ્વારા આ કામગીરી નહીં કરવાના કારણો શા છે, અને

(૩) મંજૂરી આપેલ કંપનીની મંદગતિની કામગીરી અન્વયે સરકાર કોઈ પગલાં લેવા માંગે છે કે કેમ ?

(૨) જે તે સમયે જી.એસ.પી.સી. ગેસ વિતરણમાં ન હતું.

(૩) ઓક્ટોબર-૨૦૦૭માં કેન્દ્ર સરકાર દ્વારા રચાયેલ પેટ્રોલિયમ અને નેચરલ ગેસ રેગ્યુલેટરી બોર્ડ (પી.એન.જી.આર.બી) અસ્તિત્વમાં આવ્યા બાદ કોઈપણ વિસ્તારમાં ગેસ વિતરણની વ્યવસ્થા પ્રસ્થાપિત કરવાની બાબત હવે બોર્ડના કાર્યક્ષેત્ર હેઠળની છે.

--------

## વાયબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર સમિટોમાં થયેલ એમ.ઓ.યુ.

૨૦૯૩૩ **: શ્રી બાવકુભાઈ ઉંધાડ (બાબરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સને ૨૦૦૫ અને ૨૦૦૭ની વાયબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર સમિટમાં અમરેલી જિલ્લામાં મૂડી રોકાણ માટેના કુલ કેટલી રકમના એમ.ઓ.યુ. થયા હતા.

(૨) તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ તે પૈકીનું વાસ્તવિક મૂડીરોકાણ ખરેખર આ જ જિલ્લામાં કેટલું થયુ છે ખરુ, અને

(૩) કેટલા ઉદ્યોગો ઉત્પાદનમાં ગયા ?

**જવાબ**

(૧) અમરેલી જિલ્લામાં વાયબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર સમીટમાં નીચે જણાવ્યા પ્રમાણેના મૂડી રોકાણ માટેના એમ.ઓ.યુ. થયા હતા.

| સમિટ | એમ.ઓ.યુ. | મૂડી રોકાણ |
|---|---|---|
| ૨૦૦૫ | ૨ | રૂ. ૧૦૦૪ કરોડ |
| ૨૦૦૭ | ૮ | રૂ. ૧૯૨૧૧ કરોડ |

(૨) અને (૩)

એમ.ઓ.યુ. કરનાર ઉદ્યોગકારે પ્રોજેક્ટનો અમલ કરવા જમીનની વ્યવસ્થા, બીન ખેતી મંજૂરી, પર્યાવરણ મંજૂરી બાંધકામ અંગેની અને આ પ્રકારની અન્ય મંજૂરીઓ, નાણાકીય વ્યવસ્થા અને યંત્ર સામગ્રીની ખરીદી અને સ્થાપિત કરવાની કામગીરી કરવાની હોય છે. આથી પ્રોજેક્ટોના અમલીકરણના સમયગાળામાં મૂડી રોકાણના પ્રમાણમાં સમય લાગતો હોય છે.

તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ કુલ મૂડી રોકાણ રૂા. ૨૯૩૪ કરોડ થયેલ છે. ઉપરોક્ત કુલ ૧૦ એમ.ઓ.યુ.માં આવતા ૧૨ પ્રોજેક્ટો પૈકી ૩ પ્રોજેક્ટો ઉત્પાદનમાં ગયેલા છે. જેમાં મૂડી રોકાણ રૂા. ૨૨૩૬ કરોડનું થયેલ છે. ૮ પ્રોજેક્ટો પ્રાથમિક અને અમલીકરણ તબક્કામાં છે. અમલીકરણ હેઠળ છે તે પ્રોજેક્ટોમાં હાલના તબક્કે રૂા. ૬૯૮ કરોડ રોકાણ થયેલ છે અને તેનું સૂચિત મૂડી રોકાણ રૂા. ૧૯,૧૬૨ કરોડ છે. આથી આ પ્રોજેક્ટોમાં મૂડી રોકાણ વધવાની શક્યતા છે, બાકી ૧ પ્રોજેક્ટ ડ્રોપ થયેલ છે.

--------

## રાજ્યના પોલીસ કર્મચારીઓના રજા પગાર ન મળવા બાબત

૨૦૯૯૬ **: શ્રી પુનાભાઈ ધે. ગામીત (વ્યારા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૧-૧-૨૦૧૧ની સ્થિતિએ રાજ્યમાં પોલીસ દળમાં કામ કરતાં પોલીસ કર્મચારીઓને કેટલા સમયથી રજા પગાર મળેલ નથી, અને

(૨) રજા પગાર નિયમિત મળે તે માટે સરકાર દ્વારા શાં પગલાં લેવામાં આવ્યા છે ?

**જવાબ**

(૧) અને (૨) : ચાલુ નાણાકીય વર્ષમાં રૂા. ૧૭૦.૩૪ કરોડ રજા પગાર પેટે ચુકવવામાં આવેલ છે. હાલમાં રાજ્યમાં અમુક કચેરીઓમાં, પોલીસ કર્મચારીઓનો જુલાઈ-૨૦૧૦થી રજા પગાર ચુકવવાનો બાકી છે. છઠ્ઠા પગાર પંચની ભલામણો અન્વયેનો રજા પગાર, સુધારેલા અંદાજોથી જરૂરી વિશેષ અનુદાન મેળવી ચુકવવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.

--------

**સ્વાતંત્ર્ય સેનાનીઓને આપવામાં આવતું માસિક પેન્શન વધારવા બાબત**

૨૨૨૫૨ **: ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ રાજ્યના સ્વાતંત્ર્ય સેનાનીઓને માસિક કેટલું પેન્શન આપવામાં આવે છે,

(૨) તે અન્વયે છેલ્લે કેટલા રૂપિયાનો વધારો ક્યારે કરવામાં આવ્યો, અને

(૩) સરકાર આ પેન્શનમાં વધારો કરવા માંગે છે કે કેમ?

**જવાબ**

(૧) ₹ ૫૦૦૦/- માસિક પેન્શન.

(૨) સ્વાતંત્ર્ય સેનાનીઓને મોંઘવારી ભથ્થા સહિત કુલ રકમ ₹ ૨૩૭૦/- ચૂકવવામાં આવતી હતી તેમાં ઓગસ્ટ ૨૦૦૭થી ₹ ૨૬૩૦/-નો વધારો કરવામાં આવ્યો છે.

(૩) હાલ વિચારણા હેઠળ નથી.

--------

**ધોળકા અને ધંધુકા તાલુકામાં ઈંટોના ભઠ્ઠા માટે અપાયેલ પરવાનગી**

૨૧૧૬૩ **: શ્રી કાનજીભાઈ તળપદા (ધોળકા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ ધોળકા અને ધંધુકા તાલુકામાં ક્યા ક્યા ગામે ઈંટોના ભઠ્ઠા માટેની કેટલી પરવાનગી આપેલ છે,

(૨) પરવાનગી વગરના ઈંટોના ભઠ્ઠા કેટલા છે, અને

(૩) જે ઈંટોના ભઠ્ઠાને મંજૂરી અપાયેલ છે તે ભઠ્ઠાઓ દ્વારા ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી માટી ઉપાડી કેટલી રોયલ્ટી સરકારને ચૂકવી છે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ ધંધુકા તાલુકામાં "શૂન્ય" તથા ધોળકા તાલુકાના ગામ ભવાનપુરામાં ૧, ચલોડામાં ૬, ચંડીસરમાં ૫, રનોડામાં ૨, સિંધરેજમાં ૩, નેસડામાં ૨, રામપુરામાં ૧, જુવાલ રૂપાવટીમાં ૧ અને ગધેમારમાં ૧ ઈંટ ભઠ્ઠાને પરવાનગી આપેલ છે.

(૨) પરવાનગી વગરના ઈંટભઠ્ઠા એક પણ નથી.

(૩) જે ઈંટોના ભઠ્ઠાને મંજૂરી અપાયેલ છે. તે ભઠ્ઠાઓ દ્વારા તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રૂા. ૩,૦૯,૦૦૦ મે. ટન માટી ઉપાડી રૂા. ૧૬,૨૫,૦૦૦/- રોયલ્ટી સરકારને ચૂકવી છે.

--------

**સુરત અને તાપી જિલ્લાઓમાં બળાત્કાર અને હત્યાની બનેલી ઘટનાઓ**

૨૧૯૮૬ **: શ્રી કુંવરજીભાઈ ન.હળપતિ (બારડોલી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ સુરત અને તાપી જિલ્લાઓમાં છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર બળાત્કાર અને હત્યાની કુલ કેટલી ઘટનાઓ બની,

**જવાબ**

(૧) સુરત જિલ્લો

| તાલુકાનું નામ | બળાત્કાર | હત્યા |
|---|---|---|
| ઓલપાડ | ૧ | ૮ |
| કામરેજ | ૨ | ૧૩ |
| માંગરોલ | ૬ | ૧૧ |
| ઉંમરપાડા | ૦ | ૫ |
| બારડોલી | ૨ | ૭ |
| પલસાણા | ૧ | ૧૮ |
| માંડવી | ૨ | ૧૧ |
| મહુવા | ૨ | ૭ |
| **કુલ :** | **૧૬** | **૮૦** |

તાપી જિલ્લો

| તાલુકાનું નામ | બળાત્કાર | હત્યા |
|---|---|---|
| વ્યારા | ૨ | ૧૦ |
| વાલોડ | ૧ | ૦૦ |
| સોનગઢ | ૫ | ૧૬ |

| | | |
|---|---|---|
| ઉચ્છલ | ૧ | ૦૪ |
| નિઝર | ૧ | ૦૫ |
| **કુલ :** | **૧૦** | **૩૫** |

(૨) આવી ઘટનાના જવાબદારો સામે કેટલી એફ.આઈ.આર. નોંધવામાં આવી, અને

(૩) ઉક્ત ઘટનાઓમાં સંડોવાયેલા જવાબદારો સામે શાં પગલાં લેવામાં આવ્યા ?

(૨) બળાત્કારમાં કુલ : ૨૬ કેસોમાં અને હત્યામાં કુલ ૧૧૫ કેસોમાં એફ.આઈ.આર. નોંધવામાં આવી.

(૩) આવા ગુનાના કામે પુરાવાઓ મેળવી આરોપીઓને અટક કરી નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરવામાં આવેલ છે.

--------

## જામનગર જિલ્લામાં મકાન વિહોણા અગરીયાઓ

૨૦૯૨૧ **: શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) : માનનીય મીઠા ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જામનગર જિલ્લામાં તા. ૩૧મી ડીસેમ્બર-૨૦૧૦ની સ્થિતિએ કેટલા અગરિયાઓ મકાન વિહોણા છે,

(૨) તેમને મકાન પૂરા પાડવા સરકારે શું આયોજન કર્યું છે, અને

(૩) તે ક્યાં સુધીમાં પૂરા પાડવામાં આવશે ?

**જવાબ**

(૧) (૨) અને (૩)

વર્ષ-૨૦૦૪-૦૫થી કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારની સહાયતા વાળી નમક મજદુર આવાસ યોજના અમલમાં હતી. આ યોજના અંતર્ગત રાજ્યમાં ૩૦૫૮ આવાસો નિર્માણની કામગીરી પૂર્ણ થયેલ છે. કેન્દ્ર સરકારે વર્ષ ૨૦૦૯-૧૦ પછીના સમયગાળાથી આ યોજના આગળ ચાલુ રાખવાનો હજુ સુધી આખરી નિર્ણય કરેલ નથી. કેન્દ્ર સરકાર દ્વારા આ યોજનાની અમલવારી અંગેની સૂચનાઓ બહાર પડ્યેથી વિચારણા કરવાની રહે છે.

--------

## સાવલી તાલુકામાં નોંધાયેલ વિવિધ ગુનાના કેસો

૨૦૪૦૯ **: શ્રી ખુમાનસિંહ ચૌહાણ (સાવલી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લાના સાવલી તાલુકામાં તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ચોરી, લુંટ, બળાત્કાર, ધાડ, અપહરણ, અને ખૂનના વર્ષવાર કેટલા બનાવો નોંધાયા,

(૨) તે પૈકી કેટલા કેસોમાં આરાપીઓને તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ પકડવાના બાકી છે, અને

(૩) તે અન્વયે કેટલા ગુન્હાઓનો ભેદ ઉકેલવામાં આવ્યો ?

**જવાબ**

(૧)

| વર્ષ | ચોરી | લૂંટ | બળાત્કાર | ધાડ | અપહરણ | ખૂન |
|---|---|---|---|---|---|---|
| તા. ૧-૨-૦૯ થી તા. ૩૧-૧-૧૦ | ૬૫ | ૧ | ૩ | - | ૧૦ | ૭ |
| **વર્ષ** | **ચોરી** | **લૂંટ** | **બળાત્કાર** | **ધાડ** | **અપહરણ** | **ખૂન** |
| તા. ૧-૨-૧૦ થી તા. ૩૧-૧-૧૧ | ૨૪ | ૧ | ૪ | - | ૬ | ૬ |

(૨)

| વર્ષ | ચોરી | લૂંટ | બળાત્કાર | ધાડ | અપહરણ | ખૂન |
|---|---|---|---|---|---|---|
| તા. ૧-૨-૦૯ થી તા. ૩૧-૧-૧૦ | ૧૪ | - | ૧ | - | ૫ | - |
| તા. ૧-૨-૧૦ થી તા. ૩૧-૧-૧૧ | - | - | - | - | ૨ | - |

(૩)

| વર્ષ | ચોરી | લૂંટ | બળાત્કાર | ધાડ | અપહરણ | ખૂન |
|---|---|---|---|---|---|---|
| તા. ૧-૨-૦૯ | ૩૦ | - | ૩ | - | ૧૦ | ૭ |
| તા. ૧-૨-૧૦ | ૮ | ૧ | ૪ | - | ૬ | ૬ |

| તા. ૩૧-૧-૧૧ | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|

--------

**અમદાવાદ શહેરમાં થયેલ અકસ્માત**

૨૦૭૬૨ **: શ્રી શૈલેષભાઈ મ.પરમાર (શહેર કોટડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદ શહેરમાં કેટલા અકસ્માતો થયા, તે અન્વયે કેટલા ઘાયલ થયા,

(૨) કેટલા ઈસમોના મૃત્યુ થયા, અને

(૩) અકસ્માતોનું પ્રમાણ ઘટાડવા સરકારે શાં પગલાંઓ લીધા ?

**જવાબ**

(૧) ૨૦૯૫ અકસ્માત થયા
૨૦૮૪ ઘાયલ થયા

(૨) ૨૩૨ મૃત્યુ થયા

(૩) અમદાવાદ શહેરમાં અકસ્માતોનું પ્રમાણ ઘટાડવા સરકારે નીચે મુજબ પગલાઓ લીધા છે.

(૧) પ્રજામાં ટ્રાફીક અંગેની જાગૃતિ લાવવા માટે માર્ગ સલામતી સપ્તાહની ઉજવણી દરમ્યાન ટ્રાફીક અંગેના નિયમોના સ્ટીકર તથા પેમ્પલેટોની વહેંચણી કરવામાં આવે છે.

(૨) વાહન ચાલકોને ટ્રાફીક શિક્ષણ અંગેની તાલીમ આપવામાં આવે છે.

(૩) મુખ્ય માર્ગો ઉપર ગતિ મર્યાદા અંગેના બોર્ડ લગાવવામાં આવેલ છે અને તે માટે ચાર ઈન્ટરસેપ્ટર વાહનો દ્વારા તેમજ ટ્રાફીકના અન્ય અધિકારીઓ દ્વારા ઓવર સ્પીડમાં વાહનો ચલાવતા હોય તેઓ વિરૂધ્ધ ગુના દાખલ કરવામાં આવે છે.

(૪) ભયજનક વાહનો ચલાવતા હોય તેઓ સામે કેસ કરી દંડ વસુલ કરવામાં આવે છે.

(૫) અમદાવાદ શહેરની સ્કૂલો પાસે સ્પીડ બ્રેકર બનાવવામાં આવેલ છે. તેમજ સાઈનબોર્ડ અને રોડ સાઈનીંગનું પેઈન્ટીંગનું કામ જુદા જુદા વિસ્તારોમાં કરવામાં આવેલ છે.

--------

**વાયબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર સમિટમાં થયેલ એમ.ઓ.યુ.**

૨૦૯૮૦ **: શ્રી હીરાભાઈ હ.પટેલ (લુણાવાડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સન ૨૦૦૫ અને ૨૦૦૭ની વાયબ્રન્ટ ગુજરાત વાયબ્રન્ટ સમિટમાં પંચમહાલ જિલ્લામાં મૂડી રોકાણ માટેના કુલ કેટલી રકમના એમ.ઓ.યુ. થયા હતા,

(૨) તા. ૩૧-૦૧-૨૦૧૧ની સ્થિતિએ તે પેકીનું વાસ્તવિક મૂડીરોકાણ ખરેખર આ જ જિલ્લામાં કેટલું થયું છે, અને

**જવાબ**

(૧) પંચમહાલ જિલ્લામાં સન ૨૦૦૫ અને ૨૦૦૭ની વાયબ્રન્ટ ગુજરાત ઇન્વેસ્ટર સમિટમાં કુલ રૂ. ૧,૦૭૫ કરોડના મૂડીરોકાણના એમ.ઓ.યુ. થયા હતા.

(૨) અને (૩) :

એમ.ઓ.યુ. કરનાર ઉદ્યોગકારે પ્રોજેક્ટનો અમલ કરવા જમીનની વ્યવસ્થા, બીન ખેતી અંગે મંજૂરી,

(૩) કેટલા ઉદ્યોગો ઉત્પાદનમાં ગયા ?

પર્યાવરણ મંજૂરી, બાંધકામ અંગેની અને આ પ્રકારની અન્ય મંજૂરીઓ, નાણાંકીય વ્યવસ્થા અને યંત્ર સામગ્રીની ખરીદી અને સ્થાપિત કરવાની કામગીરી કરવાની હોય છે. આથી પ્રોજેક્ટોના અમલીકરણના સમયગાળામાં મૂડીરોકાણના પ્રમાણમાં સમય લાગતો હોય છે.

તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ કુલ મૂડીરોકાણ ૩૮૮ કરોડ થયેલ છે. ઉપરોક્ત કુલ ૨ એમ.ઓ.યુ. માં આવતા ૨ પ્રોજેક્ટો પૈકી ૧ પ્રોજેક્ટ ઉત્પાદનમાં ગયેલ છે. જેમાં મૂડીરોકાણ રૂ.૩૮૮ કરોડનું થયેલ છે. ૧ પ્રોજેક્ટ અમલીકરણ તબક્કામાં છે. તેનું સૂચિત મૂડીરોકાણ રૂ.૪૫૦ કરોડ છે. આથી આ પ્રોજેક્ટોમાં મૂડીરોકાણ વધવાની શક્યતા છે.

નવસારી જિલ્લામાં તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ કુલ મૂડીરોકાણ રૂ.૯.૮૩ કરોડ થયેલ છે. ઉપરોક્ત કુલ ૧૦ એમ.ઓ.યુ. માં આવતા પ્રોજેક્ટો પૈકી છ પ્રોજેક્ટ ઉત્પાદનમાં ગયેલ છે. જેમાં મૂડીરોકાણ રૂ.૪.૩૩ કરોડનું થયેલ છે. એક પ્રોજેક્ટમાં હાલના તબક્કામાં છે. તે પ્રોજેક્ટોમાં હાલના તબક્કે રૂ.૫૫ કરોડ રોકાણ થયેલ છે અને તેનું સૂચિત મૂડીરોકાણ રૂ.૪૦૦૦ કરોડ છે. આથી આ પ્રોજેક્ટોમાં મૂડીરોકાણ વધવાની શક્યતા છે.

--------

**બ્લોક સિવાય નાના ખાણ ધારકોને ખનીજ અને ગૌણ ખનીજની લીઝો ન આપવા બાબત**

૨૨૨૪૩ **: શ્રી મહંમદ જાવેદ પીરઝાદા (વાંકાનેર ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ રાજ્યમાં બ્લોક સિવાય નાના ખાણ ધારકોને બે હેક્ટર સુધીની ખનીજ અને ગૌણ ખનીજની લીઝો ન આપવાનું સરકારે ઠરાવ્યું છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તેનાં કારણો શાં છે, અને

(૩) નાના ખાણ ધારકોને રોજગારી મળી રહે તે માટે લીઝ આપવા સરકાર વિચારે છે કે કેમ ?

**જવાબ**

(૧) ના, જી.

(૨) અને (૩) : પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**મહેસાણા જિલ્લામાં કોમ્યુનિટી હોલ**

૨૨૨૩૪ **: શ્રી ભરતસિંહજી શં.ડાભી (ખેરાલુ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (પોલિસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય પોલીસ કર્મચારીઓના પરિવારના સભ્ય સાંસ્કૃતિક પ્રવૃત્તિ કરી શકે તે માટે સરકાર દ્વારા કોમ્યુનીટી હોલ બનાવી આપવામાં આવે છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં કેટલા કોમ્યુનીટી હોલ ઉપલબ્ધ છે ?

**જવાબ**

(૧) હા, જી.

સરકારી અનુદાન અને પોલીસ વેલ્ફેર ફંડના સંયુક્ત સહયોગથી બનાવી આપવામાં આવે છે.

(૨) એક-(૧) કોમ્યુનિટી હોલ.

--------

## રાજ્ય વિજ નિયમન પંચની સૂચનાના અમલ બાબત

૨૦૬૭૪ : **શ્રી રામસિંહ પરમાર (ઠાસરા)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ રાજ્ય વિજ નિયમન પંચ દ્વારા વિજ જોડાણ ધરાવતા ગ્રાહકોના વીજ વપરાશના યુનીટ પર જ ઈલેક્ટ્રીસીટી ડ્યુટી લેવાની સૂચનાઓ ક્યારે આપી. | (૧) અને (૨) : આવી કોઈ સૂચના મળેલ નથી, પરંતુ મુંબઈ વિદ્યુત શુલ્ક અધિનિયમ ૧૯૫૮ના પરિશિષ્ટ-૧ની જોગવાઈ મુજબ વીજ વપરાશની કિંમત પર વીજકર વસુલ કરવામાં આવે છે. |
| (૨) આ સૂચનાઓ સરકારને મળ્યા પછી પણ સરકાર દ્વારા વપરાયેલા વિજ યુનીટ ઉપરાંત ફીક્સ ચાર્જ-એનર્જી ચાર્જ અને ફ્યુઅલ સરચાર્જ સહીતની તમામ રકમ પર જ ઈલે. ડ્યુટી વસુલ કરવામાં આવે છે તે હકીકત સાચી છે, અને | |
| (૩) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સરકારને આવી વધારાની વિજ ડ્યુટીની કેટલી રકમ મળી છે ? | (૩) લાગુ પડતુ નથી. |

--------

## રાજ્યના પોલીસ કર્મચારીઓના રજા પગાર ન મળવા બાબત

૨૦૯૮૯ : **શ્રી માનસિંહ ચૌહાણ (બાલાસિનોર)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૧-૧-૨૦૧૧ની સ્થિતિએ રાજ્યમાં પોલીસ દળમાં કામ કરતાં પોલીસ કર્મચારીઓને કેટલા સમયથી રજા પગાર મળેલ નથી, અને<br>(૨) રજા પગાર નિયમિત મળે તે માટે સરકાર દ્વારા શાં પગલાં લેવામાં આવ્યા છે? | (૧) અને (૨) : ચાલુ નાણાકીય વર્ષમાં રૂ. ૧૭૦.૩૪ કરોડ રજા પગાર પેટે ચૂકવવામાં આવેલ છે, હાલ રાજ્યમાં અમુક કચેરીઓમાં પોલીસ કર્મચારીઓનો જુલાઈ-૨૦૧૦ થી રજા પગાર ચૂકવવાનો બાકી છે. છઠ્ઠા પગાર પંચની ભલામણો અન્વયેનો રજા પગાર, સુધારેલા અંદાજોથી જરૂરી વિશેષ અનુદાન મેળવી ચુકવવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. |

--------

## વાયબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર સમિટોમાં થયેલ એમ.ઓ.યુ.

૨૦૯૩૭ : **શ્રી અમરસિંહ વસાવા (દેડીયાપાડા)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સને ૨૦૦૫ અને ૨૦૦૭ની વાયબ્રન્ટ ગુજરાત ઇન્વેસ્ટર સમિટમાં નર્મદા અને ભરૂચ જિલ્લામાં મૂડી રોકાણ માટેના કુલ કેટલી રકમના એમ.ઓ.યુ. હતા, | (૧) સને ૨૦૦૫ વાયબ્રન્ટ ગુજરાત ઇન્વેસ્ટર સમિટમાં નર્મદા જિલ્લામાં કુલ એક એમ.ઓ.યુ. થયેલ છે જેમાં સૂચિત મૂડીરોકાણ દર્શાવેલ નથી અને ભરૂચ જિલ્લામાં કુલ રૂ.૧૯૪૦૩.૩ કરોડના સૂચિત મૂડીરોકાણ સાથે ઓગણીસ એમ.ઓ.યુ. થયા હતા.<br>સને ૨૦૦૭ વાયબ્રન્ટ ગુજરાત ઇન્વેસ્ટર સમિટમાં નર્મદા જિલ્લામાં એમ.ઓ.યુ. થયેલ નથી અને ભરૂચ જિલ્લામાં કુલ રૂ.૭૨૩૩૮.૬૭ કરોડના સુચિત મૂડીરોકાણ સાથે અડતાળીસ એમ.ઓ.યુ. થયા હતા. |
| (૨) તા. ૩૧-૦૧-૨૦૧૧ની સ્થિતિએ તે પૈકીનું વાસ્તવિક મૂડીરોકાણ ખરેખર આ જ જિલ્લામાં કેટલું થયું છે, અને | (૨) અને (૩) :<br>એમ.ઓ.યુ. કરનાર ઉદ્યોગકારે પ્રોજેક્ટનો અમલ કરવા જમીનની વ્યવસ્થા, બીન ખેતી અંગે મંજૂરી, |

(૩) કેટલા ઉદ્યોગો ઉત્પાદનમાં ગયા ?

પર્યાવરણ મંજૂરી, બાંધકામ અંગેની અને આ પ્રકારની અન્ય મંજૂરીઓ, નાણાંકીય વ્યવસ્થા અને યંત્ર સામગ્રીની ખરીદી અને સ્થાપિત કરવાની કામગીરી કરવાની હોય છે. આથી પ્રોજેક્ટના અમલીકરણના સમયગાળામાં મૂડીરોકાણના પ્રમાણમાં સમય લાગતો હોય છે.

ભરૂચ જિલ્લામાં તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ કુલ મૂડીરોકાણ રૂ.૧૨૩૩૫.૭૬ ક્રોડ થયેલ છે. ઉપરોક્ત કુલ ૬૭ એમ.ઓ.યુ. માં આવતા ૭૯ પ્રોજેક્ટો પૈકી ૨૭ પ્રોજેક્ટો ઉત્પાદનમાં ગયેલા છે. જેમાં મૂડીરોકાણ રૂ.૯૭૦૪ કરોડનું થયેલ છે. ૩૪ પ્રોજેક્ટો પ્રાથમિક અને અમલીકરણ તબક્કામાં છે. અમલીકરણ હેઠળ છે તે પ્રોજેકટોમાં હાલના તબક્કે રૂ.૩૬૩૧.૭૬ કરોડ રોકાણ થયેલ છે. અને તેનું સૂચિત મૂડીરોકાણ રૂ.૫૪૧૨૩.૪૭ કરોડ છે. આથી આ પ્રોજેકટોમાં મૂડીરોકાણ વધવાની શક્યતા છે. ૧૮ પ્રોજેક્ટો ડ્રોપ થયેલ છે.

નર્મદા જિલ્લામાં સને ૨૦૦૫ વાયબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર સમિટમાં થયેલ એક પ્રોજેકટ ડ્રોપ થયેલ છે.

--------

## દાહોદ જિલ્લામાં જાહેર સ્થળોએ મુકવામાં આવેલ બોર્ડ

૨૦૪૦૨ **: શ્રી બચુભાઈ કિશોરી (લીમડી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (માહિતી અને પ્રસારણ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) દાહોદ જિલ્લામાં તા.૩૧-૩-૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જાહેર સ્થળોએ યોજનાકીય માહિતીના કેટલા બોર્ડ મુકવામાં આવ્યા, અને

(૨) આ બોર્ડ બનાવવાનો અને મુકવાનો કેટલો ખર્ચ થયો?

**જવાબ**

(૧) દાહોદ જિલ્લામાં તા. ૩૧-૩-૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જાહેર સ્થળોએ યોજનાકીય માહિતીના ૪૨ બોર્ડ મુકવામાં આવ્યા.

(૨) આ બોર્ડ બનાવવાનો ખર્ચ રૂા. ૭૦,૫૬૦/- અને મુકવાનો ખર્ચ રૂા. ૯૨,૬૫૨/- થયો.

--------

## વાયબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર સમિટોમાં થયેલ એમ.ઓ.યુ.

૨૦૯૩૧ **: શ્રી અશ્વિન કોટવાલ (ખેડબ્રહ્મા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સને ૨૦૦૫ અને ૨૦૦૭ની વાયબ્રન્ટ ગુજરાત ઇન્વેસ્ટર સમિટમાં બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લામાં મૂડી રોકાણ માટેના કુલ કેટલી રકમના એમ.ઓ.યુ. થયા હતા,

(૨) તા. ૩૧-૦૧-૨૦૧૧ની સ્થિતિએ તે પૈકીનું વાસ્તવિક મૂડીરોકાણ ખરેખર આ જ જિલ્લામાં કેટલું થયું છે, અને

(૩) કેટલા ઉદ્યોગો ઉત્પાદનમાં ગયા ?

**જવાબ**

(૧) વાયબ્રન્ટ ગુજરાત ઇન્વેસ્ટર સમિટ-૨૦૦૭ માં બનાસકાંઠા જિલ્લામાં કુલ ૧૨૨ કરોડના મૂડીરોકાણ માટેના ત્રણ એમ.ઓ.યુ. અને સાબરકાંઠા જિલ્લામાં કુલ ૧૨૦ કરોડના મૂડીરોકાણ માટેના એક એમ.ઓ.યુ. થયા હતા. બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લામાં વર્ષ ૨૦૦૫ માં કોઈ એમ.ઓ.યુ. થયા ન હતા.

(૨) અને (૩) :

તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં ૨૦૦૭ સમિટમાં થયેલ એમ.ઓ.યુ. પૈકી રૂ.૨૮ કરોડનું વાસ્તવિક મૂડીરોકાણ થયેલ છે. એક પ્રોજેક્ટ ઉત્પાદનમાં ગયેલ છે. સાબરકાંઠા જિલ્લામાં પ્રોજેક્ટ ડ્રોપ થયેલ હોઈ મૂડીરોકાણ થયેલ નથી.

--------

## અમદાવાદ જિલ્લામાં માટીકામ, રેતી અને મેટલની લીઝ/પરમીટ

૨૨૦૭૭: **શ્રી રણછોડભાઈ ક.મેર (ધંધૂકા)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર માટીકામ, રેતી અને મેટલની કેટલી લીઝ/પરમીટ આપવામાં આવી,

(૨) આ સમય દરમ્યાન તાલુકાવાર સરકારને કેટલી આવક મળી,

(૩) કેટલી ફરિયાદો લીઝ/પરમીટ હોલ્ડરો સામે મળી, અને

(૪) ઉક્ત સમય દરમ્યાન રોયલ્ટીના દરો ક્યારે અને કેટલા વધારવામાં આવ્યા?

**જવાબ**

(૧) અને (૨) : અમદાવાદ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં માટીકામ, રેતી અને મેટલની આપેલી લીઝ/પરમીટની તથા આવકની તાલુકાવાર વિગત આ સાથેના પત્રકમાં આપેલ છે. મેટલની કોઈ લીઝ/પરમીટ આપેલ નથી.

(૩) લીઝ/પરમીટ હોલ્ડરો સામે કોઈ ફરિયાદ મળેલ નથી.

(૪) સરકારશ્રીના તા.૨૨-૧૨-૨૦૦૫ના પરિપત્ર મુજબ માટી/રેતીની રોયલ્ટી રૂ. ૫/- પ્રતિ મેટ્રીક ટન લેવામાં આવતી હતી. જ્યારે મેટલની રોયલ્ટી રૂ. ૧૫/- પ્રતિ મેટ્રીક ટન લેવામાં આવતી હતી. સરકારશ્રીના તારીખ ૧૩-૦૧-૨૦૧૦ના જાહેરનામા બાદ માટી/રેતી ખનિજના રૂ. ૧૨/- પ્રતિ મેટ્રીક ટન તથા મેટલના રૂ. ૨૫/- પ્રતિ મેટ્રીક ટન લેખે રોયલ્ટી લેવામાં આવે છે.

**પત્રક**

**વર્ષ-૨૦૦૯**

| અનું. | તાલુકો | મંજૂર થયેલ લીઝોની સંખ્યા | મંજૂર થયેલ પરમીટોની સંખ્યા | કુલ આવક રૂા. |
|---|---|---|---|---|
| ૧ | વિરમગામ | "શૂન્ય" | ૦૭ | ૧,૪૦,૦૦૦ |
| ૨ | સાણંદ | "શૂન્ય" | ૪૦ | ૮,૨૦,૦૦૦ |
| ૩ | સીટી | ૦૫ | ૧૦ | ૭,૬૩,૦૦૦ |
| ૪ | બાવળા | "શૂન્ય" | ૨૨ | ૪,૨૦,૦૦૦ |
| ૫ | દસક્રોઈ | ૨૪ | ૫૧ | ૨૮,૩૦,૦૦૦ |
| ૬ | ધોળકા | "શૂન્ય" | ૦૨ | ૧૫,૦૦૦ |
| ૭ | માંડલ | ૦૧ | ૦૨ | ૧૬,૦૦૦ |
| ૮ | ધંધુકા | "શૂન્ય" | ૦૧ | ૫૦૦૦ |
| ૯ | રાણપુર | "શૂન્ય" | ૦૧ | ૧૦,૦૦૦ |
| | કુલ | ૩૦ | ૧૩૬ | ૫૦,૧૯,૦૦૦ |

**વર્ષ-૨૦૧૦**

| અનું. | તાલુકો | મંજૂર થયેલ લીઝોની સંખ્યા | મંજૂર થયેલ પરમીટોની સંખ્યા | કુલ આવક રૂા. |
|---|---|---|---|---|
| ૧ | વિરમગામ | "શૂન્ય" | ૧૦ | ૪૦,૩૨,૦૦૦ |
| ૨ | સાણંદ | "શૂન્ય" | ૭૬ | ૯૭,૮૯,૬૦૦ |
| ૩ | સીટી | ૦૧ | ૧૪૮ | ૧,૩૦,૩૭,૧૬૦ |
| ૪ | બાવળા | "શૂન્ય" | ૧૧૭ | ૭૪,૮૮,૦૦૦ |
| ૫ | દસક્રોઈ | "શૂન્ય" | ૧૧૧ | ૧,૬૫,૦૯,૧૮૨ |
| ૬ | ધોળકા | ૦૧ | ૦૧ | ૭,૨૯,૮૦૦ |
| ૭ | માંડલ | "શૂન્ય" | "શૂન્ય" | "શૂન્ય" |
| ૮ | ધંધુકા | "શૂન્ય" | "શૂન્ય" | "શૂન્ય" |
| ૯ | બરવાળા | ૦૩ | "શૂન્ય" | "શૂન્ય" |
| ૧૦ | રાણપુર | "શૂન્ય" | "શૂન્ય" | "શૂન્ય" |
| | કુલ | ૫ | ૪૬૩ | ૫,૧૫,૮૫,૭૪૨ |

--------

**નર્મદા મુખ્ય નહેરમાંથી ઉત્તર ગુજરાતમાં પંપીંગ વડે અપાયેલ પાણી**

૨૧૨૪૮ **: શ્રી મણીભાઈ દે.પટેલ (કપડવંજ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) નર્મદા મુખ્ય નહેરમાંથી તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉત્તર ગુજરાતમાં ગાંધીનગર, સાબરકાંઠા, બનાસકાંઠા, પાટણ અને મહેસાણા જિલ્લામાં કેટલું પાણી પંપીંગ કરીને આપવામાં આવે છે, અને | (૧) સરદાર સરોવર નર્મદા નિગમ દ્વારા નર્મદા મુખ્ય નહેરમાંથી પંપીંગ કરી પાણી આપવામાં આવતું નથી. |
| (૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**આતંકવાદી ઘટનાઓ ન બને તે માટે તકેદારીના પગલાં**

૨૨૨૦૩ **: શ્રી મફતલાલ મો.પુરોહિત (ધાનેરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ રાજ્યમાં આતંકવાદી ઘટનાઓ ના બને તે માટે તકેદારીના પગલારૂપે અદ્યતન તાલીમ, શસ્ત્ર અને સાધન, સામગ્રી સુસજ્જ એવા એસ.ઓ.જી. નું જિલ્લા/શહેરવાર રચના કરવાનો નિર્ણય કરવામાં આવેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેની તાલીમ, શસ્ત્ર અને સાધન સામગ્રી અને વાહનોની શી વ્યવસ્થા ગોઠવવામાં આવનાર છે ? | (૨) રાજ્યમાં આતંકવાદી ઘટનાઓ ન બને તેમજ તકેદારીના પગલાં રૂપે જિલ્લાવાર તેમજ ચાર મુખ્ય શહેરોમાં સ્પેશ્યલ ઓપરેશન ગ્રુપ (SOG) ની રચના કરવામાં આવેલ છે. આ સ્પેશ્યલ ઓપરેશન ગ્રુપને ખાસ પ્રકારની તાલીમ, વાહનો અને બુલેટપ્રુફ જેકેટ જેવા સરંજામ પુરા પાડવાની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે, ઉપરાંત<br>(૧) આતંકવાદી હુમલા સામે ત્વરીત પ્રભાવી પ્રતિરોધ માટે તાલીમબદ્ધ તથા શસ્ત્ર સજ્જ ક્વીક રીસ્પોન્સ ટીમ (Quick Response Team) ની રચના કરવામાં આવેલ છે. ક્વીક રીસ્પોન્સ ટીમોને એ.કે.૪૭ રાઈફલ, ઈન્સાસ રાઈફલ, ગ્લોક પીસ્તોલ, એલ.એમ.જી. (લાઈટ મશીનગન), બુલેટપ્રુફ જેકેટ, બુલેટપ્રુફ હેલ્મેટ, ખાસ પ્રકારના ગોગલ્સ, નાઈટ વિઝન ડીવાઈસ વગેરે તેમજ વાહનો પુરા પાડવામાં આવેલ છે.<br>(૨) આતંકવાદી હુમલાના પ્રતિકાર માટે ચેતક કમાન્ડો ફોર્સને આધુનિક સાધનો/સરંજામ/શસ્ત્રો અને વાહનોથી સજ્જ કરેલ છે.<br>(૩) આતંકવાદી ઘટનાઓ સમયે એસ.ઓ.જી. ની પૂરક કામગીરી માટે રાજ્ય સરકારે બોમ્બ ડીટેકટશન એન્ડ ડીસ્પોઝલ સ્કવોર્ડને આધુનિક સાધન/સરંજામ/શસ્ત્રો અને વાહનોથી સજ્જ કરેલ છે. |

**ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલના જજોની મંજૂર થયેલ જ્ગ્યાઓ**

૨૦૪૦૯ **: શ્રી કિરણકુમાર લ.મકવાણા (જંબુસર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ ગુજરાત મુલ્કી | (૧) ૨ (બે). |

સેવા ટ્રીબ્યુનલમાં કેટલા જજો (જ્યુડીશીયલ મેમ્બરો) ની જ્યાઓ સરકારે મંજૂર કરેલી છે,

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ કેટલી જ્યાઓ ભરાયેલ છે, અને

(૨) ૧ (એક).

(૩) ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલમાં તા.૩૧-૧-૧૧ ની સ્થિતિએ કેટલા કેસો પડતર છે ?

(૩) ૧૨૯૦

--------

**પંચમહાલ જિલ્લામાં પ્રજા અને પોલીસ વચ્ચે યોજવામાં આવેલ લોકદરબાર**

૨૨૧૪૪ **: શ્રી જેઠાભાઈ ભરવાડ (શહેરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પ્રજા અને પોલીસ વચ્ચે સહકાર અને વિશ્વાસ વધે તે માટે સમયાંતરે સ્થાનિક કક્ષાએ લોકદરબાર યોજવા માટે સરકારે સૂચનાઓ આપી હોવાની હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો વર્ષ ૨૦૧૦માં પંચમહાલ જિલ્લામાં કેટલા લોકદરબાર યોજવામાં આવ્યા, અને તેની વિગતો શી છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) વર્ષ ૨૦૧૦માં પંચમહાલ જિલ્લામાં કુલ ૪૮૩ લોકદરબાર યોજવામાં આવ્યા.

લોકદરબારમાં કરવામાં આવતી રજૂઆતોની વિગતોમાં પોલીસ ખાતાને લગતી રજૂઆતોનો નિકાલ કરવામાં આવે છે, જ્યારે અન્ય વિભાગોને લગતી રજૂઆતો જે તે વિભાગને મોકલી આપવામાં આવે છે. ઉપરાંત, સંબંધિત વિભાગને લેખિત રજૂઆત કરવા અરજદારને સમજ પણ આપવામાં આવે છે.

**કઠલાલ, કપડવંજ, ઠાસરા અને મહેમદાવાદ તાલુકાના ગામોને ઝૂંપડપટ્ટી યોજના અંતર્ગત વીજ ક્નેક્શનો**

૨૧૪૮૯ **: શ્રી કનુભાઈ ડાભી (કઠલાલ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ખેડા જિલ્લાના કઠલાલ, કપડવંજ, ઠાસરા અને મહેમદાવાદ તાલુકાના ગામોમાં ઝૂંપડપટ્ટી વીજ યોજના અંતર્ગત વીજ ક્નેક્શન માટે તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ ૧ વર્ષમાં કેટલી અરજીઓ મળેલ છે,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી અને કેટલી નામંજૂર કરવામાં આવી, અને

(૩) બાકી લોકોને ક્યારે વીજ ક્નેક્શન આપવામાં આવનાર છે ?

**જવાબ**

(૧) અને (૨) : તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ ૧ વર્ષમાં ખેડા જિલ્લાના કઠલાલ, કપડવંજ, ઠાસરા અને મહેમદાવાદ તાલુકાના ગામોમાં ઝૂંપડા વીજળીકરણ યોજના હેઠળ વીજ ક્નેક્શન માટે મળેલ અરજીઓ, તે પૈકી સર્વે થયેલ અરજીઓમાંથી મંજૂર થયેલ અને નામંજૂર થયેલ અરજીઓની વિગતો નીચે મુજબ છે.

| **તાલુકો** | **મળેલ અરજીઓ** | **સર્વે થયા બાદ** | |
|---|---|---|---|
| | | મંજૂર થયેલ અરજીઓ | નામંજૂર થયેલ અરજીઓ |
| કઠલાલ | ૧૫૮૭ | ૪૭૪ | ૭૬ |
| કપડવંજ | ૭૧૧ | ૩૧૧ | ૧૬૫ |
| ઠાસરા | ૫૮૨ | ૮૭ | ૪૩ |
| મહેમદાવાદ | ૯૭૭ | ૧૬૦ | ૨૬ |

(૩) સર્વે થયા બાદ મંજૂર થવા પાત્ર લોકોને આગામી નાણાંકીય વર્ષ ૨૦૧૧-૧૨ દરમિયાન વીજ જોડાણ આપવાનું આયોજન છે.

**વલસાડ અને નવસારી જિલ્લામાં થયેલ એમ.ઓ.યુ.**

૨૦૯૩૨ **: શ્રી જીતુભાઈ ચૌધરી (મોટા પોંઢા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સને ૨૦૦૫ અને ૨૦૦૭ના વાયબ્રન્ટ ગુજરાત ઇન્વેસ્ટર સમિટમાં વલસાડ અને નવસારી જિલ્લામાં મૂડી રોકાણ માટેના કુલ કેટલી રકમના એમ.ઓ.યુ. હતા,

**જવાબ**

(૧) સને ૨૦૦૫ વાયબ્રન્ટ ગુજરાત ઇન્વેસ્ટર સમિટમાં વલસાડ જિલ્લામાં કુલ રૂ. ૧૦૪૬૯.૭૦ કરોડના સુચિત મૂડીરોકાણ સાથે નવ એમ.ઓ.યુ. અને નવસારી જિલ્લામાં કુલ રૂ.૩૦૪૯.૩૯ કરોડના સુચિત મૂડીરોકાણ સાથે આઠ એમ.ઓ.યુ. થયા હતા.

સને ૨૦૦૭ વાયબ્રન્ટ ગુજરાત ઇન્વેસ્ટર સમીટમાં વલસાડ જિલ્લામાં કુલ રૂ.૧૩૩૭૧.૦૦ કરોડના સુચિત મૂડીરોકાણ સાથે સોળ એમ.ઓ.યુ. અને નવસારી જિલ્લામાં કુલ રૂ.૪૦૦૦.૧૦ કરોડના સુચિત મૂડીરોકાણ સાથે બે એમ.ઓ.યુ. થયા હતા.

(૨) તા. ૩૧-૦૧-૨૦૧૧ની સ્થિતિએ તે પૈકીનું વાસ્તવિક મૂડીરોકાણ ખરેખર આ જ જિલ્લામાં કેટલું થયું છે, અને

(૩) કેટલા ઉદ્યોગો ઉત્પાદનમાં ગયા ?

(૨) અને (૩) :

એમ.ઓ.યુ. કરનાર ઉદ્યોગકારે પ્રોજેક્ટનો અમલ કરવા જમીનની વ્યવસ્થા, બીન ખેતી મંજૂરી, પર્યાવરણ મંજૂરી, બાંધકામ અંગેની અને આ પ્રકારની અન્ય મંજૂરીઓ, નાણાંકીય વ્યવસ્થા અને યંત્ર સામગ્રીની ખરીદી અને સ્થાપિત કરવાની કામગીરી કરવાની હોય છે. આથી પ્રોજેક્ટના અમલીકરણના સમયગાળામાં મૂડીરોકાણના પ્રમાણમાં સમય લાગતો હોય છે.

વલસાડ જિલ્લામાં તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ કુલ મૂડીરોકાણ રૂ.૭૫૦.૬૫ કરોડ થયેલ છે. ઉપરોક્ત કુલ ૨૫ એમ.ઓ.યુ. માં આવતા ૩૦ પ્રોજેક્ટો પૈકી ૧૧ પ્રોજેક્ટો ઉત્પાદનમાં ગયેલા છે. જેમાં મૂડીરોકાણ રૂ.૭૪૨ કરોડનું થયેલ છે. પાંચ પ્રોજેક્ટો પ્રાથમિક અને અમલીકરણ તબક્કામાં છે અને તેનું સૂચિત મૂડીરોકાણ રૂ.૭૯૧ કરોડ છે અને તેમાં ૮.૬૫ કરોડ રોકાણ થયેલ છે. આથી આ પ્રોજેક્ટોમાં મૂડીરોકાણ વધવાની શક્યતા છે.

નવસારી જિલ્લામાં તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ કૂલ મૂડીરોકાણ રૂ.૯.૮૩ કરોડ થયેલ છે. ઉપરોક્ત કુલ ૧૦ એમ.ઓ.યુ. માં આવતા પ્રોજેક્ટો પૈકી છ પ્રોજેક્ટ ઉત્પાદનમાં ગયેલ છે. જેમાં મૂડીરોકાણ રૂ.૪.૩૩ કરોડનું થયેલ છે. એક પ્રોજેક્ટ અમલીકરણ તબક્કામાં છે. તે પ્રોજેક્ટોમાં હાલના તબક્કે રૂ.૫.૫ કરોડ રોકાણ થયેલ છે અને તેનું સૂચિત મૂડીરોકાણ રૂ.૪૦૦૦ કરોડ છે. આથી આ પ્રોજેક્ટોમાં મૂડીરોકાણ વધવાની શક્યતા છે.

--------

**રાજ્યના ડાર્કઝોન અને આદિવાસી વિસ્તારના ખેડૂતોને વિજ ક્નેક્શન યોજનાનો લાભ આપવા બાબત**

૨૧૬૩૫ **: શ્રી મોહનસિંહ છો.રાઠવા (પાવી-જેતપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તત્કાલ વિજ ક્નેક્શન યોજનામાં રાજ્યના ડાર્કઝોન અને આદિવાસી વિસ્તારના ખેડૂતોને લાભ આપવા માટે જોગવાઇ કરેલ નથી તેના શાં કારણો છે,

(૨) આ વિસ્તારના ખેડૂતોને વિજ ક્નેક્શન આપવા માટે શી વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવી છે,

**જવાબ**

(૧) અને (૨) :

રાજ્ય સરકાર દ્વારા કૃષિવિષયક વિજ જોડાણો માટેની તાજેતરમાં જાહેર કરવામાં આવેલ "તત્કાલ યોજના"માં આદિજાતિ વિસ્તારોનો સમાવેશ કરવામાં આવેલ છે.

જ્યારે નર્મદા, જળ સંપત્તિ અને પાણી પુરવઠા વિભાગના તારીખ ૧૬-૧૨-૨૦૦૩ના ઠરાવ ક્રમાંક : જીડબલ્યુઆર-૨૦૦૩-૧૪-જ-૧માં ઠરાવ્યા અનુસાર ડાર્કઝોન વિસ્તારમાં કૂવા/પાતાળકૂવા ઉપર વિજ જોડાણો મંજુર કરવા પર હાલ પ્રતિબંધ હોઇ "તત્કાલ યોજના"માં ડાર્કઝોન વિસ્તારનો સમાવેશ કરવામાં આવેલ નથી.

(૩) તા.૩૧-૦૧-૧૧ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં કેટલા ખેડૂતોને વિજ ક્નેક્શન આપવાના બાકી છે, અને ક્યા ક્યા કારણો છે, અને

(૩) અને (૪) :

તા.૩૧-૦૧-૧૧ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં વર્ષ ૧૯૯૫થી શરૂ કરી ત્યાર પછીના વર્ષોમાં ક્રમિક વર્ષવાર

(૪) બાકીનાને ક્યાં સુધીમાં વિજ ક્નેક્શન આપવામાં આવશે ?

પડતર અરજીઓની વિગત આ સાથે સામેલ **પત્રક-અ** માં સામેલ છે.

ખેતી હેતુ વીજ જોડાણ આપવાની કામગીરી એ સતત પ્રક્રિયા છે. રાજ્યના ખેડૂતોને ગુણવત્તા સભર વિજ પૂરવઠો મળી રહે એ બાબત ધ્યાને લઇ ઉપલબ્ધ વિજ પૂરવઠો માળખાગત સુવિધા, વિજ તંત્ર પર પડનાર બોજો, નાણાંકીય ફાળવણી વગેરે પાસાઓને ધ્યાને લઇ અને ડાર્કઝોનની નીતિને અનુલક્ષીને પ્રતિ વર્ષ નક્કી કરેલ લક્ષ્યાંક મુજબ કૃષિ વિજ જોડાણો આપવામાં આવતા હોય છે.

**પત્રક - અ**

| વર્ષ | પડતર અરજીઓ |
|---|---|
| ૧૯૯૫ | ૩ |
| ૧૯૯૬ | ૨ |
| ૧૯૯૭ | ૧૨ |
| ૧૯૯૮ | ૧૫ |
| ૧૯૯૯ | ૫ |
| ૨૦૦૦ | ૫ |
| ૨૦૦૧ | ૯ |
| ૨૦૦૨ | ૪૧ |
| ૨૦૦૩ | ૨૧ |
| ૨૦૦૪ | ૩ |
| ૨૦૦૫ | ૧ |
| ૨૦૦૬ | ૧ |
| ૨૦૦૭ | ૩૨૩ |
| ૨૦૦૮ | ૨૮૨૫ |
| ૨૦૦૯ | ૩૭૨૮ |
| ૨૦૧૦ | ૨૪૩૪ |
| ૨૦૧૧ (જાન્યુ. ૨૦૧૧ સુધી) | ૬૧૯ |
| **કુલ :** | **૧૦૦૪૭** |
| અંદાજપત્ર આપેલ પણ ભરપાઇ બાકી | ૯૬ |
| અંદાજપત્ર ભરપાઇ થયેલ અને કામ પ્રગતિ હેઠળ | ૩૦૨ |
| **કુલ પડતર અરજીઓ :** | **૧૦૪૪૫** |

--------

## પોરબંદર, જામનગર અને જૂનાગઢ જિલ્લામાં આપવામાં આવતાં ખેત વીજ ક્નેક્શનો

૨૨૦૧૮ **: શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા (પોરબંદર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પોરબંદર, જામનગર અને જૂનાગઢ જિલ્લામાં જિલ્લાવાર તા.૩૧-૩-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં, વર્ષવાર ખેડૂતોને કેટલા ખેત વીજ ક્નેક્શનોની મંજૂરી આપવામાં આવી,

**જવાબ**

(૧) તા.૩૧-૩-૨૦૧૦ની સ્થિતિએ પોરબંદર, જામનગર અને જૂનાગઢ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં આપવામાં આવેલ ખેતી વિષયક વીજ જોડાણોની વિગતો નીચે મુજબ છે.

| જિલ્લો | વર્ષ ૨૦૦૮-૦૯માં આપવામાં આવેલ વીજ જોડાણો | વર્ષ ૨૦૦૯-૧૦માં આપવામાં આવેલ વીજ જોડાણો |
|---|---|---|
| પોરબંદર | ૨૯૩ | ૩૯૨ |
| જામનગર | ૪૨૪૩ | ૩૭૭૫ |
| જૂનાગઢ | ૩૦૦૪ | ૩૪૦૬ |

(૨) કેટલી ખેત વીજ ક્નેક્શનોની અરજીઓ પડતર છે, અને

(૨) અને (૩) :

પોરબંદર, જામનગર અને જૂનાગઢ જિલ્લામાં ખેત

(૩) બાકી રહેલા અરજદારોને ક્યાં સુધીમાં વીજ ક્નેક્શનો આપવામાં આવનાર છે ?

વીજ ક્નેક્શનોની વર્ષ ૧૯૯૦થી શરૂ કરીને ત્યારપછીના વર્ષોમાં ક્રમિક વર્ષવાર પડતર અરજીઓની વિગતો **પત્રક-અ** માં સામેલ છે.

ખેતી હેતુ વીજ જોડાણ આપવાની કામગીરી એ સતત પ્રક્રિયા છે. રાજ્યના ખેડૂતોને ગુણવત્તા સભર વીજ પૂરવઠો મળી રહે એ બાબત ધ્યાને લઇ ઉપલબ્ધ વીજ પૂરવઠો, માળખાગત સુવિધા, વીજ તંત્ર પર પડનાર બોજો, નાણાંકીય ફાળવણી વગેરે પાસાઓને ધ્યાને લઇ અને ડાર્કઝોનની નીતિને અનુલક્ષીને પ્રતિ વર્ષ નક્કી કરેલ લક્ષ્યાંક મુજબ કૃષિ વીજ જોડાણો આપવામાં આવતા હોય છે.

**પત્રક - અ**

| વર્ષ | જિલ્લો | | |
|---|---|---|---|
| | પોરબંદર | જામનગર | જૂનાગઢ |
| ૧૯૯૦ | ૦ | ૦ | ૩૯૭ |
| ૧૯૯૧ | ૫૭૯ | ૧૦૯૦ | ૧૩૨૨ |
| ૧૯૯૨ | ૪૬૦ | ૧૧૬૨ | ૧૨૩૦ |
| ૧૯૯૩ | ૨૦૫ | ૧૦૩૦ | ૧૧૦૮ |
| ૧૯૯૪ | ૧૨૫ | ૮૪૧ | ૧૪૨૯ |
| ૧૯૯૫ | ૧૬૪ | ૨૧૫૫ | ૨૨૪૦ |
| ૧૯૯૬ | ૧૬૪ | ૨૧૯૬ | ૨૦૯૬ |
| ૧૯૯૭ | ૨૫૦ | ૨૦૯૫ | ૩૨૮૭ |
| ૧૯૯૮ | ૩૨૬ | ૨૧૧૦ | ૨૮૧૨ |
| ૧૯૯૯ | ૩૮૮ | ૧૫૦૩ | ૨૧૯૨ |
| ૨૦૦૦ | ૪૧૭ | ૧૦૬૯ | ૧૫૧૧ |
| ૨૦૦૧ | ૮૫ | ૩૪૮ | ૪૯૩ |
| ૨૦૦૨ | ૨૪૯ | ૧૦૧૪ | ૧૧૩૫ |
| ૨૦૦૩ | ૩૦૭ | ૧૧૭૬ | ૧૪૪૦ |
| ૨૦૦૪ | ૨૫ | ૬૫૦ | ૫૮૮ |
| ૨૦૦૫ | ૫૧ | ૧૬૭૬ | ૫૭૧ |
| ૨૦૦૬ | ૧૩૨ | ૨૬૯૧ | ૧૭૨૬ |
| ૨૦૦૭ | ૩૦૬ | ૪૦૬૭ | ૩૦૧૦ |
| ૨૦૦૮ | ૪૦૪ | ૯૧૫૭ | ૪૬૧૫ |
| ૨૦૦૯ | ૬૯૨ | ૭૪૭૩ | ૪૭૫૪ |
| ૨૦૧૦ | ૨૪૫ | ૨૨૮૩ | ૧૪૩૧ |
| **કુલ :** | **૫૬૦૪** | **૪૫૭૮૬** | **૩૯૩૮૭** |
| ભાવપત્રક અપાયેલ હોય પરંતુ ભરવાનું બાકી હોય | ૦ | ૨૫૨ | ૨૯૦ |
| ભાવપત્રક ભરાયેલ હોય પરંતુ કામગીરી પૂર્ણ કરવાની બાકી હોય | ૩ | ૯૪૯ | ૨૯૧ |
| ખેતીવાડીની કુલ પડતર અરજીઓ | ૫૬૦૭ | ૪૬૯૮૭ | ૩૯૯૬૮ |

--------

**રાજુલા, જાફરાબાદ અને ખાંભા તાલુકામાં રાજીવ ગાંધી વીજળીકરણ યોજના અંતર્ગત જોડાણો આપવા બાબત**

૨૧૬૧૪ **: શ્રી હીરાભાઈ સોલંકી (રાજુલા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ અમરેલી જિલ્લાના રાજુલા-જાફરાબાદ-ખાંભા તાલુકામાં છેલ્લા બે વર્ષ દરમ્યાન રાજીવ ગાંધી વીજળીકરણ યોજના અંતર્ગત તાલુકાવાર કેટલા વીજ જોડાણો આપવામાં આવેલ છે,

**જવાબ**

(૧) અને (૨) :

તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ અમરેલી જિલ્લાના રાજુલા-જાફરાબાદ અને ખાંભા તાલુકામાં છેલ્લા બે વર્ષ દરમ્યાન રાજીવ ગાંધી ગ્રામીણ વિદ્યુતીકરણ યોજના

(૨) આ બન્ને યોજના નીચે હજુ કેટલા વીજ જોડાણો આપવાનાં બાકી છે, અને

અંતર્ગત આપવામાં આવેલ વીજ જોડાણ અને મંજુર થયેલ પ્રોજેક્ટ મુજબ નવેમ્બર ૨૦૧૧ સુધીમાં આવરી લેવાના બાકી લાભાર્થીઓની તાલુકાવાર માહિતી નીચે મુજબ છે.

| તાલુકો | આપવામાં આવેલ વીજ જોડાણ | મંજુર થયેલ પ્રોજેક્ટ મુજબ નવેમ્બર ૨૦૧૧ સુધીમાં આવરી લેવાના બાકી લાભાર્થીઓ |
|---|---|---|
| રાજુલા | ૩૩૬૦ | ૧૯૧૨ |
| જાફરાબાદ | ૨૪૮૫ | ૦૦ |
| ખાંભા | ૨૧૯૧ | ૧૨૩૪ |

(૩) ઉક્ત બાકી વીજ જોડાણો કેટલા સમયમાં આપવાનું આયોજન છે ?

(૩) ભારત સરકારના ગ્રામ્ય વીજળીકરણ નિગમ (REC) તરફથી નિયત થયેલ સમય મર્યાદા એટલે કે, નવેમ્બર ૨૦૧૧ સુધીમાં બાકીના લાભાર્થીઓને વીજળીકરણથી આવરી લેવાનું આયોજન કરવામાં આવેલ છે.

--------

**નર્મદા યોજના અંતર્ગત ડ્રીપ ઇરીગેશન માટે કરેલ માંગણીઓ**

૨૧૭૦૨ **: શ્રી ઈકબાલ પટેલ (વાગરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં તાલુકાવાર નર્મદા યોજના અંતર્ગત ડ્રીપ ઇરીગેશન માટે કેટલી સિંચાઇ સહકારી મંડળીઓએ છેલ્લા બે વર્ષમાં સરકારમાં માંગણીઓ કરી,

(૧) તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ ભરૂચ જિલ્લાના આમોદ તાલુકામાં એક સિંચાઇ સહકારી મંડળીએ નર્મદા યોજના અંતર્ગત પ્રેસરાઇઝ ઇરીગેશન નેટવર્ક સીસ્ટમ (પીન્સ) મારફત ડ્રીપ ઇરીગેશન માટે સિંચાઇની છેલ્લા બે વર્ષમાં સરકારમાં માંગણી કરેલ છે.

(૨) તે અન્વયે વર્ષવાર કેટલી સિંચાઇ સહકારી મંડળીઓને ડ્રીપ ઇરીગેશન માટે મંજૂરી અપાઇ, અને

(૨) તે અન્વયે એક સહકારી મંડળીને પીન્સ મારફત ડ્રીપ ઇરીગેશન માટે મંજૂરી આપવામાં આવેલ છે.

(૩) કેટલી નામંજૂર કરવામાં આવી ?

(૩) મંજૂરી અપાયેલ હોવાથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

# તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬)

**ઓરીની રસીના ઈન્જેકશનો આપવાથી ચાર બાળકોના મૃત્યુ થતાં સ્થાનિક લોકોમાં ફેલાયેલ ગભરાટ અંગે**

**ડૉ. નીમાબેન બી. આચાર્ય(અંજાર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે, "તા. ૧૬-૦૩-૨૦૧૧ના રોજ કચ્છ જિલ્લાના ગાંધીધામ ખાતેની રામબાગ હોસ્પિટલમાં બાળકોને મીઝલ્સ વેકસીન (ઓરીની રસી) ના ઈન્જેકશનો આપવાથી ચાર બાળકોના મૃત્યુ થતાં સ્થાનિક લોકોમાં ફેલાયેલ ગભરાટ, ચિંતા અને રોષની લાગણી દૂર કરવા સરકારે લીધેલા કે લેવા ધારેલાં પગલાં.

**શ્રી જયનારાયણ વ્યાસ ( આરોગ્ય અને પરિવાર કલ્યાણમંત્રીશ્રી)** : તારીખ ૧૬-૦૩-૨૦૧૦ના રોજ લગભગ ૧૦:૩૦ કલાકે મમતા દિવસ નિમિત્તે કચ્છ જિલ્લાના ગાંધીધામ તાલુકામાં આવેલ રામબાગ ડીસ્પેન્સરી મુકામે એક વર્ષથી ઓછી વયવાળા છ બાળકોને ઓરીની રસી આપવામાં આવેલ. આ જ સમય દરમ્યાન ગાંધીધામ અર્બન વિસ્તારના સુંદરપુરી વિસ્તાર નજીક આવેલ મહેશ્વરીનગરમાં એક બાળકને ૧૦.૩૦ કલાકે ઓરીની રસી અપાવામાં આવેલ.

મહેશ્વરીનગરમાં આપવામાં આવેલ રસી પછી બાળકને તુરત જ ખેંચ આવતાં ફીમેલ હેલ્થ વર્કરે ડૉ. જોસફ ખેરાણી, મૅડિકલ ઑફિસર, અર્બન હેલ્થને જાણ કરતાં તાત્કાલિક ખાનગી બાળરોગ નિષ્ણાત ડૉ. મજેઠીયાને ત્યાં બાળકને લાવતાં બાળક મૃત્યુ પામેલ. તે જ રીતે રામબાગ ડીસ્પેન્સરીમાં આશરે ૧૦.૨૫ કલાકે છ બાળકોને ઓરીની રસી આપવામાં આવેલ. તે પૈકી ત્રણ બાળકોની તબિયત બગડતા તાત્કાલિક મૅડિકલ ઑફિસર ડૉ. મકવાણાને બોલાવ્યા અને બાળકોને તાત્કાલિક કાર્ડીયો પલમોનરી રીસકસીટેશન કરી ઇન્જૅકશન એડ્રીનલીન અને ઑકસીજન તેમજ ૧૦ ટકા ડેકસટ્રોઝ આપવામાં આવેલ પરંતુ તે દરમ્યાન અંદાજે ૧૦ મિનિટમાં બાળક મૃત્યુ પામેલ. આમ બન્ને વિસ્તારમાં મળી નીચે દર્શાવેલ ચાર બાળકોના મૃત્યુના બનાવ થવા પામેલ.

(૧) દક્ષા વિપુલ મહેશ્વરી, (સુંદરીપુરી વિસ્તાર) ઉંમર - ૯ માસ
(૨) જીવરાજ કરશન, (રામબાગ ડીસ્પેન્સરી) ઉંમર - ૯ માસ
(૩) વૈશાલી મહેશ, (રામબાગ ડીસ્પેન્સરી) ઉંમર - ૯ માસ
(૪) વિરુ મનુ, (રામબાગ ડીસ્પેન્સરી) ઉંમર -૧૧ માસ

આ અંગે રાજય કક્ષાએ જાણ થતાં નીચે મુજબના પગલાં તાત્કાલિક ભરવામાં આવેલ.

- માન. મુખ્યમંત્રીશ્રી દ્વારા તાત્કાલિક અસરથી દરેક મૃતક બાળકોના પરિવારજનોને રૂપિયા એક લાખની સહાય મુખ્યમંત્રીશ્રી રાહત ફંડમાંથી આપવામાં આવેલ છે.
- ઉપયોગમાં આવેલ ઓરીની રસીની બેચ નં. એમ.ઈ.એસ ૧૦/૧૦ મેન્યુફેકચર તારીખ: મે, ૨૦૧૦ અને એકસપાયરી તારીખ એપ્રિલ ૨૦૧૨ છે. આ રસી હ્યુમન બાયોલોજીકલ ડિવિઝન ઑફ ઈમ્યુનોલોજીક્લ ઇન્ડિયા કુ. દ્વારા બનાવવામાં આવેલ છે અને ભારત સરકાર દ્વારા ઉપરોક્ત બેચ નંબરના કુલ ૨,૬૧,૫૪૫ ઓરીના ડોઝ તારીખ: ૦૮/૦૭/૨૦૧૦ના રોજ સપ્લાય કરવામાં આવેલ છે. બેચ નં. એમ. ઈ. એસ ૧૦/૧૦ ઉપયોગ તાત્કાલિક બંધ કરવા સમગ્ર રાજયમાં જાણ કરવામાં આવી.
- આ રસીનો સમગ્ર જથ્થો સ્થગિત કરી પરત ખેંચવામાં આવ્યો આ અંગેની જાણ જિલ્લા કક્ષાના અધિકારીઓને ટેલિફોન, પત્રો તથા એસ. એમ. એસ. દ્વારા કરવામાં આવી અને તમામ જિલ્લાના પી. એચ.સી બ્લૉક, અને આંગણવાડી કક્ષાએ કામ કરતા ફીમેલ હેલ્થ વર્કરોને સમાચાર પહોંચાડવામા આવ્યા. ઘટના સ્થળેથી ૨૬૩ ઓરીની વાયલ મળેલ છે. જેમની એકસપાયરી ડેટ, મેન્યેફેચરીંગ ડેટ અને સ્ટોક અંગેની વિગતો નીચે પ્રમાણે છે.

| **અનુ** | **વેકસીન** | **બેચ નં.** | **મેન્યુ. તારીખ** | **એકસ. તારીખ** | **જથ્થો વાયલ ૧૬/૦૩/૧૧ આઠ વાગ્યે** | **વેકસીન ઈસ્યુ** | **જથ્થો વાયલ ૧૬./૦૩/૧૧** |
|---|---|---|---|---|---|---|---|
| ૦૧ | ઓરી | એમઈએમ ૧૦/૧૦ | ૦૫/૧૦ | ૦૪/૧૨ | ૩૫ | સ્ટાફ નર્સ / ફી. હે. વ | ૭ |
| | | | | | | પી. એસ. આઈ. આદિપુર ધ્વારા કબજો લીધેલ | ૨૮ |
| ૦૨ | ઓરી | એમ ઈ એસ ૪૭/૧૦ | ૦૮/૧૦ | ૦૭/૧૨ | ૨૨૮ | ડ્રગ્સ ઈન્સપેકટર ભુજ ધ્વારા સીલ | ૨૦૦ |
| | | | | | ૨૬૩ | બેલેન્સ | ૨૮ |

- રસીની કાર્યક્ષમાતા બાબતે વેકસીન વાયલ મોનીટરનો રંગ બદલાયેલ જોવા મળેલ નથી તેમજ વેકસીન અને ડાલ્યુઅન્ટ અંગેની ખામી બાબતે ટેસ્ટીંગ રીપોર્ટ આવ્યા પછી જાણી શકાશે.
- ઈ-મમતા પોર્ટલ દ્વારા આખા રાજયમાં કુલ ૨૯૮૯૮ એસ. એમ. એસ. દ્વારા લગભગ ત્રણ મિનિટ જેટલાં સમયમાં ઓરીના રસીકરણનો કાર્યક્રમ સ્થગિત કરવા અંગેની જાણ પી. એચ. સી અને સબ સેન્ટર કક્ષા સુધી કરવામાં આવી.
- મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, કચ્છને તેમની ટીમ સાથે બનાવના સ્થળ પર તુર્તજ સ્થળ મુલાકાત લઈ ઘટીત કાર્યવાહી કરવા સુચના આપવામાં આવી જિલ્લા કક્ષાના સમગ્ર તંત્રને જિલ્લા આરોગ્ય અધિકારીની આગેવાની હેઠળ સર્વેલન્સ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી, જેથી અન્ય બાળકોને પણ આવી રસીથી અસર થયેલ હોય તો તેને શોધી શકાય અને સારવાર આપી શકાય.
- જિલ્લા કલેકટરશ્રી અને જિલ્લા વિકાસ અધિકારીશ્રી દ્વારા સ્થળે જઈ વિગતવાર કાર્યવાહી કરવામાં આવી.
- સ્થાનિક પદાધિકારીઓને જાણ કરી રામબાગ હોસ્પિટલ ખાતે પહોચવા જણાવેલ જેઓ તાત્કાલિક સ્થળ પર આવીને લોક આક્રોશને શાંત કરવામાં સહકાર આપેલ.

- ઓરીની રસીની કામગીરી તારીખ: ૧૬/૦૩/ ૨૦૧૧થી આવતાં સાત દિવસ માટે આખા રાજયમાં મોકુફ રાખવામાં આવેલ છે. જેથી સમગ્ર રાજયમાં વિતરીત જુદા - જુદા બેચની ચકાસણી કરી શકાય. આ અંગેની જાણકારી બધા જિલ્લાઓને પહોંચાડવામાં આવી
- ફુડ એન્ડ ડ્રગ્સ કમિશનરશ્રી દ્વારા આ બેચ તથા આ સાથેની અન્ય ઉપલબ્ધ બેચો મળી કુલ ૧૩ જુદા - જુદા સેમ્પલ લેવામાં આવ્યા જેને ટેસ્ટીંગ માટે હિમાચલ પ્રદેશના કસોલી ખાતેના વેકસીન ઈન્ટીટયુટમાં તાત્કાલિક હવાઈ માર્ગે મોકલી આપેલ છે અને તે પહોંચી ગયેલ છે અને તેનો અહેવાલ ટુંક સમયમાં મળશે.
- ગાંધીનગર ખાતેથી રાજય રસીકરણ અધિકારી ર્ડા. એન. બી. ધોળકીયા જેઓ પોતે પણ બાળરોગ નિષ્ણાત છે તથા તેઓની  આગેવાનીમાં બે અધિકરીઓની ટીમ વિગતવાર તપાસ કરવા મોકલવામાં આવેલ.
- તમામ મૃતક બાળકોનું પોસ્ટમોર્ટમ કરવામાં આવેલ છે અને તે અંગે વધુ જાણકારી માટે રાજકોટ ખાતે ફોરન્સીક પરિક્ષણ  કરવા મોકલવામાં આવેલ છે.
- પોલીસ વિભાગ દ્વારા પણ તપાસ હાથ ધરાયેલ છે.
- રાજયની મેડીકલ કોલેજની ચાર સભ્યોની નિષ્ણાત ટીમ રેપીડ રીસ્પોન્સ ટીમ તરીકે કચ્છ ખાતે મોકલવામાં આવેલ છે.
- આ ઘટનાની વિગતવાર તપાસ થાય અને આ ઘટના રસી / ડાલ્યુઅન્ટની ખામી અથવા હયુમન એરરથી થઈ છે તે જાણી શકાય તેના માટે ર્ડા. એસ. જે. ગાંધી નિયામકશ્રી રાજય આરોગ્ય અને પરિવાર કલ્યાણ સંસ્થાનના અધ્યક્ષ સ્થાને અને ર્ડા. ભદ્રેશ વ્યાસ, બાળરોગ નિષ્ણાત તથા  મજમુદાર, પ્રોફેસર, પી. એસ. એમ વિભાગ નિષ્ણાતોની કમિટી બનાવીને તપાસ સોંપવામાં આવેલ
- સ્થાનિક ચેનલ મારફતે તારીખ: ૧૬. ૦૩. ૨૦૧૧ના દિવસે મમતા દિવસમાં થયેલ ઓરીના રસીકરણવાળા બાળકોને રામબાગ હોસ્પિટલ ખાતે સારવાર માટે તાત્કાલિક લઈ આવવા જણાવવામાં આવેલ અને હોસ્પિટલ ખાતે ખાનગી બાળરોગ નિષ્ણાતને હાજર રાખવામાં આવેલ પરંતુ આજદિન સુધી તે પૈકી એકપણ બાળક હોસ્પિટલ ખાતે રસીની આડઅસર સાથે રીર્પોટ  કરેલ નથી.
- આ બનાવની તપાસમાં રાજય સરકારની મદદ કરવા માટે અને રસીકરણ પછી થયેલ મૃત્યુના ચોકકસ કારણો જાણવામાં મદદગાર થવા કેન્દ્ર સરકાર તરફથી પણ શ્રી ર્ડા. અજય ખેરા, ડેપ્યુટી કમિશ્નર (ચાઈલ્ડ હેલ્થ એન્ડ ઈમ્યુનાઈઝોશન), મીનીસ્ટ્રી ઓફ હેલ્થ એન્ડ ફેમીલી વેલ્ફેર, નવી દિલ્હીની આગેવાની હેઠળ ટીમ તારીખ ૧૭. ૦૩. ૨૦૧૧ ના રોજ આવેલ છે અને જે સ્થળ ઉપર પહોંચ વિગતો એકત્રિત કરી રહેલ છે.
- રાજય કક્ષાની ર્ડા. સુધીર ગાંધીના અધ્યક્ષ સ્થાને ગઠીત થયેલ ટીમના રજુ કરેલ તારીખ: ૧૮. ૦૩. ૨૦૧૧ના રીર્પાટના આધારે શિક્ષાત્મક કાર્યવાહીના ભાગરુપે

૦૧. રામબાગ હોસ્પિટલના અધિક્ષક શ્રી રાજનંદન કુમારની સામે દેખરેખના અભાવ બાબતે ખુલાસો પુછવામાં આવેલ છે અને વિગતો મળ્યા બાદ તકસીરવાર જણાશે તો શિક્ષાત્મક કાર્યવાહી હાથ ધરવામાં આવશે.
૦૨.  શ્રી સુનીલ જે. આવતરામાણી ,  જુનીયર  ફાર્માસીસ્ટ અને શ્રીમતી પ્રવિણાબેન મકવાણા, સ્ટાફ નર્સ સરકારી હોસ્પિટલ ગાંધીધામને  ફરજ પ્રત્યે નિષ્કાળજી બદલ ફરજ મોકુફી ઉપર તારીખ ૧૮.૦૩.૨૦૧૧ના રોજથી ઉતારી દેવામાં આવેલ છે.
૦૩.  શ્રી બી. આર. વેશ્ય, હેલ્પર ં, રોગી કલ્યાણ સમિતિ, રામબાગ હોસ્પિટલ વેકસીનેશન કામગીરી અંગેની ક્ષતિ બદલ તાત્કાલિક અસરથી છૂટા કરવામાં આવેલ છે.

**ભવિષ્યમાં આવા બનાવ ન બને તે સારુ રાજય સરકાર દ્વારા ભરાનાર પગલાંની વિગતો**

- ભારત સરકાર  અને રાજય સરકારના આરોગ્યના અધિકારીઓની સંયુકત નિષ્ણાત ટીમ દ્વારા થનાર સૂચનો મુજબ રસીકરણની કામગીરી વધુ સુદ્દઢ બનાવવામાં આવશે.
- દરેક વેકસીનેશન સેન્ટર પર વેકસીનના બેચ, કોલ્ડ ચેઈનના સાધનો અને વેકસીન વાયલ મોનીટરની યોગ્ય તપાસ કરીને જ ફરી રસીકરણ શરૂ કરવા દરેક જિલ્લા અધિકારીશ્રીને સુચના આપાવામાં આવેલ છે.

તારીખ: ૧૯. ૦૩. ૨૦૧૧ના રોજ સમગ્ર રાજયના મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રીઓ, આરસીએચ અધિકારીશ્રીઓ અને મેડિકલ ઓફિસર, હેલ્થ, મ્યુનિસિપલ કોરપોરેશન (તમામ) અને મુખ્ય જિલ્લા તબીબી અધિકારીશ્રીઓ (તમામ) ની એક રસીકરણ કાર્યક્રમની કાર્યશિબિરનું આયોજન કરવામાં આવેલ છે કે જેમાં સમગ્ર બનાવની વિગતો અંગે અન્ય જિલ્લાઓને પણ માહિતગાર કરવામાં આવેલ છે

તથા ભવિષ્યમાં આવા બનાવ ન બને તે બાબતે વિશ્લેષણ કરી તમામ અધિકારીઓ સાથે આ બનાવના અનુભવના આઘારે આવનાર દિવસોમાં રસીકરણ કાર્યક્રમ વધારે સુદ્રઢ બનાવવા સૂચના આપવામાં આવી

**ડૉ. નીમાબેન બી. આચાર્ય** : માનનીય અધ્યક્ષશ્રી, જે બનાવ બન્યો છે એ બનાવ બનતાની સાથે તાકિદના પગલાં લેવા જોઈએ જે રીતે આપણી અપેક્ષા હતી એ રીતે વહીવટી તંત્ર પણ દોડતું થયું અને રાજ્ય આરોગ્ય વિભાગે પણ તમામ જગ્યાએ ખૂબ મહેનત કરીને આ વેક્સીનેશન તાત્કાલીક અટકાવી દીધી અને એને લીધે આપણે અનેક બાળકોના જીવ બચાવી શક્યા. જે ત્વરિત કામગીરી થઈ એને હું એપ્રિસિએટ કરુ છું. માનનીય અધ્યક્ષશ્રી, આ જે વેક્સીનેશનનો કાર્યક્રમ છે એ રાષ્ટ્રીય કાર્યક્રમ છે અને આ વેક્સીનેશનથી આપણે બાળકોને તંદુરસ્ત બનાવી શકીએ છીએ, અનેક રોગો અટકાવી શકીએ છીએ અને બાળ મૃત્યુદર ઘટાડી શકીએ છીએ. ખૂબ મહેનત કરીને આપણે ખૂબ સફળતા પ્રાપ્ત કરી છે વેક્સીનેશન કાર્યક્રમની અંદર. આજે આપણે સ્મોલપોક ભૂતકાળ બની ગયો છે, પોલિયોને પણ નિર્મૂલન કરી શક્યા છીએ અને મીઝલ્સના (ઓરીના) પણ બહું નહીવત કેસીસ થયા છે. આ વેક્સીનેશનનો કાર્યક્રમ ખૂબ જબરજસ્ત રીતે એનો પ્રસાર-પ્રચાર કરી અને જે રીતે એનું આયોજન કરવામાં આવ્યું છે અને જે જાગૃતિ લોકોમાં વેક્સીનેશન માટે કેળવવામાં આવી છે એ બહું મોટો ભગીરથ પ્રયત્ન રાજ્ય સરકાર અને વહીવટી તંત્ર દ્વારા કરવામાં આવ્યો છે. પરંતુ જ્યારે આવો એકાદ નાનકડો બનાવ પણ બનતો હોય છે ત્યારે એની બહુ વ્યાપક અસર થતી હોય છે એટલે મને ડર એ છે કે આ વેક્સીનેશનમાં જે બાળકોના મૃત્યુ થયા છે એના પરિણામે જે લોકોમાં ઉંડે ઉંડે પણ જે ડર પેદા થયો છે એ માટે આની અંદર જે પગલાં લેવામાં આવ્યા છે એને લીધે સ્થાનિક લોકોમાં પણ સંતોષ થયો છે અને ખૂબ ઝીણામાં ઝીણી વસ્તુને ધ્યાનમાં રાખીને આ પ્રોગ્રામને ક્યાંય અસર ન થાય એના માટેના પગલાં લેવામાં આવ્યા છે છતાં પણ મારો એક જ પ્રશ્ન છે કે, લોકોની અંદર ઉંડે ઉંડે પણ જે ડર હોય આ કાર્યક્રમની અંદર આ વેક્સીનની આડઅસરનું કોઈ ખરાબ પરિણામ ન આવે એને માટે રાજ્ય સરકાર દ્વારા છેવાડાના માનવી સુધી જે રીતે આપણે આ પ્રોગ્રામ પહોંચાડ્યો એજ રીતે આ આડઅસર છેવાડાના માનવી સુધી ન પહોંચે એ માટે કોઈ આયોજન રાજય્ સરકારે વિચાર્યું છે કે કેમ?

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, આ અત્યંત કરૂણ અને ગંભીર બનાવ છે. આ પ્રકારનો બનાવ આ પહેલા ૨૩મી એપ્રિલ ૨૦૦૮ના દિવસે તામિલનાડુમાં થિરુવેલ્લુર જિલ્લાના બે ગામોમાં બન્યો હતો અને તેમાં પણ માનનીય અધ્યક્ષશ્રી, ત્રણ બાળકોના મૃત્યુ થયા હતા. સંજોગોવસાત એવું બન્યું છે કે, આ રાષ્ટ્રીય કાર્યક્રમ છે અને આ કાર્યક્રમની ઉપકારકતા એટલી છે કે વર્ષે દહાડે ૫ લાખ જેટલા બાળકોના જીવ આ રસીકરણના કારણે બચે છે. ઈન્ડિયન ઈમિનોલોજીકલ લિમિટેડ કંપની એની રસી તે આ કાર્યક્રમ હેઠળ આપવામાં આવે છે. તામિલનાડુમાં પણ બનાવ બન્યો ત્યારે પણ આજ કંપનીની રસી આપવામાં આવી હતી અને આપણે ત્યાં પણ જે બનાવ બન્યો તેમાં પણ આજ કંપનીની રસી આપવામાં આવી હતી. માનનીય સભ્યશ્રીએ પ્રશ્ન કર્યો કે રાજ્ય સરકાર આ પ્રકારના બનાવો અંગે શું કાર્યવાહી કરવા માગે છે? માનનીય અધ્યક્ષશ્રી, પહેલા તો મારે માનનીય સભ્યશ્રીને એ કહેવું છે, માનનીય સભ્યશ્રી પોતે ડોકટર છે અને આ પ્રકારની પરિસ્થિતિ સામે જો ભય પ્રસરતો અટકાવવો જ હોય તો એના વિશેનું સાચું જ્ઞાન, સાચી માહિતી પ્રજા સુધી લઈ જવામાં આપણે સૌએ વાહક બનવું જોઈએ. માનનીય અધ્યક્ષશ્રી, મેં વિશ્વભરમાં આ પ્રકારના બનાવો ક્યાં ક્યાં બન્યા એ અંગેનો અભ્યાસ કરવાનો પ્રયત્ન કર્યો તો એક સાદી વાત એવી જણાય છે કે, જે એક પ્રોટીન કે જેના ઉપર આ વેક્સીન ડેવલપ કરવામાં આવે છે અને જીલેટિન એમાં મહદઅંશે જીલેટિન આ પ્રકારના રેજીસ્ટન્સ આવવા માટેનું અથવા તો આ પ્રકારનું રીએક્શન આવવા માટે કારણભૂત હોય છે અને કેટલાક જનીનોમાં આઈ.જી. વેલ્યુ આ પ્રકારના રેઝિસ્ટન્સ માટે વધી જાય ત્યારે આ પ્રકારની ઘટનાઓ બનતી હોય છે. રાજય સરકારે આ દિશામાં કોઈ ગેરરીતિ થઈ છે અથવા તો કોઈ દુર્લક્ષ્ય સેવાયું છે કે નહિ તે જાણવા માટેનો પ્રયત્ન કર્યો છે. આ બેચના લગભગ ૩.૨૫ લાખ વાયલ આ રસી આપવામાં વપરાયા છે. એમાંથી આપણી પાસે સ્ટોકમાં માત્ર ૧૬૦૦૦ કરતાં વધારે થોડાં વાયલો છે એટલે લગભગ ૩ લાખ ઉપરાંતના રસીના ડોઝ આપ્યા છે. કમનસીબે આ કિસ્સામાં જે રિએક્શન આવ્યું એટલે બેચના કારણે આવ્યું હોય તેવું પ્રાથમિક દ્દષ્ટિએ જણાતું નથી જો કે હું કોઈપણ પ્રકારનું સ્ટેટમેન્ટ કરવાથી દૂર એટલા માટે રહુ છું કે આપણે આનું જે સેમ્પલ છે તે કસૌલી ખાતેની જે વેક્સિન માટેની ઈન્સ્ટીટ્યુટ છે એમાં આપણે ચકાસણી માટે મોકલેલ છે એટલે હાલ પૂરતું હું કોઈ તારણ પર આવવા માગતો નથી. બીજી એક ચકાસણી પણ અમે કરી છે કે વાયલ જે હોય છે તેના ઉપર contamination indicator હોય છે એ annular રીંગ હોય છે એ ભૂરું થઈ જાય જો કોઈપણ પ્રકારનું contamination અથવા તો cold chain break થઈ હોય અથવા એવું કંઈ થયું હોય તો, પરંતુ પ્રાથમિક તપાસમાં એવું કંઈ જણાયું નથી, આમ છતાંય આ પ્રકારનો બનાવ ભવિષ્યમાં ન બને તે હેતુથી નીચે મુજબની કાર્યવાહી અમે હાથ પર લીધી છે. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે જણાવ્યું તે મુજબ તાત્કાલિક કરવાની કાર્યવાહી કરવા ઉપરાંત હાલ પૂરતું રાજયમાં વેક્સીનેસન કાર્યક્રમ આ બનાવ બન્યો તે બાદ તુરત જ માત્ર ત્રણ જ મિનિટમાં લગભગ ૨૯૮૯૮ એસ.એમ.એસ. દ્વારા સમગ્ર રાજયમાં ઓરીના રસીકરણનો કાર્યક્રમ સ્થગિત કરી દેવામાં આવેલો છે. જે હાલમાં પણ સ્થગિત છે. જિલ્લા ક્વોલિટિ એસ્યોરન્સ ઓફિસરને પોતાના જિલ્લાના દરેક રસીકરણ કેન્દ્રની ગુણવત્તા નિયંત્રણની ચકાસણી કરી જવા સૂચના આપવામાં આવી છે. ત્યારબાદ એક જિલ્લાની ક્વોલિટિ ઈન્સ્પેકશન ટીમ બીજા જિલ્લામાં ક્વોલિટિ ઈન્સ્પેકશન માટે મોકલી પુન:

ચકાસણી કરી લેવાશે ત્યારબાદ જ વેક્સીનેશનનો કાર્યક્રમ પુનઃ શરૂ કરવામાં આવશે. કચ્છમાં બનેલ બનાવ તેમજ ભારતમાં તામિલનાડુમાં બનેલ બનાવ તેમજ વિશ્વમાં અન્યત્ર આ પ્રકારના બનાવ જ્યાં બન્યા છે તે સંદર્ભે માનનીય સભ્યશ્રીએ સૂચના કરી કે કંપનીની આ દવા બંધ કરાવો તો આ દવા ભારત સરકારના રસીકરણ કાર્યક્રમ હેઠળ આપણને ભારત સરકાર દ્વારા આપવામાં આવે છે અને આ ઈન્ડિયન ઈમ્યુનોલોજિકલ પણ જાહેર સાહસનું યુનિટ છે અને માનનીય સભ્યશ્રી જેની સાથે સંકળાયેલા છે એ નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડનું આ યુનિટ છે. આ નિષ્ણાત જૂથને સોંપવામાં આવનાર કામગીરીમાં એક બીજું સ્ટાન્ડર્ડ ઓપરેટીંગ પ્રોસીજર એટલે કે એસ.ઓ.પી. ડેવલપ કરવા માટેની કામગીરી પણ અમે કરવાના છીએ અને આગામી પંદર દિવસમાં દરેક જિલ્લાના મુખ્ય સી.ડી.એચ.ઓ. થી માંડી અને કોરપોરેશનના આરોગ્ય અધિકારીઓ સુધીના ટ્રેનિંગ પ્રોગ્રામ કરીશું અને સ્ટાન્ડર્ડ ઓપરેટીંગ પ્રોસીજર એટલે કે એસ.ઓ.પી.ની ગુજરાતીમાં એક ફોલ્ડર અને દરેક જગ્યાએ છેવાડામાં છેવાડા સુધીના સબ સેન્ટર સુધી એનું એક પોસ્ટર લગાવાય એ રીતેની વ્યવસ્થા પણ કરીશું. પી.એમ. અને વિશેરા રિપોર્ટ તેમજ કસૌલી ખાતેના વેકસીનેશન ઈન્સ્ટીટ્યુટનો વેકસીનની ગુણવત્તા અંગેનો રિપોર્ટ મળ્યા બાદ તેને ભારત સરકારની ટીમ દ્વારા તાજેતરમાં લેવામાં આવેલ મુલાકાતમાં જો કોઈ સૂચનો અથવા તો તારણો હોય તો તે સાથે જોડીને આગળની કાર્યવાહી કરવામાં આવશે તેમજ આ તપાસમાં જો કોઈ નિષ્કાળજી બહાર આવશે તો નિયમોનુસાર કડકમાં કડક દાખલો બેસે તેવી શિક્ષાત્મક કાર્યવાહી કરીશું હાલ પૂરતું પ્રથમ દૃષ્ટિએ જે કર્મચારીઓ જવાબદાર લાગ્યા તેમની સામે અમે કાર્યવાહી કરી છે. એટલે આ સન્માનનીય સભાગૃહને હું ખાતરી આપવા માગું છું કે આરોગ્ય વિભાગે પૂરી ગંભીરતાથી આ બનાવને લીધો છે બનાવ કમનસીબ છે દસ મિનિટથી વધારે આ રિએક્શન આવે ત્યાં સમય મળતો નથી રિસકસીટેશન ઈક્વીપમેન્ટ Adrenalin ડેક્સના જેવી દવાઓ ઉપલબ્ધ હોય તો પણ મહદ્અંશે આનું રિએકશન આવ્યા પછી બચાવવાનું શક્ય અમેરિકામાં પણ નથી બન્યું, તામિલનાડુના કિસ્સામાં પણ નહોતું બન્યું એટલે આ કિસ્સામાં પણ આ બધીજ બાબતોનું આપણે ધ્યાન રાખ્યું છે અને ભવિષ્યમાં રાખીશું આ નિષ્ણાત જૂથનો અહેવાલ આવ્યા બાદ એમાં જે કંઈ ક્ષતિ જણાશે અથવા તો દુરસ્તી કરવાની જરૂર જણાશે તો તે પણ કરીશું.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ કમનસીબ બનાવના બાબતમાં હું માનનીય મંત્રીશ્રી પાસેથી કેટલીક બાબતો જાણવા માંગુ છું. માનનીય અધ્યક્ષશ્રી, આ મીઝલના જે વૅક્સિન થાય છે તેમાં adverse reaction ના કારણે સામાન્ય રીતે મૃત્યું થતાં હોય છે. નેશનલ ગાઈડ લાઈન અને ડબલ્યુએચઓની ગાઈડ લાઈન બન્ને એવી છે કે આના માટે AEFI centers establish કરવા જોઈએ જે સેન્ટર્સમાં adrenalin અને અધર રિલેટેડ ડ્રગ્સ રાખવા જોઈએ. વૅક્સિન શરૂ કરતાં પહેલાં તેની મોટા પાયે ટ્રેનિંગ આપી AEFI Center એસ્ટાબ્લીઝ કરી અને પછી જ આ પ્રકારની વ્યવસ્થા કરવી જોઈએ. મારી જે માહિતી ત્યાંથી મૅડિકલ ફિલ્ડ સાથે સંકળાયેલા લોકો પાસેથી મેળવેલી છે તે એ છે કે, સાહેબ અહીંયા એફી સેન્ટર નહોતું, જે રિએકશન આવ્યાં પછી જો adrenalin કે બીજી ડ્રગ્સ આપીએ તો બચાવી શકાય એ વ્યવસ્થા થઈ શકી નહોતી. ખાસ કરીને આ રિએકશન આવવાનું એક કારણ એ પણ હોય છે કે, આપણે જે વૅક્સિનને સ્ટોરેજ કરવાનું હોય છે તેમાં જો freezing ની અંદર કોઈ ભૂલ થાય તો પણ આ થતું હોય છે. તામિલનાડુમાં તો distilled water બદલે મેળવવામાં જ ભૂલ થઈ હતી તેના કારણે થયુ હતું અહીં મારે માનનીય મંત્રીશ્રી પાસેથી બે વિગતો જ જાણવી છે એક તો આ એફી સેન્ટર એસ્ટાબ્લીઝ થયા હતા કે કેમ ? proper ટ્રેનિંગ અપાઈ હતી કે કેમ ? adrenalin and other relevant drugs અવેલેબલ હતા કે કેમ ? અને જો આ બધું જ બરાબર હતું કોઈ પ્રોબ્લેમ જ નહોતો અને કમનસીબ ઘટના બની ગઈ તો પછી આપણે એક હેલ્પર, એક જુનિયર ફાર્માસિસ્ટ અને એક સ્ટાફ નર્સ આ ત્રણની ઉપર પગલાં લઈ લીધાં છે અને તેને સસ્પેન્ડ કરી દીધાં છે. જો બધું જ બરાબર હતું તો પેલા નિર્દોષ દંડાય છે. અને જો બરાબર નહોતું તો આ નાના માણસો જવાબદાર ના હોય આના માટે કોઈ મોટી વ્યકિત જેની સીધી સ્ટેટ ઉપરથી જવાબદારી ઉભી થાય તેની સામે પગલાં કેમ નથી લેવાયાં ?

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, કોઈ મોટી વ્યકિત સામે પગલાં લેવાયા નથી એવું માનનીય વિપક્ષના નેતાશ્રીએ કહ્યું. તો જે જવાબ વહેંચ્યો છે તેમાં જ છે કે ડો.નંદન કે જે આ હોસ્પિટલના સુપ્રિન્ટેન્ડન્ટ છે તેમને પણ શોકોઝ નોટિસ આપવામાં આવી છે. અને ઇન્વૅસ્ટીગેશનમાં જો જણાશે તો તેમની સામે પણ કાર્યવાહી કરવામાં આવશે. બીજાઓ સામે કેમ પગલાં લેવાયા ? તેના કારણોમાં મુખ્યત્વે વહીવટી કારણો છે. અને વહીવટી કારણમાં એ છે કે જે ફાર્માસિસ્ટને સસ્પેન્ડ કરાવ્યાં છે તે ફાર્માસિસ્ટને તે રજિસ્ટરમાં નોંધ્યા વગર રસી ઈશ્યુ થઈ હતી તેટલા પૂરતી તેમની ક્ષતિ જણાતાં તેમને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવામાં આવ્યાં છે. માનનીય સભ્યશ્રીએ જે વાત કહી હું માનનીય વિપક્ષના નેતાશ્રીનું ધ્યાન Indian Paediatricians Journal Volume તેમાં તામિલનાડુનો આખો કિસ્સો પાના નં. ૪૭૯ ઉપર આવેલો છે. આ કિસ્સામાં જે કહ્યું છે તે આ માનનીય વિપક્ષના નેતાશ્રીએ કહ્યું તે વાતનું સમર્થન હકીકતમાં નથી કરતો કારણ કે એ પેપર એવું કહે છે, 'As per parents and other eye witnesses, all children developed flothing at the mouth, dropping of the head, rollig of eyes balls and died within ૧૫ to ૨૦ minutes of vaccination in a camp where vaccine and diluents were carried in a cold box to the PHC, were mix up between the drug

might have happened. So, there is nothing which is connected with diluents. It is diluent and vaccine which were carried in the same nox. Now, coming to point no.૩, immediately we have administered, but, before coming to that point, before that I will go to report of WHO which says that, "As far as treatment is concerned, there is no specific medical treatment for measles to help manage symptoms which usually last for about two weeks." This is about the measles treatment, but in vaccine side effects, it says, "Measles vaccine occassionaly causes side effects in kids who do not have underlying health problem; in most common reactions, are fever between ૬ to ૧૨ years and immediate stroke" which the Honorable Leader of Opposition has mentioned. Sir, we have given the treatment, adrenalin was administered. As adrenalin was administered, the Dexona is steroid, stock of which was available upto Public Health Center. સુંદરપુરી અને રામબાગ હોસ્પિટલ બે વચ્ચેનું અંતર નથી અને ત્યાં બન્ને જગ્યાએ આ પ્રકારની સવલતો ઉપલબ્ધ હતી એટલે whether you mention it separately or not, whether or not Honorable Leader of Opposition mention, let me tell you that what is the center you are taking, it must have resuscitative equipment. We have resuscitative equipments at Rambag Hospital. We have administered Dexona at the rate of ૧૦% which is available at the hospital. We have availability of Dexona which is steriod to speed up action. Oxygen administration was possible than, so that it is not possible that without labeling a center, because this is the rarest or rare case of such kind of things happen. Without naming that, we had all the things and having all kinds of facilities available at all our major hospital, may be this was the thing provisions for which is made in the developed countries where they have lesser population and may be that they have this kind of lesser experience. So, we have facilities available. Yes, I will say. I may not have labelled it as a specific center because this is usual practice. Coming to the last point, whether training is administered or not? Answer is yes. Entire staff is administered necessary training under the National and State program as far as vaccine is concerned.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય આરોગ્યમંત્રીએ જે નિવેદન કર્યુ અને એમણે એમ કહ્યું કે આ રસીની જો આડઅસર થાય તો ટૂંક સમયમાં જ હતું ન હતું થઈ જાય. પણ એમાં અખબારોમાં જે આવ્યું છે અને મૃત બાળકોના પિતા કે વાલીઓએ જે કહ્યું છે એમાં જે યુવરાજ કરીને બાળક હતો એના મોઢામાંથી ફીણ આવતા એમણે ખાનગી હોસ્પિટલમાં લઈ જવાની તૈયારી દર્શાવી હતી, પણ ફરજ પરના તબીબે જવા ન દીધા, અને આ ક્ષતિના કારણે અમારું બાળક ગયું છે. માનનીય અધ્યક્ષશ્રી, એક વીર કરીને બાળક હતું. એને ઘરે લઈ ગયા પછી આડઅસર વર્તાણી. એટલે તાત્કાલિક અહીં હોસ્પિટલમાં એને લઈ આવ્યા. અને એને બીજે ક્યાંય લઈ જવાના બદલે હોસ્પિટલના દરવાજા બંધ કરીને પોતાનું રક્ષણ મેળવવા માટે પોલીસને બોલાવી અને એના કારણે વિલંબ થયો અને એને કારણે અમારું બાળક મૃત્યુ પામ્યું છે એમ કીધુ. અને ત્રીજાએ એમ કીધું કે હોસ્પિટલમાં રસી મૂકાયા બાદ આ બાળકી જે વૈશાલી હતી, તેને બચાવવા માટે અમે કીધું તો ખાનગી ડોકટરોને બોલાવ્યા છે એમ કહીને વિલંબમાં નાંખ્યું અને પછી ૧૦૮માં આ બાળકને જયારે ખાનગી હોસ્પિટલમાં લઈ જતા હતા, તે દરમ્યાન બાળકીનું મૃત્યું થયું હતું. આટલી ખુલ્લી હકીકતો માનનીય આરોગ્યમંત્રી સ્વીકાર શા માટે કરતા નથી અને આ સન્માનનીય ગૃહમાં જે સત્ય વાત છે તેને કહીને તમે એનો એકરાર કરો. કારણ કે આની અંદર કુદરતને મંજૂર નહીં હોય એટલા માટે આ બાળકોના મૃત્યુ થયા છે. એટલે એના માટે કાંઈ નહીં, પણ આ રસી જે છે એ આપવી નહીં એવું ઈન્ડિયન મેડિકલ એસોસિએશનના જર્નલની અંદર બધા જ સભ્યોને ખબર છે કે આ રસી વપરાય નહીં, તેમ છતાં આ રસી શા માટે સ્વીકારવામાં આવી? આપણે શા માટે આ રસી સ્વીકારી? એટલે દરેક વસ્તુ એ કેન્દ્ર સરકાર, કેન્દ્ર સરકાર, કેન્દ્ર સરકાર....

**અધ્યક્ષશ્રી** : માનનીય બાબુભાઈ, સીધા પ્રશ્ન ઉપર આવો.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : રસીકરણનો રાષ્ટ્રીય કાર્યક્રમ હોય, આપણે રસી ન બનાવતા હોઈએ અને બીજે કયાંકથી આવતી હોય, પણ આ કંપનીની રસી, એણે એમ પણ કીધું કે તમારી સંસ્થા એન.ડી.ડી.બી. દ્વારા છે. સાહેબ, એન.ડી.ડી.બી. સંસ્થા એ પશુઓ માટેની રસી કરતા હોય, અને એ જ રસી ઓરીની નાબૂદી માટે હ્યુમન બીઈંગ માટે વપરાતી હોય તો આપણે આની અંદર આરોગ્ય વિભાગે અને આ આરોગ્યમંત્રી તો બહુ સજાગ આરોગ્યમંત્રી કહેવાય છે, તો એમણે શા માટે એની કાળજી નહીં લીધી? અને મારો ખાસ મુદ્દો એ છે કે ઈન્ડિયન મેડિકલ એસોસિએશનના journal ની અંદર એમના સભ્યો જોગ આ જાણ કરવામાં આવી હતી એની માનનીય મંત્રીશ્રીને જાણ છે કે કેમ?

**શ્રી જયનારાયણ વ્યાસ**: પહેલી વાત તો એ છે કે આ ઈન્ડિયન બાયોલોજીકલ આનું એક હ્યુમન બાયોલોજીકલ્સ કરીને એક ડિવિઝન છે. માનનીય સભ્યશ્રી, આ રસી ભારત સરકાર આપે છે. આપણે લાવવાની હોતી નથી. અને હ્યુમન બાયોલોજીકલ્સ આ રસી બનાવે છે. એ રસી આપે છે. આમાં કોઈનો દોષ કાઢવાની જરૂર નથી. જે ઘટના બની છે તે કમનસીબ છે. Let us not politicize this on any issue. I am not here to politicize this on any issue on any kind of consideration. My heart is reach out for those parents who have lost their children. Please note, please note this. This is not the time for even claiing or rejoicing over the issue. સાહેબ, મૃત્યુ થયા છે, બાળકોના, મૃત્યુ થયા છે તે કરુણ છે. જે માતાએ બાળક ગુમાવ્યું છે, તે માતાને એની વ્યથા હોય. તે પિતાને એની વ્યથા હોય. My hear reach out to them on this hour of grief and this hour of sorrow. સાહેબ, પૂરેપૂરી સભાનતાપૂર્વક અને પૂરેપૂરી સંવદનશીલતાથી અમે આ લીધું છે. બીજું કે I stand on record, કોઈ મેગેઝીનમાં એવું જો છપાયું હોય કે આ રસી વાપરવની નથી અને ભારત સરકારે આ માટેની સૂચના આપી હોય તો એ માનનીય સભ્યશ્રી મને ઉપલબ્ધ કરાવશે તો જો અમારી ક્ષતિ હશે તો અમે એ સુધારીને અને જેની જવાબદારી હોય એ જવાબદારો સામે પગલાં લેવાની અમારી તૈયારી છે. It is not true. ત્રીજું કે (અંતરાય) આદરણીય બાબુભાઈ, આપણને સૌને દુ:ખ થાય છે let us not politicize this issue. (અંતરાય). I am coming to next point. Please permit me to reply.

**શ્રી બાબુભાઈ મે. શાહ**: જે બાળકોનાં માબાપે આવી વાત કરી છે તો એ બાબતમાં આપને શું કહેવાનું છે એ કહોને?(અંતરાય)

**શ્રી જયનારાયણ વ્યાસ** : When emotions mixed our arguments, exaggeration is obvious outcome. આપણે રિસર્ચ ઉપર આધાર રાખીશું. માબાપની લાગણી હું સમજું છું. I donot blame them. હું તેમનો એક ટકો પણ દોષ કાઢવા માગતો નથી. જેણે પોતાનાં બાળકો ગુમાવ્યાં છે એમને વ્યથા થાય, થાય અને થાય જ. I again say, my heart reach out to them in this hour of grief. પરંતુ આવા સમયે જયારે ઈમોશનનો ઉભરો શમી જાય ત્યારે આપણે રિસર્ચ ઉપર આધાર રખવો પડે છે અને હું જે વાંચું છું. Indian Pediatrics Volume ૪૫, June ૧૭, ૨૦૦૮ page ૪૮૦, એનું કન્કલુઝન તામિલનાડુનો ઈન્સીડન્ટ બન્યો એના પછીના એ એવું કહે છે કે, The real cause for vaccination related deaths in Tamil Nadu may never be known as the incriminated vial is not available for analysis. However, they appear to be due to human error and eminently preventable. It also appears that it would have been possible to resuscitate the affected children had resuscitative equipment and knowledge been available at site." મૂળ વાત આ છે. resuscitative માટેના ઈકયુપમેન્ટ જો અવેલેબલ હોત અને આપણી પાસે હતાં. ૧૦ થી ૧૨ મિનિટનો સમય મળે, ૯થી ૧૦ મહિનાનું બાળક હોય એ ફૂલ જેવું બાળક કહેવાય અને એનું બેલેન્સ એટલું ટૂંકું હોય કે એને તમે ૧૦ મિનિટમાં ૧૦૮ ની મદદ કઈ રીતે લઈ શકો? It was not possible. I think as a doctor, my learned fellow MLA Dr. Joshiyara, you will support me that there is a very delicate balance of ૧૦ to ૧૫ minutes. You have everything available with you, why should you permit to move things out of control. That was to be done by us at our best and was done. સાહેબ, કોન્ફીડન્સ બિલ્ડિંગ માટે તો એટલા માટે ૩ા લાખ વાયલમાંથી ૧૬ હજાર જ બચેલ છે છતાં આપણે આખા રાજયમાં વેકસીનેશન સસ્પેન્ડ કરેલ છે અને આપણને પૂરેપૂરી ખાતરી ન થાય, કોન્ફિડન્સ બિલ્ડિંગ એકસરસાઈઝ જયાં સુધી પૂરી ન થાય ત્યાં સુધી પુન: શરૂ નહીં કરાય, પરંતુ મને કહેવા દો કે આ એપ્રિલ, મે અને જૂન મહિનો એ ઓરીના વાવડનો મહિનો છે. આ વેકસીનેશનના કારણે આ દેશમાં ૩ લાખ બાળકોની જીંદગી બચે છે. That fact also we cannot overlook. (અંતરાય) એક જ બેચના છે અને એની એકસપાયરી ડેટ એ એપ્રિલ, ૨૦૧૨ છે. Any Honorable Member want any information, I am available.

## પોઈન્ટ ઓફ ઓર્ડર

### પ્રશ્નોના જવાબ લાંબા આપવાથી ઓછા પ્રશ્નો ચર્ચામાં આવવા અંગે

**શ્રી રામસિંહ પ્ર. પરમાર**: માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઈન્ટ ઓફ ઓર્ડર છે.

**અધ્યક્ષશ્રી** : આપનો પોઈન્ટ ઓફ ઓર્ડર કયા નિયમ નીચે છે? (અંતરાય)

**શ્રી રામસિંહ પ્ર. પરમાર** : મારો ઝીરો અવર્સનો પ્રશ્ન છે. (અંતરાય) મને બોલવા દો તો ખબર પડે ને કે મારો પોઈન્ટ ઓફ ઓર્ડર છે કે નહીં? (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : પોઈન્ટ ઓફ ઓર્ડર છે કે શું છે?

**શ્રી રામસિંહ પ્ર. પરમાર** : આજની પ્રશ્નોત્તરી બાબતમાં મારો પૉઈન્ટ ઑફ ઑર્ડર છે. આજની પ્રશ્નોત્તરીમાં ૨૦૦ જેટલા પ્રશ્નો પૂછવામાં આવ્યા છે એમાંથી ચર્ચામાં ફક્ત નવ જેટલા જ પ્રશ્નો આવ્યા છે.

અગાઉના વરસોની અંદર આ ગૃહની અંદર અધ્યક્ષશ્રીએ એવી પ્રણાલિકા પાડી હતી કે માનનીય સભ્યશ્રીઓ પણ ટૂંકા પ્રશ્નો પૂછે અને માનનીય મંત્રીશ્રીઓ પણ એનો ટૂંકમાં જ જવાબ આપે. અહીંયા તો એના ખાતાનો અભ્યાસ કરતા હોય અને ભાષણ આપતા હોય એમ જવાબ આપે છે. માનનીય સભ્યશ્રીઓ પોતાના વિસ્તારમાં પ્રશ્ન ન પતે ત્યારે અહીંયા પૂછતા હોય છે. અહીંયા અમારો પ્રશ્ન ચર્ચામાં આવતો નથી અને લાંબા લાંબા જવાબો આપે છે એ બાબતમાં હું આપની પાસે માર્ગદર્શન માગુ છું.

**અધ્યક્ષશ્રી** : માનનીય રામસિંહભાઈએ પૉઈન્ટ ઑફ ઑર્ડર ઊભો કર્યો છે એમાં અગાઉ પણ મારી ભૂતકાળના અધ્યક્ષશ્રીઓના પણ રૂલિંગ છે અને મેં પણ રૂલિંગ આપ્યું છે કે પ્રશ્નોત્તરીનો સમય છે એ અત્યંત મહત્ત્વનો હોય છે, દરેક સભ્યશ્રીની લાગણી હોય છે કે એમનો પ્રશ્ન ગૃહમાં ચર્ચાય, ત્યારે સભ્યશ્રીઓની પણ કેટલીક જવાબદારી આવે છે કે તેઓ ટૂંકમાં પૂરક પ્રશ્નો પૂછવા જોઈએ. સભ્યશ્રીઓ ટૂંકમાં પ્રશ્ન પૂછશે તો માનનીય મંત્રીશ્રીઓ પણ ટૂંકમાં જવાબ આપવા માટે એમણે માનવું પડશે. આમ બંને પક્ષની જવાબદારી છે. આવનાર પ્રશ્નોત્તરી સમયમાં સભ્યશ્રીઓએ અને મંત્રીશ્રીઓએ આની તકેદારી રાખે એટલી મારી વિનંતી છે.

# માગણીઓ પર ચર્ચા અને મતદાન(સાતમો દિવસ)

## મહેસૂલ વિભાગ

### માગણી ક્રમાંક:૬૮

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ ( મહેસૂલમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું મહેસૂલ વિભાગને લગતી સેવા અંગેની મહેસૂલ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂા. ૨૫,૬૮,૮૭,૦૦૦ની માગણી ક્રમાંક ૬૮ રજૂ કરુ છું.

**માગણી ક્રમાંક ૬૮ રજૂ કરવામાં આવી.**

**શ્રી અશ્વિન કોટવાલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧ રજૂ કરુ છું

**કાપ દરખાસ્ત ક્રમાંક-૧ રજૂ કરવામાં આવી.**

**શ્રી ઈશ્વરભાઈ ન. વહીઆ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨ રજૂ કરુ છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી અમિતકુમાર અ. ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩ રજૂ કરુ છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૪ રજૂ કરુ છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૪ રજૂ કરવામાં આવી.**

કાપ દરખાસ્ત ક્રમાંક-૫ માનનીય સભ્યશ્રી ગેરહાજર

**શ્રી બચુભાઈ ના. કિશોરી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૬ રજૂ કરુ છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૬ રજૂ કરવામાં આવી.**

**શ્રી મોહંમદ ફારૂક હુ. શેખ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૭ રજૂ કરુ છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૭ રજૂ કરવામાં આવી.**

**શ્રી મણીભાઈ દે. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૮ રજૂ કરુ છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૮ રજૂ કરવામાં આવી.**

**શ્રી પુનાભાઈ ઢે. ગામીત** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૯ રજૂ કરુ છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૯ રજૂ કરવામાં આવી.**

કાપ દરખાસ્ત ક્રમાંક-૧૦, માનનીય સભ્યશ્રી ગેરહાજર.

**શ્રી ખુમાનસિંહ રા. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૧ રજૂ કરુ છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૧૧ રજૂ કરવામાં આવી.**

**શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૨ રજૂ કરુ છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૧૨ રજૂ કરવામાં આવી.**

### માગણી ક્રમાંક-૭૮

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, જિલ્લા વહીવટની સેવાને લગતી મહેસૂલ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂા. ૩,૨૫,૬૬,૦૬,૦૦૦ની માગણી ક્રમાંક- ૭૮ રજૂ કરુ છું.

**માગણી ક્રમાંક-૭૮ રજૂ કરવામાં આવી.**

કાપ દરખાસ્ત ક્રમાંક-૧૩, માનનીય સભ્યશ્રી ગેરહાજર

**શ્રી દેવજીભાઈ ગો. ફતેપરા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૪ રજૂ કરુ છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૧૪ રજૂ કરવામાં આવી.**

**શ્રી કુંવરજીભાઈ ન. હળપતિ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૫ રજૂ કરુ છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૧૫ રજૂ કરવામાં આવી.**

**શ્રી રાઘવજીભાઈ હં. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૬ રજૂ કરુ છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૧૬ રજૂ કરવામાં આવી.**

**માગણી નંબર-૭૯**

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, કુદરતી આફતો અંગે રાહત સેવાને લગતી મહેસૂલ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂા. ૧૦,૫૯,૬૮,૩૨,૦૦૦ અને મૂડી ખર્ચ માટેની રૂા. ૨,૧૦,૦૦,૦૦,૦૦૦ની માગણી ક્રમાંક-૭૯ રજૂ કરુ છું.

**માગણી ક્રમાંક-૭૯ રજૂ કરવામાં આવી.**

કાપ દરખાસ્ત ક્રમાંક-૧૭ માનનીય સભ્યશ્રી ગેરહાજર

**ડૉ. અનિલ જોષીયારા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૧૮ રજૂ કરવામાં આવી.**

**શ્રી હરીલાલ મો. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૧૯ રજૂ કરવામાં આવી.**

**શ્રી લાલસિંહ ઉ. વડોદીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૨૦ રજૂ કરવામાં આવી.**

કાપ દરખાસ્ત ક્રમાંક-૨૧ માનનીય સભ્યશ્રી ગેરહાજર.

**માર્ગ અને મકાન વિભાગ**

**માગણી કમ્રાંક-૮૫**

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ (માર્ગ અને મકાનમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું રહેણાંકના મકાન સેવાને લગતી માર્ગ અને મકાન વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂા. ૧,૩૯,૧૬,૩૬,૦૦૦ની અને મૂડી ખર્ચ માટેની ૮૧,૧૪,૯૨,૦૦૦ની માગણી ક્રમાંક-૮૫ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક-૮૫ રજૂ કરવામાં આવી.**

કાપદરખાસ્ત ક્રમાંક-૨૨ માનનીય સભ્યશ્રી ગેરહાજર

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૨૩ રજૂ કરવામાં આવી.**

**શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૨૪ રજૂ કરવામાં આવી.**

**માગણી ક્રમાંક-૮૬**

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ (માર્ગ અને મકાનમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું માર્ગો અને પુલ સેવાને લગતી માર્ગ અને મકાન વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂા. ૧૮,૨૫,૦૩,૭૧,૦૦૦ અને મૂડી ખર્ચ માટેની રૂા. ૧૬,૨૬,૦૩,૭૧,૦૦૦ની માગણી ક્રમાંક-૮૬ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક-૮૬ રજૂ કરવામાં આવી.**

**શ્રી ધીરસિંહ કરશનભાઈ બારડ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૨૫ રજૂ કરવામાં આવી.**

કાપ દરખાસ્ત ક્રમાંક-૨૬ માનનીય સભ્યશ્રી ગેરહાજર.

**શ્રી રામસિંહ પ્ર. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૨૭ રજૂ કરવામાં આવી.**

**શ્રી ધીરૂભાઈ ચુ. ભીલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૨૮ રજૂ કરવામાં આવી.**

**શ્રી પરંજયાદિત્યસિંહજી કૃ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૨૯ રજૂ કરવામાં આવી.**

**માગણી ક્રમાંક-૮૭**

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ (માર્ગ અને મકાનમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત પાટનગર બાંધકામ યોજના સેવાને લગતી માર્ગ અને મકાન વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂા. ૧૨,૯૮,૮૬,૦૦૦ અને મૂડી ખર્ચ માટે રૂા. ૧,૦૦,૮૨,૦૦,૦૦૦ની માગણી ક્રમાંક-૮૭ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક-૮૭ રજૂ કરવામાં આવી.**

કાપ દરખાસ્ત ક્રમાંક-૩૦ માનનીય સભ્યશ્રી ગેરહાજર.

**શ્રી મોહનસિંહ છો. રાઠવા :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૩૧ રજૂ કરવામાં આવી.**

કાપ દરખાસ્ત ક્રમાંક-૩૨ માનનીય સભ્યશ્રી ગેરહાજર.

**શ્રી જોધાજી ગુ. ઠાકોર :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૩૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી દીતાભાઈ ભી. મછાર :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૩૪ રજૂ કરવામાં આવી.**

**શ્રીમતી વસુબેન ત્રિવેદી (મહિલા અને બાળ વિકાસમંત્રીશ્રી-રાજયકક્ષા) :** માનનીય અધ્યક્ષશ્રી, હું મહિલા અને બાળ વિકાસ સેવાને લગતી મહિલા અને બાળ વિકાસ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂા. ૫,૯૩,૫૧,૦૦૦ની માગણી ક્રમાંક-૧૦૫ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક-૧૦૫ રજૂ કરવામાં આવી.**

કાપ દરખાસ્ત ક્રમાંક-૩૫ માનનીય સભ્યશ્રી ગેરહાજર.

**શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૩૬ રજૂ કરવામાં આવી.**

**શ્રી બાવકુભાઈ ના. ઉંધાડ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૩૭ રજૂ કરવામાં આવી.**

**શ્રી અમરસિંહ રા. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૩૮ રજૂ કરવામાં આવી.**

**શ્રી માનસિંહ કો. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૩૯ રજૂ કરવામાં આવી.**

**શ્રી હીરાભાઈ હ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૪૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૪૦ રજૂ કરવામાં આવી.**

**અધ્યક્ષશ્રી:** હવે માગણીઓ અને તેન ઉપર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા કરવામાં આવશે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા (પોરબંદર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે તેમાં હું મારા વિચારો વ્યકત કરવા ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, મહેસૂલ વિભાગ છે એ જમીન સાથે જોડાયેલો વિભાગ છે અને આ મહેસૂલ ખાતુ છે એ ખાતું ખાતુ છે અને એક જમાનો એવો હતો અને ફરી પાછો એવો જમાનો આવ્યો છે કે રાજાઓની અને રાજયની જે સંપત્તિ હતી અને જે વ્યકિતગત સંપત્તિ હતી તે પણ એમાં બીજું કશું નહીં પણ જમીન અને પશુધન છે. એ જ માત્ર સંપત્તિઓ ગણાતી હતી અને એને જ બાર્ટર સિસ્ટમથી લે-વેચ થતી હતી. એને માટેના કાયદાઓ આપણે ત્યાં એ જમાનામાં નહોતા. પરંતુ મોગલોના શાસનના જમાનામાં અને છેલ્લે બ્રિટ્રીશ શાસનમાં એના કાયદાઓ બન્યા અને જમીનની પહેલી વખતે ૧૯૩૧માં માપણી થઈ એ પછી કમનસીબે માપણી થઈ શકી નથી અને એ વખતે રેવન્યૂ વિભાગ હેઠળ બ્રિટ્રીશ શાસનમાં જે દસ્તાવેજો થયા એ દસ્તાવેજોની બરાબરી કરી શકાય એવા દસ્તાવેજો આપણે ઊભા કરી શક્યા નથી એટલી ચોકસાઈ અને એટલી મહેનતથી રેકર્ડ ઉપલબ્ધ કરાવ્યું છે એ આજે પણ ગામડામાં જઈએ અને ૬ નંબરનું રેકર્ડ છે દસ્તાવેજ છે એ ઓરીજીનલ રેકર્ડ જોઈએ, એવા કાગળો, એવા અક્ષરો, એવી સ્ટેશનરી આજે ઉપલબ્ધ ન કરાવી શકાય એવી એ સમયે ઉપલબ્ધ કરાવી છે અને રેવન્યૂ અધિકારીઓ છે એને માટે ખાસ રેવન્યૂ કોડ ઊભો કરવામાં આવ્યો. તલાટી મંત્રીએ શું કરવાનું? કેટલા વખતે ગામડામાં જવાનું? કેટલો વખત ત્યાં રહેવાનું? રેવન્યૂ રેકર્ડની દુરસ્તી કેવી રીતે કરવાની? તલાટી મંત્રી, મામલતદાર, ડૅપ્યુટી કલેક્ટર, કલેક્ટરે મહિનામાં એક વખત ગામડામાં જવાનું અને રેવન્યૂ રેકર્ડ તપાસવાનું, એના હદ નિશાન ચેક કરવાના. આજે રેવન્યૂ અધિકારીઓ માટેના જે રેવન્યૂ કોડ છે એ એમને એમ છે અને સવાલ એ થાય છે કે, કલેક્ટરો ગામડામાં કેટલી વખત ગયા? અને કેટલી વખત હદ નિશાન તપાસ્યા? આજે ગામડાઓમાં હદ નિશાન જેવું કશું રહ્યું નથી. હદ નિશાન ચેક કરવા, ઈન્સ્પેકશન કરવું, કચેરીઓની તપાસ કરવી એમાંનું કશું થતું નથી. આ સરકારે રેવન્યૂના અધિકારીઓ અને કલેક્ટરો માટે નવા કોડ બનાવ્યા છે અને એના આધારે એના સી.આર. લખાય છે અને એના આધારે કલેક્ટરોનું જબરજસ્ત મજબૂત ઈન્સ્ટીટયુશન હતું એ ઈન્સ્ટીટયુશનને કહ્યાગરી ઈન્સ્ટીટયુશન બનાવી દેવામાં આવી છે અને આ કલેક્ટરશ્રીઓએ કામ શું કરવાનું? (અંતરાય) (પગે લાગવાનું) પગે લાગવાનું કામ તો એ કરે છે. પણ એમ કહેવાનું કે, અમારા મુખ્યમંત્રી એ મુસ્લિમોના રહીમ, હિન્દુઓના રામ અને ક્રિશ્ચનોના ઈશુ.

માનનીય અધ્યક્ષશ્રી, હું વાત એ કરતો હતો કે, આ કલેક્ટરોના ઈન્સ્ટીટયુશન, ડૅપ્યુટી કલેક્ટરોના ઈન્સ્ટીટયુશન એટલી બધી ઈરોડેડ થઈ ગઈ છે કે, આજે એનું મુખ્ય કામ શું? તો કહે કે મુખ્યમંત્રીશ્રીના કાર્યક્રમની

અંદર એના ઈવેન્ટસ મેનેજર બનવાનું. ઈવેન્ટસ મેનેજરનું શું કામ? તો કહે કે, મિટિંગો બોલાવો અને મુખ્યમંત્રીશ્રીના કાર્યક્રમોમાં ગમે તેમ કરીને સંખ્યા થવી જોઈએ. એનું ફંડ ઘટતું હોય તો લઈ આવો એ પછી ગેરકાનૂની રીતે કે કાનૂની રીતે આ પૈસા મેળવીને કાર્યક્રમો કરવા. કાર્યક્રમો થાય, મોટા થાય એમાં કોઈ સવાલ નથી. પણ એના કાર્યક્રમો ભારતીય જનતા પાર્ટીના પ્રમુખે કરવાના હોય, કલેક્ટર ભારતીય જનતા પાર્ટીના નથી. માણસો લઈ આવવાની જવાબદારી એના કાર્યકરોની છે. પણ અહીં તો એમ કહેવાયું કે, પ્રાથમિક શાળાના શિક્ષકો, તલાટી મંત્રીઓ, આંગણવાડી કાર્યકર બહેનોએ એ બધાને લઈ આવે. જો ભારતીય જનતા પાર્ટીમાં માણસો લઈ આવવાની એનામાં ક્ષમતા ન હોય તો એ વિખેરી નાખવી જોઈએ. સરકારી તંત્રનો આવી રીતે ઉપયોગ ન કરી શકાય. હું વાત એ કહતો હતો કે, રેવન્યૂ તંત્ર છે એનો પૂરેપૂરો રાજકીય ઉપયોગ આજે થઈ રહ્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, અહીં મુખ્યમંત્રીશ્રીના કાર્યાલયમાંથી સીધી સૂચનાઓ જાય, વિભાગોમાંથી ના જાય, ત્યાંથી જાય અને એમ કહેવાય કે તમારે આટલા આટલા કાર્યક્રમો છે એમાં આ કરવાનું છે. હું હમણાં જ દાખલો આપું ૩૦મી જાન્યુઆરીએ પોરબંદર મુખ્યમંત્રીશ્રી આવવાના હતા, કલેકટરશ્રીએ સૂચના આપી કે જેટલા બ્લડ કલેકશનના કેમ્પો થવાના છે એ બધા જ બંધ કરી દો, ૩૦મી તારીખે બધાએ રાખવા, થેલીસીમીયાના દર્દી હોય, બીજી જરૂરિયાત હોય તો મુખ્યમંત્રી આવે ત્યાં સુધી બ્લડ માટે એની રાહ જોવાની અને યમરાજાને રોકી શકવાની તાકાત આપણામાં છે ખરી? પણ ન કરવા દીધા. આખરે મુખ્યમંત્રીશ્રી આવ્યા નહીં, એટલે કલેકટરશ્રીને કહેવામાં આવ્યું કે મોટામાં મોટા લાઈમસ્ટોન ચોરના હાથે ઉદ્દઘાટન કરાવે એટલે એના હાથે કરાવ્યું, વાત એ કરતા હતા કે આ પ્રકારનું શાસન ચાલે છે. માનનીય મંત્રીશ્રીએ ગયા વખતે કીધું હતું કે ૧૯૭૧માં માપણી થઈ પછી અત્યાર સુધી કોઈને સૂજયું નહીં, મારી સરકારે શરૂ કર્યુ, માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની સરકારે શરૂ કર્યુ, માનનીય મંત્રીશ્રીને કહું કે જરાક બજેટબુકમાંથી જોઈને બોલવું જોઈએ, આ યોજના ભારત સરકારની છે. NLRMP યોજનામાં ૨૦૦૯-૧૦ની અંદર બે જિલ્લાઓનો સમાવેશ કર્યો, જામનગર અને પાટણ. પણ આજે એનું કામ પૂરું થયું નથી. એ ૫૦ ટકા કેન્દ્રિય સહાય વાળી યોજનામાં હજી બાકીના તમામ જિલ્લાઓને ૧૪-૧૫ સુધીમાં માપણી કરી દેવાની છે. પૂરતું ફાળવણું કર્યુ છે પણ એના માટેની તૈયારી આપણે કરી નથી. રેવન્યુ જે ડીસ્ટ્રીકટ લેન્ડ ઈન્સ્પેકટર ઓફ લેન્ડ રેકોર્ડસનો આજે મોર્ડન રેકોર્ડરુમ બનાવવાનો છે એમાં પણ કેન્દ્ર સરકારની યોજના છે પણ એના પૈસા પણ આપણે પૂરા વાપરી શકતા નથી. મેં તો દાખલા આપીને, ફરીયાદ કરીને કહ્યું છે કે ડિસ્ટ્રિક્ટ ઇન્સ્પેક્ટર ઑફ લેન્ડ રેકોર્ડસની અંદર સ્ટાફ ન હોવાથી આજે પણ જે સરકારી જમીન સરકારી વિભાગોને આપવાની છે એક એક વર્ષ સુધી એ અધિકારીઓ ધક્કા ખાય છતાં નિશાળો હોય, છાત્રાલયો હોય, સરકારી હોય એની માપણી ના થઈ શકે, કલેક્ટરનો ઑર્ડર થયા છતાં એના કારણે બજૅટમાં જોગવાઈ હોવા છતાં એ વર્ષમાં એના બાંધકામો થઈ શકતા નથી, આ સ્થિતિ આજની છે. આ પ્રકારની વ્યવસ્થા જ્યાં હોય ત્યાં રેવન્યુનું વહીવટીતંત્ર સક્ષમ કેવી રીતે બનાવી શકાય આમાં ? જમીનોની નીતિ છે એ પહેલા અલગ હતી, આઝાદી આવી પછી એના પછી જુદી નીતિ અપનાવાઈ, ખેડે તેની જમીન કોંગ્રેસ એનો કાયદો લાવી કે જે ખેડૂત ખેડતો હોય એ જ જમીન ધારણ કરી શકે. સૌથી પહેલો કાયદો એ કોંગ્રેસ સરકાર લઈ આવી, એમ કીધું કે માત્ર ખેડૂત જ ખેતીની જમીન ખરીદી શકે, અને એના પછી જે લોકો ખેતમજૂર હોય એને જમીન એવી આપી નવી શરતની કે એ જમીન એ વેચી શકે નહીં ખેતમજૂર. જમીન ધારણ કરી શકે, વેચી ના શકે. એના પછી ૧૯૮૦ની સાલની અંદર ઘરથાળના પ્લોટ, વીસ મુદ્દાના કાર્યક્રમ હેઠળ ગમે તે માંગે, જેની પાસે જમીન ન હોય એ બધાને આપવાના, એ નિયમ લઈ આવ્યા, શહેરી વિસ્તારો અને ગ્રામ્ય વિસ્તારોની અંદર ગ્રામ્ય ગૃહનિર્માણ બોર્ડ, હાઉસિંગ બોર્ડ, હળપતિ બોર્ડ, સ્લમ કલીયરન્સ બોર્ડ, એના માટે જમીનો છે એ રીઝર્વેશન રાખવાના કાયદા આવ્યા, આજે આ જે જમીનોના રીઝર્વેશનો હતા એ પૈસા લઈને હટાવી દેવામાં આવ્યા, એટલા માટે કે બિલ્ડરોની નજર છે આવા ઉપર શા માટે આ જેના માટે જમીનો છે એને અત્યારે નવા રીઝર્વેશનો મૂકાતા નથી? આજે ગરીબ માણસોને શહેરમાં જમીન જોઈએ છે, પણ એક મકાન બનાવાતું નથી, ગ્રામીણ વિસ્તારમાં બનાવાતું નથી, માત્ર ભારત સરકારમાંથી જે યોજના આવે એ ઈન્દિરા આવાસ યોજના હોય કે શહેરોમાં રાજીવ આવાસ યોજના હોય એ સિવાયની કોઈ યોજનાનો અમલ ન કરવાનો કે એના માટે મકાનો નહીં આપવાના અને જે બાબતો આવે તો એમ કહે કે બી.પી.એલ. હોય તો જ તમને મળે, બાકીનાને ન મળે, આ ઉદ્યોગગૃહોને જમીન અપાય છે એ બી.પી.એલમાં છે? પણ છતાં એને માગે ત્યાં જમીન મળી જાય પણ ગરીબ લોકો છે એને જમીન ન મળે, શહેરી વિસ્તારોની અંદર નિશાળો હોય, સામાજીક શૈક્ષણિક ધાર્મિક વ્યકિત, સંસ્થાઓ હોય એને રાહત દરે કોંગ્રેસપક્ષે અહીંયા જ્યારે સરકાર હતી ત્યારે જમીનો આપી, અક્ષરધામની જમીન પણ એ વખતે અપાય, તમે ભલે મંદિરો તોડ્યા હોય પણ એ વખતે મંદિર બાંધવા જમીન ત્યારે અપાઈ હતી. સાથણીથી ખેતમજૂરો અને માજી સૈનિકોને જમીન અપાય હવે તમે નવી શરતમાંથી જૂની શરત કરી અને બધી જ જમીનો માલેતુજાર લોકોએ હડપ કરી લીધી. આજે જે ખેતમજૂરને, માજી સૈનિકને કૉન્ગ્રેસે ખેડૂત બનાવ્યા હતા એ ફરી તમારા બધાની નીતિને કારણે ખેતમજૂર થઈ ગયા. એ ફરી તમારી બધી નીતિના કારણે ખેતમજૂર બની ગયા. આઠ કિલોમિટરની ત્રિજ્યાનો કાયદો કાઢી નાખ્યો એના કારણે બિલ્ડરો એ ખેડૂત હતા, હજાર બે હજાર કરોડના માલિકો છે એ જમીનો લેવા માંડ્યા. જે પ્રોગ્રેસીવ કાયદા હતા એમાંથી પીછેહઠ કરતા ગયા. ૧૯૯૭-૯૮માં શ્રી શંકરસિંહ વાઘેલાની સરકાર આવી અને એમણે જે પછાત

જાતિઓ હતી અને પ્રોગેસીવ જાતિઓને પણ એ રબારી હોય, ભરવાડ હોય, કોળી સમાજ હોય, પટેલ સમાજ હોય બધાને શૈક્ષણિક હેતુ માટે આ ગાંધીનગરમાં જમીનો આપી. આજે એમની સંસ્થાઓની અંદર બાળકો ભણી રહ્યા છે. પણ આ સરકારે આવીને શું કર્યું ? આમાંથી કશું કર્યું ખરું તો કહે ના. જેને જેને જમીન અપાઈ હતી એ જમીનો પાછી લેવાનું કર્યું. હમણાં હમણાં તો નવી સૂચનાઓ ગઈ છે કે જેને શરતી જમીન અપાઈ છે એ બધી જ જમીનો પરત લેવામાં આવે. માત્ર એક ભાવનગર જિલ્લાની અંદર જ મને જે જવાબ અપાયો છે એ પ્રમાણે ૨૭૦ હેક્ટર જમીન એટલે ૧૫૦૦ વીઘા જમીન પરત કરી. આ કેસમાં ખાલસા કરીને લઈ લેવામાં આવી છે. એણે તો બિચારાએ શરતભંગ ક્યાંક કરી હશે અથવા તો એમાં પણ એને સાંભળ્યા વગર. પણ સુરતની અંદર ૨૦૦-૨૫૦ જમીન જંગલની દબાવી દીધી છે એને ખાલી કરવાની કેમ હિંમત નથી કરતાં? આ ગાંધીનગર સરખેજ હાઈવે ઉપર એક જાણીતી ક્લબ કે જ્યાં માનનીય મુખ્યમંત્રીશ્રીના બે કાર્યક્રમો થાય છે એ જમીન સરકાર હસ્તક થયેલી જમીન એ જમીન પાછી શા માટે નથી લેતા? વાત એ કરતો હતો કે આ સરકારની નીતિ એવી છે કે માલેતુજાર લોકો માટેની નીતિ છે. કોંગ્રેસની સરકાર હતી ગાંધીનગરમાં અને આખા રાજ્યની અંદર સરકારી કર્મચારીઓને પ્લોટ રાહત દરે આપવાની યોજના કોંગ્રેસની સરકાર લઈ આવી. પણ આ સરકારે ગાંધીનગરની અંદર જમીન આપવી હોય તો એ ગરીબ લોકોને કે નાના લોકોને આપવી જોઈએ. પુરી ફાઉન્ડેશનને જમીન અપાય, ગાંધીનગરમાં એ ઉપરાંત કોને કોને જમીન અપાઈ છે? આંકડાઓ મોજૂદ છે. કેટલી ફાળવી અપાઈ? ગાંધીનગરની અંદર એસ.ઈ.ઝેડ બનાવવા માટે જુદી જુદી કંપનીઓને જે જમીન અપાઈ છે એમાં એક્વા લાઈન પ્રોપર્ટી રાહેજાને ૪૭૦ના ભાવે કેટલી જમીન ૩ લાખ ૭૬ હજાર ૫૬૧ ચોરસમીટર જમીન. ૪૭૦ રૂપિયાના ભાવે. ડી.એલ. એફ. કંપનીને એક ચોરસમીટરના પાંચ હજાર લેખે ૧ લાખ ૧ હજાર ૨૦૦ ચોરસમીટર જમીન. ટાટા કન્સલ્ટન્સીને ૧૧૦૦ના ભાવથી ૧ લાખ ૩ હજાર ૧૯૪ ચોરસમીટર જમીન, સત્યમ કોમ્પ્યુટર રામલીંગમની કંપનીને ૧૧૦૦ના ભાવે ૧ લાખ ૫ હજાર ૨૨૨ ચોરસમીટર જમીન, આ જમીનો એને અપાય. પણ ગાંધીનગરની અંદર સાઉથ વેસ્ટ એક કમાન્ડ જે જોધપુરમાં હતું એને આપણે પ્રોમિસ કર્યું હતું કે તમે એને ગાંધીનગરમાં લઈ આવો. અમે તમને ખૂબ સસ્તા ભાવે જમીન આપીશું. જેની જવાબદારી આપણા આખા સાઉથ વેસ્ટ કમાન્ટની હતી એને આપણે અહીં લઈ આવ્યા હેડક્વાર્ટર બનાવવા માટે. એણે ૧૯૯૯માં જમીન માગી. ૨૦૦૩માં ઓર્ડર થયો ત્યારે એને કહ્યું કે તમારા સામાન્ય રીતે એનો વિકાસ દર છે એ ૯૦૦ રૂપિયા છે જે અમે ૧૧૦૦ રૂપિયાના ભાવે બધાને આપીએ છીએ. એ જમીન છે એના કરતાં આઠ ગણા ભાવે એટલે કે ૭૨૦૦ રૂપિયા ભરો તો તમને આપીએ. આ રાહેજાને અને રાજુ રામલીંગમને એ બન્નેને ૪૭૦ અને ૧૧૦૦ રૂપિયા અને ડીફેન્સને એના હેડ ક્વાર્ટર માટે ૭૨૦૦ રૂપિયા. એ લોકો થાકી ગયા. ૨૦૦૭ સુધી પત્ર વ્યવહાર કરતા રહ્યા એનો કાંઈ જવાબ ન અપાયો. મને ખબર પડી. મેં મુખ્યમંત્રીશ્રીને કાગળ લખ્યો. કશો ફરક ન પડ્યો. વડાપ્રધાનશ્રીને કાગળ લખ્યો એટલે વડાપ્રધાનશ્રીના કાર્યાલયે અહીંયા પત્ર લખ્યો. અને પત્રની અંદર કહ્યું કે:-

The Government of Gujatrat is providing priceless land to the builders at a throw away price. Recently the Narendra Modi Government has given land to Raheja Builders and DLF at the rate of Rs.૨૦૦ to ૫૦૦ per sq.meter. The market prate of prime land is more than Rs.૭૦૦૦/- per Sq. Metre. And for the undeveloped land which is proposed to be allotted to the Air force, the Government of Gujarat is asking Rs.૧૧૦૦/- per sq.metre of which the actual market price from the Air Force. It is, therefore, requested that the Government of Gujarat may kindly be asked to be rational in the allotment of land to the Indian Air Force in the National interest.

માનનીય અધ્યક્ષશ્રી, આ કાગળ આવ્યો પછી એણે ૪૭૦ ના ભાવે તો ના આપી અને રાહેજાને ૪૭૦ રૂપિયાના ભાવે માત્ર બે વર્ષમાં જમીન આપી. જ્યારે સ્વાકને ૨૦૦૨ પછી ૨૦૦૮ ની અંદર ૧૧૦૦ રૂપિયે આપી એ પણ પ્રાઈમ મિનિસ્ટરે પત્ર લખ્યા પછી અને એમાં રાહેજાને આપી એમાં માનનીય મુખ્યમંત્રીશ્રીને કે સરકારને ખોટું ના લાગ્યું પણ આ પત્ર આવ્યા પછી હું ફાઈલ ઉપરની વિગત વાંચું છું :- પાના નંબર ૨૪૧/૫ ઉપરની માનનીય વડાપ્રધાનશ્રીના કાર્યાલયની નોંધ કટાક્ષયુક્ત ભાષામાં લખાયેલી છે. માનનીય મુખ્યમંત્રીશ્રીને કેવું ખરાબ લાગ્યું અને તે સાચી પરિસ્થિતિનું નિરૂપણ કરતી નથી. તેથી તે બાબતે વિગતવાર ચર્ચા કરવી. યોગ્ય છે જે અન્વયે મહેસૂલ વિભાગને સંબંધ છે ત્યાં સુધી બાકીના કાગળો આ પ્રમાણે છે. માનનીય વડાપ્રધાનશ્રીના કાર્યાલયની કટાક્ષયુક્ત ભાષામાં (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : બે મિનિટનો સમય છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : લખાયેલ હોય મુખ્યમંત્રીશ્રી તેમજ માનનીય મંત્રીશ્રીને (અંતરાય) રજૂ કરવી. માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રમાણે જમીનોના વહીવટો ચાલે છે. માનનીય અધ્યક્ષશ્રી, વાત એ થતી હતી કે અહીંયા CRF અને NCCF માં માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે આપણે ત્યાં સરવે કરાવ્યો અને ૨૪૨ કરોડ રૂપિયાનું ખેડૂતોને નુકસાન ગયું. આ વર્ષે ૩૯૫.૪૨ કરોડ CRF અને NCCF માં જમા છે અને ટોટલ આપણે વાપરી શકીએ ૨૦૧૪-૧૫ સુધીમાં એ ૨૭૭૪.૫૫ કરોડ રૂપિયા વાપરી શકીએ આવી, કલેનીમીનીટીઝ માટે પણ ખેડૂતો

માટે વાપરવા નથી. સબસિડી આપવી હોય તો ટાટા-નેનોને અપાય પણ ખેડૂતોને ના અપાય અને એને કારણે આપણા ખેડૂતો છે એને આપઘાત કરવાનું પ્રમાણ પણ વધે છે. હું રિપીટ કરું છું કે નરેન્દ્ર મોદીના શાસનની અંદર ૫૪૪૭ ખેડૂતોએ આ જ કારણસર આપઘાત કર્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું મહિલા અને બાળકલ્યાણ વિભાગ ઉપર વાત કરીશ. આપણી મહિલા અને બાળ વિકાસની અંદર ખરાબ સ્થિતિ છે એના આંકડા સરકારે જ આપ્યાં છે. જે માતાનો મૃત્યુદર છે ૧ લાખ જીવિત બાળકોએ એમાં ગુજરાત છઠ્ઠા સ્થાને છે. કેરાલાની અંદર ૯૫ માતા મૃત્યુ પામે છે, તામિલનાડુની અંદર ૧૧૧ માતા મૃત્યુ પામે છે, મહારાષ્ટ્રમાં ૧૩૦, પશ્ચિમ બંગાળમાં ૧૪૧, આંધ્રપ્રદેશમાં ૧૫૪ અને ગુજરાતમાં ૧૬૦ માતા મૃત્યુ પામે છે. બાળ મૃત્યુ છે એમાં ગુજરાત (અંતરાય) છેવાડાના ૫૦ (અંતરાય) બે મિનિટમાં પૂરું કરીશ.

**અધ્યક્ષશ્રી** : પ્રાગજીભાઈ (અંતરાય) આપના દંડકશ્રી કહે તો મને વાંધો નથી.

**શ્રી ઈકબાલ પટેલ** : એમનું વાકય પૂરું થઈ જાય ત્યાં સુધી.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, એ જ રીતે ગુજરાતમાં બાળ મૃત્યુ દર છે એમાં આપણે ૨૫માં સ્થાને છીએ, એટલા બધા પાછળ છીએ. છેલ્લે જે વાત કરવાની હતી તે એ છે કે આ જેમ મહિલા અને બાળકલ્યાણ વિભાગની અંદર જે આંગણવાડી કાર્યકર બહેનો છે એ ભારતીય જનતા પાર્ટીની કાર્યકર બહેનો નથી. એનું કામ છે બાળકોની સંભાળ રાખવાનું, એની પાસેથી જે પક્ષીય કામ લેવામાં આવે છે, રાજકીય કામ લેવામાં આવે છે એના કારણે આ બાળકોનો વિકાસ થતો નથી અને એના કારણે ગુજરાતનું બાળક અવિકસિત રહે છે અને એ આપણા રાજ્ય સરકારે આપેલા આંકડા પરથી પ્રતિપાદિત થઈ જાય છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય પ્રાગજીભાઈ. (સમયસૂચક ઘંટડી)

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા જે ગુજરાતની અંદર જે બાળકો છે એનું પ્રમાણ ૫૬ ટકા છે. એ સુધારવું જોઈએ ગ્રામ્ય રસ્તાઓ છે એનું પ્રમાણ... ..

**અધ્યક્ષશ્રી** : માનનીય પ્રાગજીભાઈ.

**શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ(માંડલ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મહેસૂલ મંત્રી આદરણીય શ્રીમતી આનંદીબેન પટેલ તેમના વિભાગની માગણીઓ ક્રમાંક : ૭૬, ૭૮ અને ૭૯ લઈને આવ્યા છે તેમાં મારું સમર્થન આપી મારી વાત કરું છું. માનનીય અધ્યક્ષશ્રી, મહેસૂલ વિભાગની વાત કરીએ તો જ્યારે રાજયની અંદર કુદરતી કે માનવસર્જીત..

**અધ્યક્ષશ્રી** : આપને પાંચ મિનિટ આપી છે, કુલ પાંચ મિનિટ.

**શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે રાજયની અંદર કુદરતી કે માનવસર્જીત આપત્તિ આવે ત્યારે આવી જ્યારે પ્રજાની કસોટી થાય ત્યારે સૌથી વધારે ભાર જો કોઈ પણ વિભાગ ઉપર આવતો હોય તો એ મહેસૂલ વિભાગ છે એટલે તો મહેસૂલ વિભાગને સરકારના વહિવટી તંત્રની કરોડરજ્જુ કહેવામાં આવે છે. અને આમેય આ વિભાગ સરકાર અને પ્રજાના એક સેતુ તરીકે આજે જ્યારે જાહેરમાં કામ કરતો હોય ત્યારે આ મહેસૂલ વિભાગની કામગીરીને હું આવકારું છું. માનનીય અધ્યક્ષશ્રી, ભા.જ.પ.ની સરકાર આવી અને એમાં વિશેષ આ વિભાગની જવાબદારી આદરણીય બહેન શ્રીમતી આનંદીબહેને લીધી ત્યારથી આ રાજયની અંદર ખેડૂતોના હિતમાં, પ્રજાના હિતમાં અનેક મહેસૂલી કાયદાઓમાં સુધારા-વધારા કરી અને આ રાજયના ખેડૂતોની મુશ્કેલીઓ દૂર કરવા માટેના પ્રયત્નો કર્યા છે. એવો એક મહત્ત્વનો સુધારો ગણોતધારાનો સુધારો, જ્યારે ગણોતિયો પોતાની ગણોત ધારાની જમીન પોતે ધારણ કરતો હોય પરંતુ તેની ખરીદ કિંમત નક્કી પણ થયેલી હોય અને નિયત સમયમાં જે પોતાના પૈસા ભરી ના શકે ત્યારે એની જમીન એના ખાતે થતી નથી, અને એને નમૂના નંબર-૯નું પ્રમાણપત્ર મળતું નહતું. આ સમયે જ્યારે આ વિધાનસભાની અંદર આ સુધારા બીલ લાવી જ્યારે આ માનનીય મહેસૂલ મંત્રીશ્રીએ આખા રાજયના ગણોતિયાઓને ખૂબ જ મોટી રાહત કરી છે ત્યારે હું આ મહેસૂલ વિભાગની કામગીરીને આવકારું છું. એના કારણે કાયદાથી અજ્ઞાનતા, કાયદાની અસમજ અને સરતચૂકના કારણે જે લોકો પૈસા ભર્યા વગર આ ગણોતિયાના પોતાની ખરીદ કિંમતના રહી ગયા છે એમને આમાં લાભ મળશે. બીજો એક એવો સુધારો ટુકડા ધારાનો સુધારો ખૂબ જ મહત્ત્વનો સુધારો કારણ કે, જે ટુકડા ધારો આમ તો ૧૯૬૦થી અમલમાં હતો અને અત્યારે રોડ, રસ્તા, નહેરો અને અનેક પ્રકારનો વિકાસ થયો હોવાથી આ રાજયની અંદર નાના નાના ટુકડાઓ છે કાયદાની વ્યાખ્યામાં આવે છે એવા ઘણા થયા હતા અને વેચી પણ નહતા શકતા. આવા નાના ટુકડાઓ જ્યારે વેચવા હોય તો બાજુના જ સરવે નંબરને જ વેચવો પડે એવી એક જૂના કાયદામાં જોગવાઈ હતી. આજે આ રાજયના મહેસૂલ મંત્રીશ્રીએ જે સુધારા લાવી અને જે બીલ લાવ્યા છે એમાં રાજયની અંદર જે ખાતેદાર ટુકડો ધરાવતો હોય એ કોઈ પણ ખેડૂતને ખાતેદાર ખેડૂતને વેચી શકે જેના કારણે એને પૂરતો એનો ભાવ મળશે અને એણે કલેક્ટરની પરવાનગી પણ નહીં લેવી પડે આવો જે સુધારો મહેસૂલ મંત્રીશ્રી લાવ્યા છે અને આ માગણીમાં એમને હું આવકારું છું. માનનીય અધ્યક્ષશ્રી, આ માનનીય સભ્યશ્રીએ ૭૬ નંબરની માગણી ઉપર જે બે નંબરની કાપ દરખાસ્ત મૂકી છે એ પ્રભારી સભ્યશ્રી ઈશ્વરભાઈ વહીઆએ એમણે કહ્યું છે કે, મામલતદાર અને તલાટીઓની ખાલી પડેલી જગ્યાઓ સત્વરે ભરવામાં તંત્રની નિષ્ફળતા. એના માટે મારે કહેવું છે કે, આજે આ સરકારે, અમારી

સરકારે રાજયની અંદર ગ્રામકક્ષાના ૧૮૦૦ તલાટી-મંત્રીઓની ભરતી કરી છે અને શહેરી વિસ્તારોની અંદર ૨,૧૨૬ તલાટી કમ મંત્રીઓની ભરતી કરી છે. (સમયસૂચક ઘંટડી)

**અધ્યક્ષશ્રી** : બે મિનિટનો સમય છે આપની પાસે, બે મિનિટનો.

**શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ** : એજ પ્રમાણે ૨૦૦૯ના વર્ષમાં પણ ૧,૦૩૨ જેટલા કારકુનોની પણ ભરતી કરી છે અને ૨૦૧૦માં આજે ૪૮૩ જેટલા કારકુનોની ભરતીની પ્રક્રિયા આજે ચાલુ છે ત્યારે મારે કહેવું છે કે, નાયબ મામલતદારોની વાત કરું તો ૬૭૬ જગ્યાઓ સીધી ભરતીથી જી.પી.એસ.સી.માં આજે પ્રસિદ્ધિ થઈ છે અને અગાઉ પણ ૨૦૦૮-૦૯માં પણ ઘણી જગ્યાઓ ૭૩ જેટલા મામલતદારોની ભરતી માટેનું માગણી પત્રક આજે મોકલાયું છે. માનનીય અધ્યક્ષશ્રી, બીજી જે કાપ દરખાસ્ત પ્રભારી સભ્યશ્રીએ બારનંબરની કાપ દરખાસ્ત રાજેન્દ્રસિંહ પરમારભાઈએ મૂકી છે એમાં એમણે એવું જણાવ્યું છે કે, ખેડૂતો પાસેથી સસ્તા દરે સંપાદન કરેલ જમીનોનું વળતર સત્વરે ચૂકવવામાં તંત્રની નિષ્ફળતા. મારે એમને કહેવું છે કે, આ રાજયની સરકારે, આ રાજયના માનનીય મુખ્ય મંત્રીશ્રીએ જંત્રી મુજબ આજે જમીનોનું વળતર આપવાનું શરૂ કર્યુ છે નર્મદાની અંદર, અને એમાં પણ ૩૦ ટકાનો વધારો આપી અને આજે ગામડાઓની અંદર જાહેર કાર્યક્રમો કરી કોઈ પણ જાતનો ભ્રષ્ટાચાર ન થાય એ રીતે આજે ખેડૂતોને એનું વળતર ચૂકવવામાં આવે છે. રજાના દિવસે પણ મહેસૂલ વિભાગના અધિકારીઓ અમદાવાદમાં રહેતા હોય, ગામડાનો ખેડૂત તો એને અમદાવાદમાં રજાના રવિવારના દિવસે પણ એના ચેકો આપવા માટે તંત્રની કામગીરી કરી રહ્યું છે ત્યારે મને આ કાપ દરખાસ્ત મને અયોગ્ય અને અસ્થાને લાગે છે. મારે મહેસૂલ મંત્રીશ્રીનો આભાર માનવો છે કે, મારા વિરમગામમાં હમણાં જ ચાલુ વિધાનસભાના સત્ર દરમિયાન તાલુકા સેવા સદનનું પાંચ કરોડનું જે ભૂમિ પૂજન કર્યુ છે અને એમના હસ્તે આવતા વર્ષે લોકાર્પણ થશે અને એ કામ ઝડપથી શરૂ થયું છે ત્યારે આ તાલુકા સેવા સદનની અંદર મામલતદારની કચેરી, વિરમગામ, પ્રાંત અધિકારીની કચેરી, સબરજીસ્ટ્રારની કચેરી, જન સેવા કેન્દ્ર આવી અનેક કચેરીઓ જયારે અમને આપી છે ત્યારે હું મહેસૂલ મંત્રીશ્રીનો આભાર માની અને માગણીઓને સમર્થન આપું છું.

**શ્રી આત્મારામ મ. પરમાર(ગઢડા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મહેસૂલ અને માર્ગ અને મકાન જે માગણીઓ લઈને આવ્યા છે એમાં મારા વિચારો વ્યકત કરું છું. માર્ગ અને મકાનની માગણીઓની ચર્ચા થઈ ત્યારે મારે એટલું કહેવું પડશે કે છેલ્લા દસ દાયકામાં ગુજરાતના રસ્તાઓની સિકલ બદલાઈ ગઈ છે. પરિસ્થિતિ એ છે કે પહેલા સાંકડા રસ્તાઓ, ખાડા ટેકરાવાળા રસ્તાઓ, ઉબડખાબડ રસ્તાઓના પરિણામે અકસ્માતોની જે પરંપરા હતી ગુજરાતમાં એ અકસ્માતોની પરંપરામાં ઘટાડો થયો છે. હું તો એમ કહીશ કે પહેલા એ પરિસ્થિતિ હતી કે સવારની નીકળેલી લગ્નની જાન માંડવે પહોંચે અને મુરત સચવાય તો એ નસીબવંતો વરરાજા કહેવાય. લગ્નના મુરત નહોતા સચવાતા એ પ્રકારની પરિસ્થિતિ હતી. આજે પરિસ્થિતિ એ છે કે હાઈવેની હોટલો બંધ થવા માંડી છે. સુરતથી નીકળીએ ગાંધીનગર આવવું હોય તો ત્રણ, સાડા ત્રણ કલાકમાં પહોંચી જવાય. અમદાવાદથી રાજકોટ જવું હોય તો અઢીથી ત્રણ કલાકમાં પહોંચી જવાય. અમદાવાદથી ભાવનગર જવું હોય તો અઢીથી ત્રણ કલાકમાં પહોંચી જવાય અને પોતાની ગાડી લઈને નીકળેલી વ્યકિત અઢી, ત્રણ કલાકમાં હાઈવેની હોટલોમાં હોલ્ટ કરવાનું ભુલી ગઈ છે અને પરિણામે હાઈવેની હોટલો બંધ થઈ જાય એ પ્રકારની પરિસ્થિતિ ગુજરાતના માર્ગ અને મકાનના રસ્તાઓ થયા છે એનાથી નિર્માણ થઈ છે. માર્ગ અને મકાન દ્વારા વિકાસના અનેક પ્રકારના કામો થયા છે. પ્રગતિ પથ હોય, વિકાસ પથ હોય કે કિસાન પથ હોય આ તમામ પ્રકારના અને કેન્દ્ર સરકાર અને વર્લ્ડબેંક આધારિત વાઈડનીંગ અને સ્ટ્રેન્ધનીંગના જે માર્ગો થયા છે એમાં વર્લ્ડ બેંકે નોંધ લીધી છે. વર્લ્ડ બેંક જે દુનિયાના તમામ રાજયોને અને દુનિયાના તમામ દેશોને મદદ કરે છે એમણે ગુજરાતમાં જે રસ્તાઓ બનાવ્યા, રસ્તાઓનું જે મજબુતીકરણ જોયું એમણે અને એના આધારે વર્લ્ડ બેંકે એક રિપોર્ટ બહાર પાડયો અને એ રિપોર્ટનું નામ આપવામાં આવ્યું "રિફોર્મ ઈન સેકટર - લર્નીંગ ફ્રોમ ગુજરાત" આ કદાચ દુનિયાના ઈતિહાસમાં પહેલો બનાવ હશે કે લર્નીંગ ફ્રોમ ગુજરાત અને અમે એટલા માટે ગર્વ લઈ શકીએ કે ભારતીય જનતા પાર્ટીની સરકાર છે અને એની પાસેથી લર્નીંગ ફ્રોમ ગુજરાત એવું અમે નથી કહેતા, હિન્દુસ્તાનની કોઈ સંસ્થા નથી કહેતી, દુનિયાની વર્લ્ડબેંક કહે છે અને છાપામાં લખીને, છાપરે પોકારીને કહે છે કે લર્નીંગ ફ્રોમ ગુજરાત. આ દર્શાવે છે કે ગુજરાતમાં રસ્તાઓના મજબુતીકરણમાં, રસ્તાઓના નિર્માણમાં કેટલી સરસ મજાની કામગીરી થઈ છે. આ સરકાર દ્વારા કલેકટર કચેરીઓ અને મામલતદાર કચેરીઓના બાંધકામો થયા છે. હું સુરતની વાત કરું. જિલ્લા સેવાસદનનું નિર્માણ થયું. મારા એક સબંધીએ દસેક વર્ષ પછી અમેરિકાથી સુરતની મુલાકાત લીધી. એમને કલેકટર કચેરીનું કામ હતું. કલેકટર કચેરી પાસે મેં ગાડી ઉભી રાખી અને એમણે એમ કહ્યું આત્મારામભાઈ, આપણે ફાઈવ સ્ટાર હોટલમાં નથી જવું. આપણે તો કલેકટર કચેરીનું કામ છે તમે અહીંયા કયાં ગાડી લાવીને ઉભી રાખી દીધી? મેં એને કહ્યું કે ભાઈ, આ ફાઈવ સ્ટાર હોટલ નથી, આ ગુજરાત સરકારે બનાવેલી કલેકટર કચેરી છે. કોંગ્રેસના શાસનમાં જે પરિસ્થિતિ હતી કે ગંદા, ગંધાતા અને ગોબરા સરકારી ખાતાઓની જે ઈમેજ હતી એમાંથી બહાર કાઢીને કોર્પોરેટ લુક આપવાનું કામ ભારતીય જનતા પાર્ટીના શાસનમાં થયું છે. અને એટલા માટે પ્રશંસા કરીએ છીએ. સમતોલ વિકાસ કર્યો છે. એકબાજુ એસઈઝેડ માટેના માર્ગોનું નિર્માણ થયું છે. સ્પેશિયલ ઈકોનૉમિક રિજિયન માટેના માર્ગોનું નિર્માણ થયું છે. બંદરો માટેના માર્ગોનું પ્લાનિંગ થયું છે. મારે કહેવું છે કે આ સરકારે રાજ્યના પૂર્વ વિસ્તારના

આદિવાસી પટ્ટીને પશ્ચિમ વિસ્તારના સાગરખેડુ વિસ્તાર સાથે જોડવાનું કચ્છની નારાયણ સરોવર અને ગોધરા સુધીના જોડવાના માર્ગોનું નિર્માણ કરીને આદિવાસી પટ્ટીનો વિકાસ થાય એ પ્રકારના કાર્યક્રમોનું આયોજન કર્યુ છે. કેટલાક ગામડા એવા છે કે ચોમાસામાં એ ગામ અટુલું થઈ જાય, બેટ સ્વરૂપે થઈ જાય, ગામમાં જઈ શકાય નહિ, આકસ્મિક પ્રસંગોમાં, માંદગીના પ્રસંગોમાં અને મારી સગર્ભા બહેનોની પ્રસૂતિના પ્રસંગોમાં એ બેટમાં ફેરવાયેલું ગામડું જનસંપર્ક એનો તૂટી જાય મારે અભિનંદન આપવા છે કે આનંદીબેન પટેલ અને આદરણીય મુખ્યમંત્રીશ્રીને તમામ ગામડાઓને બારમાસી માર્ગ આપવાનું કામ આ સરકારના શાસનમાં થયું છે અને એટલા માટે આ સરકાર જે માગણી લઈને આવી છે, તેને મારે અભિનંદન આપવા છે.

મારે વાત કરવી છે. ભાવનગરની.

**અધ્યક્ષશ્રી** : માનનીય શ્રી રાઉલજીભાઈ.

**શ્રી આત્મારામ મ. પરમાર** : મારા વિસ્તારમાં પણ ૭૫ જેટલા કામો ૧૫૦ કરોડના ખર્ચે પૂર્ણ થયા છે.

**અધ્યક્ષશ્રી** : આપનો સમય પૂરો થયો છે.

**શ્રી આત્મારામ મ. પરમાર** : હું યાદ અપાવીશ માનનીય વિરોધપક્ષના નેતાશ્રીને એમના...

**અધ્યક્ષશ્રી** : માનનીય આત્મારામભાઈ આપ બંધ કરો.

**શ્રી આત્મારામ મ. પરમાર** : એટલે આ સરકાર જે માગણી લઈને આવી છે તેને હું મારું સમર્થન આપું છું.

**શ્રી સી.કે. રાઉલજી(ગોધરા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે, એમાં મારા વિચારો રજૂ કરવા ઊભો થયો છું. અગાઉ ઘણી બધી વાતો થઈ. આ ખેડૂતની લાગણીવાળી સરકાર આજે ગામડાના છેવાડે જાઓ તો આજે એમ કહે છે કે આ ખેડૂતોની લાગણીવાળી સરકાર નથી. સાહેબ, આજે ૧૯૯૮ ની સાલ અગાઉના અમારા મોઢવાડિયા સાહેબ કહી ગયા એ પ્રમાણે ખેડૂતપોથી એ આદરણીય શંકરભાઈ વાઘેલાની સરકાર વખતે દરેક ગામે આપવાની શરૂઆત કરી હતી. આજે કહેતા દુઃખ થશે કે ૨૦૧૧ માં ૫૦,૦૦૦ની ફાળવણી અને ૨૦૧૨ની અંદર પણ ૫૦,૦૦૦ની ફાળવણી. આ ઓછી રકમને કારણે પણ આજે ખેડૂતપોથીઓ મળી નથી. સાહેબ, ખેડૂતપોથી એટલે આઈડેન્ટી કાર્ડ. એની અંદર ૭/૧૨ની નકલમાં તમામ સરવે નંબર આવી જાય, એનું ક્ષેત્રફળ આવી જાય, એના પશુઓની સંખ્યા કેટલી એનો આકાર કેટલો, મહેસૂલ કેટલી. આ આઈડેન્ટી કાર્ડ એટલે કોઈપણ ખેડૂત રાષ્ટ્રીય કૃત બૅન્કની અંદર જાય તો એને સામાન્ય રીતે કોઈ તકલીફ ન પડે એના માટેની યોજના હતી. આ યોજના ખરેખર એળે ગઈ છે. આજે આ જ ખેડૂતપોથીની અંદર આજે પણ જે ૭/૧૨ ના સરવે નંબરો હોય, માલિકીના એકર ગૂંઠા, હેક્ટર આરે, પ્રતિ આરે લખવામાં આવે એ પણ સારી રીતે લખાયેલ નથી. હું ઈ-ધરાની વાત પછી કરીશ. આ ખેડૂતપોથી એ ખેડૂતોની ખરેખર આઈડેન્ટી ટાઈપની યોજના હોય એને ખરેખર પરિપૂર્ણ કરવા માટે સરકારે પ્રયત્ન કરવો જોઈએ.

એમ.ઓ.યુ. આ ગુજરાત સરકારની અંદર ૨૦૦૦ થી ૨૦૧૦ સુધી જે એમ.ઓ.યુ. થયા. અગાઉ જે વક્તાઓએ કહ્યું તે મુજબ ૭૮૦૦૦ કરોડ જેટલી આ જમીન એ પાણીના ભાવે ૫ રૂપિયાથી માંડી ૧૫૦૦ રૂપિયા સુધી જો આ જમીન આપવાની હોય અને આજે અમારા ગ્રામ્ય વિસ્તારની અંદર એ કોઈને ઈન્દિરા આવાસ જોઈતું હોય, કોઈને સરદાર આવાસ જોઈતું હોય, પણ મોટા ભાગે (અંતરાય ) બહેન સાંભળો. આજે ખબર નહિ હોય કે આજે ઘણા ગામડાની અંદર સરકારી પડતર કે ગૌચર જમીન, તમે તો શહેરોમાં બધી જમીન વેચી દીધી, પણ ગામડામાં આજે ગૌચર અને પડતર જમીન નથી. એના માટે છેક છેવાડાના વ્યકિતઓ ઈન્દિરા આવાસ કે સરદાર આવાસના લાભાર્થીઓ જમીન સંપાદન કરીને એ લોકોને ફાળવવા માગો છો કે કેમ? એની પણ આ બજેટની અંદર જોગવાઈ નથી એનું અમને દુઃખ છે. આ ગરીબલક્ષી આ સરકાર નથી એ દેખિતી રીતે જણાઈ આવે છે.

ઈ-ધરાની વાત કરું કે સાહેબ આજે છેલ્લાં ૭ વર્ષથી કોઈપણ ગામની અંદર પાણી પત્રક થતું નથી. અને પાણી પત્રક એ ખેડૂતો માટેની આવશ્યક વસ્તુ છે. પાણી પત્રક નહિ થવાના કારણે પાક વીમા જેવી વસ્તુનો લાભ મળતો નથી. એમને લોન પણ મળતી નથી. આજે નિલગિરિ કરી હોય તો અને બીજો પાક કર્યો હોય તો નિલગિરિ આજે ૨૦૦૯ થી ૨૦૧૦ થી ૨૦૧૧ નિલગિરિનો જ પાક આવે. હોય મકાઈ અને ઘઉં. પણ એની જગ્યાએ નિલગિરિ. એટલે પાણી પત્રક થતું નથી યથા યોજના મુજબ જે વસ્તુ આવતી હોય તે પ્રમાણે ટાઈપ કરી દે છે. દુઃખની વાત તો એ છે કે ઈ-ધરાની અંદર જે ઑપરેટરો છે, તેમને ખાનગી, ઉચ્ચક પગારદાર છે. આજે ઈ-ધરામાં એન્ટ્રી પાડવી હોય તો એ ઑપરેટરો કઈ રીતે એન્ટ્રી પાડે છે. ઈ-ધરામાં ઘણી બધી મુશ્કેલી થાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, એટલા માટે કહેવા માગુ છું કે, ૨૨૫ ગુજરાતના જે તાલુકા છે તેમાં અગાઉ કહેતા હતા કે અમે ગામડામાં લોકોને ઈ-ધરા કેન્દ્ર દ્વારા નકલો આપીશું. આજે એક પણ ગામમાં તાલુકા મથક સિવાય કયાંય નકલ મળતી નથી. તેનું દૂઃખ છે. સરકારને મોટી મોટી વાતો કરવી છે. જ્યારે ચૂંટણી આવે ત્યારે લોકોને ભરમાવવા છે. આજે કોઈપણ ગામની અંદર માનનીય સભ્યશ્રીઓને જણાવીશ કે કોઈપણ ગામે ઈ-ધરા કેન્દ્રમાંથી કૉમ્પ્યુટર દ્વારા કોઈને નકલ મળતી નથી. ખેડૂતો બિચારા પોતાના ઘરેથી ૨૫-૩૦ રૂપિયા ભાડુ ખર્ચીને તાલુકા મથકે જાય છે. તાલુકા મથકે પણ લાઈન લાગે છે. કારણકે એક તલાટી ગામની અંદર ૨૦૦, ૫૦૦ કે ૨૦૦૦ ખાતેદારોની કાર્યવાહી કરતો હોય તેની જગ્યાએ એક ઈ-ધરાનો ઓપરેટર અને નાયબ મામલતદાર આજે સાહેબ

એક તાલુકાના ઓછામાં ઓછા ૮૫ થી ૯૦ ગામો હોય તો તે ગામોના ખેડૂતોને નકલો કેવી રીતે આપી શકતો હશે? જેનો આપણે અંદાજ કરવો જરૂરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી વાત કરવી છે કે આ સરકારે કહ્યું છે કે તમે દસ્તાવેજ કરો એટલે સીધી એન્ટ્રી પડી જાય અને વચ્ચેથી વચેટીયાઓ નીકળી જાય. અરે, સાહેબ ઘણી વખત દસ્તાવેજોની અંદર આજે એન.એ. થયેલી જમીન હોય તો તેની પાવર ઓફ એટર્ની ચાલે અને બીજી જમીનની પાવર ઓફ એટર્ની હોય તો તે ન ચાલે. આ સાહેબ ટકે શેર ભાજી, ટકે શેર ખાજા, એક અંધેરી નગરી ખાલી જગ્યા કહું છુ. સાહેબ, આ પરિસ્થિતિ આજે ગામડાંની છે. એક દસ્તાવેજ કરવો  હોય તો એક કલાક થાય. કામકાજના દિવસમાં છ કે સાત કલાક હોય. એક તાલુકા મથકે ઓછામાં ઓછા એક દિવસના ૫૦ થી ૬૦  દસ્તાવેજો થાય છે. એક દસ્તાવેજ કરવો હોય તો તમારે નોંધણી કરાવવી પડે કે તમારો નંબર હવે પાંચ દિવસ પછી આવશે. પાંચ દિવસ સુધી લખેલો દસ્તાવેજ હોય તો પાંચ દિવસ સુધી રાહ જોવી પડે છે. આ વહીવટી તંત્રની આ દશા છે. પાંચ પાંચ દિવસ સુધી રાહ જોવી પડે. બહારનો કોઈ વ્યકિત હોય, અમદાવાદનો કોઈ વ્યકિત હોય અને અમારા પંચમહાલમાં જમીન ધરાવતો હોય તો તેને પાંચ દિવસ સુધી ગોધરા મુકામે પડયા રહેવું પડે. આ કેવો ન્યાય છે? પહેલાં તલાટી રજીસ્ટ્રાર ઑફિસમાં જાય તો તેનો દસ્તાવેજ અડધો કલાકમાં મળી જતો હતો. આજે  એક એક કલાક દસ્તાવેજમાં જાય છે. આ એમની પદ્ધતિ છે. અમે દસ્તાવેજ કરીશું તો સીધી એન્ટ્રી પડી જશે તેવું કહે છે. હું એ વાત પર આવવા માગુ છું કે જ્યારે મૂળ આ ઈ-ધરાની અંદર ૭-૧૨ના ડેટા મગનભાઈ છગનભાઈ એમની હેકટર આરે. ૫ હેકટર ૨૫ આરે અને ૨૫ પ્રતિઆરે આ જમીનની ડેટા એન્ટ્રી કરવી જોઈએ તે ડેટા એન્ટ્રી કરે ત્યારે મૂળ જે નામ છે તે નામમાં પણ ફેરફાર થઈ ગયો હોય, હેકટર આરે અને પ્રતિઆરેમાં પણ ફેરફાર થઈ ગયો હોય ત્યારે દસ્તાવેજ કરવા જાય તો મૂળ નકલ તો તે જ લખવાની છે. મારા ગોધરા તાલુકામાં ૨૦૧૦ની સાલની અંદર ૩૦૦૦ સુધારાના હુકમ કરવામાં આવ્યા. તેવા ૨૨૫ તાલુકામાં કેટલા હુકમો કર્યા હશે? કેટલા લોકો હેરાન થયા હશે?મૂળ  હકીકતમાં જે તે વખતે તલાટી કે સર્કલ ઓફીસરે મૂળ ડેટા ફીટ ન્હોતા કર્યા તેના કારણે આજે લોકોને મુશ્કેલી છે. જ્યારે જરૂર પડે નકલની ત્યારે ખેડૂત કે અરજદાર તાલુકા મથકે જઈને નકલ કઢાવતો હોય ત્યારે તેને ખબર પડે કે મારી નકલમાં મારી માલિકીમાં  આટલું ક્ષેત્રફળ હતું તેના બદલે આટલું ક્ષેત્રફળ છે. આજે આવી દશા છે. મારી મંત્રીશ્રીને વિનંતી છે કે પહેલાંના જમાનામાં પ્રમોલગેશન ચાલું હતું. તે પ્રમોલગેશન દર ત્રણ વર્ષે થાય. તેમાં જે કાંઈ ભૂલ  હોય તે તાલુકા લેવલથી, મામલતદાર લેવલથી, પ્રાંત લેવલથી ચકાસણી થાય. તેના હિસાબે કોઈ માણસથી ભૂલ થતી હોય તો તે સુધરી શકે. આજે તે પ્રથા નથી તેમનું અમને દુ:ખ છે.

માનનીય અધ્યક્ષશ્રી, જે વાત થઈ, માનનીય મંત્રીશ્રી જે ટુકડા ધારા વિધેયક લાવ્યા તે ખરેખર આવકારદાયક છે. સારી વાત હોય તો અમે સ્વીકારીશું. તેમાં કોઈ બેમત નથી. પણ દુ:ખ એ વાતનું છે કે આજે જે ભૂલો છે તેના કારણે દસ્તાવેજો ઘણા અટવાયા છે. આજે જંતરીની વાત કરવામાં આવી.  બજાર કિંમત મુજબ. કે જંતરીના ભાવના બેજ પર ગામતળથી નજીકની જમીન હોય, નગરપાલિકા, મહાનગરપાલિકા નજીકની જમીન હોય, રોડ ઉપરની જમીન હોય, જમીનનો પ્રકાર, જમીનની ભૌગોલિક પરિસ્થિતિ  તેમાં સાહેબ ભૂતકાળમાં જે એન.જી.ઓ. મારફત જમીનના ભાવ નક્કી કરવામાં આવ્યા તેમાં મેં કહ્યું અગાઉ તે પ્રમાણે ટકે શેર ભાજી, ટકે શેર ખાજા, નજીકની જમીન હોય તેનો પણ ૬૦૦ રૂપિયા ભાવ, બે કિલોમીટર દૂર હોય તેનો પણ ૬૦૦ રૂપિયા ભાવ, પાંચ કિલોમીટર દૂર હોય તેનો પણ ૬૦૦ રૂપિયા ભાવ અને રોડથી સાત કિલોમીટર દૂર હોય તેનો પણ એટલો ભાવ. હું હવે માનનીય મંત્રીશ્રીને  કહેવા માગુ છું કે આ નવી જંતરી થાય છે ત્યારે ભૂતકાળની ભૂલ ફરીથી ન થાય અને લોકોને યોગ્ય ન્યાય મળે અને યોગ્ય ભાવ નક્કી થાય તેવી આપને વિનંતી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ડી.આઈ.એલ.આર કચેરીની વાત કરું. ડી.આઈ.એલ.આર કચેરીની અંદર ગામતળના દબાણો, આજે જિલ્લા પંચાયતમાં દબાણ શાખા છે. આજે દબાણો દૂર થતા નથી.  રસ્તા ઉપરના દબાણો, પાણીના બેજ પરના દબાણો, અનેક અનેક પ્રકારના દબાણો, સાહેબ,  આજે કોઈપણ ડીઆઈએલઆરની કચેરી ની અંદર ગભાણપત્રક મળતા નથી. મૂળ ટિપ્પણ કે જે અમને કહ્યું એ પ્રમાણે કે  ૧૯૩૧માં આ જે માપણી થઈ હતી એ સાંકળ પદ્ધતિથી, શંકુ પદ્ધતિથી હવે પ્લેન ટેબલથી અને દૂરબીનથી થાય છે, એ વખતે એક ઈંચનો પણ ફેર ન પડે એ પ્રમાણે માપણી કરવામાં આવતી હતી, આજે તો આડેધડ, એનજીઓને રિસર્વે કરવા માટે આપી દેવામાં આવે છે, તો એનજીઓ છે એ ખરેખર જવાબદાર વ્યકિતઓ નથી. ઈધારામાં આ લોકો એ જવાબદાર વ્યકિત નથી. તો ખરેખર ઈધારામાં જે ઑપરેટરો છે તો ત્યાં જવાબદાર વ્યકિતઓ સરકાર મૂકે જેથી કરીને આ ભૂલો થતી અટકે અને એ પ્રમાણે આગળની કાર્યવાહી થાય.

માનનીય અધ્યક્ષશ્રી, બહુ મુદ્દાનો સવાલ એ છે કે, જે વર્ષોથી ચાલી આવ્યું છે, આજે માલિકીફેરના બેજ ઉપર જે કંઈ એન્ટ્રિઓ ફેરફાર કરવામાં આવે છે, એ વારસાઈની હોય કે વેચાણની હોય કે બક્ષિસની હોય, સાહેબ, આજે એક મામલતદાર ભૂલ કરે, તો એ મામલતદાર ઉપર પ્રાંત હોય, પ્રાંત ઉપર કલેક્ટર હોય, કલેક્ટર ઉપર જમીન મહેસૂલ પંચ હોય, અને જમીન મહેસૂલ પંચમાંથી જો  ન્યાય ન મળે તો હાઈકોર્ટમાં જાય, સાહેબ, એક દાખલો આપીશ કે ૧૯૮૪માં દેવસ્થાન નાબૂદી ધારો ૧૯૬૯માં નાબૂદ થયો, એનો જે કેસ ૧૯૮૪થી ચાલતો હતો ભૂલ ખાલી સામાન્ય મામલતદારની, સાહેબ, છેલ્લે હાઈકોર્ટે કહ્યું કે, આના જે કંઈ હક્ક અબાધિત કરવા હોય એના

પાવર્સ છે તે મામલતદારના છે. આજે એનો કેસ ૨૦૧૦ની અંદર, આજે એમ મામલતદારે હુકમ કરીને આપવામાં આવ્યો.

**સભાપતિ શ્રીમતી નીમાબેન આચાર્ય અધ્યક્ષસ્થાને**

માનનીય અધ્યક્ષશ્રી, મારો સવાલ એ છે કે, આવા જે કોઈ અધિકારીઓ છે, એ ઇરાદાપૂર્વક જાણીબૂઝીને ખેડૂતોને કે અરજદારોને હેરાન કરવા માટે આવા પ્રયત્નો કરીને પંદર પંદર વીસ વીસ વર્ષ સુધી આવા કેસોનો નિકાલ ન થતો હોય, માણસનું મૃત્યુ થઈ જાય, વારસાઈના બેજ ઉપર તો ઘણીવાર મૃત્યુ થઈ જાય, એને પણ પોતાના વારસદારોને લાભ ના મળતો હોય તો આવા અધિકારીઓની સામે કડકમાં કડક જોગવાઈમાં સુધારો કરવો જોઈએ, જેથી આવું કામ કરતા અટકે એ કરવા માટેનો પણ પ્રયત્ન કરવો જોઈએ

માનનીય અધ્યક્ષશ્રી, હવે હું માર્ગ અને મકાન વિભાગની વાત કરીશ. સાહેબ, પ્લાન અને નોનપ્લાનની પણ આ અગાઉ ચર્ચા થઈ હતી. આપણા માનનીય મુખ્ય મંત્રીશ્રી હેલિકોપ્ટરમાં ફરતા હોય, નોનપ્લાન અને પ્લાન, આજે સાહબે, આઝાદી પછી પણ લોકોને રસ્તા નથી મળ્યા, નૉન પ્લાન અને પ્લાનના, તો સરકારે નોનપ્લાન માટે- રસ્તા માટે વિચારવું જોઈએ. આજે ગાંધીનગરમાં પાકા રોડ થઈ ગયા છે, પાણીની વ્યવસ્થા છે, મકાનો થઈ ગયા છે, ફૂટપાથ થઈ ગયા છે, બધું જ થઈ ગયું છે, તેમ છતાંય ગાંધીનગરમાં ૧૦૦ કરોડ રૂપિયાની ફાળવણી કરી અને આજે ગામડાની અંદર એક, બે કે ત્રણ કિલોમીટર જેવા જે રોડ બાકી રહી ગયા છે એના અનુસંધાનની અંદર નહીંવત્ ફાળવણીના કારણે ગામડાંની પરિસ્થિતિ વિકટ છે. માનનીય આત્મારામભાઈને ખબર નથી કારણ કે એ તો ભાવનગર અને સૂરત બેની વચ્ચે જ ફરે છે, બાકી ગામડાંમાં શું થાય છે એ એમને ખબર નથી. એટલે પરિસ્થિતિ સાહેબ, ગામડાંની વિકટ છે. ધૂળમાં જે ફરે એને ખેડૂતોની ખબર પડે, માનનીય અધ્યક્ષશ્રી, મારો કહેવાનો મતલબ એ છે કે, નોનપ્લાન અને પ્લાન માટે સરકાર વિચારે. આજે પંચાયત હેઠળના રસ્તાઓ પાંચ કિલોમીટરથી, પંદર કિલોમીટરથી પચ્ચીસ કિલોમીટર, સાહેબ, હું જ્યારે માર્ગ અને મકાન મંત્રી હતો તે વખતે મને વિચાર આવ્યો હતો કે, અ.મ.ઈ., અધિક મદદનીશ ઈજનેર એ વર્ષોથી ચીટકી રહે છે. તાલુકા મથકે અને જિલ્લામાં જેથી કરીને એ જે રોડની ગુણવત્તા જે જળવાય એ જળવાતી નથી એનું કારણ કે એ કોન્ટ્રાકટરોની જોડે એમની મિલીભગત હોય છે. એના કારણે ગામડાંના રોડની મજબૂતાઈ કે એની પહોળાઈ જોઈએ એ આજે પણ જોવા મળતી નથી. છેલ્લે હું એટલી જ વાત કરીશ કે, નોનપ્લાન અને પ્લાન બાબતે પણ સરકાર વિચારે અને અમઈના બેજ પર પણ તાલુકાથી જિલ્લા જિલ્લાફેર કરે તો એમાં પણ સુધારો થઈ શકે એમ. છે.

માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લે હું મહિલા અને બાળ વિકાસની વાત કરીશ. અગાઉ માનનીય મુખ્ય મંત્રીશ્રી કહેતા હતા કે બહેનો પંદર પૈસાનું પોસ્ટકાર્ડ લખજો હું ગાંધીનગર હોઈશ, મારી બહેનો, મારી જશોદાઓ, તમારે કોઈ મુશ્કેલી હોય તો તમારો ભાઈ ગાંધીનગર બેઠો છે, મહુવાથી ચારસો કિલોમીટર દૂરથી બહેનો અને બાળકો આવ્યાં, નંદઘરની વાતો કરવાવાળા બાળકો અને બહેનો ઉપર લાઠીચાર્જ કરે, તો આ નંદઘર કહેવાય કે કંસઘર કહેવાય? છેલ્લે, આજે બહેનો માટેનો રોજગારીનો સવાલ છે. જાહેર અને ખાનગી ક્ષેત્રે ૧૯૯૫માં ૨ લાખ અને ૨૫ હજાર બહેનો રોજગારી પ્રાપ્ત કરતી હતી., અને આજે પંદર વર્ષ, ૨૦૧૦ની અંદર ૨ લાખ ૮૯ હજાર બહેનો એટલે કે ૧૪.૫૮ ટકા જેટલો રોજગારીનો જ વિકાસ થયો છે, આજે બહેનોને સ્થાનિક લેવલે પણ રોજગારી મળતી નથી તો બહેનોને સ્થાનિક લેવલે પણ રોજગારી મળે એવા પ્રયત્નો કરે એવી મારી વિનંતી છે.

**શ્રીમતી વંદનાબેન મ. મકવાણા(કેશોદ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી, મહિલા અને બાળકલ્યાણ સન-૨૦૧૧-૧૨ના વર્ષના અનુદાન માટેની જે માગણીઓ લઈને આવ્યા છે તેને હું સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગરીબી હટાવોનું રૂપાળુ સુત્ર આપનાર લોકોને મારે કહેવું છે કે આજે ભારતમાં રોજ કરોડો ઘરોમાં ચૂલો સળગતો નથી. મહિલા ઉત્થાનની મોટી મોટી વાતો કરનારા લોકોને પણ મારે કહેવું છે કે, આજે ભારતમાં પોતાના પરિવારનો પેટનો ખાડો પૂરવા માટે રોજ લાખો મહિલાઓને શારીરિક યાતનાઓનો શિકાર બનવું પડે છે. અરે, ભારત નિર્માણનો પોકળ નારો લગાવનાર લોકોને પણ મારે કહેવું છે કે, આજે ભારતમાં દરરોજ લાખો બાળકો ભૂખ્યા પેટે દેશની ખુલ્લી સડકો પર સૂઈ જાય છે. આઝાદીના ૬૦-૬૦ વર્ષો પછી પણ ભારત દેશની આવી દુર્દશા જોઈ એક મહિલા તરીકે મારું હૃદય દ્રવી ઉઠે છે અને એટલે જ કહેવું પડે છે કે,

' બદલે હુએ મૂલ્ક કી સિકલ દેખ રહી હું
જિસ તરફ દેખું મેં, કફન દેખ રહી હું,
ઈસ મૂલ્ક સે કૈસે ગાયબ હો ગયા અમન ઔર ચૈન
આજ બડે બડે કૌભાંડ ઔર બેહિસાબ મહંગાઈ દેખ રહી હું.

માનનીય અધ્યક્ષશ્રી, આજે ભારતમાં ગરીબી, બેકારી, ભ્રષ્ટાચાર અને કૌભાંડોએ માઝા મૂકી છે ત્યારે આપણા ગુજરાતે વિકાસના સોનેરી શિખરો સર કરી દેશ અને દુનિયાને નવો રાહ ચીંધ્યો છે. આ વર્ષે મહિલા અને બાળ કલ્યાણ વિભાગ માટે રૂપિયા બારસો ચોસાઠ કરોડની બજેટ જોગવાઈ કરવામાં આવી છે. મહિલા અને બાળકોના સર્વાંગી વિકાસની ચિંતા કરનાર ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય છે માટે હું મહિલાઓના હિત ચિંતક માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય બાળ કલ્યાણ મંત્રીશ્રીને લાખ લાખ અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, દેશનું બાળક ભૂખ્યુ સૂઈ જાય એ વાતનું મને દુઃખ છે પરંતુ આપણા ગુજરાતનું બાળક આંગણવાડી કેન્દ્ર પરથી પુરતો અને પોષણક્ષમ આહાર મેળવે છે એ વાતનો મને આનંદ અને ગર્વ છે. કુપોષણ એક એવું ઝહેર છે જે માતા અને બાળકના જોમ, જુસ્સા અને તેજને હણી નાંખે છે આ કુપોષણના કલંકમાંથી ભારતના ભાગ્યને બચાવવા સભર્ગા અને ધાત્રી માતાઓ તેમજ કિશોરીઓને બચાવવા પુરક પોષણ અંતર્ગત સૂક્ષ્મ પોષક-તત્વયુક્ત ફોર્ટીફાઈડ આહાર આપવા માટે રૂપિયા પાંચસો નેવ્યાસી કરોડની માતબર જોગવાઈ કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, કિશોરીઓને પુરક પોષણ આપનારું આપણું ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય છે. અનેક આંગણવાડીઓ બહેનોને સુંદર કામગીરી બદલ "માતા યશોદા" એવોર્ડ આપનારૂં ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય છે. લાખો આંગણવાડી બહેનોને "માતા યશોદા ગૌરવનિધિ યોજના" હેઠળ વીમાકવચ પૂરું પાડનાર ગુજરાત પણ દેશનું પ્રથમ રાજ્ય છે.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વર્ણિમ વર્ષે લોકોના આરોગ્ય અને પર્યાવરણની જાળવણી માટે અમારી સરકાર કટિબધ્ધ છે. અત્યાર સુધી આંગણવાડીઓમાં પુરક પોષણ રાંધવા માટે ચૂલાનો ઉપયોગ થતો હતો, બળતણના લાકડા માટે વૃક્ષોનું છેદન અટકાવવા ધુમાડાના કારણે વાતાવરણમાં ફેલાતું પ્રદુષણ રોકવા તથા ધુમાડાના કારણે આંગણવાડીઓની બહેનો અને બાળકોના આરોગ્યને થતી માઠી અસરથી બચાવવા તેમજ ઓછા સમયમાં રસોઈ બનાવી સમયનો સદ્ઉપયોગ થાય તેવા ઉમદા આશયથી અમારી સરકારે રાજયના ૩૯૦૦ આંગણવાડી કેન્દ્રોમાં રૂપિયા ૩૧.૭૦ કરોડના ખર્ચે બે બોટલ સાથેનું ગેસ કનેકશન, સ્ટીલની સગડી અને ઈડલી કુકર આપવાનું સુંદર આયોજન કરેલ છે. આટલું જ નહીં માનનીય અધ્યક્ષશ્રી, રાજયની તમામ આંગણવાડીઓને પીવાનુ઼ં શુધ્ધ પાણી, વીજળી, પંખા અને શૌચાલયની સુવિધાઓ સાથેના મકાનો ઉપલબ્ધ, થાય એ અમારી સરકારનો મુખ્ય અભિગમ છે અને એટલે જ ચાલુ વર્ષે ૩૧૦૦ આંગણવાડીઓના નવા મકાન "નંદઘર" બનાવવા રૂા.૧૧૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. ભારતનો ગૌરવશાળી ઈતિહાસ મહિલાઓની અનોખી શકિતથી અંકાયેલો છે

ભારતનો ગૌરવશાળી ઈતિહાસ મહિલાઓની અનોખી શક્તિથી અંકાયેલો છે. પછી એ પતિના આદર્શને અનુસરતી સીતા હોય, યમરાજા પાસેથી પોતાના પતિના પ્રાણ છોડવનાર સતી સાવિત્રી હોય, પોતાના રાજયની રક્ષા ખાતર પ્રાણ ન્યોચ્છાવર કરનાર રાણી લક્ષ્મીબાઈ હોય કે પછી અમારા જુનાગઢની " ગાંડી ગીર " ના નેસમાં વસતી જોબનવંતી ચારણ કન્યા હોય.

માનનીય અધ્યક્ષશ્રી, પોતાના માલ-ઢોરના શિકાર માટે આવેલ ડાલાભથ્થા સિંહને પણ હાથમાં લાકડી લઈ પાછળ દોડીને ઉભી પુંછડીએ ભગાડી મૂકતી ચારણ કન્યાને જોઈ રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીએ પણ લખ્યું છે કેઃ-

**" સિંહણ તારો ભડવીર ભાગ્યો,**
**રણ મેલીને કાયર ભાગ્યો,**
**ડુંગરનો રમનારો ભાગ્યો,**
**હાથીને હણનારો ભાગ્યો,**
**જોગી નાથ જટાળો ભાગ્યો,**
**મોટો વીર મુછાળો ભાગ્યો,**
**નર થઈ તુ નારીથી ભાગ્યો**
**નાનકડી છોરીથી ભાગ્યો,"**

મહિલાની આ શકિતને બિરદાવવા અને તેમની સર્જનશક્તિને વિકાસમાં જોતરી સશક્તિકરણના માધ્યમથી મહિલાઓ, રાજયના વિકાસની પ્રક્રિયામાં ભાગીદાર બને તે અમારી ભારતીય જનતા પાર્ટીની સરકારનો મુખ્ય અભિગમ છે. સ્વર્ણિમ વર્ષ નિમિત્તે રાજય સરકાર કુશળ વહીવટી ક્ષમતાથી ઘર અને સમાજ વ્યવહાર સંભાળતી બહેનોના લાખો સખી મંડળોને કરોડો રૂપિયાનો વહીવટ અર્પણ કરવા પ્રતિબદ્ધ છે, એ બદલ હું માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય બાળ કલ્યાણ વિકાસ મંત્રીશ્રીને ફરીથી અભિનંદન પાઠવી, માગણીઓને સમર્થન આપીને વિરમું છું.

**શ્રી વિજયભાઈ ર. પટેલ(ડાંગ-વાંસદા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી માગણી નંબર- ૭૬, ૭૮ અને ૭૯ લઈને જે આવ્યા છે એને હું આવકારું છું અને સમર્થન આપું છું. રાજયમાં જમીનનો વહીવટ એ મહેસૂલ વિભાગનું પ્રમુખ કાર્ય છે, જમીન મહેસૂલ અધિનિયમ હોય, ગણોતધારો હોય કે જમીન સંપાદન ધારો કે કૃષિ જમીન ટોચમર્યાદા અધિનિયમ હોય, એવા મુળભૂત કાયદાઓની જોગવાઈ મુજબ રાજયમાં જમીનોનું વ્યવસ્થાપન મહેસૂલ વિભાગ દ્વારા કરવામાં આવી રહ્યું છે. મહેસૂલ વિભાગનું કામ જમીન વહીવટને આધુનિક ઓપ આપીને અને ટેકનોલોજીના સહયોગથી ઝડપી, પારદર્શક અને સરળતાથી લોકોને સુલભતા થાય એ માટે મહેસૂલ વિભાગ હેઠળના સરવે ખાતાની વડાની કચેરીઓમાં મોટાભાગે કમ્પ્યુટરાઈઝેશન તથા ડિઝિટલ ટેકનોલોજીનો પ્રયોગ, ગ્રાઉન્ડ પોઝીશન, સરવે મોજણીનો વપરાશ, સેટેલાઈટ ઈમેનીજેશનની સહાય જેવા સાધનો લાવવામાં આવ્યા છે. હમણાં જ અમારા દક્ષિણ ગુજરાતમાં અને આદિવાસી પટ્ટામાં અનેક પ્રકારની અફવાઓ ફેલાઈ રહી છે અને

કહેવાય છે કે ૭૩ એએ ની જે કલમ છે એમાં રાજય સરકારે સુધારો કરેલ છે જેથી આદિવાસી વિસ્તારના જે ખેડૂતો છે એમને અન્યાય થશે ભવિષ્યમાં આ જે ખેડૂતો છે એમનું શોષણ થશે એવી વાતો ચાલે છે, હું પણ આદિવાસી સમાજમાંથી આવેલો એક આદિવાસી સભ્ય છું અને હું આ સન્માનનીય ગૃહમાં એક જવાબદારી પૂર્વક જણાવું છું કે, આ રાજય સરકારે આ ૭૩-એએની કલમમાં કોઈપણ જાતનો સુધારો કરેલ નથી અને ભવિષ્યમાં પણ આ આદિવાસી સમાજના જે ખેડૂતો છે એમને અન્યાય થવાનો નથી અને એટલા માટે આ રાજયની જે સરકાર છે તેના પર અને માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ પર મને આદિવાસી સમાજના એક સભ્ય તરીકે પૂરેપુરો વિશ્વાસ છે જે રાજયના મુખ્યમંત્રીશ્રી અને જે રાજયની સરકાર આદિવાસીઓના ઉત્થાન માટે, આદિવાસીઓના સર્વાંગી વિકાસ માટે પંદર હજાર કરોડ રૂપિયા જેટલી માતબર રકમનું વનબંધુ યોજનાનું પેકજ આપતી હોય એવા મુખ્યમંત્રીશ્રી ક્યારેય આદિવાસી સમાજનું અહિત થાય એવા કોઈ નિર્ણય લેશે નહિ.

**સભાપતિશ્રી** : વિરામનો સમય થયો છે, વિજયભાઈ આપનું પ્રવચન ચાલુ રહે છે.

**(વિરામ ૨:૩૦ થી ૩-૧૫)**

**અધ્યશ્રી અધ્યક્ષસ્થાને**

**શ્રી વિજયભાઈ ૨. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું ૭૩- એએ કલમની વાત કરતો હતો. આજે આદિજાતિનાં ખાતેદારોએ ધારણ કરેલ જમીનો લોભ. લાલચ કે ધાક ધમકીથી કે અન્ય રીતે સહેલાઈથી તબદીલ ન થઈ જાય એ હેતુથી રાજય સરકારે મુંબઈ જમીન મહેસૂલ અધિનિયમ ૧૮૭૯, કલમ-૭૩ ક અન્વયે ૪-૪-૬૧નાં રોજ જાહેરનામું પ્રસિદ્ધ કરીને અમલમાં મૂકેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ જે અધિનિયમ છે તે અધિનિયમમાં મુખ્ય કેટલીક જોગવાઈઓ કરવામાં આવી છે કલમ ૭૩-એએ પેટા કલમ-૧ મુજબ રાજયમાં કોઈ આદિવાસીઓની જમીન કલેકટરશ્રીની અગાઉથી મંજૂરી મેળવ્યા સિવાય બીજા કોઈને ફેરબદલ કરી શકાશે નહીં. કલમ-૭૩-એએ પેટા કલમ-૨ મુજબ કોઈ પણ આદિવાસીએ પોતાની જમીન બીજાને વેચાણ કે તબદીલ કરવી હોય તો કેવા સંજોગોમાં તથા કઈ શરતે પૂર્વ મંજૂરી આપવી તે અંગેના નિયમો ઘડવાની જોગવાઈ કરવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, કલમ ૭૩-એએ પેટા કલમ-૩ અનુસાર કોઈ આદિજાતિની વ્યકિત બીજા આદિજાતિની વ્યકિતને વિના પરવાનગીએ જમીન વેચાણ કે તબદીલ કરે તો તેવી જમીન મૂળ જમીન ધારણ કરનાર આદિજાતિ વ્યકિતને પરત કરવાની જોગવાઈ છે. આ માટે મૂળ જમીન ધારણ કરના આદિજાતિની વ્યકિતએ વેચાણ તબદીલ કર્યા પછી બે વર્ષમાં અરજી કરવાની રહે છે. જો બે વર્ષમાં અરજી ન કરે તો તે જમીન જે તે આદિજાતિની વ્યકિતને તબદીલ કરવામાં આવી હોય તેની પાસે જ રહે છે.

માનનીય અધ્યક્ષશ્રી, કલમ ૭૩-એએ પેટા કલમ-૪ મુજબ આદિજાતિ વ્યકિતએ બિન આદિજાતિનાં વ્યકિતને વિના પરવાનગીએ વેચાણ તબદીલ કરેલ જમીન સરકારમાં સંપ્રાપ્ત કરવાની કાયદાકીય વિધિ નક્કી કરવામાં આવેલ છે. તે મુજબ બિન આદિજાતિ વ્યકિતને જમીન તબદીલ કરવામાં આવી હોય તેને નોટિસ આપી તબદીલ ગેરકાયદેસર જાહેર થયે જમીન કોઈપણ પ્રકારનાં બોજા રહિત સરકારમાં સંપ્રાપ્ત થાય છે. આ આદિજાતિ ખેડૂતોને આ કલમ અનુસાર રક્ષણ મળી રહે છે. કલમ-૭૩-એએ કલમ-૫ અન્વયે જણાવેલ મુજબની જમીન સરકાર દાખલ થયે તે જમીન મૂળ વ્યકિતને પરત કરવાની જોગવાઈ છે. પેટા કલમમાં કરેલ જોગવાઈ મુજબ મૂળ આદિવાસી કબજેદારે તે જમીન પોતે ખેડવા તૈયાર છે એવી બાંયેધરી આપવામાં આવશે.

માનનીય અધ્યક્ષશ્રી, જો મૂળ આદિજાતિ કબજેદાર તે જમીન પરત લેવા અને જાતે ખેડવા તૈયાર ન હોય તો તે જમીન ગામની બીજી વ્યકિતને કરે છે. આ ૭૩-એએની કલમમાં ..

**અધ્યક્ષશ્રી** : આપનો સમય પૂરો થાય છે.

**શ્રી અમિતકુમાર અ. ચાવડા(બોરસદ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યાં છે તેમાં મારા વિચારો વ્યક્ત કરવા ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, કોઈ પણ વિભાગ હોય કે વ્યવસ્થા હોય કે લોકાભિમુખ અને સુનિયોજિત રીતે ત્યારે જ ચાલી શકે જ્યારે તે માટેના સક્ષમ અધિકારીઓની નિમણૂક કરવામાં આવે. અમારાં આણંદ જિલ્લાની વાત કરું તો હાલમાં આખો જિલ્લો ભગવાન ભરોસે ચાલતો હોય તે રીતે ચાલે છે. છેલ્લાં ઘણાં સમયથી કલેકટરની જગ્યા ખાલી હોય, આર.ડી.સી.ની જગ્યા ખાલી હોય, જિલ્લા આયોજન અધિકારીની જગ્યા ખાલી હોય, જિલ્લા આરોગ્ય અધિકારીની જગ્યા ખાલી હોય, જિલ્લા જમીન માપણી અધિકારીની જગ્યા ખાલી હોય એવી અનેક જગ્યાઓ ઘણાં સમયથી ખાલી હોવાને કારણે જે પ્રજાના પ્રશ્નો અને ફરિયાદો છે તેનું નિવારણ થઈ શકતું નથી. ત્યારે માનનીય મંત્રીશ્રીને આપના મારફતે વિનંતી કરવા માંગુ છું કે, કલેકટર જેવી મહત્વની જગ્યા સત્વરે ભરવામાં આવે જેથી કરીને પ્રજાને તેના પ્રશ્નો માટે યોગ્ય જગ્યાએ નિકાલની એક વ્યવસ્થા ઉભી થાય. આખો જિલ્લો અત્યારે ચાર્જમાં ચાલતો હોય તે રીતની વ્યવસ્થા ઉભી થઈ છે તે ખૂબ જ દુ:ખદ બાબત છે. જે રીતે આ સરકાર દ્વારા ઉદ્યોગપતિઓને જમીનોની લહાણી કરવામાં આવે છે ત્યારે લોકમુખે એવી ચર્ચા થાય કે આ જો નીતિ બદલવામાં નહીં આવે અને આમને રોકવામાં નહીં આવે તો આવનારા વર્ષોમાં સરકાર ગુજરાતને વેચી દેશે.

માનનીય અધ્યક્ષશ્રી, એક ગરીબ વ્યકિત પોતાના આવાસ માટે પ્લોટ માગે તો એને ન મળે. એક દલિત સમાજનો વ્યકિત સાંથણીની જમીન માગે તો ન મળે. એક સૈનિક પોતાની નિવૃત્તિ પછી જમીન માગે તો એને ન મળે. સરકારના અનેક વિભાગો દ્વારા સરકારની યોજનાઓ માટે જમીન માગવામાં આવે તો ન મળે, પણ એક ઉદ્યોગપતિ જો જમીન માગે તો *(xxxx) તેમ લહાણી કરવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, સરકાર જે રીતે ઉદ્યોગપતિઓને જમીનની લહાણી કરી રહી છે અને જે રીતે મહેસૂલ વિભાગ પોતાની નીતિઓ બનાવી રહ્યું છે, તે જોતા મારે ચોકકસ એમ કહેવું પડે કે તેમાં સુધારો નહીં કરે તો આવનારા સમયમાં જિલ્લે જિલ્લે અને તાલુકે તાલુકે પ્રજામાં જનઆક્રોશ છે એ મહુવા જેવા આંદોલનોના સ્વરૂપ લેશે. ખાસ કરીને અમારા આણંદ જિલ્લાની વાત કરું તો આરોગ્ય વિભાગના બજેટમાં દર વર્ષે સિવિલ હોસ્પિટલ માટેની જોગવાઈ કરવામાં આવે, પરંતુ તેને માટે જમીન ફાળવવામાં આવતી નથી. એ જ રીતે રમત ગમત સંકુલ માટે બજેટમાં જોગવાઈ કરવામાં આવે પણ જમીન ફાળવવામાં આવતી નથી. જિલ્લા પંચાયતના ભવન માટે બજેટમાં જોગવાઈ કરવામાં આવે, પણ તેને પણ જમીન ફાળવવામાં ન આવે. આત્મારામભાઈ, આંબેડકર ભવન માટે પણ કહેવામાં આવે, પરંતુ તેને માટે પણ જમીન ફાળવવામાં ન આવે. ત્યારે ખાસ કરીને જે રીતે માનનીય શિક્ષણમંત્રીશ્રી એમ કહે કે જમીનની ઉપલબ્ધતા નહીં હોવાને કારણે બે માળની પ્રાથમિક શાળાના ઓરડા બનાવવામાં આવે, તો મારે એ પૂછવું છે કે કોઈ ઉદ્યોગપતિને કહ્યું છે કે જમીન નથી એટલા માટે તમે બે માળની ફેકટરી બનાવો?

ખાસ કરીને જે મહેસૂલ વિભાગની માગણી છે એમાં જમીન દફતરોનું કોમ્પ્યુટરાઈઝેશન અને ઈ-ધરા જેવા કાર્યક્રમો માટે કેન્દ્ર સરકાર દ્વારા કરોડો રૂપિયાની મદદ કરવામાં આવે છે. રાજય સરકાર તરફથી પણ આ કામગીરી માટે ખૂબ મોટી રકમ ખર્ચ કરવામાં આવે છે. પણ આપણે ગ્રાઉન્ડ રીયાલીટી જોઈએ તો આજે પણ મામલતદાર કચેરીએ ખેડૂતો જયારે પોતાની નકલ મેળવવા જાય છે ત્યારે ઠંડી હોય, ગરમી હોય કે વરસાદ હોય, તેમને કલાકો સુધી લાઈનમાં ઉભા રહેવું પડે છે. જેમ સી. કે. રાઉલજીએ કીધું કે આઉટ સોર્સીંગથી ઈ-ધરાના કેન્દ્રોમાં આપણે કોમ્પ્યુટર ઓપરેટરની ભરતી કરી છે, એ ઓપરેટરો પોતાના ઓળખીતા જે લોકો છે એમને અથવા તો તેમને જે લોકો પૈસા પૂરા પાડે છે એમને પાછલા બારણે અંદર બોલાવીને નકલો આપે છે. મારે તો એટલે સુધી કહેવું છે કે જમીનના દલાલો અને બિલ્ડર લોબીને ઘેર બેઠા નકલો પહોંચાડવામાં આવે છે. જયારે ખેડૂતોને કલાકો સુધી લાઈનમાં ઉભા રહેવા છતાં પણ નકલો મળી શકતી નથી.

ખાસ કરીને માનનીય મંત્રીશ્રી ઘણીવાર આર.ઓ.આર. શિક્ષણની વાત કરે છે કે આવનારા સમયમાં ગ્રામ્ય કક્ષાએ ખેડૂતોને પોતાના ગામમાં જ નકલ મળી રહે એવી વ્યવસ્થા ઉભી કરવામાં આવશે. એ નકલ કોણ કાઢી આપે? એને માટે કોમ્પ્યુટર ઓપરેટર જોઈએ. એ માટેની કોઈ જોગવાઈ આમાં ન કરવાને કારણે અનેક ગ્રામ પંચાયતો એવી છે કે કોમ્પ્યુટર કનેકટીવીટી છે, તેમ છતાં ખેડૂતોને નકલ પૂરી પાડી શકતા નથી. માનનીય મંત્રીશ્રીને વિનંતી કરવા માગું છું કે આપણે એમ કહીએ કે અન્ય કામગીરીમાંથી આવક થાય તો એમાંથી ગુજરાન ચાલશે, પણ જે નાની ગ્રામ પંચાયતો છે, જયાં કોઈપણ રીતે એને આવકના સાધનો ઉભા થઈ શકે તેમ નથી, એવી ગ્રામ પંચાયતોમાં કોમ્પ્યુટર ઓપરેટર માટે પગાર અને મહેનતાણાની જોગવાઈ કરીએ તો જ આર.ઓ.આર. ગ્રામ્ય કક્ષાએ નકલ મળે એવી યોજના જે કરવા માગીએ છીએ એ સફળ થશે.

આજે જે રીતે મામલતદાર કચેરીઓમાં અને જમીનની લે વેચની કામગીરી ચાલે છે ત્યારે આ મામલતદાર કચેરીઓ અને આ ઈ-ધરા કેન્દ્રો પ્રજા માટે કે ખેડૂતો માટે નહીં, પણ બિલ્ડરો, જમીનના દલાલો અને ભૂ-માફિયાઓ માટે જ હોય એવી લોકોને પ્રતીતિ થાય છે. આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને એક ધ્યાન દોરવા માગું છું કે આજથી દોઢ વર્ષ પહેલા બોરસદ મામલતદાર કચેરીનું ખાતમુહૂર્ત એમના જ શુભ હસ્તે કરવામાં આવ્યું હતું. છેલ્લા ૧ાા વર્ષથી આ મામલતદાર કચેરી એક દવાખાનામાં ચાલે છે. લોકોને અનેક રીતે હાલાકી ભોગવવી પડે છે. આજે ૧ાા વર્ષ જેટલો સમય થઈ ગયો હોવા છતાં પણ મકાનનું બાંધકામ આગળ વધી શકયું નથી. એમાં કેટલાંક કારણોસર આ થયું નથી એનો અમે સ્વીકાર કરીએ છીએ. માનનીય મંત્રીશ્રીને મારી ખાસ વિનંતી છે કે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા જે વૈકલિપક જગ્યા સૂચવવામાં આવી છે એના અંગેની સિંચાઈ વિભાગ હસ્તકની ફાઈલ માનનીય સિંચાઈ મંત્રીશ્રી નીતિનભાઈ પાસે પડતર છે . તો એનો ઝડપથી નિકાલ આવે અને લોકોને સારી સુવિધાવાળી મામલતદાર કચેરી મળે એવું આયોજન સત્વરે કરવા વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ખાસ કરીને અમારા આણંદ જિલ્લાના મહી કાંઠાના તાલુકા એમાં ઉમરેઠ, આંકલાવ, આણંદ, બોરસદ અને ખંભાત એ તાલુકાઓમાં જયારે નદીમાં વધારે પાણી છોડવામાં આવે કે અતિવૃષ્ટિ થાય અને પૂરની પરિસ્થિતિ થાય ત્યારે એવાં અનેક ગામો હોય છે કે જે ગામોનો સંપર્ક થઈ શકતો નથી ત્યારે આવાં ગ્રામ જનોને આવી પરિસ્થિતિમાં ખૂબ જ આપદા વેઠવી પડે છે અને મોટી જાનહાની થવાની પણ સંભાવના રહે છે. ૨૦૦૫ માં જયારે ખૂબ અતિવૃષ્ટિ થઈ અને પૂરની પરિસ્થિતિ ઉભી થઈ ત્યારથી આ ગામોનો લોકો અને ત્યાંના તંત્ર અને પદાધિકારીઓ દ્વારા આ ગામોને મરૂન વિલેજ યોજનામાં સમાવેશ કરવા માટે રજૂઆતો કરવામાં આવી

*** (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.**

છે, પરંતુ મારે દુ:ખ સાથે કહેવું પડે છે કે આણંદ જિલ્લો અને ખાસ કરીને મહી કાંઠાના વિસ્તારને અન્યાય કરીને આ ગામોનો મરૂન વિલેજ યોજનામાં સમાવેશ થતો નથી અને ગામોને પૂર કે અતિવૃષ્ટિ વખતે સુવિધા મળવી જોઈએ, બચાવ માટેની કામગીરી માટે ઈન્ફ્રાસ્ટકચર હોવું જોઈએ એ ઉપલબ્ધ કરાવવામાં આવતું નથી ત્યારે મારી ખાસ વિનંતી છે કે આ મરૂન વિલેજ યોજનામાં આણંદ જિલ્લાના મહી કાંઠાનાં ગામોનો સમાવેશ કરવાની માગણી છે એ બાબતમાં માનનીય મંત્રીશ્રી પ્રકાશ પાડે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે આજે કેન્દ્ર સરકારને અભિનંદન આપવાં છે કે જે આંગણવાડી કેન્દ્રો આ સરકાર દ્વારા એ પોતાના કાર્યકર તરીકે બહેનોનો ઉપયોગ કરવામાં આવે છે એ બહેનો સમાજમાં પોતે સન્માનપૂર્વક જીવી શકે એ માટે પગાર વ્યવસ્થા હોય એમાં કેન્દ્ર સરકારે ખૂબ જ મોટા પ્રમાણમાં એટલે કે બમણા જેટલો વધારો કરીને આ આંગણવાડી કેન્દ્રોને ખૂબ મોટી ભેટ આપી છે. આઈ.સી.ડી.એસ. ની વાત કરું તો તાલુકા કક્ષાએ અલગથી કચેરીઓ ન હોવાને કારણે એનો સ્ટાફ છે અને આ આંગણવાડી બહેનો આવે છે તેમને તાલુકા પંચાયતમાં આવી મિટિંગોમાં આવતી હોય ત્યારે એ બહેનોને અશોભનીય પરિસ્થિતિનો સામનો કરવો પડે છે. ખાસ કરીને આઈ.સી.ડી.એસ. નાં સાધનો પડયાં છે એ માટેના કોલ ગોડાઉનોની વ્યવસ્થા ના હોય એ વખતે પણ તેમને ખૂબ તકલીફ ભોગવવી પડતી હોય છે. ત્યારે મારી ખાસ વિનંતી છે કે આપણે જયારે સ્વર્ણીમ વર્ષની ઉજવણી કરી રહ્યા છીએ ત્યારે દરેક તાલુકામાં આઈ.સી.ડી.એસ. માટેની અલગ કચેરીઓ હોય, ગોડાઉનો માટેની સુવિધા હોય એવું ચોકકસ આયોજન કરવામાં આવે.

અધ્યક્ષશ્રી: માનનીય ભાવનાબેન, આપ આપનું પ્રવચન ચાલુ કરો.

**શ્રીમતી ભાવનાબેન ર. મકવાણા(તળાજા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી અનુદાન માટેની માગણીઓ લઈને આવ્યા છે તેને હું મારું અનુમોદન આપું છું અને ૧૦૫ નંબરની જે મહિલા અને બાળ વિકાસ વિભાગની માગણી છે એમાં મારા વિચારો વ્યકત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આવનારી પેઢીના નાગરિકો સમા આજના બાળકો સંપૂર્ણ સ્વસ્થ અને તંદુરસ્ત હોય તે અતિ જરૂરી છે તેને અનુલક્ષીને અનેક કાર્યક્રમો હાથ ધરવામાં આવ્યા છે. જેવા કે ચાલુ વર્ષે ૪૦,૦૦૦ આંગણવાડીઓમાં કોર્પોરેટ સોશ્યલ રિસ્પોન્સીબિલીટીના ભાગરૂપે ગેસ કનેકશનની સગવડ અપાઈ છે કે જેથી લાભાર્થીઓને પૌષ્ટિક ગરમ આહાર મારફતે પૂરક પોષણ આપી શકાય.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજય દ્વારા બાળકોના વિકાસ માટે સંકલિત બાળ વિકાસ યોજનાને અમલી બનાવવામાં આવી છે. રાજયના ૧૮,૫૦૦ ગામડાઓ સુધી સંકલિત બાળ વિકાસ સેવા યોજનાનો લાભ પહોંચાડીને ગુજરાત આ ક્ષેત્રમાં અન્ય રાજયો માટે પથદર્શક બન્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, સંકલિત બાળ વિકાસ સેવાનો વ્યાપ હજુ પણ વધે તે માટે રાજય સરકાર સતત પ્રયત્નશીલ છે. રાજયમાં મંજૂર થયેલા તમામ ૩૩૬ ઘટકો તથા મંજૂર થયેલ કુલ ૫૦,૨૨૬ આંગણવાડી કેન્દ્રોમાંથી ૪૮,૬૧૭ કાર્યન્વિત થઈ ગયા છે.

માનનીય અધ્યક્ષશ્રી, ઘરેલુ હિંસા અધિનિયમનું અમલીકરણ કરવામાં આવેલ છે. મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા 'જેન્ડર રિસોર્સ સેન્ટર' (જી.આર.સી.) ની એક સ્વાયત સંસ્થા તરીકે જુલાઈ, ૨૦૦૩ માં સ્થાપના થઈ. જી.આર.સી.નો મુખ્ય હેતુ રાજયની તમામ વિકાસલક્ષી પ્રક્રિયાઓ અને આયોજનમાં જાતિગત સમાનતા તેમજ સમન્યાયતનો સમાવેશ થાય તે માટે ટેકો પૂરો પાડવાનો છે. જેન્ડર રિસોર્સ સૅન્ટર સરકાર તેમજ સ્વયંસેવી સંસ્થાઓને જાતિગત રીતે સંવેદનશીલ કાર્યક્રમો, નીતિઓ, કાયદાઓ અને યોજનાઓના આયોજન અમલીકરણ અને મૂલ્યાંકનમાં મદદ કરે છે. જી.આર.સી. દ્વારા સરકાર તેમજ જાહેર ક્ષેત્રમાં કાર્ય કરતા લોકો જાતિગત રીતે વધુ સંવેદનશીલ બને તે માટે ક્ષમતા વર્ધકની કામગીરી કરવામાં આવે છે.

રાજય સરકારે મહિલાઓ ઉપર થતી ઘરેલું હિંસાને અટકાવવા માટે ઘરેલું હિંસા અધિનિયમ, ૨૦૦૫ અમલી બનાવેલ છે. જેના અસરકારક અમલીકરણ માટે જી.આર.સી. દ્વારા રાજય સરકારને જરૂરી તકનિકી સહયોગ આપવામાં આવે છે. જાતિગત સંવેદનશીલતાની બાબતને રાજયના લાભાર્થી લક્ષી સેવાઓ પૂરી પાડતા મહત્ત્વના દસ વિભાગોમાં વિભાગીય બજૅટ જાતિગત રીતે સંવેદનશીલ બને અને પ્રમાણે દર વરસે તૈયાર થાય તે માટે જેન્ડર રિસ્પોન્સિવ બજૅટીંગ પ્રક્રિયા અમલી બનાવવામાં આવી છે.

મહિલાઓને વિકાસની પ્રક્રિયામાં સમાન તક અને સમાન ન્યાય મળી રહે તે માટે રાજય સરકાર દ્વારા મહિલાઓ માટેની અલાયદી નીતિ, "નારી ગૌરવ નીતિ" જાહેર કરવામાં આવેલ છે. જેમાં તમામ વિભાગોની કામગીરીને વિકાસના જુદા જુદા આઠ ક્ષેત્રોમાં વિભાજીત કરી, નીતિ અંતર્ગત કામગીરી કરવા જણાવેલ છે. નીતિના અસરકારક અમલીકરણ માટે રાજય સરકાર દ્વારા જેન્ડર રિસોર્સ સૅન્ટરને રિસોર્સ એજન્સી તરીકે નિયુક્ત કરેલ છે.

નારી ગૌરવ નીતિ અંતર્ગત રાજય સરકાર દ્વારા પંચાયતની ચૂંટણીઓમાં મહિલાઓનું પ્રતિનિધિત્વ વધારવા માટે મહિલાઓ માટે જિલ્લા અને તાલુકા સ્તરે અલાયદા માહિતી કેન્દ્રો ઊભા કરવા ઠરાવ થયેલો છે.

નિરાધાર મહિલાઓને આર્થિક સહાય પણ રાજય સરકાર દ્વારા આપવામાં આવે છે. ૧૮ થી ૬૪ વર્ષની નિરાધાર વિધવા કે જેને ૨૧ વર્ષ કે તેથી વધુ ઉંમરનો પુત્ર ન હોય તેમને માસિક રૂા. ૫૦૦ અને તેમના આશ્રિત

સગીર વયના બે બાળકો સુધી બાળક દીઠ રૂા. ૮૦ની આર્થિક સહાય ચૂકવવામાં આવે છે. પહેલા વિધવા સહાયની વય મર્યાદા ૬૦ વર્ષ હતી જે રાજય સરકારે વધારીને ૬૪ વર્ષની કરી છે.

**શ્રીમતી ભારતીબેન અ. રાઠોડ(કામરેજ)** : માનનીય અધ્યક્ષશ્રી, જ્યારથી ભારતીય જનતા પક્ષની સરકારે સત્તાના સૂત્રો સંભાળ્યા છે ત્યારથી ગુજરાતની પ્રજા અને મહિલાઓ શાંતિથી અને ગૌરવભેર જીવન જીવી રહી છે. આનો બધો યશ અને જશ જો કોઈને હોય તો એ માનનીય મોદી સાહેબ અને મહિલા બાળ વિકાસના મંત્રીશ્રીને જાય છે. આ તબક્કે મહિલા અને બાળ વિકાસના વિષય ઉપર બોલતાં હું આનંદની લાગણી અનુભવું છું.

ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રી તેમજ નાણામંત્રીશ્રી વજુભાઈ વાળા સાહેબે ગુજરાતનાં બાળકો અને મહિલાઓ સંપૂર્ણ સ્વસ્થ અને તંદુરસ્ત રહે તે માટે બજૅટમાં રૂા. ૧૨૬૪ કરોડની ફાળવણી કરેલ છે.

રાજયની ૪૦ હજાર આંગણવાડી કેન્દ્રોમાં ભણતા બાળકોને પોષણયુક્ત આહાર અપાય તે માટે રૂા. ૫૮૯ કરોડની ફાળવણી કરેલ છે. બાળકો અને કિશોરીઓને પોષણયુક્ત આહાર આપનાર ગુજરાત દેશનું પ્રથમ રાજય છે.

મહિલા અને બાળકોના કલ્યાણ માટે કટિબદ્ધ ગુજરાત સરકારે સગર્ભા માતાઓ માટે દેશમાં સૌ પ્રથમ પોષણયુક્ત આહારની પહેલ કરી છે.

ગુજરાત સરકારે આંગણવાડી કેન્દ્રો "નંદઘર" બનાવવા માટે બજૅટમાં રૂા. ૧૧૦ કરોડની જોગવાઈ કરી છે.

ગુજરાતના ૧૮૫૦૦ ગામડાંમાં આઈ.સી.ડી.એસ. યોજનાની સેવાઓ ઘેર ઘેર પહોંચાડવાની તેમજ બાળકો અને માતાઓના આરોગ્ય અને પોષણની ચિંતા આંગણવાડીની બહેનો કરે છે. આ બહેનો એક સમૃદ્ધ અને આરોગ્યપ્રદ સમાજના ઘડતરનો પાયો નાખવામાં તેઓનો કિંમતી સમય આપી આ સેવાનું ભગીરથ કાર્ય કરે છે.

માતા યશોદાએ ગોકુળમાં ભગવાન કૃષ્ણનો જે રીતે ઉછેર કરેલ છે તે રીતે ગુજરાતના દરેક ગોકુળિયા ગામમાં આવેલા નંદઘરમાં બાળકોની માવજત મારી આ આંગણવાડીની યશોદા માતાઓ કરી રહી છે.

સમગ્ર દેશમાં ફક્ત ગુજરાતમાં જ આંગણવાડી કાર્યકર અને તેડાગરની શ્રેષ્ઠ કામગીરીને બિરદાવવા માટે આ યોજના વર્ષ ૨૦૦૬-૦૭ થી અમલમાં મૂકવામાં આવેલ છે. વર્ષ ૨૦૦૭-૦૮થી આંગણવાડી કાર્યકર તથા તેડાગર બહેનોને તેઓની શ્રેષ્ઠ કામગીરી બદલ માતા યશોદા એવોર્ડ આપવામાં આવે છે. રાજયકક્ષાએ પ્રથમ આવનાર કાર્યકર બહેનને રૂા. ૫૧૦૦૦નું રોકડ ઇનામ, પ્રમાણપત્ર તેમજ તેડાગર બહેનને રૂા. ૩૧૦૦૦ અને પ્રમાણપત્ર આપવામાં આવે છે. આવડી મોટી ઇનામની રકમ આપવામાં પણ આપણા ગુજરાત રાજયે પહેલ કરી છે. વર્ષ ૨૦૦૭થી અત્યાર સુધીમાં કુલ ૧૩૦૬ એવોર્ડ આંગણવાડી કાર્યકરોને અને તેડાગર બહેનોને કુલ રૂા. ૨ કરોડ ૨૨ લાખની માતબર રકમ આપી તેમની કામગીરીને બિરદાવવામાં આવે છે. આને લીધે આંગણવાડી કાર્યકરો અને હેલ્પરોમાં એક સંતોષની લાગણી જોવા મળી રહી છે અને તેઓની કાર્યક્ષમતામાં વધારો થયો છે.

માનનીય અધ્યક્ષશ્રી, દર વર્ષે ૮મી માર્ચે મહિલા દિનની ઉજવણી કરવામાં આવે છે. આપણાં રાજયના મુખ્યમંત્રીશ્રીએ મહિલાઓને આગળ લાવવા માટે નોકરીમાં વિદ્યા સહાયકો તરીકે, ગ્રામ્ય મિત્રો તરીકે, પોલીસદળમાં, નર્સીંગમાં અને આંગણવાડી કેન્દ્રોમાં સમાવેશ કરેલ છે. આજે મહિલા પુરુષ સમોવડી બની છે અને ગૌરવભેર આગળ વધી રહી છે.

" જે કર ઝુલાવે પારણું તે જગત પર શાસન કરે."

માનનીય અધ્યક્ષશ્રી, આપ જ્યાં જૂઓ ત્યાં દરેક જગ્યાએ મહિલા આગળ વધી રહી છે. રાષ્ટ્રપતિપદે, રાજયપાલપદે, આકાશમાં પાયલટ તરીકે અને શહેરોમાં મધ્યમ વર્ગની મહિલાઓ ગાડી ડ્રાઈવીંગ કરીને ઘરનું ભરણ-પોષણ કરે છે ત્યારે મંત્રીશ્રી આ જે માગણીઓ લઈને આવ્યા છે તેને હું મારું સમર્થન કરું છું.

**શ્રી મણીભાઈ દે. પટેલ (કપડવંજ)** : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત હું માનનીય મહેસૂલ મંત્રી અને માર્ગ અને મકાન મંત્રીને કેટલીક રજૂઆત કરવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સરકાર દ્વારા ઔદ્યોગિક ગૃહોને મોટા પાયે જમીન ફાળવવામાં આવે છે. પરંતુ ગામડાંમાં રહેતા માણસોને, ખેડૂતોને, ગરીબ લોકોને એ જમીનના પ્લૉટ આપવામાં આવતા નથી. સંયુક્ત કુટુંબ હોય એ સંયુક્ત કુટુંબનું વિભાજન થાય ત્યારે બીજા ભાઈ માટે રહેણાંકની જમીન હોતી નથી. પરિણામે એ ગામતળ ઉપર દબાણ કરે છે અથવા સરકારી ગૌચરમાં દબાણ થાય છે અને તેને નાછૂટકે એ દબાણ કરવાનો વારો આવે છે ત્યારે મારું એક સૂચન છે કે આવા લોકોને પણ રાહત દરે છેવટે બી.પી.એલ.માં આવતા હોય કે ન આવતા હોય, ગરીબ લોકોને જમીન ફાળવવામાં આવે, ગરીબી કક્ષામાં ન આવતા હોય તો તેને રાહત દરે પ્લૉટ ફાળવવામાં આવે તો સરકારી જમીન ઉપર થતું દબાણ ઑટોમૅટીક ઘટશે. પોતાની પાસે જમીન ન હોય એટલે એ ખેતરમાં જઈને ઘર બાંધે છે. ખેતરમાં જઈને ઘર બાંધે એટલે તેને પીવાના પાણીના પ્રશ્નો ઉભા થાય, રસ્તાના પ્રશ્નો ઉભા થાય, વીજળીના પ્રશ્નો ઉભા થાય અને મોટી હાલાકી સરકારને પણ ભોગવવી પડે છે. એટલે જો તેને ગામતળમાં અને ગામતળ ન હોય તો નવું ગામતળ ઉમેરીને તેને પ્લૉટ આપવામાં આવે તો આ મુશ્કેલી હલ થાય તેમ છે.

માનનીય અધ્યક્ષશ્રી, કેટલીક જગ્યાએ સરકારી ઑફિસો છે તેમાં ઘણાં વખતથી ખાલી જગ્યાઓ ભરાતી નથી. પરિણામે ત્રણ વર્ષનો સમયગાળો થઈ જાય એટલે પછી એમ કહે છે કે ત્રણ વર્ષથી આ જગ્યા ખાલી છે એટલે આ જગ્યા રદ કરવામાં આવે છે. પરિણામે મુશ્કેલી વેઠવી પડે છે. હું મારા કપડવંજનો દાખલો આપું તો અમારા કપડવંજમાં સિટી સરવે ઑફિસરની જગ્યા ૨૦૦૪થી ખાલી છે. એમાં કપડવંજ સિટી સરવે ઑફિસના જે ૧૦ નાના સિટી સરવે સેન્ટરો આવેલા છે. ૨૦૦૪થી જગ્યા ન ભરવાના પરિણામે હમણાં જ મેં પ્રશ્ન પૂછયો હતો એ પ્રશ્નના જવાબમાં એવું કહેવામાં આવ્યું કે ત્રણ વર્ષથી અત્યાર સુધી આ જગ્યા ભરાઈ નથી એટલે તમારી સિટી સરવે સુપ્રિન્ટેન્ડન્ટની જગ્યા નથી. આ જગ્યા રદ કરવામાં આવે છે. એટલે તેના પરિણામે તેની નીચેના જે ગામો, જે સેન્ટરો આવતા હોય એ બધાને પારાવાર મુશ્કેલી પડે છે. બીજો કેટલોક શહેરી વિસ્તાર, એ વિસ્તારમાં હજુ તેનું રેકૉર્ડ ૭/૧૨ રેવન્યુ રેકૉર્ડ હેઠળ ચાલે છે. તેને સિટી સરવે વિસ્તારમાં ઘણી જગ્યાએ લીધું નથી. એ બધાનો જો સિટી સરવે વિસ્તારમાં સમાવેશ કરવામાં આવે તો ઘણી બધી મુશ્કેંલીઓ અને હાલાકી દૂર થઈ શકે તેમ છે. મારે બીજી કેટલીક વાત માર્ગ અને મકાન બાબત એક-બે સૂચન કરવાના છે કે ૫૦૦થી ઓછી વસતિવાળા જે નૉન પ્લાન રસ્તાઓ હતા, આ વખતે તેમાં ૧૦૦ કરોડ રૂપિયા સરકારે ફાળવ્યા છે એ ધન્યવાદની વાત છે, ખૂબ સારી વાત છે પણ ૧૦૦ કરોડના બદલે હજુ પણ થોડી વધારે રકમ જો ફાળવવામાં આવી હોત તો કેટલાય વર્ષોથી પાકા રસ્તાની વાટ જોતા જે ગામડાંઓ છે એ ગામડાંને વહેલી તકે એ રસ્તાઓ મળી શક્યા હોત અને એ મુશ્કેલી દૂર કરી શક્યા હોત. એવી જ એક બીજી મુશ્કેલી છે કે બે ગામને જોડતા રસ્તા. એ ગામને પાકો રસ્તો હોય એ એક ગામથી બીજા ગામ ફરીને જવું હોય તો પાંચ કિલોમીટરનું અંતર થાય પણ જો બે ગામને જોડતો કેટલોક રસ્તો જો અડધો કિલોમીટરનો કે એક કિલોમીટરનો પણ જો રસ્તો હોય તો એ બે ગામ વચ્ચેના ટૂંકા અંતરના પણ રસ્તા થાય. તો આ બાબતમાં સરકારે વિચારણા કરવાની જરૂર છે. એવી ત્રીજી એક મહત્ત્વની વાત  કે બે તાલુકાને જોડતા રસ્તા. એના તાલુકાઓ વચ્ચેનું અંતર, એક તાલુકાની સરહદ સુધી રસ્તો હોય, બીજા તાલુકા સુધી બાકી હોય એ અડધો કિ.મી. હોય, એક કિ.મી. હોય, બે કિ.મી. સુધીનો બાકી હોય એ બે તાલુકાઓને જોડતા અસંખ્ય રસ્તાઓ છે. નાના-નાના ઓછા ખર્ચે વધુ સુવિધા મળે એવી છે. એ બાબતમાં મંત્રીશ્રીનું હું મારું ધ્યાન દોરવા માગું છું. જ્યારે જ્યારે પાકા રસ્તાઓની વાત આવે છે ત્યારે પંચાયતના રસ્તાઓ તો એનો વ્યાપ વધારે છે. અમારા કપડવંજ તાલુકામાં કંપડવંજ-ડાકોર રોડ સિવાયના બીજા છ સ્ટેટના રસ્તાઓ પૂરી લંબાઈના નથી. એટલે જે રસ્તાઓ બનાવવામાં આવે એ પૂરા માપમાં બનાવવામાં આવે. જે ખૂટતી કડીઓ છે એ ટૂંકી ખૂટતી કડીઓ બનાવવામાં આવે તો બધા રસ્તાઓ પર માણસો જઈ શકે એવા અને ફરિયાદ ન આવે એવા રસ્તાઓ બનાવવા જોઈએ. ઈ-ધરાની વાત કરવામાં આવી. પરમ દિવસે જ મારા ઉપર કિસાન સંઘવાળાનો ફોન આવ્યો હતો અને એમણે કહ્યું હતું કે, ૭/૧૨ અને ૮/અના દાખલાઓ મેળવવામાં ખૂબ મુશ્કેલીઓ પડે છે. .. .. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : શ્રી નરેશભાઈ પટેલ..

**શ્રી નરેશભાઈ મ. પટેલ(ચીખલી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી, મહેસૂલ વિભાગ, માર્ગ અને મકાન વિભાગ અને મહિલા અને બાળ વિકાસ વિભાગની જે માગણીઓ લઈને આવ્યા છે એના સમર્થનમાં મારા વિચારો રજૂ કરવા હું ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયની પ્રગતિ માર્ગોના માળખાની સ્થિતિ ઉપર અવલંબે છે અને આપણે ગર્વ સાથે આપણા રાજયની માર્ગોની વાત કરી શકીએ એમ છીએ. ૭૪૧૨૭ કિ.મી.ની લંબાઈના માર્ગોનું વ્યૂહાત્મક માળખું આપણી પાસે ઉપલબ્ધ છે. જે બારમાસી રસ્તાઓ જે દરેક ગામમાં મળી શકે એ ૯૮.૮૩ ટકા રસ્તાઓ બારમાસી રસ્તાઓ છે. દરેક ગામડાઓને જોડતા રસ્તાઓ આપણે પૂરા કર્યા છે. એટલું જ નહીં પણ ૭૨ ટકા જેટલા રસ્તાઓ રાજય ધોરી માર્ગ જે દ્વી માર્ગીય બનાવવા તરફ આપણે આગળ વધી રહ્યા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે સામેના મિત્રો કહેતા હતા કે, ગામડાઓને હજુ પણ બારમાસી રસ્તાઓ મળ્યા નથી. ત્યારે મારે સામેના મિત્રોને કહેવું જોઈએ કે, બારમાસી રસ્તાઓ આજે ભૂતકાળની અંદર અમે પણ એવા આદિવાસી વિસ્તારમાંથી આવીએ છીએ કે જે ગામડાઓમાં એકપણ બારમાસી રસ્તાઓ જવા મળતા નહોતા. આજે ચોક્કસપણે કહી શકાય કે, કદાચ આંતરિક રસ્તો બાકી હશે, પણ એક પણ ગામ એવું નહીં હોય કે જ્યાં બારમાસી રસ્તો મળ્યો ન હોય. મુખ્યમંત્રીશ્રીના દસ મુદ્દાની વન બંધુ યોજના હેઠળ મને લાગે છે કે, ૭૪૧૨૭ કિ.મી.ની લંબાઈના રસ્તાઓમાંથી ૧૬૦૦૦ કિ.મી. ઉપરના રસ્તાઓ આદિવાસી વિસ્તારોમાં આવે છે અને એના જ ભાગરૂપે ગઈ વખતે ૨૦૧૦-૧૧માં એના માટે જે જોગવાઈ થઈ અને એ જોગવાઈના ભાગરૂપે રૂ.૪૩૪/- કરોડનો ખર્ચ આજ સુધીમાં થઈ શક્યો છે અને ૧૮૫૦ કિ.મી.ની લંબાઈના રસ્તાઓ આપણે પૂર્ણ કર્યા છે. ગ્રામ્ય રસ્તાઓને માટે હંમેશાં આ ભારતીય જનતા પાર્ટીની સરકારે અને આદરણીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ખૂબ સારું કામ કર્યું છે. મારા નવસારીની વાત કરું તો મરૂન વિલેજની અંદર ૩૫ કિ.મી.ના કામો પૂર્ણ કર્યા છે. વિખૂટા પડેલા ગામોમાં ૨૦૦૬માં પડેલા ભારે વરસાદને કારણે મુશ્કેલીઓ થઈ હતી. એ સમયે એવા અનેક ગામડાઓ છૂટા પડ્યા હતા. એ સમયે રેસ્કયુ ટીમ પહોંચાડવી હોય, રાહત સામગ્રી પહોંચાડવી હોય તો એ બધા માટે ખૂબ મુશ્કેલીઓ પડતી હતી. એ સમયે થયેલા અનેકના સૂચનોને ધ્યાનમાં રાખીને મુખ્યમંત્રીશ્રીએ એક સંકલ્પ કર્યો કે આવા ગામડાઓમાં

જે મુશ્કેલીઓ પડે છે એ ભવિષ્યમાં ન પડે એને ધ્યાનમાં રાખીને આવા ગામડાની અંદર એક કન્સલ્ટન્ટ ટીમ નીમી અને કન્સલ્ટન્ટ ટીમ દ્વારા,
ત્યાંની ભૌગોલિક સ્થિતિની ત્યાં જે તે સ્થળે જઈને એ માહિતી લઈ આવ્યા અને એ માહિતી મુજબ આપણી સરકારે માનનીય અધ્યક્ષશ્રી મારે ગર્વ સાથે કહેવું છે કે તે સમયે લગભગ ૧૬૩ ગામોની યાદી ઉપલબ્ધ થઈ અને એના જ ભાગરૂપે ૨૫૯ કરોડ રૂપિયાની ૧૨૪ રસ્તાઓને જોડવા માટેની મંજૂરી પણ આપેલી અને એજ મરુન વિલેજ છે એના કારણે ઘણા એવા ગામોમાં અમને આજે જે લોકો તરફથી જે આ સરકારની વાહ વાહ થાય છે, એની જે પ્રસંશા થાય છે અને અમે ગર્વ સાથે કહી શકીએ કે આ મરુન વિલેજ પ્રોજેકટમાં ઘણા બધા ગામડામાં એનાથી ખૂબ સારી સુવિધા ઉપલબ્ધ થઈ છે. જે ગ્રામ્ય વિસ્તારના રસ્તાઓ છે, ઈન્ડિયા ટુડેનો પણ સર્વે કહે છે કે આખા દેશની અંદર આપણું ગુજરાત ગ્રામ્ય રસ્તાઓમાં મોખરે છે જ્યારે આખા ભારત દેશની અંદર ગુજરાત મોખરે હોય તો સ્વાભાવિક રીતે હું માર્ગ મકાન વિભાગના મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરીને સમર્થન આપું છું.

**શ્રી ઋષિકેશ ગ. પટેલ(વિસનગર)** : માનનીય અધ્યક્ષશ્રી, અકબરના જમાનાથી ટોડરમલથી શરૂઆત થયેલા અને સામાન્ય જનજીવનને સ્પર્શતા મહેસૂલ વિભાગની માગણીઓ જ્યારે આદરણીય મંત્રીશ્રી આનંદીબેન લઈને આવ્યા છે ત્યારે તેના સમર્થનમાં મારા વિચારો વ્યકત કરવા ઊભો થયો છું. મહેસૂલ વિભાગની કામગીરી એટલી વ્યાપક અને વખતોવખતના સુધારા સાથે ચાલી રહી છે ત્યારે હું બીન ખેતી હેતુના પહેલાની પદ્ધતિ અને ૧-૭-૨૦૦૮ના પરિપત્રના સુધારા પછી થયેલી સગવડતા અને પારદર્શિતાની વાત કરવા માગુ છું. સાથે સાથે હાલમાં દરેક જિલ્લામાં તત્કાલ એન.એ.ની વાત પણ કરવા માગુ છું. અગાઉ બીનખેતીની અરજી મળ્યા પછી સક્ષમ સત્તાધિકારી શ્રી તરફથી સરકારશ્રીના મહેસૂલ વિભાગના ૨૫-૩-૮૧ના ઠરાવથી નક્કી કરેલ અધિકારીશ્રીઓના એન.ઓ.સી. પ્રમાણપત્ર મેળવવાની જોગવાઈ હતી. એ વખત લગભગ ૧૪-૧૪ જેટલા એન.ઓ.સી. મેળવવાના અને એ મેળવવા માટે એ ઑફિસોના ધક્કા ખાવાના અને એ વખતે કેટલાક પ્રમાણપત્રો એવા હોય કે જે મેળવવાની જરૂર ન હોય છતાં પણ અધિકારીઓ એને એક ટેબલથી બીજા ટેબલ પર એને મોકલતા અને આ પણ કેવા પ્રકારના પ્રમાણપત્રો હતા, નાયબ નગર આયોજન અધિકારીશ્રી, કાર્યપાલક ઈજનેરશ્રી, કાર્યપાલક ઈજનેરશ્રી પંચાયત, કાર્યપાલક ઈજનેરશ્રી ગુજરાત વિદ્યુત બોર્ડ, સંબંધિત નગરપાલિકા, ગ્રામ્ય પંચાયત સંબંધિત વિસ્તારમાં આવતા જમીન સંપાદન અધિકારીશ્રીઓ, જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, રેલ્વે ઓથોરીટી, ઓ.એન.જી.સી., ઉદ્યોગના હેતુ માટે જિલ્લા ઉદ્યોગ અધિકારીશ્રી, પેટ્રોલપંપ જેવા હેતુ માટે જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, શહેરી જમીન ટોચમર્યાદા અંગેના સક્ષમ અધિકારીશ્રી, ગુજરાત પાણી પ્રદુષણ નિયંત્રણ બોર્ડ, ઉદ્યોગના હેતુ માટે જી.આઈ.ડી.સી., આવા અનેક પ્રકારના એન.ઓ.સી.ઓ એમને લાવવા પડતા હતા, ખૂબ સમય વ્યતિત થતો અને પરિણામે આ એન.એ. મેળવવા માટે જે તે અરજદાર એટલા ધક્કા ખાતો અને ક્યારે એનું કામ પૂરું થતું અને એ સંબંધે એ અધિકારીઓની હેરાનગતિ અને એ પારદર્શિતાનો અભાવ હતો જેને લગભગ ૧-૭-૨૦૦૮ના મહેસૂલ વિભાગના ઠરાવથી નવીન કાર્યપદ્ધતિ અમલમાં મૂકેલ છે. જેથી બિનખેતીની પરવાનગી આપવાના અધિકારોમાં વિસ્તૃતીકરણ કરીને અને તેમજ આ માટે જે ખાતાના અભિપ્રાયની ખરેખર જરૂરિયાત રહેતી ન હોય તેઓના અભિપ્રાય મેળવવાનું પણ બંધ કરી નવીન સુધારાની નીતિનું અમલીકરણ કરેલ છે. બીન ખેતીની પરવાનગી આપવા માટે સી અને ડી કક્ષાની નગરપાલિકાઓ છે એના અધિકારો પ્રાંત અધિકારીને સુપરત કર્યા છે. બીન ખેતીની પરવાનગીની અરજી જ્યારે અગાઉ કરવાની હતી ત્યારે જે સંબંધિત જે અરજી કરવાવાળો છે એને પણ ખબર ના હોય કે એણે અરજી કઈ રીતે કરવાની એની પણ જોગવાઈઓ સ્પષ્ટ નીતિ નિયમ પ્રમાણે કરી છે. માગણીવાળી જમીનને લાગુ પડતી તમામ હક્ક નોંધો સાત-બારની નકલ- આઠ-અની નકલ પ્રિમીયમ પાત્ર જમીન હોય તો બીન ખેતીના હેતુ માટે નવી શરતની જમીન જૂની શરતમાં ફેરવવા માટે કલેકટરશ્રીના હુકમની નકલ અને પ્રિમિયમ ભર્યાની પહોંચની નકલ, માપણી ફી ભર્યાની ચલણની નકલ, બોજો હોય તો કમીટ કર્યા અંગેનો આધાર પૂરાવો, ટી.પી.અંતર્ગત ક્ષેત્ર ફાળવ્યા અંગેના ફાળવણીપત્રક અને ઝોનનું પ્રમાણપત્રક, આટલું રજૂ કરે એટલે એની અરજી દાખલ થઈ જ જાય. અગાઉ જે ૧૪ અભિપ્રાયો મેળવવાના હતા એની જગ્યાએ ફક્ત કલેકટરશ્રીનું એક એન.ઓ.સી., રેલવે, ઈલેક્ટ્રિસિટી, ઓ.એન.જી.સી. વગેરે ખાતાના ૨૧ દિવસમાં એન.ઓ.સી. આપી દેવાના રહે છે. જો ૨૧ દિવસમાં ન મળે તો એન.ઓ.સી. મળ્યું છે એવું માની લેવાનું એવો સરકારશ્રીનો સ્પષ્ટ અભિગમ છે. કાયદામાં બીન ખેતીની પરવાનગી અરજીનો ૯૦ દિવસની સમયમર્યાદામાં નિકાલ કરવાની જોગવાઈ છે. જો તેમ ન કરવામાં આવે તો આપોઆપ પરવાનગી મળી જતી હોવાની એટલે કે ડીમ્ડ એન.એ.નો પ્રકાર બને છે. આ ૯૦ દિવસની સમયમર્યાદા સુધી રાહ ન જોવા અને બીન ખેતી અરજીનો રહેણાંક હેતુ માટે માગણી હોય તો મહત્તમ રેસિડન્સમાં ૩૦ દિવસમાં અને જો કોમર્શિયલ હોય તો ૪૫ દિવસમાં આપી દેવાની રાજ્ય સરકારની નીતિ અમલી છે. તત્કાલ બીન ખેતી યોજના હમણાં સરકારે અમલમાં મૂકી છે. અમદાવાદ કલેકટરશ્રી ૧૫ દિવસમાં એન. એ. આપવાની એક યોજના બનાવી અને એનો સફળતાપૂર્વક અમલ કર્યો. મને કહેતા ગૌરવ થાય છે કે અમારા મહેસાણા જિલ્લામાં આવા તત્કાલ એન.એ. અંતર્ગત ૬ કેસો થઈ ગયા છે. બીજા કેસો અત્યારે થઈ રહ્યા છે. મારે કહેવું છે કે જિલ્લા પંચાયતો દ્વારા પણ જે અત્યારે એન.એ. ચાલી રહ્યા છે એમાં અમારી ચૂંટાયેલી સરકાર દ્વારા,

અમારી કારોબારી દ્વારા આ એન.એ. આપવામાં આવે છે અને જે ભૂતકાળમાં રેટ ચાલતા હતા એ રેટ બંધ કરી સંપૂર્ણપણે પારદર્શિતા દ્વારા આ એન.એ. આપવાની કામગીરી અમારી ભારતીય જનતા પાર્ટીની સરકાર અને આદરણીય બેનશ્રી આનંદીબેન કામગીરી કરી રહ્યા છે એ બદલ અભિનંદન આપું છું અને જે માગણીઓ લઈને આવ્યા છે એને મારું સમર્થન આપી મારી વાત પૂરી કરું છું.

**શ્રી શંભુજી ઠાકોર(ગાંધીનગર)** : માનનીય અધ્યક્ષશ્રી, પાટનગર યોજના વિભાગના મંત્રીશ્રી માગણી નં. ૮૭ લઈને આવ્યા છે તે ઉપર મારા વિચારો રજૂ કરવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, પાટનગરનો વિકાસ એ સમગ્ર રાજ્યના વિકાસનું પ્રતિબિંબ પાડતો હોય છે. ભારતીય જનતા પાર્ટીની આ સરકારે પાટનગર યોજનાના કામો માટે ખૂબ જ ઊંડો રસ લઈ લોકોપયોગી કામો જેવા કે લગ્નવાડીઓનું રીનોવેશન, પે એન્ડ યુઝ ટોયલેટ, લોક ભાગીદારીથી સર્કલોનો વિકાસ અને પાર્કિંગની વ્યવસ્થાઓ આ સરકારે ખૂબ જ રસ લઈને કર્યા છે. ગાંધીનગરના વિકાસ માટે ગાંધીનગરમાં રાજ્ય કક્ષાની કચેરીઓ માટે અને મતદાનની કચેરી માટે બહુમાળી મકાન બનાવવા માટે ૬૦ કરોડના કામો મંજૂર કર્યા છે. જિલ્લા કક્ષાની કચેરીઓ માટે બહુમાળી મકાનના કામ માટે પણ રૂપિયા ૨૫ કરોડના ખર્ચે હાથ ધરવાનું આયોજન છે. ગાંધીનગરમાં નક્કી કરેલ નીતિ મુજબ ઝૂંપડાવાસીઓના પુનઃવસન માટે પણ રૂપિયા ૨૦ કરોડની યોજના દાખલ કરી છે. ગાંધીનગરમાં 'ગ.૧' અને 'ગ' પ્રકારના મકાનોના નવીનીકરણના કામ માટે ૩૦ કરોડના ખર્ચનું આયોજન કરેલ છે. સચિવાલય કેમ્પસના અપગ્રેડેશન માટે રૂપિયા ૨૪ કરોડ રૂપિયાની યોજના કરી છે. સચિવાલય સંકુલના મકાનના નવીનીકરણ માટે ૧૬ કરોડના ખર્ચે કામગીરી હાથ ધરેલ છે. સેન્ટ્રલ વિસ્ટા અને એના ઉપર જે પંચામૃત ભવન બનવાનું છે એના માટે ૫૫ કરોડનું આયોજન કરેલ છે. ગાંધીનગરમાં મહાત્મા મંદિરનું નજરાણું આપવા માટે અને સેન્ટ્રલ વિસ્ટાનું નજરાણું આપવા માટે માનનીય મુખ્યમંત્રીશ્રી અને પાટનગર વિભાગના માનનીય મંત્રીશ્રીને હું લાખ લાખ અભિનંદન આપું છું. સચિવાલયમાં વિધાનસભા અને સચિવાલયના બ્લૉક વચ્ચે બે નવા બ્લૉકનું આયોજન કરેલ છે. ગાંધીનગર હાંસોલ એક્સપ્રેસ વેનું કામ ૭૫ કરોડના ખર્ચે હાથ પર લેવાનું છે. ગાંધીનગર-હાંસોલ રસ્તા ઉપર હાંસોલ બ્રીજ ઉપર છ માર્ગીય રસ્તાનું કામ પણ હાથ ધરેલ છે. શહેરના તમામ મુખ્ય રસ્તાઓ ૧ થી ૭ અને 'ક' થી 'જ' રોડ ઓછામાં ઓછા ચારમાર્ગી કર્યા છે અને જ્યાં જરૂર હતી ત્યાં સેકટરના અંદરના રસ્તાઓ પણ પહોળા કર્યા છે. ગાંધીનગર શહેરમાં સેકટરની અંદરની વરસાદી પાણીના નિકાલ માટેના તજજ્ઞોનો સરવે કરાવી સ્ટ્રોમ વોટર ડ્રેનેજ નાખવાનું કામ પણ હાથ પર લીધેલ છે. ગાંધીનગરમાં સેકટરોના વિકાસની સાથે સાથે વસતિમાં વધારો થવાથી પાણી જે ફોર્સથી આપી શકાતું ન હતું એ માટે ગાંધીનગર શહેરને ચાર વિભાગમાં પાણી માટે વિભાજન કરી સેકટર-૫ માં પાણી ટાંકી, સંપ અને પંપીંગનું આયોજન કરેલ છે અને વધારામાં ચરેડી ખાતે પણ પાણીની ટાંકી, સંમ્પ અને પંપનું આયોજન કરેલ છે.

ગાંધીનગરમાં સુએઝના નિકાલ માટે ૭૩ એમ.એલ.નો પ્લાન્ટ જાસપુર મુકામે શરૂ કરવામાં આવેલ છે. ૧૫ કિલોમિટર જેટલી આદિપુર સુધી લાઈન નાંખેલ છે. આ પાણી એવું શુદ્ધ કરીને આપવામાં આવે છે કે આજુબાજુના ખેડૂતો પણ તેનો ખેતી માટે ઉપયોગ કરી શકે છે. આમ ભારતીય જનતા પાર્ટીની સરકારે ગાંધીનગરના વિકાસ માટે રસ લીધો છે અને ગાંધીનગરને સુંદર, સ્માર્ટસીટી અને સોલારસીટી બનાવવાનું જે આયોજન કરેલું છે એ માટે માનનીય પાટનગર વિભાગના મંત્રીશ્રી આનંદીબેન પટેલ અને મુખ્યમંત્રીશ્રીને હું અભિનંદન આપું છું. આ માગણી જે ૮૭ નંબરની લઈને આવ્યાં છે એને હું સમર્થન આપીને મારી વાત પૂરી કરું છું.

**શ્રી ધનજીભાઈ ગો. સેંધાણી(માંડવી)** : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૦-૧૧ ના અને ૨૦૧૧-૧૨ ના માર્ગ અને મકાન વિભાગના મંત્રીશ્રી જે માગણી અને અનુદાનો લઈને આવ્યાં છે એમને હું મારું અનુમોદન આપવા ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, દેશમાં સૌથી લાંબો દરિયા કિનારો ગુજરાતનો ૧૬૦૦ કિલોમિટરનો દરિયો આવેલ છે અને દેશમાં કંડલા સહિત ૪૨ બંદરો આવેલા છે. એમને માર્ગ અને મકાનને જોડતો રસ્તો બનાવવા માટેનો અભિગમ લઈને જ્યારે મંત્રીશ્રી આવ્યાં છે ત્યારે આમોદ-રોઝા-ટંકારીયા-મુલેર રસ્તો ૪.૩૦ કરોડના ખર્ચે અને વેસ્મા-મરોલી-ઉભરાટ રસ્તો ૨.૨૦ કરોડના ખર્ચે જે પૂરો કરવામાં આવ્યો છે. વર્ષ ૨૦૦૯-૧૦ અને ૨૦૧૦-૧૧ માં જે મંજૂર કરેલ પોર્ટ કનેકટીવીટી યોજના અન્વયે પ્રગતિ હેઠળના રસ્તાઓના કામો થઈ રહ્યાં છે એમાં ધોલેરા રાહતળાવ રોડ ૧૨ કરોડના ખર્ચે રસ્તો પહોળો કરવાનો, વાઈડનીંગ શીરાયા-મુન્દ્રા રોડ ૨૪ કરોડના ખર્ચે, મુન્દ્રા-લુણી-વડાલા રોડ ૧૭ કરોડના ખર્ચે, નલીયા-જખૌ- જખૌપોર્ટ રોડ ૩૭ કરોડના ખર્ચે તેમજ આદિપુર-ભદ્રેશ્વર મુન્દ્રા ૫.૨૦ કરોડના ખર્ચે, વાડીનાર એપ્રોચ રોડ ૮ કરોડના ખર્ચે અને પીપાવાવ-પોર્ટ જંકશન ભેરાઈ-રામપરા રોડ ૧૧ કરોડના ખર્ચે આટલા બધા રસ્તાઓ જ્યારે હું દેવથુળીયાની વાત કરું અને હાજીપર રસ્તાની વાત કરું. મારા કચ્છની અંદર ભૂજ-લખપત રોડ ૫૦ લાખ, માંડવી-કોઠાળા-જખૌ ૫૦ લાખ, દેધપર-નલીયા ૧૪૦ લાખ, ગાંધીધામ-શિણાઈ-મુંદ્રા ૫૦ લાખ, માંડવી ખાતે ક્રાંતિતિર્થ પંડિત શ્યામજી વર્માના સ્મારક ભવનને જોડતો એપ્રોચ રોડ ૨૯૮ લાખના ખર્ચે ખરેખર આવા કાર્યો જે માનનીય આનંદીબેન પટેલ માર્ગ અને મકાનના કરી રહ્યાં છે તો આનંદીબેન મંત્રીશ્રીને અને મુખ્યમંત્રીશ્રીને હું લાખ લાખ અભિનંદન આપું છું. માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂજ

જિલ્લાનું મુખ્ય મથક છે. ભૂજીયા ડુંગરની તળેટીમાં આ વસેલું ઐતિહાસિક શહેર છે. વિસ્તારની દ્રષ્ટિએ સૌથી મોટો તથા આંતરરાષ્ટ્રીય સરહદ ધરાવતો વ્યૂહાત્મક રીતે અગત્યનો જિલ્લો છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યમાં સૌથી વધુ લંબાઈના માર્ગોનું માળખું આ જિલ્લો ધરાવે છે. ઉપરાંત દરિયા કિનારે વસતા જિલ્લામાં કંડલા, મુંદ્રા, માંડવી, જખૌ જેવા અગત્યના બંદરો પણ આવેલા છે. ઉપરાંત નારાયણ સરોવર, માતાના મઢ, હાજીપીર, ધોરાવીરા, અંજાર, જેસલ તોરલ એવા યાત્રાધામો, પ્રવાસન સ્થળો પણ આવેલા છે. ગુજરાતમાં સને ૨૦૦૧માં આવેલા ભૂકંપ બાદ આ જિલ્લાનો ઔદ્યોગિક, આર્થિક ક્ષેત્રે વિકાસ માટે કરવા માટે આપેલા પ્રોત્સાહનોને લીધે અત્યારે રાજયમાં મહત્ત્વના મોટા ઉદ્યોગો આ જિલ્લામાં વિકાસ પામ્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, ગયા વર્ષે પ્રધાનમંત્રી સડક યોજનાના ૪૦૦ જેટલા રોડની દરખાસ્તો કેન્દ્રમાં મોકલવામાં આવી હતી પણ* (xxxx) (xxxx) તેનો વધુ એક દાખલો છે. માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્રનો આ રોડ હજુ સુધી મંજૂર થયા નથી. પણ મારી વિનંતી છે બેનશ્રી આનંદીબેનને કે આ પ્રશ્ન ગુજરાતના ગામડાઓ માટે ગુજરાત સરકારે ( સમયસૂચક ઘંટડી )

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પૉઈન્ટ ઑફ ઑર્ડર છે.

**અધ્યક્ષશ્રી** : ધનજીભાઈ પૉઈન્ટ ઑફ ઑર્ડર છે. આપનો સમય પણ પૂરો થાય છે આપ બેસો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : સાહેબ, (xxxx) એ શબ્દો ન વાપરી શકાય, પાછા ખેંચી લે તો વાંધો નથી.

**અધ્યક્ષશ્રી** : ધનજીભાઈ, (xxxx) એ શબ્દો આપ પાછા ખેંચી લો છે કે દૂર કરવામાં આવે?

**શ્રી ધનજીભાઈ ગો. સેંધાણી** : એ શબ્દો પાછા ખેંચી લઉં છું.

**અધ્યક્ષશ્રી** : દૂર કરવામાં આવે છે. વર્ષાબેન. ખેંચાય છે.

**શ્રીમતી વર્ષાબેન ન. દોશી(વઢવાણ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી માર્ગ અને મકાનની માગણીઓ લઈને આવ્યા છે તેના અનુમોદનમાં મારા વિચારો રજૂ કરું છું. માનનીય અધ્યક્ષશ્રી, રાજયના વિકાસ પુરુષ માનનીય મુખ્ય મંત્રીશ્રીના નેતૃત્વમાં આપણા ઉદ્યોગો, બંદરો, ખેત ઉત્પાદનો અને શહેરોના સર્વાંગી વિકાસના ગ્રોથ ડ્રાયવર માટે જરૂરી માર્ગોની માળખાકીય સુવિધાઓની વિચારણા કરવામાં આવી છે ત્યારે રાજયના અભૂતપૂર્વ વિકાસને ધ્યાનમાં લઈને લેતાં માર્ગોમાં મોટા રોકાણની જરૂરિયાત ઉપસ્થિત થયેલ છે તે સ્વાભાવિક છે અને એટલા માટે માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે તે ખૂબ યથાયોગ્ય છે. માનનીય અધ્યક્ષશ્રી, રાજયના ઉત્તર-દક્ષિણ, પૂર્વ-પશ્ચિમ અને આદિવાસી વિસ્તારો અને રાજયને જોડતા હાઈ સ્પીડ કોરી ડોર બનાવવાનું નક્કી કરેલ છે ત્યારે માનનીય અધ્યક્ષશ્રી, પ્રગતિ પથ યોજના હેઠળ આ નવ કોરી ડોરમાંથી પાંચ માર્ગોના કામો પૂર્ણ થયા છે અને બાકીના ચાર માર્ગોના, કામો પ્રગતિમાં છે. માનનીય અધ્યક્ષશ્રી, આ લાંબા અંતરના કોરી ડોરની ઉપલબ્ધિ થતાં રાજયના એક છેડાથી બીજા છેડે ઝડપથી પહોંચી શકાશે તેમજ રસ્તાઓની ગુણવત્તા સુધરતાં ઈંધણનો અને સમયનો જે બચાવ થઈ રહ્યો તે આપણે અનુભવી રહ્યા છીએ. સાથે સાથે વાહનોની મરામતમાં પણ ખર્ચ ઘટ્યો છે. આ કામગીરી ૨૦૧૦ સુધીમાં પૂરી કરવાની રાજય સરકારની નેમ છે. આ ઉપરાંત આ સનમાનીય ગૃહના સભ્યશ્રીઓને મારે જણાવવું છે કે, ખાસ અંગભૂત યોજના હેઠળ અગાઉ અનુસૂચિત જાતિની વધુ વસ્તી ધરાવતા ગામો માટે રૂપિયા એક કરોડની ટોકન જોગવાઈ થતી હતી પરંતુ માનનીય મુખ્ય મંત્રીશ્રીના હૃદયમાં અનુસૂચિત જાતિના લોકો માટેનું હિત વસેલું છે ત્યારે ચાલુ વર્ષના બજેટમાં ૧૯૪ કરોડની માતબર રકમની જોગવાઈ કરેલી છે. સમાજના તમામ વર્ગોને વિકાસના ધ્યેયથી લાભાન્વિત્ કરવાના આ રાજય સરકારના પ્રયત્નો ખૂબ પ્રશંસનીય છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારા સુરેન્દ્રનગર જિલ્લાની વાત કરું તો ૧૫ રસ્તાઓના કામો આ ખાસ અંગભૂત યોજના હેઠળ કરવામાં આવ્યા છે. મારા મત વિસ્તાર વઢવાણમાં છેલ્લા ત્રણ વર્ષમાં ૧૪૦ કામો રૂપિયા ૧૭૦ કરોડ, ૭૭ લાખના ખર્ચે મંજૂર થયા છે. તેમાંથી ૧૪૦ કામોમાંથી ૪૯ કામો પૂર્ણ થઈ ગયા છે અને ૩૩ કામો પ્રગતિ હેઠળ છે જ્યારે ૫૮ કામો ટૂંક સમયમાં શરૂ થવાના છે ત્યારે મારે આ સામે બેઠેલા સનમાનીય સભ્યોને કહેવું છે કે, (સમયસૂચક ઘંટડી )

**અધ્યક્ષશ્રી** : એક મિનિટમાં પૂરું કરો.

**શ્રીમતી વર્ષાબેન ન. દોશી** : જ્યારે જ્યારે માનનીય મુખ્ય મંત્રીશ્રીને અમે અભિનંદન આપીએ ત્યારે તમને તકલીફ થાય છે, પીડા થાય છે પરંતુ મારે તો એનાથી આગળ વધીને કહેવું છે કે, માનનીય મુખ્ય મંત્રીશ્રીના નેતૃત્વમાં કામ કરતા માર વફાદાર મંત્રીશ્રીએ રાત-દિવસ જોયા વગર રાજય સરકારની કામગીરી ખૂબ ઉત્તમપૂર્વક કરી રહ્યા છે. અને ખાસ કરીને માર્ગ અને મકાનના કામથી રાજયને જે રોનક આપી છે તે માટે માનનીય મંત્રીશ્રીને પણ ખૂબ અભિનંદન આપું છું. માનનીય અધ્યક્ષશ્રી, અમારે તો "મોસાળમાં જમણવાર અને મા પીરસનાર" એ કહેવાતને સન્નમાનીય મંત્રીશ્રીએ પુરવાર કરીને બતાવ્યું છે. માત્ર ધારાસભ્યોને ખુશ કરવા માટે નહીં પરંતુ પ્રજાની પીડાની અમારી વાતો સાંભળીને તરત જ અમારી વાતને ગ્રાહ્ય રાખવામાં આવી છે. જ્યારે સન્નમાનીય મંત્રીશ્રીને

---

* **(xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.**

ત્યાંથી ફોન આવે ત્યારે માની જ લેવાનું કે અમારો એક રસ્તો અથવા તો એક પુલ મંજૂર થઈ ગયો છે. મારે મારા વિસ્તારની અંદર ભાડા ગામની વાત કરવી છે. આ ગામ અતિ પછાત રહી જવાનું કોઈ કારણ હોય તો ધોરણ-૭ પછી અહીંયા કોઈ ભણવા જતું નહોતું. પરંતુ આજુબાજુના ગામમાં હાઈસ્કૂલો હતી અને ત્યાં રસ્તા નહોતા. ત્યારે માનનીય મંત્રીશ્રીએ આ સરકારે રસ્તા બનાવી આપ્યા.

**પ્રો. વસુબેન ત્રિવેદી ( મહિલા અને બાળ વિકાસમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય ગૃહ સમક્ષ હું પ્રથમ વખત મહિલા અને બાળ વિકાસ વિભાગની સેવાને લગતી મહિલા અને બાળ વિકાસ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂા.૫,૯૩,૫૧,૦૦૦/- ની માગણી ક્રમાંક-૧૦૫ રજૂ કરતાં આનંદની લાગણી અનુભવું છું. મહિલા અને બાળ વિકાસ વિભાગે સમાજના અવિભાજય અંગ એવી મહિલાઓ અને બાળકોના સર્વાંગી ઉત્કર્ષ માટે અનેકવિધ પગલાંઓ હાથ ધરેલા છે. આપ સૌને વિદિત છે કે આ સરકારે મહિલા અને બાળ વિકાસ માટે વર્ષ ૨૦૦૨માં ખાસ અલાયદા વિભાગની રચના કરી છે. માનનીય મુખ્યમંત્રીશ્રીને હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું. રાજયના આર્થિક વિકાસની સાથે સાથે તંદુરસ્ત સામાજિક વિકાસ માટે માનનીય આનંદીબેનના વડપણ હેઠળ વિભાગ સતત પ્રયત્નશીલ રહ્યો છે અને આથી જ આ વિભાગ હેઠળના મહિલાઓના સર્વાંગી વિકાસ અને સશકિતકરણ માટે અનેકવિધ પગલાંઓ લેવામાં આવ્યા છે. ૨૦૦૭માં દેશમાં સુક્ષ્મ પોષક તત્વો યુકત બાલભોગ પૂરક આહાર તરીકે આપનાર આ ગુજરાત એ દેશનું સૌથી પ્રથમ રાજય છે. ૨૦૦૭માં આ બાલભોગની યોજનાની સફળતાને પગલે અન્ય રાજયોના ઉચ્ચ અધિકારીઓની ટીમો ગુજરાતમાં અભ્યાસ અર્થે આવી હતી. મુલાકાત લઈ અને આ સફળ મિશનને અનુસરી હતી. ભારત સરકારે ગુજરાતના નવ પોષક તત્વો, સૂક્ષ્મ પોષક તત્વોયુકત બાલભોગની સફળતાને ધ્યાને લઈને આખાએ દેશની અંદર ફોર્ટીફાઈડ બ્લેન્ડેડ ફુડની યોજનાને અનુસરવાનો નિર્ણય ગુજરાત સરકારમાંથી લીધો હતો. ૨૦૧૦-૧૧માં સૂક્ષ્મ પોષક તત્વોયુકત રેડી ટુ કૂક પ્રીમીકસ પૂરક પોષણ આહાર તરીકે આપવાની શરૂઆત કરી છે. પ્રિમીકસ તરીકે જે પૂરક આહાર આપવામાં આવે છે એમાં ભારત સરકારની માર્ગદર્શિકા મુજબ ખર્ચના ૫૦ ટકા કેન્દ્ર સરકાર અને ૫૦ ટકા રાજય સરકારે ભોગવવાના હોય છે. ૫૦ ટકાજ કેન્દ્ર સરકાર ભોગવતું હોય ત્યારે રાજય સરકારે બાળકો, કિશોરીઓ અને સગર્ભા ધાત્રીમાતાઓના આરોગ્યની ચિંતા કરી ગુણવત્તાયુકત પૂરક આહાર મળે તે માટે વધારાના કોઈપણ ખર્ચની ચિંતા કર્યા વગર ૨૦૧૦ અને ૨૦૧૧માં રૂા.૧૬૭ કરોડનો વધારાનો ખર્ચ આ રાજય સરકારે કર્યો છે. રાજય સરકારે આગામી વર્ષ ૨૦૧૧ અને ૨૦૧૨માં પૂરક પોષણ માટે રૂા. ૫૮૩.૮૯ કરોડની જોગવાઈ પણ કરી છે. કિશોરીઓને પૂરક પોષણ આપનારું ગુજરાત એ દેશનું સર્વપ્રથમ રાજય છે. કિશોરીઓને પૂરક પોષણ આપવા માટે રાજય સરકાર કુલ રૂા. ૧૩૫ કરોડનો ખર્ચ કરનાર છે જે પૈકી કેન્દ્ર સરકાર માત્ર નવ જિલ્લામાં અમલી સબલા યોજના હેઠળ ૩૩ કરોડનો ખર્ચ કરનાર છે ત્યારે રાજય સરકાર પોતાના બજેટમાંથી રૂા. ૧૦૨ કરોડનો ખર્ચ કરવા માટે કટિબદ્ધ છે. વર્ષોવર્ષ રાજય સરકારે પોષણ સદરે બજૅટની જોગવાઈમાં વધારો કર્યો જ છે, આ જોગવાઈ અંતર્ગત નાણાકીય વર્ષ ૨૦૦૭માં ૧૪૩ કરોડથી વધારીને ૨૦૧૧-૧૨માં ૧૧૩૮ કરોડની જોગવાઈ રાજય સરકારે કરી છે. આમ મહિલા અને બાળ વિકાસની પોષણ અંગેની જોગવાઈમાં છેલ્લા પાંચ વર્ષામાં ૭૯૫ ટકાનો વધારો કર્યો છે. ICDS યોજના હેઠળ રાજય સરકાર દ્વારા નવતર પહેલ કરવાનો અભિગમ પણ આ જ રાજય સરકારનો છે. આંગણવાડી વર્કર અને હેલ્પર માતાને યશોદા એવોર્ડ ૨૦૦૭ અને ૨૦૦૮થી આંગણવાડી કાર્યકર તથા તેડાગર બહેનોને તેમની શ્રેષ્ઠ ભૂમિકા અને કામગીરી બદલ માનનીય મુખ્યમંત્રીશ્રીના હસ્તે આપવામાં આવ્યો છે. માતા યશોદા એવોર્ડ માટે વર્ષ ૨૦૧૦-૧૧ માટે કુલ ૮૦૦ આંગણવાડી કાર્યકર તથા તેડાગર બહેનોને ૧.૪૭ કરોડની રકમની જોગવાઈ કરવામાં આવી છે. છેલ્લા ૩ વર્ષમાં ૧૩૦૬ એવોર્ડ આંગણવાડી કાર્યકરો અને તેડાગરોને કુલ રૂા.૨ કરોડ ૨૨ લાખની માતબર રકમના પુરસ્કાર આપીને તેઓની કામગીરીને પ્રોત્સાહિત આ રાજય સરકારે કરી છે. આંગણવાડી વર્કરો તથા હેલ્પરોને વધારાની સવલતો પણ રાજય સરકારે આપી છે. કેન્દ્ર સરકાર દ્વારા આંગણવાડી કાર્યકરો અને તેડાગરને અનુક્રમે ૧૫૦૦ અને ૭૫૦ માનદવેતન આપવામાં આવતું હતું અને વિપક્ષના સાથી ભાઈ કહેતા હતા કે વધારાનું બજેટ કેન્દ્ર સરકારે આ વર્ષે ડબલ કર્યુ, પરંતુ કેન્દ્ર સરકાર તરફથી ૧૫૦૦ રૂપિયા આજસુધી મળતા હતા. આ રાજ્ય સરકારે ૨૦૦૭ માં ૫૦૦ અને ૨૦૧૦ માં ૫૦૦ એમ કુલ મળીને ૨૫૦૦ રૂપિયાનું વેતન તો કરેલ જ હતું. આ વર્ષે ૫૦૦ રૂપિયાનો વધારો કેન્દ્ર સરકારે કર્યો છે. બે વખત માનદ વેતનમાં વધારો થયો છે. આ હેતુ માટે રાજય સરકાર દ્વારા વર્ષ ૨૦૧૦-૧૧ માં કુલ ૯૫ કરોડનો ખર્ચ કરેલ છે. રાજ્ય સરકારે આગામી વર્ષ- ૨૦૧૧-૧૨ માં આ હેતુ માટે ૯૫.૯૭ કરોડની જોગવાઈ કરી છે. માતા યશોદા ગૌરવ નિધિ વીમા યોજના કરનારું આ દેશમાં ગુજરાત એ પ્રથમ રાજય છે. જ્યાં આંગણવાડી કાર્યકરો તથા તેડાગર બહેનોને વીમાનું કવચ પૂરું પાડવામાં આવે છે. આંગણવાડી વર્કર તથા હેલ્પરને વધારાની સવલતો હેઠળ સમાજમાં અલગ અલગ ઓળખ ઊભી થાય તે હેતુ અન્વયે ગુજરાત સરકારે ૨૦૦૮-૦૯ માં આંગણવાડી કાર્યકરો અને તેડાગરને દર વર્ષે બે જોડી સાડી, બે બ્લાઉઝ તથા બ્લાઉઝની સિલાઈનો ખર્ચ આપવાનો નિર્ણય કર્યો છે. તે માટે ૨૦૦૮-૦૯ ના વર્ષમાં રૂપિયા ૬ કરોડના ખર્ચે કુલ ૮૮,૩૫૮ આંગણવાડી કાર્યકરો તથા તેડાગર બહેનોને સાડી આપવામાં આવી છે. ૨૦૧૦-૨૦૧૧ અને ૨૦૧૨ ના વર્ષમાં ૭.૫૯ કરોડની જોગવાઈ પણ કરવામાં આવી છે. ગુજરાતના આ પ્રશંસનીય

પગલાંને અનુસરીને ભારત સરકારે ૨૦૦૯-૧૦ થી સાડીની કિંમત ૨૦૦ પ્રતિ નંગ ગ્રાન્ટ આપવાનું કેન્દ્ર સરકારે નક્કી કર્યુ છે. મારે કહેવું જોઈએ રૂપિયા ૨૦૦ ની ગ્રાન્ટ એમાં બ્લાઉઝપીસ પણ આવતું નથી.

બાલિકા સમૃદ્ધિ યોજના. આ યોજના ૧૫ મી ઑગસ્ટ ૧૯૯૭ કે તે પછી ગરીબી રેખા નીચેના કુટુંબમાં જન્મેલી કુટુંબ દીઠ બે બાલિકાઓને આ યોજના હેઠળ આવરી લેવામાં આવી હતી. ભારત સરકાર દ્વારા ૨૦૦૬-૦૭ માં આ યોજના બંધ કરી દેવામાં આવી. યોજના શરૂ કરી યોજના બંધ કરી દીધી, પરંતુ ગરીબ પરિવારોની બાલિકાના હિતમાં રાજ્ય સરકાર દ્વારા આ યોજના ચાલુ રાખવામાં આવી છે અને આ યોજના હેઠળ લાભાર્થી બાલિકાના જન્મોત્તર અનુદાનની રકમ ૫૦૦ આપવામાં આવે છે તેમજ તે ધોરણ ૧૦ સુધીનો અભ્યાસ કરે ત્યાં સુધી દરેક વર્ષદીઠ નિયત શિષ્યવૃત્તિ આપવામાં આવે છે. આ હેતુ માટે ૨૦૧૦-૧૧ માં રૂપિયા ૧૦ કરોડનો ખર્ચ કરેલ છે. રાજય સરકારે વર્ષ-૨૦૧૧-૧૨ માં આ જોગવાઈમાં રૂપિયા ૫ કરોડનો વધારો કરી રૂપિયા ૧૫ કરોડની જોગવાઈ પણ કરવામાં આવી છે. ૨૦૦૭-૦૮ ના વર્ષમાં યોજનાના પોતાના આંગણવાડી કેન્દ્રના મકાનો ૨૦૯૨૩ હતા. છેલ્લાં ૪ વર્ષમાં ૩૫૦ કરોડનો ખર્ચે ૬૪૮૪ આંગણવાડીના મકાનોનું બાંધકામ તથા આંગણવાડી કેન્દ્રના રિપેરિંગ પાછળ રૂપિયા ૧૪.૬૧ કરોડના ખર્ચનું આયોજન કર્યુ છે અને આ મકાનો આધુનિક સુવિધાસભર અને મરામતની કામગીરી થાય તે રીતે નક્કી કરવામાં આવ્યું છે. હમણાં આંગણવાડીની અસુવિધાની વાતો થતી હતી. રાજય સરકારે આગામી વર્ષ-૨૦૧૧-૧૨ માં આ હેતુ માટે ૧૧૦ કરોડની જોગવાઈ કરી છે. ગેસ કનેક્શનની સુવિધા આપી છે. ગુજરાત સરકારે લોકોના આરોગ્યની સાથે સાથે એમના પરિવારની ચિંતા કરી છે. આંગણવાડીમાં ગેસનું જોડાણ, સગડી અને કૂકર આપવાની યોજના થઈ ગઈ છે. એને સમર્થન મળ્યું છે અને માનનીય મુખ્યમંત્રીશ્રીએ સ્વર્ણિમ ગુજરાતના સંકલ્પના ભાગરૂપે દરેક આંગણવાડીમાં ગેસ જોડાણ, સગડી અને કૂકર આપવાનો ઉમદા સંકલ્પ પણ કર્યો છે અને તેને સાકાર પણ કર્યો છે. એટલે કે ૪૪૦૦૦ આંગણવાડીમાં ૩૩.૪૦ કરોડના ખર્ચે આ કામ પૂરું થઈ ગયું છે.

માનનીય અધ્યક્ષશ્રી, આઈ.સી.ડી.એસ. યોજના હેઠળ અંતરિયાળ વિસ્તારો કે જયાંના બાળકો આંગણવાડીમાં જઈ શકતા નથી, આદિજાતિ વિસ્તારો તેમજ શહેરોના ઝૂંપડપટ્ટી વિસ્તારો સુધી આ કાર્યક્રમની સેવાઓ પહોંચે તે હેતુ માટે તેમજ અન્ય આરોગ્ય વિષયક સેવાઓ પહોંચે તે માટે વર્ષ ૨૦૦૭-૦૮માં રૂપિયા ૨૫ લાખના ખર્ચે ૧૦ મોબાઈલ આંગણવાડીની નવીનત્તમ યોજના અમલમાં મૂકી હતી. આ જ હેતુ માટે ગુજરાત સરકારે વર્ષ ૨૦૦૯-૧૦માં ૨૪.૭૨ લાખનો ખર્ચ કર્યો છે. ૨૦૧૦-૧૧ના બજેટમાં રૂપિયા ૧.૭૧ કરોડના ખર્ચે ૨૬ મોબાઈલ આંગણવાડી વાન માટેનું આયોજન કર્યુ છે.

માનનીય અધ્યક્ષશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગના વહીવટી તંત્રને પણ વધુ સુદૃઢ અને અસરકારક બને તે માટે રાજય સરકારે છેલ્લા બે વર્ષમાં ૯૨ મુખ્ય સેવિકાઓને બાળ વિકાસ યોજના અધિકારી વર્ગ.૨ તરીકેની બઢતી આપી છે. ૩૬૩ આંગણવાડી કાર્યકરને મુખ્ય સેવિકા તરીકે બઢતી આપી છે. છેલ્લા બે વર્ષમાં ૬૦૪૭ નવા આંગણવાડીના કેન્દ્રો મંજૂર કર્યા છે. છેલ્લા બે વર્ષમાં ૬૦૪૭ નવી આંગણવાડી કાર્યકર અને ૪૪૬૨ આંગણવાડી તેડાગરની જગ્યાઓ ઉભી કરી છે. છેલ્લા બે વર્ષમાં ૪૬ મુખ્ય સેવિકાઓની નવી જગ્યાઓ પણ ઉભી કરી છે. આપણે સૌ જાણીએ છીએ કે, સમાજના વિકાસ માટે મહિલા અને પુરુષ બંને સરખો પ્રયત્ન કરે છે. માત્ર સમાજના વિકાસ માટે જ નહીં પરંતુ રાજય અને રાષ્ટ્રના વિકાસ માટે પણ મહિલા તેમજ પુરુષોનો વિકાસ અતિ આવશ્યક છે. હાલ રાજયમાં ૨૪૬ વિવિધલક્ષી મહિલા કલ્યાણ કેન્દ્રો કાર્યરત છે. જિલ્લાના ૯૯ કેન્દ્રોને સેટેલાઈટ કોમ્યુનિકેશન સાધન એટલે કે એક ડીશ એન્ટેના, એક ૨૯ ઈંચનું કલર ટીવી, એક ડી.વી.ડી. પ્લેયર આપવામાં આવ્યું છે. જેનો મુખ્ય હેતુ મહિલાઓને વિકાસના જુદા જુદા વિષયો માટે માહિતગાર કરવાનો તેમજ મહિલાઓના પ્રશ્નો અને સમસ્યાઓના ઉકેલ માટે ચર્ચાનું માધ્યમ પૂરું પાડવાનો છે. આ ઉપરાંત રાજય સરકાર દ્વારા મહિલાઓની વિકાસલક્ષી પ્રવૃત્તિઓ, પ્રોગ્રામો અને નીતિઓનો ંમહિલાઓ બહોળા પ્રમાણમાં ઉપયોગ કરી શકે તેના માટેનો પ્રચાર, પ્રસાર કરવાનો છે. ૨૦૧૧-૧૨ના વર્ષમાં આ યોજના અંતર્ગત રૂા.૭૬૭.૫૩ લાખની જોગવાઈ કરવામાં આવી છે. રાજયમાં હાલ જિલ્લા અને તાલુકા સ્તરે કુલ ૨૪૬ કેન્દ્રો કાર્યરત છે. આ રાજયની અંદર મહિલા આયોગ પણ શરૂ કરવામાં આવેલ છે. મહિલા આયોગ દ્વારા એક હેલ્પ લાઈન શરૂ કરવામાં આવેલ છે. ગુજરાતની બહેનો જ્યારે કોઈ મુશ્કેલીમાં હોય તો જરૂર પડયે ત્યારે ફોન કરીને તાત્કાલિક માર્ગદર્શન મેળવી શકે તે માટેનો હેલ્પ લાઈનનો નંબર ૧૮૦૦૨૩૩૧૧૧૧ છે. મહિલા આયોગ દ્વારા ૨૦૦૮-૦૯ અને ૨૦૦૯-૧૦માં તાલુકા, જિલ્લા તેમજ મહાનગરપાલિકાઓની ચૂંટાયેલી મહિલા પ્રતિનિધિઓમાંથી કુલ ૧૦ હજાર તેમજ ૨૦૧૦-૧૧માં તાપી, વડોદરા અને ગાંધીનગરની ૫૦૦ મહિલા પ્રતિનિધિઓની મહિલા આયોગ દ્વારા તાલીમ અપાઈ છે.

માનનીય અધ્યક્ષશ્રી, નિરાધાર વિધવા મહિલાઓને આર્થિક સહાય આપવા માટે ૨૦૧૦-૧૧માં ૯૪૪૪.૪૬ લાખની જોગવાઈ કરવામાં આવી હતી. તેના અંતર્ગત ૧ લાખ ૨૧ હજાર ૭૯૨ વિધવા બહેનોને આર્થિક સહાય આપવામાં આવી છે. ૨૦૧૧-૧૨ માટે કુલ ૧ લાખ ૪૮ હજાર વિધવા મહિલાઓ માટે ૯૭૦૮.૧૦ લાખની જોગવાઈ કરવામાં આવી છે. વિધવા આર્થિક પુનઃવસન તાલીમ માટે ૨૦૧૦-૧૧માં રૂા.૯૨૦ લાખની જોગવાઈ કરવામાં આવી હતી. તેના અંતર્ગત જાન્યુઆરી ૨૦૧૧ અંત સુધીમાં કુલ ૯૫૨૨ લાભાર્થીઓને તાલીમ આપવામાં આવી છે. ૨૦૧૧-૧૨ માટે કુલ ૧૦ હજાર વિધવા મહિલાઓને તાલીમ આપવા માટે રૂા.૯૨૦.૦૦

લાખની જોગવાઈ કરવામાં આવી છે. જુદી જુદી સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા તેમજ શિક્ષણ વિભાગના મહિલા સામખ્ય દ્વારા કુલ ૫૧ નારી અદાલતો હાલમાં કાર્યરત છે. આંકડાકીય દૃષ્ટિએ જોતાં હાલમાં કુલ ૨ લાખ જેટલા સખી મંડળો કાર્યરત છે. જેમાં ગુજરાતના અંતરિયાળ વિસ્તારની ૨૫ લાખ બહેનોએ નાની બચત કરીને કુલ ૧૭૦.૫૪ કરોડ રૂપિયા બેંકમાં જમા કરી નારી શકિતની ક્ષમતાને સાબિત કરી આપી છે. કેન્દ્રિય બજેટથી સમાજમાં અર્ધો હિસ્સો ધરાવતા નારી વર્ગના સશકિતકરણ માટેની આશા એ કેન્દ્રિય બજેટને કારણે નિરાશામાં ફેરવાઈ ગઈ છે, ત્યારે ગુજરાત એકલાએ મિશન મંગલમ દ્વારા નારી શકિતના પ્રતિક એવા બે લાખ સખીમંડળોના હાથમાં રૂપિયા પાંચ હજાર કરોડના આર્થિક કારોબારનું કૌશલ્ય સાંપીને ગરીબોનું જીવનધોરણ ઉંચું લાવવાની ક્રાંતિકારી પહેલ કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વર્ણિમ ગુજરાતનો અવસર છે, અને એ અવસરે સ્વણિમ ગુજરાત ઉજવણી વર્ષ નિમિત્તે આ મિશનના તાબા હેઠળ ગુજરાત લાઈવલીહૂડ પ્રમોશન કંપની દ્વારા આજીવિકા સાથે સંકળાયેલ તમામ સંસ્થાઓને જોડી સરકાર બેંકો, નાણાકીય સંસ્થાઓ, ઔદ્યોગિક સાહસો વગેરે સાથે સંકલન કરી રાજયસ્તરે સરકાર અને જનસમુદાયની સહ ભાગીદારીના માધ્યમથી ગરીબી દૂર કરવા માટે અસરકારક કાર્ય કરી શકાય એ ભૂમિકા ઉભી કરી છે. મિશન મંગલમના આ અસરકારક અમલીકરણ માટે રાજય સરકાર દ્વારા કંપની એકટ નીચે સ્થપાયેલી ગુજરાત લાઈવલીહૂડ પ્રમોશન કંપની એટલે કે GLPC એના દ્વારા વાયબ્રન્ટ ગુજરાતની ૨૦૧૧માં યોજાયેલી પાંચમી સમીટમાં જુદી જુદી ૩૨ કોરપોરેટ કંપનીઓ સાથે ૫૭ સમજૂતી કરાર કરવામાં આવ્યા છે, અને આ કરારો અમલમાં આવતાં આગામી ત્રણ થી પાંચ વર્ષમાં પંદર લાખ રોજગારીની તકો ઉભી થવાની સંભાવના છે અને તે દ્વારા સ્વસહાય જૂથો, સખી મંડળો અને ગરીબ પરિવારોનું સશકિતકરણ થશે.

માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૧૦માં મહિલાઓની તરફેણમાં, (સમયસૂચક ઘંટડી ) માનનીય અધ્યક્ષશ્રી, એક જ મિનિટ.. રાજય સરકાર દ્વારા મહિલાઓ અને બાળકોના સર્વાંગી વિકાસ માટે અનેકવિધ પગલાં લીધાં છે, રાષ્ટ્રમાં પ્રથમ વખત નવા અભિગમને અમલમાં મૂકવાની પહેલ કરી છે. આ માગણીઓ ઉપર સન્માનનીય સભાગૃહના માનનીય સભ્યશ્રીઓએ કાપદરખાસ્તો રજૂ કરી છે એમનો પણ હું આભાર માનું છું કારણ કે એમણે કાપદરખાસ્તો મૂકી ત્યારે મારા વિભાગે કરેલી કામગીરી આપ સૌ સમક્ષ રજૂ કરવાની મને તક મળી છે.

માનનીય અધ્યક્ષશ્રી, સમાપન કરતાં પહેલાં સૌ સભ્યશ્રીઓ ંઆ મારી માગણીઓ સર્વાનુમતે પસાર કરે એવી હું વિનંતી કરું છું.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ ( મહેસૂલ તેમજ માર્ગ અને મકાન મંત્રીશ્રી)** :માનનીય અધ્યક્ષશ્રી, મહેસૂલી વિભાગની આગામી નાણાકીય વર્ષ ૨૦૧૧-૧૨ની ૨૦૨૮ કરોડની માગણીઓ સાથે આ સભાગૃહમાં હું આવી છું. મહેસૂલ વિભાગ અને માર્ગ અને મકાન વિભાગ ઉપર લગભગ પંદર જેટલા માનનીય ધારાસભ્યશ્રીઓએ પોતાની લાગણીઓ અને માગણીઓ વ્યક્ત કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, શરૂઆત કરી માનનીય અર્જુનભાઈએ, અને મને બહુ જ ગમ્યું, પણ મને એમ હતું કે માનનીય શકિતસિંહ કરશે પરંતુ તમે દાવ ન લીધો, દાવ એમને આપી દીધો. માનનીય અધ્યક્ષશ્રી, એમનું કોઈપણ પ્રવચન હોય ત્યારે ઉદ્યોગપતિઓ યાદ આવે એ સ્વાભાવિક છે. ડીએલએફ યાદ આવે, રાહેજા યાદ આવે, ટાટા યાદ આવે, બધુ જ યાદ આવે, સ્વાભાવિક છે, પરંતુ આ વખતે એમણે એક વધારે વાત કરી અને એ વાત કરી કે કલેકટરોને ઈવેન્ટ મેનેજરો બનાવી દીધા છે. માનનીય અધ્યક્ષશ્રી, વાત તદ્દન સાચી છે, કારણ કે આ રાજયની અંદર દીકરીઓનું શિક્ષણ નહોતું, ખેડૂતો પાયમાલ થઈ ગયા હતા, ગરીબ કલ્યાણ મેળાઓનું આયોજન થતું ન હતું અને ભ્રષ્ટાચાર ચાલતો હતો, આ બધું કામ કરવા માટે રાજયના માનનીય મુખ્ય મંત્રીશ્રીએ કૃષિરથ યાત્રાનું આયોજન કરવાનું સૂચન કર્યુ, કન્યા કેળવણી રથયાત્રાનું આયજન થયું, ગરીબ કલ્યાણ મેળાઓનું આયોજન થયું, ૩૫૦ ગરીબ કલ્યાણ મેળાઓ થયા, આ બધા જ મેળાઓનું આયોજન સંમેલનરૂપે કરવામાં આવ્યું, અને એમાં લાખો મહિલાઓ ઉપસ્થિત રહી, ખેડૂતો ઉપસ્થિત રહ્યા, યુવાનો ઉપસ્થિત રહ્યા, અપંગો આવ્યા, અનુસૂચિત જનજાતિ, અનુસૂચિત જાતિઓના અનેક ભાઈઓ બહેનો આવ્યા, અને એમને જે મળવાપાત્ર હતું એ એમને મળ્યું, કોઈપણ પ્રકારના ભ્રષ્ટાચાર વિના સ્વયં એમના હસ્તે આપવામાં આવ્યું, માનનીય અધ્યક્ષશ્રી, એમનો હક્ક એમને જ્યારે રાજયના માનનીય મુખ્ય મંત્રીશ્રી આપતા હોય અને એમાં જ્યારે કલેકટરો, મામલતદાર, ડીડીઓ અને મહેસૂલી તંત્ર અને જિલ્લા પંચાયતો આ બધી કામગીરી કરે અને એમણે કરવી જોઈએ, એમના ફરજના ભાગમાં આવે છે અને એટલા માટે મને એ થયું કે, માનનીય અર્જુનભાઈને આમાં શું તકલીફ પડી ? આ બધા ગરીબોને મળ્યું, બહેનોનું શિક્ષણ વધ્યું, દીકરીઓ શાળાઓમાં જતી થઈ, ગરીબ કલ્યાણ મેળાઓમાં ગરીબને મળ્યું, એમાં એમને શું તકલીફ પડી ? એમાં એમને શું તકલીફ પડી? હા, પછી વિચાર કરતા મારા ધ્યાન ઉપર આવ્યું કે, આ છેલ્લી જે ચૂંટણીઓ થઈ જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત, નગરપાલિકાઓ-મહાનગરપાલિકાઓમાં સફાયો થયો કોંગ્રેસનો એની તકલીફ એમને ઉભી થઈ અને એટલે કલેકટરોને ઈવેન્ટ મેનેજરો કહીને એમણે બિરદાવ્યા.

માનનીય અધ્યક્ષશ્રી, ઘણી બધી વાત ધારાસભ્યશ્રીઓએ મારા ધ્યાન ઉપર મૂકી છે એની મેં નોંધ કરી છે અને એમાં કાંઈ કરવા યોગ્ય હશે એ રાજય સરકાર અને મહેસુલ વિભાગ જરૂર કરશે. માનનીય અધ્યક્ષશ્રી, મહેસુલ વિભાગ હેઠળ અમારી સરકારે જમીન વહીવટને અત્યાધુનિક આંતર સ્તરનું બનાવવાનું સ્વપ્નું સેવ્યું છે અને

આ દિશામાં ચોક્કસ આયોજન સાથે આપણે આગળ વધી રહ્યા છીએ. સૌ જાણે છે કે ૨૦૦૫માં ઈ-ધારા પ્રોજેકટ આવ્યો જેના અંતર્ગત ૭/૧૨ ના ઉતારાઓ મળવાની શરૂઆત થઈ, એનાથી આગળ જઈને ૨૦૧૦માં ઈ-ધારા કેન્દ્રમાં દસ્તાવેજ નોંધણીની કામગીરીના પાયલોટ પ્રોજેકટ કાર્યાન્વિત કરવામાં આવ્યા. ઈ-ગવર્નન્સ ઈ-પ્રોજેકટ હેઠળ રાજયના ૨૨૫ તાલુકાઓમાં સ્વયં ફેરફાર નોંધણી અન્વયે એ તબક્કામાં વિભાજીત દસ્તાવેજ નોંધણીના સ્થાને સિંગલ વિંડો સિસ્ટમ ઉભી કરવામાં આવી. જમીન દસ્તાવેજ વ્યવહારમાં બંને પક્ષોની ઓળખ, ફોટો અને ફિંગર પ્રિન્ટ સાથેની વિગતો કોમ્પ્યુટર આધારિત ચકાસણી તથા સ્ટેમ્પ ફીની કોમ્પ્યુટર આધારિત આકારણી, ઈ-સ્ટેમ્પીંગથી દસ્તાવેજ ફી ની સ્વીકૃતિ આમ સર્વ પ્રકારે એકજ સ્થળે- એકજ સમયે આવરી લેવાનું મહત્વનું આયોજન મારા વિભાગે શરૂ કર્યું. આ પ્રોજેકટ હેઠળ દસ્તાવેજની નોંધણીના ભાગરૂપે એન્ટ્રી તરીકે કાચી નોંધ પણ કોમ્પ્યુટર દ્વારા સ્વયં પડે અને તલાટીઓ પાસે જઈને નોંધણી કરાવવાની હાલાકી ખેડૂતોએ ભોગવવી ન પડે એટલું જ નહીં, જમીન વેચાણની જે કાંઈ અન્ય પક્ષકારોને અસર થતી હોય તેઓને જાણ પણ કોમ્પ્યુટર દ્વારા જ ૧૩૫ (ડી) ની નોટિસ પણ જાહેર કરવામાં આવે છે. આમ જમીન વ્યવહારના સર્વે તબક્કાને આવરી લેતી કોમ્પ્યુટર દસ્તાવેજ નોંધણી પધ્ધતિ મારી સરકારે સમગ્ર રાજયમાં દાખલ કરી છે જેની આ સભાગૃહ ઉત્સાહપૂર્વક નોંધ લે એવી મારી આપ સૌને વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, જમીન વ્યવહારોના દસ્તાવેજો ઉપરાંત રાજયમાં અનેક સેવાઓ તથા વેચાણ ખરીદીના વ્યવહારો થાય છે જે સર્વેમાં દસ્તાવેજ નોંધણી ફરજિયાત છે આવી નોંધણીમાં સ્ટેમ્પ વેન્ડરો દ્વારા અપાતી સેવાઓમાં અનેક પ્રકારની ફરિયાદો પ્રાપ્ત થતી રહે છે. બનાવતી સ્ટેમ્પ વેચાણના કિસ્સાઓ પણ આપણા સૌના ધ્યાન પર આવ્યા છે, રાજય સરકારે પ્રજાને પોતાના વ્યવહારોના દસ્તાવેજોની નોંધણી કરાવવા એક સ્થળેથી બીજા સ્થળે ફરતા રહેવું ન પડે અને તેઓનો સમય બચે તે માટે ઈ-સ્ટેમ્પીગ યોજનામાંથી સ્ટેમ્પ ડ્યુટી ભરવાની પ્રક્રિયા વિસ્તૃત બનાવી છે. માત્ર સ્ટેમ્પ કચેરી સાથે ઉપલબ્ધ આ સેવા હવે રાષ્ટ્રીયકૃત બેન્કો, શિડયુલ બેન્કો અને રીઝર્વ બેન્કે અધિકૃત કરેલ ખાનગી બેન્કો સહીત અ-વર્ગની સહકારી બેન્કો પણ સ્ટેમ્પ ડ્યુટી સ્વીકારે છે. રાજયમાં કરોડોની રકમના સ્ટેમ્પ આવી સંસ્થાઓ દ્વારા ફ્રેન્કીંગ મશીનથી આપવામાં આવે છે જે માટે ૩૦૮ જેટલા પરવાના આપવામાં આવ્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, ઈ-સ્ટેમ્પીંગમાં પ્રમાણ પત્રની ઝેરોક્ષ કોપી કાઢતા તેમાં આપોઆપ 'ડુપ્લીકેટ' શબ્દ લખાય જાય તેવા યુનિક આઈ.ડી. દાખલ કરાયા છે. આના લીધે રાજયની મહામૂલી જમીન ધરાવતા માલીકોની જમીનના ગેરકાયદે થતા કૌભાંડો રોકવાની દિશામાં એક અતિ મહત્વનું પગલું આ સરકારે ભર્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર દેશમાં ઈ-સ્ટેમ્પીંગની સેવાઓ શરૂ કરવાનાર ગુજરાત રાજય પ્રથમ રાજય છે. રાજયના ૨૨૫ તાલુકાઓ પૈકી ૨૦૯ તાલુકાઓમાં ઈ-સ્ટેમ્પીંગની સુવિધાઓ ઉપલબ્ધ કરાય છે. ૨૦૧૦-૧૧ ના વર્ષમાં ફેબ્રુઆરી '૧૧ સુધીમાં રૂા.૩૨૫ કરોડની વિક્રમી આવક ઈ-સ્પેમ્પીંગથી રાજયને પ્રાપ્ત થઈ છે, આ ઈ-સ્ટેમ્પીંગની વ્યાપકતા અને વિશ્વાસનીયતાનો પૂરાવો છે.

માનનીય અધ્યક્ષશ્રી, હમણા વાત થતી હતી કે સર્વેયરો છે નહીં અને જમીનની માપણી થતી નથી. એમની વાત સાચી છે. રાજયમાં જમીન સંપાદન, બિનખેતી, સાંથણી, વહેંચણી, કૌટુમ્બીક વહેચણી, લિઝ, ફાળવણી જેવા કામો હૈયાત સર્વે નંબરોની જમીનના ભાગની માપણી કરાવવી અત્યંત જરૂરી છે પરંતુ આવી વ્યકિતઓ આપણને ઓછી મળતી હોવાના કારણે અને કામગીરી અટકે નહીં એટલા માટે રાજય સરકારે ૨૦૦૮ની અંદર લાયસન્સીસ સર્વેયરોનો એક અભિગમ અપનાવ્યો અને એમાં ડિસેમ્બર ૨૦૦૮ની સ્થિતિએ લગભગ ૩૮૯ જેટલી વ્યકિતઓને કે જે લોકો આઈ.ટી.આઈ.નું ભણેલા હોય, ડિપ્લોમાં સિવિલ ઈજનેર હોય એમને લાયસન્સ આપવામાં આવ્યા અને એમના દ્વારા ૧૫૦૦૦ થી વધુ માપણી કેસોનો નિકાલ કરવામાં આવ્યો. રાજય સરકારે ૨૦૧૧-૧૨ ના બજેટની અંદર ૪૩૨ સર્વેયરોની નિમણૂક કરવા માટેની મંજૂરી નાણા વિભાગ દ્વારા આપણને મળી છે. ગૌણ સેવા પસંદગી મંડળે તેની જાહેરાત પણ આપી દીધી છે અને એના ઈન્ટરવ્યુ વિગેરે પણ પૂર્ણ થવાના આરે છે એટલે ટૂંક સમયમાં આપણને આ સરવેયરો પ્રાપ્ત થશે. ૨૦૦૯-૧૦માં બે જિલ્લાઓમાં જમીનની મોજણી કરી પાયલોટ પ્રોજેક્ટ આપણે શરૂ કર્યો. રિસરવેની કામગીરી હાથ ધરવામાં આવી. ૨૦૧૦-૧૧માં પાંચ જિલ્લાઓમાં શરૂ કરવામાં આવી. ૨૦૧૧-૧૨માં વધુ આઠ જિલ્લાઓનો એમાં સમાવેશ કરવામાં આવ્યો. આ રિસરવેની કામગીરી ૧૮૮૬ થી ૧૯૨૦ દરમિયાન માપણી થઈ ત્યાર પછી આટલા વરસો પસાર થયાં તેમ છતાં પણ જમીનની માપણી થઈ નથી અને આપની સરકાર લાંબા સમય સુધી રહી તેમ છતાં પણ આ માપણી થઈ નહોતી. રસ્તાઓ બન્યા, રેલવે આવી, નહેરો બની અને ક્ષેત્રફળની અંદર ફેરફારો થયાં, આઝાદી પછી પહેલીવાર જ્યારે આપણે આ શરૂ કર્યુ છે અને એમાં પચાસ ટકા ભારત સરકારનો ફાળો છે, અર્જુનભાઈ હું તમને સામેથી કહુ છું એકલી ભારત સરકાર નથી આપતી પરંતુ પચાસ ટકા ભારત સરકારનો ફાળો અને પચાસ ટકા રાજ્ય સરકારનો ફાળો છે એમાં. રિસરવેની સદરહુ કામગીરી ભારત સરકારના નેશનલ લેન્ડ રેકર્ડ મેનેજમેન્ટ પ્રોજેકટ હેઠળ અમલી થયેલ છે. પરંતુ હજી ભારતના કોઈ રાજયની અંદર આ કામગીરી શરૂ કરવામાં આવી નથી, માત્રને માત્ર ગુજરાત રાજ્ય,એ આ કામગીરી શરૂ કરી છે, ભારત સરકારના ગ્રામ વિકાસ વિભાગના નિયામક દ્વારા પાટણ જિલ્લાની મુલાકાત દરમ્યાન ગુજરાતની રિસરવેની કામગીરીને બિરદાવવામાં આવી છે. અને અન્ય રાજ્યોના આ વિભાગને ગુજરાતની રિસરવેની કામગીરીનો અભ્યાસ કરવા મુલાકાત લેવા સૂચવ્યું છે અને અન્ય રાજ્યોએ પણ ગુજરાત પાસેથી આ

દિશામાં માર્ગદર્શન માંગ્યું છે જે જણાવતાં મને આનંદ થાય છે અને સભાગૃહના ધ્યાન ઉપર એ હું મૂકવા માગું છું. જમીનની માપણીમાં નદી, નાળા, તળાવ, ટેકરીઓ, કોતરો, રસ્તા, મીઠાના અગરો, સરકારી જમીન, ગૌચરની જમીન, આ બધીજ જમીનોની માપણીઓ થઈ રહી છે, ગુજરાત સરકારે હાથ ધરેલ જમીનના રિસરવેની આ કામગીરીની વિગતો કમ્પ્યુટર ઉપર ઓનલાઈન ઉપલબ્ધ કરાવવામાં આવશે, તેનો ડિઝિટલ રેકોર્ડ રાખવામાં આવશે, પ્રજાને જે સ્કેલમાં કે નકશામાં જોઈતું હશે એ રીતે એને ઉપલબ્ધ કરાવવામાં આવશે અને આ સિસ્ટમ દ્વારા ઈન્ટરનેટ ઉપર પણ આ પ્રાપ્ત કરી શકાશે. રાજ્યની પ્રજાને આંતરરાષ્ટ્રીય કક્ષાના ધોરણે પોતાની જમીનના રેકર્ડનું ગેરંટેડ ટાઈટલ આપી શકાશે. મારા વિભાગ દ્વારા અત્યારે રાજ્યના આઠ જિલ્લાઓના ૮૫ તાલુકાઓમાં રિસરવેની કામગીરી માટે કમ્પ્યુટર લેબ, સોફ્ટવેર, સ્કેનર, પ્લોટર, માપણીના સાધનો, વિડિયો કોન્ફરન્સીંગ સુવિધા અને મોડર્ન રેક રૂમ સાથેની સુવિધા ઉપલબ્ધ કરાઈ છે અને ચાલુ વર્ષમાં વધુ ૨૮ કચેરીઓમાં આ કામગીરી પૂર્ણ થશે અને આગામી વિશેષ ૬૪ કચેરીઓને આમાં આવરી લેવાનું આયોજન છે, અને ૨૦૧૪-૧૫ સુધીમાં રાજ્યની તમામ જમીનોનું રિસરવે કરીને અદ્યતન રેકર્ડ એમાં આપવામાં આવશે. અહીંયા રાઉલજીભાઈએ ખેડૂતપોથીની વાત કરી, આ શંકરસિંહ વાઘેલાની સરકારના વખતમાં ખેડૂત પોથીઓ આપવાનો નિર્ણય થયો હતો અને શું દશા ખેડૂતપોથીઓની થઈ હતી એ તો આ સભાગૃહના સર્વે સભ્યશ્રીઓ જાણે છે એટલે મારે કંઈ વધારે વાત નથી કરવી પરંતુ પચાસ હજાર કરતાં પણ વધારે ખેડૂતપોથી છપાવી નહોતા શક્યા, એટલું જ નહિ એ વખતના તલાટી-કમ-મંત્રીઓ રજા ઉપર ઉતરી ગયા હતા કામ કરવા તૈયાર નહોતા એટલે કોલેજના યુવકોને આમાં જોડેલા, કોલેજના છોકરાંઓએ છબરડાં કર્યા અને એમને એટલે કે કોલેજના છોકરાઓએ જે કામગીરી કરી એમને પૈસા પણ નહોતા મળ્યા આ બધું એ જાણે છે અને એટલા માટે આ ખેડૂત પોથીની કોઈ આવશ્યકતા નથી હવે તો ઈન્ટરનેટ ઉપર આવી જશે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે એક નવો કન્સેપ્ટ જે રાજ્યના મુખ્યમંત્રીશ્રી લાવ્યા છે એના વિષય અત્રે મારે રજૂ કરવો છે. આપણો તાલુકો 'વાયબ્રન્ટ તાલુકો', મહેસૂલ વિભાગના અત્યારસુધીના સમગ્ર કાર્યકાળના શિરમોર કલગીરૂપ જો કોઈ યોજના હોય તો તે સ્વર્ણિમ ગુજરાતની સ્વર્ણિમ જયંતી વર્ષના સમાપન સમયે રાજયના બધા જ ૨૨૫ તાલુકાઓમાં આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો એવી ગૌરવયુક્ત યોજના દાખલ કરવાનું કાર્ય કર્યુ છે. ઉપરથી ઠોકી દેવાતું આયોજન, મુળ ગ્રામીણ કક્ષાએ પ્રજાની જરૂરિયાતોને સમજવામાં કેટલીકવાર નિષ્ફળ જતું હોય છે ગામ અને તાલુકા કક્ષાએ પ્રજાના કામો અંગેનો નિર્ણય લેવામાં સમસ્યાઓ રહેતી હોય છે અને પરિણામે ક્ષેત્રીય અધિકારીઓ અને પ્રજાજનોએ પ્રાંત, જિલ્લા અને રાજ્યકક્ષાએ ધક્કા ખાવા પડે છે. સાચા અર્થમાં પ્રજાના ઘર આંગણે વહીવટ પહોંચાડવામાં જે જરૂરિયાત છે તે માળખાકીય નવા આયોજનની છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વ અને પ્રાપ્ત માર્ગદર્શનના આધારે રાજય સરકારે છેલ્લી ચિંતન શિબિર પૂર્વેથી આ દિશામાં કોઈ વ્યવસ્થાના નિર્માણ માટે મથામણ કરી હતી. આ મથામણના પરિપાક રૂપે મહેસૂલ વિભાગ હેઠળ નવી બાબત તરીકે કાર્યાન્વિત થયો છે આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો. તમામ જિલ્લાઓમાં પ્રાંત અધિકારીઓની હાલ મંજૂર થયેલ ૫૫ જગ્યાઓ છે તેમાં બીજી ૫૫ જગ્યાઓ પ્રાંત અધિકારીની ઉભી કરવામાં આવશે અને નવા ૫૫ પ્રાંત બનાવવામાં આવશે. રાજયના સર્વે તાલુકાઓને બે-બે જૂથોમાં લઈને જૂથ દીઠ એક પ્રાંત અધિકારીની નિમણૂક કરીને તાલુકાઓને ગુણવતાયુકત વિકાસની દિશામાં લઈ જવાશે. રાજય સરકારે પ્રાથમિક જરૂરિયાતો જેવી કે પીવાનું પાણી, ગટર વ્યવસ્થા, ઘન કચરાનો નિકાલ જેવી મૂળભૂત માગણીઓને સંતોષવા માટે ઈજનેરી કૌશલ્ય ઉપલબ્ધ કરાવવા ૨૨૫ નાયબ કાર્યપાલક ઈજનેરોની જગ્યાઓ આનુષંગિક મહેકમ સાથે ઊભું કરવાનું વિચાર્યુ છે. કેટલાક વિભાગોની સમાન પ્રકારની યોજનાઓ પુનરાવર્તીત થાય છે. આ યોજનાઓનું એકીકરણ કરીને ચોક્કસ હેતુથી યોજનાઓનું માળખું અમલી બનાવશે. આ માળખામાં મહેસૂલ, પંચાયત, સામાજિક ન્યાય, શિક્ષણ જેવી વિભાગીય સમાજ લક્ષી વ્યવસ્થાનું કલસ્ટર બનાવવાનો અભિગમ રખાશે. તે જ રીતે રસ્તા, ગટર, પાણી, સ્ટ્રીટ લાઈટ જેવી માળખાકીય સુવિધાઓને કલસ્ટર બનાવવામાં આવશે. તથા દરેક તાલુકામાં જન સેવા કેન્દ્ર ઉભું કરીને તેમાં યોજનાઓના ફોર્મ એક જ સ્થળે મળે, એક બારીથી નાગરિકની અરજીનો સ્વીકાર થાય, તેને મંજૂર કરાય તેવી વ્યવસ્થા દરેક અરજી માટે યુનિક આઈડી કોડ અરજીનો નિકાલ સુનિશ્ચિત મર્યાદામાં કરીને અરજદારને તેની જાણ કરવાનો સમયબદ્ધ કાર્યક્રમ આદિ પણ તેમાં સમાવી લેવામાં આવ્યાં છે. આ સમગ્ર કામગીરીમાં પારદર્શકતા રહે અને અસરકારક પરિણામો આવી શકે તે માટે તાલુકા આયોજન સમિતિ, તકેદારી અને દેખરેખ સમિતિ, સંકલન અને અમલ સમિતિ તેવી ત્રણ સમિતિઓની રચના પણ કરવામાં આવી છે. સમગ્ર યોજના માટે ૩૧ કરોડના મહેકમના માળખા સાથે ૩.૩૦ કરોડના વાહનો અને ૧૪૫.૯૦ કરોડના કચેરી બાંધકામો તથા સુધારા-વધારા તથા ફર્નિચરની જોગવાઈ સાથે આ યોજના માટે ૧૮૦ કરોડ રૂપિયાની જોગવાઈ કરી છે. રાજયના વહીવટની કાયાપલટ કરવા માટે ઘડાયેલ આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકાની કામગીરીને ઉત્સાહથી આપ સૌએ વધાવવી જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત એ રાષ્ટ્રના વિકાસના ધરોહરની ભૂમિકા નિભાવી રહ્યું છે. આંતરરાષ્ટ્રીય કક્ષાએ રાજયના વિકાસના આયામોની નોંધ લેવાય રહી છે. રાજયની સોના જેવી જમીનો પર ગેરકાયદે કબજો જમાવવો, જમીન હડપ કરી જવી, ખોટા દસ્તાવેજો બનાવવા જેવા કૌભાંડોની સંખ્યા વધવામાં છે. આવા સમયે

રાજય સરકાર મુકપ્રેક્ષક બનીને બેસવાનું પસંદ ના કરે. આથી જ મારા વિભાગે આવા ખોટાં દસ્તાવેજો ના થાય, ગેરકાયદે કબજો ના જમાવે, પાવર ઓફ એટર્ની કે માલિકી નોંધમાં બિન અધિકૃત ફેરફારો ના કરે એટલા માટે એસઆઈટીની રચના કરી છે. દરેક જિલ્લામાં જિલ્લા કલેકટર, જિલ્લા વિકાસ અધિકારી, જિલ્લા પોલીસ અધીક્ષક સહિતની જિલ્લા જમીન તકેદારી સમિતિની રચના કરવાનો પરિણામ લક્ષી નિર્ણય મહેસૂલ વિભાગે કર્યો.

માનનીય અધ્યક્ષશ્રી, આ તકેદારી સમિતિઓને અત્યાર સુધીમાં ૪૩૦ ફરિયાદો મળી છે. જે સંબંધે તપાસ કરી ૫૪ એફ આઈ આર દાખલ કરવામાં આવી છે. ૧૧૧ ઇસમોની ધરપકડ કરવામાં આવી છે. ૧૦૮ કેસોમાં તપાસ ચાલુ છે. ૪૨ કેસોનો નિકાલ થયો છે. ૧૩ કેસો રિવિઝનમાં લીધાં છે અને ૯ કેસમાં હક્ક પત્રકની નોંધો રદ કરવામાં આવી છે. જેના કારણે ખોટી રીતે ખેડૂતોની જમીન પચાવી પાડતાં ભૂમાફીયાઓ સામે નિષેધાત્મક પગલાંઓ લેવાય રહ્યાં છે. આથી રાજયમાં જમીનની ગેરરીતિના કિસ્સાઓ અચૂક અટકશે એવો મને પૂર્ણ વિશ્વાસ છે. ખાસ કરીને આદિજાતિના જમીનના જે કાયદાઓ છે, આ જમીનના કાયદાઓની અંદર હમણાં હમણાં કેટલીક ગેરસમજૂતિઓ આદિવાસીઓમાં ઉભી થાય અને એવા પ્રકારનો પ્રચાર યુદ્ધ ચાલી રહ્યો છે માનનીય અધ્યક્ષશ્રી, આજે મારે સૌની વચ્ચે કહેવું છે કે, ૭૩-એએની કલમની અંદર આ રાજય સરકારે કોઈ પણ પ્રકારનો ફેરફાર કરવાનો નિર્ણય નથી કર્યો. એ કાયદો એમનો એમ છે. એ કાયદો એમનો એમ છે. કોઈ આદિવાસીની જમીન કોઈ પડાવી ન જાય, કોઈ બિલ્ડરો લઈ ન જાય, એના માટે આ રાજય સરકાર એના ઉપર દેખરેખ રાખી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં મહેસૂલી કચેરીઓ એ જાહેર વહીવટની સૌથી જૂની કચેરીઓ છે. વાત સાચી છે કે જૂના જમાનાની અંદર, રાજા રજવાડાના સમયના આ બધા મકાનો છે તે ખંડેર થયેલા છે. કોઈપણ પ્રકારની આધુનિક સુવિધાઓ નથી. અને એટલા માટે જ રાજય સરકારે કલ્યાણલક્ષી કોમ્પ્યુટર આધારિત, સમયબદ્ધ અને સરળ વહીવટી કામગીરી કરવા માટે કચેરીઓને આધુનિક ઓપ આપવો આવશ્યક બન્યો છે. અને એટલા માટે જ ૨૯ કચેરીઓનું નવીનીકરણનું કામ અમે પૂર્ણ કરી દીધું છે. તાલુકા સેવા સદનની કચેરીઓ ધ્રાંગધ્રા, લીમડી, ડભોઈ વગેરેનું નવીનીકરણ પૂરું કર્યુ છે. ૨૯ કચેરીઓના બાંધકામના કામો અત્યારે પ્રગતિ હેઠળ છે. એ ઉપરાંત ડાંગ કલેકટર સહિત ૪૦ કચેરીઓના નવીનીકરણની કાર્યવાહી અત્યારે હાલ ચાલુ છે. આગામી વર્ષે કલેકટર કચેરી, ભરૂચ. મામલતદાર કચેરીઓ સિદ્ધપુર, વાંકાનેર, ઝઘડીયા, કઠલાલ, પલસાણાનું પણ નવીનીકરણ કરવાનો આપણે વિચાર કર્યો છે. અને અગ્ર સચિવશ્રી, વિવાદની કચેરી બાંધવા માટે ૪.૬૦ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે. ગાંધીનગરની અંદર સ્ટેમ્પ ભવન બાંધવા માટે ૪ કરોડ રૂપિયાની જોગવાઈ થઈ છે. પાટણ, દાહોદ અને કચ્છની અંદર સરવે ભવનો માટે પણ જોગવાઈ કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજય આપત્તિ વ્યવસ્થાપન તંત્રની સ્થાપનામાં દેશમાં સર્વપ્રથમ રાજય બનેલું છે. આ તંત્રને પણ સુદ્રઢ કરવા માટે આગામી વર્ષમાં રૂપિયા ૧૬૨ કરોડની રકમ ગુજરાત રાજય આપત્તિ વ્યવસ્થાપન તંત્રને સહાય પેટે ફાળવવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, મહેસૂલી તલાટીઓની અહીં વાત કરી. અત્યાર સુધી આ મહેસૂલી તલાટીઓ આપણે ત્યાં હતા નહીં. અને એટલા માટે પાણીપત્રકના વગેરે જે પ્રશ્નો આપણી સમક્ષ આવે છે. તે એને કારણે જ આવે છે. અને એટલે જ રાજયની આ સરકારે ૨૩૯૯ મહેસૂલી તલાટીઓની નિમણૂક ગુજરાતના ગામડાઓની અંદર કરી દીધી છે. અને હવે મહેસૂલી બધું જ કામ આ મહેસૂલી તલાટીઓના હસ્તે જ થવાનું છે. અને એટલે આપના જે પ્રશ્નો છે કે પાણીપત્રક નથી થતું, દબાણો નથી હટતા, બધું જ કામ હવે મહેસૂલી તલાટીઓના હસ્તે આવશે. (અંતરાય) તલાટીઓ, તલાટીઓ. (અંતરાય) આ જે છે ને, એ લેન્ડ રેકર્ડ કોમ્પ્યુટરાઈઝડ પ્રોજેકટ, જમીન દફતર, જાળવણી, દબાણ, શરતભંગ, વસૂલાત. આ બધું જ હવે આ મહેસૂલી તલાટીઓ કરશે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારે કલાર્કોની પણ નિમણૂકો કરી દીધી છે અને સારું એવું કામ કરી રહ્યાં છે. માનનીય અધ્યક્ષશ્રી, હવે મારા વિભાગમાં જે વાત હતી, જે મેં વસુબેનને કહ્યું કે બહેનોના નામે જે મિલકતો થઈ રહી છે, જેને રજીસ્ટ્રેશન ફીમાંથી મૂકિત આપી છે. એમાં ૯,૭૭,૮૮૩ બહેનોના નામે આ મિલકતોની નોંધણી થઈ છે અને રાજયે ૨૬૪ કરોડ રૂપિયા રજીસ્ટ્રેશન ફીમાંથી એમને મૂકિત આપી છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારો બીજો વિભાગ છે માર્ગ અને મકાન. માનનીય અધ્યક્ષશ્રી, માર્ગ, મકાન અને પાટનગર યોજનાની સને ૨૦૧૧-૧૨ના વર્ષ માટેની ૩૩૪૦.૭૦ કરોડની માગણીઓ લઈને હું સભાગૃહ સમક્ષ આવી છું. ઈતિહાસ સાક્ષી છે કે નદીઓ સંસ્કૃતિને જન્મ આપે છે. માર્ગો સંસ્કૃતિ અને તેના વિકાસનું સરળતાથી વહન કરે છે. અને એ કામ માર્ગ અને મકાન વિભાગ કરી રહ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયનો પ્રથમ એકસપ્રેસ-વે અમદાવાદથી ભાવનગરના ૧૧૦ કિલોમીટરના રાજયના પ્રથમ એકસપ્રેસ-વેની જાહેરાત ગત બજેટમાં મેં કરી હતી. જે અન્વયે ૮૦ કરોડની જમીન સંપાદન, યુટીલીટી શીફટીંગ અને ફોરેસ્ટ કલીયરન્સની પ્રથમ તબકકાની કામગીરી શરૂ કરી છે અને પૂર્ણતાને આરે છે.

માનનીય અધ્યક્ષશ્રી, ચારમાર્ગીય રસ્તાઓની વાત મેં કરી હતી. ૪૮૪ કિલોમીટરના ચારમાર્ગીય રસ્તાઓ, જે અત્યારે ૫૫૯ કિલોમીટરના ચારમાર્ગીય રસ્તાઓ પૂર્ણ કરીને ૧૧૫ ટકા સિદ્ધિ હાંસલ કરી છે. માનનીય અધ્યક્ષશ્રી, ૧૦ મીટરના રસ્તાઓ જે ૭૧૭ કરોડના ૩૯ રસ્તાને ૧૦ મીટર પહોળા કરવાની જાહેરાત ગયે વર્ષે અમે કરી હતી. એનું કામ પણ અમે પૂરુ કર્યુ છે અને અત્યારે જે પ્રગતિ હેઠળ છે એમાં ખેડબ્રહ્મા, ખેરોજ, અંબાજી,

ડીસા, પાંથાવાડા, ગુંદરી અને બેચરાજી, મોઢેરા, ચાણસ્મા, પાટણ. હવે અમે જે લેવાના છીએ એમાં ભૂજ, ભચાઉ, સુઈઝ, સીંધાળા, નરોડા, દહેગામ, રખિયાલ, સાબરકાંઠા, જંબુસર, આંબોદ, ભરૂચના રસ્તાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, ગ્રામીણ માર્ગોને મહત્વ આપવામાં આવતું નથી. અહીં ઘણા બધા ધારાસભ્યશ્રીઓએ ગ્રામીણ માર્ગોને પ્રાધાન્ય આપો એવી વાત કરી છે. ગ્રામીણ માર્ગો માટે ૨૦૧૧-૧૨ ના વર્ષમાં ૧૧૧૦ કરોડ રૂપિયાની જોગવાઈ કરી છે જે બજેટનો ત્રીજો ભાગ આ ગ્રામ્ય રસ્તાઓ બનાવવા માટે રાજય સરકારે જોગવાઈ કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, મુખ્ય જિલ્લા માર્ગોને પહોળા કરવા, કૃષિ પથ યોજના, ખાસ અંગભૂત યોજના અન્વયે નવા રસ્તાઓ બનાવવા અને ૫૦૦ થી ઓછી વસ્તીવાળા વિસ્તારનાં ગામોને પ્રથમવાર જોડી આપવાનું કામનો પ્રથમ વખત સમાવેશ કરવામાં આવ્યો છે જે આ રાજયની ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યુ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આદીવાસી વિસ્તારના ગ્રામ્ય માર્ગો કે જેની વસતિ ૨૫૦ કે તેના કરતાં ઓછી છે તેને પણ રસ્તાથી જોડવા માટેની યોજના કાર્યાન્વિત થઈ છે જેમાં ૧૫૦ કિલોમિટરના રસ્તા માટે ૫૦ કરોડ રૂપિયાની જોગવાઈ, આ ઉપરાંત કેટલાંક ગામો અને ફળિયાંઓ, પેટાપરાંને જોડતા અસંખ્ય નોન પ્લાન રસ્તા છે જે પૈકી આ વર્ષે ૬૦૦ કિલોમિટરના નોન પ્લાન રસ્તાના વિકાસ માટે ૧૫૦ કરોડ રૂપિયાની જોગવાઈ કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, વિશ્વબેંક સહાયિત યોજના જેમાં ૨૨૦૦ કરોડ રૂપિયાનો નવીન પ્રોજેકટ વિશ્વબેંક સામે મૂકયો છે તેમાં ચાર માર્ગીય રસ્તાઓ બનાવવા માટેનું આયોજન છે. ૧૦ મિટર પહોળા હતા એને ચાર માર્ગીય કરવાના છે એમાં ભાવનગર-રાજકોટ-મોરબી, હિંમતનગર-મહેસાણા-રાધનપુર રસ્તો, સેવાલીયા-ઉમરેઠ રસ્તો, સૂરત-બારડાલી રસ્તો, વડોદરા-ડભોઈ રસ્તો, ઓલપાડ-મગદલ્લા રસ્તો અને જૂનાગઢ-ધોરાજી રસ્તો, આટલા રસ્તા પણ એની અંદર લીધા છે. એટલું જ નહીં, પરંતુ વિશ્વબેંક સહાયિત ગુજરાત રાજય માર્ગ યોજના અંતર્ગત ૧૮૦૦ કરોડ રૂપિયાના ખર્ચે ૧૮૫૬ કિલોમિટર લંબાઈના ૬ રસ્તાની સુધારણાનું કામ પૂરું કર્યુ છે અને એટલે જ વિશ્વબેંક દ્વારા ગુજરાતને સ્ટેટ હાઈવે પ્રોજેકટ માટે અત્યંત સંતોષકારક અમલીકરણનું રેટિગ આપવામાં આવ્યું છે અને નવેમ્બર-ડિસેમ્બરમાં બે તજજ્ઞો દ્વારા" Institutional Strengthening of Good Governance in Highway Sector- Learning from Gujarat "જે પુસ્તિકા બહાર પડી છે એમાં પણ આ રસ્તાને બિરદાવવામાં આવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, ફકત એક જ વર્ષમાં ૨૦૧૦-૧૧ માં નોન પ્લાન હેઠળ ૪૨૮ કામો ૨૨૮ કરોડ રૂપિયાના મંજૂર કર્યા હતા. ૨૦૦૧ થી ૨૦૦૮ વચ્ચે નોન પ્લાન હેઠળ ૫૫૧૯ કિલોમિટરના રસ્તાની કામગીરી કરી છે, ૨૦૦૮થી ૨૦૧૧ વચ્ચે ૩૧૦૦ કિલોમિટરના નોન પ્લાન રસ્તાની કામગીરી કરી છે. પીએમજીએસવાય યોજના હેઠળ ૩૮૫૦ કિલોમિટરની કામગીરી આમ કરીને કેલ નોન પ્લાનના ૧૨૪૭૯ કિલોમિટરની કામગીરી રાજય સરકારે પૂરી કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આઝાદી મળી અને ૧૯૬૦ માં ગુજરાત રાજય અલગ પડયું ત્યારથી જ ખાડી ઉપર પુલ બાંધવા માટની માગણીઆ જે તે ધારાસભ્યોને પબ્લિક કરતી હતી, પરંતુ આ કામ નહોતું થયું જે કામ ભારતીય જનતા પાર્ટીની સરકારે પૂરું કર્યુ છે. ભરૂચમાં કરજણ-કરેડા-પેરા-સમી-દહેજ રોડ વાલમ ખાડી ઉપરનો પુલ ૪૯૫ લાખ રૂપિયાના ખર્ચે કામ ચાલુ છે. પોરબંદર-મીયાણી-પ્રવેશ માર્ગ સાથેનો પુલ ૧૬૫૩ લાખ રૂપિયાના ખર્ચે આ કામ પૂરું કરી દીધું છે. વલસાડમાં નારગોલ ખાડી ઉપરના પુલનું બાંધકામ ૩૪૬૧ લાખના ખર્ચ કર્યુ છે જે કામ ચાલું છે. ઉમરસાડીથી કોલક નદી સુધી રાષ્ટ્રીય ધોરી માર્ગ કોઠાર ખાડી પુલનું કામ ૧૫૬૬ લાખના ખર્ચે કર્યુ છે અને હવે થોડાક જ સમયમાં એ કામ પૂરું થઈ જશે. વલસાડના સંજાણ-નારગોલ માર્ગ ઉપરની કોલી ખાડી અને ટોકર ખાડી ઉપર પુલનું બાંધકામ ૫૮૪ લાખના ખર્ચે કર્યુ છે. ભાવનગર જૂના બંદરથી ભાલના ગામોને જોડતા દરિયાઈ ખાડી ઉપર લાકડીયા પુલનું કામ જે ૨૭૯૦ લાખ રૂપિયાના ખર્ચે કામ ચાલુ છે. જી.એસ.આર.ડી.સી. દ્વારા પણ ટૂંક સમયમાં આ કામ શરૂ થશે. ભરૂચ દહેજ રોડ ૨૪૨ કરોડ રૂપિયાથી છ માર્ગીય કરવાનો છે, સરખેજ-વટામણ-પીપળી-ધોલેરા-ભાવનગર રોડ ૧૫૨ કિલોમિટર ૨૨૫ કરોડ રૂપિયાનાં ટેન્ડર મંજૂર થઈ ગયાં છે, ગાંધીનગર-ગોઝારીયા-વિસનગર રોડ ૮૮ કરોડ રૂપિયાનું ટેન્ડર મંજૂર થઈ ગયું છે અને કામ શરૂ થયું છે. મહેસાણા બાયપાસ રોડ ૧૩૫ કરોડ રૂપિયાના ચાર માર્ગીય કરવાનું ટેન્ડર મંજૂરીમાં છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ ઉપરાંત ૨૦૧૧-૧૨ માં જે નવા પુલો હાથ ઉપર લે.વાના છે એની વાત કરું તો ૨૦ પુલો ૧૪૪ કરોડ રૂપિયાનાં કામ જેમાં નીચેના મોટા પુલોનો સમાવેશ થાય છે. વારંવાર ધારાસભ્યશ્રીઓની માગણીઓ આવતી હતી અને વરસાદ પડે ત્યારે ચાર પાંચ દિવસ સુધી વાહનવ્યવહાર બંધ થઈ જાય અને એની ખાસ જરૂરિયાત હતી અને વરસોથી માગણી પણ હતી. જેમાં સુરત જિલ્લામાં બારડોલી-ગલતેશ્વર-ટીબા માર્ગ પર તાપી નદી પર પુલ જે પાછળ ૨૧ કરોડ રૂપિયાનો ખર્ચ કરવાનો છે. એ જ રીતે અમરેલી જિલ્લામાં ચાવંડ-લાઠી-અમરેલી રોડ પર ગાગડીયા પુલનું પુનઃબાંધકામ જેના માટે ૧૫.૭૩ કરોડ, નર્મદા જિલ્લામાં અંકલેશ્વર રાજપીપળા માર્ગ પર કરજણ નદી પરનો પુલ જેના માટે ૧૦.૫૦ કરોડ રૂપિયા, સુરત જિલ્લામાં મહુવા-અનાવલ માર્ગ પર પુર્ણા નદી પર પુલ જેના માટે ૧૦.૦૦ કરોડ રૂપિયા, ભાવનગર જિલ્લામાં પાલીતાણા-તળાજા-ગોપનાથ માર્ગ પર શેત્રુંજી તથા નાવલી નદી પર પુલ માટે ૧૩ કરોડ રૂપિયા, અમરેલી જિલ્લામાં ધાતરવાડી પુલનું બાંધકામ જેના

માટે ૯.૬૦ કરોડ રૂપિયા, બનાસકાંઠા જિલ્લામાં જાત-અકોલા-ભીલડા માર્ગ પર સીપુ નદી પર પુલ જેના માટે ૯.૫૦ કરોડ રૂપિયા, નવસારી જિલ્લામાં ચીખલી-તલાવચોરા-ઘેજ-ચરી-અટગામ માર્ગ પર ખરેરા નદી પર પુલ જેના માટે ૮ કરોડ રૂપિયા, પંચમહાલ જિલ્લામાં રતનપુર નેવરીમાં રસ્તા પર કરડ નદી પર પુલ માટે ૫ કરોડ રૂપિયા, પંચમહાલ જિલ્લામાં જાંબુઘોડા પ્રવેશ માર્ગ પર સૂકી નદી પર ચાર કરોડ રૂપિયા. ભાવનગર પાસે શકિતસિંહભાઈ લાકડીયા ખાતે ગુજરાતનો પ્રથમ કેબલ સ્ટેન્ડ પુલ ૨૮ કરોડના ખર્ચે પ્રગતિ હેઠળ છે અને ઓગષ્ટ,૨૦૧૧ સુધીમાં પૂર્ણ થઈ જશે.

રેલવે એવોરબ્રીજ જેમાં ૫૦ ટકા રેલવે અને ૫૦ ટકા રાજય સરકાર ભોગવે એ પ્રકારના કામો આપણે હાથ ઉપર લીધા છે. આ વરસે સન ૨૦૧૧-૧૨માં મહેસાણા- આર.ઓ.બી. ૨૪ કરોડ મંજૂર થઈ ગયો, મહેસાણા-ઉંઝા આર.યુ.-બી. દસ કરોડ, ઉંમરેઠ- આર.ઓ.બી. આણંદ ૫.૮૯ કરોડ, આણંદ-બોરયાવી આર.ઓ.બી. ૧૮.૪૬ કરોડ. અમે કોઈને માટે રાખ્યું નથી. આણંદવાળા તમારા માટે રસ્તાઓ છે. રાજકોટ-જામનગર, રાજકોટ-જામનગર વાડીનાર રસ્તા પર ચાર આર.ઓ.બી. સો કરોડ, પેટલાદનો હમણાં જ મંજૂર થયેલો આર.ઓ.બી. એનું પણ ટેન્ડર થોડા દિવસમાં બહાર પડશે.

માનનીય અધ્યક્ષશ્રી, જિલ્લાથી જિલ્લાને જોડાતા રસ્તાઓ સાત મીટર પહોળાઈમાંથી દસ મીટર પહોળાઈ કરવા માટે પણ આયોજન કરવામાં આવ્યું છે. એમાં હવે શરૂ થનાર રોડ છે. વાંસદા-વ્યારા-માંડવી-નેત્રંગ-રાજપીપળા ૧૫૨ કરોડ, રાજકોટ-ભાવનગર ૧૫૮ કરોડ, ગોવાલી-ગુમાનદેવ ૫.૨૦ કરોડ, ડભોઈ-સેગવા-પોઈચા ૨૩.૫૦ કરોડ, ખંભાળીયા-અડવાણા-પોરબંદર ૫૯.૪૦ કરોડ, જુનાગઢ-અમરેલી ૬૯.૬૦ કરોડ, સુરેન્દ્રનગર-લખતર-વિરમગામ ૩૫.૫૦ કરોડ, મહેસાણા-વિહાર ચોકડી ૨૬.૩૦ કરોડના નકશા અંદાજો તૈયાર થવાને માર્ગે છે.

રાજયની નાણાકીય ઉપલબ્ધતા મર્યાદિત હોય છે. ભલે અમેરિકા જેવો વિકસિત દેશ હોય તો પણ ભારત જેવો વિકાસશીલ દેશ હોય પરંતુ આર્થિક સંકડામણને કારણે આપણે પ્રગતિને રોકી ન શકીએ અને એટલા માટે આપણે ખાનગીકરણનો વિકલ્પ પણ અપનાવ્યો છે અને આ ખાનગીકરણ જે થવાનું છે એમાં તો અમદાવાદ-વિરમગામ-ધુલિયા-માળિયાનો રોડ ચાલે છે. રાજકોટ-જામનગર-વાડીનાર અત્યારે કામ ચાલુ છે. હાલોલ-ગોધરા-શામળાજીનો રોડ ચાલુ છે. આ બધા રોડ ચાર માર્ગીય છે અને આવતા બે-ત્રણ મહિનામાં કામ પૂર્ણ થઈ જશે. હવે જે નવા વિચાર્યા છે એમાં ભૂજ-ભચાઉ ૨૫૭ કરોડ, નખત્રાણા ધરોલી-પાનંધ્રો ૨૦૩, બગોદરા-વટામણ તારાપુર-વસાદ ૪૮૪ કરોડ છ માર્ગીય કરવાનું આયોજન, અમદાવાદ ધોલેરા એકસપ્રેસ વે ૨૨૦૦ કરોડ છ માર્ગીય કરવાનું કામ, બગોદરા-ભાવનગર ૧૦૨૦ કરોડ ચારમાર્ગીય કરવાનું આયોજન છે. સ્ટેન્ધનીંગ વડોદરા-વાઘોડિયા, ૧૪.૭૨ ચાર માર્ગીય કરવાનો છે. દયાપરા-નબીપુર ચાર માર્ગીય કરવાનો ૪૦ કરોડ, દેરોલથી દયાદરા રોડ ૨૪.૨૬ કરોડ ચાર માર્ગીય કરવાનો, દેરોલ વિલાયત પાટિયા ચાર માર્ગીય કરવાનો ૩૦ કરોડ રૂપિયાનો, હાથબ-સોસીયા રોડ ૮.૪૭ કરોડ અને દસ મીટર પહોળો કરવાનું આયોજન છે. એ જ રીતે ઔદ્યોગિક રસ્તાઓનું જોડાણ પણ એટલું જ અગત્યનું હોય છે. એટલે સન ૨૦૧૧-૧૨ની અંદર ઔદ્યોગિક રસ્તાઓને જોડતા દસ મીટર પહોળા રસ્તા કરવાનું કામ હાથ પર લીધું છે. જેમાં સાંતલપુર-બકુત્રા ધોકાવાડા રોડ ૨૪ કરોડ, ધોકાવાડા ચારણકા રોડ ૧૭.૫૦ કરોડ, જામવડા-ફાંગલી રોડ ૧૬.૫૫ કરોડ, ફાંગલી-ચારણા રોડ ૨૬.૮૯ કરોડ, વાગરા પખાજણ અને રહિયાદ હયાત રોડને પહોળો તથા મજબૂત કરવા માટે ભાગ-૧ ને માટે ૩૩.૨૫ કરોડ રૂપિયા, વાગરા પખાજણ અને રહિયાદ હયાત રોડ ભાગ-૨ માટે ૩૩.૨૫ કરોડ અને આ બંને વાગરાના રોડ ધારાસભ્યશ્રી આપના વિસ્તારના છે, ચારમાર્ગીય કરવા માટે સરકાર જઈ રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ભરૂચ-દહેજ હાઈવેને જોડતો રોડ, દેરોલ-વાગરા સ્ટેટ હાઈવેને જોડતો રોડ ૮ કરોડ, દહેજ ભરૂચ સ્ટેટ હાઈવેને જોડતો ૫.૫૮ કરોડ, દહેજ-ભરૂચ સ્ટેટ હાઈવેને જોડતો નાંદીદા-ખોજકાલ-વેસલી રોડ, ૮ કરોડ, વાગરા-ગંધાર સ્ટેટ, ૧.૫૬ કરોડ, વાગરા-રૈયા ચોકડી સ્ટેટ હાઈવે, ૧૧.૮૮ કરોડ, ભરૂચ-ભેંસલી સ્ટેટ હાઈવેને જોડતો વડદલા-વાવ-કડોદરા રોડ, ૪.૮૦ કરોડ, લખપત-કોટેશ્વર બે માર્ગીય પહોળો અને મજબૂતીકરણ ૭.૨૨ કરોડના ખર્ચે દ્વિમાર્ગીય મજબૂતીકરણ કરવાનું છે. માતાના મઢ-બરંદા રસ્તાને ૧૫.૮ કરોડના ખર્ચે દ્વિમાર્ગીય કરવાનું રાજય સરકારનું આયોજન છે.

માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્રીય માર્ગ નિધિ. ૨૦૧૦-૧૧માં ૧૧૩ મળવાપાત્ર હતા. ૨૦૦૯-૧૦માં મંજૂર થયા એ કામો પ્રગતિ હેઠળ છે. કેન્દ્રીય માર્ગ નિધિ હેઠળ ૩૬૮ કરોડની અંદાજીત રકમ ૭૭૮ કિલોમીટર લંબાઈના માર્ગોની દરખાસ્ત ભારત સરકારમાં આપણે મંજૂરી માટે ૧૦-૯-૨૦૦૯ અને ૧૫-૨-૨૦૧૦થી રજૂ કરી છે પણ આજ સુધી હજુ આપણને તેની મંજૂરી મળી નથી.

માનનીય અધ્યક્ષશ્રી, પાટનગર યોજનાની વાત શંભુજીભાઈએ કરી છે. માત્ર કેટલા નાણાં કયાં વાપરવાના છે તે જ વાત હું કરીશ. સચિવાલયમાં વિધાનસભા અને સચિવાલયના બ્લૉક વચ્ચે બે નવા બ્લૉકનું કામ ૯૩ કરોડ, ગાંધીનગરમાં રાજય કક્ષાની અને બંધારણીય કચેરીઓ માટે બહુમાળી મકાનનું કામ ૬૦ કરોડ, જેમાં જુદી જુદી કચેરીઓ અલગ અલગ સ્થાનો પર બેસે છે તેના બદલે એક જ સ્થાન ઉપર એક જ મકાનમાં બધી કચેરીઓ બેસે એટલા માટે. ગાંધીનગર ખાતે જિલ્લા કક્ષાની કચેરીઓ માટે બહુમાળી મકાનો ૨૫ કરોડ, ગાંધીનગરમાં નક્કી કરેલ

નીતિ મુજબના ઝૂંપડાવાસીઓના પુનઃસ્થાપન માટે ૨૦ કરોડ, ગાંધીનગરમાં ઘ અને ઘ-૧ કક્ષાના મકાનો નવીનીકરણનું કામ ૩૦ કરોડ, સચિવાલય કૅમ્પસનું અપગ્રેડેશન કરવા માટે ૧૭ કરોડ, સચિવાલય સંકુલના મકાનનું નવીનીકરણ ૧૬ કરોડ, ગાંધીનગર શહેરમાં હયાત પાણી પુરવઠા વ્યવસ્થાની સુધારણા કરવા માટે ૧૭ કરોડ, સેન્ટ્રલ વિસ્ટા પર પંચામૃત ભવનનું કામ કરવા માટે ૫૫ કરોડ, ગાંધીનગર-કોબા-હાંસોલ એક્સપ્રેસ વેનું કામ ૭૫ કરોડ અને ગાંધીનગર-કોબા-હાંસોલ રસ્તા પર હાંસોલ બ્રિજને છ માર્ગીય કરવા માટે ૪૫ કરોડની જોગવાઈ રાજય સરકારે કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, પાટનગરના વિકાસમાં ખાસ ધ્યાન આપવામાં આવ્યું છે. શહેરમાં રસ્તા, ફૂટપાથ, પાર્કિંગ, પાણી પુરવઠો, સ્ટોર્મ વોટર, સેન્ટ્રલ વિસ્ટા, રહેઠાણ અને બિન રહેઠાણ મકાનોના નવીનીકરણ વગેરેના કામો આપણે હાથ ધર્યા છે અને એમાંના મોટા ભાગના કામો જે ગયા વર્ષના બજૅટમાં હતા, તેમાંથી આપણે પૂર્ણ કર્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, માર્ગ અને મકાન વિભાગમાં ચાલતો જે વિકાસ છે, અવિરત કામો ચાલતા રહેતા હોય છે અને એ કામો કરવા માટે રાજય સરકારે ૩૮૬ મદદનીશ ઈજનેરો, ૨૯ મદદનીશ ઈજનેર(વિદ્યુત)ની સીધી ભરતીથી નિમણૂંક કરી દીધી છે અને હાલ એ કામો કરે છે. તેમને પણ તાલીમ આપવામાં આવી છે અને અત્યારે હાલ કૉમ્પ્યુટર ઉપર પુલ અને મકાનોના સ્ટ્રકચરની ડિઝાઇન પણ એ બધા કરતા રહ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, નવા રાષ્ટ્રીય ધોરી માર્ગ જાહેર કરવા. રાજય સરકાર દ્વારા ૪,૮૭૮ કિલોમીટરના રાજય ધોરી માર્ગને રાષ્ટ્રીય ધોરી માર્ગ જાહેર કરવા માટે કરાયેલ માગણી હજુ પડતર છે. આ માગણીમાં ૧,૦૪૦ કિલોમીટરના કોસ્ટલ હાઈવેને રાષ્ટ્રીય ધોરી માર્ગ તરીકે જાહેર કરવા વિનંતી કરાયેલ છે. કારણ કે ગુજરાત સિવાય સમગ્ર દેશમાં કોસ્ટલ હાઈવેને રાષ્ટ્રીય ધોરી માર્ગ જાહેર કર્યા. બધે કર્યા, આપણે ત્યાં નથી થયા.

નવા એક્સપ્રૅસ વે જાહેર કરવા. રાજય સરકાર દ્વારા ૨,૮૭૧ કિલોમીટર રસ્તાને દેશના એક્સપ્રૅસ વે નૅટવર્કમાં સમાવેશ કરવા કેન્દ્ર સરકાર સમક્ષ રજૂઆત કરાયેલ છે. આ કોરીડોર રાજયના ઔદ્યોગિક તેમજ બંદરોના વિકાસ માટે જરૂરી આંતર માળખાકીય સુવિધાઓ પૂરી પાડવા અત્યંત જરૂર છે અને હું આપ સૌને વિનંતી કરું છું, ખાસ કરીને શકિતસિંહભાઈ વગેરેને કે નવો એક્સપ્રૅસ વેની જાહેરાત જે તમે કરી છે એ જાહેરાત અનુસાર કામ શરૂ થાય તેના માટેના પ્રયાસો કરવા જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના. ૫૧૧ કરોડની રકમના ૨,૧૯૨.૭૨ કિલોમીટર લંબાઈના ૮૫૮ રસ્તાઓની સુધારણાની દરખાસ્ત ૨૦૦૯થી કેન્દ્રમાં પડતર છે.
૪૮ ગ્રામ્ય પરાઓને જોડવા માટે રૂ.૫૨/- કરોડની દરખાસ્ત ૨૦૧૦થી કેન્દ્રમાં પડતર છે. દેશના પ્રધાનમંત્રી ૨૦૦૫માં આવી અને દાંડી હૅરીટેજ રૂટની જાહેરાત કરી ગયા હતા. એમાં પ્રથમ તબક્કાનું કામ રાજય સરકારે રૂ.૧૫૭/-કરોડના કામ પૂર્ણ કર્યા છે પણ બીજા તબક્કાના રૂ.૨૦૧૩/- કરોડના કામની દરખાસ્ત કેન્દ્રમાં પડતર છે. એની દરખાસ્ત રાજય સરકારે ૨૦૦૯માં કેન્દ્ર સરકારને મોકલી. હજુ સુધી દાંડી હૅરીટેજ રૂટ યાદ આવ્યો નથી. બી.ઓ.ટી. પદ્ધતિથી નવીન રસ્તાઓને ચાર માર્ગીય અને છ માર્ગીય કરવાની દરખાસ્ત કેન્દ્રમાં પડતર છે. અમદાવાદ- બગોદરા- બામણવા રોડ ૫૬૩, .. ..

**અધ્યક્ષશ્રી** : મંત્રીશ્રી આપની પાસે પાંચ મિનિટ છે.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ભાવનગર ત્રાપજ રોડ ૩૮ કિ.મી.ના રસ્તાઓ હજુ સુધી કેન્દ્રમાં પડતર છે. ખાસ કરીને આ સરકારે ઉદ્યોગપતિઓને જમીનો આપી દીધી, જમીનો આપી દીધી. એના માટે થોડાક ઉદાહરણ આપવા માગું છું. સમયના અભાવે ફક્ત બ-ચાર ઉદાહરણ આપીશ. માહિતી મેં બધી જ કાઢી છે. ૧૯૮૧માં અમરેલીમાં જોગો ઓસો એન્ડ કાર્ગો કૉર્પોરેશનને આજ સરકારે કોંગ્રેસની સરકારે ૧૬૬૭ એકર જમીન આપી છે. ખેડા વૅસ્ટર્ન સોલ્ટ ઇન્ડસ્ટ્રીઝ ખંભાતને ૭૯૩ એકર જમીન ૧૯૮૩માં આપી. રાજકોટ- વિનોદ સોલ્ટ માળિયામાં ૬૪૦ એકર જમીન ૧૯૮૩માં આપી એના માટે આપે કાંઈ કહેવું છે? એના બાર કરોડ કે કેટલા થાય? નિરમા- ભાવનગર, કાળા તળાવની ૧૭૦૮૭ ચો.મી. જમીન ૧૯૯૬માં આપી. અમરેલી- ગુજરાત હેવી કૅમિકલ્સ, તમે હતા- ૧૯૯૬-૯૭માં તમે શ્રી શંકરસિંહ સાથે હતા. ૧૯૯૫માં અમે હતા. ગુજરાત હેવી કૅમિકલ્સ, અમરેલીને ૪૫૯૦ એકર જમીન તા.૩-૧૨-૧૯૯૪માં આપી. કોણ હતું? કચ્છ- વિજય સોલ્ટ ૨૫૦ એકર જમીન આપી. આવી તો અનેક જમીનો આપી. અદાણી પોર્ટસ્- ૧૯૯૬-૯૭ની વાત છે. એમને ૧૨૧ હેકટર જમીન શા ભાવે આપી? એક રૂપિયે. રિલાયન્સ - આરપીએલ કંપની ૧૦૧ હેકટર જમીન આપી, વિન્ડ ફાર્મ માટે ભાડા પટે આપી. અમે આપીએ તો નહીં આપવી જોઈએ, તમે આપો તો ચાલે. એમના સમયની અંદર આપેલી જમીનોની પૂરી વિગતો મારી પાસે છે. મહેરબાની કરીને બંધ કરો. એમના સમયમાં બહુ ગણ્યા ગાંઠ્યા ઉદ્યોગપતિઓ ઉદ્યોગ નાખવા માટે ગુજરાતમાં આવતા હતા. એટલે જમીન આપવી હોય તો પણ કયાંથી આપી? આ રાજયના મુખ્યમંત્રીશ્રીએ વાઈબ્રન્ટ ગુજરાતના કાર્યક્રમો કર્યા અને અબજો રૂપિયાના મૂડી રોકાણો આવ્યા. એનાથી લોકોને રોજગારી મળશે. એના માટે જ્યાં આવશ્યક હોય ત્યાં જમીન આપવાનો રાજય સરકારે પ્રયાસ કર્યો છે.

**અધ્યક્ષશ્રી** : આપની પાસે બે મિનિટ છે. બે મિનિટમાં પૂરું કરવાનું છે. પછી મતદાન લેવાનું છે.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : એક મિનિટમાં પૂરું કરું છું. પ્રમોલકેશન દર ત્રણ વર્ષે થતું હતું કે દસ વર્ષે ? દસ વર્ષે થતું હતું. જરા આપણે ધ્યાન ઉપર રાખવું જોઈએ. જંત્રી અદ્યતન કરવા બાયસેગનો ઉપયોગ કરીને ચોકસાઈપૂર્વક થશે એની અમે તમને ખાતરી આપીએ છીએ. મામલતદારોની સત્તા સીમિત કરવી જોઈએ. વાત આપની સાચી છે. આવતા અઠવાડિયે ૭૦ (ઓ) દૂર કરવા માટેનો સુધારો સરકાર લાવી રહી છે. શ્રી અર્જુનભાઈ કહેતા હતા કે, હદ નિશાનનો કોઈ પત્તો નથી. પણ એમને કોઈ ખબર નથી કે આ જવાબદારી જિલ્લા પંચાયતને સુપરત કરેલી છે. મહેસૂલ વિભાગની અંદર આ વિષય આવતો નથી. મેં બાકીના જવાબ તમને આપ્યા છે. ૦ થી ૧૬ આમ તો પંચાયત વિભાગનું આ કામ છે પરંતુ જમીન આપવાનું કામ મહેસૂલનું છે. ૦ થી ૧૬ના તમામ બી.પી.એલ. લાભાર્થીઓને ગામતળમાં રહેણાકના પ્લોટ ફાળવી દેવામાં આવેલા છે. જ્યાં જરૂર જણાય ત્યાં ગામતળ નીમ કરવામાં આવે છે એટલું જ નહીં દરેક જિલ્લાને પ્રાઈવેટ જમીનો ખરીદવા માટે બે-બે કરોડ રૂપિયા એડવાન્સમાં ડી.ડી.ઓ.ને હવાલે મૂકવામાં આવ્યા છે કે જ્યાં પ્રાઇવેટ જમીન ખરીદવી હોય તો તેઓ ખરીદી શકે છે. વારસાઈની વાત કરતા હતા. હું નર્મદાની વીઝીટે ગઈ હતી અને તાપી જિલ્લાની અંદર હું ગઈ હતી ત્યારે ત્યાં મને ફરીયાદ મળી કે બેન અમારે ત્યાં વારસાઈ થઈ નથી, એટલે મને એમ થયું કે થોડોક સમય થયો હશે, મેં પૂછયું કે કેટલા સમયથી વારસાઈ નથી થઈ, તો મને એમ કહેવામાં આવ્યું કે સાહેબ બે પેઢીથી વારસાઈ નથી થઈ. બે પેઢીથી વારસાઈ નથી થઈ એવું મને કહેવામાં આવ્યું અને અમે અભિયાન ચલાવ્યું છે અને આ બંન્ને જિલ્લામાં નહીં સમગ્ર રાજયની અંદર તમામ જિલ્લાની અંદર વારસાઈનુ કામ પૂરું થાય એના માટેનું કામ અમે કર્યુ છે. ઈ-ધરાના ઓપરેટરો ૪૮૮ આ રાજય સરકાર લેવાની છે. અને વારસાઈનું કામ આ રાજય સરકારે પૂરું કર્યુ છે. હું સૌને વિનંતી કરુ છું કે માર્ગ મકાન અને મહેસૂલની જે દરખાસ્તો છે એ કાપ દરખાસ્તો દૂર કરી અને મારા વિભાગના બજેટને મંજૂરી આપે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફતે માનનીય મંત્રીશ્રી પાસેથી બે બાબત જાણવા માગુ છું.. પ્રશ્નોત્તરીના જવાબમાં પણ એ વસ્તુ આવેલી છે કે ૧૯૯૬માં જે જમીન અપાઈ ૧૯૯૦ થી ૯૫ની સરકાર હતી ૯૫ પછીની સરકાર ૯૬માં એ ભારતીય જનતા પક્ષની સરકાર હતી જે નિરમાની તમે વાત કરો છો એમાં કોંગ્રેસની સરકાર નહોતી. મારો સવાલ એ છે કે શું રાજય સરકાર એ નીતિ કરવા માગે છે ખરી, રાજય સરકાર એ નીતિ નકકી કરવા માગે છે ખરી કે જ્યાં ભૂતકાળમાં જે પૉલિસી હતી કે મહેસૂલ વિભાગની જમીન અમરેલી હોય, ભાવનગરનો ભાલ વિસ્તાર હોય કે જામનગરનો વિસ્તાર હોય જે અવિકસિત વિસ્તાર હતો ત્યાં પૉલિસી મુજબ જમીનો ઉદ્યોગો માટે મળતી હતી. આપે ગાંધીનગર, અમદાવાદ અને વિકસિત વિસ્તારોમાં અબજો રૂપિયાની જમીન મફતના ભાવે આપવાનું જે ચાલુ કર્યુ છે એ પોલીસીમાં ફેરફાર કરીને બેલેન્સ ડેવલપમેન્ટ ઈઝ મસ્ટ. (અંતરાય) *(xxxx) (xxxx) (xxxx) (xxxx) (xxxx) માનનીય અધ્યક્ષશ્રી, મારો એ સવાલ છે કે એક સમતુલિત વિકાસની દ્રષ્ટિએ બેલેન્સ ડેવલપમેન્ટ માટેની થીયરી અપનાવીને જેમ કે આપણે વાઈબ્રંટ ગુજરાતમાં ૨૦૦૩ અને ૨૦૦૫માં દાહોદમાં એક પણ રૂપિયાનું એમ.ઓ.યુ. નથી થયું દાહોદ જિલ્લામાં, આદિવાસી વિસ્તારમાં એક પણ રૂપિયાનું એમ.ઓ.યુ. નથી થયું તો આ પોલીસી ચેન્જ કરીને જે વિકસીત વિસ્તારોમાં જ જમીનો આપવાના બદલે જે અવિકસિત આદિવાસી પછાત વિસ્તારો છે એના માટે અથવા અહીંયા પૂરા પૈસા લઈને. જ જમીન આપવી એવી કોઈ નીતિ વિચારીએ છીએ કે કેમ?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, વાઈબ્રંટ ગુજરાતમાં જે કોઈ ઉદ્યોગપતિઓએ એમ.ઓ.યુ. સાઈન ગુજરાત સરકાર સાથે કર્યા છે એમાં મુખ્યમંત્રીશ્રીનો હંમેશા એ રવૈયો રહ્યો છે કે રાજયના જૂદા જૂદા જિલ્લાઓની અંદર એમના સર્વાંગી વિકાસ માટે એમના પ્રોજૅકટો એ વિસ્તારની અંદર લઈ જાય. પાટણ એ સરહદી વિસ્તાર છે. કોઈપણ ઉદ્યોગપતિ પાટણની અંદર આવવાનો વિચાર ન કરે. તમે હોવ તો પણ પાટણમાં ના આવો ભાઈ, બનાસકાંઠામાં પણ તમે ના આવો, પરંતુ સાંતલપુર તાલુકાની અંદર ચારણકા ગામની અંદર આ રાજયના મુખ્યમંત્રીશ્રીએ એવી જમીન આપી છે કે જ્યાં આટલા વર્ષોમાં એક તણખલું પણ ઉગ્યું નથી અને ૫૦૦ મેગાવોટ સોલાર પાર્ક બનાવવાનો નિર્ણય અને અત્યારે એ કામ ચાલુ છે. કચ્છ હોય, બારડોલી હોય કે નવસારી હોય કે આ બાજુએ ખેરાલુ તાલુકાનો એ વિસ્તાર હોય એમાં જ્યાં પણ જરૂર પડી ત્યાં એમને પ્રોત્સાહિત કરવા માટે, એમને વ્યવસ્થાઓ આપવા માટે રાજય સરકારે પૂરતો પ્રયાસ કર્યો છે. અને એ જ રીતે સંતુલિત વિકાસ થાય એના માટે રાજ્ય સરકાર પ્રયત્ન કરી રહી છે.

કાપ દરખાસ્ત ક્રમાંક: ૧, ૨, ૩, ૪, ૬, ૭, ૮, ૯, ૧૧, ૧૨, ૧૪, ૧૫, ૧૬, ૧૮, ૧૯, ૨૦, ૨૩, ૨૪, ૨૫, ૨૭, ૨૮, ૨૯, ૩૧, ૩૩, ૩૪, ૩૬, ૩૭, ૩૮, ૩૯ અને ૪૦ મત માટે મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.

માગણી ક્રમાંક: ૭૬, ૭૮, ૭૯,૮૫, ૮૬, ૮૭ અને ૧૦૫ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી

* **(xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.**

**સભાગૃહનું કામકાજ સાંજના ૫-૧૧ વાગ્યે પૂરું થતાં, સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર મંગળવાર, તા.૨૨મી માર્ચ, ૨૦૧૧ના રોજ સવારના ૮-૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**
**મંગળવાર, તા. ૨૨મી માર્ચ, ૨૦૧૧**
**ચૈત્ર ૧, ૧૯૩૩ શાકે**
**પહેલી બેઠક**
**સભાગૃહ સવારના ૮-૩૦ વાગ્યે ફરી મળ્યું**
**અધ્યક્ષ શ્રી ગણપતભાઈ વસાવા અધ્યક્ષસ્થાને**

# અધ્યક્ષશ્રીના નિર્ણયો

### તા. ૧૬મી તથા ૧૮મી માર્ચ,૨૦૧૧ના મુલતવી રાખેલ પૉઈન્ટ ઑફ ઑર્ડર અંગે

**અધ્યક્ષશ્રી** : બુધવાર, તારીખ:૧૬-૩-૨૦૧૧ના રોજ પ્રશ્નોત્તરી સમય દરમિયાન માનનીય સભ્યશ્રી રામસિંહભાઈ પરમારનો તારાંકિત પ્રશ્ન ક્રમાંક ૨૧૧૪૨ના અગ્રતાક્રમ-૮, ખેડા જિલ્લામાં સહાયક પંચાયત મંત્રીઓને પગાર ન ચૂકવવા બાબતે પૂરક પ્રશ્નોત્તરી દરમિયાન સભ્યશ્રી માનસિંહ ચૌહાણે પૂછ્યું હતું કે ખેડા જિલ્લામાં સહાયક પંચાયત મંત્રીઓની સંખ્યા કેટલી છે અને કેટલી ભરવાની બાકી છે અને તેમની નિમણૂકના ધોરણો શાં છે અને તેમની ફરજો શું છે? તેના જવાબમાં માનનીય મંત્રીશ્રીએ જણાવેલ કે પ્રસ્તુત પ્રશ્ન પગાર માટેનો છે, આપે આ બાબતે અલગ નોટિસ આપવી પડે, જ્યારે બીજા સભ્યશ્રી દેવુંસિંહ ચૌહાણે પૂછેલ કે ખેડા જિલ્લામાં તાલુકાવાર કેટલા પંચાયત સહાયકોની પાંચ વર્ષની મુદત પૂર્ણ થયેલ છે, અને તે પૈકી નિયમિત પગારમાં લેવામાં આવ્યા તેની સંખ્યા કેટલી છે, અને બાકી રહેલ પંચાયત સહાયકોને નિયમિત પગારમાં નહિ લેવાના કારણો શાં છે? ઉપરોક્ત પ્રશ્નનો જવાબ માનનીય મંત્રીશ્રીએ આપ્યો હતો.

પ્રશ્નકાળ પૂરો થયા બાદ માનનીય સભ્યશ્રી સિદ્ધાર્થભાઈ પટેલે પૉઈન્ટ ઑફ ઑર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરતાં જણાવેલ કે પૂરક પ્રશ્નોત્તરી દરમિયાન માનનીય મંત્રીશ્રીએ તેમના પક્ષના સભ્યે પૂછેલા પૂરક પ્રશ્નનો ઉત્તર મૂળ પ્રશ્નના ક્ષેત્રાધિકારમાં આવતો નહિ હોવાથી ઉત્તર આપવાની ના પાડી હતી, જ્યારે સભ્યશ્રી દેવુંસિંહ ચૌહાણે પૂછેલા તેવા જ પ્રશ્નનો ઉત્તર આપ્યો હતો તે યોગ્ય નથી. આ પૉઈન્ટ ઑફ ઑર્ડરના મુદ્દા અંગે માનનીય મંત્રીશ્રી જયનારાયણભાઈ વ્યાસ તેમજ માનનીય મંત્રીશ્રી દિલીપભાઈ સંઘાણીએ પોતાના મંતવ્યો રજૂ કર્યા હતા. આ પૉઈન્ટ ઑફ ઑર્ડર સંબંધે બંને પક્ષોને સાંભળી અને રેકર્ડ જોઈને પછીથી હું મારો નિર્ણય જાહેર કરીશ તેમ તે સમયે જણાવ્યું હતું.

આ બાબતમાં ગૃહની કાર્યવાહીનો રેકર્ડ જોતાં મને લાગે છે કે મૂળ પ્રશ્ન માનનીય સભ્યશ્રી રામસિંહ પરમારનો "પંચાયત મંત્રીને પગાર ન ચૂકવવા" સંબંધમાં હતો. જ્યારે સભ્યશ્રી માનસિંહ ચૌહાણે જે પૂરક પ્રશ્ન રજૂ કર્યો હતો તે પંચાયત મંત્રીની સંખ્યા, તેની નિમણૂકના ધોરણો અને શરતો સંબંધમાં હતો, એટલે કે મૂળ પ્રશ્નની ક્ષેત્ર મર્યાદા બહારનો હતો. જ્યારે માનનીય સભ્યશ્રી દેવુંસિંહ ચૌહાણનો પૂરક પ્રશ્ન પાંચ વર્ષ પૂરા કરેલા કેટલા પંચાયત સહાયકોને નિયત પગારમાં લેવાયા, કેટલા બાકી રહ્યા અને બાકી રહેવાના કારણો સંબંધમાં હતો. સભ્યશ્રી દેવુંસિંહ ચૌહાણે પૂછેલ પૂરક પ્રશ્નના ઉત્તરમાં માનનીય મંત્રીશ્રીએ પંચાયત સહાયકોની કુલ ૪૨ સંખ્યા છે તેવો ઉત્તર આપ્યો હતો. આમ માનનીય મંત્રીશ્રીએ સભ્યશ્રી દેવુંસિંહ ચૌહાણના પૂરક પ્રશ્નના ઉત્તરમાં માનનીય સભ્યશ્રી માનસિંહ ચૌહાણે પૂછેલ એક પૂરક પ્રશ્નનો ઉત્તર આવી જાય છે. આમ સમગ્ર રીતે જોતાં મંત્રીશ્રીએ મૂળ પ્રશ્નની ક્ષેત્ર મર્યાદાને થોડી વિસ્તૃત કરીને પંચાયત સહાયકોની સંખ્યા જવાબમાં જણાવી તે યોગ્ય ન હતું, પરંતુ

તેનાથી અગાઉ સભ્યશ્રી માનસિંહ ચૌહાણે મૂળ પ્રશ્નની ક્ષેત્ર મર્યાદા બહાર પૂછેલ પૂરક પ્રશ્ન સંબંધે માનનીય મંત્રીશ્રીએ અલગ નોટિસ આપવાની જે વાત કરી હતી તે યોગ્ય હતી અને તેથી હું સભ્યશ્રી સિદ્ધાર્થભાઈ પટેલે ઉપસ્થિત કરેલ પૉઈન્ટ ઑફ ઑર્ડર સ્વીકારી શકતો નથી.

(૨) તા. ૧૮મી માર્ચ, ૨૦૧૧ના રોજ સૂત્રોચ્ચાર કરતા કરતા વિરોધપક્ષના સભ્યો વોકઆઉટ કરી ગયા ત્યારબાદ માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રીએ એવો પૉઈન્ટ ઑફ ઑર્ડર ઊભો કર્યો હતો કે વિધાનસભાની પ્રણાલિકાઓ અને નિયમો પ્રમાણે સભાગૃહમાં કયા સભ્યશ્રીને બોલવાની તક આપવી,તેના અબાધિત અધિકારો માનનીય અધ્યક્ષશ્રીને મળેલ છે. કયા પક્ષના સભ્ય કયા મૃદ્દા પર બોલશે અને તે માટે સમય ફાળવવો તે અંગે સંબંધિત પક્ષના દંડકશ્રી દ્વારા સભ્યોશ્રીઓના નામોની યાદી અધ્યક્ષને આપવામાં આવે છે અને ત્યાર બાદ અધ્યક્ષશ્રી તેમને મળેલા અધિકારની રૂએ જે તે સભ્યોને બોલવા દેવા માટે પરવાનગી આપે છે પરંતુ વિપક્ષના કેટલાક સભ્યશ્રીઓ " સભ્યશ્રીને બોલવા દો " એવા સૂત્રોચ્ચાર સાથે સભાગૃહની કાર્યવાહી થંભાવી દે અને સરળતાથી ચાલતા સભાગૃહમાં વારંવાર વિક્ષેપ અવરોધ ઉભા કરે તેના માટે એમને કડક ઠપકો આપવો જોઈએ અને ભવિષ્યમાં ગૃહને આ રીતે બાનમાં લેવાના પ્રયત્નો ન કરે તે માટે તેમને તાકીદ કરવી જોઈએ.

માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ જ્યારે સભ્યશ્રીને બોલવા દેવા માટે મુદ્દો ઉભો કર્યો ત્યારે મેં કહ્યું હતું કે " હું સભ્યશ્રીને બોલાવીશ અને તેમને સાંભળીશ," પરંતુ અત્યારે ગૃહની કાર્યવાહી શાંતિથી ચાલે છે અને વિરોધપક્ષે તેમાં સહકાર આપવો જોઈએ.

આ બાબતે વિધાનસભાના નિયમોના નિયમ-૨૮ ખૂબ જ સ્પષ્ટ છે. અને તેમાં જણાવ્યું છે કે " સભાગૃહ સમક્ષ કોઈ પણ બાબત પર બોલવા માગતા સભ્ય પોતાની જગ્યા ઉપર ઉભા થશે અને જો અધ્યક્ષશ્રી કહે તો જ બોલશે. " આમ જે સભ્યને અધ્યક્ષ બોલવા માટે કહે તે બોલવા હકકદાર છે અને કયા સભ્યને ક્યારે ગૃહમાં બોલવા દેવા તે મારા ક્ષેત્રાધિકારની બાબત છે. તેથી માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રીએ ઉભો કરેલો પૉઈન્ટ ઑફ ઑર્ડર હું ગ્રાહ્ય રાખું છું અને વિરોધપક્ષના સભ્યશ્રીઓ ભવિષ્યમાં આ માટે કાળજી રાખશે તેવી આશા રાખું છું.

# માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ)

## સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ

### માગણી ક્રમાંક:૯૨

**શ્રી ફકીરભાઈ ૨. વાઘેલા (સામાજીક ન્યાય અને અધિકારીતામંત્રીશ્રી)** : માનીય અધ્યક્ષશ્રી, હું સામાજીક સુરક્ષા અને કલ્યાણને લગતી સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂા. ૫,૭૬,૨૬,૩૪,૦૦૦ની અને મૂડી ખર્ચ માટેની રૂા. ૧૨,૫૮,૮૦,૦૦૦ની માગણી ક્રમાંક-૯૨ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક-૯૨ રજૂ કરવામાં આવી.**

**શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૧ રજૂ કરવામાં આવી.**

**શ્રી કુંવરજીભાઈ ન. હળપતિ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૫ રજૂ કરવામાં આવી.**

**શ્રી દેવજીભાઈ ગો. ફતેપરા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૬ રજૂ કરવામાં આવી.**

**શ્રી હીરાભાઈ હ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૯ રજૂ કરવામાં આવી.**

**શ્રી જીતુભાઈ હ. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૧૦ રજૂ કરવામાં આવી.**

**શ્રી મણીભાઈ દે. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૧૧ રજૂ કરવામાં આવી.**

**શ્રી મહંમદજાવીદ અ. પીરઝાદા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૧૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી પુનાભાઈ ઢે. ગામીત** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૧૩ રજૂ કરવામાં આવી.**

**માગણી ક્રમાંક-૯૫**

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા (સામાજીક ન્યાય અને અધિકારીતામંત્રીશ્રી)** : માનીય અધ્યક્ષશ્રી, હું અનુસૂચિત જાતિઓ માટે ખાસ અંગભૂત યોજના સેવાને લગતી સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂા. ૧૪,૬૮,૮૮,૭૦,૦૦૦ અને મૂડી ખર્ચ માટેની રૂા. ૫,૮૧,૩૦,૪૦,૦૦૦ની માગણી ક્રમાંક-૯૫ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક-૯૫ રજૂ કરવામાં આવી.**

**શ્રી ઇકબાલ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૫ રજૂ કરવામાં આવી.**

**શ્રી શૈલેષ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૭ રજૂ કરવામાં આવી.**

**શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૮ રજૂ કરવામાં આવી.**

**રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ**

**માગણી ક્રમાંક-૯૮**

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા ( રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક વિભાગને લગતી મહેસૂલી ખર્ચ માટે રૂ.૧,૯૬,૫૫,૫૧,૦૦૦/-ની માગણી ક્રમાંક-૯૮ રજૂ કરું છું.

**શ્રી અમરસિંહ રા. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૦ રજૂ કરવામાં આવી.**

**શ્રી બાબુભાઈ શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૧ રજૂ કરવામાં આવી.**

**શ્રી અશ્વિનભાઈ કોટવાલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી શંકરભાઈ દે.વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી અમિતકુમાર ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૪ રજૂ કરવામાં આવી.**

**શ્રી બાવકુભાઈ ઉંધાડ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૬ રજૂ કરવામાં આવી.**

**શ્રી મોહનસિંહ રાઠવા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૮ રજૂ કરવામાં આવી.**

**શ્રી માનસિંહ ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૩૦ રજૂ કરવામાં આવી.**

**સન ૨૦૧૧-૨૦૧૨ના વર્ષના અનુદાનો માટેની માગણીઓમાંની મંગળવાર, તા ૨૨-૩-૨૦૧૧(પહેલી બેઠક) (આઠમા દિવસ) ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપદરખાસ્તોની એકત્રિત યાદી.**

| અ.નં. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રુા. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | **સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ**<br>**માગણી નં.૯૨** | | |
| ૧. | ૨૨૨૫-અનુસૂચિત..કલ્યાણ<br>૦૩-પછાત ..... કલ્યાણ<br>૦૦૧-નિર્દેશ અને વહીવટ<br>રૂા. ૧૧,૪૭,૮૧,૦૦૦<br>અં.પ્ર.નં.૨૪<br>પા.નં. ૧૧ થી ૧૫(ભા-૧) | ૧૦૦ | પછાત વર્ગોના લાભાર્થીઓની રજૂઆતો પ્રત્યે ધ્યાન આપવામાં તંત્રની ઉદાસીનતા | શ્રીમતી ચન્દ્રિકાબેન બારીયા |
| ૨.* | --"-- | ૧૦૦ | સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો માટેની જુદી જુદી યોજનાઓ માટેની બજેટની રકમમાં વધારો કરવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૩.* | --"-- | ૧૦૦ | સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોને મળતા લાભો સમયસર આપવામાં થતો વિલંબ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૪.* | --"-- | ૧૦૦ | સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના કલ્યાણની યોજનાઓ માટેની કામગીરીને સંગીન બનાવવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૫. | --"-- | ૧૦૦ | સચિવાલયથી માંડી જિલ્લા કક્ષાઓ સુધીની કચેરીઓમાં ખાલી પડેલ જગ્યાઓ ભરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી કુંવરજીભાઈ હળપતિ |
| ૬. | --"-- | ૧૦૦ | કચેરીઓમાં સ્ટાફની સંખ્યા અને કામગીરી વચ્ચે સમતોલ વ્યવસ્થા | શ્રી દેવજીભાઈ ફતેપરા |

| | | | | |
|---|---|---|---|---|
| | | | ગોઠવવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૭.* | --"-- | ૧૦૦ | વહીવટી તંત્ર માટે મોટો ખર્ચ કરવા છતાં તેને સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૮.* | --"-- | ૧૦૦ | સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો ના નિયામકની કચેરીના કથળેલા વહીવટને સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૯. | --"-- | ૧૦૦ | સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગોના નિયામકની કચેરી હસ્તકની જિલ્લા / તાલુકા કક્ષાની કચેરીઓમાં ખાલી પડેલી જગ્યાઓ સમયસર ભરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી હીરાભાઈ પટેલ |
| ૧૦. | ૨૨૨૫- અનુસૂચિત....... કલ્યાણ<br>૦૩-પછાત ....... કલ્યાણ<br>૨૭૭- શિક્ષણ (કે.પુ.યો.)<br>રૂા. ૨,૬૬,૨૩,૯૮,૦૦૦<br>અં.પ્ર.નં.૨૪<br>પા.નં. ૨૬ થી ૪૯ (ભાગ-૧) | ૧૦૦ | સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓને શિષ્યવૃદ્ધિની રકમો સમયસર ચૂકવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી જીતુભાઈ ચૌધરી |
| ૧૧. | --"-- | ૧૦૦ | આશ્રમશાળાઓના કથળેલા વહીવટને સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મણીભાઈ પટેલ |
| ૧૨. | ૨૨૨૫-અનુસૂચિત...કલ્યાણ<br>૦૩-પછાત ......કલ્યાણ<br>૨૭૭-શિક્ષણ(કે.પુ.યો.)<br>રૂા. ૨,૬૬,૨૩,૯૮,૦૦૦<br>અં.પ્ર.નં.૨૪ પા.નં.૨૬થી ૪૯(ભાગ-૧) | ૧૦૦ | લઘુમતિ વિદ્યાર્થીઓને એસ.એસ.સી. પછી ભારત સરકારની શિષ્યવૃદ્ધિ સમયસર ચૂકવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મહંમદ જાવેદ પીરઝાદા |
| ૧૩. | ૨૨૩૫-સમાજ.....કલ્યાણ<br>૦૨-સમાજકલ્યાણ<br>૦૦૧-નિદેશ અને વહીવટ<br>રૂા.૪,૯૧,૬૩,૦૦૦ અં.પ્ર.નં.૨૪<br>પા.નં.૭૬ થી ૭૮ (ભાગ-૧) | ૧૦૦ | નારીગૃહોમાં રાખવામાં આવતી નારીઓની સુરક્ષાને સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પુનાભાઈ ગામીત |
| ૧૪.* | ૨૨૩૫-સમાજ.....કલ્યાણ<br>૦૨-સમાજ કલ્યાણ<br>૧૦૨- બાળ કલ્યાણ<br>રૂા.૯,૧૦,૬૫,૦૦૦ અં.પ્ર.નં.૨૪<br>પા.નં.૮૮ થી ૯૨ (ભાગ-૧) | ૧૦૦ | બાલવાડીઓમાં બાળ કલ્યાણ માટે અદ્યતન સુવિધાઓ પૂરી પાડવામાં તંત્રની ઉદાસીનતા | |
| | | **માગણી નં. ૯૫** | | |
| ૧૫ . | ૨૨૦૨-સામાન્ય શિક્ષણ<br>૦૨-માધ્યમિક શિક્ષણ<br>૧૦૭-શિષ્યવૃદ્ધિ<br>રૂા. ૭,૦૩,૬૫,૦૦૦<br>અં.પ્ર.નં.૨૪ પા.નં. ૨૩(ભાગ-૨) | ૧૦૦ | અનુસૂચિત જાતિના પ્રતિભાશાળી વિદ્યાર્થીઓની સ્કોલરશીપો મંજૂર થયા પછી સમયસર ચૂકવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ઈકબાલભાઈ પટેલ |
| ૧૬.* | ૨૨૧૬-આવાસન<br>૦૩-ગ્રામીણ આવાસન<br>૮૦૦-અન્ય ખર્ચ | ૧૦૦ | ગ્રામીણ વિસ્તારોમાં અનુસૂચિત જાતિના લોકોને આવાસો ફાળવવામાં અપનાવાતી | |

| | | | | |
|---|---|---|---|---|
| | રૂા. ૫૨,૩૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૨૪<br>પા.નં. ૬૨-૬૩ (ભાગ-૨) | | ભેદભાવભરી નીતિ નિવારવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૧૭. | ૨૨૨૫-અનુસૂચિત.....કલ્યાણ<br>૦૧- અનુસૂચિત.....કલ્યાણ<br>૦૦૧-નિદેશ અને વહીવટ<br>રૂા.૨૭,૪૫,૪૭,૦૦૦<br>અં.પ્ર.નં.૨૪<br>પા.નં.૭૫ થી ૮૩ (ભાગ-૨) | ૧૦૦ | સફાઈ કામદારોના પડતર પ્રશ્નોનો ઉકેલ લાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી શૈલેષભાઈ પરમાર |
| ૧૮. | ૨૨૨૫-અનુસૂચિત....કલ્યાણ<br>૦૧-અનુસૂચિત...કલ્યાણ<br>૮૦૦-અન્ય ખર્ચ<br>રૂા. ૧૧,૦૫,૩૫,૦૦૦ અં.પ્ર.નં. ૨૪<br>પા.નં. ૧૧૧ થી ૧૧૫ (ભાગ-૨) | ૧૦૦ | અનુસૂચિત જાતિના બાળકોને સ્પર્ધાત્મક પરીક્ષા માટે અદ્યતન તાલીમ સુવિધાઓ પૂરી પાડવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મહેન્દ્રસિંહ વાધેલા |
| ૧૯.* | ૨૨૫૧-સચિવાલય.....સેવાઓ<br>૭૯૩-ખાસ.....સહાય( કે.પુ.યો.)<br>રૂા.૩૭,૩૦,૦૦૦અં.પ્ર.નં.૨૫<br>પા.નં.૧૩૬ થી ૧૩૭(ભાગ-૨) | ૧૦૦ | કેન્દ્ર સરકાર તરફથી રાજયની અનૂસુચિત જાતિ પેટા યોજનાને ફાળવવામાં આવતી રકમનો ઉચિત ઉપયોગ થાય તે અંગે જરૂરી દેખરેખ રાખવામાં તંત્રની નિષ્ફળતા | |
| | **રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃદ્ધિઓનો વિભાગ<br>માગણી નં.૯૮** | | | |
| ૨૦. | ૨૨૦૨- સામાન્ય શિક્ષણ<br>૦૫-ભાષા વિકાસ<br>૧૦૨-અર્વાચીન....ઉડ્ઢેજન<br>રૂા.૧,૮૮,૬૮, ૦૦૦/-<br>અં.પ્ર.નં.૨૫ પા.નં.૯ થી ૧૧ | ૧૦૦ | ઉર્દૂ , સિંધી અને અન્ય અર્વાચીન ભારતીય ભાષાઓનો યોગ્ય વિકાસ કરવા માટે જરૂરી રકમની ફાળવાણી કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અમરસિંહભાઈ વસાવા |
| ૨૧. | ૨૨૦૨-સામાન્ય શિક્ષણ<br>૮૦-સામાન્ય<br>૮૦૦-અન્ય... ખર્ચ<br>રૂા.૪,૨૫,૦૦૦<br>અં.પ્ર.નં.૨૫ પા.નં.૧૪ | ૧૦૦ | ઉડ્ઢમ પુસ્તકોને પુરસ્કાર અને ઈનામો આપવામાં ચાલતી ભેદભાવભરી નીતિ દૂર કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી બાબુભાઈ શાહ |
| ૨૨. | ૨૨૦૪-ખેલકૂદ....સેવાઓ<br>૦૦૧-નિદેશ અને વહીવટ<br>રૂા.૧,૦૬,૮૬,૦૦૦<br>અં.પ્ર.નં.૨૫ પા.નં. ૧૬-૧૭ | ૧૦૦ | ખેલ મહાકુભમાં થતાં બિન જરૂરી ખર્ચાઓ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અશ્વિનભાઈ કોટવાલ |
| ૨૩. | --"-- | ૧૦૦ | રમત ગમતમાં રાષ્ટ્રીય એવોર્ડ, એશીયાડ ગેમ્સ કે ઓલમ્પિક ગેમ્સમાં વિજેતા થયેલ ખેલાડીઓને સમયસર બહુમાન / ઈનામ આપવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી શંકરભાઈ વાધેલા |
| ૨૪. | --"-- | ૧૦૦ | રમત ગમતના ખેલાડીઓને જરૂરી સવલતો તથા પ્રોત્સાહન આપવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અમિતકુમાર ચાવડા |
| ૨૫.* | --"-- | ૧૦૦ | સાંસ્કૃતિક પ્રવૃદ્ધિઓના નામે થતાં નિરર્થક ખર્ચા ઉપર અંકુશ રાખવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૨૬.* | --"-- | ૧૦૦ | કેન્દ્રીય સહાય આપવા છતાં ગ્રામ્ય | |

| | | | | |
|---|---|---|---|---|
| | | | કક્ષાએ રમત ગમતના મેદાનોના વિકાસ માટે ઝડપથી કામો હાથ ધરવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૨૭.* | --"-- | ૧૦૦ | ખેલ મહાકુંભના વિજેતા ખેલાડીઓને ઈનામો-પ્રમાણપત્રો સમયસર આપવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૨૮. | ૨૨૦૫-કલા અને સંસ્કૃતિ<br>૧૦૩-પુરાતત્વવિદ્યા......મોજણી<br>રૂા.૬,૫૮,૮૮,૦૦૦<br>અં.પ્ર.નં.૨૫ પા.નં.૩૨ થી ૩૫ | ૧૦૦ | પ્રાચીન ઈમારતોનું રક્ષણ કરી મરામતની કામગીરીને સંગીન કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી મોહનસિંહ રાઠવા |
| ૨૯.* | --"-- | ૧૦૦ | પ્રાચીન ઈમારતો વાળા રહેણાંકના મકાનોને તૂટતા અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૩૦. | ૨૨૦૫-કલા અને સંસ્કૃતિ<br>૧૦૫-જાહેર ગ્રંથાલયો<br>રૂા.૧૮,૮૩,૩૭,૦૦૦<br>અં.પ્ર.નં.૨૫<br>પા.નં.૩૮ થી ૪૬ | ૧૦૦ | ગ્રંથાલયોના વિકાસ માટે પૂરતી નાણાકીય જોગવાઈ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી માનસિંહ ચૌહાણ ( જવાહરભાઈ ચાવડા) |

*** આ કાપ દરખાસ્તો સભાગૃહમાં રજૂ થઈ શકી નહીં.**

**અધ્યક્ષશ્રી** : માગણીઓ અને એના ઉપર રજૂ થયેલ કાપ દરખાસ્તો ઉપર ભેગી ચર્ચા કરવામાં આવશે.

**શ્રી શૈલેષ મ. પરમાર(શહેર કોટડા)** : માનનીય અધ્યક્ષશ્રી, આજે જે સમાજ કલ્યાણને લગતી જે માગણીઓ મંત્રીશ્રીએ રજૂ કરી છે એમાં આપના માધ્યમથી હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ડો.બાબાસાહેબ આંબેડકર સાહેબનો કદાચ જન્મ ન થયો હોત તો અને ડો. બાબાસાહેબ આંબેડકર સાહેબે આ બંધારણ ન બનાવ્યું હોત તો અનામત અંગેની જે પણ માગણીઓ કે ચર્ચાઓ હોય એનો સ્કોપ હું જોઈ શકતો ન હોત. જે રીતે અનામતની જોગવાઈની અંદર એટ્રોસીટી એકટની જોગવાઈ કરવામાં આવી છે, હું સભાગૃહના ધ્યાન પર ખાસ એ બાબત મૂકવા માગું છું કે, એટ્રોસીટી એકટનો એક કાયદો બનાવવામાં આવ્યો એ કાયદાનું પાલન જે રીતે થવું જોઈએ તે કદાચ ગુજરાતની અંદર કદાચ થતું નથી. એ વાત હું પુરાવા સાથે કહેવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, પહેલાં એટ્રોસીટી એકટની અંદર એની તપાસ ડી.વાય.એસ.પી. કક્ષાના અધિકારી મારફત થતી હતી. આજે ખૂબ જ જુદા પ્રકારની પરિસ્થિતિ પેદા થઈ છે. કારણ કે, આજે અમદાવાદ શહેરની એક યુનિવર્સિટીની અંદર એક એમ.એ. ગોલ્ડ મેડાલિસ્ટ થયેલ પ્રોફેસર કે જેને કુલપતિ દ્વારા દલિત સમાજને ન કહેવાય એવા શબ્દો જ્યારે કહેવામાં આવે છે, પોલીસમાં એની ફરિયાદ કરવામાં આવે છે, પોલીસમાં એની એટ્રોસીટીની ફરિયાદ દાખલ થઈ છે. પોલીસ એટ્રોસીટી એકટની ફરિયાદમાં સી-સમરી ભરી દેવામાં આવે છે. એ મેટ્રો કોર્ટમાં જાય છે એનો ત્યાં હુકમ કરવામાં આવે છે, એ હાઈકોર્ટની અંદર એફ.આઈ.આર. કેવી રીતે રદ થાય એના માટેની પીટીશન દાખલ કરે છે અને પીટીશનનો જ્યારે હાઈકોર્ટ ઑર્ડર કરે છે.

અને એમાં તપાસ પૂર્ણ કરી અને એની પીટીશન ફગાવી દેવામાં આવે છે. મારે દુ:ખ સાથે કહેવું પડે છે કે આજે અગિયારસો અગિયારસો દિવસ થઈ ગયા, તા: ૩-૫-૨૦૦૮નો આ કિસ્સો છે એને આજે અગિયારસો દિવસ થઈ ગયા પછી પણ આ કુલપતિ સામે પોલીસ કે તંત્ર દ્વારા એની સામે કોઈપણ પ્રકારની કાયદેસરની કાર્યવાહી કરવામાં

આવી નથી. ભારત સરકારના બંધારણની જોગવાઈ અનુસાર જ્યારે કોઈપણ વ્યકિત ઉપર એટ્રોસીટી એકટનો ગુનો દાખલ કરવામાં આવે છે ત્યારે આ ગુનાના ભાગરૂપ ૩૦ દિવસમાં એની તપાસ પૂર્ણ કરી એનો રિપૉર્ટ રજૂ કરવામાં આવે છે. આજે અગિયારસો અગિયારસો દિવસ થઈ ગયા આ કુલપતિ સામે કોઈપણ જાતની કાર્યવાહી પોલીસ તંત્રની અંદર કરવામાં આવી નથી. હાઈકોર્ટના હુકમનો અનાદર કરવામાં આવ્યો છે. એટ્રોસીટી એકટના કાયદાની અંદર એ કુલપતિની સામે ફરિયાદ નોંધાઈ પણ ફરિયાદનો અમલ થયો નહીં પણ એટ્રોસીટીની ફરિયાદમાં જે સાક્ષી હતો એ સાક્ષીની સામે પણ ખોટી પોલીસ ફરિયાદ કરીને લૂંટ અને ખૂનનો ગુનો દાખલ કર્યો છે. આ સાક્ષીને દબાવવાની પણ કોશીશ કરવામાં આવી પરિણામે જે ગોલ્ડ મેડલીસ્ટ પ્રોફેસરને અન્યાય થયો છે. એટલું જ નહીં એટ્રોસીટીમાં ફરીયાદ કરી હતી એનો સાક્ષી બનેલ હતો એ સાક્ષી બનેલ પ્રોફેસર સામે પણ લૂંટ અને ખૂનનો ગુનો દાખલ કરવામાં આવ્યો છે. અને નોકરીમાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યો છ(અંતરાય) એ ભાઈ માઈક ચાલુ કરો માનનીય અધ્યક્ષશ્રી • (xxxxx)

**શ્રી દિલીપ સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી આ સરકાર વિશે ટીકા કરી છે.

**અધ્યક્ષશ્રી** : આપના શબ્દો પાછા ખેંચો અથવા તો હું અહીંથી દૂર કરું.

**શ્રી શૈલેષ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, હું પાછા ખેંચુ છું. હું જે વાત કરી રહ્યો છું મારી માનનીય મંત્રીશ્રી પાસે માગણી છે કે એક એમ.એ. ગોલ્ડ મેડલીસ્ટ થયેલ વ્યકિતને ન્યાય મળતો ન હોય એ કેવું કહેવાય? ગુજરાતની અંદર આવા અનેક કેસો થાય છે. જે કેસની અંદર સાક્ષી થયેલ વ્યકિતને દબાવવામાં આવે છે એને ન્યાય મળતો નથી. મારી માગણી છે કે આવા અધિકારીઓ સામે કાયદેસરની કાર્યવાહી કરી આ પ્રોફેસર ગોલ્ડ મેડલીસ્ટને ન્યાય મળે એવી હું માનનીય મંત્રીશ્રી પાસેથી માગણી કરુ છું. આ વિભાગની અંદર લઘુમતિઓની પણ જ્યારે વાત આવે છે ત્યારે ખાસ કરીને કહેવું છે કે બે બે વર્ષથી કેન્દ્ર સરકાર દ્વારા કરોડો રૂપિયાની ગ્રાન્ટ જ્યારે લઘુમતી સમાજના વિદ્યાર્થીઓ માટે આવે છે ત્યારે બે બે વર્ષથી આવેલ ગ્રાન્ટ આ સરકાર દ્વારા આ વિદ્યાર્થીઓને આપવામાં આવતી નથી અને બંને વર્ષની ગ્રાન્ટ જયારે પાછી ગઈ છે ત્યારે હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું એક બાજુ લઘુમતીના કલ્યાણની આપણે વાત કરીએ છીએ એ લઘુમતિનો વિદ્યાર્થી જ્યારે ભણતો હોય અને કેન્દ્ર સરકાર દ્વારા એને ગ્રાન્ટ આપવામાં આવતી હોય તો કયા સંજોગોમાં એ ગ્રાન્ટ પાછી ગઈ? ધોરણ-૧૦માં ભણતા વિદ્યાર્થીઓને એની શિષ્યવૃત્તિ કયા કારણસર નથી મળી શકી એ હું આપના માધ્યમ દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું.

મારે બીજી એક વાત કહેવી છે. ખાસ કરીને જે રીતે ગુજરાત સરકારની અંદર દલિત સમાજના વિકાસ માટેના જે નિગમોની સ્થાપના કરવામાં આવી હતી, દલિત સમાજની અંદર વણાટ કામ કરતાં વણકરો માટે હાથશાળ વિકાસ નિગમ હતું એ આજે મૃતપાય પડેલ છે. જે વણકર ભાઈઓ વણાટકામ કરે છે અને વણાટકામ કરીને પછી એને જે રિબેટ મળતું હતું એ રિબેટ પણ આજે હાથશાળ વિકાસ નિગમમાં કે ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ દ્વારા મળતું નથી. રોહિતભાઈઓ માટે શ્રમ વિકાસ બોર્ડની સ્થાપના કરવામાં આવી હતી એ બોર્ડ પણ આજે મૃતપાય પડ્યું છે ત્યારે ખાસ કરીને ગુજરાત સરકાર દ્વારા અતિ પછાત જાતિ વિકાસ બોર્ડની રચના કરવામાં આવી. (અંતરાય) આત્મારામભાઈ ઘણા બધા બોર્ડ-નિગમો બંધ પડ્યા છે. યાદી લાંબી છે. દલિત સમાજની સાચી વાત આવતી હોય ત્યારે એમાં હકારાત્મક કહેવું જોઈએ. આ ગુજરાત વિધાનસભા હોય કે બીજી કોઈપણ જગ્યા

---

• (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

હોય. મેં પહેલાં જ મારા પ્રવચનમાં કહ્યું કે ડૉ. બાબા સાહેબ આંબેડકરનો જન્મ કદાચ ન થયો હોત અને અનામતનું ધોરણ ન થયું હોત તો હું કે આપ ધારાસભ્ય ન હોત એ નક્કર બાબત છે. મારે કહેવું છે કે અતિ પછાત જાતિ બોર્ડની રચના કરી છે ત્યારે હું ફકીરભાઈ અને સરકારને અભિનંદન આપું છું કે સરકારે દલિત અને છેવાડાના માનવીની વાત કરી છે. મારે કહેવું છે કે ગુજરાતમાં ચૂંટણીઓ ચાલી રહી હતી ત્યારે ભારતીય જનતા પાર્ટીના ચૂંટણી ઢંઢેરામાં બહુ ક્લીયર લખ્યું હતું કે આવનારા દિવસોમાં ગુજરાતમાં અમારી સરકાર આવશે તો અમે અતિ પછાત જાતિ બોર્ડને નિગમમાં રૂપાંતરિત કરીશું. આજે આ વાતને ત્રણ-ચાર વર્ષ થઈ ગયા પણ આ અતિ પછાત જાતિ વિકાસ બોર્ડને આજે પણ નિગમમાં રૂપાંતર કરવામાં આવ્યું નથી એ દુ:ખની વાત છે. ખરેખર આઈ.એ.એસ. કક્ષાના અધિકારી આમાં એમ.ડી. તરીકે હોવા જોઈએ. આ બોર્ડની અંદર જે કામ થવું જોઈએ એ કામ થઈ શકતું નથી. મારી માગણી છે કે આપે આપેલ ચૂંટણી ઢંઢેરાના વચન મુજબ અતિ પછાત જાતિ વિકાસ બોર્ડને નિગમમાં રૂપાંતરિત કરો એવી મારી આપની પાસે માગણી છે. ખાસ કરીને મારે એક વાત કરવી છે કે દલિત સમાજની ચાલતી યોજનાઓમાં ખાસ કરીને જ્યારે બી.પી.એલ.ની વાત આવતી હોય છે ત્યારે એમાં બે વસ્તુ ખાસ માનનીય મંત્રીશ્રીના ધ્યાન ઉપર મૂકવી છે કે બી.પી.એલ.ની વાતમાં જે લોકો બી.પી.એલ. કાર્ડ ધરાવે છે, જેની પાસે બી.પી.એલ. કાર્ડ છે અને બીજી સરકારની યાદી કે જે વેબસાઈટ ઉપર કે કૉમ્પ્યુટર ઉપર એના ડેટા ફીડ થયેલ છે એમાં એનું નામ બી.પી.એલ.માં હોય છે. ઘણી વખત એવું થતું હોય છે કે જે લોકોને ગુજરાત સરકારની કે કેન્દ્ર સરકારની જે યોજનાઓ ચાલે છે એ યોજનાઓમાં બી.પી.એલ.ની વાત આવે ત્યારે ઘણાં બધાં બી.પી.એલ. કાર્ડધારકો એવા હોય છે કે એની પાસે કાર્ડ હોય પણ સરકારના ડેટામાં બી.પી.એલ. તરીકે એનું નામ ન હોવાના કારણે એ લાભથી વંચિત રહી જાય છે. બીજું કારણ એવું આવે છે કે ઘણી વખત સરકારના ડેટામાં બી.પી.એલ. તરીકે નામ છે પરંતુ એની પાસે બી.પી.એલ. કાર્ડ નથી ત્યારે વિસંગતતા પેદા થાય છે. આવા સંજોગોમાં આપની સમક્ષ મારી માગણી છે કે માનનીય મંત્રીશ્રી, જો દલિત સમાજની વ્યક્તિ બી.પી.એલ. કાર્ડ ધરાવે છે અથવા કૉમ્પ્યુટર યાદીમાં એનું નામ છે એ બન્ને વસ્તુ ન હોય અને એક હોય તો પણ એને લાભ મળવો જોઈએ. આવાસ યોજનાઓ અને સરકારની જે પણ યોજનાઓ છે એમાં એને લાભ મળવો જોઈએ એવી મારી માગણી છે. જે રીતે અનામતની ટકાવારીના ધોરણે કોરપોરેશનમાં પ્લૉટ અને સ્ટૉલ તેમજ જી.આઈ.ડી.સી.માં પ્લૉટ આપવા જોઈએ એમાં પણ વિસંગતતા છે. ૭ ટકાનું ધોરણે આજે પણ પ્લૉટ મળતા નથી ત્યારે વધુ વાત ન કહેતાં મેં આપની સમક્ષ માગણીઓ મૂકી છે એ માગણીઓનો માનનીય મંત્રીશ્રી સ્વીકાર કરે એ વાત કરી વિરમું છું.

**શ્રી કાન્તિલાલ રા. લકુમ(બાવળા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી માગણી નંબર ૯૨ સામાજિક સુરક્ષા અને કલ્યાણ, માગણી નંબર ૯૫ અનુસૂચિત જાતિઓ માટે ખાસ અંગભૂત યોજના અને માગણી નંબર ૯૮ રમણ ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગની માગણીઓ લઈને આવ્યા છે એમાં મારા વિચારો વ્યકત કરું છું અને એમાં સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ માગણીઓ જે લાવ્યા છે એમાં સામાન્ય સેવાઓ જે હોય એના માટે ૧ કરોડ ૨૩ લાખ ૭૫ હજારની આમાં માગણી લઈને આવ્યા છે અને સામાજિક સેવાઓ જે છે એમાં ૧૨૦૭ કરોડ, ૧૯ લાખ ૧૧ હજારની માગણી લઈને આવ્યા છે આમ ૨૦૫૦ કરોડ ૧૯ લાખ ૧૦ હજારની માગણી લઈને આવ્યા છે ત્યારે ખાસ કરીને આ સરકાર એ અનુસૂચિત જાતિના લોકોનું શિક્ષણનું સ્તર ઊંચું આવે અને શિક્ષણનું સ્તર ઊંચું આવે તો આ દલિતોનો ઉધ્ધાર થાય, એ લોકો સારી નોકરી મેળવી શકશે, એ લોકો સારી જગ્યાએ ઉદ્યોગ-ધંધા કરી શકશે એવા આશયથી આ શિક્ષણની અંદર મોંઘવારી વધી રહી છે અને એ મોંઘવારીના કારણે બાળકોને ભણાવવા

મુશ્કેલ થઈ જાય છે ત્યારે ૧ થી ૭ ના વિદ્યાર્થીને રૂા.૭૫ આપવામાં આવતા હતા એના બદલે ૧૫૦ રૂપિયા આપવાનું આ સરકારે વિચાર્યુ છે ત્યારે ૮ થી ૧૦ ના જે વિદ્યાર્થીઓ છે એને ૨૦૦ રૂપિયા આપતા હતા એના બદલે ૩૦૦ રૂપિયા સ્કોલરશીપ આપવામાં વધારો કરેલો છે. ગણવેશ આપવામાં આવે છે એમાં ૧૫૦ રૂપિયા અત્યાર સુધી આપવામાં આવતા હતા એના બદલે ૨૦૦ રૂપિયા કરવામાં આવ્યા છે. ૧ થી ૧૦ ના અતિ પછાત વિદ્યાર્થીઓ છે એને ૩૦૦ રૂપિયા આપવામાં આતા હતા એને ૬૫૦ ની શિષ્યવૃત્તિ કરવામાં આવી છે. આમ, અનુસૂચિત જાતિના લોકો અભ્યાસ કરીને આગળ વધશે તો એ ધંધા-રોજગારમાં આગળ આવશે. અનુસૂચિત લાભાર્થીઓ માટે અન્ય જે વિભાગો છે એમાં પણ અંગભૂત યોજનામાંથી ગ્રાન્ટો ફાળવવામાં આવી છે અને એમાં ૨૩ જે કૌશલ્ય વર્ધક કેન્દ્રો શરૂ કરવાનું આ સરકારે નક્કી કરેલું છે. બીજા વિભાગો જેમ કે કૃષિ, શિક્ષણ અને સિંચાઈ માટે પણ આ સરકારે એમાં જે યોજનાઓ છે એમાં વધારાનો લાભ મળે અને એ સામાન્ય લોકો સાથે પોતાની યોજનાઓનો લાભ લઈ શકે એ માટેની આ યોજના કરી.

માનનીય અધ્યક્ષશ્રી, આ સરકારે ડો. બાબા સાહેબ આંબેડકર એવોર્ડ ૧ લાખ રૂપિયાનો આપવાનું નક્કી કરેલું છે. મહાત્મા ગાંધી એવોર્ડ પણ આપવાનું નક્કી કરેલું છે અને ૧ લાખ રૂપિયા એમાં પણ છે. સંતશ્રી કબીર દલિત સાહિત્ય એવોર્ડ આપવાનું નક્કી કરેલું છે એમાં પણ ૫૦,૦૦૦ રૂપિયાની રકમ આપવામાં આવે છે. દાસી જીવન શ્રેષ્ઠ દલિત સાહિત્ય કૃત્તિ એવોર્ડ એ પણ એક એવોર્ડ જાહેર કર્યો છે અને એમાં ૨૫,૦૦૦ રૂપિયાની રકમ આપવામાં આવે છે. મહાત્મા ફૂલી શ્રેષ્ઠ દલિત પત્રકાર એવોર્ડ અને એના માટે પણ ૨૫૦૦૦ રૂપિયાનો એવોર્ડ જાહેર કર્યો છે. સાવિત્રી બાઈ ફૂલે દલિત મહિલા કલા સાહિત્ય એવોર્ડ એમાં ૫૦,૦૦૦ રૂપિયાની રકમ આપવાનું નક્કી કર્યુ છે અને આમ જુદા જુદા નામે જે સંતો, મહંતો થઈ ગયા અને એમના નામે આ એવોર્ડો નક્કી કર્યા છે એ ભારતીય જનતા પાર્ટીએ જુદા જુદા નામો નક્કી કર્યા છે પણ કોંગ્રેસ હોય તો એક જ કુટુંબના નામ આવે તો જ એને રકમ મળે નહિતર ના મળે એવી એમની યોજનાઓ હતી અને માનનીય શૈલેષભાઈ કહેતા હતા કે આંબેડકર ના હોત તો અહીંયા આપણે બેઠા ના હોત તો એમણે આ આંબેડકર સાહેબના નામે કોઈ એવોર્ડ કે કોઈ યોજનાઓ જાહેર કરી છે ખરી? માનનીય અધ્યક્ષશ્રી, એમને હું પૂછવા માગુ છું કે આંબેડકર સાહેબ જ્યારે મહારાષ્ટ્રમાં ચૂંટણી લડયાને ત્યારે એમને હરાવવાનું કામ આ કોંગ્રેસના લોકોએ જ કર્યુ હતું. ડો. બાબા સાહેબ આંબેડકર એ જ્યારે અમદાવાદ રેલવેમાં આવતા હતા. અને અમદાવાદ કાલુપુર રેલવે સ્ટેશને ઊતર્યા ત્યારે કાળા વાવટા લઈને એમને આંબેડકર પાછા જાઓ એવું કહેવાવાળા આ કોંગ્રેસવાળા હતા. એમને આંબેડકર સાહેબનું નામ લેવાનો અધિકાર નથી. માનનીય અધ્યક્ષશ્રી, વકીલાત માટે જે અનુસૂચિત જાતિના છોકરાઓ વકીલાત કરીને બહાર આવે પણ એની આર્થિક પરિસ્થિતિ સારી હોતી નથી ત્યારે એ બાળકોને એ જે ભણીને બહાર આવે એ વકીલાત માટેની એને તાલીમ મળે એ માટે યોજના નક્કી કરવામાં આવી છે અને એ કોર્ટમાં ઊભો રહી શકે એ માટે એને તાલીમ મળે એટલે જો એ સિનીયર વકીલ સાથે એ તાલીમ લે તો તાલીમ દરમિયાન એને સ્ટાઈપેન્ડ આપવામાં આવે છે અને જે વકીલ તાલીમ આપે તો એને પણ એ રકમ આપવામાં આવે છે. માનનીય અધ્યક્ષશ્રી, પી.જી.સોલંકી ડૉક્ટર અને વકીલ લોન સહાય પણ એ તૈયાર થઈને ડૉક્ટર બહાર આવે તો એને દવાખાનું કરવું હોય તો એને પણ લોન અને સહાય આપવામાં આવે છે. (સમયસૂચક ઘંટડી)

**અધ્યક્ષશ્રી** : હવે બે મિનિટનો સમય છે.

**શ્રી કાન્તિલાલ રા. લકુમ** : શહેરી વિસ્તારોમાં ધંધો કરવો હોય તો એને દુકાન માટે પણ લોન સહાય આપવામાં આવે છે. તબીબી સહાય માટે આપવામાં આવે. આંબેડકર આવાસ યોજના માટે પણ અને સવિતા આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન માટે પણ સહાય આપવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, દલિતના ઘરે જઈ અને આપણે એક રાત રોકાઈએ તો એટલે દલિતોની કંઈ દશા બદલાતી નથી. આ નેતાઓ જે કોંગ્રેસના છે એ દલિતોના ઘરે જઈને એક રાત રોકાય અને ટી.વી., મિડિયામાં આવે તો એના આધારે એમની કંઈ દશા સુધરતી નથી. કોઈ માટી કામ ચાલતું હોય અને ત્યાં જઈને બે બખડિયા ઉપાડીએ તો એનાથી જે મજૂરો અને દલિતો છે એમની દશા સુધરતી નથી પણ એમના માટે એમના વિકાસ માટે યોજનાઓ નક્કી કરવી પડે અને એ યોજનાઓ જ્યારે નક્કી કરવામાં આવે ત્યારે આ આપણા રાજયના માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈએ ગરીબીમાંથી દલિતો બહાર આવે એ માટેની આ યોજનાઓ જે બધી નવી નવી બહાર પાડી છે એમાં ગરીબ કલ્યાણ મેળાઓ કર્યા અને એમાં કીટો આપી અને જે દલિત જે કડિયા કામે મજૂરી કરવા જાય છે તો એને કીટ આપે કો એ કડિયા બને અને સારી રોજગારી મેળવી શકે. એમ સુથારી કામ દરજી કામ અને નાના ગલ્લા એમના નાના ઉદ્યોગો માટે એ કામ કરી શકે અને એ માટેની યોજનાઓ જ્યારે લાવ્યા છે ત્યારે આંબેડકરમાં, આંબેડકર વિદેશ અભ્યાસ માટે યોજના નક્કી કરી છે અને ૧૯૯૯થી આ યોજના ચાલે છે અને એમાં અત્યાર સુધી ૪૯૭ જે દલિતો છે એમને ૪,૭૧,૫૦,૦૦૦/-ની સહાય મંજૂર કરી અને એ જે તેજસ્વી તારલાઓ છે એમને પરદેશ જવા માટેનું આ એક અભિયાન ઉપાડ્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, કોમર્શીયલ પાયલોટની તાલીમ માટે પણ યોજના નક્કી કરી છે. (સમયસૂચક ઘંટડી)

**અધ્યક્ષશ્રી** : શ્રી વલ્લભભાઈ.

**શ્રી કાન્તિલાલ રા. લકુમ** : માનનીય અધ્યક્ષશ્રી, દલિત વિસ્તારમાં જ્યારે (સમયસૂચક ઘંટડી) માનનીય અધ્યક્ષશ્રી બે મિનિટ, જ્યારે એક વિમાન જતું એમના શાસનમાં ત્યારે દલિત વિસ્તારમાંથી લોકો બહાર નીકળી અને એમ કહે કે, વિમાન નીકળે છે વિમાન હવે એ પાયલોટ બની એ જ્યારે હવામાં ઊડતો હોય ત્યારે દલિતોની છાતી ગજ ગજ ફૂલે છે. માનનીય અધ્યક્ષશ્રી, આંબેડકર ભવનો બનાવવામાં આવ્યા છે ત્યારે માગણીઓને સમર્થન આપું છું.

**અધ્યક્ષશ્રી** : આપનો સમય પૂરો થાય છે. શ્રી વલ્લભભાઈ.

**શ્રી વલ્લભભાઈ ગો. કાકડિયા(રખિયાલ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ફકીરભાઈ માગણી નંબર ૯૨, ૯૫ અને ૯૮ લઈને આવેલા છે તેને હું આવકારું છું અને મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૧૦ ગુજરાત રાજયની સ્વર્ણિમ જયંતી ઉજવી રહેલ છે. તેમાં રાજય સરકાર જુદા જુદા વિભાગો દ્વારા પ્રજાલક્ષી કાર્યો કરી રહેલ છે. માનનીય અધ્યક્ષશ્રી, હું રમત ગમત વિભાગની વાત કરવા માગુ છું. નાના નાના ગામડાઓમાં વસ્તી પ્રજા રમત પ્રત્યે સારો અભિગમ દાખવે જેથી પોતાનું સ્વાસ્થ્ય સારું રહે, બીમારીઓ ના આવે અને શરીર ખડતલ બને અને લાંબુ આયુષ્ય ભોગવે તેવા હેતુથી, "ખેલ મહા કુંભ-૨૦૧૦"નું સફળ આયોજન કરેલ. માનનીય મુખ્ય મંત્રીશ્રીએ એ વખતે સુત્ર આપેલું કે, "રમશે ગુજરાત, જીતશે ગુજરાત". તા. ૨૦-૧૧-૨૦૧૦ના રોજ પોલીસ સ્ટેડિયમ અમદાવાદ ખાતે ૯.૩૦ કલાકે કાર્યક્રમ શરૂ થયેલ, આ કાર્યક્રમમાં ૩,૫૦૦ ખેલાડીઓએ યોગના જુદા જુદા આસનો કરેલઅને થીમ સોંગ ઉપર કલાકારોએ ભવ્ય નૃત્ય પ્રદર્શન કરેલ. આ કસરતબાજોની સાથે ૧૦૮૭ મોટર સાઈકલોને ફ્લેગ ઓફ કરેલ અને રાજયના જુદા જુદા તાલુકા, જિલ્લા

મથકોએ ખેલ મહાકુંભના કાર્યક્રમો યોજવા માટે મુખ્યમંત્રીશ્રીએ દિવ્ય જયોત પ્રગટાવેલ. તે સમયે રમતગમત ક્ષેત્રે જાણે સોનાનો સુરજ ઉગ્યો હોય એવું વાતાવરણ થયેલ. રાજયમાં બધા લોકો રમતમાં ભાગ લઈ શકે જેથી જિલ્લા કક્ષાએ ૯૦૦ જગ્યાએ, ૧૫૯ નગરપાલિકા કક્ષાએ અને ૩૩ જિલ્લા કોર્પોરેશન મથકો ઉપર આયોજન થયેલ. રાજયના છેવાડાના ગામડાંમાંથી પણ રમતમાં લોકોએ ભાગ લીધેલ. જિલ્લા  પંચાયતથી શરૂ કરી રાજય કક્ષાની સ્થર્ઘાઓમાં સોળ રમતોનું આયોજન કરેલ તેમાં રાજયના ૧૩૧૩૯૭૪ ખેલાડીઓએ ભાગ લીધેલ. ભારતના ઈતિહાસમાં આટલી મોટી સંખ્યામાં આટલા સ્થળોએ આયોજન થયું હોય એવી પહેલી ઘટના છે. લાખો લોકો પોતાના ખેલની તાકાત બતાવવા માટે ઉમટી પડેલ. અમદાવાદના ચાલી તથા ઝુંપડપટ્ટીના ત્રીસ થી ચાલીસ હજાર યુવક, યુવતીઓને તાલીમ આપેલ અને તેમાંથી વીસ હજાર ખેલાડીઓએ સુંદર પ્રદર્શન કરેલ જે આ ખેલ મહા કુંભમાં જોવા મળેલ. આવા છેવાડાના માનવીના બાળકોનું શારીરિક ઘડતર કરનાર આ ગુજરાતના મુખ્યમંત્રીશ્રી નંબર-૧ છે જ અને નંબર-૧ રહેશે જ. વર્લ્ડ ચેમ્પીયન ચેસ ખેલાડી વિશ્વનાથ આનંદને ગુજરાતના ચેસ ખેલાડીઓ માત્ર ટી.વી.ના પડદા ઉપર જ જોઈ શકતા હતા. મને કહેતા ગૌરવ થાય છે કે આ ગુજરાતના મુખ્યમંત્રીશ્રીની રમત ગમત પ્રત્યેની લાગણીથી પ્રેરાઈને વર્લ્ડ ચેમ્પીયન વિશ્વનાથ આનંદ પણ આ ખેલ મહાકુંભમાં સ્વર્ણિમ ચેસ મહોત્સવમાં ભાગ લેવા આવેલ અને તેની સાથે ૨૦૦૧૭ ખેલાડીઓ અને તેમાં ૧૨૦થી વધારે અન્ય શ્રેષ્ઠ ખેલાડીઓએ ગુજરાત યુનિવર્સિટી મેદાનમાં ભાગ લીધેલો. અગાઉનો જે મેકસીકોનો ૧૩૪૪૬નો રેકોર્ડ હતો તેને તોડીને નવો વિશ્વ વિક્રમ ગ્રીનીસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ ગુજરાતના નામે સ્થાપિત કરવામાં આવેલ. એવો જ એક સુંદર કાર્યક્રમ સાંસ્કૃતિક વિભાગે પહેલી મે, ૨૦૧૦ના રોજ રાજયની સ્વર્ણિમ ઉજવણી પ્રસંગે "વંદે ગુજરાત" પ્રેકટીસ કરીને ગુજરાતનો આ શિરમોર કાર્યક્રમ કરેલ. ૪૫૦૦૦ લોકોથી સ્ટેડીયમ ભરાઈ ગયેલ. મને કહેતા ગૌરવ થાય છે કે એથી નિરાશ થઈને પાછા જતા હતા લોકો ત્યારે મુખ્યમંત્રીશ્રીએ સ્ટેજ ઉપરથી જાહેરાત કરેલ કે આ કાર્યક્રમ બીજા દિવસે પણ સ્ટેડીયમમાં ચાલુ રાખવામાં આવશે. બીજે દિવસે પણ સ્ટેડીયમ ફુલ ભરાઈ ગયેલું આ છે ગુજરાતનું ગૌરવ. આ સ્વર્ણિમ વર્ષમાં ગુજરાતે અનેક રેકોર્ડો કરેલ છે તેમાં વધુ વૃક્ષારોપણનો રેકોર્ડ પાકિસ્તાનના નામે હતો પણ એક જ દિવસમાં અગિયાર લાખ વૃક્ષો રોપીને આ રેકોર્ડ ગુજરાતે પોતાના નામે કર્યો છે. મારે કહેવું છે કે સામેથી વિરોધ પક્ષના નેતા બોલતા હતા કે ખેલ મહાકુંભનું સુત્ર એવું હોવું જોઈએ કે "રમશે વિશ્વ અને જીતશે ગુજરાત". મારે કહેવું છે કે મેકસીકો વિશ્વનો એક દેશ છે અને આ સુત્ર સાર્થક થાય છે કે મેકસીકોની જગ્યાએ ગુજરાતે ગ્રીનીસ બુકમાં નામ લખાવેલ છે. "રમશે વિશ્વ અને જીતશે ગુજરાત" વિરોધ પક્ષના નેતાનું એ સ્વપ્ન પણ ગુજરાતના ખેલાડીઓએ સાકાર કરેલ છે. હવે પછીની ભારતીય જનતા પાર્ટીનું સુત્ર હશે ૨૦૧૨માં કે " ભા.જ.પ. લડશે અને જીતશે ગુજરાત".આવા ખેલમહાકુંભમાં ભાગ લેનાર જુદા જુદા ખેલાડીઓને મુખ્યમંત્રીશ્રીના હસ્તે.. હું મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે તેને સમર્થન આપી મારી વાત પૂરી કરું છું.

**શ્રી ચંદુભાઈ ડાભી(કરજણ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે, તેના ઉપર મારા કેટલાક વિચારો પ્રદર્શિત કરું છું.

સામેના મિત્રો તરફથી વારંવાર કહેવામાં આવે છે કે આપને ડો.બાબાસાહેબ આંબેડકર સાહેબનું નામ લેવાનો પણ તમને અધિકાર નથી. મારે એમને પૂછવું છે કે ડો. બાબાસાહેબ આંબેડકરને અતિશય પરેશાનીનો કઈ વિચારધારાએ અહેસાસ કરાવેલ? એટલું જ નહિ તેના કારણે તેમને બૌદ્ધ ધર્મ અંગીકાર કરવો પડેલ હતો. કોઈ એક પુસ્તક લખે અને દલિતને મંદ બુદ્ધિના બાળક સાથે સરખાવે. વાલ્મીકિભાઈ માથે મેલુ ઉપાડે અને તેને

આધ્યાત્મિકનો અનુભવ કહે તો પણ ભાજપના મારા મિત્રો કેમ ચૂપ છે તે મને સમજાતું નથી. ડો. બાબાસાહેબ આંબેડકરની પ્રવચન માળા સમગ્ર વિશ્વમાં યોજવાનું કામ કોંગ્રેસ મારફતે થયું છે. ભાજપ સરકાર કેન્દ્રમાં હતી અને રાજ્યમાં વર્ષો સુધી રહી છતા તેમણે આ વિશે કઈ પણ વિચાર્યુ નથી. અમારા દલિતોની શું વાત કરીએ. દલિતોની વેદના કોઈ સમજનાર નથી. અમદાવાદમાં ખૂબ મોટો લઠ્ઠાકાંડ થયો. આ લઠ્ઠાકાંડમાં ત્યાંના ધારાસભ્ય ગણો અને નંબર વન ગણો તેઓ દલિત બહેનો છે તે દલિત બહેનોના આંછું લૂંછવા ગયા નહોતા, પણ ગયા મહિને ઉત્તરાયણ હતી ત્યારે પતંગ ચગાવવા દલિતભાઈઓ સાથે ગયા તો મારે આને પબ્લિસિટી સ્ટંટ ન કહેવો તો શું કહેવું? સરકારી છાત્રાલયોમાં હજુ પણ હાલતમાં કોઈ સુધારો થયો નથી. ત્યાં વિદ્યાર્થીઓની કાળજી પણ લેવામાં આવતી નથી. ત્યાંના ઈન્ફ્રાસ્ટ્રકચરમાં પણ કેટલીક જગ્યાએ ટાંકી નથી, બાથરૂમ નથી અને ભોજનશાળા પણ નથી, આવું તો ગાંધીનગરની છાત્રાલયમાં પણ એવું છે. મારે નમૂનારૂપ કહેવું છે કે અમરેલીમાં આદર્શ નિવાસી શાળામાં ૨૫૦ વિદ્યાર્થીઓ ભણે છે. આ વિદ્યાર્થીઓ એક આવેદન ત્યાંના કલેકટર અને સમાજ કલ્યાણ અધિકારીને આપવા માટે પદયાત્રા કાઢવી પડી. તેમણે આવેદન પત્રમાં શું કહ્યું કે આ છાત્રાલયમાં ચિંગમ જેવી રોટલી આપવામાં આવે છે. સુવા માટે મેદાન અને ન્હાવા માટે ડેમમાં જવું પડે છે. ૫૦૦ છાત્રા વચ્ચે એક જ બોર છે. પીવાના પાણી માટે નજીકના ગામે જવાનું હોય છે. નજીક માંગરાળાપાળ નામનો ડેમ છે. ત્યાં ન્હાવા માટે જવું પડે છે. અમારા સમાજની આવી દશા હોય તો જો બીજા સમાજની હોત તો આવી પરિસ્થિતીનું નિર્માણ ન થયું હોત. હું જ્યારે કામગીરી અંદાજપત્ર વાંચતો હતો. મેં જોયું ત્યારે એમાં એટલી બધી યોજનાઓ છે એ યોજનાની રકમમાં ખૂબ ઘ ટાડો કરવામાં આવ્યો છે. એના માટેના કેટલાક આંકડા આપવા માગું છું. હોટેલના નીભાવ અને ગ્રાન્ટ માટે ૨૦૧૦ માં ૧૯૬૭ લાખ હતા, એ ઘટાડીને ૨૦૧૧-૧૨ માં ૧૨૫૦ લાખ કરવામાં આવ્યા. આશ્રમશાળાની નીભાવણી માટે ૧૧૪૪ લાખ હતા એ રકમ ઘટાડીને ૮૫૦ લાખ કરવામાં આવી. આદર્શ નિવાસી શાળા માટે ૧૯૩૫ લાખ હતા એના ૧૨૯૧ લાખ કરવામાં આવ્યા. સરકારી છાત્રાલયના નિભાવ ખર્ચ માટે ૧૩૧૬ લાખ હતા તેને ઘટાડીને ૧૨૦૦ લાખ કરવામાં આવ્યા. સફાઈ કામદારના જે આશ્રિતો છે, તેની પુનઃસ્થાપના માટે ૧૧૧૯ લાખ હતા તેના ૯૮૦ લાખ કરવામાં આવ્યા. એટલું જ નહિ પરંતુ અતિશય પછાત જાતિ કહીએ છીએ. વાલ્મીકિ, નાડિયા, શેનવા એમને ગૃહ નિર્માણ માટેની યોજના એમાં ૧૯૩૫ લાખ હતા તેના ૧૫૦૦ લાખ કરવામાં આવ્યા. હું ખાસ કરીને પ્રાથમિક શાળાની વાત કરવા માગું છું. ધોરણ ૧ થી ૭ માં બે જોડી ગણવેશ માટે ૧૫૦ ની સહાય આપવામાં આવે છે. આપણે કલ્પના કરીએ તો આ સમયમાં ૧૫૦ માં તો સિલાઈ પણ નથી થતી. આજે મશ્કરી રૂપ છે. મારી માગણી છે કે આજે એ સહાય ૫૦૦ થી ઓછી હોવી જોઈએ નહીં.

માનનીય અધ્યક્ષશ્રી, શિષ્યવૃત્તિના જે વાર્ષિક દર છે તે અહીં હું વાંચી સંભળાવું છું. પ્રાથમિક શાળામાં ૧ થી ૪ ધોરણના કુમારને ૭૫ રૂપિયા અને કન્યાને ૧૦૦ રૂપિયા આપવામાં આવે છે. સરકારી પ્રાથમિક શાળા તેમાં ૫,૬ અને ૭મું ધોરણ હોય તેમાં ૧૫૦ રૂપિયા આપવામાં આવે છે અને જો ખાનગી પ્રાથમિક શાળા ૫, ૬ અને ૭મા ધોરણની હોય તો તેને ૨૦૦ રૂપિયા આપવામાં આવે છે. આમાં મને એ સમજાતું નથી કે સરકારી પ્રાથમિક શાળા અને ખાનગી પ્રાથમિક શાળા વચ્ચે શું તફાવત છે.

માનનીય અધ્યક્ષશ્રી, અત્યાચારોની તો આ ગુજરાતમાં ભરમાળ છે. તેના હું તમને કેટલાક દાખલા આપવા માગું છું. માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાતની વાત નથી કરતો પણ ફક્ત ગાંધીનગર જિલ્લાની વાત કરું છું. તેમાં જલુન્દ્રા મોટા, કનીપુર, ગિયોડ, સોનારડા, કડજોદરા અને ભૂતેશ્વરી જેવા ગામોમાં આજે પણ દલિતોના વાળ કાપવામાં આવતા નથી. આ જિલ્લાનું જે ભૂતેશ્વરી ગામ છે તેમાં ભાજપનું રાજ હોવા છતાં દલિતોને મંદિર પ્રવેશ

આપવામાં આવતો નથી. ત્યાં આગળ મંદિર પ્રવેશ કરવા ગયા ત્યારે અથડામણ થઈ અને તેમાં ચાર પુરૂષો અને બે સ્ત્રીઓ ઘાયલ થઈ. ત્યાં હજી મંદિર પર પણ પ્રવેશબંધીનું બોર્ડ લગાવેલ છે. એક વર્ષથી ત્યાં પોલીસ બંદોબસ્ત છે. છતાં આમાં કંઈ કરી શક્યા નથી. સુરેન્દ્રનગર જિલ્લાના મૂળી તાલુકાના રામપર ગામની હું વાત કરવા માગુ છું. ત્યાં પણ ૧૫ દલિત કુટુંબોનો સામાજિક બહિષ્કાર ચાલુ છે. મહેસાણા જિલ્લામાં કડી તાલુકામાં ડાંગરવા ગામની વાત કરવા માગુ છું કે અમદાવાદના ભાજપના  માજી મેયર અને તેમના સંબંધીની ત્યાં ડાંગરવા જાન ગઈ હતી અને આ જાનમાં ત્યાં વરઘોડો કાઢવામાં્ આવ્યો ત્યારે વરઘોડામાં જે વરરાજા હતો તેને ઘોડા પરથી પાડી નાંખવામાં આવ્યો. એટલું જ નહીં તેને માર મારવામાં આવ્યો. આજદિન સુધી તેના પર કોઈ નક્કર પગલાં લેવામાં આવ્યા નથી. સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકાની વાત કરવા માગું છું. અહીં બોરીયા બેચરાજી નામનું ગામ છે. તેમાં એક દલિતને દસ વીઘા જમીન છે. આ ગામના માથાભારે માણસો આ દલિતને ખેતી કરવા દેતા નથી. આ દલિતે ગૃહ સચિવને, ડી.જી.ને, ડી.એસ.પી.ને છેલ્લા દોઢ માસથી જાણ કરી છે, રજૂઆત કરી છે. એટલું જ નહીં મંત્રીશ્રીને પણ રજૂઆત કરી છે. છતાં આજદિન સુધી પોલીસ બંદોબસ્ત આપવામાં આવેલ નથી. આ સરકાર ખરેખર નાગરિક સંરક્ષણ અધિનિયમ ૧૯૭૫ના પી.સી.આર.ના ગુનાઓ મોટા ભાગે નોંધતી નથી. તો અસ્પૃશ્યતા બાબતે આ સરકાર શ્વેતપત્ર બહાર પાડવા માગે છે કે નહીં?

માનનીય અધ્યક્ષશ્રી, અનુસૂચિત જાતિ માટે આંબેડકર આવાસ યોજના છે. ગ્રામ્ય વિસ્તારમાં તલાટી આના માટે દાખલો આપે છે અને તે મંજૂર થાય છે. પણ શહેરી વિસ્તારમાં આંબેડકર આવાસ યોજના બનાવવાની હોય ત્યારે પ્લાન એસ્ટીમેટ બનાવવા પડે છે. તેના માટે તેને ૨ થી ૫ હજારનો લાભાર્થીને ખર્ચ થાય છે. ત્યારબાદ આ નગરપાલિકામાં નગર આયોજનમાં થાય છે. નગર આયોજનમાં એક વર્ષ સુધી મિટીંગ બોલાવવામાં આવતી નથી. આ માટે જરૂરી જગ્યાની ફાળવણી કરવામાં આવતી નથી. એટલા માટે આમાં સરળીકરણ થાય તેવી મારી માગણી છે. ખાસ કરીને શંકરસિંહ વાઘેલાની સરકાર હતી તેમાં કેબીનેટમાં નક્કી કરેલું કે ઠાકોર સમાજ, પટેલ સમાજ, રાજપૂત સમાજ, વણકર સમાજ આ બધાને ગાંધીનગરમાં ભવન બનાવવા માટે જગ્યા આપવી. આ સરકાર જ્યારે બદલાઈ ત્યારે રીવ્યુ હેઠળ આ નિર્ણય રદ કર્યો. પરંતુ પાછળથી બધા સમાજને ભવન બનાવવા માટે જગ્યા આપવામાં આવી. પરંતુ વણકર સમાજમાં અમારા બે-બે કેબીનેટના મંત્રીઓ હોવા છતાં આ ભવન બનાવવા જગ્યા આપી શક્યા નથી. એટલે મને એમ થાય છે કે અમારા સમાજ પ્રત્યે કેવી લાગણી દર્શાવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, સમાજ સુરક્ષા વિશે કેટલીક વાત કરવી છે. ૨૫ લાખ અપંગો છે. આ વિભાગ દ્વારા જે વિકલાંગો છે તેમાં ૭૫ ટકા વિકલાંગતા હોય અને તેના કરતાં વધારે હોય તો જ અને બી.પી.એલ.માં હોય તો ૪૦૦ રૂપિયાની સહાય આપવામાં આવે છે. આમાં ૦-૧૬નો આંક જોવામાં આવે છે. પરંતુ જે ૭૫ ટકાથી વધુ વિકલાંગ હોય એ કોઈપણ કાર્ય કરવા માટે કાર્યક્ષમ હોતો નથી અને એટલા માટે જ  તેમાં આંક ન જોતાં, હું તો એમ કહેવા માગું છું કે જે કોઈપણ વિકલાંગ હોય ૭૫ ટકા કરતાં વધારે એને મદદ કરવી જોઈએ કારણ કે વિકલાંગ એ કોઈ બિમારી કે અભિશાપ નથી એટલે એને દયાની નહીં પણ હૂંફની જરૂર છે.

માનનીય મંત્રીશ્રી વારંવાર ડૉકટર આંબેડકર ભવન બનાવવાની વાત કરે છે, એ જોરશોરથી વાત કરે છે પણ મારે એમને એમ કહેવું છે કે, કેટલાક ગણ્યાગાંઠયા શહેરોમાં આ ભવન તમે બનાવી શક્યા છો અને કામગીરી આપ કરી શક્યા છો, પણ આપે જે દરેક તાલુકામાં બનાવવાની વાત કરી હતી એમાં તમે કોઈ નક્કર પગલાં લઈ શક્યા નથી. આ વર્ષે  તમે શું કર્યુ છે કે ડૉકટર આંબેડકર ફાઉન્ડેશન માટે  આપે રકમ ફાળવી છે પણ આંબેડકર ભવન માટે કેટલીક જગ્યાએ  રકમ ફાળવી છે એની મને જાણ નથી. મોટા ભાગે આજે  ભવનો બનાવવા માટે

જમીનની જ્યારે ફાળવણી કરવાની હોય છે ત્યારે નગરપાલિકાઓ એ જમીનની ફાળવણી કરતી નથી અને એકયાબીજા બહાના હેઠળ એની ઉપેક્ષા કરે છે પણ જો કોઈ ઉદ્યોગપતિ હોય અને એ ઉદ્યોગ માટે જમીનની માગણી કરતા હોય તો તરત જ એને ફાળવવામાં આવે છે. તો મને એમ લાગે છે કે અમારા • (xxxxx)

## પૉઈન્ટ ઑફ ઑર્ડર

### અસંસદીય શબ્દ અંગે

**શ્રીનીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ કહ્યું કે (xxxxx), એ શબ્દો એમણે પાછા ખેંચવા જોઈએ. માનનીય સભ્યશ્રી, (xxxxx) છે એ અમે જોયેલું છે.

**શ્રી ચંદુભાઈ ડાભી** :માનનીય અધ્યક્ષશ્રી, એ શબ્દ હું પાછા ખેંચું છું.

**શ્રી ચંદુભાઈ ડાભી** : માનનીય અધ્યક્ષશ્રી, આ રાજય સરકાર છે એ અત્યાચારના ગુના આચરનાર હોય એને ખરા અર્થમાં સજા થાય એવું ઇચ્છતી નથી. નિર્દોષ છૂટી જાય છે, અને અત્યાચારનો ભોગ બનનારને વળતર આપવામાં આવતું નથી. એનું કારણ છે કે ઇરાદાપૂર્વક આપણે ચાર્જશીટ મોડી ફાઈલ થાય છે એટલું જ નહી પણ તહોમતદારને ભાગેડુ જાહેર કરવામાં આવે છે અને તે મળતા નથી એમ કરીને આ કેસ બંધ કરી દેવામાં આવે છે. અને ખોટી સમરી ભરી દેવામાં આવે છે અને એને કારણે ૭૫ ટકા જેટલા લોકો નિર્દોષ છૂટી જાય છે. ખાસ કરીને જોઈએ તો ગુજરાતની વિવિધ અદાલતોમાં ૫૫૩૮ કેસ ૫ડતર હતા એમાંથી માત્ર ૭૩૪ કેસનો જ નિકાલ થયો છે અને એમાંથી લગભગ ૭૦૩ જેટલા તો નિર્દોષ છૂટી ગયા છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી વારંવાર જાહેરાત કરે છે કે, એટ્રોસીટી કેસ ચલાવવા માટે પાંચ અદાલતો અને હેલ્પલાઈન શરૂ કરવાની વાત કરી છે, પણ આ હેલ્પલાઈન શરૂ થઈ છે કે નહીં અથવા એ માટે આપે શા પગલાં ભર્યા છે એ પણ હું જાણવા માગું છું. ખાસ કરીને મારે સ્વીપરની પણ વાત કરવી છે કે સ્વીપરનું જે કામ છે એ માત્ર આ સમાજના લોકો જ કરે છે બીજા સમાજના લોકો કરતા નથી. માનનીય અધ્યક્ષશ્રી, આ સ્વીપરનું જે કામ છે એને એસેન્સીયલ સર્વિસ ગણવી જોઈએ અને એસેન્સીયલ સર્વિસ ગણી જ્યારે પણ એને નોકરી આપવામાં આવે ત્યારે કોન્ટ્રાકટ બેજ ઉપર નહીં પણ કાયમી ધોરણે જ એને નોકરી આપવામાં આવે એવી માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને મારી વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ જે સફાઈ કામદારોના કેસ છે એનો હાઈકોર્ટમાંથી ચુકાદો આવી ગયો છે છતાં પણ હજુ ૪૧ સફાઈ કામદારોના મોત નીપજ્યા છે આ ઘણી ગંભીર ઘટના છે અમદાવાદમાં જુઓ, વડોદરામાં જુઓ, સુરતમાં જુઓ ત્યાં ગટરમાં એમને ઉતારવામાં આવે છે અને એમાં એ ઝેરી ગેસથી એ મૃત્યુ પામ્યા છે, હકીકતમાં તો એમાં શું કરવું જોઈએ કે આ કાયદાનું પાલન કરવા માટે એમણે મોનિટરિંગ કમિટી રચવી જોઈએ પણ એ મોનીટરિંગ કમિટી આજદિન સુધી રચવામાં આવી નથી.

માનનીય અધ્યક્ષશ્રી, અત્યાચારના બનાવો એમાં ચાર્જશીટ થતાં ઓછામાં ઓછા ૯૦ દિવસ જેટલો સમય પસાર છે. તો જે ભોગ બનનાર કુટુંબ છે એને ૨૫ ટકા રકમ આપણે આપીએ છીએ પરંતુ મુશ્કેલી એ છે કે, કેસનો ચુકાદો આવતાં આવતાં બે વર્ષ ઉપરનો સમય નીકળી જાય છે અને કેટલીકવાર તહોમતદારો ફરી પણ જાય છે, અને પુરાવો પણ ફરી જાય છે એને કારણે કેસ સાબિત થતો નથી અને હકીકતમાં ભોગ બનનાર કુટુંબને લાભ

---

• (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

મળતો નથી. એટલા માટે હું તો એમ કહું છું કે, જ્યારથી ચાર્જશીટ કરવામાં આવે ત્યારે ૨૫ ટકાને બદલે ૫૦ ટકા કરવામાં આવે એવી મારી વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે બીજી એક અમરેલીની વાત કરવી છે કે, આંબેડકર આવાસ યોજનાની અંદર ખૂબ મોટી ગેરરીતિ થઈ એમાં જે આંબેડકર યોજનાની અંદર મકાનો બન્યાં છે એ એ ખરેખર તો જે જૂના મકાનો હતા એને કલર કરી દેવામાં આવ્યો છે અને એ નવા મકાનો બન્યા છે એમા કરીને બતાવી દઈ એના ચેક પણ લઈ લેવામાં આવ્યા છે પછી પાછળથી ખબર પડી અને ફરિયાદ થઈ એટલે એમાં અધિકારીઓને સસ્પેન્ડ કર્યા છે પણ આ જે રકમના ચેક લેવાઈ ગયા છે એની આજ દિન સુધી રિક્વરી કરવામાં આવી નથી.

માનનીય અધ્યક્ષશ્રી, ખાસ કરીને આપણે જોઈએ તો અત્યાચાર નિવારણ અધિનિયમ હેઠળ કલ્યાણકારી પ્રવૃત્તિઓ માટે અને પોલીસ અધિકારીઓ તરફથી દલિત મહોલ્લાની મુલાકાત લેવાની હોય છે અને એનો લોકદરબાર કરવાનો હોય છે પણ આ યોજના માત્ર કાગળ ઉપર હોય એમ મને લાગે છે કેમ કે આ કાર્યક્રમમાં લોકોને જાણ પણ કરવામાં આવતી નથી અને એટલે ખરેખર આ જે કાર્યક્રમ છે એ કાર્યક્રમનો હેતુ સિદ્ધ થતો નથી અને એટલા માટે હું માનનીય મંત્રીશ્રીને એમ કહેવા માગુ છું આપના દ્વારા કે આવા કાર્યક્રમનો બહોળો પ્રચાર-પ્રસાર થાય અને હેતુ સિદ્ધ થાય એવા વધુ પ્રયત્નો કરવા જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી મારે સહકારી સંસ્થાઓની પણ વાત કરવી છે કે સહકારી સંસ્થાઓમાં અનુસૂચિત જાતિઓનું પ્રતિનિધિત્વ છે એ આપવાની વાત આપણે પણ અહીંયા કબૂલ કરી હતી એટલું જ નહીં પણ, જે સહકારી સંસ્થાઓ ચાલે છે એ સહકારી સંસ્થાઓમાં અનુસૂચિત જાતિના સભાસદોની સંખ્યા પણ વધુ હોય છે પણ કોઈ એવી સ્પષ્ટ જોગવાઈ નથી કે જેને કારણે એમને પ્રતિનિધિત્વ આપવામાં આવતું નથી. તો મારી આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસે એ માગણી છે કે, બધી જ સહકારી મંડળીઓમાં અનુસૂચિત જાતિના સભ્યો છે તેમને પણ પ્રતિનિધિત્વ આપવામાં આવે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે કેટલીક રમત-ગમતની વાત કરવી છે. ખેલકુંભમાં આપણે ખેલાડીઓને સર્ટિફિકેટો આપ્યા છે પણ આ જે શર્ટિફિકેટો છે એ નોકરી માટે માન્ય નથી તો આવી પબ્લિસિટી કરવાનો શો અર્થ છે? માનનીય અધ્યક્ષશ્રી, આટલી વાત કરી હું મારી વાત પૂરી કરું છું અને આ બધી બાબતો જોતા હું માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે એની સાથે સંમત થઈ શક્તો નથી.

**શ્રી લાલજીભાઈ પ્રે. સોલંકી(જામનગર (ગ્રામ્ય))** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી એમની માગણી ક્રમાંક ૯૨ અને ૯૫ લઈને આવ્યા છે એના સમર્થનમાં હું મારા વિચારો વ્યકત કરવા ઉપસ્થિત થયો છે.

માનનીય અધ્યક્ષશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની વાત થાય અને ભારતીય બંધારણના પ્રમુખ ઘડવૈયા ડો. બાબાસાહેબ આંબેડકરને યાદ ન કરીએ એ કેમ ચાલે? અને એટલે જ 'અગર ભીમ દલિતો મે પેદા ન હોતા તો દલિતો કા ગુજારા ન હોતા, ડૂબ જાતી દલિતો કી નૈયા અગર ભીમ કા સહારા ન હોતા.' અને આજ વાત ભીમ સાહેબના નામે મારા સાથી સન્માનીય સદસ્ય શ્રી શૈલેષભાઈ પરમાર હમણા વાત કરતા હતા એમણે ડો. બાબાસાહેબ આંબેડકરને ઉદ્દેશીને બંધારણની વાતો અને કાયદાની વાતો સન્નમાનીય ગૃહ સમક્ષ મૂકી. તેઓ કહેતા હતા કે 'અનુસૂચિત જાતિમાં આટલી તૃટી રહી છે, આટલું નથી થયું, આટલું કરવાનું હતું, આમ થયું છે'. ત્યારે મારે સન્માનીય સાથી સદસ્યને એ પૂછવું છે કે, ૪૦-૪૫ વર્ષ સુધી કોંગ્રેસના શાસનમાં દલિતો માટે આપે શું કર્યું, અને ફકત સ્વપ્નાઓ વેચીને રાજ કરવાનું કામ કરનારા લોકો દલિતોની વાતો કરે છે? મારા સન્માનીય

સાથી સદસ્યને મારે એ કહેવું છે કે, વર્ષો સુધી ફકત દલિતોનો મતબેન્ક તરીકે જેનો ઉપયોગ કર્યો છે એનું બાવડું પકડવાનું કે એને આત્મસન્નમાનથી બેઠા કરવાની વાત ક્યારેય નથી કરી. ફકત એને મત સાથે જ સરખાવવામાં આવ્યા છે અને અત્યારે એમની ચિંતાઓ વ્યકત કરવામાં આવે છે? માનનીય અધ્યક્ષશ્રી, મારા સાથી સદસ્યએ ખૂબ સારી વાતો કરી એમાં એક વાત એમણે એ કરી કે 'લઘુમતિ સમાજની શિષ્યવૃત્તિ સરકાર પાછી મોકલે છે' હું સાથી સદસ્યને એમ પૂછી રહ્યો છું કે, આ વાત કરી એને બદલે કેન્દ્ર સરકારે કોમનવેલ્થ ગેમમાં કરોડો રૂપિયાની દલિતોની ગ્રાન્ટ છે એ રમતમાં વાપરી નાંખી અને એના માટે એક શબ્દ પણ ન બોલ્યા એ મારે દુ:ખ સાથે જણાવવું પડે છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારા સન્માનીય સાથી સદસ્ય હમણાં આંબેડકર ભવનની વાત કરતા હતા ત્યારે એમને મારે હર્ષ સાથે જણાવવું છે કે, ભારતીય જનતા પાર્ટીનું શાસન આવ્યા પછી દરેક જિલ્લામાં આંબેડકર ભવન બનાવવાનું નક્કી થયું છે અને ૧૩ જિલ્લામાં આંબેડકર ભવન બનાવવામાં આવ્યા છે. ગાંધીનગર ખાતે ૬૫ લાખ રૂપિયાના ખર્ચે 'આંબેડકર ભવન' બનાવવામાં આવ્યું છે અને એવા બાર 'આંબેડકર ભવન' નું લોકાર્પણ કરી ચૂક્યા છીએ. અમદાવાદમાં રાણીપ ખાતે ૧૦ કરોડ રૂપિયાના ખર્ચે ડોકટર બાબાસાહેબ આંબેડકર ભવન બનાવ્યું છે અને એને રાષ્ટ્રીય સ્મારક તરીકે ઘોષિત કરવા તરફ જઈ રહ્યા છીએ. દલિતોની ચિંતા કરવાવાળાને મારે એ કહેવું છે કે ભારતીય જનતા પાર્ટીના આ સન્માનનીય વિધાનસભા ગૃહમાં કુલ ૧૩ સન્માનનીય સભ્યો અનુસૂચિત જાતિના બેઠા છે, એક સમય એવો હતો કે બધા બાકીના લોકો સામી પાટલીએ બેસતા હતા, સમય પરિવર્તનના માર્ગે રહ્યો છે અને અત્યારનું પરિણામ એ આવ્યું છે કે જેમાં ભારતીય જનતા પાર્ટીના શાસનમાં ૧૧ સભ્યો સત્તાધારી પક્ષમાં બેઠાં છે અને ફક્ત બે જ સામી પાટલીએ બેઠાં છે, દલિતોની ફક્ત વાતો કરે છે, દલિતોની ચિંતા નહિ કરવામાં આવે તો આવતા દિવસોમાં કદાચ બે સભ્યો પણ નહિ રહે એવું મને લાગે છે. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગમાં ખૂબ ચિંતાઓ માનનીય મુખ્યમંત્રીશ્રીએ અને માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના મંત્રીશ્રીએ કરી છે. અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે ખાનગી ટ્યુશનની યોજના લાવેલ છે જેને કારણે અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ જનરલ સમાજ અને સવર્ણ સમાજ આર્થિક રીતે સાધન સંપન્ન મા-બાપના દીકરા-દીકરીઓ સાથે કાર્યરત રહે છે અને પ્રેકટીસ કરી શકે છે. ડો. આંબેડકર વિદેશ અભ્યાસ લોન યોજના પણ સરકારશ્રીએ શરૂ કરી છે, આટલા વર્ષો સુધી આપણે વાતો કરતાં રહ્યા છીએ, ડોકટર બાબાસાહેબ આંબેડકરની વાતો કરનારાને મારે એમ કહેવું છે કે, એક વખત ગુજરાતના વડોદરાના મહારાજા સયાજીરાવ ગાયકવાડે બાબાસાહેબ આંબેડકરનો હાથ પકડ્યો હતો અને તેઓ વિદેશ ગયા હતા અને તે પછી તેઓ બંધારણના પ્રમુખ ઘડવૈયા થયાં. આટલા વર્ષોથી ક્યારેય કોંગ્રેસને વિચાર ન આવ્યો અને ભારતીય જનતા પાર્ટીની સરકારને વિચાર આવ્યો અને એને કારણે અત્યારસુધીમાં અનેક દલિત સમાજના દીકરા, દીકરીઓ વિદેશ જઈને અભ્યાસ કરી શક્યા છે, ખાસ તો સામાજિક, આર્થિક, શૈક્ષણિક આ બધી બાબતોમાં તો અનુસૂચિત જાતિના જે કંઈ ઈસમો, વ્યક્તિઓ છે એને અનેક લાભ થયો છે, સાથે સાથે ભારતીય જનતા પાર્ટીની સરકારમાં અનુસૂચિત જાતિના લોકો માટે સૌથી મોટી વાત હોય તો એ આત્મ સન્માનની છે, આત્મ સ્વાભિમાનની છે અને ખૂબ ગૌરવપૂર્વક એ લોકો ભારતીય જનતા પાર્ટીમાં જોડાઈ રહ્યા છે અને ખૂબ ગૌરવ થઈ રહ્યું છે ત્યારે મારે એને એ રીતે બિરદાવવા જોઈએ કે,

**" હું મુક્તિ કેરો ચાહક છું, બંધન મને ગમતાં નથી**
**કમળ બીડાય તે પહેલાં હે પ્રભુ તું મને ઉડ્ડયન દેજે "**

આવા અનેક ઉદ્‌ગારો જ્યારે દલિત સમાજમાં થઈ રહ્યા છે ત્યારે દલિત સમાજ ભારતીય જનતા પાર્ટી તરફ જઈ રહ્યો છે ભારતીય જનતા પાર્ટી પારસમણી છે અને પારસમણીમાં દલિતોનો સ્પર્શ થયાં પછી અનેકવિધ યોજનાઓ સાથે દલિત ડગલે ને પગલે આગળ રહ્યો છે ત્યારે હું એ દલિતો વતી એક પંક્તિ કહીને મારી વાતને વિરામ તરફ લઈ જાઉં છું.

**"ખુશી દેજે દલિતોને, ખુશી દેજે, વંચિતોને**
**કે ભલે તું મને હરદમ રૂદન દેજે**
**તું દલિતોને આપજે ગુલશન,**
**કે પછી તું મને વેરાન વન દેજે"**

એટલી પંક્તિઓ કહીને હું મારી વાતને વિરામ આપું છું.

**શ્રીમતી ભાનુબેન મ. બાબરીયા(રાજકોટ (ગ્રામ્ય)** : માનનીય અધ્યક્ષશ્રી, આજે હું રમતગમત, યુવા અને સાંસ્કૃતિક વિભાગના માનનીય મંત્રીશ્રી ફકીરભાઈ વાઘેલા જે અનુદાનની માગણીઓ લઈને આવ્યા છે એના સમર્થનમાં મારી વાત રજૂ કરવા હું ઉભી થઈ છું.

ગુજરાત રાજ્યના બાળકો, યુવક-યુવતીઓ અને રમતવીરોના સર્વાંગી વિકાસ અને તેમની શક્તિઓને સર્જનાત્મક અને રચનાત્મક માર્ગે વાળવા માટે રમત ગમત અને યુવા સાંસ્કૃતિક વિભાગમાં સાહસિક વૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે.

ગુજરાત રાજ્યના સ્વર્ણિમ જયંતી વર્ષમાં ગુજરાતના યુવાનોના પ્રેરણાસ્ત્રોત તેમજ સ્વચ્છ, હરિયાળા ગુજરાતના હિમાયતી તેમજ ગુજરાતની આવતીકાલને જેમણે ઉજ્જવળ બનાવવાની નેમ લીધી છે એવા આપણા ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના રમતવીરો માટે યોજેલ 'સ્વર્ણિમ ખેલ મહાકુંભ' ના આયોજન બદલ તેમને હું ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું.

રાજ્ય કે રાષ્ટ્રના ઘડતરમાં તન અને મનનું સ્વાસ્થ્ય એ બે બાબતો ખૂબજ મહત્વપૂર્ણ ભાગ ભજવે છે. મનના સ્વાસ્થ્યનો આધાર વિચારો ઉપર છે, સારા વિચારો, સાચા વિચારો અને શુદ્ધ વિચારોના મૂળમાં વાંચન રહ્યું છે.

પ્રત્યેક ગુજરાતીને સુસંસ્કૃત અને સ્વચ્છ બનાવવાની જેમની નેમ છે, એવા દીર્ઘદૃષ્ટા મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'વાંચે ગુજરાત' અને 'સ્વર્ણિમ ખેલ મહાકુંભ' યોજીને એક જબરદસ્ત લોકચેતના જગાવી છે. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના વિકાસને ઉત્સવો સાથે જોડીને ઉત્સવમાં ગુજરાતની સાંસ્કૃતિક વિકાસને વૈશ્વિક સ્થાન આપવાની શરૂઆત ગુજરાતે કરી છે. આ ભગીરથ પ્રયાસના કારણે હજારો કલા-કસબીઓને પ્રોત્સાહન મળ્યું છે. દેશમાં સૌ પ્રથમ અને સૌથી મોટો રમતોત્સવ એટલે ગુજરાતનો ખેલ મહાકુંભ બની રહ્યો છે. રાજયના કુલ ૧૩ લાખ કરતાં પણ વધુ ખેલાડીઓએ આ ખેલ મહાકુંભમાં ભાગ લીધો હતો. તેમાં રાજ્યકક્ષાએ વિજેતા થનાર ખેલાડીઓને માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી અને વિભાગના માનનીય મંત્રીશ્રી ફકીરભાઈ વાઘેલાના વરદ હસ્તે જે વિજેતા ખેલાડીઓ હતા તેમને ૧૮ કરોડ અને ૮૭ લાખ કરતાં પણ વધુ રકમના રોકડ પુરસ્કારો વિજેતાઓને આપવામાં આવ્યાં. આ ખેલમહાકુંભના પ્રારંભે જે કોમનવેલ્થ ગેઈમ્સ રમાય હતી તેમાં ચંદ્રક જીતી ગુજરાતને ગૌરવ અપનાવનાર એવી વિરલ મહિલા ખેલાડી લજજા ગોસ્વામીએ મશાલ જ્યોત લઈને આ

મહાપ્રસ્થાનનું નેતૃત્વ કરાવ્યું હતું. માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ આ મશાલ વિશ્વ વિજેતા ચૅસ ચૅમ્પિયન વિશ્વનાથ આનંદને આપીને યુવાનો અને રમતવીરોને પ્રોત્સાહન પૂરું પાડયુ હતું.

માનનીય અધ્યક્ષશ્રી, આ ખેલમહાકુંભના માધ્યમથી એક અવસર એવો પણ ઊભો થયો કે જે ખૂબ સારા ખેલાડીઓ હતા પણ તેમને રમવા માટેનું કોઈ સારું સ્ટેજ નહોતું અને એ લોકોએ રમવાનું છોડી દીધું હતું તે રમતવીરોને પણ આ ખેલમહાકુંભના માધ્યમથી પોતાની જે કલા છે ને સારી રીતે રમત રમી શકે છે એમના માટે આ અવસર એક સુવર્ણ અવસર બની ગયો છે તે માટે થઈને હું માનનીય મુખ્યમંત્રીશ્રીને અને વિભાગના મંત્રીશ્રીને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, દરેક વ્યકિતમાં ઈશ્વરે એક વિશિષ્ટ શકિત મૂકેલી હોય છે, વિશિષ્ટ કલા મૂકેલી હોય છે. પરંતુ તે કલાને ઓળખવાની એક તક જોઈએ અને તે તકને માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ સાર્થક કરી બતાવી અને અનેક રમતવીરોને પ્રોત્સાહન પૂરું પાડ્યું છે.  ગુજરાત રાજયમાં ૧૨૦ જેટલા અંધ ચેસ ખેલાડીઓ સહિત ૨૦ હજાર જેટલા ચેસ ખેલાડીઓ માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી તેમજ ચેસ ચૅમ્પિયન ગ્રાન્ડ માસ્ટર વિશ્વનાથ આનંદની ઉપસ્થિતિમાં ગુજરાત યુનિવર્સિટીના મેદાનમાં ચૅસની રમતમાં ભાગ લઈને ગ્રિનિસ વર્લ્ડ ઈંગ્લેન્ડના સુશ્રી તારિકા વારાની ઉપસ્થિતિમાં નોંધવામાં આવ્યો જે એક ઐતિહાસિક ઘટના કહી શકાય.

માનનીય અધ્યક્ષશ્રી, સંગીત, નાટક, અકાદમી, ગાંધીનગર દ્વારા સ્વર્ણિમ તાનારીરી મહોત્સવ ૨૦૧૦ અંતર્ગત તારીખ: ૧૧-૧૧-૨૦૧૦ થી તારીખ: ૧૫-૧૧-૨૦૧૦ દરમિયાન..

**અધ્યક્ષશ્રી** : આપની પાસે બે મિનિટનો સમય છે.

**શ્રીમતી ભાનુબેન મ. બાબરીયા** : સુશ્રી સ્વ.રાધિકા ધારી પંચમદ્રા દ્વારા ૯૯ કલાક, ૯૯ મિનિટ અને ૯૯ સેકન્ડ સુધી શાસ્ત્રીય સંગીત ગાન કરી સતત ગાવાનો વિશ્વ વિક્રમ બનાવી ગ્રિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન મેળવ્યું છે. વિશ્વમાં સૌથી શ્રેષ્ઠ સંસ્કૃતિ એટલે આપણી ભારતીય સંસ્કૃતિ. આપણા ભારત દેશમાં અનેક રાજયો અને રાજયમાં જુદી જુદી પ્રથાઓ, જુદા જુદા રીત-રિવાજો, જુદા જુદા પહેરવેશ અને દરેક રાજયની એક અલગ ઓળખ હોય છે અને એ એક અલગ ઓળખ થકી રાજયની પણ એક અલગ વિશિષ્ટતા ઉભી થાય છે. મને કહેતાં ખૂબ ગર્વ થાય છે કે, દર વર્ષે આપણા પાટનગર ગાંધીનગરમાં જ્યારે સંસ્કૃતિ કુંજમાં વસંત મહોત્સવનું આયોજન કરવામાં આવે છે ત્યારે ત્યાં જુદા જુદા રાજયોના લોકનૃત્યો રજૂ કરવામાં આવે છે અને જ્યારે આ મહોત્સવ ઊજવાતો હોય ત્યારે એ સંસ્કૃતિ કુંજમાં જાણે માનવ મહેરામણ ઉમટી પડ્યું હોય એ પ્રમાણે આપણે ત્યાં જોઈ શકીએ છીએ. દરેક જુદા જુદા રાજયોના લોક નૃત્યો ત્યાં રજૂ થતાં હોય છે ત્યારે હરિયાણાનું હોલી નૃત્ય અને પંજાબનું ભાંગડા આમ જ્યારે જુદા જુદા નૃત્યો રજૂ થતાં હોય ત્યારે એ ક્ષણને જે લોકો નિહાળી રહ્યાં હોય ત્યારે તેમને એવી અનુભૂતિ થતી હોય છે કે એ ક્ષણને એ લોકો જીવી ગયા એવું વાતાવરણ ઉભું થતું હોય છે. જ્યારે આપણાં ગુજરાત રાજયનો પોરબંદરનો મણિયારો ત્યાં રજૂ થતો હોય છે ત્યારે તે મણિયારા રાસના તાલે તાલ લોકો મિલાવી રહ્યાં હોય એવું વાતાવરણ ત્યાં ઉભું થતું હોય છે. માનનીય અધ્યક્ષશ્રી, તુરી બારોટ દ્વારા જયારે સંસ્કુતિ કુંજમાં રાવણ હથ્થા નામના વાજીંત્ર દ્વારા સંગીત રજૂ કરવામાં આવ્યા છે એ સંગીતથી ત્યાં બેઠેલા (સમય સૂચક ઘ ંટડી) માનનીય અધ્યક્ષશ્રી, એક જ મિનિટ. હું એક વાત કરીને મારી વાત પૂર્ણ કરું છું કે આ દરેક ક્ષેત્રમાં જયારે ગુજરાત પ્રગતિ કરી રહ્યું છે ત્યારે કવિઓએ કહ્યું છે કે સ્વર્ણ અક્ષરે કવિઓ લખશે યશગાથા ગુજરાતની.

**અધ્યક્ષશ્રી** : આપનો સમય પૂરો થાય છે. માનનીય ગ્યાસુદ્દીનભાઈ.

**શ્રી ગ્યાસુદીન હ. શેખ(શાહપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સમાજ કલ્યાણ મંત્રીશ્રી માગણી નંબર ૯૨ તથા ૯૫ લઈને આવ્યા છે તે અંગે હું મારા વિચારો રજૂ કરવા આ સન્માનનીય સભાગૃહ સમક્ષ ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની સાડાપાંચ કરોડની વસતિમાં અનુસૂચિત જાતિ, જનજાતિ, લઘુમતિ તેમજ અન્ય પછાત વર્ગો માટે સાક્ષરતા દર તથા આર્થિક વિકાસ જેટલો થવો જોઈએ તેટલો થયો નથી. તેના માટે આ સરકારની ગરીબ અને પછાત વિરોધી નીતિ જવાબદાર છે. ગરીબ, પછાત અને લઘુમતિ સમાજના વિકાસ માટે કેન્દ્રમાંથી આવતી કરોડો રૂપિયાની ગ્રાન્ટ આ સરકાર ગરીબો સુધી પહોંચાડવામાં નિષ્ફળ ગઈ છે.

સમાજ કલ્યાણ વિભાગ દ્વારા લાભાર્થીઓની સંખ્યા તથા બજેટ ઘટાડવા માટેના આંકડાકીય પેંતરાઓ આ સરકાર કરતી હોય તેમ જણાય છે.

કેન્દ્ર સરકારની લઘુમતિઓ માટેની વિવિધ યોજનાઓ જેવી કે પ્રીમેટ્રીક, પોસ્ટ મેટ્રીક, મેરીટ કમ મીન્સ, સર્વ શિક્ષા અભિયાન, ગ્રામ વિકાસ મંત્રાલયની સ્વર્ણ જયંતિ ગ્રામ સ્વરોજગાર યોજના, ઈન્દિરા આવાસ યોજના, મહિલા અને બાળ વિકાસ મંત્રાલયની લીડરશીપ ઓફ માઈનોરિટી વુમન યોજના વગેરે યોજનાઓ તથા નેશનલ માઈનોરીટી ડેવલપમેન્ટ એન્ડ ફાયનાન્સ કોરપોરેશન તથા ગુજરાત માઈનોરીટી ડેવલપમેન્ટ એન્ડ ફાયનાન્સ કોરપોરેશનના સંયુકત પ્રયાસોથી લઘુમતિ સમાજના ધાર્મિક લઘુમતિઓ તેમજ ભાષાકીય લઘુમતિઓને કેટલો લાભ આપવામાં આવ્યો. સેન્ટ્રલ વકફ બોર્ડ તથા રાજય વકફ બોર્ડની મુસ્લિમો માટેની વિવિધ યોજનાઓનો લાભ તથા અલ્પસંખ્યકો માટે ખાસ કરીને મુસ્લિમો માટે રાજય સરકારે કેટલી યોજનાઓ અમલમાં મૂકી છે અને તે યોજનાઓનો લાભ છેલ્લા ત્રણ વર્ષમાં કેન્દ્ર તથા રાજય સરકારે કેટલી ગ્રાન્ટ ફાળવી? રાજય સરકારે કેટલા લોકોને અને કુલ કેટલી રકમનો લાભ આપ્યો તેની વિગત માનનીય મંત્રીશ્રી જયારે સભાગૃહ સમક્ષ પોતાનું વકતવ્ય રજૂ કરે ત્યારે એની ઉપર પોતાનો પ્રકાશ પાડશે એવી હું એમને વિનંતી કરું છું.

કેન્દ્ર સરકારની લઘુમતિઓ માટેની યોજનાઓનો લાભ લેવા રાજય સરકાર શું ખરા અર્થમાં પ્રયાસો કરે છે ખરી? ઉપરોકત યોજનાઓની માહિતી લોકો સુધી પહોંચાડવા માટે રાજય સરકાર દ્વારા જવાબદારીપૂર્વકના પ્રયાસો કરવામાં આવે છે ખરા?

માનનીય અધ્યક્ષશ્રી, આ સરકારે પહેલી વખત લઘુમતિ સમાજ માટેની પોતાને મનગમતી અમુક સીલેકટેડ બાબતો અર્ધસત્યરૂપે રાજયપાલશ્રીના પ્રવચનમાં સમાવેશ કરેલ છે. આશ્ચર્યજનક રીતે ભાજપના શાસનમાં પ્રથમ વખત જ સામાન્ય બજેટની ચર્ચા દરમ્યાન અમુક સભ્યો દ્વારા ગુજરાતમાં લઘુમતિઓના વિકાસ બાબતની ચર્ચા કરવામાં આવી.

માનનીય અધ્યક્ષશ્રી, જો લઘુમતિના વિકાસની વાત સાચી ભાવનાની સાથે નકકર બાબતોની ચર્ચા કરવામાં આવી હોત તો મને અને આ ગૃહને જરૂરથી આનંદ થાત. પરંતુ સચ્ચર કમિટીના અહેવાલની હોળી કરનારા લોકોએ સચ્ચર કમિટીના અહેવાલમાંથી અમુક સિલેકટેડ બાબતો ભેદીરૂપે અર્ધસત્ય સ્વરૂપે આ ગૃહ સમક્ષ રજૂ કરી હતી.

ઝેરી પ્રચાર તેમજ પ્રપંચ દ્વારા એકાદ પ્રદેશની રાજનીતિ થઈ શકે છે તથા ચૂંટણીઓ જીતી શકાય છે. પરંતુ રાષ્ટ્રની રાજનીતિ તથા રાષ્ટ્રની ચૂંટણીઓ સંકુચિત વિચારધારાથી જીતી શકાતી નથી તેવું બ્રહ્મજ્ઞાન

મુખ્યમંત્રીશ્રીને થતા ગુજરાતનો લઘુમતિ સમાજ ભાજપની સાથે છે તેવો *(xxxxx)ભારતના બિનસાંપ્રદાયિક મતદારોને રીઝવવા માટે છેલ્લા ઘણા સમયથી મુખ્યમંત્રી વ્યવસ્થિત રીતે કરી રહ્યા છે. થોડા સમય પહેલા પોતાની ચૂંટણી સભાઓમાં કહેતા હતા કે જે (xxxxx) (xxxxx)આજે પરિસ્થિતિ એવી છે કે જયારે પણ કોઈ વિધાનસભાની પેટાચૂંટણી હોય, નગરપાલિકાની ચૂંટણી હોય.

## પોઈન્ટ ઓફ ઓર્ડર

### મુખ્યમંત્રીના નામ સાથે ઉલ્લેખ થયેલા શબ્દો અંગે

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ માનનીય મુખ્યમંત્રીશ્રીના નામ સાથે જે ઉલ્લેખ કર્યો કે (xxxxx) (અંતરાય) એ બિલકુલ અયોગ્ય છે. માનનીય મુખ્યમંત્રીશ્રી કયારેય આવું બોલ્યા નથી. Never.

**અધ્યક્ષશ્રી** : ગ્યાસુદ્દીનભાઈ, આપના શબ્દો પાછા ખેંચી લો.

**શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ** : સાહેબ, હું બોલ્યો જ નથી, તેમ છતાં જો એવું સમજયા હોય તો હું શબ્દો પાછા ખેંચું છું. કેટલાક લોકોની વાત કરું છું. વિધાનસભાની પેટાચૂંટણી હોય, નગરપાલિકાની કે મહા નગરપાલિકાની ચૂંટણી હોય ત્યારે અત્યારે એક પ્રથા ગુજરાતમાં થઈ છે કે માનનીય મુખ્યમંત્રીશ્રી અને ભારતીય જનતા પાર્ટીના લોકો મીડીયા સમક્ષ પ્રગટ થાય છે અને એક જ વાત કરે છે કે ગુજરાતના ૩૦ ટકા લઘુમતિ સમાજે મત આપ્યા છે તેવો વ્યવસ્થિત પ્રચાર કરે છે. એવા કોણ લોકો છે એની જાણ અમને પણ નથી.માનનીય અધ્યક્ષશ્રી, ભૂતપૂર્વ વડાપ્રધાનશ્રી અટલ બિહારી બાજપાઈએ એનડીએની રચના દાયકાઓના અનુભવ પછી બહુજ દૂરંદેશીથી કરી હતી. શ્રી વાજપાઈજી સારી રીતે સમજી ચૂકયા હતા કે દેશની રાજનીતિ સમાજના તમામ વર્ગોને સાથે રાખીને જ થઈ શકશે. માટે તેમણે જયારે પણ તક મળી ત્યારે લધુમતિ સમાજનો વિશ્વાસ જીતવાના પ્રયાસો કર્યા હતા. તે જ વ્યુહરચનાના ભાગરૂપે એનડીએની રચના તથા કાર્યપધ્ધ્તિ દ્વારા લધુમતી સમાજનો વિશ્વાસ જીતવાની પ્રક્રિયાનો શુભારંભ શ્રી અટલ બિહારી વાજપાઈ અને એનડીએ સરકારે સને ૨૦૦૦ થી ૨૦૦૪ સુધી કર્યો હતો. તે જ દરમ્યાન ગુજરાતની કલંકિત ઘટનાઓ ઘટી હતી. આ ઘટનાઓથી વ્યથિત શ્રી વાજપાઈજીએ ગુજરાતના શાસનકર્તાઓને રાષ્ટ્રધર્મ નિભાવવાની શીખ આપી હતી. જો તેમની આ વાતનું પાલન કરવામાં આવ્યું હોત તો કદાચ આજે પણ રાષ્ટ્રમાં એનડીએનું શાસન હોત, પરંતુ પોતાના સંકુચિત હિતો સાધવા માટે વિકૃત રીતે સત્તા મેળવવા મથતા લોકોએ શ્રી વાજપાઈજીની શિખામણને અનદેખી કરી હતી જેના ફળ સ્વરૂપે ભારતીય જનતા પાર્ટીને ગુજરાત તો મળ્યું, પરંતુ ભાજપ તથા એન.ડી.એ. ને રાષ્ટ્રની સત્તા ગુમાવવાનો વારો આવ્યો. ભારતની બહુમતી પ્રજા નફરત અને ધિકકારની રાજનીતિને નકારે છે તેનું આપણને ગૌરવ હોવું જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, ભાજપ દ્વારા *(xxxxx)કરવામાં આવી રહ્યો છે કે ગુજરાતના મુસ્લિમો રાષ્ટ્રના અન્ય રાજયના મુસ્લિમો કરતાં વધારે સુખી છે અને લધુમતિ સમાજના શિક્ષણ તથા આર્થિક વિકાસને કોઈપણ ભેદભાવ વગર વિકાસ કરવાની તક આપવામાં આવે છે તેવા પ્રચાર સામે મારે દુઃખ સાથે કહેવું છે કે કેન્દ્ર સરકાર દ્વારા લઘુમતિ સમાજના શિક્ષણ તેમજ આર્થિક વિકાસ માટે કરોડો રૂપિયાની ગ્રાન્ટ આ સરકારના ગરીબ અને લઘુમતિ સમાજ વિરોધી વલણને કારણે કેન્દ્રમાં પરત જાય છે.

* (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

* (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી મંત્રીશ્રીને પૂછવા માગું છું કે ભાજપે એવું તે કયું રહસ્યમય ગુપ્ત આયોજન લઘુમતિ  સમાજના વિકાસ માટે કર્યુ છે કે જેની જાણ લઘુમતિ સમાજને જ નથી?

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત તેમજ ગુજરાતના લઘુમતિ સમાજનો વિકાસ કોઈ નેતા કે પક્ષને આભારી નથી. ગુજરાત અને લઘુમતિ સમાજનો વિકાસ ગુજરાતીઓમાં રહેલી વેપારી સાહસિકતા, કોઠાસૂઝ તથા વિવેકબુધ્ધિથી થયો છે. ગુજરાતના લોકો વિશ્વમાં જયાં પણ ગયા છે ત્યાં વિકાસ કર્યો છે અને નંબર વન જ રહયા છે.ગુજરાતના લોકો વિશ્વમાં લોકોનું ધ્યાન બીજે વાળવા વિકાસની રાજનીતિની વાત કરી રહ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની પ્રજા સારી રીતે  જાણી ચૂકી છે કે આ મુખ્યમંત્રી પોતાના (xxxxx)લોકોનું ધ્યાન બીજે વાળવા વિકાસની રાજનીતિની વાત કરી રહ્યા છે. ગુજરાત પહેલેથી જ વિકાસશીલ છે, આજે પણ છે અને આવતીકાલે પણ રહેશે.

માનનીય અધ્યક્ષશ્રી, હું મંત્રીશ્રીને પૂછવા માગું છું કે ગુજરાતના લઘુમતિ નાણાકીય નિગમે ધાર્મિક લઘ ુમતિને કેટલી સહાય આપી? વકફ બોર્ડે મુસ્લિમોના વિકાસ માટે શું ફાળો આપ્યો? કેન્દ્રના નેશનલ માઈનોરિટી ડેવલપમેન્ટ કોરપોરેશનની ધાર્મિક લઘુમતિઓ માટેની યોજનાઓ કેટલી અમલમાં મૂકી?  રાજય સરકાર આ અંગેના આંકડા કેમ આપતી નથી?

ગુજરાતના લઘુમતિ સમાજને કમસે કમ ભાજપની દયાની તો જરૂર જ નથી. ગુજરાતના લઘુમતિ સમાજે હિંદુ સમાજની સાથે ખભેથી ખભા મિલાવી અનેક વિપરીત પરિસ્થિતિઓમાં પોતાનો વિકાસ કર્યો છે. મુખ્યમંત્રીઓ કેટલાય આવ્યા અને ગયા તેમજ જે છે એ જતા રહેવાના, પરંતુ ગુજરાત શરૂથી જ નંબર વન હતું, નંબર વન છે અને નંબર વન રહેવાનું છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું અને મારો સમાજ આ ગૌરવવંતા રાષ્ટ્ર તથા વિશ્વના મહાન બંધારણને નમન અને વંદન કરીએ છીએ. કોઈક વિકૃત માનસિક વિચારસરણીવાળાઓએ અમને ધિકકાર્યા હશે અથવા અપમાનિત કરવાના પ્રયાસો કર્યા હશે, પરંતુ મારે ગૌરવ સાથે કહેવું છે કે એવા સમયે પણ અમને સહાનુભૂતિર્પવક ન્યાય અપાવવા તેમજ બંધારણીય હક્ક અપાવવા માટેની લડત લડવાની તાકાત ખરા અર્થમાં દેશના રાષ્ટ્રવાદી હિંદુ ભાઈઓના સહીયારા પ્રયાસોથી જ શકય બની છે.

હિંદુ સમાજ સાચે જ ઉદાર તેમજ સહિષ્ણુતાવાદી છે તેમાં કોઈ જ મીનમેખ નથી. માનનીય અધ્યક્ષશ્રી, અમે તો અમારા સમાજને પણ આ જ વાત કહીએ છીએ કે હિંદુભાઈઓ આપણા મોટાભાઈ સમાન છે. આપણે નાનાભાઈ તરીકે એકબીજાની ધાર્મિક ભાવનાઓની કદર કરવી પડશે. તેમની સાથે આપણું વર્તન સહાનુભૂતિપૂર્વક હશે તો જ આપણા તથા રાજયનો વિકાસ શકય બનશે.૧૦૦ કમાન્ડો લઈ ફરતા છતાં પોતાને છોટે સરદાર કહેવડાવતા મુખ્યમંત્રીને લઘુમતિ સમાજ વિશે કોઈપણ વાત કરવાનો નૈતિક અધિકાર જ નથી. અમને ષડયંત્રના ભાગરૂપે આયોજનબધ્ધ રીતે તોડવાના ઘણા પ્રયાસો થયા છે, પરંતુ અમે ફકત અલ્લાહની જ મદદથી રાખમાંથી ઉભા થયા છીએ અને માનવતાવાદી હિંદુ ભાઈઓએ હંમેશાં અમને સાથ અને સહકાર આપ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી,  આજકાલ મુખ્યમંત્રીશ્રીના કાર્યાલયમાં લઘુમતિ સમાજના આગેવાનો  સાથે બેઠકોના દોર ચાલુ થયા છે આ બેઠકો  શુદ્ધભાવનાથી થઈ હોત તો જરૂરથી  આવકારદાયક હતી, પરંતુ  મુખ્યમંત્રીશ્રીને હવે પ્રધાનમંત્રી થવાના કોડ જાગ્યા છે માટે રાષ્ટ્રની બિનસાંપ્રદાયિક પ્રજાને* (xxxxx)કરવા માગે છે. ફકત અને ફકત

* (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

દેખાવ ખાતર ગુજરાતના લોકો તેમની સાથે છે તેવું પ્રસ્થાપિત કરવા તથા પોતાની છબી સુધારવા માટેના બાલિશ પ્રયાસ છે.

હું મંત્રીશ્રીને પૂછવા માગું છું કે મુખ્યમંત્રીશ્રીએ લઘુમતિ સમાજ માટેના ૧૫ મુદ્દાના કાર્યક્રમના અમલીકરણમાં એવું તે કયું ગુપ્ત કાર્ય કર્યુ કે જેથી લઘુમતિ સમાજનો વિકાસ થયો અને અમને જ દેખાયો નહીં તેનું રહસ્ય તો જણાવો.

અમને એટલી તો ખબર જ છે કે તમારું અસ્તિત્વ જ અમારા વિરોધ પર આધરિત છે. તમારી રાજનીતિનો મુખ્ય આધાર જ નફરત અને ડિવાઈડ એન્ડ રૂલ છે. માટે ફકત રાજકીય સ્વાર્થ ખાતર લઘુમતિ સમાજની તૃષ્ટિકરણની વાતો કરનારા લોકો પોતાની છબી સુધારવા લઘુમતિ સમાજનું શોષણ કરવાનો નવો (xxxxx) છે.

હું આપને વણમાગી સલાહ આપું છું કે તમે ગુજરાત લેવાની લાલસામાં દિલ્હી ગુમાવ્યું. હવે એવું ન થાય કે દિલ્હી લેવા જતા ગુજરાત ગુમાવવું પડે. આપને અડવાણીજીનું ઝીણા પ્રકરણ તો યાદ હશે જ ને? માનનીય અધ્યક્ષશ્રી, અમારા સમાજના એક બુદ્ધિજીવીએ મને ઠપકો આપતા કહ્યું કે તમે ભાજપને શું કામ ભાંડો છો? તમને ખબર છે કે મુખ્યમંત્રીશ્રીએ લઘુમતી સમાજના વિકાસ માટે કેટલા પ્રયત્નો કર્યા છે? મેં કહ્યું મને તો ખબર જ નથી. તમે મને જણાવો કે કેટલા પ્રયત્નો કર્યા? તેમને કહ્યું મુખ્યમંત્રીશ્રી સતત બે દિવસ અઢાર કલાક સુધી એસ.આઈ.ટી. સમક્ષ બંધ બારણે લઘુમતી સમાજના વિકાસ માટે સઘન ચર્ચા કરી. બે મંત્રીઓ સહિત અડધો ડઝન ધારાસભ્યો જેલ યાત્રા કરી આવ્યા છે અને એમાં એક મંત્રીએ તો એવા શપથ લીધા છે કે જ્યાં સુધી ગુજરાતના લઘ ુમતીઓનો સંપૂર્ણ વિકાસ નહિ થાય ત્યાં સુધી હું ગુજરાતમાં પગ નહિ મૂકું.

માનનીય મંત્રીશ્રી ત્યારે મને ખબર પડી કે ખરેખર જે વાત માનનીય રાજયપાલશ્રીના પ્રવચનમાં મૂકી હતી આ લોકોએ કેટલા ગુપ્ત પ્રયત્નો મુસ્લિમ સમાજ માટે કર્યા છે એ જાણીને મને આશ્ચર્ય થયું. માનનીય મુખ્યમંત્રીશ્રીને હું એમ કહેવા માગું છું કે ખરા અર્થમાં ભારતીય જનતા પાર્ટી જો આ પ્રયત્નો કર્યા હોત તો મને જરૂરથી આનંદ થાત. આ દેશની આ રાષ્ટ્રની સંસ્કૃતિ રહી છે કે જેણે આ સમાજને સાહસિક બનાવ્યા છે અને વિવિધતામાં એકતા છે એ આપણી સંસ્કૃતિ રહી છે પરંતુ પોતાનો સ્વાર્થ સાધવા માટે ફક્ત (xxxxx)માટે ઉપયોગ કરવા માગતા હોય તો એનાથી બીજી શરમજનક કે દુ:ખદ બાબત હોઈ શકે નહિ. માનનીય મંત્રીશ્રી ઘણા વિદ્વાન છે એમને વિનંતી કરવા માગું છું કે તમે રાજયપાલશ્રીના પ્રવચનમાં વાતો કરી છે એનો અમલ કરવા માગતા હો તો આપ પ્રવચન કરવા ઊભા થાવ ત્યારે આ સભાગૃહ સમક્ષ આ સમાજ માટે થોડો ઘણો પણ પ્રકાશ પાડશો એટલી વાત કરી મારુ પ્રવચન પૂરું કરું છું.

**શ્રી ભગવાનજીભાઈ લા. કરગટીયા(માંગરોળ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની માગણી લઈને આવ્યા છે એને હું સમર્થન આપું છું અને મારા વિચારો વ્યક્ત કરુ છું.

ગુજરાત રાજયના બક્ષીપંચની ભલામણો ૧-૪-૧૯૭૮ થી અમલમાં આવી છે ત્યારે ગુજરાતના અતિ પછાત અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના વિકાસ માટે આ સરકાર ખૂબ જ પ્રયત્નશીલ છે ત્યારે વર્તમાન ગુજરાત રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના નેતૃત્વવાળી સરકારે ગુજરાતનો સર્વાંગી વિકાસ કરવા માટે ચારે દિશાઓને નાથી લીધી છે. ત્યારે ગુજરાતની ૫.૫૦ કરોડની જનતા વિકાસની આ વણથંભી યાત્રામાં જોડાઈ રહી છે ત્યારે ગુજરાત રાજયમાં વિવિધ ૧૪૪ જાતિઓનો સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગમાં સમાવેશ કરવામાં આવેલ છે ત્યારે આ જાતિઓના ચાર વિભાગ આ સરકાર દ્વારા પાડવામાં

આવેલ છે. ચારે બાજુથી આ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગનો વિકાસ થાય એના માટે આ સરકાર સતત પ્રયત્નશીલ છે. જેમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના વિદ્યાર્થીઓ માટે અને નાના લોકો માટે શૈક્ષણિક યોજનાઓ અમલમાં મૂકી છે. બીજી આર્થિક રીતે રચનાત્મક અભિગમ દ્વારા આ સરકાર સતત પ્રયત્નશીલ છે અને સાથે સાથે આરોગ્યની દ્રષ્ટિએ પણ આ વર્ગોનો વિકાસ થાય એના માટે સરકાર પ્રયત્ન કરી રહી છે. ઘ ણા વરસો સુધી ગરીબોને નામે મત લીધા છે. કયાંય ગરીબી હટાવવાનો પ્રયત્ન થયો નથી. ગરીબી કોંગ્રેસના શાસનમાં કોની હટી? તાલુકા પંચાયતના સભ્યો હતા એની હટી, જિલ્લા પંચાયતના સભ્યો હતા એની હટી, ધારાસભ્યો હતા એની હટી અને સંસદસભ્યો થયા એની ગરીબી હટી છે. બહું ધીમી ગતિએ ગરીબી હટાડી છે. પરંતુ મૂળ ગરીબ લોકો છે એના તરફ જે તે સરકારે ધ્યાન આપ્યું નથી. પરંતુ આ ગુજરાતના મુખ્યમંત્રી તરીકે માનનીય નરેન્દ્રભાઈ મોદી સાહેબ આવ્યા છે ત્યારથી ગુજરાતનો સર્વાંગી વિકાસ થાય પછાત વર્ગોનો વિકાસ થાય એના માટે સતત પ્રયત્નશીલ છે. શૈક્ષણિક યોજનાઓમાં ગુજરાત રાજયના બક્ષીપંચના વિદ્યાર્થીઓ માટે ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલયો ૭૭૫ ચાલે છે, આશ્રમશાળાઓ ૧૮૬ ચાલે છે. સરકારી છાત્રાલયો ૬૩ ચાલે છે. આદર્શ નિવાસી શાળાઓ ૩૩ ચાલે છે. તેમાં ૫૮,૧૪૨ વિદ્યાર્થીઓને રહેવાની અને જમવાની સુવિધા પૂરી પાડવામાં આવે છે. આ સિવાય બક્ષી પંચની બાળાઓને મફત સાઈકલ આપવામાં આવે છે. તેને મફત ગણવેશ આપવામાં આવે છે. સાથે સાથે ઉચ્ચ અભ્યાસ માટે ઓછા વ્યાજની લોન પણ આ પછાત વર્ગના વિદ્યાર્થીઓને આપવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, આર્થિક રીતે ઉત્થાન માટે સ્વસહાય જૂથો, માનવ ગરિમા યોજનાઓ, બક્ષી પંચના ઈસમો માટે નાના ગૃહ ઉદ્યોગ માટે બેંકેબલ યોજનાઓ, સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના કલાકારો માટે સહાય, ઉચ્ચ અભ્યાસ કરેલા તાલીમી સ્નાતકો, વકીલોને વ્યવસાય અંગે લોન, સબસિડી આ સરકાર આપે છે ત્યારે આરોગ્ય અને રહેણાંક માટે પણ સરકારશ્રીએ બક્ષી પંચ અને સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગના દર્દીઓ માટે વિવિધ છ પ્રકારના રોગો માટે સહાય ચૂકવવામાં આવે છે. જિલ્લા અને તાલુકા આયોજન મારફત પણ સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો માટે પીવાના પાણી, રસ્તા, વીજળી, છાત્રાલયો, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો વગેરેની સુવિધા પૂરી પાડવામાં આવે છે. આવતા વર્ષોમાં ગુજરાતની વર્તમાન સરકાર ગ્રામ્ય કક્ષાએથી લઈને તાલુકા, જિલ્લા કક્ષા સુધી તમામ વર્ગોની સુખાકારી માટે વિવિધ પાસાઓને આવરી લેતી યોજનાઓ દ્વારા ગુજરાતની પ્રજાને ખાસ કરીને સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના માનવીના ઉત્કર્ષ માટે વિકાસના વિશાળ દ્વાર ખોલી ગુજરાત રાજયને આર્થિક, શૈક્ષણિક, આરોગ્ય, રહેણાંક અને પ્રાથમિક સુવિધાઓ પૂરી પાડવા માટે ખૂબ જ ચિંતિત છે ત્યારે ભારતમાં તમામ સ્તરે સામાજીક, માનવીય અને રચનાત્મક કાર્ય દ્વારા પ્રથમ સ્થાને રહેવા ગુજરાત સરકારની નેમને હું હાર્દિક રીતે વધાવું છું અને માનનીય મંત્રીશ્રી જે માગણી લઈને આવ્યા છે તેને અનુમોદન આપું છું.

**શ્રી ગોવિંદભાઈ મા. પ્રજાપતિ (પાલનપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રી મુ. ફકીરભાઈ વાઘેલા સમાજ સુરક્ષા અને કલ્યાણ માટેની માગણી નં. ૯૨ લઈને આવ્યા છે જેમાં રૂા. ૫૭૬ કરોડ મહેસૂલી ખર્ચ તથા મૂડી ખર્ચ રૂા. ૧૨ કરોડની માગણી છે તેમાં હું મારું સમર્થન આપું છું અને તે અંગે કેટલાક વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સમાજમાં જે અનિષ્ટ તત્ત્વો હોય છે તેનાથી સમાજના નબળા લોકોને રક્ષણ આપવા માટે જેવા કે નિરાધાર બાળકો, નિરાધાર મહિલાઓ, નિરાધાર વિકલાંગો અને અસહાય વૃદ્ધો છે તેમને રક્ષણ આપી તેમને સમાજમાં માનભેર જીવવા માટે સરકાર જે પ્રયત્ન કરી રહી છે તેને હું ખૂબ અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ભારતીય જનતા પાર્ટીના મૂળ સ્ત્રોત એટલે ભારતીય જન સંઘ જેના સ્થાપક સભ્ય સ્વ. પંડિત દિનદયાળ ઉપાધ્યાય કહેતા-

ચલો જલાયેં દીપ વહાં, જહાં અભી ભી અંધેરા હૈ.

આ ઉકિતને સાર્થક કરવા માટે ભારતીય જનતા પાર્ટીની સરકાર જે અભિગમ લઈને ચાલી રહી છે અને એના કારણે સમાજના વીકર સેકશનના લોકોને પૂરતું રક્ષણ અને માન મોભો મળે એ પ્રયત્ન છે એ ખૂબ ખૂબ બિરદાવવા લાયક છે. પહેલાં ગુજરાત સરકારમાં આ જ વિભાગમાં તમામ બાબતો આવરી લેવામાં આવી હતી પરંતુ જ્યારથી મહિલા અને બાળ વિકાસ વિભાગ અસ્તિત્વમાં આવ્યો છે ત્યારથી મહિલા અને બાળ વિકાસ સિવાયની બાબતો આ વિભાગ તળે સમાજ સુરક્ષામાં આવરી લેવામાં આવી છે જેમાં પ્રોબેશન ઑફ ઓફેન્ડર્સ એકટ ૧૯૫૮, ભિક્ષા પ્રતિબંધક ધારો ૧૯૫૯, અનાથાશ્રમ અને અન્ય સખાવતી સંસ્થાઓ દેખરેખ નિયંત્રણ ધારો-૧૯૭૦, બાળ લગ્ન અટકાયત ધારો રીવાઈઝ-૨૦૦૫, બાળ ન્યાય ધારો-૨૦૦૦, વિકલાંગ ધારો ૧૯૯૫, નેશનલ ટ્રસ્ટ એકટ-૧૯૯૯, ભારતીય પુનઃવસન સંસ્થાન ધારો ૧૯૯૨ અને ધી મેન્ટેનન્સ એન્ડ વેલ્ફેર ઑફ પેરન્ટ્સ એન્ડ સિનિયર સિટીઝન એકટ-૨૦૦૭ અન્વયે જુદા જુદા કાર્યક્રમો હાથ ધરવામાં આવે છે.બાળકોના કલ્યાણ માટે જુદી જુદી યોજનાઓને સંકલિત કરી બાળ સુરક્ષા યોજના હેઠળ આવરી લેવામાં આવી છે. જે સુધારેલ ૨૦૦૬ના જુવેનાઈલ જસ્ટીસ એકટના અમલવારી માટે ૬૭ ગૃહો સ્થાપવામાં આવ્યા છે અને કાયદા સાથે સંઘર્ષમાં રહેતા જે બાળકો છે એમને રક્ષણ મળે, એમને ન્યાય મળે એ માટે ૨૬ ઓબ્ઝર્વેશન હોમ છે. એમાંથી ૧૦ ઓબ્ઝર્વેશન હોમ સ્વૈચ્છિક સંસ્થાઓ ચલાવે છે અને ૧૬ સરકારી અનુદાથી કાર્યરત છે. જેમાં જુવેનાઈલ જસ્ટીસ બોર્ડના આદેશથી બાળકોને રાખવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, રક્ષણ અને સંભાળની જરૂરિયાતવાળા બાળકોને ચાઈલ્ડ વેલ્ફેર કમિટીના આદેશથી ચિલ્ડ્રન હોમમાં રાખવામાં આવે છે. આવા ૩૫ સરકારી તથા ૩૨ સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા કાર્યરત છે. તેમને રક્ષણ, નિઃશુલ્ક ખાવા-પીવાની સગવડ તથા કેટલાક હુન્નર ઉદ્યોગની તાલીમ તથા શિક્ષણ આપવામાં આવે છે. આવા ૩૩૨૭ બાળકો આશ્રય લઈ રહ્યા છે. આવાં બાળકોનું કૌટુંબિક જીવન- પશ્ચાત્ જીવન- ઇતિહાસ વગેરે એકત્ર કરી તેને આધારે તેને રક્ષણ તથા જરૂર જણાયે સંસ્થાકીય આશ્રય આપી તાલીમ આપવામાં આવે છે. આ માટે રાજયમાં ૧૩ સ્પેશ્યલ હોમ અને ૨૩ શેલ્ટર હોમ ચાલે છે તથા ૨૪ જુવેનાઈલ વેલ્ફેર કમિટી અને ૨૪ જુવેનાઈલ જસ્ટીસ બોર્ડ ચલાવવામાં આવે છે. આવા બાળકોને ઉચ્ચ અભ્યાસ અર્થે રૂ.૪૦૦૦/-થી વધારી રૂ.૧૬૦૦૦/- શિષ્યવૃત્તિ આપવામાં આવે છે. HIV/ADTના કારણે અનાથ થયેલા બાળકો માટે પણ આ શિષ્યવૃત્તિ આપવાની કાર્યવાહી હાથ ધરેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનસિક સારવારની જરૂરિયાતવાળા બાળકો માટે અમદાવાદ માનસિક સ્વાસ્થ્ય કેન્દ્ર અને આવા જ કેન્દ્રો સહાયક અનુદાનના ધોરણે અન્ય શહેરોમાં મંજૂર કરેલ છે. મહિલાઓ અને બાળકોના આશ્રય-રક્ષણ અને તાલીમ માટે બધીજ સગવડોયુકત સંસ્થા ચલાવવા માટે લાયસન્સ આપવા ધારા ૧૯૬૦ તહત ૮૫ સંસ્થાઓને લાયસન્સ આપવામાં આવેલ છે. જેમાં ૪૮૨૫ અંતેવાસીઓ આશ્રય લઈ રહેલ છે. પાલક માતાપિતાની યોજના હેઠળ નિભાવ સહાય રૂ.૫૦૦/-થી વધારી રૂ.૧૦૦૦/- કરેલ છે અને સારાયે રાજયમાં આ યોજના શરૂ કરવામાં આવી છે. અમદાવાદ, વડોદરા, રાજકોટ અને સુરત ખાતે સમાજ સુરક્ષા સંકુલ શરૂ કરવા આયોજન કરેલ છે. HIV/AID થી પીડાતા બાળકો માટે ગાંધીનગર તથા સુરત ખાતે બે ચિલ્ડ્રન હોમ શરૂ કરવામાં આવી રહ્યા છે.

મંત્રીશ્રી સમાજના વિકર સેકશન માટે આધારભૂત યોજનાઓ લઈને આવ્યા છે એને મારું અનુમોદન આપી મારી વાત પૂરી કરું છું.

**શ્રી અમિતકુમાર અ. ચાવડા(બોરસદ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે સમાજ કલ્યાણ વિભાગની માગણીઓ લઈને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા ઊભો થયો છું. ભારતના બંધારણમાં તેના રાજનીતિ અને માર્ગદર્શક સિદ્ધાંતો અને જોગવાઈઓમાં નાતજાત અને ભેદભાવ વગર સૌને સમાન તક આપવાની એમાં પણ ખાસ કરીને સમાજના નબળા વર્ગના વિકાસ માટે ખાસ ચિંતા અને માવજત કરવાની વ્યવસ્થા ઊભી કરી છે. ગુજરાત રાજયમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગમાં કુલ ૧૪૪ જેટલી જાતિઓનો સમાવેશ કરવામાં આવ્યો છે અને વસ્તીની રીતે જોઈએ તો રાજયની ૫૨ ટકા વસ્તી એટલે કે લગભગ ત્રણ કરોડ જેટલી વસ્તી આ બક્ષી પંચમાં સમાવેશ કરવામાં આવેલ છે. અમારા મિત્ર માનનીય કમાભાઈ બજૅટ ઉપર બોલતા હતા, એમના બજૅટ પ્રવચનમાં કહેતા હતા કે, બક્ષીપંચના સમાજ માટે આ સરકાર અનેક યોજનાઓ લાવી છે અને અનેક જાતના કાર્યો કર્યા છે. એમાં આગળ વધીને એવું પણ કહેતા હતા કે આ રાજયના મુખ્યમંત્રી અને રાજયના નાણામંત્રી બંને આ સમાજમાંથી આવતા હોવાને કારણે સમાજને તો મોસાળમાં જમણ અને માં પીરસનાર હોય એવા જોગ થયા છે. જ્યારે બજૅટની જોગવાઈઓ જોઈ ત્યારે મારે દુઃખ સાથે કહેવું પડે કે સમગ્ર સમાજને એવું લાગ્યું કે માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય નાણામંત્રીશ્રીએ આ બક્ષીપંચ સમાજ સાથે એક સાવકી માં જેવો વ્યવહાર કર્યો હોય એવું લાગે છે. આ રાજયના ગરીબ પછાત વર્ગ અને અંતરિયાળ વિસ્તારના બાળકોને શિક્ષણ મળે, એમને રહેવા જમવાની મફત સુવિધા મળે એ માટે કોંગ્રેસની સરકારો દ્વારા રાજયમાં વિવિધ જગ્યાએ આશ્રમશાળા અને છાત્રાલયોની શરૂઆત કરવામાં આવી હતી. આજે રાજયમાં બક્ષીપંચ સમાજ માટે લગભગ ૭૦૦ ઉપરાંત છાત્રાલયો ચલાવવામાં આવે છે અને એમાં લગભગ ૩૦ હજાર જેટલા બાળકો અભ્યાસ કરે છે. સાથે સાથે આ બક્ષીપંચ સમાજના ૧ થી ૭ ધોરણના વિદ્યાર્થીઓને મફત રહેવા, જમવા અને અભ્યાસની સુવિધા મળે એ માટે રાજયમાં લગભગ ૧૭૦ જેટલી આશ્રમશાળાઓ ચાલે છે. એમાં ૨૦હજાર જેટલા બાળકો અભ્યાસ કરે છે. આ સહાય અનુદાનથી ચાલતા છાત્રાલયો અને આશ્રમશાળાઓમાં સરકાર દ્વારા પ્રતિબાળક પ્રતિમાસ ૬૦૦ રૂપિયા જેટલી નિભાવ ગ્રાન્ટ આપવામાં આવે છે. શાસક પક્ષના મિત્રો કોઈપણ વિભાગની ચર્ચા આવે એટલે પહેલો મુદ્દો લાવે કે બહુ મોંઘવારી વધી ગઈ છે, બહુ મોંઘવારી વધી ગઈ છે, મારે એમને પૂછવું છે કે ૬૦૦ રૂપિયાની અંદર એક બાળકને એક મહીનામાં રોજ બે ટંકનું ભોજન, નાસ્તો અને સંસ્થાનો વહીવટી ખર્ચ એ રીતે આપવામાં આવે તો એ બાળકને શું આપણે ભરપેટ ભોજન આપી શકીશું? માનનીય મંત્રીશ્રી ગરીબ સમાજમાંથી આવે છે અને ગરીબોની લાગણી પણ સમજે છે ત્યારે આપના માધ્યમથી એમને વિનંતી કરવા માગુ છું કે આ બાળકોને જે ભોજન માટે નિભાવ ગ્રાન્ટ આપવામાં આવે છે, એને આજના સમયને અનુરૂપ એમાં યોગ્ય વધારો કરવામાં આવે તો ચોક્કસ ગરીબોના આશીર્વાદ તમને મળશે. રાજયમાં સહાયક અનુદાન મેળવતા છાત્રાલયો ચાલે છે એમાં આખા ગુજરાતમાં મળીને લગભગ ત્રણેક હજાર જેટલા કર્મચારીઓ એમાં કામ કરે છે. આ કર્મચારીઓની જવાબદારી ૨૪ કલાકની હોય છે. એ સંસ્થાનો ગૃહપતિ હોય, રસોઈયો હોય કે ચોકીદાર હોય એણે આ સંસ્થામાં જ નિવાસ કરી અને ૨૪ કલાક માટે આ બાળકોની ચિંતા કરવાની હોય છે. આજે આપણે એમને પગાર શું આપીએ છીએ, સરકારની નીતિ છે કે જે આ સંસ્થાઓ ચાલે છે એમાં ૯૦ ટકા વેતન ગ્રાન્ટ રાજય સરકાર તરફથી આપવામાં આવે છે અને ૧૦ ટકા ગ્રાન્ટ જે તે સંસ્થા પોતાના ભંડોળમાંથી એની ચૂકવણી કરતી હોય છે. આજે માસિક ૨૬૦૦ રૂપિયા જેટલો પગાર આ ગૃહપતિઓને આપવામાં આવે છે. આ સંસ્થામાં જે રસોઈયા કામ કરે છે

એનો પગાર માસિક ૧૩૦૦ રૂપિયાની આજુબાજુ હોય છે અને જે ચોકીદાર કામ કરે છે એનો માસિક ૧હજાર રૂપિયા જેટલો પગાર હોય છે. મારે દુ:ખ સાથે કહેવું પડે કે આ જે કર્મચારીઓ છે, અને એ પણ મોટાભાગના કર્મચારીઓ, ગરીબ સમાજમાંથી આવનારા લોકો છે ત્યારે એમને લઘુત્તમ વેતન કરતા પણ ખૂબ ઓછું વેતન આપવામાં આવે છે જેના કારણે કોઈ સારો સક્ષમ વ્યકિત આવી સંસ્થાઓમાં ફરજ બજાવવાથી દૂર રહે છે. એ અન્ય જગ્યાએ નોકરી કરવાનું પસંદ કરે પણ આવી જગ્યાએ નોકરી કરવાનું પસંદ કરતો નથી. આજે મારે કહેવું પડે કે સામાન્યમાં સામાન્ય વિભાગની કોઈપણ કચેરીઓ હોય એમાં જે આઉટ સોર્સીંગથી કર્મચારીઓ લેવામાં આવે છે એને પણ આના કરતા સારો પગાર ચૂકવવામાં આવે છે. માનનીય મંત્રીશ્રીને મારી વિનંતી છે કે આ કર્મચારીઓ જે મોટે ભાગે ગરીબ સમાજમાંથી આવે છે એવા લોકો સન્માનભેર જીવી શકે અને પોતે જે ફરજ બજાવે છે એને જોબ સેટીસ્પેકશન થાય એ માટેનું પણ પગાર ધોરણ વિભાગ દ્વારા નકકી કરવામાં આવે એવું કંઈક ઘટતું કરવા વિનંતી છે. બક્ષીપંચ માટેની યોજનાઓમાં ખાસ કરીને બક્ષીપંચ સમાજના તબીબી સ્નાતકો અને કાયદાના સ્નાતકો માટે લોન સહાય આપવાની યોજના છે.મારે દુ:ખ સાથે કહેવું પડે કે રાજ્યની પર ટકા વસતિ, ૧૪૪ જાતિઓ માટે આ જે જોગવાઈઓ છે એમાં વર્ષ ૨૦૦૯-૧૦માં ફક્ત ૨૨ વકીલોને સહાય આપવામાં આવી છે અને વર્ષ ૨૦૧૦-૧૧માં જે લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યો હતો એ ફક્ત ૭૩ વકીલો અને ૨ ડાૅકટરોનો લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યો હતો અને વર્ષ ૨૦૧૧-૧૨માં જે લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યો છે એ ફક્ત ૩૦ વકીલો અને ૨ ડાૅકટરોનો લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યો છે. ત્રણ કરોડની વસતિ ધરાવતો સમાજ અને જો આ લક્ષ્યાંકની સરખામણી કરીએ તો મને લાગે છે કે મશ્કરી સમાન આ યોજનાઓ આપણે અમલમાં મૂકી રહ્યા છીએ. આ યોજનાઓમાં વર્ષ ૨૦૧૦-૧૧માં ૧૫ લાખની જોગવાઈ કરવામાં આવી અને આ જોગવાઈઓ ઘટાડીને વર્ષ ૨૦૧૧-૧૨માં ફક્ત ૮ લાખની જોગવાઈ કરવામાં આવી છે. જે અંતરિયાળ વિસ્તારમાં બક્ષીપંચના સમાજના લોકો રહે છે, જેની આર્થિક પરિસ્થિતિ ખૂબ જ નબળી છે પણ સરકારે જે બી.પી.એલ. યાદી બનાવી એના સરવેમાં અનેક ક્ષતિઓ રહેવાના કારણે સમગ્ર રાજ્યમાં તમામ ધારાસભ્યો સ્વીકારશે કે દરેકના વિસ્તારમાં ઘણા બધા સાચા ગરીબો છે જેનો બી.પી.એલ. યાદીમાં સમાવેશ થઈ શક્યો નથી. બક્ષીપંચ સમાજના ગરીબ લોકો માટે આવાસમાં પ્રાથમિકતા મળે એ માટે સરકાર દ્વારા પંડિત દીન દયાળ આવાસ યોજના શરૂ કરવામાં આવી છે. આ યોજના શરૂ તો કરવામાં આવી પણ શરૂઆતના વખતમાં આવક મર્યાદાને ધ્યાનમાં રાખી આવાસો ફાળવવામાં આવતા હતા. પણ ક્યાંક આ સરકાર બક્ષીપંચ સમાજ આગળ વધતો જોઈ શકી નહીં, આવાસ મળે એનાથી ખુશી ન મળી એટલા માટે એમાં પણ બી.પી.એલ. દાખલ કરવામાં આવ્યું. મારે દુ:ખ સાથે કહેવું પડે કે જે ગરીબ સમાજને મદદ કરવા માટે યોજનાઓ લાવ્યા છે એ પંડિત દીન દયાળ આવાસ યોજના કે આંબેડકર આવાસ યોજના હોય એ યોજનાઓમાં આપણે બી.પી.એલ.નું ફરજિયાતપણું દાખલ કરીશું તો હું માનું છું કે સાચા ગરીબ લોકોને આ યોજનાઓનો લાભ આપવા માગીએ છીએ એમને આ યોજનાઓનો લાભ આપી શકીશું નહીં. કેટલાક સમયથી ૦ થી ૧૬ ના લોકોને આ પંડિત દીન દયાળ યોજનાનો લાભ આપવાના કારણે અનેક બી.પી.એલ. બક્ષીપંચ સમાજના કુટુંબો છે કે જે આવાસની સુવિધાથી વંચિત રહ્યા છે. જે ગરીબ સમાજના લોકોને ભૂતકાળમાં જ્યારે પણ એ પોતાના આવાસ બનાવવા માટે પ્લૉટ કે જમીન માગે ત્યારે એ આપવાની જોગવાઈ કરવામાં આવતી હતી. પરંતુ છેલ્લા કેટલાક વર્ષોથી જે રીતે સરકારી પરિપત્રોનું અર્થઘટન થયું કે કોઈપણ બક્ષીપંચ કે ગરીબ સમાજનો વ્યક્તિ તાલુકા પંચાયતમાં પ્લૉટ મેળવવા માટે અરજી કરે ત્યારે એને પૂછવામાં આવે છે કે તારો બી.પી.એલ.માં નંબર હોય તો જ

અરજી સ્વીકારવામાં આવશે. આ યોજનામાં પણ બી.પી.એલ.ના નોમ્સ છે એને બાદ કરવામાં આવે એવી વિનંતી છે. માનનીય મંત્રીશ્રી એમના પ્રવચનમાં આ બાબતોનો ઉલ્લેખ કરે એવી મારી વિનંતી છે.

**શ્રી દેવુસિંહ જે. ચૌહાણ(માતર)** : માનનીય અધ્યક્ષશ્રી, અમારા સૌના માર્ગદર્શક એવા માનનીય મંત્રીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગોના વિભાગના આદરણીય મંત્રીશ્રી માગણીઓ લઈને આવ્યા છે તેના સમર્થનમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ભારતના રાષ્ટ્રજીવનનો આધાર સદૈવ આધ્યાત્મિક રહ્યો છે. વસુધૈવ કુટુંબકમ્ એ ભાવના, સમગ્ર વિશ્વમાં બંધુતાની ભાવના આપણી સંસ્કૃતિમાં છે અને આ સંસ્કૃતિ અજોડ છે ત્યારે 'માતા ભૂમીહં, પુત્રોહં પૃથ્વીયા' ધરતી માતા છે અને આપણે સૌ એના પુત્રો છીએ એવી જો સમગ્ર વિશ્વને વિચારધારા આપી હોય તો એ ભારતીય સંસ્કૃતિએ આપી છે. આ વિચારધારાનું સ્વાગત સમગ્ર વિશ્વએ કર્યું. આ વિચારધારાના કારણે સમાજના દરેક વર્ગમાંથી દરેક જ્ઞાતિમાંથી પોતાના વ્યક્તિત્વ અને પોતાના કર્તવ્યથી પોતાનું શ્રેષ્ઠ સ્થાન બનાવ્યું છે. ચિત્તવિનો દિની ગ્રંથમાંથી એક શ્લોકનું હું વાચન કરું છું.

વેશ્યાગર્ભ સમુત્પન્નો વશિષ્ઠશ્ચ મહામુનિઃ ।
દાસીગર્ભ સમુત્પન્નો નારદશ્ચ મહામુનિઃ ॥
કૈવર્તીગર્ભ સમુત્પન્નો વ્યાસશ્ચ મહામુનિઃ ।
ક્ષત્રિયાગર્ભ સમુત્પન્નો વિશ્વામિત્રો મહામુનિઃ ॥
શ્રૃંગીગર્ભ સમુત્પન્નો ઋષ્યશૃંગો મહામુનિઃ ।
કુમ્ભીગર્ભ સમુત્પન્નો અગત્સ્યશ્ચ મહામુનિઃ ॥
શુદ્રીગર્ભ સમુત્પન્નો કુશક્રશ્ચ મહામુનિઃ ।
તપસ્યાય બ્રાહમણૌ ભૂયાત્ તસ્માબ્રાહમણે કારણમ્ ॥

અર્થાત્ જાતિએ બ્રાહ્મત્વનું કારણ નથી, તપસ્યાથી બ્રાહ્મણ થવાય છે. કેમ કે વેશ્યાના ગર્ભમાંથી ઉત્પન્ન થયેલા વશિષ્ઠ, દાસીના ગર્ભમાંથી ઉત્પન્ન થયેલા નારદ, માછણના ગર્ભમાંથી ઉત્પન્ન થયેલા વ્યાસ, ક્ષત્રિયાણીના ગર્ભમાંથી ઉત્પન્ન થયેલા વિશ્વામિત્ર, શ્રૃંગીના ગર્ભમાંથી ઉત્પન્ન થયેલા ઋષ્યશૃંગો, ઘડામાંથી ઉત્પન્ન થયેલા અગત્સ્ય અને શુદ્રના ગર્ભમાંથી ઉત્પન્ન થયેલા કૃષક શ્રેષ્ઠ મુનિ, શ્રેષ્ઠ ઋષિઓ બન્યા હતા. આમ સમાજને દિશા આપનારા દરેક વર્ગમાંથી ઋષિ મૂનિઓ આવતા હતા પોતાના તપોબળથી, પોતાના પ્રભાવથી એમણે સમાજમાં પોતાનું શ્રેષ્ઠ સ્થાન બનાવ્યું છે. કાળક્રમે આપણે ભ્રમિત થઈ ગયા, આપણે વૈશ્વિકતાનો ભાવ ભૂલી ગયા, આપણે સંકોચાતા ગયા, આપણે જ આપણા ભાઈને દૂર કર્યો. આપણે જ આપણા ભાઈને અરાજકીય, અસમાજિક બનવા વિવશ કર્યો ત્યારે આ દેશના ઈતિહાસમાં આપણે સૌ સાક્ષી છીએ કે આ દેશમાં મોગલો આવ્યા, આ દેશમાં અંગ્રેજો આવ્યા. આ દેશમાં પોતાનો રાજકીય સ્વાર્થ સિદ્ધ કરવા માટે અંગ્રેજોએ ભેદ ઊભા કર્યા ત્યારે એ ભેદના ષડયંત્રને સમજીને તત્કાલીન સમાજના ઋષિ મૂનિ જેવાએ જ્યોતિબા ફૂલે, સાહુજી મહારાજ, ગાંધીજી, આંબેડકર અને નરેન્દ્રભાઈ મોદી જેવા ઋષિ મૂનિઓએ ભાવ ગંગા, જે સમરસતા આગળ વહેવડાવવાનું કામ કર્યુ છે.

માનનીય અધ્યક્ષશ્રી, હિન્દુત્વને, રાષ્ટ્રીયત્વને નબળું પાડવાનું આ ષડયંત્ર થઈ રહ્યું છે ત્યારે સમાજમાં રહેલી વિકૃતિ દૂર થાય. અમારાં સન્માનીય સાથી શૈલેષભાઈ તો બોલ્યા પછી નીકળી ગયા છે એમણે જે વાત કરી છે એમાં થોડો સુધારો કરું છું. એમણે વાત કરી કે જો ડો.આંબેડકર ના હોત તો અનામત ના હોત પણ અનામતનો

ઈતિહાસ સવાસો વર્ષ જૂનો છે. ૧૮૮૨ માં મહાત્મા જ્યોતિબા ફૂલેએ દરેકને માટે મફત તથા અનિવાર્ય શિક્ષણ અને નોકરીઓની અનામત કરી... (અતંરાય)

**અધ્યક્ષશ્રી** : આપની પાસે બે મિનિટનો સમય બાકી છે.

**શ્રી દેવુસિંહ જે. ચૌહાણ** : હજુ તો બહુ બાકી છે. માનનીય અધ્યક્ષશ્રી, તુલશીભાઈએ શરમ આવે એવી વાત કરી, મેલું ઉપાડવાની વાત કરી ત્યારે મારે કહેવું છે કે ગુજરાતના અત્યાર સુધીના મુખ્યમંત્રીઓએ શરમાવું જોઈએ અને ગુજરાતના તમામ ભારતીય જનતા પાર્ટીના લોકોએ ગર્વ ઊંચું રાખી શકે એવું કાર્ય માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબે ૭મી ઑકટોબર ૨૦૦૧ નાં રોજ જ્યારે ઘનતેરસના શુભ દિવસે ગૃહ પ્રવેશ કર્યો મુખ્યમંત્રી તરીકે ત્યારે એક રવિના નરેશકુમાર જાદવ નામની એક દલિત બાળાના હાથે પોતાના ઘરમાં કુંભ મૂકાવ્યો અને એના જ આશીર્વાદથી આજે એમનું શાસન તપે છે ત્યારે મારે ગ્યાસુદ્દીનભાઈને પણ મારે જવાબ આપવો છે. ગ્યાસુદ્દીનભાઈ આખાય વિશ્વમાં મુસ્લિમ જનતાની સૌથી મોટી વસ્તી ધરાવતો આ ભારત દેશ છે ત્યારે તમે લઘુમતિના કોચલામાંથી બહાર આવો એમ કહેવું છે. આજે આખો દેશ જાણે છે કે ગુજરાતનો મુસ્લિમ આ દેશના તમામ મુસ્લિમો કરતા સૌથી વધારે સુખી છે. એ ચાહે શિક્ષણની વાત હોય, એ ચાહે આરોગ્યની વાત હોય, એ ચાહે નોકરી-ધંધાની વાત હોય, વેપાર-ધંધાની વાત હોય ગુજરાતનો મુસ્લિમ સુખી છે ત્યારે મારે એમને વિનંતી કરવી છે, મારે એમને કહેવું છે કે ૧૮ કરોડની વસ્તી ધરાવતા આ દેશનું નેતૃત્વ ગુજરાતનો મુસ્લિમ સમાજ કરે અને ગુજરાતના વિકાસના ફળ લેવા માટે જેમ મુસ્લિમ સમાજના અન્ય સંપ્રદાયો પણ મુસ્લિમ સમાજને કહે છેકે તમે આગળ આવો, ગુજરાતના વિકાસના ફળ લેવા માટે પોતાની લાયકાત કેળવો તો એ લાયકાત કેળવવા માટે તમે પણ ગંભીર થઈને સમાજને દોરવાનું કામ કરો એ વાત મારે તમને કહેવી છે. સમાજને *(xxxxx). કુરાનમાં તો આપે પણ કહ્યું છે કે, ઈલ્મ્ કે લીયે ચીન જાઓ. મારા મુસ્લિમ મિત્રો એ જાણતા હશે જ્ઞાન માટે ચીન જાઓ પછી ચાહે ગમે ત્યાં જવાનું થાય એ વાત કહેવાવાળા મહંમદ પયગંબર સાહેબને આપણે યાદ કરીને જ્ઞાન માટે આ સમાજને દોરો, ગુજરાતમાં જે જ્ઞાનની વ્યવસ્થા છે, ગુજરાતમાં જે વિકાસની વ્યવસ્થા છે એનો લાભ લઈને મુસ્લિમ સમાજને આ લઘુમતિના રમતના કોથળામાંથી બહાર કાઢો. કયાં સુધી (xxxxx) આ લોકોની વાતોમાં આવતા રહીશું ? તમારું કલ્યાણ કરવું હોય તો તમે જ કરી શકશો. ઇતિહાસ સાક્ષી છે કયારેય ક્રાંતિ બહારથી આવતી નથી, ક્રાંતિ અંદરથી જ આવે છે, જાતે જ ઊભી કરવી પડે છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ વાત સાથે મને એક વાત યાદ આવે છે. એક નાનકડું ગામ હતું એ ગામમાં એક પંદર-સત્તર વર્ષની દીકરી એના નાના ભાઈને પાંચ-સાત વર્ષના ભાઈને કૂતરું કરડ્યું હોય છે એટલે એને વ્યવસ્થા નહીં હોવાથી પાંચેક કિલોમીટર સુધી એ પોતાના ભાઈને ખભા ઉપર મૂકીને પાંચ કિલોમીટર ચાલીને, કૂતરું કરડે તો એના ઇન્જૅકશન આપવા માટે લઈ જાય છે. આ ઇન્જૅકશનો રોજ લેવા પડતા હોય છે. અવારનવાર એ દીકરી પોતાના ભાઈને ઉપાડીને જતી હતી. થોડાંક લોકોએ જોયું એટલે એને પૂછ્યું કે, બેટા તું થાકતી નથી, તું પાંચ-પાંચ કિલોમીટર આ તારા ભાઈને ઉંચકીને જાય છે? એ દીકરીએ જવાબ આપ્યો એ જવાબ આપણે સૌએ યાદ રાખવા જેવો છે. એ દીકરીએ જવાબ આપ્યો કે, આ મારો ભઈલો છે, આ મારો ભાઈ છે, મારા ભાઈનો મને ભાર લાગે ?

---

* (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, એમ સમાજનો એસ.સી., એસ.ટી. કે ઓ.બી.સી. વર્ગ હોય એનો પણ ભાર આપણે ઉપાડવો પડશે, એને પણ આપણે ઉપાડીને ચાલવું પડશે એનો ભાર પણ આપણને ન લાગવો જોઈએ, ચાહે એ લઘુમતી સમાજ પણ કેમ ન હોય. (સમયસૂચક ઘંટડી)

**શ્રી દેવુસિંહ જે. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, એક વિનંતી છે, સૌ ધારાસભ્યોનો આત્માનો અવાજ છે કે,

**અધ્યક્ષશ્રી** : બે મિનિટ વધારે આપી છે.

**શ્રી દેવુસિંહ જે. ચૌહાણ** : આજે રમત ગમત વિભાગનો છે અને ધારાસભ્યોને ગુજરાતમાં જ્યારે ક્રિકેટ રમાતી હોય ત્યારે એની ટિકિટની વ્યવસ્થા માનનીય મંત્રીશ્રી કરે એવી વિનંતી કરું છું.

**અધ્યક્ષશ્રી** : શ્રી મફતભાઈ.

**શ્રી મફતલાલ મો. પુરોહિત(ધાનેરા)** : માનનીય અધ્યક્ષશ્રી, રમત ગમત અને યુવા અને સાંસ્કૃતિકની અનુદાનની માગણી નંબર ૯૮ લઈને માનનીય મંત્રીશ્રી આવ્યા છે એના સમર્થનમાં મારા વિચારો રજૂ કરવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રી જે વિભાગ સંભાળે છે તે વિભાગની જે કામગીરી છે એ કામગીરી ખરેખર ખૂબ જ પ્રશંસનીય છે. એમ કહેવાય છે કે, " અમંત્રમ્ અક્ષરમં નાસ્તિ, નાસ્તિ મૂલે અનૌષધમ્, અયોગ્ય પુરુષ નાસ્તિ, યોજતઃ તત્ર દુર્લભઃ". અક્ષરમાંથી મંત્ર બનાવવો, મૂળિયામાંથી ઔષધીના ગુણને શોધી લેવો અને એકે એક વ્યકિતની અંદર કંઈકને કંઈક સારું પડ્યું છે એને શોધી લઈને સમાજના હિતમાં એનો ઉપયોગ કરવો એવા માસણો બનવું એ ખૂબ મહત્ત્વનું કામ એજ કરી શકે જેને સમાજ માટે પ્રેમ હોય, લાગણી માટે પ્રેમ હોય, આ કામ આપણા મુખ્ય મંત્રીશ્રી કરી રહ્યા છે એનું મૂળ કારણ એ છે કે, એમને સમાજ માટે લાગણી છે. રાજનીતિ એ પણ એક બાય પ્રોડકટ છે. રાજ નીતિ એ મહત્ત્વનું અંગ જરૂર હશે પણ રાજનીતિ સર્વસ્વ નથી, આ આપણા મુખ્ય મંત્રીશ્રી આપણને કહે છે. સમાજની સેવા કરતા કરતા તમે આગળ વધતા જાઓ અને એમાં તમને જે સંતોષ મળે, જે સ્વીકૃતિ મળે એજ સાચી રાજનીતિ હોઈ શકે. માનનીય અધ્યક્ષશ્રી, ગ્યાસુદ્દીનભાઈએ જે વાત કરી તે વાતનો જવાબ આપવાનું મન થાય. ૧૯૬૨માં પાકિસ્તાન સાથે યુદ્ધ થયું, એ યુદ્ધમાં અબ્દુલ હમીદ નામના ભારત માતાના એ પુત્રે પાકિસ્તાનની સાત ટૅન્કોના ભૂક્કા બોલાવી દીધા.એવા રાષ્ટ્ર ભકત એ યુવાન અબ્દુલ હમીદે શહીદી વહોરી એને કાફર કહેનાર લોકોની સામે વાંધો છે. અમે એવા લોકોની સામે કાયમ વાંધો લેતા આવ્યા છીએ. જે રાષ્ટ્રભકત છે એમના માટે અમને એટલો જ પ્રેમ છે જેટલો બીજા કોઈ માટે છે અને રાષ્ટ્રધર્મની વાત ખરેખર તો * (xxxxx)કહેવાની જરૂર છે. દિલ્હીની અંદર જે સિંઘભાઈઓ

## પોઈન્ટ ઓફ ઓર્ડર

### શબ્દો પાછા ખેંચવા અંગે

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, વિરોધ પક્ષના સભ્યશ્રીઓને સંબોધીને (xxxxx) (xxxxx)કહેવાની જરૂર છે. લેવલ જળવાઈ રહે.

**અધ્યક્ષશ્રી** : આપના શબ્દો પાછા ખેંચો.

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દુર કરવામાં આવ્યા.

# પોઈન્ટ ઓફ ઓર્ડર

## શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરવા અંગે

**શ્રી મફતલાલ મો. પુરોહિત** : માનનીય અધ્યક્ષશ્રી, જે રાષ્ટ્રધર્મ માટે અટલજીએ કહયું હતું એ વાતને વારંવાર યાદ અપાવે છે ત્યારે હું કહું છું કે જે (xxxxx) (xxxxx) (અંતરાય)

. **શ્રી મફતલાલ મો. પુરોહિત** : મેં કોઈનું નામ નથી આપ્યું માનનીય અધ્યક્ષશ્રી,

**અધ્યક્ષશ્રી** : સબજયુડીશ બાબત હોઈ આપ એનો ઉલ્લેખ ન કરો હું રેકોર્ડ ઉપરથી દૂર કરું છું

**શ્રી મફતલાલ મો. પુરોહિત** : માનનીય અધ્યક્ષશ્રી, વર્તમાન સુવર્ણ જયંતિની જે ઉજવણી ગુજરાત કરી રહયું છે. સુવર્ણ અક્ષરે લખશે કવિઓ યશગાથા ગુજરાતની એવી રીતે કામગીરી ભારતીય જનતા પાર્ટીની સરકાર કરી રહી છે. મારા વિસ્તાર ધાનેરાની અંદર ચૌધરી સવિતાબેન પ્રેમાભાઈ બારમા ધોરણમાં ભણતી એક વિદ્યાર્થીની ગોળા ફેંકમાં રાજયકક્ષાએ પ્રથમ આવી છે. ગામડાંમાં છેવાડામાં રહેતો જેની પ્રતિભા છે એવો ખેલાડી ખેલ કુંભની જે આખી મુમેન્ટ આપણે ચલાવી એમાં એની પ્રતિભાને બહાર લાવવાનું એક ખૂબ ભગીરથ કાર્ય થયું છે. તેર લાખ લોકોએ આ જે ખેલકુંભ થયો એમાં ભાગ લીધો હોય અને ૨૦૦૧૭ લોકો ચેસની રમતમાં ભાગ લઈને વિશ્વ વિક્રમ નોંધાવતા હોય ગીનીસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં એના જે કોઈ માણસો હાજર રહીને એ સ્થળ ઉપર જ આને માન્યતા આપતા હોય એ ગુજરાતને માટે ગર્વ લેવા જેવી વાત છે. આપણી લુપ્ત થતી રમતો ખોખો, કબડ્ડી એના માટે માનનીય મુખ્યમંત્રીશ્રીએ જે કંઈ આયોજન કર્યું છે એનાથી એ રમતોને જીવતદાન મળ્યું છે. આપણે આપણો સાંસ્કૃતિક વારસો, આપણી જે ઓળખ છે એને ટકાવી રાખવા માટે અને આપણી પેઢીને એ રમતો વારસામાં આપણે આપવાની છે એ યાદ રાખવું જોઈએ. એક ખૂબ સરસ વાત કરી છે. ખેલ સ્વદેશી અપનાયેંગે, જન માનસ તક પહોંચાયેંગે, વિજય પતાકા લહેરાયેંગે, સ્વર્ણિમ અભિમાનકા યુગ લાયેંગે. ખેલોંકી દુનિયામેં હોગા પ્રથમ સ્થાન હમારે ખેલોંકા આ જે ભાવ સાથે ગુજરાતે જે પહેલ કરી છે એ દેશના બીજા રાજયો પણ એમાંથી પ્રેરણા લઈ રહયા છે. ગુજરાત સરકારની જે કામગીરી છે એમાં આરોગ્ય, ગ્રામીણ સ્વચ્છતા, બાળ નિરોગી વર્ષ આ જે ઉજવણીઓ કરી રહી છે એમાં નાનામાં નાના માણસોને પોતાની સુખાકારી માટે શું કરવું જોઈએ એની સમજણ પડી રહી છે એ ખૂબ મોટી વાત છે અને આવનારો જે સમય છે એમાં એની નોંધ લેવામાં આવશે. કોંગ્રેસના મિત્રો એમને જો આ બાબતની ન સમજણ પડતી હોય તો એ દુ:ખની વાત છે અને એ એમની પોતાની રાજનીતિ જે કંઈ લાભાલાભની વાત છે તેને ધ્યાનમાં રાખ્યા વગર જો વિચાર કરે તો એમને ખ્યાલ આવશે કે આ જે કંઈ અદભૂત કામગીરી માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી કરી રહયા છે એનાથી આવતી કાલનું ગુજરાત આખા ભારતને માર્ગદર્શન આપે એવી ઉચ્ચ સિદ્ધિઓ પ્રાપ્ત કરશે. "ઘટમાં ઘોડા થનગને, આતમ વીંઝે પાંખ, અણદીઠેલી ભોમ પર યૌવન માંડે આંખ."

**અધ્યક્ષશ્રી :** વિરામનો સમય થયો છે. આપનું પ્રવચન પુરું થાય છે.

### વિરામ સવારના ૧૦-૩૦ થી ૧૧-૦૦

### અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને

**શ્રી દેવજીભાઈ ગો. ફતેપરા(હળવદ)** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહની અંદર માનનીય મંત્રીશ્રી જે બિલ લઈને આવ્યા છે, એમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સુરેન્દ્રનગર જિલ્લો એ બક્ષીપંચનો જિલ્લો છે. એ સુરેન્દ્રનગર જિલ્લામાં એક હળવદ તાલુકો છે. એ હળવદ તાલુકામાં રણકાંઠામાં અગરિયાભાઈઓ કામ કરે છે. આજે એ અગરિયાભાઈઓ બક્ષીપંચ સમાજના છે. મારે મંત્રીશ્રીને એટલું કહેવું છે કે આપશ્રી વર્ષ પહેલા એસ.ટી. બોર્ડમાં બૅનર લગાવ્યું હતું કે અગરિયા માટે કરોડો રૂપિયાની યોજનાઓ. હળવદ તાલુકાના જે ગામડાઓ છે. જ્યાં હજારો લીઝો અપાઈ છે, પરંતુ જે આ લીઝો અપાઈ છે એ મોટા મોટા ઉદ્યોગપતિઓને અપાઈ છે. મોટા મોટા ચમરબંધીઓને અપાઈ છે. મોટા મોટા ભ્રષ્ટાચાર કરીને પૈસા આપે છે એને આ લીઝો અપાઈ છે. આ અગરિયા ભાઈઓ કે જેને રહેવા માટે મકાન નથી, ભણવા માટે સ્કૂલો નથી, ઘરની અંદર પીવા માટે પાણી નથી. એવી દશા આ અગરિયાભાઈઓની છે. એક ટૂંકો દાખલો આપું. શિક્ષણની વાત કરો છો. જોગર, વિહતનગર..

**અધ્યક્ષશ્રી** : માગણી ઉપર વાત કરજો.

**શ્રી દેવજીભાઈ ગો. ફતેપરા** : અગરિયાભાઈ એ બક્ષીપંચના ભાઈ છે, એના માટે વાત કરી છે.

**અધ્યક્ષશ્રી** : માગણી ઉપર બોલો.

**શ્રી દેવજીભાઈ ગો. ફતેપરા** : આજે જોગર, વિહતનગર, શક્તિનગર, શક્તિગઢ છે. આ બક્ષીપંચના આખે આખા ગામમાં એક પણ સ્કૂલ નથી. આપશ્રીને હજુ ટ્રેલર બતાવું છું. પિક્ચર જોવું હોય તો પટ્ટાવાળાને ભેગા મોકલજો. આવા અમારા બક્ષીપંચના સમાજની હાલત છે. હમણા વાત કરી દેવુસિંહભાઈએ. મારા સમાજના ભાઈ ભગવાનજીભાઈએ વાત કરી, પણ આ ગુજરાતના સૌરાષ્ટ્રમાં કોળી સમાજ ઠાકોરની એક કરોડની વસ્તી છે. માજી મુખ્યમંત્રીશ્રી શંકરભાઈ વાઘેલા સાહેબે આ કોળી ઠાકોર વિકાસ બોર્ડ બનાવ્યું હતું અને આ ગુજરાત સરકારે જે આ બોર્ડ ચલાવી રહ્યા છે. એ હમણા આ બોર્ડમાં ૪ કરોડ રૂપિયા કેન્દ્ર સરકારે આપ્યા તો ગુજરાત સરકારે દેવુસિંહભાઈ, ભગવાનજીભાઈ, શું આપ્યું? કાંઈ નહિ. આ સમાજની આવી હાલત છે. લીલાધરભાઈ, જયસિંહભાઈને મારે કહેવું છે કે તમે કરોડો રૂપિયા જે માન.મુખ્યમંત્રીશ્રીના કમાન્ડો, સુરક્ષા માટે વાપરો છો તો મારે દેવુસિંહભાઈ, ભગવાનજીભાઈને કહેવું છે કે આ બોર્ડમાં ૨ કરોડ, ૫ કરોડ રૂપિયા નાખો.

મારે વાત કરવી છે લઘુમતી સમાજની. લઘુમતી સમાજની વાતો કરતા હતા. લઘુમતી સમાજ પાસે તમારે મત માગવાનો અધિકાર નથી. ગયા વિધાનસભાની અંદર એક પણ મુસ્લિમ સમાજને ટિકિટો આપી હોય તો કરો આંગળી? એ કોંગ્રેસ આપી શકે. લઘુમતી સમાજની વાત કરો નહિ. તમે બોલો છો કાઈ અને કરો છો શું? એ આ પ્રજા જુએ છે. હળવદ તાલુકાનું સુસવાવ ગામનો દાખલો આપું. ત્યાં બક્ષીપંચની વસ્તી છે. ૨૦૦૨માં વીજળીકરણ માટે જેમણે પૈસા ભર્યા હતા, જે લોકો બક્ષીપંચના હતા એ લોકોને આજની તારીખમાં વીજળી કનૅક્શન નથી મળ્યા. નથી મળ્યા એવો કયો સમાજ છે? દલિત સમાજ છે અને મુસ્લિમ સમાજ છે.

**અધ્યક્ષશ્રી** : શ્રીમતી વંદનાબેન મકવાણા..

**શ્રીમતી વંદનાબેન મ. મકવાણા(કેશોદ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી સન ૨૦૧૧-૧૨ના વર્ષ માટેની માગણીઓ લઈને આવ્યા છે તેને હું સંપૂર્ણ સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, *(xxxxx) (xxxxx) (xxxxx)અને સો દિવસમાં મોંઘવારી મિટાવવાની મોટી અને સત્યથી વેગળી વાતો કરનારની અસલિયત આ સભાગૃહના માધ્યમથી હું ગુજરાતના કરોડો ગરીબોને કહેવા માગુ છું કે, (xxxxx) (xxxxx)

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર માનનીય સભ્યશ્રીએ આ શબ્દો પાછા ખેંચી લેતાં અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, અમે પણ કહીશું કે (xxxxx)આ રીતની પરિસ્થિતિ ન નિર્માણ થાય તે આવશ્યક છે. આવા સૂત્રો બનાવવાના હશે તો અમને પણ બનાવતાં આવડે છે. (xxxxx)

**અધ્યક્ષશ્રી** : વંદનાબેન આપ વિષય ઉપર જ વાત કરો. માગણી ઉપર જ વાત કરો.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, માગણી ઉપર વાત કરે તે સમજી શકાય.

**શ્રીમતી વંદનાબેન મ. મકવાણા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારા શબ્દો પાછા ખેંચું છું. હું પણ દલિત સમાજમાંથી આવું છું. ભારત દેશની આજની દુર્દશા જોઈ મારે ગુજરાતના કરોડો ગરીબોને કહેવું છે કે " લૂટ રહે હૈ દેશ કી દોલત, લોભી, રિશ્વતખોર યહાં, કાંટ રહે હૈ જનતાકી જેબે અપને વતનકે છોર યહાં, સત્ય ઉપર જુઠ કા ડીંડીંગ, બઢતા જાતા જોર યહાં, જાગતે રહના મેરે ગરીબો ખતરા ચારો ઓર યહાં."

**સભાપતિશ્રી ડો.નીમાબેન આચાર્ય અધ્યક્ષ સ્થાને**

માનનીય અધ્યક્ષશ્રી, મહાન સંત સ્વામી વિવેકાનંદે રાજધર્મનો ઉદ્દેશ આપતાં કહ્યું હતું કે જે માણસ સત્તાના સિંહાસન ઉપર બેસી અબળાના આંસુ લૂછી ન શકે, તે ભૂખ્યાને બે ટંક ભોજન આપી ન શકે તેને શાસન કરવાનો કોઈ જ અધિકાર નથી. હું ધન્યવાદ આપીશ ગુજરાતના કર્મવીર મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબને કે જેણે ગુજરાતમાં દસ વર્ષના સુશાસનથી અબળાઓના ઉદ્ધારની અને કરોડો દલિતો, પીડિતો, વંચિતો, શોષિતો, વિકલાંગોના સર્વાંગી વિકાસની અનેકવિધ યોજનાઓનું સુંદર અને સફળ આયોજન કરી ગરીબોમાં નવી ચેતના જગાવવાનું ભગીરથ કાર્ય કર્યુ છે. ગરીબ અને ગામડાંઓનો ઉદ્ધાર કરવો એ અમારી સરકારનો મુખ્ય અભિગમ છે. દરિદ્રતાના અંતિમ પગથિયે બેઠેલા માનવીના જીવન ધોરણમાં આમૂલ પરિવર્તન લાવવું એ અમારી ભારતીય જનતા પાર્ટીનું મુખ્ય લક્ષ્ય છે. આ લક્ષ્યની પ્રાપ્તિ માટે આ વર્ષના બજૅટમાં અનુસૂચિત જાતિઓના કલ્યાણ માટેની યોજનાઓ હેઠળ ૨૦૩૦ કરોડ જેટલી માતબર રકમની જોગવાઈ કરવામાં આવી છે તે બદલ હું માનનીય મુખ્યમંત્રીશ્રી તેમજ માનનીય સામાજિક ન્યાય અધિકારીતા મંત્રીશ્રીને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. અમારી રાજય સરકાર ગરીબોને કેન્દ્રમાં રાખી કલ્યાણ રાજયને સાર્થક કરતી સરકાર છે. અમારી ભારતીય જનતા પાર્ટીની સરકારે ડિસૅમ્બર ૨૦૧૦ સુધીમાં ઘર વિહોણા તથા પ્લોટ વિહોણા ૦-૧૬ ગુણાંક ધરાવતા ૨ લાખ ૪૫ હજાર ૭૮૭ બી.પી.એલ. કુટુંબોને આવી સહાય તથા ૦-૨૦ ગુણાંક ધરાવતા ઘર વિહોણા અને પ્લોટ વિહોણા ૬૦૧૭૮ બી.પી.એલ. કુટુંબોને આવાસ માટેના પ્લૉટોની વિક્રમજનક ફાળવણી કરી સ્વર્ણિમ સિદ્ધિ હાંસલ કરી છે. ગરીબોના હક્કો અને હિતોની રખેવાળી માટે હંમેશાં કટિબદ્ધ અમારી રાજય સરકાર દ્વારા ગરીબોને મળતા લાભો, અટપટી વિધિમાંથી પસાર થવાને બદલે વાયા વચેટીયા થઈને મળતા અપૂરતા લાભોને બદલે સીધેસીધા ગરીબોના હાથમાં પહોંચે તે માટે ગરીબ કલ્યાણ મેળાના માધ્યમથી સમગ્ર રાજયમાં અને જિલ્લાના તાલુકા મથકે સ્વર્ણિમ જયંતી વર્ષ દરમ્યાન ૩૫૦ જેટલા ભવ્ય મેળાનું આયોજન કરી કુલ ૩૭ લાખ ૬૯ હજાર ૪૭૭ લાભાર્થીઓને રૂા.૪૮૫૯ કરોડની જુદી જુદી યોજનાઓ હેઠળ સહાય આપી છે. જે પૈકી ૧૩૮૭૫૦૬ મહિલા લાભાર્થીને લાભ મળે છે. સમગ્ર ભારત દેશમાં ગરીબી નાબૂદીની દિશામાં એક વિક્રમજનક મહાયજ્ઞ બદલ હું માનનીય મુખ્ય મંત્રીશ્રીને ફરીથી લાખ લાખ અભિનંદન પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ભારતીય બંધારણના ઘડવૈયા અને કરોડો દલિતો, પીડિતો અને શોષિતોના તારણહાર યુગપુરુષ ડૉકટર બાબાસાહેબ આંબેડકરે નબળા અને સમાજને આપેલા "શિક્ષિત બનો"ના નારાને વાસ્તવિક અર્થમાં મૂર્તિમંત કરવા અમારી રાજય સરકાર દ્વારા શિક્ષણ ક્ષેત્રે અનેક ક્રાંતિકારી યોજનાઓનું સફળ અમલીકરણ કરવામાં

આવેલ છે જેના કારણે આજે નબળા સમાજના હજારો વિદ્યાર્થીઓ વિદેશમાં ઉચ્ચ અભ્યાસ મેળવી કોમર્શિયલ પાઈલોટ જેવી ઉચ્ચ પોસ્ટ ઉપર બિરાજમાન છે.

માનનીય અધ્યક્ષશ્રી, પ્લેન જેટલું જેના માટે દુર્લભ હતું, અરે, જેના માટે માંડ માંડ પ્રાથમિક શિક્ષણ મેળવી પ્રાથમિક શાળાના પગથિયેથી પાછી ફરતી દલિત દીકરીને આજે પાયલોટ બની આકાશમાં પ્લેન ઉડાડવાનું જે સૌભાગ્ય પ્રાપ્ત થયું છે તો અમારી ભારતીય જનતા પાર્ટીની સરકારને આભારી છે તે બદલ હું માનનીય મુખ્ય મંત્રીશ્રીને અને સામાજિક ન્યાય અને અધિકારીના વિભાગના મંત્રીશ્રીને ફરીથી અભિનંદન પાઠવું છું અને માગણીઓને સમર્થન આપીને વિરમું છું.

**શ્રી રમેશ વ. મહેશ્વરી(મુંદ્રા)** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના સિનિયર મંત્રીશ્રી જે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગમાંથી માગણી નંબર ૯૫ લઈને આવ્યા છે એને હું અનુમોદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયના માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ જે ગરીબ કલ્યાણ મેળાના માધ્યમથી સીધું ગરીબોને ખાસ અંગભૂત યોજનાનો લાભ કેવી રીતે મળે એનું રાજયમાં આયોજન કર્યુ છે. વચેટિયાઓ ચાલીસ વર્ષ પહેલાં દલાલી કરતા હતા પણ હમણાં માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈએ એમને દૂર કર્યા છે. આ ખાસ અંગભૂત યોજનામાં રાજયના કુલ આયોજનમાંથી ૫.૪૬ ટકાની જોગવાઈ કરવામાં આવી છે. રાજયના અનુસૂચિત જાતિના જે ખેડૂતો છે એની ખુશી માટે ૧૧૩ કરોડ ૬૫ લાખ અને ૧૬ હજાર રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે રાજયના અનુસૂચિત જાતિના લોકોના ગ્રામીણ વિકાસ માટે રાજયે ૧૩૦ કરોડ ૮ લાખ ૪૦ હજારની જોગવાઈ કરી છે. રાજયના સિંચાઈ અને પુર નિયંત્રણ માટે અનુસૂચિત જાતિના વિસ્તારમાં આ પુર આવે અને પુરમાં એને નુકસાન ન થાય એના માટે રાજયના માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના મંત્રીશ્રી ફકીરભાઈ વાઘેલાએ ચિંતા કરીને ૩૭૫૫૭ કરોડ ૪૧ લાખ અને ૩૦ હજારની જોગવાઈ કરી છે. આ બધી જોગવાઈઓ રાજયના માનનીય મુખ્ય મંત્રીશ્રી અને રાજયના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના મંત્રીશ્રીએ આ અનુસૂચિત જાતિના લોકો સુધી આ યોજના પહોંચે અને એમને સીધો લાભ મળે આ ખાસ અંગભૂત યોજના હેઠળ આ જોગવાઈઓ કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, અમે રાજયના ગુજરાતના અને કચ્છના ગામડાઓમાંથી આવીએ છીએ છેલ્લા ૨૦૧૦-૧૧ અને ૧૨માં જે તાલુકા પંચાયતના આયોજનો થાય છે અગાઉના આયોજનોમાં અંગભૂતની યોજનામાં ત્રણ થી ચાર કે પાંચ લાખ રૂપિયા અનુસૂચિત જાતિના વિસ્તારના કામોમાં થતા હતા આજે એક કરોડ પચીસ લાખ રૂપિયાનું તાલુકા પંચાયતનું આયોજન હોય ત્યારે કોંગ્રેસના લોકો વિચારતા હશે કે અમે હતા ત્યારે તો બાર થી પચીસ લાખ રૂપિયા મળતા હતા એમાંથી અનુસૂચિત જાતિ વિસ્તારમાં ત્રણ થી ચાર લાખ રૂપિયા આવે જ્યારે આજે અનુસૂચિત જાતિના વિસ્તાર માટે પચીસ થી ત્રીસ લાખ રૂપિયાનું ખાસ અંગભૂત યોજના હેઠળ જે આયોજન કરવામાં આવ્યું છે, એટલા માટે રાજયના માનનીય મંત્રીશ્રી ફકીરભાઈ વાઘેલાને ખૂબ ખૂબ ધન્યવાદ હું આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજે આંબેડકર ભવનની વાત થઈ, આ ગાંધીનગરમાં મહાત્મા ગાંધીના મંદિરની વાત થઈ, શ્રી સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાની વાત થઈ, શ્યામજી કૃષ્ણ વર્માના ભવનની વાત થઈ ત્યારે અહીં બેઠેલા લોકો એના ટેન્ડરની વાત કરતા હતા, માનનીય અધ્યક્ષશ્રી, આપણે આ ગાંધીજીના ગુજરાતમાં રહીએ છીએ ત્યારે મહાપુરુષ કે મહાત્મા ગાંધીની પ્રતિમા માટે કે મહાત્મા મંદિર માટે ટેન્ડર કે બજેટ હોઈ જ નહીં. આપણી પૂંજીના પૈસા પણ જો એમાં વપરાય જાયને તો પણ આપણે ઓછું કર્યું કહેવાય. કારણ કે જે લોકોએ પોતાનું લોહી રેડીને આપણને અહીં સુધી પહોંચાડ્યા છે એની બજેટમાં કે એની ટેન્ડર નોટિસ હોઈ જ નહીં.

આપણે જે રીતે રાજયને વિકાસ તરફ લઈ જવાની વાત છે અને એમાં અનુસૂચિત જાતિની જે યોજનાઓ છે એ યોજનાઓનો તમે અભ્યાસ કરોને તો તમને ખબર પડે. ગરીબ કલ્યાણ મેળાના માધ્યમથી ગઈ કાલે જ મેં કચ્છના કલેકટરશ્રી સાથે વાત કરી તો જાણવા મળ્યું કે જે ખાસ અંગભૂત યોજનાના ટાર્ગેટો છે એમાં કેટલી સિદ્ધિઓ પ્રાપ્ત થઈ છે? ત્યારે એમણે મને આંકડા બતાવ્યા આમાં સક્રિય રહેવું પડે, ધારાસભ્યને પણ સક્રિય રહેવું પડે. તાલુકાના આંબેડકર ભવનની તમે વાત કરી, અમારા કચ્છની અંદર દસે દસ તાલુકામાં આંબેડકર ભવનો બન્યા છે. કારણ કે જેટલા ત્યાંના કાર્યકર્તા અને મતદારો છે એ તમારા ઉપર વિશ્વાસ મૂકીને સાથ આપે છે ત્યારે તમે ત્યાં જઈને કેટલા લોકો સાથે સંપર્કમાં રહો છો, કેટલી ગરીબોની યોજના ત્યાં સુધી પહોંચાડો છે? એના ઉપર આ બધી યોજનાની સફળતાનો આધાર હોય છે. આજે અમદાવાદની અંદર દસ કરોડનું આખું બિલ્ડીંગ બન્યું છે. કેટલા વર્ષોથી કચ્છના લોકો આ આંબેડકર ભવનની ચિંતા કરતા હતા ત્યારે હમણા કચ્છની અંદર પણ આ આંબેડકર ભવન તૈયાર થઈ ગયું છે. ટૂંક સમયમાં એનો લોકાર્પણ કરવામાં આવશે જેથી કચ્છના અનુસૂચિત જાતિના લોકો બહું આનંદીત છે. કચ્છની ચિંતા કરવા માટે, કચ્છના અનુસૂચિત જાતિના લોકોને જે જે રીતે લાભો મળ્યા છે અને જે લાભો મળી રહ્યા છે એના માટે ભારતીય જનતા પાર્ટીની સરકાર અને રાજયના મુખ્યમંત્રીશ્રી, આ વિસ્તારના મંત્રીશ્રી જે અમારી તકેદારી રાખે છે એને હું એક આ સન્માનીય સભાગૃહના સદસ્ય તરીકે અભિનંદન આપુ છુ. રાજયમાં ઘણી યોજનાઓ છે. રાજયના મુખ્યમંત્રીશ્રીએ એક વિચાર કર્યો કે અનુસૂચિત જાતિનો વિકાસ કરવો છે અને જે યોજના લઈ આવવી છે, મુખ્યમંત્રીશ્રી જે વાત કરે છે જે સમાજ માટે, જે ગામ માટે આજે એનો જવાબ બેલેટ પેપરથી જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત, નગરપાલિકા અને મહાનગરપાલિકામાં કોંગ્રેસને લોકોએ જવાબ આપ્યો છે. મુખ્યમંત્રીશ્રી જે કહે છે એ કરી બતાવે છે. સારો વિચાર આવવો એ પણ જરૂરી છે, ચાલીસ વર્ષમાં કોંગ્રેસના લોકોને સારો વિચાર ન આવ્યો આજે એટલે અહીં બેઠા છે. આજે સારા વિચારથી, સારી સમજણથી સમાજનો જો સાચા વિકાસ સાથેની સાચી દિશા આપીએ તો જ આપણે સાચી રીતે એને ન્યાય આપ્યો ગણાશે. માનનીય શૈલેષભાઈએ ઘણી એટ્રોસીટીની વાત કરી છે પણ એટ્રોસીટીનો દુરુપયોગ પણ ઘણા લોકો કરતા હોય છે એની પણ એમને સમજણ હોવી જોઈએ. આજે લઠ્ઠાકાંડ અમવાવાદમાં કોણે કર્યો? કોણ હતા લઠ્ઠાકાંડમાં? લઠાકાંડમાં જે લોકો હતા એનો પણ તમારે અભ્યાસ કરવો જોઈએ, એની એફ.આઈ.આર. પણ જોવી જોઈએ. લઠ્ઠાકાંડ અમદાવાદમાં થયો એ *(xxxxx). આ બધી વાત ચાલીસ વર્ષમાં બધા સમાજો સમજી ગયા છે. તમે જે રીતે મતદારોને આ રીતે સમજાવી દેતા હતા પણ હવે તો સમાજને સમાજનો વિકાસ જોઈએ છે. નાનામાં નાનો સમાજ હશે, બક્ષીપંચ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ કે બીજો કોઈ પણ સમાજ હશે એને પોતાના સમાજનો વિકાસ નહીં કરીએ તો ગમે તેવી પાર્ટીને તરછોડી દેશે. તમે ચાલીસ વર્ષ સુધી (xxxxx) સમાજનો કોઈ વિકાસ નથી કર્યો ત્યારે આજે તમારે મંથન કરવું જોઈએ. કારણ કે રાજયના મુખ્યમંત્રીશ્રી જે યોજના લઈને આવે છે એને સંપૂર્ણ રીતે સાકાર કરી અમલવારી કરાવે છે, આજે અમલવારી થઈ છે ત્યારે જ અહીં અમારા પક્ષે ૧૧ ધારાસભ્યો બેઠા છે અને સામે પક્ષે ૨ જ ધારાસભ્યો બેઠા છે. એટલે આ અમલવારી કરવી એજ જરૂરી છે. લોકો અને મતદારો માટેની કોઈ પણ યોજના અમલમાં મૂકીએ અને લોકો સુધી પહોંચે બહું જરૂરી હોય છે.

* (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે અનુદાન લઈને આવ્યા છે અને અનુસૂચિત જાતિના બજેટમાં જે લોકોએ કાપ દરખાસ્ત મૂકી છે એ લોકોને મારી વિનંતી છે કે અનુસૂચિત જાતિના વિકાસમાં કોઈ કાપ નહીં મૂકતા આ દરખાસ્તને સર્વાનુમતે પસાર કરે.

**શ્રી બાબુભાઈ મે. શાહ(રાપર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ તથા રમત-ગમત, યુવા અને સાંસ્કૃત્તિક વિભાગના મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે એના ઉપર મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ માગણીઓની ચર્ચા દરમ્યાન કેટલીક ઈચ્છીત વાતો થઈ કેટલીક વાતોમાં વિષયાંતર પણ થયું.

માનનીય અધ્યક્ષશ્રી, એમ કહેવામાં આવ્યું કે, કોંગ્રેસે માત્ર દલિત સમાજનો પોતાના સમર્થન માટે જ ઉપયોગ કર્યો છે પણએવું નથી, રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીએ આ દલિત સમાજની પીડાને પારખેલી હતી, એ આપણા ગુજરાતના આદ્ય કવિ નરસિંહ મહેતા ૪૫૦-૫૦૦ વર્ષ પહેલાં દલિત વાસની અંદર જઈને એમની સાથે રહેતા અને 'વૈષ્ણવ જન તો કોને કહિયે ' ની રચના કરેલી, એ વૈષ્ણવજનને પારખનારા મહાત્મા ગાંધીજીની આ કોંગ્રેસ ઉપર એની વિચારસરણી હોય. માનનીય મંત્રીશ્રી જે છે એમની ઈચ્છા હોય, પરંતુ એનો અમલ ન કરાવી શકતા હોય તો અમે બધા જે છીએને તે એમની ઈચ્છાઓને સાકાર કરાવનારાઓની લાગણી ધરાવનારા લોકો પૈકીના છીએ, એટલા માટે કે એમણે એક ઉલ્લેખ કર્યો કે ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ, ૧૯૭૭-૭૮ થી ૧૯૯૦-૯૧ દરમિયાન સીધી રીતે આર્થિક મદદ લીધી હતી, પાછી ભરપાઈ ન થઈ શકી એને કારણે આ કોરપોરેશન નોન પરફોર્મિંગ થઈ ગયું, વી.પી. સિંહની સરકાર વખતે દેવા નાબૂદી થઈ, પરંતુ એમાં પણ આ વર્ગને નહિ લેવાયો, સહકારી સંસ્થાઓને પણ નહિ લેવાયો. માનનીય ફકીરભાઈ એ વખતે પણ આ દેવાઓ નાબૂદ થાય એના હિમાયતી હતા એ વાતની મને ખબર હતી. ૧૯૯૭-૯૮માં માનનીય શંકરસિંહજીની સરકાર વખતે આ દેવા નાબૂદ કરવા માટેનો અમે નિર્ણય લીધો એ એટલા માટે કે એમાં આડખીલીઓ હતો કે નાબાર્ડ જેવી સંસ્થા આ દેવા નાબૂદ કરવા માટેની સંમતિ ના આપે તો આપણે ના કરી શકીએ, માનનીય જયનારાયણભાઈને કહેવાનું છે કે જેમણે કર્યુ હોય એમને ખબર હોય એટલે એની વાત સમજીને પછી આપ એનો જવાબ આપજો, એટલા માટે કે નાબાર્ડના ચેરમેનને મળવા જવા માટે થઈ અને એ વખતે નાણા મંત્રી તરીકે મેં સાથે લીધેલા આત્મારામ પટેલને કે જેઓ સહકારી ક્ષેત્રના આગેવાન હતા સાથે ડોકટર જોષીયારા હતા અને તત્કાલિન એ વખતના સામાજિક અને સુરક્ષા વિભાગના મંત્રી શ્રી કાંતિભાઈ સોલંકી અમે સમયસર પહોંચી શકીએ એમ નહોતા એટલે ચાર્ટર્ડ પ્લેન અમારા ખર્ચે કરીને, સરકારના ખર્ચે નહિ, એ કરીને ગયા અને એમની પાસેથી સંમતિ લઈને અને એટલા માટે આમાં કોઈ મોટી વાત નહોતી, માત્ર આઠસો રૂપિયા પ્રતિ વ્યક્તિદીઠ દેવું હતું, આ જે ઉલ્લેખ થાય છે એમાં આઠ કરોડ રૂપિયા જ હતા કોઈ વધુ રૂપિયા જ નહોતા પરંતુ આઠ કરોડ રૂપિયા ભા.જ.પ.ની સરકારો માફ કરી શકેલ નહોતી એ માફ કરવાનું કામ અમે કર્યુ હતું જેની નોંધ લેવી ઘટે. કહેવાનું એ છે કે એના માટેની તમારી ઈચ્છાશક્તિ હોવી જોઈએ માત્ર આંબેડકરજીની વાતો આપણે કરીએ, આંબેડકરજી જેવા મહામાનવ જે છે એ વડોદરામાં ભણેલા, વડોદરામાંથી એમણે પોતાના જાહેર જીવનની શરૂઆત કરેલી અને તેઓ બંધારણના ઘડવૈયા બન્યા અને એમણે જે અધિકારો આપ્યા, વિશ્વમાં દલિતો માટેનું કામ કરનારામાં લેવાય એ પછી ભલે અમેરિકાના પ્રેસીડેન્ટ અબ્રાહમ લિંકનનું હોય, માર્ટિન લ્યૂથર કિંગનું નામ હોય કે અત્યારના પ્રેસીડેન્ટ ઓબામાનું નામ હોય, મહાત્મા યોજુબા ફુલે, નરસિંહ મહેતા કે ગુજરાતના જ આપણા ઠક્કરબાપા આ બધાએ કામ કરેલું છે, સંત

રોહીદાસજી હોય, ત્રિક્રમ સાહેબ હોય, ખીમ સાહેબ હોય આ બધા એ અમારા રાપરના, એ સંતોની જે ભૂમિ છે, સૌરાષ્ટ્રના રામજીભાઈ વાણિયા, માનનીય વજુભાઈ એમનાથી પરિચિત છે, આ તમામ દલિત વર્ગમાંથી આવેલા અને એમને મહામાનવ સ્વરૂપે અમે ઓળખીએ છીએ કારણકે એમણે સાચા દિલથી આ વર્ગનું કામ કરેલું છે કળા અને સંસ્કૃતિની વાત આવે ત્યારે હમણાં રમેશભાઈ જે બોલી ગયા એમના ગામના ધનબાઈ કરીને હતા અને તેઓ આંતરરાષ્ટ્રીય કક્ષાના કલાકાર હતા માનનીય શ્રીમતી ઈન્દિરા ગાંધીએ એમને બોલાવીને સાંભળ્યા હતા અને એમણે પોતાના ઈન્ટરવ્યુંમાં કહેલું કે ઈન્દિરાજીએ મને વાના કરેલા, 'વાના' શબ્દ છેને એ અમારા કચ્છના લોકો સમજી શકે, સૌરાષ્ટ્રના લોકો સમજી શકે, એમને લાડ કરાવેલાં. માનનીય અધ્યક્ષશ્રી, એવા જ આંતરરાષ્ટ્રીય કક્ષાના તે પાંડવડીના ગાયક ખિલનભાઈ હોય કે રેશમાજી તે રાજસ્થાનના ગાયિકા પછી ભલે પાકિસ્તાનમાં ગયા પણ એ પાકિસ્તાનના એક એલચી તરીકે, લોક ગાયિકા તરીકે વિશ્વભરની અંદરના જ્યાં એશિયાવાસીઓ રહેતા તેની અંદર છવાય ગયેલાં. આજે કળા અને સંસ્કૃતિની વાત આવે હું માનનીય ફકીરભાઈને ધન્યવાદ આપું છું કે, તેમણે હમણાં જે કલાકારોને એવોર્ડસ આપ્યાં લલિતકલા  એકેડેમી દ્વારા પણ તેની અંદર એક શિલ્પકાર માટેનો એવોર્ડ જે દર વર્ષે ત્રણ એવોર્ડ આપીએ પણ માત્ર આપણે એક જ જણને પસંદ કરી શક્યા. આજે આપણાં શિલ્પકાર વીરેન્દ્ર સોમપુરા જે છે કે જેણે દિલ્હીની અંદર ૫૦૦ વર્ષ પછી મોગલ સલ્તનતના પછી અક્ષરધામ જેવું સ્થાપત્ય આપ્યું. લોસ એન્જલ્સની અંદર એ જૈન મંદિર બનાવે છે, ઈંગ્લેન્ડની અંદર એ મંદિર બનાવે પણ આપણે તેની શિલ્પકલાને માન્ય રાખતાં નથી કારણ કે આપણી જે પેરામીટર્સ છે તેની અંદર લલિતકલાની અંદર

**સભાપતિશ્રી** : બે મિનિટમાં પૂરું કરો.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : આ કલાકારોને ગણવામાં આવતાં નથી. મારી આપના મારફતે વિનંતી છે કે, ગુજરાતના જે સપૂતો છે શિલ્પકારો છે તેને સામેથી ચાલી અને તમે માન્યતા આપો, તેને અપનાવો. માનનીય અધ્યક્ષશ્રી, એટલા માટે કે જ્યારે  એકેડેમીની વાત આવે આજે કચ્છી સાહિત્ય એકેડેમીની રચના થઈ છે પણ કચ્છી ભાષા જે છે તે સિંધી ભાષાની નીચેની ભાષા ગણવામાં આવે છે. મારી વિનંતી છે કે આ સરકાર ત્યાં કેન્દ્ર સરકારને બંધારણના હાથમાં  શિડ્યુલની અંદર કચ્છી ભાષાને સ્વતંત્ર ભાષાનો દરજજો આપે એવી મારી આપના મારફતે વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ એકેડેમીની રચના જે કરવામાં આવેલી છે તેની પાછળનો પણ ઇતિહાસ છે. કચ્છી ભાષા હોય, ગુજરાતી ભાષા હોય, સિંધી ભાષા હોય આખરે તો ભારતીય સંસ્કૃતિના આખરે તો પ્રવાહમાંથી ઉદ્ભવેલા ઝરણાંઓ છે. તેનો પ્રવાહ વિના વિલંબે જાય તેના માટેની તેની ગ્રાન્ટ આપવાનું રાજય સરકારનું જે ધોરણ છે તે બહું ઓછું છે.

**શ્રી કલ્યાણસિંહ દે.ચૌહાણ(દહેગામ)** : માનનીય અધ્યક્ષશ્રી, માગણી ક્રમાંક: ૯૨,૯૫ અને ૯૮ માનનીય મંત્રીશ્રી લઈને આવ્યાં છે તેમને હું મારું અનુમોદન આપવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયના મુખ્યમંત્રીશ્રી બક્ષીપંચની ભલામણોને ધ્યાનમાં રાખી અને રાજયના સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગના સર્વાંગી વિકાસ માટે જે કલ્યાણકારી યોજનાઓ બનાવવામાં આવી છે તેમાં શૈક્ષણિક યોજનાઓ, આર્થિક યોજનાઓ, આરોગ્યની આમાં હાલમાં ખાતા દ્વારા સામાજિક અને શૈક્ષણિકની ૧૪૪ જ્ઞાતિઓની વિચરતી વિમુક્ત જાતિઓ માટે વિવિધ યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે. આમાં મારી અગાઉના બધા સાથીદારોએ અહીંયા ગૃહમાં જે ચર્ચા કરી છે તેની વિગતવાર ચર્ચા નહીં કરું પણ શાળાના બાળકો,

બક્ષીપંચના બાળકો ૧ થી ધોરણ ૭ ભણતાં, ૧ થી ધોરણ ૪ ભણતાં અને ધોરણ ૫ ગ્રાન્ટેડ. ગુજરાતની અંદર ગ્રાન્ટેડ છાત્રાલયો તેમાં પણ બક્ષીપંચના વિદ્યાર્થીઓ લાભ લઈ રહ્યાં છે. બક્ષીપંચના તેજસ્વી વિદ્યાર્થીઓને તેમાં રહેવા માટે, જમવા માટેની સુવિધાઓ કરવામાં આવેલી છે. બક્ષીપંચના ઈસમોને મકાન બાંધકામ માટે ૪૫ હજાર રૂપિયા જેટલી સબસિડી પણ આપવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, બક્ષીપંચની કન્યા શાળાઓ એમાં આ ગામથી બીજા ગામ ભણતાં હોય તો તેમાં માધ્યમિક શાળાઓમાં જવા માટે તેમને ૨ હજાર રૂપિયા સહાય અથવા તેમને સાયકલ આપવામાં આવે છે. જે આજે માગણીઓ લઈને આવ્યાં છે તેમાં તેની ઘણી બધી વિગતવાર ચર્ચા કરવામાં આવી છે અહીંયા હું તેમની માગણીઓને સમર્થન આપું છું. સાયકલ સહાય, સાત ફેરા સમૂહ લગ્નના જ્યારે ગ્રામ્ય વિસ્તારમાં ઠાકોર સમાજ હોય કે અન્ય સમાજ હોય તેમની જે આર્થિક પરિસ્થિતિ સારી ના હોય ત્યાં તેમના સમૂહ લગ્ન થતાં હોય છે. આ સમૂહ લગ્નમાં જ્યારે ભાગ લેવામાં આવે છે તેમને દરેક યુગલને પાંચ હજાર રૂપિયાની સહાય ચૂકવવામાં આવે છે. માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયના મુખ્યમંત્રીશ્રીએ બક્ષી પંચ સમાજનો આર્થિક વિકાસ જે નિગમ બનાવેલ છે તેવી જ રીતે બીજી અન્ય જાતિઓ માટે પછાત વર્ગ વિકાસ નિગમ, સફાઈ કામદાર નિગમ, ગોપાલક વિકાસ બોર્ડ અને ઠાકોર કોળી વિકાસ નિગમ મારફતે અન્ય જાતિઓના વિકાસ માટે ઘણી સારી યોજનાઓ અને ફંડ આપીને કાર્યરત બનાવવામાં આવી છે. આપ સૌ મિત્રોને ખબર હશે કે આ જે નિગમ કાર્યરત કરવા માટે હમણા જ એમાં પદાધિકારીઓની પણ નિમણૂક કરવામાં આવી છે.

હમણા એક મિત્રએ વાત કરી કે કોળી સમાજ અને ઠાકોર સમાજનું નિગમ બનાવવામાં આવ્યું અને એ નિગમને આપને યાદ દેવડાવું કે આજે ઠાકોર સમાજનું ગાંધીનગર જિલ્લામાં એકેય શૈક્ષણિક સંકુલ ન હતું. એ શૈક્ષણિક સંકુલ આ રાજયના મુખ્યમંત્રીશ્રીએ સેકટર ૩માં ૭૦૦૦ ચોરસ વારની જમીન આપી ફકત ૧૯ લાખ રૂપિયામાં આ રાજય સરકારે...(સતત અંતરાય)

**સભાપતિશ્રી:** ઓર્ડર, ઓર્ડર. માનનીય ભગવાનજીભાઈ, માનનીય કમાભાઈ... (સતત અંતરાય)

**શ્રી કલ્યાણસિંહ ચૌહાણ:** આજે આ માગણીઓ લઈને આવ્યા છે તેને હું સમર્થન આપીને મારી વાત પૂરી કરું છું. (અંતરાય)

**સભાપતિશ્રી:** માનનીય કમાભાઈ આપ બેસો. ભગવાનજીભાઈ, ફતેસિંહભાઈ, પ્લીઝ. આપ બેસો.

**શ્રી ઉદેસિંહ પું. ઝાલા(બાયડ)** : માનનીય અધ્યક્ષ મહોદય, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના મંત્રી મહોદય શ્રી ફકીરભાઈ વાઘેલા બક્ષી પંચને લગતી માગણીઓ લઈને આવ્યા છે તેમાં મારો સૂર પૂરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના કલ્યાણ વિશે ગૃહમાં ચર્ચા થઈ રહી છે. થોડા વખત અગાઉ માનનીય સભ્યશ્રી ફતેસિંહભાઈએ વાત કરી અને એમણે એ વાત કરી કે ઠાકોર અને કોળી સમાજ માટે બોર્ડ બનાવ્યું, પણ હું એમને એમ કહેવા માગું છું કે બોર્ડ વર્ષો પહેલા હતું અને ૧૯/૯/૨૦૦૩ ના દિવસે ગુજરાત રાજયના મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીજીએ ઠાકોર અને કોળી સમાજના બોર્ડને લીલી ઝંડી આપીને અનેકવિધ યોજનાઓ દ્વારા ઠાકોર અને કોળી સમાજ જે બીજા સમાજોની હરોળમાં આવે એ માટેના અનેક પ્રયત્નો કરવામાં આવ્યા. એ પ્રયત્નોથી જે પ્રગતિ થઈ રહી છે એ *(xxxxx)અને એના કારણે...(અંતરાય)

* (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

**સભાપતિશ્રી:** દેવજીભાઈ પ્લીઝ. આપ આપની જગ્યાએથી વારંવાર ડિસ્ટર્બ કરો છો એ યોગ્ય નથી. (અંતરાય) એમને પણ કહ્યું છે. કમાભાઈ પ્લીઝ. આપ આપની જગ્યાએ ઉભા ન થાઓ. કમાભાઈ, પ્લીઝ. આપ આપની જગ્યા પર બેસો. એમને ડિસ્ટર્બ ન કરો. પ્લીઝ. કમાભાઈ, ફતેસિંહભાઈ, પ્લીઝ. એમના પ્રવચનમાં ખલેલ ન પાડો.

**શ્રી ઉદેસિંહ પું. ઝાલા** : સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગો જે છે એની સંખ્યા અને ટકાવારી પણ લગભગ ૬૦ ટકા જેટલી છે. આટલો મોટો વિશાળ સમુદાય ગરીબી રેખામાં અથવા તો હાડમારી ભોગવતો હોય એ કદાપિ ચાલી શકે નહીં. એટલા માટે પહેલાની સરકારોએ જે જે યોજનાઓ કરી હતી એમાં આમૂલ પરિવર્તન કરીને ગુજરાતના મુખ્યમંત્રીશ્રીએ નવી યોજનાઓના સ્વરૂપે અનેક કલ્યાણકારી યોજનાઓ એ લોકોના કલ્યાણ માટે મૂકી અને એ કલ્યાણકારી યોજનાઓના કારણે જે આ વર્ગોની પ્રગતિ થઈ રહી છે તે ઉડીને આંખે વળગે એવી પ્રગતિ છે. માનનીય અધ્યક્ષશ્રી, એ વખતે તો બોર્ડ પાસે કોઈ બેલેન્સ નહોતું, કોઈ એવી શેરમૂડી નહોતી, પરંતુ આ નિગમ થયા પછી ૧૫ કરોડ રૂપિયાથી વધારે શેરમૂડી ઉભી કરી છે અને લાભાર્થીઓને જુદી જુદી યોજનાઓ નીચે લાભ આપવા માટે સહાયનું વિતરણ કરવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી બાબત મારે એ કહેવી છે કે બક્ષીપંચની ૧૪૪ જ્ઞાતિઓ છે અને એમાં ૧૨ જેટલી જ્ઞાતિઓ તો અતિ પછાત છે, એ હાડમારીભરેલું જીવન જીવે છે, એક જગ્યાએથી બીજી જગ્યાએ જાય છે. એ વખતે કોંગ્રેસે  ગરીબી હટાવો સૂત્ર આપ્યું હતું. એક મદારી મને એમ કહેતો હતો કે આ ગરીબી હટાવો સૂત્ર આપ્યું છે એનાથી અમારું કલ્યાણ થવાનું છે, અમને આવાસો મળી રહેશે અને જીવન જરૂરિયાતની વસ્તુઓ મળી રહેશે. તો એ વાતને ૪૦ વર્ષ થયાં અને કશું જ થયું નહોતું. આજે માનનીય મખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ સત્તાનાં સૂત્રો સંભાળ્યાં ત્યારે અનેક યોજનાઓ એવી છે કે આવી હાડમારી ભોગવતા, એક જગ્યાએથી બીજી જગ્યાએ ભટકતા લોકો માટે પંડિત દીનદયાળ આવાસ યોજના અમલમાં મૂકી છે અને આ યોજના ગુજરાતમાં સૌ પ્રથમ યોજના છે કે જેના માટે કોઈ સરકારે વિચાર સુધ્ધાં પણ નહોતો કર્યો. આ સરકારે આના માટેનો વિચાર કરીને આવી આવાસ યોજનાઓ ગામે ગામ શરૂ કરી છે. સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના મંત્રીશ્રી ફકીરભાઈ વાઘેલા આ બાબતમાં ઉંડો રસ લઈ રહ્યા છે અને ગજરાતમાં દરેક જગ્યાએ જયાં શકય હોય એવી જગ્યાઓએ આવા આવાસો બનાવવા માટે ઉંડો રસ લઈને કામગીરી કરી રહ્યા છે. વધમાં મારે એ પણ કહેવું છે કે (xxxxx) (xxxxx)તો તેમની મર્યાદાઓ અને જવાબદારી છે એની પણ ઉપરવટ જઈને જે તે વિસ્તારોમાં આવા આવાસો બનાવવા માટે સતત પ્રયત્નો કરી રહ્યા છે અને એમાં એ પણ ઉંડો રસ દાખવી રહ્યા છે. આવા આવાસો માટેની જમીનના પ્રશ્ન હોય,જમીન સંપાદન કરવાની હોય તો એ સરકારમાં જાતે જાય અને ગરીબ અને ભટકતા માણસો, અજ્ઞાન માણસો કે એમને કાંઈ કશી ખબર જ ના હોય એમના  માટેના આવાસો માટેની જમીન મેળવવાનો અને જમીન સંપાદન કરાવવા માટેની કામગીરી પણ કરી આપે છે. અનેક સંસ્થાઓ પાસેથી દાન લઈને માળખાગત સુવિધાઓ પણ ઉપલબ્ધ કરાવી આપે છે. અમારી સમિતિએ રાજકોટની પારેવા વસાહતની મુલાકાત લીધી હતી અને ત્યાં આગળ એક એવું દ્રશ્ય ઉભું થયું હતું કે એ લોકો બધા ભાવવિભોર થઈ ગયા હતા. તેમણે એમ કહ્યું કે અત્યારસુધી અમારો કોઈ ભાવ જ પૂછતું નહોતું,પરંતુ આ સરકારે અને દાતાઓએ  ઉડો રસ લઈને આ ૬૦ મકાનો બનાવ્યાં છે અને એમાં માળખાગત સુવિધાઓ અને પ્રાથમિક શાળાની સગવડ પણ કરી આપી છે. તો આવી અનેક વસાહતો છે. બીજી એક વસાહત એ ભવનાથ વસાહત છે એ પણ અમે જોઈ હતી તો એ વસાહત

સરકાર અને દાતાઓએ બનાવી આપી છે, પરંતુ એમાં સરકારે એટલી બધી કાળજી રાખી છે કે એ જંગલ વિસ્તારમાં બનાવી છે અને કોઈ હિંસક પ્રાણીઓથી બચાવવા માટે અથવા તો નિર્ભય બનીને રહેવા માટે પ્રોટેકશન વોલ પણ બનાવી આપી છે. એટલે આ સરકાર આ લોકોની કેટલી ચિંતા કરે છે એ આના ઉપરથી જોઈ શકાય છે. ભૂતકાળમાં આવો વિચાર પણ કોઈએ કર્યો નહોતો, આ રીતની આ વસાહત છે.

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા ( સામાજિક ન્યાય અને અધિકારીતામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, આજની મારા બંને વિભાગની માગણીઓ ઉપર આ ગૃહના ૧૮ જેટલા માનનીય ધારાસભ્યશ્રીઓએ પોતાના વિચારો મૂક્યા છે. ઘણા મારા સાથી પક્ષના ધારાસભ્યશ્રીઓએ ટીકા પણ કરી છે, એ ટીકાને પણ હું સકારાત્મક રીતે સ્વીકારુ છું અને એમાંથી વહીવટી કક્ષાએ જે કંઈ સુધાર થઈ શકતો હશે એ કરવા માટેનો પણ મારો પ્રયત્નો હશે. મારી જે ત્રણેય માગણીઓ હતી એમાં વિરોધપક્ષના ૪૦ ધારાસભ્યશ્રીઓએ કાપદરખાસ્તોની નોટિસ આપી હતી પરંતુ એમાંથી ૧૧ જ મિત્રો જ હાજર હતા અને એટલા માટે જે ગેરહાજર મિત્રો છે. (અંતરાય)

સત્તા, સંપત્તિ અને મંત્રી પદને જેણે લાત મારીને છેવાડાના માનવીની સેવામાં કર્મ યોગના યજ્ઞની ધૂણી

**(અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને)**

ધખાવનાર રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના નાનાજી દેશમુખ પ્રચારક હતા, ભારતીય જનતા પક્ષના તત્કાલીન મહામંત્રી હતા, એમની પુણ્યતિથિ હમણાં જ ફેબ્રુઆરી મહિનામાં તાજેતરમાં જ ગઈ. એમણે રાષ્ટ્ર સેવા, સમાજ સેવા અને માનવ સેવાનો બે પંકિતમાં મર્મ સમજાવતા એમ કહ્યું કે,

**" મે અપને લઈ નહિ, અપનો કે લીએ હું,**

**અપને વો હૈ જો પીડિત એવમ ઉપેક્ષિત હૈ."**

આ સ્વ. નાનાજી દેશમુખના અપનોની વાત લઈને આજે આ સન્માનનીય સભાગૃહ સમક્ષ ઉપસ્થિત થયો છું. મારુ સદ્ભાગ્ય છે કે હું ૧૧મી વખત સામાજિક ન્યાય વિભાગની માગણીઓ આ ગૃહ સમક્ષ મૂકી રહ્યો છું. પછાતપણાથી હાર્યા વગર પછાતપણાને સીડી બનાવીને પછાતોના ઉદ્ધારક ગરીબોના મસીહા ભારત રત્ન મહામાનવ ડો. બાબાસાહેબ આંબેડકરે કહ્યું હતું કે અદિ આપ મૂઝે અછૂત માનતે હૈ તો મૂઝે અછૂત હોને કા ગર્વ હૈ, યદી મેં અછૂતો કા ઉદ્ધાર કરને મેં વિફલ રહા તો બીજલી કે થંભે મેં લટકર ખુદકુશી કરલુંગા. જે ઝનૂન ડો. બાબાસાહેબ આંબેડકરે બતાવ્યું હતું એ ઝનૂન આ રાજય સરકાર દલિત ઉદ્ધારમાં બતાવી રહી છે. જે વિચારધારામાંથી અમે આવીએ છીએ એ વિચારધારા છે," દલ નહિ પણ દેશ મહાન" આ સંઘની વિચારધારા, રાષ્ટ્રીય સ્વયંસેવકની વિચારધારા છે. જ્યારે મારા સાથી પક્ષના સભ્યો ટીકા કરતા હતા ત્યારે મારે કહેવું છે કે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સ્વયંસેવક હોવાનો મને ગર્વ છે. ભારતીય જનતા પાર્ટીના જે રાષ્ટ્રીય અધ્યક્ષ આદરણીય નીતિન ગડકરીજીએ આ જ વિચારધારાને એક મંત્ર સ્વરૂપે એમના પ્રથમ જે અધ્યક્ષપદેથી પ્રવચન હતું એમાં એમણે એમ કહ્યું કે રાષ્ટ્રવાદ હમારી પ્રેરણા, સુશાસન સે અંત્યોદય હમારા લક્ષ. રાજનીતિ અમારા માટે સાધન છે, ગરીબો સુધી પહોંચવા માટે એના આંસુઓ લૂછવા માટે એને સાધ્ય નથી માર્ગ છે પણ મંજિલ નથી. અમારી જે ટીકા કરે છે તે મારા સાથી સભ્યોને મારે આપના દ્વારા કહેવું છે કે

**"અમે અમારી રીત પ્રમાણે રાતો અજવાળી છે,**

**તમે ઘરે દીવો સળગાવ્યો અમે જાતને બાળી છે. "**

માનનીય અધ્યક્ષશ્રી, હું આજે અનુસૂચિત જાતિ કલ્યાણની પ્લાન સદરની રૂા. ૩૬૧.૭૩ કરોડ સહિત અનુસૂચિત જાતિ પેટા યોજનાની ૨૦૩૦ કરોડ, આર્થિક રીતે પછાત વર્ગ લઘુમતીઓ સહિતની બક્ષી પંચ જાતિઓની રૂા. ૩૮૦.૯૪ કરોડ અને સમાજ સુરક્ષા વિભાગની ૨૪૬.૧૫ કરોડ તેમજ નૉન પ્લાન સદરે ત્રણે પ્રભાગની ૧૨૩.૭૯ કરોડ મળીને ૨૭૮૦.૮ કરોડની માગણી માગણી લઈને આ સન્માનનીય ગૃહ સમક્ષ આવ્યો છું.

આદરણીય વજુભાઈ વાળાએ રજૂ કરેલ ૩૭,૧૫૨ કરોડના પ્લાનમાં અનુસૂચિત જાતિ કલ્યાણ, વિકસતી જાતિ, નિરાધાર વિકલાંગ આ બધું મળીને ૨૭૮૦ કરોડની જોગવાઈ કરી છે. જે ગત વર્ષે ૨૦૧૦-૧૧માં ૧૮૭૬ કરોડ હતી તેના કરતા ૯૦૪ કરોડ વધારે છે. આટલા મોટા વધારા માટે હું માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ અને માનનીય નાણામંત્રીશ્રી વજુભાઈ વાળાનો ખૂબ ખૂબ આભાર માનું છું.

અનુસૂચિત જાતિ કલ્યાણની ચર્ચા થાય ત્યારે સાથી પક્ષના મિત્રો જ્યારે અનુસૂચિત જાતિની વસતિના સપ્રમાણ પ્લાનની જોગવાઈ નથી એવી ટીકા કરે. આ સત્રમાં પણ વિરોધપક્ષના માનનીય નેતા શકિતસિંહજીએ, માનનીય સભ્યશ્રી ચંદુભાઈ ડાભીએ આ પ્રકારના મુદ્દા ઉઠાવ્યા હતા. ચંદુભાઈએ તો એમ કહ્યું અને તેમણે આ મુદ્દો ઉઠાવતા ૭ ટકા પ્રમાણે થતી નથી. તેમણે ગણતરી કરીને આંકડા આપ્યા. મારે મિત્રોની આ ટીકાને તેમના શાસનમાં એમના વખતે કેટલી ટકાવારી હતી તેના આંકડા આપીને પડકારવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, કોંગ્રેસનું શાસન ૧૯૮૫થી ૧૯૯૦ દરમ્યાન ટકાવારીની વાત કરું છું. પ્લાન સામે (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : ઑર્ડર, ઑર્ડર. બાવકુભાઈ,.. બાબુભાઈ.

**શ્રી ફકીરભાઈ ૨. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, કોંગ્રેસના શાસનમાં ૧૯૮૫થી ૧૯૯૦ દરમ્યાન પ્લાન સામે ૭ ટકાના બદલે જોગવાઈ હતી ૨.૮૬ ટકા. ૧૯૯૧થી ૧૯૯૫, ત્યારે પણ કોંગ્રેસનું શાસન હતું. (અંતરાય) ૧૯૯૧થી ૧૯૯૫ કહું છું. (અંતરાય) નો, નો. ૧૯૯૦માં સંયુક્ત સરકાર હતી માનનીય શકિતસિંહજી એક જ વર્ષ, ૧૯૯૦માં રહી. ૧૯૯૧થી ૧૯૯૪ તમારી સરકાર હતી. હું તેના આંકડા આપી રહ્યો છું. ૧૯૯૧થી ૧૯૯૪ કોંગ્રેસના શાસનમાં આ ટકાવારી થઈ ૨.૯૭ ટકા.

માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૧-૧૨માં સૂચિત બજૅટમાં અનુસૂચિત જાતિ માટેની ફાળવણી ૨૦૧૩ કરોડ એટલે પ્લાનના ૫.૪૬ ટકા. હું સ્વીકારું છું પણ એટલી ખાતરી પણ આપું છું કે આ સરકાર તબક્કાવાર તેમાં વધારો કરીને ૭ ટકા સુધી લઈ જવાનો નેક ઈરાદો અને શુભ પ્રયાસ કરી રહી છે. આ ગૃહમાં કોઈ એક દિવસ એવો નથી હોતો કે મારા સાથી ધારાસભ્યોના ભાષણમાં માનનીય મુખ્યમંત્રીશ્રીની સરકારને ગરીબ વિરોધી સરકાર ચીતરવા માટેનો પ્રયત્ન ન થયો હોય. સને ૨૦૧૧-૧૨માં બજૅટમાં એસ.સી., એસ.ટી., ઓ.બી.સી. માટે ફાળવેલ રકમ દેશના અન્ય મહત્ત્વના રાજયોમાં કેટલી હતી એ જાણીને સ્પષ્ટ થશે કે ગુજરાતની ભા.જ.પ.ની સરકાર ગરીબ વિરોધી નહીં, ગરીબોની બેલી છે. માનનીય અધ્યક્ષશ્રી, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જન જાતિ અને અન્ય પછાતવર્ગ આ બધાની તુલનામાં ગુજરાત કયાં ઊભું છે? એના આપના વતી મારા સાથી સભ્યોને આંકડા આપવા માગું છું. ગુજરાતમાં રૂ.૩૭૧૫૨/- કરોડની પ્લાનની જોગવાઈ - એસ.સી, એસ.ટી. અને ઓ.બી.સી.ની જોગવાઈ રૂ.૭૨૩૮/-કરોડ એટલે કુલ પ્લાનના ૧૯ ટકા. આંધ્ર પ્રદેશ જ્યાં કોંગ્રેસની સરકાર છે. રૂ.૪૨૭૧૫/- કરોડની પ્લાનમાં જોગવાઈ- એસ.સી, એસ.ટી. અને ઓ.બી.સી.ની જોગવાઈ રૂ.૫૯૯૨/-કરોડ એટલે કુલ

જોગવાઈના ૧૪ ટકા. ગુજરાત કરતાં રૂ.૧૨૪૬/- કરોડ ઓછા. રાજસ્થાન- રૂ.૨૮૯૧૫/- કરોડની પ્લાનમાં જોગવાઈ -એસ.સી, એસ.ટી. અને ઓ.બી.સી.ની જોગવાઈ રૂ.૫૦૧૫/- કરોડ એટલે ૧૭.૫ ટકા. ગુજરાત કરતાં રૂ.૨૨૨૩/- કરોડ ઓછા. હરિયાણા- રૂ.૨૦૩૨૮/-કરોડની પ્લાનમાં જોગવાઈ - એસ.સી, એસ.ટી. અને ઓ.બી.સી.ની જોગવાઈ રૂ.૨૮૦૬/- કરોડ એટલે ૧૩.૮ ટકા અગાઉ મેં કહ્યું એમ ગુજરાતે ફાળવ્યા ૧૯ ટકા જે અન્ય રાજયો કરતાં વધારે છે. ભારત દેશના મહત્ત્વના રાજયો છે એની સાથે ગુજરાતની સરખામણી હોય. કોઈ સ્વીકારે કે ન સ્વીકારે, કોઈને ગમે કે ન ગમે, આંકડા વાસ્તવિક છે. ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી ગરીબોના બેલી અને વંચિતોના વાણોતર છે. જે મિત્રો સત્યના સૂર્યને ખુલ્લી આંખે જોવા માગતા નથી એમને મારે કવિ જયેન્દ્ર મહેતાના મુક્તકથી જવાબ આપવો છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : પ્લીઝ, શાંતિ રાખો. પ્લીઝ શ્રી બાવકુભાઈ, શ્રી શકિતસિંહ.. ..

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી,

" જેમના નયનો મહીં અંધકાર છે જેમને મન વિશ્વ કારાગાર છે,
સૂર્યને ઘુવડ કદી જોતો નથી, એટલે વિશ્વમાં અંધાર છે?"

માનનીય અધ્યક્ષશ્રી, મારા સાથી સભ્યશ્રી ચંદુભાઈ ડાભીએ ગૃહમાં દલિતો ઉપરના હુમલાની વાત કરી, એમણે મંદિર પ્રવેશની વાત કરી અને એમ કહ્યું કે, અત્યાચારના બનાવોમાં ગુજરાત ચોથા નંબરે છે. હું જે આંકડાઓ તપાસતો હતો- રાજય સરકારના નહીં કેન્દ્ર સરકારના. દલિતો ઉપરના અત્યાચારના બનાવો દુઃખદ છે, નીંદનીય છે, હું એને સખત શબ્દોમાં વખોડી કાઢું છું, એ ન થવું જોઈએ. એ પછી સરકાર આ પક્ષની હોય કે મારા સાથી સામે બેઠેલા વિરોધપક્ષની હોય. માનનીય શ્રી ચંદુભાઈનો આક્ષેપ છે કે, ભારતીય જનતા પાર્ટીની સરકારમાં અત્યાચારના બનાવો વધી રહ્યા છે. મારે આપના દ્વારા એમને કહેવું છે કે, આ હકીકત નથી, એ સત્યથી વેગળું છે. છેલ્લા ૨૦ વર્ષના દલિતો ઉપરના અત્યાચારના આંકડાઓનો હું અભ્યાસ કરતો હતો. એમાં જે ચિત્ર ઉપસ્યું છે એ આપના ધ્યાને મૂકું છું. વર્ષ ૧૯૯૦માં ભારતીય જનતા પાર્ટીની સંયુક્ત સરકાર હતી. દલિતો ઉપરના અત્યાચારોના બનાવો હતા ૬૩૮.ાી૧૯૯૧ થી ૯૪ કોંગ્રેસની સરકાર, ૧૯૯૪ના વર્ષમાં આ અત્યાચારના આકડા વધીને થઈ ગયા ૧૯૧૬. ૧૯૯૭માં કોંગ્રેસની સરકાર, આ આકડા થઈ ગયા ૧૮૪૪, ૧૯૯૮ની અંદર ભા.જ.પ.ની સરકાર આવી, અમારી સરકાર આવી અને ક્રમશઃ: તેમનો ઘટાડો થતો ગયો. વર્ષ ૨૦૦૦માં એ ઘટીને ૧૪૦૫ થયા અને ૨૦૧૦માં એ ઘટીને ૧૦૧૧ થયા. ૧૯૧૬માંથી ઘટતા ઘટતા ૧૦૧૧એ આવ્યા છે. આ વાસ્તવિકતા છે. આ રેકૉર્ડ બતાવે છે કે ભા.જ.પ.ના શાસનમાં દલિતો પરના અત્યાચાર વધ્યા નથી પણ ઘટ્યા છે. આ રાજય સરકારનું જે બુલેટીન છે એની વાત કરી રહ્યો છું પણ કદાચ મારા સાથી મિત્રોને એમાં ભરોસો ના બેસે તો કેન્દ્ર સરકાર, ભારત સરકાર NCRB નેશનલ ક્રાઈમ રેકૉર્ડ બ્યુરો, ન્યુ દિલ્હી એના દ્વારા એ ક્રાઇમ ઇન ઈન્ડિયા, એનો અહેવાલ દર વર્ષો આવે છે. હું ૨૦૧૦નો એનો અહેવાલ વાંચતો હતો અને એ અહેવાલની અંદર ૨૦૦૯માં જૂદા રાજયોમાં અત્યાચારના જે બનાવો બન્યા છે એ જોતો હતો, મને એમ કે જ્યારે ચંદુભાઈએ કીધું છે, સીનીયર સભ્ય છે, મારા સાથી મિત્રો એટલે એમાં કંઈક દમ હશે, જે ચિત્ર ઉપસ્યુ છે એ આપના દ્વારા મારા વિદ્વાન સભ્યોને મારે કહેવું છે. ભારતમાં ૨૦૦૯માં સમગ્ર ભારતમાં અનુસૂચિત જાતી પરના અત્યાચાર કુલ ૩૩૫૯૪ એ પૈકી ૪૯૮૫ બનાવો અને કુલ બનાવોના ૧૪.૮ ટકા સાથે કોંગ્રેસ શાસિત રાજસ્થાન પ્રથમ નંબરે છે. એ જ રીતે કોંગ્રેસ શાસિત આંધ્રપ્રદેશ, આંધ્રપ્રદેશની અંદર ૪૫૦૪ અને ૧૩.૪ ટકા સાથે બીજા નંબરે એ આંધ્રપ્રદેશ છે. ગુજરાત ૩.૫, કયાં

૧૪.૮ અને ક્યાં ૩.૫ અને એ કહેતા હતા ચોથા નંબરે, મારે આપના દ્વારા એમને કહેવું છે, ગુજરાત ચોથા નંબરે નહીં અગિયારમા નંબરે છે. ચંદુભાઈ એ પણ અમને પસંદ નથી. સિંધી ભાષામાં એક કહેવત છે, મેં એટલે કે ભેંસ, " મેં ચાહે ગાય કે હલ તું પુછ કાલી " એટલે ભેંસ એ ગાયને કહેશે કે જા જા તારું પૂછડું કાળુ છે. ચંદુભાઈ ડાભીએ મારા આદરણીય સભ્ય એમણે વણકરોને અન્યાયની વાત કરી. વણકર ભાઈઓને અન્યાય એ ભા.જ.પ.ની રાજય સરકારમાં નહીં *(xxxxx) ૨૦ ટકા વળતર જે ખાદી ઉપર આપવામાં આવતું હતું એમાં વધારો કરવાને બદલે પાંચ ટકા ઘટાડો કર્યો. વળતરમાં ઘટાડો કર્યો અને સ્વાભાવિક એની અસર રોજી રોટી ઉપર થઈ, મારે કહેવું છે કે આ ગુજરાતના માનનીય મુખ્યમંત્રી નરેન્દ્રભાઈએ કાર્યકર્તા અને નાગરિકોને ખાદી ખરીદવાનું આહવાન કર્યુ અને ખાદીની ખરીદી ઉપર ૩૦ ટકા વળતર રાજય સરકાર આપે છે. હવે નક્કી કરીએ આપણે કે એમાં વણકરભાઈઓને કોણે અન્યાય કર્યો? આ બાબત આપણે વણકર ભાઈઓને નક્કી કરવા દો, કોણ કોને અન્યાય કરે છે. .. અંતરાય ..

**શ્રી ખુમાનસિંહ ૨ા. ચૌહાણ** : *(xxxxx).કોઈ દિવસ ખાદી પહેરી છે ફકીરભાઈ? .. અંતરાય ..

**અધ્યક્ષશ્રી** : મંત્રીશ્રીનો જવાબ ચાલે છે, પ્લીઝ શાંતિથી સાંભળો.

**શ્રી ફકીરભાઈ ૨. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, આઈ.બી. સી.બી.આઈ. ઈન્કમટેકસ આ બધાનો દુરુપયોગ કરીને નરેન્દ્રભાઈ મોદીની સરકારને કઈ રીતે ડીર્સ્ટબ કરવા માગે છે.

કવિ નરેન્દ્ર મોદીની કવિતાથી મારે એમને જવાબ આપવો છે. નરેન્દ્ર મોદીની કવિતા એમ કહે છે કે,

શાણાઓ અમને પાગલ કહે છે, પણ અમે ફૂટીએ એ પરપોટા નથી.
અમે ક્યાં કોઈ કાંઠો છીએ, અમે તો દરિયાની મઝધાર છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, દરેક વાતમાં, દરેક મુદ્દામાં નરેન્દ્રભાઈને નિશાન બનાવીને એમની છબી, એમની પ્રતિભાને નીંદવાનો, ખરડાવવાનો પ્રયાસ કરવાવાળાને મારે કવિ બાલુભાઈ પટેલની કવિતાથી જવાબ આપવો છે. એ એમ કહે છે કે,

છીછરા ખાબોચિયા છલકાય છે એટલે ગંદકી ફેલાય છે.
'બાલુ' સૌ નિંદા કરે તો છો કરે, આપણા તો સૌ પાપ ધોવાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, વર્ષોની જેમ ચાલુ વર્ષે પણ અનુસૂચિત જાતિ, વિકસતી જાતિ, વિકલાંગો માટે હું દર વખતે વર્તમાન અને ભૂતપૂર્વ ધારાસભ્યો, સંસદસભ્યો, સમાજના વિવિધ પ્રબુદ્ધ આગેવાનોને બોલાવું છું અને એમની સાથે વિચાર-વિમર્શ કરું છું અને એમાંથી જે બહુમૂલ્ય સૂચનો મળે એને વર્તમાન અંદાજપત્ર દ્વારા લાવતો હોઉ છું. આ સૂચિત બજૅટમાં જે વિવિધ ખાતાઓની નવી જાહેરાતો છે એ મારે કરવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ધોરણ-૧ થી ૧૦માં ભણતા અનુસૂચિત જાતિ, વિકસતી જાતિના વિદ્યાર્થીઓને રૂપિયા ૭૫ થી ૨૦૦ જે શિષ્યવૃતિ મળે છે તેમાં વધારો કરીને રૂપિયા ૧૫૦ થી ૩૦૦ કરવામાં આવશે. આ વધારાથી ૪૭ લાખ વિદ્યાર્થીઓને માટે ૪૩.૬૨ કરોડની ફાળવણી કરવામાં આવી છે. જે ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલયો ચાલે છે એમાં ૬૦ લાખના ખર્ચે એક હજાર વિદ્યાર્થીઓના વધારાની હું જાહેરાત કરું છું. અનુસૂચિત જાતિના જે વિદ્યાર્થીઓ માટે જે સરકારી છાત્રાલયો છે એની પણ ક્ષમતા વધારવા માટે ૫૦૦ બેઠકોનો વધારો ૮૦ લાખના ખર્ચે કરવાની

* (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.
* (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

હું જાહેરાત કરું છું. અમારા સાથી માનનીય રાજ્ય કક્ષાના મંત્રીશ્રી રણજીતભાઈ ગીલીટવાલા, અમારા રમેશભાઈ, ભાનુબેન, આત્મારામભાઈ, યોગેશભાઈ આ બધાની લાગણી અને માગણી હતી એને ધ્યાનમાં રાખીને ભુજ ખાતે સરકારી કુમાર-કન્યા છાત્રાલય, ભાવનગર, સુરત ખાતે આદર્શ નિવાસી શાળા અને વડોદરા ખાતે કન્યા છાત્રાલય અને રાજકોટ ખાતે કન્યાઓ માટે આદર્શ નિવાસી શાળાનું નવું બાંધકામ કરવાની હું જાહેરાત કરું છું. આના કારણે સમગ્રતયા ૨.૨૨ કરોડની જોગવાઈ આ વખતના બજૅટમાં કરી છે. આધુનિક યુગ એ વિજ્ઞાનનો યુગ છે અને એમાં કદમ મિલાવવા માટે અનુસૂચિત જાતિઓ માટેની જે ૧૧ આદર્શ નિવાસી શાળાઓ છે એમાં ૭૫ લાખના ખર્ચે વિજ્ઞાન પ્રવાહ શરૂ કરવાની પણ હું જાહેરાત કરું છું. અનુસૂચિત જાતિ, વિકસતી જાતિના જે વિદ્યાર્થીઓ છે એમને હાલ ગણવેશ માટે જે ૧૫૦ રૂપિયા આપવામાં આવે છે તેમાં વધારો કરીને રૂપિયા ૨૦૦ આપવાની જાહેરાત હું કરું છું. આના કારણે ૩૮.૭૫ લાખ વિદ્યાર્થીઓને ૧૯.૭૫ કરોડની જોગવાઈ આ અંદાજપત્રમાં કરવામાં આવી છે. અનુસૂચિત જાતિઓમાં પણ જે અતિ પછાત છે એવા મારા નાડિયા સમાજ, ખાડી સમાજ, કોળી, સેનમા, તુરી બારોટ, ગરો બ્રાહ્મણ, વાલ્મિકી, માતંગ, વણકર સાધુ, અનુસૂચિત જાતિના બાવા, તિંરંગર, તિરબંદા આ બધી ૧૨ જાતિઓ છે એમના ધોરણ ૧ થી ૧૦ માં વિદ્યાર્થીઓ છે એ દર હાલમાં ૩૦૦ થી ૬૦૦ છે એમાં વધારો કરીને ૧ થી ૧૦ ના તમામ વિદ્યાર્થીઓને ૬૫૦ રૂપિયાની શિષ્યવૃત્તિની હું જાહેરાત કરું છું. આને કારણે ૧.૨૦ લાખ વિદ્યાર્થીઓને લાભ મળશે અને એ માટે મેં ૩.૧૮ કરોડની જોગવાઈ આ બજૅટમાં કરાવી છે. અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિના વિદ્યાર્થીઓ છે એ તકનિકી અને વ્યાવસાયિક અભ્યાસક્રમ માટે એમની શિષ્યવૃત્તિ ૨૦૦ રૂપિયા હતી તેમ ૫૦નો વધારો કરીને રૂા.૨૫૦ કરું છું અને સ્ટાઈપેન્ડના જે દર હતા એ પણ ૧૨૫ રૂપિયા કરું છું આનો લાભ ૩૨૦૦૦ વિદ્યાર્થીઓને મળશે અને એના માટેની જોગવાઈ ૧.૭૨ કરોડ. અનુસૂચિત જાતિ વિકાસ કોરપોરેશન એમના દ્વારા બેંકેબલ સીધું ધિરાણ, માનવ ગરિમા આ બધા એમના લાભીર્થીઓ છે અનુસૂચિત જાતિના ૫,૯૪,૩૨૯ લાભાર્થીઓને ૧૦૫.૮૯ કરોડની સબસિડી અને એની સાથે ૪૮૧.૯૦ કરોડના ધિરાણનો લાભ આપ્યો છે. સફાઈ કામદાર વિકાસ નિગમ એમને પણ ડો. આંબડકર આવાસ યોજનાતહત્ ૩૭૨૧૩ સફાઈ કામદારોને ૧૪૦.૫૯ કરોડની લોન આપવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે સામેથી પણ મારા સાથીસભ્યોનો એક વ્યૂહ રહ્યો હતો, એમની પણ લાગણી હતી અને અમારા પક્ષના જે ધારાસભ્યો છે એમના બધાના મનમાં આ બી.પી.એલ. યાદીનું જે ધોરાણ છે એ ખુંચતું હતું. આ સ્તરે બી.પી.એલ.યાદી, એના માપદંડ કોણ નક્કી કરે છે એની ચર્ચામાં આજે હું પડવા નથી માગતો પણ સમય આવશે ત્યારે એ પણ કરીશું. આ બી.પી.એલ.ના માપદંડના કારણે જે સાચા લાભાર્થીઓ હોય એ એનાથી વંચિત રહી જાય અને એટલા માટે હું કહું (અંતરાય) ખબર ના હોય તો ઊભા થઈને પૂછોને હું જવાબ આપું. સાહેબ, મને સતત ડિસ્ટર્બ કરી રહ્યાં છે.

**અધ્યક્ષશ્રી** : બાવકુભાઈ પ્લીઝ, (અંતરાય)

**શ્રી ખુમાનસિંહ ૨ા. ચૌહાણ (બેઠા બેઠા)** : એમને ખબર નથી કોણ કરે છે? (અંતરાય) સરકારી તંત્ર કરે છે.(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : આપના પક્ષના સભ્યશ્રી જ્યારે બોલતા હતા ત્યારે આપની તમામ વાતો મંત્રીશ્રીએ સાંભળી છે. એમનો જવાબ આપવાનો અધિકાર છે તો આપણે એમને સાંભળવા જોઈએ પ્લીઝ. (અંતરાય) આપ અલગથી માહિતી નિયમોનુસાર લઈ લેજો. પ્લીઝ.

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** :માનનીય અધ્યક્ષશ્રી, ભાઈ, એ મિત્રો બોલતા હતા ત્યારે હું એક શબ્દ બોલ્યો નથી, સાહેબ. બધાનું મેં લખાણ લખીને તમને જવાબ આપી રહ્યો છું. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, બી.પી.એલ.ના માપદંડના કારણે સાચા લાભાર્થી આ યોજનાથી વંચિત રહી જાય છે અને તેથી અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિ માટેની કુંવરબાઈનું મામેરું, સાત ફેરા સમૂહ લગ્ન યોજના, બે જોડી ગણવેશ સહાય, માનવ ગરિમા, સરસ્વતી સાઈકલ યોજના આ બધી યોજનાઓમાં બી.પી.એલ.ના બદલે હાલની આવક મર્યાદામાં વધારો કરીને ગ્રામ્ય વિસ્તાર માટે ૨૦૦૦૦ અને શહેરી વિસ્તાર માટે ૨૫૦૦૦ કરવાની હું જાહેરાત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મને આપના મારફતે જણાવતા આનંદ થાય છે કે વિકસતી જાતિની ગત વર્ષની ૩૧૦ કરોડની જે પ્લાન જોગવાઈ હતી એમાં લગભગ ૭૧ કરોડનો વધારો આ વર્ષે કરવામાં આવ્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, મારા સાથી સભ્યો બોલતા હતા મારે એમને યાદ અપાવવું છે કે એમની કોંગ્રેસ સરકાર વખતે (અંતરાય) રામસિંહભાઈ જવાબ આપવો પડે. સાંભળવું પડે, હજી આવશે સાંભળજો.

**અધ્યક્ષશ્રી** : આપ આપનો જવાબ મારા તરફ જોઈને આપો પ્લીઝ.

**શ્રી ફકીરભાઈ વાઘેલા :** એજ જવાબ છે (અંતરાય) એ એમના વખતે કુલ જોગવાઈ ૭૧ કરોડની હતી અને આ વખતે ૭૧ કરોડનો વધારો કર્યો અને કુલ જોગવાઈ કરી ૪૧૨ કરોડ. માનનીય અધ્યક્ષશ્રી, જે બક્ષીપંચના ગ્રાન્ટ ઈન છાત્રાલયો છે એમાં પણ ૩,૦૦૦ વિદ્યાર્થીઓની સંખ્યા વધારવાઈ અને એના માટે ૧ કરોડ, ૮૦ લાખની જોગવાઈ કરી છે. વિકસતી જાતિના જે ૬૩ સરકારી છાત્રાલયો પૈકી ૩૧ સરકારી છાત્રાલયો એ ભાડાના મકાનમાં ચાલે, વીસનગર, ધંધુકા, મોરબી, ઈડર, દાહોદ, વડોદરા અને રાજુલા આ બધી જગ્યાએ મકાન બનાવવા માટે ૬.૩૨ કરોડની જોગવાઈ એ આમાં કરવામાં આવી છે. વિકસતી જાતિની જે ૩૩ આશ્રમ આદર્શ નિવાસી શાળાઓ છે એ પૈકી ૧૯ શાળાઓ એ સરકારી મકાનમાં કાર્યરત છે, બાકીની ૪ શાળાઓ માટે અમે આદરણીય મહેસૂલ મંત્રીશ્રી આનંદીબેને ખાસ રસ લઈને અમે આ જમીન ફાળવવા વિનંતી કરી હતી મને કહેતા આનંદ થાય છે અને હું એમનો આભાર માનું છું કે, એમના પ્રયત્નોના કારણે એ માટેની જગ્યા અમને મળી ગઈ છે. વડોદરા, મોરબી, સાવલી અને વઠવાણ ૨૮.૬૦ કરોડના ખર્ચે નિવાસી શાળાઓ બાંધવાની અને આ વર્ષે તે માટે ૮.૬ કરોડની જોગવાઈ આ બજૅટમાં કરવામાં આવી છે. માનનીય અધ્યક્ષશ્રી, બક્ષીપંચની જાતિ, લઘુમતિઓ માટે પણ ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ, ઠાકોર અને કોળી વિકાસ નિગમ, ગૌપાલક વિકાસ નિગમ, અલ્પસંખ્યક વિકાસ નિગમ, માનવ ગરિમા શૈક્ષણિક યોજના આ બધાના જે લાભાર્થીઓ છે એના ૬૬,૨૧૮ લાભાર્થીઓને ૧૭૭/- કરોડનું ધીરાણ કરેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, નિરાધાર, વિકલાંગ અને વિધવાઓ માટે પણ સમાજ સુરક્ષાની હું વાત કરું તો ૨૦૧૦-૧૧માં જે ૨૩૫/- કરોડની જોગવાઈ હતી એમાં ૧૧/- કરોડનો વધારો કરીને ૨૪૬.૧૫/- કરોડ કરી છે. વિકલાંગ ક્ષેત્રે ૫૩ મુકબધિર અને દ્રષ્ટિહિન સ્વૈચ્છિક સંસ્થાઓને ધોરણ-૮ શરૂ કરવા માટે ૯૨.૭૫/- લાખની જોગવાઈ અમે આ બજૅટમાં કરી છે. માનનીય અધ્યક્ષશ્રી, બાલગૃહો, વૃદ્ધાશ્રમો, ભિક્ષુક ગૃહો, વિકલાંગ પુન:વસન કેન્દ્રો, ઓબઝર્વેશન હોમ જેવા જે સમાજ સુરક્ષાના વિવિધ કેન્દ્રો છે એ જુદી જુદી જગ્યાઓએ ચાલતા હતા એ બધાની પ્રવૃત્તિઓને એક જ જગ્યાએ કેન્દ્રીત કરી અને એ રીતે અમદાવાદ, વડોદરા, રાજકોટ અને સુરત ખાતે ૫.૪૭/- કરોડના ખર્ચે સમાજ સુરક્ષા સંકુલ બનાવવાનું આયોજન આ બજૅટમાં કરવામાં આવે છે. માનનીય અધ્યક્ષશ્રી, જે કાયદા સાથે સંઘર્ષવાળા બાળકો છે એને જુવેનાઈલ જસ્ટીસ એકટ હેઠળ સાર સંભાળ અને સુધારણા

માટે ચીખલી તાલુકાના ખૂંદ ગામે ૧.૮૪/- કરોડના ખર્ચે અદ્યતન ઓબઝર્વેશન હોમ બનાવવાની પણ અમે જોગવાઈ કરી છે. રાષ્ટ્રીય વિકલાંગ પેન્શન યોજના અને સંત સુરદાસ યોજના જે ૮૦ ટકાથી વધારે વિકલાંગતા ધરાવતા હોય અને ૬૪ વર્ષથી વધુના વયના હોય એવા ૪૬,૨૯૪ તીવ્ર વિકલાંગતા ધરાવતા વિકલાંગોને ૪૦૦/- રૂપિયાની સહાય આપવા માટે ૨૪.૧૫/- કરોડની જોગવાઈ આ બજૅટમાં કરવામાં આવી છે. હું અનુસૂચિત જાતિ, બક્ષીપંચ, લઘુમતી આર્થિક પછાત, સવર્ણ વર્ગ સાથે પણ જે જોડાયેલા છે એવા મધ્યમ વર્ગની જ્યારે માગણીઓ લઈને આવ્યો છું ત્યારે ૮-૧૦ વર્ષથી સમાજમાં જે ક્રાંતિકારી ફેરફારો થઈ રહ્યા છે એ મારે મારા સાથી સભ્યોને કહેવું છે. અગાઉ યુ.પી.એસ.સી. કે જી.પી.એસ.સી.ની પરીક્ષા હોય તો ઉચ્ચ ધનિક વર્ગના યુવાનો જ આગળ આવે. છેલ્લા થોડા વર્ષમાં ફેરફાર થયો છે એ ફેરફાર એવો છે કે હવે સામાન્ય વર્ગના, ગરીબ અને મધ્યમ વર્ગના યુવાનો આગળ આવી રહયા છે. ગરીબો અને મધ્યમ વર્ગના યુવાનો મોટી સંખ્યામાં આઈ.એ.એસ. અને આઈ.પી.એસ.માં સફળ થઈ રહયા છે. તાજેતરના જે પરિણામો આવ્યા એમાં ૫૬ટકા ગરીબ અને મધ્યમ વર્ગના વિદ્યાર્થીઓ હતા એ મારે આ ગૃહને કહેવું છે. છેલ્લે યુ.પી.એસ.સી.નું જે પરિણામ આવ્યું એમાં દેશભરમાંથી ૮૭૫ વિદ્યાર્થીઓ પાસ થયા એમાં ૧૪ વિદ્યાર્થીઓ ગુજરાતના છે. અગાઉ માંડ છ કે આઠ વિદ્યાર્થીઓ આવતા હતા. આ વખતે ૧૪ વિદ્યાર્થીઓ ગુજરાતના છે. આ ૧૪ પૈકી ૧૩ વિદ્યાર્થીઓ રાજય સરકાર દ્વારા ચાલતા સ્પીપાના વિદ્યાર્થીઓ હતા એ વાત મારે કહેવી છે. આમાં સૌથી ધ્યાન ખેંચતી બાબત છે એ  એવી બાબત એ છે કે પહેલા શહેરના યુવાનો મેદાન મારતા હતા હવે ગામડાંના યુવાનો આવી રહયા છે. પહેલા ધનિકોના સંતાનો આગળ રહેતા હતા હવે ગરીબોના અને મધ્યમ વર્ગના સંતાનો આગળ આવી રહયા છે. પહેલા એમ કહેવાતું કે ઈંગ્લીશ મિડિયમમાં હોય એ આ બધી પરીક્ષામાં પાસ થાય. આ બધી પરીક્ષામાં ગુજરાતી મિડિયમના વિદ્યાર્થીઓ પણ ઉત્તીર્ણ થયા છે. જી.પી.એસ.સી.નું પરિણામ આવ્યું એમાં ૩૦૦ ઉમેદવારોમાં પશુપાલનનો વ્યવસાય કરનારા રબારી ભરવાડ સમાજના ૧૪ યુવકો તમે વિચાર કરો કેવી ક્રાંતિ થઈ રહી છે. રબારી, ભરવાડ સમાજના ચૌદ યુવકો અને એમાં ચાર રબારી સમાજની મહિલાઓનો સમાવેશ થાય છે. આ ચાર પૈકી બે મહિલાઓ ડી.વાય.એસ.પી. બની ગઈ છે. આ સામાજિક ક્રાંતિ નહીં તો શું છે? એ પણ કહેવું જોઈએ કે જયારે મારા મિત્રો અમારી ટીકા કરે છે અને ડો. બાબાસાહેબના નામ સાથે જયારે ટીકા કરતા હોય છે તો આજે એક પુસ્તક લઈને આવ્યો છું. ડો. બાબાસાહેબ આંબેડકર સંપૂર્ણ અક્ષરશઃ અંગ્રેજીની અંદર ગુજરાતીનો અનુવાદ  થયો છે. કોંગ્રેસે અશ્પૃશ્યતા માટે શું કર્યુ? હું એના હવાલા સાથે આજે વાત મુકવા માગું છું. કોંગ્રેસના મિત્રો, ફકત વાત કરવી એ એમની પુરાણી આદત છે અને ડો. બાબા સાહેબે * (xxxxx) (xxxxx) અને એ પુસ્તકનું નામ છે "વોટ કોંગ્રેસ હેઝ ડન ફોર ધ અનટચેબલ્સ" કોંગ્રેસે અશ્પૃશ્યતા માટે શું કર્યું? (અંતરાય)

**શ્રી ખુમાનસિંહ ૨ા. ચૌહાણ :** સાહેબ, આ શબ્દો કેવી રીતે કહી શકે? બંધારણ ઘડયું છે એ માણસે.

**અધ્યક્ષશ્રી** : (xxxxx)શબ્દો પાછા ખેંચી લો.

**શ્રી ફકીરભાઈ ૨. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, એ શબ્દો હું પાછા ખેંચી લઉં છું.(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : શબ્દો રેકોર્ડ ઉપરથી દૂર થઈ ગયા છે. આપ બેસો. મંત્રીશ્રી, આપ એવા શબ્દ પ્રયોગ ન કરશો. પ્લીઝ, ઈકબાલભાઈ, આપ બેસો. શબ્દો પાછા ખેંચાઈ ગયા છે. રેકોર્ડ ઉપરથી દૂર થઈ ગયા છે. આપ બેસો.

* (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

**શ્રી ખુમાનસિંહ ૨ા. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, જવાબદાર મંત્રી આ પ્રકારના શબ્દો ઉચ્ચરણો કરે એ બરાબર નથી. જવાબદાર મંત્રી છે. આ પ્રકારના શબ્દો બોલે અને પછી પાછા ખેંચે એનો શું અર્થ છે? જવાબદાર મંત્રી આવી વાત કરે? (અંતરાય)

" નહીં ચલેગી, નહીં ચલેગી, દાદાગીરી નહીં ચલેગી" વિરોધ પક્ષના સભ્યશ્રીઓ દ્વારા સતત સુત્રોચ્ચાર. (અંતરાય) દલિતોનું અપમાન બંધ કરો. સુત્રોચ્ચાર (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : ઓર્ડર...ઓર્ડર.... :

**( સતત સૂત્રોચ્ચાર ચાલુ ફકીરભાઈ માફી માગે )**

**સભાગૃહનો સમય લંબાવવા અંગે**

**શ્રી દિલીપ સંઘાણી** :Disssturbance ના કારણે હાઉસનો સમય મંત્રીશ્રી જવાબ પૂરો કરે ત્યાં સુધી વધારવાની હું દરખાસ્ત કરું છું.

**અધ્યક્ષશ્રી** : સર્વ સંમત છો? (થોડી વાર બાદ ) મંત્રીશ્રીનો જવાબ પૂરો થાય અને મતદાન પૂરું થાય ત્યાં સુધી ગૃહની કામગીરી લંબાવવામાં આવે છે.

( સતત સૂત્રોચ્ચાર ચાલુ - ફકીરભાઈ માફી માગે ) અંતરાય....

**અધ્યક્ષશ્રી** : ઈકબાલભાઈ પ્લીઝ... ઈકબાલભાઈ પ્લીઝ... દેવજીભાઈ, દેવજીભાઈ.. ઈકબાલભાઈ..(સતત સૂત્રોચ્ચાર ચાલુ-ફકીરભાઈ માફી માગે ) ...ઑર્ડર....ઑર્ડર...(અંતરાય) આપ બેસી જાઓ. શ્રી લાખાવાળા ભાઈ, શ્રી ફતેસિંહભાઈ આપ બેસી જાઓ. કમાભાઈ, ભરતભાઈ પ્લીઝ.. મંત્રીશ્રી આપનું પ્રવચન શરૂ કરો.

**( આ તબક્કે સભાગૃહમાં ઉપસ્થિત રહેલા વિરોધપક્ષના સભ્યશ્રીઓ સભાત્યાગ કરી ગયા.)**

**શ્રી ફકીરભાઈ ૨. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, ડો.બાબાસાહેબ આંબેડકરે દલિતો વિરોધના જે (xxxxx)હું અહીયા એક ગ્રંથ લઈને આવ્યો છું. એનું નામ છે What Congress has done for untouchables? કોંગ્રેસે અશ્પૃશ્યા માટે શું કર્યુ? આ શબ્દ મારા નથી, બાબાસાહેબ આંબેડકરના છે. એમણે જ્યારે ૧૯૫૧માં નહેરુ પ્રધાનમંડળમાંથી રાજીનામું આપ્યું, ત્યારે એનાં જે કારણો દર્શાવ્યાં એમાં નહેરુ સરકારની રાષ્ટ્રવિરોધી નીતિ, દલિત વિરોધી નીતિ, મહિલા વિરોધી નીતિ અને હિન્દુ વિરોધી નીતિથી નારાજ થઈને હું રાજીનામું આપું છું. આ ગ્રંથ એ ૧૯૯૧ માં મહારાષ્ટ્રની કોંગ્રેસ સરકારે છપાવ્યો અને આ ગુજરાત સરકારે ૧૯૯૮ માં આપણે આવ્યા પછી ગુજરાતીમાં ભાષાંતર કર્યુ. અમે ખાલી ભાષાંતર જ કર્યુ છે અને આ ગ્રંથ કોંગ્રેસ વિરુદ્ધ ડો.બાબાસાહેબ આંબેડકરે તૈયાર કરેલું દલિતોનું આરોપનામું ચાર્જશીટ છે. એના એકેય મુદાનો જવાબ કોંગ્રેસ આપી શકે તેમ નથી. ઉપસ્થિત નથી. હું એમને આ ગ્રંથ ભેટ આપવા માગું છું. આજથી ૫૫ વર્ષ પહેલા હું આની અંદરનો રેફરન્સ ટાંકી રહ્યો છું. તા. ૧૬-૧૧-૧૯૫૬ મુંબઈના જહાગીર હોલ અને ડો.બાબા સાહેબ આંબેડકરના શબ્દો હતા એ આજે મને યાદ આવે છે. માનનીય અધ્યક્ષશ્રી, ડો.બાબાસાહેબ આંબેડકરે એમ કહ્યું કે કોંગ્રેસ આ દેશની રાજનીતિને દૂષિત કરી રહી છે. કોંગ્રેસ જ્યાં સુધી સત્તામાં રહેશે ત્યાં સુધી આ દેશ સમસ્યાઓની આગમાં સળગતો રહેશે. અંગ્રેજોને હટાવવા માટે જેમ આંદોલન ચલાવવામાં આવ્યું હતું તેમ કોંગ્રેસને હટાવવા માટે બીજું રાષ્ટ્ર વ્યાપી આંદોલન ચલાવવું પડશે. આ શબ્દો ફકીરભાઈ વાઘેલાના નહીં પણ મહામાનવ, ભારતરત્ન, બંધારણના ઘડવૈયા ડો. બાબાસાહેબ આંબેડકરના છે. કોંગ્રેસના મિત્રો ન બોલે તેમના માટે સારું હતું પણ તેમણે જ્યારે છંછેડયા જ છે ત્યારે કવિ હર્ષ બ્રહ્મભટ્ટની પંકિતઓની તેમને મારે જવાબ આપવો છે. તેમણે એમ કહ્યું કે " શાંત જળને ડહોળવા જેવા

નથી, આજ આ છંછેડવા જેવા નથી, ગૂંગળામણ જગત આખાને થશે, સપનો સજાવા જેવા નથી." તેના પછી આગળ કહે છે *(xxxxx) (xxxxx) માનનીય અધ્યક્ષશ્રી, દલિતો, આદિવાસી, પછાતો, વિકટ પરિસ્થિતિમાંથી હિંમતપૂર્વક હસતે મોંઢે જ્યારે આગળ વધી રહ્યા છે ત્યારે સ્વામી વિવેકાનંદે ૨૧મી સદી તે ભારતની સદી હશે અને તેમાં દલિતો, વંચિતો અને પછાતોની મહત્ત્વપૂર્ણ ભૂમિકા હશે તે આજે માનનીય મુખ્યમંત્રી નરેન્દ્ર ભાઈ મોદીના શાસનમાં દેખાઈ રહ્યું છે. બે દિવસ પહેલાં હોળીનો ઉત્સવ ઉજવ્યો. આ ઉત્સવ તે આસુરી શકિતઓ ઉપર દૈવી શકિતઓના વિજય તરીકે ઉજવાય છે. દૈત્યો અત્યાચારીઓ હરિભકત નિર્દોષ સત્યનિષ્ઠ પ્રહલાદને બાળવા માગતા હતા. તો તેમની બાજી ઉંધી વળી ગઈ. તેમની જે પ્રતિનિધિ હતી હોલીકા તે ભસ્મ થઈ ગઈ અને નિર્દોષ પ્રહલાદ બચી જાય છે અને આ કથાના પ્રતીકરૂપે યુગોથી આપણે હોલીકાનો ઉત્સવ ઉજવીએ છીએ. વિઘ્નો, અવરોધો, અત્યાચારો છતાં વંચિતો, દલિતો, પછાતો પોતાના વિકાસ સાથે રાષ્ટ્રનો વિકાસ કરી રહ્યા છે. આ ભાવના વ્યક્ત કરતી આદરણીય શ્રી અટલજીની પંકિતઓ હું ટાંક્વા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, અટલજીએ પોતાની કવિતામાં એમ કહ્યું કે "પુષ્પ કંટકોમે ખિલતે હૈ, દીપ અંધેરોમે જલતે હૈ, આજ નહીં યુગો સે પ્રહલાદ પીડામે હી પલતે હૈ. કિન્તુ યાતનાઓકે બલ પર ભાવનાએ નહીં રુકેગી, ચિતા હોલીકા કી હી જલેગી, અત્યાચારી હાથી મરતે રહ જાયેગે."

માનનીય અધ્યક્ષશ્રી, આજે ગુજરાતી સાહિત્યકારમાં જેનું વિશિષ્ટ નામ છે તેવા સ્વ.કવિશ્રી સુન્દરમનો જન્મ દિવસ છે. આ મહાન કવિને મારી સન્માનભરી સ્મરણાંજલિ આપીને હું રમત ગમત, યુવા અને સાંસ્કૃત્તિક પ્રવૃત્તિઓના વિભાગની માગણી આ સન્માનનીય સભાગૃહ સમક્ષ મૂકવા જઈ રહયો છે. જેમની શતાબ્દિ આજે ભારપૂર્વક ઉજવી રહ્યા છે તેવા મૂર્ધન્ય કવિ ઉમાશંકર જોષીની કાવ્ય પંકિત ટાંકવાનું મન થાય છે. કવિ કહે છે કે, " તણવાના મુજને મળ્યા, હૈયુ, મસ્તક, હાથ, બહું દઈ દીધું નાથ હવે ચોથું નથી માગવું"માનનીય અધ્યક્ષશ્રી, મારે આથી ગૌરવ સાથે કહેવું છે કે, ગુજરાતનું હૈયું, મસ્તક અને હાથ જેની પાસે છે તેવા લોકોની સેવા કરવાની તક મારા વિભાગને મળી છે. ગુજરાતનું હૈયું એટલે તેના કલાકારો, રાજયનું મસ્તક એટલે રાજયના બુદ્ધિજીવી અને સર્જકો અને ગુજરાતનો હાથ એટલે ગુજરાતનું યૌવન ધન. આ સૌની કાળજી અમારો વિભાગ રાખે છે અને માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહમાં રાજયની તંદૂરસ્તી, રાજયનું યૌવનધન, રાજયની સાંસ્કૃત્તિક વિરાસત અને રાજયના ઉત્સવોને કેન્દ્રમાં રાખીને રાજય સરકારની માગણી સાથે હું આ સન્માનનીય ગૃહ સમક્ષ આવ્યો છું.

માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ તો આપના માધ્યમથી ગુજરાતના સાડા તેર લાખ રમતવીરોને મારા અભિનંદન આપું છું કે, જેમણે માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના સૂત્ર " **રમશે ગુજરાત, જીતશે ગુજરાત**" ને ઝીલીને રાષ્ટ્રિય અને આંતરરાષ્ટ્રિય ક્ષેત્રે ગુજરાતની આગવી ઓળખ ઉભી થાય તેવો ખેલમહાકુંભ યોજીને અમારા વિભાગને અનેરી તાકાત આપી છે. ખેલમહાકુંભ હોય કે ૨૦૦૧૭ રમતવીરો સાથે ગ્રીનીસ બુક ઑફ રેકર્ડમાં નોંધાયેલ સ્વર્ણિમ ખેલ મહોત્સવ હોય ગુજરાતના રમતવીરોના પડઘા ઓલમ્પિકની જનની એથેન્સ અને પાટામાં પડી રહ્યા છે. માનનીય મુખ્ય મંત્રીશ્રી અને નાણા મંત્રીશ્રીને ગુજરાતના યુવાનોવતી, ગુજરાતના રમતવીરો વતી, ગુજરાતના કલાકારો અને સાંસ્કૃત્તિકના પૂજકોવતી મારા કોટિ કોટિ અભિનંદન આપું છું કારણ કે એમણે સ્વર્ણિમ જયંતી વર્ષની અપ્રિતમ સફળતા જોઈને આ વિભાગને ૨૫૦ કરોડ રૂપિયા જેટલી જંગી રકમ ફાળવી છે. ગયા નાણાકીય વર્ષમાં આ રકમ ૧૯૮ કરોડ રૂપિયાની હતી, અને એમાં ૧૦૦ કરોડ એ સ્વર્ણિમ જયંતીના હતા

* (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

એટલે મૂળ વિભાગમાં ૯૮ કરોડ રૂપિયાની જોગવાઈ, ૨૦૧૧-૧૨માં રૂપિયા ૨૫૦ કરોડની જોગવાઈ, ૧૫૫ ટકાનો વધારો આ નવા બજેટમાં થયો છે. આ બજૅટમાં થયેલ વધારો એ દર્શાવે છે કે ભારતીય જનતા પક્ષની આ સરકાર ગુજરાતને ઉજ્જવળ બનાવવા માગે છે. આ બજૅટની જોગવાઈમાં ગુજરાતના યુવાનો તેજસ્વી અને ઓજસ્વી બને એવા માનનીય મુખ્ય મંત્રીશ્રીનો સંકલ્પ પાને પાને પડઘાય છે. માનનીય મુખ્ય મંત્રીશ્રીની હુંફ અને એમની પ્રેરણાથી જ અમે આ બધું કરી શક્યા છીએ ત્યારે મને કવિ મરીઝનો એક શેર યાદ આવે છે, મરીઝ એમ કહે છે કે :

**" એવા કોઈ દિલેરની સંગત દે ઓ ખુદા,**

**સંજોગોને જે મારું મુકદ્દર થવા ન દે"**

માનનીય અધ્યક્ષશ્રી, મારા વિભાગ દ્વારા યોજાયેલા ખેલ મહાકુંભને મળેલી સફળતાથી સમગ્ર ભારતની નજર ગુજરાત ઉપર મંડાણી છે. આ આયોજન ટોક ઑફ ધ કન્ટ્રી બની ચૂક્યું છે. આજથી બે ચાર વર્ષ પહેલાં આવા આયોજનનો વિચાર મારો વિભાગ ન કરી શકે પણ એને બદલે માનનીય મુખ્ય મંત્રીશ્રીના મોનિટરીંગ અને માર્ગદર્શનને કારણે ભવ્ય ખેલ મહાકુંભનું આયોજન કરી શક્યા છીએ. માનનીય અધ્યક્ષશ્રી, એક શાયરે કહ્યું છે કે:-

**" નજર બદલો નજારે બદલ જાતે હૈ, સોચ કો બદલો સિતારે બદલ જાતે હૈ,**

**કસ્તીયાં બદલનેકી જરૂરત નહીં, દિશા કો બદલો કિનારે બદલ જાતે હૈ. "**

માનનીય અધ્યક્ષશ્રી, અમે રમત ગમત માટેની એક આખી દિશા બદલી નાખી છે. અને તેનાથી આફ્રિન પોકારીને અનેક રમતવીરોએ અને રમતના તજજ્ઞોએ અમને અભિનંદન આપતા ફોન કર્યા, દરેક વ્યકિત એક જ પ્રશ્ન પૂછે, કે ગુજરાતમાં ખેલ મહાકુંભ પછી શું? એનો ઉત્તર આ અંદાજપત્ર દ્વારા અમે આપીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, ગત વર્ષે ૨૦૧૦-૧૧ ની અંદર રમત-ગમત માટે ૪૯ કરોડની જોગવાઈ હતી એની સામે આ વર્ષે ૧૭૨ કરોડની જોગવાઈ કરેલ છે એટલે કે ૧૨૩ કરોડનો વધારો કર્યો છે. રમતને અમે માત્ર રમવા ખાતર નથી લેતા પણ વાતાવરણમાં ગુજરાતમાં એક પ્રકારનું સ્પોર્ટ્સ કલ્ચર, રમત-ગમતનું વાતાવરણ ઉભું થાય, ગુજરાતના યુવાનોની પ્રતિભા ખીલે, પ્રતિભા શોધ થાય જનસામાન્ય પણ પોતાના સ્વાસ્થ્ય માટે રમતનો આશરો લે એવા વિવિધ હેતુઓથી રમતને સ્વીકારીએ છીએ અને આ વિચારને ગુજરાતમાં યોજેલા ખેલ મહાકુંભે એક ઐતિહાસિક વળાંક આપ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વર્ણિમ જયંતિ વખતે શરૂ કરેલા ખેલ મહાકુંભ હવે કાયમી થયેલ છે અને એ માટે આ બજેટમાં રૂા. ૬૭.૭૬ કરોડની જોગવાઈ ખેલ મહાકુંભ માટે કરી છે. ખેલ મહાકુંભ દર વર્ષે યોજવામાં આવશે એવી માનનીય મુખ્યમંત્રીશ્રીએ જે જાહેરાત કરી અને એને કારણે ગુજરાતના યુવાનોમાં એક પ્રકારનો ઉત્સાહ પ્રગટ્યો છે અને હવે આવતા વર્ષે ખેલ મહાકુંભમાં આ વખતે સાડા તેર લાખ રમતવીરો હતા અમને ભરોસો છે કે પંદર લાખથી વધારે રમતવીરો એ ખેલ મહાકુંભમાં જોડાશે. જે લોકો જીત્યા છે અથવા તો જે લોકોએ રમત-ગમતને પોતાની કારકીર્દીનો ભાગ બનાવ્યો છે તેમના માટે એક વિશિષ્ટ સંસ્થાકીય વ્યવસ્થા ઉભી થાય એવી દિર્ઘદ્રષ્ટિ સાથે આ સરકાર સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટીની સ્થાપના કરવા રૂા.૧૦ કરોડ રૂપિયાની જોગવાઈ કરવા જઈ રહી છે. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના યુવાનો રમતવીરો તરીકે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે પોતાના રાજયનું નામ રોશન કરી શકે તેવા હેતુ સાથે રમત-ગમત માટે ખાસ જોગવાઈ વધારવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના સન્માનીય સભ્યોએ વારંવાર અમારું ધ્યાન દોર્યું કે રમતના મેદાનો આધુનિક બનાવવામાં આવે. મને ગૌરવ સાથે કહેવા દો કે ગુજરાતના ૨૬ જિલ્લામાંથી ૧૦ જિલ્લામાં લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલના નામે જિલ્લા કક્ષાના રમત-ગમત સંકુલો તૈયાર થઈ ગયા છે. અને આ વર્ષે રાજયના રાજકોટ, પોરબંદર, વલસાડ, ભાવનગર, આણંદ એમ કુલ મળીને રૂા.૬.૫૦ કરોડ રૂપિયાનું આયોજન આ સંકુલ માટેનું છે. માનનીય અધ્યક્ષશ્રી, અમારા મુખ્યદંડકશ્રી પંકજભાઈ દેસાઈની પણ માગણી હતી અને અમારા ગૃહ રાજયમંત્રીશ્રી પ્રફુલભાઈ પટેલની પણ માગણી હતી અને એને ધ્યાનમાં રાખીને નડિયાદ અને હિંમતનગરના જે સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ છે એમાં પાંચ કરોડના ખર્ચે અતિ આધુનિક સિન્થેટીક્સ ટ્રેક બનાવવાનું આયોજન આ વર્ષે લીધું છે. માનનીય અધ્યક્ષશ્રી, લગભગ રૂા.૧૦૦ કરોડના ખર્ચે રાજય કક્ષાનું સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ આપણે ગાંધીનગરમાં બનાવવા જઈ રહ્યા છીએ અને એના માટે આ વર્ષે ૫૦ કરોડ રૂપિયાની જોગવાઈ આ અંદાજપત્રમાં કરી છે અને ગુજરાતના ભવ્ય પાટનગરને એક દર્શનિય સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ આપવાની દિશામાં અમે આગળ વધી રહ્યાં છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, મારા સાથી મિત્રો ચંદ્રકોની વાત કરતા હતા, માહિતીના અભાવે કદાચ હોઈ શકે, મારે સન્માનીય ગૃહ સમક્ષ છેલ્લા પાંચ વર્ષમાં રાષ્ટ્રીય કક્ષાએ રમતોમાં ગુજરાતના ખેલાડીઓએ કેટલા ચંદ્રક મેળવ્યા એ વાત કહેવી છે. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના ખેલાડીઓએ ૨૯૬ સુવર્ણ ચંદ્રક, ૨૭૦ સિલ્વર, ૩૨૩ બ્રોન્ઝ અને એમ મળીને કુલ ૮૮૯ ચંદ્રક છેલ્લા પાંચ વર્ષમાં મેળવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના યુવાનોના પર્વતારોહણ માટે જૂનાગઢ અને માઉન્ટ આબૂની પવર્તારોહણ સંસ્થાઓને વધુ મજબૂત કરવા માટે રૂા.૧.૪૪ કરોડની જોગવાઈ કરી છે.અંબાજી ખાતે એક વિશેષ નેતૃત્વની તાલીમ મળે એ માટે ખાસ એક કેમ્પસાઈટ ઉભી કરી છે. કાયમી આંતરમાળખાકીય સગવડ ઉભી કરી રહ્યા છીએ અને એના માટે ૧.૭૩ કરોડ રૂપિયાની જોગવાઈ અમે કરી છે. મારા સાથી પક્ષના મિત્રો આ સરકારને ઉત્સવપ્રિય સરકાર એમ કહીને ટીકા કરે છે, મારે સંસ્કૃત સુભાષિત અહીંયા ટાંકવું છે. તેમાં કહ્યું છે કેઃ-

**"ઉત્સવાહા પ્રિયાહા ખલુ જનાહા"**

અર્થાત લોકો ખરેખર ઉત્સવ પ્રિય જ હોય છે અને એટલે અમે આપણી જે પ્રાચીન પરંપરા છે એને અનુસરીને લોકોને પ્રિય એવા ઉત્સવ ઉજવી રહ્યા છીએ. પર્વ એટલે પ્રકૃતિનો આદર કરવો. આપણા બધાજ તહેવારો એ પ્રકૃતિને નમન અર્થે હોય છે. પ્રકૃતિની પૂજા સુંદર રીતે થાય એ માટે આ સરકાર તહેવારોની ઉજવણી ઉત્સવરૂપે કરે છે. ગુજરાત ઉત્સવની સંસ્કૃતિ સાથે પ્રકૃતિનું અનુસંધાન જોડીને ઉત્સવમાં જીવનની ઉર્જાની અનુભૂતિ કરાવે છે. શાંતિ અને સોહાદથી જનજનને એકસુત્રે ગુંથે છે. એક વાત માનનીય મુખ્યમંત્રીશ્રીએ સ્પષ્ટ રીતે હૃદયમાં રાખી છે અને એ છે કે ઉત્સવો માત્ર ઉજવણી માટે નહિ પણ ઉત્સવોથી લોકશિક્ષણ થાય, ઉત્સવો થકી ઈતિહાસ બોધ પ્રગટે કોઈ સામાજિક સંદેશ પહોચે અને એ રીતે ઉત્સવોનું આયોજન કરવું. ઈતિહાસ સાક્ષી છે કે આઝાદીની લડતને વેગ આપવા માટે લોકમાન્ય તિલકે ગણેશોત્સવ શરૂ કરાવ્યો હતો, આઝાદીની લડતને આગળ ધપાવવા માટે કલકત્તામાં દુર્ગાપૂજાનો ઉત્સવ શરૂ કરાવ્યો હતો અને આપણે બધા જાણીએ છીએ કે આજે એ કઈ ઉંચાઈ ઉપર છે. આ વખતે અમારા કાર્યક્રમને સુરતમાં અને રાજકોટમાં જે રીતે પ્રજાએ વધાવ્યા, જે રીતે મિડિયામાં પણ સકારાત્મક નોંધ લેવાઈ એ માટે આપના દ્વારા મિડિયા કર્મીઓનો પણ હું હૃદયપૂર્વક આભાર પ્રગટ કરું છું. આના કારણે સાંસ્કૃતિક વર્તુળોમાં પણ એક નવો ઉત્સાહ જોવા મળ્યો અને સિદ્ધપુરમાં જે 'માતૃવંદના'નો કાર્યક્રમ થયો લાખ્ખો લોકો એના સાક્ષી છે અને પહેલી જ વખત 'માતૃવંદના' ના કાર્યક્રમને આ રાજય સરકારે ઉજવ્યો છે, આ વખતે આપણા જે બાર જ્યોતિર્લિંગો છે એ પૈકીનું એક એવું સોમનાથ, ભગવાન શ્રીકૃષ્ણની નગરી દ્વારિકા, ભક્ત બોડાણા ભગવાનને

જ્યાં લઈ ગયા હતા અને 'રણછોડરાય' તરીકે પ્રસ્થાપિત કર્યા હતા એ ડાકોરમાં વિશિષ્ટ ઉત્સવોનું બે કરોડ રૂપિયાના ખર્ચે આયોજન કરી રહ્યા છીએ. આ કાર્યક્રમ માટે આવી માતબર રકમ ફાળવીને રાજ્ય સરકારે ગુજરાતના કલાકારોને, કલાશિક્ષકોને અને વિશેષ કરીને યુવાનોને આપણી સાંસ્કૃતિક વિરાસત છે એમાં જોડવાનો બહુ મોટો પ્રયાસ હાથ ધર્યો છે આપણા માનનીય મુખ્યમંત્રીશ્રીની અપરિમિત ઉદારતાથી આ ભવ્યતા ગુજરાતને પ્રાપ્ત થઈ છે ત્યારે કવિ શ્રી રાજેશ વ્યાસ, 'મિસ્કીન' નો એક શેર યાદ આવે છે. **"લાગણીઓ ઉદાર થઈ ગઈ છે, લાગણીઓ ઉદાર થઈ ગઈ છે, વિશ્વ આખાનો પ્યાર થઈ ગઈ છે"**

સ્વર્ગસ્થ પંડિત ભીમસેન જોષી, આજના ઓસ્કાર વિજેતા એ.આર. રહેમાન, જાણીતા સંગીતકાર લક્ષ્મીકાંત પ્યારેલાલ માટે જેઓ આદર્શ રહી ચૂક્યા છે તેવા ગુજરાતનું ગૌરવસમા સંગીતરત્ન પંડિત ઓમકારનાથજી ઠાકુરના સ્મરણમાં 'ઓમકારનાથ સંગીત મહોત્સવ' ને રાષ્ટ્રીય કક્ષાનું રૂપ આપીને ઉજવણી માટે એક કરોડ રૂપિયાની જોગવાઈ અને આ મહોત્સવ પંડિત ઓમકારનાથની કર્મભૂમિ સુરત ખાતે ઉજવવાનું સરકારે નક્કી કર્યુ છે. માનનીય અધ્યક્ષશ્રી, કલાકારો દ્વારા સંસ્કૃતિનું સંવહન થાય, કલાકાર રાજય કે દેશની સંસ્કૃતિનો પ્રતિનિધિ હોય અને રાજયકક્ષાના કે રાષ્ટ્રીય કક્ષાના અગત્યના પ્રસંગોએ ગુજરાતના કલાકારોને ગુજરાતની સુવાસ સાથે રાજય બહાર મોકલી શકાય તે માટે પાંચ કરોડ રૂપિયાની જોગવાઈ આ અંદાજપત્રમાં કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારા વિભાગમાં જે પુરાતત્ત્વ વિભાગ છે તેણે વડનગર ખાતે જે ખોદકામ કર્યુ અને તેને કારણે જગતભરના જે ઈતિહાસવિદોને અને વિશેષ કરીને જે બૌદ્ધ પ્રેમીઓ છે તેને ગુજરાત પ્રત્યે એક પ્રકારનું આકર્ષણ થયું. ખુદ દલાઈલામા તે વડોદરામાં યોજાયેલ International Seminar on Buddhist Heritage in Gujaratમાં આવ્યાં. વડનગરમાં ખોદકામ અને તેમાંથી પ્રાપ્ત થયેલ અમૂલ્ય અવશેષોને અમરત્વ આપી શકાય અને જગતભરમાં જે રીતે સાચવવામાં આવે છે તે રીતે સાચવવા માટે શેડ વિગેરે બનાવી પુરાતત્ત્વના અવશેષોને સંરક્ષિત કરી શકાય તે માટે ૪૦ લાખની જોગવાઈ કરવામાં આવી છે. તે જ રીતે પાટણ પાસેના વડલીમાંથી કેટલાંક અવશેષો મળી આવ્યાં અને તેમાં ઉત્ખનનું કામ આગળ ધપાવીને વધુ ઐતિહાસિક પુરાવો મેળવી આખા વિસ્તારને પુરાતત્ત્વની દ્રષ્ટિએ રાષ્ટ્રીય કક્ષાનું મહત્ત્વ મળે તે રીતે હાથ ધરવામાં આવ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, અમારા પક્ષના વરિષ્ઠ આગેવાન અને રાજય આયોજન પંચના ઉપાધ્યક્ષ માનનીયશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાની લાગણી હતી અને તેમની લાગણીને ધ્યાને લઈને ધોળકાનું ખાન તળાવ છે તેના રક્ષણ માટે અને વિકાસ માટે એક કરોડ રૂપિયાની જોગવાઈ આ રાજય સરકારે કરી છે. ગયા વર્ષે મ્યુઝિયમ ઈન ગાર્ડન આ નવા કન્સેપ્ટ સાથે શિલ્પ ઉદ્યાનનો એક સફળ પ્રયોગ ગુજરાતે કર્યો. વડોદરાનું જે મ્યુઝિયમ છે તે મ્યુઝિયમના બગીચામાં શિલ્પ રાખી ફરતાં ફરતાં ઈતિહાસ તરફ સન્માનની લાગણી થાય અને એ રીતે લોકોને જોતાં કરાય એ માટેની આધુનિક વ્યવસ્થા છે. એવી જ રીતે પાટણમાં પણ વિશિષ્ટ કામગીરી ગોઠવવામાં આવી. બારડોલી મ્યુઝિયમ સમગ્ર ભારતને આકર્ષી શકે તેવી સરદાર પટેલના નેતૃત્વને પ્રસ્થાપિત કરે છે. આ વર્ષે પણ પ્રભાસ પાટણ ખાતેના મ્યુઝિયમ ખાતે ૧૦ લાખ અને વડોદરા ખાતેના મ્યુઝિયમને અપગ્રેડ કરવા માટેની ૧૦ લાખની જોગવાઈ વિચારાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, હવે જે વાત કરવાનો છું તેના સંદર્ભમાં ફરી મારે એકવાર કવિશ્રી ઉમાશંકર જોષીને યાદ કરવા છે. કવિએ ગાયું છે

" મળતાં મળી ગઈ મોંઘેરી ગુજરાત, ગુજરાત મોરી મોરી રે,

ભારતની ભોમમાં જાજેરી ગુજરાત, ગુજરાત મોરી મોરી રે."

માનનીય અધ્યક્ષશ્રી, આપણી જે ગુજરાતની ભાષાની ચિંતા પણ આ રાજય સરકારે કરી છે અને મને આ સંદર્ભમાં જણાવતાં આનંદ થાય છે કે, આપણી જે અકાદમીઓ છે ગુજરાતની સાહિત્ય અકાદમી અને ખાસ કરીને હિંદી સાહિત્ય અકાદમી, સંસ્કૃત સાહિત્ય અકાદમી, ઉર્દૂ અકાદમી, સિંધી અકાદમી, કચ્છી અકાદમી આ અનેક જે આપણી અકાદમીઓ છે તેમાં નવતર પ્રયોગો થતાં રહે છે. અષાઢશ્ય પ્રથમ દિવસ જેવા સંસ્કૃત કાર્યક્રમથી પ્રારંભાયેલ સંસ્કૃત બોલો ધ્યાનથી અને સંસ્કૃત ભાષા પ્રત્યેનું સન્માન વધે તેવા અનેક પ્રકારના કાર્યક્રમો સંસ્કૃત સાહિત્ય અકાદમી દ્વારા હાથ ધરવામાં આવ્યાં. અને આ વર્ષે ૪૨.૫૦ લાખ જેટલી રકમ ફાળવીને સંસ્કૃત સંભારણા, સંસ્કૃત નાટક, સંસ્કૃત કવિ સંમેલન, સંસ્કૃત પુસ્તકોના ભાષાંતર થાય તે માટેના વિશિષ્ટ કાર્યક્રમો હાથ ધરાયા છે. આ ઉપરાંત સંસ્કૃત પંડિતોનું સન્માન થાય અને મહાકવિ કાલીદાસને યાદ કરીને સંસ્કૃતોત્સવની ઉજવણી થાય તે માટે ૫૦ લાખની જોગવાઈ આ અંદાજપત્રમાં કરવામાં આવી છે. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રીએ ૧૫ મી ઓગષ્ટની ઉજવણી વખતે રાજકોટમાં જાહેરાત કરી અને રાજયમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં લોક સાહિત્યનું એક કેન્દ્ર ઉભું કરાશે. આ વર્ષે આ કેન્દ્રને સંસ્થાકીય રૂપે આપણા રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની યાદમાં ઝવેરચંદ મેઘાણી લોક સાહિત્ય કેન્દ્રની સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં શરૂઆત કરવા માટે ૨૫ લાખની જોગવાઈ આ અંદાજપત્રમાં કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણા જે મહાન અને બેનમૂન સર્જકો છે, એમની વાર્તા, કવિતા, નવલકથા, પ્રવાસવર્ણન વગેરે જે વર્ષો અગાઉ પ્રગટ થઈ ગયા છે, ગણમાન્ય અને લોકપ્રિય છે, પણ પુસ્તક સ્વરૂપે અપ્રાપ્ય છે એવા પ્રકાશન માટે ૨૫ લાખની જોગવાઈ આ બજેટમાં કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકાર જે રીતે સાહિત્યકારોને પોંખી રહી છે, આ સંદર્ભમાં કવિ શ્રી રતિલાલ અનિલની કાવ્યપંક્તિઓ અત્યંત પ્રાસંગિક હોવાથી અહીં મૂકતા મને આનંદ થાય છે. એ લખે છે કે,

" જગત સાહિત્યકારોને ઘણી સૌગાદ આપે છે,
સહેજ આનંદ, જરા લક્ષ્મી, વધુ આઘાત આપે છે.
જગત સાહિત્યકારોને ઘણી સૌગાદ આપે છે,
સહેજ આનંદ, જરા લક્ષ્મી, વધુ આઘાત આપે છે.
સદ્ભાગ્ય છે, ગુજરાતના સાહિત્યકારોનું
બીજા આપે છે, એનાથી વધુ ગુજરાત આપે છે."

માનનીય અધ્યક્ષશ્રી, આ વર્ષ એ ગુજરાતના મૂર્ધન્ય સાહિત્યકાર સ્વર્ગસ્થ કૃષ્ણલાલ શ્રીધરાણીનું પણ શતાબ્દિ વર્ષ છે. અને સ્વર્ગસ્થ શ્રીધરાણીના નાટક 'વડલો' એમાં એક પંકિત હતી, એ યાદ કરવા જેવી છે.

"અમે સુરજના છડીદાર, અમે તો પ્રભાતના પોકાર."

માનનીય અધ્યક્ષશ્રી, અમારો વિભાગ પણ સુરજનો છડીદાર છે. અને એથી ઈનોવેટીવ વીઝન ધરાવતા માનનીય મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ પહેલી એપ્રિલે જે "વાંચે ગુજરાત અભિયાન"નો પ્રારંભ કરાવ્યો, તેમાં અમારા વિભાગની સક્રિયતાને કારણે એપ્રિલ, ૨૦૧૦માં જે ૩૮ લાખ વાચકો હતા એ વધીને ૭૮ લાખ થયા.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીનું જે દ્રષ્ટિવંતુ નેતૃત્વ છે, એને કારણે ડિઝિટલ લાયબ્રેરીના નવા કન્સેપ્ટ સાથે અમે ગુજરાતમાં સ્ટેટ નોલેજ સેન્ટરનું આયોજન કર્યુ છે. તમામ ૨૬ જિલ્લાઓની લાયબ્રેરીઓને ઈન્ટરનેટ થકી જગતના હજારો પુસ્તકો વાંચવાનો લાભ ગુજરાતના વાચકોને મળે અને "વાંચે ગુજરાત અભિયાન"

ઈન્ટરનેટ યુગમાં પણ અનેરી ગતિથી વિકસે તે માટે મારા વિભાગે વિશિષ્ટ પ્રયત્ન કર્યા છે. અને તેના માટે ડિઝિટલ લાયબ્રેરી અને લાયબ્રેરી નેટવર્ક માટે ૨.૫ કરોડ રૂપિયાની જોગવાઈ અમે કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગોધરા અને વ્યારા ખાતે લાયબ્રેરીના મકાન માટે ૮૨ લાખની જોગવાઈ કરી. અમારો વિભાગ કેવા નવતર પ્રયોગોથી સમાજના ઉપેક્ષિત વર્ગો સુધી પહોંચે છે, એનો નાનકડો દાખલો આપવો છે. તાજેતરમાં માનનીય મુખ્યમંત્રીશ્રીએ એવું સૂચન કર્યું. સૂચન શહેરી વિકાસ વિભાગ માટેનું હતું. માનનીય મુખ્યમંત્રીશ્રીએ એમ કહ્યું કે આપણે પૂર્ણિમાના અજવાળાનો લાભ લઈ ઉર્જા બચત માટે પ્રજામાં જાગૃતિ આવે એવા પ્રયત્નો કરવા જોઈએ. આ વિચારને મારા વિભાગે કઈ રીતે સ્વીકાર્યો? અમારા વિભાગે ગંગાસતીનું જે પ્રખ્યાત ભજન છે. "વીજળીના ઝબકારે મોતીડાં પરોવો પાનબાઈ." વીજળીના ઝબકારે મોતીડાં પરોવો પાનબાઈનો આધાર લઈને એક કાર્યક્રમ ગોઠવ્યો અને એ કાર્યક્રમમાં ચંદ્રપકાશમાં સોય પરોવવાની સ્પર્ધા. અને એ સ્પર્ધાનું નામ રાખ્યું, પાનબાઈ દૃષ્ટિક્ષમતા સ્પર્ધા. અને એમાં આમંત્રણ કોને આપ્યું? સમાજનો જે ઉપેક્ષિત વર્ગ. પ્રજ્ઞાચક્ષુ, રીમાન્ડ હોમના બાળકો, નારી સંરક્ષણ ગૃહની બહેનો, વૃદ્ધાવસ્થાના વડિલો. આ ચાર જિલ્લા માટે કર્યુ હતું અને આપણા આશ્ચર્ય વચ્ચે ૭૯૫ સ્પર્ધકોએ એમાં ભાગ લીધો હતો. આ વખતના અંદાજપત્રમાં સિનિયર સીટીજનો માટે પણ એક ખાસ ૨૦ લાખ રૂપિયાની જોગવાઈ કરી છે અને સિનિયર સીટીજનો કે જે આપણા મહાનુભાવો છે અને એમના જીવનમાં પણ આનંદ પ્રમોદ હોય અને તેમને પણ પોતાની અભિવ્યકિત કરવાની તક મળે એ માટે અમારા વિભાગ આ યોજના ઘડી છે.

**માનનીય અધ્યક્ષશ્રી, મૂકબધીર અને અંધ કલાકારોને સમાજના મુખ્ય પ્રવાહમાં જોડવા માટે તેમને સંગીત, નૃત્ય અને નાટકની તાલીમ આવા માટે શિબીર યોજવા ૨૦ લાખ રૂપિયાની યોજના શરૂ કરવા જઈ રહ્યા છીએ. માનનીય મુખ્યમંત્રીશ્રીની સૂચનાથી...(અંતરાય)**

**અધ્યક્ષશ્રી**: માનનીય મંત્રીશ્રી, ૫ મિનિટમાં પૂરું કરો.

**શ્રી ફકીરભાઈ વાઘેલા:** માનનીય અધ્યક્ષશ્રી, ચાર જ મિનિટમાં પૂરું કરું છું. ૧૨-૫૬ થઈ છે અને ચાર મિનિટમાં હું પૂરું કરીશ. માનનીય મુખ્યમંત્રીશ્રીની સૂચનાથી ગુજરાતના છેડે રહેલા અને ભૂલાઈ ગયેલ રાવણહથ્થાના કલાકારોને ૧ લી મે ૨૦૧૦ ના રોજ જે વિવિધ કાર્યક્રમો યોજાયા તેમાં એમને જોડયા અને એક ક્રાંતિ આવી અને એક સાથે ૫૦૦ જેટલા રાવણહથ્થા કલાકારોએ પ્રસ્તુતી કરી અને ગુજરાતના લોકો તો દંગ રહી ગયા, પણ વિદેશથી આવેલા મહેમાનો હતા એ અને દેશભરના સંગીતના જાણકાર હતા એ બધા પણ ગુજરાતના રાવણહથ્થાઓની આવી સામૂહિક પ્રસ્તુતીથી આશ્ચર્યચકિત થઈ ગયા હતા.

માનનીય અધ્યક્ષશ્રી, વેસ્ટ ઝોન કલ્ચરની સાથે રહીને ગાંધીનગરમાં વસંતોત્સવ ઉજવાય છે એમાં અગાઉ ઉપેક્ષિત હતા એવા તુરી-બારોટ સમાજના કલાકારોને આપણે ૨ દિવસ ફાળવીએ છીએ. આ વર્ષે એ કલાકારો દ્વારા ભજવાયેલ જૂની રંગભૂમિનાં નાટકો 'રા-નવઘણ', 'જેસલ-તોરલ' અને 'સતી જસમા ઓડણ' આ બધાને પુનઃજીવીત કરી તેનું પુનઃનિર્માણ કરવા માટે વધારાના ૩૦ લાખ રૂપિયાની જોગવાઈ આ વખતે કરવામાં આવી છે. અગાઉ ૪૫ લાખ રૂપિયાની જોગવાઈ આ તુરી-બારોટ સમાજ માટે કરતા હતા એમાં વધારી વધારાના ૩૦ લાખ રૂપિયાની જોગવાઈ કરતાં કુલ ૭૫ લાખ રૂપિયાની જોગવાઈ આ તુરી-બારોટ સમાજ માટે આ વખતે કરી છે. આ તુરી-બારોટ સમાજ આજે મૃતઃપ્રાય થવા તરફ રહ્યો છે ત્યારે આ તુરી-બારોટ સમાજના કલાકારોને પ્રોત્સાહન આપ્યા

પછી તેમનામાં ઉત્સાહ અને આનંદ આવ્યાં છે ત્યારે કવિશ્રી અમૃત ઘાયલની પ્રખ્યાત ગઝલ કહેવાનું મને મન થાય છે. કવિ એમ કહે છે કે,

"મરવાની અણી ઉપર છું, પરંતુ જીવી રહ્યો છું,
શંકા તને જો હોય તો લે આ પડખું કર્યો"

આજે અમારી આ યોજનાથી આખો તુરી-બારોટ સમાજ પડખું ફેરશવી રહ્યો છે એવી હું લાગણી અનુભવી રહયો છું. હું મારી વાત પૂરી કરવા તરફ જઈ રહ્યો છું ત્યારે આ માનવંતા સભાગૃહ સમક્ષ નમ્રતાપૂર્વક મારે રમતગમત, યુવા અને સાંસ્કૃત્તિક પ્રવૃત્તિઓનો વિભાગ અને એમાં રમતગમત, યુવા અને સાંસ્કૃત્તિક, સાહિત્યિક, પુસ્તકાલય, પુરાતત્વ, મ્યુઝિયમ વગેરે તમામ ક્ષેત્રે નવા વાતાવરણનું જે નિર્માણ થઈ રહ્યું છે અને એ વાતાવરણ આવતીકાલના ગુજરાતનો ચહેરો બદલી શકવાની તાકાત ધરાવે છે અને એટલા માટે આ સભાગૃહના સૌ સભ્યોનો હું સહકાર માગું છું અને એ માટે કવિશ્રી હરદ્રવાર ગોસ્વામીની કાવ્ય પંકિતઓનું હું મારા મિત્રોને આહ્‌વાન કરું છું. કે,

"વેરઝેરના વાડાને મારી દીધું છે તાળું,
ચાલો, ચાલો શોધીએ એક નવું અજવાળું, એક નવું અજવાળું."

**કાપદરખાસ્ત ક્રમાંક ૧, ૫, ૬, ૯ થી ૧૩, ૧૫, ૧૭, ૧૮, ૨૦ થી ૨૪, ૨૬, ૨૮ અને ૩૦ મત માટે મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.**

**માગણી ક્રમાંક ૯૨, ૯૫ અને ૯૮ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

**સભાગૃહની પહેલી બેઠકનું કામકાજ બપોરના ૧.૦૨ વાગ્યે પૂરું થતાં સભાગૃહ માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર બપોરના ૨.૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**
**મંગળવાર, તા. ૨૨મી માર્ચ,૨૦૧૧**
**ચૈત્ર ૧, ૧૯૩૩ શાકે**
**બીજી બેઠક**
**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

# તારાંકિત પ્રશ્નો

**અમદાવાદ જિલ્લામાં શ્રમયોગીઓને બોનસની ચૂકવણી**

*** ૨૨૨૬૨ શ્રી કમાભાઈ ગ. રાઠોડ (વિરમગામ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

૧. અમદાવાદ જિલ્લાની સંસ્થાના શ્રમયોગીઓને વર્ષ ૨૦૧૦માં બોનસની ચૂકવણી કરવામાં આવી છે કે કેમ અને

૨. જો હા, તો કેટલી રકમની ચૂકવણી કરવામાં આવી?

**શ્રમ અને રોજગાર મંત્રીશ્રી:**

૧. હા,જી.

૨. રૂા.૫૪,૬૨,૨૬,૬૧૪/- (રૂપિયા ચોપન કરોડ બાસઠ લાખ છવીસ હજાર છસો ચૌદ પૂરા)ની ચૂકવણી કરવામાં આવી.

**શ્રી કમાભાઈ ગ. રાઠોડ** : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નના જવાબમાં જણાવ્યું છે કે અમદાવાદ જિલ્લાની સંસ્થાઓના શ્રમયોગીઓને રૂા.૫૪,૬૨,૨૬,૬૧૪ના બોનસની ચૂકવણી કરેલ છે. તે ખરેખર આનંદની વાત છે. તો આ ચૂકવણી અમદાવાદ જિલ્લાની કેટલી શ્રમયોગી સંસ્થાઓને તથા કેટલા શ્રમયોગીઓને કરવામાં આવી છે તે જાણકારી આપવા કૃપા કરશો તથા અમદાવાદ જિલ્લામાં તાલુકા વાર કેટલી સંસ્થાઓએ, કેટલા શ્રમયોગીઓને કેટલી રકમની બોનસની ચૂકવણી કરેલી છે તે જણાવવા કૃપા કરશો.

**શ્રી લીલાધરભાઈ ખો. વાઘેલા** : અમદાવાદ જિલ્લામાં શ્રમયોગીઓને ૮૪૮ સંસ્થાઓ, ૯૫,૬૨૫ શ્રમયોગીઓને રૂા.૫૪,૬૨,૨૬,૬૧૪નું બોનસ ચૂકવેલ છે અને સભ્યશ્રીનો બીજો પ્રશ્ન છે કે અમદાવાદ જિલ્લાના તાલુકા વાર બોનસની વિગત. અમદાવાદ શહેરમાં ૬૯૪ બોનસ ચૂકવેલ સંસ્થાઓ છે. બોનસ ચૂકવેલ શ્રમયોગીઓની સંખ્યા ૭૨,૭૪૪ છે. તેમને ૩૩,૫૪,૨૬,૮૮૭ રૂપિયા ચૂકવ્યા છે. સાણંદમાં ૭૫ સંસ્થાઓ છે. ૧૨,૯૨૫ શ્રમયોગીને ૧૫,૯૫,૦૯,૦૦૬ રૂપિયા ચૂકવ્યા છે. બાવળામાં ૩૭ સંસ્થાઓ છે. ૧,૯૯૭ શ્રમયોગીની સંખ્યા છે. ૧,૦૨,૭૯,૮૭૯ રૂપિયા ચૂકવ્યા. ધોળકામાં ૧૪ સંસ્થાઓ છે. ૩,૧૧૨ શ્રમયોગીઓની સંખ્યા છે. ૧,૦૧,૦૪,૫૬૨રૂપિયા ચૂકવ્યા છે. વીરમગામમાં ૨૦ સંસ્થાઓ છે. ૩,૭૫૪ શ્રમયોગીની સંખ્યા છે. ૨,૦૭,૦૦,૦૬૧ રૂપિયા ચૂકવ્યા છે. રાણપુરમાં ૪ સંસ્થા છે. તેમાં ૯૮૫ શ્રમયોગીની સંખ્યા છે. ૯૨,૪૬,૮૫૯ રૂપિયા ચૂકવ્યા છે. ધંધૂકામાં દસક્રોઈમાં ૪ સંસ્થા છે. ૧૦૮ શ્રમયોગીઓની સંખ્યા છે. ૯,૫૯,૩૬૦ રૂપિયા એ રીતે કુલ ૮૪૮ સંસ્થાઓથી ૯૫,૬૨૫ શ્રમયોગીઓની સંખ્યા અને ૫૪,૬૨,૨૬,૬૧૪ રૂપિયાની ચૂકવણી કરી છે.

**શ્રી કાન્તિલાલ રા. લકુમ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આ બોનસ ચૂકવણી ધારો કોને લાગુ પડે છે અને બોનસ ધારામાં ચૂકવણી કરવા માટેની જોગવાઈઓ શું છે? બીજો પ્રશ્ન છે કે અમદાવાદ જિલ્લામાં ૨૦૧૦માં બોનસ ચૂકવણી ધારા ૧૯૬૫ અન્વયે કેટલી સંસ્થાઓમાં કોર્ટમાં કેસ થયા છે અને હાલની સ્થિતિ શું છે?

**શ્રી લીલાધરભાઈ ખો. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ બોનસ ચૂકવણી ધારો કોને લાગુ પડે છે એવી વાત કરી. બોનસ ચૂકવણી અધિનિયમ ૧૯૬૫ હેઠળ જોગવાઈ મુજબ ૧૦ કે ૧૦થી વધારે શ્રમયોગીઓને કામે રાખતી સંસ્થાઓને બોનસ અધિનિયમ ૧૯૬૫ લાગુ પડે છે અને બોનસ ચૂકવણી ધારા ૧૯૬૫ હેઠળ નાણાકીય વર્ષ પૂરું થયાના આઠ મહિના પહેલાં બોનસની ચૂકવણી કરવી જરૂરી છે. સંસ્થાઓના હિસાબી વર્ષ એપ્રિલથી માર્ચ હોય છે. જેથી કાયદાની જોગવાઈ મુજબ નવૅમ્બરના અંત સુધીમાં બોનસ ચૂકવી શકાય છે. માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીનો બીજો પ્રશ્ન છે કે, અમદાવાદ જિલ્લામાં જે કોર્ટ કેસો થયા છે એમાં વર્ષ ૨૦૧૦માં ૯૦ કોર્ટ કેસ દાખલ થયા હતા. જેમાંથી ૩૫ કેસોનો નામદાર કોર્ટમાં નિકાલ થયેલ છે અને જેના રૂ.૨૩૦૦૦/-નો દંડ થયો છે. ૫૫ કેસો નામદાર કોર્ટમાં પડતર છે. સાથે ત્રીજો પ્રશ્ન છે કે, અમદાવાદ જિલ્લામાં ૨૦૧૦માં બોનસ અધિનિયમ ૧૯૬૫ હેઠળ કોઈ ફરિયાદો મળી હતી? જો હા, તો કેટલી ફરિયાદો મળી હતી?. અમદાવાદ જિલ્લામાં ૨૦૧૦માં બોનસ ચૂકવણી ધારાની કુલ ૨૬ ફરિયાદો મળી હતી. જે પૈકી ૨૫ ફરિયાદોનો નિકાલ થયો છે ૧ ફરિયાદ પડતર રહેવા પામી છે.

**શ્રી વલ્લભભાઈ ગો. કાકડિયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, જો કોઈ સંસ્થાનો માલિક કાયદાથી નક્કી કરેલ સમય મર્યાદામાં બોનસ ન ચૂકવે તો તેવી સંસ્થા સામે શું કાર્યવાહી થઈ શકે? અને બોનસ ધારાની જોગવાઈનું પાલન ન કરનાર સંસ્થા વિરુદ્ધ સજાની શું જોગવાઈ છે?

**શ્રી લીલાધરભાઈ ખો. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, કોઈપણ સંસ્થાનો માલિક કાયદાથી નક્કી કરેલ સમય મર્યાદામાં બોનસ ન ચૂકવે તો શું કાર્યવાહી થઈ શકે છે? તો કોઈપણ સંસ્થાના નિરીક્ષક દ્વારા તપાસ કર્યા બાદ તપાસ નોંધનો અમલ ન કરે તો સંસ્થાના જવાબદારો વિરુદ્ધ ફોજદારી કાર્યવાહી કરવામાં આવે છે. મંડળ ઔદ્યોગિક વિવાદ ઉપસ્થિત કરી રીકવરી અરજી કરી શકે છે અને બોનસ ધારાની જોગવાઈનો અમલ ન કરનારને છ માસની કેદ અથવા રૂ.૧૦૦૦/-નો દંડ અથવા જરૂર પડે તો બન્નેની શિક્ષા પાત્ર બને છે.

**નવસારી જિલ્લામાં નિરાધાર વૃદ્ધ સહાય યોજનાની મળેલ અરજીઓ**

***૨૧૮૯૧ શ્રી આર.સી. પટેલ(જલાલપોર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) નવસારી જિલ્લામાં નિરાધાર વૃદ્ધ સહાય યોજના અન્વયે તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ મળેલ છે,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવેલ છે,

(૩) કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવેલ છે, અને

(૪) કેટલી સહાય ચૂકવવામાં આવી?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી :**

(૧) ૩૬૨૯.

(૨) ૨૩૩૮.

(૩) ૮૭૩.

(૪) રૂ.૧૧૬,૩૮,૭૭૮/-

**શ્રી આર.સી. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, નવસારી જિલ્લામાં નિરાધાર વૃદ્ધોને સહાય યોજનામાં એક વર્ષ ૩૬૨૬ અરજીઓ મળેલ છે. તેમાંથી ૨૩૨૯ અરજીઓ મંજૂર થઈ છે અને ૮૭૩ નામંજૂર થઈ છે, તો બાકીની અરજીઓનું શું થયું? જે ૮૭૩ નામંજૂર થઈ છે એ નામંજૂર થવાના કારણો શું છે? નવસારી જિલ્લામાં વૃદ્ધ સહાય યોજના હેઠળ જે સહસાય આપી છે એમાં રાજય સરકારની યોજના હેઠળ કેટલા લાભાર્થીઓ છે અને કેન્દ્ર સરકારની યોજના હેઠળ કેટલા લાભાર્થીઓ છે. આ બન્ને યોજનાના થઈને વર્ષ દરમિયાન કેટલી કેટલી સહાય આપવામાં આવી છે?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીનો જે પહેલો પ્રશ્ન હતો કે જે બાકીની અરજીઓ છે એનું શું તો ૧૧૫ અરજીઓ જે તે સમયે પડતર હતી. એમાંથી આજની તારીખે ૯૩ અરજીઓ મંજૂર થઈ છે અને ૨૩ અરજીઓ નામંજૂર થઈ હોવાથી હવે આજની તારીખે એકપણ અરજી પડતર નથી. એમનો બીજો પ્રશ્ન હતો કે, જે ૮૭૩ નામંજૂર થઈ છે તો એના કારણો શું છે? ૪૭ કિસ્સામાં નિયત આવક કરતાં વધુ આવક હોવાથી, ૫૪ કિસ્સામાં પુખ્ત વયનો પુત્ર હોવાથી, ૩૦૯ કિસ્સામાં ઉંમર ઓછી હોવાથી, ૧ કિસ્સામાં તપાસણી દરમિયાન એ સ્થળે અરજદાર રહેતા ન હોવાથી અને ૪૬૨ કિસ્સામાં બીપીએલની યાદીમાં ન હોવાના કારણે આ અરજીઓ નામંજૂર કરવામાં આવી છે. એમનો બીજો પ્રશ્ન હતો કે, રાજય કક્ષાની યોજનાના અને રાષ્ટ્રીય કક્ષાની યોજનાના કેટ-કેટલા લાભાર્થીઓ છે? આપણે ત્યાં વૃદ્ધાવસ્થા પેન્શન માટેની બે યોજનાઓ ચાલે છે. એમાં એક - ૬૦ વર્ષની ઉપરના થયા હોય તો એમને રાજય સરકાર રૂ.૨૦૦/- પેન્શન આપે છે અને ૬૫ વર્ષની ઉંમર પ્રાપ્ત કરે છે ત્યારે એમને રાજય સરકારના રૂ.૨૦૦/- અને કેન્દ્ર સરકારના રૂ.૨૦૦/- મળી કુલ રૂ.૪૦૦/-ની સહાય મળે છે. રાજય સરકારની યોજનામાં ૬૦ વર્ષની ઉંમરના છે એમને ૪.૩૨ લાખ,તારાંકિત પ્રશ્ન ક્રમાંક:૨૧૮૯૧અને રાજય અને રાષ્ટ્રીય સાથેની યોજના છે એમાં ૪૭.૬૨ લાખની સહાય ચૂકવવામાં આવી છે. ૬૦ વર્ષ સુધીના જે લાભાર્થીઓ છે એની સંખ્યા ૧૮૦ અને બંનેની જે સંખ્યા છે એમાં ૨૧૫૮ છે.

**શ્રી લક્ષ્મણભાઈ પ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે નિરાધાર વૃદ્ધોને માસિક કેટલી સહાય આપવામાં આવે છે અને કયા સમય સુધી આ સહાય ચૂકવવામાં આવી છે?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, મેં અગાઉ કહ્યું એમ રાજય સરકારની જે યોજના છે એ ૬૦ વર્ષ સુધીની એમાં ૨૦૦ રૂપિયા અને ૬૫ વર્ષની ઉંમર પ્રાપ્ત કરે તો ૪૦૦ રૂપિયા ચૂકવવામાં આવે છે અને દર મહીને આ રકમ ચૂકવવામાં આવે છે. જ્યાં સુધી નવસારી જિલ્લાનો સવાલ છે જાન્યુઆરી સુધીનું ચૂકવણું થઈ ગયું છે.

**રાજય સંસ્કૃતિની પ્રસિધ્ધ માટે પગલાં**

*** ૨૧૬૮૭ શ્રીમતી જશોદાબેન ચ. પરમાર(જોટાણા) : માનનીય સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) રાજયની સંસ્કૃતિની રાજયમાં તથા દેશના અન્ય રાજયોમાં બહોળી પ્રસિધ્ધી થાય તે માટે કોઈ પગલાં લેવામાં આવ્યા છે કે કેમ, અને

(૨) જો હા, તો તે પાછળ તા:૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

**સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મંત્રીશ્રી :**

(૧) હા, જી.

(૨) રૂા. ૫,૦૩,૨૩,૪૫૩/- નો ખર્ચ કરવામાં આવેલ છે.

**શ્રીમતી જશોદાબેન ચ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમ દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગુ છું કે રાજયની સંસ્કૃતિની રાજયમાં તથા દેશના અન્ય રાજયોમાં બહોળી પ્રસિદ્ધિ થાય તે માટે રુ ૫,૦૩,૨૩,૪૫૩ રૂપિયાનો ખર્ચ કરવામાં આવેલ છે તેમાં વર્ષ ૨૦૦૯-૧૦માં કેટકેટલો ખર્ચ થયો અને બીજો પ્રશ્ન એ છે કે રાજય અને રાષ્ટ્ર બહાર સાંસ્કૃતિક કાર્યક્રમો યોજવાની કોઈ યોજના છે અને તેના ધોરણો શાં છે? છેલ્લા ૨ વર્ષમાં વર્ષવાર કેટલી સહાય ચૂકવવામાં આવે છે?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સદસ્યશ્રીનો પહેલો જે પ્રશ્ન છે એમાં કુલ જે ૨ વર્ષનો ખર્ચ બતાવવામાં આવ્યો છે એ ૫,૦૩,૨૩,૪૫૩ આ પૈકી ૨૦૦૯ના વર્ષમાં ૨,૩૪,૬૩,૪૨૧નો ખર્ચ થયો છે. અને ૨૦૧૦માં ૨,૬૮,૬૦,૦૩૨નો ખર્ચ થયો. છે. ત્રીજો એમનો પ્રશ્ન હતો, માનનીય સદસ્યશ્રીઓનો કે રાજય અને રાષ્ટ્ર બહાર જે કાર્યક્રમો માટેની યોજના છે એના ધોરણો અને બે વર્ષમાં કેટલી સહાય ચૂકવવામાં આવી તો રાજયની છે યોજના છે એમાં નાટક, શાસ્ત્રીય નૃત્ય અને નૃત્ય નાટીકાના ક્ષેત્રે નિર્માણ અને નિદર્શનની અંદર કોરીયોગ્રાફી તરીકેનો ૩ થી ૫ વર્ષનો અનુભવ ધરાવતી સંસ્થાઓ પાસેથી અરજીઓ મંગાવીને પસંદગી કરવામાં આવે છે. તથા ગરબા, રાસ લોકનૃત્યના ગૃપોની પસંદગી કરી એમને રાજય બહાર મોકલવામાં આવે છે. એમનો પેટા પ્રશ્ન હતો કે ૨૦૦૯માં કેટલી સંસ્થાઓને કેટલી સહાય ચૂકવવામાં આવી, તો ૨૦૦૯માં ૫૦ સંસ્થાઓને ૨૮,૯૯,૨૮૧/- રુપિયાની સહાય ચૂકવવામાં આવી અને ૨૦૧૦માં ૩૩ સંસ્થાઓને ૩૧,૧૬,૯૧૨/-ની સહાય ચૂકવવામાં આવી.

**શ્રી નારાયણભાઈ લ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, અ પ્રશ્નમાં, પહેલામાં લખ્યું છે કે રાજયની સંસ્કૃતિની રાજયમાં તથા દેશમાં તો મારે દેશની વાત નથી કરવી, ગુજરાત રાજયની વાત કરવી છે એમાં મારા વિસ્તાર વડનગરમાં સ્વર્ણિમ તાનારીરી મહોત્સવ કેટલાય વર્ષથી ઊજવાય છે. એમાં પ્રતિવર્ષ સારા સારા કલાકારો આવતા હોય છે. તો આજ સુધીમાં કેટલા કલાકારોએ ભાગ લીધો, એની પાછળ શું ખર્ચો થયો એ હું આપના દ્વારા જાણવા માગુ છું.

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્ન છેલ્લા બે વર્ષનો છે એટલે માહિતી મારી પાસે બે વર્ષની છે એ હું માનનીય સદસ્યશ્રીને આપુ છું. ૨૦૦૯માં સ્વર્ગસ્થ સંગીત સામગ્રી બેલડી જે તાનારીરી હતા એના પ્રતિવર્ષ વડનગર ખાતે એમના માનમાં તાનારીરી મહોત્સવ એ ૨૭-૨૮, ઑકટોબર દરમિયાન ઊજવાયો, અને ૧૧૧ તબલાવાદક, સમૂહ તબલાવાદન, નામાંકિત કલાકારો તેમજ સંગીત ક્ષેત્રે તાલીમ આપતી કલા સંસ્થાઓ દ્વારા ગાયન, વાદન તેમજ ઓમકારનાથ શાસ્ત્રીએ સંગીત સ્પર્ધાના વિજેતા કલાકાર દ્વારા શાસ્ત્રીય ગાયન અને વાદન પ્રસ્તુત કરેલ.

અને કલાકારોને ૩.૨૦ લાખના પુરસ્કારો આપવામાં આવ્યા હતા. એ મહોત્સવની અંદર કુલ ૧૬૫ કલાકારોએ ભાગ લીધો હતો અને ૨૦૦૯નો કુલ ખર્ચ ૨૩.૩૭ લાખ થયો હતો. ૨૦૧૦માં પણ તા. ૧૧-૧૧-૨૦૧૦થી ૧૫-૧૧-૨૦૧૦ સુધી સુશ્રી સ્વરાધિકા ધારિક પંચમદાએ ૯૯ કલાક, ૯૯ મિનિટ અને ૯૯ સેકન્ડ શાસ્ત્રીય સંગીતગાન ગાઈને સતત ગાવાનો વિશ્વ વિક્રમ સિદ્ધ કરીને ગિનિસ બુક ઑફ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન પામીને ગુજરાતનું ગૌરવ વધાર્યું. આ ઉપરાંત સ્વર્ણિમ ગુજરાતની ઉજવણી અંતર્ગત ચાલુ વર્ષે પણ વિશ્વ પ્રસિદ્ધ એવી મહિલા સંગીત બેલડી સુશ્રી લતા મંગેશકર અને સુશ્રી ઉષા મંગેશકરને તાના-રીરી સન્માન એવોર્ડથી રાજ્ય સરકાર દ્વારા સન્માનિત કરવામાં આવ્યા અને ભારતમાં ગુજરાતની સંગીત ક્ષેત્રે આગવી ઓળખ ઊભી કરી અને રાજ્યનું ગૌરવ વધારવામાં આવ્યું છે. આ ઉપરાંત આ પ્રસંગોએ પ્રથમ વાર રાજ્યમાંથી ૩૫ થી વધારે મહિલાઓએ સમૂહ સીતાર વાદનનો કાર્યક્રમ યોજ્યો હતો એ પણ એક અજોડ સિદ્ધિ હતી. એમણે ખર્ચની બાબતમાં પૂછ્યું છે તો આ કાર્યક્રમના આયોજન પાછળ કલેકટર કચેરી દ્વારા ૪૦ લાખ અને આપણી અકાદમી દ્વારા ૩૦,૩૩,૩૬૪ રૂપિયા એમ કુલ મળીને ૭૦,૩૩,૩૬૪ રૂપિયાનો ખર્ચ થયો અને કુલ ૩૯૨ કલાકારોએ આ મહોત્સવમાં ભાગ લીધો.

### રમતગમત ક્ષેત્રે મહિલાઓને પ્રોત્સાહન

*** ૨૧૮૬૬ શ્રીમતી વિભાવરીબેન વિ. દવે(ભાવનગર શહેર (ઉત્તર) : માનનીય રમતગમત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

રાજ્યની મહિલા રમતગમત ક્ષેત્રે રુચિ ધરાવે અને રમતગમતના ક્ષેત્રે આગળ વધે તે માટે સરકાર દ્વારા કોઈ પ્રયત્નો કરવામાં આવ્યા છે કે કેમ?

**રમતગમત મંત્રીશ્રી**

હા, જી.

રાજ્યની મહિલા રમતગમત ક્ષેત્રે રુચિ ધરાવે અને રમતગમતના ક્ષેત્રે આગળ વધે તે માટે સરકાર દ્વારા નીચે મુજબની યોજનાઓ અમલમાં છે.

(૧) મહિલાઓ માટે મહિલા રમતોત્સવ.
(૨) મહિલા સ્કોલરશીપ
(૩) મહિલા કલ્યાણ અને સંરક્ષણ તાલીમ શિબિર.
(૪) વિશિષ્ટ સિદ્ધિ બદલ સહાય માટે રીવોલ્વીંગ ફંડ .

**શ્રીમતી વિભાવરીબેન વિ. દવે** : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમ દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે વર્ષ ૨૦૧૦-૧૧માં કુલ કેટલી મહિલા ખેલાડીઓને સ્કોલરશીપ ચૂકવવામાં આવી, કેટલી રકમની ચૂકવવામાં આવી અને સાથે સાથે મહિલાઓને રાષ્ટ્રીય કક્ષાએ ચંદ્રકો જે મળ્યા છે એ કેટલા મળ્યા છે?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : વર્ષ ૨૦૧૦-૧૧માં કુલ ૯૭૭ મહિલા ખેલાડીઓને રૂા. ૪૩.૫૬ લાખની સ્કોલરશીપ ચૂકવવામાં આવેલ છે. બીજો માનનીય સભ્યશ્રીનો પ્રશ્ન હતો કે એમને રાષ્ટ્રીય કક્ષાએ ૨૦૧૦માં જેમને સ્કોલરશીપ ચૂકવી છે એ પૈકી કેટલી મહિલાઓએ ચંદ્રકો મેળવ્યા તો વર્ષ ૨૦૧૦-૧૧માં ચૂકવવામાં આવેલ મહિલા સ્કોલરશીપમાંથી ૫૨ મહિલાઓએ આ ચંદ્રકો પ્રાપ્ત કર્યા છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : છેલ્લો રાષ્ટ્રીય ખેલ-કૂદ મહોત્સવ થયો એમાં આપણા રાજયની કેટલી મહિલાઓએ ભાગ લીધો અને એમાંથી કેટલાને સુવર્ણ ચંદ્રકો અને બીજા ચંદ્રકો મળ્યા એના આંકડા જોઈએ છે. બીજો પ્રશ્ન એ પ્રકારનો છે કે સરકાર દ્વારા મહિલાઓ રમતગમત ક્ષેત્રે આગળ વધે તે માટે કોઈ પ્રયત્નો કરવામાં આવ્યા છે કે કેમ એના સંદર્ભમાં મારો પ્રશ્ન છે કે અમદાવાદ ખાતે વલ્ડકપની મૅચ રમાઈ રહી છે ત્યારે ટિકિટોના મોટા પાયે કાળા બજાર થઈ રહ્યા છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : આમાં આ પ્રશ્ન આવતો નથી. (અંતરાય)

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : રાજ્ય સરકાર એને અટકાવવા કોઈ પ્રયત્ન કરવા માગે છે કે કેમ? (અંતરાય) રાજ્ય સરકાર પગલાં લેવા માગે છે કે કેમ એ બાબતમાં પૂછી ન શકાય? (અંતરાય) તમને વાંધો શું છે? (અંતરાય)

**શ્રી વજુભાઈ વાળા** : આને ને એને શું લાગે વળગે છે? પ્રમુખ થઈને આવું પૂછો છો? (સતત અંતરાય) કોને પૂછવું એનો ખ્યાલ રાખવો જોઈએ. (અંતરાય)(વિરોધ પક્ષના સભ્યો દ્વારા સતત સુત્રોચ્ચાર ટિકિટોના કાળા બજાર બંધ કરો, ના સતત સુત્રોચ્ચાર..)

**અધ્યક્ષશ્રી** : ઑર્ડર, ઑર્ડર.. (સતત અંતરાય) પ્લીઝ આપ બેસી જાવ. બંને પક્ષના બેસી જાવ. શકિતસિંહભાઈ આપ બેસો. (અંતરાય) નીતિનભાઈ આપ બેસી જાવ પ્લીઝ. (અંતરાય) બેસી જાવ, પ્લીઝ. (સતત અંતરાય) આનો જવાબ હું પ્રશ્નોત્તરી પૂરી થઈ જાય પછી આપીશ. (અંતરાય) શકિતસિંહભાઈ પ્રશ્નોત્તરી પછી ચર્ચા કરીએ, પ્લીઝ આપ બેસી જાવ. (અંતરાય) આનો જવાબ આપવો અત્યારે શકય નથી. પ્લીઝ આપ બેસો. (સતત અંતરાય) સ્કોપ બહારનો પ્રશ્ન છે એટલે એનો કોઈ સવાલ નથી. માનનીય આત્મારામભાઈ (સતત અંતરાય) પ્લીઝ.

**શ્રી આત્મારામ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન એ છે કે ભાવનગર જિલ્લામાં (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : (અંતરાય) પ્લીઝ શકિતસિંહભાઈ આપ બેસો. (અંતરાય)

**શ્રી આત્મારામ મ. પરમાર** : કેટલા મહિલા ખેલાડીઓ એવોર્ડથી સન્માનિત થયા છે? માનનીય અધ્યક્ષશ્રી, ભાવનગર જિલ્લાની કોઈ મહિલાને આંતરરાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધામાં ભાગ લેવા માટે કોઈ આર્થિક સહાય આપવામાં આવી છે કે કેમ? માનનીય અધ્યક્ષશ્રી, આ વિગતો આપના મારફતે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : (સતત અંતરાય) પ્લીઝ આપ બેસી જાવ. શકિતસિંહભાઈ આપ બેસો. (અંતરાય) પ્રશ્નોત્તરી પછી જે ચર્ચા કરવી હોય તે કરીશું પ્લીંઝ. (અંતરાય.. વિરોધ પક્ષના સભ્યો દ્વારા સતત સુત્રોચ્ચાર ટિકિટોના કાળા બજાર બંધ કરો...) શકિતસિંહભાઈ આપને (અંતરાય) શક્તિસિંહભાઈ પ્લીઝ, આપ આપના સભ્યોને બેસાડો. પ્રશ્નોત્તરી ચાલવા દો. પ્લીઝ. અનિલભાઈ પ્લીઝ. (અંતરાય) માનનીય આત્મારામભાઈ આપનો પ્રશ્ન છે.

**શ્રી આત્મારામ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, ભાવનગર જિલ્લાની (અંતરાય) ભાઈ, (સતત અંતરાય)

**અધ્યક્ષશ્રી** : (સતત અંતરાય) પ્લીઝ આપ બેસી જાવ. (અંતરાય) કમાભાઈ આપ બેસી જાવ.

**શ્રી આત્મારામ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસે એ જાણવું છે કે ભાવનગર જિલ્લામાં કેટલી મહિલા ખેલાડીઓ એવોર્ડથી સન્માનિત થઈ છે? (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : પ્લીઝ નીતિનભાઈ (અંતરાય) પ્રશ્નોત્તરીનો સમય ખૂબજ કિંમત હોય છે માનનીય શકિતસિંહભાઈ, આપને વિનંતી કરું છું કે આપ સભ્યોને બેસાડી દો. (અંતરાય) નીતિનભાઈ, હવે ડિસ્ટર્બન્સ બંધ કરો. (સતત સુત્રોચ્ચારો ) હું પ્રશ્નોત્તરી પછી ચર્ચા કરીશ.

**શ્રી આત્મારામ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી ભાવનગર જિલ્લાની વિગત જાણવી છે કે ભાવનગર જિલ્લામાં રમત ગમત ક્ષેત્રે કેટલી મહિલા ખેલાડીઓ એવોર્ડથી સન્માનિત થઈ? મારો બીજો પ્રશ્ન એ છે કે ભાવનગર જિલ્લાની કેટલી મહિલા ખેલાડીઓને સ્પર્ધામાં ભાગ લેવા બદલ કોઈ આર્થિક સહાય, સ્કોલરશીપ કે મદદ આપવામાં આવી છે કે કેમ?

**શ્રી ફકરીભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીનો ભાવનગર જિલ્લાનો જે પ્રશ્ન છે એમાં ભાવનગર જિલ્લામાં ૬ મહિલાઓને આ એવોર્ડથી સન્માનિત કરવામાં આવી છે. બીજો પ્રશ્ન એમનો આંતરરાષ્ટ્રીય કક્ષાએ કોઈ મહિલાને ભાગ લેવા બદલ આર્થિક સહાય માટેનો છે તો ભાવનગર જિલ્લાની કું. મહેતા અનેરી, ૧૩મી વર્લ્ડ યોગ કોમ્પિટિશન સ્પેન અને એશિયન યોગ ચેમ્પીયન ટીમને થાયલેન્ડમાં ભાગ લેવા બદલ ર૯૯૩૪ની સહાય કરવામાં આવી.પટેલ ધરણી કલ્પેશભાઈને થાઈલેન્ડ ખાતે એશિયન યોગા ચૅમ્પિયનશીપ-૨૦૦૮માં ભાગ લેવા બદલ ૯,૬૮૨/-ની સહાય કરવામાં આવી. આમ બંને બહેનોને મળીને કુલ ૩૯,૬૧૬/- રૂપિયાની સહાય કરવામાં આવી.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં જે રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધાઓના જે છેલ્લા પાંચ વર્ષના આંકડાઓ છે એમાં આપણને મારે એ જાણવું છે કે, મહિલાઓ અને પુરુષ એમાંથી મહિલાઓ કેટલી કારણ કે, પ્રશ્ન મહિલાઓને લગતો છે. ૨૦૦૬-૭માં રાષ્ટ્રીય કક્ષાએ ૪૯ સુવર્ણ ચંદ્રક મળ્યા હતા, ૩૭ રજત અને ૫૩ કાંસ્ય મળ્યા હતા. ૨૦૧૦-૧૧માં એ ઘટીને સુવર્ણ માત્ર ૧૫, રજત માત્ર ૬ અને કાંસ્ય માત્ર ૯ અને ૨૦૦૯-૧૦માં પણ ૨૦૦૬-૭થી આપણે ગણતરી કરીએ તો સુવર્ણ, રજત અને કાંસ્ય કુલ જે છે એ ૨૦૦૬-૦૭માં ૧૩૯ હતા એ ૨૦૦૯-૧૦માં ૯૮ અને ૨૦૧૦-૧૧માં ૩૦ માત્ર થઈ ગયા રાષ્ટ્રીય કક્ષાએ, તો આ ઘટવા માટે (અંતરાય) હા, કૌભાંડ રમતોમાં થયું ને એટલે ઘટ્યા.

**અધ્યક્ષશ્રી** : શકિતસિંહભાઈ, આપ સીધા પ્રશ્ન ઉપર આવો (અંતરાય)

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : આ ઘટવાનું કારણ એજ છે. (અંતરાય) એટલા માટે જ ઘટ્યા એમ હું કહું છું આ કૌભાંડ કરો છો એટલે ઘટ્યા, અને આ ટિકિટોના કાળાબજારો બંધ થતા નથી એટલે ઘટ્યા છે રમતોમાં એટલે જ.

**અધ્યક્ષશ્રી** : ભરતભાઈ પ્લીઝ બેસો, આપ આપના મૂળ પ્રશ્ન ઉપર આવી જાવ.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : એટલા માટે કે, આપણે એક તરફ રમત ગમતને પ્રોત્સાહિત કરતા હોઈએ ત્યારે આ આંકડાઓ ઘટ્યા છે એ આંકડાઓ ઘટવાના કારણો શું છે ?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, પહેલા તો માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ જે વાત કરી કે, ચંદ્રકોની સંખ્યા ઘટી છે એ જો ઉપસ્થિત રહ્યા હોત મારા જવાબ વખતે તો મેં એ હાઉસમાં જ એ વખતે કહ્યું હતું કે, છેલ્લા પાંચ વર્ષમાં ગુજરાતને ૮૮૯ ચંદ્રકો કુલ્લે મળ્યા છે. એટલે સંખ્યા ઘટી નથી, ઉત્તરોત્તર સંખ્યા વધી રહી છે.

## ભરૂચ જિલ્લામાં નિરાધાર વૃદ્ધ સહાય યોજનાની મળેલ અરજીઓ.

***૨૧૮૯૬શ્રી દુષ્યંતભાઈ ર. પટેલ(ભરૂચ)** : માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) ભરૂચ જિલ્લામાં નિરાધાર વૃદ્ધ સહાય યોજના અન્વયે તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ મળેલ છે.

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવેલ છે,

(૩) કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવેલ છે, અને

(૪) કેટલી સહાય ચૂકવવામાં આવી ?

**સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી :**

(૧) ૧૯૦૮.

(૨) ૧૭૦૬.

(૩) ૧૬૨.

(૪) રૂા. ૩૩,૧૯,૬૦૦/-.

**શ્રી દુષ્યંતભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારા ભરૂચમાં એક વર્ષમાં ૧,૯૦૮ અરજીઓ મળી છે અને ૧,૭૦૬ મંજૂર થઈ છે બાકીની અરજીઓ જે પડતર છે તે કેમ પડતર છે, નામંજૂરીના કારણો શું છે ? બીજો પ્રશ્ન એ છે કે, રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજનામાં બી.પી.એલ. લાભાર્થી પાસેથી આવક અંગેનો કોઈ દાખલો/પુરાવો માગવામાં આવે છે કે કેમ ? દાખલો અશિક્ષિત વ્યકિત માટે ઉંમરનો દાખલો કોણ આપશે, તેમાં કોઈ ફેરફાર કરેલ છે કે કેમ અને વિકલાંગ વ્યકિતઓને વૃદ્ધ પેન્શન કઈ ઉંમરે પ્રાપ્ત થાય છે ?

**શ્રી ફકીરભાઈ ૨. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે પહેલો પ્રશ્ન પૂછયો એમાં ૧૬૨ અરજી જે નામંજૂર કરવામાં આવી છે એમાં ૨૬ અરજી એ આવક મર્યાદાના કારણે, ૨૦ અરજી પુખ્ત વયના પુત્ર હોવાના કારણે અને ૩૩ અરજી ઓછી ઉંમરના કારણે અને ૮૩ અરજી એ બી.પી.એલ.ની યાદીમાં સમાવેશ ના હોવાના કારણે નામંજૂર કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, જે ૧,૯૦૮ અરજીઓમાંથી ૧,૭૦૬ મંજૂર થઈ અને ૧૬૨ નામંજૂર થઈ અને જે તફાવત ૪૦ અરજીઓનો જે આવ્યો એ અરજીઓ પડતર હતી અને એ પડતર અરજીઓમાંથી ૨૭ અરજી મંજૂર થઈ, ૧૩ અરજી નામંજૂર થઈ. આજની તારીખે એક પણ અરજી પડતર નથી.

માનનીય અધ્યક્ષશ્રી, બીજો એમનો જે પ્રશ્ન હતો કે, રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજનામાં બી.પી.એલ.ના લાભાર્થી પાસેથી આવકનો કોઈ દાખલ/પુરાવો માગવામાં આવે છે કે કેમ ? માનનીય અધ્યક્ષશ્રી, બી.પી.એલ. માટેનો કોઈ પણ દાખલો કે પુરાવો માગવામાં આવતો નથી પણ અધિકારી કક્ષાએ જ એમને સૂચના આપવામાં આવેલ છે કે, વેબ સાઈટ ઉપર બી.પી.એલ.ની જે યાદી છે એ અધિકારી જાતે જ એની ચકાસણી કરી લે અને એ પ્રમાણે એમાંથી એમને મુક્તિ આપવામાં આવી છે.બીજો પ્રશ્ન એમનો એ હતો કે ઉંમરના દાખલા માટેનો. પહેલા ઉંમરનો દાખલો મેડીકલ બોર્ડ આપતુ હતું એમાં આપણે સુધારો કર્યો અને એ સુધારો કરીને હવે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મેડીકલ ઓફીસર અને જો સામૂહિક આરોગ્ય કેન્દ્ર હોય તો એના અધિકારી પણ આ દાખલો આપી શકે. જેથી કરીને અરજદારને કોઈ તકલીફ પડે નહીં. ત્રીજો પ્રશ્ન એ હતો કે વિકલાંગ વ્યકિતઓને કઈ ઉંમરે આ આપો છો તો રાજય સરકારની યોજના છે. ૬૦ વર્ષથી આપણે પેન્શન આપીએ છીએ એમાં અને વિકલાંગ વ્યકિતને ૪૫ વર્ષની ઉંમર હોય તો વૃદ્ધ પેન્શન અપાય છે.

**શ્રી કિરણકુમાર એલ. મકવાણા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કે ભરુચ જિલ્લામાં નિરાધાર વૃદ્ધ સહાય યોજના અન્વયે છેલ્લા એક વર્ષમાં ૩૩૧૯૬૦૦ ચૂકવવામાં આવ્યા તો જંબુસર અને આમોદ તાલુકામાં કેટલી વ્યકિતઓ? જે વ્યકિત બી.પી.એલ.માં નોંધાયેલ ન હોય પણ એની આર્થિક સ્થિતિ નબળી હોય એમના માટે કોઈ નકકર યોજના બનાવી આ સહાય કરવા માગે છે કે કેમ?

**શ્રી ફકીરભાઈ ૨. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારની યોજના છે એમાં આવકનું ધોરણ છે એમાં બી.પી.એલ.નું ધોરણ નથી એટલે એનો જવાબ એમને મળી જાય. ૬૫ વર્ષ ઉપરની યોજના કેન્દ્ર સરકારની છે. કેન્દ્ર સરકાર બી.પી.એલ.માં પણ ૦ થી ૧૬ માં આવતા હોય તો જ આપે છે. ૧૭ થી ૨૦ ને આપતા નથી. ત્યાંથી સુધારો થઈને આવશે તો આપવાની અમારી તૈયારી છે.

**શ્રી અમરસિંહ ૨ા. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કે સરકારે નિરાધાર વૃદ્ધ પેન્શન યોજના જાહેર કરી છે પણ મારે મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે આ સહાય ચૂકવવાનું જે ધોરણ છે એ નિરાધારને સમયસર ચૂકવવામાં આવતું નથી એનું કારણ શું છે અને પેન્શન ચૂકવવામાં આવે છે ત્યારે કેટલીયે નિરાધાર વ્યકિત મરી જાય છે તો એના માટે સરકાર શું વ્યવસ્થા કરવા માગે છે?

**શ્રી ફકીરભાઈ ૨. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારની સ્પષ્ટ સૂચના છે કે દર મહિને આ પેન્શનની રકમ એમને મળે એમાં પણ બીજો સુધારો કર્યો છે કે જો કોઈ વ્યકિત એમ ઈચ્છતી હોય અને પોતાનો સેવીંગ એકાઉન્ટ નંબર આપે તો એના ખાતામાં ટ્રાન્સફર કરવાની રાજય સરકારની તૈયારી છે. સમયસર મળતા નથી એવો કોઈ દાખલો હોય તો મને આપજો હું તપાસ કરાવીશ. અમારું મન આ બાબતમાં ખુલ્લુ છે.

**શ્રી દુષ્યંતભાઈ ૨. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ દાખલો આપવાની વાત કરે છે એમાં ધારાસભ્યનો દાખલો ચાલે કે કેમ?

----------

**વડોદરા જિલ્લામાં વયવંદના યોજનાની મળેલ અરજીઓ**

*** ૨૧૬૫૮ શ્રી મોહનસિંહ છો. રાઠવા(જેતપુર-પાવી) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) વડોદરા જિલ્લામાં તાલુકાવાર તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વયવંદના યોજના હેઠળની સહાય મેળવવા માટે કેટલી અરજીઓ આવી,
(૨) તે પૈકી કેટલી મંજૂર કરી અને કેટલી નામંજૂર કરી, અને
(૩) મંજૂર ન કરવાના કારણો શા,
(૪) કેટલા કિસ્સામાં સહાય ચૂકવી અને કેટલાને બાકી છે, અને
(૫) સહાય ચૂકવણી બાકી હોય તો તેના કારણો શા છે?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી :-**

(૧) અને (૨) **પત્રક-૧** મુજબ
(૩) મંજૂર ન કરવાના કારણો નીચે મુજબ છે.
  (૧) બી.પી.એલ.યાદીમાં સમાવેશ થયેલ ન હોવાથી.
  (૨) નિયત કરેલ ઉંમર ધરાવતા ન હોવાથી.
  (૩) બી.પી.એલ. યાદીમાં ૦ થી ૧૬ સ્કોર ધરાવતા ન હોવાથી.

(૪) બધા કિસ્સામાં ચુકવણી થઈ ગયેલ છે.
(૫) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**પત્રક--૧**

| ક્રમ | તાલુકાનું નામ | મળેલ અરજીઓની સંખ્યા | મંજૂર કરેલ અરજીઓની સંખ્યા | નામંજૂર કરેલ અરજીઓની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ | વડોદરા | ૪૨૯૯ | ૪૧૩૦ | ૧૬૯ |
| ૨ | પાદરા | ૧૭૨૪ | ૧૬૦૩ | ૧૨૧ |
| ૩ | સાવલી | ૪૪૪૦ | ૪૨૯૧ | ૧૪૯ |
| ૪ | કરજણ | ૧૫૧૪ | ૧૩૫૭ | ૧૫૭ |
| ૫ | ડભોઈ | ૨૭૩૯ | ૨૭૩૬ | ૩ |
| ૬ | શિનોર | ૫૧૯ | ૫૧૯ | ૦ |
| ૭ | વાઘોડિયા | ૭૯૯ | ૭૮૯ | ૧૦ |
| ૮ | નસવાડી | ૨૪૩૫ | ૨૩૯૮ | ૩૭ |
| ૯ | છોટાઉદેપુર | ૩૬૪૪ | ૩૧૫૫ | ૪૦૭ |
| ૧૦ | ક્વાંટ | ૨૦૪૩ | ૧૯૨૧ | ૧૨૨ |
| ૧૧ | જેતપુર-પાવી | ૨૦૨૬ | ૧૬૩૬ | ૨૪૫ |
| ૧૨ | સંખેડા | ૯૧૫ | ૮૩૮ | ૬૪ |
| | **કુલ** | **૨૭૦૯૭** | **૨૫૩૭૩** | **૧૪૮૪** |

**શ્રી મોહનસિંહ છો. રાઠવા :** માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે વડોદરા જિલ્લામાં તાલુકાવાર તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વયવંદના યોજના હેઠળ કુલ ૧૨ તાલુકાની ૨૭૦૯૭ અરજીઓ મળી છે અને એમાં ૨૫૩૭૩ જેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી છે એટલે જે અરજીઓ ૧૪૮૪ નામંજૂર કરી છે તો ૨૪૦ અરજીઓનું શું થયું અને આ જે ભારત સરકારની યોજના છે તેમાં કયા પ્રકારની સહાય આપવામાં આવી છે?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, જે ૨૪૦ અરજીઓ છે એ જે તે સમયે પડતર હતી. આજની તારીખમાં એ પૈકી એક પણ અરજી પડતર નથી. પહેલો પ્રશ્ન એમનો હતો નામંજૂર માટેના કારણો તો ૨૦૮ અરજીઓ બી.પી.એલ. યાદીમાં આવતી ન હોવાને કારણે, ૪૪૫ ઉંમરની મર્યાદાને કારણે, ૮૩૧ અરજીઓ ૦ થી ૧૬માં ન આવતી હોવાને કારણે નામંજૂર કરવામાં આવી છે.

**શ્રી ભુપેન્દ્રભાઈ ગ. લાખાવાલા** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીને આપના મારફત પૂછવા માગું છું કે જે નામંજૂર થયેલ અરજીઓ છે એના કયા કારણો છે અને રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજનામાં નિરાધાર વૃદ્ધને માસિક પેન્શન આપવામાં આવે છે તેમાં રાજય સરકારનો કેટલો ફાળો રહ્યો છે?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : નામંજૂરનાં કારણો આપ્યાં. ફરીથી દોહરાવું રાજય સરકારના ૨૦૦ રૂપિયા અને કેન્દ્ર સરકારના ૨૦૦ રૂપિયા એ રીતે રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શનમાં ૪૦૦ રૂપિયા માસિક આપવામાં આવે છે.

**શ્રી ચંદુભાઈ ડાભી** : હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે આ રકમ છે આપણે આપીએ છીએ, જે ખૂબ જ ઓછી છે. તેના ઉપર રહેમ દ્રષ્ટિ રાખી વધારો કરવા માગો છો કે કેમ? બીજો પ્રશ્ન કરજણમાં ૧૫૭ નામંજૂર થયેલ અરજી છે. એમાંની કેટલી અરજી બી.પી.એલ. યાદીમાં સમાવેશ થયેલ નથી? નિયત કરેલ ઉંમર ધરાવતા ન હોવાથી અને બી.પી.એલ. યાદીમાં ૦ થી ૧૬ સ્કોર ધરાવતા ન હોવાની કેટલી સંખ્યા છે?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : કરજણ તાલુકામાં ટોટલ ૧૫૧૪ અરજીઓ આવી. એમાંથી ૧૩૫૭ અરજીઓ મંજૂર અને ૧૫૭ નામંજૂર કરી. હવે આ ૧૫૭ નામંજૂર કરી છે એમાં ૨૩ અરજી બી.પી.એલ. યાદીમાં ન હોવાથી, ૮૨ અરજીઓ ઉંમર મર્યાદામાં આવતી હોવાથી, ૫૨ અરજીઓ એ ૦ થી ૧૬ સ્કોર ન ધરાવતા હોવાથી આ રીતે કુલ ૧૫૭ અરજીઓ નામંજૂર કરવામાં આવી છે. પહેલો પ્રશ્ન છે એ એમનું સૂચન છે.

**શ્રી અભેસિંહ મો. તડવી** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફતે મંત્રીશ્રીને પૂછવા માગું છું કે રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શનના લાભ લેવા માટેના શા ધોરણો છે? આ યોજનાનો લાભ પતિ તથા પત્નીને બંનેને મળે છે કે કેમ? અને બીજો પ્રશ્ન રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજનામાં પારદર્શકતા જળવાય તે માટે શાં પગલાં લેવામાં આવેલાં છે?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : એમણે જે માપદંડ પૂછ્યા છે એમાં રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજનામાં ૬૫ વર્ષથી વધુ ઉંમર હોવી જોઈએ. બી.પી.એલ.ની અંદર ૦ થી ૧૬ હોવું જોઈએ. બીજો પ્રશ્ન પતિ અને પત્નીને મળે કે કેમ? તો આ યોજના બંનેને મળી શકે છે. બીજુ એમણે એમ કહ્યું કે આ યોજના પારદર્શકતા જાળવવા શાં શાં પગલાં લેવામાં આવ્યાં છે? તો આ બાબતે વીડિયો કૉન્ફરન્સ દ્વારા અમારા અધિકારીઓની મીટિંગ દ્વારા અને નિયામકશ્રી દ્વારા દરેક કલેકટરશ્રીને અને પ્રાંત અધિકારીઓને સૂચના મોકલવામાં આવી છે કે આ જે વૃદ્ધ પેન્શનના લાભાર્થીઓ છે એની યાદી તાલુકો હોય તો ગ્રામ્ય કક્ષાએ બોર્ડ ઉપર મૂકવામાં આવે. શહેરની અંદર હોય તો વૉર્ડ કક્ષાએ બોર્ડ ઉપર મૂકવામાં આવે અને આ રીતે એની બહોળી પ્રસિદ્ધિ થાય. જેની અરજી નામંજૂર થઈ ગઈ હોય તે

અંગેની ફાઇલ જે તે ગ્રામ પંચાયતમાં કારણો સાથે ઉપલબ્ધ હોય, જેથી કરીને અરજદાર જ્યારે ગ્રામ પંચાયતમાં જાય તો એને ખબર પડે કે આ કારણોસર મારી અરજી નામંજૂર કરવામાં આવી છે.

**શ્રી ખુમાનસિંહ રા. ચૌહાણ** : આ યોજના એ આશીર્વાદરૂપ યોજના છે. કોઈ એક વ્યકિત કે પક્ષની યોજના નથી. આશીર્વાદરૂપ યોજના છે. ત્યારે કેન્દ્ર સરકાર હોય કે રાજય સરકાર હોય, પણ જે લોકોને આ વૃદ્ધા પેન્શન યોજના હેઠળ જેને લાભ મળે છે એમાં હું જાણું છું ત્યાં સુધી ચાર-ચાર, પાંચ-પાંચ મહિના સુધી આ વૃદ્ધા પેન્શન યોજનાનો આ લોકોને લાભ નથી મળતો હોતો. જે પત્રક મોકલવા જોઈએ મામલતદારથી ડેપ્યુટી કલેકટર, ડેપ્યુટી કલેકટરથી મામલતદાર કક્ષાએ મોકલવા જોઈએ, તે રજિસ્ટર, તે પત્રક મેઈન્ટેઈન ન થવાના કારણે ઘણી વખત ૪-૪ મહિના સુધી લોકોને વૃદ્ધા પેન્શન મળતું નથી, તો જે જવાબદાર અધિકારી હોય તો કોઈ ચોક્કસ જવાબદાર અધિકારીની જવાબદારી નક્કી કરવા માગો છો કે કેમ? એને સમય મર્યાદાની અંદર મહિનો પૂરો થતા આખર તારીખ સુધીમાં અથવા બીજી, પાંચમી સુધીમાં એને ચોક્કસ સમય મર્યાદાની અંદર એને એનું વૃદ્ધ પેન્શન મળી જાય, તે માટેની કોઈ ચોક્કસ જવાબદારી કોઈ નિયમ ઘડવા માગો છો કે કેમ?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, આ અંગેના નિયમો નક્કી કરેલા છે, અને એ પ્રમાણે દશ દિવસ, એક થી દશ તારીખ સુધીમાં આ પેન્શન મળી જાય એ માટેની સૂચનાઓ છે. એમણે કહ્યું કે ચાર ચાર મહિના સુધી મળતી નથી, પણ જે જિલ્લાનો પ્રશ્ન છે અને એની માહિતી મને જે ઉપલબ્ધ છે એ પ્રમાણે જાન્યુઆરી ૨૦૧૧ સુધીની ચૂકવણી થઈ ગઈ છે, માનનીય અધ્યક્ષશ્રી, બીજો પ્રશ્ન એમણે જવાબદારી નક્કી કરવા માટેનો કહ્યો છે તો મારે ચોક્કસપણે કહેવું છે કે, એ પરટીકયુલર કોઈ કિસ્સો આપે, બનાવ આપે તો ચોક્કસપણે એની તપાસ કરાવીને જે કોઈ અધિકારી જવાબદાર હશે એની સામે પગલાં લેવામાં આવશે.

**બનાસકાંઠા જિલ્લામાં વેટની આવક**

*** ૨૨૦૪૩ શ્રી મફતલાલ મો. પુરોહિત(ધાનેરા) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમા બનાસકંઠા જિલ્લામા વેટની કુલ કેટલી આવક થઈ, અને

(૨) તેમાં કયા કયા તાલુકાની કેટલી આવક થઈ?

**નાણા મંત્રીશ્રી :**

(૧) વર્ષ ૨૦૦૮ : રૂા. ૧૨૦.૯૮ કરોડ
વર્ષ ૨૦૦૯ : રૂા. ૧૧૪.૯૮ કરોડ
વર્ષ ૨૦૧૦ : રૂા. ૧૩૭.૧૭ કરોડ

(૨) ( રૂા. કરોડમાં)

| તાલુકાનું નામ | ૨૦૦૮ | ૨૦૦૯ | ૨૦૧૦ |
|---|---|---|---|
| અમીરગઢ | ૦.૧૭ | ૦.૧૭ | ૦.૨૦ |
| પાલનપુર | ૬૫.૭૭ | ૬૯.૫૯ | ૭૬.૩૫ |
| વડગામ | .૧૭ | ૦.૨૭ | ૦.૫૨ |
| દાંતા | ૩.૧૫ | ૨.૨૧ | ૨.૯૯ |
| દાંતીવાડા | ૨.૩૨ | ૧.૩૫ | ૧.૫૫ |
| ધાનેરા | ૧૧.૬૨ | ૯.૦૩ | ૧૨.૫૯ |
| વાવ | ૦.૦૫ | ૦.૦૫ | ૦.૦૭ |
| થરાદ | ૩.૧૬ | ૨.૫૬ | ૪.૫૦ |
| ભાભર | ૩.૬૫ | ૪.૬૦ | ૫.૨૬ |
| દિયોદર | ૪.૧૫ | ૨.૫૮ | ૩.૨૧ |
| શિહોરી | ૧.૮૩ | ૧.૧૪ | ૨.૦૩ |
| ડીસા | ૨૪.૯૪ | ૨૧.૪૩ | ૨૭.૯૦ |

**શ્રી મફતલાલ મો. પુરોહિત** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપશ્રીના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, વેટની આવક જે ૨૦૧૦ની બતાવી છે એમાં પાલનપુર તાલુકાની ૭૬ કરોડ ૩૫ લાખ, ડીસાની ૨૭ કરોડ ૯૦ લાખ, ધાનેરાની ૧૨ કરોડ ૫૯ લાખ, આ આવકના જે આંકડા છે એમાં વધુમાં વધુ જે આવક છે એ પાલનપુર, ડીસા અને ધાનેરા એ ત્રણ તાલુકાઓની બતાવી છે, ઓછી જે આવક બતાવી છે એમાં વાવમાં ફકત ૭ લાખ, અમીરગઢમાં ૨૦ લાખ અને વડગામમાં ૫૨ લાખ, તો આ જે વધુ આવક છે ત્રણ તાલુકામાં તો એના કારણો શું છે, અને જે ઓછી આવક છે તેના કારણો શું છે, અને વસુલાત બાકી રહે છે કે કેમ અને જો બાકી રહે છે તો એનાં કારણો શું છે?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, જે તાલુકાની અંદર વધુ આવક બતાવેલ છે, એ તાલુકાની અંદર સ્વાભાવિક રીતે જે તાલુકામાં ઉદ્યોગો વધારે હોય, ધંધો અને રોજગાર વધુ હોય એ રીતે એની આવક વધે, સભ્યશ્રીએ જે પ્રમાણે કહયું કે પાલનપુરની અંદર ૭૬ કરોડ રૂપિયાની આવક છે તો ત્યાં મોટાભાગની આવક બનાસડેરીની અને એની આવકની રીતે એ હોય છે, આ બનાસકાંઠા જિલ્લાની અંદર હું મોટા મોટા કંપનીના નામ વાંચું એના આધારે ખબર પડશે કે કયા તાલુકાની અંદર કેમ આવક વધારે છે, બનાસ ડેરી એક જ ૨૦૦૮માં ૨૨.૫૯ કરોડ, ૨૦૦૯માં ૨૬.૭ કરોડ,અને ૨૦૧૦ની અંદર ૨૧ કરોડ રૂપિયા એને ભર્યા એવી રીતે જે બીજા મોટા ઉદ્યોગ છે એ તનુ મોટર્સ છે એને ૮.૨૪ કરોડ રૂપિયા ભર્યા, ઠાકોર સાવદેકર એન્ડ કંપની છે એણે ૩.૧૪ કરોડ રૂપિયા ભર્યા, ગજાનંદ મોટર્સે ૨.૮૮ કરોડ ભર્યા હતા, નેહા ટ્રેડિંગે ૨.૮૫ ભર્યા, કેદારનાથ કોરપોરેશને ૨.૩ ભર્યા, આવી રીતે માનનીય અધ્યક્ષશ્રી, જે આ મોટી મોટી કંપનીઓ છે, એક થી દશ કંપની એની જ જો આવક આપણે ગણીએ તો ૨૦૦૮માં ૩૨.૬૧ કરોડ હતા, ૨૦૦૯માં ૪૫.૬૪ કરોડ હતા અને ૨૦૧૦ની અંદર ૪૬.૪૭ કરોડ એટલે ઘણીવાર પણ રાજયની અંદર જે મોટા ઉદ્યોગો છે, એના કારણે આવક આ આખી થશે, હું આપને કહીશ કે ગુજરાત રાજયની અંદર પણ પંદર ટકા ઉદ્યોગો એવા છે જે આપણી આવકના ૮૫ ટકા એ પંદર ટકા લોકો ભરે છે અને ૮૫ ટકા એવા ઉદ્યોગો છે કે એમાથી આપણને પંદર ટકા થાય છે એટલે જે ખાસ કરીને મોટા મોટા ઉદ્યોગો છે એના કારણે આ છે, અને બીજું આપે કહયું કે આવક ઓછી થઈ કે વસુલાત નથી, તો એનું કારણ એ છે કે, આટલા વખત થયા જે ધંધો અને વેપાર કરતા હોય એમાં કોઈને કોઈ જગ્યાએ મનાઈહુકમ હોય, કોઈ જગ્યાએ બીઆઈએફઆરની અંદર દાખલ થયા હોય, કોઈ જગ્યાએ ધંધો બંધ હોય, એના કારણે એ રીતે થાય, એની અંદર આ ત્રણ વર્ષના આંકડા છે તો ૨૦૦૮ની અંદર જે મનાઈહુકમ હતા એવા ૧૮ મનાઈહુકમ હતા, અને ૬.૮૩ કરોડની રકમ બાકી હતી, બીઆઈએફઆરની અંદર ત્રણ કેસ હતા અને ૧૪.૭૮ કરોડ રૂપિયા બાકી હતા, જેનો ધંધો બંધ હોય અને લાપત્તા હોય એવા ૬૨૩ ઉદ્યોગો હતા અને જેના ૧૩.૫૩ કરોડ રૂપિયા બાકી હતા પછી રેવન્યુ રિકવરી સર્ટિફિકેટ માં ૧૮ લોકો હતા.

જેમાં પોઈન્ટ સેવન કરોડ બાકી હતા અને વસુલાત કાર્યવાહી જે ચાલુ હોય જે સામાન્ય પ્રોસિઝર હોય છે એમાં ૩૩૪ જે કેસ હતા એમાં ૫.૯૬ એટલે કે ૯૯૬ લોકો જે હતા એમાં ૪૧.૮૦ કરોડ આના કારણે બાકી રહ્યાં. એજ પ્રમાણે મારી પાસે ૨૦૦૯ના આંકડા પણ છે એમાં પણ જે રીતે મનાઈ હુકમ, BIFR, ધંધો બંધ, રેવન્યુ રિકવરી સર્ટિફિકેટ, વસુલાતની કાર્યવાહી ચાલુ આવા જે હોય એમાં ૧૦૬૬ ઉદ્યોગો હતા અને એની પાસેથી ૫૬.૬૭ કરોડ રૂપિયા બાકી હતા. એજ રીતે ૨૦૧૦ની અંદર પણ મનાઈ હુકમ, BIFR, ધંધો બંધ, રેવન્યુ રિકવરી સર્ટિફિકેટ, વસુલાતની કાર્યવાહી ચાલુ એવા ૧૦૪૨ હતા અને એમાં જે રકમ બાકી હતી એ ૬૬.૮૭ કરોડ હતા. એટલે આ પ્રોસિઝર જ છે કે સામાન્ય રીતે જ્યારે એને માસિક રિટર્ન ભરવાનું હોય અને ત્રણ માસિક રિટર્ન ભરવાનું હોય ત્યારે એ લોકો પૈસા ભરી દે છે. અને જ્યારે એનું એસેસમેન્ટ થાય તો એસેસમેન્ટ થયા પછી જે નવી રકમ ભરવાની આવે એટલી જ એને બાકી રહેતી હોય છે અને બાકી રહેતી રકમ છે એને માટે એ અપિલમાં જતા હોય છે અને અપિલ એની તૈયાર થઈ જાય અને જો એને એમ લાગે કે મારે અપિલમાં ઓછા થયા છે તો એ લોકો પૈસા ભરી દે છે અને એને એમ લાગે કે હજુ મારે આની માટે ઉપર જાવું છે તો પછી ટ્રિબ્યુનલની અંદર જઈને આગળ વધે છે એવા પૈસા ખેંચાતા બાકી હોય કે જેના કરણે આ મનાઈ હુકમને એ હોય અને BIFR ની અંદર જેનો ધંધો બંધ થઈ ગયો હોય અને ફરીથી રીવાઈવલ થાય એવી શક્યતા હોય એવા લોકો BIFRમાં જાય ત્યારે આપણને સૂચના આપે છે કે આની પાસેથી તમારે પૈસાની વસુલાત કરવી નહીં. અને BIFR માં જ્યારે આખરી જજમેન્ટ આવે પછી જ પૈસા આપણા મળતા હોય છે. એટલે આવી રકમ પણ એ પ્રમાણમાં સારી રકમ હોય છે અને મોટા ભાગની જે રકમ છે એ વસુલાતની કાર્યવાહી ચાલુ હોય એના માટે થઈને મોટી રકમ બાકી હોય છે એ વર્ષ બે વર્ષમાં આવી જતી હોય છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીના જવાબમાંથી હું સમજ્યો છું એ પ્રમાણે ૨૦૦૯ અને ૨૦૧૦ એ બંનેમાં લગભગ માનનીય મંત્રીશ્રીએ કહ્યા પ્રમાણે પહેલામાં ૫૫ થી ૬૦ કરોડ અને બીજામાં પણ લગભગ એટલી એટલે ૫૦ ટકા જેટલી રકમ એવી છે કે, જેમાં BIFR, રેવન્યુ રિકવરી સર્ટિફિકેટ, વસુલાતની કાર્યવાહી ચાલુ અને અપિલોના કારણે પેન્ડીંગ હોય એવી લગભગ ૫૦ થી ૬૦ ટકાની રકમ થાય છે. એ સિવાયની જે રકમ રહે એ રકમમાં આપણે એવું ટાર્ગેટ કરીને નાના વેચાણવેરા વાળો બાકી હોય, નાનો વેટ બાકી હોય એ નહીં, મોટા માથા, નીકળશે તો આપની મોટા ભાગની રકમ તો પહેલા દસમાં જ નીકળી જતી હશે એવા જે મોટા માથા છે જેને સ્ટે નથી. (અંતરાય) એમાં જે મોટી રકમ છે એને ટાર્ગેટ કરીને જે લોકો ૫૦ ટકા ઉપરાંત રકમ જેને સ્ટે પણ નથી, સર્ટિફિકેટ પણ નથી અને BIFR માં પણ નથી એવા જે મોટા માથા હોય જેની એમાઉન્ટ મોટી છે એને આપ તાત્કાલીક રિકવરી માટેની કોઈ યોજના બનાવીને એ નાણાં રિકવર થાય એ માટે કંઈ કરવા માગીએ છીએ કે કેમ?**શ્રી વજુભાઈ વાળા** : જે મોટો ઉદ્યોગ હોય કે મોટી દુકાન કે મોટો વેપાર ધરાવતા

હોય, એને દર મહિને રિટર્ન ભરવાનું હોય, રિટર્ન સાથે એમણે ચલણ જ ભરવાનું હોય, રિટર્ન અને ચલણ પ્રમાણે એ પૈસા દર મહિને ભરી દેતા હોય, પણ રિટર્ન અને ચલણ સિવાય જ્યારે એનું એસેસમેન્ટ કરે અને એમાં જે બાકી નીકળે અને એમાં પણ ધારોકે કબૂલ કરી દે, એટલી રકમ એ લોકો ભરી દે છે, બાકીની રકમ છે એ રીતે નથી, આ બી.આઈ.એફ.આર.ના કેસ છે એ વેટ પહેલાંના જ્યારે સેલ્સટેક્સમાં હતું ત્યારના આ બધા કેસીસ છે, બી.આઈ.એફ.આર.માં કેવું છે કે જેમાં ઉદ્યોગો નબળા પડી ગયા હોય એના કારણે પૈસા ન ભર્યા હોય એવા બધા કેસ હોય, આપ જોશો તો મનાઈહુકમના ૧૮ કેસો હોય પણ એની અંદર ૬.૮૩ કરોડ રૂપિયા જ બાકી બોલે છે, એ.આઈ. બી.આઈ.એફ.આર. પ્રમાણે ત્રણ કેસ પરંતુ એના ૧૪.૭૮ કરોડ રૂપિયા બાકી છે, હવે જ્યાંસુધી કેન્દ્ર સરકાર આપણને બી.આઈ.એફ.આર. વાળા ઓર્ડર ન આપે ત્યાંસુધી પણ આપે કહ્યું એ પ્રમાણે મોટા ઉદ્યોગો ઉપર અમે ચોક્કસ એનું સ્પેશ્યલ ધ્યાન રાખીને અને એની રિકવરી જરા પણ બાકી ન રહે અને મહિને મહિને એનું રિટર્ન આવે છે કે નહિ, એણે ચલણ ભર્યુ છે કે નહિ એના માટે થઈને ખાસ તકેદારી રાખી છે.

**નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરીમાં પેન્શનના પડતર કેસો**

***૨૨૩૦૧ શ્રી કનુભાઇ બી. ડાભી(કઠલાલ) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તારીખ ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરીમાં પેન્શન મંજૂરીના કેટલા કેસો પડતર છે,

(૨) પેન્શન કેસો પડતર રહેવાના કારણો શા છે?

(૩) પડતર કેસોનો નિકાલ ક્યારે કરવામાં આવશે?

**નાણા મંત્રીશ્રી**

(૧) ૬૧૩

(૨) ચકાસણીની પ્રક્રિયામાં હતા,

(૩) આજની તારીખે કોઈ કેસ પડતર નથી.

**શ્રી કનુભાઇ બી. ડાભી:** માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, પેન્શન અંગેની પદ્ધતિ શું છે, મારો બીજો પ્રશ્ન એ છે કે છઠ્ઠા પગાર પંચને કારણે પેન્શન કેસ રિવિઝન કરવાના હતા તે થઈ ગયેલ છે કે કેમ?

**શ્રી વજુભાઈ વાળા** : પેન્શન માટે થઈને જે જુની પદ્ધતિ હતી કે માણસ રિટાયર થાય ત્યારપછી એના પેન્શનના પેપર્સ મૂકવાના હતા એના બદલે હવે જે કર્મચારી પેન્શન ઉપર ઉતરવાનો હોય એને બે વર્ષ અગાઉથી પોતાના પેપર્સની શરૂઆત કરવાની હોય છે, એક વર્ષની અંદર જે એણે સર્ટીફિકેટ લેવાના હોય એ તમામ પ્રકારના સર્ટીફિકેટ એ આપી દે અને ત્યારપછીના બીજા વર્ષની અંદર એનો પગાર એ પેન્શન માટે ઉતરે ત્યારે એને ઈન્ક્રીમેન્ટ સહિત કેટલો પગાર મળશે એની ટેન્ટેટીવલી ગણતરી કરી દીધી હોય છે અને એ જે ગણતરી કરી દીધી હોય એ પ્રમાણે એને પેન્શન મળી જાય એના માટે બે વર્ષ અગાઉ એટલે કે કોઈપણ કર્મચારી એ નિવૃત્ત થાય એ પહેલાં એના પેન્શન માટેની નોંધ એને મોકલાઈ જાય છે કે તમે આ તારીખે નિવૃત્ત થશો અને આવતા મહિને તમને આટલા રૂપિયા પેન્શન મળશે. એ અગાઉથી એને મળી જાય છે અને આવા હજ્જારો કેસ આવે છે અને તમામ લોકોનો નિકાલ થઈ જાય છે, પરંતુ જ્યાં ડિપાર્ટમેન્ટમાં કંઈક એને માહિતી લેવાની હોય એટલા જ કેસ બાકી રહે છે, બાકી જે એમણે વાત કરી કે છઠ્ઠું પગાર પંચ આપવાના કારણે કેટલા લોકોને મળી ગયેલ છે અને એની શું પ્રોસીજર છે તો ૧-૧-૨૦૦૬ પહેલાંના જે લોકો રિટાયર થયાં હતા એવા લોકો અને તારીખ ૧-૧-૨૦૦૬ પછી રિટાયર થયાં હતા એવા બન્નેના ભાગ પાડી નાંખ્યા અને તારીખ ૧-૧-૨૦૦૬ પહેલાં જે રિટાયર થયાં હતા અને જેનું પેન્શન ચાલુ હતું એ તમામનું પેન્શન રિવાઈઝ કરવા માટે થઈને ૧-૧-૨૦૦૬ પહેલાંના પેન્શનરો ૩,૦૪,૪૪૪ હતા, આ તમામ લોકોનું પેન્શન સુધારી અને એને ચૂકવી દેવામાં આવેલ છે. પણ જે લોકો ૧-૧-૨૦૦૬ પછી નિવૃત્ત થયાં અને આપણે જે સમાધાન કર્યુ તે ૨૦૦૮માં કર્યુ પરંતુ એનું જે કેલક્યુલેશન કરવાનું હતું એમાંથી પણ કુલ ૩૮૯૮૩ કર્મચારીઓના પેન્શનના કેસ હતા એ છઠ્ઠા પગારપંચ મુજબ એને ચૂકવી આપ્યા. પરંતુ પેન્શન બે રીતે ચૂકવાય છે એક તો જે સરકારી કર્મચારી હોય છે વર્ગ-૧ થી વર્ગ-૩ સુધીના, ગ્રાન્ટ ઈન એઈડ માધ્યમિક શાળાવાળા, કોલેજવાળા, યુનિવર્સિટીના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓ આ બધાના જે કેસો છે એ પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરી છે એના મારફતે થાય છે અને જે પંચાયતના અને બાકીના લોકો છે એનું સ્થાનિક ભંડોળ હિસાબ કચેરી કામ કરે છે એટલે ૧-૧-૨૦૦૬ પછીના જે પેન્શનર્સ હતા એમાંથી પેન્શન એન્ડ પ્રોવિડન્ટ ફંડની કચેરી ખાતે જે રિવિઝન માટે થઈને ૩૩૭૨૯ કેસ આવ્યા એમાંથી ૨૯૭૩૩ કેસ છે એ રિવિઝન કરી અને એનું પેન્શન મંજૂર કરીને આપી દેવામાં આવ્યું છે. અને બાકીના જે કેસો રહ્યા ૩૮૯૬. એ જ રીતે સ્થાનિક ભંડોળ હિસાબ કચેરીમાં ૨૩૨૮૪ .. રિવિઝન માટેના કેસ આવ્યાં તે તમામ ૨૩૨૮૪ કેસ તે બધું જ સ્થાનિક ભંડોળને આપી દીધું છે અને આ રીતે ૩૮૦૦ અને જે ૯૬ કેસો બાકી છે તે લોકોને રિવાઈઝ પેન્શન બાકી છે. પણ જૂનું પેન્શન તો તેને મળે છે પેન્શન નથી મળતું એવું નથી. જૂનું પેન્શન મળે છે પણ જે પેન્શનમાં એડિશન થવું જોઈએ એટલી ચકાસણી કરીને તે રીતે તે મળશે. આ રીતે ૩,૩૧,૪૫૬ પેન્શનર છે. તેની અંદર રાજય સરકારના જે

આપણે ખર્ચ કરીએ છીએ તે ૪૫૧૧ કરોડનો ખર્ચ કરીએ છીએ. અને પંચાયતની અંદર કર્મચારીને ૩૬૯ કરોડ, શિક્ષકોને ૭૬૬ કરોડ આ પ્રમાણે કુલ વાર્ષિક આપણે ૫૬૪૬ કરોડના ખર્ચે પેન્શનરોને અત્યારે કોઈ અજંપો હોય એવી પદ્ધતિ હવે નથી.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, માણસ નિવૃત્ત થાય અને પેન્શનનો તેનો અધિકાર છે. ત્યારે એ સંજોગોમાં આ ૬૧૩ કેસો તો માત્ર નિયામક પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરીમાં પેન્ડીંગ છે. કેન્દ્ર સરકારમાં જે રીતે નીતિ છે કે માણસ રિટાયર્ડ થાય તેને મળવાપાત્ર લાભો અને પેન્શન તેને બીજા મહિનાથી જ મળી જાય એવું તેનું એક વર્ષ આગોતરું આયોજન થઈ જતું હોય છે. આપણે કોઈ એવી વ્યવસ્થા ગોઠવીને કે જેથી આપણને ખબર જ છે કે માણસ ક્યારે નિવૃત્ત થવાનો છે એક વર્ષ અગાઉથી અથવા તેનાથી પણ વહેલાં જરૂર પડે તો તેની પ્રક્રિયા કરીને પૂર્તતામાં ખાસ કરીને શિક્ષણ વિભાગની અવાર-નવાર આવી ફરિયાદો આવે છે કે પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરીને મોકલતાં પહેલાં જ વિભાગમાં જ માણસ રિટાયર્ડ થાય પછી મહિનાઓ સુધી કેસો પૂર્તતામાં ફર્યા કરે છે તો નાણામંત્રીશ્રીની કક્ષાએ બધાજ વિભાગોમાં આ પરિસ્થિતિ નિર્માણ ન થાય અને માણસ જ્યારે નિવૃત્ત થવાનો હોય તો એ નિવૃત્તિના સમયે જ તેને પેન્શન મળતું થઈ જાય એવી વ્યવસ્થા ગોઠવવા માગે છે કે કેમ ?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, મેં જે પ્રમાણે કહ્યું કોઈ પણ કર્મચારી પેન્શન ઉપર જવાનો હોય તે પહેલાં બે વર્ષ અગાઉ તેના કાગળો તૈયાર થઈ જાય છે. એક વર્ષ અગાઉ તેને જેટલાં દાખલા અને સર્ટિફિકેટ આપવાના હોય એ આપી દે છે અને બાકીના એક વર્ષની અંદર તેને કેટલું પેન્શન ક્યારથી મળવાનું છે તે બધું નક્કી કરી અને તેની પેન્શનની નોટ રિટાયર્ડ થયા પહેલાં જ એટલે ધારો કે માર્ચ મહિનામાં રિટાયર્ડ થવાનો હોય તો એપ્રિલ મહિનામાં આટલું પેન્શન મળશે એવી રીતે તેને બધું આપી દે છે. આ ૬૧૩ કેસ હતા તેમાં ૫૧૯ લોકોને તો અધિકૃત કરી દીધા આ સવાલ એ છે કે બાકીનાને નથી પેન્શન રિટાયર્ડ થઈ ગયા એવું નથી. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરીમાં પેન્શન મંજૂરીના કેટલાં કેસ પડતર હતા. એટલે પડતર હતા તે આવા એડવાન્સમાં આવ્યાં તે હતા. જે અગાઉથી આવ્યાં. જે લોકો રિટાયર્ડ થઈ ગયા છે પછી આવ્યાં હોય તેવાના કેસ નહોતા. અમારી ઓફિસમાં જે આવતું હોય તેના માટે. અને ૬૧૩માંથી ૫૧૯ કેસોનો નિકાલ કરી અને પોઝીટીવલી આપી દીધા હતા. ૯૪ કેસ એવા હતા કે જે ડિપાર્ટમેન્ટમાં ક્ષતિપૂર્તિ માટે મોકલ્યા હોય અને તે પાછાં આવી જાય, એની ક્ષતિપૂર્તિ થઈ જાય એટલે તેને મંજૂર કરી દઈએ છીએ. કોઈ પણ કર્મચારીને તે રિટાયર્ડ થાય તે પહેલાં તેને કેટલું પેન્શન મળવાનું છે તે તેને અગાઉથી જાણ થઈ જ જાય છે. જે પ્રોસીઝર તમે કેન્દ્ર સરકારની કહો છો તે આપણે રાજય સરકારમાં છેલ્લાં પાંચ વર્ષથી અપનાવી લીધેલી છે. અત્યારે કોઈ પેન્શનની ફરિયાદો હવે મળતી નથી.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારો જે પ્રશ્ન હતો આપના પેન્શન અને પ્રોવિડન્ટ ફંડમાં અટવાય છે તેના પહેલાં આપનો જે નાણાં મંત્રાલય મોનીટરીંગ કરે તેમાં વિભાગમાંથી દરખાસ્તો જ મોડી આવે છે. પેન્શન અને પ્રોવિડન્ટ ફંડમાં પ્રોબ્લેમ ઘણો સોલ થયો છે એ હું સ્વીકારું છું. પણ વિભાગો જે દરખાસ્ત મોડી મોકલે છે તેના કારણે અને તેમાંય ખાસ કરીને શિક્ષણ વિભાગની મહત્તમ તકલીફ છે. આપની કક્ષાએ દરેક વિભાગના સેક્રેટરીશ્રીઓ સાથે કરીને, આપે જે સૂચના આપી છે તે પ્રમાણે વિભાગની દરખાસ્ત સમયસર મળે કે જેથી તેને સમયસર ચૂકવણું થાય એવી વ્યવસ્થા આપની કક્ષાએથી કરવા માગો છો કે કેમ ?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, આમાં જે વ્યકિત પેન્શન ઉપર ઉતરવાનો હોય તે પોતે જ સર્ટિફિકેટો તે ડિપાર્ટમેન્ટમાંથી લઈને રજૂ કરી દે છે. તેમાં કોઈ ડિપાર્ટમેન્ટની ફરિયાદ હોય અને એવી કોઈ વ્યકિત જો અમને કહેશે તો અમારા ડિપાર્ટમેન્ટ તરફથી જે તે ડિપાર્ટમેન્ટને અમે જાણ કરીશું કે આ કર્મચારીના કાગળો છે તે તમે તાત્કાલિક મોકલો. એમાં કોઈ વાંધો નથી. પેન્શનરને તે રિટાયર્ડ થાય તે પહેલાં તેને પેન્શન મળી જાય એ પોઝીટીવલી આ હાઉસનો અભિગમ છે તે પ્રમાણે અમે કાર્યવાહી કરીએ જ છીએ અને તેમાં પણ જે કંઈ બાકી રહી ગયુ હશે તે કેમ પૂર્ણ થાય તેના માટે થઈને અમે તૈયાર છીએ.

**અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.**

# અતારાંકિત પ્રશ્નો
# (તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

### અમરેલી જિલ્લામાં બેરોજગારોને આપેલ રોજગારી

૨૨૨૮૬ **: શ્રી મનસુખભાઈ પાં.ભુવા (ધારી) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમરેલી જિલ્લાની રોજગાર વિનિમય ક્ચેરીમાં વર્ષ ૨૦૧૦ માં કેટલા બેરોજગાર ઉમેદવારોની નોંધણી થયેલ હતી, અને | (૧) ૬૫૩૮. |

(૨) તે પૈકી કેટલા ઉમેદવારોને તા. ૩૧-૧૨-૧૦ ની સ્થિતિએ રોજગારી મળી ?

(૨) ક્રમ નં. (૧) પૈકી ૧૫૯૫ ઉમેદવારોને તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ રોજગારી મળી.

--------

**કેન્દ્રીય વેચાણવેરાના દરમાં ઘટાડાથી મેળવવાનું થતું બાકી વળતર**

૨૨૩૬૭ **: શ્રી ઋષિકેશ ગ.પટેલ (વિસનગર) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** — **જવાબ**

(૧) રાજ્ય દ્વારા ઉઘરાવવામાં આવતા કેન્દ્રીય વેચાણવેરાના દરમાં ઘટાડો થયેલ છે તે હકીકત સાચી છે, અને

(૧) હા.

(૨) જો હા, તો તા. ૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં આ પેટે કેન્દ્ર સરકાર દ્વારા કેટલું વળતર આપવામાં આવેલ છે અને કેટલું વળતર મેળવવાનું બાકી છે ?

(૨)

| કેન્દ્ર સરકાર દ્વાર ફાળવેલ રકમ (રૂા. કરોડમાં) | બાકી મેળવવાની રકમ (રૂા. કરોડમાં) |
|---|---|
| ૨૦૦૮-૦૯ : ૧૫૬.૫૭ | ૧૩૮૯.૯૬ |
| ૨૦૦૯-૧૦ : ૭૯૬.૦૪ | ૨૩૨૦.૯૨ |
| ૨૦૧૦-૧૧ : ૬૬૧.૦૬ (તા. ૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ) | ૨૩૦૧.૬૫ |

--------

**સ્થાનિક ઉમેદવારોને રોજગારી માટે રાખેલ તકેદારી**

૨૨૨૬૮ **: ડૉ. નીમાબેન આચાર્ય (અંજાર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** — **જવાબ**

(૧) ઓદ્યોગિક એકમોમાં સ્થાનિક ઉમેદવારોને રોજગારી મળી રહે તે માટે તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ સરકાર દ્વારા કોઈ તકેદારી રાખવામાં આવે છે કે કેમ, અને

(૧) હા, જી.

(૨) જો હા, તો શી તકેદારી રાખવામાં આવે છે ?

(૨) સરકારશ્રીના શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા તા. ૩૧-૩-૧૯૯૫નો ઠરાવ કરવામાં આવેલ છે. આ ઠરાવની જોગવાઈ મુજબ રાજ્યમાં આવેલ રાજ્ય સરકારના બધા ઉદ્યોગો તેમજ રાજ્ય સરકારમાંથી પ્રોત્સાહિત સહાય મેળવતા બધાં ઉદ્યોગોમાં કર્મચારી, કામદાર અને કારીગર વર્ગની ઓછામાં ઓછી ૮૫ ટકા, મેનેજરીયલ અને સુપરવાઈઝરી જ્ગ્યાઓની ઓછામાં ઓછી ૬૦ ટકા જોગવાઈ કરેલ છે.

ઠરાવના અનુસંધાને સમીક્ષા કરવામાં આવે છે.

**રાજ્ય સરકાર દ્વારા લીધેલ ઓવરડ્રાફ્ટ**

૨૨૨૬૯ **: શ્રી કાંતિભાઈ અમૃતિયા (મોરબી) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** — **જવાબ**

(૧) રાજ્ય સરકાર દ્વારા તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયા પાસેથી કેટલી રકમનો ઓવરડ્રાફ્ટ લેવામાં આવ્યો, અને

(૧) શૂન્ય.

(૨) સરકારે આ ઓવરડ્રાફ્ટ પેટે કેટલું વ્યાજ ચૂક્વ્યું ?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**ભાવનગર જિલ્લામાં બેરોજગારોને મળેલ રોજગારી**

૨૨૨૯૧ **: શ્રી મહેન્દ્રસિંહ સરવૈયા (પાલીતાણા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** — **જવાબ**

(૧) ભાવનગર જિલ્લાની રોજગાર વિનિમય કચેરીમાં વર્ષ ૨૦૧૦માં કેટલા બેરોજગાર ઉમેદવારની

(૧) ૧૭,૯૨૦.

નોંધણી થયેલ હતી, અને

(૨) તે પેકી કેટલા ઉમેદવારોને તા. ૩૧-૧૨-૧૦ ની સ્થિતિએ રોજગારી મળી ?

(૨) ક્રમ નં. (૧) પેકી ૧,૭૬૨ ઉમેદવારોને તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ રોજગારી મળી.

--------

**રાજ્ય સરકાર દ્વારા લીધેલ ઓવરડ્રાફટ**

૨૨૨૭૦ **: શ્રી ગોવિંદભાઈ મા.પ્રજાપતિ (પાલનપુર) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્ય સરકાર દ્વારા તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયા પાસેથી કેટલી રક્મનો ઓવરડ્રાફ્ટ લેવામાં આવ્યો, અને | (૧) શૂન્ય. |
| (૨) સરકારે આ ઓવરડ્રાફ્ટ પેટે કેટલું વ્યાજ ચૂક્વ્યું ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

--------

**વલસાડ જિલ્લામાં ઓદ્યોગિક ભરતીમેળાનું આયોજન**

૨૨૨૮૦ **: શ્રી રમણલાલ ના.પાટકર (ઉમરગામ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) વલસાડ જિલ્લા રોજગાર વિનિમય ક્ચેરી ધ્વારા તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમ્યાન કેટલા ઓદ્યોગિક ભરતીમેળાનું આયોજન કરવામાં આવ્યું, અને | (૧) ૩૮. |
| (૨) આ ઓદ્યોગિક ભરતી મેળાને કારણે કેટલા ઉમેદવારોને રોજગારી મળી ? | (૨) ૯૯૪૫. |

--------

**પોરબંદર જિલ્લામાં બેરોજગારોને આપેલ રોજગારી**

૨૨૨૮૭ **: શ્રી મેઘજીભાઈ કણઝારીયા (ખંભાળીયા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) પોરબંદર જિલ્લાની રોજગાર વિનિમય ક્ચેરીમાં વર્ષ ૨૦૧૦માં કેટલા બેરોજગારની નોંધણી થયેલ હતી, અને | (૧) ૪,૪૪૪. |
| (૨) તે પેકી કેટલા ઉમેદવારોને તા. ૩૧-૧૨-૧૦ ની સ્થિતિએ રોજગારી મળી? | (૨) ક્રમ નં. (૧) પેકી ૧,૫૦૭ ઉમેદવારોને તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ રોજગારી મળી. |

**રાષ્ટ્રીય ક્ક્ષાએ રમતગમત ક્ષેત્રે થયેલ ખર્ચ**

૨૧૮૭૦ **: શ્રી રાકેશ શાહ (એલીસબ્રીજ) : માનનીય રમતગમત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકાર દ્વારા તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાષ્ટ્રીય ક્ક્ષાએ રમતગમત ક્ષેત્રે ખેલાડીઓને ભાગ લેવા કેટલા ખેલાડીઓને મોક્લવામાં આવ્યા, અને

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ બે વર્ષમાં રાષ્ટ્રીય ક્ક્ષાએ રમતગમત ક્ષેત્રે કુલ ૨૮૨૯ ખેલાડીઓને નીચે મુજબ મોક્લવામાં આવેલ છે.

| **તા. ૧-૧-૦૯ થી ૩૧-૧૨-૧૦** | | | **તા. ૧-૧-૧૦ થી ૩૧-૧૨-૧૦** | | |
|---|---|---|---|---|---|
| **ભાઈઓ** | **બહેનો** | **કુલ** | **ભાઈઓ** | **બહેનો** | **કુલ** |
| ૬૮૨ | ૫૭૪ | ૧૨૫૬ | ૮૮૩ | ૬૯૦ | ૧૫૭૩ |

(૨) તે પાછળ કેટલો ખર્ચ થયો?

(૨) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ બે વર્ષમાં રાષ્ટ્ર- ક્ક્ષાએ રમતગમત ક્ષેત્રે વર્ષવાર નીચે મુજબનો ખર્ચ કરવામાં આવેલ છે.

| તા.૧-૧-૦૯ થી ૩૧-૧૨-૦૯ દરમ્યાન થયેલ ખર્ચ | | તા.૧-૧-૦૯ થી ૩૧-૧૨-૧૦ દરમ્યાન થયેલ ખર્ચ | |
|---|---|---|---|
| ફાળવેલ ગ્રાન્ટ | થયેલ ખર્ચ | ફાળવેલ ગ્રાન્ટ | થયેલ ખર્ચ |
| ૪૪,૩૧,૨૦૦ | ૩૭,૮૮,૬૧૯ | ૫૧,૮૦,૭૮૦ | ૪૩,૩૮,૬૧૧ |

--------

**રાજકોટ જિલ્લામાં એપ્રેન્ટીસશીપ એક્ટ હેઠળ ભરાયેલ જગાઓ**

૨૨૨૫૯ **: શ્રી પ્રવિણભાઈ મો. માકડિયા (ઉપલેટા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજકોટ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ એપ્રેન્ટીસશીપ એક્ટ હેઠળ આવરી લેવાયેલ એકમોની સંખ્યા કેટલી છે, | (૧) ૪૮૦. |
| (૨) આ એકમોમાં એપ્રેન્ટીસશીપ માટે કેટલી બેઠકોની ફાળવણી થઈ છે, | (૨) ૨૦૦૮. |
| (૩) ફાળવણી થયેલ બેઠકો પેકી કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને | (૩) ૧૩૦૧ ભરાયેલ બેઠકો અને ૭૦૭ બેઠકો ખાલી છે. |
| (૪) બેઠકો ખાલી રહેવાના કારણો શાં છે? | (૪) આકર્ષક રોજગારીની તકો ન હોય તેવા વ્યવસાયોમાં ઉમેદવારો એપ્રેન્ટીસ તરીકે જોડાતાં નથી. |

--------

**આણંદ જિલ્લાના તાલુકાઓ મથકે આર.ટી.ઓ. ક્ચેરી શરૂ કરવા બાબત**

૨૧૯૨૯ **: શ્રી લાલસિંહ વડોદિયા (ઉમરેઠ) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ આણંદ જિલ્લામાં આર.ટી.ઓ. ક્ચેરી દ્વારા આણંદ જિલ્લા મથક સિવાય અન્ય તાલુકા મથકે આર.ટી.ઓ. ક્ચેરીની કામગીરી કરવામાં આવે છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ક્યા ક્યા તાલુકા મથકે આર.ટી.ઓ. ક્ચેરી દ્વારા મહીનામાં કેટલા દિવસ અઠવાડીયાના ક્યા ક્યા વારે કામગીરી કરવામાં આવે છે, | (૨) આણંદ એ.આર.ટી.ઓ. ક્ચેરી દ્વારા નીચેની વિગત મુજબના તાલુકા મથકે કેમ્પ રાખી કામગીરી કરવામાં આવે છે. |

| ક્રમ | તાલુકાનું નામ | કામગીરી (કેમ્પ)ના દિવસો અને વારનું નામ | માસદીઠ દિવસની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | ખંભાત | દર માસનો બીજો અને ચોથો મંગળવાર | ૨ |
| ૨ | પેટલાદ | દર માસનો બીજો અને ચોથો બુધવાર | ૨ |
| ૩ | બોરસદ | દર માસનો પહેલો અને ત્રીજો બુધવાર | ૨ |
| ૪ | તારાપુર | દર માસનો પહેલો શનીવાર | ૧ |

| | |
|---|---|
| (૩) જે તાલુકા મથકે આર.ટી.ઓ. ક્ચેરીની કામગીરી થતી નથી એ તાલુકા મથક ક્યા ક્યા છે, | (૩) સોજીત્રા, ઉમરેઠ તથા આંક્લાવ તાલુકા મથકે આર.ટી.ઓ. ક્ચેરીની કામગીરી થતી નથી. |
| (૪) સરકાર આર.ટી.ઓ. ક્ચેરીની કામગીરીથી વંચિત તાલુકા મથકો ઉપર કામગીરી શરૂ કરવા માંગે છે, અને | (૪) ના, જી. |
| (૫) જો હા, તો કેટલા સમયમાં કામગીરીનો પ્રારંભ કરવા માંગે છે? | (૫) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

--------

## સુરત જિલ્લામાં શ્રમયોગીઓને બોનસની ચૂકવણી

૨૨૨૭૮ **: શ્રી નાનુભાઈ ભ.વાનાણી (સુરત શહેર (ઉત્તર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લાની સંસ્થાના શ્રમયોગીઓને વર્ષ ૨૦૧૦માં બોનસની ચૂકવણી કરવામાં આવી કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલી રકમની ચૂકવણી કરવામાં આવી? | (૨) રૂ. ૫૩,૭૦,૮૫,૪૭૨/- (રૂપિયા ત્રેપન કરોડ સિત્તેર લાખ પંચાસી હજાર ચારસો બોતેર પૂરા)ની ચૂકવણી કરવામાં આવી. |

--------

## રાજ્યમાં આવેલ ભિક્ષુક ગૃહો

૨૦૬૭૮ **: શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર (મહુધા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ રાજ્યમાં કેટલા અને ક્યા ક્યા ભિક્ષુક કેન્દ્રો આવેલા છે, | (૧) ૫<br>અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ અને ડભોડા |
| (૨) આ ભિક્ષુક ગૃહોમાં કેટ કેટલા ભિક્ષુકોની સંખ્યા છે, | (૨) અમદાવાદ - ૧૧૫<br>વડોદરા - ૫૫<br>સુરત - ૧૪૧<br>રાજકોટ - ૬૧<br>ડભોડા - ૯૬ |
| (૩) અમદાવાદની નરોડા ભિક્ષુક ગૃહને બંધ કરાતા આ ગૃહની જમીન કોને ફાળવવાનું નક્કી થયેલ છે, અને | (૩) કોઈને ફાળવવામાં આવેલ નથી. |
| (૪) ભિક્ષુકગૃહની જમીનના નિકાલના આયોજનની વિગતો કઈ કઈ છે ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

--------

## ૪૫૯/page> સ્થાનિક ઉમેદવારોને રોજગારી માટે રાખેલ તકેદારી

૨૨૨૬૭ **: શ્રી નારાયણભાઈ લ. પટેલ (ઉંઝા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ઓદ્યોગિક એકમોમાં સ્થાનિક ઉમેદવારોને રોજગારી મળી રહે તે માટે તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ સરકાર દ્વારા કોઈ તકેદારી રાખવામાં આવે છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો શી તકેદારી રાખવામાં આવે છે ? | (૨) સરકારશ્રીના શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા તા. ૩૧-૩-૧૯૯૫નો ઠરાવ કરવામાં આવેલ છે. આ ઠરાવની જોગવાઈ મુજબ રાજ્યમાં આવેલ રાજ્ય સરકારના બધા ઉદ્યોગો તેમજ રાજ્ય સરકારમાંથી પ્રોત્સાહિત સહાય મેળવતા બધાં ઉદ્યોગોમાં કર્મચારી, કામદાર અને કારીગર વર્ગની ઓછામાં ઓછી ૮૫ ટકા, મેનેજરીયલ અને સુપરવાઈઝરી જ્યાઓની ઓછામાં ઓછી ૬૦ ટકા ભરતી સ્થાનિક રહીશોમાંથી કરવાની જોગવાઈ કરેલ છે.<br>ઠરાવના અનુસંધાને સમીક્ષા કરવામાં આવે છે. |

**પોરબંદર જિલ્લામાં નિરાધાર વૃધ્ધ સહાય યોજનાની મળેલ અરજીઓ**

૨૧૮૮૯ **: શ્રી કરશનભાઈ ઓડેદરા (કુતિયાણા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પોરબંદર જિલ્લામાં નિરાધાર વૃધ્ધ સહાય યોજના અન્વયે તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ મળેલ છે, | (૧) ૧૦૯૫. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવેલ છે, | (૨) ૬૨૭. |
| (૩) કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવેલ છે, અને | (૩) ૩૧૩. |
| (૪) કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૪) રૂા. ૨૯.૬૫ લાખ. |

**પંચમહાલ જિલ્લામાં બેરોજગારોને આપેલ રોજગારી**

૨૨૨૮૫ **: શ્રી ફતેસિંહ ચૌહાણ (રાજગઢ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પંચમહાલ જિલ્લાની રોજગાર વિનિમય કચેરીમાં વર્ષ : ૨૦૧૦માં કેટલા બેરોજગાર ઉમેદવારોની નોંધણી થયેલ હતી, અને | (૧) ૧૪,૧૩૧. |
| (૨) તે પૈકી કેટલા ઉમેદવારોને તા.૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ રોજગારી મળી ? | (૨) ક્રમ નં. (૧) પૈકી ૪૫૧૮ ઉમેદવારોને તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ રોજગારી મળી. |

--------

**સાબરકાંઠા જિલ્લામાં પંડિત દીનદયાળ આવાસ યોજનાના લાભાર્થી**

૨૨૩૭૯ **: ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં પંડિત દીનદયાળ આવાસ યોજના માટે લાભાર્થીઓ તરફથી તાલુકાવાર કેટલી અરજીઓ આવી, | (૧) (૨) અને (૩) |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી અને કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો, અને | |
| (૩) આ યોજના પાછળ ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલો ખર્ચ થયો ? | |

| અ.નં. | તાલુકાનું નામ | મળેલ અરજીઓ | મંજૂર અરજીઓ | ચૂકવેલ સહાયની વિગત | |
|---|---|---|---|---|---|
| | | | | લાભાર્થી | ખર્ચની રકમ રૂા. લાખમાં |
| ૧ | હિંમતનગર | ૧૬૩ | ૧૬૩ | ૧૬૩ | ૫૮.૨૦ |
| ૨ | મોડાસા | ૪૦ | ૪૦ | ૪૦ | ૧૪.૨૦ |
| ૩ | પ્રાંતિજ | ૭૮ | ૭૮ | ૭૮ | ૨૨.૪૮ |
| ૪ | તલોદ | ૧૩૦ | ૧૩૦ | ૧૩૦ | ૪૧.૪૮ |
| ૫ | ધનસુરા | ૨ | ૨ | ૨ | ૦.૪૦ |
| ૬ | ઈડર | ૨૨ | ૨૨ | ૨૨ | ૭.૭૧ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૭ | બાયડ | ૯૪ | ૯૪ | ૯૪ | ૨૭.૭૨ |
| ૮ | વડાલી | ૧૭ | ૧૭ | ૧૭ | ૪.૩૪ |
| ૯ | ખેડબ્રહ્મા | ૧૧ | ૧૧ | ૧૧ | ૩.૬૧ |
| ૧૦ | મેઘરજ | ૧૪૭ | ૧૪૭ | ૧૪૭ | ૨૯.૪૦ |
| ૧૧ | માલપુર | ૨૧ | ૨૧ | ૨૧ | ૬.૫૬ |
| ૧૨ | ભિલોડા | ૯૯ | ૯૯ | ૯૯ | ૨૮.૫૦ |
| ૧૩ | વિજયનગર | ૪ | ૪ | ૪ | ૦.૮૦ |
| | **કુલ :** | **૮૨૮** | **૮૨૮** | **૮૨૮** | **૨૪૫.૪૦** |

--------

## નવસારી અને વલસાડ જિલ્લામાં યોજેલ ભરતી મેળાઓ

૨૦૭૬૮ **: શ્રી છનાભાઈ ચૌધરી (ધરમપુર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નવસારી અને વલસાડ જિલ્લામાં બેરોજગાર યુવાનોને રોજગારી મળે તે માટે ક્યા ક્યા ભરતીમેળાઓ યોજવામાં આવ્યા, અને

**જવાબ**

(૧) યોજેલ ઓદ્યોગિક ભરતીમેળાનું સ્થળ

| **નવસારી જિલ્લો (તા. ૧-૦૨-૦૯ થી તા. ૩૧-૦૧-૧૦)** | |
|---|---|
| ૧ | જી.આઈ.ડી.સી. નવસારી |
| ૨ | સીટી સ્માર્ટ સેન્ટર, નવસારી |
| ૩ | રોજગાર ક્ચેરી, નવસારી |
| ૪ | રોજગાર ક્ચેરી, નવસારી |
| ૫ | આઈ.ટી.આઈ. ચીખલી |
| ૬ | સીટી સ્માર્ટ સેન્ટર, મુ. હોન્ડ, તા. ચીખલી |
| ૭ | સીટી સ્માર્ટ સેન્ટર, મુ. હોન્ડ, તા. ચીખલી |
| ૮ | સીટી સ્માર્ટ સેન્ટર, મુ. હોન્ડ, તા. ચીખલી |
| ૯ | સીટી સ્માર્ટ સેન્ટર, મુ. હોન્ડ, તા. ચીખલી |
| ૧૦ | સીટી સ્માર્ટ સેન્ટર, મુ. હોન્ડ, તા. ચીખલી |
| ૧૧ | આઈ.ટી.આઈ. વાંસદા |
| **(તા. ૧-૦૨-૧૦ થી તા. ૩૧-૦૧-૧૧)** | |
| ૧ | જી.આઈ.ડી.સી. નવસારી |
| ૨ | મહિલા આઈ.ટી.આઈ. નવસારી |
| ૩ | એલ.આઈ.સી. ઓફિસ, નવસારી |
| ૪ | જી.આઈ.ડી.સી. નવસારી |
| ૫ | જી.આઈ.ડી.સી. નવસારી |
| ૬ | આઈ.ટી.આઈ. બીલીમોરા |
| ૭ | આઈ.ટી.આઈ. બીલીમોરા |
| ૮ | આઈ.ટી.આઈ. બીલીમોરા |
| ૯ | આઈ.ટી.આઈ. બીલીમોરા |
| ૧૦ | સરદાર પટેલ વિદ્યાસંકુલ, જલાલપોર |
| ૧૧ | સીટી સ્માટ સેન્ટર, જલાલપોર |
| **નવસારી જિલ્લો-કુલ સરવાળો-૨૨ સ્થળોએ** | |
| **વલસાડ જિલ્લો (તા. ૧-૦૨-૦૯ થી તા. ૩૧-૦૧-૧૦)** | |
| ૧ | જી.આઈ.ડી.સી. ઉમરગામ |
| ૨ | જી.આઈ.ડી.સી. સરીગામ |
| ૩ | જી.આઈ.ડી.સી. સરીગામ |
| ૪ | જી.આઈ.ડી.સી. ઉમરગામ |
| ૫ | જી.આઈ.ડી.સી. સરીગામ |
| ૬ | જી.આઈ.ડી.સી. ઉમરગામ |
| ૭ | જી.આઈ.ડી.સી. ઉમરગામ |
| ૮ | જી.આઈ.ડી.સી. ઉમરગામ |
| ૯ | જી.આઈ.ડી.સી. ઉમરગામ |
| ૧૦ | જી.આઈ.ડી.સી. ઉમરગામ |
| ૧૧ | જી.આઈ.ડી.સી. ઉમરગામ |
| ૧૨ | જી.આઈ.ડી.સી. વાપી |
| ૧૩ | જી.આઈ.ડી.સી. વાપી |
| ૧૪ | જી.આઈ.ડી.સી. પારડી |
| ૧૫ | જી.આઈ.ડી.સી. વાપી |
| ૧૬ | જી.આઈ.ડી.સી. વાપી |
| ૧૭ | જી.આઈ.ડી.સી. વાપી |
| ૧૮ | જી.આઈ.ડી.સી. વાપી |
| ૧૯ | જી.આઈ.ડી.સી. વાપી |

| | |
|---|---|
| ૨૦ | જી.આઈ.ડી.સી. વાપી |
| ૨૧ | રોજગાર ક્ચેરી, વલસાડ |
| ૨૨ | રોજગાર ક્ચેરી, વલસાડ |
| ૨૩ | રોજગાર ક્ચેરી, વલસાડ |
| ૨૪ | જી.આઈ.ડી.સી. ગુંદલાવ |
| ૨૫ | રોજગાર ક્ચેરી, વલસાડ |
| ૨૬ | રોજગાર ક્ચેરી, વલસાડ |
| **યોજેલ લશ્કરી ભરતીમેળો** | |
| ૧ | પોલીસ હેડ ક્વાર્ટસ, વલસાડ |
| **(તા. ૧-૦૨-૧૦ થી તા. ૩૧-૦૧-૧૧)** | |
| ૧ | જી.આઈ.ડી.સી. ઉમરગામ |
| ૨ | જી.આઈ.ડી.સી. સરીગામ |
| ૩ | જી.આઈ.ડી.સી. ઉમરગામ |
| ૪ | જી.આઈ.ડી.સી. સરીગામ |
| ૫ | જી.આઈ.ડી.સી. ઉમરગામ |
| ૬ | જી.આઈ.ડી.સી. સરીગામ |
| ૭ | જી.આઈ.ડી.સી. ઉમરગામ |
| ૮ | જી.આઈ.ડી.સી. ઉમરગામ |
| ૯ | જી.આઈ.ડી.સી. સરીગામ |
| ૧૦ | જી.આઈ.ડી.સી. ઉમરગામ |
| ૧૧ | જી.આઈ.ડી.સી. ઉમરગામ |
| ૧૨ | જી.આઈ.ડી.સી. સરીગામ |
| ૧૩ | જી.આઈ.ડી.સી. ઉમરગામ |
| ૧૪ | જી.આઈ.ડી.સી. સરીગામ |
| ૧૫ | જી.આઈ.ડી.સી. વાપી |
| ૧૬ | જી.આઈ.ડી.સી. વાપી |
| ૧૭ | જી.આઈ.ડી.સી. વાપી |
| ૧૮ | આઈ.ટી.આઈ. પારડી |
| ૧૯ | જી.આઈ.ડી.સી. વાપી |
| ૨૦ | જી.આઈ.ડી.સી. વાપી |
| ૨૧ | જી.આઈ.ડી.સી. વાપી |
| ૨૨ | આઈ.ટી.આઈ. પારડી |
| ૨૩ | આઈ.ટી.આઈ. પારડી |
| ૨૪ | જી.આઈ.ડી.સી. વાપી |
| ૨૫ | આઈ.ટી.આઈ. પારડી |
| ૨૬ | જી.આઈ.ડી.સી. વાપી |
| ૨૭ | આઈ.ટી.આઈ. પારડી |
| ૨૮ | જી.આઈ.ડી.સી. વાપી |
| ૨૯ | જી.આઈ.ડી.સી., ગુંદલાવ |
| ૩૦ | જી.આઈ.ડી.સી., ગુંદલાવ |
| ૩૧ | રોજગાર ક્ચેરી, વલસાડ |
| ૩૨ | રોજગાર ક્ચેરી, વલસાડ |
| ૩૩ | જી.આઈ.ડી.સી., ગુંદલાવ |
| ૩૪ | જી.આઈ.ડી.સી., ગુંદલાવ |
| ૩૫ | જી.આઈ.ડી.સી., ગુંદલાવ |
| ૩૬ | રોજગાર ક્ચેરી, વલસાડ |
| ૩૭ | રોજગાર ક્ચેરી, વલસાડ |
| વલસાડ જિલ્લો કુલ સરવાળો-૬૩ સ્થળોએ | |
| નવસારી જિલ્લા-મુજબ ઓદ્યોગિક ભરતીમેળા-૨૨ | |
| વલસાડ જિલ્લા-મુજબ ઓદ્યોગિક ભરતીમેળા-૬૩ | |
| વલસાડ ખાતે લશ્કરી ભરતીમેળો-૦૧ | |
| **કુલ ભરતીમેળા-** -૮૬ | |

(૨) તે અન્વયે વર્ષવાર કેટલાને આ ભરતી મેળામાં રોજગારી આપવામાં આવી?

(૨)

| જિલ્લાનું નામ | તા. ૧-૦૨-૦૯ થી તા. ૩૧-૦૧-૧૦ | | તા. ૧-૦૨-૧૦ થી તા. ૩૧-૦૧-૧૧ | | કુલ | | કુલ રોજગારી |
|---|---|---|---|---|---|---|---|
| | ઓદ્યોગિક ભરતી મેળામાં આપેલ રોજગારી | લશ્કરી ભરતી મેળામાં આપેલ રોજગારી | ઓદ્યોગિક ભરતી મેળામાં આપેલ રોજગારી | લશ્કરી ભરતી મેળામાં આપેલ રોજગારી | ઓદ્યોગિક ભરતી મેળામાં આપેલ રોજગારી | લશ્કરી ભરતી મેળામાં આપેલ રોજગારી | |
| નવસારી | ૧૪૨ | ૦ | ૫૩૦ | ૦ | ૬૭૨ | ૦ | ૬૭૨ |
| વલસાડ | ૭૭૪૯ | ૧૩૬ | ૧૦૩૫૮ | ૦ | ૧૮૧૦૭ | ૧૩૬ | ૧૮૨૪૩ |
| કુલ | ૭૮૯૧ | ૧૩૬ | ૧૦૮૮૮ | ૦ | ૧૮૭૭૯ | ૧૩૬ | ૧૮૯૧૫ |

## અમદાવાદ જિલ્લામાં એપ્રેન્ટીશીપ એક્ટ હેઠળ ભરાયેલ જગાઓ

૨૨૨૫૭ **: શ્રી બાબુભાઈ પટેલ (દસકોઈ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ એપ્રેન્ટીશીપ એક્ટ હેઠળ આવરી લેવાયેલ એકમોની સંખ્યા કેટલી છે,

(૨) આ એકમોમાં એપ્રેન્ટીશીપ માટે કેટલી બેઠકોની ફાળવણી થઈ છે,

(૩) ફાળવણી થયેલ બેઠકો પેકી કેટલી જ્ગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જ્ગ્યાઓ ખાલી છે, અને

(૪) બેઠકો ખાલી રહેવાના કારણો શાં છે?

**જવાબ**

(૧) ૧૦૮૨.

(૨) ૮૬૭૨.

(૩) ૫૯૫૯ જ્ગ્યાઓ ભરાયેલ છે. અને ૨૭૧૩ ખાલી છે.

(૪) આકર્ષક રોજગારીની તકો ન હોય તેવા વ્યવસાયોમાં ઉમેદવારો એપ્રેન્ટીસ તરીકે જોડાતાં નથી.

## કચ્છ જિલ્લામાં વેલસ્પન ગ્રુપની કંપનીના વાહનોને આપેલ રાહત

૨૧૯૧૯ **: શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વેલસ્પન ગ્રુપ (વરસામેડી તા. અંજાર) નાં ઓદ્યોગિક એકમનાં વાહનોને આર.ટી.ઓ. ટેક્ષ કે રોડ ટેક્ષ કે અન્ય સંબંધિત વેરામાં કચ્છ જિલ્લા પૂરતી માફી કે રાહત આપવામાં આવી હતી તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તેના કારણો શાં છે, અને

(૩) જો ના, તો આ સ્થિતિએ વેલસ્પનગ્રુપની કંપની દ્વારા કચ્છમાં નોંધણી થયેલ વાહનો અન્વયે કેટલા ટનનાં પાસીંગ સામે કેટલી રકમ ભરવામાં આવી કે વસુલ કરવામાં આવી?

**જવાબ**

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિને છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન કંપનીનું એક આયાતી કટર લોડર વાહન ૨૬ ટનનું રજીસ્ટર થયેલ છે. અને તેના પેટે રકમ રૂા. ૧,૧૬,૦૦૮/- (અંકે રૂપિયા એક લાખ સોળ હજાર આઠ વસુલ કરવામાં આવેલ છે.)

## વડોદરા, સુરત અને પંચમહાલ જિલ્લામાં ઓદ્યોગિક એકમોમાં સલામતીના સાધનોની ચકાસણી

૨૧૧૪૬ **: શ્રી સી. કે. રાઉલજી (ગોધરા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર વડોદરા-સુરત અને પંચમહાલ જિલ્લામાં ફેક્ટરી ઈન્સ્પેક્ટરો દ્વારા સલામતીના સાધનોની ચકાસણી વર્ષવાર કેટલી વખત કરવામાં આવી,

**જવાબ**

(૧)

| વર્ષ | જિલ્લો | સંખ્યા |
|---|---|---|
| ૧/૨/૦૯ થી ૩૧/૧/૧૦ | વડોદરા | ૨૮૩૫ |
| | સુરત | ૨૨૩૫ |
| | પંચમહાલ | ૩૪૦ |
| ૧/૨/૧૦ થી ૩૧/૧/૧૧ | વડોદરા | ૧૨૩૫ |
| | સુરત | ૨૦૭૮ |
| | પંચમહાલ | ૨૭૩ |

(૨) તે અન્વયે સલામતીના સાધનોની અપુરતી સંખ્યા તેમજ ખરાબી અંગે કેટલી ફેક્ટરી ઓદ્યોગિક એકમોને નોટીસો અપાઈ, અને

(૨) ૩૨ એકમો.

(૩) સલામતીની પુરતી ચકાસણી થાય અને અક્સ્માતોનું પ્રમાણ નહીંવત રહે તે માટે સરકાર આવા એકમો ફેક્ટરીઓ સામે સખતાઈના શાં પગલાં લેવા માંગે છે?

(૩) કારખાના ધારાની જોગવાઈઓ મુજબ જે પગલાં લેવાના થતા હોય તે પગલાં લેવામાં આવે છે.

**નવા ગ્રંથાલયના નિર્માણ**

૨૧૮૭૨ **: શ્રી અનિલભાઈ પટેલ (મહેસાણા) : માનનીય સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા નવા ગ્રંથાલય ભવનનું નિર્માણ કરવામાં આવ્યુ, અને

(૨) તે પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

**જવાબ**

(૧) ત્રણ.

(૨) આ ભવનોના નિર્માણ માટે કુલ રૂા. ૨૧૭.૪૭ લાખ ખર્ચ થયો.

**ખાંભા તાલુકામાં સંકટમોચન યોજનાની મળેલ અરજીઓ**

૨૦૮૯૪ **: શ્રી ધીરસિંહ બારડ (કોડીનાર) : માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સંકટ મોચન યોજના અંતર્ગત અમરેલી જિલ્લામાં ખાંભા તાલુકામાં કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી કેટલી સહાય ચૂકવવામાં આવી, અને

(૩) કેટલી અરજીઓ પડતર છે, તેના કારણો શાં શાં છે ?

**જવાબ**

(૧) ૨૯

(૨) ૯ મંજૂર
રૂા. ૯૦,૦૦૦/- સહાય ચુકવી

(૩) ૧૩ અરજીઓ પડતર છે. કારણો નીચે મુજબ છે.

૧. અરજદારની અરજી સાથેના બિડાણના પુરાવાના અભાવે બાકી છે.
૨. તાલુકા કક્ષાએ ચકાસણી માટે બાકી છે.

**કચ્છ જિલ્લામાં આઈ. ટી. આઈ. માં મંજુર મહેકમ**

૨૦૭૭૦ **: શ્રી જયંતિલાલ પ.ભાનુશાલી (અબડાસા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં સરકાર માન્ય આઈ.ટી.આઈ.માં કેટલા વિષયના કોર્સ ચાલે છે.

(૨) તે અન્વયે આ સ્થિતિએ મંજૂર થયેલ મહેકમ સામે ક્યા ક્યા અભ્યાસક્રમોમાં મહેકમની કેટલી જગ્યાઓ ખાલી છે, અને

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં સરકાર માન્ય આઈ.ટી.આઈ.માં ૩૪ વિષયના કોર્સ ચાલે છે.

(૩) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ મંજૂર થયેલ મહેકમ સામે ખાલી જગ્યાની વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | આઈ.ટી.આઈ.નું નામ | ટ્રેડનું નામ | વ્યાખ્યાતાઓની ખાલી જગ્યાની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | અબડાસા-કોઠારા | કોમ્પ્યુટર ઓપરેટર ક્મ પ્રોગ્રામીંગ આસીસ્ટન્ટ | ૦૨ |
| | | ફીટર | ૦૧ |
| | | વેલ્ડર | ૦૨ |
| | | વાયરમેન | ૦૧ |

| | | | |
|---|---|---|---|
| ૨ | અંજાર | કોમ્પ્યુટર ઓપરેટર ક્મ પ્રોગ્રામીંગ | ૦૨ |
| ૩ | ભચાઉ | કોમ્પ્યુટર ઓપરેટર ક્મ પ્રોગ્રામીંગ | ૦૧ |
| ૨ | | આસીસ્ટન્ટ | ૦૧ |
| ૨ | | ઈલેક્ટ્રીશ્યન મીકેનીક | ૦૧ |
| ૨ | | વાયરમેન | ૦૧ |
| | | વેલ્ડર | ૦૩ |
| ૪ | ભુજ | કોમ્પ્યુટર ઓપરેટર ક્મ પ્રોગ્રામીંગ આસીસ્ટન્ટ | ૦૧ |
| | | સર્ટી. મલ્ટીમીડીયા એન્ડ ડીટીપી | ૦૧ |
| | | સીઓઈ ઓટો એડ. બેઝીક | ૦૬ |
| | | ઈલેક. મીકેનીક | ૦૧ |
| | | એમ્બોડરી એન્ડ નીડલ વર્ક | ૦૧ |
| | | ફીટર | ૦૪ |
| | | હેર એન્ડ સ્કીન કેર | ૦૧ |
| | | મરીન ડીઝલ મીકેનીક | ૦૧ |
| | | મીકેનીક ડીઝલ | ૦૧ |
| | | મીકેનીક મોટર વ્હીકલ | ૦૧ |
| | | રેફ્રીજેશન એન્ડ એરમીક | ૦૧ |
| | | ટર્નર | ૦૧ |
| | | વેલ્ડર | ૦૧ |
| ૫ | ગાંધીધામ | કોમ્પ્યુટર ઓપરેટર ક્મ પ્રોગ્રામીંગ આસીસ્ટન્ટ | ૦૧ |
| | | સીઓઈ ઈલેક્ટ્રીકલ | ૦૬ |
| | | ઈલેક્ટ્રીશ્યન | ૦૧ |
| | | ઈલેક્ટ્રોનીક્સ મીકેનીક | ૦૧ |
| | | ઈન્ફોરમેશન ટેક્નોલોજી | ૦૧ |
| | | મરીન ડીઝલ મીકેનીક | ૦૧ |
| | | મીકેનીકલ ડીઝલ | ૦૧ |
| | | મીકેનીકલ જનરલ | ૦૨ |
| | | વાયરમેન | ૦૩ |
| | | ફીટર | ૦૨ |
| | | જનરલ મીકેનીક | ૦૧ |
| | | મીકેનીક રેડીયો એન્ડ ટેલી. | ૦૧ |
| | | મીકેનીક ડીઝલ | ૦૧ |
| | | ટુ વ્હીલર રીપેરર ઓટો | ૦૧ |
| | | વેલ્ડર | ૦૨ |
| | | કોમ્પ્યુટર ઓપરેટર ક્મ પ્રોગ્રામીંગ આસીસ્ટન્ટ | ૦૩ |
| | | ઈલેક્ટ્રીશ્યન | ૦૧ |
| | | ફીટર | ૦૭ |
| | | મરીન ડીઝલ મીકેનીક | ૦૧ |
| | | વેલ્ડર | ૦૧ |
| | | વાયરમેન | ૦૩ |
| | | ઈલેક્ટ્રીશ્યન | ૦૨ |
| | | વાયરમેન | ૦૩ |
| | | કોમ્પ્યુટર ઓપરેટર ક્મ પ્રોગ્રામીંગ આસીસ્ટન્ટ | ૦૨ |
| | | ઈલેક્ટ્રીશ્યન | ૦૧ |
| | | ફીટર | ૦૧ |
| | | વેલ્ડર | ૦૧ |
| | | વાયરમેન | ૦૩ |

(૩) આ ખાલી જગ્યાઓ ક્યારે ભરવામાં આવશે ?

(૩) સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં ખાલી જગ્યાઓ ભરવા માટે નિયામકશ્રી, રોજગાર અને તાલીમની કચેરીના તા. ૧૧-૬-૨૦૦૯, તા. ૧૭-૧૧-૨૦૦૯ તેમજ તા. ૧૯-૨-૨૦૧૧ના પત્રોથી ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગરને માંગણા પત્રક મોકલી આપેલ છે. ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર દ્વારા ભરતીની કાર્યવાહી થઈ રહેલ છે. આ કાર્યવાહી પૂર્ણ થતાં જગ્યાઓ ભરવામાં આવશે. દરમ્યાનમાં ૧૧ માસનાં કરારના ધોરણે ખાલી જગ્યાઓ ભરવાની કાર્યવાહી કરવામાં આવેલ છે.

## મહેસાણા જિલ્લામાં સંકટમોચન યોજનાની મળેલ અરજીઓ

૨૧૮૬૨ **: શ્રી કાંતિલાલ રા.પટેલ (વિજાપુર) : માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) મહેસાણા જિલ્લામાં સંકટ મોચન યોજના અંતર્ગત તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ મળેલ છે.

**જવાબ**

(૧) ૯૧૧.

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવેલ છે, અને — (૨) ૫૭૫.

(૩) કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી ? — (૩) ૨૯૬.

--------

**નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરીમાં પેન્શનના પડતર કેસો**

૨૨૩૭૫ **: શ્રી અશ્વિન કોટવાલ (ખેડબ્રહ્મા) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૦૧-૧૧ની સ્થિતિએ નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરીમાં પેન્શન મંજૂરીના કેટલા કેટલા કેસો પડતર છે, | (૧) ૫૮૧. |
| (૨) કેસો પડતર રહેવાના શાં કારણો છે, | (૨) ચકાસણીની પ્રક્રિયામાં હતા. |
| (૩) પડતર કેસોનો ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે, અને | (૩) આજની તારીખે એક પણ કેસ પડતર નથી. |
| (૪) તે પૈકી એક વર્ષના કરતા વધુ સમય જુના હોય તેવા કેટલા કેસો છે ? | (૪) એક પણ નહીં. |

**સુરત જિલ્લામાં સંકટમોચન યોજનાની મળેલ અરજીઓ**

૨૧૮૮૭ **: શ્રી કિરીટભાઈ ગં.પટેલ (ઓલપાડ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લામાં સંકટ મોચન યોજના અંતર્ગત તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ મળેલ છે. | (૧) ૩૭૮. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવેલ છે, અને | (૨) ૩૦૧. |
| (૩) કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી ? | (૩) ૪૩. |

--------

**મહેસાણા જિલ્લામાં ઓદ્યોગિક ભરતીમેળાનું કરેલ આયોજન**

૨૨૨૭૯ **: શ્રી ભરતસિંહજી શં.ડાભી (ખેરાલુ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહેસાણા જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમ્યાન કેટલા ઓદ્યોગિક ભરતીમેળાનું આયોજન કરવામાં આવ્યું, અને | (૧) ૩૦. |
| (૨) આ ઓદ્યોગિક ભરતી મેળામાં કેટલા ઉમેદવારોને રોજગારી મળી? | (૨) ૨૦૫૧. |

--------

**ભરૂચ જિલ્લામાં સ્કોલરશીપ અન્વયે ચૂકવેલ સહાય**

૨૧૬૯૪ **: શ્રી ઈકબાલ પટેલ (વાગરા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભરૂચ જિલ્લામાં અનુસૂચિત જાતિના વર્ગ માટે | (૧) જિલ્લાવાર કેન્દ્રીય સહાય મળતી નથી. રાજ્ય સરકાર તરફથી જરૂરિયાત મુજબ રકમ ફાળવવામાં આવે |

પોસ્ટ મેટ્રીક સ્કોલરશીપ અંતર્ગત કેન્દ્રની કેટલી સહાય મળી, અને — છે.

(૨) આ પોસ્ટ મેટ્રીક સ્કોલરશીપ અન્વયે ભરૂચ જિલ્લામાં કેટલા વિદ્યાર્થીઓને સહાય ચૂકવવામાં આવી? — (૨) ૨,૦૮૫.

--------

**રાજ્ય સરકાર દ્વારા લીધેલ ઓવરડ્રાફટ**

૨૨૨૭૧ **: શ્રી આત્મારામભાઈ પરમાર (ગઢડા) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્ય સરકાર દ્વારા તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયા પાસેથી કેટલી રકમનો ઓવરડ્રાફ્ટ લેવામાં આવ્યો, અને | (૧) શૂન્ય. |
| (૨) સરકારે આ ઓવરડ્રાફ્ટ પેટે કેટલું વ્યાજ ચૂકવ્યું? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

--------

**જંબુસર અને આમોદ તાલુકાવાર આશ્રમશાળાઓની સંખ્યા**

૨૧૬૩૮ **: શ્રી કિરણકુમાર લ.મકવાણા (જંબુસર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ ભરૂચ જિલ્લાના જંબુસર અને આમોદ તાલુકામાં કેટલી અને કઈ કઈ આશ્રમશાળાઓ આવેલ છે, | (૧) એક પણ નહી. |
| (૨) આ આશ્રમશાળાઓમાં કેટલા વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓ અભ્યાસ કરે છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) સરકાર તરફથી માથાદીઠ કેટલી રકમ ફાળવવામાં આવે છે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

--------

**હિસાબ અને તિજોરી ખાતામાં વર્ગ-૩નો બેકલોગ**

૨૨૨૬૩ **: શ્રી કાંતિલાલ રા. લકુમ (બાવળા) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) હિસાબ અને તિજોરી ખાતામાં વર્ગ-૩માં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ અનુસૂચિત જાતિનો બેકલોગ કેટલો છે, અને | (૧) કોઈ નહી. |
| (૨) આ બેકલોગ દૂર કરવા સરકાર કોઈ પગલાં લેવા માંગે છે કે કેમ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**વડોદરા જિલ્લામાં સંત સુરદાસ યોજનાના લાભાર્થીઓ**

૨૧૮૯૩ : **શ્રી ગુલસીંગભાઈ રં.રાઠવા (છોટાઉદેપુર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) વડોદરા જિલ્લામાં સંત સુરદાસ યોજના અન્વયે તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા લાભાર્થીને લાભ આપવામાં આવેલ છે, અને | (૧) ૧,૯૯૭ લાભાર્થીઓને. |
| (૨) તેઓને ક્યાં સુધીની સહાય ચૂકવેલ છે ? | (૨) ડીસેમ્બર-૨૦૧૦ સુધી. |

--------

**નર્મદા જિલ્લામાં રમતગમતના મેદાનો વધારવા કરેલ આયોજન**

૨૧૬૨૪ **: શ્રી અમરસિંહ વસાવા (દેડીયાપાડા) : માનનીય રમતગમત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ નર્મદા જિલ્લામાં રમતગમત માટેના કેટલા મેદાનો કાર્યરત છે, અને | (૧) તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ નર્મદા જિલ્લામાં સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત હસ્તક રાજપીપળા ખાતે સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ કાર્યરત છે. |
| (૨) રમતગમતના મેદાનોની સંખ્યા વધારવા સરકારે ક્યા પ્રકારનું આયોજન કરેલ છે ? | (૨) રાજ્ય સરકારશ્રી દ્વારા રમતગમતને પ્રોત્સાહન મળે તે હેતુસર સરદાર પટેલ રમત સંકુલ યોજના અમલમાં મુક્વામાં આવેલ છે. આ યોજના અન્વયે રાજ્ય ના દરેક જિલ્લામાં એક રમત સંકુલ ઉભુ કરવાનુ આયોજન છે. |

--------

**રાજ્યમાં જિલ્લાવાર રૂા. એક કરોડથી વધુ વસૂલ કરવાની વેચાણવેરાની રકમ**

૨૧૬૫૦ **: શ્રી ખુમાનસિંહ ચૌહાણ (સાવલી) : માનનીય નાણાં મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર એક કરોડ કે તેથી વધુ રકમ વેચાણવેરા પેટે વસુલ કરવાની થતી હોય તેવા બાકી એકમો કેટલાં છે ? | *** પત્રક** મુજબ. |

*** પત્રક**

| અનુ. | જીલ્લો | તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ રૂા. એક કરોડ કે તેથી વધુ વેચાણવેરાની બાકી વસુલાતનાં એકમોની સંખ્યા | અનુ. | જીલ્લો | તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ રૂા. એક કરોડ કે તેથી વધુ વેચાણવેરાની બાકી વસુલાતનાં એકમોની સંખ્યા |
|---|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ૧૮૫ | ૧૪ | સુરત | ૮૪ |
| ૨ | ગાંધીનગર | ૨૦ | ૧૫ | તાપી | ૨ |
| ૩ | મહેસાણા | ૩૧ | ૧૬ | નવસારી | ૩ |
| ૪ | બનાસકાંઠા | ૧૪ | ૧૭ | ડાંગ | ૨ |
| ૫ | સાબરકાંઠા | ૧૧ | ૧૮ | વલસાડ | ૪૬ |
| ૬ | પાટણ | ૯ | ૧૯ | ભાવનગર | ૬૩ |
| ૭ | વડોદરા | ૭૮ | ૨૦ | અમરેલી | ૫ |
| ૮ | ગોધરા | ૨૬ | ૨૧ | જુનાગઢ | ૨૧ |
| ૯ | દાહોદ | ૧ | ૨૨ | પોરબંદર | ૩ |
| ૧૦ | આણંદ | ૧૦ | ૨૩ | રાજકોટ | ૬૪ |
| ૧૧ | નડીયાદ | ૫ | ૨૪ | સુરેન્દ્રનગર | ૧૮ |
| ૧૨ | ભરૂચ | ૪૩ | ૨૫ | જામનગર | ૨૦ |
| ૧૩ | નર્મદા | ૧ | ૨૬ | કચ્છ | ૪૬ |

--------

**ગાંધીનગર જિલ્લામાં સ્વરોજગાર શિબિરના આયોજન**

૨૨૨૮૨ **: શ્રી કલ્યાણસિંહ ચૌહાણ (દહેગામ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ગાંધીનગર જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમ્યાન કેટલી સ્વરોજગાર શિબિરોનું આયોજન કરવામાં આવ્યું, અને | (૧) ૨૫. |
| (૨) આ શિબિરમાં કેટલા ઉમેદવારોએ ઉપસ્થિત રહીને માર્ગદર્શન મેળવ્યું ? | (૨) ૩૯૪૧. |

--------

**રાજ્યમાં તિજોરી અને પેટા તિજોરી કચેરીની નાણાકીય કામગીરી અંગે**

૨૧૫૭૭ **: શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા (લીમખેડા) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૦૧-૨૦૧૧ની સ્થિતિએ રાજ્યમાં કેટલી તિજોરી અને પેટા તિજોરી કચેરીઓ છે, | (૧) જિલ્લા તિજોરી ૨૫<br>પેટા તિજોરી કચેરી ૧૬૪ + ૧ (સેન્ટ્રલ). |
| (૨) પેટા તિજોરી કચેરી તાલુકા મથકે શરૂ કરવી ફરજીયાત છે તે હકીકત સાચી છે, અને | (૨) ના. |
| (૩) જો હા, તો જે તાલુકા મથકે પેટા તિજોરી કચેરી આવેલ નથી, ત્યાંની નાણાકીય કામગીરી માટે સરકારે શી વ્યવસ્થા કરેલ છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

--------

**સચિવાલયમાં અનુસૂચિત જાતિના બેકલોગની જગ્યાઓ ભરવા કરેલ આયોજન**

૨૨૩૨૫ **: શ્રી સાબીરભાઈ અ. ખેડાવાલા (જમાલપુર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ગાંધીનગર સચિવાલય ખાતે વર્ગ-૧, ૨ અને ૩ની તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ અનુસૂચિત જાતિઓની બેકલોગની કેટલી જગ્યાઓ ખાલી છે, અને | (૧) શૂન્ય. |
| (૨) આ ખાલી જગ્યાઓ ભરવા સરકારે શું આયોજન વિચારેલ છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

--------

**અમદાવાદ જિલ્લામાં વેટની થયેલ આવક**

૨૨૨૮૮ **: શ્રી ભૂષણભાઈ ભટ (ખાડીયા) : માનનીય નાણાં મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લામાં વર્ષ-૨૦૧૦માં સેલટેક્ષ/ વેટની કેટલી આવક થઇ, | (૧) રૂ. ૫૭૦૪.૩૨ કરોડ (ગ્રોસ) (પ્રોવિઝનલ) |
| (૨) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ કેટલી રકમ વસૂલ કરવાની બાકી છે, અને | (૨) રૂ. ૨૧૨.૫૧ કરોડ. |
| (૩) બાકી રકમ વસૂલ કરવા માટે કોઇ કાર્યવાહી કરવામાં આવેલ છે કે કેમ ? | (૩) શક્ય વસુલાતવાળા કેસોમાં ગુજરાત વેચાણવેરા કાયદા, ગુજરાત મૂલ્યવર્ધિત વેરા કાયદા તથા જમીન મહેસૂલ કાયદા અન્વયે પગલાં લેવામાં આવેલ છે. |

--------

**ગાંધીનગર ખાતે સ્પોર્ટસ કોમ્પલેક્ષનો થયેલ ખર્ચ**

૨૦૭૬૫ **: શ્રી નિરંજનભાઈ પટેલ (પેટલાદ) : માનનીય રમતગમત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ગાંધીનગર ખાતે સેક્ટર-૨૪માં સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા તૈયાર થનાર સ્પોર્ટસ કોમ્પલેક્ષ માટે સને ૨૦૧૦-૧૧ના વર્ષના બજેટમાં કેટલી રકમ ફાળવવામાં આવી હતી, અને | (૧) ગાંધીનગર ખાતે સેક્ટર-૨૪માં સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા સ્પોર્ટસ કોમ્પલેક્ષ તૈયાર કરવામાં આવનાર નથી. પરંતુ ગાંધીનગર ખાતે સેક્ટર-૧૩માં સ્પોર્ટસ કોમ્પલેક્ષ સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા તૈયાર થનાર છે. આ સ્પોર્ટસ કોમ્પલેક્ષ માટે સને ૨૦૧૦-૧૧ના વર્ષના બજેટમાં કુલ રૂ. ૫.૦૦ લાખની ફાળવણી કરવામાં આવી છે. |
| (૨) તે ફાળવેલ રકમ પૈકી તા. ૩૧-૦૧-૨૦૧૧ સુધીમાં તે હેતુસર કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો ? | (૨) શૂન્ય. |

--------

**નવસારી જિલ્લામાં સંકટમોચન યોજનાની મળેલ અરજીઓ**

૨૧૮૮૮ **: શ્રી નરેશભાઈ મ. પટેલ (ચીખલી) : માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નવસારી જિલ્લામાં સંકટ મોચન યોજના અંતર્ગત તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ મળેલ છે, | (૧) ૩૪૯. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવેલ છે, અને | (૨) ૨૪૬. |
| (૩) કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી ? | (૩) ૭૯ ના મંજૂર. |

**પંચમહાલ જિલ્લામાં સંકટમોચન યોજનાની મળેલ અરજીઓ**

૨૧૮૮૯ **: શ્રી જેઠાભાઈ ભરવાડ (શહેરા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પંચમહાલ જિલ્લામાં સંકટ મોચન યોજના અંતર્ગત તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ મળેલ છે, | (૧) ૬૮૫. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવેલ છે, અને | (૨) ૬૧૫. |
| (૩) કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી ? | (૩) ૫૨. |

--------

**આણંદ જિલ્લામાં વિકલાંગ શિષ્યવૃત્તિ યોજનાની મળેલ અરજીઓ**

૨૧૮૯૦ **: શ્રી શિરીષકુમાર મ. શુકલ (ખંભાત) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) આણંદ જિલ્લામાં વિકલાંગ શિષ્યવૃત્તિ યોજના અન્વયે તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ આવી, | (૧) ૨,૩૩૩. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવેલ છે, | (૨) ૧૯૭૦. |
| (૩) કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવેલ છે, અને | (૩) ૧૪૯. |
| (૪) કેટલી રકમ ચૂકવવામાં આવી? | (૪) રૂ. ૨૨,૩૩,૫૦૦/-. |

--------

**પાટણ જિલ્લામાં બેરોજગારોને મળેલ રોજગારી**

૨૨૨૯૨ **: શ્રી રજનીકાન્ત સો.પટેલ (ચાણસ્મા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પાટણ જિલ્લાની રોજગાર વિનિમય કચેરીમાં વર્ષ ૨૦૧૦માં કેટલા બેરોજગાર ઉમેદવારોની નોંધણી થયેલ હતી, અને | (૧) ૫,૯૫૦. |
| (૨) તે પૈકી કેટલા ઉમેદવારોને તા. ૩૧-૧૨-૧૦ ની સ્થિતિએ રોજગારી મળી? | (૨) ક્રમ નં. (૧) પૈકી ૧,૫૦૩ ઉમેદવારોને રોજગારી મળી. |

**રાજ્ય સરકારે લીધેલ સાધનોપાય પેશગી**

૨૨૨૭૨ **: શ્રી વસંતભાઈ ભટોળ (દાંતા)** : **માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્ય સરકારે કેટલી વાર અને કેટલી રકમની સાધનોપાય પેશગી લીધેલ છે, અને | (૧) શૂન્ય. |
| (૨) આ સાધનોપાય પેશગી પેટે સરકારે કેટલું વ્યાજ ચૂકવેલ છે? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

--------

**રાજ્યમાં અગરીયાઓને અપાયેલ ઓળખકાર્ડ**

૨૦૪૧૨ **: શ્રી સિધ્ધાર્થભાઈ પટેલ (ડભોઈ)** : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧ ડીસેમ્બર, ૨૦૧૦ની સ્થિતિએ રાજ્યમાં કુલ કેટલા અગરિયાઓને ઓળખકાર્ડ આપવામાં આવ્યા, અને | (૧) ૨૧૦૪૩ અગરિયાને કુટુંબ ઓળખકાર્ડ આપવામાં આવેલ છે. |
| (૨) ઓળખકાર્ડ આપ્યા પછી તેમને શું સુવિધા અપાય છે? | (૨) શ્રમ અને રોજગાર વિભાગ હસ્તકના ગુજરાત ગ્રામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ, ગાંધીનગર દ્વારા કુટુંબ ઓળખકાર્ડ ધરાવનાર અગરિયાઓને રૂ. ૬૦૦/- લાભાર્થી ફાળો લઈ સાયકલ રાહતદરે આપવામાં આવે છે. |

--------

**વડોદરા જિલ્લામાં વિકલાંગ શિષ્યવૃત્તિ યોજનાની મળેલ અરજીઓ**

૨૧૮૯૫ **: શ્રી ઉપેન્દ્રસિંહ પ્ર.ગોહિલ (વડોદરા (ગ્રામ્ય)** : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) વડોદરા જિલ્લામાં વિકલાંગ શિષ્યવૃત્તિની યોજના અન્વયે તા. ૩૧-૧૨-૧૦ સુધીમાં છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ આવી, | (૧) ૧૨૨૭. |
| (૨) તે પેકી કેટલી મંજૂર કરવામાં આવી, કેટલી નામંજૂર કરવામાં આવી, અને | (૨) ૧૦૧૫ મંજૂર કરવામાં આવી.<br>૨૧૨ નામંજૂર કરવામાં આવી. |
| (૩) તે પેકી કેટલી રકમ ચૂકવવામાં આવી? | (૩) રૂ. ૧૨,૫૪,૫૦૦/-. |

--------

૪૭૧/page> **ડાંગ જિલ્લામાં રાષ્ટ્રિય વૃધ્ધ સહાય યોજનાની મળેલ અરજીઓ**

૨૧૦૪૧ **: શ્રી વિજયભાઈ ૨.પટેલ (ડાંગ-વાંસદા)** : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ડાંગ જિલ્લામાં રાષ્ટ્રિય વૃધ્ધ સહાય યોજનામાં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી અરજીઓ મળી, અને | (૧) ૧૮૨૨. |
| (૨) તે પેકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી ? | (૨) ૧૩૮૨ મંજુર. |

--------

**કેન્દ્રીય વેચાણવેરાના દરમાં ઘટાડાથી મેળવવાનું થતું બાકી વળતર**

૨૨૩૬૬ **: શ્રી ભૂપેન્દ્રભાઈ લાખાવાળા (વડોદરા શહેર ) : માનનીય નાણાં મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય દ્વારા ઉઘરાવવામાં આવતા કેન્દ્રીય વેચાણવેરાના દરમાં ઘટાડો થયેલ છે તે હકીક્ત સાચી છે, અને

(૨) જો હા, તો તા. ૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં આ પેટે કેન્દ્ર સરકાર દ્વારા કેટલું વળતર આપવામાં આવેલ છે અને કેટલું વળતર મેળવવાનું બાકી છે ?

**જવાબ**

(૧) હા.

(૨)

| કેન્દ્ર સરકાર દ્વારા ફાળવેલ રકમ (રૂા. કરોડમાં) | બાકી મેળવવાની રકમ (રૂા. કરોડમાં) |
|---|---|
| ૨૦૦૮-૦૯ : ૧૫૬.૫૭ | ૧૩૮૯.૯૬ |
| ૨૦૦૯-૧૦ : ૭૯૬.૦૪ | ૨૩૨૦.૯૨ |
| ૨૦૧૦-૧૧ : ૬૬૧.૦૬ (તા. ૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ) | ૨૩૦૧.૬૫ |

**કલોલ શહેર ખાતે ડૉ. આંબેડકર ભવન**

૨૨૦૦૪ **: શ્રી સુરેશકુમાર ચ. પટેલ (કલોલ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કલોલ શહેરમાં તાલુકા કક્ષાનું ડૉ. આંબેડકર ભવન બાંધવા કોઈ ગ્રાન્ટ ફાળવવાની થયેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉપલબ્ધ જમીન સીટી સર્વે નં. ૩૮૭૬માં ભવન ક્યારે બનાવવામાં આવશે ?

**જવાબ**

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**કેન્દ્રીય વેચાણવેરાના દરમાં ઘટાડાથી મેળવવાનું થતું બાકી વળતર**

૨૨૩૬૮ **: શ્રી ભરત બારોટ (દરિયાપુર-કાઝીપુર ) : માનનીય નાણાં મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય દ્વારા ઉઘરાવવામાં આવતા કેન્દ્રીય વેચાણવેરાના દરમાં ઘટાડો થયેલ છે તે હકીક્ત સાચી છે, અને

(૨) જો હા, તો તા. ૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં આ પેટે કેન્દ્ર સરકાર દ્વારા કેટલું વળતર આપવામાં આવેલ છે અને કેટલું વળતર મેળવવાનું બાકી છે ?

**જવાબ**

(૧) હા.

(૨)

| કેન્દ્ર સરકાર દ્વાર ફાળવેલ રકમ (રૂા. કરોડમાં) | બાકી મેળવવાની રકમ (રૂા. કરોડમાં) |
|---|---|
| ૨૦૦૮-૦૯ : ૧૫૬.૫૭ | ૧૩૮૯.૯૬ |
| ૨૦૦૯-૧૦ : ૭૯૬.૦૪ | ૨૩૨૦.૯૨ |
| કેન્દ્ર સરકાર દ્વાર ફાળવેલ રકમ (રૂા. કરોડમાં) | બાકી મેળવવાની રકમ (રૂા. કરોડમાં) |
| ૨૦૧૦-૧૧ : ૬૬૧.૦૬ (તા. ૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ) | ૨૩૦૧.૬૫ |

**ખેડા જિલ્લામાં રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શન યોજનાની મળેલ અરજીઓ**

૨૧૬૭૫ **: શ્રી માનસિંહ ચૌહાણ (બાલાસિનોર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શન યોજના અંતર્ગત ખેડા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ તાલુકાદીઠ કેટલી અરજીઓ આવી.

**જવાબ**

(૧) અને (૨)
***પત્રક-૧** મુજબ

(૨) આ પેકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

| ક્રમ | તાલુકાનું નામ | મળેલ અરજીઓ | મંજૂર કરેલ અરજીઓ |
|---|---|---|---|
| ૧ | નડિયાદ | ૨૧૦૧ | ૧૫૦૪ |
| ૨ | કપડવંજ | ૧૮૭૯ | ૧૪૩૩ |
| ૩ | કઠલાલ | ૧૧૬૫ | ૪૩૩ |
| ૪ | બાલાસિનોર | ૧૪૮૬ | ૧૧૦૯ |
| ૫ | ઠાસરા | ૩૫૩ | ૨૫૬ |
| ૬ | વીરપુર | ૨૧૯ | ૧૨૫ |
| ૭ | ખેડા | ૩૯૧ | ૨૫૧ |
| ૮ | માતર | ૩૦૨ | ૧૩૨ |
| ૯ | મહેમદાવાદ | ૫૬૬ | ૩૪૫ |
| ૧૦ | મહુધા | ૨૯૩ | ૧૫૧ |
| | **કુલ..** | **૮૭૫૫** | **૫૭૩૯** |

(૩) કેટલી અરજીઓ નિકાલ વગર પડતર છે ?

(૩) ૮ અરજીઓ પડતર .

## રાજ્ય સરકારે લીધેલ સાધનોપાય પેશગી

૨૨૨૭૪ **: શ્રી ભરતભાઈ વ. ખોરાણી (ચોટીલા) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્ય સરકારે કેટલી વાર અને કેટલી રકમની સાધનોપાય પેશગી લીધેલ છે, અને

(૨) આ સાધનોપાય પેશગી પેટે સરકારે કેટલું વ્યાજ ચૂકવેલ છે ?

**જવાબ**

(૧) શૂન્ય.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## વડોદરા જિલ્લામાં વેટની થયેલ આવક

૨૨૨૮૯ **: શ્રી મધુભાઈ બા. શ્રીવાસ્તવ (વાઘોડિયા) : માનનીય નાણાં મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લામાં વર્ષ-૨૦૧૦ માં સેલટેક્ષ/વેટની કેટલી આવક થઇ,

(૨) તા.૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ કેટલી રકમ વસૂલ કરવાની બાકી છે, અને

(૩)બાકી રકમ વસૂલ કરવા માટે કોઇ કાર્યવાહી કરવામાં આવેલ છે કે કેમ ?

**જવાબ**

(૧) રૂા.૧૭૮૧.૫૭ કરોડ (ગ્રોસ). (પ્રોવિઝનલ)

(૨) રૂા.૯૬૨.૩૪ કરોડ.

(૩) શક્ય વસુલાતવાળા કેસોમાં ગુજરાત વેચાણવેરા કાયદા, ગુજરાત મૂલ્યવર્ધિત વેરા કાયદા તથા જમીન મહેસૂલ કાયદા અન્વયે પગલાં લેવામાં આવેલ છે.

## વેચાણવેરાની બાકી રકમ

૨૧૧૫૨ **: શ્રી હીરાભાઈ હ.પટેલ (લુણાવાડા) : માનનીય નાણાં મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા.૩૧-૩-૨૦૧૦ ની સ્થિતિએ રાજ્યમાં વેચાણવેરો લેવાનો બાકી હોય તેવી કુલ કેટલી રકમ છે ?

**જવાબ**

રૂા.૧૧૦૭૨.૯૧ કરોડ.

## આણંદ જિલ્લામાં બેરોજગારોને મળેલ રોજગારી

૨૨૨૯૪ **: શ્રીમતી જ્યોત્સનાબેન પટેલ (આણંદ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) આણંદ જિલ્લાની રોજગાર વિનિમય ક્ચેરીમાં વર્ષ ૨૦૧૦માં કેટલા બેરોજગાર ઉમેદવારોની નોંધણી થયેલ હતી, અને

(૨) તે પેકી કેટલા ઉમેદવારોને તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ રોજગારી મળી ?

**જવાબ**

(૧) ૧૫૬૭૧.

(૨) ક્રમ નં. (૧) પેકી ૨૪૯૯ ઉમેદવારોને રોજગારી મળી.

**રાજ્ય સરકારે લીધેલ સાધનોપાય પેશગી**

૨૨૨૭૩ **: શ્રીમતી વંદનાબેન મ.મકવાણા (કેશોદ) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્ય સરકારે કેટલી વાર અને કેટલી રકમની સાધનોપાય પેશગી લીધેલ છે, અને | (૧) શૂન્ય. |
| (૨) આ સાધનોપાય પેશગી પેટે સરકારે કેટલું વ્યાજ ચૂકવેલ છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

--------

**સ્વ. શ્રી ઉમાશંકર જોશીની જન્મ શતાબ્દી ઉજવણી**

૨૧૮૬૫ **: શ્રીમતી વર્ષાબેન ન.દોશી (વઢવાણ) : માનનીય સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકાર દ્વારા મહાનુભાવોની ઉજવણી કરવાના સંદર્ભે સરકાર દ્વારા વર્ષ ૨૦૧૦-૧૧માં શ્રી ઉમાશંકર જોષીની જન્મ શતાબ્દી ઉજવણી કરવાની વિચારણા કરવામાં આવેલ છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત વર્ષમાં કેટલી રકમની જોગવાઇ કરવામાં આવેલ છે ? | (૨) મહાનુભાવોની જન્મ શતાબ્દી ઉજવણી અંગે ૨૦૧૦-૧૧ રૂ. ૨૫.૦૦ લાખની જોગવાઇ કરવામાં આવેલ છે. |

--------

**ભાવનગર જિલ્લામાં અનુ. જાતિના તબીબી સ્નાતકોને સહાય માટેની મળેલ અરજીઓ**

૨૧૯૫૯ **: શ્રી ડૉ. કનુભાઈ કલસરીયા (મહુવા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ અનુસૂચિત જાતિના વર્ગના કાયદાના તેમજ તબીબી સ્નાતકોને સહાય/લોન આપવા અન્વયેની રાજ્ય સરકારની યોજના અંતર્ગત વર્ષ ૨૦૦૯-૧૦, ૨૦૧૦-૧૧માં ભાવનગર જિલ્લાની કેટલી અરજીઓ મળી, | (૧) કાયદા સ્નાતકોની કુલ-૨૨ અરજીઓ મળેલ છે. જ્યારે તબીબી સ્નાતકોની કોઇ અરજી મળેલ નથી. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) કાયદા સ્નાતકોની મળેલ તમામ અરજીઓ મંજૂર કરવામાં આવેલ છે. |
| (૩) પડતર અરજીઓ ક્યારે મંજૂર કરવામાં આવશે ? | (૩) ઉપસ્થિત થતો નથી. |

--------

**નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરીમાં પેન્શનના પડતર કેસો**

૨૨૩૦૦ **: શ્રી કાળુભાઇ વી. વીરાણી (કુંડલા) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરીમાં પેન્શન મંજૂરીના કેટલા કેસો પડતર છે, | (૧) ૬૧૩. |
| (૨) પેન્શન કેસો પડતર રહેવાના કારણો શાં છે, અને | (૨) ચકાસણીની પ્રક્રિયામાં હતા. |
| (૩) પડતર કેસોનો નિકાલ ક્યારે કરવામાં આવશે ? | (૩) આજની તારીખે કોઇ કેસ પડતર નથી. |

## દેવગઢ-બારીયા શહેર ખાતે રમતગમતના સંકુલમાં સુવિધાઓ

૨૧૦૨૫ **: શ્રી તુષારસિંહ ક.મહારાઉલ (દેવગઢ બારિયા) : માનનીય રમતગમત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) દાહોદ જિલ્લામાં દેવગઢ-બારીયા શહેરમાં શ્રીમંત જયદિપસિંહજી જિલ્લા રમત સંકુલ આવેલ છે. સદર કેન્દ્ર હાલમાં રીનોવેશન હેઠળ છે. આ કામગીરી ક્યાં સુધી પૂરી થવાની છે,

(૨) આ કામગીરી પૂરી થયે સદર કેન્દ્રમાં કઇ કઇ રમતોની સુવિધા ઊભી થવાની છે,

(૩) સરકારશ્રી સદર કેન્દ્ર સાથે સંલગ્નીત કોઇ હોસ્ટેલ શરૂ થવાની છે, અને

(૪) જો હા, તો તેની વિગત શી છે ?

**જવાબ**

(૧) સદર કેન્દ્રના રીનોવેશનની કામગીરી સપ્ટેમ્બર, ૨૦૧૧ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

(૨) સદર કેન્દ્રમાં (૧) એથ્લેટીક્સ (૨) બાસ્કેટ બોલ (૩) વોલીબોલ (૪) સ્કોશ રૂમ (૫) ઇન્ડોર હોલ (યોગા, જીમ્નાસ્ટીક, કુસ્તી, જુડો, બેડ મિન્ટન, ટેબલ ટેનીસ માટે), (૬) સ્વીમીંગ (૭) કબ્બડ્ડી, ખો-ખો મેદાન, (૮) હેન્ડ બોલ મેદાનની સુવિધા ઊભી થનાર છે.

(૩) હા, રીનોવેશન થયા બાદ સદર કેન્દ્રમાં હોસ્ટેલ શરૂ કરવાનું આયોજન વિચારાધીન છે.

(૪) હા, જિલ્લા રમત કેન્દ્ર ખાતે આર્ચરી રમતની હોસ્ટેલ શરૂ થવાની છે.

## વેચાણવેરા નિરિક્ષકની ખાલી જગ્યાઓ

૨૨૩૭૩ **: શ્રી કુંવરજીભાઈ ન.હળપતિ (બારડોલી) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ રાજ્યમાં વેચાણવેરા નિરીક્ષકોની કેટલી જગ્યાઓ ખાલી છે,

(૨) આ ખાલી જગ્યાઓની સરકાર કેટલા સમયમાં ભરતી કરવા માંગે છે, અને

(૩) ભરતી ન કરવાના શાં કારણો છે ?

**જવાબ**

(૧) ૩૫૨.

(૨) આ અંગેની નિયત ભરતી પ્રક્રિયા પૂર્ણ થયેથી.

(૩) વહીવટી કારણોસર.

## સુરેન્દ્રનગર અને રાજકોટ જિલ્લામાં કુંવરબાઇનું મામેરું યોજનાની મળેલ અરજીઓ

૨૨૦૩૮ **: શ્રી દેવજીભાઈ ગો.ફતેપરા (હળવદ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧મી ડીસે. ૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન વર્ષવાર સુરેન્દ્રનગર અને રાજકોટ જિલ્લામાં કુંવરબાઇનું મામેરું યોજના હેઠળ સહાય મેળવવા કેટલી અરજીઓ આવી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી, કેટલાને સહાય ચૂકવવામાં આવી, અને

(૩) કેટલી અરજીઓ પડતર છે, તેને ક્યાં સુધીમાં સહાય ચૂકવવામાં આવશે ?

**જવાબ**

(૧) અને (૨)

| જિલ્લો | વર્ષ-૨૦૦૯ | | | વર્ષ-૨૦૧૦ | | |
|---|---|---|---|---|---|---|
| | મળેલ અરજી | મંજૂર અરજી | ચુક્વેલ સહાયના લાભાર્થી | મળેલ અરજી | મંજૂર અરજી | ચુક્વેલ સહાયન લાભાર્થી |
| સુરેન્દ્રનગર | ૪૨૧ | ૩૭૭ | ૩૭૭ | ૪૯૨ | ૪૩૭ | ૪૩૫ |
| રાજકોટ | ૫૮૪ | ૫૧૬ | ૫૧૬ | ૫૦૫ | ૪૧૬ | ૪૧૬ |

(૩) ૧૬ અરજીઓ પડતર છે, જેની ચકાસણી કરી પાત્ર લાભાર્થીઓને સત્વરે ચૂકવવામાં આવશે.

૪૭૫/page>

## વેચાણવેરાની બાકી રકમ

૨૧૧૫૧ **: શ્રી ભગવાનભાઈ ધા.બારડ (તાલાલા) : માનનીય નાણાં મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા. ૩૧-૩-૨૦૧૦ની સ્થિતિએ રાજ્યમાં વેચાણવેરો લેવાનો હોય તે કુલ કેટલી રકમ છે?

**જવાબ**

રૂ. ૧૧૦૭૨.૯૧ કરોડ.

## મધ્યસ્થ ગ્રંથાલય, ગાંધીનગર ખાતે સુવિધા

૨૧૮૭૯ : **શ્રી શંભુજી ઠાકોર (ગાંધીનગર)** : **માનનીય સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) ગાંધીનગર ખાતેના રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલય ખાતે વાચકોની સુવિધા વધારવા માટે કોઈ પગલાં લેવામાં આવ્યા છે કે કેમ,

(૧) હા, જી.

(૨) જો હા, તો તા. ૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ક્યા પગલાં લેવામાં આવ્યા, અને

(૨) (૧) રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલય ગાંધીનગરમાં અદ્યતન ફર્નિચર સાથે આધુનિકરણ કરી વાંચકોને માહિતી પૂરી પાડવામાં આવેલ છે.
(૨) મધ્યસ્થ ગ્રંથાલયની તમામ સેવાઓ સંપૂર્ણ કોમ્પ્યુટરાઈઝ કરી અદ્યતન સેવાઓમાં આર.એફ.આઈ.ડી. સિસ્ટમ વસાવવામાં આવી છે.
(૩) મધ્યસ્થ ગ્રંથાલયમાં વાચકો માટે દૈનિક પત્રો અને સામાયિક વિભાગ, પુસ્તક આપ લે વિભાગ, બાળ વિભાગ, સંદર્ભ વિભાગ, કોપીરાઈટ વિભાગ, અપ્રાપ્ય ગ્રંથ અને સાચવણી વિભાગ, વિદ્યાર્થી અધ્યયન વિભાગ, મહિલા વિભાગ, સિનિયર સીટીજન વિભાગ, જેવા વિવિધ વિભાગો કાર્યરત છે.
(૪) ગાંધીનગરની ગ્રામીણ પ્રજાને ઘરબેઠા વાંચન સેવા અંતગર્ત ફરતા પુસ્તકાલયના વાહન દ્વારા સેવા પુરી પાડવામાં આવે છે.

(૩) તે માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ થયો?

(૩) છેલ્લા બે વર્ષમાં રૂ. ૨૩૩.૧૪ લાખનો ખર્ચ થયો.

## નવસારી જિલ્લામાં બેરોજગારોને મળેલ રોજગારી

૨૨૨૯૯ : **શ્રી લક્ષ્મણભાઈ પટેલ (ગણદેવી)** : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) નવસારી જિલ્લાની રોજગાર વિનિમય કચેરીમાં વર્ષ ૨૦૧૦માં કેટલા બેરોજગાર ઉમેદવારોની નોંધણી થયેલ હતી, અને

(૧) ૬,૬૧૦.

(૨) તે પૈકી કેટલા ઉમેદવારોને તા. ૩૧-૧૨-૧૦ ની સ્થિતિએ રોજગારી મળી?

(૨) ક્રમ નં. (૧) પૈકી ૧,૨૧૭ ઉમેદવારોને રોજગારી મળી.

## ટાટા મોટર્સ સાણંદ ખાતે સ્થાનિક રોજગારી

૨૨૦૫૭ : **શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા (પોરબંદર)** : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ ટાટા મોટર્સના સાણંદ ખાતે નેનો કારના પ્લાન્ટને ૮૫ ટકા સ્થાનિક રોજગારી આપવાના સરકારી ઠરાવમાંથી મુક્તિ આપવામાં આવી છે એ હકિક્ત સાચી છે, અને

(૧) શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા આવી કોઈ મુક્તિ આપવામાં આવેલ નથી.

(૨) જો હા, તો આ નિર્ણય ક્યારે અને કોણે કર્યો અને સ્થાનિક લોકોને રોજગારી મળી તે માટે આ નિર્ણયમાં ફેરવિચારણા કરવા માંગો છો કે કેમ?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**આણંદ, ખેડા અને અમદાવાદ જિલ્લામાં બાળ મજૂરીના થયેલ કેસો**

૨૨૩૦૩ **: શ્રી અમીતભાઈ ચાવડા (બોરસદ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ, ખેડા અને અમદાવાદ જિલ્લામાં બાળ મજુરીના કેટલા કેસો ધ્યાને આવ્યા,

(૨) તે પૈકી કેટલા બાળમજુરોને તેમાંથી મુક્ત કરવામાં આવ્યા,

(૩) જવાબદારો સામે ક્યા પ્રકારના પગલાંઓ લેવામાં આવ્યા, અને

(૪) બાળ મજુરીના કાયદાનો કડક અમલ કરવા માટે શાં પગલાં લેવામાં આવેલ છે?

**જવાબ**

(૧) નીચે જણાવ્યા મુજબ કેસો ધ્યાને આવેલ છે.

| જિલ્લો | ધ્યાને આવેલ કેસો |
|---|---|
| આણંદ | ૦૪ |
| ખેડા | ૧૧ |
| અમદાવાદ | ૬૫ |
| **કુલ** | **૮૦** |

(૨) મુક્ત કરવામાં આવેલ બાળ મજૂરો

| જિલ્લો | મુક્ત કરવામાં આવેલ બાળ મજૂરોની સંખ્યા |
|---|---|
| આણંદ | ૦૪ |
| ખેડા | ૧૨ |
| અમદાવાદ | ૯૭ |
| **કુલ** | **૧૧૩** |

(૩) જવાબદારો સામે કાયદેસરની કાર્યવાહી કરી નીચે જણાવ્યા મુજબ કેસો સક્ષમ કોર્ટમાં દાખલ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
| બાળમજુર અધિનિયમ હેઠળ કરેલ કોર્ટ કેસો | ૪૪ |
| જુવેનાઈલ જસ્ટીસ એક્ટ હેઠળ નોંધાવેલ એફ.આઈ.આર. | ૩૩ |
| દુકાન અને વાણિજ્ય સંસ્થા અધિ. હેઠળ કરેલ કોર્ટ કેસો | ૦૧ |
| કુલ..... | ૭૮ |

(૪) બાળ મજૂરીના કાયદાનો કડક અમલ કરવા માટે કાયદાની જોગવાઈઓનું ચુસ્તપણે પાલન કરાવવા નિયમોનુસાર કાર્યવાહી કરવામાં આવેલ છે.

**બનાસકાંઠા જિલ્લામાં ખેલ મહાકુંભ પાછળ થયેલ ખર્ચ**

૨૧૮૭૬ **: શ્રી દિલિપસિંહજી પરમાર (મોડાસા) : માનનીય રમતગમત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ખેલ મહાકુંભ-૨૦૧૦માં બનાસકાંઠા જિલ્લામાં કુલ કેટલા ખેલાડીઓએ ભાગ લીધો હતો,

(૨) તે પૈકી કેટલા ખેલાડીઓ વિજેતા બન્યા, અને

(૩) વિજેતા ખેલાડીઓને આપવામાં આવેલ ઈનામો પાછળ કેટલો ખર્ચ થયો?

**જવાબ**

(૧) બનાસકાંઠા જિલ્લામાં કુલ ૬૦,૮૪૬ ખેલાડીઓએ ભાગ લીધો હતો.

(૨) તે પૈકી ૧,૪૬૪ ખેલાડીઓ વિજેતા બન્યા

(૩) પ્રથમ નંબરે વિજેતા ૩૧૫ ખેલાડીઓને રૂ. ૯,૨૭,૯૦૦/ઈનામોનું વિતરણ કરવામાં આવેલ છે. બાકી ૧,૧૪૯ પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમે વિજેતા ખેલાડીઓને રૂ. ૨૬,૦૭,૩૦૦/-ના ઈનામ વિતરણની કામગીરી ચાલુમાં છે.

**ગ્રામ શ્રમ આયુક્ત કચેરી, જામનગર દ્વારા લઘુતમ વેતનના થયેલ કેસો**

૨૨૨૮૪ **: શ્રી લાલજીભાઈ પ્રે.સોલંકી (જામનગર (રુરલ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગ્રામ શ્રમ આયુક્ત કચેરી, જામનગર દ્વારા જિલ્લામાં લઘુતમ વેતન અન્વયે તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા કેસો કરવામાં આવેલ, અને

(૨) કરવામાં આવેલ કેસોના કારણે વર્ષ-૨૦૧૦માં કેટલા શ્રમિકોને લાભ થયેલ છે ?

**જવાબ**

(૧) કોઇ કેસ કરેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**અમદાવાદ જિલ્લાની આઇ.ટી.આઇ. સંસ્થાઓમાં મંજુર મહેકમ**

૨૨૦૭૮ **: શ્રી રણછોડભાઈ ક.મેર (ધંધૂકા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ જિલ્લામાં તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ સરકાર માન્ય આઇ.ટી.આઇ.માં તાલુકાદીઠ કેટલા અને ક્યા ક્યા કોર્ષ ચાલે છે,

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | કોર્ષની સંખ્યા |
|---|---|---|
| ૧ | અમદાવાદ સીટી | ૯૭ |
| ૨ | દસક્રોઇ | ૩૦ |
| ૩ | ધંધુકા | ૦૫ |
| ૪ | ધોળકા | ૦૬ |
| ૫ | બરવાળા | ૦૪ |
| ૬ | વિરમગામ | ૦૮ |
| ૭ | સાણંદ | ૦૭ |

*પત્રક નં.૧ સામેલ રાખેલ છે.

(૨) મંજૂર થયેલ મહેકમ સામે ક્યા ક્યા અભ્યાક્રમોમાં કેટલા મહેકમની ઘટ છે, અને

(૨)

| ક્રમ | તાલુકાનું નામ | કોર્ષની સંખ્યા | મંજૂર થયેલ મહેકમ | મહેકમની ઘટ |
|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ સીટી | ૧૮ | ૧૦૪ | ૩૦ |
| ૨ | દસક્રોઇ | ૦૬ | ૪૦ | ૧૦ |
| ૩ | વિરમગામ | ૦૧ | ૦૨ | ૦૧ |
| ૪ | ધંધુકા | ૦૨ | ૦૪ | ૦૨ |
| ૫ | ધોળકા | ૦૩ | ૦૪ | ૦૩ |
| ૬ | બરવાળા | ૦૨ | ૦૪ | ૦૪ |

*પત્રક નં.૨ સામેલ રાખેલ છે.

(૩) આ ઘટ સરકાર ક્યારે ભરવા માંગે છે ?

(૩) બનતી ત્વરાએ.

*(પત્રકો સચિવશ્રીની ક્ચેરીમાં રાખવામાં આવેલ છે.)

--------

**આણંદ જિલ્લામાં રૂ. પચાસ લાખથી વધુ વેચાણવેરા/વેટના બાકી કેસો**

૨૧૮૫૬ **: શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર (ભાદરણ) : માનનીય નાણાં મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૧૧ ની સ્થિતિએ આણંદ જિલ્લામાં રૂા. પચાસ લાખ કે તેથી વધુ રકમનો વેચાણવેરો/વેટ બાકી હોય તેવા કેટલા કેસો છે, અને

(૨) આવા બાકી વેરા સત્વરે વસૂલ નહીં કરવાના કારણો શાં છે ?

**જવાબ**

(૧) ૧૪ કેસો.

(૨) ૩ કેસમાં મનાઇ હુકમ વિવાદ કક્ષાએ, ૪ કેસમાં લીકવીડેટર/ડબ્ટ રીકવરી ટ્રીબ્યુનલ કક્ષાએ તથા ૪ કેસમાં ધંધો બંધ/લાપત્તા હોવાના કારણે. ૩ કેસમાં વસુલાત કાર્યવાહી ચાલુ છે.

--------

**જામનગર જિલ્લામાં રૂા. દસ લાખથી વધુ વેટ ચોરીના ઓદ્યોગિક એકમો**

૨૦૯૨૨ **: શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) : માનનીય નાણાં મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર જિલ્લામાં સને ૨૦૦૯ અને ૨૦૧૦ના વર્ષમાં રૂપિયા દશ લાખથી વધુ રકમની વેટની ચોરી કરી સરકાર સાથે છેતરપીંડી કરતા ક્યા ક્યા વેપારી/ઓદ્યોગિક એકમો પકડી પાડવામાં આવ્યા, | (૧) કોઈ પણ નહીં. |
| (૨) આ સમયગાળા દરમ્યાન પકડાયેલ વેટ ચોરીની કુલ રકમ કેટલી થવા જાય છે, | (૨) રૂા. ૨૧.૬૩ લાખ. |
| (૩) વેટ ચોરી કરતા એકમો સામે શી કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે, અને | (૩) આવા એકમો પાસેથી વેરા ઉપરાંત વ્યાજ તથા દંડનું માંગણું ઉપસ્થિત કરવામાં આવેલ છે. |
| (૪) જામનગર જિલ્લામાં મોટી રકમની ચોરી કરતા એકમો સામે કડક પગલાં લેવા ક્યા ક્યા અધિકારીને કેવી કામગીરી સોંપાઈ છે ? | (૪) મોટી રકમની કરચોરીના કિસ્સા મળેલ નહીં હોવાથી કોઈ અધિકારીને કામગીરી સોંપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

--------

**બનાસકાંઠા જિલ્લામાં ખેલ મહાકુંભ**

૨૧૮૮૪ **: શ્રી અનિલકુમાર માળી (દિયોદર) : માનનીય રમતગમત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ખેલ મહાકુંભ-૨૦૧૦માં બનાસકાંઠા જિલ્લામાં કુલ કેટલા ખેલાડીઓએ ભાગ લીધો હતો, | (૧) બનાસકાંઠા જિલ્લામાં **કુલ ૬૦,૮૪૬** ખેલાડીઓએ ભાગ લીધો હતો. |
| (૨) તે પૈકી કેટલા ખેલાડીઓ વિજેતા બન્યા હતા, અને | (૨) તે પૈકી **૧૪૬૪** ખેલાડીઓ વિજેતા બન્યા. |
| (૩) વિજેતા ખેલાડીઓને આપવામાં આવેલ ઈનામો પાછળ કેટલો ખર્ચ થયો ? | (૩) પ્રથમ નંબરે વિજેતા **૩૧૫** ખેલાડીઓને **રૂા. ૯,૨૭,૯૦૦/-** ના ઈનામોનું વિતરણ કરવામાં આવેલ છે. બાકી **૧૧૪૯** પ્રથમ, દ્વિતિય અને તૃતીય ક્રમે વિજેતા ખેલાડીઓને **રૂા. ૨૬,૦૭,૩૦૦/-**ના ઈનામ વિતરણની કામગીરી ચાલુમાં છે. |

**ખેડા જિલ્લામાં બેરોજગારોને મળેલ રોજગારી**

૨૨૨૯૩ **: શ્રી દેવુસિંહ જે.ચૌહાણ (માતર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ખેડા જિલ્લાની રોજગાર વિનિમય ક્ચેરીમાં વર્ષ ૨૦૧૦માં કેટલા બેરોજગાર ઉમેદવારોની નોંધણી થયેલ હતી, અને | (૧) ૧૨૦૮૦. |
| (૨) તે પૈકી કેટલા ઉમેદવારોને તા. ૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ રોજગારી મળી ? | (૨) ક્રમ નં. (૧) પૈકી ૧,૪૩૧ ઉમેદવારોને રોજગારી મળી. |

**જૂનાગઢ જિલ્લામાં ખેલ મહાકુંભ પાછળ થયેલ ખર્ચ**

૨૧૮૭૭ **: શ્રી રાજશીભાઈ જોટવા (સોમનાથ) : માનનીય રમતગમત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ખેલ મહાકુંભ-૨૦૧૦માં જૂનાગઢ જિલ્લામાં કુલ કેટલા ખેલાડીઓએ ભાગ લીધો હતો, | (૧) જૂનાગઢ જિલ્લામાં કુલ **૪૧,૫૩૫** ખેલાડીઓએ ભાગ લીધો હતો. |
| (૨) તે પૈકી કેટલા ખેલાડીઓ વિજેતા બન્યા હતા, અને | (૨) તે પૈકી **૩,૨૮૩** ખેલાડીઓ વિજેતા બન્યા. |
| (૩) વિજેતા ખેલાડીઓને આપવામાં આવેલ ઈનામો પાછળ કેટલો ખર્ચ થયો ? | (૩) વિજેતા ખેલાડીઓને આપવામાં આવેલ ઈનામો પાછળ રૂા. **૮૬,૭૫,૦૦૦/-**નો ખર્ચ થયો. |

**બાયડ ખાતે સરકારી ગ્રંથાલયો**

૨૧૮૮૩ **: શ્રી ઉદેસિંહ ઝાલા (બાયડ) : માનનીય સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સાબરકાંઠા જિલ્લાના બાયડ તાલુકામાં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ કેટલા સરકારી ગ્રંથાલયો આવેલા છે, અને | (૧) એક સરકારી તાલુકા ગ્રંથાલય. |
| (૨) તે ગ્રંથાલયો પાછળ ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૨) ગ્રંથાલય ભવનના નિર્માણ ખર્ચ તથા વાચકોની અદ્યતન સુવિધા, ફર્નિચર, વર્તમાનપત્રો તથા સામયિકોની ખરીદી પાછળ રૂા. ૭૨,૭૮,૬૨૫/- અને રૂા. ૮૪,૮૦૪/- મકાનના ભાડા પેટે ચૂકવેલ છે. |

--------

**ભરૂચ જિલ્લામાં એપ્રેન્ટીશીપ એકટ હેઠળ ભરાયેલ જગાઓ**

૨૨૨૬૧ **: શ્રી દુષ્યંતભાઈ ર.પટેલ (ભરૂચ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ભરુચ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ એપ્રેન્ટીશીપ એકટ હેઠળ આવરી લેવાયેલ એકમોની સંખ્યા કેટલી છે, | (૧) ૨૦૬. |
| (૨) આ એકમોમાં એપ્રેન્ટીશીપ માટે કેટલી બેઠકોની ફાળવણી થઇ છે, | (૨) ૨૦૭૯. |
| (૩) ફાળવણી થયેલ બેઠકો પૈકી કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને | (૩) ૧૮૩૩ ભરાયેલ બેઠકો અને ૨૪૬ બેઠકો ખાલી |
| (૪) બેઠકો ખાલી રહેવાના કારણો શાં છે ? | (૪) આકર્ષક રોજગારીની તકો ન હોય તેવા વ્યવસાયોમાં ઉમેદવારો એપ્રેન્ટીસ તરીકે જોડાતાં નથી |

--------

૪૮૦/page> **બનાસકાંઠા જિલ્લામાં રમતગમતના મેદાનો**

૨૨૦૪૪ **: શ્રી મફતલાલ મો.પુરોહિત (ધાનેરા) : માનનીય રમતગમત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં રમતગમત વિભાગ હસ્તક હાલમાં રમતગમતના મેદાન માટે કુલ કેટલી જમીન છે, | (૧) બનાસકાંઠા જિલ્લામાં હાલમાં રમતગમતના મેદાન માટે કુલ ૧,૧૮,૧૬૯ ચો.મી. જમીન ફાળવેલ છે. |
| (૨) તે જમીન ક્યા ક્યા તાલુકાઓની અંદર આવેલ છે, | (૨)<br>(૧) પાલનપુર તાલુકામાં ૪૯,૨૭૧ ચો.મી. જમીન આવેલ છે<br>(૨) વાવ તાલુકામાં ૪.૪૬.૧૭ ચો.મી. જમીન આવેલ છે.<br>(૩) ધાનેરા તાલુકામાં ૨૪.૨૮૧ ચો.મી. જમીન આવેલ છે. |
| (૩) આ જગાની શી પરિસ્થિતિ છે, અને | (૩) મેદાન રમતયોગ્ય બનાવવામાં આવી રહ્યું છે. |
| (૪) આવા રમતગમતના મેદાનો લોક ભાગીદારીથી ડેવલપ કરવા માટે કેટલી માંગણીઓ આવેલ છે ? | (૪) લોક ભાગીદારીથી નગરપાલિકા, ધાનેરાની માંગણી મળેલ છે. |

**મહેસાણા જિલ્લામાં એપ્રેન્ટીશીપ એકટ હેઠળ ભરાયેલ જગાઓ**

૨૨૨૫૮ **: શ્રી ઋષિકેશ ગ.પટેલ (વિસનગર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) મહેસાણા જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતીએ એપ્રેન્ટીશીપ એકટ હેઠળ આવરી લેવાયેલ | (૧) ૧૯૨. |

એકમોની સંખ્યા કેટલી છે,

(૨) આ એકમોમાં એપ્રેન્ટીશીપ માટે કેટલી બેઠકોની ફાળવણી થઇ છે,

(૨) ૧૧૮૦.

(૩) ફાળવણી થયેલ બેઠકો પૈકી કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) ૯૨૫ જગ્યાઓ ભરાયેલ છે. અને ૨૫૫ જગ્યા ખાલી છે.

(૪) બેઠકો ખાલી રહેવાના કારણો શાં છે ?

(૪) આકર્ષક રોજગારીની તકો ન હોય તેવા વ્યવસાયોમાં ઉમેદવારો એપ્રેન્ટીસ તરીકે જોડાતાં નથી

--------

**વલસાડ જિલ્લામાં બેરોજગારોને મળેલ રોજગારી**

૨૨૨૯૫ **: શ્રી રમણલાલ ના.પાટકર (ઉમરગામ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વલસાડ જિલ્લાની રોજગાર વિનિમય કચેરીમાં વર્ષ ૨૦૧૦ માં કેટલા બેરોજગાર ઉમેદવારોની નોંધણી થયેલ હતી, અને

(૨) તે પૈકી કેટલા ઉમેદવારોને તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ રોજગારી મળી ?

**જવાબ**

(૧) ૧૮૧૮૧.

(૨) ક્રમ નં. (૧) પૈકી ૯૯૪૫ ઉમેદવારોને તા.૩૧-૧૨-૧૦ ની સ્થિતિએ રોજગારી મળી.

**આણંદ જિલ્લામાં ખેતમજુરોને ચુકવેલ વીમા સહાય**

૨૧૯૬૬ **: શ્રી લાલસિંહ વડોદિયા (ઉમરેઠ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં તાલુકાવાર અને વર્ષવાર ખેતમજુરોને આકસ્મિક મૃત્યુના વિમા સહાયની કેટલી અરજીઓ આવી,

(૨) આવેલ અરજીઓમાંથી કેટલી અરજીઓ મંજૂર કરી વીમાં સહાયની રકમ ચૂકવવામાં આવી,

(૩) કેટલા અરજદારોને વીમા સહાય ચુકવવાની બાકી છે, અને

(૪) બાકી અરજદારોને વીમા સહાય ક્યાં સુધીમાં ચૂકવવામાં આવશે ?

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | વર્ષ | |
|---|---|---|---|
| | | તા.૧-૨-૦૯ થી તા.૩૧-૧-૧૦ | તા.૧-૨-૧૦ થી તા.૩૧-૧-૧૧ |
| ૧ | આણંદ | ૧૫ | ૧૩ |
| ૨ | ઉમરેઠ | ૧૫ | ૦૮ |
| ૩ | બોરસદ | ૦૬ | ૦૭ |
| **૧** | **૨** | **૩** | **૪** |
| ૪ | આંક્લાવ | ૦૬ | ૦૩ |
| ૫ | પેટલાદ | ૦૪ | ૧૩ |
| ૬ | સોજીત્રા | ૦૩ | ૦૪ |
| ૭ | ખંભાત | ૦૫ | ૦૬ |
| ૮ | તારાપુર | ૦૩ | ૦૦ |

(૨) ૧૧ (અગીયાર) અરજીઓ મંજુર કરી વીમા નિયામકશ્રી, દ્વારા સહાયની રકમ ચૂકવવામાં આવી,

(૩) વીમા નિયામકશ્રી, પાસે ૪૪ (ચુમ્માલીસ) અરજીઓ પડતર છે,

(૪) પ્રત્યેક કિસ્સા નિયમોનુસારની ચકાસણી/પૂર્તતા પૂર્ણ થયેથી વિમાં નિયામકશ્રી, દ્વારા ગુણદોષના આધારે નિર્ણય કરવામાં આવશે.

**મહેસાણા જિલ્લામાં શ્રમયોગીઓને બોનસની ચૂકવણી**

૨૨૨૭૭ **: શ્રી નારાયણભાઈ લ. પટેલ (ઉંઝા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) મહેસાણા જિલ્લાની સંસ્થાના શ્રમયોગીઓને વર્ષ ૨૦૧૦માં બોનસની ચૂકવણી કરવામાં આવી કે કેમ, અને

(૨) જો હા, તો કેટલી રકમની ચૂકવણી કરવામાં આવી ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) રૂા. ૭,૨૬,૯૫,૨૫૭/- (અંકે રૂપિયા સાત કરોડ છવ્વીસ લાખ પંચાણુ હજાર બસો સત્તાવન પુરા) ની રકમની ચૂકવણી કરવામાં આવી.

## કલાકાર નિધી અન્વયે કરેલ સહાય

૨૧૯૨૦ **: શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર) : માનનીય સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં વૃધ્ધ કે જરૂરતમંદ કલાકારોને જીવન નિર્વાહ કે સારવાર માટેની સહાય માટે રાજ્યમાં કલાકાર નિધી ફંડની ઉપલબ્ધી છે તે હકિક્ત સાચી છે,

(૨) રાજ્યના સાંસ્કૃતિક વિભાગ ધ્વારા કલાકાર કલ્યાણ નિધિમાં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ૩ વર્ષમાં કેટલી રકમ જમા હતી અને વર્ષવાર તેમાં કેટલી ગ્રાન્ટ કે અન્ય રીતે મળેલ રકમનો વધારો થયો, અને

(૩) ગત ૩ વર્ષમાં રાજ્યમાં કે રાજ્ય બહાર રહેતા કલાકાર નિધિમાંથી સહાય મેળવવા નોંધણી થયેલ કલાકારોને વર્ષવાર કેટલી રકમ આપવામાં આવી ?

**જવાબ**

(૧) હા, કલાકાર કલ્યાણ નિધિ ટ્રસ્ટ ફંડની ઉપલબ્ધી છે.

(૨)

| વર્ષ | ફિક્સ ડિપોઝીટની જમા રકમ રૂા. | ફિક્સ ડીપોઝીટ પર મળેલ વ્યાજની રકમ રૂા. |
|---|---|---|
| ૨૦૦૮ | ૧,૬૨,૯૭,૭૯૧ | ૧૦,૯૪,૩૦૧ |
| ૨૦૦૯ | ૧,૭૧,૯૮,૦૨૭ | ૧૪,૧૬,૮૬૪ |
| ૨૦૧૦ | ૧,૮૨,૪૫,૭૨૭ | ૧૪,૭૨,૧૩૯ |

(૩)

| વર્ષ | કલાકારોની સંખ્યા | ચુકવેલ રકમ રૂા. |
|---|---|---|
| ૨૦૦૮ | ૭ | ૧,૯૪,૦૬૫ |
| ૨૦૦૯ | ૨૩ | ૩,૬૯,૧૬૪ |
| ૨૦૧૦ | ૦૬ | ૭૪,૭૫૦ |

## રાજ્યમાં બાળ રીમાન્ડ હોમ પાછળ ફાળવેલ ગ્રાન્ટ

૨૨૩૧૧ **: શ્રી સી. કે. રાઉલજી (ગોધરા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યમાં આવેલ બાળ રીમાન્ડ હોમ પાછળ કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે, અને

(૨) એક બાળક પાછળ કેટલો ખર્ચ પ્રતિદિન કરવામાં આવે છે ?

**જવાબ**

(૧)

| વર્ષ | ફાળવેલ ગ્રાન્ટ (રૂા. લાખમાં) |
|---|---|
| ૨૦૦૮-૦૯ | ૩૨૬.૮૩ |
| ૨૦૦૯-૧૦ | ૪૭૯.૬૭ |
| ૨૦૧૦-૧૧ (તા. ૩૧-૧-૨૦૧૧ સુધી) | ૩૮૩.૮૧ |

(૨) રૂા. ૫૫/-

## જૂનાગઢ જિલ્લામાં સંકટમોચન યોજનાની મળેલ અરજીઓ

૨૦૮૯૫ **: શ્રી ધીરસિંહ બારડ (કોડીનાર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સંકટ મોચન યોજના અંતર્ગત જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર કેટલી અરજીઓ મળી,

**જવાબ**

(૧) ૧ અને ૨

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી કેટલી સહાય ચૂકવવામાં આવી, અને

**પત્રક-૧ મુજબ**

| ક્રમ | તાલુકાનું નામ | મળેલ અરજીઓ | મંજૂર થયેલ અરજીની સંખ્યા | ચૂકવેલ સહાય રૂા. લાખમાં |
|---|---|---|---|---|
| ૧ | જૂનાગઢ | ૩૯૫ | ૨૫૨ | ૨૪.૯૦ |
| ૨ | વંથલી | ૫૨ | ૧૫ | ૧.૫૦ |
| ૩ | વિસાવદર | ૫૬ | ૦૯ | ૦.૭૦ |
| ૪ | માણાવદર | ૭૩ | ૩૭ | ૩.૫૦ |
| ૫ | કેશોદ | ૭૮ | ૫૪ | ૫.૩૦ |
| ૬ | માંગરોળ | ૭૭ | ૩૬ | ૩.૩૦ |
| ૭ | માળીયા | ૬૦ | ૩૮ | ૩.૮૦ |
| ૮ | વેરાવળ | ૬૯ | ૩૫ | ૩.૩૦ |
| ૯ | તાલાળા | ૧૮ | ૧૦ | ૧.૦૦ |
| ૧૦ | ઉના | ૩૫ | ૧૨ | ૧.૨૦ |
| **૧** | **૨** | **૩** | **૪** | **૫** |
| ૧૧ | કોડીનાર | ૫૪ | ૩૪ | ૩.૩૦ |
| ૧૨ | સુત્રાપાડા | ૧૧ | ૦૮ | ૦.૮૦ |
| ૧૩ | ભેંસાણ | ૨૮ | ૧૧ | ૧.૧૦ |
| ૧૪ | મેંદરડા | ૪૭ | ૦૫ | ૦.૫૦ |
| | **કુલ :** | **૧૦૫૩** | **૫૫૬** | **૫૪.૨૦** |

(૩) કેટલી અરજીઓ પડતર છે, તેના કારણો શાં શાં છે ?

(૩) ૪૦ અરજીઓ પડતર
તાલુકા કક્ષાએ તપાસ અર્થે બાકી છે.

## કચ્છ જિલ્લામાં વિકલાંગ શિષ્યવૃત્તિ યોજનાની મળેલ અરજીઓ

૨૦૭૭૨ **: શ્રી જયંતિલાલ પ.ભાનુશાલી (અબડાસા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વિકલાંગ શિષ્યવૃત્તિ યોજના અન્વયે કચ્છ જિલ્લામાં તાલુકાવાર તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી અરજીઓ આવી,

(૨) કેટલી અરજીઓ મંજૂર કરી, કેટલી બાકી છે, અને

(૩) વર્ષવાર કેટલી રકમની સહાય ચૂકવી ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લામાં નીચે મુજબ અરજીઓ આવી.

| તાલુકાનું નામ | ૨૦૦૯ | ૨૦૧૦ |
|---|---|---|
| ભૂજ | ૨૯૯ | ૩૦૦ |
| અંજાર | ૯૬ | ૬૪ |
| ગાંધીધામ | ૮૨ | ૬૯ |
| ભચાઉ | ૧૪૪ | ૬૦ |
| રાપર | ૩૧ | ૧૯ |
| મુન્દ્રા | ૪૯ | ૨૩ |
| માંડવી | ૫૮ | ૪૮ |
| નખત્રાણા | ૭૩ | ૩૯ |
| અબડાસા | ૬૪ | ૧૬ |
| લખપત | ૨૫ | ૦૭ |
| **કુલ :** | **૯૨૧** | **૬૪૫** |

(૨) ૧૫૦૫ અરજીઓ મંજૂર કરી અને એકપણ અરજી મંજૂર કરવાની બાકી નથી.

(૩)

| વર્ષ | ચૂકવેલ સહાય |
|---|---|
| ૨૦૦૯ | રૂા. ૧૦,૦૧,૦૦૦/- |
| ૨૦૧૦ | રૂા. ૭,૨૫,૫૦૦/- |
| કુલ : | રૂા. ૧૭,૨૬,૫૦૦/- |

## સાબરકાંઠા જિલ્લામાં જિલ્લા કક્ષાના રમતગમતના મેદાનો બનાવવા કરેલ આયોજન

૨૨૩૭૬ **: શ્રી અશ્વિન કોટવાલ (ખેડબ્રહ્મા) : માનનીય રમતગમત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૦૧-૨૦૧૧ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં રમતગમત માટેના રાજ્યકક્ષાના તથા જિલ્લા કક્ષાના કેટલા-કેટલા રમતગમતના મેદાનો છે,

**જવાબ**

(૧) સાબરકાંઠા જિલ્લામાં હિંમતનગર ખાતે જિલ્લા કક્ષાનું જિલ્લા રમતગમત સંકુલ કાર્યરત છે. આ રમત સંકુલ ખાતે ઈન્ડોર હોલમાં -બેડ મિન્ટન, ટેબલ ટેનીસ, જુડો, કુસ્તી, યોગાસન, અને ખુલ્લા મેદાનોની રમતોમાં એથ્લેટીક્સ, હોકી, ફૂટબોલ, ખો-ખો, કબડ્ડી, વોલીબોલ,

હેન્ડ બોલ, બાસ્કેટ બોલ, તથા સ્વીમીંગ- પુલની સુવિધાઓ ઉપલબ્ધ છે.

(૨) આ મેદાનો ક્યાં ક્યાં આવેલા છે, | (૨) હિંમતનગર ખાતે આવેલ છે.

(૩) જો મેદાનો ન હોય તો બનાવવાનું કોઈ આયોજન છે કે કેમ, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) જો હા, તો કઈ જગ્યાએ અને ક્યાં સુધીમાં બનાવવામાં આવશે ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**સુરત જિલ્લામાં એપ્રેન્ટીશીપ એક્ટ હેઠળ ભરાયેલ જગાઓ**

૨૨૨૬૦ **: શ્રી કિરીટભાઈ ગં.પટેલ (ઓલપાડ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) સુરત જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ એપ્રેન્ટીશીપ એક્ટ હેઠળ આવરી લેવાયેલ એકમોની સંખ્યા કેટલી છે, | (૧) ૯૧૪.

(૨) આ એકમોમાં એપ્રેન્ટીશીપ માટે કેટલી બેઠકોની ફાળવણી થઈ છે, | (૨) ૪૩૦૯.

(૩) ફાળવણી થયેલ બેઠકો પૈકી કેટલી જગ્યાઓ ભરાયેલ છે, અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને | (૩) ૨૮૮૧ ભરાયેલ બેઠકો અને ૧૪૨૮ ખાલી બેઠકો

(૪) બેઠકો ખાલી રહેવાના કારણો શાં છે ? | (૪) આકર્ષક રોજગારીની તકો ન હોય તેવા વ્યવસાયોમાં ઉમેદવારો એપ્રેન્ટીસ તરીકે જોડાતા નથી.

--------

**ભરૂચ જિલ્લામાં છાત્રવૃત્તિ અંતર્ગત ચૂકવેલ સહાય**

૨૧૬૯૬ **: શ્રી ઈકબાલ પટેલ (વાગરા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉચ્ચત્તર માધ્યમિક છાત્રવૃત્તિ અંતર્ગત ભરૂચ જિલ્લામાં કેટલા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને તાલુકાવાર કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી ?

(૧)

| અ.નં. | તાલુકો | વિદ્યાર્થીઓ ની સંખ્યા | રકમ |
|---|---|---|---|
| ૧ | ભરૂચ | ૧૩૦૪ | ૫૩,૪૮,૯૬૬ |
| ૨ | અંકલેશ્વર | ૪૩૫ | ૧૫,૨૫,૭૮૦ |
| ૩ | હાંસોટ | ૯૩ | ૧,૯૩,૩૦૫ |
| ૪ | ઝઘડીયા | ૬૩ | ૧,૧૯,૭૯૬ |
| ૫ | વાલીયા | ૧૦૮ | ૭,૧૪,૩૮૫ |
| ૬ | વાગરા | ૪૯ | ૯૩,૭૧૦ |
| ૭ | જંબુસર | ૪૮૨ | ૧૫,૪૯,૨૭૦ |
| ૮ | આમોદ | ૧૨૬ | ૩,૩૦,૪૬૦ |
| | કુલ : | ૨,૬૬૦ | ૯૮,૭૫,૬૭૨ |

**ગાંધીનગર જિલ્લામાં બેરોજગારોને આપેલ રોજગારી**

૨૨૨૯૦ **: શ્રી કલ્યાણસિંહ ચૌહાણ (દહેગામ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) ગાંધીનગર જિલ્લાની રોજગાર વિનિમય કચેરીમાં વર્ષ : ૨૦૧૦માં કેટલા બેરોજગાર ઉમેદવારોની નોંધણી થયેલ હતી, અને | (૧) ૮,૫૭૭.

(૨) તે પેકી કેટલા ઉમેદવારોને તા. ૩૧-૧૨-૧૦ ની સ્થિતિએ રોજગારી મળી ?

(૨) ક્રમ નં. (૧) પેકી ૧૪૦૨ ઉમેદવારોને તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ રોજગારી મળી.

## દાહોદ જિલ્લામાં રમતગમત સ્પર્ધાઓ ક્ષેત્રે કરેલ ખર્ચ

૨૧૫૭૮ : **શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા (લીમખેડા)** : **માનનીય રમતગમત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તાલુકા વાર રમતગમતના ક્ષેત્રે કેટલી સ્પર્ધાઓ યોજવામાં આવી,

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | તા. ૧-૨-૦૯ થી તા. ૩૧-૧-૧૦ | તા. ૧-૨-૧૦ થી તા. ૩૧-૧-૧૧ | કુલ |
|---|---|---|---|---|
| ૧ | ફતેપુરા | ૧૨ | ૧૬ | ૨૮ |
| ૨ | ઝાલોદ | ૧૨ | ૧૬ | ૨૮ |
| ૩ | દાહોદ | ૪૧ | ૭૬ | ૧૧૭ |
| ૪ | ગરબાડા | ૧૨ | ૧૯ | ૩૧ |
| ૫ | ધાનપુર | ૧૨ | ૧૬ | ૨૮ |
| ૬ | લીમખેડા | ૧૭ | ૧૬ | ૩૩ |
| ૭ | દેવગઢ બારીયા | ૪૮ | ૫૭ | ૧૦૫ |
| | **કુલ :** | **૧૫૪** | **૨૧૬** | **૩૭૦** |

(૨) આ સ્પર્ધામાં તાલુકાવાર કેટલી રકમ ફાળવવામાં આવી, અને

(૨)

| ક્રમ | તાલુકાનું નામ | ફાળવેલ ગ્રાન્ટ | | |
|---|---|---|---|---|
| | | તા. ૧-૨-૦૯ થી તા. ૩૧-૧-૧૦ | તા. ૧-૨-૧૦ થી તા. ૩૧-૧-૧૧ | કુલ |
| ૧ | ફતેપુરા | ૬,૦૦૦ | ૧૫,૦૦૦ | ૨૧,૦૦૦ |
| ૨ | ઝાલોદ | ૬,૦૦૦ | ૧૫,૦૦૦ | ૨૧,૦૦૦ |
| ૩ | દાહોદ | ૬૮,૦૮૮ | ૧,૧૭,૫૬૦ | ૧,૮૫,૬૪૮ |
| ૪ | ગરબાડા | ૬,૦૦૦ | ૧૯,૯૦૦ | ૨૫,૯૦૦ |
| ૫ | ધાનપુર | ૬,૦૦૦ | ૧૫,૦૦૦ | ૨૧,૦૦૦ |
| ૬ | લીમખેડા | ૧૨,૨૫૪ | ૧૫,૦૦૦ | ૨૭,૨૫૪ |
| ૭ | દેવગઢ બારીયા | ૨,૯૦,૮૨૦ | ૫,૨૬,૧૨૯ | ૮,૧૬,૯૪૯ |
| | **કુલ :** | **૩,૯૫,૧૬૨** | **૭,૨૩,૫૮૯** | **૧૧,૧૮,૭૫૧** |

(૩) તે પેકી તાલુકાવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

(૩)

| ક્રમ | તાલુકાનું નામ | થયેલ ખર્ચ | | |
|---|---|---|---|---|
| | | તા. ૧-૨-૦૯ થી તા. ૩૧-૧-૧૦ | તા. ૧-૨-૧૦ થી તા. ૩૧-૧-૧૧ | કુલ |
| ૧ | ફતેપુરા | ૩,૦૦૦ | ૬,૦૦૦ | ૯,૦૦૦ |
| ૨ | ઝાલોદ | ૩,૦૦૦ | ૬,૦૦૦ | ૯,૦૦૦ |
| ૩ | દાહોદ | ૪,૮૬૦ | ૬૬,૨૨૮ | ૭૧,૦૮૮ |
| ૪ | ગરબાડા | ૩,૦૦૦ | ૬,૦૦૦ | ૯,૦૦૦ |
| ૫ | ધાનપુર | ૩,૦૦૦ | ૬,૦૦૦ | ૯,૦૦૦ |
| ૬ | લીમખેડા | ૩,૦૦૦ | ૧૨,૨૫૪ | ૧૫,૨૫૪ |
| ૭ | દેવગઢ બારીયા | ૧,૭૮,૬૦૨ | ૫,૦૦,૧૯૮ | ૬,૭૮,૮૦૦ |
| | **કુલ :** | **૧,૯૮,૪૬૨** | **૬,૦૨,૬૮૦** | **૮,૦૧,૧૪૨** |

## અમદાવાદ શહેરમાં બેરોજગારોને આપેલ રોજગારી

૨૨૩૨૭ : **શ્રી સાબીરભાઈ અ. ખેડાવાલા (જમાલપુર)** : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) અમદાવાદ શહેરમાં તા.૩૧-૧૨-૧૦ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા શિક્ષિત બેરોજગાર લોકોની નોંધણી કરવામાં આવી છે, અને

(૧) ૭૮૬૭૬.

(૨) આ સ્થિતિએ કેટલા બેરોજગાર લોકોને રોજગારી પૂરી પાડવામાં આવી ?

(૨) ૪૩૦૫૪.

## પંચમહાલ જિલ્લામાં માનસિક ક્ષતિવાળા વ્યક્તિઓની સહાય માટે મળેલ અરજીઓ

૨૧૯૦૩ : **શ્રી જેઠાભાઈ ભરવાડ (શહેરા)** : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ પંચમહાલ જિલ્લાના તાલુકાવાર છેલ્લા ત્રણ વર્ષમાં અંધ, શારીરિક વિકલાંગ, અને બહેરા મુંગા માનસિક ક્ષતિવાળી

(૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ નીચે મુજબ અરજીઓ આવી.

| તાલુકાનું નામ | તા.૩૧-૧૨-૧૦ ની સ્થિતિએ છેલ્લા ત્રણ [illegible] | તા.૩૧-૧૨-૧૦ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વરસની [illegible] | કુલ મળેલ અરજીઓ |
|---|---|---|---|

વ્યક્તિની સહાય માટે કેટલી અરજીઓ આવી,

| | સ્થિતિએ છેલ્લા ત્રણ વરસની વિક્લાંગ સાધન સહાયની મળેલ અરજીઓ | છેલ્લા ત્રણ વરસની સંતસુરદાસ સહાયની મળેલ અરજીઓ | અરજીઓ |
|---|---|---|---|
| ગોધરા | ૨૯૦ | ૨૦૭ | ૪૯૭ |
| કાલોલ | ૧૭૩ | ૧૫૪ | ૩૨૭ |
| હાલોલ | ૮૩ | ૬૪ | ૧૪૭ |
| ઘોઘંબા | ૯૦ | ૫૮ | ૧૪૮ |
| જાંબુઘોડા | ૧૧ | ૦૧ | ૧૨ |
| મોરવાહડફ | ૪૭ | ૭૨ | ૧૧૯ |
| લુણાવાડા | ૧૨૬ | ૧૩૫ | ૨૬૧ |
| શહેરા | ૯૩ | ૯૩ | ૧૮૬ |
| ખાનપુર | ૪૪ | ૬૪ | ૧૦૮ |
| કડાણા | ૩૫ | ૨૨ | ૫૭ |
| સંતરામપુર | ૮૯ | ૯૧ | ૧૮૦ |
| **કુલ :** | **૧૦૮૧** | **૯૬૧** | **૨૦૪૨** |

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી કેટલી સહાય ચૂક્વવામાં આવી અને કેટલી સહાય ચૂક્વવાની બાકી છે, અને

(૨) તે પૈકી નીચે મુજબ અરજીઓ મંજૂર કરવામાં આવેલ છે. અને સહાય ચૂક્વવામાં આવેલ છે.

| તાલુકાનું નામ | તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ વિક્લાંગ સાધન સહાય યોજનાની વિગત | | | તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ સંત સુરદાસ યોજનાની વિગત | | |
|---|---|---|---|---|---|---|
| | મંજૂર અરજીઓ | ચૂક્વેલ સહાય | બાકી સહાય | મંજૂર અરજીઓ | ચૂક્વેલ સહાય | બાકી સહાય |
| ગોધરા | ૨૬૪ | ૬૭૪૬૦૦ | - | ૧૮૦ | ૪૯૫૬૬૦ | - |
| કાલોલ | ૧૫૧ | ૨૦૭૭૦૦ | - | ૧૩૯ | ૩૬૨૨૭૦ | - |
| હાલોલ | ૭૪ | ૧૮૦૨૦૦ | - | ૫૨ | ૧૩૦૮૩૦ | - |
| ઘોઘંબા | ૮૪ | ૧૮૩૬૦૦ | - | ૪૯ | ૧૪૧૯૭૦ | - |
| જાંબુઘોડા | ૦૮ | ૧૬૪૦૦ | - | ૧ | ૧૪૦૦ | - |
| મોરવાહડફ | ૪૨ | ૯૮૦૦૦ | - | ૫૭ | ૧૨૯૨૫૦ | - |
| લુણાવાડા | ૧૧૪ | ૨૫૭૧૦૦ | - | ૧૧૪ | ૩૬૧૨૪૦ | - |
| શહેરા | ૮૩ | ૨૦૦૫૦૦ | - | ૭૯ | ૨૧૧૫૭૦ | - |
| ખાનપુર | ૩૭ | ૯૦૪૦૦ | - | ૫૪ | ૧૪૧૨૩૦ | - |
| કડાણા | ૩૨ | ૮૦૧૦૦ | - | ૧૮ | ૪૨૨૮૦ | - |
| સંતરામપુર | ૭૯ | ૧૬૦૭૫૦ | - | ૮૧ | ૨૨૮૦૮૦ | - |
| **કુલ :** | ૯૬૮ | ૨૧૪૯૩૫૦ | - | ૮૨૪ | ૨૨૪૫૭૮૦ | - |

(૩) બાકી રહેવાના કારણો શાં છે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## ડાંગ જિલ્લામાં નિરાધાર વૃધ્ધ સહાય યોજનાની મળેલ અરજીઓ

૨૧૮૯૪ **: શ્રી વિજયભાઈ ૨.પટેલ (ડાંગ-વાંસદા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ડાંગ જિલ્લામાં નિરાધાર વૃધ્ધ સહાય યોજના અન્વયે તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ મળેલ છે, | (૧) ૫૩૧. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવેલ છે, | (૨) ૩૦૦. |
| (૩) કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવેલ છે, અને | (૩) ૧૮૩. |
| (૪) કેટલી સહાય ચૂક્વવામાં આવી ? | (૪) રૂ.૩.૮૪ લાખ. |

## વડોદરા જિલ્લામાં એપ્રેન્ટીશીપ એકટ હેઠળ ભરાયેલ જ્ગાઓ

૨૨૨૫૯ **શ્રી ભુપેન્દ્રભાઈ લાખાવાલા (વડોદરા શહેર)** શહેર) **: માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) વડોદરા જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ એપ્રેન્ટીશીપ એકટ હેઠળ આવરી લેવાયેલ એકમોની સંખ્યા કેટલી છે, | (૧) ૧૪૩૧ |

(૨) આ એકમોમાં એપ્રેન્ટીશીપ માટે કેટલી બેઠકોની ફાળવણી થઈ છે,

(૨) ૬૮૦૯

(૩) ફાળવણી થયેલ બેઠકો પેકી કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) ૩૭૬૩ ભરાયેલ જગ્યાઓ અને ૩૦૪૬ ખાલી જગ્યાઓ છે.

(૪) બેઠકો ખાલી રહેવાના કારણો શાં છે ?

(૪) આકર્ષક રોજગારીની તકો ન હોય તેવા વ્યવસાયોમાં ઉમેદવારો એપ્રેન્ટીસ તરીકે જોડાતાં નથી.

--------

**લુપ્ત થતી જતી જ્ઞાતિ તુરી બારોટના કલાકારોના વિકાસની યોજના**

૨૧૮૬૮ **શ્રી ભરત બારોટ** (દરિયાપુર-કાઝીપુર) **: માનનીય રમતગમત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

**પ્રશ્ન** | **જવાબ**

તુરી-બારોટ જ્ઞાતિના કલાકારોની લુપ્ત થતી કલાના વિકાસ માટે સરકાર દ્વારા કોઈ વિચારણા કરવામાં આવેલ છે કે કેમ ?

તુરી-બારોટ જ્ઞાતિના કલાકારોની લુપ્ત થતી કલાના વિકાસ માટે સરકાર દ્વારા સને ૨૦૦૮-૦૯ થી તુરી-બારોટના વિકાસ અર્થે રૂ.૪૫.૦૦ લાખની નવી યોજના અમલમાં મુકવામાં આવી છે.

--------

**ખેડા જિલ્લામાં બેરોજગારોને રોજગારી આપવા કરેલ આયોજન**

૨૧૬૭૬ **: શ્રી માનસિંહ ચૌહાણ (બાલાસિનોર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ ખેડા જિલ્લામાં તાલુકાવાર શિક્ષિત બેરોજગારોની કુલ સંખ્યા કેટલી છે,

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | શિક્ષિત બેરોજગારોની સંખ્યા |
|---|---|---|
| ૧ | મહેમદાવાદ | ૩૧૦૦ |
| ૨ | કઠલાલ | ૩૦૮૪ |
| ૩ | કપડવંજ | ૩૭૩૧ |
| ૪ | વિરપુર | ૨૪૯૩ |
| ૫ | બાલાસિનોર | ૨૮૮૮ |
| ૬ | ખેડા | ૧૧૦૨ |
| ૭ | માતર | ૧૫૨૪ |
| ૮ | ઠાસરા | ૪૩૮૨ |
| ૯ | મહુધા | ૨૪૭૪ |
| ૧૦ | નડીઆદ | ૯૮૧૪ |
| | **કુલ :** | **૩૪૫૯૨** |

(૨) તે પેકી યુવાન અને યુવતીઓની સંખ્યા કેટલી છે, અને

(૨)

| ક્રમ | તાલુકાનું નામ | યુવાન | યુવતી | કુલ |
|---|---|---|---|---|
| ૧ | મહેમદાવાદ | ૨૬૬૭ | ૪૩૩ | ૩૧૦૦ |
| ૨ | કઠલાલ | ૨૬૬૧ | ૪૨૩ | ૩૦૮૪ |
| ૩ | કપડવંજ | ૩૧૫૫ | ૫૭૬ | ૩૭૩૧ |
| ૪ | વિરપુર | ૨૦૪૯ | ૪૪૪ | ૨૪૯૩ |
| ૫ | બાલાસિનોર | ૨૨૯૭ | ૫૯૧ | ૨૮૮૮ |
| ક્રમ | તાલુકાનું નામ | યુવાન | યુવતી | કુલ |
| ૬ | ખેડા | ૯૬૩ | ૧૩૯ | ૧૧૦૨ |
| ૭ | માતર | ૧૩૧૫ | ૨૦૯ | ૧૫૨૪ |
| ૮ | ઠાસરા | ૩૭૬૪ | ૬૧૮ | ૪૩૮૨ |
| ૯ | મહુધા | ૨૨૨૦ | ૨૫૪ | ૨૪૭૪ |
| ૧૦ | નડીઆદ | ૭૨૫૧ | ૨૫૬૩ | ૯૮૧૪ |
| | **કુલ :** | **૨૮૩૪૨** | **૬૨૫૦** | **૩૪૫૯૨** |

(૩) આ શિક્ષિત બેરોજગારોને રોજગારી આપવા આ જિલ્લામાં સરકારે શું આયોજન કરેલ છે ?

(૩) નોકરી દાતાઓની માંગણી મુજબ નોંધાયેલ ઉમેદવારોની ભલામણ કરવામાં આવે છે.

ઉમેદવારોને રોજગારીની તક પૂરી પાડવા માટે નોકરીદાતાઓ સાથે સંકલન કરીને ઓદ્યોગિક ભરતી મેળાઓનું આયોજન કરવામાં આવે છે.

સંરક્ષણ દળો માટેના લશ્કરી ભરતી મેળાઓનું આયોજન કરવામાં આવે છે અને તે માટે તાલીમ વર્ગોનું

સંચાલન કરવામાં આવે છે.

સ્વરોજગાર શિબિરો, શાળા કોલેજોમાં કેરીયર કોર્નરના વર્ગો, સ્પર્ધાત્મક પરીક્ષા માટેના તાલીમ વર્ગો વિગેરે દ્વારા પરોક્ષરીતે રોજગારી અપાવવા સરકારશ્રી મદદરૂપ થાય છે.

--------

**પંચમહાલ જિલ્લામાં બેરોજગારોને રોજગારી આપવા કરેલ આયોજન**

૨૧૬૭૮ **: શ્રી હીરાભાઈ હ.પટેલ (લુણાવાડા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર શિક્ષિત બેરોજગારોની કુલ સંખ્યા કેટલી છે,

**જવાબ**

(૧)

| **તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં નોંધાયેલ તાલુકાવાર શિક્ષિત બેરોજગારોની સંખ્યા** | | |
|---|---|---|
| **ક્રમ** | **તાલુકાનું નામ** | **સંખ્યા** |
| ૧ | ગોધરા | ૫૮૪૮ |
| ૨ | કાલોલ | ૨૪૬૬ |
| ૩ | હાલોલ | ૨૩૭૧ |
| ૪ | જાંબુઘોડા | ૧૯૮ |
| ૫ | ઘોઘંબા | ૫૫૬ |
| ૬ | શહેરા | ૨૧૫૬ |
| ૭ | લુણાવાડા | ૫૧૨૦ |
| ૮ | સંતરામપુર | ૪૭૮૯ |
| ૯ | કડાણા | ૩૭૦૧ |
| ૧૦ | મોરવા | ૨૯૧૬ |
| ૧૧ | ખાનપુર | ૨૭૯૦ |
| | **કુલ :** | **૩૨૯૧૧** |

(૨) તે પૈકી યુવાન અને યુવતીઓની સંખ્યા કેટલી છે, અને

(૨)

| **ક્રમ (૧) પૈકી યુવાન અને યુવતીઓની સંખ્યા** | | | | |
|---|---|---|---|---|
| **ક્રમ** | **તાલુકાનું નામ** | **યુવાન** | **યુવતી** | **કુલ** |
| ૧ | ગોધરા | ૪૦૪૨ | ૧૮૦૬ | ૫૮૪૮ |
| ૨ | કાલોલ | ૧૮૪૯ | ૬૧૭ | ૨૪૬૬ |
| ૩ | હાલોલ | ૧૭૮૩ | ૫૮૮ | ૨૩૭૧ |
| ૪ | જાંબુઘોડા | ૧૫૪ | ૪૪ | ૧૯૮ |
| ૫ | ઘોઘંબા | ૪૫૮ | ૯૮ | ૫૫૬ |
| ૬ | શહેરા | ૧૬૭૩ | ૪૮૩ | ૨૧૫૬ |
| ૭ | લુણાવાડા | ૩૮૮૯ | ૧૨૩૧ | ૫૧૨૦ |
| ૮ | સંતરામપુર | ૩૫૬૨ | ૧૨૨૭ | ૪૭૮૯ |
| ૧૦ | મોરવા | ૨૪૬૪ | ૪૫૨ | ૨૯૧૬ |
| ૧૧ | ખાનપુર | ૨૨૦૫ | ૫૮૫ | ૨૭૯૦ |
| | **કુલ :** | **૨૫૦૨૫** | **૭૮૮૬** | **૩૨૯૧૧** |

(૩) આ શિક્ષિત બેરોજગારોને રોજગારી આપવા આ જિલ્લામાં સરકાર દ્વારા શું આયોજન કર્યુ છે ?

(૩) નોકરી દાતાઓની માંગણી મુજબ નોંધાયેલ ઉમેદવારોની ભલામણ કરવામાં આવે છે.

ઉમેદવારોને રોજગારીની તક પૂરી પાડવા માટે નોકરીદાતાઓ સાથે સંકલન કરીને ઓદ્યોગિક ભરતીમેળાઓનું આયોજન કરવામાં આવે છે.

સંરક્ષણ દળો માટેના લશ્કરી ભરતી મેળાઓનું આયોજન કરવામાં આવે છે અને તે માટે તાલીમ વર્ગોનું સંચાલન કરવામાં આવે છે.

સ્વરોજગાર શિબિરો, શાળા કોલેજોમાં કેરીયર કોર્નરના વર્ગો, સ્પર્ધાત્મક પરીક્ષા માટેના તાલીમ વર્ગો વિગેરે દ્વારા પરોક્ષરીતે રોજગારી અપાવવા સરકારશ્રી મદદરૂપ થાય છે.

--------

### ભાવનગર જિલ્લામાં મફ્ત તબીબી સહાય યોજનાની મળેલ અરજીઓ

૨૧૯૫૮ : **શ્રી ડૉ. કનુભાઈ કલસરીયા (મહુવા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અનુસૂચિત જાતિનાં લોકોને મફ્ત તબીબી સહાય આપવા અન્વયેની સરકારી યોજના અંતર્ગત ટી.બી. કેન્સર જેવા ગંભીર પ્રકારનાં રોગની સારવારમાં સહાય મેળવવા તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભાવનગર જિલ્લામાં તાલુકા દીઠ કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ કેટલી અરજી મંજૂર કરવામાં આવી છે, અને

(૪) તે માટે કેટલી રકમ સહાય તરીકે ચૂકવી ?

**જવાબ**

(૧)

| અ.નં. | તાલુકો | મળેલ અરજીઓ |
|---|---|---|
| ૧ | ભાવનગર | ૨૩ |
| ૨ | તળાજા | ૦૩ |
| ૩ | મહુવા | ૧૬ |
| ૪ | શિહોર | ૧૪ |
| અ.નં. | તાલુકો | મળેલ અરજીઓ |
| ૫ | પાલીતાણા | ૧૨ |
| ૬ | ગારીયાધાર | ૦૨ |
| ૭ | વલ્લભીપુર | ૦૫ |
| ૮ | ગઢડા | ૧૦ |
| ૯ | બોટાદ | ૧૧ |
| ૧૦ | ઉમરાળા | ૦૩ |
| ૧૧ | ઘોઘા | ૦૪ |
| | **કુલ :** | **૧૦૩** |

(૨) તમામ અરજીઓ મંજૂર કરવામાં આવેલ છે.

(૩) રૂ.૨,૨૬,૩૦૦/-

--------

### શ્રમ અને રોજગાર વિભાગ હેઠળની ખાતાની કચેરીઓમાં વર્ગ-૩ ની ટેકનિકલ સંવર્ગની ખાલી જગાઓ

૨૨૩૭૪ : **શ્રી હીરાભાઈ સોલંકી (રાજુલા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ શ્રમ અને રોજગાર હેઠળની ખાતાની કચેરીઓમાં વર્ગ-૩ ની ટેકનિકલ અને નોન-ટેકનિકલ સંવર્ગની કેટલી જગાઓ ખાલી છે,

(૨) આ ખાલી જગ્યાઓ સરકાર કેટલા સમયમાં ભરવા માંગે છે, અને

(૩) ભરતી ન કરવાના શાં કારણો છે ?

**જવાબ**

(૧) ટેકનિકલ - ૩૬૬૮
નોન-ટેકનિકલ - ૪૫૭

(૨) આ ખાલી જગ્યાઓ પૈકીની સીધી ભરતીની જગાઓ ગૌણ સેવા પસંદગી મંડળ તરફથી ભરાતી હોઈ, તેમના તરફથી ઉમેદવારોની ફાળવણી થયેથી ભરવામાં આવશે. જ્યારે બઢતીથી ભરવાની જગ્યાઓ ભરવાની કાર્યવાહી ચાલુ છે. પ્રતિનિયુક્તિથી ભરવાની જગ્યાઓ અંગે મહેસૂલ વિભાગને જણાવેલ છે.

(૩) વહીવટી કારણોસર આ જગ્યાઓ ભરી શકાઈ નથી.

### રાજ્ય સરકારનું દેવું તેમજ ચૂકવેલ વ્યાજ

૨૨૦૫૮ : **શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા (પોરબંદર) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૩-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન રાજ્યનું કુલ કેટલું દેવું હતું,

(૨) આ દેવાના ચૂકવણા પાછળ વ્યાજ અને હપ્તા પાછળ કુલ કેટલું વાર્ષિક ચૂકવણું કરવામાં આવ્યું, અને

**જવાબ**

(૧) **રૂ.કરોડમાં**

| નાણાકીય વર્ષ | જાહેર દેવું |
|---|---|
| ૨૦૦૮-૦૯ | ૮૭૦૧૦ |
| ૨૦૦૯-૧૦ | ૯૮૦૦૯ |

(૨) **રૂ.કરોડમાં**

| નાણાકીય વર્ષ | ચૂકવેલ મુદ્દલ | ચૂકવેલ વ્યાજ |
|---|---|---|
| ૨૦૦૮-૦૯ | ૨૬૦૫ | ૭૦૬૫ |

| | | |
|---|---|---|
| ૨૦૦૯-૧૦ | ૩૨૪૫ | ૭૭૦૩ |

(૩) દેવું ઘટાડવા માટે રાજ્ય સરકાર કેવા કેવા પગલાં લેવા માંગે છે ?

(૩) રાજવિત્તીય શિસ્તના પાલન દ્વારા દેવું, રાજ્યના વિકાસ માટે મૂડી ખર્ચની જરૂરીયાત પ્રમાણે અને કેન્દ્ર સરકાર દ્વારા નક્કી કરેલ મર્યાદાની અંદર રાખવામાં આવશે.

--------

**છાત્રાલયોમાં પ્રતિ બાળક નિભાવ ગ્રાન્ટમાં વધારો**

૨૨૩૦૪ **: શ્રી અમીતભાઈ ચાવડા (બોરસદ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી**

જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧-૧-૧૧ ની સ્થિતિએ અનુસૂચિત જાતિના અને બક્ષીપંચ છાત્રાલયોમાં પ્રતિ બાળક પ્રતિ માસ કેટલી ગ્રાન્ટ સરકાર દ્વાર ફાળવવામાં આવે છે,

(૧) રૂ. ૬૦૦/-.

(૨) છાત્રાલયોમાં ક્યા ક્યા પ્રકારની ગ્રાન્ટ ફાળવવાની જોગવાઈ છે, અને

(૨) નિભાવ ગ્રાન્ટ, વેતન ગ્રાન્ટ, પ્રોત્સાહક ગ્રાન્ટ, મકાન ભાડા ગ્રાન્ટ, મકાન નિભાવ ગ્રાન્ટ, રમતગમતનાં સાધનો માટે ગ્રાન્ટ, ગ્રંથાલયના પુસ્તકો, સામયિકો માટે સહાયક ગ્રાન્ટ, મકાન બાંધકામ ગ્રાન્ટ, મરામત ખર્ચ અને છાત્રાલય કોટના બાંધકામ માટે સહાયક ગ્રાન્ટ જેવી ગ્રાન્ટ નિયમોને આધિન ફાળવવાની જોગવાઈ છે.

(૩) પ્રતિ બાળક નિભાવ ગ્રાન્ટમાં સરકાર વધારો કરવા માંગે છે કે કેમ, કેટલા સમયમાં?

(૩) હાલમાં કોઇ આયોજન નથી.

**ધંધુકા, બરવાળા અને રાણપુર તાલુકામાં કુંવરબાઈનું મામેરું યોજનાના લાભાર્થીઓ**

૨૨૦૮૯ **: શ્રી રણછોડભાઈ ક.મેર (ધંધૂકા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી**

જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ ધંધુકા, બરવાળા અને રાણપુર તાલુકામાં છેલ્લા ત્રણ વર્ષમાં કુંવરબાઈનું મામેરું યોજના હેઠળ કેટલા લાભાર્થીઓને તાલુકાવાર સહાય ચૂકવવામાં આવી, અને

(૧)

| તાલુકાનું નામ | લાભાર્થીઓની સંખ્યા |
|---|---|
| ધંધુકા | ૩૧૭ |
| બરવાળા | ૪૦ |
| રાણપુર | ૧૦૦ |
| કુલ | ૪૫૭ |

(૨) કુલ વર્ષવાર કેટલી રકમ ચૂકવવામાં આવી?

(૨)

| વર્ષ | ચૂકવેલ રકમ (રૂ. લાખમાં) |
|---|---|
| ૨૦૦૮ | ૩.૯૦ |
| ૨૦૦૯ | ૯.૮૫ |
| ૨૦૧૦ | ૯.૧૦ |
| કુલ | ૨૨.૮૫ |

--------

**રાજ્યમાં અપંગોને કૃત્રિમ અવયવ સહાય અન્વયે થયેલ ફાળવણી**

૨૧૮૫૭ **: શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર (ભાદરણ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી**

જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ કેન્દ્ર સરકાર દ્વારા અપંગોને કૃત્રિમ અવયવ સહાય માટે તેમજ અપંગોને

(૧)

(૧)અપંગોને કૃત્રિમ અવયવ સહાય માટે ભારત

| | |
|---|---|
| ક્લ્યાણ માટે છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી રકમ ફાળવી, અને | સરકાર તરફથી રાજ્ય સરકારને રકમની ફાળવણી ક્રવામાં આવતી નથી.<br>(૨) અપંગોને ક્લ્યાણ માટે કોઈ ચોક્કસ રકમ ફાળવવામાં આવતી નથી. પરંતુ ભારત સરકારના રાષ્ટ્રિય સામાજિક સહાય કાર્યક્મ હેઠળ વિવિધ યોજનામાં આ યોજનાનો સમાવેશ થાય છે. |
| (૨) આ સહાયમાં રાજ્ય સરકારનો કેટલો નાણાકીય હિસ્સો રહેલ છે? | (૨)<br>(૧)અપંગોને કૃત્રિમ અવયવ સહાય ભારત સરકારની સ્વૈચ્છિક સંસ્થાઓ માટેની યોજના છે, તેમાં ગુજરાત સરકાર તરફથી કોઈ ફાળો આપવાનો રહેતો નથી.<br>(૨) ભારત સરકારના રાષ્ટ્રિય સામાજિક સહાય કાર્યક્મ હેઠળની વિવિધ યોજનાઓ પૈકી ઈન્દિરા ગાંધી નેશનલ ડીસેબલ્ડ પેન્શન સ્કીમ હેઠળ ભારત સરકારનો ફાળો લાભાર્થી દીઠ રૂ. ૨૦૦/- તથા ગુજરાત સરકારનો ફાળો લાભાર્થી દીઠ રૂ. ૨૦૦/- રહેલ છે. લાભાર્થીને કુલ માસિક રૂ. ૪૦૦/-ની સહાય ચૂક્વવામાં આવે છે. |

--------

## જામનગર એસ.ટી. ડીવીઝનની ક્ચેરી નહીં ખસેડવા મળેલ ફરિયાદો

૨૦૯૨૩ **: શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર ખાતે એસ.ટી. ડીવીઝનની ક્ચેરીને રાજકોટ ખાતે નહી ખસેડવા બાબતે ડીસેમ્બર-૨૦૧૦ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્ય સરકારને કેટલી ફરિયાદો મળી છે, | (૧) કુલ ૫ (પાંચ) ફરિયાદો મળી છે. |
| (૨) આવી ફરિયાદો ઊભી થવાના શા કારણો છે, અને | (૨) જામનગર ખાતેની જિલ્લા કક્ષાએ આવેલ નિગમની વિભાગીય ક્ચેરી બંધ થવાથી ફરિયાદ ઊભી થયેલ છે. |
| (૩) આ સંબંધમાં મળેલ ફરિયાદો અંગે સરકારે શી કાર્યવાહી કરી છે? | (૩) સરકાર કક્ષાએ કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી. |

--------

## હિસાબ અને તિજોરી ખાતામાં વર્ગ-૩નો બેક્લોગ

૨૨૨૬૪ **: શ્રી રાજસીભાઈ જોટવા (સોમનાથ) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) હિસાબ અને તિજોરી ખાતામાં વર્ગ-૩માં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ અનુસૂચિત જાતિનો બેક્લોગ કેટલો છે, અને | (૧) કોઈ નહી. |
| (૨) આ બેક્લોગ દૂર કરવા સરકાર દ્વારા કોઈ પગલાં લેવા માંગે છે કે કેમ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

## આણંદ જિલ્લામાં વૃધ્ધોને પેન્શનની મળેલ અરજીઓ

૨૧૯૯૭ **: શ્રી લાલસિંહ વડોદિયા (ઉમરેઠ) : માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર તથા તાલુકાવાર આણંદ જિલ્લામાં | (૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર તથા તાલુકાવાર નીચે મુજબ અરજીઓ |

રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શન યોજના અન્વયે વૃધ્ધોને પેન્શન મેળવવા બાબતની કેટલી અરજીઓ આવી,

આવી.

| ક્રમ | તાલુકાનું નામ | મળેલ અરજીઓની સંખ્યા | |
|---|---|---|---|
| | | તા. ૧-૦૧-૦૯ થી ૩૧-૧૨-૦૯ | તા. ૧-૦૧- ૨૦૧૦ થી ૩૧-૧૨-૨૦૧૦ સુધી |
| ૧ | આણંદ | ૧૧૫ | ૯૭૮ |
| ૨ | ઉમરેઠ | ૬૪ | ૩૬૩ |
| ૩ | આંકલાવ | ૫૧ | ૯૫૫ |
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૪ | પેટલાદ | ૪૮૮ | ૬૨૫ |
| ૫ | સોજીત્રા | ૭૦ | ૯૫ |
| ૬ | બોરસદ | ૮૫૭ | ૬૨૪ |
| ૭ | ખંભાત | ૧૨૯૧ | ૬૨૫ |
| ૮ | તારાપુર | ૩૧ | ૨૬ |
| | કુલ | ૨૯૬૭ | ૪૨૯૧ |

(૨) આવેલ અરજીઓમાંથી વર્ષવાર તાલુકાવાર કેટલી અરજીઓ મંજૂર કરી પેન્શનનો લાભ આપવામાં આવ્યો છે, અને

(૨) વર્ષવાર તાલુકાવાર નીચે મુજબ અરજીઓ મંજુર કરી પેન્શનનો લાભ આપવામાં આવ્યો.

| ક્રમ | તાલુકાનું નામ | તા. ૧-૦૧-૦૯ થી ૩૧-૧૨-૦૯ | | તા. ૧-૦૧- ૨૦૧૦ થી ૩૧-૧૨-૨૦૧૦ સુધી | |
|---|---|---|---|---|---|
| | | મંજુર કરેલ અરજીઓ | લાભ આપેલ લાભાર્થી ની સંખ્યા | મંજુર કરેલ અરજીઓ | લાભ આપેલ લાભાર્થીની સંખ્યા |
| ૧ | આણંદ | ૬૧ | ૬૧ | ૬૮૨ | ૪૮૪ |
| ૨ | ઉમરેઠ | ૩૦ | ૩૦ | ૨૭૪ | ૧૧૩ |
| ૩ | આંકલાવ | ૨૭ | ૨૭ | ૬૦૧ | ૪૦૯ |
| ૪ | પેટલાદ | ૩૫૨ | ૩૫૨ | ૫૨૯ | ૫૨૯ |
| ૫ | સોજીત્રા | ૪૩ | ૪૩ | ૭૩ | ૭૩ |
| ૬ | બોરસદ | ૬૩૨ | ૬૩૨ | ૪૯૩ | ૪૯૩ |
| ૭ | ખંભાત | ૮૧૦ | ૮૧૦ | ૪૧૮ | ૪૧૮ |
| ૮ | તારાપુર | ૨૦ | ૨૦ | ૨૦ | ૨૦ |
| | કુલ | ૧૯૭૫ | ૧૯૭૫ | ૩૦૯૦ | ૨૫૩૯ |

(૩) બાકી રહેલ અરજદારોને કેટલા સમયમાં પેન્શનનો લાભ આપવાની કાર્યવાહી કરવામાં આવશે?

(૩) જેમ બને તેમ જલ્દી

## વ્યવસાય વેરાની થયેલ આવક

૨૨૩૦૯ **: શ્રી સી. કે. રાઉલજી (ગોધરા) : માનનીય નાણાં મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારને વ્યવસાય વેરા પેટે કેટલી આવક વર્ષવાર થઈ, અને

(૧)

| વર્ષ | થયેલ આવક (રૂા. કરોડમાં) |
|---|---|
| ૨૦૦૦૯-૧૦ | ૨૦૦.૫૦ |
| ૨૦૧૦-૧૧ તા. ૩૧-૧-૨૦૧૧ સુધી) | ૧૮૪.૪૯ (પ્રોવીઝનલ) |

(૨) વ્યવસાય વેરાની મુક્તિ મર્યાદા સરકારે છેલ્લે ક્યારે નક્કી કરેલ છે ?

(૨) તા. ૦૧-૦૪-૨૦૦૮

--------

## કોડીનાર અને ખાંભા તાલુકાના ખેત મજૂરોના અકસ્માતથી થયેલ મૃત્યુ

**:** ૨૦૮૯૩ **શ્રી ધીરસિંહ બારડ (કોડીનાર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ જુનાગઢ જિલ્લાના કોડીનાર તાલુકામાં અને અમરેલી જિલ્લાના ખાંભા તાલુકામાં કુલ કેટલા ખેતમજૂરો નોંધાયેલા છે. | (૧) જુનાગઢ જિલ્લાના કોડીનાર તાલુકામાં કુલ-૧૨,૯૨૦ તથા અમરેલી જિલ્લાના ખાંભા તાલુકામાં કુલ-૫,૩૭૫ ખેતમજૂરો નોંધાયેલ છે. |
| (૨) આ ખેત મજૂરો પેકી કોડીનાર અને ખાંભા તાલુકાઓમાં કુલ કેટલા ખેતમજૂરો છેલ્લા બે વર્ષમાં અકસ્માતથી મૃત્યુ પામેલ છે. | (૨) મૃત્યુ અંગેની નોંધણીની કામગીરી જન્મ-મરણ નોંધણી રજીસ્ટ્રાર દ્વારા કરવામાં આવે છે. વધુમાં થયેલ મૃત્યુના કિસ્સાઓ પેકી અકસ્માતે મૃત્યુના કિસ્સાઓની માહિતી અલગ રીતે રાખવામાં આવતી ન હોવાથી આ વિગતો આપી શકાય તેમ નથી. |
| (૩) આ પેકી કેટલા લાભાર્થીઓને સરકાર દ્વારા સહાયતા ચુકવવામાં આવી, કેટલા લાભાર્થીઓની અરજીઓ પડતર છે, અને | (૩) કોડીનાર તાલુકામાં કુલ-૧ લાભાર્થીને તથા ખાંભા તાલુકામાં કુલ-૨ લાભાર્થીઓને વિમા નિયામકશ્રી, દ્વારા સહાયતા ચૂકવવામાં આવી. કોડીનાર તાલુકાની કુલ-૫ અરજીઓ તથા ખાંભા તાલુકાની કુલ-૧ અરજી પડતર છે. |
| (૪) આ પડતર અરજીઓનો કેટલા સમયમાં નિકાલ કરવામાં આવશે ? | (૪) પ્રત્યેક કિસ્સામાં નિયમોનુસારની ચકાસણી/પૂર્તતા પૂર્ણ થયેથી વિમા નિયમાકશ્રી, દ્વારા નિર્ણય કરવામાં આવશે. |

## સાબરકાંઠા જિલ્લામાં કુંવરબાઈનું મામેરું યોજનાની મળેલ અરજીઓ

૨૨૩૭૭ **: શ્રી અશ્વિન કોટવાલ (ખેડબ્રહ્મા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સાબરકાંઠા જિલ્લામાં કુંવરબાઈનું મામેરું યોજના હેઠળ તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી અરજીઓ મળી,

(૨) કેટલી મંજૂર કરી, કેટલી નામંજૂર કરી, અને કેટલી પડતર છે,

(૩) અરજીઓ નામંજૂર થવાના અને પડતરના શાં કારણો છે, અને

(૪) મંજૂર અરજીઓ પેકી કેટલાને સહાય ચૂકવી, કેટલાને ચૂકવવાની બાકી છે ?

**જવાબ**

(૧) ૯૫૩.

(૨)

| | |
|---|---|
| મંજૂર | ૮૭૮ |
| નામંજૂર | ૭૫ |
| પડતર | -- |
| **કુલ** | **૯૫૩** |

(૩) નામંજૂર ના કારણો.

૧. આવક વધુ હોવાથી
૨. કુટુંબમાં અગાઉ લાભ આપેલ હોવાથી
૩. અરજીઓ સમય મર્યાદા બાદ મળેલ હોવાથી
૪. લગ્ન નોંધણી કરાવેલ ન હોવાથી

એક પણ અરજી પડતર ન હોઈ, પડતરના કારણો નો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) મંજૂર અરજીઓ પેકી તમામ લાભાર્થીને સહાય ચૂકવેલ છે.

## પંચમહાલ જિલ્લામાં નિરાધાર વૃધ્ધ સહાય યોજનાની મળેલ અરજીઓ

૨૧૯૦૪ **: શ્રી જેઠાભાઈ ભરવાડ (શહેરા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર સને ૨૦૦૯-૧૦ના વર્ષમાં નીરાધાર વૃધ્ધ સહાય યોજના હેઠળ કુલ કેટલી અરજીઓ આવી,

(૨) તે પેકી કેટલી અરજીઓ મંજૂર કરી, કેટલી નામંજૂર કરી, અને

**જવાબ**

(૧) અને (૨)
***પત્રક-૧** મુજબ

(૩) અરજીઓ નામંજૂર કરવાના કારણો શાં છે ?

(૩) અરજીઓ નામંજૂર કરવાના કારણો નીચે મુજબ છે.

(૧) નિયત આવક કરતા આવક વધુ હોવાથી
(૨) પુખ્ત વયનો પુત્ર હોવાથી
(૩) ઉંમર ઓછી હોવાથી
(૪) સ્થળે રહેતા ન હોવાથી
(૫) બી.પી.એલ. યાદીમાં સમાવેશ થયેલ ન હોવાથી
(૬) બી.પી.એલ. યાદીમાં ૦ થી ૧૬ નો સ્કોર ધરાવતા ન હોવાથી.

***પત્રક -૧**

| ક્રમ | તાલુકાનું નામ | મળેલ અરજીઓની સંખ્યા | મંજૂર | નામંજૂર |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | ગોધરા | ૧૧૨૪ | ૯૯૪ | ૧૧૫ |
| ૨ | કાલોલ | ૧૧૫૨ | ૧૦૫૨ | ૩૦ |
| ૩ | હાલોલ | ૩૯૧ | ૩૬૩ | ૨૨ |
| ૪ | ઘોઘંબા | ૪૩૭ | ૩૭૧ | ૨૮ |
| ૫ | મોરવા (હ) | ૭૩૭ | ૬૭૭ | ૧૮ |
| ૬ | જાંબુઘોડા | ૧૨૧ | ૧૨૦ | ૦૦ |
| ૭ | લુણાવાડા | ૬૩૫ | ૪૯૩ | ૨૧ |
| ૮ | શહેરા | ૧૦૬૧ | ૮૮૭ | ૩૮ |
| ૯ | ખાનપુર | ૪૭૩ | ૩૮૪ | ૧૦ |
| ૧૦ | સંતરામપુર | ૧૮૦૨ | ૧૬૪૪ | ૧૯ |
| ૧૧ | કડાણા | ૭૫૫ | ૫૦૫ | ૧૫ |
| | કુલ.. | ૮૬૮૮ | ૭૪૫૦ | ૩૧૬ |

--------

## પંચમહાલ જિલ્લામાં રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શન યોજનાની મળેલ અરજીઓ

૨૧૬૭૯ **: શ્રી હીરાભાઈ હ.પટેલ (લુણાવાડા) : માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પંચમહાલ જિલ્લામાં રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શન યોજના અંતર્ગત છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ તાલુકાદીઠ કેટલી અરજીઓ આવી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૩) કેટલી અરજીઓ નિકાલ વગર પડતર છે ?

**જવાબ**

(૧), (૨) અને (૩) : પત્રક-૧ મુજબ

**પત્રક-૧**

| ક્રમ | તાલુકાનું નામ | તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મળેલ અરજીઓ | મંજૂર | પડતર |
|---|---|---|---|---|
| ૧. | ગોધરા | ૧૭૯૪ | ૧૫૨૯ | ૫૫ |
| ૨. | કાલોલ | ૧૫૦૦ | ૧૪૦૫ | ૩૪ |
| ૩. | હાલોલ | ૪૮૧ | ૪૭૭ | ૦ |
| ૪. | ઘોઘંબા | ૫૭૫ | ૫૩૮ | ૦ |
| ૫. | જાંબુઘોડા | ૧૫૪ | ૧૪૦ | ૦ |
| ૬. | મોરવા (હ) | ૧૦૧૧ | ૯૬૨ | ૨ |
| ૭. | લુણાવાડા | ૧૦૧૭ | ૯૪૮ | ૨૯ |
| ૮. | શહેરા | ૨૧૧૦ | ૧૮૦૫ | ૧૨૫ |
| ૯. | ખાનપુર | ૬૧૦ | ૫૮૪ | ૨૧ |
| ૧૦. | સંતરામપુર | ૨૨૨૪ | ૨૧૭૫ | ૯ |
| ૧૧. | કડાણા | ૧૧૦૦ | ૧૦૬૩ | ૨૯ |
| | કુલ... | ૧૨૫૭૬ | ૧૧૬૨૬ | ૩૦૪ |

## આણંદ અને ખેડા જિલ્લાની આર.ટી.ઓ. કચેરીનું સંવર્ગવાર મંજૂર મહેકમ

૨૨૩૦૫ : **શ્રી અમીતભાઈ ચાવડા (બોરસદ) : માનનીય વાહનવ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૧૧નીસ્થિતિએ આણંદ અને ખેડા જિલ્લાની આર.ટી.ઓ. ક્ચેરીનું સંવર્ગવાર મહેક્મ કેટલું છે.

**જવાબ**

(૧) તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ આણંદ અને ખેડા જિલ્લાની આર.ટી.ઓ. ક્ચેરીનું સંવર્ગવાર મહેક્મ નીચે મુજબ છે.

| ક્રમ | સંવર્ગ | એ.આર.ટી.ઓ. ક્ચેરી, આણંદ | આર.ટી.ઓ. ક્ચેરી, નડીયાદ, જિ. ખેડા |
|---|---|---|---|
| ૧ | પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી, વર્ગ-૧ | ૦૦ | ૦૧ |
| ૨ | સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી, વર્ગ-૨ | ૦૧ | ૦૧ |
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૩ | મોટર વાહન પ્રોસીક્યુર, વર્ગ-૨ | ૦૦ | ૦૧ |
| ૪ | વહીવટી અધિકારી, વર્ગ-૨ | ૦૦ | ૦૧ |
| ૫ | મોટર વાહન નિરીક્ષક, વર્ગ-૨ | ૦૨ | ૦૨ |
| ૬ | સહાયક મોટર વાહન નિરીક્ષક, વર્ગ-૩ | ૦૪ | ૦૪ |
| ૭ | જનસંપર્ક અધિકારી, વર્ગ-૩ | ૦૧ | ૦૦ |
| ૮ | હેડ ક્લાર્ક, વર્ગ-૩ | ૦૨ | ૦૨ |
| ૯ | સીનીયર ક્લાર્ક, વર્ગ-૩ | ૦૪ | ૦૭ |
| ૧૦ | જુનીયર ક્લાર્ક, વર્ગ-૩ | ૧૮ | ૨૧ |
| ૧૧ | ટાઈપીસ્ટ, વર્ગ-૩ | ૦૦ | ૦૧ |
| ૧૨ | સ્ટેનો. ગ્રેડ-૩, વર્ગ-૩ | ૦૦ | ૦૧ |
| ૧૩ | હિસાબનીશ, વર્ગ-૩ | ૦૦ | ૦૧ |
| ૧૪ | સબ ઓડીટર, વર્ગ-૩ | ૦૧ | ૦૧ |
| ૧૫ | આંકડા મદદનીશ, વર્ગ-૩ | ૦૧ | ૦૧ |
| ૧૬ | સર્કલ ઓફીસર, વર્ગ-૩ | ૦૧ | ૦૧ |
| ૧૭ | ડ્રાયવર, વર્ગ-૩ | ૦૧ | ૦૧ |
| ૧૮ | પટાવાળા, વર્ગ-૪ | ૦૩ | ૦૩ |
| **કુલ** | | **૩૯** | **૫૦** |

(૨) તે પેકી કેટલી જ્ગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૨) તા. ૩૧-૧-૧૧ની સ્થિતિ એ.આર.ટી.ઓ. ક્ચેરી, આણંદની સંવર્ગવાર જ્ગ્યાઓ કેટલા સમયથી ખાલી છે તેની વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | સંવર્ગ | ખાલી જ્ગ્યા | કઈ તારીખથી ખાલી છે. |
|---|---|---|---|
| ૧ | મોટર વાહન નિરક્ષક, વર્ગ-૨ | ૦૧ | તા. ૨૪-૨-૨૦૦૯થી |
| ૨ | સહાયક મોટર વાહન નિરક્ષક, વર્ગ-૩ | ૦૩ | તા. ૧૦-૫-૨૦૧૦થી |
| ૩ | હેડ ક્લાર્ક, વર્ગ-૩ | ૦૧ | તા. ૧-૧-૨૦૧૧થી |
| ૪ | સીનીયર ક્લાર્ક, વર્ગ-૩ | ૦૩ | ૧ જ્ગ્યા તા. ૩૦-૭-૨૦૧૦થી<br>૧ જ્ગ્યા તા. ૧૯-૧૧-૨૦૧૦થી<br>૧ જ્ગ્યા તા. ૨૩-૧૧-૨૦૧૦થી |
| ૫ | સબ ઓડીટર, વર્ગ-૩ | ૦૧ | તા. ૩-૧૨-૨૦૦૮થી |
| ૬ | આંકડા મદદનીશ, વર્ગ-૩ | ૦૧ | તા. ૩૧-૭-૨૦૦૮થી |
| ૭ | સર્કલ ઓફીસર, વર્ગ-૩ | ૦૧ | તા. ૨-૫-૨૦૦૩થી |
| **કુલ** | | **૧૧** | |

તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ આર.ટી.ઓ. ક્ચેરી, નડીયાદ, જિ. ખેડાની સંવર્ગવાર જ્ગ્યાઓ કેટલા સમયથી ખાલી છે તેની વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | સંવર્ગ | ખાલી જ્ગ્યા | કઈ તારીખથી ખાલી છે. |
|---|---|---|---|
| ૧ | પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી, વર્ગ-૧ | ૦૧ | તા. ૧-૪-૨૦૦૪થી |
| ૨ | મોટર વાહન નિરક્ષક, વર્ગ-૨ | ૦૧ | તા. ૧-૧૧-૨૦૧૦થી |
| ૩ | મોટર વાહન પ્રોસીક્યુટર, વર્ગ-૨ | ૦૧ | તા. ૨૩-૧૧-૨૦૦૪થી |
| ૪ | સહાયક મોટર વાહન નિરક્ષક, વર્ગ-૩ | ૦૪ | ૧ જ્ગ્યા તા. ૯-૧૧-૨૦૧૦થી<br>૩ જ્ગ્યા [illegible] |

| | | | |
|---|---|---|---|
| | | | તા. ૧૦-૫-૨૦૧૦થી |
| ૫ | વહીવટી અધિકારી, વર્ગ-૨ | ૦૧ | તા. ૧-૭-૨૦૦૯થી |
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૬ | જુનીયર ક્લાર્ક, વર્ગ-૩ | ૦૬ | ૨ જગ્યા<br>તા. ૨૫-૯-૨૦૦૯થી<br>૧ જગ્યા<br>તા. ૩૧-૭-૨૦૧૦થી<br>૧ જગ્યા<br>તા. ૩૦-૯-૨૦૧૦થી<br>૨ જગ્યા<br>તા. ૪-૧૧-૨૦૧૦થી |
| ૭ | હિસાબનીશ, વર્ગ-૩ | ૦૧ | તા. ૧-૬-૨૦૧૦થી |
| ૮ | સબ ઓડીટર, વર્ગ-૩ | ૦૧ | તા. ૧-૧-૨૦૧૦થી |
| ૯ | આંકડા મદદનીશ, વર્ગ-૩ | ૦૧ | તા. ૨૦-૫-૨૦૦૬થી |
| કુલ | | ૧૭ | |

(૩) આ ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે ?

(૩) સત્વરે.

**આણંદ જિલ્લામાં રમતગમતના મેદાનો**

૨૧૮૫૮ **: શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર (ભાદરણ) : માનનીય રમતગમત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ આણંદ જિલ્લામાં જિલ્લા કક્ષાના રમતગમત માટેના કેટલા મેદાનો આવેલા છે, અને | (૧) એક પણ નહીં. |
| (૨) આવા મેદાનોમાં પૂરતી સગવડતાઓ અપાયેલ છે કે કેમ ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

--------

**ગાંધીનગર શહેર ખાતે લાલ લાઈટ તથા સાઈરનવાળા ગુન્હાહિત વાહનો**

૨૦૯૨૪ **: શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) : માનનીય વાહનવ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સન ૨૦૧૦માં ગાંધીનગર શહેર તથા સચિવાલય સંકુલમાં ટેક્ષી પાસીંગ થયેલા વાહનો લાલ લાઈટ, સાયરન તથા ""ગુજરાત સરકાર"" એવું લખાણ તથા પીળાને બદલે સફેદ રંગની નંબર પ્લેટ સાથે મોટી સંખ્યામાં રોજબરોજ દાખલ થાય છે તથા ફરી રહયા છે તે ગંભીર ફરિયાદથી સરકાર વાકેફ છે કે કેમ, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો આવા ગુન્હાહીત પ્રકારના વાહનોની સામે કોઈ કાર્યવાહી ન થવાના શાં કારણો છે અને કોને જવાબદાર ઠેરવવામાં આવ્યા છે, | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) સને ૨૦૧૦માં આવા કેટલા ગુન્હાહીત વાહનોને શોધી કાઢી તેની સામે શી કાર્યવાહી થઈ છે, અને | (૩) ચેકીંગ અધિકારીઓ દ્વારા વાહન ચેકીંગ કરેલ છે જે દરમ્યાન આવા ગુન્હાહીત વાહનો ધ્યાને આવેલ નથી. |
| (૪) ગાંધીનગર શહેરમાં ફરતા આવા ગુન્હાહીત વાહનો સામે કાર્યવાહી કરવા ઉચ્ચકક્ષાએ શા આદેશો આપવામાં આવ્યા છે ? | (૪) આવા વાહનો ચેકીંગ દરમ્યાન પકડાશે તો મોટર વાહન નિયમોમાં થયેલ જોગવાઈઓ મુજબની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. |

--------

# પોઈન્ટ ઓફ ઓર્ડર

**પ્રશ્નના ક્ષેત્રાધિકાર બહારનો પ્રશ્ન ઉપસ્થિત કરવા અંગે**

**શ્રી દિલીપ સંઘાણી ( વૈધાનિક અને સંસદીય બાબતોમંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, સામાન્ય રીતે પ્રશ્નોત્તરીમાં કોઈ પ્રશ્ન ઉપસ્થિત થાય તો પ્રશ્નોત્તરી દરમ્યાન ઉઠાવતા નથી. વિધાનસભાના નિયમોના નિયમ ૮૯

પ્રમાણે અગાઉ પણ મેં કેટલીક વખત આપનું ધ્યાન દોર્યુ છે. એવો જ પ્રશ્ન ફરી વખત આજે પ્રશ્ન ક્રમાક ૪ વખતે અહીંયા કોંગ્રેસ પક્ષના પ્રમુખ અને મારા મિત્ર, સાથી મિત્ર માનનીય અર્જુનભાઈએ ઉભો કર્યો. નિયમોમાં 'પ્રશ્નો અને તેની જવાબદારી'માંથી હું વાંચું છું. "સંસદીય પ્રણાલિકાઓ અને કાર્યરીતિ" પાના નંબર ૩૨૪ ની બીજી લીટીથી જ સમય બચાવવા માટે શરૂ કરું છું, "પ્રશ્ન અને તેના જવાબમાંથી ઉપસ્થિત થતી કોઈપણ હકીકત બાબતની સ્પષ્ટતા મેળવવા માટે પૂરક પ્રશ્ન પૂછી શકાશે. પૂરક પ્રશ્ન ઉલટ તપાસનો હોવો જોઈએ નહીં." માનનીય અધ્યક્ષશ્રી, એ જ બૂકમાં પાના નંબર ૨૮૯માં "મૌખિક જવાબો અને પૂરક પ્રશ્નો" ની ત્રીજી જ લીટી પર જ સીધો આવું છું. મંત્રીઓએ જે જવાબ આપ્યા હોય તે અંગે સ્પષ્ટતા મેળવવા માટે જરૂરી હોય તેવા પૂરક પ્રશ્નો ચર્ચા અથવા ટીકા કર્યા સિવાય કોઈ યોગ્ય મર્યાદામાં રહીને પૂછવા જોઈએ. એમાં જ પંદરમી લીટીમાં,"પ્રશ્નોને જે નિયમો લાગુ પડે છે, તે જ નિયમો પૂરક પ્રશ્નોને લાગુ પડશે." માનનીય અધ્યક્ષશ્રી, એનાથી વિશેષ. લોકશાહીના ધબકારા. ૧૯૭૬થી ૧૯૮૦ની પુરવણીમાં પાના નંબર ૪૩ની ત્રીજી લીટીથી જ હું જે લાગુ પડે છે તે શરુ કરું છું. "જેમ કે પ્રશ્નની બાબત રાજય સરકારની જવાબદારી હોવી જોઈએ. સરકારનો ફકત ઈરાદો જાણવા પૂરતો જ ન હોવો જોઈએ. આ છઠ્ઠી લીટીમાં આવો પ્રશ્ન હોવો જોઈએ." આજે ચોથા ક્રમના પ્રશ્નમાં મહાકુંભમાં મહિલાઓએ કેટલો ભાગ લીધો એવો પ્રશ્ન ચાલી રહ્યો હતો ત્યારે ક્રિકેટ કંટ્રોલ બોર્ડ, જેના અધ્યક્ષ શરદ પવાર છે, એના દ્વારા અમદાવાદમાં ક્રિકેટ મેચ રમાઈ રહી છે, એની ટીકીટ, કાળાબજાર થવા, વેચવી, સંપૂર્ણ જવાબદારી ક્રિકેટ બોર્ડની છે, શરદ પવારે કઈ રીતે વેચવી એની છે, ત્યારે રાજય સરકારને સીધું કશુ જ લાગુ પડતું નથી. પરંતુ જેમ ગુજરાતને બદનામ કરવા માટે વારંવાર બહારથી હુમલાઓ થાય છે, એવી જ માનસિકતા સાથે આજે કોંગ્રેસના અધ્યક્ષે ટીકીટના કાળાબજારનો પ્રશ્ન ઉપસ્થિત કરીને હાઉસમાં એક સિનિયર મેમ્બર તરીકે જાણતા હોવા છતાં નિયમોથી ઉલ્લંઘન કર્યુ છે. ભવિષ્યમાં આવા ઉલ્લંઘનો ન થાય એવી સૂચનાઓ આપવા માટે મારી આપને વિનંતી છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, જયાં સુધી સંસદીય બાબતોના મંત્રીશ્રીએ પ્રશ્નોત્તરી કાળની અગત્યતા અને પ્રશ્નોત્તરી કાળના બાબતનો પ્રશ્ન ઉપસ્થિત કર્યો છે, ત્યારે માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્નોત્તરી કાળની અગત્યતા અમારા માટે એટલી જ અગત્યની છે અને એટલા માટે હું માનનીય સંસદીય મંત્રીશ્રીની ચિંતામાં મારો સૂર પૂરાવીને આ જ મુદ્દાના સંદર્ભમાં આપનું ધ્યાન "માનનીય અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયો" એના પુસ્તકના પાના નંબર ૨૪૯ તરફ ધ્યાન ખેંચીને એ પણ આપના ધ્યાને મૂકવા માગું છું કે જયારે લાંબુ લિસ્ટ હોય, પ્રશ્ન ભલે સભ્ય પૂછે છે, સભ્યને તો ખબર નથી કે આનો જવાબ કેટલો લાંબો થશે. ત્યારે મંત્રીશ્રીઓની એ જવાબદારી છે કે લિસ્ટ ટેબલ પર મૂકી દેવું જોઈએ. લાંબુ લિસ્ટ વાંચીને, આપના આદેશ પછી પણ લંબાણ કરીને મંત્રીશ્રીઓ જાણે કોઈ માગણીઓ પર ચર્ચાનો પ્રત્યુત્તર આપતા હોય એમ લાંબુ કરે. એમ લાંબુ કરે એ પણ પ્રશ્નોત્તરી કાળનો દૂરુપયોગ છે. આજે માનનીય અર્જુનભાઈએ જે મુદ્દો ઉપસ્થિત કર્યો ત્યારે એ રમતગમતને લગતો પ્રશ્ન હતો, મહિલાઓને લગતો પ્રશ્ન હતો. અહીં વિધાનસભાગૃહ એ લોકશાહીનું એક એવું મોટું પ્લેટફોર્મ છે કે પ્રજાના પ્રશ્નોનો પ્રતિઘોષ અહીંયાં ના પાડે તો બીજા કયા ફલક ઉપર પાડે? છેલ્લા બે દિવસથી ગુજરાત ક્રિકેટ કંટ્રોલ (અંતરાય) તેઓશ્રી બોલતા હતા ત્યારે કેમ ના નડયું. દિલીપભાઈ બોલતા હતા ત્યારે તેમને રોકવા જોઈતા હતા, ત્યાં કેમ ના વાંધો લીધો ? દિલીપભાઈ સંઘાણીએ જી.સી.એ. જ જવાબદાર છે, ૧૯ હજાર પાસ છે, મુખ્મંત્રીશ્રી એના પ્રમુખ છે તો એની મેરિટમાં જવું નહોતું જોઈતું, દિલીપભાઈ એ એ મેરિટમાં ગયા છે અને શરદ પવારનું નામ લઈને કહ્યું છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી:** માનનીય શકિતસિંહજી, આપ પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપર જ બોલો, આમાં ચર્ચાને અવકાશ નથી.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : તો એમને રોકવા હતા ને? જયારે એ મેરિટસમાં ગયા છે.એમણે મુદ્દામાં જ વળગી રહેવું હતું. તેમણે મેરીટસમાં નહોતું જવું જોઈતું.

**અધ્યક્ષશ્રી:** આપ ટૂંકમાં કહો.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : એ મેરિટમાં ગયા છે એટલે એ કહેવાનો મારો અધિકાર છે અને એ મેરિટસમાં ગયા ત્યારે તેમને કોઈએ રોકયા નથી. (અંતરાય) અત્યારે પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો છે અને પોઈન્ટ ઓફ ઓર્ડરના મુદ્દામાં એ મેરિટમાં ગયા છે તો હું પણ મેરિટમાં ઉતરીશ અને એ ઉતર્યા છે એટલે કહું છું કે ૧૯ હજાર પાસ અને ૨૫ હજાર ટિકિટો અને જી.સી.એ.ની વહેંચણી અને મુખ્યમંત્રીશ્રી એના પ્રમુખ છે અને એના એમાં ખુલ્લેઆમ ખૂબ કાળાબજાર થાય છે. એમણે મેરિટમાં ઉતરીને શરદ પવારની વાત કરી છે કે જે આ ગૃહમાં હાજર નથી. એમણે માત્ર પ્રજાનો પ્રતિઘોષ એમણે રજૂ કર્યો છે. માનનીય મુખ્યમંત્રીશ્રી અહીં ગૃહમાં હાજર હતા અને એ રોકાઈને પોતે અહીં એનો ખુલાસો કરી શકયા હોત કે કાળાબજાર કરવામાં ગમે તે હશે (અંતરાય) આ પોઈન્ટ ઓફ ઓર્ડરના મુદ્દોને રિલેટેડ જ મારી વાત છે.

**અધ્યક્ષશ્રી:** આપ ટૂંકમાં વાત કરો, પ્લીઝ, આમાં ચર્ચા થઈ ગઈ છે, સમય ના બગડે અને આપણી પાસે બીજું ઘણું કામ બાકી છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : એટલે હું માનું છું કે દિલીપભાઈ સંઘાણીએ જે મુદ્દો ઉપસ્થિત કર્યો છે એને હું સમર્થન આપું છું. પોઈન્ટ ઓફ ઓર્ડરમાં , પ્રશ્નોત્તરીકાળમાં માનનીય મંત્રીશ્રીઓ બહુ લાંબુ લિસ્ટ વાંચીને સમય બગાડે એ બરાબર નથી. અમે પણ ટૂંકા સવાલો પૂછવા પ્રેરાઈશું. માનનીય અર્જુનભાઈએ પ્રજાનો પ્રતિઘોષ આ ગૃહમાં વાજબી રીતે રજૂ કર્યો છે.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રીએ જે પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કર્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, વિધાનસભાના નિયમોના નિયમની અંદર માનનીય દિલીપભાઈએ જે કહ્યું એમાં બહું સ્પષ્ટતા છે કે નિયમ ૭૮ માં ૪ નંબરમાં કે 'પ્રશ્નમાં બદનક્ષીભર્યા વિધાનો ન હોવાં જોઈએ." માનનીય અધ્યક્ષશ્રી, બીજું ૭૮ માં જ ૧૬ માં ' રાજય સરકારની પ્રથમ જવાબદારી ન હોય તેવી સંસ્થાઓ કે વ્યકિતના નિયંત્રણ હેઠળની બાબતો તેમાં ઉપસ્થિત કરવી ન જોઈએ. " આ બન્ને નિયમોમાં બહુ સ્પષ્ટ લખ્યું છે અને નિયમ ૮૧ ના બે ભાગમાં "આ પ્રશ્ન પૂછનાર તેનો ઈરાદો સભાગૃહની કાર્યવાહીમાં ખલેલ પહોંચાડવાનો કે તેની પ્રતિકૂળ અસર પહાંચાડવાનો છે. તો એ પ્રશ્ન ડીસ એલાઉ કરી શકે." આજની પ્રશ્નોત્ત્રીમાં કોંગ્રેસ પક્ષના સભ્ય માનનીય અર્જુનભાઈ મોઢવાડીયાએ એ જયારથી કોંગ્રેસ પક્ષના પ્રમુખ બન્યા છે ત્યારથી આ સભાગૃહનું કામ ખોરવવા માટેનો પ્રયાસ કરી રહ્યા છે.. આ સભાગૃહનું કામ પક્ષ માટે ન હોય અને અ(અંતરાય)

(આ તબકકે સભાગૃહમાં ઉપસ્થિત રહેલા વિરોધપક્ષના તમામ સભ્યશ્રીઓ પોતાના સ્થાન ઉપર ઉભા થઈને સતત સૂત્રોચ્ચાર કરવા લાગ્યા)

**અધ્યક્ષશ્રી:** આપ પોઈન્ટ ઓફ ઓર્ડરમાં જે કહેવા માગતા હોય એ કહો.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : હું પોઈન્ટઓફ ઓર્ડર ઉપર જ જવા માગું છું અને એ કહેવા માગું છું કે આ પ્લેટફોર્મ ઉપર એનો ઉપયોગ ના કરી શકે. આ પોઈન્ટઓફ ઓર્ડર ઉપર હું એ કહેવા માગું છું કે આનુસાંગિક પ્રશ્ન ઉપસ્થિત થતો નહતો છતાં પણ જે નિયમો ૭૮(૪) અને ૭૮ (૧૬) છે એમાં આ પ્રમાણેનું આપે ડીસએલાઉ કર્યા પછી સૂત્રોચ્ચાર કરવા, આપના સ્થાને નિર્ણય લીધા પછી આ આઈ.સી.સી. શરદ પવાર દ્વારા ટિકિટનું વિતરણ થાય છે અને નરેન્દ્ર મોદી એ જી.સી.એ.ના પ્રમુખ હોય તો પણ એ તમારા દયાદાનથી બન્યા નથી.લોકોએ ચૂંટીને એમને બનાવ્યા છે. આ પ્રમાણેના આક્ષેપો માટે આ સભાગૃહનો ઉપયોગ ન કરવો જોઈએ. તેથી આપે માનનીય સભ્યશ્રીને ઠપકો આપવો જોઈએ તેવી મારી માગણી છે.

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કાયદા મંત્રીશ્રીએ જે નિયમોના નિયમ ૭૮ હેઠળ મુદ્દો ઉપસ્થિત કર્યો છે એની સાથે બીજા બે મુદ્દા જોડવા માગું છું. નિયમોના નિયમ ૭૧માં સબ પૅરા ૬ તેમાં જણાવ્યું છે કે કાલ્પનિક બાબતના ઉકેલની માગણી કરેલી હોવી જોઈએ નહિ. એની સાથે બીજો મુદ્દો હું જોડવા માગું છું કે કોઈપણ વ્યકિતના ચારિત્ર કે વર્તણૂક એમના સત્તાવાર હોદા કે જાહેર દરજજા સાથે સંકળાયેલા હોય તે સિવાય તેનો ઉલ્લેખ પ્રશ્નમાં હોવો જોઈએ નહિ. અહીંયા જે નિયમ સબ પૅરા ૬ છે એમાં કાળાબજાર થાય છે એ માનનીય સભ્યશ્રીની કલ્પના અને એમનું અનુમાન છે. Let me complete, let me complete...(interruption) સાહેબ આ આખીય match...To place the things in proper order સાહેબ આ આખીય મૅચ આઈ.પી.એલ. રમાડે છે, ગુજરાત ક્રિકેટ એસોસીએશનને એની સાથે ૧૯ હજાર ટિકિટો, (અંતરાય) આપ જોડો છો, આપ જોડો છો. You have to listen me. Let me complete my argument. આંકડા એ આપે છે, હું આંકડા આપવા માગું છું. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : બંને પક્ષના સભ્યો, પ્લીઝ, માનનીય શકિતસિંહભાઈ, પ્લીઝ, માનનીય જયનારાયણભાઈ, આપ પૉઈન્ટ ઑફ ઑર્ડર ઉપર જ બોલો.

**શ્રી જયનારાયણ વ્યાસ** : સાહેબ, એજ તર્કને હું આગળ વધારવા જઈ રહ્યો હતો. ૧૯ હજારના આંકડાથી આપ કશુંક પુરવાર કરવા માગતા હો તો સ્ટેડિયમની કેપેસિટી ૫૦ હજાર કરતાં વધારે છે અને બાકીની ટિકિટો સાહેબ આઈ.પી.એલ.એ એના સ્પોન્સર અને બધાને આપી દીધી અને આઈ.પી.એલ. ના ચેરમેન, (અંતરાય) ક્રિકેટ એસોસીએશનના ચેરમેન શરદ પવાર છે, કેટલી ટિકિટો આઈ.પી.એલ. એ આપી છે, એનું બ્લૉક બુકિંગ કેટલી ટિકિટોનું કરેલું છે, એની સીધી જવાબદારી શરદ પવારની છે. ગુજરાત ક્રિકેટ એસોસીએશનને તો કરાર પ્રમાણે આપવી પડે માટે આપી છે. મૅચ ગુજરાત ક્રિકેટ એસોસીએશન નથી રમાડતું. માનનીય વિરોધપક્ષના નેતાશ્રી આપ હસો એનાથી.. (અંતરાય) I am coming to it. આઈ એમ કમીંગ ટુ આપ ઘોંઘાટમાંથી બોલવા દો તો કહું ને? તે જ રીતે (અંતરાય) સુધરવાનો પ્રશ્ન નથી. વિશ્વકપની મૅચો છે એ આંતરરાષ્ટ્રીય ક્રિકેટ એસોસીએશન રમાડે છે, જે રીતે આઈ.પી.એલ. નેશનલ ક્રિકેટ એસોસીએશન રમાડે છે. થૂંકના સાંધા કરવાનો સવાલ નથી, માનનીય વિપક્ષના નેતાશ્રી, આપને ખ્યાલ હોવો જોઈએ કે જો આપ (અંતરાય) ૧૯,૦૦૦ ટિકિટોનો જો દાખલો આપવા માગતા હો તો ઇન્ટરનૅશનલ ક્રિકેટ એસોસિએશન..

**અધ્યક્ષશ્રી** : જયેશભાઈ પ્લીઝ, કુંવરજીભાઈ,.(અંતરાય)

**શ્રી જયનારાયણ વ્યાસ** : સાહેબ, મેરીટ્સમાં એમણે..

**અધ્યક્ષશ્રી** : પૉઈન્ટ ઑફ ઑર્ડર ઉપર જ ટૂંકમાં વાત કરો. ઘણો બધો સમય થઈ ગયો છે. પ્લીઝ.

**શ્રી જયનારાયણ વ્યાસ** : સાહેબ, તેમણે આંકડો આપ્યો એટલે હું આઈ.સી.સી.ને કેટલી ટિકિટોનું બ્લૉક બુકિંગ છે તેનો આંકડો આપી રહ્યો છું અને આઈ.સી.સી.ની પાસે જે ટિકિટો છે તે આઈ.સી.સી.ના આ દેશમાં પ્રાઈમ હોસ્ટ એ નેશનલ ક્રિકેટ કંટ્રોલ બોર્ડ છે જેના ચેરમેન શરદ પવાર છે, છે અને છે. આપ એમાં ના કહી શકતા નથી અને એનો દોષનો ટોપલો ગુજરાતની પ્રજાને ટિકિટો ન મળે તે પ્રકારની વ્યવસ્થા કરવાનો આપ અમારા ઉપર ગુજરાત ક્રિકેટ એસોસિએશન પર ઓઢાડવા માગો છો, બિલકુલ નહીં, બિલકુલ નહીં.. સાહેબ, એક કલેરીટી કરી લઉં, માનનીય વિપક્ષના નેતાશ્રી જ્યારે હોય ત્યારે બહુ જ્ઞાનનો દાવો કરે છે. માનનીય અધ્યક્ષશ્રી, નરહરિભાઈના સમયમાં વિશ્વકપની મૅચો રમાઈ નથી. ગુજરાત ક્રિકેટ એસોસિએશને મૅચો રમાડી છે. નરહરિભાઈના સમયમાં વિશ્વકપની મૅચો ક્યારે રમાઈ? બતાવો મને આપ અને કોને ટિકિટો આપી? આપ જે વિગતો આપો છો તે વિગતો સાથે આપની વાત તર્કસંગત નથી. આને આઈ.સી.સી. સાથે લેવા દેવા છે. આને ગુજરાત ક્રિકેટ એસોસિએશન સાથે ખોટી રીતે જોડી અને વિવાદ ઉભો કરવામાં આવી રહ્યો છે. (અંતરાય)

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : મારો પૉઈન્ટ ઑફ ઑર્ડર છે. મારે ખુલાસો કરવો છે..

**અધ્યક્ષશ્રી** : બસ હવે ઘણી બધી ચર્ચાઓ થઈ ગઈ, અર્જુનભાઈ, પ્લીઝ, હવે નહીં. ખૂબ ચર્ચાઓ થઈ ગઈ છે. ગૃહનું અન્ય કામ પણ આપણી પાસે છે. (અંતરાય) શકિતસિંહભાઈ, ઘણી ચર્ચાઓ થઈ ગઈ છે. (આ તબક્કે માનનીય વિરોધપક્ષના સભ્યશ્રીઓ દ્વારા " કાળાબજાર બંધ કરો "ના સતત સૂત્રોચ્ચાર થયા.) બન્ને પક્ષે ખૂબ ચર્ચાઓ થઈ છે. ગૃહના સમયનું મહત્ત્વ સમજીએ, શકિતસિંહભાઈ. (" કાળાબજાર બંધ કરો "ના સૂત્રોચ્ચાર) હવે પ્રશ્ન ટૂંકાવો, અર્જુનભાઈ પ્લીઝ. (" કાળાબજાર બંધ કરો "ના સૂત્રોચ્ચાર) (અંતરાય) આપ જે કંઈ સ્પષ્ટતા કરો, એક મિનિટમાં કરી દો. પ્લીઝ. હવે ચર્ચા ટૂંકાવો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : સાહેબ, આ જે પ્રશ્ન છે એ હું વાંચી જાઉં છું. આ માનનીય સંસદીય મંત્રીશ્રીએ કહ્યું એમ ખેલ મહાકુંભનો પ્રશ્ન નથી. પ્રશ્ન એ હતો કે રાજયની મહિલા રમતગમત ક્ષેત્રે રુચિ ધરાવે અને રમત ગમતના ક્ષેત્રે આગળ વધે તે માટે સરકાર દ્વારા પ્રયત્નો કરવામાં આવ્યા છે કે કેમ? બહુ સ્પષ્ટ પ્રશ્ન છે. આ કોઈ ખેલ મહાકુંભનો પ્રશ્ન નથી. આ પ્રશ્ન છે એ સરકાર દ્વારા કયા પ્રયત્નો કરવામાં આવ્યા છે તેના માટેનો પ્રશ્ન છે. એમાં માત્ર મેં બે પ્રશ્નો પૂછયા, એક, જે આ ખેલ ઉત્સવ થયો તેમાં રાજયની મહિલાઓને કેટલા સુવર્ણચંદ્રકો મળ્યા? બીજો મારો પ્રશ્ન બહુ સ્પષ્ટ હતો કે આપે એલાઉ ન કર્યો. મારો પ્રશ્ન પૂછવાનો હેતુ એ હતો કે રાજયની મહિલાઓ રમતગમત ક્ષેત્રે રુચિ લે એટલા માટે એને રમતગમતો જોવા જવાનો અધિકાર છે. તેને ખૂબ અધિકાર છે અને આજે આ ટિકિટના કાળાબજારના કારણે નથી જઈ શકતી.તો એના માટે રાજય સરકાર પગલાં લેવા માગે છે કે કેમ? આ મારો પ્રશ્ન હતો. આમાં કોઈ આક્ષેપ કર્યો નથી. પણ એ પ્રશ્નનો જવાબ મને મળ્યો નથી. આ એક જ પ્રશ્ન હતો. રેકર્ડ ઉપર રીપીટલી મૂકવા માગું છું.

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી દિલીપભાઈએ જે પ્રશ્ન ક્રમાંક-૪ના પૂરક પ્રશ્નમાં જે શ્રી અર્જુનભાઈએ જે વાત કરી એ બાબતે પૉઈન્ટ ઑફ ઑર્ડર ઉઠાવ્યો છે એમાં ખૂબ લાંબી ચર્ચાઓ થઈ છે અને બન્ને પક્ષના સભ્યશ્રીઓને અને મંત્રીશ્રીઓને મેં સાંભળ્યા છે. એટલે એનું રૂલિંગ પછી આપીશ.

# સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

**શ્રી વજુભાઈ વાળા ( નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું તા.૨૮-૨-૨૦૧૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ માનનીય સભ્યશ્રી જેઠાભાઈ ભરવાડના " પંચમહાલ જિલ્લામાં વેટની થયેલ આવક " વિષયના તારાંકિત પ્રશ્ન ક્રમાંક- ૧૮૧૨૦(અગ્રતા-૧૧) ના અનુસંધાને વધારાની માહિતી સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**પ્રશ્ન ક્રમાંક-૧૮૧૨૦ની વધારાની માહિતી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

# માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ)

### અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોનો વિભાગ

### માગણી ક્રમાંક-૨૨

**શ્રી નરોત્તમભાઈ પટેલ ( અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોના મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું નાગરિક પુરવઠા વિભાગને લગતી મહેસૂલી ખર્ચ માટે રૂ.૨,૨૭,૫૭,૭૪,૦૦૦/-ની માગણી ક્રમાંક- ૨૨ રજૂ કરું છું.

**ડૉ. અનિલભાઈ જોષીયારા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૧ રજૂ કરવામાં આવી.**

**શ્રી મણિભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી ઈકબાલભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી પરેશભાઈ વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૪ રજૂ કરવામાં આવી.**

**શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૫ રજૂ કરવામાં આવી.**

**શ્રી હિરાભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૬ રજૂ કરવામાં આવી.**

**શ્રી પુનાભાઈ ગામીત** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૭ રજૂ કરવામાં આવી.**

**શ્રી જયેશભાઈ રાદડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૯ રજૂ કરવામાં આવી.**

**શ્રી ચંદુભાઈ ડાભી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૦ રજૂ કરવામાં આવી.**

**શ્રી અમીતકુમાર ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૧ રજૂ કરવામાં આવી.**

**શ્રી બાવકુભાઈ ઉંધાડ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૨ રજૂ કરવામાં આવી.**

**માગણી ક્રમાંક-૨૩**

**શ્રી નરોત્તમભાઈ પટેલ ( અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોના મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું અન્ન વિભાગને લગતી મહેસૂલી ખર્ચ માટે રૂ.૧,૩૫,૨૭,૧૮,૦૦૦/-ની અને મૂડી ખર્ચ માટે રૂ.૧૦,૨૧,૦૦,૦૦૦/-ની માગણી ક્રમાંક- ૨૩ રજૂ કરું છું.

**શ્રી શૈલેષભાઈ પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી દીતાભાઈ મછાર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૪ રજૂ કરવામાં આવી.**

**શ્રી રાજેન્દ્રસિંહ પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૫ રજૂ કરવામાં આવી.**

**શ્રી રામસિંહભાઈ પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૬ રજૂ કરવામાં આવી.**

**શ્રી રાઘવજીભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૭ રજૂ કરવામાં આવી.**

**પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ**

**માગણી ક્રમાક-૬૯**

**શ્રી નરોત્તમભાઈ પટેલ ( પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગને લગતી મહેસૂલી ખર્ચ માટે રૂ.૯,૬૪,૮૦,૦૦૦/-ની માગણી ક્રમાંક- ૬૯ રજૂ કરું છું.

**શ્રી મોહનસિંહ રાઠવા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૮ રજૂ કરવામાં આવી.**

**શ્રી માનસિંહ ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૯ રજૂ કરવામાં આવી.**

**શ્રી કુંવરજીભાઈ ન. હળપતિ :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૦ રજૂ કરુ છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૦ રજૂ કરવામાં આવી.**

**શ્રી લાલસિંહ ઉ. વડોદીયા :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૧ રજૂ કરુ છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૧ રજૂ કરવામાં આવી.**

**શ્રી વજેસિંગભાઈ પા. પણદા :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક:૨૨ રજૂ કરુ છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી જીતુભાઈ હ. ચૌધરી :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૩ રજૂ કરુ છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી ઈશ્વરભાઈ ન. વહીઆ :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૪ રજૂ કરુ છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૪ રજૂ કરવામાં આવી.**

**શ્રી મહંમદજાવીદ અ. પીરઝાદા :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૫ રજૂ કરુ છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૫ રજૂ કરવામાં આવી.**

**માગણી ક્રમાક-૭૧**

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ ( પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ સેવાને લગતી પંચાયત ગ્રામગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂા. ૬,૨૭, ૯૨, ૨૬,૦૦૦/-ની માગણી ક્રમાંક : ૭૧ રજૂ કરુ છું.

**માગણી ક્રમાંક- ૭૧ રજૂ કરવામાં આવી.**

**શ્રી હરીલાલ મો. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૬ રજૂ કરુ છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૬ રજૂ કરવામાં આવી.**

**શ્રી કિરણકુમાર એલ. મકવાણા :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૭ રજૂ કરુ છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૭ રજૂ કરવામાં આવી.**

**શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૮ રજૂ કરુ છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૮ રજૂ કરવામાં આવી.**

**શ્રી ચંદુભાઈ ડાભી :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક:૨૯ રજૂ કરુ છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૯ રજૂ કરવામાં આવી.**

**શ્રી કુંવરજીભાઈ ન. હળપતિ :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૩૦ રજૂ કરુ છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૩૦ રજૂ કરવામાં આવી.**

**શ્રી લાલસિંહ ઉ. વડોદીયા :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક:૩૧ રજૂ કરુ છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૩૧ રજૂ કરવામાં આવી.**

**શ્રી દેવજીભાઈ ગો. ફતેપરા :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૩૨ રજૂ કરુ છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૩૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી બચુભાઈ ના. કિશોરી :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક:૩૩ રજૂ કરુ છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૩૩ રજૂ કરવામાં આવી.**

**સન ૨૦૧૧-૨૦૧૨ના વર્ષના અનુદાનો માટેની માગણીઓમાંની મંગળવાર, તા ૨૨ -૩-૨૦૧૧(બીજી બેઠક) (નવમા દિવસ)ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપદરખાસ્તોની એકત્રિત યાદી.**

| અ.નં. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રુા. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | | **અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ**<br>**માગણી નં.૨૨** | |
| ૧. | ૩૪૫૬-નાગરિક પુરવઠા<br>૦૦૧-નિદેશ અને વહીવટ<br>રૂા.૨૯,૭૭,૫૬,૦૦૦<br>અં.પ્ર.નં.૭<br>પા.નં.૨૦ થી ૨૬ | ૧૦૦ | રેશનકાર્ડ કાઢી આપવામાં ચાલતી ગેરરીતિઓ નિવારવામાં તંત્રની ઉદાસીનતા | ર્ડા. અનિલભાઈ જોષીયારા |
| ૨. | -- " -- | ૧૦૦ | નવા રેશનકાર્ડમાં જાતિનો ઉલ્લેખ દૂર કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી મણીભાઈ પટેલ |
| ૩. | -- " -- | ૧૦૦ | નાગરિક પુરવઠા કચેરીઓમાં થતી ગેરરીતિઓની ફરીયાદોનો નિકાલ લાવવામાં અને જવાબદારો સામે પગલાં ભરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ઈકબાલભાઈ પટેલ |
| ૪. | -- " -- | ૧૦૦ | નાગરિક પુરવઠા નિયામક હસ્તકની કચેરીઓમાં પૂરતા સ્ટાફની નિમણૂંક કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પરેશભાઈ વસાવા |
| ૫. | -- " -- | ૧૦૦ | અનાજના સંગ્રહખારો સામે સખ્તાઈથી પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા |

| | | | | |
|---|---|---|---|---|
| ૬. | -- " -- | ૧૦૦ | નાગરિક પુરવઠા નિયામક કચેરીની કામગીરીને સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી હીરાભાઈ પટેલ |
| ૭. | -- " -- | ૧૦૦ | રાંધણ ગેસના સીલીન્ડરોના થતાં કાળાબજાર અટકાવવા માટે સંગ્રહખોરોને ત્યાં દરોડાઓ પાડવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પુનાભાઈ ગામીત |
| ૮.* | -- " -- | ૧૦૦ | રાંધણ ગેસ સીલીન્ડરોની ચકાસણી કરી એકસપાયરી ડેટવાળા સીલીન્ડરો જપ્ત કરવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૯. | -- " -- | ૧૦૦ | નવી શરૂ થયેલ ફૂડ હેલ્પ લાઈન વાસ્તવિકરીતે કાર્યરત રહે તેવી વ્યવસ્થા ગોઠવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી જયેશભાઈ રાદડીયા |
| ૧૦. | -- " -- | ૧૦૦ | ભાવ નિયંત્રણ અંગેના સરકારી હુકમની અવગણના કરતી ગેસ એજન્સીઓ સામે પગલાં ભરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ચંદુભાઈ ડાભી |
| ૧૧. | -- " -- | ૧૦૦ | જીવન જરૂરી ચીજવસ્તુઓના વધતા ભાવોને અંકુશમાં રાખવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અમિતકુમાર ચાવડા |
| ૧૨. | -- " -- | ૧૦૦ | ગ્રાહકો પાસેથી એમ.આર.પી. કરતાં વધુ ભાવો લેતા વેપારીઓ સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બાવકુભાઈ ઉંધાડ |
| | | **માગણી નં. ૨૩** | | |
| ૧૩. | ૨૪૦૮-ખાદ્ય........વ્યવસ્થા<br>૦૧-ખોરાક<br>૦૦૧-નિદેશ અને વહીવટ<br>રૂા.૪૦,૨૯,૯૩,૦૦૦<br>અં.પ્ર.નં.૭<br>પા.નં.૮ થી ૧૦ | ૧૦૦ | વ્યાજબી ભાવની દુકાનોમાં સમયસર અને પૂરતું અનાજ મળે તેવું આયોજન ગોઠવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી શૈલેષ પરમાર |
| ૧૪. | -- " -- | ૧૦૦ | દાહોદ જિલ્લાના ફતેપરા તાલુકામાં આવેલ સસ્તા અનાજની દુકાનો ઉપરથી અસામાજિક તત્વોનો અંકુશ દૂર કરવા અને આવા તત્વોને છાવરનારા જવાબદારો સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી દીતાભાઈ મછાર |
| ૧૫. | -- " -- | ૧૦૦ | ગ્રામીણ વિસ્તારોમાં સસ્તા અનાજની દુકાનોમાં અપાતાં પુરવઠાની ચકાસણી કરવામાં અને કાળાબજાર થતા અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી રાજેન્દ્રસિંહ પરમાર |
| ૧૬. | -- " -- | ૧૦૦ | વ્યાજબીભાવની દુકાનોના દુકાનદારોના પ્રશ્નોનું નિરાકરણ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી રામસિંહ પરમાર |
| ૧૭. | -- " -- | ૧૦૦ | ગ્રામ્ય વિસ્તારોમાં નજીકના સ્થળે વ્યાજબી ભાવની દુકાનોની ફાળવણી કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી રાઘવજીભાઈ પટેલ |
| | | **પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ**<br>**માગણી નં.૬૯** | | |
| ૧૮. | ૨૨૫૧-સચિવાલય....સેવાઓ<br>૦૯૦-સચિવાલય<br>રૂા.૯,૪૬,૫૦,૦૦૦<br>અં.પ્ર.નં.૧૯<br>પા.નં.૨૫ અને ૨૬ | ૧૦૦ | ગરીબ કલ્યાણ મેળાઓ માટે ભાડે લેવાયેલ એસ.ટી.બસોના ચૂકવાયેલ ભાડા અંગે યોગ્ય ખુલાસો કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મોહનસિંહ રાઠવા |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૯. | -- " -- | ૧૦૦ | ગરીબ કલ્યાણ મેળાઓમાં સ્થાનિક ધારાસભ્યોને આમંત્રણ આપવાના પરિપત્રનો અમલ ન કરનાર તથા પરિપત્ર પ્રસિધ્ધ નહીં કરનાર જવાબદાર અધિકારીઓ સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી માનસિંહ ચૌહાણ |
| ૨૦. | -- " -- | ૧૦૦ | જિલ્લા પંચાયતો દવારા ગેરકાયદેસર બાંધકામવાળા દબાણો દૂર કરવામાં આચરવામાં આવતી ભેદભાવભરી નીતિ નિવારવામાં તંત્ર નિષ્ફળતા | શ્રી કુંવરજીભાઈ હળપતિ |
| ૨૧. | -- " -- | ૧૦૦ | જિલ્લા / તાલુકા કક્ષાએ ગરીબોને ૧૦૦ ચો.વારના મફત પ્લોટની ફાળવણી કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી લાલસિંહભાઈ વડોદીયા |
| ૨૨. | -- " -- | ૧૦૦ | પંચાયત વિભાગ અને તેના હસ્તકની તમામ જિલ્લા કચેરીઓની કામગીરીને સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી વજેસિંગભાઈ પણદા |
| ૨૩. | -- " -- | ૧૦૦ | રાજયમાં યોજવામાં આવેલ ગરીબ કલ્યાણ મેળાઓના નામે થતી ગેરરીતિઓ નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી જીતુભાઈ ચૌધરી |
| ૨૪. | -- " -- | ૧૦૦ | ગરીબ કલ્યાણ મેળાના નામે જાહેર મંચો ઉપર ગરીબોનુ થતું અપમાન અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ઈશ્વરભાઈ વહીઆ |
| ૨૫. | -- " -- | ૧૦૦ | ગરીબ કલ્યાણ મેળાઓમાં વ્યાપક ગેરરીતિઓ આચરનાર જવાબદારો સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મહંમદ જાવેદ પીરઝાદા |
| | | **માગણી નં. ૭૧** | | |
| ૨૬. | ૨૨૧૬-આવાસન<br>૦૩-ગ્રામગૃહ નિર્માણ<br>૧૦૨-ભૂમિહીન.......જોગવાઈ<br>રૂા.૭૭,૧૪,૦૧,૦૦૦<br>અં.પ્ર.નં.૧૯ પા.નં.૧૬ અને ૧૭ | ૧૦૦ | ગ્રામીણ ગરીબો માટે બંધાતા મકાનોની ગુણવડ્ઢાની જાળવણી કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી હરીલાલ પટેલ |
| ૨૭. | --"-- | ૧૦૦ | ગ્રામીણ ગરીબો માટે બંધાતા મકાનોના કામો સમયસર પૂર્ણ કરી લક્ષ્યાંકો સિધ્ધ કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી કિરણકુમાર મકવાણા |
| ૨૮. | ૨૨૧૬-આવાસન<br>૦૩-ગ્રામ ગૃહ નિર્માણ<br>૧૦૩-આવાસન બોર્ડને સહાય<br>રૂા.૭,૯૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૧૯ પા.નં.૧૮ | ૧૦૦ | ભૂમિહીન મજૂરો અને હળપતિ આવાસન બોર્ડને પૂરતી નાણાકીય સહાય આપવામાં તંત્રની ઉદાસીનતા | શ્રીમતી ચન્દ્રિકાબેન બારીયા |
| ૨૯. | ૨૨૧૬-આવાસન<br>૦૩-ગ્રામગૃહ નિર્માણ<br>૮૦૦ - અન્ય ર્ખચ<br>રૂા.૭૩,૧૨,૫૦,૦૦૦<br>અં.પ્ર.નં.૧૯ પા.નં. ૧૯ | ૧૦૦ | ઈન્દિરા આવાસન યોજનાના લક્ષ્યાંકો સમયસર પૂર્ણ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ચંદુભાઈ ડાભી |
| ૩૦. | ૨૫૦૫- ગ્રામીણ ..... રોજગાર<br>૦૨- ખાસ...... કાર્યક્રમ<br>૧૦૧- રાષ્ટ્રીય...... કાર્યક્રમ | ૧૦૦ | નેશનલ રોજગાર ગેરંટી યોજના હેઠળ શ્રમિકોને જોબ કાર્ડ અપાયેલ હોવા છતાં રોજગારી આપવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી કુંવરજીભાઈ હળપતિ |

| | | | | |
|---|---|---|---|---|
| | રૂા. ૭૬,૯૯,૨૨,૦૦૦<br>અં.પ્ર.નં.૧૯<br>પા.નં.૪૨ | | | |
| ૩૧. | -- " -- | ૧૦૦ | કેન્દ્ર સરકાર તરફથી નેશનલ રોજગાર ગેરંટી યોજના અન્વયે ફાળવાયેલ રકમ પૂરેપૂરી વાપરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી લાલસિંહભાઈ વડોદીયા |
| ૩૨. | -- " -- | ૧૦૦ | નેશનલ રોજગાર ગેરંટી યોજનામાં ગેરરીતિઓ આચરતા જવાબદારો સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી દેવજીભાઈ ફતેપરા |
| ૩૩. | -- " -- | ૧૦૦ | દાહોદ જિલ્લામાં ફતેપરા તથા અન્ય તાલુકાઓમાં નેશનલ રોજગાર ગેરંટી યોજના હેઠળ જે શ્રમિકોને કામ આપી શકાયુ નથી તેઓને રોજગારી ભથ્થુ ચૂકવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બચુભાઈ કિશોરી |

*** આ કાપ દરખાસ્તો સભાગૃહમાં રજૂ થઈ શકી નહીં.**

**અધ્યક્ષશ્રી:** હવે કાપ દરખાસ્ત અને માગણીઓ પર ભેગી ચર્ચા કરવામાં આવશે.

**શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા(મેઘરજ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણી ક્રમાંક: ૬૯ અને ૭૧ લઈને આવ્યા છે એના ઉપર મારા વિચારો રજૂ કરવા માટે આ સન્માનનીય ગૃહ સમક્ષ ઉપસ્થિત થયો છું. ભારત દેશ આઝાદ થયો એ વખતે જે પરિસ્થિતિ હતી એ પરિસ્થિતિનો લંબાણપૂર્વક વિચાર કરતા ગામડાનો વિકાસ થાય તો જ ભારતનો વિકાસ થાય એ ધ્યાને રાખીને મહાત્મા ગાંધીજીએ ગ્રામ સ્વરાજયની વાત કરી હતી અને ગ્રામ્ય સ્વરાજયની વાત, ગ્રામ સ્વરાજયનો વિચાર ભારતે સુપેરે આવકાર્યો હતો. સવિશેષ કરીને ગાંધીજીની જન્મભૂમિ ગુજરાતે સવિશેષ આવકાર્યો. સ્વતંત્ર ગુજરાત થયા પછી બળવંતરાય મહેતા સમિતિની રચના થઈ, એ બળવંતરાય મહેતા સમિતિનું એક સૂચન હતું, ગ્રામીણ વિકાસના સર્વ કાર્યો સ્થાનિક સંસ્થાની સંપૂર્ણ સત્તા હેઠળ હોય, સરકાર આ ફરજમાંથી પોતાને સંપૂર્ણ બાકાત રાખશે, આના અનુસંધાને વધુમાં ભારતના ભૂતપૂર્વ વડાપ્રધાન સ્વ. રાજીવ ગાંધીએ બંધારણમાં ૭૩ અને ૭૪મો સુધારો કર્યો અને એ દ્વારા સ્થાનિક સત્તાના અને ખરા ભાગીદાર બનવાનો પ્રયત્ન કર્યો હતો. ગુજરાત પંચાયત અધિનિયમની મુખ્ય વિશિષ્ટતા પંચાયતી રાજ દાખલ કરવાનો આશય, સત્તાનું વિકેન્દ્રીકરણ કરવાનો હતો પરંતુ આજે જોઈએ છીએ તો સત્તાનું કેન્દ્રીકરણ સતત થઈ રહ્યું છે. ખાસ કરીને કેન્દ્ર સરકારે જે ૭૩મો સુધારો કર્યો એ અનુસંધાને આજથી લગભગ ૧૮ વર્ષ પહેલા ૧૯૭૩માં ગુજરાતનો પંચાયતધારો અમલમાં આવ્યો એ મુજબ આજે આપણે મહિલા અનામતની વાતો કરીએ છીએ, ગરીબ સમાજની વાત કરીએ છીએ, આદિજાતિની વાત કરીએ છીએ, અનુસૂચિત જનજાતિની વાત કરીએ છીએ પરંતુ એ સુધારાના કારણે ગુજરાતમાં ૩૩ ટકા મહિલા અનામત હોય, દર ૫ વર્ષે ચૂંટણી નિયમિત હોય કે અનુસૂચિત જાતી કે જનજાતિના વર્ગોની વસ્તી પ્રમાણે બેઠકો નક્કી કરી હોય તો આભાર માનો અને એને માટે અભિનંદન તત્કાલીન સરકારને આપવા પડે, લોકશાહીની વાતો કરીએ છીએ, આ સન્માનનીય ગૃહમાં લોકશાહીની બહું મોટી વાતો સાંભળીએ છીએ પરંતુ મને કહેવાનું મન થાય છે કે લોકશાહી કોને કહેવાય, લોકશાહીનો મતલબ ગુજરાતના ગાંધીનગરના ગામડાને જે લાભ મળે છે એ જ લાભ મારા મતવિસ્તાર મેઘરજનું ઉંડવા હોય સાબરકાંઠા જિલ્લાનું કે પેલી બાજુ વિજયનગર હોય કે પેલી બાજુ બનાસકાંઠા હોય, કચ્છ હોય કે સૌરાષ્ટ્ર હોય કે દક્ષિણનું કોઈપણ ગામ એનો સમતોલ વિકાસ થવો જોઈએ પરંતુ અત્યારે પરિસ્થિતિ એ છે, અહીંયા વિકાસ થાય છે પણ સામાન્ય જનતાને, સામાન્ય ગામડાને છેવાડાના ગામડાને વિકાસનો લાભ મળતો નથી.એનું કારણ જો હોય તો માત્રને માત્ર કેન્દ્રીયકરણ કરવામાં આવ્યું છે એના કારણે આ થઈ રહ્યું છે. દેશના ઘડવૈયાઓએ જે નીતિ કરી હતી કે જિલ્લા અને તાલુકાઓનો યોગ્ય વિકાસ થાય. પરંતુ આજે આના કારણે આજે તેનો વિકાસ યોગ્ય રીતે થતો નથી. ખાસ કરીને પંચાયતી રાજ થકી વિકાસ થયો હોત તો પંચાયતના પદાધિકારીઓ, આજે ગૃહમાં દુ:ખ સાથે કહેવું પડે છે કે પંચાયતના પદાધિકારીઓ પાસે આજે કોઈ સત્તા નથી. સત્તા તો સીધી પંચાયત મંત્રી પાસે આવી ગઈ છે. એક સમય એવો હતો કે સમગ્ર દેશમાંથી અલગ અલગ રાજ્યોમાંથી પદાધિકારીઓ અને અધિકારીઓ પંચાયતી રાજની વ્યવસ્થા જોવા માટે ગુજરાતમાં આવતા હતા. પરંતુ આજે જોઈએ તો પંચાયતી રાજની વ્યવસ્થા ભાંગીને ભૂક્કો થઈ ગઈ છે. પંચાયતનું મહત્ત્વનું એકમ જિલ્લા પંચાયત છે. જિલ્લા પંચાયતના પ્રમુખ પાસે કઈ સત્તા છે એ કહો તો ખરા? એક પણ સત્તા એની પાસે નથી. હું ગાંધીનગર જિલ્લા પંચાયતનો પ્રમુખ હતો અને અવાર નવાર પંચાયત પરિષદની બેઠકમાં જવાનું થતું હતું. માનનીય મંત્રીશ્રી પણ બેઠકમાં આવતા હતા. સતત રજૂઆતો એક ધારી ચાલતી, બધી જિલ્લા પંચાયતો, સમગ્ર રાજ્યની જિલ્લા પંચાયતોના પ્રમુખો આવતા ત્યારે કહેતા કે ડી.ડી.ઓ.

અમારું સાંભળતા નથી. અમારે શું કરવું? એથી વિશેષ હું કહીશ કે આમાં ચૂંટાયેલા ભારતીય જનતા પાર્ટીના પ્રમુખો પણ હતા. ખાસ કરીને એ વખતે આવેદનપત્ર પણ પંચાયત પ્રમુખોએ આપેલું અને જે માગણી મૂકી હતી એ પાંચ વર્ષ પછી આજે પણ પ્રશ્નો એના એ જ વણઉકલ્યા છે. ખાસ કરીને પંચાયત પદાધિકારીઓ ચૂંટાય તો પોતાના વિસ્તારના વિકાસની અને વહીવટના પ્રશ્નોને ઉકેલવાની વાતો કરતા હોય છે. અહીંથી સીધા અધિકારીઓ મૂકે છે એ એમની રીતે કામગીરી કરે છે અને સરકાર સરકાર પોતાનું ધાર્યું કરવાની દિશામાં જતી જોવા મળે છે. ખાસ કરીને પંચાયત પ્રમુખ પાસે વહીવટ ન હોય તો જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતના સભ્યો પાસે શું આશા રાખી શકો એ પરિસ્થિતિનું નિર્માણ થયું છે. જો આવું જ ચાલતું રહેશે તો ભવિષ્યમાં કોઈ પંચાયતની ચૂંટણી જ લડશે નહીં એ દિશામાં ગુજરાત જઈ રહ્યું છે. ખાસ કરીને પંચાયતના આરોગ્ય વિભાગની વાત કરીએ તો આપણે બધા આરોગ્યની ખૂબ ચિંતાઓ કરીએ છીએ. મોટી મોટી વાતો કરીએ છીએ. પંચાયત વિભાગના દવાખાનાઓમાં ડૉકટરો છે ખરાં ? એક પણ જિલ્લો બાકી નહીં હોય કે જ્યાં ડૉકટરોની ઘટ નહીં હોય. આ પરિસ્થિતિ સમગ્ર ગુજરાતની છે. પરિસ્થિતિ એવી પેદા થઈ છે કે ગામડામાં રહેતો માણસ એક તો દિવસે લાઈટ આપતા નથી, રાત્રિએ લાઈટ આપે અને એ ખેતરમાં જાય અને એને કોઈ જાનવર કરડે તો રાત્રે ડૉકટર દવાખાનામાં હોતો નથી. કદાચ કોઈ બેનને અડધી રાત્રે ડિલિવરીનો પ્રસંગ આવ્યો હો તો એ પ્રસૂતિ કરાવવા ક્યાં જાય? આપણે સંસ્થાકીય પ્રસૂતિની વાતો કરીએ છીએ પણ આપણે કયા આરોગ્યની વાતો કરીએ છીએ? એ જ પરિસ્થિતિ ખેતીવાડી વિભાગની છે. જિલ્લા પંચાયત હસ્તક ખેતીવાડી વિભાગમાં ખેતીવાડી અધિકારી ધ્યાન રાખતા હોય છે. હમણાં જ મારા સાબરકાંઠા જિલ્લા વિસ્તારમાં મેઘરજમાં બટાકાના બિયારણનું વિતરણ કરવામાં આવ્યું. એમને એટલી ખબર નહીં હોય કે બીન પિયત અને પથરાળ જમીનમાં બટાકા ન ઊગે? કરોડો રૂપિયાનો ભ્રષ્ટાચાર થયો એનો કોઈ ઉકેલ નથી. હું એકલો નથી કહેતો, ભારતીય જનતા પાર્ટીના પદાધિકારીઓ અને કોંગ્રેસના પદાધિકારીઓ ફરિયાદ કરે છે. છતાં આનો ઉકેલ નથી આવ્યો. ખાસ કરીને ખેતીવાડી વિભાગની બીજી વાત કરું તો કેન્દ્ર સરકાર દ્વારા સમગ્ર રાજ્યમાં રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજના અન્વયે અંદાજિત ૫૪૦ સ્વ સહકારી મંડળીઓને મફત ટ્રેકટરનું વિતરણ કરવામાં આવ્યું. એનો ઉપયોગ નહીં નફો નહીં નુકસાનના ધોરણે ખેડૂતોએ કરવાનો હતો. પરંતુ દુઃખની વાત છે કે ૫૪૦ ટ્રેકટરો માટે ૨૧ કરોડની ગ્રાન્ટ કેન્દ્ર સરકારે ફાળવી એની સામે રાજ્ય સરકારે ૧૨ ટકા ટેક્સ ઉઘ ારાવ્યો. આશરે ૩ કરોડ જેટલો ટેક્સ ઉઘરાવ્યો અને ખેડૂતોના ભલાની વાતો કરીએ છીએ. એ જ પ્રમાણે શિક્ષણ વિભાગની વાત કરીએ તો ઘણી બધી શાળાઓમાં જરૂરી વીજળીકરણ નથી, સેનિટેશન નથી. રૂમોની કે ઓરડાની વ્યવસ્થા નથી. બહેનો જ્યાં શિક્ષકો હોય છે એને શરમમાં મુકાવું પડે એવી પરિસ્થિતિમાં આવતા હોય છે ત્યારે (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, હજુ તો ઘણું બધું કહી શકાય તેવું છે પણ છેલ્લે એટલી વાત મારી કહીશ કે લગભગ મહિનાથી વિધાનસભાની ચર્ચાઓ સાંભળતો આવ્યો છું. ગાંધીજીના વિચારો સમગ્ર વિશ્વે અને ગુજરાતે આવકાર્યા છે. ગાંધીજીએ એક વાત કરી હતી કે, પ્રતિક દ્વારા ખોટું જોવું નહિ, ખોટું સાંભળવું નહિ, ખોટું બોલવું નહિ. પરંતુ માનનીય અધ્યક્ષશ્રી, આ સરકાર તો સાચુ સાંભળતી નથી, સાચુ બોલતી નથી અને સાચુ જોતી નથી. એટલે હું આ માગણીને ટેકો આપી શકું તેમ નથી.

**શ્રી ભુપેન્દ્રભાઈ ગ. લાખાવાલા(વડોદરા શહેર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી અન્ન અને નાગરિક પુરવઠાની માગણી નંબર ૨૨ અને ૨૩ લઈને આવ્યા છે એને હું મારું સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, અન્ન અને નાગરિક પુરવઠો અને ગ્રાહકોનો આ વિભાગ રાજ્યના અને દેશના જન જનને સ્પર્શતો આ વિભાગ છે. મિડલ ઈન્કમ ગૃપનો નાગરિક છે, રાજ્યનો લોઅર ઈન્કમ ગૃપનો નાગરિક છે એને પોતાની માસિક આવકમાંથી પોતાનું બજૅટ એડજેસ્ટ કરવું પડતું હોય છે. દરેક નાગરિક પોતાની પ્રાયોરિટી પોતાના બજૅટમાંથી અન્ન અને નાગરિક પુરવઠાને આપતો હોય છે અને ત્યાર બાદ પોતાની અન્ય જરૂરિયાતો હોય છે એને પ્રાયોરિટી આપે છે. ભૂતકાળના વર્ષો યાદ કરીએ તો સ્વ. શ્રીમતી ઈન્દિરા ગાંધીનું શાસન હતું. મને યાદ છે કે એ સમયમાં રેશનિંગમાં અમેરિકન લાલ ઘઉં અપાતા હતા અને એની પણ શોર્ટેઝ રહેતી હતી, પછી એ કરોસીનની શોર્ટેઝ હોય કે ખાંડની શોર્ટેઝ હોય એ એક સમય હતો. એક સમય એવો પણ હતો સ્વ. મોરારજીભાઈ દેસાઈનો કે એ સમયમાં રેશનકાર્ડ લોકો ભૂલી ગયા હતા. રેશનકાર્ડ લોકોએ માળિયે ચઢાવી દીધા હતા. કોઈને ખબર નહોતી કે રેશનકાર્ડ છે અને જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ સરળતાથી મળતી હતી. વાજબી ભાવની દુકાનો તો બંધ થઈ ગઈ હતી, તાળા વાગી ગયા હતા અને સસ્તી મળતી હતી એવો પણ એક સમય આ દેશના અને આ રાજ્યના નાગરિકોએ જોયો છે. NDAના શાસનની વાત કરું તો આદરણીય બાજપાયીજીના સમયમાં જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ સસ્તી મળતી હતી, મોંઘવારી પર કંટ્રોલ હતો અને સરળતાથી મળતી હતી. ઈન્ફ્લેશન રેટ એકદમ કંન્ટ્રોલમાં હતો એવો NDAનો સમય રહ્યો. UPAના શાસનની વાત કરું તો જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ આજે જે રીતે કૂદકે ને ભૂસકે એના ભાવ વધી રહ્યાં છે. એ આપણે જોઈ રહ્યાં છીએ અને સમજી શકીએ છીએ અને અનાજના પુરવઠામાં ઘઉંની વાત કરું તો ઘઉંનો સ્ટોરેજ વધારે હતો. ઘઉં ચોમાસામાં સડી ગયા અને એ સડી ગયેલા ઘઉંને છેવટે UPAની સરકારમાં દરિયામાં નાંખી દેવા પડ્યા આ સમય પણ આપણે જોઈ રહ્યાં છીએ. જેને કારણે ભાવ વધારો કંન્ટ્રોલ બહાર છે ત્યારે હું ખાસ તો રાજ્યના અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ અને ગ્રાહક

સુરક્ષા વિભાગની વાત કરવા માટે ઊભો થયો છું. જે સરળતાથી આપણા રાજ્યમાં પુરવઠો અને ડિમાન્ડ અને એનો સપ્લાય જળવાઈ રહ્યો છે એ ખરેખર અભિનંદનને પાત્ર છે.

માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્ર સરકારના ૯ અધિનિયમો અને રાજ્ય સરકારના ૭ આદેશો પ્રમાણે આપણો અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોનો વિભાગ કામ કરી રહ્યું છે. રાજયમાં બી.પી.એલ. કાર્ડ હોલ્ડરો ૨૬ લાખ જેટલા છે અને એમાં ગ્રામ્ય વિસ્તારમાં જેની માસિક માથાદીઠ આવક ૩૨૪/- રૂપિયા અને શહેરી વિસ્તારમાં ૫૦૧/- રૂપિયા હોય એવા બી.પી.એલ. કાર્ડ હોલ્ડરોને રૅશનિંગની દુકાનેથી અનાજ આપવામાં આવે છે. રાજયમાં સસ્તા અનાજની દુકાનોમાં

**અધ્યક્ષશ્રી** : આપની પાસે બે મિનિટનો સમય છે.

**શ્રી ભુપેન્દ્રભાઈ ગ. લાખાવાલા** : માનનીય અધ્યક્ષશ્રી, હજુ તો શરૂઆત થઈ રહી છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : નહીં, આપના દંડકશ્રીએ સમય નકકી કર્યો છે.

**શ્રી ભુપેન્દ્રભાઈ ગ. લાખાવાલા** : માનનીય અધ્યક્ષશ્રી, સસ્તા અનાજની દુકાનોમાં ફોર્ટીફાઈડ આટો, ચોખા, અનાજ, ઘઉં મળી રહ્યા છે. અંત્યોદય અન્ન યોજના હેઠળ ૮.૧૦ લાખ કુટુંબોને અનાજ વિતરણ થઈ રહ્યું છે. રાજયમાં ૧૬,૭૨૩ જેટલી વાજબી ભાવની દુકાનો આવેલી છે. એમાંથી ૧૩,૪૪૯ દુકાનો જેને મોડેલ ફેર પ્રાઈસ શોપમાં રૂપાંતરિત કરવામાં આવી છે. વાજબી ભાવની દુકાનોને પંડિત દીનદયાળ ગ્રાહક ભંડાર નામાભિકરણ કરવામાં આવ્યું છે. ગ્રામ્ય વિસ્તારમાં બે હજારની વસ્તીએ આ દુકાનો આવે છે અને શહેરી વિસ્તારમાં પાંચ હજારની વસ્તીએ દુકાનો ફાળવવામાં આવી છે. ખાસ કરીને ફોર્ટિફીકેશનનો એક નવો આદર્શ આપણા રાજયમાં ઊભો થયો છે અને એમાં અંત્યોદય અન્ન યોજના હોય કે બી.પી.એલ. કાર્ડ હોલ્ડરો હોય જે રાજયમાં કાર્ડ હોલ્ડરોને ૨૬,૫૪,૫૦૦ મૅટ્રિક ટન ઘઉં અને ૩૫,૩૩,૪૨૮ મૅટ્રિક ટન ખાદ્ય તેલ ફોર્ટિફીકેશનવાળું વિતરણ કરવામાં આવે છે. આનો હેતુ એક જ છે કે, વિટામિન-એની ઊણપ હોય અને આર્યન કન્ટેઈન જેનું ઓછું હોય એને આ અનાજનું વિતરણ કરવામાં આવે છે. માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે એમને હું મારું સમર્થન આપું છું.

**અધ્યક્ષશ્રી** : અનિલભાઈ.

**શ્રી અનિલકુમાર ત્રિ. પટેલ(મહેસાણા)** : માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય પંચાયત મંત્રીશ્રી માગણી નંબર ૬૯ અને ૭૧ પંચાયત ગ્રામ ગૃહ નિમાર્ણ અને ગ્રામ વિકાસ વિભાગની જે લઈને આવ્યા છે એના સમર્થનમાં મારા વિચારો વ્યક્ત કરવા આ સનમાનીય ગૃહ સમક્ષ ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પંચાયત મંત્રીશ્રી, શહેરી વિસ્તારમાંથી કોરપોરેટ વિસ્તારમાંથી ચૂંટણી લડીને આવે છે પણ માનનીય મંત્રીશ્રીનો આત્મા એમનો જન્મ ગામડામાં થયેલો છે, એમનો વિકાસ અને ગામડા સાથેનો એમનો જે લગાવ છે એ લગાવ એ પંચાયત મંત્રીશ્રી ધ્વારા આજે જે ગ્રામ વિકાસ વિભાગને લગતી અને પંચાયતને લગતી જે યોજનાઓ આજે રાજયમાં જે કાર્યરત છે એજ બતાવે છે કે, એમને ગુજરાતના ત્રણ કરોડથી વધારાની જે વસ્તી છે જે ગ્રામ્ય વિસ્તારમાં રહે છે ત્યારે રાજયનો સર્વાંગી વિકાસ કરવાનો હોય ત્યારે ગામડાઓ પ્રત્યે દુર્લક્ષ રાખી ન શકાય એ વાત બહું સ્પષ્ટ છે અને માનનીય અધ્યક્ષશ્રી, એકવીસમી સદીમાં જ્યારે ટૅક્નૉલૉજી એ ખૂબ જ પ્રભાવિત રીતે જનજીવનને કર્યુ છે ત્યારે આ ટૅક્નૉલૉજીનો ઉપયોગ એ ગામડાઓના નાગરિકો માટે, ગામડાઓના લોકો માટે કઈ રીતે કરી શકાય એનું આયોજન એ માનનીય પંચાયત મંત્રીશ્રીએ ખૂબ જ સુંદર રીતે ઈ-ગ્રામ વિશ્વ ગ્રામ યોજના અને ઈન્ફર્મેશન ટૅક્નૉલૉજીનો ઉપયોગ કરીને જે ગુજરાતની અંદર જે જી-સ્વાન નૅટવર્ક છે એ નૅટવર્કના ઉપક્રમે સમગ્ર રાજયમાં ઈ-ગ્રામ વિશ્વ ગ્રામમાં ગુજરાતના અઢાર હજાર ગામડાઓને આ કનેકટીવીટીથી અને એમાં પણ બ્રોડ બૅન્ડ કનેકટીવીટીથી એને જોડવાનું કામ એ ઈ-કનેકટીવીટી અને ઈ-ગવર્નન્સનો જે આગ્રહ દરેક કેન્દ્ર અને રાજય સરકારો જે રાખી રહી છે એની આખાય દેશની અંદર જો સમગ્ર કોઈ પણ રાજયે આમાં જો પહેલ કરી હોય તો એ ગુજરાતની પંચાયત વિભાગે કરી છે. માનનીય અધ્યક્ષશ્રી, આજે તમામ ગ્રામ પંચાયતોને બ્રોડ બૅન્ડ કનેકટીવીટી સાથે ગુજરાત દેશનું પ્રથમ રાજય બન્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂતોને આપવાના થતા સાત/બાર, આઠ-અ, જન્મ મરણના પ્રમાણપત્રો, કેરેકટર સર્ટીફીકેટ, ટેકસ કલેકશન આ બધા જ લગભગ બે કરોડ કરતા પણ વધારે પ્રમાણપત્રો ઈસ્યુ કરવામાં આવ્યા છે આ ઈગવર્નન્સના માધ્યમ મારફતે. રાજયની ૧૩૦૦૦ ગ્રામ પંચાયતો પાસેથી પણ વીજ બીલ કનેકશનની કામગીરી હાથ પર ધરવામાં આવી છે.

**સભાપતિ શ્રી મહેન્દ્રભાઈ મશરૂ અધ્યક્ષસ્થાને**

એન.આર.જી. કે એન.આર.આઈ. સાથેના ઈન્ટરનેટના ઉપયોગથી ગ્રામજનો દ્વારા પ્રસંગોપાત વાતચીત પણ થઈ શકે એ પ્રકારનું આયોજન આ ઈગવર્નન્સના માધ્યમ મારફતે જયારે કરવામાં આવ્યું છે ત્યારે ૨૧મી સદીમાં ગુજરાતના ગામડાં એ આજે શહેરમાં જે સુવિધાઓ છે ૨૪ કલાક વીજળી, તો ગામડાંઓમાં પણ ૨૪ કલાક વીજળી, શહેરમાં પાકા રસ્તા તો ગામડાંઓ પણ દરેક પાકા રસ્તાથી કનેકટેડ, શાળાઓની પણ પૂરેપૂરી સુવિધા, ગટરની વ્યવસ્થા, શુદ્ધ પીવાના પાણીની વ્યવસ્થા. આ પ્રકારની વ્યવસ્થાને લઈને આજે ગામડાંનું જીવન શહેરી જીવનની નજીક આવી ગયું છે. વિશેષત: જે ગામડાંમાં ગરીબો રહે છે એ ગરીબોના કલ્યાણ માટેની કામગીરી પંચાયત અને ગ્રામ વિકાસ વિભાગે કરી છે એ બેનમુન છે. સરદાર પટેલ આવાસ યોજના મારફતે આવાસો માટે વર્ષ ૨૦૧૧ માટે ૧૨૮કરોડ રૂપિયાની વ્યવસ્થા કરવામાં આવે છે. અત્યાર સુધીમાં સરદાર પટેલ આવાસ યોજના

નીચે ૩૭૦૯૮૩ જેટલા મકાનો ગરીબો માટેના બાંધી આપવામાં આવ્યા છે. આ રીતે સરદાર પટેલ આવાસ યોજના અને એના માટે જયાં જયાં જમીન સંપાદનની જરૂર પડે અને જમીન સંપાદન માટે ગામતળની જરૂર પડે ત્યાં ગામતળની જમીન નીમ કરવા માટે પણ આ યોજના નીચે દસ કરોડ રૂપિયાની જોગવાઈ માળખાકીય સુવિધાઓ પૂરી પાડવા માટે આ વિભાગ દ્વારા કરવામાં આવી છે ત્યારે પંચાયત વિભાગ દ્વારા કામગીરી જે થઈ રહી છે કે દરેક ગામને પોતાનું આગવું સચિવાલય હોય અને તાલુકા સરકારનો જે કન્સેપ્ટ લઈને જે વહીવટી માળખું ભૂતકાળમાં આ પંચાયત કે આઝાદી પહેલાંથી આપણી સંસ્કૃતિનો એક ભાગ છે. પંચ ત્યાં પરમેશ્વર, ગામનું જે પંચ હોય એ ગામ અંગેના નિર્ણયો કરતું. આજે એને સુઆયોજીત રીતે પંચાયતની અંદર ગોઠવવામાં આવ્યું છે અને ૨૧મી સદીની જરૂરિયાતો છે એ જરૂરિયાતોને અનુરૂપ ગામડામાં કોઈપણ જાતના કજીયા કંકાસ ન થાય એના માટે તીર્થ ગ્રામ, સમરસ ગામ, પંચવટી યોજના, સ્વચ્છ ગામ સ્વસ્થ યોજના, સમરસ ગામ યોજના, અર્બન માળખાકીય સુવિધાઓ. દરેક તાલુકા મથકને અર્બન વિસ્તાર એટલે કે રૂરલ અને અર્બન ગ્રામ્ય વિસ્તારમાં શહેરી સુવિધાઓની યોજના દ્વારા દસ હજારથી વધારે વસ્તીવાળા ગામોનો પણ એમાં સમાવેશ કરવામાં આવ્યો છે. સર્વોદય યોજના, સર્વેક્ષણ, ગરીબ કલ્યાણ મેળા મારફતે ગામડાંમાં વસતા લાખો ગરીબોને કરોડો રૂપિયાની સહાય આપવામાં આવી છે. ચુંટાયેલા પદાધિકારીઓને પંચાયતી રાજ સંસ્થા માટે તાલીમ આપવાની બાબત અને સોફટવેર મારફત ગુજરાત પંચાયત પસંદગી મંડળ માટેનું સોફટવેર બનાવીને ગ્રામ પંચાયતનું સશકિતકરણ કરવામાં આવ્યું છે. ગ્રામ સભા પંચાયત વિભાગનું નવીનીકરણ અને રોજગાર માટેની જે યોજનાઓ છે એ બધું લક્ષમાં લેતાં પંચાયત મંત્રીશ્રી જે માગણી લઈને આવ્યા છે એમને હું મારું સમર્થન આપું છું.

**શ્રી મોહનસિંહ છો. રાઠવા(જેતપુર-પાવી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોનો વિભાગની માગણી નં. ૨૨, ૨૩ અને પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની ૬૯, ૭૧ લઈને આવ્યા છે તેના ઉપર મારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારે તો વિશેષ વાત કરવી નથી, પણ છેલ્લાં બે વર્ષમાં મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ યોજના નીચે ગુજરાતના ૧૮,૬૭૭ જેટલા ગામોને ૧૪,૭૦૦ જેટલી ગ્રામ પંચાયતોને ૧૨૬૭ કરોડ ૬૦ લાખ ૪૫ હજારની રકમ મળી. મહાત્મા ગાંધી નરેગા યોજના હેઠળ આ રકમ મળી, તેમાં નિયમ એવો હતો કે કોઈપણ ગ્રામ પંચાયતની અંદર જે લોકોને જોબકાર્ડ આપવામાં આવ્યા હતા એવા લોકો કામની માગણી કરે એવા લોકોને ૧૫ દિવસે રોજગારી આપવી, પરંતુ મારી માહિતી પ્રમાણે ૧૫ દિવસમાં રોજગારી કોઈને મળતી નથી. રોજગારી ન મળે તો તેને બેકારી ભથ્થું આપવું, પરંતુ ગુજરાતના આ ૧૪૦૦૦ જેટલી ગ્રામ પંચાયતોમાં આજસુધી કોઈને બેકારી ભથ્થું અપાયું છે ખરું? મારે તો એ જાણવું છે કે જે ગ્રામ પંચાયતની અંદર આ મહાત્મા ગાંધી નરેગા યોજના નીચે જે શ્રમિકો કામ કરતાં હતાં એ શ્રમિકોને એકએક વર્ષ સુધી એને મહેનતાણું ન મળે એવા વડોદરા જિલ્લાના કુંદલ ગામે અને ઈંટવાડા ગામે જે લોકોએ મજૂરી કરેલી તેને એક એક વર્ષ સુધી મહેનતાણું ન મળે તેવા બનાવ અત્યારે પંચાયતોમાં બની રહેલ છે. તો બેકારી ભથ્થું આપવાનો પ્રશ્ન કયાં? કેમ કે બેકારી ભથ્થું મળે તો એ લોકોને રોજગારી મળે, પરંતુ આ બધુ કરવા માટે અત્યારે મેં તો ખાલી પ્રશ્નોત્તરી જોઈ એમાં ૧૦ જિલ્લા વડોદરા, સુરત, આણંદ, ખેડા, કચ્છ પાટણ, દાહોદ, અમદાવાદ, તાપી, જૂનાગઢ આ જિલ્લામાં તલાટીઑની જગ્યા લગભગ ૫૦૦૦ જેટલી જગ્યાઓ એમાં ૧૫૦૦ તલાટીઑની જગ્યા ખાલી, ગ્રામસેવકોની જગ્યાઓ પણ ખાલી, જે તલાટી નરેગાની કામગીરી કરે જે તલાટીઓ પેઢીનામા, પંચનામા, આવકનો દાખલો, જાતિનો દાખલો, જન્મ મરણનો દાખલો, વસૂલાત એ કરવાની કાર્યવાહી જે તલાટીઓ અને ગ્રામ સેવકો જે વિકાસનાં કામમાં મહેનત કરે પણ તલાટીઑની જગ્યા ભરાતી નથી. આટલા બધા શિક્ષિત બેરોજગારો સમગ્ર ગુજરાતના ઈન્ટિરિયર વિસ્તારોમાં છે, પરંતુ આ તલાટીઑની જગ્યા વહેલામાં વહેલી તકે આ સરકારશ્રી ભરે, કારણ કે શિક્ષિત બેરોજગારની સંખ્યા એટલી બધી છે. આ તલાટી, ગ્રામ સેવકની જગ્યા ભરાતી નથી અને આ જગ્યા ભરવા માટે ઑન લાઈનથી એપ્લીકેશન કરો એમ કહેવામાં આવે, પણ ૫૮૮૪ ગામો ટ્રાયબલ વિસ્તારના હોવાથી ઑન લાઈન અરજી કરવા માટે આ જાહેરાત બહાર પડે તેની પણ આ ગામડાના લોકોને ખબર હોતી નથી, એટલે ઑન લાઈનની તારીખ જતી રહે, તેના પછી ખબર પડે તો તેની અરજી સ્વીકારતા નથી, એટલા માટે ઑન લાઈનની પ્રથા કાઢી નાખવી. અરજી કરવાની પ્રથા ચાલુ રાખવી એવી પણ મારી વિનંતી છે. પંચાયતોના વિભાજન માટે તમામ જિલ્લામાંથી ૧,૦૦૦ માણસની વસ્તી અને માણસદીઠ ૧ રૂપિયાની આવક પ્રમાણે પંચાયતોનું વિભાજન કરવા માટેની દરખાસ્ત ગુજરાત સરકાર પાસે ઘણા લાંબા સમયથી પડી છે. સાહેબ, વડોદરા જિલ્લાના મારા મત વિસ્તાર જે સુખી ડેમમાં ડુબાણમાં ગયો એવા ઉપરવાસમાં ધનપુર, અંબાકુટ, મોતીપુરા, વસંતગઢ એવા લગભગ ૬ ગામો માટે અલગ ગ્રામ પંચાયત કરવા માટે છેલ્લાં ૫ વર્ષથી મારી દરખાસ્ત વડોદરા જિલ્લા વિકાસ અધિકારીશ્રી મારફત ગુજરાત સરકાર પાસે પડેલી છે, પરંતુ એ દરખાસ્ત પણ આજસુધી વિચારાતી નથી અને ગ્રામ વિકાસ કમિશનરની કચેરી વડોદરામાં એક અધિકારી રિટાયર્ડ થવાના હતા એ રિટાયર્ડ થતા પહેલા એક સૌરાષ્ટ્રના માણસને લગભગ ૧ કરોડ રૂપિયા જેવી જુદી જુદી વાડી યોજના, વર્મિંગ કંપૉસ્ટ, ખેડૂતોને ફળાઉ વૃક્ષ એ આપવાનું કામ કરીને એ અધિકારી રિટાયર્ડ થઈ ગયા, પણ આટલી રકમ એમને ચૂકવી છે તેની તપાસ કરે તેવી મારી નમ્ર વિનંતી છે. બી.પી.એલ. ગરીબી રેખા નીચે જીવતા કુટુંબોને બી.પી.એલ.ની અંત્યોદય યોજના એ.પી.એલ. યોજનામાં ફોર્ટીફાઈડ આટા આપવાની

જોગવાઈ છે. ૧૩ કિલોની બૅગ ૨૬ રૂપિયા પ્રમાણે મળે તેમાં ચોખા મળે, ચોખા સ્પેશ્યલ, ઘઉં મળે બધુ મળે, પણ ફોર્ટીફાઈડ આટા એટલા બધા જૂના હોય છે.કે સાહેબ, એમાં ઈયરો હોય છે, ગામડાના ગરીબ લોકોને આ આટો મળે પણ એ લોકો ખાતા નથી અને ઢોરોને ખવડાવી દે છે એટલે મારી તો એટલી જ નમ્ર વિનંતી છે કે, એપીએલ યોજનામાં જે લોકોને એક વ્યકિતને બે લિટર કેરોસીન મળે, આપણા નિયમ પ્રમાણે છ વ્યકિતએ બાર લિટર કેરોસીન મળે પણ ગામડાની સરકાર માન્ય દુકાનોના સંચાલકો આ જે કોઈ કાર્ડધારકોને આ જે પ્રમાણ કેરોસીન કે અનાજ આપવાના જે ધોરણો છે એ પ્રમાણે કોઈને કેરોસીન અપાતું નથી, અને જબરજસ્ત મોટાપાયે એના કાળાબજાર થાય છે એમ તો આપણે કહીએ છીએ કે ૧૬૭૨૩ જેટલી વાજબી ભાવની દુકાનો છે, અને ૧૩૪૪૯ મૉડલ ફેર પ્રાઈસ શોપ તરીકે પણ ગુજરાતમાં નવી દુકાનો શરૂ કરી છે પરંતુ વસ્તીના ધોરણે આદિવાસી વિસ્તારોમાં જે સરકાર માન્ય દુકાનો નવી ખોલવી જોઈએ એ ખોલવા માટે અને ખાસકરીને મૉડલ ફેરપ્રાઈસ શોપ નહીંવત્ ધોરણે આદિવાસી વિસ્તારમાં છે, એ કરવા માટે પણ મારી સરકારશ્રી પાસે માગણી છે અને જે સરકાર માન્ય સસ્તા અનાજના દુકાનના જે દુકાનદારો છે એ વીસમી તારીખ પછી જ ગામડાના લોકોને આ અનાજ,ખાંડ કે કેરોસીનનું વિતરણ કરે છે એટલે મહિનાની દશમી તારીખ સુધીમાં ખાંડનું વિતરણ કરે અને કેરોસીન પણ પૂરેપૂરું મળે, પહેલાં જે. નીતિ હતી સલાહકાર સમિતિઓ ગામડામાં બનાવવાની, એ સલાહકાર સમિતિઓ બનાવવા માટેની પણ મારી માગણી છે.

માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લી વાત કહીશ કે ૪૯૦ કરોડ ભારત સરકારે બીપીએલ લાભાર્થીઓને ગેસના બૉટલ આપવા માટેની જાહેરાત કરી છે પણ ગેસના બૉટલ જે તે લોકો વાપરતા નથી માલેતુજાર લોકો જ આ ગેસના બાટલા વાપરે છે તો એની પણ તપાસ કરવા સરકારશ્રીને મારી વિનંતી છે.

**શ્રી રાજસીભાઈ વી. જોટવા(સોમનાથ)**:માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પંચાયત મંત્રીશ્રી આ ગૃહની અંદર માગણીઓ લઈને આવ્યા છે, માગણી નંબર ૬૯ અને ૭૧એના સમર્થનમાં હું મારી વાત કરવા ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગ્રામ પંચાયત કે પંચાયત જેને આપણે કહીએ છીએ કે ગામડાનું હૃદય, ગામડાનું હાર્ટ એ ગ્રામ પંચાયતથી શરૂ થાય છે અને તાલુકા પંચાયત સુધી જાય છે અને તાલુકા થી જિલ્લા પંચાયત સુધી જાય છે, મારી પૂર્વના વક્તાઓએ એ અહીયાંથી બોલતા હોય કે ત્યાંથી બોલતા હોય એમણે પોતપોતાના વિચારો પંચાયત માટે પણ આપ્યા છે પરંતુ પંચાયતની અંદર કહેવામાં આવ્યું અને હમણાં જ અમારા નાણા મંત્રીશ્રી વજુભાઈ વાળાએ બજૅટ આ ગૃહમાં રજૂ કર્યુ હતું ત્યારે વાયબ્રન્ટ તાલુકાની જે વાત મૂકી છે, એની સીધી અસરો ગ્રામ પંચાયતોના ગામડા સુધી થવાની છે. આવતા દિવસોમાં કે આવતા ચાર વર્ષની અંદર ગુજરાત સરકારે વાયબ્રન્ટ તાલુકાની અંદર લગભગ ૨૭૦૦ કરોડ ચાર વર્ષમાં જ્યારે આ સરકાર તરફથી પંચાયતો તરફ જવાના હોય ત્યારે માનનીય અધ્યક્ષશ્રી, સામાન્ય માણસ પણ સમજી શકે છે કે પંચાયત કોને કહી શકાય અને પંચાયતનો વિકાસ કેમ થઈ શકે અને ગામડાની પંચાયત કેવી હોય એ આના ઉપરથી સીધુ ફલિત થાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, એથી વિશેષ વાત મારે એ પણ કરવી છે કે, જ્યારે વિકાસનાં ફળ છેલ્લે પગથિયે છેવાડાનો માનવી બેઠો હોય એના સુધી ગુજરાતના માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મહેનત કરી અને છેવાડાના માનવી સુધી એના ફળ પહોંચાડવા માટે જ્યારે પ્રયત્ન થઈ રહ્યા છે ત્યારે આ ગુજરાત રાજયની અંદર પંચાયતી માળખું..

**સભાપતિશ્રી મહેન્દ્રભાઈ લી. મશરૂ** : વિરામનો સમય થયો છે, હવે, સભાગૃહ ફરીથી પાંચ કલાકે મળશે, આપનું પ્રવચન ચાલુ રહેશે.

**વિરામ : સાંજના ૪-૩૦ થી ૫-૦૦ વાગ્યા સુધી**

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

**શ્રી રાજસીભાઈ વી. જોટવા(સોમનાથ)** :(ક્રમશઃ) માનનીય અધ્યક્ષશ્રી : પંચાયતી રાજની ચર્ચાઓ ઘણાં મિત્રોએ કરી હતી પરંતુ મારે ટૂંકમાં પણ એક બે વાત એ કરવાની છે કે સ્વર્ગસ્થ બળવંતરાય મહેતાના સ્વપ્ના પંચાયતી રાજ કેવું હોય એ સ્વપ્નાઓ કેવા હતા, પંચાયતી રાજની સ્થાપના થઈ ત્યારે એક પૂર્વના વક્તાએ એ પણ વાત કરી કે ગાંધીજીનું સ્વપ્ન હતું કે ગામડાની પંચાયત રામ રાજય જેવી હોવી જોઈએ પરંતુ એ સ્વપ્નાઓ બધા ૩૦-૩૦ વર્ષ સુધી પંચાયતમાં કોઈને યાદ ન આવ્યા. હવે ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા પછી માનનીય મુખ્યમંત્રીશ્રીએ ચેતનવંતુ પંચાયત રાજ કેમ બનાવવું એના માટેના જે પ્રયત્ન કર્યા છે એના માટે અગાઉના વક્તાએ કહ્યું કે, સત્તાઓ નથી. પરંતુ મારે એ યાદ અપાવવું જોઈએ કે ચૂંટાયેલી જે પાંખ છે એમાં જિલ્લા પંચાયત હોય, તાલુકા પંચાયત હોય કે ગ્રામ પંચાયત એમાં જિલ્લા પંચાયતની અંદર દરેક સમિતિઓ કાર્યરત હોય છે અને ટોટલી કામ સમિતિઓની અંદર મંજૂર થાય છે અને એ સમિતિ ચૂંટાયેલી પાંખની હોય છે અને એ સત્તાઓ સમિતિને આપેલી છે અને સમિતિઓ જ કામની મંજૂરી આપે છે અને સમિતિ કોઈ પણ કામ હોય એનો મુદત વધારો આપવો હોય તો એ સમિતિ જ આપી શકે છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે ટૂંકમાં એક સમરસ ગ્રામ પંચાયતનો દાખલો આપવો છે. સમરસ ગ્રામ પંચાયત ૨૦૦૧ થી આ રાજયની અંદર માનનીય મુખ્યમંત્રીશ્રીએ સમરસ ગામ કેવું હોય? સમરસ ગામ શા માટે હોય? એની વાત જ્યારે કરતા હતા ત્યારે સમરસ ગામની અંદર લોકો સૂમેળથી રહે, સારી રીતે રહી શકે, ગામમાં કોઈ

વાદ-વિવાદ ન થાય અને સાથે મળીને પોતાનો પ્રતિનિધિ પંચાયતની અંદર ચૂંટે એને સમરસ ગ્રામ પંચાયત કહેવાય. એવી સમરસ ગ્રામ પંચાયતનું આ સરકારે એક આયોજન કર્યું છે. અને પાંચ હજારની વસતિ જે ગામની છે એમને ૧ લાખ રૂપિયા પુરસ્કાર આપવામાં આવે છે અને પાંચ હજારથી ઓછી વસતિવાળા ગામને ૫૦ હજારનો પુરસ્કાર સરકારે જાહેર કર્યો છે. આ પુરસ્કારથી ગામની અંદર ગ્રામ પંચાયતના સત્તાધીશો બેસીને ગામના વિકાસના કામમાં એ પૈસા વાપરી શકે છે. ત્યારે જ્યારે પણ વાત થાય ગ્રામ પંચાયતની ત્યારે આપણે સમરસ ગ્રામ પંચાયતને કારણે ગુજરાતમાં કેવો વિકાસ થયો છે એ જાણીને આનંદ થાય છે ત્યારે માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે એને મારું અનુમોદન આપી મારી વાત પૂરી કરું છું.

**શ્રી શિરિષકુમાર મ. શુકલ(ખંભાત)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પુરવઠા મંત્રીશ્રી પોતાની માગણીઓ લઈને આવ્યા છે તેને સમર્થન આપુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, એક જમાનો હતો મોરારજી સરકારનો કે જ્યારે લોકોને રેશનકાર્ડ શોધવાની જરૂર પડતી ન હતી અને બૂટ અને ચપ્પલના બદલામાં લોકોને ખાંડ મળતી હતી. પરંતુ અત્યારે ખેડૂતોની દુહાઈ દેનારા, સમાજના છેવટના ભાગોની જે દુહાઈ દે છે કે બી.પી.એલ.વાળાને આ નથી મળતું, બી.પી.એલ. વાળાને તે નથી મળતું એ લોકોને મારો  જવાબ છે કે સમાજમાં બધી વસ્તુ ઉપલબ્ધ હતી, ગરીબ માણસો પણ ખાઈ શકતા હતા સારી રીતે એ જમાનાની વાત કરીએ તો ત્યારે જે ટ્રેડીંગની વાત હતી એ ખાવાની વસ્તુમાં ટ્રેડીંગ થતું ન હતું પણ આ યુ.પી.એ.ની સરકારે ખાવાની વસ્તુઓનું, ખાદ્યાન્ન વસ્તુઓનું જે ટ્રેડીંગ શરૂ કર્યું અને સોદાઓ શરૂ કર્યા અને કરોડો રૂપિયા જે ભેગા કર્યા છે એ લોકોના પેટ પર લાત મારીને કરેલું કામ છે. એને વખોડી કાઢવું જોઈએ. કેન્દ્રની અંદર જ્યારે માનનીય વડા પ્રધાન મનમોહનસિંગજીએ મિટિંગ બોલાવી ત્યારે મુખ્યમંત્રીઓની મિટિંગ બોલાવી હતી ત્યારે આપણા મુખ્યમંત્રીશ્રીની આગેવાની નીચે એમણે મોંઘવારીને કાબૂમાં લેવા માટે શું કરવું જોઈએ એની એક સમિતિની રચના કરી અહેવાલ આપવા કહ્યું ત્યારે એ સમિતિના રિપોર્ટની અંદર ગુજરાતના મુખ્યમંત્રીશ્રીએ સ્પષ્ટ કહ્યું કે આ ખાદ્યાન્ન વસ્તુઓના સોદાઓ બંધ કરવા જોઈએ.આ બંધ થશે તો ગુજરાત નહિ આખા દેશની અંદર મોંઘવારી ઘટશે. હવે વાત કરું ગુજરાત રાજ્યની તો ગુજરાત રાજ્યમાં બી.પી.એલ. ધારકોની વાત છે, અંત્યોદયની વાત છે સાથે સાથે કુટુંબ માટે એ.પી.એલ. વાળાને મદદ કરવાની વાત છે, બી.પી.એલ.ની મર્યાદામાં વધારો કરીને ગુજરાત રાજ્યએ અને માનનીય મંત્રીશ્રીએ અભિનંદનીય કામગીરી કરી છે માટે આ કામ માટે હું મંત્રીશ્રીને અભિનંદન આપું છું. ખાસ કરીને જે લોકોને પોષણયુક્ત આહાર આપવો જોઈએ એવા બી.પી.એલ. ના કુટુંબો માટે જે યોજના લાવ્યા છે એ યોજનાનો અમલ થયો છે પરિણામે ગુજરાતમાં જે સામાન્ય ગરીબ માણસ છે એ પોષણક્ષમ ખાઈ શકતો નહોતો એને પોષણક્ષમ આહાર મળતો થયો છે. એને ફુડ ફોર્ટીફિકેશન કહે છે. આપણા રોજબરોજના ખોરાકમાં જરૂરી વિટામીન્સ અને પોષક તત્વોના જથ્થાને વધારવાની પ્રક્રિયાને ફુટ ફોર્ટીફિકેશન કહે છે. એના કારણે ખોરાકમાં પ્રાકૃતિક રીતે મળતા પોષક તત્વોની સાથે સાથે માનવ શરીરને જરૂરી વિટામીન્સ અને મિનરલ્સ મળે છે. ફોર્ટીફિકેશનના ફાયદા ઘણા છે. કુપોષણ સામે ફુડ ફોર્ટીફિકેશનથી કામ લેવામાં મુખ્યત્વે નીચે મુજબના ફાયદા મળે છે.

સદર પદ્ધતિમાં લોકોને ખોરાક લેવાની પ્રણાલિમાં ફેરફાર કરવાની આવશ્યકતા રહેતી નથી. ખોરાકમાં લેવાતી ચીજવસ્તુઓમાં આ પદ્ધતિથી સહેલાઈથી વિટામીન્સ, મિનરલ્સ ભેળવીને અને આ પ્રકારે તૈયાર થયેલો આટો, ખાદ્યતેલ અને બીજી ચીજ વસ્તુઓ સહેલાઈથી વિતરણ માટે મૂકી શકાય છે. આ પદ્ધતિથી ઝડપથી અને લાંબા સમય સુધી ટકી રહે એવા પરિણામો પણ મેળવી શકાય છે. ગુજરાતે ફુડ ફોર્ટીફિકેશનની નવી પહેલ દેશમાં સૌપ્રથમ કરી છે. તારીખ ૧-૨-૨૦૦૬થી રાજ્યમાં તમામ ખાદ્યતેલોમાં વિટામીન - એ અને વિટામીન -ડી ફુડ ફોર્ટીફિકેશનમાં કરવામાં આવે છે અને આ રીતે માનનીય મંત્રીશ્રી જે પોતાની માગણીઓ લઈને આવ્યા છે એને સમર્થન આપીને મારી આ વાત પૂરી કરું છું.

**શ્રી ઈકબાલ પટેલ(વાગરા)** : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યમાં ત્રિસ્તરીય ગ્રામપંચાયત, તાલુકા પંચાયત, જિલ્લા પંચાયતના માળખા દ્વારા વિકેન્દ્રીકરણ, ડિસેન્ટ્રલાઈઝેશનની વાત થઈ,. ' પાવર ટુ પીપલ ' રાજીવ ગાંધીએ કહ્યું હતું. લોકોના હાથમાં સત્તા મૂકવા માટેની વાત કરેલી, ગ્રામ પંચાયત પોતાનો વહીવટ કરે, તાલુકા પંચાયત કરે અને જિલ્લા પંચાયત કરે, પ્રજાના પ્રતિનિધિઓના હાથમાં સીધી સત્તા આપવામાં આવે એ પાછળ મુળભૂત આશય પંચાયતી રાજનો છે. આજે પરિસ્થિતિ ક્યાં જઈને ઉભી રહેલ છે?, આજે આપણે જે વાત કરીએ છીએ એ વાતમાં આપણે તો વાત કરતાં કરતાં ગ્રામ સચિવાલય સુધી પહોંચી ગયા. ગ્રામ સચિવાલય એવું રૂપાળું નામ આપી દીધું અને લોકોને એમ લાગે કે સચિવાલય એટલે કે બધી સત્તાઓ જેને કહેવાય એ સત્તાઓ ગ્રામ પંચાયત પાસે આવી જાય અને ત્યાં આગળ એમનું કામ થાય એવી જાતની એક સરસ વાત આપણે વહેતી કરી, એટલું જ નહિ સાહેબ ત્યાં આગળ પરિસ્થિતિ કેવી છે, ૧૩૬૯૫ ગ્રામ પંચાયતોને આપણે કમ્પ્યુટર્સ ફાળવ્યા અને એ કમ્પ્યુટર્સ ફાળવીને ત્યાં જ બધી નકલો મળે, ૭/૧૨, ૮/અ, ચારિત્ર્યનું પ્રમાણપત્ર, આવકનો દાખલો વિગેરે. પણ ગામડાંની પરિસ્થિતિ શું છે આજે ત્યાં એક પણ દાખલો મળી શકતો નથી, ગામોમાં કમ્પ્યુટર્સના ઓપરેટર્સ નથી, ઈન્ટરનેટની સિસ્ટમની કનેક્ટિવિટીનું કમિશનીંગ નથી, એટલા કારણે ત્યાં કતારો લાગે છે. મામલતદાર ઓફિસમાં અઠવાડિયામાં ત્રણ વાર નકલો આપવામાં આવે છે, ગ્રામ પંચાયત પરથી નકલો મળતી નથી, એના કારણે એ લોકોએ તાલુકા સુધી જવું પડે

છે. આ કયા સચિવાલયની વાત કરો છો? આ એવા તંત્રની વાત કરે છે જે તંત્રનું હાર્દ જેને કહેવાય એ કર્મચારીઓ હોય, લોકોની ચુંટાયેલી પાંખ હોય એવા જે પંચાયતોમાં અત્યારે જે વાત કરવામાં આવે છે એ પંચાયત સેવા પસંદગી મંડળની શું પરિસ્થિતિ છે, એમાં હાલમાં એક રાજકીય વ્યક્તિની નિમણૂંક કરવામાં આવી છે, ચાર જેટલી જગ્યાઓ આઠ વર્ષથી ખાલી છે અને મજબૂતીની વાત કરે છે. જે પંચાયત તંત્રમાં સેવા પસંદગી મંડળ નિમણૂંકો કરે છે અને એ બોર્ડમાં જગ્યાઓ ખાલી હોય અને નિમણૂંકો કરવાની વાત કરે તો આ કઈ રીતે પંચાયતનું તંત્ર વાયબ્રન્ટ થાય. રાજ્યમાં ૨૦ તાલુકા વિકાસ અધિકારીઓની જગ્યાઓ ખાલી છે. સાહેબ ડૅપ્યુટી ડી.ડી.ઓ.ની ૬૬ પૈકી ૪૦ જગ્યાઓ આજે ખાલી છે જે મહત્ત્વની જગ્યાઓ છે. નાયબ ચિટનીસ જે કહેવાય અતિ મહત્ત્વની જગ્યા વહીવટી કહેવાય તેની ૮૦માંથી ૫૦ જગ્યાઓ આજે ખાલી છે. તે જ પ્રમાણે સાહેબ તલાટી કમ મંત્રીઓનું ૧૧ હજાર જગ્યાઓનું મહેકમ છે અને તેની સામે ૩૫૦૦ જેટલી જગ્યાઓ આજે ખાલી છે. હમણાં મહેસૂલી તલાટીની નવી પાછી કંઈ વાત લઈને આવ્યાં. હવે મહેસૂલી તલાટીની અંદર ૧૦ ગામ વચ્ચે એક તલાટી મૂકવાના અને તે ૧૮૦૦ના મહેકમનો આજે કોઈ પત્તો નથી. સેવા પસંદગી મંડળનો જ્યાં સવાલ છે જેની સ્ક્રૂટીની નથી, જેનું લિસ્ટ તૈયાર નથી તેની નિમણૂકો કેવી રીતે થવાની છે ? એટલે ગ્રામ પંચાયતોનું વિભાજન જ્યારે કરવામાં આવે ત્યારે વિભાજનના તો ઓર્ડર કરી દે છે પણ મહેકમના તલાટીનો ઓર્ડર કરવામાં આવતો નથી. એટલું જ નહીં સાહેબ ભારત સરકારે ૧૩ નાણાંપંચોની અત્યાર સુધીમાં રચના કરેલી છે. અને તે રચનામાં સૌથી મહત્ત્વની વાત એ છે કે, ભારતના બંધારણમાં કેન્દ્રની અંદર જે આવક હોય તે આવકનો હિસ્સો રાજયોને મળે એટલા માટે જવાહરલાલ નહેરૂના સમયમાં ૨૧ ટકાની ફાળવણી કુલ આવકની ઈન્કમમાંથી રાજયોને કરવામાં આવતી હતી. આજે કઈ પરિસ્થિતિ છે ? ભારત સરકાર દ્વારા ગુજરાતની ગ્રામ પંચાયતોમાં માથાદીઠ રૂપિયા ૧૨૫/-ની ફાળવણી કરવામાં આવે છે અને ૩૨ ટકા જેટલી ફાળવણી કરવામાં આવે છે. ૧૦૦/- રૂપિયાએ ૩૨/- રૂપિયા કેન્દ્ર સરકાર રાજયના વિકાસમાં આપે છે અને છતાં પણ કેન્દ્ર અન્યાય કરે છે એવી વાત કરવામાં આવે છે. નાની નાની બાબતો માટે આ વાત કરવામાં આવે છે પરંતુ રાજયના નાણાપંચની રચના આજસુધી કરવામાં આવેલી નથી. જે નાણાપંચની રચના થયેલી છે તેમાં જશવંત મહેતા હોય, સ્વર્ગસ્થ ધીરૂભાઈ શાહ હોય કે અત્યારે ભરત ગરીવાલા હોય સાહેબ એ જે ભલામણો કરેલી તે ભલામણોનો આજ સુધી અમલ કરવામાં આવ્યો નથી. અને રાજયના નાણાપંચમાં એક વ્યકિતને મૂકી દીધી તેનાથી કોઈ પ્રશ્નનો હલ થવાનો નથી.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયનું નાણાપંચ એવું હોવું જોઈએ કે જે રાજયની આવકમાંથી ગ્રામ પંચાયતને પૈસા આપે, ગ્રામ પંચાયતને મજબૂત કરે, તાલુકા પંચાયતને મજબૂત કરે, જિલ્લા પંચાયતને મજબૂત કરે છે કોઈ ફાળવણી ? રાજય સરકારની કરોડો રૂપિયાની આવકમાંથી આજે પણ ૧૩મા નાણાપંચ દ્વારા એક પણ રૂપિયો જેને કહેવાય તે રાજયની તિજોરીમાંથી ફાળવણી કરવામાં આવતો નથી. એટલું જ નહીં સાહેબ વાયબ્રન્ટ તાલુકાની વાત કરવામાં આવી પહેલું તાલુકા સરકાર લાવ્યા. સરકારમાંથી પછી થયું કે આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો લઈ આવ્યાં. એની અંદર પેલા પ્રાંત અધિકારી બે તાલુકા વચ્ચે એક મૂકી દીધાં એટલે એમ કે વહીવટી તંત્ર વાયબ્રન્ટ થઈ જશે. કઈ રીતે વાયબ્રન્ટ થશે ? જે રાજયમાં આટલી મોટી ખાલી સંખ્યા હોય, આટલા મોટા મહેકમની સામે નિમણૂકો ના થતી હોય સાહેબ અને એ તંત્રમાં કઈ રીતે પ્રશ્નનો ઉકેલ આવશે તે આવતીકાલનો પ્રશ્નાર્થ છે. અને જે રીતે અત્યારે પંચાયતોની પરિસ્થિતિ છે તે જોતાં ગોચરમાં, ગામતળમાં કે જાહેર હેતુ માટેના દબાણોનો જે પ્રશ્ન છે આજે પણ પંચાયતો ઉકેલ કરી શકે તેમ નથી. ઈંદિરા આવાસની વાત કરીએ સાહેબ તો આટલી મહત્વની કામગીરી સોંપવામાં આવેલી હોવા છતાં પણ કેન્દ્ર સરકાર યુનિટ દીઠ ૭૫ ટકા રકમ આપે છે. ૪૫ હજાર યુનિટ ઉપર ૩૩,૭૫૦ રૂપિયા તે કેન્દ્ર દ્વારા અપાય છે. છતાં પણ તેની પ્રગતિ કેટલી છે ? માત્ર ૩૨ ટકા પ્રગતિ ચાલુ વર્ષમાં થયેલી છે. ૨૦૧૦-૧૧માં ૧,૭૭,૫૮૬/- ની સામે માત્ર ૫૭ હજાર ઈંદિરા આવાસો બાંધવામાં આવેલાં છે, તૈયાર કરવામાં આવેલાં છે. એ જ પ્રમાણે મહાત્મા ગાંધી રોજગાર ગૅરન્ટી એકટ હેઠળ આટલી બધી નોંધણી જોબકાર્ડની થયેલી હોવા છતાં પણ માત્ર ૪૦ લાખ લોકોને આપણે જોબકાર્ડ ઈશ્યુ કરેલા હતા. જોબ કાર્ડ કોને ઈશ્યુ કરવામાં આવે ? જે લોકો કામ મેળવવા પાત્ર હોય તેને. તેમાંથી માત્ર ૮ લાખ કુટુંબોને તેમાંથી જોબ આપવામાં આવેલાં છે, કામ આપવામાં આવેલું છે. માત્ર ૨૦ ટકા લોકોને આ રોજગારી મળે છે. કારણ વહીવટી તંત્ર ગતિશીલ નથી અને ખેત મજૂરોને સમયસર ચૂકવણું કરવામાં આવતું નથી. એટલું જ નહીં મારા મિત્ર રાજસીભાઈ હમણાં કહેતાં હતા, પંચાયતોના અધિકાર બાબતની વાત કરતા હતા. પંચાયતોના જે અધિકારો હતા તે વહીવટી અધિકારો આજે પણ જેને સાહેબ કહેવાય જિલ્લા વિકાસ અધિકારી જિલ્લા પંચાયતના પ્રમુખ સાથે પરામર્શ નથી કરતાં, તાલુકા પંચાયતના પ્રમુખ સાથે ટી.ડી.ઓ. પરામર્શ નથી કરતાં અધિકારીઓને બેમર્યાદિત સત્તા આપવામાં આવેલી છે. તે સત્તાની ઉપર આ લોકોએ મહોર મારી અને આજે પણ કોઈ પણ વહીવટી બાબત હોય તો પદાધિકારીઓને પૂછવામાં આવતું નથી અને કહેવામાં આવે કે પંચાયતીરાજ મજબૂત કરીએ છીએ, પણ સાચા અર્થમાં પંચાયતીરાજ મજબૂત કરવામાં આવતું નથી. એને નબળું પાડવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, ફોર્ટીફાઈડ આટાની વાત થઈ. આરોગ્ય વિભાગ આ ફોર્ટીફાઈડ આટામાં આયર્ન અને ફોલીક એસિડ અને સોયા ફ્લોરની વાત થઈ. અને વીટામીન એ એમાં મૂકાય એટલા માટે અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ આ ફોર્ટીફાઈડ આટાનું જે અત્યારે વિતરણ કરે છે, આ આટામાં પરિસ્થિતિ એવી છે કે ગુજરાતમાં

જે રીતે સીસ્ટમ એડોપ્ટ કરવામાં આવી છે, તમે ગામડામાં જઈને તપાસ કરો, જે રીતે આ લોટ આપવામાં આવે છે, એ લોટમાં એટલું બધું મોટા પાયા ઉપર કૌભાંડ ચાલે છે કે લાભાર્થીઓ સુધી આ પહોંચતું નથી. ઢોરોના મોંમાં જાય છે. પશુઓના મોંમાં આ જાય છે અને જે ઘંઉ કેન્દ્રમાંથી આટલી બધી જોરદાર રીતે આપવામાં આવે છે, એનો ઉપયોગ થઈ શકતો નથી. શા માટે તમે એવો આગ્રહ રાખો છો કે ફોર્ટીફાઈડ લોટ અહીંયા જ એનું થવું જોઈએ? શા માટે તમે અનુભવી માણસોની વાત કરો છો, જિલ્લે જિલ્લે ડી-સેન્ટ્રલાઈઝ કેમ કરતા નથી? એની પાછળ કયું કારણ છે? એટલા માટે આના ઉપર ફેરવિચારણા કરવાની જરૂર છે. રીવાઈઝ કરવાની જરૂર છે.

માનનીય અધ્યક્ષશ્રી, ફાળવણીમાં વિલંબ થાય છે અને દર માસના છેલ્લા અઠવાડિયામાં આ અનાજનો જથ્થો આપવામાં આવે છે અને જે લોકોને છેલ્લે છેલ્લે આપવાનો હોય એમાં ગરીબ માણસોની જે વ્યથા સરકારે વિચારવી જોઈએ. કેરોસીન અને અનાજના ઉપર જે વિચારવું જોઈએ એ વિચારવામાં આવતું નથી. મહિનાના પ્રથમ અઠવાડિયાથી અનાજ હોવું જોઈએ. સસ્તા અનાજની દુકાનેથી ગરીબ માણસ ચાહે ત્યારે લઈ શકે અને એમની રોજીરોટી એના ઉપર અવલંબિત છે, ત્યારે કેન્દ્ર સરકાર આટલા મોટા પ્રમાણમાં જથ્થો મોકલે છે, આટલું સબસિડીથી મોકલે છે, એ લાભાર્થી સુધી પહોંચે એની જવાબદારી રાજય સરકારની છે. રાજય સરકારે એના ઉપર કંટ્રોલ કરવો જોઈએ. લોકો સુધી માલ પહોંચે એવું કરવું જોઈએ અને આ સસ્તા અનાજની દુકાનો સરસ રીતે ચાલવી જોઈએ.

**શ્રી જયંતીલાલ પ. ભાનુશાલી(અબડાસા)** : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી જે પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ નિગમની જે દરખાસ્તો લઈને આવ્યા છે, તેને ૨૦૦ ટકા સમર્થન આપું છું.

**અધ્યક્ષશ્રી** : આપની પાસે કુલ ૪ મિનિટ છે.

**શ્રી જયંતીલાલ પ. ભાનુશાલી** : માનનીય અધ્યક્ષશ્રી, એટલા માટે આપું છું કે જે ગામડાનો વિકાસ થયો, એના માટે મારે કહેવું છે, માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ માટે કે,

"પહેરેદાર હિમાલયકે તુમ, જાકે હો તુફાન કે, સુનકર ગર્જે તુમ્હારી, સીને ફટ જાતે હૈ ચટ્ટાનોકે."

માનનીય અધ્યક્ષશ્રી, આ એટલા માટે કહેવું છે કે હું પોતે ગામડામાં જન્મ્યો. ગામડામાં મોટો થયો. ગામડામાં ભણ્યા. અગાઉના ગામડાં એ વખતે જોતાં હતા. એ વખતે કોંગ્રેસની સરકાર હતી. એ વખતે ગામડાની શું દુર્દશા હતી? મને યાદ છે કે સાંજના ટાઈમે કયાંક મા અમારી, એને પોતાને એમ થાય કે ખીચડીમાં ઘી નાંખી દેવું હોય. દીકરો બેઠો હોય અને ખીચડીમાં ઘી લઈને આવે ત્યાં લાઈટ જતી રહે એટલે ખીચડીના બદલે કઢીમાં ઘી જતું રહે. આ પરિસ્થિતિ ગામડાની હતી. અને આજે? શું પરિસ્થિતિ હતી ગામડાની? ગામડામાં પીવાનું પાણી ન હોય. આજે સરદાર આવાસની જે વાતો થાય છે, પહેલા તો આ કોંગ્રેસની સરકારની જે વાત હતી, એમાં વિભાજન થાય. હરિજન સમાજને આવાસ મળે તો ગામથી દૂર હોય. કોળી સમાજને આવાસ મળે તો ગામથી બીજી બાજુ હોય. એમને ગામમાંથી બહાર કાઢવાનું આવે. આજે તો ગમે તે સમાજનો વ્યકિત હોય, એને પ્લોટ મળે, એટલે ગામડાના ગામડામાં જ મળે. એ ગામડાના લોકો વચ્ચે રહે. ગામડાના લોકો એને સીને લગાડે અને એકબીજામાં ભેગા થઈને રહે એવી આ ગુજરાતના મુખ્યમંત્રીએ અને માનનીય નરોત્તમભાઈએ યોજના કરી.

માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૯૦ પહેલાના ગામડાની મારે વાત કરવી છે. એ ગામડાં શું હતા?

" પાણી વગર ટળવળતું ગામડું. રોડ વગરનું રડતું ગામડું.
લાઈટ વગરનું બૂઝાતું ગામડું, સૂકાઈ ગયેલી ખેતી વગરનું ગામડું,
ગરીબીથી તરફડતું ગામડું, ભય અને આતંકથી ગભરાતું ગામડું,
ભણતર વગરનું ગામડું, આરોગ્ય વગરનું ગામડું.

અને આજે નરેન્દ્રભાઈ મોદીના શાસનની વાત કરું તો ભારતીય જનતા પાર્ટીની વાત કરું તો આજે નર્મદાના નીરથી સંતુષ્ટ ગામડું, પેવર રોડવાળું ગામડું, લાઈટથી ઝબકતું ગામડું, હરિયાળી ખેતી અને લીલુંછમ ગામડું, માલામાલ થયેલ ગામડું, સુખ અને સંતોષથી નિર્ભય ગામડું,જ્ઞાનથી છલોછલ ગામડું, ૧૦૮ની સુવિધાથી ધબકતું ગામડું. તો આજે આવાં ગામડાં છે. હું ગામડામાં ભણતો હતો ત્યારે આજે માનનીય રમણભાઈ શિક્ષણ મંત્રી છે અને ૧૯૭૪-૭૫ માં અગાઉનું ભણતર કેવું હતું એની વાત કરું તો મને યાદ છે કે અમારા ગામડામાં એક વિદ્યાર્થીને ટીંગાટોળી કરીને સ્કૂલ લઈ જતા હતા એટલે ગામડાનાં એક બૂઝૂર્ગ અગ્રણી ઓટલા ઉપર બેઠા હતા તેમણે કહયું કે આ છોકરાને ભણવું નથી તો એને ના ભણવું હોય તો ટીંગાટોળી કરીને ના લઈ જાઓ. તો એ ૧૯૭૪ ની ઘટના મને યાદ છે કે ત્યારે વિદ્યાર્થીઓએ કહયું કે આ વિદ્યાર્થી નથી, આ તો માસ્તર છે અને એ સ્કૂલે જ આવતા નથી. તો આ રીતે માસ્તરને ટીંગાટોળી કરીને શાળાએ લઈ જવા પડે એવી સ્થિતિ તે વખતે હતી અને આજે શિક્ષણમાં નંબર વન આ ગામડું થયું છે. મારે કહેવું છે કે આજે ગામડું ધબકતું થયું છે અને કેન્દ્ર સરકારે આ યુ.પી.એ.ની સરકારે મોંઘવારીના ભારથી ગામડાંની પ્રજાને મારી નાંખી છે,ગામડાંના પ્રજાજનો હેરાન થઈ ગયા છે. હું એક ગરીબ છેવાડાનો માનવી એક કવિતા કરતો હતો એના શબ્દો મને યાદ છે કે,

" એક હમેં આપકી ખામોશી માર ગઈ, દૂસરી આપકી બેવફાઈ ખા ગઈ,

તીસરી હમેં• (xxxxx) (xxxxx)ગઈ,
બાકી કુછ બચા તો (xxxxx) માર ગઈ."

આ રીતે મોંઘવારીથી ત્રસ્ત થયેલા લોકો છે (સમયસૂચક ઘંટડી) હજુ તો હું લાઈટ ઉપર આવ્યો જ નથી.

અધ્યક્ષશ્રી: માનનીય જયંતીભાઈ, આપનું પ્રવચન પૂરું થાય છે, માનનીય જશુમતીબેન, આ પ્રવચન ચાલુ કરો.

**શ્રીમતી જસુબેન સ. કોરાટ(જેતપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પંચાયત મંત્રીશ્રી નરોત્તમભાઈ પટેલ પોતાના વિભાગની માગણીઓ લઈને આવ્યા છે ત્યારે તે માગણીઓને હું મારું સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણો ભારત દેશ એ ગામડાંમાં વસતો દેશ છે અને એમાં આપણું ગુજરાત એ આ દેશમાં નંબર વન રાજય બન્યું છે અને આ સમૃધ્ધ રાજયમાં વિકાસની જે ગતિ છે અને એ વિકાસની ગતિ આજે દેશમાં આ ગુજરાતની નોંધ લેવાય છે. એટલા માટે ગુજરાત નંબર વન રાજય બન્યું છે અને કેન્દ્ર સરકારમાં રહેલ સરકાર દ્વારા અનેક એવોર્ડ ગુજરાત રાજયને મળ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતનાં કુલ ૧૮ હજાર ગામડાં છે અને એ ગામડાંનો વિકાસ છે એ સીધો જ પંચાયતો સાથે સંકળાયેલ છે અને એટલા માટે જ આપણા આદરણીય મુખ્યમંત્રીશ્રીએ ગામડાંને પોતાનો હકક મળે, ગામડાંને પોતાનો સીધો વહીવટ મળે એ માટે ગામડાંને બધી જ સુવિધા મળે એના માટે રાજય સરકારે ખૂબ જ ચિંતા કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે આજે ગરીબ કલ્યાણ મેળાઓની વાત કરવી છે કે ગુજરાતમાં વસતા ગરીબ લોકોને કે જેમને આજસુધી આ દેશમાં રહેલી સરકારોએ ગરીબ લોકોને ગરીબ જ રાખ્યા હતા એક વખત આ દેશના વડાપ્રધાન સ્વ. શ્રીમતી ઈન્દિરા ગાંધીએ ગરીબી હટાવોનું સૂત્ર આપ્યું હતું અને આજે તો ગરીબી હટી નથી, પરંતુ ગરીબો જ હટી ગયા છે. આના માટેનું કોઈ નકકર શાસન આ સરકારોએ બનાવ્યું ન હતું, પરંતુ આપણા ગુજરાતના મુખ્યમંત્રીશ્રીએ અને આ સરકારે ગરીબોને ગરીબીમાંથી બહાર લઈ આવવા માટે ગરીબ કલ્યાણ મેળાઓનું આયોજન કર્યુ અને એના દ્વારા તેમને અનેક યોજનાઓ મળી અને તેમને જે સહાય મળે એ સહાય સીધી જ તેમના હાથમાં આપીને જે અત્યારસુધી વચેટીયા દલાલો હતા..એ વચેટીઆઓને દૂર કરીને સીધે સીધો ગરીબ લોકોને એમની યોજનાનો લાભ મળે છે. અને આદરણીય મુખ્યમંત્રીશ્રીએ એક નક્કર યોજના બનાવી એના કારણે ગરીબ લોકો છે એમને મળતી સહાયથી એ સમાજમાં પગભેર અને માનભેર ઊભો રહી શકે તે સ્થિતિ આ રાજયમાં થઈ છે. સમગ્ર ગુજરાતમાં ૩૫૦ જેટલા ગરીબ કલ્યાણ મેળા યોજીને (સમય સૂચક ઘંટડી) એના દ્વારા ગરીબ લોકોના હાથમાં ૪૮૫૫ કરોડ રૂપિયાની નાણાકીય સહાય ચૂકવવામાં આવી છે. જેની આ દેશે પણ નોંધ લીધી છે. આજે મારે ગૌરવ સાથે કહેવું પડે છે આ દેશની અંદર ગરીબો માટે નક્કર યોજનાઓ બનાવવી જોઈએ તો જ દેશમાંથી ગરીબી દૂર થાય તેમ છે. એક વખતના ભૂતપૂર્વ વડાપ્રધાન સ્વ. રાજીવ ગાંધી પણ કહેતા હતા કે હું દિલ્હીથી એક રૂપિયો મોકલું છું એ ઘસાતો ઘસાતો ગરીબ સુધી માંડ પંદર પૈસા જ પહોંચે છે. આ રાજયના મુખ્યમંત્રીશ્રી જે પૈસા મોકલે છે, જે યોજનાઓ બનાવી છે એના દ્વારા ગરીબ માણસોને સો એ સો ટકા પૈસા મળે છે જે યોજનાઓ બની એ રૂપિયો કે સવા રૂપિયા જેવી યોજનાનો લાભ મળે છે.

આ તબક્કે હું ગ્રામ પંચાયતો માટેની વાત કરીશ. આ વખતના બજૅટની અંદર ગ્રામ પંચાયતો સ્પર્ધાની અંદર ઊતરે એના માટે સીડ મનીની યોજના બનાવી છે. એના માટે કરોડો રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે. આજે તંદુરસ્ત હરીફાઇ કોઈને કોઈ વિભાગની અંદર થતી હોય છે. એવી સ્પર્ધા ગ્રામ્ય વિસ્તારોમાં ગ્રામ પંચાયતો દ્વારા કરીને સ્પર્ધાની અંદર ગ્રામ પંચાયતો આવે અને તાલુકા કક્ષાએ, જિલ્લા કક્ષાએ અને રાજય કક્ષાએ ગ્રામ પંચાયતો સ્પર્ધામાં ભાગ લે અને એ ખૂબ સારી રીતે બને એના માટે આ સરકારે નક્કર પગલાં લીધા છે. ગ્રામ પંચાયત અને ગામડાં માટે ખૂબ સારી વાત છે. માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે એને સમર્થન આપી વિરમું છું.

**શ્રી ખુમાનસિંહ રા. ચૌહાણ(સાવલી)** : માનનીય અધ્યક્ષશ્રી, અન્ન અને નાગરિક પુરવઠા અને ગ્રાહકો બાબતના મંત્રીશ્રી તેમની માગણીઓ લઈને આવ્યા છે ત્યારે એ માગણીઓના અનુસંધાને માનનીય મંત્રીશ્રીને કેટલુંક વિચારવા અને સુધારવાની કેટલીક બાબતો છે એ એમના ધ્યાન ઉપર આપની મારફતે મૂકવા માગું છું.

અન્નની બાબતમાં પુરવઠાની બાબતમાં ગુજરાતમાં જાહેર વિતરણ વ્યવસ્થા હતી એ તદન ભાંગી ગઈ છે. આ વ્યવસ્થા ખોરવાઈ ગઈ છે. ગરીબો માટેની આ એક જાહેર વિતરણ વ્યવસ્થા હતી, વાર તહેવારે ગરીબ માણસો, છેવાડાનો માનવી હોય એ પોતાનો તહેવાર સારી રીતે ઉજવી શકે એટલા માટે જાહેર વિતરણ વ્યવસ્થા ઊભી કરવામાં આવી હતી. આજે એક દાખલો આપું કે ફોર્ટી ફાઈડ આટો ૨૬ રૂપિયાના ભાવે બૅગ આપવામાં આવે છે. એ મને લાગે છે કે કોઈકને પોસવા માટે આ યોજના ગુજરાત સરકારે કરી છે. કોઈ આપણો ટેકેદાર હોય એને ખુશ કરવો હોય કારણ કે ચૂંટણીમાં એ મત અપાવતો હોય એવા માણસોને પોસવા માટેની ફોર્ટી ફાઈડ આટાની યોજના દાખલ કરવામાં આવી છે. વિટામીન એ, વિટામીન ડી પોષણ યુક્ત મળે, એમાંથી મળશે. આજે

• (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

અંત્યોદય કાર્ડ ધારક છે એને પણ ખબર નથી અંત્યોદયનું કાર્ડ મારી પાસે છે, એનું કાર્ડ દુકાનદાર પોતાની પાસે રાખે છે. એના નામે બૅગ ઊધરી જાય છે અને *(xxxxx) (xxxxx)એ લઈ જાય છે. આ રીતે મોટા પાયે ફોર્ટી ફાઈડ આટાની હેરાફેરી થાય છે. આજે નહિ છ મહિના પહેલા જેને એજન્સી આપવામાં આવેલી, આણંદ જિલ્લાના પુરવઠા અધિકારીએ આણંદ જિલ્લામાં પકડ્યા એનું છેક સાવલી સુધી પગેરુ આવ્યું. અને સાવલીમાં અમારે ત્યાં એજન્સી નક્કી કરવામાં આવેલી ત્યાં પકડાયું. પછી મને ખબર નથી કે શું રંધાયું અને શું થયું? કેવું થયું.

માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત કહેવા માગું છું કે આમાં ગુજરાત સરકાર ફેરવિચારણા કરે. આપણો ઈરાદો સારો હોય, યોજના સારી હોય પણ એ યોજના ગરીબ લોકો સુધી પહોંચે છે કે નથી પહોંચતી એ જોવાની જવાબદારી આપણી છે ત્યારે હું તો એમ કહીશ કે આજે જે રીતે જાહેર વિતરણ વ્યવસ્થા છે કે તદ્દન ખોરવાઈ ગઈ છે. આજે કેરોસીન ૧૨ રૂપિયા અને ૧ પૈસે એક લિટર કેરોસીન મળે, એટલા બધા તેના કાળાબજાર થાય છે. ૨૦થી ૨૫ તારીખની આજુબાજુ કેરોસીન, ખાંડ, ફોર્ટીફાઈડ આટો હોય તેનો ઉપાડ થાય એની પરમિટ મામલતદાર કચેરીમાંથી મળે અને બારોબાર એ વેચાઈ જાય. ગ્રાહકો સુધી, લોકો સુધી એ કેરોસીન પહોંચતું નથી અને તેના મારફત મોટા પ્રમાણમાં ભ્રષ્ટાચાર થાય છે. થોડા સમય પહેલાં સુરતમાંથી એક-બે મિત્રો આવેલા, મને વાત કરેલી, અમારે ત્યાં એટલા બધા મોટા પ્રમાણમાં બોગસ કાર્ડ છે કે જે મોટા પાયે એ કાર્ડ પકડાયા અને અનાજ, ફોર્ટીફાઈડ આટો અને કેરોસીન છેલ્લા કેટલાય સમયથી દુકાનદારો હોય, વચેટીયાઓ હોય તેમના મારફત મોટા પ્રમાણમાં કૌભાંડ પકડાયું. આટલા મોટા પ્રમાણમાં બોગસ કાર્ડ ઉભા કરવામાં આવે, એ કાર્ડ કોના તરફથી કાઢવામાં આવ્યા છે, એ કાર્ડ કોણે ઈસ્યુ કર્યા છે, ઈસ્યુ કરનાર કોણ અમલદાર છે, તે કાર્ડ કયાંથી બનાવવામાં આવે છે, જો તેની તપાસ કરવામાં આવે તો આખા ગુજરાતમાંથી આવા બોગસ કાર્ડ પકડાશે. દુકાનદારની પાસે અંત્યોદયના બોગસ કાર્ડ જથ્થાબંધ, મોટા પાયે છે. આખી જાહેર વિતરણ વ્યવસ્થા છે તે ગુજરાતમાં તદ્દન ફેઈલ ગઈ છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત કહીશ કે આજે ગામડાઓમાં ઇન્દિરા આવાસ અને સરદાર આવાસની યોજનાઓ ચાલે છે એટલું હલકા પ્રકારનું બાંધકામ થાય છે, લગભગ ઇન્દિરા આવાસનું મકાન ૪૫,૦૦૦નું ૭૫ ટકા કેન્દ્ર સરકાર અને ૨૫ ટકા રાજય સરકારના સહયોગથી બને છે. આજે તો • (xxxxx) ઓવરસિયર હોય અને બીજો (xxxxx)એટલું બધું તાલુકા પંચાયતની અંદર..(અંતરાય)
મારા શબ્દો પાછા ખેંચું છું. સાહેબ મારું પણ બોલ્યો છું. સાહેબ, જે દલાલોની વાત છે ત્યારે આપના મારફત કહું કે જે બાંધકામો થાય છે તેની તપાસ થવી જોઈએ એવી મારી માગણી છે.

**અધ્યક્ષશ્રી** : ખુમાનસિંહભાઈ, આપનો સમય પૂરો થયો. માનનીય વસંતભાઈ.

**શ્રી વસંતકુમાર પરથીભાઈ ભટોળ (દાંતા)** : માનનીય અધ્યક્ષશ્રી, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ મંત્રીશ્રી માગણી નં. ૬૯ અને ૭૧ લઈને આવ્યા છે તેમાં સમર્થનસહ મારી વૈચારિકતા રજૂ કરવા ઉભો થયો છું. દેશની કુલ વસતિમાંથી ૬૫ ટકા વસતિ ગામડાંની અંદર રહેતી વસતિ છે. તેમાં ગુજરાતમાં ૬૫ ટકા વસતિ એટલે લગભગ ૩.૬૫ કરોડ વસતિ ગામડાંની અંદર રહીને પોતાનું જીવન ગુજરાન ચલાવે છે. ગાંધીજીએ જ્યારે દેશ આઝાદ થયો ત્યારે એક સ્વપ્ન જોયું હતું અને એ સ્વપ્ન એટલે સ્વરાજથી સુરાજ્ય અને રામ રાજયની સ્થાપના. આજે કહેતા દુ:ખ થાય છે કે રાષ્ટ્રના આ શાસનકાળમાં લગભગ સાડાચાર દાયકા કરતાં પણ વધારે કોંગ્રેસે શાસન કર્યું છે. ત્યારે રાષ્ટ્રના અને આ રાજય સિવાયના બાકીના ગામડાંઓની દશા જોઈએ ત્યારે આપણને ખ્યાલ આવે છે કે આ રાષ્ટ્રની અંદર સાડા ચાર દાયકા કરતાં પણ વધારે જેણે શાસન કર્યું છે તેણે કઈ રીતનું શાસન કર્યું છે એ પ્રશ્ન ઉભો થાય છે ત્યારે મારે ગુજરાતના ગ્રામ વિકાસના મંત્રી અને ગુજરાત રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીને વંદન સહ અભિનંદન આપવાનું મન થાય છે અને એમને લાખ લાખ અભિનંદન આપું છું. કારણ કે આજે ગુજરાતના ગામડાં તરફ નજર કરીએ ત્યારે ગુજરાતનું ગામડું એટલે સમૃદ્ધિનું ગામડું જોવા મળે છે.

ગુજરાતના ગામડાની અંદર શહેરની જેમ દરેક પ્રકારની વ્યવસ્થા જોવા મળે છે. ભૌતિક સુખ સગવડથી યુક્ત આજે ગામડું જોવા મળે છે. રોડ હોય, રસ્તા હોય, પાણીની વ્યવસ્થા હોય, વીજળીની વ્યવસ્થા હોય કે પછી ગામની સ્કૂલ હોય આજે આ બધું સુવ્યવસ્થિત રીતે જોવા મળે છે. ગામડું છે એ ગામડાના વિકાસ માટે સૌથી મહત્ત્વનું પરિબળ છે અને ગામડાના વિકાસ માટે સૌથી મહત્ત્વનું પરિબળ હોય અને આ ગ્રામ વિકાસ કામગીરી કરે છે. એ ખૂબ જ પ્રશંસનીય કામગીરી કરે છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગ્રામ વિકાસની જુદી જુદી યોજનાઓમાં નજર કરીએ તો સરદાર પટેલ આવાસ યોજના. સરદાર પટેલ આવાસ યોજના હેઠળ સંપૂર્ણ સહયોગ રાજય સરકારનો છે એમાં એકપણ પૈસો કેન્દ્ર સરકાર આપતી નથી અને સાથોસાથ આજ સુધી રાજયની અંદર કુલ ૩,૭૦,૯૮૩ સરદાર આવાસો બનાવ્યા છે. બીજું ખાસ કરીને જોવા જઈએ તો ગ્રામ વિકાસ દ્વારા ઈ-ગ્રામ વિશ્વ ગ્રામની યોજના અમલમાં મૂકવામાં આવી છે. આજે મને જણાવતાં આનંદ થાય છે કે, ગુજરાતના ૧૩૬૩૩ ગામડાઓ ઈ-ગ્રામ વિશ્વ ગ્રામ યોજના હેઠળ કનેકટીવીટી

---

* (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

• (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

સાથે જોડાયેલ છે. ગુજરાત સરકારને એના માટે ભારત સરકારે ઘણા એવોર્ડ આપ્યા છે. હમણાં જ ટૂંક સમયમાં ભારત સરકારનું બજૅટ મંજૂર થયું એમાં સાત વર્ષ પહેલાં ગુજરાતે જે યોજના અમલમાં મૂકેલી એ ભારત સરકારમાં હમણાં આવી અને હમણાં જાહેરાત કરી કે, ભારતના બધા જ ગામડાઓ ઈ-ગ્રામ વિશ્વ ગ્રામ સાથે જોડવામાં આવશે. એ જ દેખાઈ આવે છે કે, ગુજરાત કેટલું પ્રગતિશીલ બન્યું છે. ગુજરાતના આ ઈ-ગ્રામ વિશ્વ ગ્રામ, બ્રોડ બૅન્ડ કનેકટીવીટી હોય, ૭/૧૨ અને ૮-અના ઉતારા હોય, જન્મ-મરણના દાખલા હોય, વીજ બિલ હોય કે કનૅક્શન હોય એ એના અંદરથી મળે છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયમાં તીર્થ ગ્રામ- પવિત્ર ગ્રામની યોજના અમલમાં મૂકવામાં આવી છે. જેમાં જે ગામમાં પાંચ વર્ષમાં એકપણ કેસ ન થયો હોય તો એને તીર્થ ગ્રામની યોજનામાં મૂકવામાં આવે છે અને જે ગામમાં દસ વર્ષમાં એકપણ કેસ ન થયો હોય તો તેને પવિત્ર એટલે કે પાવન ગામની અંદર મૂકવામાં આવે છે.. માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે એને સમર્થન આપી એમાં મારો સૂર પુરાવું છું.

**શ્રી મહેન્દ્રભાઈ લી. મશરૂ(જુનાગઢ)** : માનનીય અધ્યક્ષશ્રી, અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ તથા પંચાયત અને ગ્રામ વિકાસ વિભાગની જે માગણીઓ લઈને માનનીય મંત્રીશ્રી આવ્યા છે એમાં હું મારું સમર્થન આપું છું અને એના સમર્થનમાં મારી વાત રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, નાગરિક પુરવઠા અને ગ્રામ વિકાસ વિભાગની અને એમાં ખાસકરીને ગ્રાહકોની રાજય સરકાર તરફથી જે ચિંતા કરવામાં આવે છે એના બાબતે ૨-૩ વાત કરવા માગું છું. ગ્રાહકોને સામાન્ય રીતે વેપારીઓ ભગવાન તરીકે પૂજે છે, માને છે. મોટા ભાગના વેપારીઓ હંમેશાં ગ્રાહકોને માન આપે છે અને એની ચિંતા પણ કરતા હોય છે. પરંતુ કેટલાક લોભી પ્રકૃતિના લોકો ગ્રાહકોને કેટલીક રીતે છેતરતા હોય છે અને એમાંથી મૂકિત આપવા માટે રાજય સરકાર ખૂબ જ ચિંતિત છે. તેઓ ગ્રાહકોને ત્રણ રીતે છેતરાય છે. ખોટી લોભામણી જાહેરાતો દ્વારા, ઓછા તોલમાપથી અને ભેળસેળવાળી વસ્તુઓથી, ૨૦૦૪થી ગ્રાહકો સુરક્ષા બાબતને કાનૂની માપ વિજ્ઞાન અને કાનૂની માપ વિભાગ સાથે જોડવામાં આવે છે. જે ગ્રાહકોમાં જાગૃતિ આવે અને ફરિયાદોના નિરાકરણની કામગીરી કરે છે. નાગરિકોની તોલમાપ બાબતની સુખાકારી માટે રાજય સરકાર ખૂબ ચિંતિત છે. અને તે માટે તોલમાપ વિજ્ઞાન દ્વારા કાયદાની રક્ષણ મળી રહે તે માટે કેટલાક કડક કાયદાઓ રાજય સરકારે અમલમાં મૂક્યા છે અને તે રીતે ગ્રાહકોને સુરક્ષાની કામગીરી થાય છે. ખાસ કરીને તોલમાપ સાધનોની ચકાસણી આ વિભાગ દ્વારા કરવામાં આવે છે અને તેનો ભંગ થતો હોય તો એની સામે દંડનીય ફી વસૂલ લઈ કાર્યવાહી કરવામાં આવે છે તે રીતે એકેએક કોમોડીટી રૂલ્સ ૧૯૭૭ હેઠળ સીલબંધ પૅકૅટમાં વેચાણ થતી વસ્તુઓ પર નિયમ પ્રમાણે ભાવનું નિર્દશન ન કરવામાં આવે તો આ વિભાગ દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવે છે અને પૅકૅટ ઉપર છાપેલી કિંમત કરતાં વધુ કિંમત લેવામાં આવે તો પૅકૅટ કોમોડીટી રૂલ્સ-૧૯૭૭ના નિયમ ૨૩(૨) હેઠળતથા છાપેલી કિંમતમાં ચેકચાક કરીને જો વધુ ભાવ લેવામાં આવે તો ગેરરીતિ માટે નિયમ ૨૨૩(૬) હેઠળ તેમની ઉપર કાયદાકીય કેસ કરવામાં આવે છે અને એટલે કહેતા આનંદ થાય છે કે આપણું રાજય ગ્રાહક સુરક્ષા ધારાના અમલ માટે સમગ્ર ભારતમાં સૌ પ્રથમ સ્થાન ધરાવે છે. હાલ રાજયમાં ગ્રાહકોની સુરક્ષા માટે કુલ ૫૭ સુરક્ષા મંડળો કાર્યરત છે. જિલ્લા ગ્રાહક માહિતી કેન્દ્રો પણ આપણા રાજયમાં અમલમાં આવેલ છે. કહેતા આનંદ થાય છે કે કેન્દ્ર સરકાર દ્વારા જિલ્લા ગ્રાહક માહિતી કેન્દ્રોની સ્થાપના કરેલ છે. પ્રથમ તબક્કામાં ૯ કેન્દ્રોની સ્થાપના થઈ હતી પરંતુ કોઈપણ કારણસર કેન્દ્ર સરકારે વધુ કેન્દ્રો સ્થાપવાનો ઈનકાર કરી દીધો અથવા સ્થાપ્યા નથી પરંતુ કહેતા આનંદ થાય છે કે રાજય સરકારે આ પદ્ધતિ ચાલુ રાખીને વધુ માહિતી કેન્દ્રો શરુ કર્યા છે અને આજે રાજયમાં ૧૫ માહિતી કેન્દ્રો અમલમાં છે. ગ્રાહકોના હિત રક્ષણ અને જાગૃતિ માટે ભાવી નાગરિકોને તૈયાર કરવા માટે દરેક શાળા-કોલેજોમાં ગ્રાહકોની પ્રવૃત્તિના વિષયને પ્રાથમિક માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણના અભ્યાસક્રમમાં પણ એનો સમાવેશ કરવામાં આવ્યો છે. સામાન્ય નાગરિકોમાં ગ્રાહકોની બાબતમાં જાગૃતિ આવે એ માટે સેમીનારો, પ્રદર્શનો અને શિબિરો, પોસ્ટર્સ વગેરેનું પણ રાજય સરકાર દ્વારા આયોજન કરી અને જન જાગૃતિની કાર્યવાહી ચાલે છે. કેન્દ્ર સરકારે ગ્રાહક જાગૃતિ માટે રાજયને ૨૫૦ ગ્રાહક ક્લબની સ્થાપના કરવાનો લક્ષ્યાંક આપવામાં આવેલો, પરંતુ કહેતા આનંદ થાય છે કે આ લક્ષ્યાંક રાજય સરકારે પૂરો કર્યો છે અને સાથેસાથે હજુ વધુ ૧હજાર જેટલા ગ્રાહક ક્લબો શરુ કરવાનો રાજય સરકારે લક્ષ્યાંક રાખ્યો છે અને એના માટે આ બજેટમાં ૫૦ લાખ રૂપિયાની જોગવાઈ કરી છે. ગ્રાહકોની પ્રવૃત્તિને વેગ મળે તે માટે ગ્રાહકોના હિતનું રક્ષણ થાય તે માટે કન્ઝયુમર્સ એફર્ટસ એન્ડ પ્રોડકશન એજન્સી ઓફ ગુજરાત, કાપાકની રચના કરવામાં આવી છે અને એ માટે પણ રાજય સરકાર ખૂબ ચિંતિત છે. આ રીતે માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે એને સમર્થન આપુ છું.

**શ્રી હીરાભાઈ હ. પટેલ(લુણાવાડા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી અન્ન નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતો, માગણી ક્રમાંક: ૨૨, ૨૩ અને પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ માગણી ક્રમાંક : ૬૯, ૭૧ લઈને આવ્યા છે એ અંગે હું મારા વિચારો વ્યકત કરવા માટે ઉભો થયો છું. ગ્રામ સ્વરાજયની ભાવના ગ્રામ પંચાયતોના માધ્યમ દ્વારા સાકાર કરવા માટે ત્રણ સ્તરીય પંચાયત રાજયની વ્યવસ્થા ગુજરાતમાં કરવામાં આવી, જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને ગ્રામ પંચાયત. અવારનવાર એના માળખામાં કેટલાક

ફેરફારો કરવામાં આવ્યા, અને લોકોના પ્રતિનિધિઓ આ કામગીરી સંભાળે એનું ધ્યાન રાખવામાં આવ્યું, સમયોત્તર એમાં તમામ સ્તરની ગ્રામ પંચાયતો અને સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં મહિલાઓને પણ સ્વ. રાજીવ ગાંધીના સમયમાં ૩૩ ટકા પ્રતિનિધિત્વ આપવામાં આવ્યું, આજની સ્થિતિ એ છે કે જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત હોય કે ગ્રામ પંચાયત હોય એના વહીવટ માટે જે પૂરતા માણસો હોવા જોઈએ જે તે વિભાગની અંદર એની મોટા પાયે ખામી છે, અને મહેકમ જે છે હાલનું એ મહેકમ પ્રમાણે પણ આરોગ્ય ખાતું હોય, શિક્ષણ વિભાગ હોય ખેતીવાડી ખાતુ હોય, બાંધકામ હોય દરેકમાં હાલના મહેકમ પ્રમાણે પણ માણસો નથી. અને એમાં પણ તાલુકા પંચાયત અને ગ્રામ પંચાયત એમાં તાલુકા પંચાયતની અંદર જે બાંધકામ ખાતુ છે એ બાંધકામ ખાતાની અંદર BRGFD યોજનાનો અમલ કરવામાં આવે, આયોજન મંડળની ગ્રાન્ટોનું કામ કરવામાં આવે, ધારાસભ્ય હોય, એમ.પી. હોય અને એ જે ગ્રાન્ટ ફાળવે એનું કામ પણ એમને કરવાનું આવે અને આવાસોનું કામ કરવામાં આવે, આવા ચાર-પાંચ કરોડ રૂપિયાના કામ હોય પણ કામોની સંખ્યા એક હજાર કરતા વધી જતી હોય છે.અને એના પરિણામે એને કામનો વર્ક ઑર્ડર મેળવવાથી માંડીને એના બિલ બનાવવાનું કામ, એની દેખરેખ રાખવાનું કામ આ બધા જ કામો એક જ બાંધકામ ક્ષેત્રમાં સુપરવાઈઝર હોય છે એણે સંભાળવાનું હોય છે અને મોટાભાગે એ કામનું નિરીક્ષણ પણ કરી શકતા નથી. એના પરિણામે આમાં ઘણી વખત ગેરરીતિઓ થતી હોય છે. એ કામ જે કાર્યદક્ષતાથી થવું જોઈએ, સમયસર થવું જોઈએ અને કામની ગુણવત્તા સારી હોવી જોઈએ એ દરેક બાબતમાં હોતું નથી. મારા પોતાના અનુભવ પ્રમાણે તો કેટલીક વખત શૌચાલયો પણ બનતા નથી અને નાણા પૂરેપૂરા વપરાઈ જતા હોય છે. હમણાં પ્રશ્નોત્તરી વખતે એક કિસ્સો મારા મત વિસ્તારમાં થયેલો કે સરદાર આવાસ બનેલા જ નહીં અને પાંચ આવાસોના નાણાં સરપંચશ્રીએ ઉપાડી લીધેલા અને એ કામ ત્યારપછી પ્રશ્નોત્તરી પછી શરૂ થયું. આવું અનેક જગ્યાઓએ આ રીતે ઘણી બધી ગેરરીતિઓ થતી હોય છે. એનું કારણ પૂરતા માણસોનો અભાવ છે. એક જ સુપરવાઈઝર હોય એ સુપરવાઈઝરે એસ્ટિમેટ બનાવવાથી માંડીને કામ પૂર્ણ થાય ત્યાં સુધીનું, સી.સી.નું સર્ટિફિકેટ પાછું એના નાયબ કાર્યપાલક ઈજનેર પાસેથી લેવાનું થાય એ પણ એના અધિકારમાં હોય છે. એની પાસે આ વર્કલોડ છે એ વધુ પ્રમાણમાં છે. કામનું ભારણ વધારે હોવાના કારણે કામો બરાબર કરી શકતા નથી. એટલે આમાં પણ ફેરફાર કરીને વધુ માણસો આ ક્ષેત્રમાં નવા માણસો પણ મૂકવા જોઈએ. પંચાયતમાં પણ આ જ પરિસ્થિતિ છે. બે-પાંચ પંચાયત વચ્ચે એક તલાટી હોય અને એ તલાટીના માથે વિકાસના કામોની જવાબદારી હોય અને સાથે સાથે મહેસૂલી કામની જવાબદારી પણ હોય છે. તેથી એ પણ પૂરો ન્યાય આપી શકતો નથી.

**શ્રીમતી જયોત્સનાબેન ર઼ા. પટેલ(આણંદ)** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી નરોત્તમ કાકા અન્ન, નાગરિક પુરવઠા વિભાગની જે માગણી ક્રમાંક, ૨૨ અને ૨૩ લઈને આવ્યા છે તેને હું મારું સમર્થન આપું છું અને મારા વિચારો વ્યક્ત કરવા માટે ઊભી થઈ છું.

માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા બે વર્ષમાં ભારત સરકારની નીતિઓના કારણે અસહ્ય મોંઘવારી વધી છે. આપણે ભૂતકાળની વાતો જોઈએ તો કેન્દ્રમાં એન.ડી.એ.ની સરકાર હતી ત્યારના ભાવો અને હાલના કેન્દ્રના ૧લી માર્ચ ૨૦૧૧ના ભાવોની સરખામણીમાં જોઈએ તો ઘઉંમાં ૫૮ ટકા, ચોખામાં ૫૦ ટકા, ચણા દાળમાં ૭૫ ટકા, તુવેર દાળમાં ૧૧૩ ટકા, ડુંગળીમાં ૭૫ ટકા, ગોળમાં ૭૨ ટકા અને ખાંડમાં ૯૪ ટકા, ખાંડના ભાવો જોઈએ તો ગામડામાં તો ગરીબ લોકો એમ કહે છે કે, બેન અમને ડાયાબીટીસ થઈ ગયો છે એટલે અમે ખાંડ બંધ કરી દીધી છે. આ સ્થિતિ આપણે છેલ્લા ૧૦ વર્ષ પછી વર્ષ ૨૦૧૧ના વર્ષમાં કેન્દ્ર સરકારના આ રાજમાં જોઈ રહ્યા છીએ. કેન્દ્રની ખોટી આયાત અને નિકાસ નીતિના કારણે ખેડૂતોમાં જે ભાવ વધારા અને ઘટાડાના કારણે વચેટિયા, સંગ્રહાખોરો અને કાળાબજાર થકી ભાવ વધારા દ્વારા સામાન્ય પ્રજાજનોનું આર્થિક શોષણ કરેલું એ આપણે ડુંગળીમાં જોયું છે. આવશ્યક ચીજ વસ્તુઓમાં ભાવ વધારાને નિયંત્રણમાં લાવવાની નીતિ ખરેખર કેન્દ્ર સરકારની છે. રાજ્ય સરકારની આમાં ખૂબ સીમિત ભૂમિકા હોય છે.

**અધ્યક્ષશ્રી** : બેન, આપ ટીકામાં ન પડો, આપ વિષય ઉપર આવી જાઓ.

**શ્રીમતી જયોત્સનાબેન ર઼ા. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ મોંઘવારીના કારણે આપણે જોઈએ તો જે મર્યાદિત આવક ધરાવતા હોય, બી.પી.એલ. કુટુંબમાં આપણે જોઈએ તો આપણે એમને સહાય કરીએ છીએ, અંત્યોદય યોજનામાં પણ સહાય મળે છે. પણ મધ્યમવર્ગની વાત કરું તો મધ્યમવર્ગમાં પણ આજે ઘણો બધો અસંતોષ જોવા મળે છે. આજે જોઈએ તો દેશમાં અનાજના ભંડારો જોઈએ તો રેલવે સ્ટેશનો ઉપર સડી રહેલા જોવા મળે છે. પંજાબ અને હરિયાણામાં જે અનાજ સડી ગયેલ હતું તેના માટે કોણ જવાબદાર છે? આ અનાજ ગરીબોને મળ્યું હોત તો ગરીબોના ઘરના ચૂલા સળગતા હોત. આજ નીતિ એમની હતી ત્યારે આપણે જોઈએ તો ગરીબોને કેટલો શોષાવાનો વારો આવ્યો છે. આજે મોંઘવારીના કારણે આમજનતામાં અસંતોષ ફેલાઈ રહ્યો છે. જ્યારે આપણે જાહેર જીવનમાં ફરીએ છીએ ત્યારે આપણને પોતાને પણ ખબર પડે છે કે આ મોંઘવારી શું ચીજ છે. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નરોત્તમકાકા જે માગણી લઈને આવ્યા છે તેને હું મારું સમર્થન આપું છું.

**શ્રીમતી ભારતીબેન અ. રાઠોડ(કામરેજ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી નરોત્તમ સાહેબ અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોના વિભાગની અનુદાનીત માગણીઓ લઈને આવ્યા છે એને હું સમર્થન આપું છું અને મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યમાં જાહેર વિતરણ વ્યવસ્થા અંતર્ગત આર્થિક રીતે નબળા વર્ગની વિવિધ યોજનાઓ જેવી કે બી.પી.એલ., અંત્યોદય તથા એ.પી.એલ. યોજના અનુસાર આવશ્યક ચીજવસ્તુઓમાં જેમાં ઘઉં, ચોખા, ખાદ્યતેલ, ખાંડ, કેરોસીન. કેરોસીનનો જથ્થો સરકાર માન્ય સસ્તા અનાજની દુકાનેથી સમયસર અને નિયત પ્રમાણમાં અને નિયત ભાવથી મળી રહે એ માટેની વ્યવસ્થા આ રાજ્ય સરકારે કરી છે, જેમાં આવી ચીજવસ્તુઓનો જથ્થો બારોબાર વગે કરી કાળાબજારમાં વેચવાની પ્રવૃત્તિઓ કોઈપણ અપ્રામાણિક ઈસમો દ્વારા આચરવામાં ના આવે એ માટે આ દુકાનો ઉપર સરકાર દ્વારા તમામ સ્તરે મોનિટરિંગ કરી સસ્તા અનાજની દુકાનોની તપાસણી અને દરોડાની કામગીરી કરવામાં આવે છે. આવી તપાસ દરમ્યાન ક્ષતિઓ કે ગેરરીતિઓ જણાય તો ક્ષતિઓ, ગેરરીતિઓને અનુલક્ષીને સંબંધિત વાજબી ભાવની દુકાનોની સામે કડક શિક્ષાત્મક પગલા હાથ ધરવામાં આવે છે. વર્ષ ૨૦૧૦ દરમ્યાન અન્ન અને નાગરિક પુરવઠા તંત્ર દ્વારા સમગ્ર રાજ્યમાં કુલ ૧૫૩૩૪ દુકાનોની તપાસ કરવામાં આવેલી છે અને આ તપાસો દરમ્યાન જણાયેલ ક્ષતિઓ સબબ ૪,૭૭,૩૫૧ કિલો અનાજ અને જેની કિંમત રૂા.૩૨.૬૪ કરોડનો જથ્થો કબજે કરવામાં આવેલ છે. ૯.૮૪ લાખની કિંમતનો જથ્થો રાજ્યસાત કરવામાં આવેલ છે. ૨૬.૮૭ લાખનો કિંમતના પરવાનાની અનામત રકમ રાજ્યસાત કરવામાં આવી છે. ૨૫૧ દુકાનોના પરવાના મોકૂફ કર્યા. ૧૩૦ દુકાનોના પરવાના રદ કરવામાં આવ્યા છે. ૩૩ કોર્ટકેસો કરવામાં આવ્યા છે અને ૪૪ ઈસમોની અટકાયત હેઠળ પગલા લેવામાં આવેલ છે. કેરોસીનના વિતરણમાં કાળાબજાર અને ડાયવર્ઝન અટકાવવા માટે રાજ્ય સરકાર દ્વારા કેરોસીનનો જથ્થો ડોર સ્ટેપ ડિલિવરીથી પહોંચાડવાની પ્રથા અમલમાં મૂકવામાં આવી છે તેમજ તાલુકા કક્ષા, જિલ્લા કક્ષા અને રાજ્ય કક્ષાની તપાસણી ટીમો દ્વારા તપાસો કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. વર્ષ ૨૦૧૦માં કેરોસીનના અનુસંધાને કુલ ૪૯૬૪ તપાસો કરવામાં આવેલ છે, જેમાં જણાયેલ ગેરરીતિઓ સબબ ૨૨.૦૪ લાખની કિંમતનો કેરોસીનનો જથ્થો કબજે લેવામાં આવેલ છે. ૧૧.૨૩ લાખની કિંમતનો જથ્થો રાજ્યસાત કરવામાં આવેલ છે. ૨.૫૨ લાખની કિંમતના પરવાનાની અનામત રકમ રાજ્યસાત કરવામાં આવી છે. ૨૮ દુકાનોના પરવાના મોકૂફ કર્યા અને ૨૨ દુકાનોના પરવાના રદ કરવામાં આવ્યા છે. ૧૩ કોર્ટકેસો કરવામાં આવ્યા છે. જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ આવશ્યક ચીજવસ્તુઓ ઉપરાંત જીવન આવશ્યક એવી તમામ ચીજ વસ્તુઓ સમગ્ર રાજ્યમાં મળી રહે (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી માગણીઓ લઈને આવ્યા છે તેને મારું સમર્થન આપું છું.

**શ્રી માનસિંહ કો. ચૌહાણ(બાલાસિનોર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી, અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહક બાબતો અને પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણની માગણીઓ લઈને આવ્યા છે એમાં મારા વિચારો વ્યકત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, તત્કાલીન વડાપ્રધાન રાજીવ ગાંધીએ ત્રીસ્તરીય માળખાની કલ્પના કરી હતી. ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયત. અહીંયા આ સરકાર શબ્દના વાઘા પહેરવામાં નંબર એક છે. એટલા માટે તે ગ્રામ સચિવાલય, સ્વર્ણિમ ગુજરાત હોય અથવા તો બીજા આવા નામો આપવાની વાત કરે છે.

: માનનીય અધ્યક્ષશ્રી, આજે ગામડાઓનો જે વિકાસ એ ગામનો સરપચ કરી શકે, તાલુકા પંચાયતનો પ્રમુખ તાલુકા પંચાયતોનો વહીવટ કરે. માનનીય અધ્યક્ષશ્રી, મને ખબર છે એ વખતે તાલુકા પંચાયતનો પ્રમુખ શિક્ષકની બદલી કરવી હોય તો એક ફોન ઉપર બદલી થાય અને આજે શિક્ષકની બદલી કરવા માટે નિયામક કચેરી કે કમિશનર પાસે ધક્કાઓ ખાવા પડે, એ વખતે એક જ ફોનની અંદર આવી વ્યવસ્થા હતી આજે એ થઈ શકતું નથી.

માનનીય અધ્યક્ષશ્રી, મારા વિસ્તારમાં આપણે જોઈએ તો આજે જે ગ્રામ પંચાયતોના મકાનો છે ૭૦ પંચાયતો મારા વિસ્તારમાં છે એ ૭૦માંથી પચાસ ટકા પંચાયત ઘરો એવા છે કે, એના પાકા મકાનો નથી. અહીંયા ૧૪,૦૦૦ જેટલી ગ્રામ પંચાયતો છે અને એમાં આજે ૨,૦૦૦ તલાટીઓની ભરતી કરવાના છે તો આજે એક તલાટી ત્રણ થી ચાર સેજા સંભાળે છે તો તલાટી કમ મંત્રીઓની પણ જલદી એની નિમણૂક થવી જોઈએ તો વાયબ્રન્ટ તાલુકો આપણે ગણી શકીએ. અહીંયા મારા વિસ્તારમાં ટી.ડી.ઓ.ની જગ્યા છેલ્લા એક વર્ષથી ખાલી છે અને એ વખતે ઈ.ચા.ટી.ડી.ઓ. એનો વહીવટ સંભાળે, આ સરકારે નિવૃત્ત ટી.ડી.ઓ.ની ભરતી કરી ગુજરાતમાં મારા ખ્યાલ મુજબ અને નિવૃત્ત ટી.ડી.ઓ. પણ બે મહિના વહીવટ કરીને એ પણ છૂટા થઈ ગયા. આજે ઈ.ચા.ટી.ડી.ઓ. વહીવટ સંભાળે છે.

માનનીય અધ્યક્ષશ્રી, આવાસોની બાબત હોય સરદાર આવાસ હોય, ઈંદિરા આવાસ હોય એમાં જે ૪૫,૦૦૦ જેટલી રકમ એને મળતી હોય અને પ્લોટ પણ મળતા નથી. કારણ કે, ગામડામાં ગામતળની જમીન પણ નથી હોતી અને પ્લોટ મળે છે તો ગામના છેવાડે અને કોતરો હોય કે એવી જગ્યાએ મળે છે અને આમાં પણ ગરીબો માટે જે પ્લોટોની વ્યવસ્થા છે એમાં પણ મીલીભગતથી ખાયકી થાય છે એટલે આ ના થવું જોઈએ. માનનીય અધ્યક્ષશ્રી, આજ રીતે એવા.

**અધ્યક્ષશ્રી** : બે મિનિટ છે.

**શ્રી માનસિંહ કો. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, અન્ન અને નાગરિક પુરવઠા વિશે પણ થોડી વાત કરીશ. અહીંયા જે આ બીપીએલના, એપીએલના અને અંત્યોદય માટેની જે વ્યવસ્થા એ જે તે વખતે ગરીબી રેખા નીચે જીવતા માણસો માટે સારી કરી છે. પણ એ વ્યવસ્થા ખરેખર ખાડે ગઈ છે એટલા માટે કે આજે કોઈ સંચાલક એ

ગોડાઉનમાંથી માલ લે તો એ સીધો માલ પૂરેપૂરો માલ આજે બજારમાં સીધો જતો રહે છે. એ વાત કરી કે, આ સરકારે ગરીબ કલ્યાણ મેળાઓ કર્યા, એ વખતે કેટલાક સંચાલકો મને મળ્યા, તો સંચાલકોએ મને એવી વાત કરી કે, અમારી પાસે આવું ફંડ ઉઘરાવવામાં આવે છે અને એ ફંડ ગરીબ કલ્યાણ મેળામાં માણસોને મોકલવા અથવા નાસ્તા પાણી માટે કરવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજ રીતે મારા વિસ્તારની વાત કરીશ કે, આજે એવા કેટલાક એજન્ટો છે કે, જે લોકો આવા સંચાલકો પાસેથી માલ લઈ લે છે અને સીધા એ બજારમાં વેચે છે સંચાલકો. માનનીય અધ્યક્ષશ્રી, એક એવા એજન્ટ પર પાસાનો કેસ થયો હતો પણ એ થોડાક * (xxxxx) એક મહિનાની અંદર પાસાના કેસમાંથી એ પાછા છૂટી ગયા એટલે આ સરકારમાં ખરેખર (અંતરાય)

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : મારો પોઈન્ટ ઓફ ઓર્ડર છે. સાહેબ માનનીય સભ્યશ્રીએ જે કહયું કે, પાસાનો ઓર્ડર હોય, હતો અને છૂટી ગયા એ પાસાના ઓર્ડરમાં છોડવાનું કામ રાજય સરકારનું નથી (અંતરાય) મારી વાત તો પૂરી થવા દો શકિતસિંહભાઈ, અરે ભાઈ મારો વિષય તો પૂરો કરવા દો પણ હું કહું છું ને માનનીય અધ્યક્ષશ્રીને કહું છું, મારો કહેવાનો આશય એ છે કે, એનું બોર્ડ હોય છે એ બોર્ડ કરતું હોય છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : કેવી રીતે ખેંચે ? પાસા કિસ્સા અનેક વખત બતાવું.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : (xxxxx)એના કારણે છૂટી ગયા એ શબ્દોનો ઉપયોગ યોગ્ય નથી.(અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, એ યોગ્ય નથી.

**અધ્યક્ષશ્રી** : માનસિંહભાઈ આપ પાછા ખેંચો છો શબ્દો કે અહીંથી દૂર કરું. (થોડીવાર બાદ ) હું અહીંથી દૂર કરું છું અને આપનો સમય પૂરો થાય છે.

# અધ્યક્ષશ્રીનો નિર્ણય

## પ્રશ્નની ક્ષેત્ર મર્યાદા અંગે

**અધ્યક્ષશ્રી** : મારે એક અગત્યની જાહેરાત કરવાની છે. પ્રશ્નોત્તરી દરમિયાન પ્રશ્ન અગ્રતા ક્રમ-૪નો પૂરક પ્રશ્ન પૂછતી વખતે સભ્યશ્રી અર્જુનભાઈએ મૂળ પ્રશ્નની ક્ષેત્ર મર્યાદામાં આવે નહીં તેવો પૂરક પ્રશ્ન પૂછતા મેં તે સમયે સભ્યશ્રીને અટકાવતાં વિરોધપક્ષના તમામ સભ્યો પોતાના સ્થાન ઉપર ઉભા થઈને સૂત્રોચ્ચારો કરતા, સત્તાધારી પક્ષના સભ્યો તરફથી પણ સામે સૂત્રોચ્ચારો થયો હતો.પ્રશ્ન બાદ આ બાબતે માનનીય  સંસદીય બાબતોના મંત્રીશ્રીએ પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરીને રજૂઆત કરી હતી કે, સભ્યશ્રી અર્જુનભાઈએ અગ્રતાક્રમ-૪ ના પ્રશ્ન પર જે પૂરક પ્રશ્ન પુછયો હતો તે મૂળ પ્રશ્નની ક્ષેત્રમર્યાદા બહારનો તેમજ તે પ્રશ્ન સબંધે રાજય સરકારની કોઈ પ્રાથમિક જવાબદારી ન હોય તેવી બાબતને લગતો પ્રશ્ન પૂછયો હતો. અગાઉ પણ સભ્યશ્રી અર્જુનભાઈએ આ પ્રકારે પૂરકપ્રશ્ન પૂછીને પ્રશ્નોત્તરી દરમિયાનની કાર્યવાહીમાં વિક્ષેપ પાડયો હતો. માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રીએ ઉપસ્થિત કરેલ પોઈન્ટ ઓફ ઓર્ડરના મુદ્દા પર માનનીય વિરોધપક્ષના નેતાશ્રી, માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી (રાજયકક્ષા), માનનીય આરોગ્ય મંત્રીશ્રી તથા માનનીય સભ્યશ્રી અર્જુનભાઈએ પોતપોતાના મંતવ્યો વ્યકત કર્યા હતા. માનનીય સભ્યશ્રી અર્જુનભાઈએ વ્યકત કરેલ મંતવ્ય અનુસાર તેમનો પૂરકપ્રશ્ન મૂળ પ્રશ્નમાંથી સીધી રીતે ઉપસ્થિત થયો હતો અને તે ક્ષેત્રમર્યાદા બહારનો ન હતો. તતસમયે મેં આ મુદ્દા પરનો નિર્ણય પછીથી જાહેર કરીશ તેમ જણાવ્યું હતું.

માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રીએ ઉપસ્થિત કરેલ પોઈન્ટ ઓફ ઓર્ડરના મુદ્દા સબંધમાં વિધાનસભાના પ્રશ્નો અંગેના નિયમ-૭૮ની જોગવાઈઓ તથા તે સબંધે મારા પુરોગામી અધ્યક્ષશ્રીઓએ આપેલા રૂલીંગો તથા પ્રશ્નોત્તરી દરમિયાન તતસમયની ગૃહની કાર્યવાહીને હું જોઈ ગયો છું. અગ્રતાક્રમ-૪ પરનો મૂળપ્રશ્ન રાજયની મહિલાઓને રમતગમત ક્ષેત્રે પ્રોત્સાહન આપવા બાબતનો હતો. જયારે સભ્યશ્રી અર્જુનભાઈએ પૂછેલ પૂરકપ્રશ્ન અમદાવાદ ખાતે રમાનાર વર્લ્ડકપની મેચની ટિકિટોના મોટાપાયે કાળાબજાર સબંધનો હતો. આમ સભ્યશ્રીનો પૂરકપ્રશ્ન મૂળ પ્રશ્નની ક્ષેત્રમર્યાદા બહારનો હોઈ તતસમયે મેં સભ્યશ્રીને આ પ્રકારે પૂરક પ્રશ્ન પૂછતા અટકાવવા વિરોધપક્ષના તમામ સભ્યો પોતાના સ્થાન પર ઊભા થઈને સુત્રોચ્ચાર કરતા સત્તાધારી પક્ષના સભ્યો તરફથી સામો સુત્રોચ્ચાર થયો હતો અને તેને પરિણામે પ્રશ્નોત્તરી કાળમાં વિક્ષેપ પડયો હતો. પ્રશ્ન દાખલ કરવા અંગેના નિયમ-૭૮ની જોગવાઈઓનું સ્પષ્ટપણે ઉલ્લંઘન કરી સભ્યશ્રી અર્જુનભાઈએ પૂછેલા પૂરક પ્રશ્ન મૂળપ્રશ્નની ક્ષેત્રમર્યાદા બહાર તથા તેમણે પૂછેલ પૂરક પ્રશ્ન સબંધે રાજય સરકારની કોઈ પ્રાથમિક જવાબદારી થતી ન હતી. પ્રશ્નોત્તરી કાળ દરમિયાન સભ્યો કેવા પ્રકારના પૂરક પ્રશ્નો પૂછી શકે અને મંત્રીશ્રીઓને તેના ઉત્તરો કેવી રીતે આપવા જોઈએ તે બાબતે મારા પુરોગામી અધ્યક્ષશ્રીઓએ અનેક નિર્ણયો આપ્યા છે.  ગયા અઠવાડિયે આ બાબતે મેં પણ નિર્ણય આપીને ગૃહના સર્વે સભ્યોને વિનંતી કરી હતી કે, પૂરક પ્રશ્ન કોઈપણ જાતની પૂર્વભૂમિકા બાંધ્યા વગર મૂળ પ્રશ્નમાંથી ઉપસ્થિત થતી બાબતને લગતો જ પૂછવો જોઈએ. તેમ છતાં માનનીય સભ્યશ્રી અર્જુનભાઈએ

* (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

જે પ્રકારે આજે પૂરક પ્રશ્ન પૂછયો હતો તે નિયમોની જોગવાઈઓનું સ્પષ્ટપણે ઉલ્લંઘન સમાન અને પ્રશ્નોત્તરી કાળમાં વિક્ષેપ પાડનાર હતો તેમ હું સ્પષ્ટપણે માનું છું. અગાઉ પણ મેં માનનીય સભ્યશ્રી અર્જુનભાઈને આ પ્રકારે પૂરક પ્રશ્ન નહીં પુછવા વિનંતીઓ કરી હોવા છતાં પરિસ્થિતિમાં કોઈ સુધારો થયો નથી. માનનીય સભ્યશ્રી અર્જુનભાઈ એક સિનિયર સભ્ય છે અને તેઓ આ ગૃહની કાર્યવાહીના નિયમો, પ્રણાલિઓ તથા પૂર્વ અધ્યક્ષોના નિર્ણયોથી વાકેફ હોવાછતાં મૂળ પ્રશ્નની ક્ષેત્રમર્યાદા બહાર પૂછેલ પૂરક પ્રશ્ન કોઈપણ રીતે યોગ્ય ન હતો. ભવિષ્યમાં આ બાબતે કાળજી રાખવા હું માનનીય સભ્યશ્રી અર્જુનભાઈને તાકીદ કરું છું.

# પોઈન્ટ ઓફ ઓર્ડર

## અધ્યક્ષશ્રીના અવમાન અંગે

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, જયારે માનનીય અધ્યક્ષશ્રી, ઉભા હોય અને પોતે કંઈ પણ બોલતા હોય અથવા તો પોતે ઓન લેગ્સ હોય ત્યારે માનનીય અધ્યક્ષશ્રીનું સન્માન જાળવવા માટેના સ્પષ્ટ રીતેના આદેશો છે. કોઈ જુનિયર સભ્ય હોત તો વાંધો નથી. હું આ ગૃહમાં હમણાંથી જોતો આવ્યો છું કે માનનીય અધ્યક્ષશ્રી ઉભા હોય ગેલેરીમાં પણ અધિકારીશ્રીઓની અવરજવર રહે. આજે એક મંત્રીશ્રી જયારે આપ બોલતા હતા, આપ આપનું જજમેન્ટ આપતા હતા. આપ ઓન લેગ્સ હતા ત્યારે દાખલ થયા એટલું જ નહીં.એમની જગ્યા સુધી આવી આરામથી બેઠા. માનનીય અધ્યક્ષશ્રી ઊભા હોય ત્યારે આ પ્રકારનું કોઈ જુનિયર સભ્ય નહિ, પણ મંત્રી મંડળના સભ્ય દ્વારા આ રીતે માનનીય અધ્યક્ષશ્રીની ચેરનું અવમાન થાય તે બરાબર નથી. આપના તરફથી દાખલ થઈ ગયા હોઈએ તો હું પણ ઘણી વખત થાઉ છું. અંદર આવીને જોઉ છું આપ ઉભા હોય તો હું ત્યાં જ ઉભો રહી જાઉ છું,જયાં ઉભો હોઉ ત્યા અને આપ ઉભા હોય ત્યારે ચાલીને આવીને સીટ ઉપર સ્થાન લેવું એ વ્યાજબી નથી. એ પણ મંત્રી મંડળના સભ્ય દ્વારા થાય તે કોઈ સંજોગોમાં વ્યાજબી નથી.

**શ્રી દિલીપ સંઘાણી** : માનનીય વિરોધ પક્ષના નેતાશ્રીએ મુદો ઉઠાવ્યો છે તે વ્યાજબી છે. ભવિષ્યમાં આવું ન બને તે માટે કાળજી લેવા માટે સભ્યશ્રીઓને વિનંતી કરું છું.

**અધ્યક્ષશ્રી** : માનનીય શક્તિસિંહભાઈએ જે પૉઈન્ટ ઑફ ઑર્ડર ઊભો કર્યો છે અને માનનીય સંસદીય મંત્રીશ્રીએ પણ એની ગંભીરતા લઈ તેનો સ્વીકાર કર્યો છે. આપણે સૌ સભ્યો વિધાનસભાના નિયમોથી બંધાયેલા હોય અને તમામ નિયમો સભ્યશ્રીઓ અને મંત્રીશ્રીઓ પાળે અને ભવિષ્યમાં આવું ન બને તેનું પણ ધ્યાન રાખીએ.

# પૉઈન્ટ ઑફ ઑર્ડર

## ગૃહમાં સાહિત્ય વાંચવા અંગે

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પૉઈન્ટ ઑફ ઑર્ડર એ છે કે વિધાનસભાના નિયમોના નિયમ પ્રમાણે નિયમ ૫૭(૧) મુજબ કોઈપણ સભ્ય કામકાજના અનુસંધાનમાં હોય તે સિવાય કોઈ પુસ્તક, વર્તમાન પત્ર કે મેગેઝિન આ સભાગૃહની અંદર વાંચી શકતા નથી. વિપક્ષના નેતા ચાલુ સભાગૃહની કામગીરી વચ્ચે આઉટલુક નામનું મેગેઝિન વાંચતા હતા. આ સન્માનનીય સભાગૃહની અંદર જયારે આપ ચેર સ્થાને બિરાજતા હોય તેવા સંજોગોમાં અનેક વખત ભૂતકાળમાં અધ્યક્ષશ્રી દ્વારા લેવાયેલ નિર્ણયના સંદર્ભમાં આપે માર્ગદર્શન આપવું જોઈએ, જેના કારણે માનનીય અધ્યક્ષશ્રીની ગરિમા જળવાય અને આ પ્રકારની ગતિવિધિ ન થાય એ માટે મારો પૉઈન્ટ ઑફ ઑર્ડર છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીની વાત સાચી છે, પણ હું રિલેવન્ટ વાંચતો હતો અને આજની કાર્યવાહીને રિલેવન્ટ આઉટલુકના આર્ટીકલના ડેટા વાંચતો હતો, પરંતુ માનનીય મંત્રીશ્રીઓ ગૃહની અંદર ફાઇલ ન વાંચે અને મેન્ટલી પ્રેઝન્ટ રહે, એ તો અધ્યક્ષશ્રીના નિર્ણયો છે. આજ પછી હું કાળજી રાખીશ કે રિલેવન્ટ વાંચું છું તે બતાવીને વાંચીશ. કે આ રિલેવન્ટ છે. આજે પણ હું રિલેવન્ટસ બતાવી શકું તેમ છું. પણ મંત્રીશ્રીઓ ફાઇલ ન જ જોઈ શકે. અને આવતીકાલથી માનનીય આનંદીબેન મંત્રીશ્રી લગભગ ફાઇલોના થોકડા લઈને આવે છે. હું કાળજી રાખીશ. અને આ રિલેવન્ટ વાંચું છું અને બતાવી શકું તેમ છું. તેમ છતા ભવિષ્યમાં વધારે કાળજી રાખીશ. મારાથી ક્ષતિ ન થાય અને પણ મંત્રી મંડળનો કોઈપણ સભ્ય ફાઇલ ન વાંચે, તેની પણ હું કાળજી રખાવીશ.

**શ્રી વજુભાઈ વાળા** : મંત્રી મંડળના કોઈ મંત્રીશ્રીએ કોઈ સહી કરવાની હોય તો કરી શકે છે. ફાઇલો જોવાની હોય તે વહીવટની..(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : શક્તિસિંહભાઈ આપ બેસો, હું રુલિંગ આપીશ.

**શ્રી વજુભાઈ વાળા** : અહીયા વિધાનસભાને લગતી ફાઇલો આવે એની અંદર સહી કરી શકે છે. બાકી વિશેષ ફાઇલો હોય વહીવટની તે જોઈ શકે નહિ. અહીં જે રજૂઆત કરવાની હોય તેની ફાઇલોમાં સહી કરી શકે છે.(અંતરાય) જોઈ જજોને. વિધાનસભાને લગતી કાર્યવાહીની અંદર સહી કરી શકે છે. એમાં ફાઇલો જોઈ ન શકે એ હકીકત છે.

**અધ્યક્ષશ્રી** : એનું હું રુલિંગ આપીશ.

**શ્રી દિલીપ સંઘાણી** : વિધાનસભાના નિયમો જે બનાવવામાં આવ્યા છે, તે સામાન્ય રીતે સરળતાથી શાંતિથી વિના દખલથી હાઉસ ચાલે. હાઉસ ચલાવવામાં કોઈ જાતનો અવરોધ ઊભો ન થાય. આ પ્રમાણેના ઉદેશો ધ્યાનમાં રાખવા જોઈએ. મારા સાથી સંસદીય મંત્રીએ ઉઠાવેલ મુદો વિપક્ષના નેતાએ આપેલ જવાબ અને માનનીય નાણામંત્રીશ્રીએ કરેલ ઉલ્લેખો અધ્યક્ષશ્રીના સમયાંતરે આના અંગેના અલગ ઘણા નિર્ણયો છે. આમ છતાં પણ હાઉસ સરળતાથી કોઈ વિના દખલગીરીએ ચાલતું હોય તો આવા મુદામાં માનનીય અધ્યક્ષશ્રી ઉદારતાથી જોઈને આ અંગેનું અવલોકન કરે તેવી વિનંતી છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય પ્રદીપસિંહભાઈએ જે પૉઈન્ટ ઑફ ઑર્ડર ઊભો કર્યો છે. એમાં બંને પક્ષોની રજૂઆત સાંભળી છે. એનો અભ્યાસ કરીને પછી હું રુલિંગ આપીશ.

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ) (ક્રમશ:)

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ ( અન્ન અને નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતો તેમજ પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, આજે પચાયત, ગ્રામ વિકાસ અને અન્ન, નાગરિક પુરવઠાની માગણીઓ લઈને હું આ સન્માનનીય ગૃહ સમક્ષ આવ્યો છું ત્યારે આ બજૅટ ઉપર લગભગ ૧૪ જેટલા માનનીય સભ્યશ્રીઓએ ચર્ચા કરી, ઘણાં સારાં સૂચનો આવ્યાં, મને પણ ઘણું જાણવા મળ્યું છે, પણ આજે મારે એમને આ બજૅટ અંગે જાણકારી આપવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, પહેલાં હું પંચાયતના બજૅટ અંગે વાત કરવા માગું છું. આપણા ગુજરાતની જ નહીં પણ આખા દેશની એક પરંપરા રહી છે કે પૌરાણિક કાળથી પંચાયત રાજયની ભાવના આ દેશમાં સ્થાપિત થયેલી છે, વૈદિક કાળ હોય કે મહાભારત કાળ હોય કે રામાયણ કાળ હોય એ બધામાં પણ પંચાયત રાજની વ્યવસ્થા હતી જ. પંચ હોય ત્યાં પરમેશ્વર એ ભાવના પણ આપણા દેશમાં સ્થાપિત થયેલી છે. ગુજરાત રાજયમાં ૨૬ જિલ્લાઓ, ૨૨૪ તાલુકાઓ, ૧૩૭૩૫ ગ્રામ પંચાયતો અને ૧૯૧૬૫જેટલાં ગામડાઓ એટલે રાજયની સાડા પાંચ કરોડની જનતાના ૭૦ ટકા લોકો ગામડાંમાં રહે છે. આમ ગુજરાતનો વાયબ્રન્ટ આત્મા સાચા અર્થમાં ગામડાઓમાં વસે છે. ગુજરાત રાજયની સ્થાપના પહેલી મે, ૧૯૬૦થી થઈ ગઈ, આપણે ૧-૪-૧૯૬૩થી ગુજરાતે પંચાયતી રાજની શરૂઆત કરી, મારે એ ધ્યાન દોરવું છે કે આ ગુજરાતની સ્થાપનાથી માંડીને સારો એવો કાળ મારી સામે બેઠેલા મિત્રોએ ગુજરાતમાં શાસન કર્યું છે, પણ આપણે સૌએ અને ગુજરાતની પ્રજાએ આઝાદી પછી કોંગ્રેસના શાસનમાં ગુજરાતમાં ગામડું, ગુજરાતનું ગામડું મરવા વાંકે જીવતું હતું. માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ શાસનની ધુરા સંભાળી તે પહેલાં ગામડાંમાં કોઈ સુવિધા ન હતી, એ આપણે સૌ જાણીએ છીએ. પૂરતી સુવિધાઓમાં જોઈએ તો ગામડાંમા આંગણવાડીઓ પણ નહોતી અને જે હતી એ સુવિધા વગરની હતી. પ્રાથમિક શાળાઓ પણ પૂરતી ન હતી, માનનીય સભ્યશ્રી જયંતીભાઈ ભાનુશાળીએ વાત કરી એ બરાબર કહી હતી કે પીવાનું પાણી પણ ગામડાઓમાં ન હતું, રોડ રસ્તાઓ પણ નહતા, આરોગ્યની સુવિધાઓ ન હતી, લાઈટની વ્યવસ્થાઓ ન હતી, વાહનને ગામડાંમા જવા માટે વાહનવ્યવસ્થા ન હતી, બાળકો ચાલીને એક ગામથી બીજા ગામ ભણવા માટે જતા હતા, ગામડાંમા લોકો ભગવાન ભરોસે જીવતા હતા. માનનીય અધ્યક્ષશ્રી, અમારા સ્વપ્નદૃષ્ટા માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ રાજયના જે સત્તાના સૂત્રો સંભાળ્યાં ત્યારથી આફતોને આશીર્વાદમાં પલટી નાખી છે. તેમના હૈયે ગામડાઓનો વિકાસ આવ્યો છે. આજનું ગામડું વાયબ્રન્ટ બન્યું છે. તમામ પ્રકારની સુવિધાઓ છે, બાળકોને - ભુલકાઓને ભણવા માટે સરસ મજાની આંગણવાડીઓ અને પ્રાથમિક શાળાઓ છે. પ્રાથમિક શાળાઓ પણ શિક્ષકોની ભરાયેલી છે. પીવાના પાણીની વ્યવસ્થા થઈ છે, ગામડાઓમાં રોડ અને રસ્તાઓ પહોંચ્યા છે, બે ગામને જોડતા પાકા રસ્તાઓ બન્યા છે, આરોગ્યની વ્યવસ્થાઓ ગામેગામ બની છે, ચોવીસ કલાક ગામડાંમા વીજળી છે. જયોતિગ્રામની વ્યવસ્થા થઈ ગઈ છે, દરેક ગામમાં ઈન્ટરનેટ કનેકટીવીટી છે. ઈગ્રામ વિશ્વગ્રામ છે, વાહન વ્યવહારની વ્યવસ્થાઓ છે, ગામડે ગામડે પુસ્તકાલયો સ્થાપવાની પ્રક્રિયા ચાલે છે, નિર્મળ ગામ બનાવ્યાં છે, વૃદ્ધ અને અબાલોને બેસવા માટે ગામડાંમા પણ નાના નાના બાગ જેવી પંચવટીઓ બનતી ગઈ છે. ગામડાંના લોકોને જીવનનિર્વાહ માટે રોજીરોટી મળે એવી ગામડાંમાં વ્યવસ્થા છે. બીપીએલ કુટુંબોને પોતાનું ઘરનું ઘર મળે એના માટે મકાનની વ્યવસ્થા થઈ છે અને પ્લૉટો પણ આપવામાં આવ્યા છે. ખેડૂતોને પિયત માટે એના ખેતરમાં પાણી મળે એના માટે હાર્ડવર્કીંગ કરવામાં આવ્યું છે, જળસંચયની વ્યવસ્થાનું કામ ગુજરાતમાં આ દેશમાં સર્વોચ્ચ થયું છે , ગામડામાં શહેરમાં મળતી બધી સુવિધાઓ આપવા માટેના આપણે પ્રયત્નો કરી રહ્યા છીએ. માનનીય અધ્યક્ષશ્રી, ગામડાઓમાં ગ્રામસભાઓ દ્વારા શાસન ચલાવવામાં આવે છે, લોકો હળીમળીને રહે છે. ગામડાની અંદર ચૂંટણી ન થાય એટલા માટે સમરસ ગામ બનાવવામાં આવે છે, તિર્થ ગામ બનાવવામાં આવે છે અને પાવન ગામની પણ રચના ગામડાઓમાં્ કરવામાં આવી છે. આમ ગામડાઓ આપણે જોઈએ તો સમૃધ્ધ બનતા જાય છે. રાજય સરકાર દ્વારા ગામડાઓમાં આ બધી વ્યવસ્થા અમે કરીએ છીએ ત્યારે એને હવે ગામડું, સ્વચ્છ-સારુ, નિર્મળ અને ક્યુ ગામ સૌથી સારું ગામ બને છે એના માટે પણ સીડમની આપીને ગામડાઓની હરિફાઈ અમે ગોઠવી રહ્યા છીએ. માનનીય અધ્યક્ષશ્રી, મહિલા સશકિતકરણ માટે સખી

મંડળોની રચના કરી છે. આમ ગુજરાતનું ગામડું પાવર ટુ ધ પીપલના સિધ્ધાંતને ધ્યાને આપણે આગળ વધી રહ્યા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, એ વાત સાચી છે, ઘણાં મિત્રોએ ટીકા કરી કે આપણા ગુજરાતમાં પંચાયતોમાં ભરતી થઈ નથી અને સ્ટાફ ઓછો પડે છે એ વાત સાથે હું સંમત છું પરંતુ મારે આપનું ધ્યાન દોરવું છે કે, ૧૯૯૮ની સાલમાં હાઈકોર્ટમાં બનેલા એક કિસ્સાના કારણે આમ થવા પામ્યું છે. એક પારૂલ દેસાઈ નામની કર્મચારી બહેને હાઈકોર્ટમાં રીટ કરી હતી અને એના કારણે આપણે ગુજરાતમાં પંચાયતી શાસનમાં દસ વર્ષ સુધી ભરતી ન કરી શક્યા એના કારણે ઘણી બધી અગવડ પડી હતી. પરંતુ આ અગવડનો અંત આવતો જાય છે એ તરફ સન્માનીય ગૃહનું આજે મારે ધ્યાન દોરવું છે. કારણ કે, આ માટે ખૂબ જ સંઘર્ષ કરીને આની વ્યવસ્થાઓ ગોઠવી છે. માનનીય અધ્યક્ષશ્રી, હમણા કોઈ ઉલ્લેખમાં કહેતા હતા કે તલાટીઓ નથી ત્યારે મારે કહેવું છે કે, આ માટે હમણા જ અમે ભરતી કરી રહ્યા છીએ એમાં સન્માનીય ગૃહના ધ્યાને મૂકવા માગુ છું કે, તલાટી-કમ-મંત્રીઓ ૨૫૭૮ ની ભરતી કરીએ છીએ, ગુજરાતી ટાઈપીસ્ટ ૬૯ ની ભરતી કરીએ છીએ, સ્ટેનોગ્રાફર ગ્રેડ-૩, ૫ ની ભરતી કરીએ છીએ, અંગ્રેજી સ્ટેનોગ્રાફર અને નાયબ ચીટનીશ ૧૩૬, જૂનિયર ક્લાર્ક ૬૪૩ની ભરતી અમે કરી રહ્યા છીએ, અંગ્રેજી ટાઈપીસ્ટ ૨૬, ગુજરાતી સ્ટેનોગ્રાફર ૪ અને વિભાગીય એસ્ટાબ્લિસ ૨૭ આમ કુલ ૩૪૮૯ જગ્યાઓની ભરતીની આખી પ્રક્રિયા અમે પૂરી કરેલી છે. બીજી જે પંચાયતની જગ્યાઓ ભરવા પાત્ર છે એ ૧૩૬૫ જગ્યાઓ છે. નાયબ તાલુકા વિકાસ અધિકારી, સિનિયર ક્લાર્ક, ગુજરાતી ટાઈપીસ્ટ, નાયબ ચીટનીશ ૧૩૫, વિસ્તરણ અધિકારી, સર્કલ ઈન્સ્પેકટર ૧૭૬, જૂનિયર ક્લાર્ક ૪૧૪ને પ્રમોશન આપીને પણ અમે આ જગ્યાઓ ભરી રહ્યા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, આ સિવાય આંગણવાડી વર્કરમાંથી મુખ્ય સેવિકાઓનું પ્રમોશન ૩૬૩ ને અમે આપી રહ્યા છીએ, ફીમેલ હેલ્થ વર્કરની ભરતી અમે ૧૬૨૦ ની કરી છે. આ પ્રમાણે લગભગ ૭,૦૦૦ કર્મચારીઓની તાત્કાલીક અમે ભરતી હાથમાં લીધી છે. ગામડાઓની અંદર જે કર્મચારીઓની નિમણૂક કરવાની છે એમાં પેરલલ ગ્રામ્ય વિકાસના કામો પણ ચાલે છે. ગામડાઓની અંદર આ જે કામો ગ્રામ્ય વિકાસના ચાલે છે પછી એમાં નારેગા હોય કે પછી અન્ય કામો હોય. ગ્રામ્ય વિકાસના કામો માટે પણ અમે સ્ટાફની ભરતી કરી છે. લગભગ ટૂંકા ગાળામાં ૧૫૦૦૦ કરતા વધારે કર્મચારીઓની ભરતી અમે કરાર આધારિત કરી દીધી છે. ગ્રામ રોજગાર સહાયકો દરેક ગામમાં એક, ચાર હજારના પગાર વાળા લગભગ એ ૧૩,૭૫૮ લોકોની ભરતી કરી છે અને તેઓ પોત પોતાની ડ્યુટી ઉપર પહોંચી ગયા છે. ટેકનિકલ આસિસ્ટન્ટ તાલુકા કક્ષાએ ૧,૨૭૮ ની ભરતી કરી દીધી છે અને એ પણ ડ્યુટી પર પહોંચી ગયા છે. આંકડા સહાયક ૨૨૪, હિસાબનીશ મદદનીશ ૨૨૪, આસિસ્ટન્ટ વર્ક મેનેજર ૨૨૪ અને ટેકનિકલ આસિસ્ટન્ટ દરેક જિલ્લા કક્ષાનો એક એન્જિનિયર એવા ૨૬ એન્જિનિયરોની પણ ભરતી કરી છે. આટલી ભરતી કરી હોવાના કારણે ગામડાઓની અંદર અને જિલ્લા પંચાયતો, તાલુકા પંચાયતોની અંદર પણ સ્ટાફ આવશે અને સાથે સાથે ગ્રામ્ય વિકાસના કામોમાં પણ વેગ આવશે.

માનનીય અધ્યક્ષશ્રી, મારા મિત્રોનું મારે ધ્યાન દોરવું છે કે, ગામડાની બાબતોની વાત કરવાનો ખરેખર તમે અધિકાર ગુમાવી દીધો છે કારણ મારી પાસે એની સાબિતી છે. ૧૯૮૫-૮૬ થી માંડીને ૧૯૯૪-૯૫ સુધી અમારા સામે બેઠેલા મિત્રો શાસનમાં હતા ત્યારે કેટલું બજેટ કર્યું હતું દસ વર્ષનું? રૂા. ૨૦૧ કરોડ. રૂા. ૨૦૧ કરોડ દસ વર્ષ માટે એટલે કે એક વર્ષનું રૂા.૨૦ કરોડનું બજેટ હતું. ભલા આંગળી સુજીને થાંભલો થાય ખરો?

માનનીય અધ્યક્ષશ્રી, ૨૦ કરોડ રૂપિયામાં ગામડાઓનો વિકાસ કરવાની કલ્પના કરનાર શાસકો માટે આજે અમે જ્યારે અહીયા શાસનમાં છીએ ત્યારે મારે કહેવું છે કે, ૧૯૯૫થી આજની તારીખ સુધી ૫૬૬૩ કરોડ રૂપિયાની ફાળવણી અમે પંદર વર્ષમાં કરી છે, આજની તારીખે આ ગ્રામ પંચાયતોનું બજેટ ૯૦૫ કરોડ રૂપિયાનું એકજ વર્ષમાં અમે હાથ પર લીધું છે. હવે રહી વાત ગામડાઓની પ્રાથમિક સુવિધાઓની એ સુવિધા અમે આપી રહ્યા છીએ અને હજી પણ વધારે બજેટ અમે હાથ પર લીધેલ છે ગરીબ લોકો જે ગામડામાં રહે છે ત્યાં સરદાર આવાસ બાંધીને ગરીબ લોકોને રહેવાની વ્યવસ્થા આપવાનું આયોજન અમે કર્યુ છે, ૧૨૮.૮૯ કરોડ રૂપિયાની યોજના બનાવી ૨૮૬૪૨ સરદાર આવાસો અમે હાથ પર લીધા છે, સ્વર્ણિમ ગોલ્ડન ગોલ, ૨૦૧૦-૧૧માં અમારી પાસે જે પ્લોટ હતા, ગરીબ લોકો માટે ૦ થી ૨૦ના આંકવાળા એ ૬૬૮૬૨નો લક્ષ્યાંક હતો, એમાં ૬૧૪૦૨ પ્લોટ અમે ફાળવ્યા છે, અને ૫૩૬૦ પ્લોટ બાકી રહ્યા એના માટેનું પણ આયોજન કર્યુ છે, અમુક જગ્યાએ શહેરી વિસ્તારો નજીક આવવાના કારણે, ત્યાં ઓથોરિટિઓ હોવાના કારણે જગ્યાઓની અવેઈલિબિલિટી નથી, બાકી ગરીબ લોકોને સોએ સો ટકા પ્લોટ આપવાનું આયોજન આ સરકારે કર્યુ છે. અમારી સરકારે ગરીબો માટેની આવાસ યોજનામાં ૩,૦૩,૩૪૧નો લક્ષ્યાંક હતો એની સામે ૨૬૩૧૯૪ આવાસો ગરીબ લોકો માટે અમે બનાવ્યા છે, બાકી રહેલા આવાસો માટેનું કામ હાથ પર લીધું છે. ગામડાઓમાં જમીન નથી મળતી પરંતુ એના માટે અમે કલેક્ટરશ્રીઓને ઓથોરિટિ આપી હતી અને બે લાખ રૂપિયાની મર્યાદા હતી એ વધારીને ૧૦ લાખ રૂપિયા સુધીની મર્યાદા કરી છે અને એટલા રૂપિયાનો ખર્ચ કરીને પણ જમીન મેળવી લેવી એવું જણાવેલ છે. ગામડાઓનો વિકાસ કરવો હોય તો લાંબા ગાળાનો વિચાર કરવો પડે. આપણે જાણીએ છીએ કે ગામડાઓના પ્રકારમાં નાના મોટા અનેક પ્રકારના ગામડા છે દરેકના જિલ્લામાં છે, દરેકના તાલુકામાં છે, આજે શહેરી વિસ્તારોની વાત કરીએ મારે

અભિનંદન આપવા છે અર્બન ડિપાર્ટમેન્ટને કે જેણે પોતાની નગરપાલિકાઓ અને મહાનગરપાલિકાઓ માટે ઘણી બધી સગવડતાઓ આપી છે હવે નગરપાલિકાઓનો વિકાસ થયેલો જોઈને એની સમકક્ષ મોટા ગામડા જે છે એ મોટા ગામડાઓ સળવળાટ કરે છે એમને એમ થાય છે કે અમારી સગવડતાઓ પણ એમની સમકક્ષ હોવી જોઈએ, પંદર હજારની વસતિથી મોટુ શહેર બન્યું હોય નગરપાલિકા હોય અને દસ હજારથી પંદર હજારની વસતિવાળું ગામડું હોય એ એક ગામડું કહેવાય છે એ એક નગર કહેવાય છે. એની વ્યવસ્થાઓ અલગ પ્રકારની હોય છે અને એટલા માટે આ સરકારે નિર્ણય કર્યો છે રિબન કન્સેપ્ટનું ડેવલપમેન્ટ કર્યુ છે એમાં ' આત્મા ગામડાનો, સુવિધા શહેરની ' એવી વ્યવસ્થા માટે રસ્તા, ગટર અને લાઈટની વ્યવસ્થા પ્રાથમિક તબક્કે હાથ પર લેવાનો વિચાર કર્યો, પણ ગામડાની અંદર કંઈ વિકાસ કરવો હોય તો ડ્રેનેજનું કામ પહેલાં કરવું પડે કોઈપણ ગામડાની અંદર આજની યોજના પ્રમાણે ગુજરાતમાં પીવાનું પાણી નહોતું ત્યારે એને પાણી આપવું હોય તો ચાળીસ લિટરથી વધારે પાણી આપી શકાતું નહોતું, મારે આભાર માનવો જોઈએ અમારા પાણી પુરવઠા વિભાગનો અને માનનીય મંત્રીશ્રી નીતિનભાઈએ અમારી સાથે બેઠક કરીને માનનીય મુખ્યમંત્રીશ્રીના આદેશથી અમે આમાં ગોઠવણી કરી કે જો ડ્રેનેજ કામ કરવું હોય તો ૧૦૦ થી ૧૨૦ લિટર પાણી દરેક ગામડાંમાં આપવું પડે, ડ્રેનેજની કલ્પના કરવી સહેલી છે પરંતુ એને ચાલું કરવી હોય તો પાણી જોઈએ અને પાણી હોય તો પાણી પુરવઠા વિભાગ અંતર્ગત યોજનાઓ બનાવવી પડે, પુરવઠો લાવવો પડે અને મને કહેતા આનંદ થાય છે કે ૨૫૫ ગામો અમે પસંદ કર્યા છે એ ગામોમાં અમે કામગીરી શરૂ કરી છે, ત્રણ તબક્કામાં અમે લીધા છે, પહેલાં તબક્કામાં અમે જે કામ લીધા એ તાલુકાઓના જે સ્થળો છે, આપ જ્યાં રહો છો બધા એ પોતપોતાના તાલુકાઓ છે, એ તાલુકાના મથકો ૮૨ છે, બાકીના તાલુકા સ્થળો નગરપાલિકાઓ બની ગઈ છે. પરંતુ જે તાલુકાના સ્થળો નગરપાલિકા નથી બની અને તાલુકાના સ્થળો ગ્રામ પંચાયતો છે એવા ૮૨ અને ત્રણ ખાસ પ્રકારના અંબાજી જેવા ત્રણ નગર - ગામો અમે લીધા છે. ૮૫ ગામોને અમે હાથ પર લીધા છે. ૮૫ ગામોને અમે હાથમાં લીધાં છે. બીજા તબક્કામાં ગરીબ આદિવાસી વિસ્તારોમાં સાત હજારની વસતિ હોય તો તેવા પણ અમે ૫૫ ગામો હાથમાં લીધાં છે. અને ત્રીજા તબક્કામાં ૧૦ હજારથી મોટી વસતિવાળા અને ૧૫ હજારની વસતિ સુધીનું ગામડું હોય તો એવા ૧૧૮ ગામ અમે હાથમાં લીધાં છે. મારે આપને જણાવવું છે સન્માનીય સભ્યશ્રીઓને કે અમે જે કામગીરી કરી છે ડ્રેનેજનું કામ કરવું એટલે સર્વે કરવો, ડિઝાઇન કરવી, કન્સલ્ટીંગ નીમવા, ટેન્ડરીંગ કરવું વહીવટી મંજૂરી આપવી એવા અનેક કામ હોય છે. આ ડ્રેનેજ એટલે સીધી પેલી ગટર કે વેસ્ટ વોટર નાખવું એવું નથી પાકી ગટરોની હું વાત કરી રહ્યો છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારે સન્માનીય ગૃહ સમક્ષ જાહેર કરવું છે કે આ જે હું જિલ્લાવાર આપને થોડાંક ગામોના નામ આપું આપને પણ આનંદ થશે કે અમારે ત્યાં ડ્રેનેજ યોજના આવે છે. ગાંધીનગરમાં રાંધેજામાં ૬.૭૯ કરોડની મંજૂરી આપી વહીવટી મંજૂરીઓ આ બધી આપી છે. મહેસાણામાં ગોઝારીયામાં ૪.૧૩ કરોડની મંજૂરી આપી. બહુચરાજીમાં ૭.૮૫ કરોડની, અંબાજીમાં ૪.૫૬ કરોડની, બનાસકાંઠાના અમીરગઢમાં ૪.૧૯ કરોડની મંજૂરી આપી, ટેન્ડરો પણ બહાર પાડી દીધા છે. દાંતીવાડામાં ૧.૪૬ કરોડની, દાંતામાં ૨.૬૪ કરોડની, સમીમાં ૭.૪૫ કરોડની પાટણમાં જ, સુરતમાં ઉમરપાડા ૩.૬૬ કરોડની ગટર યોજના મંજૂર કરી. મહુવામાં ૨.૪૯ કરોડ, પલસાણામાં ૭.૯૮ કરોડ અને સાબરકાંઠામાં ૬.૮૨ કરોડનું મેઘરજ, ભિલોડામાં ૮.૪૯ કરોડ, માલપુરમાં ૪.૭૪ કરોડ, ધનસુરામાં ૭.૦૬ કરોડ, વિજયનગરમાં ૨.૭૧ કરોડ અને કલ્યાણપુરામાં ૩.૮૧ કરોડ જામનગરની અંદર લાલપુરમાં ૧૩.૬૮ કરોડની ગટર યોજના મંજૂર કરી, વડોદરા વાઘોડીયામાં ૭.૩૧ કરોડ, સંખેડા ૩.૧૬ કરોડ, શિનોરમાં ૨.૬૨ કરોડ, મેંદરડા જુનાગઢમાં ૧૩.૪૪ કરોડની ગટર યોજના હાથમાં લીધી છે. પંચમહાલમાં કડાણામાં ૨.૩૪ કરોડ, ઘોઘંબામાં ૩.૨૩ કરોડ, પંચમહાલમાં મોરવા ૨.૬૬ કરોડ, ખાનપુરમાં ૨.૬૭ કરોડ, જાંબુઘ ાોડામાં ૨.૬૬ કરોડ, આણંદમાં તારાપુરમાં ૮.૮ કરોડ, દાહોદમાં ફતેપુરામાં ૪.૫૪ કરોડ, ધાનપુરામાં ૧.૪૭ કરોડ, મુંદ્રામાં ૯.૯૦ કરોડ, સાગબારામાં ૨.૫૬ કરોડ, તિલકવાડામાં ૧.૮૫ કરોડ, નિઝરમાં ૪.૫૭ કરોડ માનનીય અધ્યક્ષશ્રી, આટલું જ નહીં એ સિવાય પણ આ ૩૪ ગામો મેં વાંચનમાં લીધાં બાકીના જે છે તેમાં હાથ ઉપર પહેલાં પેઈજમાં લીધાં. અમદાવાદમાં રાણપુર, માંડલ અને દેત્રોજનું કામ બહુ તાત્કાલિક હાથ ઉપર લઈએ છીએ. અને આ ઓન ગોઈંગ છે. મને લાગે છે એક મહિનામાં બધો પ્રોસેસ હું પૂરો કરીશ. અમરેલીમાં ધારી, મોટી કુકાવાવ, ખાંભા, લીલીયા પોતાના ગામોના નામ યાદ રાખજો. બનાસકાંઠામાં દિયોદર, શિહોરી, વાવ, વડગામ. ભાવનગરમાં ઘોઘા, ઉમરાળાનું કામ હાથમાં લીધું છે. ભરૂચમાં ઝઘડીયા, હાંસોટ, વાગરા, વાલીયા. દાહોદમાં ગરબાડા, લીમખેડા. ડાંગમાં આહવા. જામનગરમાં જોડીયા, જુનાગઢમાં ભેંસાણ, માળિયા હટીના, ખેડામાં માતર, વિરપુર. કચ્છમાં નખત્રાણા, નલીયા અને દયાપર. મહેસાણામાં સતલાસણા. નર્મદામાં દેડીયાપાડા. નવસારીમાં વાંસદા અને ચીખલી. પાટણમાં વારાહી. રાજકોટમાં જામ કંડોરણા, ટંકારા, પડધરી, કોટડાસાંગાણી, લોધીકા. સુરેન્દ્રનગરમાં ચૂડા, સાયલા, લખતર અને મૂળી. સુરતમાં ઓલપાડ, કામરેજ અને માંગરોળ. વડોદરામાં નસવાડી, જેતપુર પાવી, કવાંટ. વલસાડમાં કપરાડા. તાપીમાં વાલોડ, ઉચ્છલ.

માનનીય અધ્યક્ષશ્રી, આ બધાજ તાલુકાઓ કવર કર્યા છે. આ તાલુકાઓની ઇચ્છા હતી કે અમારે ત્યાં ડ્રેનેજ આવવી જોઈએ. મેં આપને કહ્યું તેમ પાણી પુરવઠાના સહયોગથી આ આખી સ્કીમ અમે હાથમાં લીધી છે. કામો સર્વેયીંગ થઈ ગયા છે અને આયોજન ચાલે છે. કદાચ આપને આ યોજના ગમશે. કદાચ આપને આ યોજના

ગમશે. માનનીય અધ્યક્ષશ્રી, શહેરી વિસ્તારોની સમકક્ષ વ્યવસ્થા આપવા માટેની અમારી મથામણ છે. કલ્પના નથી. આ વહીવટમાં વ્યવસ્થા કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગરીબ કલ્યાણ મેળા. ગામડામાં ગરીબ લોકો રહે છે. એના ગરીબ કલ્યાણ મેળાની વ્યવસ્થા માટે ૩૪.૫૦ કરોડની જોગવાઈ કરી છે. મુખ્ય હેતુ વચેટીયાઓની નાબૂદીનો છે. ગરીબ લોકોને જે લૂંટી ખાય છે એવા લોકોને નાબૂદ કર્યા છે. જિલ્લા કક્ષાએ ૩૪૨ ગરીબ કલ્યાણ મેળાનું આયોજન ૩૭.૬૭ લાખ ગરીબોને વહેંચણી કરવામાં આવશે અને ૪૮૫૫ કરોડની સહાયનું વિતરણ કરવામાં આવશે.

માનનીય અધ્યક્ષશ્રી, ગામડાની વ્યવસ્થાને એકબાજુ વિકાસ કરીએ છીએ, બીજી બાજુ ગામડાને હરીફાઈ માટે અમારા ફકીરભાઈ વાઘેલા સાહેબને મારે અભિનંદન આપવા છે કે એમણે ગુજરાતમાં રમત મહાકુંભ ઉભો કર્યો. ગામડાના લાખો યુવાનોને હરીફાઈમાં જોતર્યા. હું પંચાયતમંત્રી છું અને ગ્રામ્ય વિકાસ મંત્રી છું. મારી પણ ઈચ્છા એવી છે. માનનીય મુખ્યમંત્રીશ્રીએ આદેશ આપ્યો કે ગામડામાં સિદ્ધિઓ મેળવે એમને આપણે પુરસ્કાર આપીએ. એમને ઈનામ આપીએ. એ પુરસ્કાર આપવાનું શરુ કરીએ એ પહેલા બધા જ ગામડાને સીડ મની મોકલી આપ્યા. એમાં ૧૨૦.૨૬ કરોડ રૂપિયાની વહેંચણી ગામેગામ કરવામાં આવી છે. આપને લાગશે કે ગામડાને તૈયારી કરવા માટે પોતાનું ગામડું ગામ આગળ લાવીને હરીફાઈમાં ટકવા માટે તૈયારી માટે આપ્યા છે. ૫ હજારથી વધારે વસતિ છે તેવા ગામડાને ૫૦ હજાર મોકલ્યા છે. ૨ થી ૫ હજારની વસતિવાળા ગામોને ૭૫ હજાર અને ૨ હજારથી ઓછી વસતિ, નાના ગામો છે, એને ૧ લાખ રૂપિયા મોકલ્યા છે. Allready we have send. જેને અમે સીડ મની કહીએ છીએ. પ્રાથમિક તૈયારી આ હરીફાઈમાં ઉતરવા માટે ખૂટતી કડીઓ તૈયાર કરવા માટે ગામડામાં એ તૈયારી કરે, પુરસ્કાર શું આપશે? આ સરકારે દરેક ગામને કહ્યું છે કે તમે પુરસ્કાર માટે તૈયાર રહો. આ પહેલી મેએ સ્વર્ણિમ જયંતિની પુર્ણાહુતિ થશે તે પછી તરત જ એ વર્ષમાં આ ઈનામો વહેંચવામાં આવશે. એની વ્યવસ્થા એવી કરી છે. આપે જાણવું જોઈએ, આપ વતનમાં જાઓ તો કહી શકો કે આપણા ગુજરાતના ગામડા ૩ સ્તરમાં છે. એક વિભાગ છે સાગરખેડૂ, બીજો વિભાગ છે તે વનબંધુ અને ત્રીજો વિભાગ છે તે આપણા જેવા સામાન્ય લોકો. આ ૩ કેટેગરીમાં ગામડાને વહેંચ્યું છે. (અંતરાય) વનબંધુ અને આદિવાસી એક જ છે અમારા માટે. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, જે તાલુકામાં... (સતત અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય અનિલભાઈ, પ્લીઝ, પ્લીઝ.

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : એ અમારો સબજેકટ છે. (સતત અંતરાય)

**અધ્યક્ષશ્રી** : અનિલભાઈ, પ્લીઝ આપ બેસી જાઓ.(અંતરાય) એનું રૂલિંગ બાકી છે. અગાઉ ખૂબ ચર્ચા થઈ છે. એનું રૂલિંગ બાકી છે.

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : જરૂર વગરનો વિવાદ ના કરો.

**અધ્યક્ષશ્રી** : મંત્રીશ્રી, આપનું પ્રવચન ચાલુ રાખો. (અંતરાય) ઓર્ડર, ઓર્ડર.

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : તાલુકાને ૩ કેટેગરીમાં વહેંચ્યા પછી પોતપોતાની કેટેગરીમાં હરીફાઈ થશે. તાલુકાની અંદર પોતાની કેટેગરીમાં હરીફાઈ થશે. જે ગામ તાલુકામાં પ્રથમ આવશે એને ૫ લાખ રૂપિયા, બીજા ક્રમે આવશે તેને ૩ લાખ રૂપિયા અને ત્રીજા ક્રમે આવશે તેને ૨ લાખ રૂપિયા મળશે. પોતાની કેટેગરીમાં જિલ્લામાં જે પ્રથમ ક્રમે આવશે એ ગામને (અંતરાય) ઈકબાલભાઈ, તમારા જિલ્લામાં તમારું ગામ પ્રથમ આવશે તો એને ૨૦ લાખ રૂપિયા, બીજા ક્રમે આવશે તો એને ૧૦ લાખ રૂપિયા અને ત્રીજા ક્રમે આવશે તો ૫ લાખ રૂપિયાની જાહેરાત કરવામાં આવે છે. રાજયમાં જે સર્વશ્રેષ્ઠ ગામ આવશે, ૩ કેટેગરીમાં, પોતપોતાની કેટેગરીમાં કે અલગ અલગ કેટેગરીમાં, એને પ્રથમ નંબરે જે ગામ આવશે એને ૨૫ લાખ રૂપિયાનું ઈનામ મળશે. બીજા નંબરને ૨૦ લાખ અને ત્રીજા નંબરને ૧૫ લાખ રૂપિયા. આ રીતે ગામડાને પણ પોતપોતાની હરીફાઈમાં ઉતરીને ગામડાને સુંદર મજાનું ગામ બનાવવાની યોજનાઓ બહાર પાડી છે. એમાં ૮૬.૨૫ કરોડ રૂપિયાના આ પુરસ્કાર આપવામાં આવશે. ગામડાને અમે હજુ મજાકમાં લીધું નથી. ગામડાને ઈ-ગ્રામ, વિશ્વ ગ્રામથી મઢયુ છે. શ્રી નરોત્તમભાઈ પટેલ (ક્રમશ:): એની કનેકટીવીટી કરી છે. ૨૯૩.૨૮ કરોડ રૂપિયાનો ખર્ચ કરીને ગામડાંને ઈ-ગ્રામથી જોડયાં છે. આ વર્ષે પણ જોડાણ થયા પછી પણ ૪૦ કરોડ રૂપિયાની વ્યવસ્થા ગોઠવી છે. ૫ હજાર ગામડાં બાકી રહી ગયાં હતાં એને પણ કનેકટ કરવાનું કામ હાથ ઉપર લીધું છે.

માનનીય અધ્યક્ષશ્રી, તાલીમ સર્વેક્ષણ માટેની પણ કામગીરી કરીએ છે. આપણે નાના નાના માણસો પંચાયતમાં ચૂંટાઈને આવે એના માટે તાલીમ સર્વેક્ષણ માટે ૩ા કરોડ રૂપિયાનું બજેટ રાખ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતોમાં મારી સાથે ઘણા મિત્રો એના માટેના મકાનોની વાત કરતા હતા અને કરે છે અને એના માટેની પૂર્વ તૈયારીરૂપે કરજણ તાલુકામાં ૯૨.૯૭ લાખ રૂપિયાની મંજૂરી આપી છે, વાઘોડીયામાં ૯૨.૯૭ લાખ રૂપિયાની મંજૂરી આપી છે, નસવાડીમાં ૧ કરોડ ૪૩ લાખ રૂપિયાની મંજૂરી આપી છે, પાદરામાં પણ માગણી હતી તો ૯૨.૯૭ લાખની મંજૂરી આપી છે. મૂળીમાં ૭૮ લાખ ૬૦ હજારની મંજૂરી આપી છે, માંગરોલમાં ૧ કરોડ ૧૯ લાખ ૪૮ હજાર રૂપિયાની મંજૂરી આપી છે, કુતીયાણામાં ૯૨ લાખ ૯ હજારની મંજૂરશી આપી છે, ચોટીલામાં ૭૮.૬૦ લાખની મંજૂરી આપી છે. નિઝરમાં ૯૭.૨૨ લાખની મંજૂરી આપીછે, સાંબરડામાં ૧ કરોડ ૨૮ લાખ રૂપિયાની મંજૂરી આપી છે અને જાંબુઘોડામાં ૪ લાખ રૂપિયાની

મંજૂરી એમ કરીને અમે ૧૧ તાલુકા પંચાયતનાં મકાનો માટે ૧૩ કરોડ રૂપિયાના ખર્ચે મકાનો બાંધવાન કામગીરી હાથ ઉપર લીધી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રમાણે પંચાયત ઘર માટેની પણ વ્યવસ્થા છે. હમણાં જ આપણે બી.એન.આર.જી.એસ.કે. ની યોજના આવી છે એનો પણ લાભ લેવા માટેનો પ્રયત્ન કરીએ છીએ. લગભગ ૧૪૯૪ ગ્રામ પંચાયતના નવાં મકાનો બાંધવા માટેની વ્યવસ્થા જોઈએ છે. 'મામાનું ઘર કેટલે તો દીવોબળે એટલે' એટલે કે એ કેન્દ્ર સરકારમાંથી ફંડ આવાનું છે • (xxxxx) અને આશા રાખું છું કે એ કાંઈક તો આવશે.

## પોઈન્ટ ઓફ ઓર્ડર

### શબ્દો પાછા ખેંચવા અંગે

**શ્રી સિધ્ધાર્થ ચી. પટેલ(ડભોઈ)** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઈન્ટ ઓફ ઓર્ડર છે કે (xxxxx) એવી વાત એક જવાબદાર મંત્રીશ્રી જવાબમાં કહે છે એ બરાબર નથી. એ શબ્દો એમણે પાછા ખેંચવા જોઈએ.

**અધ્યક્ષશ્રી:** માનનીય મંત્રીશ્રી, આપ એ શબ્દો પાછા ખેંચી લો.

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ:** માનનીય અધ્યક્ષશ્રી, મારો કોઈ એવો હેતું નથી, મેં તો ખાલી લાઈટ ટોનમાં જ આ વાત કરી છે. (અંતરાય)

(આ તબકકે શ્રી નીતિનભાઈ પટેલ બેઠાં બેઠાં કંઈક બોલતાં અને શ્રી ઈકબાલભાઈએ વાંધો લેતાં)

**અધ્યક્ષશ્રી:** કોઈ બેઠાં બેઠાં કાંઈ બોલે તો આપણે એને ગૃહની કાર્યવાહીનો ભાગ ગણતા નથી.

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ:** માનનીય અધ્યક્ષશ્રી, હું મારા એ શબ્દો પાછા ખેંચી લઉં છું. નો પ્રોબલેમ.

**શ્રી નરોત્તમભાઈ પટેલ(ચોર્યાસી)** : માનનીય અધ્યક્ષશ્રી, ૧૩ મા નાણાપંચમાં ૩૫૯.૭૩ કરોડ રૂપિયાની જોગવાઈ છે એ પણ ગામડાંના વિકાસમાં વાપરવાના છે. જિલ્લા પંચાયતોને જે અનુદાન મળશે એમાં હવે ગામડાંમાં ૭૦ ટકા આપવામાં આવશે અને તાલુકામાં ૧૫ ટકા અને પંચાયતને પણ ૧૫ ટકા અનુદાન મળશે. ગામડાંનો વિકાસ કરવો હોય તો બધો જ વિચાર કરવો પડશે. તીર્થગ્રામ વ્યવસ્થા હાલ ચાલુ છે અને એમાં ૫૦ લાખ રૂપિયાની જોગવાઈ છે, પંચવટી યોજના ચાલં છે અને એમાં આ વર્ષે ૬ કરોડ રૂપિયાની યોજના છે. બીજું કે ઈ.વી.એમ. મશીનો ચૂંટણી આવવાની છે એના માટે જોઈશે. એટલા માટે ૮ કરોડ રૂપિયાની યોજના પણ વિભાગદ્વારા કરવામાં આવી છે. આ પ્રમાણે નવી બાબતો કે જેમાં આઈ.ટી. તો એના માટે પણ ૧૮.૩૦ લાખની વ્યવસ્થા છે,

માનનીય અધ્યક્ષશ્રી, ગ્રામ સભાઓની વ્યવસ્થામાં આંખે ઉડીને વળગે એવું કામ થયું છે. મારા મિત્રોને ગમે કે ના ગમે, પરંતુ અમારા દ્વારા જે ૨ લાખ ૪૫ હજાર ગ્રામ સભાઓનું આયોજન થયું અને એમાં ૩ કરોડ ૪૬ લાખ લોકોએ ભાગ લઈને એમના ૯,૨૭,૨૨૮ પ્રશ્નો રજૂ કર્યા હતા એમાંથી ૮૫ ટકા પ્રશ્નોનો નિકાલ થયો છે અને બાકીના પ્રશ્નો પણ હાથ ઉપર લીધા છે.

માનનીય અધ્યક્ષશ્રી, બી.આર.જી.એફ.ની વ્યવસ્થા છે એમાં ૧૦૧ કરોડ રૂપિયાની વ્યવસ્થા છે. ગામડાંના વિકાસ માટે ફંડ આપીએ છીએ એનેગામડાં માટે મૂકીએ છીએ ૬ જિલ્લા એમાં બનાસકાંઠા, સાબરકાંઠા, નર્મદા, ડાંગ અને પંચમહાલ છે

માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રમાણેનું પંચાયતનું બજેટ જે છે એની સાથે મારા ઘણા મિત્રોએ થોડીક ટીકાટીપ્પણ પણ કરેલ છે ગ્રામ વિકાસ વિભાગની વાત કરું એ પહેલાં મારે આના માટે થોડીક વાત કરવી છે માનનીય ધારાસભ્યશ્રી માનસિંહભાઈ એમ કહેતા હતા કે ગ્રામ પંચાયત ઘર જર્જરિત છે. શિક્ષકોની બદલીનો પ્રશ્ન ફોનથી થઈ જતો હતો, તલાટીઓની ભરતી થતી નથી. મેં કહ્યું તેમ તલાટીઓની ભરતીનો પ્રશ્ન હાથ ઉપર લીધો છે. પ્લૉટો આપવાની વાત કરી એમાં એકજ વર્ષમાં ગામતળ નીમ કરવાની કાર્યવાહી ચાલે છે. આ વરસે ગામતળ નીમ કરી દઈશું. પી.બી.એમ. કરે છે અને કન્ફર્મ કરવાનું કામ સરકાર કરે છે. પી.બી.એમ. માં અમે છોડતા નથી. હજી સુધી હું મંત્રી બન્યા પછી મન કોઈ ખ્યાલ નથી કે કોઈ પી.બી.એમ. ને છોડ્યા હોય.

માનનીય મહેન્દ્રસિંહ વાઘેલાએ ટીકા કરી હતી કે અહીંયા બરાબર લોકશાહી ચાલતી નથી. એમને સત્તા આપતા નથી. મહેન્દ્રસિંહભાઈ હતા કે નહિ મને ખબર નહિ પણ ગાંધીનગર જિલ્લાને એન.એ.ની સત્તા આપી હતી ત્યારે શું ચાલતું હતું એની ફરિયાદો મારી જોડે ખૂબ આવતી હતી. એ મને રૂબરૂ મળશે ત્યારે સમજાવીશ કે ફરિયાદો કેવા પ્રકારની હતી.

માનનીય મોહનસિંહભાઈએ એવું કહ્યું કે વડોદરા જિલ્લામાં આર. એસ. ની યોજના હતી. પરંતુ વડોદરા જિલ્લાની આવી કોઈ યોજના નહોતી અન્ય જિલ્લામાં છે, એના ઉપર એક કરોડ રૂપિયાની બાબત હતી એમાં નવ નવ ટી.ડી.ઓ. અને અન્ય સબંધિત અધિકારીઓને ખૂબ મોટી શિક્ષા કરી છે અમારા ઉપર એ ચિંતા છોડા અમે ચોક્કસપણે કામ કરીશું.

---

• (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

બીજી વાત એ કરવામાં આવી કે કેરોસીન ઓછું મળે છે. અત્યારે અમે બે કિલોલીટર કેરોસીન આપીએ છીએ. પહેલા આપણને કેન્દ્ર સરકાર તરફથી ૮૦ હજાર કિલોલીટર કેરોસીન આપવામાં આવતું હતું હવે એમાં કાપ નાખ્યો છે અને ગુજરાતને ૭૬ હજાર કિલોલીટર કેરોસીન મળે છે. આપણને વધારે કેરોસીન જોઈએ છે. મારે આપનું ધ્યાન દોરવું છે કે આની અંદર ઓછું થવા છતાં આપણે સો ટકા કેરોસીન ગરીબોને આપીએ છીએ. પહેલા ૯૦ ટકા સુધી કેરોસીન ઓછી થઈ ગયું હતું. પરંતુ મને કહેતા આનંદ થાય છે કે આપણે ભૂતિયા કાર્ડ નાબૂદ કર્યા એના લીધે કેરોસીનનો જથ્થો કેન્દ્ર સરકારે ઘટાડવા છતાં આપણે સો ટકા કેરોસીન ગરીબોને આપવા માટેની જાહેરાત કરી શકીએ છીએ. કેરોસીન ડાયવર્ડ થતું હતું એ વાત સાચી છે, એક ટૅન્કર ભરીને લઈ જાય એટલે પાંચ લાખ રૂપિયા કમાતા હતા, પરંતુ હવે એમની હિંમત તૂટી ગઈ છે. (અંતરાય) સુરતમાં હું રહું છું, સુરતવાળાને જેટલા સીધા કર્યા છે એટલા બીજા જિલ્લા સીધા થયા નથી. આપ સુરતની ચિંતા મારી ઉપર છોડી દો. હવે દર વ્યકિતએ બે કિલોલીટર કેરોસીન આપીએ છીએ. એટલે હવે દસ લીટરના બદલે ૧૨ લીટર કર્યુ છે.ડોર સ્ટેપ ડિલિવરી આપીએ છીએ, જે એના એજન્ટો છે એની દુકાન સુધી કેરોસીન આપે છે.ગ્રામ્ય કક્ષાએ ગ્રામ્ય વિજલન્સ રાખીએ છીએ એ સહી કરે પછી ડિલિવરી મળે છે.

સોયાયુકત ફોર્ટી ફાઈડ આટાની વાત કરી, એને અમે દરકારપૂર્વક હાથમાં લીધું છે. ઘણી વખત ગરીબ લોકોમાં આવો બનાવ બન્યો હોય તો મારા ધ્યાને ચોક્કસ મૂકી શકાય. પરંતુ એનો હેતુ સારો છે આપ એની ટીકાટીપ્પણ કર્યા વગર એ વધારે સારો કેવી રીતે બની શકે એ કન્સેપ્ટ એ દિશામાં જવો જોઈએ. પ્રોટિન મેળવવા માટેનું અને અંદર ફોલિક એસીડ..(અંતરાય) મેં કહ્યું કે તલાટીઓ અને ગ્રામ સેવકોની ભરતીની બાબત અમે કરી દીધી છે. માનનીય ઈકબાલભાઈએ ફોર્ટી ફાઈડ આટાની નબળી બાબતમાં કહ્યું એની ચિંતા અમે ચોક્કસ કરીએ છીએ. અમારા આનંદીબેન પણ સતત ચિંતિત છે કારણ કે એ બાબતમાં મારુ ધ્યાન દોરતા જ રહ્યા છે. દબાણોની બાબતમાં, ગૌચરોના દબાણની વાત છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી, સમયને ધ્યાને રાખીને પાંચેક મિનિટમાં પુરુ કરો.

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : બધાએ મારો સમય વાપરી નાખ્યો છે. મારામાં સાહેબ કાપ ન મુકાય. દબાણોની બાબતમાં મેં હમણાં એક સરકયુલર બહાર પાડ્યો છે, બધા મિત્રોને કહું છું. સુપ્રીમ કોર્ટે ગૌચરના દબાણો દૂર કરવા સ્ટ્રીક સૂચના આપી હતી એના આધારે સરકયુલર બહાર પાડ્યો છે. કોઈપણ જાતના દબાણો હોય એને તોડી નાખવામાં આવશે. હમણાં જે મિત્રોએ એલેકયુ પૂછ્યો હતો એ મિત્રો એલેકયુમાંથી રીફર બેક થાય છે. અમે તોડવાનો પ્રયત્ન કરીએ છીએ તો પગેરુ અવળી દિશામાં જાય છે. માનનીય અધ્યક્ષશ્રી, ગૌચરના દબાણો દૂર કરવામાં આવશે. બહુ ગંભીરતાથી તેમાં આપના સૌના સહકારની જરૂર પડશે.

માનનીય અધ્યક્ષશ્રી, એક બાબત આપના ધ્યાનમાં છે અને મનમાં આવી છે કે અમે જે ફૉર્મ-નં. ૧, બારકોડેડ રૅશનકાર્ડનો પ્રયત્ન કરીએ છીએ. મારે આપનું ધ્યાન દોરવું છે અને બહુ અગત્યનું છે. બારકોડેડ રૅશનકાર્ડમાં આપણે ગુજરાતમાં સવા કરોડ રૅશનકાર્ડ હતા. તેમાંથી અમે ફૉર્મ નં.૧ ભરાવ્યું કે જેનું જેન્યુઈન રૅશનકાર્ડ હોય તે લોકો ફૉર્મ ભરે. પહેલાં તો વિરોધ કર્યો, પછી સહકાર આપ્યો. પછી લોકોને પાંચ રૂપિયા ફૉર્મ આપીને ફૉર્મ ભરાવ્યું. પછી આસિસ્ટન્ટ દ્વારા ચેક કરાવ્યું. સવા કરોડ હતા, તેમાંથી મને કહેતા આનંદ થાય છે કે લગભગ ૧૩ લાખ લોકો ફૉર્મ ન ભરી શક્યા. વિચાર કરો. ૧૩ લાખ ફૉર્મ ન ભરવાને કારણે એ લોકો ચાલ્યા ગયા, કોઈ તેમાં ભૂતિયા કાર્ડ પણ હશે. એવું હોઈ શકે કે લોકો ટ્રાન્સફર થઈને ગયા હોય. અમે બીજી તક આપી. ૩૦-૯-૨૦૧૦ સુધી ફૉર્મ-૧ ભરાવ્યું. ત્રણ વખત તક આપી કે જેને ભરવું હોય તે પોતાનું ફૉર્મ ભરી શકે. ત્રણ ત્રણ તક આપ્યા પછી ન આવ્યા ત્યારે અમે ડૅડ લાઈન કરી તો ૧.૧૧ કરોડ એટલા ફૉર્મ રહ્યા તેને અમે કન્સીડર કર્યા કે આ ફૉર્મ સાચા છે. એમણે આપણે પુરવઠો આપવાનું શરૂ કર્યું. ફરી વખત શકિતસિંહભાઈએ મારું ધ્યાન દોર્યું કે બાકીના લગભગ ૧ લાખ ૧૭ હજાર ફૉર્મ ફરી નં.૨ ભરાઈને આવ્યા છે તેના માટે નિર્ણય લેવાનો બાકી છે. હવે એ સાચા ખોટા છે એ પણ આપને આ ગૃહમાં મારે જાહેર કરવું છે કે આ ફૉર્મ જેની પાસે રૅશનકાર્ડ હતા એ લોકોના ફૉર્મ અગર સાચા હોય તો અમે એની ડેડલાઈન કરી, આ ૧૫મી તારીખ સુધીમાં જેના ફૉર્મ, જેની પાસે રૅશનકાર્ડ હતા એનું ફૉર્મ ભરાયેલું હોય તો અમે તેને પુરવઠો આપવાનો ચાલુ કરીશું અને જે લોકોના તદ્દન નવા ફૉર્મ છે એ લોકોના માટે અમારી ચકાસણી ચાલુ રહેશે.

**અધ્યક્ષશ્રી** : મહત્ત્વની બાબતો હોય એ આપ ટૂંકમાં ધ્યાને મૂકી દો.

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હવે બજૅટ હું લઈ લઉં છું. સાહેબ, મારા ટાઈમમાં કાપ ન કરવા મારી વિનંતી છે. માનનીય અધ્યક્ષશ્રી મિશન મંગલમ એક નવો ક્ન્સેપ્ટ ગુજરાતમાં ચાલુ થયો છે. ગુજરાતના વિકાસમાં એ બહુ મોટો કન્સેપ્ટ છે અમે મિશન મંગલમ અને..

**સભાગૃહની બેઠકનો સમય લંબાવવા અંગે**

**શ્રી પંકજકુમાર વી. દેસાઈ (મુખ્યદંડકશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, સભાગૃહનો સમય દસ મિનિટ લંબાવીએ.

**શ્રી ઈકબાલ પટેલ (દંડકશ્રી)** : કેટલો લાંબો સમય આપ્યો છે સાહેબ. (અંતરાય) સાહેબ, અમે સંમત નથી.

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ૨ લાખ સખી મંડળો કર્યા છે. ૨૪ લાખથી વધુ સભ્યોનો સમાવેશ થયો છે. ૧૫૦ કરોડની બચત કરી. સખી મંડળોનો વિકાસ જૂઓ. ૨૦૮ કરોડની બેંક ક્રેડિટ આપી ૩૫૮ કરોડ રૂપિયાનું આયોજન થયું. આ સખી મંડળો છે તેમાં ૪૨,૨૦૫ સખી મંડળોને આર્થિક પ્રવૃત્તિ કરતા કર્યા છે. આ બેંકોનો સહયોગ મેળવીને આપણે આ સખી મંડળોને જે ૧૦ કે ૧૫ હજાર રૂપિયા આપતા હતા, રીવોલ્વીંગ ફંડ ઉપરાંત, તેમાં ૫૦ હજાર રૂપિયા આપણે આપીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, નરેગા યોજના મહાત્મા ગાંધી ગ્રામીણ રોજગાર બાંયધરી યોજના તેમાં ૧૨૭ કરોડનું બજૅટ છે. ૧૨૫૨ કરોડ રુપિયાની વ્યવસ્થા, આવતા વર્ષમાં આપણે આયોજન કરેલું છે.આપણા દેશના વડાપ્રધાને આપણને નરેગા યોજના માટે એડમીનીસ્ટ્રેશન ઑફ મહાત્મા ગાંધી નરેગા યોજના માટે રાજયના રાજકોટ જિલ્લાને ૨૦૦૯-૧૦ માટે એકસેલન્સ ઈન મહાત્મા ગાંધી નરેગા એડમીનીસ્ટ્રેશન એવોર્ડ આપવામાં આવ્યો છે. ઈન્દિરા આવાસ યોજનાની અંદર આપે કહ્યું કે, ૦થી ૧૬ વાળાઓને સો ટકા મકાનો મળે એના માટેનું મિશન કામ કરી રહ્યું છે અને ૦ થી ૧૬ના લોકોને આપણે પ્લૉટ આપીશું. એના માટેની વ્યવસ્થા- એસ.ટી.પી. ટોટલ સેનીટેશનની બાબતમાં પણ આપણે રૂ.૧૧૭/- કરોડ આપ્યા છે. માનનીય મુખ્યમંત્રીશ્રીએ ગામડાની એક યોજના બનાવી અમોને સૂચના આપી છે કે, આપણા નિર્મળ ગ્રામ છે એ ૫૦૦૦ ગામડાઓને નિર્મળ બનાવવાનું લક્ષ્ય આપ્યું છે. આપણા બધા ગામડાઓની અંદર અમારે કામ કરવાનું છે. મારે એ કહેવું છે કે, પુરવઠાની બાબતમાં થોડીક વાત કરવાની જરૂર છે. પૂજ્ય મહાત્મા ગાંધી કહેતા હતા કે છેવાડાના માનવીની સાર સંભાળ રાખો, પંડિત દિન દયાળ ઉપાધ્યાય એકાત્મક માનવ વાદ સિદ્ધાંતોને મૂર્તિમંત કરવાના છે. માનનીય નરેન્દ્રભાઈના ભગીરથ પ્રયત્નોથી દરિદ્ર નારાયણની સેવા કરવાની નેમ લઈને ચાલતી આ સરકાર છે. મારે થોડુંક આપના ધ્યાને મૂકવું છે. અમારું કામ ગરીબ લોકોને સલામતી, પોષણની સલામતી આપવાનું છે. પુરવઠો સમયસર ગરીબ લોકોને પહોંચે એ મહદઅંશે અમારું કામ છે. ગરીબોને પુરવઠો આપવામાં ગુજરાતમાં ગમે તે વ્યકિત હોય એને રીસાઈડ કરશે તો ભલભલા ચમરબંધીને પણ છોડવામાં આવશે નહીં અને એને પીબીએમમાં પૂરી દેવામાં આવશે.(અંતરાય)

**શ્રી ઇકબાલ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હવે પૂરું કરવું જોઈએ, આ બરાબર નથી. પ્રશ્નો પૂછવાનો અમારો અધિકાર છે. હવે મતદાન થશે..

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું અપીલ કરું છું. મારા વિરોધપક્ષના મિત્રોએ કાપદરખાસ્તો આપી છે. આપ સૌને મારી વિનંતી છે કે, આ ગરીબ લોકોનું બજૅટ છે, આ ગામડાઓનું બજૅટ છે. આપણે સૌએ સાથે મળીને કામ કરવાનું છે. આપ સૌને મારી વિનંતી છે કે, આપ આપની કાપદરખાસ્તો પાછી ખેંચી બજૅટને સર્વાનુમતે મંજૂર કરવા વિનંતી છે.

**શ્રી ચંદુભાઈ ડાભી** : માનનીય અધ્યક્ષશ્રી, ગામડું એટલે ઉકરડો નહીં પરંતુ સ્વચ્છ ગામ. છ વર્ષ પહેલાં પ્રથમ ચિંતન બેઠકમાં ડી.ડી.ઓ.ની મીટિંગ બોલાવીને આપે સૂચના આપી હતી કે, આ ઉકરડો દૂર કરવા માટે દૂર જગ્યા આપવી. આ ફાઇલ છ વર્ષથી પડી છે. આ ફાઇલ આપ ખોલવા માગો છો કે કેમ?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, અમે નિર્મળ ગામ બનાવવાની જે કલ્પના કરી છે અને એમાં આગળ વધી રહ્યા છીએ એમાં ગામડાના કિનારે આવેલ તમામ ઉકરડાને દૂર કરવાની બાબત છે, અમારું કામ ચાલુ છે. તમામ ડી.ડી.ઓ.ને સૂચના આપવામાં આવી છે. નહીં તો નિર્મળ ગામ બને જ નહીં. ગામડાઓની અંદર પાદરે પડેલા ઉકરડાઓ  માટે બીજી જગ્યા આપીને એને નીમ કરીને એ ઉકરડાઓ હટાવીશું. (અંતરાય)

**આ તબક્કે ચર્ચાના જવાબમાં વધુ પૂરક પ્રશ્નો પૂછવાની રજૂઆત ગ્રાહ્ય ન રાખતાં સભાગૃહમાં ઉપસ્થિત રહેલા વિરોધપક્ષના તમામ સભ્યશ્રીઓ સભાત્યાગ કરી ગયા.**

**કાપ દરખાસ્ત ક્રમાંક-૧થી ૭, ૯થી ૩૩ એકી સાથે મત માટે મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.**

**માગણી ક્રમાંક- ૨૨, ૨૩, ૬૯ અને ૭૧ મત માટે મૂકવામાં આવી અને વિના વિરોધે મંજૂર કરવામાં આવી.**

# પૉઈન્ટ ઑફ ઑર્ડર

## અધ્યક્ષશ્રીના અવમાન અંગે

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : ( વૈધાનિક અને સંસદીય બાબતોના મંત્રીશ્રી) :** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પૉઈન્ટ ઑફ ઑર્ડર છે.  જ્યારે માનનીય મંત્રીશ્રીનો જવાબ પૂર્ણ થયો અને જવાબ પૂર્ણ થયા પછી સામે પક્ષેથી પ્રશ્નો પૂછવા માટેનો આગ્રહ કર્યો, સભાગૃહનું સંચાલન કેવી રીતે કરવું એ માનનીય અધ્યક્ષશ્રીના અધિકાર છે અને જ્યારે આપે સામા પક્ષે એક માનનીય સભ્યશ્રીને પ્રશ્ન પૂછવાની તક આપી પરંતુ એમણે દુરાગ્રહ કરીને હજી અમારે વધારે સભ્યોને પ્રશ્નો પૂછવા છે અને અમને પ્રશ્ન પૂછવા નથી દીધા એટલા માટે અમે સભાત્યાગ કરીએ છીએ, આમ કરીને માનનીય અધ્યક્ષશ્રી, વિપક્ષ દ્વારા માનનીય અધ્યક્ષશ્રીનું અવમાન કરવામાં આવ્યું છે, આના સંદર્ભમાં આ મારો પૉઈન્ટ ઑફ ઑર્ડર છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રીએ જે વિપક્ષના સભ્યો ગૃહ છોડીને ગયા છે એ બાબતે પૉઈન્ટ ઑફ ઑર્ડર ઉઠાવ્યો છે એનું રૂલિંગ પછી આપીશ.

**સભાગૃહની બીજી બેઠકનું કામકાજ સાંજના ૬-૫૭ વાગ્યે પૂરું થતા સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર બુધવાર, તા:૨૩મી માર્ચ ૨૦૧૧ના રોજ બપોરના ૧૨-૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

| વિષય | પાના નંબર |
|---|---|
| ગાંધીનગર જિલ્લામાં બેરોજગારોને રોજગારી | ૪૮૪ |
| **અનિલ જોષીયારા** | |
| આઇ.એ.એસ. અને આઇ.પી.એસ. અધિકારીઓને સસ્પેન્ડ કરવા અંગે | ૩૧૮ |
| નર્મદા નિગમને ટ્રાયબલ વિભાગ તરફથી મળેલ રકમ | ૨૬૫ |
| સાબરકાંઠા જિલ્લામાં પંડિત દીનદયાળ આવાસ યોજનાના લાભાર્થી | ૪૬૦ |
| સાબરકાંઠા જિલ્લામાં એસ. કે-૪ પાણી પુરવઠા યોજના | ૪૮ |
| સ્વાતંત્ર્ય સેનાનીઓને આપવામાં આવતું માસિક પેન્શન વધારવા બાબત | ૩૪૨ |
| **અનિલકુમાર અ. માળી** | |
| બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં ઊંડા કરાયેલ મોટા તળાવો | ૩૪ |
| બનાસકાંઠા જિલ્લામાં ખેલ મહાકુંભ | ૪૭૯ |
| બનાસકાંઠા જિલ્લામાં પોલીસ ખાતાના રહેણાંકના મકાનો | ૩૨૮ |
| બનાસકાંઠા જિલ્લામાં પ્રજા અને પોલીસ વચ્ચે યોજવામાં આવેલ લોકદરબાર | ૨૮૮ |
| **અનિલકુમાર ત્રિ. પટેલ** | |
| નવા ગ્રંથાલયના નિર્માણ | ૪૬૪ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન ( છઠ્ઠો દિવસ) | ૨૩૮ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન ( છઠ્ઠો દિવસ) | ૨૩૮ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન ( છઠ્ઠો દિવસ) | ૨૩૮ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ) | ૫૦૬ |
| રાજ્યમાં નર્સીંગ કોલેજોમાં પ્રવેશ માટેની બેઠકો | ૩૬ |
| હાથશાળના કારીગરોને આપવામાં આવેલ તાલીમ | ૨૯૫ |
| **અભેસિંહ મો. તડવી** | |
| નર્મદા નદીના કિનારાને શીપ યાર્ડના ક્લસ્ટર વિકસાવવા બાબત | ૨૮૫ |
| વડોદરા જિલ્લામાં નગરપાલિકાઓમાં ભુગર્ભ ગટર યોજના | ૬૬ |
| વડોદરા જિલ્લામાં પી.એચ.સી.ના મકાનો બાંધવા મંજૂર રકમ | ૩૭ |
| **અમરસિંહ રા. વસાવા** | |
| કરજણ સિંચાઈ યોજના નં. ૫ નું યુનિટ પુનઃ ચાલુ કરવા બાબત | ૪૩ |
| નર્મદા અને ભરૂચ જિલ્લામાં આત્મહત્યાના બનાવો | ૩૨૭ |
| નર્મદા અને ભરૂચ જિલ્લામાં કૃષિ પેદાશોની સંગ્રહ વ્યવસ્થા | ૯૧ |
| નર્મદા અને ભરૂચ જિલ્લામાં બાળ આરોગ્ય સંભાળ હેઠળ બાળકોની આરોગ્ય ચકાસણી | ૭૦ |
| નર્મદા અને ભરૂચ જિલ્લામાં વૃક્ષોનું વાવેતર કરવા બાબત | ૧૪૦ |
| નર્મદા અને ભરૂચ જિલ્લામાં હરિયાળી યોજનામાં પસંદ થયેલ ગામ | ૧૧૨ |
| નર્મદા જિલ્લામાં રમતગમતના મેદાનો વધારવા કરેલ આયોજન | ૪૬૮ |
| પોરબંદર જિલ્લાની સોરાષ્ટ્ર કેમીકલ્સ લી. ફેકટરીના વિસ્તરણ અંગેની મળેલ ફરિયાદ | ૧૯૬ |
| ભરૂચ અને નર્મદા જિલ્લામાં ""ભૂખ્યાને ભોજન"" માટેની હેલ્પ લાઈન | ૯૩ |
| ભરૂચ અને નર્મદા જિલ્લામાં ૧૦૦ ચોરસવારના ઘરથાળના પ્લોટની અરજીઓ | ૧૫૫ |
| ભરૂચ અને નર્મદા જિલ્લામાં અંત્યોદય યોજનામાં આપેલ અનાજ | ૧૩૬ |
| ભરૂચ અને નર્મદા જિલ્લામાં ઈકોટુરીઝમની યોજનાનો અમલ કરવા બાબત | ૧૪૨ |
| ભરૂચ અને નર્મદા જિલ્લામાં ગેરકાયદેસર સંગ્રહ કરેલ ખાદ્ય પદાર્થો અંગે દરોડાઓ | ૯૩ |
| ભરૂચ અને નર્મદા જિલ્લામાં ગ્રામસેવકોનું મંજૂર મહેકમ | ૨૦૫ |

| વિષય | પાના નંબર |
|---|---|
| **અમરસિંહ ૨. વસાવા** | |
| ભરૂચ અને નર્મદા જિલ્લામાં જંગલોના વૃક્ષોનું છેદન કરતા ગુનાઓ નોંધવા બાબત | ૧૪૨ |
| ભરૂચ અને નર્મદા જિલ્લામાં ટોટલ સેનીટેશન પોગ્રામ નીચે શૌચાલયો બનાવવા બાબત | ૧૧૧ |
| ભરૂચ અને નર્મદા જિલ્લામાં નોન પ્લાનના રસ્તાઓ | ૧૫૯ |
| ભરૂચ અને નર્મદા જિલ્લામાં પંચાયત અને સ્ટેટ હસ્તકના રસ્તાઓનું ડામર સપાટી, મેટલ અને નવીન રસ્તાનું કામ | ૧૩૧ |
| ભરૂચ અને નર્મદા જિલ્લામાં બોરીબંધ બનાવવા બાબત | ૨૦૬ |
| ભરૂચ અને નર્મદા જિલ્લામાં રસ્તાઓની મરામત પાછળ થયેલ ખર્ચ | ૧૫૮ |
| ભરૂચ અને નર્મદા જિલ્લામાં રાજ્ય અને પંચાયત હસ્તકના નવા રસ્તા ડામરના કરવા બાબત | ૧૫૮ |
| ભરૂચ અને નર્મદા જિલ્લામાં વોટરશેડ યોજના નીચે આવરી લીધેલ તાલુકા | ૧૧૮ |
| ભરૂચ અને નર્મદા જિલ્લામાં વન વિભાગ હસ્તકના રસ્તાઓની મરામત કામગીરી | ૧૪૨ |
| ભરૂચ અને નર્મદા જિલ્લામાં વાહનો દ્વારા લાકડાની ચોરીના બનાવો | ૧૩૯ |
| ભરૂચ અને નર્મદા જિલ્લામાં શૈક્ષણિક સાધનો ખરીદવા આપેલ સહાય | ૧૬૨ |
| ભરૂચ અને નર્મદા જિલ્લામાં શૈક્ષણિક હેતુ માટે ફાળવેલ જમીન | ૧૨૯ |
| ભરૂચ અને નર્મદા જિલ્લામાં સરકારી આઇ.ટી.આઇ.માં મંજુર મહેકમ | ૧૦૦ |
| ભરૂચ અને નર્મદા જિલ્લામાં સરકારી દવાખાનાની સંખ્યા | ૧૬૭ |
| રાજ્યના પોલીસ કર્મચારીઓના રજા પગાર ન મળવા બાબત | ૨૮૭ |
| વાયબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર સમિટોમાં થયેલ એમ.ઓ.યુ. | ૩૪૬ |
| **અમિતકુમાર અ. ચાવડા** | |
| આંકલાવ તાલુકાના મહી કાંઠાના ગામોમાં પીવાના પાણી માટે જૂથ પાણી પુરવઠા યોજના | ૫૩ |
| આંકલાવ બ્લોક હેલ્થ ઓફિસરના તાબામાં પી.એચ.સી. અને સી.એચ.સી. | ૮૨ |
| આણંદ અને ખેડા જિલ્લાની આર.ટી.ઓ. કચેરીનું સંવર્ગવાર મંજુર મહેકમ | ૪૯૫ |
| આણંદ જિલ્લામાં જળસંપત્તિ પ્રભાગ હેઠળની નહેરો અને કાંસની જમીનમાં દબાણ | ૨૦ |
| આણંદ જિલ્લામાં નાના અને મધ્યમ કક્ષાના ઉદ્યોગો બંધ થવા અંગે | ૨૬૮ |
| આણંદ, ખેડા અને અમદાવાદ જિલ્લામાં બાળ મજૂરીના થયેલ કેસો | ૪૭૭ |
| છાત્રાલયોમાં પ્રતિ બાળક નિભાવ ગ્રાન્ટમાં વધારો | ૪૯૦ |
| મ ાગણીઓ પર ચર્ચા અને મતદાન(સાતમો દિવસ) | ૩૭૨ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ) | ૪૧૬ |
| **અરવિંદસિંહ દા. રાઠોડ** | |
| દાહોદ જિલ્લામાં પ્રજા અને પોલિસ વચ્ચે યોજવામાં આવેલ લોકદરબાર | ૩૦૯ |
| પંચમહાલ જિલ્લાના લાભાર્થીને વાજપાઈ બેન્કેબલ સ્વરોજગાર યોજના હેઠળ મળેલ સહાય | ૩૩૮ |
| પંચમહાલ જિલ્લામાં મોટા ચેકડેમો | ૪૨ |
| **અર્જુનભાઈ દે. મોઢવાડીયા** | |
| અમદાવાદ જિલ્લામાં પોલિસ સ્ટેશનવાર ધાડ, લૂંટ, ચોરી, બળાત્કાર, ખૂન અને આત્મહત્યાના બનાવો | ૧૭૪ |
| અમરેલી જિલ્લામાં પોલીસ સ્ટેશનવાર ધાડ, લૂંટ, ચોરી, બળાત્કાર, ખૂન અને આત્મહત્યાના બનાવો | ૧૭૭ |
| આણંદ જિલ્લામાં પોલીસ સ્ટેશનવાર ધાડ, લૂંટ, ચોરી, બળાત્કાર, ખૂન અને આત્મહત્યાના બનાવો | ૧૮૦ |
| ખેડા જિલ્લામાં પોલીસ સ્ટેશનવાર ધાડ, લૂંટ, ચોરી, બળાત્કાર, ખૂન અને આત્મહત્યાના બનાવો | ૧૮૩ |

| વિષય | પાના નંબર |
|---|---|
| **અર્જુનભાઈ દે. મોઢવાડીયા** | |
| ગાંધીનગર જિલ્લામાં પોલીસ સ્ટેશનવાર ધાડ, લૂંટ, ચોરી, બળાત્કાર, ખૂન અને આત્મહત્યાના બનાવો | ૧૮૫ |
| ગૃહની અંદર આવતા મુલાકાતીઓને રક્ષણ મળવા અંગે | ૨૩૫ |
| જે.એન.યુ.આર.એમ. અંતર્ગત પોરબંદર શહેર માટે મંજૂર સીટી ડેવલપમેન્ટ પ્લાન | ૩૦ |
| ટાટા મોટર્સ સાણંદ ખાતે સ્થાનિક રોજગારી | ૪૭૬ |
| પોરબંદર, જામનગર અને જૂનાગઢ જિલ્લામાં આપવામાં આવતાં ખેત વીજ ક્નેક્શનો | ૩૫૨ |
| મ ાગણીઓ પર ચર્ચા અને મતદાન(સાતમો દિવસ) | ૩૬૩ |
| રાજ્ય સરકારનું દેવું તેમજ ચૂક્વેલ વ્યાજ | ૪૮૯ |
| રાજ્યમાં કાર્યરત ૧૦૮ એમ્બ્યુલન્સ વાન | ૬૨ |
| વાયબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર્સ સમિટમાં વિજ ઉત્પાદનના થયેલા એમ.ઓ.યુ. | ૩૦૭ |
| સાબરકાંઠા જિલ્લામાં પોલીસ સ્ટેશનવાર ધાડ, લૂંટ, ચોરી, બળાત્કાર, ખૂન અને આત્મહત્યાના બનાવો | ૧૯૦ |
| સુરેન્દ્રનગર જિલ્લામાં પોલીસ સ્ટેશનવાર નોંધાયેલ ગુનાઓ | ૧૯૩ |
| **અશ્વિન કોટવાલ** | |
| નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરીમાં પેન્શનના પડતર કેસો | ૪૬૬ |
| રાજ્યના પોલીસ કર્મચારીઓના રજા પગાર ન મળવા બાબત | ૩૩૧ |
| વાયબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર સમિટોમાં થયેલ એમ.ઓ.યુ. | ૩૪૭ |
| સાબરકાંઠા જિલ્લામાં આયોજન મંડળને કરવામાં આવેલ કામોની દરખાસ્ત | ૨૯૧ |
| સાબરકાંઠા જિલ્લામાં કુંવરબાઈનું મામેરું યોજનાની મળેલ અરજીઓ | ૪૯૩ |
| સાબરકાંઠા જિલ્લામાં જિલ્લા કક્ષાના રમતગમતના મેદાનો બનાવવા કરેલ આયોજન | ૪૮૩ |
| **આત્મારામ મ. પરમાર** | |
| ગઢડા ખાતે પી.જી.વી.સી.એલ.નું નવું મકાન | ૩૧૯ |
| ભાવનગર જિલ્લાની નગરપાલિકાઓમાં તળાવ બ્યુટીફિકેશન | ૧૩ |
| મ ાગણીઓ પર ચર્ચા અને મતદાન(સાતમો દિવસ) | ૩૬૭ |
| રાજ્ય સરકાર દ્વારા લીધેલ ઓવરડ્રાફ્ટ | ૪૬૭ |
| રાજ્યમાં "સેઝ" અને "સર" નું આયોજન | ૨૬૯ |
| વાયબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર સમિટમાં પ્રવાસન ક્ષેત્રે એમ.ઓ.યુ. | ૭૮ |
| સુરત શહેર ફરતે રીંગ રોડની દરખાસ્ત | ૫૦ |
| **આનંદીબેન મ. પટેલ** | |
| ગુજરાત રાજય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળનો સન ૨૦૦૯-૨૦૧૦નો વાર્ષિક વહીવટી અહેવાલ | ૨૨૪ |
| મ ાગણીઓ પર ચર્ચા અને મતદાન(સાતમો દિવસ) | ૩૮૨ |
| મ ાગણીઓ પર ચર્ચા અને મતદાન(સાતમો દિવસ) | ૩૬૧ |
| મ ાગણીઓ પર ચર્ચા અને મતદાન(સાતમો દિવસ) | ૩૬૧ |
| મ ાગણીઓ પર ચર્ચા અને મતદાન(સાતમો દિવસ) | ૩૬૨ |
| મ ાગણીઓ પર ચર્ચા અને મતદાન(સાતમો દિવસ) | ૩૬૨ |
| મ ાગણીઓ પર ચર્ચા અને મતદાન(સાતમો દિવસ) | ૩૬૨ |
| મ ાગણીઓ પર ચર્ચા અને મતદાન(સાતમો દિવસ) | ૩૬૨ |
| **આર.સી. પટેલ** | |
| નવસારી જિલ્લામાં નિરાધાર વૃદ્ધ સહાય યોજનાની મળેલ અરજીઓ | ૪૪૬ |

| વિષય | પાના નંબર |
|---|---|
| **આર.સી. પટેલ** | |
| માટીકામના કારીગરોને આપવામાં આવેલ તાલીમ | ૨૯૫ |
| હીમોફીલીયાના દર્દીઓની સેવા | ૩૭ |
| **ઈકબાલ પટેલ** | |
| ઉકાઇ જમણાકાંઠા નહેરના કાર્ય વિસ્તારમાંથી અંકલેશ્વર અને હાંસોટ તાલુકાના ઉદ્યોગો માટે પાણી | ૬૨ |
| કરજણ સિંચાઈ યોજના હેઠળનો પિયત વિસ્તાર | ૩૧ |
| નર્મદા યોજના અંતર્ગત ડ્રીપ ઇરીગેશન માટે કરેલ માંગણીઓ | ૩૫૪ |
| ભરૂચ જિલ્લામાં છાત્રવૃત્તિ અંતર્ગત ચૂકવેલ સહાય | ૪૮૪ |
| ભરૂચ જિલ્લામાં પોલીસ કસ્ટડીમાંથી ભાગી છૂટેલા આરોપીઓ | ૩૧૧ |
| ભરૂચ જિલ્લામાં સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના અંતર્ગત નવા ચેકડેમો | ૮૫ |
| ભરૂચ જિલ્લામાં સ્કોલરશીપ અન્વયે ચૂકવેલ સહાય | ૪૬૬ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ) | ૫૦૯ |
| રાજ્યમાં વીજ સ્થાપિત ક્ષમતા | ૩૩૯ |
| **ઈશ્વરભાઈ ન. વહીઆ** | |
| વાયબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર સમિટમાં થયેલ એમ.ઓ.યુ. | ૨૮૯ |
| સુરત જિલ્લાના સરકારી દવાખાનાઓમાં વર્ગ-૧ અને વર્ગ-૨ના ડોકટરોનું મંજૂર મહેકમ | ૯૬ |
| સુરત જિલ્લામાં ગ્રામસેવકોનું મંજૂર થયેલ મહેકમ | ૨૦૩ |
| સુરત જિલ્લામાં મહેસૂલ વિભાગ હેઠળની કચેરીઓના નવા મકાન અંગે | ૧૩૦ |
| સુરત જિલ્લામાં વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસમેન્ટ સમીટ અન્વયે ફાળવેલ જમીન | ૧૫૮ |
| સુરત જિલ્લામાં શૈક્ષણિક હેતુ માટે ફાળવેલ જમીન | ૧૨૮ |
| **ઉદેસિંહ પું. ઝાલા** | |
| બાયડ ખાતે સરકારી ગ્રંથાલયો | ૪૮૦ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ) | ૪૨૮ |
| માઝમ જળાશય યોજનાની નહેર સુધારણાની કામગીરી | ૩૩ |
| સાબરકાંઠા જિલ્લાની નગરપાલિકાઓમાં ભૂગર્ભ ગટર યોજના | ૬૪ |
| સાબરકાંઠા જિલ્લામાં પ્રજા અને પોલીસ વચ્ચે યોજવામાં આવેલ લોક દરબાર | ૨૮૦ |
| **ઉપેન્દ્રસિંહ પ્ર. ગોહિલ** | |
| વડોદરા ગ્રામ્યમાં પ્રજા અને પોલિસ વચ્ચે યોજવામાં આવેલ લોક દરબાર | ૨૮૪ |
| વડોદરા જિલ્લાના પ્રવાસન સ્થળ તરીકે વિકાસ કરવા માટે પસંદ કરેલ સ્થળો | ૬૬ |
| વડોદરા જિલ્લામાં વિકલાંગ શિષ્યવૃત્તિ યોજનાની મળેલ અરજીઓ | ૪૭૧ |
| સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના હેઠળ વડોદરા જિલ્લામાં બનાવેલ ચેકડેમો | ૩૯ |
| **ઋષિકેશ ગ. પટેલ** | |
| કેન્દ્રીય વેચાણવેરાના દરમાં ઘટાડાથી મેળવવાનું થતું બાકી વળતર | ૪૫૬ |
| નર્મદા યોજના અંતર્ગત મહેસાણા જિલ્લાની નહેરોની કામગીરી | ૨૪૯ |
| મ ાગણીઓ પર ચર્ચા અને મતદાન(સાતમો દિવસ) | ૩૭૭ |
| મહેસાણા જિલ્લાની નગરપાલિકાને સ્વર્ણિમ જ્યંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત ગ્રાન્ટ | ૪૫ |
| મહેસાણા જિલ્લામાં એપ્રેન્ટીશીપ એકટ હેઠળ ભરાયેલ જગાઓ | ૪૮૦ |
| **કનુભાઇ બી.ડાભી** | |
| નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરીમાં પેન્શનના પડતર કેસો | ૪૫૪ |

| વિષય | પાના નંબર |
|---|---|
| **કનુભાઇ ભૂ. ડાભી** | |
| કઠલાલ, કપડવંજ, ઠાસરા અને મહેમદાવાદ તાલુકાના ગામોને ઝૂંપડપટ્ટી યોજના અંતર્ગત વીજ ક્નેક્શનો | ૩૫૦ |
| કપડવંજ જૂથ પાણી પુરવઠા યોજના હેઠળ આવતા દક્ષિણ ઝોનમાં પાણી પૂરું પાડવા અંગે આયોજન | ૨૨ |
| કાણીએલ ડીસ્ટ્રીબ્યુટરી અને તેની માઈનોરનું કામ | ૨૯૯ |
| મહેમદાવાદ બ્રાન્ચમાંથી નીકળતી કેનાલોની કામગીરી અંગે | ૩૩૪ |
| **કનુભાઈ વા. કળસરીયા** | |
| ભાવનગર જિલ્લામાં અનુ. જાતિના તબીબી સ્નાતકોને સહાય માટેની મળેલ અરજીઓ | ૪૭૪ |
| ભાવનગર જિલ્લામાં ક્સિાન હિત ઊર્જા શક્તિ યોજના અંતર્ગત ૧૦ કે.વી. અને ૧૬ કે.વી.ના ડીસ્ટ્રીબ્યુશન ટ્રાન્સફોર્મર ઊભા કરવા બાબત | ૨૬૨ |
| ભાવનગર જિલ્લામાં મફ્ત તબીબી સહાય યોજનાની મળેલ અરજીઓ | ૪૮૯ |
| ભાવનગર જિલ્લામાં સાગર ખેડુ સર્વાંગી વિકાસ યોજના હેઠળ વીજ વિષયક સેવાઓ સુદ્રઢ બનાવવા નાણાંકીય જોગવાઈ | ૩૧૩ |
| મહુવા તાલુકામાં સ્વજલધારા યોજના અંતર્ગત મંજૂર કામો | ૫૩ |
| મહુવા શહેરનું ગટરનું ગંદુ પાણી માલણ જળાશયમાં ભળવા અંગે | ૨૨ |
| **કમાભાઈ ગ. રાઠોડ** | |
| અમદાવાદ જિલ્લામાં શ્રમયોગીઓને બોનસની ચૂકવણી | ૪૪૫ |
| ઈન્ડિયન પબ્લીક હેલ્થ સ્ટાન્ડર્ડ કક્ષા હેઠળ આવરી લીધેલ અમદાવાદ જિલ્લાના સી.એચ.સી. | ૨૭ |
| નર્મદા યોજના અંતર્ગત વિરમગામ, દેત્રોજ અને માંડલ નહેરોની કામગીરી. | ૨૫૭ |
| **કરશનભાઈ દુ. ઓડેદરા** | |
| પોરબંદર જિલ્લાની નગરપાલિકાઓમાં તળાવ બ્યુટીફિકેશન | ૧૩ |
| પોરબંદર જિલ્લામાં નિરાધાર વૃધ્ધ સહાય યોજનાની મળેલ અરજીઓ | ૪૬૦ |
| **કલ્યાણસિંહ દે. ચૌહાણ** | |
| ગાંધીનગર ખાતે મોડેલ આયુર્વેદિક કોલેજ સ્થાપવા અંગે | ૪૬ |
| ગાંધીનગર જિલ્લાના લાભાર્થીને માનવ કલ્યાણ યોજના હેઠળ આપવામાં આવેલ લાભ | ૨૭૪ |
| ગાંધીનગર જિલ્લામાં સ્વરોજગાર શિબિરના આયોજન | ૪૬૮ |
| **કાંતિલાલ ર઼ા. લકુમ** | |
| અમદાવાદ ગ્રામ્ય વિસ્તારમાં પોલીસ ખાતાના રહેણાંકના મકાનો | ૨૭૮ |
| બાવળા નગરપાલિકામાં ભૂગર્ભ ગટર યોજના | ૪૧ |
| હિસાબ અને તિજોરી ખાતામાં વર્ગ- ૩નો બેકલોગ | ૪૬૭ |
| **કાંતિલાલ રા.પટેલ** | |
| મહેસાણા જિલ્લાની નગરપાલિકાનેસ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અન્વયે ગ્રાન્ટ | ૬૦ |
| મહેસાણા જિલ્લામાં ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાના લાભાર્થી | ૨૯ |
| મહેસાણા જિલ્લામાં પ્રજા અને પોલીસ વચ્ચે યોજવામાં આવેલ લોકદરબાર | ૨૬૩ |
| મહેસાણા જિલ્લામાં સંકટમોચન યોજનાની મળેલ અરજીઓ | ૪૬૫ |
| **કાંતિલાલ શી. અમૃતિયા** | |
| આંતરરાષ્ટ્રીય પતંગોત્સવ -૨૦૧૧ અંગે | ૪૮ |
